1945 - 1956

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

પ્ર. જૈન વર્ષ ૧૪–પ્ર. જીવન વર્ષ ૩
અંક ૧૭

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, જાન્યુઆરી ૧, ૧૯૫૬, રવિવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : ત્રણ આના

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

પ્રજ્ઞાચક્ષુને

ચૌદેક વર્ષ પહેલાંની યાદ તાજી થાય છે. બનારસ યુનિવર્સિટીના ખુલ્લા ચોગાનમાં એક સભા મળી હતી. વાતાવરણ શાંત હતું. સંધ્યાના આછાં કિરણો વૃક્ષોની ઘટામાંથી ચળાઈને આવતાં હતાં. વૃદ્ધ તપસ્વી પૂ. માલવીયાજી પ્રમુખસ્થાને હતા. એકધારી સ્પષ્ટ વિચારધારા વહી રહી હતી. એ વાણીમાં આત્મશ્રદ્ધા ને જીવનના નિચોડનું બળ હતું. વચમાં વચમાં વિચારને શ્રોતાઓના અંતરમાં જાણે સ્થિર કરતા હોય તેમ જમણા હાથની બે આંગળી હથેળી પર પછાડાતીને આગળ ધરેલું ધ્વનિવર્ધક યંત્ર એનો તાલબદ્ધ થડકાર આખાયે વાતાવરણમાં પહોંચાડી દેતો.

વિષય ગાંધીજીના જીવનનો હતો. તેમની ભાષામાં ગાંધીજીનું જીવન-દર્શન વહેતું હતું, પણ અંતરમાં પોતે કરી શકતા નથી તેનું દુઃખ હતું. એમની મર્યાદા સામાન્ય માણસ જે રીતે લાચારી વ્યક્ત કરે છે એવી ન હતી. એ મર્યાદા ઈશ્વરી મર્યાદા હતી. ચક્ષુની. તે દિવસથી તેમણે મને આકર્ષ્યો છે, અને પછી અનેક વાર મળવાની, તેમના ચિંતનના ભાતામાંથી થોડું મેળવવાની ને જીવનને વિચારોથી ઉન્નત કરવાની તક મળી. તેમને જ્યારે મળું ત્યારે આશ્રમ, ભાલની પ્રવૃત્તિ ને તે બધામાંય ગાયોની પ્રવૃત્તિ અંગે ખાસ પૂછે. એક વખત તેમણે કહ્યું: રસ્તા પરથી પસાર થતાં કોઈ વાર નાનાં વાછરુનો અવાજ કાને પડે છે ત્યારે ત્યારે મને મારો બાલ્યકાળ, નાનપણમાં વાછરુ સાથે કરેલો ગેલ ને પ્રેમ યાદ આવે છે. અમારી આ વાતોના કેંદ્રમાં હતાં પશુપ્રેમ.

તેમની મર્યાદા હતી આંખની. સોળ વર્ષની નાની વયે બળીઆ નીકળ્યા. અને આંખનું તેજ ગુમાવ્યું. પણ, અંદર પડેલી ચેતના તે અવરોધથી રુંધાઇ નહિ. એ રુંધાય એવી પણ કયાં હતી ?

માનવનું મૂલ્ય માત્ર જીવવામાં નથી. સરળતા હોય તો સૌ કોઇ આગળ ધપી શકે. પણ આકૃતો ને અંતરાયો સામે જે વિજયી બને છે તેમાં જ માનવ જીવનનો પુરુષાર્થ છે. મુશ્કેલીઓથી જે ડરે છે તે જીવનને ગુમાવી બેસે છે; પણ મુશ્કેલીઓમાં પણ અંતરની અખૂટ શ્રદ્ધાથી જે આગળ ધપે છે તે જ સાચા જીવનનો સાક્ષાત્કાર કરે છે.

પંડિતજી અંધ છે, આજે તો આખું ભારતવર્ષ તેમને 'પ્રજ્ઞાચક્ષુ' નામથી ઓળખે છે. આંખો માત્ર સ્થૂળ રૂપ ને રંગને જોઇ શકે છે. પણ એથી ઊંડાણમાં પડેલી પ્રજ્ઞાનાં ચક્ષુ જ્યારે ખુલી જાય છે ત્યારે જીવન અનેરું બની જાય છે.

પાંચ પચીસ વર્ષની નહિ, પંદ વર્ષની અંધ જીવનની સાધના પાર કરી પંડિતજી પંચોતેર વર્ષ પૂરાં કરે છે. એમને જોનાર ભાગ્યેજ કહી શકે કે પંડિતજીએ પોણી સદી પૂરી કરી હશે. એજ ઉત્સાહ, એજ જાગૃતિ, એવી ચિત્તની સ્થિરતા, એવી જ તેજસ્વી બુદ્ધિ !

ઓગણસાઠ વર્ષની એકધારી સરસ્વતીની ઉપાસના ને તે પણ સામાન્ય સાહિત્ય નહિ; દર્શનશાસ્ત્ર ને સંસ્કૃતિનું જ રટણ. એમને આંખ નથી. માત્ર સાંભળીને કેટલું સ્મૃતિમાં સંધર્યું, કેટલું વિચાર્યું ને કેટલું જગતને આપ્યું તેનો જો વિચાર કરીએ તો આપણા જેવા સૌ બે આંખોવાળાને તેમના પુરુષાર્થના ચરણે માથું નમાવવાનું મન થયા વિના ન રહે.

એમની પાસે થોડી ક્ષણ બેસો, એમના ચહેરાનું નિરીક્ષણ કરો, તો સોક્રેટીસની યાદ આવ્યા વિના ન રહે. ચહેરામાં રૂપ જોવા જાવ તો એટલું ન દેખાય, પણ એ ચહેરા પર ઊગતા એકએક ભાવમાં પ્રેમ નીતરે; અરે અન્યાય થતો જોઈ ચહેરાની બધી રેખાઓ પલટાઈ જાય. અન્યાયને કેમ સાંખી લેવાય ?

તેઓ માત્ર સરવસ્વતીના જ ઉપાસક નથી; માત્ર વિચારક ને દર્શનશાસ્ત્રી જ નથી; પણ જીવનના ઉપાસક છે. જીવનને સમગ્ર રીતે ચાહે છે; જીવનનાં બધાંજ ક્ષેત્રોમાં તેમને રસ છે.

તેમને જોનાર સૌ કોઇને એમ જ લાગે કે અહીં સોક્રેટીસના જેવા કોઈ સત્યાગ્રહીનો આત્મા સંતાયેલો છે. પોણી સદી પૂરી થઈ; પણ આજે પણ એક યુવાનના જેવો જ ઉત્સાહ, એટલી જ સ્ફુર્તિ ને જાગૃતિ નજરે પડે.

આ પ્રસંગે અખિલ ભારતીય ધોરણે તેમનું સન્માન કરવાની યોજના વિચારાઈ છે. એમના જીવને ગુજરાતને ને ભારતને ઘણું આપ્યું છે. એ સન્માનમાં સૌ કોઇ પોતાથી શકય કાળો મોકલી આપે એવી મારી હૃદયપૂર્વકની વિનંતિ છે.

નવલભાઈ શાહ

નાણાં મોકલવા માટેની સૂચના

(૧) નાણાં—મંત્રી, પંડિત સુખલાલજી સન્માન સમિતિના નામથી નીચેનાં સરનામાંમાંથી કોઈ પણ અનુકૂળ સરનામે મોકલવાં :—

અમદાવાદ—C/o ગુજરાત વિદ્યાસભા, પો. બો. નં. ૨૩, ભદ્ર, અમદાવાદ–૧.
મુંબઈ—C/o શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ–૩.
કલકત્તા—C/o શ્રી ભંવરમલજી સિંઘી, ૧૬/૧ A, કેયાતલા લેન, કલકત્તા–૨૯.
મદ્રાસ—C/o પં. મહેન્દ્રકુમાર જૈન, ડે. દક્ષિણ ભારત હિન્દી પ્રચાર સભા, ત્યાગરાજ નગર, મદ્રાસ–૧૭.
બનારસ—C/o પ્રો. દલસુખભાઇ માલવણિયા, F/૩, B. H. U. બનારસ–૫.
અંબાલા—C/o પ્રો. પૃથ્વીરાજજી જૈન M. A., આત્માનંદ જૈન કોલેજ, અંબાલા સિટિ (પંજાબ).
જયપુર—C/o શ્રી બાલચંદ્રજી જૈન, M. A., પ્રિન્સિપાલ, સુબોધ ઈન્ટર કોલેજ, જયપુર.

(૨) ચેકો 'પંડિત સુખલાલજી સન્માન સમિતિ' (Pandit Sukhlalji Sanman Samiti) **એ નામના લખવા.**

બાલદીક્ષાની અનિષ્ટતા વિષે જાતઅનુભવના થોડાક દાખલાઓ

મુંબઇની વિધાન પરિષદમાં એક એવી મતલબનું બીલ આવવાનું છે કે ૧૮ વર્ષથી નીચેની કોઈ પણ વ્યકિતને દીક્ષા આપી શકાય નહિ. જો કે આ બીલ દરેક કોમોને લાગુ પડે છે, એમ છતાં તે બીલનો મોટો વિરોધ જૈનના એકાદ બે ફિરકાઓની અમુક વ્યકિતઓ જ જોરશોરથી કરી રહી છે. સાથે સાથે તેની સામે આ બીલનું સમર્થન પણ બળવાનપણે થઈ રહ્યું છે. આ બાબતમાં જો તદ્દન તટસ્થ રીતે વિચારીએ છીએ તો એમ લાગ્યા વિના નથી રહેતું કે નાનાં બાળકોને દીક્ષા આપવી તે યોગ્ય તો નથી, પરંતુ વ્યવહારૂ પણ નથી જ.

નાના (સગીર) બાળકોને પૈસા સંબંધીની લેવડદેવડના વ્યવહારમાં પણ જવાબદાર ગણવામાં નથી આવતા; જે મામુલી પૈસા જેવી બાબતમાં પણ તેને સમાજ જવાબદાર ગણવાની ના પાડે છે, તો જ્યારે તેનામાં પોતાના હિતઅહિતનો વિચાર કરી નિર્ણય કરવાની પુરી શકયતા નથી એવી નાની ઉમરમાં તેને આખી જીંદગી માટે દીક્ષિત કરીને બાંધી લેવો તે તો કેવી રીતે યોગ્ય ગણી શકાય ? મામુલી પૈસાની જવાબદારી કરતાં આ જવાબદારી સેંકડોગણી વધારે છે. તો આવી મોટી જવાબદારી એક નાદાન બાળક ઉપર કેવી રીતે લાદી શકાય ! નાના બાળકને દીક્ષા ન આપતાં તેને શિક્ષણ ગમે તે પ્રકારનું આપવામાં આવે તેનો વાંધો નથી પરંતુ જ્યાં સુધી તેની ઉમર પરિપકવ થઈ ન હોય ત્યાં સુધી તેને દીક્ષિત જીવન સ્વીકારવાની ફરજ પાડવી એ કોઇ પણ રીતે યોગ્ય નથી જ.

ઘણા સાધુ એમ કહેતાં સાંભળવામાં આવે છે કે જેને બાળપણમાં દીક્ષા આપવામાં આવે છે તે જીવનપર્યંત દીક્ષિતજીવન નિભાવવામાં જેટલી તન્મયતા દાખવે છે તેટલી તન્મયતા મોટી ઉમરે દીક્ષિત થયેલા નથી જાળવી શકતા. આ દલીલમાં વજુદ જરૂર છે, પણ તેનું કારણ અલગ છે. બાળપણમાં જે સાધુજીવન ગ્રહણ કરે છે તેને પોતાની આજીવિકા માટે કોઇ પણ જાતનો વ્યવસાય કરવાની સુજ નથી હોતી. તેથી તેને સાધુજીવનમાં સંતોષ હોય કે ન હોય પરંતુ સંસારી બન્યા પછી પોતાનો નિર્વાહ ચલાવવા પુરતું પણ તેનામાં કોઈ પણ જાતનું જ્ઞાન નહિ હોવાથી તે સાધુજીવન છોડી શકતો નથી, જ્યારે જેણે મોટી ઉમરે દીક્ષા લીધી હોય છે તે સંસારની આંટીઘુંટીમાંથી પસાર થયેલ હોઈ–વ્યાપાર–વાણિજ્ય–વ્યવહાર તે જાણતો હોઇ–તેને માટે સાધુજીવન છોડવું એટલું બધું કપરું કામ નથી હોતું. આમ છતાં પણ બાળદીક્ષિતોમાં પણ નાસભાગના ઘણા કીસ્સા બને છે. છાપાઓમાં પણ આપણે ઘણી વખત આવી વાતો વાંચીએ છીએ અને ઘણી વખત અન્યદ્વારા પણ આવી વાતો સાંભળવા મળે છે, પરંતુ એ વાંચેલી અને સાંભળેલી વાતો સિવાયની મારી પોતાની જાણમાં છે એવા ત્રણ પ્રસંગો નીચે રજુ કરું છું.

પચ્ચીશ વર્ષ પહેલાંની વાત છે. મુંબઈમાં ત્રણ જૈન મુનિઓ મારી પાસે અભ્યાસ કરતા હતા. તેઓ તારાચંદજીના સંપ્રદાયના મુનિઓ હતા અને તેમનાં નામો અનુક્રમે સોભાગ્યમલજી, અમરચન્દજી અને કેવલમુનિ હતા, એમાં કેવલમુનિ નાના હતા. એક દિવસ કેવલમુનિ અભ્યાસ માટે આવ્યા નહિ, એટલે મેં તપાસ કરાવી તો જાણવા મળ્યું કે તેઓ દીક્ષા છોડીને ભાગી ગયા છે, બે ચાર દીવસ પછી ધોતીયું, કોટ, ટોપી પહેરીને એક ગૃહસ્થના પોશાકમાં મેં તેમને જોયા, પરંતુ તે શરમને લીધે મારાથી દૂર જ રહ્યા. પરંતુ એકાદ માસ માંડ વીત્યો હશે ત્યાં બીચારા પાછા કેવલમુનિ બની ગયા. આ પ્રમાણે તેને પોતાને જ અસહાય બનીને પીછેહઠ કરવી પડી.

બીજા જૈન મુનિની વાત વર્ષોની છે. સમાચાર ભારે ભ્રષ્ટતાના છે એટલે નામ નથી આપતો. એ પણ એક બાલદીક્ષિત સાધુ હતા, પણ જુવાનીમાં સાધુપણું અસહ્ય થઇ પડયું, પોતે બાલદીક્ષિત હોવાથી કમાઇને ખાવાની તેનામાં આવડત નહોતી, તેથી તેણે થોડી શ્રીમંત સ્ત્રીઓ સાથે મિત્રતા બાંધી, એક બહેન પાસેથી બેત્રણ હજાર રૂપિયા લીધા અને થોડી મોજ પણ માણી. બીજા એક બહેનની પાસેથી તેની મીલ્કત પડાવી અને તેની સાથે પણ મોજ ઉડાવી. આ પ્રમાણે મેળવેલું દ્રવ્ય અજ્ઞાતવાસમાં રહીને ખાધું પીધું, પછી દ્રવ્ય ખલાસ થયું અને પોતે તો કાંઈ કમાઈ શકે એમ ન હોવાથી વળી પાછા ગામ તથા સંપ્રદાય બદલીને પોતે જૈન મુનિ બની ગયા.

ત્રીજા જૈન મુનિ પણ બાળબ્રહ્મચારી હતા. પરંતુ જુવાનીની શરૂઆત થતાં જ વ્યાકુળતા વધી, બ્રહ્મચર્યવ્રત તેના માટે અસહ્ય થઈ પડયું. વાળ ખેંચવાનું પણ અસહ્ય લાગવા માંડયું. પણ માણસ કંઇક ઇમાનદાર એટલે છુપી રીતે કંઇ નહિ કરતા પોતે દીક્ષા જ છોડી દીધી. પરંતુ ગૃહસ્થ જીવન જીવવા માટેની પણ તેનામાં કોઈ લાયકાત હતી નહિ. બેત્રણ વખત અમારા સત્યાશ્રમમાં પણ આવી ગયા પણ તે અહિંનું કર્મઠ જીવન પણ જીવી શકે તેમ નહોતું. તેથી અહિંથી પણ જવું પડયું. પરંતુ તેની ખુશનસીબીને લીધે તેને સગાસ્નેહીઓની સહાનુભૂતિ મળી અને લગ્ન કરી લીધાં, પણ કમાવાની શકિત તો તેનામાં હતી નહિ. પત્ની પણ મરી ગઈ, હવે પોતે અર્ધદગ્ધ સાધુની માફક ફર્યા કરે છે અને જનતાને કંઇક ઉપદેશ આપવાનો આત્મસંતોષ માની જીવન વ્યતીત કરે છે.

આ ત્રણે ઘટના બાલદીક્ષિત જૈન સાધુઓની છે. કોને ખબર છે કે આવી કેટલીયે ઘટનાઓ બનતી હશે? ઉપરના દાખલા તો મારા ખૂબ જ અંગત સંબંધમાં આવેલા મુનિઓ વિષેના છે.

આમાં બીચારા મુનિઓનો કાંઈ દોષ નથી. બાલ્યાવસ્થામાં જ અજ્ઞાન દશામાં તેઓને દીક્ષાના બંધનમાં બાંધી લેવામાં આવ્યા હોઈ આના માટે તેઓને જરા પણ જવાબદાર ગણી શકાય જ નહિ. એ તો બીચારા જૈન ગુરૂઓની પુત્રૈષણા અને સમાજની ગેરવ્યવસ્થાના શીકાર થયેલા છે.

આવું આવું નજરની સામે જોયા પછી પણ બાલદીક્ષિતો સંપૂર્ણ સંયમી જીવન ગાળી શકે એવી વાતો અથવા તો કલ્પના કરવામાં આવે તેનો કાંઇ જ અર્થ નથી. અને તેમાં જો કંઇક થોડું ઘણું પણ તથ્ય હોય તો તે એ કે તેઓ દુનિયા સાથેના વ્યવહાર માટે અસમર્થ થઇ ગયા હોવાથી પછી તેમાંથી છુટી શકવાની હીંમત કરી શકતા નથી અને ધુંધવાતા અગ્નિની માફક તેઓ આખી જીંદગી ગુંગળાયા જ કરીને વ્યતીત કરે છે.

બાલદીક્ષામાં બીજા પણ અનર્થ, ષડયંત્ર, પ્રલોભન, બેઇમાની, પુત્રૈષણા વિગેરે દૂષણો સમાયેલા છે તેની અહિ હું ચર્ચા નથી કરતો કેમકે તેની ચર્ચા તો સમાજમાં અવારનવાર થતી સાંભળવામાં આવે છે પરંતુ આ બધાનો સાર એ છે કે બાલદીક્ષા અવશ્ય બંધ થવી જોઇએ અને તેના વિરોધ માટે કાયદો પણ થવો જ જોઇએ.

('સંગમ'માંથી ઉધ્ધૃત અને અનુવાદિત.) **સત્યભક્ત**

ઘરની બહાર

હું મુજ ઘરની બહાર,
કૈંક ટકોરા કરું તોય ના હજી ય ખૂલતાં દ્વાર. હું૦

ગહરી ભારે શિર પરે ને ઘુજી રહ્યા સુજ પાય,
વાયુતણા સુસવાટા દિલને કંપાવે અસહાય;
મુજ આંગણિયે અજાણ જેવી પામું ન કૈં આધાર. હું૦

'દ્વાર સાંકડું; ગહરી સાથે અંદર નહીં અવાય.'
–સુણું સાદ હું માંહ્યથી, માયા છૂટે ન એની છતાં ય;
પામું પ્રવેશ ન, અકળાઉં હું, ત્યજાય તો ય ન ભાર. હું૦

('કુમાર'માંથી સાભાર ઉધ્ધૃત) ગીના પરીખ

કન્જિયાનું મોં કાળું

છેવટે મુંબઈમાં રમખાણો થયાં જ અને નિર્દોષોનાં લોહી વહ્યાં. જે માર્યા ગયા છે એમને માટે અમને ઊંડું દુઃખ છે. જે ઘટનાઓને પુખ્ત વિચારથી અને સંયમી વર્તનથી અટકાવી શકાઈ હોત તેવી ઘટનાના તેઓ વગર વાંકે શિકાર થયા છે. જે પરિસ્થિતિ પેદા થઈ તેમાં ગુંડા તત્ત્વો ઉપર આવ્યાં અને રમખાણ થયાં. સરકાર ન છૂટકે વળતી હિંસાથી આ બધું દબાવી દેવા પ્રયત્ન કરે છે. ગુંડાગીરીભર્યાં અને હિંસક તત્ત્વો માટે કોઇને ય કદી સહાનુભૂતિ ન હોય.

પણ આ પ્રસંગ એકમેકને માથે દોષનો ટોપલો ઢોળવાનો નથી. બે હાથ વિના તાળી વાગતી નથી અને મુંબઈમાં પણ વાગી નથી. ગાંધીજીને સ્મરીને, હૃદયમાં ઊંડા ઊતરીને કારણો તપાસવાની અને નમ્રભાવે પ્રાયશ્ચિત કરવાની આ ઘડી છે. શંકરરાવજીના ઉપવાસને અમે એ દૃષ્ટિએ વધાવીએ છીએ અને આશા સેવીએ છીએ કે ગૂજરાતના દીર્ઘદૃષ્ટિવાળા પુરુષો પણ અંતર-નિરીક્ષણની ભાવનાથી આ આખાયે મામલાને ફરી તપાસી જશે.

ગૂજરાત અને મહારાષ્ટ્ર પડોસી છે, ભાઇભાઈ છે. ગૂજરાતનું હૃદય મહારાષ્ટ્રથી ખાલી નથી અને મહારાષ્ટ્રનું હૃદય ગૂજરાતથી વિહોણું નથી. પૂના, મુંબઈ, વડોદરા, અમદાવાદ-એક એક સ્થાને ગૂજરાત અને મહારાષ્ટ્ર પરસ્પરમાં પરોવાયેલાં છે. આટલાં જે નિકટ છે તેમની વચ્ચે બે જ સંબંધો હોઈ શકે: કાં તો બંને પ્રેમથી હળીભળીને રહે અને કાં ખૂનખાર યુધ્ધે ચઢે. લોકમાન્ય તિલકની રાજનીતિ-નિપુણતા, ભારત સેવક ગોખલેની સુશીલ વિનમ્રતા, મહાત્મા ગાંધીની અહિંસા, સરદારની ધીરશાંત કુનેહ અને સંત વિનોબાનો ઉભય માટેનો પ્રેમ, એ ગૂજરાત-મહારાષ્ટ્ર બંનેની સહિયારી સંપત્તિ છે. આજે એની જ્યારે સૌથી વધુ જરૂર છે ત્યારે એ કેમ વિસરાઈ ગઈ છે, જરા તપાસીએ તો ખરા!

મુંબઈની મોહિની ક્ષણભંગુર છે, અક્ષરશઃ ક્ષણભંગુર છે. સમાજવાદી સમાજ રચના થાય કે સામ્યયોગી સર્વોદય આવે, મૂડીવાદનાં મૂળિયાં કપાઈ ગયાં છે એમાં શંકા નથી. મૂડીવાદનું ઝેરી ઝાડ કાલે સફાઇને ઠૂંઠું થવાનું છે અને શાયે જ મુંબઈનાં આર્થિક આકર્ષણના પક્ષ-પાવડર ઓવાઇ જવાના છે. દેશના એક સાધારણ સ્વસ્થ વિનિમય-કેન્દ્ર તરીકે મુંબઈ-બંદર રહેશે અને તે જ રીતે દેશનાં નવાં બંદરો તરીકે કંડલા-ખંભાત પણ વિકસશે. દેશની દૃષ્ટિએ વિચાર કરવામાં બે-પાંચ વરસનાં લેખાં ન ગણાય, બે-પાંચ દસકાથી જ હિસાબ કરાય એ ગણતરીથી જોતાં મુંબઈની તિલોત્તમા માટે ગૂજરાત-મહારાષ્ટ્ર સુંદ-ઉપસુંદની જેમ લડશે તો એવી લડાઈઓનો અમને કયાંય અંત દેખાતો નથી અને પરિણામે સુંદ-ઉપસુંદના જેવા જ હાલ થાય તેવું દેખાય છે. વળી પૈસો એ જ અગત્યની વસ્તુ છે એમ માનવું ને તે પ્રમાણે વર્તવું એ આજના યુગની ભાવનાથી પ્રતિકૂળ છે. શ્રમનો યુગ એસી ચૂક્યો છે. શ્રમિકોનું જ બધે રાજ થશે. આ બદલાતા જતા યુગપ્રવાહમાં સામે વહેણે તરવું કે તરતાં દેખાવું કોઇનેય માટે હિતાવહ નથી. દૂરદેશી માટે વિખ્યાત ગુજરાતને અને મુત્સદ્દીપણા માટે મશહૂર મહારાષ્ટ્રને શુભનિષ્ઠા (ગુડ-વિલ)ની કીંમત સમજાવવી જરૂરી નથી.

બે ભાઇઓ વચ્ચે મતભેદ ઉભો થાય ત્યારે ત્રણ રીતે એનો અંત આવે: એક બીજાનાં માથાં ફોડીને બેય કાં મરે કાં જેલ ભેગા થાય; અથવા કોર્ટ-કચેરીએ ચઢી ખુવાર થઈ જાય અને મનમાં સમસમીને બેસી રહે; અથવા સુબુદ્ધિ સૂઝે તો ઘરમેળે પતાવટ કરે, ને તેમ ન થાય તો કોઈ નિર્લેપ સાધુસંત પાસે જઈને પતાવે કે પછી બેમાંથી જે વધુ સજ્જન હોય તે સ્વાર્થ કરતાં શુભનિષ્ઠાને કીંમતી ગણીને પડતું મૂકે.

પહેલો રસ્તો અંધ વિખવાદનો છે, એમાં બેય રડે છે. બીજો રસ્તો ટૂંકી નજરવાળા વિવાદનો છે, એમાં એક રડે છે અને બીજો હસે છે. ને ત્રીજો રસ્તો લાંબી નજરવાળા સંવાદનો છે, જેમાં બેય હસે છે. એક હસે અને બીજું રડે ત્યારે એકનું હસવું નિષ્ઠુર અટ્ટહાસ્ય જેવું ક્ષણજીવી નીવડે છે. એકના આનંદનો બીજાના દુઃખથી ભાગાકાર થાય છે. દિલો વચ્ચે તરાડ પડે છે ને તેથી અંતરનું સમાધાન એકેયને મળતું નથી. પણ બેય હસે છે ત્યારે આનંદનો ગુણાકાર થાય છે, દિલ સાથે દિલ ભળે છે અને અંતર ભર્યાં ભર્યાં થઇ જાય છે.

મુંબઈ માટે શું કરવું છે-વિખવાદ, વિવાદ કે સંવાદ? ગુજરાત અને મહારાષ્ટ્રની સામે આ પ્રશ્ન છે. રમખાણો એ વિખવાદની રીત છે. ઉપરથી હાઇકમાંડનું હુકમનામું મેળવીને તે શિસ્તને નામે દંડક ઉર્ફે વ્હીપ કે ચાબૂકથી પાળવા-પળાવવાની રીત એ કોર્ટ-કચેરીની વિવાદની રીત છે. આપસમાં મળીને પ્રેમભરી વાતચીતથી અને તેમ ન પતે તો સત્તા-સંપત્તિથી નિર્લેપ એવા સંતજનોની સલાહથી બંને હસે તેવો તોડ કાઢવો એ સંવાદની રીત છે.

અંગ્રેજો પાસેથી આપણે વિલાયતી લોકશાહી લાવ્યા છીએ અને પ્રામાણિકતા-પૂર્વક શિસ્તની નાથ નાંખેલાં માથાં દંડકથી એકઠાં કરી કરીને ગણ્યાગણીએ છીએ. પણ ગાંધીજીએ આપણને સ્વદેશી લોકશાહી શીખવી છે. ગાંધીજીએ તો વિચારમાં પણ અહિંસા દાખલ કરી બતાવી હતી. તો બીજા પર પોતાનો વિચાર લદાય તો કેમ જ? વિચાર સમજાવાય, વિનંતી કરાય, પ્રેમપૂર્વક બાંધછોડ કરાય, પણ વિચાર ઉપરથી લદાય નહીં. પક્ષનેતાની હામાં હા મેળવનારી વિલાયતી એકમતી અને પોતા કરતાં બીજાનો વધુ ખ્યાલ રાખનારી સ્વદેશી સર્વાનુમતિમાં જડ અને ચેતન જેટલો ભેદ છે.

મુંબઈનો ઝગડો બેય તરફનાં કારણોથી વણસ્યો છે. પણ એની મીમાંસામાં નથી ઉતરવું. આજે પરિસ્થિતિને થાળે પાડવી અને સત્ય તથા પ્રેમના તત્ત્વની આણ વર્તાવવી એ જ મહત્ત્વની વસ્તુ છે.

સંયુકત મહારાષ્ટ્ર માગનારાઓમાં બે ફાડ છે. જહાલ તત્ત્વોએ એમની રીતે મુંબઇને આંગણે પધારતા 'મોંઘેરા રશિયન મહેમાનો'ના સ્વાગતાર્થે જ ન હોય તેવી 'ક્રાંતિની કવાયત' યોજી છે! બહુ જ ખોટે સમયે ખોટી રીતે આ બધું થઈ રહ્યું છે. અને દુઃખની વાત તો એ છે કે સમજૂ તત્ત્વો આને પહેલેથી જ પામી જઇને ટાળી શકયાં હોત, પણ તેઓ બે પક્ષે વહેંચાઈ ગયા હોવાથી તેમ નથી કરી શકયાં. શંકરરાવજી અને મહારાષ્ટ્ર કોંગ્રેસ વગેરે આજે આ સ્ફોટક પરિસ્થિતિમાંથી નીકળીને, અલબત્ત પોતાની માન્યતા છોડયા વિના, પરસ્પરની વાતચીતને રસ્તે ગાડું વળે એની ચિંતા સેવતા દેખાય છે.

આવે વખતે શાણપણનો અને રચનાત્મક રાજદ્વારી કુનેહનો રસ્તો એ છે કે વાતચીતથી ફેંસલો કરવા માંગતા ભાઇને માથે ઉપરથી આણેલું હુકમનામું બજાવવાનું પડતું મૂકીને એને પ્રેમથી ઘરમાં બેલાવવો અને વાતચીત કરવી.

ગુંડા તત્ત્વો આજે સંયુકત મહારાષ્ટ્રના લોકપ્રિય મુદ્દાનો આશરો લઇને બહાર પડયાં છે. એમની બેરકાયદે હિંસાને કાયદેસરની પ્રતિ-હિંસાથી દબાવી દેવી એ કાયમી શાંતિનો ઉપાય છે એવું તો કોઇપણ વિચારવાન માણસ નહીં કહે. એ માર્ગે ગુંડાગીરી પર શહીદીનો ઓપ

વિષય સૂચિ		પૃષ્ઠ
પ્રજ્ઞાચક્ષુને	નવલભાઈ શાહ	૬૧
બાલદીક્ષાની અનિષ્ટતા વિષે જાતઅનુભવના દાખલાઓ	સત્યભકત	૬૨
કન્જિયાનું મોં કાળું		૬૩
અંબર ચરખાનું અર્થશાસ્ત્ર		૬૪
સમાજની ઉદાસીનતા અને સાધુઓની દીક્ષાઘેલછા	રતિલાલ મ. શાહ	૬૫
પટવારી બીલ-પ્રકરણ		૬૬
પ્રકીર્ણ નોંધ: અનિષ્ટમાંથી પણ કદિ ઇષ્ટ જન્મે છે, બહેન મંજુને અભિનંદન, ભાઈ કિરીટ કોઠારીને ધન્યવાદ	પરમાનંદ	૬૬
મનનો શરીર સ્વાસ્થ્ય સાથેનો સંબંધ	ડો. એમ. ડી. આડતિયા	૬૭

ચઢશે અને ગુજરાત–મહારાષ્ટ્રની વચ્ચે પેઢીઓનાં વેર બંધાશે. ગુંડા–તત્ત્વોને શમાવી દેવાનો રસ્તો એ છે કે એમના લોકપ્રિય મુદ્દાનો આધાર સમજદારોએ એક થઈને એમની પાસેથી સેરવી લેવો. એ કઈ રીતે બને?

કાશ્મે જો જાહેરાત થાય કે ગુજરાત–મહારાષ્ટ્રના ગણ્યમાન્ય લોક-નેતાઓ પરસ્પર વાતચીતો શરૂ કરે છે અને મૈત્રીભરી વાટાઘાટોથી બંનેને મંજૂર હોય તેવો જ તોડ લાવી જંપશે તો રમખાણોનું વાતાવરણ આપો-આપ થાળે પડી જાય અને પરિસ્થિતિનો દોર શાણા પુરુષોના હાથમાં આવી જાય. ઉપરથી કરેલો નિર્ણય સત્તાથી અને ચાબૂકથી એક પક્ષ પર લાદવામાં આવે છે ત્યારે લોકમત ગુંગળાય છે અને રૂંધાયેલી વરાળની જેમ સ્ફોટક બને છે. એય પક્ષ હળીમળીને સર્વસંમત નિર્ણય કરવાનું ઠરાવે તો લોક-મત ઘડાય છે અને પ્રજાની શક્તિ વધે છે. હૈયું કઠણ કરીને સખત હાથે દબાવી દેવાય તેવી આ ઘટના નથી. સહાનુભૂતિભર્યા હૃદયથી હળવે હાથે સંભાળી લેવા જેવો નાજુક આ મામલો છે. સખત હાથે દબાવી દેવાયેલું તોફાન બમણા જોરથી પાછું ઊછળી શકે છે.

અમને પૂરી ખાતરી છે કે જેમ બહાદુરી અને અડગ વિશ્વાસથી ચોપાટીની સભામાં ગુંડાના પત્થરો વચ્ચે આપણા નેતા અણનમ રહ્યા હતા તેમ જ ભાઈચારા ભરી મૃદુ કોમળતાથી અને લાંબી દૃષ્ટિથી તેઓ ગૂંચવાડે ચડતી જતી હાલતને સંભાળી લેશે. ગાંધીજીએ દેશભક્ત ત્રાસ-વાદીઓ સાથે, સરદારે બળવાખોર ખલાસીઓ સાથે અને જવાહરે 'લડું લડું' કરતી વિશ્વસ-ત્તાઓ સાથે જે મૃદુતા, અનાગ્રહ અને સત્ય-નિષ્ઠાથી કામ પાડયું હતું તેની કેળવણી હવે પાર્લામેંટ આ પ્રશ્નને ચર્ચે તે પહેલાં જ સફળ સાબિત થઈ ચૂકી હશે એવી આશા આપણે જરૂર સેવીએ.

મુંબઈના મિત્રોને અમારી નમ્ર સલાહ છે કે પોતાનું સ્થાયી અને સાચું હિત શેમાં છે એનો લાંબી નજરે અને નિર્ભય ચિત્તે વિચાર કરવા માંડે.

ગુજરાતના અખબારી મિત્રોને અમારી હાથ જોડીને વિનંતી છે કે 'આપણે જ સાચાં છીએ, ને આપણે જ સારાં છીએ' એવી વાતોનો આ વખત નથી. એ વાત પિછાનીને તંગદિલી હળવી થાય, ગુજરાત–મહારાષ્ટ્રની મૈત્રીનું અને રચનાત્મક શાંતિનું વાતાવરણ ઉભું થાય તેવાં પ્રયત્નો કરવાને કટિબદ્ધ થાય. કરોડો રૂપિયા કરતાં સારા પાડોસી–સંબંધો વધુ કીમતી છે, એ બાપુજીએ પાકિસ્તાનને અપાવી દીધેલા ૫૫ કરોડ રૂપિયાની ઘટના યાદ કરીને આપણે સમજીએ.

ગુજરાતની પ્રજાને અને નેતાઓને ચરણે અમે પ્રણામપૂર્વક નિવેદન કરીએ છીએ કે ગાંધીજીને યાદ કરીને સામા પક્ષને સમજવાનો પ્રેમ-પૂર્વક પ્રયત્ન કરો, પૈસા–ટકાની વેપારી ગણતરી છોડીને દેશની સમક્ષ પડેલા ઉજ્જવળ ભવિષ્યનો ખ્યાલ કરો અને પછી જે કાંઈ કરવું હોય તે બંને તરફની સંપૂર્ણ સહમતીથી જ કરવાનો દૃઢ નિશ્ચય કરો. ગાંધીજીએ શીખવેલી લવાદીનો અર્થ લાદેલો ચૂકાદો હરગિજ નથી. ઘરમેળની એખલાસભરી પતાવટ એ લવાદી પદ્ધતિનો આત્મા છે.

ઈશ્વરને અમારી પ્રાર્થના છે કે સ્વરાજ્ય પછી આ કજિયાનો કળિ અમારામાં પ્રવેશ્યો છે તેને દૂર કરવાની સન્મતિ અમને બધાને તું શીઘ્ર આપ! ('ભૂમિપુત્ર'માંથી સાભાર ઉધ્ધૃત)

અંબર ચરખાનું અર્થશાસ્ત્ર

[ડિસેમ્બર ૧, ૧૯૫૫ના મહાસમિતિ તરફથી નીકળતા ઓફીશીયલ બ્રિફ્યૂ નામના સામયિકમાંનો નીચેનો ઉતારો અખિલ હિંદ ખાદી અને ગ્રામઉદ્યોગ બોર્ડે હવે પછીની પંચવર્ષી યોજનામાં શું કરવાની સૂચના આપી છે તેનો તથા આયોજન પંચની કર્વે સમિતિએ હવે જેનો સામાન્યપણે સ્વીકાર કરવાનું જણાવ્યું છે તેનો વાચકને ખ્યાલ આપશે.]

અખિલ હિંદ ખાદી અને ગ્રામઉદ્યોગ બોર્ડ આવતી પંચવર્ષી યોજનાના ગાળા દરમ્યાન પચીસ લાખ અંબર ચરખા દાખલ કરવાની તથા દોઢ અબજ વાર કાપડ ઉત્પન્ન કરવા માટે જરૂરી એકતાળીસ કરોડ વીસ લાખ રતલ સૂતર પેદા કરવાની ધારણા રાખે છે.

પાંચ વરસના ગાળા દરમ્યાન વરસે કેટલું સૂતર તથા કાપડ પેદા થશે તેની વિગતો નીચેના કોઠામાં આપી છે :

ઉત્પાદનનો કાર્યક્રમ

વિગતો	પહેલું વરસ	બીજું વરસ	ત્રીજું વરસ	ચોથું વરસ	પાંચમું વરસ
	૧૯૫૬-૫૭	૧૯૫૭-૫૮	૧૯૫૮-૫૯	૧૯૫૯-૬૦	૧૯૬૦-૬૧
૧. જરૂરી ચરખા સેટો* (લાખમાં)	૧.૨૪	૩.૭૮	૮.૭૨	૧૬.૨૮	૨૫
૨. સૂતરનું ઉત્પાદન (દશ લાખ રતલમાં)	૨૦.૬	૬૧.૯	૧૪૪.૪	૨૬૮.૨	૪૧૨.૫
૩. કાપડનું ઉત્પાદન (અંબર ચરખા કાપડ) (દશ લાખ વારમાં)	૭૫	૨૨૫	૫૨૫	૯૭૫	૧૫૦૦

ખાદી બોર્ડ એવી આશા રાખે છે કે, પચીસ લાખ અંબર ચરખા, સૂતર કાંતવાના કામમાં દેશના ૫૦ લાખ જેટલા માણસોને થોડા વખતની અને આખા વખતની રોજગારી આપશે, ૮.૪૬ લાખ વણકરોને તથા ૪.૨૫ લાખ વણવાના કામમાં મદદ કરનારાઓને વણાટમાં રોજગારી આપશે. આ ઉપરાંત તે ૭૨,૦૦૦ સુથારો તથા તેમના મદદનીશોને અને ૨૦,૦૦૦ માણસોને વહીવટી કામમાં તથા સંગઠનના કામમાં પૂરેપૂરા વખતની રોજગારી આપશે.

અખિલ હિંદ ખાદી અને ગ્રામઉદ્યોગ બોર્ડ વિચારે છે તે ખાદી માટેનો બીજી પંચવર્ષી યોજનાનો કાર્યક્રમ અમલમાં મૂકવાથી, બધી બાબતોનો સમાવેશ કરતાં ૫૪ લાખ માણસોને રોજગારી મળી રહેશે. રોજના આઠ કલાકના કામને પૂરી રોજગારી ગણવામાં આવી છે.

બીજી પંચવર્ષી યોજના માટેનો ખાદી બોર્ડના કાર્યક્રમનો અમલ કરવાથી સામાન્ય રેંટિયા પર કાંતનારની રોજની સરેરાશ ૬ આનાની કમાણી વધીને રોજની ૧૨ આના જેટલી થશે, એટલે કે, તેની કમા-ણીમાં ૧૦૦ ટકા જેટલો વધારો થશે. સામાન્ય રેંટિયા પર ૧૬ નંબરનું સરેરાશ ત્રણ આંટી સૂતર કંતાય છે. જ્યારે અંબર ચરખા પર ૨૦ નંબરનું સરેરાશ ૧૬ આંટી સૂતર, કંતાય છે. અંબર ચરખાના સૂતરની સમાનતા તથા મજબૂતી પ્રમાણમાં વધારે હોય છે અને એને કારણે સામાન્ય રેંટિયાનું સૂતર વણવામાં પડે છે તેના કરતાં એ સૂતર વણ-વામાં ઓછી મુશ્કેલી પડે છે. અંબર ચરખા પર દર કલાકે વધારે સૂતર કંતાય છે તે ઉપરાંત એ સૂતરની જ્યાં જ્યાં અજમાયશ કરવામાં આવી છે ત્યાં પ્રમાણમાં વધારે સારી જાતનું માલૂમ પડયું છે અને તેથી કરીને હાથસાળના વણકરને તે વધારે સ્વીકાર્ય થાય છે. એથી કરીને, બધા જ હાથશાળના વણકરો, વરસના લાંબા કે ટૂંકા ગાળા-ઓમાં બેકાર રહેવા કરતાં એ સૂતર વધારે પસંદ કરશે એ સ્વાભાવિક છે.

દેશના હાથસાળના વણકરોની આર્થિક સ્થિતિ માટે સૌથી વધારે મહત્ત્વની વસ્તુ ખાદીના કાર્યક્રમને કારણે તેમની કમાણીમાં વધારો થાય છે તે છે. કાપડ ઉદ્યોગ તપાસ સમિતિએ એવી ગણતરી કરી હતી કે, હાથસાળના વણકરની આજે રોજની સરાસરી કમાણી રૂ. ૧–૨–૦ છે: ખાદી બોર્ડના કાર્યક્રમને પરિણામે દેશના પ્રત્યેક હાથ-સાળના વણકરને રોજની ઓછામાં ઓછી રૂ. ૧–૮–૦ જેટલી કમાણી થશે, અને જ્યાં સામાન્ય વણકર કરતાં તેની આવડત અને કુનેહ વધારે હશે ત્યાં તેની રોજની કમાણી રૂ. ૧–૮–૦ થી રૂ. ૩–૦–૦ સુધી થઈ શકશે.

પરિણામે, દેશની વસ્તીના જુદા જુદા વિભાગોમાં રોજગારી વિસ્તારવાની તથા તેમની આર્થિક સ્થિતિ સુધારવાની અથવા વણકરો તથા તેમના મદદગારોના જીવનના ધોરણમાં યોજનાપૂર્વકનો સુધારો કરવાની તાકીદની જરૂરિયાતની દૃષ્ટિથી તેમ જ દેશમાં હાથે કાંતનારાઓ મોટી સંખ્યામાં છે એ વસ્તુ ધ્યાનમાં લેતાં અખિલ હિંદ ખાદી તથા ગ્રામઉદ્યોગ બોર્ડના કાર્યક્રમનું ભારે આર્થિક તથા સામાજિક મહત્ત્વ છે.

('હરિજનબંધુ'માંથી સાભાર ઉધ્ધૃત)

* ચરખા સેટમાં પોંજવાના યંત્રનો સમાવેશ થાય છે.

સમાજની ઉદાસીનતા અને સાધુઓની દીક્ષાવેલછા

(ભારત સરકાર મારફત યોજાયલો ભારતવ્યાપી પ્રવાસ પૂરો કરીને તાજેતરમાં પાછા ફરેલા માંડલવાસી જાણીતા સમાજસેવક ધર્મનિષ્ઠ બંધુ શ્રી રતિલાલ મફાભાઇ શાહ તરફથી મળેલા પત્રનો કેટલોક ઉપયોગી ભાગ અહિં પ્રગટ કરું છું. એમાં પ્રવાસનાં થોડાંક સ્મરણો છે અને સાથે સાથે આજની આપણી શોચનીય સામાજિક પરિસ્થિતિ વિષે તેમનાં દિલને ક્ષુબ્ધ બનાવતાં કેટલાંક સંવેદનો સંકલિત થયાં છે. પરમાનંદ)

અમારી ૪૦ દિવસની યાત્રામાં એક અઠવાડિયું શ્રીનગરમાં ગાળ્યું હતું, જ્યારે બાકીના દિવસો ભાખરા-નંગલ-હિરાકુંડ જેવાં પ્રોજેક્ટ સ્થળો, ધનબાદ, ઝરીયા, તાતાનગર, ચિત્તરંજન, પેરામ્બુર (મદ્રાસ) વિઝાગાપટ્ટમ જેવાં કારખાનાઓ, દિલ્હી, આગ્રા, ગોવલકોંડા જેવાં ઐતિહાસિક સ્થાનો, હરદ્વાર, હૃષિકેશ-બનારસ-જગન્નાથપુરી જેવાં તીર્થધામો, બનારસ હિંદુ યુનિવર્સિટી, શાંતિનિકેતન, કાંગડી ગુરૂકૂળ જેવી શૈક્ષણિક સંસ્થાઓ, અધ્યાર, બેલુર મઠ તથા પોંડિચેરી જેવાં સાધનાસ્થળો અને મુંબઈ, કલકત્તા, મદ્રાસ, મ્હૈસુર-બેંગલોર જેવાં ઔદ્યોગિક ધામો-જેવામાં ગાળ્યા હતા. જીંદગીમાં પ્રથમવાર જ આપણા વિશાળ દેશનું દર્શન કરવાનું મળ્યું હોઇ ઘણું જોવા-જાણવાનું મળ્યું છે, પણ તેમાંય એક જૈન તરીકે અન્ય પ્રાંતોમાં જૈન સમાજની શી સ્થિતિ છે એ જાણવાની ખૂબ ઉંતેજારી રહ્યા કરતી. જો કે એનો અભ્યાસ કરવાનો સમય નહોતો મળતો તેમજ ક્યાં કોને મળવું એ બાબતની પણ કંઈ જાણ નહોતી, એમ છતાં જે જે મોટાં નગરોમાં જ્યાં જ્યાં ગુજરાતી ભાઇઓ મળતા ત્યાં જૈનસમાજ વિષે કંઇક જાણવા પ્રયત્ન કરતો.

એથી જ્યારે અમારી યાત્રામાં કલકત્તા આવ્યું ત્યારે ત્યાંના જૈનોની જાહોજલાલી, મેળવેલું સ્થાન, બાબુ બદ્રીદાસના જૈન મંદિરે પ્રાપ્ત કરેલી ખ્યાતિ તથા ત્યાંના વરઘોડાએ મેળવેલી જગપ્રસિદ્ધિ-આ બધા કારણોને અંગે કંઇક પુલકાનુભૂતિ થઈ. પણ બીજી બાજુ જ્યારે બાલદીક્ષાને અંગે ભંવરમલજી સિંધી પર થયેલા પ્રાણઘાતક-હિંચકારા હુમલાની વાત સાંભળી ત્યારે એ આનંદ ખેદ-શોક અને શરમમાં ફેરવાઈ ગયો. વ્યકિત કે વર્ગો પોતાની માન્યતાને વળગી રહે, પોતાના વિચારો પર દ્રઢ રહે એ સમજી શકાય તેવી વાત છે, પણ એ અન્યના વિચાર કે વાણીસ્વાતંત્ર્ય પર ક્રુર હુમલો કરી ધર્મના હાર્દમાં જ ઘા મારવા જેટલી હદે અસહિષ્ણુ પણ બની શકે છે; એથી જણાય છે કે એવા-ઓને ધર્મની નથી પડી હોતી, પણ ધર્મના નામે પોતાના અહંમમત્વની જ પડી હોય છે. એવા લોકો ભલે આજે કદાચ પૂજાશે પણ ભવિષ્યની પેઢીઓ તો એમને શાસનના દુશ્મનો માની એમના નામ પર ફિટકાર વરસાવશે એમાં શંકા નથી.

× × × ×

જેમને યુગ યા પ્રવાહોનું મુદ્દલે જ્ઞાન નથી, નવદૃષ્ટિથી કામ કરતી સંસ્થાઓનો પરિચય નથી, ખુદ પોતાના સમાજની હાલતનુંય જેને ભાન નથી એવા, ભૂતકાળના ગૌરવ પર રાચનારા અને ૧૨ મા સૈકાનું જીવન જીવનારા આ સાધુઓએ જ દીક્ષાના કોંભાડો ઉભા કર્યા છે, પણ બીજી બાજુ આખા કોળાંના કોળાં કેવાં જવા બેઠાં છે એનું ભાન આ સાધુઓને કોણ કરાવે? મદ્રાસમાં કેટલાક જૈન ભાઇઓને મળતાં P. H. D. ના અભ્યાસી એક જૈનભાઇએ જણાવ્યું કે તામિલ-તેલુગુ-કન્નડાદિ દ્રાવિડિયન ભાષાના કેટલાંક ઉત્તમોત્તમ ગ્રંથો જે જૈનોની રચના છે એ ગ્રંથોમાંના કેટલાક ગ્રંથોના આદ્ય પ્રાર્થનાના શ્લોકો રદ કરી એ ગ્રંથોને વૈદિક ગ્રંથો મનાવવાના પ્રયત્નો ચાલી રહ્યા છે, જેમાં પ્રસિદ્ધ દેશભક્તોનો પણ હાથ છે. જો કે એ માટે એક જૈન પ્રોફેસર લડી રહ્યા છે પણ એ એકલે હાથે શું કરે? આપણા વ્યાપારી સમાજને આ બાબતનું ભાન નથી અને સાધુવર્ગને પોતાની જંજાળમાંથી માથું બહાર કાઢવાની ફુરસદ નથી ત્યાં શું થાય? મ્હૈસુરમાં અસલ તેલુગુ-ભાષી જૈન ભાઇઓને શોધવા હું ૧૫ કલાક શેરીઓમાં ભમ્યો. એક મુસલમાનભાઈ જાતે ઉઠીને મને એવા એક ભાઇની દુકાને મુકી ગયા. દુધ-કોફીથી મારું સ્વાગત કર્યા બાદ એ ભાઇએ જણાવ્યું કે 'મ્હૈસુરમાં વસ્તી તો અમારી ૩૦૦-૪૦૦ માણસોની છે. પણ નવકાર જાણનારા કેટલા હશે એ પ્રશ્ન છે. અમારું મંદિર તો છે, પણ આઠમચૌદશના રોજ માંડ ૨-૩ ભાઈ મંદિરમાં આવતા હશે. સ્ત્રીઓ આવે છે ખરી. બાકી ધર્મની કોઇને પડી નથી. અને અમો વેપારીઓને એનું કામ પણ શું? મેં કહ્યું, 'તમારા જેવા સુજ્ઞી અને સમજુ ભાઇની ફરજ નથી કે તમારે સમાજ અને ધર્મને ખાતર કંઇક કરવું જોઇએ? સમાજના સંગઠ્ઠન-પ્રચાર અને કેળવણી માટે તમો ધારો તો ઘણું કરી શકો.' જવાબ મળ્યો કે, 'સામે આવેલી ફ્રિલ્મ કંપનીના માલિક આપણા જૈન હતા, ધર્મિષ્ઠ અને વિદ્વાન પણ હતા. તે એક વર્તમાનપત્ર ચલાવતા, કેળવણી માટે છાત્રાલય પણ શરૂ કરેલું, ધર્મશાળા પણ બંધાવેલી, પણ તેમના મૃત્યુ પછી એમના દીકરાઓ એ પ્રવૃત્તિથી દૂર જ રહ્યા છે.' એ દૂર રહ્યા હોય તો તમે એ સંભાળો. જો આપણે બધા જ વિમુખ બનશું તો સમાજનું શું થશે?' મારા આ સીધા પ્રશ્નથી એમણે કંઇક કરવાનું વચન આપ્યું ને એ બાબત પત્રવ્યવહાર કરવા મને એમણે પોતાનું શીરનામું લખાવ્યું. દુઃખની વાત તો એ હતી કે મ્હૈસુરમાં ગુજરાતી-મારવાડી શ્વેતાંબર-દિગંબર જૈનોની સંખ્યા ઠીક છે છતાં કોઈ કોઇ વચ્ચે સંપર્ક નથી.

પણ એથીયે વધારે દુઃખની વાત તો એ હતી કે મારી સાથેના અનેક જૈન ભાઇઓ અમારી ટુરમાં કોઇ પણ જૈન ગ્રંથ કે વર્તમાનપત્ર ન વાચવાની પ્રતિજ્ઞા લઇને જ બેઠા હોય એવો એમનો સમાજના પ્રશ્નો પ્રત્યે ઉપેક્ષા ભાવ હતો. એટલું જ નહી સમાજ અને ધર્મના પ્રશ્નો ચર્ચવા સામે મને સાંકડી મનોદશાનો કહી કેવળ રાષ્ટ્રદૃષ્ટિ રાખવાની વાત કરતા. અને જે ધર્મ મરવાજ સર્જાયેલો છે, જેના સાધુઓ કેવળ ચેલા મુંડવા અને પોતાની વાહવાહ કહેવરાવવા માટે સમાજના પૈસા ખરચાવવા પાછળ જ પડયા છે, એ ધર્મ પાછળ સમય બગાડવા કરતાં કંઇ રાષ્ટ્રને સેવા આપશો તોય તમો કંઇક કરી શકશો. બાકી મુંડદાંને જીવાડવા પાછળ તમો ખાલી મહેનત શું કામ કરો છો? આવો એ ટોણો મને માર્યા કરતાં. આવા એમના પ્રત્યુત્તરથી સમાજના યુવાનો આજે સમાજથી કેવા વિમુખ થઈ રહ્યા છે એ જાણી ખૂબ દુઃખ થતું. પણ એમાં એમનો દોષ નથી. એમનામાં ધર્મ તો હતો. પોંડિચેરી, અધ્યાર કે બેલુર મઠ તથા સારનાથ જોઈ એ ખૂબ પ્રભાવિત થતા. ત્યાનું સાહિત્ય-આલ્બમો ખરીદતા-વાંચતા અને આજ જીવનની સાધના છે કહી મને મુંડવા મથતા.

આમ જ્યાં આપણો યુવાન વર્ગ જ આપણી સાંકડી મનોદશાથી વિમુખ થઇ રહ્યો છે, જે છે એમને કોઇ સાચવનાર નથી ત્યાં આવા દીક્ષાના કલહોમાં આપણે ખુવાર થઈ રહ્યા છીએ એ એક ભારે દુઃખની વાત છે. સાચું કહીયે તો બાલદીક્ષા શું પણ આજે જે રીતે ભરતી થઇ રહી છે એવી પુખ્તદીક્ષા પણ આવકારપાત્ર નથી. ત્યાગ-વૈરાગ્ય-અભ્યાસ અને વિશાળજીવનદૃષ્ટિ પ્રાપ્ત થયા પહેલાં ભરતી કરવી એ સમાજની પ્રગતિને રૂંધનારી વસ્તુ બનનારી છે એમ મને સ્પષ્ટ ભાસે છે.

રતિલાલ મફાભાઈ શાહ

બાલદીક્ષા પ્રતિબંધક બીલ-અનુમોદનપત્રકો વિષે

સહી કરાયેલા અનુમોદનપત્રકો જેની પાસે જેટલાં તૈયાર હોય તેટલાં આ જાહેરાત વાંચીને સંઘના કાર્યાલય ઉપર વિના વિલંબે મોકલી આપવા પ્રાર્થના છે. તા. ૧૨ પહેલાં મુંબઇ સરકારને આ અનુમોદનપત્રકો પહોંચાડી દેવા જરૂરી છે.

૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ,
મુંબઈ ૩. મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

પટવારી–બીલ પ્રકરણ

શ્રી જૈન શ્વે. મૂ. કૉન્ફરન્સે પટવારી બીલવિરોધી ઠરાવ પડતો મૂકયો

જૈન શ્વે. મૂ. કૉન્ફરન્સની સ્થાયી સમિતિ સમક્ષ ૨૪ સભ્યોનું એક રેકવીઝીશન-વિજ્ઞાપનપત્ર આવેલું. આ રેકવીઝીશનનો આશય શ્રી. પ્રભુદાસ બાલુભાઈ પટવારીના બાલદીક્ષા પ્રતિબંધક બીલનો વિરોધ કરતો એક ઠરાવ પસાર કરવાનો હતો. આ રેકવીઝીશન અઢી કે ત્રણ માસ પહેલાં તૈયાર કરવામાં આવેલું. પણ કૉન્ફરન્સ કાર્યાલય ઉપર તરતમાં તે મોકલવામાં આવ્યું નહોતું. રેકવીઝીશન ઉપર સહી કરવા છતાં પાછળથી અમુક અગત્યના સભ્યોની આવો ઠરાવ કૉન્ફરન્સમાં લાવવા વિષે નામરજી હતી. એમ છતાં એ રેકવીઝીશન ઉપર જણાવ્યા મુજબ કૉન્ફરન્સની સ્થાયી સમિતિ ઉપર થોડા દિવસ પહેલાં રવાના કરવામાં આવેલું. આ રેકવીઝીશનમાં રહેલા ઠરાવનો નિર્ણય કરવા માટે તા. ૨૨–૧૨–૫૫ ગુરૂવારના રોજ કૉન્ફરન્સની સ્થાયી સમિતિની શ્રી. પોપટલાલ રામચંદ શાહના પ્રમુખસ્થાને સભા મળી હતી. પ્રસ્તુત રેકવીઝીશન સભા સમક્ષ રજુ કરવા સાથે એ અંગે આવેલા કેટલાક પત્રો કૉન્ફરન્સના મંત્રી શ્રી. રતિલાલ ચીમનલાલ કોઠારીએ રજુ કર્યા હતા. આમાંના ત્રણ પત્રો શ્રી. ભોગીલાલ લહેરચંદ, શ્રી. કાન્તિલાલ ઇશ્વરલાલ (આ બન્ને રેકવીઝીશન ઉપર સહી કરનારા હતા) તથા શ્રી. પુલચંદ શામજી તરફથી આવ્યા હતા. કૉન્ફરન્સે આ બાલદીક્ષાના તકરારી સવાલમાં પડવું ન જોઇએ એ આ ત્રણે પત્રોનો મુખ્ય સુર હતો. શ્રી. ભોગીલાલ લહેરચંદે પોતાના પત્રમાં કલકત્તામાં આ તકરારી પ્રશ્ન અંગે શ્રી. ભંવરમલ સીંધી ઉપર જાહેર સભામાં બાલદીક્ષાની હિમાયત કરનારા તરફથી કરવામાં આવેલ ભયંકર હુમલાનો હવાલો આપ્યો હતો. પ્રસ્તુત ઠરાવ રીતસર રજુ થાય તે પહેલાં જાણીતા બેરીસ્ટર શ્રી હીરાલાલ હાલચંદ દલાલે આ પ્રશ્ન કૉન્ફરન્સે હાથ ધરવો ઉચિત છે કે નહિ તે વિષે લંબાણથી વિવેચન કરીને નીચે મુજબનો ઠરાવ રજુ કર્યો—

"સ્થાયી સમિતિની આજ રોજ મળેલ સભા એવો નિર્ણય કરી ઠરાવ કરે છે કે રેકવીઝીશનમાં દર્શાવેલ ઠરાવ ઉપર કૉન્ફરન્સના ઐક્ય અને હિતની દૃષ્ટિએ વિચાર કે ચર્ચા કરવી નહિ."

આ ઠરાવને શ્રી. છોટુભાઇ એન. શાહ તેમ જ રેકવીઝીશન ઉપર સહી કરનારામાંના એક શ્રી. શાન્તિલાલ મગનલાલ શાહ તરફથી અનુમોદન મળ્યું. તે ઉપર પક્ષમાં તેમ જ વિરૂધ્ધમાં કેટલીક ચર્ચા અને વિવેચનો થયા બાદ ૨૭ મત ઠરાવની પક્ષમાં અને ૨૨ મત ઠરાવની વિરૂધ્ધમાં પડતાં ઠરાવ બહુમતીથી પસાર થયો અને કૉન્ફરન્સના નામે શ્રી. પટવારીના બીલ સામેના આન્દોલનને વેગ આપવાની બાલદીક્ષાના પક્ષકારોની મુરાદ નિષ્ફળ નીવડી.

મુંબઇના નાગરિકોની સભા પડતી મૂકવામાં આવી

બાલદીક્ષા પ્રતિબંધક વિધેય સામે જાહેર વિરોધ પ્રદર્શિત કરવા માટે બાલસંન્યાસ દીક્ષા પ્રતિબંધક વિધેય વિરોધ સમિતિ તરફથી શ્રી એસ્. કે. પાટીલના પ્રમુખપણા નીચે મુંબઇના નાગરિકોની એક સભા મુંબાદેવીના મેદાનમાં ભરવાની જાહેરાત કરવામાં આવી હતી, પણ શ્રી. એસ્. કે. પાટીલે આવા મતભેદવાળા પ્રશ્નને લગતી સભામાં હાજર રહેવાની સ્પષ્ટ ના કહેવરાવી અને પરિણામે તે સભા મુલતવી રાખવામાં આવી.

બાલદીક્ષા પ્રતિબંધક બીલને માંડલનો ટેકો

માંડલમાં તા. ૧૮ ડિસેમ્બર ૧૯૫૫ ની રાત્રે માંડવીના ચોકમાં જૈન–જૈનેતર સર્વ નાગરિકોની જાહેર સભા શ્રી સારાભાઈ એન. શાહના પ્રમુખપણા નીચે મળી હતી, જેમાં બાલદીક્ષા પ્રતિબંધક ધારાનું સમર્થન કરતાં શ્રી લીલચંદ અમૃતલાલ શાહે બાલદીક્ષા અંગે જે અનિચ્છનીય કારવાઇઓ આજે ચાલી રહી છે તે પર પ્રકાશ પાડયો હતો, જ્યારે શ્રી રતિલાલ મકાભાઇ શાહે સંયમ ત્યાગનું મહત્ત્વ ગાવા છતાં જે રીતે આજના યુગમાં દીક્ષા અપાઈ રહી છે એ પ્રથાને જ નાપસંદ કરી જૈનસમાજ અને ધર્મના ઉત્થાન માટે શું કરવું જોઇએ એ બાબત પોતે તાજેતરમાં કરેલી નૂતન ભારત યાત્રાના અનુભવો પરથી સુંદર માર્ગદર્શન આપ્યું હતું.

શ્રી સારાભાઈ એન. શાહે બાલદીક્ષા પ્રતિબંધક ધારા પાછળનો આશય શું છે, તે કયા સંજોગોમાં અને કોની ભૂલોને કારણે લાવવામાં આવ્યો છે તે સંબંધમાં અનેક દાખલા દલીલો રજુ કરીને હજુયે દેશકાળ ધ્યાનમાં લઈ બાલદીક્ષા અંગે રમાતી ગંદી રમતો બંધ થાય અને સ્વેચ્છાએ જ વયમર્યાદા નક્કી કરી લેવામાં આવે તો આવું બીલ લાવવાની કે કડકાઈ કરવાની જરૂર કોઇનેય રહેતી નથી. પરંતુ આવું કંઈ થતું નથી એટલે જ આવા ધારાને ટેકો આપવાની ફરજ થઈ પડે છે. એક કલાક સુધી બીલનું સમર્થન કરતી દલીલો કર્યા બાદ સભાએ શ્રી પટવારીના બીલને ટેકો આપતો ઠરાવ પસાર કર્યો હતો.

પ્રકીર્ણ નોંધ

અનિષ્ટમાંથી પણ કદિ ઇષ્ટ જન્મે છે

શ્રી પ્રભુદાસ પટવારીના બીલ સામે જૈન સમાજના અમુક વર્ગોમાં એક પ્રકારનો ઝંઝાવાત પેદા થયો છે. 'ધર્મમાં થતી દખલગીરીને અટકાવો' 'ધર્મ જોખમમાં, ધર્મ જોખમમાં' એમ ચોતરફ બુમરાણ મચી રહી છે. જે કાયદો બાળકની નિર્દોષતા અને ભોળપણનો ખોટો લાભ ન લેવાય એ હેતુથી બાળકને જરૂરી રક્ષણ આપવા ધારે છે અને જે કાયદાનો આખરી હેતુ સાધુસંસ્થાને તોડી પાડવાનો નહિ પણ સમાજને પરિપકવ ઉમ્મરના અને સમજણપૂર્વક સંન્યાસ ધારણ કરતા સાધુઓ નિર્માણ કરવાનો અને એ રીતે ધર્મ અને સાધુસંસ્થાને પરિપુષ્ટ કરવાનો છે એ કાયદા સામે આટલો બધો ચાલી રહેલો શોરબકોર કેવળ ધર્મઝનુન અને જે ચાલ્યું આવે છે તેમાં કશો પણ ફેરફાર થઈ ન જ શકે એવી સમાજની અચલાયતન મનોદશા સૂચવે છે. આમ પ્રસ્તુત વિરોધ કેવળ પ્રત્યાઘાતી વૃત્તિમાંથી ઉભો થયેલો હોવા છતાં એ વિરોધે તત્કાળ પૂરતું એક ઇષ્ટ પરિણામ ઉપસ્થિત કર્યું છે. અને તે એ કે મુંબઇમાં જૈન સમાજના ચાર ફિરકામાંથી દરેકના પાંચ એમ ૨૦ સભ્યોની એક સમિતિ ઉભી કરવામાં આવી છે. આ સમિતિનો આશય જૈન ધર્મ અને સમાજનું બાહ્ય આક્રમણ સામે રક્ષણ કરવું એ છે. આ સમિતિમાં કટ્ટર સ્થિતિચુસ્ત વળણ ધરાવતા અને સાધારણ રીતે એકમેકથી દૂર રહેતા એવા જૈન ગૃહસ્થોની નિમણુંક કરવામાં આવી છે. પટવારી બીલના વિરોધે તેમને એકઠા કર્યા છે; એ બીલનો એક યા બીજા પ્રકારનો નિકાલ થયા બાદ આ ગૃહસ્થો કયાં સુધી અને કેવી રીતે એકઠા રહીને કામ કરશે એ એક સવાલ છે. આમ છતાં પણ શ્વેતાંબર અને દિગંબર આગેવાનો, સ્થાનકવાસી અને તેરાપંથી આગેવાનો કોઈ એક નિમિત્તવશ પણ એકઠા થાય અને સાથે મળીને ચાલે એ ઘટના, જેઓ જૈન સમાજની એકતાને ઝંખે છે તેમની દૃષ્ટિએ, જરૂર આવકારદાયક લેખાવી જોઇએ. આ કામચલાઉ એકતામાંથી સ્થાયી એકતા જન્મે તો તેના જેવું રૂડું શું ?

બહેન મંજુને અભિનંદન

જૈન સમાજના જાણીતા કાર્યકર્તા શ્રી જટુભાઈ મહેતાની પુત્રી બહેન મંજુ મુંબઈ યુનીવર્સિટીની એલ. એલ. બી. ની પરીક્ષામાં પસાર થયેલ છે. તેમણે બી. એ. ની પરીક્ષા બીજા વર્ગમાં ઓનર્સ સાથે પસાર કરેલી છે; રાષ્ટ્રભાષાના કોવિદ પણ છે. સૌરાષ્ટ્રના જૈન સમાજમાં બહેન મંજુ પહેલાં ધારાશસ્ત્રી બને છે. બહેન મંજુને જૈન સમાજના અભિનંદન ઘટે છે.

ભાઇ કિરીટ કોઠારીને ધન્યવાદ

ઓકટોબર માસમાં લેવાયલી એસ. એસ. સી. ની પરીક્ષામાં ૨૫૫૦૧ વિદ્યાર્થીઓ બેઠા હતા. તેમાંથી ૪૪.૧૩ ટકા જેટલા વિદ્યર્થીઓ પસાર થાય છે. આ વિદ્યાર્થીઓમાંના પહેલા પંદર વિદ્યાર્થીઓમાં ૭ ગુજરાતી વિદ્યાર્થીઓ છે; ૩ વિદ્યાર્થિનીઓ છે. આ પરિણામમાં ભાઇ કિરીટકુમાર ૧૫ મા નંબરે પાસ થાય છે અને ૮૦૦ માર્કમાંથી ૫૨૯ માર્ક મેળવે છે. ભાઇ કિરીટકુમાર જૈન સમાજના આગેવાન કાર્યકર્તા શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારીના પુત્ર થાય. આવું યશસ્વી પરિણામ મેળવવા માટે ભાઈ કિરીટકુમારને ધન્યવાદ ઘટે છે તેમની વિદ્યાર્થી તરીકેની કારકીર્દી ઉત્તરોત્તર ઉજ્જવલ બનતી રહે એવી તેમને આપણ સર્વની શુભેચ્છા હો !

પરમાનંદ

મનનો શરીરસ્વાસ્થ્ય સાથેનો સંબંધ

(ગત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં સ્ત્રીઓના માનસિક દર્દોના નિષ્ણાત ડૉ. એમ. ડી. આડતિયાએ આપેલા વ્યાખ્યાનની નોંધ.)

આપણી જનતાનું સ્વાસ્થ્ય કનિષ્ટ કોટીનું છે તે એક સત્ય હકીકત છે. સ્વાસ્થ્ય સુધારવાને માટે અનેક પ્રયત્નો કરતાં પહેલાં સૌએ જાણવું જોઇએ કે શારીરિક, માનસિક તથા સામાજિક સ્વસ્થતા એટલે જ સંપૂર્ણ સ્વાસ્થ્ય ગણી શકાય. દર્દમુકત માનવીનું મન અસ્વસ્થ હોય તો તેનું સ્વાસ્થ્ય સારૂં ન જ રહી શકે. તંદુરસ્ત શરીર, પ્રફુલ્લ મન તથા નિરોગી અને આહ્લાદજનક વાતાવરણ સંપૂર્ણ સ્વાસ્થ્ય જાળવવા માટે આવશ્યક છે.

સામાન્ય રીતે મનાય છે કે માનસિક રોગોનાં માનસિક લક્ષણો હોય છે અને શારીરિક રોગોના શારીરિક લક્ષણો હોય છે. જેવાં કે, છાતીમાં મૂંઝારો થવો, ગભરામણ થવી, બેભાન થઇ જવું વિગેરે માનસિક મૂંઝવણ સૂચવે છે. જ્યારે તાવ આવવો, ખાંસી આવવી, હાથ પગ માથું દુખવું વિગેરે શારીરિક સૂચવે છે. પરંતુ આ માન્યતા સત્ય નથી. મન અને શરીરના રોગો છૂટા પાડી શકાતા નથી. માનવીના રોગો મન અને શરીર સાથે જ જોડાયેલા છે તથા તેનાં લક્ષણો પણ અનેક વખત જુદાં પાડી શકાતાં નથી.

શારીરિક દર્દોનાં કારણો આપણે બાહ્ય પદાર્થોમાંથી શોધવાને ટેવાએલા છીએ, પરંતુ અર્વાચીન સંશોધનથી પ્રતિપાદન કરી બતાવાયું છે કે દરેક દર્દોનાં શારીરિક તેમજ માનસિક લક્ષણો હોય છે, અને અનેક વખત જે લક્ષણો શરીર પર દેખાય છે તે કેવળ દબાયેલા મનોવિકારો અને માનસિક અંતરાયોને પરિણામે પણ હોઇ શકે. આ પ્રમાણે મનોવિકારોથી ઉદ્‌ભવતાં શારીરિક લક્ષણોવાળાં દર્દોને "મનોદૈહિક" રોગ કહેવાય છે, અને તેને મટાડવાને માટે માનસચિકિત્સા આવશ્યક થઇ પડે છે.

દુર્ભાગ્ય તો એ છે કે આપણા દેશમાં કોઇ આ તરફ લક્ષ આપતું નથી. જેટલી સંભાળ દેહની સામાન્ય બિમારી માટે લેવાય છે તેટલી પણ માનસિક અસ્વસ્થતા માટે કોઇ દર્શાવતું નથી. નિરોગી દેહ સાથે મન પણ નિરોગી હોય તે જરૂરનું છે. દેહ અને મન પરસ્પર સાથે ગાઢ સંબંધ ધરાવે છે. એક નિષ્ક્રિય બનતાં બીજું પણ આપોઆપ ભાંગી પડે છે. પણ માણસ પાગલ થાય તે સિવાયની માનસિક અસ્વસ્થતા આપણે ત્યાં ચિંતાનો વિષય ગણાતો નથી. માણસ માનસિક બિમારી ભોગવે એ વાત જ ઘણાને હાસ્યજનક લાગે છે છતાં દરેક વ્યાધિના મૂળમાં તેનો હિસ્સો નાનો સૂનો નથી એ હવે પૂરવાર થયેલી હકીકત છે.

(૧) માનસચિકિત્સા

આ નવીન પધ્ધતિનો હજુ હમણાં જ જન્મ થયો છે, અને પાશ્ચાત્ય દેશોમાં તેના પ્રયોગો ચાલે છે, ત્યારે આપણા દેશમાં તો તે તદ્દન અજ્ઞાત અને બિનઅનુભવી બાબત છે. કેટલાક પ્રગતિવાદી તબીબો તેનો ઉપયોગ કરવાની હિમાયત કરતા છતાં હજુ તેનો યોગ્ય પ્રચાર થયો નથી. એ રીતે જોતાં માનસચિકિત્સાનો આ બાલ્યકાળ ગણાય. આમ છતા પણ તેનું મહત્વ જરાપણ ઘટતું નથી. બલ્કે તેની બિનહાનિકારક અને ઝડપી દર્દનિવારક શકિત જોતાં તેનું મહત્વ વધતું જાય છે. ઘણી વખત ન સમજી શકાતાં શારીરિક દર્દોનાં જે લક્ષણો પ્રકટ થાય છે તેમાં આવા માનસિક વિકારો જ અંતરાયરૂપ થતાં હોવાનું અનુમાન કરવામાં આવે છે. ડોકટર કુક તો એટલે સુધી કહે છે કે મનુષ્યનાં ૯૦ ટકા દુઃખોની ઉત્પત્તિ આવાં માનસિક કારણોને આભારી જ હોય છે.

આપણે જોઇશું તો સ્ત્રીઓનાં દર્દોમાં મુખ્યત્વે માનસિક કારણો જ જવાબદાર હોય છે. બાહોશ નિરીક્ષકનું એ બાબત પ્રત્યે લક્ષ ખેંચાયા વગર રહેતું નથી. સ્ત્રીઓનાં ખાસ રોગો કહીને જેને આપણે ઓળખીએ છીએ તે ઘણી વાર પીડાગ્રસ્ત સ્ત્રીઓની માનસિક વ્યાધિનું જ પરિણામ હોય છે. સ્ત્રીઓ પોતે પણ આ વસ્તુ સારી રીતે સમજતી હોય છે. રાત્રીદિવસ ઘરમાં રહેવાને પરિણામે તેને બહારની અથડામણોનો સામનો કરવો પડતો નથી, તેને લીધે તેમની લાગણીઓ વધુ કોમળ હોય છે. તેથી જરા પણ આઘાત થતાં તેના ઉપર પુરૂષ ઉપર પડે છે તે કરતાં વધુ અસર પડે છે. પરિણામે તેઓ હિસ્ટિરીઆ જેવાં દર્દોનો જલદી ભોગ થઇ પડે છે. હિસ્ટિરીઆ શબ્દની વ્યુત્પત્તિ જોઇશું તો જણાશે કે તે ગ્રીક ભાષામાંથી ઉતરી આવ્યો છે અને તેનો મૂળ અર્થ ગર્ભાશય થાય છે. આ જોતાં લાગે છે કે સ્ત્રીના જનનપ્રદેશ સંબંધી અવ્યવસ્થાઓ અને માનસિક અંતરાયો વચ્ચેનો સંબંધ પરાપૂર્વનો છે.

આ સંબંધને લગતા ચોકકસ આંકડા મેળવવાનું કાર્ય મુશ્કેલ છે, કેમકે શારીરિક અને માનસિક દર્દોનાં કારણો પરસ્પર એવાં સંકળાયેલાં હોય છે કે તેમને ચોકકસ રીતે જુદાં પાડવાં એ ખરેખર દુર્ઘટ કાર્ય ગણી શકાય; છતાં એકંદરે સ્ત્રી દર્દીઓમાં તેનું પ્રમાણ ૩૦ થી ૭૦ ટકા અંદાજવામાં આવે છે.

પોતાનાં અંગત માનસિક કારણોનું ચિકિત્સક પાસે બ્યાન કરતાં તે સ્વાભાવિક રીતે જ સંકોચ અનુભવે છે. તેમાંયે સ્ત્રીઓનો સંકોચશીલ સ્વભાવ કુદરતી રીતે જ હોવાથી આ કાર્ય જરા મુશ્કેલ પણ બની જાય છે. પોતાના શરીરને નગ્ન સ્વરૂપે બતાવતાં સ્ત્રીઓ જે સંકોચ અનુભવે છે, તે કરતાં વધારે સંકોચ મનની મૂંઝવણ બતાવતાં અનુભવે છે. છતાં ધીરજપૂર્વક સમજાવટથી જો આ વાત દર્દીના મનમાં ઠસાવવામાં આવે તો કાંઇ પ્રતિકૂળતા રહેતી નથી. માનસચિકિત્સક કરતાં પણ જેની સાથે વધુ પરિચય થયો હોય એવા સ્ત્રીઓના તબીબો આ કાર્ય વધુ આસાનીથી કરી શકે છે. કેમકે તેઓ દર્દીના ઘનિષ્ટ પરિચયમાં હોવાને લીધે તેની પ્રકૃતિ જલદી સમજી શકે છે, તેમજ સ્ત્રીદર્દી પણ ઘનિષ્ટતાને લીધે સહેલાઇથી તેની પાસે દિલ ખોલી શકે છે અને પોતાની વિટંબણા દૂર કરવા તેની યોગ્ય મદદ મેળવી શકે છે.

દર્દીનો વિશ્વાસ સંપાદન કરવો એ આ કાર્યમાં મહત્વની બાબત લેખાય છે, અને ત્યારે જ દર્દીનો પૂરતો સહકાર મેળવી શકાય. તેના સહકાર વિના સફળતા મેળવવી શકય નથી. જો તે અનુકૂળ ન હોય તો આ જાતની પ્રવૃત્તિ તેના મનમાં ચિકિત્સક પ્રત્યે અણગમો પેદા કરે છે. તેથી દર્દી નિકટ આવવાને બદલે દૂર જાય છે અને તેનું માનસિક વલણ પણ પ્રતિકૂળ બની જાય છે.

આપણાં ઘણાં દર્દીઓ માનસિક ભય અને યાતનાઓ સહન કરતા હોય છે. છતાં તેનો તેમના મન સાથે સંબંધ હોઇ શકે છે તેવો તેમને પોતાને ખ્યાલ પણ નથી હોતો. બાહોશ તબીબ તે પ્રત્યે દર્દીનું ધ્યાન દોરી તે તેને પોતાના કાર્યમાં મદદગાર બનાવી શકે. દર્દીને અનુકૂળ પડે તેવું એકાંત છતાં શાંત અને સલામત વાતાવરણ ઉભું કરીને તેના પ્રત્યે સહાનુભૂતિ દર્શાવી તેનો આદર અને શ્રધ્ધા મેળવવાં જોઇએ. તો જ બન્ને વચ્ચેના અંતરાયો દૂર થઇ શકે અને દર્દ ઉપસ્થિત થવાનાં કારણો મેળવી શકાય. આને માટે પૂરતી ધીરજ અને ખંત ચિકિત્સકોમાં હોવાં જોઇએ.

બીજી મહત્વની બાબત એ છે કે તબીબે આ કાર્યમાં પોતાને દર્દીના સહાયક તરીકે ગણીને તેના પ્રત્યે યોગ્ય હમદર્દી બતાવવી જોઇએ. પોતે તેના દર્દનિવારણ માટે આ પગલું ભરી રહ્યો છે તેનો ખ્યાલ રાખીને દર્દીના ન્યાયાધીશ ન બનતાં શાંતિથી તેને સાંભળવાનો પ્રયત્ન તેણે કરવો જોઇએ. યોગ્ય સમયે દર્દી પ્રત્યે સહાનુભૂતિ દર્શાવીને તેને આગળ વધવા પ્રોત્સાહન આપવું જોઇએ. પણ તેને ટીકા કરીને નિરુત્સાહ બનવા ન દેવી જોઇએ. દર્દી બીજી આડી વાતોમાં ઉતરી જાય તો તેનું ધ્યાન ન ખેંચાય એ રીતે શાંતિથી તેને પોતાના મુદ્દા તરફ વાળવાનો પ્રયાસ કરવો, અને જરૂરી માહિતિ ધ્યાનપૂર્વક મેળવી લેવી. કોઇ પ્રસંગે તેના અંતરાયરૂપ પૂર્વગ્રહો વિરોધી લાગણીઓને સમજાવટથી દૂર કરવાં પણ પ્રયત્નશીલ થવું જોઇએ.

દર્દીના મર્મ પર આઘાતજનક નીવડેલા બનાવોને ધ્યાનપૂર્વક શ્રવણ કરીને તેના જખમોને રુઝવવાનું તબીબનું કર્તવ્ય છે, અને સૂચનો અને સમજાવટદ્વારા તેની માનસિક અથડામણોને દૂર કરવા તેણે પ્રયાસ કરવો જોઇએ, રુંધાયેલી લાગણીઓના પ્રવાહમાં જે નડતર હોય તે દૂર કરીને તેનો માર્ગ ખુલ્લો કરવો જોઇએ. અને સહાનુભૂતિપૂર્વક યોગ્ય દોરવણી કરવી જોઇએ, મનોદૈહિક ચિકિત્સાનો એજ મુખ્ય હેતુ અને ધ્યેય છે.

એક દૃષ્ટાંત લઇએ તો સમજાશે.

થોડાં વખત પહેલાં એક જુવાન સ્ત્રી અત્યંત પીડાજનક–આર્તવની ફરિયાદ સાથે મારી પાસે આવી હતી. આ યુવાન બાઈ બાવીસથી તેવીસ વર્ષની ક્રોલેજ કન્યા હતી. શારીરિક તપાસ દરમ્યાન એની ફરિયાદ માટે કંઈ પણ ચોક્કસ કારણ જણાયું નહિ. આર્તવના સમય દરમ્યાન મેં એને જોઈ અને એ છોકરી અસહ્ય પીડા ભોગવી રહી હતી એની મેં ખાતરી કરી. મને લાગ્યું કે એના આ રોગનું કારણ માનસિક છે. ધીમે ધીમે ઘણી સત્યક બાતમી મળી આવી. આ છોકરીને કોઇની સાથે પ્રેમ સંબંધ હતો.

આ યુવતીના માબાપ જૂનવાણી વિચારનાં હતાં. છોકરીના મનમાં જાતિયવૃત્તિ એટલે ચોરવૃત્તિ છે, પાપનો એક પ્રકાર છે એવી ભ્રામક માન્યતાઓ એમણે સંસ્કાર ગણીને ઠસાવી હતી. પોતાના પ્રેમી પ્રત્યેની એની જાતિયવૃત્તિને એ એક અનિવાર્ય ગુન્હા તરીકે ગણતી હતી. જેમ જેમ તે તેના ઘનિષ્ટ સંબંધમાં આવતી તેમ તેમ વધુને વધુ શારીરિક ને માનસિક વેદના અનુભવતી. તેના તરફ લાગણી બતાવતાં અને વધુ સંપર્કમાં આવતાં તેના મનમાં સ્પષ્ટ અથડામણ ઉત્પન્ન થતી. સંસ્કાર અને લાગણી વચ્ચે તુમુલ ખેંચતાણ ચાલ્યા કરતી. આને લીધે એનું શારીરિક સ્વાસ્થ્ય પણ સમતુલા ગુમાવી બેઠું હતું. શારીરિક અને માનસિક આ પશ્ચાદ ભૂમિકામાં પીડિતાર્તવની એવી ફરિયાદ જન્મી હતી. તેના પોતાના જ શબ્દોમાં "મારી મુંઝવણને લીધે હું તંગ અને અસહિષ્ણુ બની જાઉં છું. હું કંઇજ સહન કરી શકતી નથી અને દરેક વસ્તુ મને અણગમતી થઈ પડે છે." ધીમે ધીમે સલાહસૂચનો દ્વારા એની માનસિક વિટંબણાનું માર્ગદર્શન કરવામાં આવ્યું, એના માબાપના પૂર્વગ્રહો દૂર કરવામાં આવ્યા અને એની મૂળ પીડિત–આર્તવની ફરિયાદ પણ દૂર થઈ. એનાજ શબ્દોમાં "મારું મન જાણે ધોવાઇને સ્વચ્છ થયું હોય એમ લાગે છે. મારા દરેક અંગે-અંગમાં હું એથી સ્વસ્થતા અનુભવું છું. માસિક સ્રાવ પણ હવે પીડા-રહિત છે."

આ એક દાખલા પરથી આપણે થોડીક વસ્તુઓ તારવવાની છે. કોઈ પણ શારીરિક રોગને લીધે માણસ એના મનની સમતુલા ગુમાવી બેસે છે એ વાત ધરગથ્થુ છે અને સૌએ અનુભવેલી પણ હશે. લાંબા વખતના તાવથી પીડાતો માણસ ચીડિયો થઈ જાય એ વાત આપણને સ્વીકાર્ય છે, પણ મનની મૂંઝવણને લીધે કદી રોગ ઉત્પન્ન થાય, શારી-રિક સમતુલા ગુમાવી બેસાય એવું બને ખરું કે? આર્તવ દરમ્યાન પીડા માટે કંઈ પણ કારણ ન હોય છતાં પણ ફકત માનસિક મૂંઝ-વણના પ્રતાપે આ પીડા ઉત્પન્ન થાય ખરી કે? માથામાં કંઇ પણ ખરાબી ન હોય છતાં ચિંતાગ્રસ્ત માણસ માથાનો દુખાવો અનુભવે ખરો? આંતરડાં સાજાં નરવાં હોય છતાં માનસિક તંગદિલીને કારણે ઝાડા કે કબજિયાત થાય ખરા? આ રીતે આ પ્રશ્નો આપણે કદિ વિચારતા નથી. વસ્તુતઃ આ બધા પ્રશ્નોનો જવાબ માનસિક વિકાસના મૂળભૂત સિધ્ધાંતોને સમજવાથી મળી શકે છે.

માણસના શરીરનો વિકાસ બાળપણથી વૃધ્ધાવસ્થા સુધી સતત ચાલુ રહે છે, તેમ તેના મનનો વિકાસ પણ ઉત્તરોત્તર થતો રહે છે. આ દરમ્યાન જે અનુભવો, આઘાતો મનને લાગે છે તે શરીરના વિકાસ ઉપર પણ અસર કરે છે.

આપણે જે સમાજમાં રહીએ છીએ તેના થોડાક નીતિનિયમો ને કાયદાકાનૂનો છે. માણસની આંતરિક વૃત્તિઓ–સ્વાભાવિક એષણાઓ–અને આ નિયમોની વચ્ચે એક સૂક્ષ્મ સંઘર્ષણ ચાલ્યા જ કરતું હોય છે. માણસનો મનનો સજાગ ભાગ જેને આપણે જાગૃત મન–Conscious mind–કહી શકીએ તે આ સંઘર્ષણ પ્રત્યે બેદરકાર રહે છે. આ જાગૃત મનને આંતરિક સંઘર્ષણનો પ્રભાવ માણસના દૈનિક જીવનમાં પડવા દેતું નથી. મન તો મહાસાગરમાં તરતા આઇસબર્ગ જેવું છે. ૧/૫ ભાગ બહાર તરતો દેખાય પણ વધુ મોટો ભાગ તો પાણીની સપાટી તળે સંતાતો હોય.

અમુક બિન–અનુકૂળ સંજોગોમાં આ ઘર્ષણ તીવ્ર બને છે. બીજાની પાસે પુષ્કળ પૈસો જોઇને તે આપણે કબજે કરી લેવાની વૃત્તિ સ્વાભાવિક છે. પણ આપણું આંતરિક મન–Unconscious mind–સામાજિક નીતિનિયમોને આધીન છે. તે આ વૃત્તિને મનમાં ઉંડે ને ઉંડે દાબી દે છે. મનના અંધારા ખૂણામાં ઝીણું સંઘર્ષણ ચાલ્યા કરે છે. માણસ સતત જોતો રહે છે કે ચોરી કરે તે જ આગળ આવે છે, બીજાનો પૈસો યુકિતપ્રયુકિતથી પડાવવો એ જ મહત્તાની ચાવી છે. જાગૃત મનનું બળ ઢીલું થાય છે. આંતરિક મન ઉપરની તેની પકડ હળવી થાય છે અને અંદરનું સંઘર્ષણ તુમુલ યુધ્ધનું સ્વરૂપ લે છે. આવે વખતે ત્રણ શકયતાઓ છે:–

(અ) આ માણસ પોતાના જાગૃત મન–Conscious mind–ને મજબુત બનાવી પોતાની આન્તરિક વૃત્તિને દાબી દે.

(બ) આંતરિક વૃતિ વધુ પ્રબળ બને અને માણસને ગુન્હેગાર બનવા પ્રેરે.

(ક) અમુક માણસ ઉપરના બન્ને છેડાઓ–extremes–માંથી કંઇજ ન કરી શકે એટલે એની નિર્બળતા માટે બહાનાં શોધશે. "મને આ બિમારી છે એટલે મારાથી આ થઈ શકતું નથી. મને હૃદયરોગ છે.....મને પેટમાં દુખાવો છે."

આંતરિક વૃત્તિની પ્રબળતાને એ આમ ક્ષુલ્લક બહાના હેઠળ દાબી દે છે, અને કેટલા રોગોનો જન્મ થાય છે. આ પ્રકારના રોગોને મનોદૈહિક રોગો–Psychosomatic illnesses–કહેવાય. મનને લીધે આ રીતે શરીરસ્વાસ્થ્ય કથળે છે. માનસિક અથડામણોનું જે રૂપાંતર શારીરિક વિક્રિયાદ્વારા વ્યકત થાય છે તે જાગૃત અવસ્થામાં નથી થતું. માણસને પોતાને અંદર ચાલી રહેલી આ ખેંચતાણની માહિતિ પણ નથી હોતી. સ્ત્રીઓમાં સામાન્ય રીતે જનનઅવયવો એ રીતના અંત-રાયો વ્યકત કરવાનું સાધન બને છે.

જાતીય પ્રક્રિયા આપણે ત્યાં ઘૃણાને પાત્ર ગણાઈ છે. તેને લીધે આપણી નૈસર્ગિક વૃત્તિને ખરાબ રીતે રુંધવામાં આવે છે. ઘણીવાર મનોદૈહિક વ્યાધિઓના મૂળમાં આવી જાતીય સમસ્યાઓ પડી હોય છે. માસિક સ્રાવ જેવી સ્ત્રીની એક સામાન્ય ધર્મક્રિયાને ઘણાં શિક્ષિત તથા સંસ્કારી લોકો પણ એક અપવિત્ર અને અસ્પર્શ્ય કમ ગણીને જનન-અવયવો પ્રત્યે ઘૃણા ઉત્પન્ન કરે છે.

આપણે આશા રાખીએ કે જાતીય અવયવોની ક્રિયાશીલતા પ્રત્યે અવિરોધી–અનુકૂળ–વલણ દાખવી, તે સંબંધે બુધ્ધિગમ્ય સૂચનો સાથે યોગ્ય માર્ગદર્શન કરાવવામાં આવે તો મનુષ્ય પોતાની જાતને વધુ સંતોષજનક રીતે દોરવણી આપવાને શકિતમાન થશે, તેમ જ ભય, આશંકા, પ્રતિબંધ અને તે સંબંધીના પૂર્વગ્રહો જે આપણા વર્તનને નિર્બળ બનાવવામાં કારણભૂત છે તે પણ અદૃશ્ય થશે.

(અપૂર્ણ) **ડૉ. એમ. ડી. આડતિયા**

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૩.
મુદ્રણસ્થાન: કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મરજીદ બંદર રોડ, મુંબઈ ૯. ટે. નં. ૩૪૬૨૯

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

પ્ર. જૈન વર્ષ ૧૪–પ્ર. જીવન વર્ષ ૩
અંક ૧૮

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, જાન્યુઆરી ૧૫, ૧૯૫૬, રવીવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : ત્રણ આના

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

સમન્વય આશ્રમ વિષે વિનોબાજીનું દર્શન

(આજથી લગભગ અઢી વર્ષ પહેલાં બોધગયામાં વિનોબાજીએ સમન્વય આશ્રમની સ્થાપના કરી છે. તાત્વિક ચિન્તનની ભિન્ન ભિન્ન ધારાઓ વચ્ચે સમન્વય સાધવો અને જનસમાજની વિચારણામાં સમન્વય વૃત્તિને પોષવી-ઉત્તેજવી એ આ આશ્રમનો હેતુ છે. આજથી ચાર મહીના પહેલાં વિનોબાજીએ સાઠ વર્ષ પૂરાં કર્યાં. એ તેમના જન્મ દિવસ તા. ૧૩–૯–૫૫ ના રોજ વિનોબાજીનો મુકામ ઉકંબા (કોરાપુટ, ઓરિસ્સા) માં હતો. આ સ્થળે જન્મદિનના મંગળ પ્રસંગે શ્રી જયપ્રકાશ નારાયણ, પ્રભાવતી બહેન, દાદા ધર્માધિકારી, વિમળાબહેન વગેરે નિકટના અનુયાયીઓ તેમની પાસે ગયા હતા અને એ વખતે બોધગયાના સમન્વયાશ્રમ વિષે ચર્ચા થઇ હતી. આ આશ્રમ વિષે પોતાની કલ્પના રજુ કરતાં વિનોબાજીએ એક અત્યન્ત મહત્વનું, રહસ્યપૂર્ણ અને મૌલિક વિચારણાંથી તરબતર પ્રવચન કર્યું હતું. આપણા દેશમાં અનેક પ્રકારની સાધનાઓ પુરાણકાળથી ચાલી રહી છે. આ સાધનાઓમાં વ્યાપક રીતે રહેલી ત્રણ મુખ્ય ઉણપો તરફ વિનોબાજીએ આ પ્રવચનમાં ખાસ ધ્યાન ખેંચ્યું હતું. આજના સાધકો આમાંથી ઉચિત માર્ગદર્શન પામે અને પોતાની સાધનાને તદનુરૂપ નવો સંસ્કાર આપે, અન્ય ચિન્તકો અને વિચારકો પણ આ તાત્વિક સમન્વયપ્રેરક પ્રવચનને વાંચે, વિચારે અને પચાવે એવી નમ્ર પ્રાર્થના અને અન્તરની શુભેચ્છા છે. પરમાનંદ)

બિહાર છોડતાં પહેલાં અમને લાગ્યું કે, ભૂદાનના કામમાં મદદરૂપ થાય તે માટે ત્યાં આગળ સેવાનો કંઇક પ્રબંધ થવો જોઇએ. તથા બીજો એવો પણ પ્રબંધ થવો જોઇએ કે જેથી એ કાર્યનાં મૂળતત્વોનું દર્શન થાય. પહેલી આવશ્યકતાની પૂર્તિ સર્વ સેવા સંઘે ગયામાં પોતાનું મથક બનાવ્યું તેથી થઈ છે. મૂળ વિચારોના દર્શનને માટે અમારા મનમાં સમન્વય આશ્રમની કલ્પના આવી. આમ તો ઘણા વખતથી એ વિચાર ચાલતો જ હતો, પરંતુ બિહારના કામથી એને ગતિ મળી અને ત્યાંના વાતાવરણમાં કેટલાંક એવાં તત્વો પણ જોવામાં આવ્યાં જેને કારણે એને પુષ્ટિ મળી.

હિંદુસ્તાનનો સમગ્ર જીવનવિકાસ જ સમન્વયની પધ્ધતિથી થયો છે. આ દેશની મુખ્ય શક્તિ એ જ છે. અહીં જે લોકો આવ્યા, પછી તેઓ આશ્રયને માટે આવ્યા કે આક્રમણને માટે આવ્યા, એ સૌની સારાશનો સમન્વય કરવાની કોશિશ હિંદુસ્તાને કરી છે. એને પરિણામે ભારતની સંસ્કૃતિ ઉત્તરોત્તર વિકાસ પામતી ગઈ અને ભારતની સંસ્કૃતિનું જે દર્શન વેદોમાં થાય છે, તેનું વિકસિત દર્શન આધુનિક કાળમાં થાય છે. વેદોમાં જે બીજરૂપે હતું એનું ફળ આજનો ભારત ધર્મ છે. વૈદિક ધર્મની તુલનામાં એ ઘણો જ પરિપુષ્ટ છે, ઉપનિષદોની તુલનામાં પણ પરિપુષ્ટ છે. ધર્મનો ઉત્તરોત્તર વિકાસ થતો ગયો છે. પુરાણો ગ્રંથો આજે પણ આપણને ધીરજ આપે છે, કારણ કે તેમાં મૂળ તત્વો પડયાં છે. પરંતુ આજનો ભારતીય વિચાર પુરાણા વિચારની તુલનામાં વધારે વિકસિત છે. આ દેશનો આજનો સ્થિતપ્રજ્ઞ પુરાણા જમાનાના સ્થિતપ્રજ્ઞ કરતાં આગળ વધેલો છે. એ બધું સમન્વયને કારણે થયું છે. દરેકની સારી વસ્તુઓ આપણે ગ્રહણ કરી અને બૂરાઈઓને આપણે છોડતા ગયા. એ પ્રક્રિયા આજે પણ ચાલુ રહેવી જોઇએ.

અહીં મુસલમાન, ખ્રિસ્તી, પારસી, યહૂદી, બૌદ્ધ, જૈન સૌની સંસ્કૃતિઓને કારણે અહીંની સંસ્કૃતિ પૂર્ણ થઈ અને ભારતમાં એનું એક રૂપ બન્યું. ભારતના ઇસ્લામનું રૂપ દુનિયાના ઇસ્લામથી કંઇક ભિન્ન છે. ભારતનો ખ્રિસ્તી ધર્મ પણ દુનિયાના ખ્રિસ્તી ધર્મ કરતાં કેટલીયે બાબતોમાં ભિન્ન છે. મેં ગયે વરસે પચ્ચીસમી ડિસેમ્બરના વ્યાખ્યાનમાં કહ્યું હતું કે, અહીંના ખ્રિસ્તી ધર્મમાં કેટલીક વિશેષતાઓ દાખલ થઈ છે અને થઈ રહી છે. બ્રહ્મવિદ્યાનો આધાર અને જીવમાત્રને માટે અહિંસાનો વિચાર એ બંને વાતો એમાં દાખલ થઇ છે. આ રીતે સમન્વયની પ્રક્રિયા હિંદમાં ચાલુ રહી છે. અમે વિચારી રહ્યા હતા કે આ પ્રક્રિયાના અધ્યયનના પ્રત્યક્ષ દર્શનને માટે કોઈક સ્થાન હોવું જોઇએ અને ત્યાં સાધકો રહે, જેઓ પુરાણી સાધનાઓની ઊણપો દૂર કરે. બોધગયા એક એવું સ્થાન છે જ્યાં આગળ દુનિયાભરના લોકો આવે છે. એટલે આપણે બીજાઓની ભલાઈ ગ્રહણ કરી શકીએ અને આપણી ભલાઈ તેમની પાસે પહોંચાડી શકીએ છીએ. હમણાં સુરેન્દ્રજીએ ત્યાંથી લખ્યું છે કે, ત્યાં આગળ બહારથી જે સાધુઓ આવે છે તેમને ઉચ્ચ સ્થાને બેસાડીને તેઓ તેમની વાતો સાંભળે છે અને કેટલીક સારી ચર્ચા થાય છે. એ સાંભળીને અમને આનંદ થયો. એ સ્થાનમાં સર્વોદયના જીવનનું દર્શન થાય એમ અમે ઇચ્છીએ છીએ. એનું રૂપ ભલે નાનું હોય પણ આપણે વધુમાં વધુ શુદ્ધ સ્વરૂપ પ્રગટ કરવાની કોશિશ કરવી જોઇએ.

પહેલો સુધારો અમે ધ્યાનમાર્ગમાં કરવા ઇચ્છીએ છીએ. હિંદુસ્તાનનો ધ્યાનમાર્ગ ઘણો જ વિકાસ પામ્યો છે. એની બરાબરી કદાચ સુરી લોકો કરી શકતા હશે. પણ એ સિવાય બીજા કોઈ ન કરી શકે. અમને ખબર છે તેને આધારે અમે આ કહીએ છીએ. અહીંના ધ્યાનમાર્ગમાં ધ્યાનનો કર્મની સાથે વિરોધ માનવામાં આવ્યો. ધ્યાનયોગી ઘણુંખરું કર્મયોગ કરી શકતા નહોતા, કારણ કે, એથી ધ્યાનમાં બાધા આવે છે, એવું ધારવામાં આવતું હતું. બીજા કર્મયોગીઓની મદદ તેમને મળતી હતી અને બંને એકબીજાના પૂરક હતા. કર્મયોગીઓ માનતા હતા. કે અમે તો ધ્યાન ન કરી શકીએ, પણ એ લોકો કરે છે તો એમનું પોષણ કરવાનું તથા રક્ષણ કરવાનું અમારું કામ છે. ધ્યાનયોગીઓ સમજતા હતા કે, અમે એવી સેવા કરીએ છીએ જે બીજાઓ ન કરી શકે. કર્મયોગ ધ્યાનમાં બાધા નાખે છે એ વિચાર ચાલ્યો આવ્યો છે એમાં કંઇક ઊણપ છે અને એમાં સુધારો થવો જોઇએ એમ અમને લાગ્યું. કર્મ છોડવાથી જે રીતે સમાધિ પ્રાપ્ત થતી હતી એવી કર્મ કરતાં કરતાં પણ પ્રાપ્ત થવી જોઇએ. એનો અમે કંઇક અનુભવ કર્યો છે. આજ સુધી ધ્યાનને માટે એક સ્થાને બેસવું અને ઘણીખરી ક્રિયાઓ ત્યાગ કરવી એ જરૂરી મનાતું હતું. પ્રાથમિક અવસ્થામાં એની થોડી જરૂર હોય એમ બને, પણ ધ્યાનપ્રક્રિયાનો ઉત્કર્ષ એનાથી નથી થતો. અખંડ ક્રિયા ચાલી રહી હોય પણ એનું ક્રિયાપણું માલૂમ ન પડે ત્યારે ઉત્કર્ષ થાય છે. જેમ કે, આપણો શ્વાસોચ્છ્વાસ ચાલે છે તો એ ક્રિયાથી આપણને કશી બાધા માલૂમ પડતી નથી. બલ્કે, તે જો સમત્વયુક્ત ચાલતી હોય તો એથી મદદ પણ મળે છે. એ જ રીતે શરીરપરિશ્રમાત્મક શોષણરહિત ઉત્પાદક ક્રિયા ધ્યાનની સાથે સાથે ચાલી શકે છે. એથી ધ્યાનમાં કશી ખલેલ પડવાને કશું કારણ નથી. અમને લાગ્યું કે એ દિશામાં ધ્યાનની કોશિશ થવી જોઇએ. તો અત્યાર સુધી જે ધ્યાનયોગ ચાલ્યો તેની એનાથી પૂર્તિ થશે.

બીજો વિચાર એ છે કે, અખંડ પરિવ્રાજક વર્ગ વિના સમાજમાં જ્ઞાન વહેતું રહેવાનો સંભવ નથી અને સાધકની આસક્તિ પણ એના વિના સર્વથા નાબુદ નહીં થાય. એથી કરીને સમાજકલ્યાણની યોજનામાં પરિવ્રજ્યા અનિવાર્ય દેખાય છે. જૈન, બૌદ્ધ, શંકર, રામાનુજ વગેરે સંપ્રદાયવાળાઓએ પરિવ્રાજક વર્ગ ઊભો કરવાના જે પ્રયોગ કર્યા તે ઘણા જ મહત્ત્વના છે. કારણ કે, સદીઓ સુધી એ પ્રયોગો ચાલ્યા, તેમને વેગ મળતો ગયો અને તેમનો પ્રભાવ જનતા પર, રાજસત્તા પર, સાહિત્ય અને કલા પર—જીવનના દરેક ક્ષેત્ર પર વર્ષો સુધી રહ્યો છે. ભારતની સમૃદ્ધિનું ઘણું જ મોટું શ્રેય એમને જ આભારી છે. પરંતુ એ પ્રયોગોમાં કેટલીક ઊણપો હતી. પહેલી ઊણપ એ હતી કે તેઓ પરિશ્રમનિષ્ઠ નહોતા. આમ તેઓ ચંક્રમણ તો કરતા હતા, આળસુ નહોતા રહેતા. તેઓ અહીં સુધી કહેતા હતા કે ભગવાને રાત ધ્યાનને માટે આપી છે અને દિવસ જ્ઞાનપ્રચારને માટે આપ્યો છે. એટલે કે આરામને માટે બિલકુલ વખત આપ્યો જ નથી. આમ છતાં માણસ જ્યાં સુધી ખાય છે ત્યાં સુધી તેણે ઉત્પાદક પરિશ્રમમાં ભાગ લેવો જોઇએ, પછી તે ભલે પ્રતીકના રૂપમાં હોય. પ્રાચીન પરિવ્રાજક પણ ભોજનને યજ્ઞસ્વરૂપ જ સમજતા હતા. આમ છતાં જે ખાય છે તેમણે ઉત્પાદક બાહ્યક્રિયામાં ભાગ લેવો જોઇએ એ વાત એમાં નહોતી. એ ઊણપ અમે દૂર કરવા માગીએ છીએ. તેઓ ભિક્ષા પર નિર્ભર રહેતા હતા. અમે પણ ભિક્ષા પર જ રહીએ છીએ અને ભિક્ષાથી જ અમારો નિર્વાહ ચાલશે એ અમે જાણીએ છીએ. અમે ભિક્ષાને પવિત્ર માનીએ છીએ. એ લોકો ભિક્ષાની સાથે સાથે સેવા પણ કરતા હતા, એથી કરીને તેમને તો ભિક્ષા માગવાનો હક્ક હતો. તેઓ તો મહાન હતા. પરંતુ ભિક્ષાની સાથે સાથે ઉત્પાદક શરીર પરિશ્રમની નિષ્ઠાને એક યમ તરીકે—માત્ર નિયમ તરીકે નહિ—માનવી જોઇએ. જેમ સત્ય અને અહિંસા પ્રથમ દરજ્જાની વસ્તુઓ છે તે જ પ્રમાણે ઉત્પાદક પરિશ્રમમાં નિષ્ઠા પણ હોવી જોઇએ. એ દૃષ્ટિથી અમે એને અમારી પરિવ્રજ્યામાં દાખલ કરવા માગીએ છીએ. અમે માનીએ છીએ કે ઉત્પાદક શ્રમ બ્રહ્મકર્મ છે અને તે સર્વેષામવિરોધેન થાય છે. આપણાથી જે કંઈ શોષણ છે તેમાંથી મુક્તિ આ બ્રહ્મકર્મ દ્વારા મળે છે.

અમે જે ત્રીજી વાત કહેવા માગીએ છીએ તે નવી નથી. પહેલી બે વાતો તો અમને અમારા ચિંતનથી મળી છે. પણ આ વાત વિજ્ઞાનના યુગે પેદા કરી છે. એનું શ્રેય જો કોઇને આપવું હોય તો તે ગાંધીજીને આપવું જોઇએ. એ વાત એ છે કે, સાધના સામૂહિક રીતે થવી જોઇએ. એટલે, પંદરવીસ માણસોએ એકઠા થઇને સાધના કરવી જોઇએ એટલો જ એનો અર્થ નથી. પણ એનો અર્થ એ છે કે, સમૂહજીવન જ જીવન છે. વ્યક્તિનું જીવન જેટલા અર્થમાં સમાજનો ભાગ છે એટલા અર્થમાં જ એ જીવન છે એમ માનવામાં આવશે. સમાજથી અલગ જીવન સંભવી જ નથી શકતું. સારી હાલતમાં સમાજથી અલગ જીવનનો અર્થ મુક્તિ થશે અને ખરાબ હાલતમાં એનો અર્થ મૃત્યુ થશે. પણ જે સમાજથી અલગ છે, એમાં જીવન નથી. જીવન તો સામાજિક જ છે. આપણું શરીર પણ એક સમાજ છે. એટલા માટે એમાં જીવન છે. એમાંથી નાક, કાન, આંખો વગેરે વસ્તુઓને અલગ કરવામાં આવે તો એમાં જીવન નહીં રહે. એટલા માટે આપણો દરેક સદ્‌ગુણ સમાજિક હોવો જોઇએ. સમાજ જ જીવન છે અને આપણે એમાં જેટલા પ્રમાણમાં ભાગ લઇએ છીએ એટલા પ્રમાણમાં આપણને જીવનનો અનુભવ થાય છે. એટલા માટે આપણો દરેક સદ્‌ગુણ સામાજિક હોવો જોઇએ. હવે વૈરાગ્યની વાત લો. એ ઉચિત છે કે અનુચિત છે, કેટલી માત્રામાં ઉચિત છે અને કેટલી માત્રામાં અનુચિત છે એ ચારે પ્રશ્નોના ઉત્તર આખા સમાજને માટે વિચારીને આપવામાં આવશે. સમાજને માટે શું જરૂરી છે, એ વિચારવામાં આવશે. સમાજને માટે જેટલી માત્રામાં એ જરૂરી હોય એથી વધુ માત્રામાં કોઇનામાં જો વૈરાગ્ય હોય તો કાં તો તે એકાંગી વિશેષજ્ઞ છે અથવા તેનામાં વિકૃતિ છે. આ રીતે બધા ગુણોની બાબતમાં સામૂહિક દૃષ્ટિથી વિચારવું જોઇશે અને આપણી સમગ્ર સાધના સામાજિક હોવી જોઇએ. એ ત્રણ વાતો આપણી આજ સુધીની સંસ્કૃતિમાં પ્રગટ થવી જોઇએ. હવે એને માટે આપણે જે કામ કરવાં જોઇશે તેની અનેક શાખાઓ છે.

અમે સમગ્ર આશ્રમને માટે બોધગયાનું ક્ષેત્ર પસંદ કર્યું તેમાં એક દૃષ્ટિ રહેલી છે. ત્યાં આગળ પાંચ છ પ્રકારનાં કામ થાય એમ અમે ઇચ્છીએ છીએ: (૧) બોધગયાની આસપાસના ક્ષેત્રમાં જ ચોરી થાય તો આપણે અસફળ છીએ એમ કહેવું પડશે. આપણા સમાજની જે ઊણપો છે તે આસપાસના ક્ષેત્રમાંથી નીકળી જવી જોઇએ. આપણે આપણું ક્ષેત્ર બહુ મોટું ન માનીએ, નાનું જ માનીએ. દીવો નાનો જ હોય તો નાના ક્ષેત્રમાં અંધકાર મટી જાય છે, પણ દીવા પાસેથી એવી અપેક્ષા રાખવામાં આવે છે કે, એની આસપાસ અંધકાર ન રહે. એ જ રીતે આપણી આસપાસના લોકોની સેવા ગુણવિકાસના ખ્યાલથી આપણે કરવી જોઇએ. (૨) ત્યાં આગળ જે સાધકો રહેશે તેઓ અતિરિક્ત નહીં, સમત્વયુક્ત હોય, પણ પોતાનું જીવન શરીરપરિશ્રમ પર નિર્ભર રાખે. દાનમાં જે પૈસા મળશે તેનો ઉપયોગ સાધકોના જીવન માટે ન થવો જોઇએ. તેમનું જીવન ઉત્પાદક પરિશ્રમથી જ ચાલે અને કોઇની પાસેથી દાન લેવું હોય તો તે પરિશ્રમનું જ લેવું જોઇએ. ત્યાં આગળ જે મકાન વગેરે બનાવવાં છે તેને માટે અમે ઉત્પાદક પરિશ્રમના જ દાનનો આગ્રહ નથી રાખતા, કારણ કે, અમે જાણીએ છીએ કે, અમે આદર્શ પરિસ્થિતિમાં કામ કરી રહ્યા નથી. (૩) આપણી સંસ્કૃતિની એક ઊણપ છે—એ આધુનિક સંસ્કૃતિની ઊણપ છે, પ્રાચીન સંસ્કૃતિની નહીં—કે, આપણને જો કે વ્યક્તિગત સ્વચ્છતાનું કંઇક ભાન છે તો પણ સામૂહિક સ્વચ્છતાનું ભાન ઓછું છે. એથી કરીને, બોધગયાનું ક્ષેત્ર અત્યંત સ્વચ્છ—નિર્મળ રહે એમ અમે ઇચ્છીએ છીએ. એ કામ થશે તો બહારથી જે લોકો આવશે તેમને ત્યાં આગળ સ્વચ્છતાનું દર્શન થશે. તેમની યાત્રા સફળ થશે, આપણાથી તેમની થોડી સેવા થશે અને આપણી સમગ્ર દૃષ્ટિ સાક્ષાત્ તેમના અનુભવમાં આવશે. શરીરપરિશ્રમની પેઠે શરીરસ્વચ્છતાને પણ આપણે નિત્ય યજ્ઞ માનવો જોઇએ. (૪) ત્યાં આગળ પરદેશના લોકો આવે ત્યારે તેમની સાથે વિચારની આપલે થવી જોઇએ, થોડો સત્સંગ થવો જોઇએ. એની સાથે આતિથ્ય પણ થવું જોઇએ. એમાં આપણે બીમારોની સેવા ઉમેરી શકીએ છીએ. (૫) બિહારમાં જે કાર્યકર્તાઓ છે તેમને માટે બોધગયા એક વિરામસ્થાન બને એમ અમે ઇચ્છીએ છીએ. ત્યાં આવીને તેમને કંઇક વિરક્તિ પ્રાપ્ત થાય, મનને માટે કંઇક શાંતિ મળે. આમ તેઓ એક બે કલાક પરિશ્રમ કરી લેશે, પણ એ સ્થાનનો ઉપયોગ તેમણે માનસિક શાન્તિ મેળવવામાં કરવો જોઇએ.

મેં સર્વ સેવા સંઘવાળાઓને એ પણ કહ્યું છે કે, સમન્વય આશ્રમમાં સર્વોદયનું એક નિત્ય પ્રદર્શન હોય, જેમાં કાંતણ, વણાટ, ગ્રામોદ્યોગ વગેરેનું કંઇક દર્શન મળી શકે. **વિનોબા**

सत्यं शिवं सुन्दरम्

શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાનો લેખસંગ્રહ

કાકાસાહેબ કાલેલકર અને પંડિત સુખલાલજીના પ્રવેશકો સાથે

કીંમત રૂા. ૩, પોસ્ટેજ ૦।૮

મુંબઇ જૈન યુવક સંઘના સભ્યો તથા પ્રબુદ્ધ જીવનના ગ્રાહકો માટે

કીંમત રૂા. ૨, પોસ્ટેજ ૦।૮

પ્રબુદ્ધ જૈન તથા પ્રબુદ્ધ જીવનની ફાઇલો

કીંમત રૂા. ૬, પોસ્ટેજ ૦।૯

ઋષભદેવ-ચરિત્ર ચિત્રાવલિ અંક

કીંમત રૂા. ૦।૯, પોસ્ટેજ ૦।૦

પ્રાપ્તિસ્થાન:

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩

બાલદીક્ષાની કાનુની અટકાયત શા માટે ?

જૈન સમાજના જે વિભાગ વચ્ચે હું ઉછર્યો છું અને જે વિભાગ સાથે પ્રમાણમાં વધારે ગાઢપણે સંકળાયલો છું તે સમાજના ઘણા મોટા ભાગને શ્રી પ્રભુદાસ બાલુભાઈ પટવારીના બાલસંન્યાસ-દીક્ષા પ્રતિબંધક બીલનો ઉગ્રપણે વિરોધ કરતો હું જોઇ રહ્યો છું. છાપાઓમાં આ અભિપ્રાયનાં અનેક લખાણો અને નિવેદનો પ્રગટ થઇ રહેલા હું વાંચી રહ્યો છું. મંદિરે અને ઉપાશ્રયે બીલવિરોધી પ્રચાર હું નિહાળી રહ્યો છું. આવો સામુદાયિક વિરોધ જોતાં આ પ્રશ્ન ઉપરના મારા વિચારોમાં રખેને હું ભૂલ કરતો તો નથીને એમ હું મારી જાતને ફરી ફરીને પૂછી રહ્યો છું અને અંદરથી મને એક જ જવાબ મળે છે કે પ્રસ્તુત પ્રશ્ન પરત્વે મેં જે વલણ સ્વીકાર્યું છે કે બાલદીક્ષા એક સામાજિક અનિષ્ટ છે અને તેની શક્ય હોય તો કાયદાથી અટકાયત થવી જોઇએ– આ વલણ જ સાચું અને સમાજના શ્રેયમાં છે, અને આ અભિપ્રાય આજે નહિ તો સમયાન્તરે પણ બાલદીક્ષા સાથે નિકટ સંબંધ ધરાવતા જૈન સમાજે સ્વીકાર્યે જ છૂટકો છે. મારી આ વિચારપ્રતીતિને જરા વિસ્તારથી રજુ કરવાની આજના સંયોગોમાં મને જરૂર લાગે છે.

મંદિરસંસ્થા તથા સાધુસંસ્થા

મંદિરસંસ્થા તેમ જ સાધુસંસ્થા જૈન સમાજથી પોષાયલાં અને કંઇ કાળથી નિર્માયલાં બે અગત્યનાં અંગ છે. જૈન સંપ્રદાયનું અસ્તિત્વ ટકાવી રાખવામાં, એટલું જ નહિ પણ તેનો પ્રચાર કરવામાં આ બન્ને સંસ્થાઓએ ઘણો મોટો ફાળો આપ્યો છે અને એ દૃષ્ટિએ આજે પણ તેની ઉપયોગીતાનો ઇનકાર થઇ શકે તેમ નથી.

મંદિરો અને મૂર્તિપૂજનો અતિરેક

આ દૃષ્ટિએ પૂર્વાચાર્યોએ મંદિરની મહત્તા ઉપર ખૂબ ભાર મૂકવા માંડેલો અને બને તેટલાં મંદિરો બંધાવો અને બને તેટલી મૂર્તિઓ નિર્માણ કરો–આમાં જ ધર્મનું સર્વસ્વ સમાયલું છે અને આ ભવ–પરભવના ઉધ્ધારનું આ જ માત્ર એક સાધન છે–આવો તેમના તરફથી સતત ઉપદેશ થતો રહ્યો અને જૈનો એ ઉપદેશને ઝીલતા રહ્યા. પરિણામ એ આવ્યું કે અનેક સ્થળોએ જરૂર હોય તેથી ઘણાં વધારે મંદિરો ઉભા કરવામાં આવ્યાં, પારવિનાની મૂર્તિઓ પેદા કરવામાં આવી, અને દાનનો સમગ્ર પ્રવાહ લગભગ એ બાજુએ વહેતો થયો, જેથી સમાજની અન્ય જરૂરિયાતોની સર્વ પ્રકારે ઉપેક્ષા થઇ બેઠી. પરિણામે મંદિર અને મૂર્તિપૂજાની અતિશયતા સામે અને અન્ય સામાજિક જરૂરિયાતો પ્રત્યે સમાજની ઉદાસીનતા સામે આજના વિચારકો અને સુધારકોને બંડ ઉઠાવવું પડયું અને દાનની દિશા બદલો એવો ચોતરફ પોકાર શરૂ થયો.

સાધુઓની ગુણવત્તા નહિ, પણ સંખ્યાવૃદ્ધિ ઉપર મૂકાયલો વધારે ભાર

આવી જ સ્થિતિ આજની સાધુસંસ્થાની છે. સંપૂર્ણ યોગ્યતા ધરાવતી વ્યક્તિ જ્ઞાનપૂર્વકના ઉંડા વૈરાગ્યથી પ્રેરિત બનીને આત્મસાધના તેમ જ લોકઉપકાર માટે સંસારનો ત્યાગ કરે એ સામે કોઇનો પણ વાંધો હોઈ ન જ શકે. પણ કમનસીબે મંદિરસંસ્થામાં જેમ જરૂરિયાતનું કોઇ ધોરણ ન રહ્યું તેમ આ વિષયમાં લાયકાતનું અને ઉમ્મરનું કોઇ ચોક્કસ ધોરણ નિર્માણ થયું જ નહિ અને જેમ સાધુસંખ્યા વધારે એમ ધર્મનો અને સમાજનો ઉધોત વધારે એ માન્યતાની પકડ જૈન સમાજના માનસને જકડતી ગઇ. પરિણામે જે કોઇ સંસારમાંથી બાળો ઝાળો દીક્ષા લેવા આવ્યો તેને બને તેટલી જલ્દિથી દીક્ષા આપવાની પ્રથા શરૂ થઇ એટલું જ નહિ પણ સરળ દિલનાં બાળકોને પણ દીક્ષા તરફ આકર્ષવાના પ્રયત્નો શરૂ થયા. ગુણવત્તા કરતાં સંખ્યાવૃદ્ધિને વધારે મહત્વ અપાવા લાગ્યું. દીક્ષાર્થીની પાત્રતા–અપાત્રતાનો વિચાર ગૌણ બન્યો. ઉમ્મર, જ્ઞાન, વૈરાગ્ય, પૂર્વતાલીમ–દીક્ષાર્થી સંબંધમાં આવા કશા ધોરણની જરૂર નથી એમ સ્વીકારી લેવામાં આવ્યું. દીક્ષા લેવાનો આવેશ મોટા ભાગે ક્ષણજીવી હોય છે એ અનુભવ ઉપરથી નાનાં મોટાં, સ્ત્રી પુરૂષ, ભણેલાં અભણ, ચારિત્र્યશીલ કે ચારિત્र્યહીન, જે આવ્યું તેને વિના વિલંબે દીક્ષિત બનાવીને સાધુસંખ્યામાં કેમ ભરતી કરતા રહેવું એ જ લક્ષ્ય ધર્માચાર્યોનું અને ધર્મના ટેકેદાર શ્રાવકોનું બની બેઠું. એ જ હેતુથી મોટી ઉમ્મરના લોકો કરતાં બાળકોને દીક્ષા તરફ ખેંચવા સહેલા હોઇને તેમને ફોસલાવવાના, લોભાવવાના, ભગાડવાના અને માબાપથી છુપી રીતે દીક્ષા આપવાના કીસ્સાઓની પરંપરા ચાલતી રહી. માબાપોને દબડાવવાના અને બીજી રીતે ન માને તો રૂપીયાની થેલીથી તેમનું મોઢું બાંધી લેવાના પ્રયત્નો પણ વહેતા રહ્યા. આ છળકપટ અને છેતરપીંડી સામે આજથી ૨૫–૩૦ વર્ષ પહેલાં ઘણું ઉગ્ર આંદોલન જૈન સમાજમાં ઉભું થયું હતું, જેના પરિણામે બાળકોને ભગાડવાના નસાડવાના કીસ્સાઓ હાલ વિરલ બનતા સંભળાય છે, પણ નાનાં બાળકોને તેમની નિર્દોષતા અને કાચી સમજનો લાભ ઉઠાવીને દીક્ષા આપી દેવાની પ્રથા તો આજે પણ જૈન સમાજમાં પૂર્વવત્ ચાલુ જ છે.

જૈન દીક્ષા એટલે શું ?

અને આ જૈન દીક્ષા એટલે શું ? અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ–આ પાંચ મહાવ્રતનું સંપૂર્ણપણે આમરણાન્ત પાલન કરવાની પ્રતિજ્ઞા લેવી એનું નામ જૈન દીક્ષા. આ પ્રતિજ્ઞાપાલન એટલું બધું કઠિન છે કે કોઇ ગૃહસ્થ ગમે એટલો પ્રયત્ન કરે તો પણ સાધુને જે પાળવાનું છે તેની સરખામણીએ માંડ માંડ વીશમાં ભાગનું તે પાળી શકે એમ માનવામાં આવે છે. આ પાંચ મહાવ્રતના અણીશુધ્ધ પાલનની વ્રતગ્રહણના પ્રારંભથી ક્ષમતા ધરાવતી વ્યક્તિ જ જૈન દીક્ષાની અધિકારી ગણાય છે. સ્વાભાવિક રીતે આવી ક્ષમતા માટે જૈન ધર્મ વિષે સારૂં જ્ઞાન અને શ્રધ્ધા, વ્રતો વિષેની ઊંડી સમજણ, ખડતલ શરીર, અને સ્થાયી વૈરાગ્ય (સ્મશાન વૈરાગ્ય નહિ) આવી પૂર્વતૈયારી જરૂરી લેખાવી જોઇએ. જૈન દીક્ષામાં વ્રતપાલનની હળવી ભારે કોઇ કક્ષાઓ નથી, કે જેના પરિણામે જેમ જેમ દીક્ષિતની ક્ષમતા વધતી જાય તેમ તેમ તે વધારે ઉંચી અને વધારે કઠણ કક્ષામાં દાખલ થતો જાય. વળી બૌધ્ધ સંપ્રદાય માફક જૈન સંપ્રદાયમાં મુદતી દીક્ષાનો કોઇ પ્રબંધ નથી કે જેથી ચોક્કસ મુદત પુરી થયે દીક્ષિત માનભેર સંસારી સમાજમાં પુનઃ દાખલ થઇ શકે અને સરળપણે ગૃહસ્થાશ્રમ માંડી શકે. જે દીક્ષાનો આટલો ગંભીર અર્થ છે અને જેનું યથાર્થ પાલન સામાન્ય માનવી માટે આટલું મુશ્કેલ છે તેવી દીક્ષાની વરમાળ કોઇ અબુઝ બાળકના ગળામાં પહેરાવવામાં આવે છે ત્યારે તેની નિર્દોષતા, અણસમજ અને પરવશતાનો કેવળ લાભ લેવામાં આવે છે એમ કહેવામાં લેશમાત્ર અત્યુક્તિ થતી નથી એ દરેક સમજુ માણસે કબુલ કરવું જ રહ્યું.

બાલદીક્ષિત મોટો થાય છે ત્યારે—

કાચી ઉમ્મરનાં બાળકોને આવી દીક્ષા અપાતી અટકાવવી એ પટવારી બીલનો હેતુ છે. કોઇ બાળક ગમે તેટલો બુધ્ધિશાળી હોય તો પણ ઉપર વર્ણવી તેવી દીક્ષાના મર્મને બરોબર સમજે છે એમ કહેવું તે કેવળ મિથ્યાવાદ છે. આથી બાળકને બળાત્કારથી દીક્ષા અપાય છે એમ કહેવાનો આશય નથી. પણ બાળક કેવળ ભાવાવેશ પ્રેરિત પ્રાણી છે, તેને દુનિયાની કશી ખબર હોતી નથી, વાસ્તવિકતા તેને બહુ જ ઓછી સ્પર્શેલી હોય છે, આસપાસના વાતાવરણમાં તે જે કાંઇ જુએ છે, અનુભવે છે તે તરફ તે ખેંચાય છે. આ ખેંચાણો બહુધા ક્ષણજીવી હોય છે, અને સમય સમયે બદલાતા રહે છે. કોઇ ક્ષણે દીક્ષા તરફ એ બાળકનું ખેંચાણ થતાં તે ક્ષણનો–તત્કાલીન ભાવાવેશનો–લાભ ઉઠાવીને તેને દીક્ષા આપી દેવામાં આવે છે. પછી તે એક પ્રકારના ચોગઠામાં પુરાય છે અને તેને નિયત કરેલો ઘાટ આપવાના પ્રયત્નો શરૂ થાય છે. ઉમ્મર વધતાં,

ઉપાશ્રયની બારીમાંથી નજર નાંખતાં તેને વિશાળ દુનિયાનું, તેની વિવિધરંગી પ્રવૃત્તિઓનું, તેમાં ચાલી રહેલા અનેકવિધ પુરુષાર્થનું, માનવી જીવનની અનેક શકયતાઓનું તેમજ ભોગઉપભોગનું પણ દર્શન થાય છે. તેનું મન તે પાછળ દોડે છે, તેનામાં પણ મહત્વાકાંક્ષાઓ જાગે છે, અને ભોગ વિલાસના તરંગો ઉઠે છે, પણ જેલમાં પૂરાયલો કેદી મનમાં પરણે અને મનમાં રાંડે–લગભગ આવી મનોદશામાંથી તે પસાર થતો હોય છે. તેની આસપાસ ઉભા કરાયલા પાંજરામાંથી પોતાથી છૂટી શકાય તેમ નથી એ વાસ્તવિકતાનું ચાલુ ભાન તેને મને કમને આસપાસની પરિસ્થિતિ સાથે એકરૂપ થવા પ્રેરે છે અને સમયાન્તરે ઘણું ખરૂં તે એકરૂપ બની જાય છે. ઉપાશ્રયમાં ગમે તેવું સંયમનું વાતાવરણ હોય તો પણ દરેક બાલદીક્ષિતને પરિપકવ ઉમ્મરે આ મંથનમાંથી પસાર થવું જ પડે છે, કારણ કે માનવી-મનના ધર્મોથી કદિ કોઈ મુકત થઇ શકતું જ નથી.

બાલદીક્ષા બાલસંરક્ષણની દૃષ્ટિએ

બાળકને આવી રીતે અતિ વિકટ એવા દીક્ષાવ્રતથી આખી જીંદગી માટે બાંધી દેવો અને ભાવી જીવનની બીજી અનેક શકયતાઓને પાયામાંથી રૂંધી દેવી એ, આજે કે જ્યારે બાળક સંરક્ષણનો અનેક દૃષ્ટિથી ગંભીરપણે વિચાર કરવામાં આવે છે અને તેને લગતા કાયદાઓ કરવામાં આવે છે ત્યારે, કેવળ અક્ષમ્ય લેખાવું જોઇએ. જૈનોને અનુકુળ બનાવવાની દૃષ્ટિએ પટવારી બીલમાં ૧૮ વર્ષની વયમર્યાદા મૂકવામાં આવી છે, પણ ખરી રીતે ૨૧ વર્ષ પૂરાં થયા પહેલાં કોઇ પણ વ્યકિતને દીક્ષા આપવી તે અનુચિત અને અક્ષમ્ય લેખાવું જોઇએ એવો મારો અભિપ્રાય છે.

જાતીય વૃત્તિના અકુદરતી દમનના માઠાં પરિણામ

આહાર, નિદ્રા, ભય, અને મૈથુન એ ચાર માનવીની સાહજિક વૃત્તિઓ છે. આમાંથી આહાર, નિદ્રા અને ભય તો બાળક જન્મ સાથે અનુભવે છે. મૈથુન વૃત્તિનો ઉદય બાર પંદર વર્ષ બાદ શરૂ થાય છે અને તેનું પ્રાબલ્ય ઉત્તરોત્તર વધતું જાય છે. આ પ્રાબલ્યનું જ્યારે બાળકને લેશ માત્ર ભાન હોતું નથી તેવા વખતે એને આ દીક્ષા દ્વારા આજીવન બ્રહ્મચર્યની બાધા આપવામાં આવે છે. આ પધ્ધતિ પાછળ બાળકના અજ્ઞાનનો – અણવિકસિત માનસનો–લાભ ઉઠાવવા સિવાય બીજો કયો હેતુ રહેલો છે ? આવું બાળક મોટું થાય, તેનાં ચિ-તમાં કામવાસનાનો ઉન્માદ શરૂ થાય, તેનું તેને સતત દમન કરવું પડે, છતાં કદિ કદિ દમન અશકયવત્ થઇ પડે અને તૃપ્તિના અકુદરતી માર્ગો શોધવા પાછળ મન દોડે–આ બધાનું પરિણામ મોટા ભાગે તેને વિકૃત–અસ્વાભાવિક પ્રકૃતિનો–abnormal–માનવી બનાવવામાં આવે છે.

બાલદીક્ષા અને આધુનિક માનસવિજ્ઞાન

આધુનિક માનસવિજ્ઞાને આ દિશાએ ઘણું સંશોધન કર્યું છે અને અકુદરતી દમનનાં કેવાં માઠાં પરિણામ આવે છે, બહારથી દમિત વૃત્તિઓ મનના ભૂગર્ભમાં કેવું ભયંકર નુકશાન કરે છે, પરિણામે તે કેવાં વિકૃત વળણનો ભોગ બને છે, અને તેનું જીવનદર્શન સામાન્ય સ્વાભાવિક માનવીની અપેક્ષાએ કેટલું એકાંગી અને વાસ્તવિકતા સાથે કશા પણ સંવાદ વિનાનું બને છે તે ઉપર આજે ઘણો નવો પ્રકાશ પાડયો છે. ભૂતકાળમાં આ વિષે ભારે અજ્ઞાન પ્રવર્તતું હતું અને બાળકને જેવા માળખામાં નાંખો તેવું તે બને–જાણે કે બાળક એ કોઈ જડ પુદ્ગલનો સમુચ્ચય અથવા માટીનો પિંડ ન હોય–આવી અવૈજ્ઞાનિક દૃષ્ટિપૂર્વક બાલદીક્ષાનો વિચાર કરવામાં આવતો હતો. પણ આજે તો માનસવિજ્ઞાનના સંશોધનોએ આપણને બાળક વિષે વિચાર કરવાની દિશાએ નવી દૃષ્ટિ આપી છે. તેની આપણાથી ઉપેક્ષા થઇ ન જ શકે.

દીક્ષિતના પુનઃ સંસારપ્રવેશમાં રહેલી પારવિનાની મુશ્કેલીઓ

આ દીક્ષાવ્રત બાલદીક્ષિતને જીંદગી સુધી જકડી રાખે છે એ વિધાન સામે એમ કહેવામાં આવે છે કે કોઈ પણ દીક્ષિત સાધુને તેની ઇચ્છા વિરૂધ્ધ ઉપાશ્રયમાં પુરી રાખવામાં આવતો નથી તેને ન ફાવે તો તે ખુશીથી સંસારમાં પાછો જઈ શકે છે. આવો જવાબ વાસ્તવિક પરિસ્થિતિથી અજાણ લોકોને છેતરી શકે. વસ્તુતઃ જૈન દીક્ષા એ જીંદગીના છેડા સુધી પાળવાની પ્રતિજ્ઞા છે. આવી દીક્ષા છોડનાર વ્રતભંગના કારણે પોતાના સમાજમાં બેઆબરૂ બને છે. વળી બાલ-દીક્ષિતને વ્યવહાર દુનિયાનું કશું ભાન કે શિક્ષણ હોતું નથી. તેથી દીક્ષા છોડીને કરવું શું અને ઉદર કેમ ભરવું એ સવાલ તેને ભારે મૂંઝવે છે. સંસારત્યાગ કરવા સાથે કૌટુંબિક મીલ્કતના સર્વ હકો તેણે ગુમાવેલા હોય છે તેથી સંસારમાં પગ માંડવા માટે તેની પાસે કશું આર્થિક સાધન હોતું નથી. તેનાં સગાવહાલાં પણ તેને અપનાવવાને સાધારણ રીતે તૈયાર હોતાં નથી. વળી કોઇ પણ બાલદીક્ષિત અનિશ્ચિત મનનો માલુમ પડતાં આસપાસનો સાધુગણ તેની સતત ચોકી કરતો હોય છે. આમાંથી છટકવું તેના માટે બહુ મુશ્કેલ બને છે. આ બધા સંયોગોનું પરિણામ, ત્યાગમાર્ગ ઉપર તેને ગમે તેટલો કંટાળો આવ્યો હોય તો પણ, તે જ્યાં હોય ત્યાં જ જીંદગીના છેડા સુધી ચોંટાડી રાખવામાં આવે છે. અલબત્ત કોઈ એવા શકિતશાળી આત્માઓ હોય છે કે જેઓ મન ઉઠવાની સાથે હીંમતપૂર્વક સાધુવેશ ફેંકી દે છે અને સંસારી સમાજમાં પોતાની શકિત અને યોગ્યતાના જોર ઉપર સારૂં એવું સ્થાન પ્રાપ્ત કરી લે છે. પણ આવી વ્યકિતઓ બહુ વિરલ જોવામાં આવે છે. બાકીનાઓ માટે તો સાધુવેશમાં જીવન પુરૂં કરવા સિવાય બીજો વિકલ્પ રહેતો જ નથી.

ગૃહસ્થાશ્રમનું નૂતન મૂલ્યાંકન

એક બીજી દૃષ્ટિએ પણ આ બાલદીક્ષાનો પ્રશ્ન વિચારવો ઘટે છે. ગૃહસ્થાશ્રમ તરફના દૃષ્ટિકોણમાં ભૂતકાળની અપેક્ષાએ આજે મહત્વનો ફરક પડયો છે. ગૃહસ્થાશ્રમ વિષે એક કાળે આપણે એવા ખ્યાલો ધરાવતા હતા કે તે તો એક પ્રકારની કનિષ્ટ જીવનસ્થિતિ છે, પાપ–સંચયનો માર્ગ છે, એક એવો કીચડ છે કે જેમાં ખુચેલો માણસ કદિ ઉંચે આવતો નથી અને પરિણામે તેના ભવભ્રમણને વધારે છે. આ સંસાર દાવાનળ છે અને જેણે દીક્ષા લીધી તે જ તેમાંથી બચ્યો અને બાકીના બધાયે ભસ્મીભૂત થવાનું જ રહ્યું. એવી જ રીતે બીજી બાજુએ ત્યાગમાર્ગ વિષે એમ માનવામાં આવતું હતું કે સંન્યાસ–દીક્ષિત જીવન–માનવી માટે એક જ ઉધ્ધરણનો તરણોપાય છે, અને તેનું જે અવલંબન લે તે જ ધન્ય છે અને બાકીના અન્ય સર્વનું જીવન ધાંચીના બળદ માફક એળે જાય છે, પરિણામશૂન્ય બને છે. આજે આ દૃષ્ટિકોણમાં આમૂળ ફેરફાર થઈ રહ્યો છે. આપણો આજ સુધીનો અનુભવ પોકારીને કહે છે કે સાધારણ માનવી માટે ગૃહસ્થાશ્રમ જ રાજમાર્ગ છે, કારણ કે તે દ્વારા માનવી જીવનનો અનેક રીતે વિકાસ થઈ શકે છે અને જેનામાં જે તાકાત હોય તે તાકાતને બહાર લાવવામાં પૂરો અવકાશ મળે છે. વળી તેમાં માનવી માનસમાં રહેલી વાસનાઓને અમુક હદમાં તૃપ્ત કરવાની સગવડ છે, તેથી અસ્વાભાવિક દમનનાં માઠાં પરિણામોથી તે બચે છે અને સાથે સાથે ઐચ્છિક સંયમને પણ તેમાં પૂરો અવકાશ છે. માનવીનું જે સર્વતોમુખી ઘડતર ગૃહસ્થાશ્રમ દ્વારા શકય છે તેવું ઘડતર સાધુજીવનમાં શકય નથી. આમ છતાં જેને ગૃહસ્થજીવનમાં રસ નથી, જેનું ધ્યેય બીજી સાંસારિક ઉપાધિઓથી દૂર રહીને આત્મસાધના કરવાનું છે તે ખુશીથી સંન્યાસના માર્ગે જઈ શકે છે. પણ આ સંન્યાસ તો જ સાર્થક થાય, આત્મોન્નતિસાધક બને કે જો તે ત્યાગ પાછળ જ્ઞાનપૂર્વકનો ઊંડો વૈરાગ્ય હોય. સાધુજીવન અંગીકાર કરવું સહેલું છે, પચાવવું બહુ મુશ્કેલ છે. સાધુનો વેશ અને આચાર ધારણ કરવો અને મનમાં સતત વિકૃત્તિઓ સેવ્યા કરવી એ કરતાં ભોગયોગના સમન્વય તરફ લઈ જતો ગૃહસ્થાશ્રમ અનેકગણો વધારે આવકારદાયક છે. આ રીતે વિચારતાં જેનામાં અસાધારણ વૈરાગ્ય અને સંયમબળ હોય અને ઊંડી જ્ઞાનજાગૃતિ હોય તે ભલે ત્યાગધર્મ સ્વીકારે. બાકીના માટે ગૃહસ્થા-

શ્રમ જ ઇષ્ટ અને શ્રેયસ્કર છે. આજની આ વિચારણાના પ્રકાશમાં બાલદીક્ષાને માટે કોઇ સ્થાન કે અવકાશ રહેતો જ નથી.

આજનો નિસ્તેજ સાધુસમાજ

એક બીજો મુદ્દો પણ વિચારીએ. આગળ જણાવ્યું તેમ સાધુઓની સંખ્યાવૃધ્ધિના મોહના કારણે અનેક અપાત્ર એવા સ્ત્રીપુરૂષોને આજ સુધી દીક્ષા અપાતી રહી છે અને નાની ઉમ્મરનાં બાળકોને મુંડવાની પ્રથા ચાલતી રહી છે. આવા આજના સાધુસમુદાય ઉપર નજર કરીએ તો તેમાંથી ગણી ગાંઠી એવી વ્યકિતઓ મળશે કે જેમનામાં પારદર્શક સાધુતાની, અવિચળ વૈરાગ્યની અને સુદૃઢ સંયમની પ્રતિષ્ઠા થયેલી છે એમ આપણે વિના સંકોચે કહી શકીએ. પણ મોટા ભાગના સાધુસાધ્વીઓ નિસ્તેજ, યાંત્રિક મનોદશાવાળા, ભૂતકાળના કોઇ અવશેષસમા, આ દુનિયા કઇ દિશાએ ચાલી રહી છે તે વિષે કશી પણ ગતાગમ વિનાના અને જાણે કે નિષ્પ્રયોજન જીવન વીતાવતા હોય એવા માલુમ પડશે અથવા તો સાધુત્વના વેશ નીચે સંસારી માનવી જેવું જ મલીન, દંભી અને અસત્યથી ભરેલું જીવન જીવતા માલુમ પડશે. આ શોચનીય પરિસ્થિતિમાંથી સાધુસંસ્થાનો ઉધ્ધાર કરવો હોય તો સંખ્યાવૃધ્ધિનો મોહ જૈન સમાજે છોડવો જ પડશે અને ગુણવત્તા ઉપર જ આગ્રહ કેળવવો પડશે અને ગુણવત્તાનું ધોરણ સ્વીકારતાં બાલદીક્ષાને સદ્દાને માટે આપણે દેશનીકાલ કરવી પડશે.

દીક્ષાના ઉમેદવાર બાળકો માટે શિક્ષણસંસ્થા ખોલો

બાલદીક્ષાના પક્ષમાં એક એવી દલીલ કરવામાં આવે છે કે બાળકને દીક્ષા આપવામાં આવે તો તેના ઉપર નાનપણથી ધર્મના સુદૃઢ સંસ્કારો પાડી શકાય અને જરૂરી ધાર્મિક તાલીમ પણ તેને આપી શકાય. આ દલીલમાં કાંઈ વજુદ નથી એમ આપણે ન કહીએ. પણ આ હેતુ સિધ્ધ કરવા માટે કોઈ પણ બાળકને જીંદગીભરના કઠણ વ્રતથી અગાઉથી બાંધી દેવો તે ઉચિત નથી. આ માટે સમજણપૂર્વકનો માર્ગ તો એ છે કે ખ્રીસ્તી સંપ્રદાયમાં પ્રચલિત છે તે મુજબ ભવિષ્યમાં સાધુ થવાની ઇચ્છા ધરાવતા બાળકો માટે અને પોતાનું અમુક સંતાન ભવિષ્યમાં સાધુ બને એવી ઇચ્છા ધરાવનાર માબાપો માટે સ્થળે સ્થળે એક પ્રકારના બ્રહ્મચર્યાશ્રમો અથવા તો દીક્ષા–તાલીમી કેન્દ્રો ખોલવા ઘટે છે કે જ્યાં દીક્ષાના ઉમેદવાર બાળકો આવીને રહે, ધાર્મિક નિયમો પાળે, ધર્મશાસ્ત્રોનો–પોતાના તેમ જ ઇતર ધર્મના ગ્રંથોનો–અભ્યાસ કરે, અન્ય વ્યવહારિક તેમ ઔદ્યોગિક વિષયોનું પણ શિક્ષણ પ્રાપ્ત કરે અને કડક સાધુજીવનની તાલીમ પામે. અહિં તેને જરૂરી વાતાવરણ અને સાધુઓનો સમાગમ આપો. તેની પરીક્ષાઓ રાખો અને કસોટીક્રમ નક્કી કરો. આ બધામાંથી પસાર થાય અને પરિપકવ ઉમ્મરનો થાય ત્યારે તેની સામે વિકલ્પ મૂકવામાં આવે કે કાં તો તે દીક્ષા લઇને સાધુ થઈ શકે છે અથવા તો માતપિતાને ઘેર પાછો જઇને ગૃહસ્થાશ્રમ માંડી શકે છે. આવો ઉમેદવાર સાધુ થશે તો શાસનને દીપાવશે. ગૃહસ્થ થશે તો પણ સમાજને શોભારૂપ નીવડશે. નાનપણથી બાળકને સાધુજીવનની તાલીમ આપવાનો આગ્રહ ધરાવતા જૈન આગેવાનો માટે વ્યવહારૂ માર્ગ તો દીક્ષાના ઉમેદવારો માટે આવી શિક્ષણ સંસ્થાઓ ખોલવાનો છે. આના પરિણામે જૈન સમાજને યોજનાપૂર્વક તૈયાર થયેલા યુવાન વયના સાધુઓ મળશે અને બાલદીક્ષાનું અનિષ્ટ સદ્દાને માટે નાબુદ થશે.

એક બાજુએ જ્યારે નાનાં બાળકોને દીક્ષિત બનાવવાનો આગ્રહ સેવાય છે ત્યારે બીજી બાજુએ શ્રી રામકૃષ્ણ મીશનમાં સંન્યાસી થવાના ઉમેદવાર સાધકે કેટલી કસોટીઓમાંથી પસાર થવું પડે છે અને સાધક તરીકે કેટલા વર્ષ તપસ્યા કરવી પડે છે તેનું મને સ્મરણ થાય છે. અને જો જૈન સમાજને સાચા સાધુ–કેવળ વેશધારી નહિ–પેદા કરવા હશે તો આવી જ કોઇ દીર્ઘદૃષ્ટિભરી યોજના વિચારવી જ પડશે અને પ્રબંધ કરવો પડશે. સાધુ સંન્યાસી સમાજને વંદનીય ગણાય છે, પણ તે આવા જ્ઞાનસંપન્ન, યોગસંપન્ન, કર્મસંપન્ન સાધુ કે સંન્યાસી અને નહિ કે ગઈ કાલે શેરીમાં રખડતો અને આજે મુંડાયેલો કોઈ ભોળો બટુક કે કોઈ બળ્યો ઝળ્યો બેકાર માનવી.

ધર્મશાસ્ત્રો પણ વયમર્યાદાની અગત્ય સ્વીકારે છે

ધર્મશાસ્ત્રોમાં પણ દીક્ષા આપવા માટે આઠ વર્ષની વયમર્યાદા સૂચવવામાં આવી છે. એનો અર્થ એ થયો કે દીક્ષા માટે વયમર્યાદા તો જરૂરી છે જ. પટવારી બીલ તેને અઢાર વર્ષ ઉપર લઇ જવા માંગે છે. તેની પાછળ બાલસંરક્ષણની અદ્યતન વિચારણા રહેલી છે. આમ આઠની અઢાર વયમર્યાદા સ્વીકારાતાં જાણે કે સાધુસંસ્થા ખલ્લાસ થઈ જવાની છે, ધર્મ રસાતળ જવાનો છે, પારવિનાનો અનર્થ પેદા થવાનો છે–આવાં ભયાનક ચિત્રો બીલવિરોધીઓ ઉભા કરીને જૈન સમાજને ભડકાવે છે. શું અઢાર વર્ષનો નિયમ થશે તો કોઇ દીક્ષા જ નહિ લે? આ ભય અને કલ્પના કેવળ પાયાવિનાનાં છે. હિંદુ સમાજમાં અને તેમાં પણ જૈન સમાજમાં વૈરાગ્યનું બીજ બાળકને ગળથુથીમાં મળે છે. ગમે તેટલા ભોગવિલાસ વચ્ચે પણ તેને કવચિત્ કવચિત્ ત્યાગ અને વૈરાગ્યના તરંગો સ્પર્શતા હોય છે. આ તેની પ્રાકૃતિક ખાસિયત છે. કાનુની વ્યવસ્થા ગમે તે હોય પણ ત્યાગ અને વૈરાગ્યની ભાવના આપણા માનસમાંથી કદિ નાબુદ થવાની નથી અને સાંપ્રદાયિક તેમ જ અસાંપ્રદાયિક સાધુઓ, સંન્યાસીઓ, ત્યાગીઓ, સંતો, યોગીઓ અને દૃષ્ટાઓ આ ભૂમિમાં પાકતા જ રહેવાના છે.

મહાપુરૂષો પાકવા માટે બાલદીક્ષા અનિવાર્ય નથી

બાલદીક્ષાના સમર્થનમાં અમુક બાલદીક્ષિતો મહાપુરૂષ પાકયાનાં દૃષ્ટાન્તો આગળ ધરવામાં આવે છે. આ જ મહાપુરૂષો મોટી ઉમ્મરે દીક્ષિત થયા હોત તો મહત્તાને પ્રાપ્ત ન કરત એમ માનવાને કશું કારણ નથી. એવી જ રીતે મોટી ઉમ્મરે સંન્યાસ લીધેલા અનેક પુરૂષોએ અસાધારણ મહત્તા પ્રાપ્ત કર્યાનાં પણ અનેક દૃષ્ટાન્તો ઇતિહાસમાં મોજુદ છે. દીક્ષા વિના, સંન્યાસ ધારણ કર્યા સિવાય સંતપદને પ્રાપ્ત કર્યાના દાખલા પણ મળી શકે તેમ છે. દીક્ષા તો એક નિમિત્ત છે. માનવીમાં આવી મહત્તાનો ઉદય પૂર્વ જન્મની સાધનામાંથી નિર્માણ થાય છે. એ ચીનગારી ગમે ત્યાંથી અને ગમે ત્યારે પ્રગટી ઉઠે છે. આજે આપણે બાળલગ્નની અટકાયત કરી છે એનો અર્થ એમ કોઇ કરતું જ નથી કે પહેલાંના સમયમાં નાની ઉમ્મરે પરણેલાં દંપતીઓ કેવળ દુઃખી જ હતા. અથવા તો પ્રેમવિહોણું જીવન ગાળતા હતા. સુખી દુઃખી–ચાહતા નહિ ચાહતા–દંપતીઓ એ કાળે પણ હતા અને આજે પણ છે. એમ છતાં પણ આપણા અનુભવમાંથી આપણને સમજણ પ્રાપ્ત થઈ કે બાળલગ્નની પ્રથા સામાજિક સ્વાસ્થ્ય તેમ જ–શ્રેયનો વિચાર કરતાં બંધ કરવાયોગ્ય છે અને તે સમજણમાંથી કાનુની અટકાયત પેદા થઈ. આવી જ રીતે દુનિયામાં મહાપુરૂષો પાકયાં છે અને પાકવાના છે. હેમચંદ્રાચાર્યની અને શંકરાચાર્યની આ વૃત્તિઓ પકવ ઉમ્મરે દીક્ષિત થયેલાઓમાંથી પણ સરજાવાની જ છે એમાં કોઇ શક નથી અને તેથી બીજી અનેક દૃષ્ટિએ આવકારદાયક એવી આ બાલદીક્ષાની અટકાયત સામે આવી કાલ્પનિક દલીલો કરવામાં આવે છે તેનો કોઈ અર્થ નથી.

બાલદીક્ષા બંધ થવી જોઇએ પણ—

જૈન સમાજમાં એક એવો વર્ગ છે કે જે બાલદીક્ષાને અનુમત કરતો નથી, એમ છતાં પણ તે અટકાવવા માટે સરકારી કાયદો થાય તેની વિરૂધ્ધ છે. તેમના મતે આ બાબત ધાર્મિક છે અને આવી ધાર્મિક બાબતમાં સરકારે દખલગીરી કરવી ન જોઇએ. કેટલાકના મતે બાળકોને રક્ષણ આપવા માટે જે કાયદાઓ છે તે પૂરતા છે. તેથી આ નવા કાયદાઓની જરૂર નથી. આ મુદ્દાઓનો આપણે વિચાર કરીને આ ચર્ચા સમાપ્ત કરીએ.

આ ધાર્મિક લેખાતા પ્રશ્નની સામાજિક બાજુ

જે જે પ્રથા અથવા રૂઢિઓ સામાજિક જીવન ઉપર એક યા બીજી રીતે ગંભીર અસર નીપજાવતી હોય તે પ્રથા કે રૂઢિ સાથે ધર્મનું નામ જોડાયલું હોય તો પણ એ પ્રથા કે રૂઢિ સામાજિક છે

અને તેથી જ્યારે એ પ્રથા કે રૂઢિમાંથી અનિષ્ટ પરિણામો નીપજતાં માલુમ પડે ત્યારે એ પ્રથા કે રૂઢિ ઉપર કાયદાનો અંકુશ મૂકવો એ રાજ્યની ફરજ છે. આ જ ધોરણે સતીની અટકાયત, બાળલગ્નનો પ્રતિબંધ, અસ્પૃશ્યતાનું નિવારણ કાયદાની મદદ લઈને કરવામાં આવેલ છે અને એ જ નિયમ બાલદીક્ષાને લાગુ પાડવો ઘટે છે. ધાર્મિક ટ્રસ્ટો અને ચેરીટીઓ ઉપર અંકુશ મૂકવા પાછળ આ જ આશય રહેલો છે. સાધુસંસ્થા આખરે એક સામાજિક સંસ્થા છે. કોઇ પણ વ્યક્તિ સંસાર–ત્યાગ કરે એ પણ એક મહત્વનો સામાજિક બનાવ છે. સાધુસંસ્થા કોઇ પણ સામાજિક અનર્થનું નિમિત્ત બને તો તે અટકાવવા માટે કલ્યાણરાજ્ય સ્થાપવાની મુરાદ સેવતી સરકારે વચ્ચે પડવું જ જોઇએ. અયોગ્ય વ્યક્તિને દીક્ષા અપાતી હોય તો–દા. ત. ધાવણા બાળકને છોડીને કોઈ માતા દીક્ષા લેવા નીકળે, જેની કમાણી ઉપર સ્ત્રી તેમ જ બાળકો નિર્ભર હોય તેવો પુરૂષ પોતાના પનારે પડેલાંના નિર્વાહની કશી વ્યવસ્થા વિચાર્યા સિવાય દીક્ષા લેવા ઉદ્યુક્ત થાય, અનેક કાળાધોળાં કરીને અથવા મોટાં દેવાં કરીને કોઈ ઉપાશ્રયવાસી બનવા ઇચ્છે–તો રાજ્ય જરૂર વચ્ચે પડી શકે છે. આવી જ રીતે અપરિપક્વ ઉમ્મરના બાળકને કોઇ દીક્ષા આપવા નીકળે તો બાળસંરક્ષણની દૃષ્ટિએ સરકારે વચ્ચે પડવું જ જોઇએ–એ ખ્યાલની ભૂમિકા ઉપર પટવારી બીલ રજુ કરવામાં આવ્યું છે–અને તેની સામે ધાર્મિક દખલગીરીનો જે હાઉ ઉભો કરવામાં આવે છે તે પાછળ કાં તો સાચી સમજણ નથી, અથવા તો ધર્મના નામે લોકલાગણી ઉશ્કેરવાનો હેતુ રહેલો છે.

આ ધાર્મિક દખલગીરીની બુમરાણ મચાવી મૂકનાર જૈન ભાઇઓને હું પૂછું છું કે આજે દેવીઓની સમક્ષ સંખ્યાબંધ પશુઓનાં બલિદાન આપવામાં આવે છે. આ બલિદાનપ્રથાની અટકાયત કરવા માટે કોઈ ધારાસભ્ય પોતાના પ્રદેશને લગતી ધારાસભામાં ધારો કે બીલ લાવે. જેઓ બલિદાનમાં ધર્મ માને છે તેમના મતે આ બીલ ધર્મમાં દખલગીરી કરતું લેખાવાનું. જૈનો પણ આ જ ધોરણ સ્વીકારીને આવા બીલનો વિરોધ કરશે કે માનવતા અને અહિંસાને આગળ ધરીને આ બીલને ટેકો આપશે ?

કાનુની જોગવાઈ ક્યારે જરૂરી બને છે ?

આજની નવી સમાજરચનામાં સમાજપ્રગતિને બાધક, ન્યાય–નીતિને પ્રતિકુળ, સભ્યતાને રોધક, અથવા તો માનવતાવિરોધી જે કાંઇ રીત રીવાજ રૂઢિ કે પ્રથા ચાલતી હશે તે–પછી તે ભલે ને ધર્મના નામે ચાલતી હોય–તેનું કાનુની નિયમન થતું જ રહેવાનું. અને એમ બને તો જ કાળજુની પ્રગતિવિરોધી રૂઢિઓના ભાર નીચે સ્થગિત બનેલો સમાજ ઊંચે આવી શકે અને આગેકુચ સાધી શકે.

વ્યક્તિગત ધાર્મિક ઉપાસનામાં જરૂર રાજ્યે વચ્ચે પડવું ન જોઇએ

અલબત્ત આમાં એક અપવાદ જરૂર રહેવાનો અને તે એ કે કોઇ પણ વ્યક્તિની વ્યક્તિગત ધાર્મિક ઉપાસનાની બાબતમાં રાજ્યે આડે આવવું ન જોઇએ. આત્મસાધનાની દૃષ્ટિએ વ્રત, જપ, તપ, આરાધના ઉપાસના, જેને જે કાંઈ ઠીક લાગે તે–કરવાની પૂરી સ્વતંત્રતા રહેવી જોઇએ. બાલદીક્ષાની અટકાયત આવી કોઇ દખલગીરી નથી એ ઉપરની ચર્ચા ઉપરથી સ્પષ્ટ થયું હોવું જોઇએ.

સાધુઓની કાળજુની નબળાઈ : શિષ્યપરિગ્રહ

આવા કાયદાની સવિશેષ જરૂર એટલા માટે છે કે શિષ્યપરિગ્રહ બને તેટલો વધારવો એ સમગ્ર સાધુસંસ્થાની એક કાળજુની નબળાઈ છે અને આ સંસ્થા ઉપર ગૃહસ્થ સમાજનું નિયંત્રણ ઉભું કરવું અને ટકાવી રાખવું એ હંમેશાં અતિ મુશ્કેલ અને છેતરનારું બન્યું છે. આ જ શિષ્યલોભે ભૂતકાળમાં સાધુઓ પાસે અનેક અનર્થો કરાવ્યા છે અને જો તેઓ નિરંકુશ રહે તો આવા જ અનર્થો ભવિષ્યમાં તેમના હાથે થતા રહેવાના છે. બાળદીક્ષાના મૂળમાં પણ આ જ શિષ્યલોભ રહેલો છે. પટવારી બીલથી આવી બાલદીક્ષા અટકાવવાનું કાર્ય સહેલું બને છે અને સાધુઓ ઉપર જરૂરી એવો રાજ્યસત્તાનો એક અંકુશ મુકાય છે. અને તેથી પટવારી બીલ આવશ્યક છે, આવકારદાયક છે, એટલું જ નહિ પણ તેને હિંદવ્યાપી સ્વરૂપ મળે એ અત્યન્ત ઇચ્છવાયોગ્ય છે.

બાલદીક્ષાનું અલ્પ પ્રમાણ છતાં કાયદાની જરૂરિયાત

એમ પણ સૂચવવામાં આવે છે કે આજે જુજબજાજ બાલદીક્ષાઓ અપાય છે, તે માટે આવા કાયદાની જરૂર નથી. આજે અપાતી દીક્ષાઓમાં ૩૦ ટકા લગભગ બાલદીક્ષાઓ હોવાનું સાધારણ રીતે અંદાજવામાં આવે છે. આ પ્રમાણ નાનુંસુનું ન ગણાય. પણ ધારો કે એથી ઓછા પ્રમાણમાં દીક્ષા અપાતી હોય તો પણ જે ચાલુ અનિષ્ટ છે તેની કાયદાથી અટકાયત થવી જ જોઇએ. દા. ત. હિંદુ સમાજમાં એકથી વધારે પત્ની ધરાવતા પતિઓનું પ્રમાણ કેટલું નજીવું હતું ? એમ છતાં પણ દ્વિપત્ની પ્રતિબંધક કાયદો આખા હિંદુ સમાજને લાગુ પાડવાનું સરકારે ઉચિત ધાર્યું છે.

બાલદીક્ષા અટકાવવા માટે આજના કાયદાની અપૂર્ણ જોગવાઇ

હવે એક મુદ્દો ચર્ચવો અવશિષ્ટ રહે છે અને તે બાલદીક્ષા અટકાવવામાં આજના કાયદાના અપૂરતાપણાને લગતો છે. બાલ-રક્ષણના કાયદાની અદ્યતન પરિસ્થિતિ એવી છે કે જ્યાં બાળકોને ભગાડીને માબાપથી છુપી રીતે દીક્ષા અપાતી હોય ત્યાં એવી દીક્ષા અટકાવવા ઇચ્છનારને આજનો કાયદો મદદરૂપ થઈ શકે છે, પણ જ્યાં માબાપ સંમત હોય અથવા તો યેન કેન પ્રકારેણ તેમની સંમતિ મેળવવામાં આવી હોય ત્યાં આજના કાયદાથી બાળકને દીક્ષા અપાતી અટકાવી શકાતી નથી. આ બીલ લાવનાર શ્રી પ્રભુદાસ બાલુભાઇ પટવારી અમદાવાદના અગ્રગણ્ય ધારાશાસ્ત્રી છે. જો અત્યારનો કાયદો પ્રસ્તુત હેતુ માટે પૂરતો હોત તો તેઓ આવું બીલ લાવવાની તકલીફમાં તેઓ ઉતર્યા જ ન હોત.

બીલવિરોધીઓને પ્રાર્થના

પ્રસ્તુત બીલ સાથે સંબંધ ધરાવતા અનેક મુદ્દાઓની અહિં મેં ચર્ચા કરી છે અને પ્રારંભમાં જણાવ્યું તેમ બાલદીક્ષા એ સામાજિક અનિષ્ટ છે અને તેની શક્ય હોય તો કાયદાથી અટકાયત થવી જોઇએ એ પ્રતીતિ પાછળ રહેલી અંગત વિચારણા વિસ્તારથી મેં રજુ કરી છે. મારાથી જુદો પડતો સમુદાય પોતાના મન્તવ્યમાં એટલો જ પ્રમાણિક છે એ હું સ્વીકારૂં છું, પણ એ મન્તવ્ય પાછળ મને ધાર્મિક ઝનુન, અને બદલાયેલા દેશકાળ અને ચિન્તનપ્રવાહો વિષેનું અજ્ઞાન ભાસે છે. આજે સાંપ્રદાયિકતાનો જુવાળ આવ્યો છે અને ચાલુ પ્રણાલિ છોડતાં ધર્મ-સંસ્થાને તેમ જ સાધુસંસ્થાને હાનિ તો નહિ પહોંચેને એની દહેશતભરી મનોદશા સ્વતંત્ર વિચારણાને આવરી રહી છે. જેઓ મારાથી જુદા પડે છે તેમને પ્રાર્થના કે તેઓ આ લાંબી સમીક્ષા શાન્તિથી વાંચે, વિચારે અને તેના પરિણામે મારી વાત સાચી લાગે તો પટવારી બીલ સામેનો પોતાનો વિરોધ પાછો ખેંચી લે એટલું જ નહિ પણ, બીલનું સમર્થન કરતો પત્ર સત્વર મુંબઇ વિધાન પરિષદના મંત્રી (કાઉન્સીલ હોલ, કોટ, મુંબઇ) અને મુંબઇ જૈન યુવક સંઘ (૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ મુંબઈ ૩) ઉપર લખી મોકલે.

પરમાનંદ

વિષય સૂચિ

		પૃષ્ઠ
સમન્વય આશ્રમ વિષે વિનોબાજીનું દર્શન		વિનોબાજી	૧૬૮
બાલદીક્ષાની કાનુની અટકાયત શા માટે ?		પરમાનંદ	૧૭૧
પ્રકીર્ણ નોંધ : મહારાષ્ટ્રીય આગેવાનોનાં ભાષણોમાં વ્યક્ત થતી પાકીસ્તાની મનોદશા, આ તે કેવી કલ્પના-મૂઢતા ? ઇશુ ખ્રીસ્ત, ખ્રીસ્તી સાધુ સંસ્થા અને બાલ-દીક્ષા, ભૂલ કબુલ પણ–, એક વધુ એકરાર, વૈશાલી વિદ્યાપીઠના ડાયરેકટર તરીકે ડૉ. હીરાલાલ જૈનની નીમણુંક, ફેશન ડ્રેસના કાર્યક્રમમાં સ્થાનકવાસી સાધુની રજુઆત.		પરમાનંદ	૧૭૫
ડાંગ સ્વરાજ આશ્રમને મદદની જરૂર			૧૭૬ ક
પટવારી બીલને મળી રહેલું સમર્થન			૧૭૬ ક
જુહુ તટે સર્વોદય મેળો			૧૭૬ ખ
મનનો શરીર સ્વાસ્થ્ય સાથેનો સંબંધ		એમ. ડી. આડતિયા	૧૭૬ ખ

પ્રકીર્ણ નોંધ

મહારાષ્ટ્રીય આગેવાનોનાં ભાષણોમાં વ્યક્ત થતી પાકીસ્તાની મનોદશા

લોકસભામાં મુંબઇ મહારાષ્ટ્રના પ્રશ્ન ઉપર બોલતાં કોંગ્રેસી આગેવાન શ્રી એન. વી. ગાડગીલે જણાવ્યું હતું કે "અમારા છસો વર્ષના ઇતિહાસમાં કદી કોઇએ ન કર્યું હોય તેવું અપમાન પ્રદેશ-પુનર્ઘટના પંચે કર્યું છે. આવા અપમાનનો જવાબ આપતાં અમને આવડે, છે પણ આજે એ જવાબ આપવાની નીતિરીતિઓ કાયદેસરની કે લોકશાહી ગણી ન શકાય." તેમણે આગળ ચાલતાં જણાવ્યું હતું કે "લોકસભામાં જો આ પ્રશ્નનો આપણું ઉકેલ નહિ લાવીએ તો મુંબઇની સ્ટ્રીટ્સ (શેરીઓ) માં તેનો ઉકેલ આવી જશે. મને એટલું પુરવાર કરવા દો કે લોકશાહીમાં છેવટે દલીલો અને બુદ્ધિનો વિજય થાય છે. પરંતુ ૪૦ વર્ષની રાજકીય કારકીર્દીને અંતે જે માર્ગે જવાનું મને ગમતું નથી તે જ માર્ગે જવાની મને ફરજ પાડવામાં આવશે તો કુંતી પાસે કર્ણે જે આશિષ માંગી છે તે જ આશિષ માંગીશ કે "અત્યાર સુધી હું તમારો પુત્ર છું એ બાબતનો તમે અસ્વીકાર કર્યો છે. કાંઇ વાંધો નહિ, પણ હવે મને એટલો આશીર્વાદ આપો કે મારું જીવન અધમ ન બને અને મારું મૃત્યુ ઉજ્જવળ બને."

થોડા દિવસ પહેલાં પંઢરપુર ખાતે મળેલા મરાઠી સાહિત્ય સંમેલનના પ્રમુખસ્થાનેથી બોલતાં ડૉ. પેંડસેએ જણાવ્યું હતું કે "વિધિની એ વક્રતા છે કે ભારત સ્વતંત્ર થઇ ચુકયું છે, છતાં મહારાષ્ટ્રને તો પોતાની સ્વતંત્રતા સિધ્ધ કરવી હજુ બાકી જ રહી છે. જ્યારે મરાઠી વિસ્તારનો એક ભાગ ગોવા હજુયે પોર્ચુગીઝોના વર્ચસ્વ નીચે પડયો છે ત્યારે બાકીનો વિસ્તાર દીલ્હીના અધિષ્ઠાતાઓ અને તેમના બીનમહારાષ્ટ્રીય મુડીવાદી ઠેકેદારોના વર્ચસ્વ નીચે સબડે છે. સંયુકત મહારાષ્ટ્રની રચનાનો નિર્ણય એ પરમ સત્યની સાધનાનો નિર્ણય છે."

તાજેતરમાં તા. ૭-૧-૫૬ ના રોજ શિવાજીપાર્કમાં ઉદ્દામ પક્ષોએ રચેલી સંયુકત મહારાષ્ટ્ર પરિષદ પૂરક સમિતિની ઉપક્રમે મળેલી જાહેર સભામાં સામ્યવાદી નેતા શ્રી ડાંગેએ ગુજરાતીઓને સલામતીની ખાત્રીઓ આપવાની વાતોને હાંસીજનક ગણાવીને જણાવ્યું હતું કે "જો મહારાષ્ટ્રીઓએ ધાર્યું હોત તો ગુજરાતીઓને ત્રણ જ દહાડામાં ખલાસ કરી નાંખ્યા હોત. પણ તેમણે તેમ નથી કર્યું એ જ સલામતીની ખાત્રી છે."

આજ કાલ સંયુકત મહારાષ્ટ્રની લડતના મોરચેથી થઈ રહેલાં ભાષણોમાંથી આવા અનેક ઉતારાઓ તારવી શકાય તેમ છે. આવાં વકતવ્યો વાંચીને હિંદુસ્તાનના ભાગલા હજુ નહોતા પડયા તે દિવસોમાં સાંભળવામાં આવતા કાયદે આઝમ ઝીણાનાં અને તેના સાથીઓનાં ભાષણો યાદ આવે છે. આવા ઉદ્‌ગારો કાઢનાર આપણા મહારાષ્ટ્રીય આગેવાન બંધુઓ છે, પણ આ મનોદશા કેવળ પાકીસ્તાની છે. આ મનોદશા ઉપર વખતસર કાબુ મૂકવામાં નહિ આવે તો તેનું પરિણામ આજના ભારતને છિન્નભિન્ન કરવા સિવાય અન્ય કોઈ સંભવી ન જ શકે. આવા ઉદ્‌ગારો સામે એવા જ કાતિલ ઉદ્‌ગારો ફેંકવા એ ઝેરમાં ઝેરની જ વૃધ્ધિ કરવા બરોબર છે. આ પાછળ કેવળ પ્રમત્તતા અને કોઇ પણ હિસાબે મુંબઇ મેળવવાની ઝનુની વૃત્તિ કામ કરી રહી છે. આ સામે આપણે આપણું મગજ ન ગુમાવીએ અને બીજુ ખ્રીસ્ત માફક પ્રાર્થના કરીએ કે "તેઓ શું બોલે છે તેનું તેમને ભાન નથી. હે ભગવાન, તેમને સન્મતિ આપજે!"

આ તે કેવી કલ્પનાભૂક્ષતા ?

જ્યારે કોઇના પણ દિલમાં ઘેલછા ઉભી થાય છે ત્યારે તેના વિકલ્પમાં તેની સામે એથી પણ ઘણી વધારે લાભકારક આકર્ષક વસ્તુ ધરવામાં આવે તો પણ તે સામે તે માનવી નજર સરખી કરતો નથી. આવી જ ઘટના મુંબઈ સંબંધમાં મહારાષ્ટ્રી આગેવાનો અંગે બની છે. મહારાષ્ટ્રી આગેવાનો મુંબઇને સંયુકત મહારાષ્ટ્રમાં સમાવવાનો કોઈ પણ રીતે આગ્રહ છોડે એ હેતુથી કોંગ્રેસના મોવડી મંડળ તરફથી મુંબઇને ભારતનું commercial capital-વ્યાપારવિષયક પાટનગર-બનાવવાની સૂચના કરવામાં આવી. મુંબઈ માટે આ સૂચના એવી હતી કે તેથી મુંબઇને પાર વિનાનો લાભ થાત, મુંબઇની આજે મહત્તા છે તેથી અનેક ગણી વધી જાત અને તેનો સૌથી વધારે લાભ મુંબઈ નજીક અને આસપાસ વસતી મહારાષ્ટ્રી પ્રજાને મળત. આ બે ને બે ચાર જેવી-રૂપિયો માગતા સોના મહોર મળી જવા જેવી-વાત હતી. પણ મુંબઇનો માત્ર એક જ રીતે વિચાર કરવાને ટેવાયલા મહારાષ્ટ્રી આગેવાનોએ આ દરખાસ્તની સામે જોવા સરખી પણ દરકાર ન કરી. આ તેમની તેમ જ આપણ સર્વની એક બહુ મોટી કમનસીબી છે. આ નોંધ દીલ્હીમાં મુંબઇનું ભાવી નક્કી થઇ રહ્યું છે ત્યારે લખાય છે. સંભવ છે કે આ નોંધ પ્રસિદ્ધ થાય તે પહેલાં મુંબઇનું ભાવી જાહેર થઈ ચુકયું હશે.

ઇશુ ખ્રીસ્ત, ખ્રીસ્તી સાધુસંસ્થા અને બાલદીક્ષા

સેંટ પોલ્સ ધર્ન્યિન નેશનલ હિંદુસ્તાની ચર્ચના ધર્મગુરૂ, અખિલ ભારત રાષ્ટ્રીય દેવળ મહામંડળના કાર્યવાહક પ્રમુખ અને પશ્ચિમ મુંબઇના ભારત સ્કાઉટ્‌સ અને ગાઇડઝના જીલ્લા કમિશનર ફાધર ડૉ. જે. એસ. વિલિયમ્સે બાલદીક્ષા પ્રતિબંધક બીલનો વિરોધ કરતા નિવેદનમાં ભગવાન ઇશુખ્રીસ્ત વિષે જે હકીકત રજુ કર્યાનું તા. ૭ ૧-૫૬ ના મુંબઈ સમાચારમાં જણાવવમાં આવ્યું છે તે વાંચીને આશ્ચર્ય થાય છે. તેઓ બાલદીક્ષાના સમર્થનમાં ભગવાન ઇશુ ખ્રીસ્તનો દાખલો આપીને જણાવે છે કે "ભગવાન ઇશુખ્રીસ્તે ઇશ્વરી કાર્યને પૂરું કરવા માટે બાર વર્ષની નાની વયે પોતાના માબાપ અને ઘરનો ત્યાગ કર્યો હતો અને માનવતા અને સમગ્ર સમાજની સેવાની પ્રવૃત્તિમાં ગુંથાઇ ગયા હતા. ઇશુ ખ્રીસ્તના ચરિત્રની વિગતોથી જેઓ જાણકાર હશે તેઓ જરૂર કબુલ કરશે કે આ વિધાન સત્યથી વેગળું છે. ઇશુ ખ્રીસ્તે બાર વર્ષની ઉમ્મરે નહોતો માબાપનો ત્યાગ કર્યો કે નહોતો સંસારનો ત્યાગ કર્યો. તેમના માતપિતા ઇશુ ખ્રીસ્તને બાર વર્ષની ઉમ્મરે, આપણે ત્યાં જેમ મોટી ઉમ્મરના બાળકને તીર્થયાત્રાએ લઈ જવામાં આવે છે તેમ, એ વખતે યહુદી સમાજના સર્વોત્કૃષ્ટ તીર્થસ્થાન જેરૂસેલમના સીનેગોગ (યહુદીઓનું દેવમંદિર) ના દર્શનાર્થે લઈ ગયા હતા અને તે વખતે એ મંદિરમાં ધર્મના નામે ચાલતા અનર્થો જોઇને ઇશુ ખ્રીસ્ત અકળાયા હતા અને સીનેગોગના ધર્માચાર્યો સાથે આ બાબતની ઇશુ ખ્રીસ્તે ખૂબ ગરમાગરમ ચર્ચા કરી હતી. પણ પછી તેઓ પોતાના માતપિતા સાથે ઘેર પાછા આવ્યા હતા અને ત્રીશ વર્ષની ઉમ્મર સુધી પોતાના પિતાનો સુતારી વ્યવસાય કરતા રહ્યા હતા. વચગાળે તેમના પિતાનું અવસાન થયું હતું. ૩૦ વર્ષની ઉમ્મર પૂરી થતાં ઇશુ ખ્રીસ્તે ઘર છોડયું હતું, જોન બેપ્ટીસ્ટ પાસે ધર્મદીક્ષા લીધી હતી અને પોતાનું જીવનકાર્ય શરૂ કર્યું હતું અને તેત્રીશ વર્ષની ઉમ્મરે એ સમયના ઝનુની યહુદીઓએ ઇશુ ખ્રીસ્તને ક્રોસ ઉપર લટકાવીને તેના પ્રાણ લીધા હતા. બાલદીક્ષાનું સમર્થન કરવાના હેતુથી ખ્રીસ્તી ધર્મના એક સુપ્રતિષ્ઠિત આચાર્ય ઇશુ ખ્રીસ્તના જીવનને પણ આમ વિપરીતપણે રજુ કરે એ દુઃખદ છે.

બીજું જેવી સાધુસંસ્થા જૈનોમાં છે એવી જ વ્યવસ્થિત સાધુસંસ્થા ખ્રીસ્તી સંપ્રદાયમાં છે, એમ છતાં પણ ખ્રીસ્તી સંપ્રદાયમાં કોઇ પણ સગીરને કદિ પાદરી બનાવવામાં આવતો જ નથી. ઉલટું આવી નાની ઉમ્મરના ધર્મદીક્ષાના ઉમેદવારને યોજનાપૂર્વકની તાલીમ આપવામાં આવે છે અને તે પુખ્ત ઉમ્મરનો થાય ત્યારે તેની સામે ગૃહસ્થ જીવન અંગીકાર કરવાનો અથવા તો ધર્મગુરૂ થવાનો એમ બન્ને વિકલ્પો રજુ કરવામાં આવે છે અને પોતાને અનુકુળ લાગે તે માર્ગે તે મુકત મને જઇ શકે છે. ખ્રીસ્તી સંપ્રદાયની આ સુવિદિત પ્રણાલી બાલદીક્ષાને ટેકો આપવાના તાનમાં આવા એક જવાબદાર ખ્રીસ્તી ધર્મગુરૂ કેમ ભુલી જાય છે એ પણ એટલું જ દુઃખદ છે.

ભૂલ કબુલ પણ—

કેટલાએક સમય પહેલાં જૈન સમાજમાં બાલદીક્ષાની પ્રચૂરતાનો ખ્યાલ આપતાં એક વ્યાખ્યાનમાં મેં તેરાપંથી સમાજમાં બાલદીક્ષાનું પ્રમાણ ૭૫ ટકા હોવાનું જણાવેલું. આ પ્રમાણ કોઈ વ્યવસ્થિત ગણતરીના આધારે નહિ પણ સામાન્ય અવલોકન તથા અનુમાનના આધારે મેં રજુ કરેલું. એ અરસામાં તેરાપંથી સમાજના મુંબઈ વિભાગના પ્રમુખ શ્રી નેમચંદ નગીનચંદ વકીલવાળાએ ઉપર જણાવેલ પ્રમાણમાં અતિશયતા છે એ મુજબ મારૂં ધ્યાન ખેંચેલું. મેં સાચું પ્રમાણ શું છે એ જણાવવા તેમને પત્ર લખેલો; કેટલાએક સમય સુધી તેમનો જવાબ ન આવતાં મેં તેમને આ વિષે ફરીથી યાદ આપેલું. એમ છતાં પણ તેમનો કશો જવાબ નહિ મળતાં મારૂં ટકાવારી પ્રમાણ બરોબર છે એમ મેં માની લીધું હતું.

થોડા સમય પહેલાં 'મત મારો', 'મત બચાવો' એ મથાળાની તેરાપંથી માન્યતાઓને લગતી મારી એક નોંધ તા. ૧૫-૧૦-૫૫ ના પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ થઈ હતી. તેના જવાબરૂપે ૧૮-૧૨-૫૫ ના 'જૈન ભારતી' (તેરાપંથી સંપ્રદાયનું મુખપત્ર)માં 'આલોચના કી મર્યાદા' એ મથાળા નીચે મુનિશ્રી નથમલજીએ લખેલું ચર્ચાપત્ર પ્રગટ કરવામાં આવ્યું છે. આ ચર્ચાપત્રમાં આગળ ઉપરની અહિંસા-વિષયક ચર્ચા પ્રસંગે અનુભવેલ મુનિશ્રીનો સમભાવ અને પ્રસન્નતા જોવામાં આવતાં નથી. એમ છતાં પણ એ ચર્ચાપત્રમાં બીજી બાબતો ચર્ચવા સાથે ઉપર જણાવેલ તેરાપંથી બાલદીક્ષા-પ્રમાણમાં રહેલી અત્યુક્તિ તરફ મારૂં ધ્યાન ખેંચતાં એ પ્રમાણ ૨૮ ટકા હોવાનુ તેમણે જણાવ્યું છે. આ સુધારણા માટે મારે તેમનો ઉપકાર માનવો રહ્યો અને તેમની પ્રમાણિકતામાં શ્રધ્ધા રાખીને મારી ભૂલ કબુલ કરવી રહી, જો કે તેરાપંથી સમાજ બાલદીક્ષાને આવકારદાયી લેખતો હોઇને ઉપરની અત્યુક્તિથી તેરાપંથી સમાજની પ્રતિષ્ઠાને મેં કશું નુકશાન કર્યું હોય એમ મને નથી લાગતું.

બીજું 'મત મારો' 'મત બચાવો' એવો તેરાપંથના મન્તવ્યનો ઝોક છે એમ જણાવતાં તેના સમર્થનમાં આચાર્ય ભિક્ષુની કેટલીએક ગાથાઓ અન્ય કોઈ પુસ્તકમાંથી મેં ઉધ્ધૃત કરી હતી. તેમાંની એક ગાથા (જીવ બચાવે મુનિ નહિ, પરને ન કહે બચાવ, ભલો ન જાણે બચાવિયો) વિષે મુનિશ્રી નથમલજી જણાવે છે કે આ ગાથા આચાર્ય ભિક્ષુના નામ ઉપર ખોટી રીતે ચડાવવામાં આવી છે. તેમણે આવી કોઈ ગાથા રચી જ નથી. આ પણ તેમની માહીતી ઉપર શ્રધ્ધા રાખીને હું સ્વીકારૂં છું.

આ ઉપરાંત પ્રસ્તુત નોંધમાં મેં એમ જણાવેલું કે "આચાર્ય ભિખ્ખમજીના મતે કોઇને બચાવવું એ અધર્મ છે, પાપ છે અને તેથી કોઇ પણ પ્રાણીને બચાવવાની પ્રક્રિયા માત્ર અહિંસાના ઉપાસક માટે વર્જ્ય છે"-આવું નિરપવાદ વિધાન કરવામાં મને લાગે છે કે મેં ભૂલ કરી છે; કારણ કે સંયતીને એટલે કે પાંચ મહાવ્રતનું સંપૂર્ણ પાલન કરનાર જૈન સાધુઓને બચાવવાની, રક્ષણ આપવાની, તેમની ઐહિક જરૂરિયાતો પુરી પાડવાની પ્રક્રિયાને તેરાપંથીઓ 'સાવદ્ય' ગણતા નથી. આ અપવાદ મારા લક્ષ્યબહાર ગયો હતો.

આમ છતાં પણ 'મત મારો' 'મત બચાવો'ની નોંધમાં જે ગાથાઓ રજુ કરવામાં આવી છે તેનો તેમજ ઉપરની ગાથાને બદલે મુનિશ્રી નથમલજી આચાર્ય ભિક્ષુએ રચેલી બીજી એક ગાથા તરફ મારૂં ધ્યાન ખેંચે છે ('કહે સાધુ બચાવે જીવને, ઔરાંને કહે તું બચાવ; ભલો જાણે બચિયાં થકાં, પિણ પૂછ્યાં પલટયે જાય') તે ગાથાનો તેમ જ તેરાપંથના તદ્વિષયક અન્ય મન્તવ્યોનો સમગ્રપણે વિચાર કરતાં એમનું વળણ 'બચાવો'ની વ્યાપ્તિ અથવા ગણ્યાગાંઠ્યા અસંયતિ જીવો બાદ કરતાં સમગ્ર અસંયતિ જીવસૃષ્ટિ બચાવવાની વૃત્તિ 'સાવદ્ય' છે એટલે કે દોષમય છે, પાપમય છે એ પ્રકારની ધારણાને જ પુષ્ટ કરે છે અને પાપ સદા હેય-વર્જ્ય હોઇને 'એસા પાપ મત કરો' અર્થાત્ 'મત બચાઓ' એવો સિધ્ધાન્ત જ પ્રતિફલિત થાય છે. પરિણામે 'મત બચાવો' એ પ્રકારની નિષેધાત્મક વૃત્તિ જ પ્રસ્તુત વિચારસરણી સ્વીકારનાર માટે સામાન્યતઃ આદરણીય બને છે. આ જ અભિપ્રાય પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ થયેલી મારી નોંધમાં સંક્ષેપમાં વ્યકત કરવામાં આવ્યો હતો.

એક વધુ એકરાર

તા. ૧-૧-૫૬ ના પ્રબુધ્ધ જીવનના અંકમાં 'અનિષ્ટમાંથી પણ ઇષ્ટ જન્મે છે' એ મથળા નીચેની મારી નોંધમાં મેં પટવારી ભીલનો સંયુકત વિરોધ કરવાના આશયથી ઉભી કરવામાં આવેલ જૈન સમાજના ચાર ફિરકાઓના પાંચ પાંચ ગૃહસ્થોની એક સમિતિને જૈન સમાજની એકતાની દૃષ્ટિએ અવકારી હતી. આ સંબંધમાં શ્રી જડુભાઈ મહેતા જણાવે છે કે "આ રીતે અનિષ્ટમાંથી ઇષ્ટ જન્મ્યું છે એમ આપ જણાવો છો તે મારી સમજમાં ઉતરતું નથી. કટ્ટર સ્થિતિચુસ્ત વળણ ધરાવતા જુદા જુદા સંપ્રદાયના આગેવાનો પ્રત્યાઘાતી પ્રવૃત્તિ માટે એકત્ર થાય એ એકતાને હું-જૈન સમાજની એકતાને ઝંખનારો-જરાયે આવકારદાયક લેખતો નથી; કારણ કે એ રીતે એકત્ર થવા પાછળ સાચી એકતાનો હેતુ નથી, અથવા તો કોઇ ઇષ્ટ પ્રવૃત્તિ માટે તેઓ એકત્ર થયા નથી. આવા સંગઠન દ્વારા કદીયે સાચી એકતા જન્મી શકે નહિ. શુધ્ધ સાધન વિના શુધ્ધ સાધ્ય નીપજતું નથી. ઉલટું એથી અનિષ્ટ જ ઉત્પન્ન થાય છે. એકતા માટે તો ઉદારતા (Tolerence) જોઇએ, સહિષ્ણુતા જોઇએ. એ ઉદારતા અને સહિષ્ણુતા સ્થિતિચૂસ્તોમાં કેમ સંભવે ?

"સ્વ. પૂજ્ય આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજીની ઇચ્છાથી જુદા જુદા સંપ્રદાયોના આગેવાનોની 'એકતા સમિતિ' રચાઈ હતી; પરંતુ એ સમિતિ એકતાની દિશામાં જરાયે પ્રગતિ કરી શકી નહિ; એનું કારણ ખુલ્લું છે કે એ સમિતિમાં સાંપ્રદાયિક સ્થિતિચુસ્ત વળણવાળા ગૃહસ્થોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આવી એકતા ખાતર એકતાની ઇષ્ટ પ્રવૃત્તિ માટે પણ નીમાએલી સમિતિ જો એકતાના માર્ગે તસુ પણ આગળ જઇ શકી નહિ, તો જુદા જ હેતુથી અને તે પણ પ્રત્યાઘાતી પ્રવૃત્તિ માટે એકત્ર બનેલા આગેવાનો દ્વારા એકતા સર્જાય જ કેમ ?"

આ સંબંધમાં પ્રસ્તુત નોંધ લખાયા બાદ બનેલી ઘટનાઓ ધ્યાનમાં લેતાં મને લાગે છે કે આ રીતે ઉભી થયેલી એકતા સમિતિમાં મેં કરેલી એકતાની સંભાવના ભ્રામક નીવડી છે જ્યારે શ્રી જડુભાઈ પોતાના પત્રમાં જે અભિપ્રાય રજુ કરે છે તે સાચો ઠર્યો છે. મળેલ સમાચાર મુજબ આ એકતા સમિતિમાંથી તેમ જ પટવારી ભીલ વિરોધી હીલચાલમાંથી સ્થાનકવાસી ફોન્ફરન્સ સાથે સંબંધ ધરાવતા આગેવાન ગૃહસ્થો અલગ થઈ ગયા છે, જ્યારે દિગંબર પાંચ ગૃહસ્થોનાં નામ હજુ ઉમેરાયાં નથી અને તેથી પ્રસ્તુત એકતા સમિતિ લગભગ કસુવાવડની દશા ભોગવી રહી છે.

વૈશાલી વિદ્યાપીઠના ડાયરેકટર તરીકે
ડૉ. હીરાલાલ જૈનની નિમણુક

બિહારના મુઝફરપુર જિલ્લામાં આવેલ વૈશાલીને ભગવાન મહાવીરની જન્મભૂમિ તરીકે ઇતિહાસકારોએ જાહેર કરી છે. આ સ્થળે બિહાર સરકારે એક પ્રાકૃત વિદ્યાપીઠ અને અહિંસાના સંશોધન માટે એક સંસ્થા સ્થાપવાનો નિર્ણય થોડા સમય પહેલાં જાહેર કર્યો હતો. આ સંસ્થાના ડાયરેકટર તરીકે નાગપુર યુનિવર્સિટીના સંસ્કૃતના નિવૃત્ત પ્રાધ્યાપક, તથા જૈન શાસ્ત્રગ્રંથોના પ્રખર વિદ્વાન ડૉ. હીરાલાલ જૈનની બિહાર સરકારે નિમણુંક કરી છે. ડૉ. હીરાલાલની કોટિના વિદ્વાનો ખાસ કરીને જૈન દર્શનના વિષયમાં આજે બહુ વિરલ છે. તેઓ એક તટસ્થ અને સત્યપ્રેમી સંશોધક છે અને તેમના સ્વભાવમાં સાહજિક પ્રસન્નતા અને સૌજન્ય રહેલાં છે. આ રીતે બિહાર સરકારે એક પ્રશસ્ય કાર્ય માટે સર્વ પ્રકારે યોગ્ય વ્યકિતની પસંદગી કરી છે. ડૉ. હીરાલાલ જૈન તેમને સોંપવામાં આવેલી આ નવી જવાબદારીને

સફળતાપૂર્વક પાર પાડે અને વૈશાલીને જૈન સંસ્કૃતિનું માત્ર ઐતિહાસિક નહિ પણ જીવન્ત કેન્દ્ર બનાવે એવી આપણી તેમના વિષે શુભેચ્છા હો !

અહિં જણાવવું અસ્થાને નહિ ગણાય કે બિહારમાં વૈદિક સંસ્કૃતિ અને સંસ્કૃત ભાષાના ઉચ્ચ શિક્ષણ માટે એક સંસ્થા દરભંગામાં વર્ષોથી કામ કરી રહી છે. તદુપરાન્ત આજથી પાંચેક વર્ષ પહેલાં બૌધ્ધ ધર્મ અને પાલી ભાષાના અધ્યયન માટે નાલંદામાં એક વિદ્યાપીઠની સ્થાપના થઇ ચુકી છે. અને ત્યાર બાદ જૈન સંસ્કૃતિ અને પ્રાકૃત ભાષાના અધ્યયનં માટે ઉપર જણાવ્યા પ્રમાણે થોડા સમય પહેલાં વૈશાલીમાં એક વિદ્યાપીઠ સ્થાપવામાં આવેલ છે. આ ત્રણે સંસ્થાઓ બિહાર સરકારના આશ્રય નીચે એકબીજાના પૂરા સહકારમાં કામ કરે અને ત્રણે સંસ્કૃતિનો સમન્વય અને ઉત્કર્ષ સાધે એમ આપણે અન્તરથી પ્રાર્થીએ.

ફેન્સી ડ્રેસના કાર્યક્રમમાં સ્થાનકવાસી સાધુની રજુઆત

રાજકોટ ખાતે ધર્મેન્દ્રસિંહજી કોલેજમાં તા. ૧૮-૧૨-૫૫ ના રોજ ફેન્સી ડ્રેસનો એક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આમાં એક વિદ્યાર્થીએ સ્થાનકવાસી સાધુનો વેશ ધારણ કરીને રજુ થયો હતો. આથી સ્થાનકવાસી સમાજમાં ભારે રોષ પ્રગટી ઉઠ્યો હતો અને સૌરાષ્ટ્રમાં સ્થળે સ્થળે આ અંગે વિરોધના ઠરાવો થઈ રહ્યા હતા. આ વિરોધની લાગણીની જાણ થતાં કોલેજના પ્રીન્સીપાલે કોલેજના ઉત્સવ દરમિયાન લેખિત દિલગીરી પ્રદર્શિત કરી હતી અને તેમનો કે અન્ય કોઇ વિદ્યાર્થીઓનો કોઈ પણ કોમની સાંપ્રદાયિક લાગણી દુભાવવાનો લેશ પાત્ર આશય નહોતો એમ જણાવ્યું હતું.

બહારની દુનિયામાં જે વિચિત્રવિચિત્ર વેશભૂષા અને શરીરભૂષા જોવામાં આવે છે તેની રંગભૂમિ ઉપર નકલ કરીને લોકોને આનંદ આપવો–ગમત સાથે જ્ઞાન આપવું–એ આવા ફેન્સી ડ્રેસના કાર્યક્રમનો આશય હોય છે. તેની પાછળ કદિ કદિ કોઇને ઉતારી પાડવાનો, હલકા બોળખાવવાનો કે હાસ્યાસ્પદ દેખાડવાનો પણ આશય હોય છે. ઉપર જણાવેલા ફેન્સી ડ્રેસના કાર્યક્રમમાં જૈન સાધુ કેવો પોશાક પહેરે છે અને તેના બોલવા ચાલવાની રીતભાત કેવી હોય છે એટલો જ હેતુ જૈન સાધુને રજુ કરવા પાછળ હોય તો તેમાં કશું પણ વાંધાપડતું લેખાવું ન જોઇએ. આને બદલે જૈન સાધુને હાસ્યાસ્પદ રીતે દેખાડવાના હેતુથી રજુ કરવામાં આવેલ હોય તો તેથી જૈનોની સાંપ્રદાયિક લાગણી દુભાય એ સ્વાભાવિક છે. આ સામે જરૂર વાંધો ઉઠાવવો જોઇએ અને આવું બનતું અટકાવવું જોઇએ.

બીજી બાજુએ જૈનોએ પણ આવી બાબતને ગંભીર રૂપ ન આપતાં હળવા દિલથી જોતાં શિખવું જોઇએ. જૈનોમાં આવી બાબતને પોતાના ધર્મ ઉપર આક્રમણની નજરે જોતા રહેવાની ટેવ એક પ્રકારની લાઘવગ્રંથિમાંથી કેળવાયલી છે. રંગભૂમિ ઉપર જૈન સાધુઓને રજુ કરવા સામે જૈનોનો ચાલુ વિરોધ પણ આ જ વૃત્તિ દ્વારા પોષાતો રહ્યો છે. સદ્‌ભાગ્યે જૈન સમાજનો આ વિરોધ ઢીલો પડતો જાય છે એ આનંદની વાત છે. બે વર્ષ પહેલાં શ્રી ખીમચંદ વોરાએ લખેલ સતી સુભદ્રાનું નાટક સ્થાનકવાસી જૈન યુવક મંડળે ભજવેલું અને તેમાં સ્થાનકવાસી વેશમાં વોરવા આવતા જૈન સાધુને આબાદ રીતે રજુ કરવામાં આવ્યા હતા. ગયા વર્ષે જૈન મહિલા સમાજે ભજવેલ 'તરંગવતી' નાટકમાં જૈન સાધ્વીને પણ રજુ કરવામાં આવી હતી. આ બાબતનો સંકોચ અને વિરોધ બન્ને જૈન સમાજમાંથી જવા જોઇએ. જૈનોની આ સાંકડી મનોદશા અનેક સુન્દર હૃદયંગમ જૈન કથાઓને રંગભૂમિ ઉપર રજુ કરવામાં આડે આવે છે અને તેથી સામાન્ય જનતાના જૈન ધર્મ વિષેના અજ્ઞાન અને ખોટા ખ્યાલોમાં આજના પ્રસિધ્ધિયુગમાં પણ કશો મહત્વનો ફરક પડતો નથી. જે ધર્મ પ્રચારલક્ષી છે તેણે પોતાનાં દ્વાર રંગભૂમિ તથા ચિત્રપટો માટે ખુલ્લાં મૂકવા જોઇએ અને પોતાના ધર્મમાં રહેલાં આદર્શ ચરિત્રોની દુનિયાને એ રીતે બને તેટલી જાણ કરવા માટે સદા તત્પર રહેવું જોઇએ.

પરમાનંદ

ડાંગ સ્વરાજ આશ્રમને મદદની જરૂર

શ્રી. રવિશંકર મહારાજ તથા શ્રી. જુગતરામ દવેની અપીલ

આ આશ્રમને મદદ કરવા માટે પૂજ્ય રવિશંકર મહારાજ અને શ્રી. જુગતરામ દવેએ એક અપીલ બહાર પાડી છે. તેમાં તેઓ જણાવે છે કે:—

"ડાંગના પછાત ભાગમાં ડાંગ સ્વરાજ આશ્રમ, આહવા તરફથી સાત વર્ષથી સર્વોદયની દૃષ્ટિએ વિવિધ પ્રકારનાં નઈ તાલીમનાં અને બીજાં રચનાત્મક કામો ચાલી રહ્યાં છે. ડાંગના આખા પ્રદેશને આવરી લેતી આ પ્રવૃત્તિમાં સ્વાભાવિક રીતે જ ખુબ ખર્ચ થાય છે અને સરકારી નિયમ પ્રમાણેની મદદ મળતી હોવા છતાં નાણાંની મોટી ખોટ રહે છે. ડાંગની પ્રજામાંથી તે માટે કંઈ આશા રાખી ન શકાય એ દેખીતું છે. તેથી આશ્રમ અને ડાંગમાં આદિવાસીઓની સેવા પ્રત્યે પ્રેમ ધરાવનારા સજ્જનો અને સન્નારીઓ ઉપર જ આધાર રાખવો રહ્યો. ડાંગના લોકોની કાયાપલટ કરવા માટેના આ કામ માટે ડાંગ સ્વરાજ આશ્રમ તરફથી મુંબઇ ગુજરાતની જનતા પ્રત્યે માગણી રજુ કરવામાં આવી છે તે પૂરી કરવાની અંતઃકરણથી ભલામણ કરીએ છીએ."

તેઓ વધુમાં જણાવે છે કે, "ડાંગના ૩૧૦ ગામોની ૬૦૦૦ ઝુંપડીઓમાં વસતા ૪૮૦૦૦ ગરીબ, અજ્ઞાન અને અર્ધનગ્ન માણસોની કાયાપલટ કરવાનું કામ ડાંગ સ્વરાજ આશ્રમ પોતાનાં છ ગ્રામસેવા કેન્દ્ર અને બાવીસ પ્રવૃત્તિદ્વારા ૫૦ જેટલાં નાનાં કેન્દ્રો મારફત કરે છે. આ સંસ્થા સરકારી, બીનસરકારી, અર્ધ સરકારી અને સહકારી પ્રવૃત્તિદ્વારા ડાંગી લોકોના જીવનને સ્પર્શતા તમામ પ્રશ્નો ઉકેલવા પરિશ્રમ કરે છે, આશ્રમની શિક્ષણ પ્રવૃત્તિમાં બાલવાડીઓ, નયી તાલીમ શાળાઓ, કુમાર છાત્રાલયો, કન્યા છાત્રાલયો, સમાજ શિક્ષણ વર્ગો, હિંદી શિક્ષણ વગેરે પ્રવૃત્તિઓ કરે છે, લોકોના આર્થિક અને સામાજિક મુશ્કેલીના પ્રશ્નો પણ ઉકેલી આપે છે. સરકાર અને ગાંધીનિધિમાંથી આ સંસ્થાને જે મદદ મળતી રહે છે, તેથી વધારે ખર્ચ થાય છે અને તેથી બહારની આર્થિક પુરવણીની હંમેશા જરૂર રહે છે તો મુંબઇ અને મહાગુજરાતના ઉદાર નરનારીઓને આ સંસ્થાને મદદ કરવાની વિનંતિ છે." આ સંસ્થાના ટ્રસ્ટીઓ નીચે મુજબ છે.

(૧) શ્રી. જુગતરામભાઇ દવે, સ્વરાજ્ય આશ્રમ વેડછી (૨) શ્રી. બહાદુરભાઈ કે. પટેલ. એમ. પી. વાંસદા (૩) શ્રીમતી મણિબહેન નાણાવટી, વિલેપારલે (૪) શ્રી. દિલખુશભાઇ બ. દિવાનજી, ગાંધી કુટિર, કરાડી (૫) શ્રી છોટુભાઈ ગુલાબભાઇ નાયક, ડાંગ સ્વરાજ આશ્રમ, આહવા.

મદદ માટેના ચેક, ડાંગ સ્વરાજ આશ્રમ, આહવા, બીલીમોરા થઇને એ સરનામે લખી મોકલવા અથવા શ્રીમતી મણિબહેન સી. નાણાવટી, અરૂણોદય, લજપતરાય રોડ, વિલેપારલે (પશ્ચિમ) મુંબઈ, ૨૪ ટે. નં. ૮૬૦૬૦ માં પૂછવુ અથવા લખી મોકલવું.

પટવારી બીલને મળી રહેલું સમર્થન

થાણાના કચ્છી કાહિયાવાડી ગુજરાતી જૈન સંઘે પ્રસ્તુત હેતુ માટે બોલાવવામાં આવેલી સભામાં સર્વાનુમતે નીચે મુજબ ઠરાવ કર્યો છે:–

"આથી ઠરાવવામાં આવે છે કે આપણા જૈન સમાજમાં લાંબા સમયથી કુમળી વયનાં બાળક બાળકીઓને બાલદીક્ષા આપવામાં આવે છે, એવા કુમળી વયનાં બાળક–બાળકીઓને ધર્મના નામે અપાતી બાળદીક્ષાને આ સભા સખ્ત શબ્દોમાં વિરોધ કરે છે અને સમાજમાં ચાલતા આ અનિષ્ટને નાબુદ કરવા માટે શ્રી પ્રભુદાસ બાલુભાઈ પટવારીએ રજુ કરેલ બાલદીક્ષા પ્રતિબંધક ખરડાને સર્વાનુમતે આવકારે છે."

ધી બોમ્બે ગ્રેન ડીલર્સ ફીડરેશન તરફથી શ્રી પટવારી બીલને ટેકો આપતું એક નિવેદન મુંબઈ સરકાર ઉપર મોકલી આપવામાં આવ્યું છે. આ ફીડરેશનમાં મુંબઇના ૪૦૦૦ થી વધારે રીટેઇલ દાણાના વ્યાપારીઓ સભ્યો છે અને આ વ્યાપારીઓમાંથી ૯૦ ટકા જૈનો છે.

જુનાગઢથી વયોવૃધ્ધ ડા. એ. જી. શાહ તથા સૂરતથી ડા. અમીચંદ છગનલાલ શાહ તરફથી પટવારી બીલનું સચોટ સમર્થન કરતા નિવેદનો સંઘના કાર્યાલયને મળ્યા છે.

અહમદનગરના શ્રી વર્ધમાન શ્રાવક સંઘની કાર્યવાહક સમિતિની તા. ૮–૧–૫૬ ના રોજ મળેલી સભાએ બાલદીક્ષા પ્રતિબંધક બીલનું સર્વાનુમતે અનુમોદન કર્યું છે.

અહમદનગરથી મુંબઇની વિધાન સભાના ભૂતપૂર્વ સ્પીકર **શ્રી કુન્દનમલ એસ. ફિરોદિયા**એ પટવારી બીલને ટેકો આપતા એક નિવેદનની નકલ સંઘના કાર્યાલય ઉપર મોકલી છે.

પટવારી બીલને ટેકો આપતી સહીઓનાં સંખ્યાબંધ પત્રકો મુંબઈ સરકારને પહોંચાડવામાં આવ્યા છે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

મુંબઈના ઇતિહાસમાં પહેલી જ વાર
જુહુ તટે સર્વોદય મેળો

મુંબઇને આંગણે આજ સુધી તો અનેક કાર્યક્રમો થઇ ગયા, પણ સર્વોદય મેળાએ મુંબઇ શહેરીઓ માટે તદ્દન નવો અનુભવ છે. પૂ. ગાંધીજીએ આપણી સામે સર્વોદય સમાજનું ધ્યેય મૂક્યું છે; તુટક તુટક તો ઘણું વાંચીએ અને સાંભળીએ પણ છીએ. પરંતુ સર્વોદય સમાજ કેવો હોય એનું સમગ્ર ચિત્ર તો સર્વોદય મેળામાંથી જ જોવા મળે છે. આવો એક ભવ્ય મેળો ગાંધીજીના શ્રાદ્ધ દિને મુંબઈમાં યોજાઇ રહ્યો છે.

આજના જમાનામાં ધાર્મિક, સામાજિક અને આર્થિક મેળા ભરાતાં ઠેર ઠેર જોઇએ છીએ, પણ એ બધામાં નવી ભાત પાડે અને નવી દૃષ્ટિ આપે એવો તો આ સર્વોદય મેળો જ હશે. કોઈ પણ એક જ હેતુ કે પ્રવૃત્તિ નહિ, તેમજ કોઇ એક જ વર્ગ કે જાતનો નહિ પણ સૌના હિતનો વિચાર એ આ મેળા પાછળનો ખ્યાલ હશે, એટલે કે સમાજના સર્વાંગી વિકાસના ખ્યાલ પર આની રચના થશે.

ગાંધીજીના વિચાર પ્રચારનું આ સર્વશ્રેષ્ઠ સાધન છે. ગુજરાતમાં આવા મેળા ઠેર ઠેર ભરવાનો રિવાજ પડતો જાય છે. મુંબઇના શહેરી જીવનમાંથી સર્વોદયનું સુંદર ચિત્ર ખડું કરવાનો આ પ્રથમ પ્રયાસ છે. આ મેળામાંથી સમાજમાં સર્વોદય અંગે થઈ રહેલી પ્રવૃત્તિઓનો પરિચય થાય, અનુભવી અને વિચારશીલ વ્યક્તિઓનું માર્ગદર્શન મળે અને સૌને વિચાર વિનિમયની પૂરતી તક મળે એવી વ્યવસ્થા રાખવામાં આવી છે.

૧૧–૧૨ મી ફેબ્રુઆરીએ યોજાતા આ સર્વોદય મેળામાં પદયાત્રાઓ, શ્રમશિબિર, પ્રદર્શન, રમત ગમત હરિફાઇ, સાંસ્કૃતિક કાર્યક્રમ, વિવિધ ચિત્રો, 'બાપુ કુટિર' વગેરે કાર્યક્રમો દ્વારા સમગ્ર ચિત્ર ઉભું કરાશે. આવા ભવ્ય પ્રસંગમાં સાથ આપવા વેપારીઓ, કલાકારો, સમાજસેવકો સાહિત્યકારો, વિદ્યાર્થીઓ તેમજ સર્વોદયમાં શ્રધ્ધા ધરાવનાર તમામ પ્રજાજનોને અમે આમંત્રણ આપીએ છીએ.

સૂત્રકૂટની રચનામાં શક્ય હોય તે સૌ કોઇ એક સુતાંજલી અર્પણ કરે. **મંત્રીઓ, મુંબઈ–ઉપનગર ભૂદાન સમિતિ**

પંડિત સુખલાલજી સન્માન નિધિ

જણાવતા આનંદ થાય છે કે કલકત્તા ખાતે આ ફાળાની શરૂઆત થઈ ગઈ છે અને આજ સુધીમાં રૂા. ૧૫૦૦૦) ભરાયા છે, જેમાં મળેલા મુખ્ય વચનો નીચે મુજબ છે.

૫૦૦૧ શ્રી. સોહનલાલ દુગડ
૩૧૦૦ ,, શાન્તિપ્રસાદ જૈન
૧૦૦૦ ,, ભાગીરથ કાનોડિયા
૧૦૦૦ ,, હેમચંદભાઇ (જીવણલાલ કંપનીવાળા)

આ ફાળામાં પંડિતજીના પ્રસંશકો અને મિત્રોને,–આ સંબંધે રૂપિયા એક લાખનું લક્ષ્યાંક વિચારેલ હોઇને,–બને તેટલી સારી રકમો મુંબઈ જૈન યુવક સંઘના કાર્યાલય (૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ) ઉપર સત્વર મોકલી આપવા વિનંતિ છે. **મંત્રીઓ**

પંડિત સુખલાલજી સન્માન સમિતિ, મુંબઇ.

મનનો શરીરસ્વાસ્થ્ય સાથેનો સંબંધ

[ગતાંકથી ચાલુ]

(૨) પ્રેમમીમાંસા

સ્ત્રીપુરૂષના સંબંધને સ્વાભાવિક પ્રકાશમાં જોવાને બદલે એની ફરતી આપણે રંગની ઇંદ્રજાળ બાંધી દીધી છે. પ્રભુતામાં પગલાં માંડી દરેક સ્ત્રી આ અધુરાં સ્વપ્નોના રંગે રંગાયેલી હોય છે. થોડા મહિના કે વર્ષ બે વર્ષ પછી એ કલ્પનાની કરામત ઓગળી જાય છે. પ્રેમનું–સ્ત્રીપુરૂષ સંબંધનું–સ્વાભાવિક અને વાસ્તવિક સ્વરૂપ છતું થાય છે. અલૌકિક સ્વપ્નો અને કલ્પનાઓ ખોટી પડે છે. સ્ત્રીના જીવનનો આ એક સંઘર્ષકાળ બને છે. તેના દૈનિક વ્યવહારમાં ફેર નથી પડતો પણ ધીરે ધીરે એના સ્વાસ્થ્યમાં પલટો આવવા લાગે છે, સ્વભાવ ચીડિયો થઇ જાય છે. નમ્ર હેતાળ સ્વભાવની કેટલીક પ્રેમિકાઓ પત્ની થતાં જ કર્કશા બની ગઇ હશે. મન શંકાશીલ બને છે. પોતાને સંતોષ ન થતાં પતિ પ્રત્યે વહેમ શરૂ થાય છે. વહેમમાંથી એ મારો જ સર્વસ્વ હોવો જોઇએ એવી માલિકીની વૃત્તિ (Possessive instinct) જાગે છે. પતિ મારો છે અને મને જ વફાદાર રહેવો જોઇએ–આમ પતિ સાથેની તકરાર શરૂ થાય છે. જાતીય સંબંધમાં ઓટ આવી જાય છે. ઉદ્વાસીનતા Frigidity પેદા થાય છે.

અને આ પશ્ચાત્ ભૂમિકામાં પેલા મનોદૈહિક વ્યાધિઓ પેદા થાય છે. માથું દુઃખવું, કબજીયાત, હિસ્ટીરિયા એવા અનેક પ્રકારના રોગ શરૂ થાય છે. પ્રેમ જેવી લાગણી છે જ નહિ એ સત્યનું ભાન થતાં અને જાતીય આવેગ કાયમ એક સરખો ટકવાનો નથી એ શીખતાં પતિનું ધ્યાન પોતા પ્રત્યે કેમ કેંદ્રિત રાખવું એ પ્રશ્ન દરેક પત્નીને માટે થઈ પડે છે. કંઇક રોગ, હિસ્ટીરિયા, મને છાતીમાં ગભરામણ થાય છે વિગેરે ફરિયાદો પતિનું ધ્યાન પોતા પર કેંદ્રિત કરવા માટે જન્મે છે. "હું આટ આટલી રોગથી પીડાઉં અને તમે મારા પ્રત્યે ધ્યાન પણ ન આપો." દવાના બાટલા, ડૉક્ટરોનાં બીલ, હવાફેરના ધખારા સૌ શરૂ થાય છે. પ્રેમના નામથી પેલી આકાશી ઇમારત તૂટું તૂટું થઇ રહી હોય છે–એને ટકાવવાને પોલા લાકડાના થાંભલા ઉભા કરવામાં આવે છે.

પતિ પત્નીના દૈનિક જીવનમાં ફેર પડતો નથી. પણ મનનું સંઘર્ષણ ધીરે ધીરે મનને અને શરીરસ્વાસ્થ્યને કોરી ખાય છે.

એક જ વ્યકિત પ્રત્યે જીવનભર અટલ પ્રેમ રહે તે વસ્તુ સુંદર પણ કલ્પનાતીત જ લાગે છે. સ્ત્રી પુરૂષ પરસ્પર સંપર્કમાં આવતાં–જાતીય આકર્ષણ ઉપજે છે. પરંતુ તેની પાછળ કંઇ પણ ચિરંજીવ તત્વ કામ કરી રહ્યું હોય એમ માનવાને આપણી પાસે કોઈ કારણ નથી.

આ જાતીય આકર્ષણ સાથે માનસિક ચેતનાને સાંકળીને આપણે કાલ્પનિક રીતે જાતીય વૃત્તિને "દૈવી સ્વરૂપ" અથવા "પ્રેમ" કહીએ છીએ.

સ્ત્રીનું સૌંદર્ય, છટા અને અલભ્યતા પુરૂષને ઉશ્કેરી મૂકે છે અને પોતાના અહં–ego–libido–ને સંતોષવા તે સ્ત્રીને પોતાની બનાવવા તલસે છે.

મનુષ્ય એ જાતીય આવેગદ્વારા ખેંચાતું એક યંત્ર બની જાય છે.

લગ્ન પછીના થોડાક મહિનાઓ બાદ પ્રેમ ક્ષીણ થવા માંડે છે, અને થોડાંક વર્ષો પછી તેનો અવશેષ પણ જોવા મળતો નથી. પ્રેમને સ્થાને ઉપેક્ષા અને તિરસ્કારની લાગણી પ્રવર્તતી જાય છે. પરસ્પરનો અસંતોષ નિરંતર વૃધ્ધિ પામીને બન્નેના જીવનને અસહ્ય બનાવી મૂકે છે. નવાણું ટકા પરિણિત કુટુંબો આ રીતે નરકવાસ ભોગવી રહ્યા છે–અને આપણા સમાજની ચાલુ પ્રણાલિકા પ્રમાણે એ અનિવાર્ય જણાય છે. પરંતુ શરૂઆતથી જ જાતીય આવેશ જેવી તીવ્ર શકિત કુદરતી છે એમ માનીને સંતોષ આપીને અથવા તો લાગણીથી અને સમજાવટથી તેનું રૂપાંતર કરીને ઉર્ધ્વીકરણ કરવામાં આવ્યું હોય તો સારાએ સમાજમાંથી ઘણી વ્યકિતઓને વધુ શકિતશાળી અને ઉચ્ચ ચારિત્ર્યવાન મહાપુરૂષો બનાવી શકાય. કલ્પનાના પાયા પર રચેલી આપણી પ્રેમની ઇમારત હોય તેવાં ૯૦ થી વધુ ટકા સંખ્યામાં દંપતીઓ દુઃખી થાય છે.

(૩) દૃષ્ટાંતો

દૃષ્ટાંત તરીકે અનુભવમાં આવેલા કેટલાંક કેસોની-નોંધ બધુ ટુંકાણમાં નીચે પ્રમાણે આપું છું :—

માસિક સ્રાવનો અભાવ

અઢાર વર્ષની યુવાન બાળા (સી. જે. ટી.) ને લગ્ન પછી બે માસે માસિક બંધ પડવાના કારણે મારી પાસે લાવવામાં આવી. શારીરિક તપાસ કરતાં ગર્ભ રહ્યાનો કાંઈ પણ પૂરાવો ન હતો. તેમજ આ ફરિયાદ માટે બીજું કોઇ સ્પષ્ટ કારણ પણ ન હતું. દર્દીની કમર પર કોઢ જેવા બે ડાઘા હતા. પણ વધુ પ્રશ્નો પૂછતાં રસદાયક બાતમી મળી આવી. તે બાળાના પતિએ તેને એ ડાઘાને કારણે જ ફરી કદી પાછી નહી તેડાવવાની ધમકી આપી હતી. તંદ્રાવસ્થામાં મુલાકાત લેતાં રસમય માહિતી મળી શકી. લગ્ન પછીની પ્રથમ રાત્રે પતિની દૃષ્ટિએ પેલા બે સફેદ ડાઘ પડયા અને બીજે દિવસે વહેલી સવારે જ તે તેને તેના બાપને ત્યાં લઈ ગયો, અને પોતાની પત્નીના દેખાવ સંબંધી પોતાને છેતરવા માટે ઝગડો શરૂ કર્યો. પેલા ડાઘા અને દેખાવનો યોગ્ય ઉપચાર થતાં જ કુદરતી માસિક સ્રાવ પાછો ચાલુ થયો.

પ્રદર

પ્રદર એ શીરોવેદના જેવું પેડુનાં નીચેના ભાગનું દર્દ છે, ઘણાં કેસોમાં તે ઉપચાર કરતાં પણ નાબુદ થતું નથી. અસાવધપણે થતાં જાતીય ખ્યાલો જનન પ્રદેશને ઉશ્કેરીને hyperemia (અત્યાર્તવ) કે hypersecretion (ધાતુસ્રાવ) જેવાં દર્દો ઉત્પન્ન કરે છે અને સ્નાયુઓને કમજોર બનાવે છે.

એક ૩૭ વર્ષની પારસી બાઇને સખત ઝાડાઓ અને પ્રદર લાગુ પડયો, જેની પાછળ રસદાયક બીના ગુંથાએલી જણાઇ. લગ્ન બાદ ૭ વર્ષે આ લક્ષણો દેખાયાં, અને તેનો પતિ તેને મારી પાસે લાવ્યો. દર્દને માટે કોઈ શારીરિક કારણ ન હતું. તેનો સવિસ્તર અહેવાલ સાંભળતાં ધ્યાન ખેંચવા લાયક એક મુદ્દો મળી આવ્યો કે ૭ માસ પૂર્વે એક વિમાની અકસ્માતમાં તેનો પતિ સપડાયો હતો. તે બનાવ બન્યા પછી તરતમાં જ તેને આ દર્દ શરૂ થયું હતું. તેમાંયે તેના પતિની હાજરીમાં સ્રાવ વધુ પ્રમાણમાં થતો. અકસ્માતથી તેના પતિનો ચહેરો વિકૃત બની ગયો હતો અને તેના ઉપર વિવિધ પ્રકારની શસ્ત્રક્રિયાઓ કરવી પડી હતી. પત્ની પતિ પ્રત્યે આ કારણે અણગમો અને ત્રાસની લાગણી અનુભવતી હતી. તેની એ જાતની દબાએલી લાગણીઓ આ રીતે દર્દનાં લક્ષણોદ્વારા વ્યકત થતી. છુટાછેડા દ્વારા તેની એ ફરિયાદોનો અંત આવ્યો.

પેસાબની ફરીયાદો

એસ. એસ. આર. ઇ. નામની છવીસ વર્ષની અપરિણીત સ્ત્રીને તપાસવા માટે મારે એક ધણા શ્રીમંત કુટુંબમાં મુલાકાતે જવાનું થયું. તેની ફરિયાદ એ હતી કે બહુમૂત્રતાના વ્યાધિને પરિણામે તેમ જ પેસાબની ઇચ્છા પર કાબુ ધરાવવાની અશકિતને લીધે તેને પેસાબ રોકવાનું મુશ્કેલ બની જતું. તે માટે શારીરિક કારણ કાંઇ મળતું ન હતું.

તેની તંદ્રાવસ્થા દરમ્યાનના મનોવિશ્લેષણમાં નીચેની માહિતી મળી આવી. જૂના વિચારના કડક સ્વભાવવાળા તેના પિતા અન્ય પુરૂષો સાથે છૂટથી ભળવાની તે સ્ત્રીની ઇચ્છાનો વિરોધ કરતા. આ જાતનો સામાજિક પ્રતિબંધ તેના માનસિક દબાણનું કારણ બન્યો, જેને લીધે જાતીય પ્રવૃત્તિ નિરાશામાં પરિણમી, પેસાબને લગતાં જે લક્ષણો દેખાતાં હતાં તે કુદરતી જાતીય પ્રવૃત્તિના ચેતનાવસ્થામાં થયેલા પ્રતિકારના પ્રતિનિધિરૂપે હતાં. આને પરિણામે વિજાતીય પક્ષની હાજરીમાં તેના દર્દનું પ્રમાણ વધી જતું.

જાતીય સંબંધના ખોટા ખ્યાલો દૂર કરીને તથા તેને મનમાં વધુ સ્થાન ન આપવાની સૂચના તેમજ તે બાબતની યોગ્ય દોરવણી આપીને આ લક્ષણોનું નિવારણ કરવામાં આવ્યું.

વ્યર્થ શસ્ત્રક્રિયાની નિષ્ફળતા

નીચેના બે કેસો એ બાબતમાં સારું દૃષ્ટાંત પૂરું પાડે છે કે દર્દોની કોઈ જાતની મનોદૈહિક સ્થિતિને લગતી વિચારણા કર્યા વિના તેના પર શસ્ત્રક્રિયા કરવાને થયેલો પ્રયત્ન કેવો નિરર્થક થાય છે :—

૧. એમ. સી. નામની ૩૫ વર્ષની સ્ત્રીને પેટમાં અને કમરમાં દુઃખાવો તથા અશકિત ઉપરાંત જ્ઞાનતંતુની કમજોરીની ફરિયાદ હતી. લગભગ આ જ પ્રકારની ફરિયાદોની રાહત માટે તેના પર બે વખત શસ્ત્રક્રિયા કરી હતી, અને ફરી કરાવવા પણ તે તૈયાર હતી. તેની સમગ્ર પરિસ્થિતિનો અભ્યાસ કરતાં, તે પોતાનું વાતાવરણ છોડીને જ્યાં તેની વધુ સંભાળ લેવાય અને તેના પ્રત્યે ધ્યાન આપવામાં આવે તેવી પરિસ્થિતિનો આનંદ માણવા ઇચ્છતી હતી.

તંદ્રાવસ્થાના મનોવિશ્લેષણમાં સ્પષ્ટ થયું કે તેણીને તેના પતિ પ્રત્યે અસંતોષ હતો, તેથી તે વાતાવરણમાં પલટો લાવવા ચાહતી હતી. તેનામાં પતિ પ્રત્યે સહાનુભૂતિ અને વિશ્વાસ પ્રેરતાં અને તેના ખ્યાલોને યોગ્ય માર્ગે દોરતાં, તેને પુષ્કળ જરૂરી રાહત મળી.

૨. એસ. એમ. જે. નામની અઢાર વર્ષની કુમારિકાને પેટના જમણી બાજુમાં સખત દુઃખાવાના કારણે ચાર વખત તેનું લગ્ન અટકાવવું પડયું. તેના ઉપર એપેન્ડીસેકરોમી અને ડાઇલેટેશન તથા કુરીટાજ (D. & C.) ની શસ્ત્રક્રિયા પણ કરવામાં આવી, છતાં બીજી લગ્ન તિથિ સમયે તેની ફરિયાદો પાછી ફરીથી દેખાવા લાગી. તેના મનોવિશ્લેષણદ્વારા જણાયું કે તે જાતીય સંબંધનો અનુભવ કરવા જેટલી માનસિક રીતે પુખ્ત બની ન હતી. એ જ તેના દર્દનું મુખ્ય કારણ હતું.

પ્રસુતિ માટેના ભ્રમજનક ખ્યાલો

આ સ્થિતિ કાં તો પ્રસૂતિ માટેના તિરસ્કારમાંથી અથવા તો સગર્ભા થવાની પ્રબળ ઇચ્છામાંથી ઉદ્‌ભવે છે.

૧. એમ. આર. આર. નામે છત્રીસ વર્ષની બાઇ સગર્ભા થવાથી પ્રસૂતિ સમયના કષ્ટ વેઠવાના ખ્યાલોથી ખૂબ રડતી હતી, પણ હું તેને Moryl ઇન્જેકશન આપીને અને Hatus tube પસાર કરીને દુઃખ-મુકત કરવા શકિતમાન થયો.

૨. એચ. એચ. એસ. નામે ચાલીસ વર્ષની બાઇને પોતાની ગણત્રીના આધારે આઠ મહિના થયા હતા. તેણે પોતાની જાતે એક જાણીતી ઇસ્પીતાલમાં પોતાનું નામ પણ નોંધાવ્યું હતું. તપાસ કરતાં તેને કાળજા પાસે લોહીની ગાંઠ અને જલંદર જેવું જણાયું. ખરું નિદાન થયે તે નિરાશ થઈ હતી. જો કે તેણે ગર્ભનું હલન ચલન થયાનું નિવેદન પણ કર્યું હતું.

૩. ટી. એલ. એ. નામે બત્રીસ વર્ષની બાઇએ લગ્ન બાદ બાર વર્ષે મારી પાસે D & C કરાવ્યું હતું. તેને માસિક બંધ થતાં તે શંકાશીલ બની. ચાર માસની આખરે ગર્ભાશય પણ સંદેહજનક રીતે વૃધ્ધિ પામેલું જણાયું. તેમજ સ્તન પણ સારી રીતે વિકાસ પામીને તેમાંથી દૂધ જેવો સ્રાવ પણ થતો જણાતો હતો. મેં તેને આશાજનક શબ્દો કહ્યા કે કદાચ તે સગર્ભા પણ હોય. અને પંદર દિવસ પછી ફરી તપાસાવવા માટે આવવા કહ્યું. અત્યંત આનંદિત બનીને તેણે સારી રકમ ધાર્મિક ક્રિયાઓમાં વાપરી, પણ ફરીથી તપાસને પરિણામે જણાયું કે તેણી સગર્ભા ન હતી. તેથી તેણીની સ્થિતિ ધાસ્તીજનક થઇ ગઇ. પણ તંદ્રાવસ્થામાં તેને ધીમે ધીમે સંભાળપૂર્વક સૂચનોદ્વારા દિલાસો આપીને સ્વસ્થ કરવામાં આવી. ધીમે ધીમે સ્તનનો વિકાસ અને તેમાંથી થતો દૂધનો સ્રાવ તથા જરા ઉપસેલા પેટનો ભાગ અને બીજી ગર્ભની અસ્પષ્ટ ભ્રાંતિજનક હિલચાલ પણ અદ્રશ્ય થઇ.

૪. જે. એસ. એલ. નામે ૬૨ વર્ષની વૃધ્ધ સ્ત્રીને તેના પૌત્રો મારી પાસે લાવ્યા. તેને સખત ઉલટીઓ અને પેડુના નીચેના ભાગમાં દર્દની ફરિયાદ હતી. તપાસ કરતાં પેડુનો ભાગ જરા કઠણ અને ત્યાં ગાંઠના જેવો જમાવટ થયેલો લાગતો હતો. પણ ગર્ભ હોવાનો કાંઈ પૂરાવો ન હતો. દરમ્યાન મનોવિશ્લેષણ થતાં ભય સ્પષ્ટ થયો. તંદ્રાવસ્થામાં ખોટો D. & C. કરવામાં આવતાં તેની ફરિયાદો બધી દૂર થઇ.

(૪) બાળવિકાસ

સ્ત્રીની આ વ્યાધિઓની અસર ખાલી પતિપત્નીના જીવનમાં થાય છે એવું નથી. બાળકના જીવન પર પણ એની અસર થાય છે. જે માતાનું મન અને સ્વાસ્થ્ય નિર્મળ ન હોય તે બાળકનો ઉછેર કઇ રીતે કરી શકશે. બાળક કાં તો સંપૂર્ણ ઉપેક્ષા પામે કે પછી સ્ત્રી પોતાના પડી ભાંગતા સંસારને એકમાત્ર આશા સમા આ બાળકને અત્યંત લાડકોડથી નવાજે. ઉપેક્ષા અને લાડ બન્ને બાળકના વિકાસ માટે હાનિકારક છે.

બાળકનું ગુન્હાહિત અને બંડખોર માનસ તેના બાળપણના અનુભવો અને શિક્ષણને આભારી છે. ભય અને ગુસ્સા જેવા આવેશોને સમજપૂર્વક નિયંત્રણ કરીને સારે રસ્તે રૂપાંતર કરવું જોઇએ.

ભૂપત, માનસિંગ કે ગોડસે જેવાઓએ કરેલા ગુન્હાઓ માટે માત્ર તેઓ પોતે જવાબદાર નથી, તેના માબાપ, શિક્ષકો અને જ્યાં ઉછર્યા હોય તે સમાજ પણ એટલા જ જવાબદાર માલુમ પડે છે.

માબાપ સમજીને વિચારપૂર્વક આચરણ કરે તો અનેક અનિષ્ટોમાંથી બાળકને બચાવી શકાય. બાળકની પ્રાથમિક વૃત્તિઓનું યોગ્ય નિયંત્રણ કરીને તેને સારા સંસ્કારવાળું અને ઉચ્ચ ચારિત્ર્યવાળું બનાવી શકાય.

(૫) રોગની પ્રગતિ

મન જેમ કેટલીક વ્યાધિઓ પેદા કરે છે તેમ કેટલાક રોગોને લીધે પણ મન અસર પામે છે. દૃષ્ટાંતઃ–ક્ષય રોગની જરાક શી અસર એક યુવાન સ્ત્રીના ફેફસામાં જણાય છે. મન અત્યંત આકુળ બને છે. "મારા નશીબમાં સહન કરવાનું જ લખ્યું છે, આવો રોગ થયો તે મારો જીવ લઇને જ છોડશે." આપણો નશીબવાદ, અન્નજળમાં જ ભાગ્યને પર્યાપ્ત ગણી રાચતી આપણી વિવેકદૃષ્ટિ આપણા પુરુષાર્થને સદા પાંગળો બનાવી દે છે. રોગીની આ મનઃસ્થિતિ રોગને વધારે બહેકાવી મૂકે છે.

સૌને માનવામાં નહિ આવે પણ આ પ્રકારની માનસિક અવ્યવસ્થાઓ, પતિપત્ની વચ્ચેનો અસંતોષ કે કુટુંબ કલેશને લીધે વ્યાધિઓ રૂપે ઉગ્ર સ્વરૂપ ધારણ કરે છે, જ્યારે માનસિક સ્વસ્થતા હોય તેવાઓને વધુ આગળ વધેલો રોગ હોવાં છતાં ઝડપી ફાયદો થાય છે.

દર્દીનું શરીર અને મન બન્ને રોગનાં કારણભૂત છે, અને એ બન્ને પ્રત્યે પૂરતું લક્ષ આપવાની દરેક ડોકટરની ફરજ છે.

બાળકની માફક વિશ્વાસ મેળવીને ગુંચવાતા દર્દીને પ્રોત્સાહન આપીને સમજવાનો પ્રયત્ન કરવો અને આંતરિક અવરોધોને નિવારવાનું કાર્ય સરળ કરવું એજ સારામાં સારો ઉપાય છે. અજ્ઞાત મન પરનાં આવરણો દૂર કરીને તેનાં ઉંડાણમાં સંગ્રહાયેલા ભંગારને ખસેડવો એજ મુખ્ય કર્તવ્ય છે.

(૬) ઉપસંહાર

સ્ત્રીઓના ખાસ રોગોનાં લક્ષણ તરીકે ગણાઇ ચૂકેલાં લક્ષણોની પછવાડે પણ કેટલીક વાર ફકત માનસિક કારણો રહેલાં હોય છે. તે વસ્તુનું પ્રતિપાદન કરવા આ લેખમાં પ્રયત્ન કર્યો છે. આ માનસિક કારણો શરૂઆતમાં જ પારખી શકાય તો ચિકિત્સાનો પ્રશ્ન ઘણો સરળ થઇ પડે. તાવ કે ખાંસી જેવા માણસને ત્રાસદાયક થઈ પડે એવાં આ લક્ષણો નથી, અને આ માનસવિકૃતિનો થોડો ઘણો ખ્યાલ કંઇક અંશે દર્દીના રોજબરોજના વર્તનમાં થતા ફેરફારથી નજીકનાં સંબંધીઓને જ આવી શકે.

પણ સહેજસાજ એવી માનસિક મૂંઝવણને માટે ડોકટર પાસે દોડયા જવાનું આપણા દેશમાં હજી સ્વાભાવિક નથી. ભણેલાં અને સંસ્કારી કુટુંબોમાં પણ–અરે ખુદ ડોકટરોમાં પણ–માનસશાસ્ત્રી પાસે જવાની આળસ અને શરમ ભારોભાર ભરી હોય છે. માનસિક રોગ એટલે કંઇક શરમજનક બિમારી છે, અને તેનો તો કંઇ ઉપાય હોય જ નહી, એવી સાધારણ જનતાની માન્યતા છે. જનતા અને ડોકટરોએ એ સમજવું જોઇએ કે માનસિક રોગો જો શરૂઆતમાં પરખાય તો તેના નિવારણ માટે આજના તબીબો પાસે પૂરતા ઉપાયો છે. સહેજ પણ માનસિક મૂંઝવણ જણાય તો દર્દીએ પોતે ડોકટર પાસે જવું જોઇએ, અથવા તો દર્દીના વર્તનમાં થતા ફેરફારની જાણ થયા બાદ તુરત દર્દીને ડોકટર પાસે લઇ જવો જોઇએ. શરૂઆતમાં જો બેદરકારી બતાવવામાં આવે તો આગળ ઉપર જ્યારે આ રોગ જડ ઘાલી બેસે છે ત્યારે એનું નિવારણ લગભગ અશકય થઇ પડે છે.

મારું માનવું છે કે આ પ્રમાણે મનોદૈહિક બિમારીનો ભોગ બનતી સ્ત્રીઓની સંખ્યા આપણા ધાર્યા કરતાં ઘણી વધારે છે. દરેક ડોકટરે કોઈ પણ રોગના નિદાન સમયે એ બિમારીનાં કારણોમાં માનસિક પ્રશ્નોએ કેટલો અને કેવો ભાગ ભજવ્યો હશે એનો ખ્યાલ રાખવો જોઇએ. જો દરેક ડોકટર માનસચિકિત્સાના પ્રાથમિક સિધ્ધાંતોનો ખ્યાલ ધરાવતો હોય તો આપણા દેશના ગણ્યાગાંઠયા માનસશાસ્ત્રીઓનો બોજો સારા એવા પ્રમાણમાં હલકો થઈ શકે. દર્દીના મનની દરેક પ્રક્રિયાઓનું પૃથક્કરણ કરીને માનસિક મૂંઝવણનું મૂળ શોધ્યા પછી એના ઉપાય માટે તાત્કાલિક પગલાં લેવાં જરૂરી છે.

ચિકિત્સા દરમ્યાન ડોકટરે એ ખ્યાલ પણ રાખવો જોઇએ કે તેની હાજરી દરમ્યાન દર્દીના વર્તનમાં થતો સુધારો દર્દી સંપૂર્ણપણે સારો થઈ ગયો એમ કહેવા માટે પૂરતો નથી. ડોકટરની ગેરહાજરીમાં સગાં સ્નેહીઓ સાથેના દર્દીના વર્તન પરથી તેની સ્થિતિમાં થતાં સુધારાનો અંદાજ કાઢી શકાય. ડોકટરે એ પણ ખ્યાલ રાખવો જોઇએ કે સગાં સ્નેહીઓનું વર્તન દર્દી પ્રત્યે કેવું છે અને દર્દી પોતે તેઓને કઇ દૃષ્ટિથી જુએ છે. સારા થયા પછી તુરતજ દર્દીને પાછા એના મૂળ વાતાવરણમાં એનાં એજ સગાં સંબંધીઓની વચ્ચે મૂકતાં કેટલીય વાર ડોકટરની સર્વ મહેનત વ્યર્થ જાય છે. ઘણી વાર દર્દીની સાધારણ વિચિત્રતાને સગાં સ્નેહીઓ અત્યંત ગંભીર સ્વરૂપ આપી બેસે છે. સગાં સ્નેહીઓની આ પ્રકારની ભૂલભરેલી માન્યતા દર્દીનો આત્મવિશ્વાસ ધીરે ધીરે ઘટાડે છે. ચિકિત્સા દરમ્યાન દર્દીની સમજાવટ ઉપરાંત ડોકટરની એ પણ ફરજ છે કે જેની સાથે આખી જીંદગી દર્દીએ કાઢવાની છે તે સગાં સ્નેહીઓને પણ તે યોગ્ય માર્ગદર્શન આપે, કારણ કે કોઇ પણ પ્રકારની માનસચિકિત્સાનું આખરી ધ્યેય તો એકજ છે કે દર્દી આખરે સંતોષજનક રીતે સમાજમાં અને કુટુંબમાં યથાસ્થાને ગોઠવાઈ જાય.

પોતાની જાતીય અને માનસિક મૂંઝવણોનો યોગ્ય નિકાલ લાવી શકવાને અસમર્થ એવી કેટલીક સ્ત્રીઓ મનોદૈહિક બિમારીનો ભોગ થઇ પડે છે. આ પ્રશ્ન ફકત વ્યકિતગત બની નથી રહેતો પણ સમગ્ર કુટુંબને બલકે આખા સમાજને સ્પર્શે તેટલો વ્યાપક બની રહે છે. અંદરોઅંદર ધુંધવાતી અશાંતિએ કેટલાંય ઘરોમાં કલહના કાળાં અંધારાં ફેલાવી મૂકયાં છે. પરસ્પરની અસહિષ્ણુતાઓએ કુટુંબભરમાં વિખવાદનાં વિષ જન્માવ્યા છે. સ્ત્રીની માનસિક વિકૃતિઓ આખરે છૂટાછેડાની કમનશીબી એમને માથે લાદે છે. આ બધા પ્રશ્નો અને મૂંઝવણો આખા સમાજને સ્પર્શે છે. પણ એના મૂળમાં ઉંડા ઉતરીએ તો વ્યકિતગત માનસિક વિટંબણાઓ જ મળી આવે છે.

ઉપરાંત મારું માનવું છે કે લગભગ દરેક સ્ત્રી જીવનમાં એકાદ વખત પણ આવી માનસિક અને જાતીય સમસ્યાઓનો સરળતાથી ઉકેલ ન લાવી શકવાથી નાસીપાસ બનતાં આખરે મનોદૈહિક અસ્વસ્થતાનો ભોગ થઇ પડતી હોય છે, અને આવી ગંભીર મનોજાતીય અને મનોદૈહિક અવરોધોવાળી સ્ત્રીઓ ભાગ્યે જ તંદુરસ્ત માનસ અને શુભ સંસ્કારવાળું બાળક પેદા કરી શકે છે, તેમજ સમાજને ઉપયોગી નીવડી શકે છે.

સમાપ્ત **એમ્. ડી. આર્કતિયા**

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મસ્જીદ બંદર રોડ, મુંબઈ ૯. ટે. નં. ૩૪૬૨૯

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

પ્ર. જૈન વર્ષ ૧૪–પ્ર. જીવન વર્ષ ૩
અંક ૧૯

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ફેબ્રુઆરી ૧, ૧૯૫૬, બુધવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ : ત્રણ આના

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

ભવ્ય ભૂતકાળની ભ્રમણામાંથી મુક્ત બનો : આધુનિક જીવનમૂલ્યો અપનાવો!

એક વિચારણા

(આ પ્રવચનમાં શ્રી કે. એમ. પાણીકરે અમુક વિવાદાસ્પદ લિખાનો કર્યા છે જેની તા. ૨૧–૧–૫૬ ના "હરિજનબંધુ"માં શ્રી ભગનભાઇ દેસાઇએ "પૂર્વનાં વિ. પશ્ચિમનાં મૂલ્યો" એ શિર્ષક નીચે વિશદ આલોચના કરી છે. એ આલોચના પ્રબુધ્ધ જીવનના આગામી અંકમાં પ્રગટ કરવામાં આવશે. તંત્રી)

તા. ૨૪–૧૨–૫૫ ના રોજ શાન્તિનિકેતન ખાતે વિશ્વભારતીના પદવીદાન સમારંભ પ્રસંગે પ્રવચન કરતાં શ્રી. કે. એમ. પાણીકરે જણાવ્યું હતું કે "રાષ્ટ્રીયતાના ખોટા ખ્યાલો, ધર્મને લગતા ભ્રામક વિચારો, અને ભૂતકાળનાં વિકૃત સ્વપ્નાં–આ સર્વમાં, જો દેશની આર્થિક અને સામાજિક પ્રગતિ સાધવી હોય તો, ક્રાન્તિકારી ફેરફારો થવા જોઇશે. સાદા જીવનનો સિધ્ધાન્ત જેમાંથી ઉન્નત ચિન્તનને પ્રેરણા મળતી હોવાનું માનવામાં આવે છે એ ખરી રીતે દારિદ્રયની જ પૂજા છે. એ જ વિચારને વિકસાવતાં તેમણે જણાવ્યું કે "ઐચ્છિક ગરીબાઇ જરૂર ઘણી મહત્વની વસ્તુ છે અને જરૂરિયાતોને બને તેટલી સંકોચીને જીવવાનો ત્યાગપૂર્ણ જીવનનો–આદર્શ જેમાંથી ઐચ્છિક ગરીબાઇ સહજ-પણે ફલિત થાય છે એ એક એવો આદર્શ છે કે જેનું દુનિયા હંમેશાં બહુમાન કરતી રહી છે. પણ એ ઉપરથી ગરીબીને રાષ્ટ્રીય આદર્શ તરીકે સ્વીકારવી એ કેવળ સમજણ વિનાની વાત છે.

"એ જ રીતે ગામડાં તરફ પાછા ફરો અને હસ્તોદ્યોગપ્રધાન અર્થરચનાને સ્વીકારો એવી આજે કેટલાએક સ્થળે હાકલ કરવામાં આવે છે. આ સામે મારી સખ્ત નાપસંદગી હું જાહેર કરું છું. હિંદી જીવનમાં ગામડાંનાં મહત્વનો કોઇ ઇનકાર કરી નહિ શકે. એની જ રીતે હસ્તોદ્યોગ અને હાથકારીગરીને આપણી અર્થરચનામાં જે મહત્વનું સ્થાન મળવું જોઇએ તે વિષે પણ બે મત હોવા સંભવ નથી. એ હસ્તોદ્યોગ અને હાથકારીગરીમાં સૈકાઓની સૌન્દર્યપોષક સભ્યતાની પરંપરા અને વ્યક્તિગત કળાકુશળતા તથા ચાતુર્ય મૂર્તિમન્ત થાય છે એ પણ મને કબુલ છે. પણ ગ્રામ અર્થરચનાના પક્ષકારો જે માંગે છે તે આ નથી. તેઓ શહેરી સભ્યતા અને સંસ્કૃતિના મૂલ્યોનો જ અસ્વીકાર કરે છે અને દ્રાવાપૂર્વક જણાવે છે કે વધારે ને વધારે સાદું જીવન–સંયમ ત્યાગથી ભરેલું અને ઉત્તરોત્તર ઘટાડવામાં આવતી ઓછામાં ઓછી જરૂરિયાતોવાળું જીવન–સ્વીકારવાથી જ હિંદ સ્વત્વને–પોતાના સાચા સ્વરૂપને–પ્રાપ્ત કરી શકશે. કેટલાએક લોકો એમ પણ સૂચવે છે કે ભૂતકાળનાં તપોવનો જ્યાં કોઇ ગુરુ ધ્યાનમગ્ન જીવન જીવતો હોય, સાદું જીવન અને ઉન્નત ચિન્તન એ ધોરણ ઉપર એની જીવનચર્યા રચાયલી હોય–આવા ગુરુની દેખરેખ નીચે ચાલતાં તપોવનોના પાયા ઉપર હિંદનું નવનિર્માણ કરવું જોઇએ. હિંદમાં આ પ્રકારનું જીવન કોઇ કાળે પણ અસ્તિત્વમાં હતું કે નહિ તેની મને ખબર નથી. બધા ઐતિહાસિક પુરાવા તો આવી કોઇ વસ્તુસ્થિતિ કદિ પણ હોવાની વિરુધ્ધ જાય છે. કારણ કે આપણે જાણીએ છીએ કે પ્રાણવાન શહેરી જીવન હિંદમાં કંઈ કાળથી અસ્તિત્વ ધરાવતું અને હિંદી સંસ્કૃતિ અને સભ્યતાને ઘડતું આવ્યું છે. અને તપોવનો જ્યાં હતાં તે પણ વિરલ, છુટા છવાયાં અને એકમેકથી દૂર હતાં. આજે પણ એ તપોવનો હયાતી ધરાવે છે અને આ વિશ્વભારતી એ તપોવનની જ આધુનિક આવૃત્તિ છે. પણ એકમેકથી અલગ રહેતા, તપજપ કરતાં અને પરબ્રહ્મના ધ્યાનમાં અવશ્ય લીન રહેતાં તપોવનો જ સ્થળે સ્થળે ઉભા કરવા જોઇએ, હિંદની રાજકીય ધમારત આ આદર્શ ઉપર રચવી જોઇએ–આવો ખ્યાલ કેટલાક લોકો ધરાવતા સંભળાય છે. હિંદના ભાવી નિર્માણ વિષે આ કરતાં વધારે બેહુદી વિચિત્ર કલ્પના બીજી કોઇ હોઇ ન શકે.

"કેટલાક લોકો એમ માને છે કે હિંદ જો પોતાના ઉત્પાદનમાં વૃદ્ધિ કરવા પાછળ પડશે તો હિંદમાં ભૌતિકવાદની ભારે જમાવટ થશે, અને હિંદની આધ્યાત્મિકતા નાબુદ થશે. હું પુછું છું કે બાકીની દુનિયા કરતાં હિંદ વધારે આધ્યાત્મિક છે એમ માનવાને કોઇ કારણ છે ખરું ? આવા ખ્યાલ પાછળ શું એ કલ્પના રહેલી છે કે સમાજને વધારે વ્યવસ્થિત બનાવવાને બદલે તાત્વિક વિચારણા ઉપર જ હિંદનું ધ્યાન અને ચિન્તન વધારે કેન્દ્રિત રહેતું હતું અથવા તો એ પાછળ એવી કોઈ ભાવના છે કે દુનિયામાં કોઇ પણ દેશની મહત્તા તેના આધિભૌતિક પરાક્રમો અને સિધ્ધિ ઉપરથી નહિં પણ તેની આધ્યાત્મિક સાધના ઉપરથી જ મપાય છે ? આ બન્ને કલ્પનાઓ સંબંધમાં વિચાર કરતાં મને લાગે છે કે દુનિયા કરતાં હિંદ વધારે આધ્યાત્મિક છે એ દાવામાં આત્મવંચના સિવાય બીજું કશું જ નથી. વસ્તુતઃ ભૌતિકવાદ હિંદમાં જેટલો વ્યાપક છે તેટલો દુનિયામાં અન્યત્ર કોઈ જગ્યાએ નજરે પડતો નથી. બીજાનો લાભ ઉઠાવવાની વૃત્તિની જમાવટ હિંદમાં જેટલી થયેલી છે તેટલી અન્ય કોઈ સ્થળે જોવામાં આવતી નથી.

"જે નવ હિંદનું આપણે નિર્માણ કરી રહ્યા છીએ તેમાં ભવ્ય ભૂતકાળનો સિધ્ધાન્ત, અને કહેવાતું સાદું જીવન જીવવા માટે ગામડા તરફ પાછા ફરવાની ગાંડી વાતો આ બન્ને મને અદ્યતન પરિસ્થિતિ સાથે અસંગત અને દેશકાળવિરોધી લાગે છે. કારણ કે જે વારસો આપણને મળ્યો છે તે અંશતઃ જરૂર હિંદી છે. પણ સાથે સાથે પશ્ચિમ તરફથી મળેલો વારસો ઘણાં ક્ષેત્રો પરત્વે ઓછા મહત્વનો નથી. આધુનિક હિંદ મનુના કાયદા નીચે નિર્ભર રહીને જીવન જીવતું નથી. તેની માનસિક ભૂમિકા અને ઘડતર ઉપર જો કે હિંદી પરંપરાની ખૂબ અસર છે, એમ છતાં પણ છેલ્લાં સો વર્ષથી આજ સુધીનું તેનું ઘડતર માનસિક પ્રવૃત્તિને સ્પર્શતા દરેક ક્ષેત્રને પહોંચી વળેલાં પાશ્ચાત્ય શિક્ષણ દ્વારા થયેલું છે. તેના સામાજિક આદર્શો કેવળ પૂર્વ કાળના હિંદુ સમાજના હવે નથી રહ્યા, પણ પશ્ચિમના ધોરણ ઉપર ઘડાયા છે અને પશ્ચિમના સામાજિક વિચારકોના શિક્ષણમાંથી ખૂબ પ્રેરણા પામ્યા છે. હિન્દની સંસ્કૃતિ હંમેશાં સમન્વયાત્મક રહી છે. તેની ભૌગોલિક પરિસ્થિતિએ કદાચ અન્યની વિચારણાઓને ગ્રહણ કરવાની અને પોતાનું સ્વત્વ ગુમાવ્યા સિવાય તેને પચાવવાની એક વિશિષ્ટ તાકાત કેળવવામાં મોટી મદદ કરી છે. આર્ય અને દ્રાવિડ–ઉભય સંસ્કૃતિનો સમન્વય એજ હિંદી સભ્યતાનો પાયો છે. એજ રીતે પૂર્વ અને પશ્ચિમ વચ્ચે આપણે સુમેળ–સમન્વય–સાધવાનો છે. છેલ્લા થોડા દશકા દરમિયાન વૈજ્ઞાનિક જ્ઞાનમાં સધાયલી અસાધારણ પ્રગતિએ આપણા જીવનના દરેક અંગમાં ભારે પરિવર્તનો પેદા કર્યા છે. આવા પરિવર્તનકાળમાં જ્યારે હિંદ આગળને આગળ વિરાટ પગલાં માંડી રહ્યું છે ત્યારે બુધ્ધિને બાજુએ રાખીને ચાલવાની ટેવ, ધર્મજનૂન, કાલ્પનિક ભૂતકાળના વિકૃત ખ્યાલો ઉપર આધાર રાખતા જુના વિચારોને અંધપણે વળગી રહેવાનો આગ્રહ–આ એવા વિકરાળ દુશ્મનો છે કે જેનો આપણામાંના દરેકે પોતપોતાના ક્ષેત્રમાં પૂરેપૂરો સામનો કરવાનો રહે છે. આ માટે મારો તમને આદેશ છે–આગ્રહ ભર્યો ઉપદેશ છે–કે ભવ્ય ભૂતકાળનાં ગાણાં ગાવા બંધ કરો. દેશમાં નવજીવન નિર્માણ કરવા માટે જોસપૂર્વક લડતા રહો. આધુનિક જીવન મૂલ્યોને અપનાવો અને પ્રગતિનાં નવાં સાચાં સીમાચિહ્નો સર કરતા રહો !"

મૂળ અંગ્રેજી : કે. એમ. પાણીકર

મારી જીવન કથા

(શાન્તિનિકેતન સાથે જેમનું નામ સંકળાયલું છે અને જેમણે એ સંસ્થાની એક અધ્યાપક તરીકે ૧૯૪૧ સુધી સેવા કરી છે અને આજે પણ લોકસેવાનાં અનેક કાર્યોમાં ગુંથાયલા રહે છે, આજે જેમની ૬૦ વર્ષની ઉમ્મર થઇ છે એવા એક સાધુ પુરૂષ શ્રી ગુરૂદયાળ મલીકજી મુંબઇ જૈન યુવક સંઘના નિમંત્રણને માન આપીને તા. ૧૪-૧-૫૬ શનીવારના રોજ સંઘના કાર્યાલયમાં પધાર્યા હતા અને પોતાના જીવનના કેટલાક અગત્યના બનાવો ઉપસ્થિત ભાઈ બહેનો સમક્ષ રજુ કર્યા હતા. એ પ્રસંગે પ્રાધ્યાપિકા શ્રી તારાબહેન શાહે લીધેલી નોંધને પ્રબુધ્ધ જીવન માટે સંકલિત કરી આપી છે જે પ્રગટ કરતાં આનંદ થાય છે. ત'ંત્રી)

પોતાનાં જ જીવન વિષે બોલવું એ ખરેખર અઘરૂં છે. પરંતુ શ્રી પરમાનંદભાઇએ જ્યારે એ વિષય સૂચવ્યો જ છે તો હું બોલીશ. જીવનમાં મને ખૂબ રસ છે અને પરમાત્મામાં ખૂબ શ્રધ્ધા છે. એ મારી પાસે જે બોલાવશે તે હું બોલીશ.

હવે તો હું જીવનની સંધ્યાએ પહોંચ્યો છું. જીવનમાં જાત-જાતના અનુભવો થયા છે. એ અનુભવોમાંથી સાર તારવ્યો છે. એને કેવી રીતે પચાવવો એની સાધના આજ સુધી પણ મેં ચાલુ જ રાખી છે.

મારો જન્મ ડેરા ઇસ્માઇલખાનમાં ૧૮૮૬ માં થયો. મારા પિતાજીનું નામ નારાયણદાસ મલિક અને માતાજીનું નામ તેજસ્વિનીબહેન. પિતાજીની નોકરી ક્રોપ એક ગામમાં સ્થિર નહોતી. એમને પોતાની નોકરીને અંગે વારંવાર સ્થળાંતર કરવું પડતું. મેં પ્રાથમિક શિક્ષણ ડેરા ઇસ્માઇલિખાનમાં પૂરૂ કર્યું અને માધ્યમિક શિક્ષણ લાહોરમાં લીધું. મેટ્રિક પાસ થયા પછી મુંબઇની સેન્ટ ઝેવિયર્સ કોલેજમાં ઉચ્ચ શિક્ષણ માટે જોડાયો. આમ શિક્ષણકાળમાં જ એક સ્થળેથી બીજે સ્થળે જવાને લીધે દરેક સ્થળ સાથે આત્મીયતા બંધાઈ અને પ્રાંતીય સંકુચિતતાથી મુકત બન્યો. એ મુકિત વડે જીવનની બધી બારીઓ ખોલીને મેં જીવનને માણવાની શકિત કેળવી છે.

કોલેજના પહેલા વર્ષમાં ભણતો હતો એ દરમ્યાન જ એક અજબ વાત બની. શ્રી ટાગોરને તેમની ગીતાંજલિ માટે નોબલ પ્રાઇઝ મળ્યું તે હકીકત છાપામાં વાંચી. મેં મનમાં પ્રતિજ્ઞા કરી કે આ જીવન દરમ્યાન આ વ્યકિત સાથે સંબંધ જરૂર બાંધવો છે. મેં તેમને કાગળ લખ્યો. તેમનો જવાબ આવ્યો કે પહેલાં તમારું શિક્ષણ પૂરું કરો, પછી અહીં આવો. તેમના જવાબ પરથી લાગ્યું કે કવિ માત્ર કલ્પનાના જ માણસ નથી, વ્યવહારૂ પણ છે. માટે જ લખે છે કે પહેલાં શિક્ષણ પૂરું કરો. તેમની સલાહ મેં માન્ય રાખી.

મારી કોલેજના પ્રિન્સીપાલ પર શ્રી નારાયણ ચંદ્રાવરકરે નોટિસ મોકલી હતી કે જે વિદ્યાર્થીઓને અંગ્રેજી સાહિત્યમાં રસ હોય તે પ્રાર્થનાસમાજમાં યોજવામાં આવેલાં વ્યાખ્યાનોમાં આવે. મારા પ્રિન્સીપાલે મારું નામ સૂચવ્યું. સર ચંદ્રાવરકર ત્યાં બ્રાઉનિંગની કવિતાઓ પર ચર્ચા કરતા. એકવાર તેઓ પોતાની સાથે સી. એફ. એન્ડ્રુઝને લઇને આવ્યા. તેમની સાથે અમારા બધાંની ઓળખાણ કરાવી.. વખતના અભાવે શ્રી એન્ડ્રુઝ કશું બોલી શકયા નહિ. પરંતુ છૂટા પડતાં જ હું એન્ડ્રુઝ પાસે ગયો અને મારાથી બોલાઇ જવાયું કે, "Sir, India is grateful to you for what you have done for India." પરંતુ એમણે મને ખૂબ નમ્રતાપૂર્વક જવાબ આપ્યો કે "I am grateful to India for what she has taught me." એ વખતે તો અમે છૂટા પડયા. પરંતુ પાછળથી શાંતિનિકેતનમાં અમારો મેળાપ થયો.

પિતાશ્રી પેન્શન પર ઉતર્યા. હું હોસ્ટેલમાં રહી અભ્યાસ કરતો હતો, અભ્યાસ પૂરો થયા પછી પિતાજી અને મોટાભાઇ બન્નેની ઇચ્છા હતી કે હું નોકરી કરવા માંડું. બીજી બાજુ મને શાંતિનિકેતન જવાની ખૂબ જ ઇચ્છા હતી. પરંતુ સાધન વિના કેવી રીતે જવાય? આ બધી મથામણ દરમ્યાન ૧૯૧૯ માં હું ખૂબ માંદો પડયો. ડોકટરોએ પણ મારા જીવવાની આશા છોડી. પિતાજીએ મારી અંતિમ ઇચ્છા મને પૂછી. મેં કહ્યું કે "એક જ ઇચ્છા છે કે જો સાજો થાઉં તો શાંતિનિકેતન જવું છે. અને તે માટે સો રૂપિયા જોઇએ." પિતાજીએ મારી વાત કબુલ રાખી. મારી તબિયત ધીમે ધીમે સુધરતી ગઇ. સંપૂર્ણ રીતે સાજો થયો પછી શાંતિનિકેતન ગયો. જતી વખતે મારો તો ઉત્સાહ સમાય નહિ, જાણે પ્રીતમને મળવા જતો ન હોઉં એવો ઉલ્લાસ રોમ-રોમમાં વ્યાપી રહ્યો હતો. શાન્તિનિકેતન પહોંચ્યો અને ખબર પડી કે ગુરૂદેવ માંદગીને કારણે કલકત્તા ગયા છે. ગુરૂદેવ નહિ મળવાથી હું નિરાશ થયો. સી. એફ. એન્ડ્રુઝે મને આવકાર્યો. મેં એમની પાસે મારી ઇચ્છા વ્યકત કરી કે જો બની શકતું હોય તો હું ગુરૂદેવને મળવા કલકત્તા જાઉં. પરંતુ શ્રી એન્ડ્રુઝે કહ્યું કે "એમ કરવું યોગ્ય નથી. ગુરૂદેવનો માંદગીમાં સ્વભાવ બહુ ચીડીયો બની જાય છે અને તમારા જેવા અજાણ્યાને ત્યાં જુવે તો તો બહુજ ચીડાશે. માટે ત્યાં જવું યોગ્ય નથી." છેવટે મેં નિરાશા સાથે પાછા ફરવાની તૈયારી કરી. પરંતુ સદ્‌ભાગ્યે તે જ દિવસે સમાચાર મળ્યા કે રાત્રે ગુરૂદેવ આવે છે. નિરાશા આશામાં પલટાઈ ગઇ. મન પુલકિત થયું. શ્રી એન્ડ્રુઝે ગુરૂદેવને વાત કરી. અમારી મુલાકાતનો સમય ગોઠવ્યો. બરાબર બાર વાગે મળવાનું અને તે પણ પાંચ જ મિનિટ માટે. હું તો ઉત્સુકતામાં પોણા બારે દ્વાદર પાસે હાજર થઇને બેઠો. બરાબર બાર વાગે એન્ડ્રુઝ મને અંદર લઈ ગયા. ગુરૂદેવ પદ્માસન વાળી બેઠા હતા. બારી બહાર જોતા હતા. જઇને તરત જ મેં નમસ્કાર કર્યા. તેમણે મારા સામે જોયું પણ નહિ અને મને કહ્યું પણ નહિ કે બેસો. આવા મહાન-કવિમાં આવું અભિમાન જોઇને મને ખૂબ દુઃખ થયું, થોડો ક્રોધ પણ થયો. અને આંખમાંથી આંસુ ઊભરાવા લાગ્યા. મન બબીરું થઈ ગયું. આમને આમ આ સ્થિતિમાં ચાર મિનિટ તો ચાલી ગઈ. શ્રી એન્ડ્રુઝ સામે મેં જોયું. તેઓ મારી સ્થિતિ પરખી ગયા અને તેમણે મને ઇશારતથી હિમ્મત આપી. કારણ તેઓ ગુરૂદેવના સ્વાભાવને અને વિચિત્રતાઓને ઠીક રીતે જાણતા હતા. કોલેજના દિવસોમાં વાંચેલું વાકય 'Man's dissapointment is God's appointment' એ વખતે નહોતું સમજાયું તે અત્યારે સમજાયું. કારણ ? એક મિનિટ બાકી હતી એજ વખતે ગુરૂદેવે મારા સામું જોયું. ઊભા થઇ મારી પાસે આવ્યા. મારા માથે હાથ મૂકયો અને બોલી ઉઠયા, "I have known you since ages. આશ્રમમાં તારા માટે જગ્યા ખાલી પડી છે. તે માટે કયારે આવે છે ?" આ સાંભળી મારો તો આનંદ સમાયો નહિ. મેં પરમ ધન્યતા અનુભવી. મેં ગુરૂદેવને જવાબ આપ્યો કે "આવવા તો ખૂબ ઉત્સુક છું. પણ જ્યાં નોકરી કરૂં છું ત્યાં મારે એક મહિનાની નોટિસ આપવી પડશે. એ પછી જરૂર આવીશ." આ રીતે મારા જીવનનો એક મનોરથ પૂરો થવાની આશા સાથે હું પાછો ફર્યો. અને અનુકૂળ સમયે આશ્રમમાં રહેવા ગયો. પણ એ પછી થોડા વખતમાં જ જલિયનવાલા બાગનો હત્યાકાંડ બન્યો. એ વખતે પંજાબમાં શ્રી એન્ડ્રુઝના મિત્ર મિ. એડવર્ડ મેકલેગન હતા. તેમના પર શ્રી એન્ડ્રુઝે કાગળ લખ્યો કે ગુરૂદયાળ પંજાબ આવે છે. ખાસ કરીને ત્યાંની પરિસ્થિતિનો અભ્યાસ કરવા આવે છે. હું પંજાબ પહોંચ્યો, પરંતુ ત્યાં પાર વિનાની મુશ્કેલીઓ નડી. પોલિસના અત્યાચારથી ડરીને લોકો મને પોતાને ત્યાં ઊતરવા ન દે. ટાંગાવાળા ટાંગામાં બેસવા ન દે. હોટેલમાં જઇએ તો ચા ન મળે. આ મુશ્કેલીઓ વચ્ચે પણ મેં અહેવાલ તૈયાર કર્યો અને ગાંધીજીને મોકલ્યો.

એ વખતે પંજાબમાં એક દુઃખદ ઘટના બની ગઈ. ત્યાંના એક ગામમાં લશ્કરમાંથી નિવૃત્ત થયેલા શીખ સરદાર દિવાન મંગલસિંહ રહેતા હતા. તેમની પાસે પોલીસે કોન્ગ્રેસની વિરૂધ્ધ સાક્ષી આપવાની માંગણી કરી. સરદારે ચોખ્ખી ના પાડી. તેથી પોલીસ તેમને પકડીને તેમનાં વસ્ત્રો ઉતારીને ઝાડ સાથે બાંધ્યા અને ખૂબ અસહ્ય માર માર્યો. અમને આ હકીકતની ખબર પડતાં જ અમે એમને ત્યાં મળવા ગયા. મારી સાથે સી. એફ. એન્ડ્રુઝ હતા. જતાંવેત જ મેં એમને નમસ્કાર કરીને કહ્યું કે મારી સાથે એક અંગ્રેજ ભાઈ પણ છે.

અંગ્રેજનું નામ સાંભળી તેઓ ખૂબ ગુસ્સે થયા અને થોડી ગાળો પણ દીધી. મેં એમને શાંતિથી સમજાવ્યા અને કહ્યું કે આ ભાઈ તો હિન્દી પ્રજાના હિતેચ્છુ છે. ત્યારે તેમણે મળવાની હા પાડી. જ્યારે તેમણે પોતાના શરીર પરના ઘા બતાવવા માટે વસ્ત્રો દૂર કર્યાં ત્યારે એ જોઈને અમારા દુઃખનો પાર ન રહ્યો. કારણ એમના શરીર પર પડેલા ઘા એક એક ઇંચ ઊંડા હતા. એન્ડ્રુઝ પણ આ જોઈને ખૂબ દુઃખી થયા અને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને બોલ્યા કે મારા અંગ્રેજ ભાઈબહેનો વતી હું આપની માફી માગું છું. સરદારજીએ કહ્યું કે મને જો ઇંગ્લંડ જવાની તક મળે તો ત્યાંના રાજા પાસે જઈને મારું શરીર બતાવું કે જોઈ લ્યો તમારા અમલદારોના કાર્યો. અમે એમને શાંત કર્યા અને પાછા ફર્યા. નમ્ર દીનબંધુ એન્ડ્રુઝ પાસેથી મને શિવની દીક્ષા મળી છે. ગુરુદેવ પાસેથી મને સુન્દરમ્‌ની દીક્ષા મળી છે. એ પછી કરાંચીમાં જમશેદ નસરવાનજીનો સત્સંગ થયો. એ પછી મળ્યો લંગોટીવાળા મોહનને. એ પણ મારો ગુરુ. તેની પાસેથી મને સત્યની દીક્ષા મળી છે. શાંતિનિકેતનમાં ઘણું રહ્યો. ત્યાંના રહેણાક દરમ્યાન ગાંધીજી પાસે જવા આવવાનું તો ચાલુ જ રહ્યું; પરંતુ રાજનીતિના ક્ષેત્રમાં હું કદી પડ્યો નથી. રાજનીતિ સિવાય ગાંધીજીએ જે બતાવ્યાં તે બધાં કામો કર્યાં છે. માંદાની સેવા, હરિજન સેવા, શિક્ષણ વગેરે. ૧૯૩૬ થી ૧૯૪૧ સુધી પિતાજી માંદા રહ્યા એટલે તેમની સેવા કરવા માટે તેમની પાસે જ રહ્યો.

ગુરુદેવની સાથે ૨૧ વર્ષ રહ્યો, પણ તેમની સાથે ભાગ્યે જ હું એક સાથે ૨૧ મિનિટ પણ બોલ્યો હોઈશ. ગાંધીજીની સાથે પરિચય થયાને ૨૭ વર્ષ થયાં, પણ તેમની સાથે ભાગ્યે જ હું એક સાથે ૨૭ મિનિટ બોલ્યો હોઈશ. ગાંધીજીનો તો હું અત્યંત વિશ્વાસુ બની ગયો હતો. તેમની ઓરડીમાં બેઠો બેઠો કામ કરતો હોઉં અને એ વખતે જવાહરલાલ કે બીજા કોઈ અન્ય દેશનેતાઓ આવે અને ખુબ અગત્યની અને ખાનગી બાબતો ચર્ચે. એ વખતે હું બહાર જવા ઇચ્છું તો પણ ગાંધીજી મને બહાર જવા નહોતા દેતા અને મને કહેતા કે મને તારા પર ખુબ વિશ્વાસ છે કે કોઇને પણ તું આ વાત નહિ કરે. મને નાનપણમાં જ એક યોગીએ શીખવ્યું હતું કે જે વાત સાથે તારે સંબંધ ન હોય એ તારે સાંભળવી નહિ. એ વખતે કાન બંધ કરી દેવા. અને એ રીતે જ બનતું, ગાંધીજીના ઓરડામાં બેસતો પરંતુ કાન કોઈ વસ્તુ સાંભળતાં જ નહિ.

અપૂર્ણ

ગુરુદયાળ મલ્લીકજી

બાલદીક્ષા

બાલદીક્ષાના પ્રશ્ને ફરી જૈન સમાજને જાગૃત કર્યો છે. અને જૈન સમાજ અને તેના સાધુ સમાજની વિશેષતાઓ પ્રત્યે ફરી એકવાર જનતાનું ધ્યાન ગયું છે. પરિણામસ્વરૂપે અનેક પ્રવૃત્તિઓ જૈનસમાજમાં ચાલુ થઇ છે. બાલદીક્ષાના પ્રતિબંધક બીલના વિરોધમાં અને પક્ષમાં સભાઓ થાય છે અને ફોર્મો ભરાવાય છે. તેમાં કલકત્તાની સભામાં શ્રી ભંવરમલજી અને તેમના સાથીઓને માર પડ્યો એ ઘટનાએ ઘણા વિચારકોને વિચારતા કરી મૂક્યાં છે. કેટલાક વિચારકો તો એટલી હદે વિચારે છે કે જે જૈન સમાજ બાલદીક્ષાપ્રતિબંધક બીલ જેવા મામૂલી કાર્યનો વિરોધ લાઠીના બળ સિવાય ન કરી શકે એ જૈનસમાજના સભ્ય કહેવરાવવામાં હવે કશી જ વિશેષતા નથી રહી ગઇ. ખરી રીતે ૨૫૦૦ વર્ષના ભ. મહાવીરના ઉપદેશ ઉપર કલકત્તાની એ સભાએ પાણી ફેરવ્યા જેવું જ કર્યું છે. અને ભ. મહાવીરનો ઉપદેશ આપણા હાડેહાડ નથી ઉતર્યો, આપણે માત્ર તેમના નામને લજવવા માટે જ જૈન નામ ધરાવીએ છીએ–એ પ્રકારની ઊંડી લાગણી ઘણાએ અનુભવી છે.

કેટલાક છાપાઓએ–બાલદીક્ષા ખાસ અંકો–પણ પ્રકાશિત કર્યા છે. તેમાંના કેટલાએક ઉકત સભામાં બનેલ બનાવને પ્રપંચ તરીકે વર્ણવનારા પણ હતા. છતાં જ્યારે ડોકટરોએ શ્રી ભંવરમલજીને તપાસી પોતાનો રિપોર્ટ આપ્યો ત્યારે માર પડ્યાની વાત સાચી માન્યા વિના છૂટકો ન થયો. પણ આવા બાલદીક્ષાના અંકોમાં તો તેના હિમાયતીઓનું વકતવ્ય સ્પષ્ટ જ છે અને તેનો હવે કોઈ ઇન્કાર કરી શકે તેમ નથી. એટલે એવા અંકોમાંથી 'જૈન-ભારતી'નો અંક વાંચતા મને જે કેટલીક હકીકતો વિષે કહેવાનું મન થયું છે તે અહિં આ લેખમાં કહેવાનું વિચાર્યું છે.

સંપાદકે જૈન ભારતીના સાધુ લેખકોને જે સર્ટિફિકેટ આપ્યું છે તે પોતે જ બોલશે કે આપણામાં મિથ્યાભિમાન કેટલી હદે પહોંચ્યું છે અને એ મિથ્યાભિમાન જ આપણા સમાજના પતનનું કારણ છે– "एक एक साधु इतने उच्च कोटिके विद्वान् व लेखक हैं कि उनसे परिचय होनेपर उनकी विद्वताको देखकर आश्चर्य होता है..... विद्वतामें वे बेजोड हैं । सारे विश्वमें भी उनकी बराबरी करनेवाले विद्वान कम ही मिलेंगे । ऐसे ऐसे महापुरुषोंकी कृतियोंको विधिवत धारण कर लोगोंके सामने प्रकाशमें लानेकी आवश्यका है ।"

આ અવતરણ વિષે મારે વિશેષ કશું જ કહેવાનું નથી. માત્ર સંપાદકના અજ્ઞાનની જ દયા ખાવી છે. આ અવતરણમાં જે વસ્તુ કેટલાકને નહિં સમજાય તે એ છે કે–'विधिवत धारण कर' એ વળી શું ? એમાં જ તો આજના જૈન સાધુઓના પ્રપંચનો અને જૈન આચારની પોકળતાનો ભંડાર ભર્યો છે. બીજા સંપ્રદાયોની શિથિલતાનો વિરોધ કરીને તેરાપંથી સંપ્રદાયનો ઉદય થયો અને તેમણે બાહ્ય આચારને કઠોરતમ બનાવવાનો પ્રયત્ન કર્યો. એટલે કે તેઓ કોઇ પણ વસ્તુ સ્વયં લખીને બીજાને આપી ન શકે અને તેને ટપાલમાં નાખવાનું પણ કહી શકે. કારણ એ બધી ક્રિયા પાપની છે. એટલે આ 'धारणा' નો માર્ગ કાઢવો પડ્યો. કોઈ લેખક મુનિરાજનું કહ્યું લખીને જૈન ભારતી સુધી પહોંચાડવાનું પાપ કરે તો તેમાં તેમને વાંધો નહિં પણ પોતે એ પાપ ન કરી શકે. આ વસ્તુ આવી કયાંથી એ પ્રશ્ન થશે. પણ તેનો ઉત્તર સીધો છે. સાધુ પોતે બીજાએ તૈયાર કરેલ આહાર લઈ શકે છે પણ રાંધી શકતા નથી અને એમાં એમને પાપ લાગતું નથી. તે જ પ્રમાણે તેમને માટે બીજી વ્યકિત પાપમાં પડીને તેમનું કામ કરી આપે તેમાં તેમને વાંધો નહિ. કદાચ બીજી વ્યકિતના એ કાર્યને પાપમાં ગણવામાં જો ન આવે તે પછી સાધુ સ્વયં જો એ કરે–એટલે કે લેખ લખીને ટપાલમાં નાંખે તો તેમને પણ પાપ કેમ લાગે ? પણ એમ કરવા જતાં તો અમારો આચાર બીજા સંપ્રદાયો કરતા ચડિયાતો છે એ વસ્તુ કેવી રીતે કહી શકાય ? એટલે આવા પ્રપંચો કરવા પડે છે.

બાલદીક્ષાના જૈન ભારતીના અંકમાં ઘણે ઠેકાણે એવું પ્રતિપાદન કરવામાં આવ્યું છે કે જૈન આચાર બીજા વધા કરતા કઠોર છે અને આજના જૈન સાધુઓનો આચાર પણ બીજા જૈનેતરો કરતાં ઘણો ચડિયાતો છે. જૈન આચારની આ કઠોરતાના ગુણગાન ઘણે ઠેકાણે સાંભળવા મળે છે એટલે એ વિષે વિચારવું પ્રાપ્ત છે. કોઇ પણ આચાર જો કઠોરતાને કારણે જ ઉચ્ચ હોય તો તો હઠયોગીઓનો આચાર જ સર્વોચ્ચ સ્થાને મુકાવો જોઇએ. ભગવાન મહાવીરે આચારને કઠોર કર્યો છે એમાં શંકા નથી, પણ એ કઠોર આચારનું પાલન ૨૫૦૦ વર્ષના ઇતિહાસમાં કેવું થયું છે એ વિચારવું જોઇએ. ભૂતકાળની વાતને આપણે બાજુએ રાખીએ. એ આપણી સામે નથી, પણ ચાલુ શતાબ્દીમાં એ ચડિયાતા કહેવાતા કઠોર આચારનું પાલન કેવી રીતે થાય છે એ આપણી સામે જ છે. તેરાપંથીઓ પોતાના સાધુઓના આચારને સર્વશ્રેષ્ઠ સમજે છે. તેમનો જ વિચાર કરીએ. તેમના આચાર્ય અગર સાધુમહાત્મા જ્યાં જ્યાં વિચરે છે ત્યાં તેમના ગૃહસ્થભકતો જો પૂરો પ્રબંધ ન કરે તે તેમના આચારની કઠોરતાનું પ્રમાણ મળી રહે. પણ સેવાભકિતને બહાને તેમના ભકતો રસોડા ખોલીને પ્રત્યેક સ્થાને વિહારમાં હાજર જ હોય તો વિહારની કઠોરતાનો અનુભવ શું થાય ? આ જ વસ્તુ જૈનોના બધા સંપ્રદાયના સાધુઓના વિહારને વિષે સમાન જ છે. મુંબઇમાં નિવાસની તકલીફ એક ગૃહસ્થને

જે છે તે કયા જૈન સાધુને છે ? ખાવા માટે રળવાની તકલીફ એક જૈન ગૃહસ્થને રાત દિવસ જે ઉઠાવવી પડે છે તેના મુકાબલે ભિક્ષાજીવીને કશી જ નથી એ સ્પષ્ટ છે. દિગંબરોને વસ્ત્રની ચિંતા નથી એ સાચું, પણ બીજા જૈન સાધુઓને કયાં વસ્ત્રની કમી છે? મનુષ્યને ખરી મુશ્કેલી ત્રણ જ છે–પહેરવાનાં વસ્ત્ર, ખાવાનું અન્ન અને રહેવાને મકાન–એ ત્રણે બાબતમાં જૈન સાધુઓ જેટલા નિરાકુલ છે તેટલી નિરાકુલતા ભાગ્યે જ કોઈને હશે. અને છતાં મજા એ છે કે આપણે તેમના આચારની કઠોરતાનાં વખાણ કરતા ધરાતા નથી. અને તેમના આચારને કઠોર માનીને તેમને પૂજીએ છીએ. આથી વધારે અજ્ઞાન બીજું કયું હોઇ શકે ?

આ વીશમી શતાબ્દીમાં રામકૃષ્ણ પરમહંસ જેવા અનેક જૈનેતર સાધુઓ થયા છે, જેમનું નામ વિશ્વમાં વિખ્યાત થયું છે. હજી થોડા દિવસ પહેલાં જ સાધુ શાંતિનાથ અમદાવાદમાં મૃત્યુ પામ્યા. અને રમણ મહર્ષિ કે સાધુ વાસવાણી–આ બધાના ચારિત્રની સુવાસ વિશ્વભરમાં ફેલાણી છે. છેલ્લી શતાબ્દીમાં એવા કયા જૈન સાધુઓ પાકયા જેમની સુવાસ વિશ્વભરમાં તો શું પણ આખા હિન્દુસ્તાનમાંય ફેલાણી હોય ? તો પછી આપણા સાધુઓના ચારિત્રની કઠોરતા વિષે મિથ્યાભિમાન સેવવાનો શો અર્થ છે ?

એ જ જૈન ભારતીના અંકમાં અનેક લેખકોએ લખ્યું છે કે બાલદીક્ષા એ ભગવાન મહાવીરની આજ્ઞા છે. સૂત્રના પાઠો પણ આપવામાં આવ્યા છે. પણ એ બધાને ખબર નથી કે જે સૂત્રનો આધાર આપવામાં આવ્યો છે તેની રચના ભગવાન મહાવીરે તો નથી જ કરી પણ તેમના ગણધરે પણ નથી કરી. એ વ્યવહારસૂત્ર અંગબાહ્ય છેદ ગ્રન્થ છે. એની રચના ભદ્રબાહુએ કરી છે. સ્વયં છેદસૂત્રો અને તેની નિર્યુક્તિ–ચૂર્ણિ–ભાષ્યો–ટીકા એ બધાનો સમગ્રભાવે અભ્યાસ એક જ સત્ય તારવી આપે છે કે દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ પ્રમાણે આચારના નિયમોમાં પરિવર્તન થયું છે અને કરવું પણ જોઇએ. આશ્ચર્ય છે કે એ જ સૂત્રનો આધાર લઇને કહેવામાં આવે છે કે બાલદીક્ષાનું વિધાન છે એટલે એમાં પરિવર્તન કરવું અનાવશ્યક છે.

આગમમાં–મૂળ અંગમાં વિધાન તો છે જ નહિ. અને હોય તો પણ આપણે આપણી બુદ્ધિએ પણ વિચારવું જ જોઇએ કે એ વિધાન હોવા છતાં આચરણમાં મૂકવું કે નહિ ? એવાં ઘણાં વિધાનો સંભવે છે જે તે કાળ માટે યોગ્ય હતા પણ આજે નથી. એટલે આગમમાં કહ્યા છે માટે તે અંતિમ સત્ય છે એમ માનવાને કશું જ કારણ નથી. આપણે આપણી દૃષ્ટિએ પણ તેનો વિચાર કરવો જ જોઇએ.

બાલદીક્ષાના હિમાયતીઓની એક વળી નવી દલીલ છે અને તે એ કે બાલ–વૃધ્ધને નહિ પણ યોગ્યને જ દીક્ષા આપવી. તેરાપંથી સંપ્રદાયમાં તો પૂરી યોગ્યતા તપાસવામાં આવે છે અને તે ઘણાં વર્ષો સુધી–એટલે તેરાપંથીમાં જે દીક્ષા થાય છે તે યોગ્યને જ અપાય છે. તેમની આ દલીલ માની લઇએ તો પણ કહેવાનું પ્રાપ્ત થાય છે કે અઢાર વર્ષની વય જે બીલમાં મૂકી છે તે સામે શો વાંધો હોઈ શકે ? તમારે ઘણાં વર્ષો તેની યોગ્યતા તપાસવામાં જોઇએ જ તો પછી બાલને દીક્ષા દેવાનો પ્રસંગ જ કેવી રીતે આવશે ? કે પછી આ બધું બાહ્ય દેખાવ કે કહેવા પૂરતું જ છે ?

ખરી વાત એવી છે કે બાલદીક્ષાના હિમાયતીઓ એ વસ્તુ ચોક્કસ સમજે છે કે ઉમરે પહોંચતા તો ઉમેદવાર હાથથી બહાર જતો જ રહે છે અને તે દીક્ષા લે એવો સંભવ નથી રહેતો. એટલે જ્યાં સુધી અજ્ઞાની હોય ત્યાં સુધી તેના ભોળપણનો લાભ લઇને જ જો દીક્ષા દઈ દેવામાં આવે તો જ તે દીક્ષિત થઈ શકે છે, અન્યથા નહિ. જો આ વસ્તુ ખરી હોય અને ખરી છે જ તો પછી એ જ વસ્તુ બાલદીક્ષાના વિરોધ માટે પૂરતી છે.

આચાર્ય તુલસીએ વ્રતચ્યુત વ્યક્તિને સમાજમાં કાંઇ સ્થાન નથી અને તે હડધૂત થાય છે એવી સુધારકોની શંકાના ઉત્તરમાં જે કહ્યું છે તે તેમના જેવા એક સમર્થ આચાર્યને મોઢે અને તે પણ સંઘાધિપતિને મોઢે જરાય શોભતું નથી. તેમણે કહ્યું છે કે–यह एक अनौखी शंका है। समाज नामकी आज कोई चीज है क्या ? सब अपनी अपनी इच्छानुसार राग आलापते हैं। बहुतसे निकम्मे हुए आज भी समाजमें रह रहे हैं। हमारा इससे कोई संबन्ध नहीं। એક જૈન આચાર્યને મોઢેથી આવા વચન નીકળી શકે છે એ બતાવે છે કે તેમનામાં સમાજના મુખિયા બનવાની કેટલી લાયકાત છે ? એટલું જ નહિ પણ તેરાપંથી દાન-દયા–અનુકંપા વિરોધના વિચારોમાં સમાજવિરોધી તત્ત્વ કેટલા પ્રમાણમાં છે અને તે હાડોહાડ કેટલું વ્યાપી શકે છે અને એવા વિચારોની પુષ્ટિમાં જેનું જીવન વ્યતીત થયું હોય તે વ્યકિત કેટલી કઠોર અને નિર્દય બની શકે છે તેનું ઉદાહરણ સ્વયં આચાર્ય તુલસી પૂરું પાડે છે. મેં તેમના દર્શન દીલ્હીમાં કર્યા હતા. એ સૌમ્ય અને શાંત આકૃતિ મારા મનમાં હજી કાયમ છે. અને મારો આદર આજ સુધી પામતી આવી છે. પણ તેમનું આ રૂપ તો આજે જ સામે આવ્યું અને એ આદરણીય વ્યકિતને મારા મનમાંથી ખસેડવા મથી રહ્યું છે.

અતિમુકતક જેવા બાલ પ્રવ્રજિત સાધુના ઉદાહરણને આગળ કરીને બાલદીક્ષાનું સમર્થન કરવું એ તો વળી વિચિત્ર વાત છે. એ કથા એટલું બતાવવા માટે પૂરતી છે કે બાળક જૈન આચાર–બાહ્ય આચારમાં કશું જ સમજી શકે એવી સ્થિતિમાં નથી. એટલે જ તો તે એ જ ભવમાં મુકિતને યોગ્ય છતાં પાત્રની નાવ બનાવી નદીના વહેણમાં રમતો હતો. આ કથા એક બાળક મહાવ્રતો અને તેના રહસ્યને સમજી ન શકે પણ દેખાદેખી ભોળપણમાં દીક્ષા જરૂર લઈ શકે છે એ જ સત્ય તારવી આપે છે. અને એવી કથાને આધારે બાલદીક્ષાનું સમર્થન કરવું એ તો તરણાને આધારે નદી તરવા જેવું છે.

બાળકની સમજદારી વિષે એ અંકમાં ઘણું કહેવામાં આવ્યું છે, પણ તેની પરીક્ષા કરવી બહુ જ સરલ છે. કોઇ પણ બાળક જેની ઉમર આઠ વર્ષની હોય તેની સાથે બ્રહ્મચર્ય વિષેની તેની સમજ શી છે એની ચર્ચા કરવી જોઇએ. સ્ત્રી–પુરૂષનો સંબંધ અને તેના દુષ્પરિણામો જે બતાવવામાં આવે છે તેની ચર્ચા કરવી જોઇએ. તરત જ જણાશે કે એ બાધા જેવો થઇને તમારી સામું જોશે. એમાંનું એ કશું જ સમજતો નથી. આવી સાદી જણાતી વાતને પણ તે ન સમજી શકે અને જન્મ–મૃત્યુના રહસ્યને ઉકેલી શકે એ વસ્તુ આ જમાનામાં કોઇ માનવા તૈયાર નથી, સિવાય કે જેઓ બાલદીક્ષાના સમર્થકો છે.

૧૩–૧–૫૬ દલસુખ માલવણિયા
બનારસ

પ્રબુદ્ધ જીવનના ગ્રાહકોને વિનંતિ

જ્યારે જ્યારે પ્રબુદ્ધ જીવનના ગ્રાહકોનું લવાજમ પૂરૂં થાય છે ત્યારે ત્યારે તે ગ્રાહકોને પંદર દિવસ પહેલાં તે બાબત વિષે યાદીપત્ર લખવામાં આવે છે. આ યાદીપત્ર મળ્યે જો ગ્રાહક તરીકે ચાલુ રહેવું ન હોય તો એ મુજબ અમને ના લખી જણાવવી અને ચાલુ રહેવું હોય તો લવાજમ રૂ. ૪–૦–૦ મનીઓર્ડરથી મોકલી આપવું, એમાં તેમને તેમ જ અમને ઉભયને લાભ અને સગવડ રહે છે. કેટલાક ગ્રાહકોને ખબર નહિ હોય કે રૂ. ૪–૦–૦ નો મનીઓર્ડર કરવા માટે માત્ર ૦–૨–૦ ખર્ચ આવે છે અને એ જ રકમ વી. પી. થી વસુલ કરતાં ૦–૧૦–૦ નો ખર્ચ આવે છે. ગ્રાહક વી. પી. સ્વીકારે છે તો તેને ૦–૮–૦ વધારે પડે છે. વી. પી. પાછું આવે છે તો અમને ૦–૮–૦ નો નકામો ખર્ચ થાય છે. આ વસ્તુસ્થિતિ ધ્યાનમાં લઇને જ્યારે પણ ગ્રાહકને ખબર પડે કે પોતાનું લવાજમ પુરૂં થયું છે ત્યારે કાં તો ચાલુ રહેવાની ના લખી મોકલે અથવા રૂ. ૪–૦–૦ મનીઓર્ડરથી મોકલી આપી અને વી. પી. કરવાની તકલીફથી અને બીનજરૂરી ખર્ચથી અમને તેમ જ પોતાની જાતને બચાવે એ બાબત તરફ પ્રબુદ્ધ જીવનના ગ્રાહકોનું અમે ખાસ ધ્યાન ખેંચીએ છીએ.

વ્યવસ્થાપક, પ્રબુદ્ધ જીવન

કૉંગ્રેસ કારોબારીની મકકમ જાહેરાત

(મુંબઇ પ્રદેશ અને તેની આજુબાજુના પ્રદેશોની પુનરરચના અંગે તા. ૧૬ મી જાન્યુઆરીના રોજ ભારત સરકારે પોતાના છેવટનો નિર્ણય એ મુજબ જાહેર કર્યો હતો કે (૧) ગુજરાત સૌરાષ્ટ્ર અને કચ્છ, (૨) મુંબઇ સિવાયનું મહારાષ્ટ્ર, વિદર્ભ અને હૈદ્રાબાદમાંનો મરાઠાવાડાનો વિભાગ (૩) બૃહદ મુંબઇ–આ પ્રમાણે રચના કરીને પહેલા બેમાં પ્રાદેશિક રાજ્યની રચના કરવામાં આવશે અને બૃહદ મુંબઇનું કેન્દ્રસ્થ સરકાર વહીવટી સંચાલન કરશે. આ જાહેરાત સાથે મુંબઇ અને મહારાષ્ટ્રના જુદા જુદા શહેરોમાં તોફાનો શરૂ થયાં અને બીન મહારાષ્ટ્રી-ખાસ કરીને ગુજરાતી અને મારવાડી-સમુદાયની માલમીલ્કતો લૂંટાવા માંડી અને તેમના જીવન જોખમમાં મૂકાયાં ત્યાર બાદ તા ૨૩-૧-૫૬ ના રોજ દીલ્હીમાં મળેલી કૉંગ્રેસની કારોબારીએ આ અરાજક પરિસ્થિતિની કડક આલોચના કરતી અને પોતાના નિર્ણયોને અફર રીતે વળગી રહેવાની જાહેરાત કરી. આ જાહેરાત માત્ર મુંબઇ, મહારાષ્ટ્ર કે ગુજરાતને જ નહિ પણ સમગ્ર ભારતની પ્રજાને સ્પષ્ટ માર્ગદર્શન આપતી હોઇને અત્યન્ત મહત્વની છે. તેમાંની વિગતો સૌ કોઇ શાન્તિથી વિચારે અને તેમાં કરવામાં આવેલ આદેશ મુજબ વર્તવાને કટિબધ્ધ થાય તેથી અહિં તે પ્રગટ કરવામાં આવે છે, તંત્રી)

છેલ્લા ત્રણ માસ દરમિયાન કૉંગ્રેસ કારોબારી અને તેની ઉપ-સમિતિએ રાજ્યોની પુનર્રચના અંગે શકય તેટલા પ્રમાણમાં સમજૂતી સ્થપાય એ માટે સતત રીતે આતુરતાપૂર્વક મંત્રણાઓ કરી હતી. આરંભને તબકકે તેઓએ એવો અભિપ્રાય વ્યકત કર્યો હતો કે રાજ્ય પુનર્રચના પંચની ભલામણો સામાન્ય રીતે સ્વીકારી લેવી જોઇએ અને જે ફેરફારો જરૂરી લાગે તે સમજૂતીથી કરવા જોઇએ.

કારોબારીએ આ હેતુ માટે નીમેલી ઉપ-સમિતિએ લાગતાવળગતા તમામ રાજ્યોના પ્રતિનિધિઓને મળીને સમજૂતીનો માર્ગ શોધી કાઢવા માટે પ્રયાસો કર્યા હતા. સંખ્યાબંધ કિસ્સાઓમાં સમજૂતી સ્થપાવા પામી હતી અને પંચની ભલામણો નજીવા ફેરફારો સાથે સ્વીકારવામાં આવી હતી.

વિઘાતક બળોએ લાભ લીધો

સમિતિ આ બધા ઉપરાંત ભારતની એકતા અને અખંડિતતા જાળવવા માટે આતુર હતી અને તેણે દુઃખપૂર્વક એવી નોંધ લીધી હતી કે ભાષાવાર પ્રાંતોના નામે વિઘાતક બળો કામ કરી રહ્યાં હતાં પણ એની પાછળની તેમની નેમ જુદી જ હતી. તેઓએ આ બાબતનું નિયંત્રણ કરવાનો અને એવું ભારપૂર્વક ઠસાવવાનો પ્રયત્ન કર્યો હતો કે પ્રાથમિક મહત્ત્વ એકંદરે ભારતની એકતા પર મુકાવું જોઇએ, વહીવટી વિભાગો પર નહિ. કમનસીબે વિઘાતક બળોએ લોકોના પોતાની ભાષા પ્રત્યેના પ્રેમનો લાભ ઉઠાવીને તેમને ઊંધે રસ્તે દોર્યા હતા અને એ દ્વારા બળ મેળવ્યું હતું.

સમિતિએ મુંબઇના મહાન રાજ્યના ભાવિ અંગે ખાસ વિશિષ્ટ લક્ષ કેન્દ્રિત કર્યું હતું. આ પ્રશ્ન અંગે સમજૂતીભર્યો ઉકેલ લાવવાની તેમની ઇચ્છાથી તેઓએ મુંબઇ રાજ્યના જુદા જુદા ભાગોના તેમના સાથીઓ સાથે સંખ્યાબંધ મંત્રણાઓ યોજી હતી અને પરિણામે કેટલીક દરખાસ્તો વખતો વખત કરવામાં આવી હતી. આ દરખાસ્તોમાંની પ્રત્યેક દરખાસ્ત એક વખત સ્વીકારાઇ હોવાનું જણાતું હતું, પણ પાછળથી એનો અસ્વીકાર થતો હતો. છેવટે ફરીથી લાગતાવળગતા લોકોની સાથે મસલત ચલાવીને મુંબઇ રાજ્યને લગતા નિર્ણયની બીજી નિર્ણયો સાથે જાહેરાત કરવામાં આવી હતી.

ભારતને કલંક લાગ્યું

સમિતિના ઉપાયો છતાં મુંબઇ શહેરમાં ગંભીર તોફાનો ફાટી નીકળ્યાં હતાં, જેને પરિણામે લોકોના જાન અને માલમિલ્કતને વ્યાપક પાયા પર નુકસાન થયું હતું, મુંબઇ અને ભારતને કલંક લાગ્યું હતું અને ઉભયની ભારે માનહાની થવા પામી હતી. દેશના બીજા કેટલાક ભાગોમાં પણ આથી જરા નાના પાયા પર તોફાનો થવા પામ્યાં હતાં. આ બધા બનાવોએ એવી પરિસ્થિતિનું સર્જન કર્યું છે કે જેનાથી ભારત અને તેની પ્રજાનું ભાવિ ભયમાં મુકાયાં છે.

જે આદર્શ માટે ભારત ઊભું હતું તેનો તોફાનીઓએ—જેઓએ આ હિંસા આચરી હતી તેઓએ–તેમ જ જે લોકોએ તેમને પરોક્ષ કે અપરોક્ષ રીતે ટેકો આપ્યો તેઓએ અનાદર કર્યો છે અને પોતાના પગની એડી હેઠળ એ આદર્શને કચડી નાંખ્યો છે. રાષ્ટ્રપિતાની તસવીરોનું પણ અપમાન કરાયું હતું. એ સ્પષ્ટ છે કે જેઓએ લાંછનરૂપ વર્તન દાખવ્યું તેઓએ ભારત કે એની પ્રજાના કલ્યાણનો જરા પણ ખ્યાલ કર્યો નથી. તેઓ કાં તો સમાજવિરોધી યા રાષ્ટ્રવિરોધી તત્વો હતાં અથવા તો એ તત્વો હતાં કે જેમને ઊંધે રસ્તે દોરવવામાં આવ્યાં હતાં. ટોળાંઓ દ્વારા થતી હિંસાથી અને લોકશાહી કે શાંત પદ્ધતિઓના ઇન્કાર કરવાથી કોઇ પણ પ્રકારની પ્રગતિ સાધી શકાય નહિ.

વિનાશપંથે જવાય નહિ

જો કે ટોળાંની હિંસા સરકારના પગલાંથી દબાવી શકાય છે, છતાં જે પરિસ્થિતિ ઉભી થવા પામી છે તે જોખમકારક છે અને રાષ્ટ્રને માટે ભયસમાન છે. પોતાના દેશને ચાહતો ભારતનો કોઇ પણ નાગરિક અને ખાસ કરીને કોઇ પણ કૉંગ્રેસી અપાર ચિંતા સિવાય આ પરિસ્થિતિ નિહાળી શકે નહિ. હકીકતને વ્યાપક રીતે જોતાં દેશની અંદર જે કાંઇ પુનર્રચના કરવામાં આવે તે પ્રમાણમાં ઓછા મહત્વની છે. એ અત્યંત મહત્વનું છે કે રાષ્ટ્રવિરોધી, પ્રત્યાઘાતી અને સમાજ-વિરોધી બળોને દેશને વિઘાતક અને વિનાશને પંથે દોરી જવા દેવાય નહિ. આથી પ્રત્યેક હિંદીની, હાલની પરિસ્થિતિના જોખમને સમજવાની અને તમામ પ્રવૃત્તિઓ અટકાવવા પોતાથી બનતું તમામ કરી છૂટવાની પ્રાથમિક ફરજ બની રહે છે.

એ સ્પષ્ટ રીતે સમજવું જોઇએ કે હિંસા અને ત્રાસ ફેલાવતી પદ્ધતિઓને નમતું અપાવું જોઇએ નહિ અને નિર્દોષ નાગરિકોનાં રક્ષણ માટે, રાષ્ટ્રના કલ્યાણ માટે રાજ્યના તમામ બળથી એનો સામનો કરવો જોઇએ, એ પણ સ્પષ્ટ રીતે સમજી લેવું જોઇએ કે લઇ લેવામાં આવેલા નિર્ણયોમાં તેમજ હવે પછી રાજ્યપુનર્રચના અંગે લેવાનારા નિર્ણયોમાં હિંસા અને ત્રાસવાદી પદ્ધતિઓને કારણે કશો ફેરફાર કરવામાં આવશે નહિ.

રાજીનામા કોણ માંગી શકે ?

સમિતિને એવી જાણ કરવામાં આવી છે કે કેટલાક પ્રધાનો અને ધારાસભ્યોએ તેમની સરકારોમાંથી અથવા વિધાનસભાઓમાંથી રાજીનામાંઓ આપ્યાં છે અથવા આપવા માંગે છે. હાલની પરિસ્થિતિમાં આવાં રાજીનામાંઓ ટોળાંઓનાં પગલાં અને હિંસાને ઉત્તેજન આપશે અને સૃષ્ટિય હિતો તેમ જ જે હેતુ માટે તે અપાઇ રહ્યા છે તેને માટે નુકસાનકારક બનશે. કૉંગ્રેસના બંધારણની દૃષ્ટિએ પણ પાર્લામેન્ટરી બોર્ડ અગર કારોબારીની મંજુરી વગર રાજીનામાં આપી શકાય નહિ. કોઇ પ્રદેશ કૉંગ્રેસ સમિતિને આ રીતે રાજીનામાં માગવાનો અધિકાર નથી અને આવું કોઇ પણ પગલું બંધારણની વિરૂદ્ધનું છે અને તેને મંજૂરી આપી શકાય નહિ. આવાં રાજીનામાંઓ જ્યાં આપવામાં આવ્યાં હોય તે પાછા ખેંચાવા જોઇએ.

ભારતની એકતા

તાજેતરના બનાવોએ બતાવ્યું છે કે વિઘાતક પ્રવૃત્તિઓને, અલગતાવાદ અને પ્રાંતવાદને પોષવામાં ગંભીર ભયો રહેલા છે અને આવી મનોવૃત્તિ અટકાવવાની અને લોકોની વિચારશ્રેણીને નવી દૃષ્ટિ આપવાની રાષ્ટ્રની પ્રાથમિક ફરજ બની રહે છે. આથી રાજ્યોની પુનર્રચનાને લગતો સમગ્ર પ્રશ્ન આ ચોક્કસ દૃષ્ટિથી જોવો જોઇએ, જેથી કરીને ભારતની એકતાને ઉત્તેજન આપી શકાય.

કારોબારી આથી દેશને અને ખાસ કરીને તમામ કૉંગ્રેસીઓને આ ગંભીર પરિસ્થિતિના પડકારને પહોંચી વળવા અને આ વ્યાપક પ્રયાસની વચ્ચે કોઇ નાની બાબતોને આવવા નહિ દેવાનો આદેશ આપે છે.

આ મહાન દેશનાં સર્વ ભાગોનું એકીકરણ કરવામાં જે એક મહાન બળ હતું તે કૉંગ્રેસની એકતા અને શિસ્તને જાળવવાં એ દરેક કૉંગ્રેસી માટે આવશ્યક બની રહે છે. જ્યારે ભારતની પ્રગતિને માટે વ્યાપક માર્ગો ખૂલેલા છે ત્યારે આ બળને નબળું બનાવવું એ દેશને નબળો બનાવવા સમાન છે. કૉંગ્રેસની આ શિસ્તને અને કૉંગ્રેસના આદર્શને વળગી રહેવાની દરેક પ્રદેશ તેમ જ બીજી કૉંગ્રેસ સમિતિઓની ફરજ બની રહે છે, પછી ભલે તેમ કરવામાં હાલની ક્ષણે લોકોની અપ્રિયતા વહોરવી પડે.

માત્ર સાચા હેતુઓ સેવવાની જ નહિ પણ સાચા માર્ગો જ અપનાવવાની કૉંગ્રેસની નીતિ રહેલી છે. કટોકટીના સમયે આ મૂળભૂત બાબતો યાદ રાખવાનું અને અનિષ્ટ બળોને તાબે નહિ થવાનું વધુ જરૂરી છે.

આઝાદીનું રક્ષણ કરો

ભારતની આઝાદીની પ્રાપ્તિ કરનાર અને ભારતની પ્રજાના અનેકવિધ ભાવિની પરિપૂર્તિ કરનાર કૉંગ્રેસ એક ઐતિહાસિક સંસ્થા છે. આઝાદી હાંસલ કરવામાં આવી છે પણ તે નવેસરથી કોઇ બહારની નહીં પણ આપણી આંતરિક નબળાઇને કારણે ભયમાં મુકાઇ છે. કૉંગ્રેસને આ આઝાદી કે જે મહાન કિંમતે મેળવવામાં આવી છે તેનું રક્ષણ કરવાનો પુનઃ આદેશ આપવામાં આવે છે. પ્રત્યેક હિંદી જે આ આઝાદીને ચાહતો હોય તેણે હંમેશાં આપણા દેશના ઉજ્જવળ ભાવિને દૃષ્ટિ સમક્ષ રાખીને આઝાદીનું રક્ષણ કરવું જોઇએ.

ગોઝારું પખવાડીયું : આશાકિરણનો ઉદય

આજની પરિસ્થિતિની સમાલોચના

છેલ્લું પખવાડિયું જાન્યુઆરી ૧૫ થી જાન્યુઆરી ૩૧ સુધીનું સમગ્ર ભારત માટે–પણ ખાસ કરીને મુંબઇ માટે–ન કલ્પી શકાય એવી દુર્ઘટનાઓથી ભરેલું પસાર થયું છે. છેલ્લા ત્રણ કે ચાર મહીનાથી સંયુકત મહારાષ્ટ્રવાદીઓ–કોંગ્રેસી અને બીનકોંગ્રેસી–જે ભીષણ આન્દોલન ચલાવી રહ્યા હતા તેનું જે સ્વાભાવિક પરિણામ સૌ કોઈ કલ્પી રહ્યા હતા તે જ આખરે આવ્યું છે. અરાજકતા, અંધાધુંધી અને ગુંડાગીરીનું અનિયંત્રિત તાંડવ–એ સર્વમાંથી મુંબઇ અને પરાંમાં વસતી પ્રજાને પસાર થવું પડયું છે અને મહારાષ્ટ્રી અને બીનમહારાષ્ટ્રી અને તેમાં પણ ખાસ કરીને ગુજરાતી પ્રજાસમુદાય વચ્ચે ભેદીલી–વૈર વૈમનસ્યની દુર્ભેદ્ય દીવાલ ઉભી થઈ છે. આ પખવાડીઆ દરમિયાન બનેલી બીનાઓની આપણે જરા વિગતવાર સમાલોચના કરીએ.

ગુંડાગીરી સપ્તાહ

જાન્યુઆરીની ૧૬ મી તારીખ અને સોમવારે ભારત સરકારે મુંબઇને કેન્દ્રીય વહીવટ નીચે મૂકવાની જાહેરાત કરી અને મુંબઈનું વાતાવરણ વિકલ બનવા લાગ્યું અને ૧૭ મી ની રાત્રીથી સંયુકત મહારાષ્ટ્રવાદીઓમાં રહેલાં અરાજક તત્વો અને ગોઠવાયલાં ચક્રો ગતિમાન થયાં, ખાસ કરીને ભાયખલાથી માંડીને દાદર સુધીમાં વસતા કચ્છી, ગુજરાતી, મારવાડીઓ ઉપર ગુંડાઓનાં આક્રમણો શરૂ થયાં. બન્ને વર્ગની પાર વિનાની દુકાનો અને ઘરબાર ત્રણ દિવસ સુધી લુંટાતાં રહ્યાં. તે લતાઓમાં વસતા કચ્છીઓ અને અન્ય ગુજરાતીઓની સહીસલામતી ભારે જોખમમાં મુકાઇ ગઈ. અરાજકતાની જ્વાળા ચોતરફ પ્રસરતી ચાલી. આ બધું અટકાવવામાં પોલીસ બહુ ઓછી કારગત નીવડી. કેટલાક ઘાયલ થયા. સંખ્યાબંધ કુટુંબો કપડાભેર નાસી છુટયાં. લાખો રૂપિયાની માલમત્તા ખેદાન મેદાન થઈ ગઇ. આ ગુંડાગીરી વધારે ને વધારે વિસ્તારોમાં ફેલાતી ચાલી. ઘાટકોપર, મુલુંડ, થાણા, વીલે પારલે, અંધેરી–આમ અનેક સ્થળોએ નાનાં મોટાં છમકલાં થવા લાગ્યાં. ઘર ઉપર પથરા પડે, ચાલીઓને ગુંડાઓનાં ટોળાંઓ ઘેરી લે, જ્યાં ત્યાં છરીઓ હુલાવવામાં આવે, સ્ત્રીઓના શરીર ઉપરથી દાગીના ખેંચી લેવામાં આવે, ગુજરાતીઓને લૂંટવામાં આવે. તારદેવ, વીઠ્ઠલભાઈ પટેલ રોડ, ચીરાબજાર આવા ગીચ લત્તાઓ ઉપર પણ ગુજરાતીઓ ઉપર છરીઓ ચલાવ્યાના, લુંટયાના અને દબડાવ્યાનાં કંઈ કંઈ દાખલાઓ બની ગયા. ૨૧ મી તારીખ શનીવારે આ મામલો કાંઈક શાન્ત પડયો. ૨૨મી ને રવિવારથી લગભગ ઘણા ખરા વિભાગોમાં શાન્તિની સ્થાપના થઈ.

આગળનાં અને આ વખતનાં કોમી રમખાણો વચ્ચે રહેલો તફાવત

મુંબઈ આવા પ્રકારનાં કોમી હુલ્લડો અને તોફાનોમાંથી અનેક વાર પસાર થયું છે, પણ આ વખતે જે કાંઇ બન્યું છે તેની સરખામણી આગળ બનેલી આવી કોઇ પણ દુર્ઘટના સાથે થઇ શકે તેમ નથી. આગળનાં તોફાનો અને આ વખતનાં તોફાનો વચ્ચે મહત્વનો તફાવત આ પ્રકારનો હતોઃ—

(૧) આગળનાં કોમી તોફાનો મોટા ભાગે હિંદુ મુસલમાનો વચ્ચે ઉભા થતાં હતાં. તોફાનની શરૂઆત ઘણું ખરું મુસલમાનોથી થતી હતી અને પછી બન્ને સમુદાય વચ્ચે ઝપાઝપી ચાલતી હતી. અને કોણ આક્રમક અને કોણ આક્રાન્ત એવો પછી કોઈ ભેદ રહેતો નહોતો. આ વખતે સંયુકત મહારાષ્ટ્રવાદી ગુંડાઓએ તોફાનની શરૂઆત કરી હતી અને તેનો લાભ બીજા ગુંડાઓએ લીધો હતો. ગુંડાગીરીનો ભોગ માત્ર ગુજરાતીઓ, કાઠિયાવાડીઓ, કચ્છીઓ અને મારવાડીઓ બન્યા હતા, અને એ રીતે આખું તોફાન લગભગ એકપક્ષી ચાલ્યું હતું.

(૨) હિંદુ મુસલમાનતા તોફાનમાં અન્ય કોમના માણસોના જાન લેવાની વૃત્તિ પ્રધાનપણે કામ કરી રહી હતી. આ વખતે લૂંટફાટની વૃત્તિ પ્રધાનપણે કામ કરતી જોવામાં આવી છે, જો કે જાનહાનિના કીસ્સાઓ જરૂર છુટા છવાયા બન્યા જ છે. અને પોલીસ ફાયરીંગના પણ ઠીક સંખ્યામાં માણસો ભોગ બન્યા જ છે.

(૩) સાધારણ રીતે હિંદુ મુસલમાનો જુદા જુદા લતાઓમાં રહેતા હતા અને એ લતાઓના સીમાપ્રદેશો ઉપર અથડામણો ચાલતી હતી. અંદરના ભાગમાં સૌ કોઈ સહીસલામત હતું. આ વખતની લૂંટફાટ અને તોફાનો મુંબઇમાં ઘણા વ્યાપક પ્રદેશ ઉપર ફેલાયલાં હતાં અને મહારાષ્ટ્રી અને બીનમહારાષ્ટ્રી પ્રજા મુંબઈમાં વાણાતાણા માફક રહેતી હોવાથી આખા મુંબઇમાં તંગ વાતાવરણનો અનુભવ થતો હતો.

(૪) મુંબઇનાં પરાંઓ કોમી હુલ્લડ કે તોફાનોથી આગળના વખતમાં સદા મુકત હતા, જ્યારે આ વખતે મુંબઈના કેટલાક પરાંઓમાં પણ ગુંડાઓએ પુષ્કળ ત્રાસ વર્તાવ્યો હતો. અને પરાંઓમાં પોલીસની સગવડ બહુ અલ્પ પ્રમાણમાં હોઇને પરાંમાં વસતી બીનમહારાષ્ટ્રી પ્રજાની આકળામણ, મુંઝવણ, ભયવ્યાકુલતા કલ્પી ન શકાય તેવી તીવ્ર હતી.

આ કોમી રમખાણ માટે કોણ જવાબદાર ?

કમનસીબે મહારાષ્ટ્રના રાજકારણી આગેવાનોએ મહારાષ્ટ્રની પ્રજાના માનસમાં છેલ્લા પાંચ છ વર્ષના અને ખાસ કરીને છેલ્લા છ મહીનાના તુમુલ પ્રચારથી મુંબઈના પ્રશ્ન પરત્વે એટલું બધું ઝેર ભરી દીધું છે કે એ ઝેરથી મુકત એવો એક પણ મહારાષ્ટ્રી–પછી તે હાઈકોર્ટનો જજ હોય કે મીલનો મજુર હોય–મળવો મુશ્કેલ છે. આ દુઃસ્થિતિની સઘળી જવાબદારી મહારાષ્ટ્રના રાજકારણી આગેવાનોની અને તેમાં પણ ખાસ કરીને કોંગ્રેસી નેતાઓની છે. કોંગ્રેસના નેતાઓ જેના માથે આજે ભારતના રાજ્યવહીવટની જવાબદારી છે એવી કોંગ્રેસની કારોબારીને અને ભારત સરકારને જવાબદાર હતા. વળી તેઓ કોંગ્રેસી હોઇને અહિંસાના આદર્શને વરેલા હતા અને શિસ્તથી બંધાયલા હતા. મુંબઈનું આમ જ થવું જોઇએ અને અન્યથા થઇ નહિ જ શકે એવો એકાન્તવાદ તેમના મોઢે શોભતો નહોતો. આ પ્રશ્ન ઉપર જે પક્ષો કોંગ્રેસને તોડવાની–અપ્રતિષ્ઠિત બનાવવાની–વૃત્તિવાળા હતા, એટલું જ નહિ પણ અરાજકતાપ્રિય હતા તેવા પક્ષો સાથે કોંગ્રેસી આગેવાનોએ હાથ મીલાવીને આખી પરિસ્થિતિને અત્યન્ત વિકટ બનાવી મૂકી હતી. વળી ગયા પખવાડીઆની દુર્ઘટનાઓ તેમની કલ્પના બહારની વસ્તુ હતી એમ કહેવાનો તેમને લેશમાત્ર અધિકાર નથી; કારણ કે તેમની વાણી સતત ભારોભાર ઉશ્કેરાટથી ભરેલી રહેતી હતી, જેનું અન્ય કોઈ પરિણામ સંભવી જ ન શકે. આ કોંગ્રેસી આગેવાનોમાં પણ કાકાસાહેબ ગાડગીલે ગુજરાતીઓ સામે ઝેર ફેલાવવામાં જે ભાગ ભજવ્યો છે તેની તો કોઇની સાથે પણ સરખામણી થઈ શકે તેમ નથી. તેમની વાણીમાંથી ઝેર સિવાય બીજું કશું ટપકતું જ નથી. કોંગ્રેસ હાઇકમાન્ડે આ કાળા નાગને આજ સુધી કેમ નભાવ્યો છે એ જ સમજમાં આવતું નથી. આજે મહારાષ્ટ્રમાં એક પણ એવો આગેવાન નજરે પડતો નથી કે જેનામાં સમભાવ હોય, અન્યના દૃષ્ટિબિન્દુને સમજવાની ધીરજ હોય અને મહારાષ્ટ્રના આ પ્રશ્નને ભારતની એકતાના અનુસંધાનમાં વિચારવાની જેની તૈયારી હોય. આવો રડયો ખડયો એક આગેવાન નીકળ્યો–રત્નાગિરિ જીલ્લાનો વર્ષોજીનો રચનાત્મક કાર્યકર્તા શ્રી અપ્પાસાહેબ પટવર્ધન–કે જેમણે એ ગુંડાગીરી સપ્તાહ દરમિયાન તા. ૨૧ મી શનીવારના રોજ જાહેર કર્યું કે "ભારતનું સ્થાન પિતા જેવું છે અને જુદાં જુદાં રાજ્યોનું સ્થાન ભાંડુઓ જેવું છે. ભાઇઓ જ્યારે જમીનની વહેંચણી સંબંધમાં અંદર અંદર એકમત ન થઇ શકયા ત્યારે બાપે એ જમીન પોતાની દેખરેખ હેઠળ એક મિલ્કિયારી મિલ્કત તરીકે રાખવાનો નિર્ણય કર્યો. આ નિર્ણયને હું ભયંકર અન્યાય કે અપમાન તરીકે લેખતો નથી. પિતાની આજ્ઞાનો અનાદર કરવો, એનું અપમાન

કરવું અને આપણા ભાઇઓ પ્રત્યે દુશ્મનાવટ દાખવવી એ તો બીલકુલ ખોટું છે. મુંબઇ અને બીજી સીમાઓ સંબંધમાં આખા દેશના નેતાઓએ નિર્ણય કર્યા પછી કેટલાક મહારાષ્ટ્રીઓએ જે કૃત્યો આચર્યા છે તેથી હું ખરેખર શરમ અનુભવું છું. હું તો એમ માનું છું કે આ કૃત્યથી તેમણે મહારાષ્ટ્રના રૂડા નામને બટ્ટો લગાડયો છે" અને ત્યાર બાદ ૨૮ તારીખના જન્મભૂમિમાંથી જાણવા મળે છે કે પ્રજાસત્તાક દિનની ઉજવણી વખતે આ અપ્પાસાહેબ પટવર્ધનના 'ગોપુરી' નામના આશ્રમ ઉપર તોફાની ટોળાએ હુમલો કર્યો છે અને આશ્રમની માલ-મત્તાને ભારે નુકસાન કર્યું છે. આ છે આજના મહારાષ્ટ્રની કમનસીબ મનોદશા!

કોંગ્રેસ કારોબારીની જાહેરાત અને મહારાષ્ટ્ર કોંગ્રેસનો ઠરાવ

મુંબઇમાં બનેલી ઉપરની દુર્ઘટનાઓ બાદ તા. ૨૭મીના રોજ કોંગ્રેસની કારોબારીએ એક વિસ્તૃત જાહેરાત દ્વારા મુંબઇ સંબંધેના નિર્ણયને અડગપણે વળગી રહેવાનો નિર્ણય પ્રગટ કર્યો છે અને મહારાષ્ટ્રના આગેવાનોની સખ્ત ઝાટકણી કાઢી છે અને મહારાષ્ટ્રના પ્રધાનો અને ધારાસભ્યોને પોતાનાં રાજીનામાં પાછા ખેંચી લેવાનો આદેશ કર્યો છે. આ મક્કમ જાહેરાત બાદ હવે ચડેલા મહારાષ્ટ્રના કોંગ્રેસી આગેવાનો સમક્ષ બે વિકલ્પ ઉભા થયા હતા. કાં તો રાજીનામાં પાછા ખેંચી લેવા અથવા તો કોંગ્રેસનો પરિત્યાગ કરવો. આ બાબતનો નિર્ણય કરવા માટે ગઈ ૨૮મી તારીખે મહારાષ્ટ્ર પ્રદેશ કોંગ્રેસ સમિતિની બેઠક મળી હતી. આ સમિતિએ કરેલો ઠરાવ નથી પ્રસ્તુત રાજીનામાં પાછા ખેંચી લેવાનો આદેશ આપતો કે નથી મુંબઈ વિષેના કોંગ્રેસ કારોબારીના નિર્ણયને સમાધાનીપૂર્વક સ્વીકારી લેવાનો અનુરોધ કરતો, પણ માત્ર રાજીનામાં પાછા ખેંચી લેવાના કારોબારીના આદેશનો કોંગ્રેસની કારોબારી ફરીથી વિચાર કરે અને આ સંબંધમાં મહારાષ્ટ્રના કોંગ્રેસીઓને પોતાની લાગણીઓ વ્યકત કરવાની કોંગ્રેસની કારોબારી પૂરી છૂટ આપે એ મુજબની વિનંતિ કરે છે. આગળના ઠરાવોમાં જે બળવાનું રૂપ હતું તેના સ્થાને આ ઠરાવે વિનંતિનું રૂપ ધારણ કર્યું છે. આ રીતે બળવાખોર વૃત્તિમાંથી મહારાષ્ટ્રની કોંગ્રેસે આ ઠરાવ દ્વારા જરૂર પીછેહઠ કરી છે એ અવશ્ય આનંદદાયક છે, આવકારદાયક છે.

નામદાર એન. વી. ગાડગીલે આ ઠરાવ રજુ કરતાં જણાવ્યું છે કે "લોકશાસન પધ્ધતિ હંમેશા એવી અપેક્ષા રાખે છે કે આવી દરેક સમસ્યાનો વાટાઘાટો દ્વારા ઉકેલ લાવવો જોઇએ. આન્દોલન યા ચળવળ માટે લોકશાસન પધ્ધતિમાં કોઇ અવકાશ હોવો ન જોઇએ" જે મહાશયે મુંબઇ મહારાષ્ટ્રનો પ્રશ્ન જ્યારથી ઉભો થયો ત્યારથી કેવળ કોમી વીખવાદ પ્રેરતા આન્દોલન સિવાય બીજું કશું કર્યું જ નથી તે કયા મોઢે આવી શાણી વાત કરતા હશે તે આપણા સમજવામાં આવતું નથી. આ તો 'સો ચુહા મારકે બીલ્લી હજ કરનેકુ ચલી' એવી વાત થઇ.

સારાંશ કે મહારાષ્ટ્ર પ્રદેશ કોંગ્રેસ સમિતિનો ઠરાવ આજની કટોકટીને હળવી કરવામાં અમુક અંશે જરૂર મદદરૂપ થાય છે. એમ છતાં પણ આ જ મહારાષ્ટ્રી આગેવાનો કયારે મોઢું ફેરવશે—કારણ કે આવો કડવો અનુભવ માત્ર આપણને જ નહિ પણ કોંગ્રેસની કારોબારીને થયાનું તેની ૨૭મી તારીખની જાહેરાતમાં સીધું સૂચન રહેલું છે-આવો સવાલ અવિશ્વાસથી ઘેરાયલા આપણા મનમાં ઉઠયા વિના રહેતો નથી. ઇશ્વર તેમને સતત સન્મતિ તરફ વાળે અને સુદૃઢ બનાવે એવી આપણી પ્રાર્થના અને શુભેચ્છા હો!

શ્રી શંકરરાવ દેવનું નિવેદન

આજે મુંબઇની સ્થિતિ ભારેલા અગ્નિ જેવી છે. છેલ્લા અઠવાડી-આથી શાન્તિ પથરાયલી છે અને કોઈ અઘટિત બનાવ સાંભળવામાં આવ્યો નથી. એમ છતાં પણ આ શાન્તિ જરા પણ વિશ્વસનીય નથી. ગુજરાતીઓનાં મન ઉંડેથી દાઝેલાં છે, આરપાર ઘવાયેલાં છે. અવિ-શ્વાસે અને અસ્થિરતાએ તેમનાં દિલને ભારે બેચેન બનાવ્યાં છે. કોંગ્રેસ કારોબારીએ મુંબઇ સંબંધે મહારાષ્ટ્રી આગેવાનોને મક્કમ ના સંભળાવી છે, અને તેમને મુંબઇમાં બનેલી બીનાઓ સંબંધે ખૂબ ખખડાવ્યા છે. આ પ્રકારના તોફાનો ઉભાં કરીને મુંબઇને જાળવવાની નાલાયકી તેમણે પોતે જ પુરવાર કરી છે. ભારતભરમાં તેમની પ્રતિષ્ટાને આ રીતે ભારે ધક્કો પહોંચ્યો છે. આમ છતાં પણ મુંબઈ વિષેના તેમના ઝનુનમાં કશો ફરક પડયો દેખાતો નથી.

મહારાષ્ટ્રમાં ગુજરાતીઓ સારી રીતે ફેલાયલા છે. મુંબઇમાં એવો એક પણ લતો નથી કે જે કેવળ ગુજરાતીનો કે કેવળ મહારાષ્ટ્રીઓનો જ કહી શકાય. આ બન્ને વર્ગો વચ્ચે વર્ષો જુની શુભનિષ્ટાનો આજે નાશ થયો છે. આવી સ્થિતિ ઉભી કરનાર મહારાષ્ટ્રીઓ છે તેથી આ સ્થિતિ સુધારવાની જવાબદારી પણ મહારાષ્ટ્રીઓની છે. અલબત બે હાથ સિવાય તાળી પડતી નથી, પણ પહેલો હાથ મહારાષ્ટ્રીઓ લંબાવે તો જ ગુજરાતી પ્રજાને હાથ લંબાવવાનું કહી શકાય. આ સંબંધમાં સંયુકત મહારાષ્ટ્રના નામે થયેલા અમાનુષી અત્યાચારના પ્રાયશ્ચિત રૂપે ગઇ ૩૦મી તારીખથી ૧૧ દિવસના ઉપવાસની જાહેરાત કરતાં શ્રી શંકરરાવ દેવ તત્સંબધી નિવેદનમાં જણાવે છે કે "મેં એક વખત કહ્યું હતું કે મહારાષ્ટ્રમાં બીન મહારાષ્ટ્રીઓ સ્વમાન સાથે જીવી શકશે નહિ એવો ભય વ્યકત કરવામાં આવે છે, તે મહારાષ્ટ્રીઓના ચારિત્ર્ય ઉપર એક કલંક સમાન છે. પરંતુ ગુજરાતી કોમના હૃદયમાં રહેલો આ ભય દૂર થવાને બદલે મુંબઈ ખાતેના ગયા સપ્તાહમાં બનેલા બનાવોને લક્ષને વધુ જોરદાર અને ઉગ્ર બન્યો છે એ એક હકીકત છે. દરેક સ્વમાની મહારાષ્ટ્રી માટે આ હકીકત શરમજનક છે. દરેક મહારાષ્ટ્રીની એ ફરજ છે કે તેણે યોગ્ય પગલાં દ્વારા આપણા ગુજરાતી ભાઇઓનો વિશ્વાસ પાછો મેળવી લેવા માટે પ્રયાસ કરવો જોઇએ." તેઓ એજ નિવેદનમાં આગળ ચાલતાં જણાવે છે કે "ભાષાકીય રાજ્ય રચનાની માગણીનું ભાષાકીય કોમવાદ અને ઝનુનીપણાની હદે પતન થાય એ અત્યન્ત અનિચ્છનીય છે. આ પતનથી જે રાષ્ટ્રીય આદર્શો અને માનવમૂલ્યોને આપણે મહામોંઘા ગણીએ છીએ તેને પારાવાર નુકસાન થશે. મુંબઈ શહેરમાંના અને મહારાષ્ટ્રમાંનાં તોફાનોએ સામાન્ય રીતે દેશની અને વિશેષે કરીને સંયુકત મહારાષ્ટ્રના ધ્યેયની ભારે કુસેવા કરી છે. મુંબઈ શહેર સહિત સંયુકત મહારાષ્ટ્રની માંગણીનો અર્થ બીનમહારાષ્ટ્રીઓ પોતાના મહારાષ્ટ્રી ભાઇઓના જેવો જ સમાન અને ગૌરવભર્યો દરજ્જો ભોગવી ન શકે એવો થતો જ નથી. મુંબઈ શહેરમાં અને મહારાષ્ટ્રમાં અન્ય સ્થળોએ વસતા બીનમહારાષ્ટ્રીઓ અને ભવિષ્યમાં મહારાષ્ટ્રમાં આવીને વસવાટ કરવા માગતા બીજાઓનો—મહારાષ્ટ્રીઓ જેટલા જ અને જેવા જ નાગરિકત્વના હક્કો ભોગવવાનો અધિકાર છે. તે હક્કોની પવિત્રતાની કોઇ મહારાષ્ટ્રીથી અવગણના થઇ શકે જ નહિ."

તેઓ આગળ ચાલતાં એકરાર કરે છે કે "મુંબઇ શહેર સહિત સંયુકત મહારાષ્ટ્રની માગણીનો હું અગ્રણી હિમાયતી રહ્યો છું અને જો જરૂરી જણાય તો આ માંગણીની પ્રાપ્તિ માટે અહિંસક અને લોકશાહી ચળવળ હાથ ધરી શકાય એમ પણ હું માનતો આવ્યો છું. આથી તાજેતરનાં તોફાનો માટેની જવાબદારીમાંથી હું છટકી શકું એમ નથી.

"જુદી જુદી કોમોના જુદા જુદા વર્ગો પર કાયમી શાન્તિ અને ભાઇચારાની લાગણી સ્થપાય તે માટે હાલની પરસ્પર અવિશ્વાસ અને દ્વેષભાવની લાગણી દૂર કરવાનું જરૂરી છે. આથી હું દરેક મહારાષ્ટ્રીને આપણા ગુજરાતી ભાઇઓનો વિશ્વાસ પાછો સંપાદન કરી લેવા માટે નિષ્કામપણે સતત અને સખત પ્રયાસો કરવાની આગ્રહભરી વિનંતિ કરું છું. જેઓ મુંબઇ છોડી ગયા છે તેઓ સ્વમાન સાથે મુંબઈ પાછા ફરી શકે તે માટે અને જેઓની દુકાનો લૂંટાઈ ગઇ છે, જેઓને પોતાના વિસ્તારોમાંથી નીકળી જવું પડયું છે તેઓમાં વિશ્વાસ અને શ્રધ્ધા પુનઃ પેદા થાય તે માટે આપણે શકય તેટલા પ્રયાસો કરવા જ રહ્યા. આવી જ રીતે પોલીસના ગોળીબાર, લોકોની ધેલછા, ઝનુન અથવા તો બીજી કોઈ રીતે જેમણે પોતાનાં માંડુઓ ગુમાવ્યાં હોય તેમનું દુઃખ ઓછું કરવા માટે આપણે પ્રયાસો હાથ ધરવા જોઇએ. આ બધું જ્યાં સુધી ન કરીએ ત્યાં સુધી સંયુકત મહારાષ્ટ્રની ચળવળ હાથ

ધરવા માટે સાનુકુળ વાતાવરણ સરજી શકાશે નહિ." આમ સખ્ત ઠોકર ખાઇને જેમની સાન કાંઇકે ઠેકાણે આવી છે અને પોતે કહે છે તેમ શબ્દો દ્વારા અવર્ણનીય એવી વેદના જેમના દિલમાં જાગી છે એવા શ્રી શંકરરાવ દેવના આ ઉદ્‌ગારોનો મહારાષ્ટ્રના અન્ય આગેવાનો અને આમ પ્રજા ઉપર કેટલો પ્રભાવ પડે છે અને તેઓ દર્શાવે છે તેવા માર્ગે પગલાં માંડવા તેઓ કેવી તત્પરતા દાખવે છે તેના ઉપર આજે હણાયેલી ભાઇચારાની લાગણી પુનઃ સ્થપવાની અને મુંબઇએ ગુમાવેલું સામાજિક સ્વાસ્થ્ય પુનઃ પ્રાપ્ત થવાની આશા રહે છે. આજના હિંસાપ્રચુર મહારાષ્ટ્રી વાતાવરણમાં શંકરરાવ દેવ કે જેમણે એ વાતાવરણ સર્જવામાં કદાચ અજાણપણે મોટો ફાળો આપ્યો છે તેમનો પોકાર અરણ્યરૂદન સમાન નિવડવા સંભવ છે. એમ છતાં આપણે આશા રાખીએ કે એક દર્દભર્યા દિલમાંથી નીકળેલી અપીલ મહારાષ્ટ્રની જનતાને સાચી સુઝ આપવામાં મદદરૂપ બને અને શાન્તિ, સમાધાન અને ભાઇચારાની વૃત્તિ તરફ વાળે.

બિહાર બંગાળાનું જોડાણઃ ફુટેલું આશાનું કિરણ

ઉપર જણાવ્યું તેમ પ્રદેશ વિભાજનના કારણે માત્ર મુંબઇમાં જ નહિ પણ ઓરીસ્સામાં, બેલગામમાં, કલકત્તામાં, બેલારીમાં, અને અન્ય સ્થળોએ પણ તોફાનો થયા છે. મહારાષ્ટ્રમાં આવેલા અનેક શહેરોમાં ગુજરાતી મારવાડીઓના જાન માલ જોખમમાં મુકાયાં છે. જાણે કે દેશભરમાં ભયંકર ઉપદ્રવ ફાટી નીકળ્યો હોય એમ લાગે છે. આમ સૈકાઓ બાદ સરજાયેલા ભારતની એકતા ચોતરફથી જોખમાઇ રહી છે. પ્રદેશ પ્રદેશના કોંગ્રેસી આગેવાનો કેન્દ્ર સામે માથું ઉંચકી રહ્યા છે અને પોતાને મળેલું છોડવાને અથવા તો પોતે આપવાનું દેવાને તૈયાર નથી. મહારાષ્ટ્રમાં તો આ વૃત્તિ એક પ્રકારના બળવાનું રૂપ ધારણ કરી રહી છે અને આજે પણ એ વૃત્તિ શમી ગઇ છે એમ માનવાને કોઇ કારણ નથી. આમ ચોતરફ વણસેલી પરિસ્થિતિ દરમિયાન એક એવી ઘટના બની છે જેણે નવી આશાનો અંકુર પ્રગટાવ્યો છે. આ છે બિહાર તથા બંગાળાના મુખ્ય પ્રધાનોના દિલમાં ઉગેલી બન્ને પ્રદેશોને જોડીને એક દ્વિભાષી પૂર્વ પ્રદેશ ઉભો કરવાની ભાવના. ગુજરાત મહારાષ્ટ્ર વચ્ચે આજે જે વિષમ પરિસ્થિતિ ઉભી થઇ છે તેવી વિષમ પરિસ્થિતિ બિહારીઓ અને બંગાળીઓ વચ્ચે વર્ષોથી ચાલી રહી હતી અને તે બે પ્રદેશના જોડાણની કલ્પના સ્વપ્નમાં પણ સંભવતી નહોતી. આમ છતાં જાણે કે ઇશ્વર પ્રેરિત હોય, ભારતનું ભાવી આમ એકાએક ખંડિત થવાનું ન હોય, એમ એ બન્ને મુખ્ય પ્રધાનો ડૉ. એસ. કે. સિંહાએ અને ડૉ. બી. સી. રોયે તા. ૨૪ મી જાન્યુઆરીના રોજ સંયુક્ત નિવેદન દ્વારા બિહાર અને બંગાળાને સંલગ્ન કરવાનો વિચાર જાહેર કર્યો છે અને આ વિચારને દેશના ખુણે ખુણેથી હાર્દિક આવકાર મળ્યો છે, એટલું જ નહિ પણ જ્યાં 'હું અને મારો પ્રદેશ' એ એક જ ખ્યાલ લોકોને ગાંડા બનાવી રહ્યો હતો ત્યાં આવાં જોડાણોનો વિચાર વહેતો થયો છે. આ બન્ને મુખ્ય સચિવોએ આપેલી નવી દોરવણીના પરિણામે મદ્રાસ, કેરલ અને કર્ણાટક એમ દક્ષિણ પ્રદેશ ઉભો કરવાની વાતો થઇ રહી છે અને મહાગુજરાત સાથે રાજસ્થાનને જોડવાનો પ્રશ્ન પણ વિચારાઇ રહ્યો છે. બને એટલા વધારે પ્રદેશો ઉભા કરવાને બદલે બને તેટલા ઓછા પ્રદેશો રચવા તરફ આજનું લોકમાનસ ઢળ્યું છે. આમાંથી કયાં કયાં જોડાણની કલ્પના મૂર્ત સ્વરૂપ ધારણ કરશે એ વિષે આજે આપણે કશું ચોક્કસપણે કહી શકીએ તેવી સ્થિતિમાં નથી. પણ જોડાણની જે હવા પેદા થઇ છે તે આજની કટોકટીની ઘડિએ ભારે આવકારદાયક અને શુભસૂચક છે અને તેમાંથી મહારાષ્ટ્રના દિલમાં ઉભી થયેલી મડાગાંઠનો ઉકેલ પણ કદાચ આવી જાય એવી આશા અનુભવાય છે. આમ અનિષ્ટમાંથી ઇષ્ટ, ઝેરમાંથી અમૃત પેદા થવાની શકયતા જોઇને, કલ્પીને, ચિત્ત પ્રફુલ્લ બને છે અને ગમે તેવા નિરાશાજનક સંયોગો હોય તો પણ કદિ નિરાશ ન થવું, અને લોકકલ્યાણનો માર્ગ શોધવામાંથી પાછા ન ફરવું, આપણો પ્રયત્ન હોય તો અણધારી એવી કોઇ ઇશ્વરી ઘટના બની જાય જ છે કે જે આપણા પ્રયત્નને અણધારી સફળતા અપાવે છે—આની શ્રદ્ધાપૂર્વક સતત પ્રયત્નશીલ રહેવું—આવો આશાપ્રેરક ધર્મ—વિચાર આપણા દિલમાં સહજપણે ઉગે છે.

આપણું આજનું કર્તવ્ય

મહારાષ્ટ્રીઓ સાથેના આપણા સંઘર્ષનો આ જ રીતે વિચાર કરવો ઘટે છે. એક બાજુએ આપણી સહીસલામતી માટે વધારે સજાગ બનાવવાની, નિર્ભયતા સેવવાની અને વ્યવસ્થિત બનવાની જરૂર છે. માલમીલ્કતનો મોહ ઓછો કરવો, જાન બચાવવા વિષે બેપરવા બનવું અને કોઇ પણ આક્રમણનો જે કાંઇ શકિત યા સાધન હોય તે વડે સામનો કરવો એ આપણો તત્કાળ ધર્મ બને છે. સામનો અહિંસક કે હિંસક એ પોતપોતાના વિચાર ઉપર આધાર રાખે છે, પણ ગુંડાનો સામનો તે અનિવાર્ય ધર્મ છે આટલું આપણે સમજી લઇએ, સ્વીકારીએ, આચરીએ તો કોઇની મગદુર નથી કે આપણને લેશમાત્ર નુકસાન કરી શકે. આવી હીંમત અને બહાદુરી આપણે કેળવીએ. બીજી બાજુએ મહારાષ્ટ્રીઓ સાથેના આપણા સંબંધ વિષે પણ એકાન્ત નિરાશાવાદી ન બનીએ. ગઇ કાલ સુધી આપણે શાખપડોશી તરીકે પરસ્પર પ્રેમભાવથી રહ્યા છીએ; આજે પણ એકમેકથી દૂર જઇને વસી શકીએ તેમ નથી. મુંબઇની ઘેલછાએ તેમની આંખો સામે પડળ ઉભા કર્યાં છે અને આપણે જાણે કે પરાયા હોઇએ એમ તેઓ વર્તી રહ્યા છે. જ્યાં સહવાસ અનિવાર્ય છે ત્યાં આવી ચિત્તવિકૃતિ લાંબો વખત ટકતી નથી. સમયના વહેવા સાથે સન્મતિનો ઉદય થાય છે અને સમયાન્તરે પરસ્પર સ્નેહભાવ પ્રગટે જ છે. જો આપણે આપણું વર્તન સંયમપૂર્ણ રાખીએ અને શુભેચ્છાપ્રાર્થી બનાવીએ તો એ સમુદાયને આપણી તરફ વળ્યે જ છૂટકો છે. આ દેશના આપણે બન્ને પૂરક અંગો છીએ, બધા સંકલિત બનીને રહીએ તો જ આપણે ટકી શકીએ તેમ છે. મુંબઇની મૂર્છામાં મહારાષ્ટ્રી ભાઇઓ એ ઘડિ આ ભુલી ગયા છે. મુંબઇને ટકાવવું હોય તો આ મૂર્છામાંથી તેમણે મુક્ત થવું જ રહ્યું. આમ આપણે લાંબદોર દૃષ્ટિથી સમગ્ર પરિસ્થિતિને જોતા રહીએ અને તે સમુદાયનો અમુક વર્ગ ગમે તે રીતે વર્તે તો પણ આપણે ભાઇ ભાઇ તરીકે મટવાના નથી, એમ મટવું પાલવે તેમ નથી એવી શ્રદ્ધા સેવીએ અને આજે જામેલા કડવાશના વાતાવરણને શુભ નિષ્ઠા, શુભ ચિન્તન અને શુભ પ્રાર્થના વડે બને તટલું હળવું બનાવીએ. વૈકુંઠમનસ્યની રાત્રી પછી પ્રેમસમભાવનો દિવસ ઉગવાનો જ એ આપણે કદી ન ભુલીએ.

પરમાનંદ

ગતાંકની મુદ્રણશુધ્ધિ

તા. ૧૫-૧-૫૬ ના પ્રબુધ્ધ જીવનમાં પ્રગટ કરવામાં આવેલી 'ભૂલ કબુલ પણ' એ મથાળા નીચેની નોંધમાં પાનું ૧૭૬ કોલમ પહેલાના છેવટના ભાગમાં 'ગણ્યાગાંઠ્યા અસંયતિ જીવો બાદ કરતાં' છપાયલું છે તેમાં 'અસંયતિ'ના સ્થાને 'સંયતિ' વાંચવું.

પહેલા પાના ઉપરના લેખ ઉપરની નોંધમાં વિનોબાજીનો જન્મદિવસ તા. ૧૩-૯-૫૫ જણાવ્યો છે તેના સ્થાને ૧૧-૯-૫૫ એમ સુધારવું અને સમન્વયાશ્રમ અઢી વર્ષ પહેલાં સ્થપાયાનું જણાવ્યું છે તેના સ્થાને દોઢ પોણા બે વર્ષ એમ સુધારવું.

આ વખતની પ્રબુધ્ધ જીવનની પરિપૂર્તિ

મુંબઇની લૂંટફાટ અને હુલ્લડ દરમિયાન ધી ઇન્ડીયન ગ્રેન ડીલર્સ ફેડરેશનના પ્રમુખ શ્રી ખીમજી માડણ ભુજપુરીઆ તથા અન્ય સહકાર્યકર્તાઓએ હુલ્લડથી ઘેરાયલા અનેક કચ્છી કુટુંબોને અને દુકાનદારોને જે જહેમત અને જોખમ ઉઠાવીને બચાવ્યા અને રાહત પહોંચાડી તેનો પ્રબુધ્ધ જીવનના વાંચકોને કાંઇક ખ્યાલ આવે એ હેતુથી એ સંસ્થાના પ્રમુખ શ્રી ભુજપુરીઆએ ફેડરેશનના સભ્યો જોગ જે પરિપત્ર પાઠવ્યો છે તે આ અંકમાં પરિપૂર્તિ રૂપે અન્તર્ગત કરવામાં આવ્યો છે.

તંત્રી, પ્રબુધ્ધ જીવન

વિષય સૂચિ

		પૃષ્ઠ
ભવ્ય ભૂતકાળની ભ્રમણામાંથી મુકત બનોઃ આધુનિક જીવનમૂલ્યો અપનાવો! એક વિચારણા	કે. એમ. પાણીકર	૧૭૯
મારી જીવનકથા	ગુરૂદયાળ મલ્લિકજી	૧૮૦
બાલદીક્ષા	દલસુખ માલવણિયા	૧૮૧
કોંગ્રેસ કારોબારીની મક્કમ જાહેરાત		૧૮૩
ગોઝારું પખવાડીયું: આશાકિરણનો ઉદય	પરમાનંદ	૧૮૪
આજની કટોકટીમાં આપણું સર્વનો અનિવાર્ય ધર્મ	કાકાસાહેબ કાલેલકર, કેદારનાથજી	૧૮૭
પ્રબુધ્ધ જીવન પરિપૂર્તિ:		૧ થી ૪
ધી ઇન્ડીયન ગ્રેન ડીલર્સ ફેડરેશન સાથે જોડાયેલી બધી એસોસીશનોના સર્વે સભ્યો જોગ	ખીમજી એમ. ભુજપુરીઆ	
એક આપવીતી	એતસી માલસી સાવલા	

...ગ્રેન ડીલર્સ ફેડરેશન સાથે જોડાયેલી બધી એસોસિએશનોના સર્વે સભ્યો જોગ.

...ભાઈઓ,

...શહેરની અંદર આપણા દોઢસો વર્ષોના વસવાટ દરમ્યાન કયારે પણ નથી બન્યો તેવો ભય...
...ત્રણસોમાંના ત્રણેકસો જેટલા દુકાનદારો એટલે કે પાંચ-સાતસો જેટલા કુટુંબો સાથે...

દિવસ અને રાત્રે દુકાનો લુંટવી, પથ્થર મારો કરવો, કરફ્યુના સમય દરમ્યાન પણ...
...ગભરાવવા, મારફાડ, લુંટફાટ કરવી અને છરી બતાવીને પૈસા કઢાવવા વિગેરેના ભય...
...કરોડોની નુકશાની કરતા બનાવો આપણે ગયા અઠવાડીયે જોયા અને સાંભળ્યા.

...પહેલા વિશ્વયુધ્ધ વખતે સને ૧૯૧૮ માં કેટલીક લુંટફાટ થએલી, ત્યાર પછી મીલ હડતાળ વખ...
...હુલ્લડો વખતે પણ લુંટફાટ તથા મારફાડ થએલી પરંતુ તે વખતના વિસ્તાર અને કદ કરતા...
...વિસ્તાર અને કદ ઘણા મોટા હોવાથી આપણા સભ્યોને તથા બીજા દુકાનદારો તેમજ ગુજરાતી તથા મા...
...ઓને પણ આર્થિક નુકશાન અને યાતના સહન કરવા પડયાં છે.

...સોમવાર ૧૬ મીની સાંજે આપણા વડા પ્રધાન પંડિત જવાહરલાલે મુંબઈ રાજ્યને ૩ વિભાગમા વહેંચવાની...
...જાહેરાત કર્યા પહેલાં સવારના સાવચેતી તરીકે આરેકસો જેટલા ગુંડાઓને તથા ડઝનેક જેટલા આગેવાન...
...પોલીસ પકડી લીધા હોવાથી શહેરમાં કેટલીક મીલો બંધ પાડીને લોકોએ અશાંતીનું વાતાવરણ ઉભુ કરવા...
...વચ્ચે ગભરાટ વધવા પામ્યો. રાત્રે નાયગામમાં અને દાદરમાં ડઝનેક જેટલી દુકાનો લુંટાઇ...
...એટલે કે બુધવારના પ્રભાતથી અંધાધુંધી અને અરાજકતાનું વાતાવરણ જામ્યું. આપણી દાણાની...
...વસ્તી તો સર્વત્ર હોય છેજ, પરંતુ તેમાં પણ લાલબાગ, કાલાચોકી, શીવરી અને નાયગામ વગેરે...
...મુખ્ય પથ્થર મારો અને લુંટફાટ શરૂ કરવામાં આવ્યા અને રાતના છેક બે વાગ્યા સુધી તે ચાલુ...
...મર્યાદિત પ્રમાણમાં પોલીસની મદદ મોકલવી પડી. બચાવી લેવા માટે ભયભીત લોકોના ટેલીફોન સતત...
...રણકતા જ રહયા. કરફ્યુનો હુકમ તોડીને લોકોના હલ્લાના અવાજો અને જવાબમાં પોલીસના થતા ગોળી...
...ટેલીફોનની વાતચીત દરમ્યાન પણ સાંભળી શકાતા હતા. કરફ્યુના સમય દરમ્યાન ગુંડાઓ હજારોની સંખ્યા...
...વસ્તી મોદી, કચ્છી, ગુજરાતી તથા મારવાડી વસ્તી પર પત્થર મારો કરતા હતા. લુંટફાટ અને મારફાડ કરી...
...ભગાડવાના અને ભગાડવાના પ્રયાસોનું પ્રમાણ ઠેક ઠેકાણે વધ્યા હોવાના સંદેશાઓ મળતા રહેતા હતા. પરિ...
...પરિસ્થિતિ ગુરૂવારે પણ ચાલુ રહેવા પામી હતી.

...મારા ઘરનો, મારી ઓફિસનો, એસોસિએશનનો, ફેડરેશનનો તથા જવાહીર પ્રીન્ટીંગ પ્રેસના ટેલીફોન...
...બંધ હતો. પરિણામે ચોપાટી પરના વર્ધમાન મેન્શનમાં આવેલ શાંતીલાલ હીરજીની મુંબઈવાળા, ભાઈશ્રી...
...વશનજી રામજી વોરાની પેઢીએ એમનો એક ટેલીફોન ચાલુ હોવાથી મેં મારી બેઠક ત્યાં રાખી. સ...
...ત્રણ દિવસથી રાત અને દિવસ જે બે ભાઇઓ દુકાનદારોની મુશ્કેલી સમજવા તથા તેમને મદદરૂપ થવા...
...મહેનત કરતા હતા તે બંને ભાઇઓ એટલે કે બી બોમ્બે ગ્રેન ડીલર્સ એસોસિએશનના પ્રમુખશ્રી ખીમજીભાઈ...
...કરા તથા ફેડરેશનના ઉપ-પ્રમુખ શ્રી. વીરજી નરશી શાલીઆ મારી સાથે એ બેઠકમાં તરતજ જોડાયા. ગુરૂવારના...
...સવારે શહેરભરમાં ગભરાટ વધી જવા પામ્યો. મારફાડના, લુંટફાટના, પથ્થરબાજીના અને છરી બતાવીને...
...કઢાવવાના તેમજ માલ મીલ્કત બચાવવાનાં બહાના નીચે સેંકડો રૂપીઆની રકમો ઓકાવવાના બનાવો બનવા...
...શરૂ જ હતા. આમ સંકટો વચ્ચે આપણા દાણાના દુકાનદારભાઇઓ તેમજ શહેરના ઉત્તર ભાગમાં એટલે...
...બીજા દરજ્જાની મીલ વિસ્તારમાં વસતા ભાઇઓનો ભય અને ગભરામણ વધ્યાના દાખલાઓ વધતાજ દેખાવા લાગ્યા...
...ઘણા લોકો સલામત સ્થળે જાન બચાવવા માટે ભાગી જતા અને આગલા દિવસથી સંકટમાં સપડાયેલા...
...ચોપાટીની પરના હામજી લક્ષ્મીચંદ ચાલમાં વસતા સાઠેક જેટલા ગુજરાતી કુટુંબો સલામત સ્થળે...
...પરંતુ શહેરમાં દોઢસો વર્ષના આપણા વસવાટ પછી ભાઇ ભાઇ વચ્ચેના આ મહારાષ્ટ્રીઅન અને ગુજરાતી...
...ગભરાટથી ઘરબાર છોડીને ભાગી જવાના કાર્યને ઉત્તેજન ન આપવાની અને જે જે કચ્છી ગુજરાતી તથા મારવાડી...
...ભાઇઓ જ્યાં હોય ત્યાં તેમને હિમત, ધીરજ અને પોલીસ મદદ પહોંચાડવાની અમારી ઇચ્છા અને પ્રયાસ હોવા...
...છતાં ગભરાટ, ભય અને સંકટ વચ્ચે પડેલા સેંકડો કુટુંબોને, અમારે તેમના સંકટગ્રસ્ત સ્થાનોમાંથી ખસેડવા પડયા. આવા ખસેડવાના કાર્યની શરૂઆત કોટનગ્રીન જકરીઆમસ્જીદ પર આવેલી મારી બીલ્ડીંગ...
...વાળી વસાહતથી કરવામાં આવી. અહીં વસતા સેંકડો કચ્છી ગુજરાતી અને મારવાડી કુટુંબો ત્યાં થયેલી...
...ગડબડથી ભયભીત બન્યા હતા. આવી રીતે ખસેડાએલાં, ખસેડાતા અને પડે આવીને આસરો માગતા...
...કુટુંબોને જ્ઞાતિજાત કે પ્રદેશના ભેદભાવ વગર ભાતબજાર માંડવીમાં આવેલ શ્રી કચ્છી વીશા ઓશવાલ હાઇસ્કુલ...
...ની બીલ્ડીંગમાં આસરો આપવાનું શરૂ કરવામાં આવ્યું. ત્યાં ચાલતી દેશવાસી પાઠશાળા તથા પુરુષોત્તમ...
...ખીમજી હોલ પણ આશ્રયસ્થાન તરીકે ઉપયોગમાં લેવાઇ. શ્રી. માલશી ઘેલાભાઇ સવાઇ મુંબઇ...
...ટ્રસ્ટીઓના સદભાગ્યે અજ મહાજનવાડીમાં અસ્તિત્વ ધરાવતું હોવાથી એમના ટ્રસ્ટીઓની...
...ખાસ સંમતી તથા ત્યાં પાણીની વ્યવસ્થા કરવા વિનંતી કરતા અમારા પ્રેમ તેને સ્વીકારી...
...ની બે રાત્રે કેન્દ્રના સંચાલકોએ આવેલ આશ્રિત ભાઇઓ કુટુંબની સંખ્યા ને...

સુધી તો રોજની ત્રણ હજાર જેટલી પહોંચવા પામી હતી, તેમની ખાવા પીવાની ઉમદા વ્યવસ્થા ચાલુ રાખી છે. જોખમી અને ભયગ્રસ્ત લત્તાઓમાંથી બચાવી લાવીને આસરો આપવાની માંગ દરેક પળે વધતી જતી હતી અને તેથી શુક્રવાર તા. ૨૦ મી અને ૨૧ મીને શનિવારની મોડી રાત સુધી એ કાર્ય ચાલુ રાખવું પડયું અને રવિવારના રોજે તે બંધ કરવામાં આવ્યું. તેમ છતાં થોડાકોને વાહનો અને વોલન્ટીઅરો પુરા પાડવા પડયા. પંડનાં વાહનો કરીને આસરા માટે આવતા લોકોનો ધસારો તો સોમવારના પણ ચાલુ રહ્યો. અમોએ અમારી બેઠક કે જે શ્રી શાંતીલાલ હીરજીની કુ. ની પેઢીએ, વર્ધમાન મેન્શનમાં રાખી હતી તે રવિવાર તા. ૨૨ મીથી એસોસિએશનનો ટેલીફોન ચાલુ થઈ જતાં ત્યાં ખસેડી.

આ આખાએ અઠવાડિયા દરમ્યાન તંગ વાતાવરણ વચ્ચે જુદા જુદા લત્તામાં રહેતાં દાણાવાળા કચ્છી ભાઈઓ અને ગુજરાતી તથા મારવાડી ભાઈઓને ધીરજ અને હિમત આપવામાં, પોલિસની મદદ પહોંચાડવામાં, અને જરૂર પડયે પોલિસની મદદ સાથે કે તેવી મદદ વગર પણ, દિવસ કે રાત જોયા વગર, હજારો કુટુંબોને સલામત સ્થળે ખસેડી લાવવામાં જે ભાઈઓએ મદદ કરી છે તે સૌનો તેમજ શ્રી માલશી ઘેલાભાઇ સર્વોદય કેન્દ્રના સંચાલકો અને સ્ટાફના સભ્યોનો હું આ તકે ફેડરેશન વતી તેમજ શ્રી કચ્છી વીશા ઓશવાળ દેરાવાસી મહાજન વતી હાર્દિક આભાર માનું છું. દરપળે આવતા ચિત્રવિચિત્ર ભયંકર યાતનાઓ અને દુઃખના સમાચારો વચ્ચે પણ મનને સ્થિર રાખી રાત દિવસ જોયા વગર દિવસો સુધી અડે પગે કાર્ય કરનાર શ્રી ખીમજી હેમરાજ છેડા અને શ્રી વીરજી નરશી શાલીઆનો આથી આભાર માની, ફરજ પ્રત્યે તેમની જાગૃતિ માટે તેમને હાર્દિક ધન્યવાદ આપું છું. શ્રી લીલાધર પાસુ શાહે અને શ્રી હીરજી ઘેલાભાઇ સાવલાએ પણ અમારી સાથે રહીને અમારા આ કાર્યમાં જે અમૂલ્ય મદદ કરી છે તે બદલ એમનો પણ આભાર માનું છું. આવીજ રીતે શ્રી જીવરાજ ભાણજી શાહ, શ્રી કેશવજી કુંવરજી બેરાજાવાલા, શ્રી ગાંગજી દેવરાજ ટાઇયા, શ્રી દેવજી કેશવજીની કુ. વાળા શ્રી ચાંપશીભાઈ શાહ, શ્રી પ્રવિણચંદ્ર શીવજી શાહ, શ્રી ખીમજી શીવજી, શ્રી ચનાભાઈ ખેતશી, શ્રી કાકુભાઇ વેલજી નાનાચોકવાલા, શ્રી ખીમજી જેવત, શ્રી ઉમરશી ખીયશી પોલડીઆ, શ્રી ચુનીલાલ નાગશી, શ્રી મણીલાલ નરશી કુરીઆ, શ્રી ખીમજી દેવજી પોલડીઆ, શ્રી ખીમજી શ્રીપાળ દેવશી અને શ્રી પ્રેમજી રવજી પરમારે મુશ્કેલ લત્તાઓમાં જઈને, ભયગ્રસ્ત લોકોને બચાવી લાવવાની જે હિમત, ધીરજ અને હોંશિઆરીથી કામગીરી બજાવી છે તે બદલ એમનો પણ આભાર માનવાની આ તક લઉં છું. ચાર પાંચ દિવસ સુધી પોતાની ઓફિસ અને ટેલીફોન વાપરવા દેવા ઉપરાંત અહોરાત જાતે અમારી સાથે કામમાં જોડાઈ અમારી આવાપીવાની પણ સંભાળ રાખનાર ભાઈ વસનજી રામજી ધરોડના અમો સૌ કાર્યકરો ઋણી છીએ. જો અણીના ટાંકણે અમોને ટેલીફોનનું સાધન ધરાવતી એમની ઓફિસ ન મળી હોત તો થયું તેટલું કાર્ય અમો કરી શકયા હોત કે કેમ તે સવાલ છે ! આ ઉપરાંત સંખ્યાબંધ ભાઈઓએ અમારા આ રાહત કાર્યમાં વગુમાંચ્યો સ્વેચ્છાપૂર્વકનો સાથ આપ્યો છે એમાંના કેટલાકોના નામનો ઉલ્લેખ અહિં કર્યા સિવાય હું રહી શકતો નથી. શ્રી જવાહીર પ્રેસવાળા શ્રી જેઠુભાઇ તેમજ તેમના સ્ટાફના સભ્યો તો છેવટ સુધી અમારા રાહત કાર્યમાં અડે પગે મદદરૂપ ઉભા હતા. જ્યારે શ્રી કેશવજી કુંવરજી બેરાજાવાળાએ જાતે સેવા આપવા ઉપરાંત પોતાની મોટરબસ, શ્રી કેશવજી દેવજીવાળા ચાંપશીભાઇએ પોતાની હોરી, શ્રી સી. નરશીદાસવાળાએ પોતાની હોરી અને શ્રી મેઘજી હીરજી શાહે તથા શ્રી લાલજી ઉમરશીએ પોતાની હોરી અમારી સેવામાં સોંપી હતી. જે બદલ એમનો આભાર માનવાની આ ફરજ બજાવું છું. ગુંદાલાવાળા શ્રી દામજી સાવલા તો પોતાની મોટરો ચોવીસે કલાક અમારી સેવામાં રાખી બેઠા હતા અને આફતની શરૂઆત થઈ તે દિવસથી રાત દિવસ જોયા વગર ફરજ પર અચૂક હાજર રહ્યા હતા. જ્યાં મોકલીએ ત્યાં દોડી જવા એ યુવાન તૈયાર જ હોય. એ તરૂણ ભાઈને ખરેખર મારા હાર્દિક ધન્યવાદ ઘટે છે.

ઉપર નિર્દેષ કરેલા ગૃહસ્થો ઉપરાંત પણ જે સંખ્યાબંધ ભાઈઓએ આ સંકટ સમયે આ કાર્યમાં મદદ કરી છે તે સૌનો હું આથી આભાર માનું છું.

જ્યારે આફતનાં વાદળો ઉતરી પડે છે ત્યારે સમજદાર માનવીની માનવતા જાગૃત થાય છે અને એ રીતે આફતમાં આવી પડેલા ભાઈબ્હેનો પ્રત્યે સંખ્યાબંધ ભાઇઓએ સહાનુભુતી દાખવી છે, મદદરૂપ થયા છે. આપણી બોમ્બે ગ્રેન ડીલર્સ એસોસિએશનની કારોબારી કમીટીએ ઠરાવ કરી જે ખર્ચ કે રાહત કામોને પહોંચી વળવા માટેની આવશ્યક એવી રકમો મંજુર કરી હોવા છતાં શ્રી રવજી ખીમરાજની કુ. વાળા શ્રી જગશીભાઇએ અને તારદેવ બજાર વતી શ્રી ધરમશી નેણશીવાળા શ્રી ભવાનજી ધરમશીએ સંકટગ્રસ્તોને રાહત આપવા માટે અમારી માંગણી વગર અને સ્વેચ્છાએ હાર્દિક ઉમળકાથી અકેક હજારની રકમ સોંપી ગયા છે તેમને તેમના ઔદાર્ય માટે આ તકે હું હૃદયપૂર્વક ધન્યવાદ આપું છું અને એ રકમમાંથી જરૂરિઆતવાળાઓને રાહત આપવાનો નિર્ણય કરવામાં શ્રી તેજશી બેરાજ મજગામવાળાએ બોમ્બે ગ્રેન ડીલર્સ એસોસિએશનના પ્રમુખ સાથે મળીને જે વિવેકબુદ્ધિથી કામ કર્યું છે તે બદલ એમને પણ આથી ધન્યવાદ આપું છું.

શ્રી ગોસર વિસરીયા ઉપરાંત પરિચિત એવા જે સંખ્યાબંધ વકીલ મિત્રો નુકસાનીના દાવાઓની નોંધણી, રજુઆત અને વસુલાત અંગેની કાયદાકીય કાનુની સલાહ આપતા રહ્યા છે તેમનો, તેમજ સત્તાવાળાઓનો, મુંબઇ પ્રદેશ કોંગ્રેસ કમીટીનો, મુરબ્બી શ્રી સર પરષોતમદાસ ઠાકુરદાસનો, શ્રી ધરમશી ખટાઉનો, શ્રી પ્રતાપસિંગ મથુરાદાસ વશનજીનો, શ્રી કાન્તીલાલ ઈશ્વરલાલનો, શ્રી મુળરાજ કરસનદાસનો, શ્રી મંગળદાસ પકવાસાનો અને શ્રીમતી જયશ્રીબેન રાયજી વગેરે સૌ શુભેચ્છકોનો તેમણે સ્વયં આગળ આવીને દુકાનદાર ભાઈઓ પ્રત્યે જે હુંફ અને સહૃદયતા બતાવ્યા છે તે બદલ આથી હાર્દિક આભાર માનું છું.

સંકટગ્રસ્ત હજારો કચ્છી ભાઈઓ કચ્છ પહોંચતાં તેમનો, માંડવી બંદરે તેમજ રસ્તામાં કચ્છ પ્રદેશની કોંગ્રેસ કમીટી તરફથી જે રાહત તેમજ સગવડ અપાયાં છે તે બદલ પ્રદેશ કોંગ્રેસ કમીટીના આગેવાનોનો આથી હાર્દિક આભાર માનું છું અને શ્રી ભવાનજીભાઈ અરજણ ખીમજી અહીંની મુશ્કેલીમાં મદદરૂપ થવા કચ્છથી ખાસ અહિં પધાર્યા તે બદલ તેમના પ્રત્યે પણ આભારની લાગણી જાહેર કરૂં છું.

આજ દિવસ સુધી બનેલી હકીકતની સંક્ષિપ્ત રૂપરેખા આપ્યા પછી આપણામાંના લગભગ ત્રણસોથી વધુ જેટલા દુકાનદારભાઈઓને એટલે કે પાંચ–સાતસો જેટલા કુટુંબોને આપણી દુકાનો અને રહેઠાણો લુંટા-યાથી તથા ગુંડાગીરી અને અરાજકતાથી જે સંકટ અને દુઃખ સહન કરવા પડયા છે તે પ્રત્યે હું હાર્દિક દિલસોજી દાખવું છું. દાણાના દુકાનદારો ઉપરાંત સેંકડો બીજા દુકાનદારો તથા હજારો રહીશોને પણ અનેક યાતનાઓ, દુઃખો, સંકટો અને નુકસાનીઓ સહન કરવા પડયાં છે. તે સૌ પ્રત્યે હું મારી તેમજ આપ વતી ઉંડી દિલસોજી વ્યકત કરૂં છું. આપણી બોમ્બે ગ્રેન ડીલર્સ એસોસિએશને તો પોતાના સઘળા સાધનો આપનું સંકટ હળવું કરવા માટે અને આપને શકય તે બધી રીતે ઉપયોગી થવા માટે કામે લગાડી દીધાં છે; તો અત્યારે મારે એટલુંજ કહેવાનું છે કે:—

(૧) જેમની દુકાન કે રહેઠાણ લુંટાયાં હોય તેમણે પોતાની નજીકનાં પોલિસ સ્ટેશને હજુ નોંધ ન કરાવી હોય તો તુરત કરાવી દેવી અને જેઓ મુંબઈ બહાર ચાલ્યા ગયા હોય તેમનાં સગા સંબંધીઓએ નોંધ કરાવી આવવી અને ત્યારબાદ પોલિસ ઓફીસર લુંટાયેલી જગ્યાની પરિસ્થિતિ નજરે જોઇ લ્યે તે માટે કાળજી રાખવી.

(૨) દુકાન કે રહેઠાણ લુંટાયા ઉપરાંત છરી બતાવવાના, પૈસા કઢાવવાના, માર મારવાના, જર ઝવેરાત લુંટાયાના કે બેઈજ્જતી થયાના અને એવી બીજી જે પણ બીના કે ગેરવર્તાવ તમારી સાથે થયો હોય તેની સઘળી નોંધ તમારા નજીકના પોલીસ સ્ટેશને કરાવી આવજો અને તેની કેફીયત આપણી એસોસિએશનની ઓફિસે પણ જાતે આવીને નોંધાવી જશો.

(૩) જેમની દુકાન કે રહેઠાણોના વીમા છે તેઓ પોતાના વીમા એજન્ટોને તુરત ખબર આપે. નુકસાનીનો અંદાજ કાઢવા સરવેયર આવશે અને નુકસાનીની રકમ નક્કી થયે, નુકસાનીના પૈસા વીમા કંપનીઓ ચૂકવી આપશે. પરંતુ જેમના વીમા નથી કે ઓછી રકમના વીમા છે તેમને થએલી નુકસાની ભરપાઇ થવા પામે તે ખાતર શ્રીમાન મુંબઈ સરકારનું ધ્યાન ખેંચવામાં આવ્યું છે. ઉપરાંત ધી ઈન્ડીઅન મરચન્ટસ ચેમ્બર અને પ્રદેશ કોંગ્રેસ કમીટીનું પણ એ પ્રત્યે ધ્યાન ખેંચવામાં આવ્યું છે. મને વિશ્વાસ છે કે થએલી નુકસાની ભરપાઈ મળે તે ખાતર શ્રીમાન મુંબઇ સરકારે કરવી જોઇતી કાનુની કાર્યવાહી તે જરૂર કરશે.

હવે શાંતિ સ્થપાતી જાય છે, તો મુંબઇમાં છે તેઓ તથા જે ભાઇઓ મુંબઈ બહાર ચાલ્યા ગયા છે તેઓ પાછા આવીને જ્યાં જ્યાં સલામતી જણાય ત્યાં ત્યાં પોતાના ધંધા ફરી શરૂ કરે અને હાલમાં ઉધાર માલ ખરીદવાનું કે વેચવાનું ધોરણ બંધ રાખે

ભાઇ ભાઇ વચ્ચેની આ કટુતાનો અંત જો કે નજીકમાં દેખાતો ન હોવા છતાં પણ ભાઈઓ વચ્ચેના આ ઝગડાથી દૂર ભાગ્યે પતવાનું નથી. વચ્ચે બેસીએ તો જ એનો અંત આવે. તો જ્યાં સલામતી જણાય ત્યાં સૌ પોતપોતાના ધંધા ફરી શરૂ કરે એ આગ્રહ. ધંધો શરૂ કરે તે પહેલાં પોતાનો નોકર વર્ગ જ્યાં હોય ત્યાં તેમની સંભાળ લ્યે અને પાછા નોકરીએ રાખવાનું તેમને આશ્વાસન આપવાનું ન ભૂલે.

આ નિવેદન પુરૂં કરૂં તે પહેલાં મારા એક જુના સાથીના થએલ કરૂણ અવસાનની દુઃખદ નોંધ લેવાનું હું જરૂરી માનું છું. ફરગ્યુસન રોડ પર પ્રકાશ કલોથીંગ કું. નામના તૈયાર કપડાં સીવવાનાં કારખાનાં અને સ્ટોરના માલિક બીદડાના શ્રી હંશરાજ દેવરાજ શાહ કે જેઓ છેલ્લાં પચ્ચીસ વર્ષથી રાજકીય, સામાજીક અને વ્યાપારી ક્ષેત્રે એકનિષ્ઠાથી સતત કાર્ય કરતા હતા તે ભાઈનો સ્ટોર ગુંડાઓએ લૂંટી લેતાં ત્યાંજ આવેલ તેમનાં રહેઠાણમાં તેઓ છેવટ સુધી ટકી રહ્યા પરંતુ તેમનાં રહેઠાણની આસપાસ રહેતી લગભગ બધીજ ગુજરાતી અને કચ્છી વસ્તી જ્યારે સ્થળાંતર કરી ગઈ ત્યારે એમણે પણ દુઃખાતા દિલે પોતાનું સ્થાન છોડી દીધું અને ચીંચબંદર આવ્યા અને આવતાંવેંત ઓચિંતા અવસાન પામ્યા.

કચ્છી, ગુજરાતી અને મારવાડી સમાજને કરોડો રૂપિઆની થએલી માલમિલકતની અને ઉઘરાણીની નુકસાની ઉપરાંત આવા તો કેટલાય આઘાતજનક બનાવોથી જે પારવાર નુકસાન થયું છે તેનો અંદાજ તો સમય વીત્યેજ કાઢી શકાશે. પરંતુ સમાજમાં ગુંડા તત્વો જ્યારે ફાલેફુલે છે ત્યારે કેવી અરાજકતા ને અંધાધુંધી ઉભી થાય છે તેનો તાગ ગયા અઠવાડિયા દરમ્યાન મુંબઈ શહેરમાં થએલ તાંડવનૃત્યથી સંયુકત મહારાષ્ટ્ર પરિષદના ટેકેદારો ને પ્રચારકો મેળવે, એ અપેક્ષા સાથે એ હુતાત્મા ભાઈ હંશરાજ દેવરાજ શાહને હું આથી મારી નમ્ર અંજલી આપું છુ અને પ્રભુને પ્રાર્થું છું કે તેમના અમર આત્માને સ્વર્ગમાં ચીરઃ શાંતિ અર્પે એજ.

ગ્રેન ડીલર્સ બિલ્ડીંગ,
૧૦૩, કેશવજી નાયક રોડ,
મુંબઈ નં. ૯.
સોમવાર તા. ૩૦–૧–૫૬

લિ૦ આપનોજ,
ખીમજી એમ. ભુજપુરીઆ
પ્રમુખ,
ધી બ. ગ્રે. ડી. ફેડરેશન–મુંબઈ.

(12)

એક આપવીતી

(મુંબઇમાં તા. ૧૭મી જાન્યુઆરીથી તા. ૨૦મી જાન્યુઆરી સુધી ચાલેલી અરાજકતાના ભોગ બનેલાઓમાંના એક શ્રી. ખેતસી માલસી સાવલાએ નીચેના લેખમાં આપવીતી રજુ કરી છે. એ દિવસો દરમિયાન આવી અનેક દુર્ઘટનાઓ સ્થળે સ્થળે બની છે. **તંત્રી**)

રાજ્ય પુનર્રચના પંચનો ચુકાદો આવવાનો સમય થયો અને સંયુક્ત મહારાષ્ટ્રવાદીઓમાં ઉશ્કેરાટ ફેલાવા લાગ્યો તથા અન્ય ભાષાવાદીઓમાં ગભરાટની લાગણી ફેલાવા લાગી; મુખ્યત્વે ગુજરાતી–કચ્છી તથા મારવાડીઓમાં. સારા સમજદાર મહારાષ્ટ્રીયનો પણ કહેવા લાગ્યા કે જો મુંબઇ મહારાષ્ટ્રને નહિ મળે તો તોફાનો થશે. સંયુક્ત મહારાષ્ટ્રવાદી નેતાઓએ (કોંગ્રેસ–પ્રજાસમાજવાદી–સમાજવાદી–સામ્યવાદી–હિંદુ મહાસભા એમ લગભગ બધા પક્ષોનાં) લોકોનાં કાનમાં ઝેર રેડવાનું શરૂ કરી દીધું હતું. આવા ઉશ્કેરાટ વચ્ચે રાજ્ય પુનર્રચના પંચનો ચુકાદો બહાર પડ્યો. વાટાઘાટોની પરંપરા શરૂ થઈ અને હિંદી રાષ્ટ્રીય મહાસભાની કારોબારીએ છેવટે ત્રણ રાજ્યો અંગેનો ચુકાદો બહાર પાડ્યો. સંયુક્ત મહારાષ્ટ્રવાદીઓ એથી વધુ ઉશ્કેરાયા અને તા. ૨૧મી નવેમ્બરનાં તોફાનો શરૂ થઇ ચૂક્યા. પ્રજાકિય મિલ્કતોને ખૂબ નુકશાન થયું. ગુજરાતીભાષી લોકોની કનડગત શરૂ થઇ અને એમનામાં ગભરાટ વધવા લાગ્યો. ફરી મહારાષ્ટ્ર પ્રદેશ કોંગ્રેસે દ્વિભાષિ રાજ્યના (વિદર્ભ સાથેના) કરેલ ઠરાવ બાદ વાટાઘાટોની પરંપરા શરૂ થઇ. પરંતુ આપસમાં સમાધાન ન થતાં હિંદી રાષ્ટ્રીય મહાસભાની પેટા સમિતિએ ગુજરાત, મહારાષ્ટ્ર અલગ તથા મુંબઇ કેંદ્ર તાબે, એ પ્રમાણે ત્રણ રાજ્યોની રચના કરવાનું નક્કી કર્યું અને એ દરખાસ્તને કેંદ્રના મંત્રીમંડળે મહોર મારી. એની જાહેરાત કરતાં પહેલાં કેટલાક વામમાર્ગી નેતાઓની ધરપકડ કરવામાં આવી અને સોમવાર તા. ૧૬મીનાં રોજ સંયુક્ત મહારાષ્ટ્રવાદીઓએ હડતાળ પાડી. મીલો–કારખાનાઓ પર પત્થરોનો મારો કરીને બંધ કરાવવામાં આવ્યા. દુકાનો પણ બળજબરીથી બંધ કરાવવામાં આવી. ખાદી ટોપીઓ ઝુંટવીને હોળી કરવામાં આવી, બસો–ટ્રામોને નુકશાન પહોંચાડવામાં આવ્યું. સોમવારે રાતનાં ૮–૩૦ વાગે પંતપ્રધાન પંડીત જવાહરલાલે ઉપર જણાવ્યા મુજબની જાહેરાત કરી અને મુંબઇમાં કેટલેક ઠેકાણે તોફાનો ફાટી નીકળ્યા. અમારા વિસ્તારમાં સોમવાર તા. ૧૬ તથા મંગળવાર તા. ૧૭મીનાં બધો વહેવાર બંધ કરાવવામાં આવ્યો હતો પરંતુ બીજી રીતે શાંતિ હતી. બુધવાર તા. ૧૮મીની રાતે એ શાંતીમાં ભંગ પડ્યો અને અમારી નજીકમાં એક દુકાન અધુરી લુંટાઈ. પોલીસ સ્ટેશને ફરિયાદ કરવામાં આવી, ફરી દુકાનને તાળું મારવામાં આવ્યું. પાછળથી એ દુકાન પૂરી લુંટાઇ ગઇ. પોલીસ સ્ટેશને લોકોને ખૂબ ખૂબ તકલીફ પડી હતી. શહેરમાં પણ આગળ જાહેર કરવામાં આવ્યું હતું કે પોલીસનો પુરતો બંદોબસ્ત કરવામાં આવ્યો છે પરંતુ એ બધું પોકળ પુરવાર થયું. ગુરૂવારના સવારથી અમારા વિસ્તારમાં દુકાનો લુંટવાની તથા ગુજરાતીઓની ઇમો પર પત્થરનો મારો કરવાની શરૂઆત થઈ. મારી નજરની સામે ૯ દુકાનો લુંટાતી જોઈ. પોલીસ આખી ગલીમાં (જ્યાં હું રહું છું તે સન મીલ ગલીમાં) એક જ ઠેકાણે હતી તે પણ એક સબઇન્સ્પેકટર તથા પાંચેક પોલીસ હતા. ઉપરોકત લુંટ વખતે પોલીસ અસહાય બનીને જોયા કરતી હતી. બપોરે પેટ્રોલીંગ કરતી પોલીસ આવી ત્યારે કર્ફ્યુ હોવા છતાં અમે લગભગ ત્રીસેક ગુજરાતી ભાઇઓ નીચે ઉતરી આવ્યા અને પોલીસને વધુ બંદોબસ્ત કરવા વિનંતી કરી. પોલીસે સ્પષ્ટપણે કહી દીધું કે અમારી પાસે વધુ પોલીસ નથી, અમે વધુ કંઈ કરી શકીએ એમ નથી, અમારાથી બનતું અમે કરીએ છીએ. અડતાલીસ કલાકમાં અમને ખાવા પણ મળ્યું નથી વિગેરે વિગેરે. અત્યારે કર્ફ્યુ છે માટે તમે બધા ઘરમાં ચાલી જાઓ. પરિણામે અમે બધા ઘરમાં ચાલી ગયા. ગુરૂવારનાં રાતનાં લગભગ ૧૨–૦ વાગે અમારી ચાલીમાં ગડબડ થઈ, અમે પોણા કલાક સુધી થાળી વગાડી, પરંતુ પોલીસ આવી નહિ એટલે અમારે આખી રાત અમારી ચાલીમાં દાદર પાસે લાડી લઇને જાગતા બેસી રહેવું પડ્યું. પોલીસ પેટ્રોલીંગ પણ રાતના બાર વાગ્યા પહેલાં આવી હતી અને ફરી ચાર વાગ્યા પછી આવી. આ બધા સમય દરમ્યાન ગુંડાઓ રીતસર લુંટ કરતા હતા અને એમને જાણે કે કર્ફ્યુ લાગતો જ ન હતો. બીજી બાજુએ અમને પોલીસ રસ્તા પર ફરવા દેતી નહોતી, એટલું જ નહિ પણ અમારી સામે ખોલીઓમાં ભોંયતળીએ રહેતા ઉત્તરભારતીય લોકોને પોલીસ બળજબરીથી ઘરના ઓટલા પર બેસવા ન દેતાં ઘરની અંદર જવાની ફરજ પાડતી હતી. બુધવારની રાતથી ગુરૂવાર રાત સુધી ગુંડાઓએ પેટ ભરીને લુંટ કરી. રાતનાં વખતે પોલીસે અનેક વખતે ગોળીબાર કર્યો હતો, પરંતુ મોટે ભાગે ગોળીબાર હવામાં જ હતો. આ બધા સમયમાંના તોફાનો દરમ્યાન પોલીસે કરેલ ગોળીબારમાં ભાગ્યે જ કોઇને ગોળી વાગી હશે!

આ બધા બનાવો બાદ શુક્રવાર સવારથી જ માણસોની હિજરત શરૂ થઈ. એટલે હું એ વિભાગનાં બે ત્રણ કોંગ્રેસી મહારાષ્ટ્રીય મિત્રો પાસે ગયો અને કહ્યું કે હવે તમે અમને કંઇ રક્ષણ આપી શકો એમ છો? એમણે માત્ર એટલું જ કહ્યું કે અમે રાષ્ટ્રીય મીલમઝદુર સંઘને ટેલીફોન કર્યો છે કે અમને એક લાઉડસ્પીકરવાળી ગાડી આપે કે જેથી લોકોને શાંત રહેવાનું અમે સમજાવી શકીએ, માટે તમે જશો નહિ. માણસોની હિજરત ચાલુ હતી; લોકો બિચારા બે બે કપડાં ઝોળીમાં ભરીને જવા લાગ્યા હતા; આ સ્થિતિમાં માણસોને કેમ વિશ્વાસ બેસી શકે? બપોરે ફરી ઉપરોકત ભાઇઓને હું મળ્યો. પરંતુ તેઓ સ્પષ્ટ કંઇ કહી શકતા નહોતા, ગાડી આવી નહોતી, અને તેઓ કોઈ પ્રકારનું રક્ષણ આપી શકે એમ નહોતા. દરમ્યાનમાં શહેરના બીજા ભાગોમાંના તોફાનોના ખબર પેપરદ્વારા તથા કેટલાક સમાચારો અફવાઓ દ્વારા મળતા હતા. પોલીસ પણ માણસોને ખાલી કરવાની સલાહ આપતી હતી; એ સ્થિતિમાં કોઈ પણ માણસ કેવી રીતે હિંમત પકડીને બેસી શકે? આખરે શનીવારે અમે બધા રૂમ બંધ કરીને મસ્જીદ બંદર (માંડવી વિભાગમાં) ચાલી આવ્યા. મહારાષ્ટ્રીય નેતાઓએ જે ઝેર છેલ્લા થોડા વખતથી ફેલાવ્યું છે તેનું જ આ સિધ્ધું પરિણામ છે. સોશિયાલીસ્ટ તથા કોમ્યુનીસ્ટ નેતાઓને જવા દઇએ, પરંતુ કોંગ્રેસના શ્રી. કાકાસાહેબ ગાડગીલ જેવાએ બીજે કયાંય નહિ પરંતુ દેશની સંસદમાં જ કહ્યું હતું કે મુંબઇનો ફેંસલો શહેરની ગલીઓમાં થશે તથા ડો. નરવણેએ કહ્યું હતું કે અમે જે કરીશું તેથી મુંબઈ જ નહિ પરંતુ દિલ્હી પણ ચોંકી ઉઠશે અને તે આપણા ભાઇઓએ અનુભવ્યું અને હજી પણ ભગવાન જાણે શું શું અનુભવવાનું બાકી હશે. આ બધું મુખ્યત્વે ગુજરાતી–મારવાડીની સામે હતું. બીજા કેટલાક લતાના કચ્છી–ગુજરાતી–મારવાડી ભાઇઓને જે ભયંકર ત્રાસ ભોગવવો પડ્યો છે તે ઉપર જણાવેલ ઘટનાની નાની મોટી આવૃત્તિઓ છે. આટલું બધું હોવા છતાં કોઈ પણ મહારાષ્ટ્રીય નેતાએ આ સામે ઉંડા દિલનો વિરોધ કર્યો છે? અથવા તો ગુજરાતી–મારવાડી ભાઇઓને જઇને કહ્યું છે કે તમે પાછા આવો અને હવે કંઈ થશે તો અમે વચ્ચે ઉભા રહીશું અથવા તો એવા પ્રકારના કોઈ પણ જાતના આશ્વાસનના શબ્દો બોલ્યા છે? શ્રી શંકરરાવ દેવ તથા શ્રી નરવણે આવા લતાઓમાં ફરે છે અને કહે છે કે હવે બંધ કરો. કારણ કે આ લોકો જાણે છે કે માણસો ઘરે બેસીને ખાશે શું? એટલે જ એ લોકોને કામધંધા પર જવાને કહે છે. કેટલાક વામપક્ષી નેતાઓ પણ હવે જરા ખાટવા આવે છે અને કહે છે કે કામ પર જાઓ. જે થયું છે તે માટે મહારાષ્ટ્રી આગેવાનો સરકારનો તથા પોલીસનો દોષ કાઢે છે એ વસ્તુ જ શું પુરવાર નથી કરતી કે આ બધું કરવાનો એ આગેવાનોનો જ ઇરાદો હતો?

ખેતસી માલસી સાવલા

આજની કટોકટીમાં આપણુ સર્વનો અનિવાર્ય ધર્મ

(જેવી અરાજકતાની આંધી જનુઆરી તા. ૧૭ થી ૨૨ સુધીમાં મુંબઇએ અનુભવી તેવી જ નાના પાયા ઉપરની આંધીમાં આગળના આઠવાડિયા દરમિયાન મહારાષ્ટ્ર-કર્ણાટકની એંચતાણના ભોગ બનેલા બેલગામ શહેરે અનુભવી હતી. બેલગામનાં કરૂણ દૃશ્યો નિહાળીને કાકાસાહેબ મુંબઇ આવ્યા અને એક છાપા મોકલું નિવેદન તેમના તરફથી પ્રગટ કરવામાં આવ્યું. આવી જ રીતે મુંબઇનાં ઘોર અપકૃત્યોને લક્ષ્યમાં રાખીને શ્રી કેદારનાથજીએ એક નિવેદન પ્રગટ કર્યું હતું. આ બન્ને નિવેદનો આજે અરાજકતાનો ભોગ બનેલા આક્રમક તેમ જ આક્રાન્ત-ઉભય પ્રજાસમુદાયને માટે માર્ગદર્શક હોઇને અહિં ક્રમશઃ પ્રગટ કરવામાં આવે છે. તંત્રી)

કાકાસાહેબનું નિવેદન

કાલે અમારી સાથે મુસાફરી કરતાં એક અમેરિકન બાઇએ કહ્યું: "આ લોકો પોતાની જ સંપત્તિ, પોતાનાં જ રાષ્ટ્રની માલમિલકત આમ શા માટે નષ્ટ કરતા હશે? પોતાનું જ બગાડીને એમને શું મળતું હશે?"

દેશમાં હમણાં આ બધું શું ચાલ્યું છે અને એ શા માટે છે એ બધું પેલી પરદેશી બાઇને સમજાવતાં અમને ઘણી શરમ લાગી.

ભાષાવાર પ્રાન્તરચના એ કાંઈ ભિન્ન ભિન્ન સંસ્કૃતિવાળા લોકોમાં અથવા ભિન્ન ભિન્ન રાષ્ટ્રો વચ્ચે કોઇ પ્રદેશ વહેંચી આપવાની વાત નથી. ભિન્ન ન્યાતો, ભિન્ન ધર્મ, ભિન્ન ભાષા અને ભિન્ન વંશ આપણે ત્યાં હોવા છતાં, આપણા દેશની સમગ્ર સંસ્કૃતિ એક જ છે. આ વાત એટલી સ્પષ્ટ છે કે એ સિદ્ધ કરવા માટે દાખલાદલીલ આપવાની જરૂર નથી.

સ્વરાજનો અર્થ

સ્વરાજનો એક અર્થ એ છે કે લોકોનું રાજ્ય લોકો સમજી શકે એવી ભાષામાં ચાલવું જોઇએ. ફકત આટલી આ એક જ સગવડ ખાતર ભાષાવાર પ્રાન્ત પાડવાની વાત ઉભી થઈ હતી. આથી વધારે મહત્ત્વ આ પ્રશ્નને છે જ નહીં. આપણે બધાં મળીને એક જ વિશાળ સમાજ છીએ અને આખો દેશ આપણામાંથી દરેકનો છે, જેમ આપણે બધાં આખા દેશના છીએ.

આપણા દેશમાં દરેક માણસને એક કરતાં વધારે ભાષા આવડવી જરૂરી છે. પડોશી ભાષા તો આપણે જાણવી જ જોઇએ. આમ થાય એટલે ભાષાની ઘણી મુશ્કેલી દૂર થશે.

મારા બાળપણના કેટલાયે દિવસો બેલગામમાં ગયા છે. અહીં કન્નડ અને મરાઠી બન્ને ભાષા બોલાય છે અને અત્યાર સુધી સંપીને રહી છે. કન્નડ અને મરાઠી કુટુંબો વચ્ચે વિવાહ થતાં આવ્યા છે. કેટલાક લોકોએ બન્ને ભાષાની સરખી જ સાહિત્યસેવા કરી છે. આ પ્રદેશમાં, ભાષાભેદને કારણે, ઝઘડા પેદા થાય અને વૈમનસ્ય વધે એ ખરેખર દુર્દૈવની વાત છે.

રાષ્ટ્રીય એકતા

રાષ્ટ્રીય એકતા સિદ્ધ કરવી હોય તો દેશના લોકોમાં પ્રેમશકિત મજબૂત હોવી જોઇએ. એના બદલામાં આજે જ્યાં ત્યાં દ્વેષશકિત જોર પકડતી દેખાય છે. ભેદનું જરા સરખું કોઈ તત્ત્વ જડયું કે તરત તું નોખો અને હું નોખો એવી વૃત્તિ ધારણ કરવા લોકો તૈયાર થાય છે.

ગાંધીજીના હિન્દુસ્તાને દુનિયાને એક નીતિ સુઝાડી છે કે લડવાને બદલે સંપીને રહેવું, મતભેદ હોય તે નીભાવી લેવા, અને વાટાઘાટ દ્વારા નિર્ણયો કરવા. આ નીતિ જો સ્વદેશમાં આપણે અમલમાં ન આણી શકીએ તો દુનિયામાં આપણે હાંસીપાત્ર થઈએ; આપણી અસર કાંઇ જ નહિ રહે; પછી દુનિયાના ફેલાયલા યુદ્ધના અને દ્વેષના રોગથી હિન્દુસ્તાન મુકત ન રહી શકે; અને જો દુનિયા સાથે ભારતનો પણ નાશ થાય તો નથી રહેવાનું સંયુકત મહારાષ્ટ્ર કે નથી રહેવાનું સંયુકત કર્ણાટક.

ભાષાકીય આન્દોલન

આપણે ભાષાકીય ચળવળની મર્યાદા કયારની ઓળંગી છે, અને આંધળા થઇને રાષ્ટ્રઘાત કરવાને પ્રવૃત્ત થયા છીએ. જ્યાં મતભેદ થયો ત્યાં જો આપણે હિંસાનો આશ્રય લેવા માંડીશું તો આપણું સ્વરાજ જેતજેતામાં નામશેષ થશે. મહારાષ્ટ્ર અને કર્ણાટક બન્ને બાજુના આગેવાનો કહે છે કે "અમને હિંસાનો માર્ગ માન્ય નથી, અમે હિંસાનો નિષેધ કરતા આવ્યા છીએ." પણ આટલું બસ નથી. જો આપણે કહીએ કે "લોકો ચિડાય એટલે હિંસા તરફ જવાના જ. એનો ઇલાજ શો?" તો આવી દલીલથી દેશનો નાશ અટકાવી ન શકાય. આજનો મુખ્ય સવાલ હિંસાપ્રવૃત્તિને જડમૂળથી ઉખેડી નાખવાનો છે. બધા પક્ષના લોકોએ નિશ્ચય કરવો જોઇએ કે હિંસાની પ્રવૃત્તિ ગમે ત્યાં પ્રગટ થાય તે રોકવાનો આપણે સંગઠિત પ્રયત્ન કરવાના જ.

"પરિસ્થિતિ કાબુમાં રહી નથી, હવે અમે શું કરી શકીએ?" એવો નિર્વાર્યે જવાબ અપાય જ કેમ? જ્યાં સુધી આપણે જીવીએ છીએ ત્યાં સુધી કેમ કહી શકીએ કે "અમે બધા ઉપાય અજમાવી ચૂકયા છીએ."

ગાંધીજી કહેતા હતા કે "જો હું હિંદુસ્તાનની સેવા કરવા નીકળ્યો છું તો હિંદુસ્થાનના દેશપ્રેમી તેમજ દેશદ્રોહી બધાનાં કૃત્યોની અને દોષોની જવાબદારી મારે લેવી જ જોઇએ." જે ભૂત આપણે જગાડયું એને કાબૂમાં રાખવાની જવાબદારી તો આપણી છે.

તુરત કરવા જેવું

આજની પરિસ્થિતિમાં તરત કરવા જેવી બે ત્રણ વસ્તુઓ છે. હિંસક માર્ગનું અવલંબન ગમે તે કરે, જે પક્ષના તરફેણમાં એ થયું હોય તે પક્ષના આગેવાનોએ તરત જાહેર કરવું જોઇએ કે "જો કે અમારો પક્ષ સાચો છે એની અમને ખાતરી છે છતાં, જ્યાં સુધી અમારા વતી હિંસામાર્ગ અજમાવાય છે, ત્યાં સુધી અમે અમારી હિલચાલ મુલતવી રાખીએ છીએ, એટલું જ નહિ, પણ સરકાર જે કાંઈ માંડવાળ સૂચવશે, અથવા જે કાંઈ નિર્ણય આપશે તેનો હાલ તુરત તો સ્વીકાર કરીએ છીએ. હિંસાનું વાતાવરણ પૂરેપૂરું શમી ગયા પછી જ અમે અમારી માંગણી દેશ આગળ અને સરકાર આગળ ફરી મૂકીશું."

આત્મશુદ્ધિનો માર્ગ

બીજી કરવા જેવી વાત એ છે કે જ્યાં સુધી પ્રજા આંધળી થઇને હિંસાને માર્ગે જાય છે, ત્યાં સુધી, આ આત્મઘાતી હિંસાના પ્રતિકાર તરીકે, તેટલા જ મોટા પાયા પર, હજારો અને લાખો લોકોએ પ્રાયશ્ચિતનો અને આત્મશુદ્ધિનો માર્ગ લેવો જોઇએ. Mass frenzy can be met only with mass atonement–

મહાત્મા ગાંધીની વાત જુદી હતી. એમનો પુણ્યપ્રતાપ અનેરો હતો. એમણે એકલાએ ઉપવાસ કરવાની વાત કરતાંવેંત આખો બિહાર પ્રાન્ત સંયમિત થઈ શકયો. ઉપવાસ આદરીને એમણે દિલ્હીનું વાતાવરણ સુધાર્યું. આજે કોઈ પણ એક વ્યકિત આવો ચમત્કાર કરી ન શકે. પણ જે કામ એક વ્યકિત માટે અશકય હોય તે આખા રાષ્ટ્ર માટે શકય થવું જોઇએ. દેશના સમજુ લોકોએ વધારેમાં વધારે સંખ્યામાં પ્રાયોપવેશનનો માર્ગ સ્વીકારવાનો સમય આવી ચૂકયો છે. હિંસાનું ઝેર જો એક વાર ફેલાયું, તો આખું જાહેર જીવન અશકય થઇ બેસશે અને પછી તો ચૂંટણીનો અર્થ પણ પરસ્પર દ્વેષ અને નાશ એવો જ થઇ બેસશે. માટે પ્રાન્તીય પુનર્રચનાનો સવાલ કોરે મૂકીને હિંસાનું નિર્મૂલન એ જ મુખ્ય વિષય લોકોએ હાથ ધરવો જોઇએ.

ત્રીજી વાત એ છે કે પ્રાન્તીય પુનર્રચનાની બાબતમાં જેમનાં મનમાં તીવ્ર અસંતોષ છે એ લોકો જ બોલે છે અને હિલચાલ કરે છે. જે કરોડો લોકો સરકારના નિર્ણયને સ્વીકારે છે, તેમની વાત સંભળાતી જ નથી. અમે તો સૂચવીએ છીએ કે આજે લોકો અને કરોડો લોકોએ જાહેર કરવું જોઇએ કે "અમારા વ્યકિતગત અભિપ્રાય ગમે તે હો, તમામ પરિસ્થિતિનો વિચાર કરીને પં. જવાહરલાલ નહેરુ જે વખતે જે નિર્ણય આપશે, તે અમને શિરોધાર્ય છે. એમનો નિર્ણય અમલમાં મૂકવા માટે અમે પ્રસન્નપણે મદદ કરીશું."

એ કાયરતા છે.

આજે જે લોકોની ઇચ્છા પ્રમાણે નિર્ણય થયો હોય તેમને ઉપર પ્રમાણે જાહેર કરતાં મુશ્કેલી જણાય નહીં. પણ કેટલાક લોકો મનમાં

શંકા કે બીક સેવે છે કે "પરિસ્થિતિનો વિચાર કરી પંડિતજી જો આજના નિર્ણયમાં ફેરફાર કરે તો તે અમારે સ્વીકારવો પડશે અને પછી બધા કહેશે કે બીકના માર્યા અમે એ સ્વીકાર્યો છે." ખરી વાત તો એ છે કે આવી બીક સેવવી એ જ કાયરતા છે.

પાકિસ્તાન હિંદુસ્તાન વચ્ચેનો વિખવાદ વધે નહિ એટલા માટે જો આપણે એક અજાણ્યા અંગ્રેજના હાથમાં સત્તા આપી શકયા અને એનો નિર્ણય આપણે કબૂલ રાખ્યો, તો પંડિત જવાહરલાલ જેવા રાષ્ટ્રમાન્ય, વિશ્વમાન્ય અને પક્ષપાતરહિત વ્યકિતના હાથમાં આપણો નિર્ણય આપણે કેમ ન સોંપી દઇએ ?

બન્ને પક્ષની દલીલો જ્યારે તે તે લોકોને મોઢે સાંભળું છું ત્યારે તે નિર્દોષ જેવી લાગે છે. પણ ખરી કસોટી તો કોણ કઇ રીતે વર્તે છે, એમાં જ થાય છે. વકીલની પેઠે પોતાની બાજુ સરસ રીતે રજૂ કરવાનો આ સવાલ નથી, પણ આપણા રાષ્ટ્રને બચાવવા માટે અને આપણા રાષ્ટ્રની સંસ્કૃતિ નિષ્કલંક રાખવા માટે પોતાના વલણમાં અને વર્તનમાં પરિવર્તન કરવું એ જ મુખ્ય સવાલ છે.

પક્ષાભિમાન અને દ્વેષવૃત્તિ અનહદ વધી પડયાં છે. એવે પ્રસંગે બધા જ સાત્વિક લોકોએ અન્તર્મુખ થઈ આત્મશુદ્ધિ અને સમાજ-શુદ્ધિના ઉપાયો અમલમાં આણી હિંસાવૃત્તિ સમૂળી કાઢી નાખવી જોઇએ.

કેદારનાથજીનું નિવેદન

આજકાલ મુંબઇમાં તથા મહારાષ્ટ્રના બીજા કેટલાંક શહેરો તથા ગામોમાં વાતાવરણ ખૂબ ક્ષુબ્ધ થયું છે. તદુપરાંત ત્યાં જે પ્રકાર ચાલુ છે તેનાથી કોઇનું કલ્યાણ તો થવાનું જ નથી, પણ સર્વની હાનિ જ થવાની છે. સંયુકત મહારાષ્ટ્ર પરિષદવાળાઓ જાહેર કરે છે કે આ પ્રકારથી તો સંયુકત મહારાષ્ટ્રની માગણી માટેના પ્રયત્નમાં અવરોધ થાય છે. આ ઉપરથી આવો કોઇ પ્રકાર થાય એવી આન્દોલનના આગેવાનોની ઇચ્છા નથી એવું સ્પષ્ટ થાય છે. જો આ મારી સમજ ખરી હોય તો ચાલુ ક્ષુબ્ધ વાતાવરણ શાંત કરવું એ આગેવાનોનું પહેલું અને ખરું કર્તવ્ય છે.

જેમને અહિંસાના, શાંતિના અને લોકશાહીના માર્ગે પોતાની માગણી સિદ્ધ કરવી હશે તેમણે કોઈ પણ પ્રક્ષોભનોમાં ન પડતાં, ઉતાવળ ન કરતાં તેમ જ પ્રવાહની સાથે સાથે ન તણાતાં તત્ત્વનિષ્ઠાથી પોતાની ન્યાય્ય ચળવળ ચલાવવી જોઇએ. આવું થાય તો તેમને કોઈ દોષ દઈ શકે નહિ.

ગાંધીજીના નેતૃત્વ હેઠળ

આપણે મહાત્મા ગાંધીજીના નેતૃત્વ હેઠળ શાંતિ અને અહિંસાના માર્ગે સ્વરાજ્ય પ્રાપ્ત કર્યું, આખા જગતને આશ્ચર્યચકિત કરી નાખનારી આ ઘટના આપણે સિદ્ધ કરી બતાવી. આથી જ હવે પછી પણ જ્યારે આપસઆપસમાં મતભેદ ઉભા થાય ત્યારે, એનાં નિરાકરણ માટે આપણે એ જ માર્ગ અનુસરીને આપણી ઇષ્ટ સિદ્ધિ આપણે પ્રાપ્ત કરવી જોઇએ. આ પ્રમાણે કરવાનું આપણું બંધન છે એ રીતે સ્વીકારીને આપણે વર્તવું જોઇએ. આપણે જો સત્ય અને અહિંસાના સિદ્ધાન્તો જ પચાવ્યા હોય અને એના સામર્થ્ય ઉપર જ જો આપણે સ્વરાજ્ય મેળવ્યું હોય તો આપણી વચ્ચે મતભેદ ઉભો થાય ત્યારે ત્યારે પણ, ગમે તેવડો મોટો લાભ મળતો હોય તો પણ, આ તત્ત્વો છોડીને વર્તન કરવુ યોગ્ય નહિ ગણાય. આપણે એકવાર જે ભૂમિકા પ્રાપ્ત કરી છે તે આપણા માંહોમાંહેના મતભેદને પ્રસંગે પણ આપણે કદી છોડી દેવી જોઇએ નહિ. જો એ આ રીતે આપણે છોડી દઇશું તો સ્વરાજ્યની લડાઈ આપણે સત્ય અને અહિંસાના સિદ્ધાન્તોને આધારે જીત્યા છીએ એવું સિદ્ધ થવાને બદલે, એ આપણો દંભ જ હતો એવું સિદ્ધ થશે.

ગાંધીજીના અનુયાયીઓ

આજની ચળવળમાં જે નાયકો છે તેમાંના પ્રમુખ નેતાઓ ગાંધીજીના આદેશ અનુસાર ચાલેલી સ્વરાજ્યની ચળવળમાં કામ કરી આવેલા કેટલાકો પણ છે. આજે જો મહાત્માજી જીવતા હોત તો આજનું આપણું માંહોમાંહેનું વૈમનસ્ય, દ્વેષ, ગરીબ પ્રજાની બેહાલી, આપણા દેશની સંપત્તિમાં ચંપાયલી આ આગ તેમણે સહન કરી હોત ખરી કે ? આજની આ લૂંટાલૂંટ, આપણા જ લોકો પર આપણે કરેલો આ અત્યાચાર જોઇને તેમને કેવી વેદના થઈ હોત ! આ બધાનો આપણે બધાએ વિચાર કરવો જરૂરી છે.

રાજ્ય પુનર્ઘટનાના પ્રશ્ન ઉપર જો કેવળ મતભેદ હોય તો એ મિટાવવા માટે આવી લડાઇની આવશ્યકતા છે ખરી ? આપસઆપસનો અવિશ્વાસ એ જ જો આ મતભેદનું કારણ હશે તો એ અત્યારે ચાલતા પ્રયત્નથી નષ્ટ થવાનો સંભવ છે ખરો ? સંયુકત મહારાષ્ટ્રની ઇચ્છા પૂર્ણ થઇ તો પણ આજ આપણા બધાનું દુર્દૈવ છે કે એ મોટા પ્રાન્તમાંની જનતામાં ભેદ પડવાથી જે અવિશ્વાસ, દ્વેષ વગેરે ઉત્પન્ન થઇને વધતાં ગયાં છે તે નષ્ટ થશે ખરાં કે ? આપણી વચ્ચે ઉત્પન્ન થયેલાં વૈમનસ્યનું પરિણામ આખા રાષ્ટ્ર માટે કેટલું અનર્થકારક નીવડવાનો સંભવ છે ? આ માર્ગે રાષ્ટ્રૈક્ય આપણે કદી પણ સાધી શકીશું ખરા કે ? આ બધી બાબતનો આપણે વિચાર કરવો જરૂરી છે.

વર્તમાન અવિશ્વાસના અને વૈમનસ્યભર્યા વાતાવરણમાં આ પ્રશ્નનો સમાધાનકારક કે સૌને માટે કલ્યાણકારી ઉકેલ કોઈ પણ રીતે આવે અથવા તો આવી શકે તેમ લાગતું નથી. શંકાશીલતા, અવિશ્વાસ ને વૈમનસ્યથી છવાયેલાં વાતાવરણમાં કશો નિર્ણય થઇ શકે નહીં.

એટલે જ, યોગ્ય નિર્ણય પર આવી શકાય એ માટે આપણે સૌએ અનુકૂળ વાતાવરણ ઊભું કરવું જોઇએ છે. પરસ્પર પ્રેમ ને વિશ્વાસ સર્જ્યા વિના યોગ્ય નિર્ણય કોઇને પણ સૂઝી શકશે નહિ. એટલે આપણે સૌએ અનુકૂળ વાતાવરણ સર્જવવા પાછળ આપણી સર્વ શકિત લગાડી દેવી જોઇએ.

વિશ્વાસ અને પ્રેમ ગુમાવી દીધા છે.

આપણે પરસ્પર વિશ્વાસ ને પ્રેમ ગુમાવી દીધાં છે. જીવનમાં આની બહુ જ આવશ્યકતા છે. પ્રાંતનું કે શહેરનું મૂલ્ય પ્રેમ કે વિશ્વાસથી વધારે મોટું ન હોવું જોઇએ. પરસ્પર અવિશ્વાસ ને વૈમનસ્ય હશે તો આપણામાં રાષ્ટ્રૈક્યની ભાવના ઊગશે જ નહિ, વધવાની તો વાત જ ક્યાં રહી ?

આજની ચળવળમાં મારા કેટલાક મિત્રો સામેલ છે. જેમના પ્રત્યે મને માન-આદર છે એવા નેતાઓ એમાં જોડાયેલા છે. એમને અને સમગ્ર જનતાને મારી નમ્ર વિનંતિ છે કે કોઇ પણ ભોગ આપીને અથવા તો કોઈ પણ પ્રક્ષોભન જતું કરીને પરસ્પર ગુમાવેલો વિશ્વાસ ને પ્રેમ પાછો મળે એવા પ્રયત્નો કરીએ. આજે આપણું આ સૌપ્રથમ કર્તવ્ય છે, આપણાં વચનોથી, કાર્યોથી, તપસ્યાથી આપણું ગુમાવેલું સત્ત્વ પાછું મેળવવું જ રહ્યું તે સિવાય કોઈ આરોવારો નથી. મારી સૌ કોઇને હાથ જોડીને આ વિનંતિ છે.

ત્યાગ સિવાય પ્રેમની સ્થાપના થનાર નથી, પ્રેમના સાતત્ય સિવાય વિશ્વાસ પેદા થવાનો નથી, વિશ્વાસ સિવાય સત્ય રહેનાર નથી, સત્ય વિના માણસાઈ નથી, આપણામાં માણસાઈ હશે તો જ રાષ્ટ્રૈક્ય આવશે.

મારા મિત્રો, મારા ભાઇઓ, પ્રાંતવાદમાં તણાઇને આપણે મિત્રપ્રેમ કે બંધુપ્રેમને વિસારી બેઠા છીએ, એ કલંક આપણે દૂર નહિ કરીએ તો બીજું કોણ કરશે ? અત્યારની પ્રજા ભ્રમિત થઈ ગઇ છે. ભારતની ગરીબ પ્રજા ! આપણે જ એનાં દુઃખનું કારણ બન્યા છીએ. ૧૯૨૦, '૩૦ ને '૪૨ નાં વર્ષોમાં જે ઐકયની ને બંધુપ્રેમની ભાવના આપણ સૌમાં હતી તે જો પાછી જાગ્રત થશે તો જ પ્રજાનાં દુઃખ તરત દૂર થશે એની મને ખાતરી છે. 'જન્મભૂમિ'માંથી સાભાર ઉધ્ધૃત

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મસ્જીદ બંદર રોડ, મુંબઈ ૯. ટે. નં. ૩૪૫૨૯

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

પ્ર. જૈનવર્ષ ૧૪–પ્ર. જીવનવર્ષ ૩
અંક ૨૦

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ફ્રેબ્રુઆરી ૧૫, ૧૯૫૬, બુધવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : ત્રણ આના

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

વિદ્વદ્રત્ન સદ્‌ગત ડૉ. એરચ્ તારાપોરવાલા

અસામાન્ય વિદ્વતા છતાં જેમના જીવનમાં સર્વ સાથે નમ્રતા પ્રગટ થતી, વિશાળ જ્ઞાન ધરાવવા છતાં જે સૌ કોઇને સાંભળવામાં રસ લેતા, આદર્શ જરથોસ્તી હોવા સાથે જે અનેકધર્મી વિદ્વાનોના અંગત મિત્ર બની શકતા, અનેક વિદ્યાપીઠોમાં સન્માન પામવા છતાં જે સદાય શિષ્યનેય સમાન સ્થાને સત્કારતા અને વયે તથા જ્ઞાનાનુભવે વૃદ્ધ છતાં જેમનામાં અખંડ નવઉત્સાહ અને ધગશ તરવરતાં, એવા વિદ્વાન સૌજન્યમૂર્તિ ડૉ. એરચ્ જે. એસ. તારાપોરવાલાના, જાન્યુઆરીની તા. ૧૫ મીએ થયેલા અવસાનથી અનેક સંસ્થાઓએ અને વ્યક્તિઓએ ઘણું ઘણું ગુમાવ્યું છે.

'જીવન અને આદર્શ વચ્ચે અંતર ન હોય' એ સૂત્ર એમને એમના માતાપિતા પાસેથી જન્મથી જ સાંપડયું હતું. ભાઇ એરચે પોતાના જીવનમાં એ સંદેશને અપૂર્વ સરળતાથી અને સ્વાભાવિકતાથી સિદ્ધ કરી બતાવ્યું હતું.

ડૉ. તારાપોરવાલા એક આજન્મ શિક્ષક હતા; પણ એમનો વિદ્યાર્થીભાવ કયારેય મંદ બન્યો ન હતો. શું પુસ્તકઅભ્યાસ કે શું જીવનદર્શન, શું મિત્રપરિચય કે શું સ્વતંત્ર વિચારણા,–બધામાંથી અવિરત પ્રેરણા અને સંજીવન ઝીલી, સદાય નવપલ્લવિત જીવન જીવવાની એમનામાં એક અજબ કળા હતી. સૌની સાથેના સમાગમથી નવું નવું જાણવા–સમજવાની એમની ઉત્કટ ઇચ્છા, કંઇકને જીવનના અણમૂલા પાઠ પઢાવી જતી.

અભ્યાસ કે પરીક્ષાનો બોજ એમને કોઈ દિવસ લાગ્યો નહતો. પૌર્વાત્ય અને તેમાંય ભારતીય સંસ્કૃતિ તથા સાહિત્ય સાથે એમને ભારે તાદાત્મ્ય લાગતું. મેટ્રિકમાં હતા ત્યારથી જ સંસ્કૃત સાહિત્ય માટે એમને ઊંડો ભાવ જાગ્યો અને તે અંત સુધી એવો જ પ્રબળ રહી શકયો.

ધર્મ, ફિલસુફી, ભાષા અને તેનું શાસ્ત્ર–આ એમના જીવનરસના પ્રધાન વિષયો. આના ઊંડા અભ્યાસે, એ મહા વિદ્વાન બન્યા ખરા, પણ શુષ્ક જ્ઞાની ન બન્યા. આ બધાએ તો એમના જીવનમાં રસિકતાનાં ઘણાં નવાં વહેણ ઉમેર્યાં. પરિણામે સતત સંવર્ધિત સંસ્કારિતાએ અને સુંદરતાએ એમના જીવનને એક જીવંત કાવ્ય બનાવી દીધું હતું.

એમનાં અભ્યાસસ્થળો એટલે મુખ્યત્વે મુંબઇ, જર્મની અને ઇંગ્લંડ. વીશ વર્ષની વયે તેઓ વિલાયત ગયા અને ત્યાં બેરિસ્ટર થયા. કોર્ટના કાયદા કરતાં, એમને તો ભાષાના કાયદા ને સંશોધનમાં ઓર રસ આવતો. ભાષાઓ શીખવી એ એમને મન રમત જેવું લાગતું. અંગ્રેજી અને સંસ્કૃત સાથે એમણે ફ્રેંચ ને જર્મન ભાષા જાણી લીધી.

પાંચેક વર્ષ બાદ દેશ પાછા ફરતાં ડૉ. એની બેસંટની પ્રેરણાએ ચાલતી બનારસની સેન્ટ્રલ હિંદુ કોલેજમાં એમણે ભાષા અને સાહિત્યનું અધ્યાપકપદ સ્વીકાર્યું. બેએક વર્ષના ટૂંકા ગાળામાં જ એમનું હીર ત્યારની સરકારે પારખી લીધું અને એમને સંસ્કૃતના વધુ ઉચ્ચ અભ્યાસ માટે યુરોપ મોકલ્યા. આ વખતે તેમને યુરોપના પ્રો. રેપ્સન, ડૉ. જાર્લ્ડિસ, પ્રો. બ્રાઉન અને નિકલસન જેવા વિદ્વાનોના નિકટ સંસર્ગમાં આવવાની તક સાંપડી. એમની ઉપર ડૉ. તારાપોરવાલા અનેરી છાપ પાડી શકયા, એમને મુગ્ધ કરી શકયા. આમ ૧૯૧૩ માં કેમ્બ્રિજના ગ્રેજ્યુએટ તરીકેની અને જર્મનીની પી. એચ. ડી. ની ઉપાધિ લઇ તેઓ ભારત પાછા ફર્યા.

દેશમાં આવતાં જ બનારસની સેન્ટ્રલ હિન્દુ કોલેજનું સંચાલન એમને સોંપાયું. પ્રત્યેક વિદ્યાર્થીના નિકટ ને અંગત પરિચયમાં એ આવ્યા. વિદ્યાર્થીઓ પ્રત્યેની એમની મમતા અજોડ હતી. એમના કેટલાય જૂના શિષ્યો આજે સરકારી મોટાં ખાતાંના અધિકારીઓ બન્યા છે, પણ ગુરુ પ્રત્યેનો એમનોય ભાવ એવો જ રહી શકયો છે. આનું ખરું માન ડૉ. તારાપોરવાલાના વત્સલ ભાવને આભારી છે. સૌ કોઇને જીતી લેવાનું એમના હૈયામાં પ્રબલ હેત હતું અને તેથી સૌ એમનાં બની જતાં.

છેલ્લી અરધી સદીની એમની શિક્ષણની અખંડ સેવા. આ સમય દરમિયાન મુંબઇ અને કલકત્તાની વિદ્યાપીઠોમાં, કવિવર ટાગોરના શાંતિનિકેતનમાં અને ડેક્કન કોલેજમાં અંગ્રેજી, સંસ્કૃત વગેરે ભાષાઓ માટે અને તુલનાત્મક ધર્મઅભ્યાસ અને ભાષાશાસ્ત્ર માટે એમની નિમણૂંક થયેલી. જીવનના અંત સુધી, પ્રત્યેક વિષયનું ઊંડું અવગાહન કરવાની, સત્યના સંશોધનની એમની ધગશ એવી જ સતેજ રહી શકી હતી.

ભારતની દસ બાર વિદ્યાપીઠોની ઉચ્ચ પરીક્ષાઓના તેઓ વર્ષો સુધી પરીક્ષક હતા. માત્ર ગુજરાતી, સંસ્કૃત, અંગ્રેજી, જર્મન, ફ્રેન્ચ જ નહિ પણ હિન્દી, બંગાળી, પાલી, અવસ્તા, ઇટાલિયન અને ડચ જેવી ભાષાના ય એ એવા જ પંડિત ગણાતા. એમને મુખબોલે ભાષા વધુ મધુર બનતી. પ્રત્યેક શબ્દને એ વિશિષ્ટ સુંદરતા ને સ્પષ્ટતા આપતા. એવી જ વિશદ એમની વિચારધારા હતી, અને એ વિચારધારા, નીચે વહેતું હતું એમનું દૈનિક જીવન.

એમને મન ધર્મ એ પ્રતિ પળના આચારની વસ્તુ હતી. એમની ધાર્મિક દૃષ્ટિને કેળવવામાં અસંખ્ય ધર્મપુસ્તકોના વિવિધ અભ્યાસ સાથે, થીઓસોફિકલ સોસાયટીના બ્રહ્મવિદ્યાજ્ઞાને ઊંડો ભાગ ભજવ્યો છે. એમના પિતા થીઓસોફીના પ્રખર જ્ઞાતા હતા અને કાર્યકર હતા. એ કહેતા કે બ્રહ્મવિદ્યા અને સર્વધર્મસમભાવ મારી ગળથૂથીમાં જ મને માએ પાયેલાં છે.

છેલ્લાં થોડાં વર્ષોથી તેઓ મુંબઇ બ્રેંચ્વેટ્સ્કી લોજ–થીઓસોફિકલ સોસાયટીના પ્રમુખપદે હતા અને મુંબઇની દસ બાર લોજોમાં ખૂબ જ સુંદર કાર્ય કરી રહેલા હતા. એમનો સેવાસંબંધ અનેક સંસ્થાઓ સાથે જોડાયલો હતો. આમાં મુખ્યત્વે ગાયા સોસાયટી, અંધેરીનું અથોરનાન ઇન્સ્ટીટયુટ, જીવદયા મંડળી અને જ્ઞાનપ્રસારક મંડળ મુખ્ય છે. એમને કોઇ સંસ્થા કે મંડળ, ધર્મ કે દેશ પ્રત્યે પૂર્વગ્રહ ન હતો અને તેથી જ એ અનેક સંસ્થાઓ અને વ્યક્તિઓને પોતા તરફ આકર્ષી શકયા હતા.

એમની આટલી વિદ્વતા અને તે સાથે સતત સંકળાયલી, એમની નમ્રતા અને સૌજન્ય, બહુ જ ઓછી વ્યક્તિઓમાં આપણને જોવામાં

મળે છે. કોઇ સાથે એમને કડવો મતભેદ નહોતો કે દિલની જુદાઇ નહોતી. એ તો સૌને સજ્જન માનતા ને સૌના સુહૃદ બનવામાં રાચતા. આજે માત્ર પારસીઓ જ નહિ પણ ઘણા મુસ્લીમ, હિંદુ, બૌધ્ધ અને ખ્રિસ્તી વિદ્વાનો એમના અવસાનથી એક અંગત સ્વજનની ખોટ અનુભવી રહ્યા છે અને એ એમના જીવનને એક અપ્રતિમ સ્નેહાંજલિ જ છે.

જરથોસ્તીઓ માટે એમણે આપેલી ને સમંજ્નવેલી 'ગાથા'–એ એક જ કાર્ય એમને અમર કરવાને પૂરતું હતું. ધર્મની નવી ને પ્રેરક દૃષ્ટિ એમણે એમાં રજૂ કરી છે. એમનાં આવાં પુરતકોના કારણે આજે અસંખ્ય જરથોસ્તીઓ એમના સદાના ઋણી છે.

ડૉ. તારાપોરવાલાની ઉમર ૭૧ ઉપર પહોંચેલી, પણ એમની કાર્યશકિત આજેય યુવકને છાજે તેવી હતી. આથી જ તો, થોડા માસ ઉપર જ્યારે ઇરાનની સરકાર તરફથી એમને બે વર્ષ માટે અધ્યાપકપદે આમંત્રવામાં આવ્યા ત્યારે તેઓ ખુશ થયા. વિદાયમાન લેતી વેળા એ બોલેલાઃ 'હવે વધુ અભ્યાસ કરવાની, નવું નવું જાણવાની અને નવા અભ્યાસીઓને મળવાની મને તક મળશે. હું વધુ તાજો થઇ જઇશ.' આ એમનો અખંડ વિદ્યાર્થીભાવ–જ્ઞાનપરાયણતા.

તેઓ ઇરાન ગયા અને પ્રવાસને માટે આવશ્યક ગણાતી રસી મૂકાવતાં એમના શરીરમાં એ ફૂટી નીકળી. એમને પાછા મુંબઈ લાવવામાં આવ્યા. ઉપચારને અંતે એ સાજા થતા જણાયા, પણ ગયા જાન્યુઆરીની પંદરમીએ રોગે ઊથલો માર્યો અને તેમનું હૃદય નિષ્ક્રિય બની ગયું.

ભાઇ એરચના અવસાનથી જરથોસ્તીઓએ એક અજબ ગાથાભકત, સર્વધર્મીમંડળે એક મિત્ર અને ભારતે એક વિરલ ભાષાશાસ્ત્રી ગુમાવ્યો છે.

પણ ભાઈ એરચનાં જીવનને, એણે પાથરેલા પ્રેમ અને આદર્શોને, મૃત્યુ ન હોય. એમનાં એ સનાતન તત્ત્વો વર્ષો સુધી અનેકને ઊંડી પ્રેરણા પાયા કરશે, એમને અમર રાખશે. જમુભાઇ દાણી

મારી જીવનકથા

(ગતાંકથી ચાલુ)

પિતાજી નિયમપરાયણ જીવનમાં માનતા હતા. માતાજી પણ ઇશ્વરભકિત ખૂબ કરતાં. ભજન કીર્તન વિના તો એમને ચાલતું જ નહિ. બાળપણમાં જ માતાજીએ શીખવ્યું હતું કે શાળાએથી આવતી વખતે મહોલ્લામાં દરેકની ખબર પૂછતા આવવું અને માંદા માણસ પાસે જઇને બેસવું. એની સેવા કરવી પણ તેની પાસે બહુ બોલ બોલ ન કરવું.

સિંધમાં ત્રણ ચાર સૂફીઓ મળ્યા. તેમનો સત્સંગ અજબ નીવડ્યો. તેમણે મને મૌનની ટેવ કેળવવાનું સમજાવ્યું. મૌનનો મહિમા વધારે સમજ્યો તે તો કવેકર્સ સંસ્થા સાથે મારો સંબંધ થયો ત્યારે. આ સંસ્થા હવે Society of Friends ના નામે ઓળખાય છે. આ સંસ્થાના સભ્યોએ ચર્ચમાં જવાનું અને પાદરીઓને માનવાનું બંધ કર્યું છે. ફકત ઇશ્વરના આદેશને માન્ય રાખ્યો છે. આ સભ્યોને બધે જ જવાની છૂટ છે અને સમાજની તેઓ સારી સેવા કરે છે. તેઓ ધર્મપ્રચારનો કદિ વિચાર જ કરતા નથી.

મને સાહિત્યમાં પણ ખૂબ રસ છે. ખાસ કરીને અંગ્રેજી, ઉર્દુ અને પર્શીયન સાહિત્યમાં મને ઘણો રસ છે. કોઇક વાર લખું પણ છું. પણ એ તો જ્યારે અંદરથી પ્રેરણા થાય કે લખો ત્યારે જ લખું છું. મારા લખાણમાં પાંડિત્ય ઓછું છે, વ્યાકરણની ભૂલો પણ ઘણી વાર થાય છે, છતાં લખું તો છું જ. મને સંગીતનો પણ ખૂબ શોખ છે, ખાસ કરીને ભજનોનો. ગીતાંજલિમાંથી કેટલાંક કાવ્યોના સૂર બેસાડવા મેં મહેનત કરી હતી. એક વખત રાતે ચાર વાગે નહાતો હતો, અને નહાતાં નહાતાં ગુરૂદેવનાં ગીતો ગાતો હતો. ગુરૂદેવ ત્યાંથી પસાર થતા હતા. ગુરૂદેવે મને ગાતો સાંભળ્યો અને બહાર બોલાવ્યો અને કહ્યું કે "કોઈ મારા કાવ્યોનું ખૂન કરે એ મારાથી જરાય સહન થતું નથી." મેં તરત જ તેમની માફી માંગી અને પ્રતિજ્ઞા કરી કે હવે પછી કોઇ દિવસ તેમનાં ગીતો નહિ ગાઉં. એ પ્રતિજ્ઞા આજ સુધી મેં પાળી છે.

ગાંધીજી સાથેના એક પ્રસંગની વાત કરું. ૧૯૧૯ માં ઓકટોબરમાં હંટર કમીશન પાસે સાક્ષી આપવી કે ન આપવી એ માટે મુખ્ય મુખ્ય નેતાઓની સભા મળી હતી. એ ૧૪ નેતાઓમાંથી ૧૩ જણ સાક્ષી આપવાની તરફેણ કરતા હતા. માત્ર એક ગાંધીજી જ ના પાડતા હતા. રાત્રે સભા બરખાસ્ત થઇ ત્યારે ગાંધીજીએ તો કહ્યું કે સાક્ષી આપવી જ નથી અને એ પ્રમાણે નક્કી નહિ થાય તો હું તો મુંબઇ ચાલ્યો જાઉં છું. માલવિયાજીએ તેમને સમજાવ્યા અને બીજે દિવસે સભા ભરી ફરીથી વિચાર કરવાનું સૂચવ્યું. તેજ રાત્રે વારા ફરતી દરેક નેતાઓને ગાંધીજીએ મળવા બોલાવ્યા, અને તેમને ખૂબ સમજાવીને સાક્ષી ન આપવા માટે તૈયાર કર્યા. સવાર પડતાં જ બધા જ નેતાઓ સાક્ષી ન આપવા માટે એકમત થયા. હું તો પંજાબના રીપોર્ટના કામે ફરીને આવ્યો હતો. ખૂબ થાકયો પણ હતો. એ વખતે ગાંધીજીએ મને બોલાવીને કહ્યું કે "ટાઉન હોલમાં જ્યાં હંટર કમીશન બેસવાનું છે ત્યાં તારે જવાનું છે. ટાઉન હોલની બહાર ઉભા રહી જે કોઈ હિંદી આવે તેને મારું નામ દઇને સમજાવજે કે સાક્ષી આપવાની નથી." મેં તો આ કામ માટે ના પાડી. કારણ કે હું તો માનતો હતો કે સાક્ષી આપવી જોઇએ. શ્રી એન્ડ્રુઝ આવ્યા. તેમણે મને સમજાવ્યો કે આ મહાત્મા તો અજબ પુરુષ છે. એ ધારેલી વાત પાર પાડશે જ, અને એમણે લીધેલા નિર્ણયો પણ સાચા જ હોય છે. અંતે હું માન્યો. ટાઉન હોલ પાસે જઇને લોકોને સાક્ષી ન આપવા સમજાવ્યા. લોકોએ સાંભળતા વેંત જ ગાંધીજીને ખૂબ ગાળો દીધી, પણ કોઇ સાક્ષી આપવા તો ન જ ગયું. શ્રી એન્ડ્રુઝે ગાંધીજીને ખબર આપી કે ગુરૂદયાળે પોતાનું કામ સારી રીતે પાર પાડયું છે. તેથી તેઓ ખુશી થયા. પરંતુ મને તો તેમના આ નિર્ણયથી ખૂબ ગુસ્સો થયો હતો. તેથી મેં તો સાંજના પાંચ વાગ્યા સુધી ખાધું જ નહિ. ગાંધીજીને ખબર પડી એટલે મને બાથમાં લઇને સમજાવવા તેમણે ખૂબ પ્રયત્ન કર્યો. મારા વિચારના આગ્રહમાં હું એકનો બે ન થયો, પણ તેમના વાત્સલ્ય આગળ હું નમી પડયો.

કવેકર્સ સંસ્થામાં ઇસાઈ ધર્મવાળા જ દાખલ થઈ શકે છે. જો કે એ લોકો દેવળમાં નથી જતા અને પોતાની સ્વતંત્રતા જાળવે છે. એક વાર વીલ્સન કોલેજના પ્રીન્સીપાલ મી. મેકમીલનને મળવા હું ગયો હતો. ગોવાલિયા ટેંક પરના તેમના મકાનના બગીચામાં બેઠો હતો. એજ વખતે હૃદયના ઊંડાણમાંથી અવાજ આવ્યો કે કવેકર્સ સંસ્થામાં મારે જોડાવું. મિ. મેકમિલન બહારથી આવ્યા અને તેમને ત્યાં એક અંગ્રેજ ભાઈ પણ આવ્યા હતા. તેમની સાથે ઓળખાણ થઈ અને ખબર પડી કે એ ભાઈ પણ કવેકર છે. મેં તેમને મારી ઇચ્છા જણાવી અને પૂછ્યું પણ ખરું કે હિન્દુસ્તાનમાં આ સંસ્થા કયે ઠેકાણે છે. તેમણે કહ્યું કે આ સંસ્થાની મુખ્ય ઓફિસ લંડનમાં છે, પણ તેના એક પ્રતિનિધિ દિલ્હીમાં રહે છે. તેમની સાથે પત્રવહેવાર ચલાવો તો તમને પૂરી માહિતી મળશે. તેમના કહ્યા પ્રમાણે મેં દિલ્હી કાગળ લખ્યો અને જવાબ પણ મને મળ્યો કે તમે ક્રિશ્ચિયન નથી તેથી તમે આ સંસ્થા સાથે જોડાઈ શકશો નહિ. મેં પણ તેમને સામે જવાબ આપ્યો કે "તમારા ધર્મના સ્થાપક તો કહી ગયા છે કે "That of God"–ઇશ્વરનો તે દિવ્ય અંશ–દરેક વ્યકિતમાં છે. અને એ ઇશ્વરની અનંત જ્યોતિ પણ દરેકમાં છે. તો તેમાં હું કેમ અપવાદરૂપ હોઉં ? વળી તેમણે કહ્યું છે તે "It was there before Lord Christ came upon this earth." પરંતુ એ ભાઇએ તો ચોકખી ના જ લખી કે અમારા નિયમો પ્રમાણે અમે તમને ન જ સ્વીકારીએ. પછી મેં લંડન કાગળ લખ્યો. એ લોકોએ મારા આધ્યાત્મિક અનુભવો વિશે પૂછાવ્યું. મને જે કંઈ અનુભવો થયા હતા તે વિશે મેં લખ્યું. તે પછી તેમના ત્રણ માણસો મને

મળવા આવ્યા. સાડા ત્રણ કલાક સુધી મારી પાસેથી હકીકતો પૂછી અને તેનો રીપોર્ટ લંડન મોકલ્યો. એ પછી મેં બે ત્રણ મહિના સુધી જવાબની રાહ જોઈ, પણ જવાબ આવ્યો નહિ તેથી નિરાશ થયો અને પછી તો એ વાતને પણ ભૂલવા લાગ્યો.

એ પછી દશેક મહિના વીતા હશે, એ વખતે મારા એક મિત્ર જોન શોર નામના એક ન્યુઝીલેન્ડરને લઈને મને મળવા આવ્યા. અમારા વચ્ચે ઓળખાણ થઈ. મારું નામ સાંભળીને તેઓ ચમકયા. અને મને કહ્યું કે "You are the man who has created a crisis in our Society ?" (તમે જ એ માણસ છો કે જેણે અમારા મંડળમાં ખળભળાટ મચાવી મૂકયો છે ?) પહેલાં તો હું કંઈ સમજ્યો નહિ. પછી ધીમે ધીમે સમજ પડી કે આ ભાઈ કવેકર્સ સોસાયટીની વાત કરી રહ્યા છે. તેમણે મને વિગતથી વાત કરી કે "તમારી અરજી આવ્યા પછી અમે હન્દર માણસો એ વિશે વિચાર કરવા ભેગા મળ્યા હતા. તેમાંથી અડધા અરજીની તરફેણમાં હતા, અડધા વિરુદ્ધમાં. એ પછી ત્રણ મહિના પછી ફરીથી સભા મળી ત્યારે ૬૦ ટકા તમારી તરફેણમાં અને ૪૦ વિરુદ્ધમાં. એ પછી તો ઉત્તરોત્તર દર ત્રણ મહિને સભાઓ મળતી ગઈ અને તમારી તરફેણમાં લોકો વધતા ગયા. અને છેવટે સર્વાનુમતે ઠરાવ પસાર થયો કે તમારી અરજી સ્વીકારવી." આ ભાઈ જોન શોરના મેળાપ પછી મને કવેકર્સ સોસાયટીના વડાનો કાગળ મળ્યો અને તેમાં લખ્યું હતું કે અમે તમને સ્વીકારીએ છીએ અને તમારા આ પ્રસંગથી ઈશ્વરે અમને સત્ય અને નીતિ સમજવાનો પ્રસંગ પૂરો પાડયો છે એમ અમે માનીએ છીએ. આમ, મારા અંતરની મુરાદ બર આવી. આજે મારા સિવાય પણ બીજા બે ત્રણ હિન્દુ ભાઈઓ કવેકર્સ સંસ્થામાં જોડાયા છે.

કવેકર્સ સંસ્થા સાથેના મારા જોડાણથી લોકોમાં વાત ફેલાઈ કે હું ખ્રિસ્તી બની ગયો છું. આ વાત મહાત્માજીને પણ કોઈએ કરી, તેમણે પણ મને આ વિશે પૂછયું. પરંતુ કવેકર્સ સંસ્થા સાથેના જોડાણથી હું કંઈ ખ્રિસ્તી બની ગયો નથી એમ કહીને ઉપરની બધી હકીકત તેમની પાસે મેં રજુ કરી અને તેઓ બહુ રાજી થયા.

મેં મારા જીવન દરમ્યાન આ બે મહાપુરુષોની છાયા નીચે કામ કર્યું છે. હજુ પણ ઈશ્વર જે રીતે પ્રેરે એ રીતે યથાશકિત કામ કરું છું. મારી જરૂરિયાતમાં ત્રણ જોડી કપડાં અને થર્ડ કલાસનું ભાડું અને ખાવા પીવા માટેનું જરૂરી ભથ્થું લઉં છું. હવે મને ૬૦ વર્ષ થયાં છે. શરીર નબળું પડયું છે, તેથી લોકો મને સેકન્ડ કલાસનું ભાડું આપે છે.

હવે મારા કામમાંથી નિવૃત્ત થવા માંગું છું. સેવાગ્રામવાળાં પોતાને ત્યાં બોલાવે છે. બીજી બાજુ સૌબરમતી આશ્રમ આમંત્રે છે. ઈશ્વર જે રીતે પ્રેરશે તે રીતે કામ કરીશ.

સમાપ્ત

ગુરુદયાળ મલ્લીકજી

મુંબઈના વેદાન્ત સંમેલને કરેલા મહત્વના ઠરાવો

(મુંબઈ ખાતે સ્વામી શ્રી પ્રેમપુરીજીના નેતૃત્વ હેઠળ શ્રી વેદાન્ત સત્સંગ મંડળના ઉપક્રમે તા. ૧૮–૧–૫૬ થી તા. ૨–૨–૫૬ સુધી વેદાન્ત સંમેલન યોજાયું હતું. આ સંમેલનમાં ભારતભરમાંથી અનેક સન્ત, સાધુ, સંન્યાસી અને મહાત્માઓ પધાર્યા હતા. અને મુંબઈની જનતાએ ઘણી મોટી સંખ્યામાં તેનો લાભ લીધો હતો. એ સંમેલને જુદા જુદા વિષયોને લગતા કેટલાક ઠરાવો પસાર કર્યા હતા. સાધારણ રીતે જુનવાણીને વરેલું લેખાતું આવું સંમેલન કાળબળને પારખીને નવી દૃષ્ટિને કેવી રીતે અપનાવે છે એ આ ઠરાવોમાંથી આપણને જાણવા મળે છે અને તેથી તેમાં દર્શાવવામાં આવેલા કેટલાક વિચારો અત્યન્ત આવકારયોગ્ય લાગે છે અને અન્ય સાધુસમાજે અનુકરણ કરવા યોગ્ય દિસે છે. આમ વેદાન્તની વિચારણામાં ભારતીય દૃષ્ટિને પ્રાધાન્ય આપવા બદલ સ્વામી શ્રી પ્રેમપુરીજીને અને સંમેલનના અન્ય પુરસ્કર્તાઓને ધન્યવાદ ઘટે છે. તંત્રી)

ભ્રાતૃભાવ અને શાન્તિનો સંદેશ

પહેલો ઠરાવ જણાવે છે કે વેદાંત સત્સંગ મંડળ દ્વારા સંયોજીત અને વીતરાગ મહાત્માઓના આશીર્વાદથી સંપન્ન થયેલું આ વેદાંત સંમેલન વિશ્વાત્મૈકત્વની ભાવનાથી વિશ્વના પાસેનાં કે દુરનાં નરનારીઓને ભ્રાતૃભાવ અને શાન્તિનો સંદેશ આપતાં જાહેર કરે છે કે શાન્ત અને સુખમય જીવન પ્રાપ્ત કરવા અને કરાવવાનો પ્રત્યેક માનવીનો જન્મસિદ્ધ અધિકાર અને કર્તવ્ય છે.

આજનો માનવસમાજ વિવિધ પંથ, જાતિ, રાષ્ટ્ર તથા વ્યવસાયોમાં વહેંચાયેલો છે અને તેના જીવનવિધાનમાં વિશિષ્ટ યોગ્યતાવાળા મહાનુભાવોએ નેતૃત્વ હસ્તગત કર્યું છે. આવા નેતાવર્ગ દ્વારા ભૌતિક સુખસાધનોમાં આશ્ચર્યજનક પ્રગતિ તો થઈ પણ ગઈ છે, છતાં એની પદ્ધતિના અતિરેકના કારણે પરસ્પર ભય, સંઘર્ષ, ઉત્પાત અને નાશનું સામ્રાજ્ય પણ છવાઇ ગયું છે. આ મહાનુભાવો લોકમતથી પ્રચલિત થઈને કવચિત શાન્તિની નીતિના પણ પ્રયોગ કરે છે, છતાં તેમની સ્વાભાવિક રાજસીકતા બહાર આવતાં ફરીથી યુદ્ધનું ભીષણ વાતાવરણ નિર્માણ થાય છે. તેથી જનતાજનાર્દનના વૈચારિક પ્રભાવનું સામર્થ્ય અને આધ્યાત્મિક જાગૃતિની જરૂરીયાત સ્પષ્ટ થાય છે અને માનવસમાજને સુખ શાન્તિ આપવાની શકિત માત્ર રાજનૈતિક ઉપાયોમાં જ રહેતી નથી એ વાત નિર્વિવાદ સિદ્ધ થઈ જાય છે.

ઉલ્લિખિત સિદ્ધાંત અનુસાર અદ્વૈત તત્વજ્ઞાનનો પ્રચાર અને આધ્યાત્મજીવી મહાનુભાવોનું માર્ગદર્શન એ આ ચિરસ્થાયી સુખ શાન્તિ મેળવવાનો ઉપાય પ્રતીત થાય છે. તેથી જનતાને આ સંમેલનનો શુભસંદેશ છે કે તે આ માર્ગોનું અનુસરણ કરે.

રચનાત્મક કાર્યોની સફળતા

બીજો ઠરાવ જણાવે છે કે આ વેદાંત સંમેલન ભારતીય પરંપરાના મુખ્ય સ્તંભરૂપ સત્ય, અહિંસા અને પ્રેમના આધાર પર વિશ્વબંધુ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી દ્વારા ચાલેલાં રાષ્ટ્રોત્થાનના નૈતિક, આર્થિક રચનાત્મક કાર્યોની સફળતા જોઇને પોતાનો અત્યંત હર્ષ પ્રગટ કરે છે. આ સાત્વિક આધાર પર ચાલવાવાળી સરકાર અને જનતાને પોતાનો પૂર્ણ સહકાર આપવાની ખાત્રી આપે છે.

આધ્યાત્મિક પ્રચાર માટે માગણી

ત્રીજો ઠરાવ જણાવે છે કે ભારત સરકાર પોતાનાં એલચી–ખાતાંઓ દ્વારા ભારતીય નૃત્ય, સંગીત તથા કલાના પ્રચાર માટે વિદેશોમાં જે પ્રકારે કામ કરાવે છે તે પ્રમાણે આધ્યાત્મિક પ્રચાર અને પ્રસારને માટે પણ વિદેશોમાં વ્યવસ્થા કરવાની આવશ્યકતા છે. આધ્યાત્મિકતા ભારતીય સંસ્કૃતિનું મુળ છે અને વિદેશી લોકો ભારતીય આધ્યાત્મિકતાના જીજ્ઞાસુ અને પિપાસુ છે. વેદાંત સંમેલનમાં એકત્ર મળેલો સાધુસમાજ ભારત સરકારને એવો આગ્રહ કરે છે કે આ કાર્યમાં ભારતીય સાધુવર્ગને યથાયોગ્ય સાથ આપે.

ધાર્મિક સ્થાનોને અંગે આગ્રહ

ચોથા ઠરાવમાં જણાવાયું છે કે ભારતના જુદા જુદા પ્રદેશોમાં ત્યાંની સરકારો ધાર્મિક સ્થાનોની પુનર્રચના તથા પરિવર્તનનો પ્રયાસ કરી રહી છે. સામાજિક જરૂરીયાતને અનુસરીને આવું પરિવર્તન કેટલેક અંશે ઇષ્ટ પણ છે. છતાં આ સંમેલનમાં એકત્ર થયેલા સાધુસમાજની એવી માન્યતા છે કે પ્રાંતિક સરકારોએ ધાર્મિક સ્થાનોમાં પરિવર્તન કરવાને અંગે જે નિર્ણયો કરેલા છે તેને પરિપૂર્ણ કરતાં પહેલાં તે સાધુસમાજ અને તેની અનુયાયી ધાર્મિક વ્યકિતઓનો સહકાર પ્રાપ્ત કરે, કારણ કે આજ સુધી ભારતીય સાધુસમાજે પ્રાચીન સંસ્કૃતિ, સાહિત્ય, જનસદાચાર અને દાર્શનિક સિદ્ધાંતોની રક્ષા તત્પરતાથી કરી છે અને ભવિષ્યમાં પણ લોકસંગ્રહ તથા લોકકલ્યાણનું કાર્ય અવિરતપણે કરી શકે એમ છે.

અશાન્ત વાતાવરણથી ચિન્તા

પાંચમો ઠરાવ જણાવે છે કે ભારતનું વર્તમાન અશાન્ત વાતાવરણ જોઇને વેદાંત સંમેલનમાં ઉપસ્થિત થયેલા સાધુસમાજને ઘણી ચિન્તા

થાય છે, કારણ કે આપણી સંસ્કૃતિ શાન્તિપ્રિય અને પ્રેમમૂલક છે. તેથી સાધુસમાજ ભારતીય જનતા અને વર્તમાન સરકારને સપ્રેમ આગ્રહ કરે છે કે ભારત અને ભારતીય જનતાની એકતા તથા પારસ્પરિક પ્રેમ જાળવી રાખવાના તે હાર્દિક પ્રયત્ન કરે. આ સત્યપ્રયત્નમાં સાધુસમાજ પોતાનો સંપૂર્ણ સહકાર આપવાને તત્પર છે અને આ સંમેલન ભારતના સર્વ ધર્માચાર્યોને આ શુભ કાર્યમાં સાથ આપવા માટે સાદર નિમંત્રણ આપે છે.

બીજી પંચવર્ષીય યોજના

છઠ્ઠો ઠરાવ જણાવે છે કે ભારતના અભ્યુદયના પ્રયાસમાં ભારત સરકાર જલ્દીથી બીજી પંચવર્ષીય યોજના રજુ કરી રહી છે. એ પ્રત્યે આ સંમેલન પ્રસન્નતા પ્રકટ કરે છે અને આ સત્કાર્યોમાં શુભાશીર્વાદ આપે છે અને ભારતીય જનતાને આ કાર્યમાં સાચો સહકાર આપવા આગ્રહ કરે છે અને સરકારને ખાત્રી આપે છે કે ભારતનો સાધુસમાજ પોતાના સ્વરૂપ અનુસાર જનકલ્યાણનાં વિવિધ કાર્યોમાં યથાશકિત સહકાર આપવાને ઉત્સુક છે.

ધર્મ વગેરેના શિક્ષણની જરૂર

સાતમો ઠરાવ જણાવે છે કે વેદાંત સંમેલન સદ્‌ભાવનાપુર્વક માને છે કે સ્વતંત્રતાની પ્રાપ્તિ પછી ભારત સરકારે જનતા તથા સાધુસમાજ માટે નીચેનાં કાર્યો કરવાનું આવશ્યક છે. (૧) શિક્ષણક્રમમાં અધ્યાત્મ અને સંસ્કૃતિપોષક વિષયો યથોચિત પ્રમાણમાં દાખલ કરવા જોઇએ. (૨) આઈ. એ. એસ. સર્વિસોમાં ભારતીય સંસ્કૃતિ, ધર્મ વિગેરે વિષયોની પરીક્ષાઓ લેવાવી જોઇએ. (૩) સીનેમા દ્વારા ચારિત્ર્યપતન તથા કવચિત ધાર્મિક ફિલ્મો દ્વારા ધર્મની જે વિડંબના થાય છે તેનો વિરોધ કરવો. (૪) દૈનિક જીવનમાં વધી જતી ઉચ્છૃંખલતા પર અધ્યાત્મપ્રચારથી નિયંત્રણ મૂકવું. (૫) સંસ્કૃત ભાષાનો વધુ ને વધુ ઉપયોગ અને સંસ્કૃતના શિક્ષણનો વ્યાપક પ્રબંધ કરવો. (૬) સાત્વિક વાતાવરણ નિર્માણ કરવા માટે સાધુશકિતનો ઉપયોગ કરવો. (૭) કેલેન્ડરો, પોસ્ટરો વગેરેમાં અનેક રીતે દેવતા તથા ધાર્મિક વિભૂતિઓને વિચિત્ર અને અનિચ્છનીય રૂપમાં ચિતરવામાં આવે છે તેનું નિયંત્રણ કરવું.

શાન્તિ માટે ભારત પર મીટ

આઠમો ઠરાવ જણાવે છે કે અત્યારે પ્રવર્તી રહેલા મતભેદો અને ચારિત્ર્યદુર્બળતાને કારણે વિશ્વવ્યાપક અશાન્તિ પ્રવર્તી રહી છે. તેનું શમન કરવાનો માર્ગ બતાવે એવી અધ્યાત્મજીવી વિશ્વાત્મૈકયદર્શી મહાનુભાવોની એક કેન્દ્રીય સંસ્થા હોવાની જરૂર વેદાંતસંમેલન સ્વીકારે છે. ભારતીય સંસ્કૃતિ સદાકાળથી શાન્તિપ્રેમમય રહી છે. આજે શાન્તિનો માર્ગ દર્શાવવા માટે વિશ્વ ભારત તરફ જોઈ રહ્યું છે. એટલે ભારતના અધ્યાત્મજીવી વિશ્વાત્મૈકયવાદી દાર્શનિકોનું એ કર્તવ્ય છે કે તેઓ શાન્ત ઉપાયો દ્વારા અશાન્તિની જવાળાઓનું શમન કરીને વિશ્વના માનવીઓની અભિલાષાઓ પૂર્ણ કરે.

ધર્માન્તરનો વિરોધ

નવમો ઠરાવ જણાવે છે કે ભારતીય સંસ્કૃતિ તથા પરંપરા હંમેશા ધાર્મિક સહિષ્ણુતા દાખવતી આવી છે. ધર્મ જીવાત્મા અને પરમાત્મા વચ્ચેની વસ્તુ છે. આમાં કોઇ પણ પ્રકારનો બળાત્કાર કે છળકપટ અનુચિત છે. એ ભારતીય સંસ્કૃતિની ઉદારતા છે. ભારતીય બંધારણમાં પણ આ ઉદારતા અને સહિષ્ણુતાનો ઉલ્લેખ છે. આ વેદાન્ત સંમેલન ભારતીય બંધારણની ઉદારતાની પ્રશંસા કરવા સાથે ધાર્મિક ઉદારતાનો અનુચિત લાભ ઉઠાવનારાઓથી સાવધ રહેવાનો સરકારને આગ્રહ કરે છે અને સૂચવે છે કે જે કારણોથી બળપૂર્વક અથવા અન્યાયી માર્ગો દ્વારા અશાન્તિ જગાવનારાં ધર્માંતર થઇ રહ્યાં છે તેનો વિરોધ કરે અને વિરોધ કરનારાઓને પ્રોત્સાહન આપે. ખુદ જનતાએ પણ આ સંબંધમાં સાવચેત રહેવું જોઇએ.

ગીતા અને રામાયણ: અપૂર્વ રત્નો

દશમો ઠરાવ કહે છે કે વેદાન્ત સંમેલનને એ જાહેર કરતાં અતિ હર્ષ થાય છે કે ભારતના ઇતિહાસમાં ગીતા અને રામાયણ એ બે અપૂર્વ રત્નો છે. એમાં માનવચારિત્ર્યને સુસંગઠિત કરીને સન્માનવ અને સન્નારી બનાવવાનું પૂરતું સામર્થ્ય છે. આ વેદાન્ત સંમેલન સરકારને અનુરોધ કરે છે કે આ પક્ષપાતરહિત ગ્રંથોને શાળાઓ અને કન્યાશાળાઓમાં અભ્યાસક્રમમાં દાખલ કરીને ભારતના ભાવિ નાગરિકોનું ચારિત્ર્યઘડતર કરવામાં તેનો સદુપયોગ કરે. જનતા અને સાધુસમાજ એનો વધુ ને વધુ પ્રચાર કરે.

ભારતીય સંસ્કૃતિનો પ્રાણ

અગિયારમો ઠરાવ જણાવે છે કે વેદાન્ત કોઇ સંપ્રદાય અથવા સંકુચિત મતમતાન્તરનું દ્યોતક નથી, પરંતુ સમન્વયકારી શાસ્ત્ર છે એ સર્વવિદિત છે. તેથી આ સંમેલન ભારત સરકારને અનુરોધ કરે છે કે તે આવા સમન્વયકારી સિદ્ધાંતના પ્રચારને પ્રોત્સાહન આપે અને શિક્ષણસંસ્થાઓમાં એને યથાશકિત સ્થાન આપે. અદ્વૈત વેદાન્તશાસ્ત્ર વિશ્વાત્મૈકત્વના આધાર પર વિશ્વબંધુત્વ અને પારસ્પરિક પ્રેમનો પ્રચાર કરી વિશ્વમાં શાન્તિનાં ક્ષેત્રનો વધુને વધુ પ્રમાણમાં વિસ્તાર કરે છે. તેથી વિશ્વના માનવોને માટે તે અત્યંત ઉપાદેય છે.

બારમો ઠરાવ જાહેર કરે છે કે અત્યારની ભારત સરકારના વડા પ્રધાન શ્રી. જવાહરલાલ નેહરૂ દ્વારા ઉદ્‌ઘોષિત કરવામાં આવેલ "પંચશીલ" સિધ્ધાંત ભારતીય સંસ્કૃતિના પાંચ પ્રાણ સમાન છે. એથી વિશ્વના સંતપ્ત માનવીઓને શાન્ત જીવન પ્રાપ્ત કરવાની ખાત્રી મળે છે. વિશ્વશાન્તિનો સર્વોત્તમ અને લાભદાયી માર્ગ પણ એ જ છે. તેથી વેદાન્ત સંમેલનમાં એકત્ર થયેલ સાધુસમાજ એનું સાચાં હૃદયથી સમર્થન કરે છે અને એનો ઉત્તરોત્તર વધુ ને વધુ પ્રચાર થાય એવી ઇચ્છા પ્રદર્શિત કરે છે.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

વાર્ષિક સામાન્ય સભા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા તા. ૨૫-૨-૫૬ શનીવાર સાંજના પાંચ વાગ્યે સંઘના કાર્યાલયમાં (૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ) મળશે, જે વખતે નીચે મુજબ કામકાજ હાથ ધરવામાં આવશે.

(૧) વાર્ષિક વૃત્તાન્ત તથા ઓડીટ થયેલો હીસાબ મંજુરી માટે રજુ કરવામાં આવશે.

(૨) નવા વર્ષનું અંદાજપત્ર મંજુરી માટે રજુ કરવામાં આવશે.

(૩) શ્રી. મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય માટે પાંચ ટ્રસ્ટીઓની નીમણુંક કરવામાં આવશે.

(૪) નવા વર્ષ માટે નીચેના અધિકારીઓની ચૂંટણી કરવામાં આવશે.

(ક) પ્રમુખ (ખ) ઉપપ્રમુખ (ગ) બે મંત્રીઓ (ઘ) કોષાધ્યક્ષ (ઙ) કાર્યવાહક સમિતિ માટે ૧૫ સભ્યો.

(૫) હીસાબ અન્વેષકની નિમણુંક કરવામાં આવશે.

આ સભામાં દરેક સભ્યને વખતસર હાજર થવા અને પોતાનું વાર્ષિક લવાજમ રૂા. ૫) સાથે લેતા આવવા વિનંતિ છે.

પરમાનંદ કુંવરજી કાપડિયા
શાન્તિલાલ દેવજી નંદુ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

રાજ્યપુનર્ઘટના પંચનો અહેવાલ અને તે અંગે ઉભી થયેલી કટોકટી

(રાષ્ટ્રીય મહાસભાનું ૬૧ મું અધિવેશન અમૃતસર ખાતે ફેબ્રુઆરી માસની ૧૧ મી તથા ૧૨ મી તારીખે મળી ગયું છે અને એ અધિવેશન દરમિયાન અનેક મહત્ત્વના ઠરાવો પસાર કરવામાં આવ્યા છે. આ ઉપરાંત એ અધિવેશનના પ્રમુખસ્થાનેથી શ્રી. ઉછરંગરાય ઢેબરે આજની આખી પરિસ્થિતિની અત્યન્ત વિશદ સમાલોચના કરતું અને આપણે કયાં ભુલ્યા છીએ અને કઇ દિશાએ જવું જોઇએ એ બાબતમાં સ્પષ્ટ માર્ગદર્શન આપતું પ્રવચન કર્યું છે. મન તો ઘણું ઇચ્છે છે કે કોંગ્રેસના ઠરાવો તેમજ શ્રી. ઢેબરભાઇનું આખું પ્રવચન પ્રબુધ્ધ જીવનમાં સાદ્યન્ત પ્રગટ કરવામાં આવે, કારણ કે નવાં દિશાસૂચન માટે આ બન્નેનું આજે ઘણું મોટું મહત્વ છે. પણ સમય તેમ જ જગ્યા ઉભયનો અભાવ છે. આ પત્ર પ્રગટ થાય છે તે ગાળામાં સમગ્ર સાહિત્યનો અનુવાદ કરવાનું અશકય છે. વળી પ્રબુદ્ધ જીવનને આર્થિક કારણોસર પાનાંઓની પણ મર્યાદા છે. આ પરિસ્થિતિમાં રાજ્યપુનર્ઘટના પંચનો અહેવાલ અને તે પ્રગટ થવા બાદ દેશમાં ઉભી થયેલી ચિન્તાજનક કટોકટી ઉભયને અનુલક્ષીને શ્રી ઢેબરભાઇએ પોતાના પ્રવચનમાં જે કાંઇ કહ્યું છે તેટલા ભાગનો અનુવાદ નીચે પ્રગટ કરીને સંતોષ માનવામાં આવે છે. તંત્રી)

પ્રદેશ-પુનર્ઘટનાની ચોતરફ માંગણી

ઓકટોબર માસ દરમિયાન રાજ્યપુનર્ઘટના પંચના અહેવાલ સંબંધે ઘણી અટકળો અને આગાહીઓ વહેતી થઈ હતી. નર્મદાની દક્ષિણે તો એવી વ્યાપક લાગણી પ્રવર્તી રહી હતી કે હાલની સરહદો અકુદરતી છે. આપણામાંના ઘણા સાથીઓ અને દેશબંધુઓ ફરિયાદ કરવા લાગ્યા હતા કે તેમને વિભાજિત પરિસ્થિતિમાં રહેવું પડે છે અને સમભાષાભાષી લોકોના નૈતિક, ભૌતિક અને બૌધ્ધિક સાધનોનો પૂરેપૂરો ઉપયોગ થઈ શકતો નથી અને પરિણામે દેશના વિકાસમાં તેઓ જોઇએ તેટલો ફાળો આપી શકતા નથી. આ રીતે ભાષાકીય ધોરણે પ્રદેશવિભાજન કરવાની ઇચ્છા ચોતરફ પ્રવર્તી રહી હતી.

ભારતના નવા નકશાનું નિર્માણ

રાજ્યપુનર્ઘટના પંચને ધન્યવાદ

આથી એવું રાજ્યપુનર્ઘટના પંચ નીમવાની અમારી ફરજ થઇ પડી કે જે જરૂરી બધી સામગ્રી એકઠી કરે, જુદા જુદા દૃષ્ટિબિંદુથી વિચારો રજુ કરતા આગેવાન પ્રજાજનોને સાંભળે, અને લોકોની ઇચ્છાઓ, ભાષા, આર્થિક વિકાસ અને વહીવટી સગવડ-આવી અનેક જરૂરી બાજુઓથી પૂનર્વિભાજન અને પુનરરચનાનો પ્રશ્ન વિચારે અને એ રીતે રાષ્ટ્રના પ્રાદેશિક પુનર્વિભાજનનું ચિત્ર અથવા તો નકશો રજુ કરે. લોકોની સ્વાભાવિક લાગણીઓ અને પ્રેરક બળો ઉપરાંત ભય, આશંકાઓ અને પૂર્વગ્રહોના કારણે ઉભી થયેલી મુશ્કેલીઓ અને પશ્ચિમ બંગાળાની બાબતમાં બંગાળાના ભાગલાના કારણે ઉભી થયેલી સમસ્યાઓ આ પ્રશ્ન સાથે સંકળાયલી હતી. આ એક અસાધારણ જટિલ કાર્ય હતું.

આમ છતાં પણ આ પ્રશ્નનો તેમ જ પંચના રીપોર્ટનો વિગતવાર અભ્યાસ કર્યા બાદ મારે કહેવું જોઇએ કે પંચના સભ્યોએ આ કાર્ય કેવળ દેશભકિતની ભાવનાથી પ્રેરાઇને સ્વીકાર્યું હતું અને કોઇથી પણ દબાયા સિવાય કે કોઇની પણ પ્રત્યે લેશ માત્ર પક્ષપાત દર્શાવ્યા સિવાય તેમ જ કશા પણ દ્વેષમત્સર સિવાય તેમણે આ કાર્ય પાર પાડયું છે.

અમે જેમ પહેલાં વિચાર્યું હતું તેમ આ રીપોર્ટને ચુકાદા તરીકે ગણવો અને એ રીતે સ્વીકારી લેવા પ્રજાને કહેવું એવી નીતિ કોંગ્રેસની કારોબારી સમિતિ અખત્યાર કરી શકી હોત અને, શકય છે કે, જો કારોબારી સમિતિએ એમ કર્યું હોત તો ચોકકસ નિર્ણયોની જવાબદારીનો ઘણો મોટો ભાર પંચના શિરે તે નાંખી શકી હોત. કોંગ્રેસની કારોબારી પોતાની જવાબદારીથી છટકી જવા માંગે છે એ પ્રકારના અભિપ્રાય અથવા તો આક્ષેપો સામે, સંભવિત છે કે, કારોબારીનું આવું વળણ અથવા તો અભિગમ ટકકર ઝીલી શકેલ હોત. એમ છતાં પણ અતિ મહત્વભર્યા આ જટિલ પ્રશ્ન પરત્વે આવું અકકડ વળણ અથવા તો યાંત્રિક અભિગમ લાગતા વળગતા પ્રજાજનોને સંતોષ આપી શકયો હોત કે કેમ એ એક એવો પ્રશ્ન છે કે જેનો આજે આપણે કોઇ ઉત્તર આપવાની સ્થિતિમાં નથી.

આગેવાન નેતાઓ સાથે પાર વિનાની વાટાઘાટ

જાહેર કરેલા નિર્ણયો

આમ હોવાથી કારોબારીએ પંચની ભલામણોની વિગતોમાં ઉતરવાનો નિર્ણય કર્યો; કેટલાક દિવસો અને અઠવાડીઆ સુધી કારોબારીની પેટા સમિતિએ લોકોને સાંભળ્યા; તેમનાં દૃષ્ટિબિન્દુઓ સમજવા પ્રયત્ન કર્યો, અને જાહેર રીતે તેમ જ ખાનગીમાં અનેક લોકોએ સૂચવેલા વિકલ્પો વિષે ઉંડી વિચારણા ચલાવી અને આ બધાને અંતે કારોબારી ચોકકસ નિર્ણયો ઉપર આવી. આવી બાબતમાં બધા પક્ષોને સંતોષવા એ તો ભાગ્યે જ શકય બને છે. પંચની ભલામણોની પણ અમે અનેક દૃષ્ટિકોણથી ચકાસણી કરી હતી. અત્યન્ત ઝીણવટભરી તપાસ પછી સાત કે આઠ બાબતો એવી લાગી કે જે સંબંધમાં પંચની ભલામણો કરતાં કાંઇક જુદી રીતે વિચાર કરવાની કોંગ્રેસની કારોબારીને જરૂર ભાસી. આમ છતાં આ બાબતો પરત્વે પણ એકાએક જુદા પ્રકારના નિર્ણય ઉપર આવવાનું કારોબારીને ડહાપણભર્યું ન લાગ્યું. તેથી આ બાબતોમાં તીવ્ર વળણ ધરાવતા પક્ષોને અનુકુળ બનાવવાનો અને એ રીતે તેમને સમજાવી લેવાનો પ્રયત્ન કારોબારીએ હાથ ધર્યો હતો. મને કહેતાં આનંદ થાય છે કે તે તે પક્ષોની મુશ્કેલીઓ હોવા છતાં ઘણા ખરાએ અમારી સૂચનાઓ સ્વીકારી. સીમાના પ્રશ્નો પરત્વે પંચની ભલામણોમાં જે કંઈ ફેરફારો કારોબારીએ કર્યા છે તે મોટા ભાગે સહમતી અથવા તો અનુમતિનું પરિણામ છે.

કસોટીના છેલ્લા ત્રણ મહીના

છેલ્લા ત્રણ મહીનાઓ આપણ સર્વ માટે ભારે કસોટી કરનારા નીવડયા છે. એક જ ભાષા બોલતા લોકોનો એક કુટુંબીજનો માટેક સાથે રહેવાનો સ્વાભાવિક આગ્રહ, અમને માલુમ પડયું છે તે મુજબ, દેશની એકતા, મોભો કે માનની કશી પણ દરકાર વિનાની, કદિ કદિ પ્રાદેશિક વિસ્તાર વધારવાની વૃત્તિથી પ્રેરાયલી, જકકી અને હિંસક માંગણીઓમાં વિકૃત પામ્યો છે. જ્યારે એક બાજુએ હિંદના કેટલાક વિભાગોના કાર્યકર્તાઓએ અને નેતાઓએ દેશની એકતા અને તાકાતની રક્ષા માટે અને સંસ્થાગત શિસ્ત માટે દૃષ્ટાન્તરૂપ આગ્રહ દાખવ્યો છે, ત્યારે બીજી બાજુએ કહ્યા સિવાય ચાલે તેમ નથી કે આપણામાંના કેટલાક ક્ષણિક લાગણીઓ અને આવેશના ભોગ બન્યા છે અને પરિણામે અત્યન્ત ગંભીર પ્રકારની ક્ષતિઓ અને દુર્ઘટનાઓ નિર્માણ થવા પામી છે.

એ ખરું છે કે પ્રાદેશિક પુનર્ઘટનાનો પ્રશ્ન આખી પ્રજાના જીવન સાથે અત્યન્ત ગાઢપણે સંકળાયલો છે. અને તેથી અમે એ બાબતની ખૂબ સંભાળ લીધી છે કે છેવટના નિર્ણયો લેવામાં આવે તે પહેલાં આ પ્રશ્નો ઉપર કોંગ્રેસના સભ્યોને જે કાંઇ કહેવાનું હોય તે કહેવાની તેમને પૂરી છૂટ અને અવકાશ મળે. પણ આ છૂટ અને અવકાશની ઉપયોગીતા સ્વીકારવા છતાં, કહ્યા સિવાય ચાલે તેમ નથી કે, હિંદના કેટલાક ભાગોમાં એક શિસ્તપરાયણ સંસ્થાના સભ્યને જે છૂટ હોવી જોઇએ તે છૂટની મર્યાદાઓને ઓળંગી જવામાં આવી છે. આ હકીકતનો કોઇથી ઇન્કાર થઇ શકે તેમ નથી.

આપણી હરોળમાં એવા સાથીઓની કમીના નહોતી કે જેમણે દેશની એકતા પ્રત્યેની વફાદારીમાંથી ચલાયમાન થવાનો સ્પષ્ટ ઇન્કાર કર્યો હતો, પણ આપણામાં એવા પણ કેટલાક હતા કે જેઓ સ્થાનિક અને પ્રાદેશિક મહત્વાકાંક્ષાઓથી પ્રેરિત માંગણીઓમાં જ મશગુલ બની ગયા હતા અને એવા પણ કેટલાક હતા કે જેઓ તેમની પોતાની સરકારના નિર્ણયોને અને તેમની પોતાની કેન્દ્રવર્તી સંસ્થાની હકુમતને પડકારવાની હદ સુધી પહોંચી ગયા હતા.

સામંતશાહી વળણો

હિંસાનું તાંડવ

આપણા દેશના ભૂતકાળના ઇતિહાસમાંથી આપણને કાંઈ પણ શિખવાનું હોય તો તે એ છે કે પ્રાદેશિક અને સંકીર્ણ માંગણીઓ અને આગ્રહોએ હંમેશા આપણી આઝાદીના પાયા નબળા પાડયા છે, હચમચાવ્યા છે. આપણા વિચારો અને આદતોનું સામંતશાહી અને પુર્ઝવા બંધારણ આજે પણ કાયમ છે. જો કે આપણા સામાજિક દૃષ્ટિકોણ અને દર્શનમાં પરિવર્તનની જરૂરિયાતને આપણે બહારથી સ્વીકારીએ છીએ. એમ છતાં પણ આપણે હજુ પણ જુનાં મૂલ્યોને વળગી રહ્યા છીએ. મુંબઇ અને ઓરીસ્સા અને હિંદના અન્ય વિભાગોમાં જે કાંઇ બન્યું તે આપણા માટે ચેતવણીરૂપ બનવું જોઇએ કે લોકોની એકતા માટેનો આપણો આગ્રહ અનેક માનસિક ગ્રંથીઓથી દૂષિત છે. સ્થાનિક અને વર્ગીય હિતોના ખ્યાલો હજુ પણ આપણા ચિત્તને આરપાર આવરી શકે છે.

તો હવે એ સમય પાકી ચુક્યો છે કે આપણા એકમેક પ્રત્યેના વળણમાં તેમ જ દેશ સામે ઉભેલા પ્રશ્નો પ્રત્યેના આપણા અભિગમમાં રહેલાં નબળાં અને સબળાં તત્વોનું આપણે પ્રથક્કરણ કરીએ, ચાળણી કરીએ. હિંદનુ ક્ષેત્રફળ બહુ વિસ્તૃત છે અથવા તો તેની વસ્તી ઘણી મોટી છે એ કારણે હિંદ મહાન નથી. લોકોની મહત્તાનું માપ માત્ર એ જીવનમૂલ્યો ઉપરથી જ નીકળી શકે છે કે જે જીવનમૂલ્યોને વળગીને તેઓ ચાલતા હોય અને જે ખાતર તેઓ પોતાના સર્વસ્વનો ભોગ આપવાને તૈયાર હોય. આ મીશન–જીવનમૂલ્યોને દિન પર દિનના આચરણમાં મૂર્તિમન્ત બનાવવાની તમન્ના–અને નહિ કે જનસંખ્યા–એવી વસ્તુ છે કે જે દેશને ચોક્કસ પ્રકારનો મોભો આપે છે.

ઘણી વખતે આપણને આકૃતમાંથી–અને નહિ કે સુભગ ઘટનામાંથી–શિખવાનું મળે છે. મુંબઇમાં જે કાંઇ બન્યું તેણે આપણા દિલે અનુભવેલી શરમ અને ગ્લાનિ ઉપરાંત આપણામાં એક સુપ્ત ચેતનાને જાગૃત કરી છે અને હિંદના ઇતિહાસમાં બંગાળા અને બિહારના નેતાઓ કે જેમના માટે તે પ્રદેશોમાં વસતા પ્રજાજનો ઊંડો આદર અને વિશ્વાસ ધરાવે છે તેમણે ફરી એકવાર આપણ સર્વનું આબ્હાહન કર્યું છે. તેમણે એક ભારે બહાદૂરીભર્યું પગલું ભર્યું છે અને લોકો માટે વિચારવાની એક નવી દિશા ખોલી છે, જેની આ ઘડિએ આપણને ભારે જરૂર હતી. જો તેમણે ઝડપેલું ખીલું સફળતાને પામે તો બંગાળા અને બિહારના લોકોએ આજ સુધીમાં કરેલી રાષ્ટ્રની અનેકવિધ સેવાઓમાં એક નવા પ્રકરણનો ઉમેરો થશે. દેશને પાંચ વિભાગમાં–ઝોનમાં–વહેંચવાની દરખાસ્ત પણ એક ભારે મહત્વનું પગલું છે.

રાજકારણ એ કેવળ ઉર્મિશીલતા જ નથી. દુનિયાની કોઇ પણ વ્યવહાર બાબત જેટલી જ એ પણ એક વ્યવહાર બાબત છે. આવા પગલાના કારણે વાતાવરણમાં પેદા થયેલા ફેરફારે આપણા પ્રશ્નોનો નીકાલ આણ્યો છે એમ માનવું એ આન્તરવિગ્રહની અણી સુધી આપણને ધસડી ગયેલી ઘોર નિદ્રામાં ફરી ડુબી જવા બરોબર છે. આ બાબતનું આપણે વધારે ઉંડાણથી પૃથક્કરણ કરીશું તો આપણી ચાલુ વિચારણા અને વળણોમાં રહેલી અને કોઇથી પણ ઇનકાર થઇ ન શકે તેવી ક્ષતિઓ આપણી આંખ સામે આવીને ઉભી રહેશે.

આવી દુર્ઘટનાઓનું મૂળ કયાં રહેલું છે તેની બારીકાઇથી તપાસ કરતાં આપણને માલુમ પડશે કે કેટલાંક કારણોને અંગે આપણે આપણી જાતને અને આપણા દેશને ખોટી રીતે–ભ્રામક રીતે–સહીસલામત ગણીને ચાલી રહ્યા છીએ. આપણે એમ માનીને ચાલતા રહ્યા છીએ કે હિંદના લોકો જેઓ સાધારણ રીતે સહિષ્ણુ અને ઉદાર છે તેઓ બધા સંયોગોમાં એ જ પ્રકારના હોવાના અને રહેવાના. એક મોટી હકુમત જ્યારે આપણાથી છુટી પડી ત્યારે એક પ્રકારની વ્યવસ્થા પાછળ મૂકી ગઈ હતી. આઝાદીયુદ્ધમાં મળેલી સફળતાએ કોંગ્રેસને એક નવી ઝળક–નવો પ્રભાવ–આપ્યો હતો. અને છેવટે પંડિતજીનું વ્યકિતત્વ તો હતું અને છે જ. આ વિશિષ્ટ સંયોગોની લાભપ્રાપ્તિ સાથે આપણી આઝાદી પછીનો પ્રગતિલક્ષી પ્રવાસ શરૂ થયો.

પણ આ અનુકુળતાઓનો લાભ ઉઠાવવા સાથે તેની મર્યાદાઓનો ખ્યાલ રાખવાની આપણે બહુ ઓછી તકલીફ લીધી. જો આપણે એ તકલીફ લીધી હોત તો આપણને માલુમ પડયું હોત કે ધર્મસંપ્રદાય અને સામંતશાહીની વિચિત્ર ભૂમિકા ઉપર આપણા લોકોની સહિષ્ણુતા કેળવાઇ હતી. આપણને એ પણ માલુમ પડયું હોત કે બ્રીટન જે શાન્તિ અને વ્યવસ્થા પોતાની પાછળ મૂકીને આપણે ત્યાંથી વિદાય થયું હતું તે પુગાની હવા જેટલી પોલી અને અવિશ્વસનીય હતી. બ્રીટને આ દેશમાં ઉભી કરેલી રાજકારણી સંસ્થાઓને લોકોના જીવનમાં કોઇ ઊંડાં મૂળ નાખ્યા નહોતાં.

તેણે જે સામાજિક વળણો પેદા કર્યા હતાં અને પોષ્યા હતાં તે સંસ્થાનવાદી અને પુર્ઝવા જીવનપધ્ધતિને અનુરૂપ હતાં. જે શિક્ષણપધ્ધતિ તેણે વિકસાવી હતી તે ઉજળિયાત વર્ગને અનુકુળ હતી. તેણે જે આર્થિક વિચારો અને વળણોને ઉત્તેજન આપ્યું હતું તેને માત્ર નફો, ઇનામ, બદક્ષો અને શોષણવૃત્તિ સાથે સંબંધ હતો.

આપણને એ જ પ્રમાણે માલુમ પડયું હોત કે આપણે મેળવેલા વિજયની ભભક માત્ર થોડા સમય સુધી ટકી શકે તેમ હતું. સત્તાલક્ષી રાજકારણ તેને સતત આવરી રહ્યું હતું અને છેવટે, જો કે પંડિતજીનું વ્યકિતત્વ લોકશાહીની રચનામાં એક ભારે ઉપકારક અને સ્થિરતાસ્થાપક બળ તરીકે સતત કામ કરી રહ્યું છે એમ છતાં પણ, લોકોને પોતાની સાથે તેઓ જ્યાં સુધી ખેંચી શકે ત્યાં સુધી જ તે કામયાબ નીવડી શકે તેમ હતું.

આપણી શરૂઆતની અનુકુળતાઓ પાછળ રહેલી મર્યાદાઓ અને ત્રુટિઓ હવે ધીમે ધીમે પ્રગટ થવા માંડી છે. રાજાશાહી અને સામંતશાહીની–લોકોનું નિયંત્રણ કરતી–શકિતઓની નાબુદી સાથે લોકોમાં સ્વત્વનો ઉદય થઇ રહ્યો છે. બ્રીટનના જવા સાથે તેણે ઉભી કરેલી સંસ્થાઓના પાયા અસ્થિર બનવા માંડયા છે અને અંગ્રેજોએ વિકસાવેલાં વલણો આજે ખુલ્લાં પડતાં જાય છે અને તેમાં રહેલી ક્ષતિઓ પ્રગટ થતી જાય છે, અને આપણા વિજયે લોકમાનસમાં પેદા કરેલો ઉન્મત્ત આશાવાદ અમુક અપવાદો બાદ કરતાં હવે ચોતરફ ઓસરતો જાય છે. આપણી સામે સાધારણ માણસો તેમની તાકાત, વિશેષતાઓ અને ત્રુટિઓ પૂર્વકના સાધારણ માણસ તરીકે આવીને ઉભા છે.

લોકશાહી સંખ્યા ઉપર નિર્ભર નથી.

ટોળાં–માનસ

એક તો રાજ્ય પુનર્ઘટનાના પ્રશ્ને ઉભી કરેલી કટોકટી એક રીતે પ્રચ્છન્ન આશીર્વાદ રૂપ નીવડી છે. આ કટોકટીએ આપણને વાસ્તવિકતા સામોસામ લાવીને મૂકયા છે. જ્યારે આપણે લોકોના ભૌતિક કલ્યાણ માટેના કાર્યક્રમને સક્રિયપણે પાર પાડવા મથી રહ્યા છીએ અને તે બાબતમાં તેમના આર્થિક પ્રશ્નો ઉકેલવાની આપણી તાકાતની લોકોને સ્પષ્ટ પ્રતીતિ કરાવી શકયા છીએ ત્યારે આપણે સ્વીકારવું જોઇએ અને કબુલ કરવું જોઇએ કે આપણી રાજકીય, શૈક્ષણિક અને સામાજિક સંસ્થાઓને લોકોની અપેક્ષા અને આવશ્યકતાઓને અનુકુળ બનાવવાના પ્રશ્ન સમેત બીજા અનેક પાયાના પ્રશ્નો પ્રત્યે આપણે પૂરતું ધ્યાન આપી શકયા નથી. કે જે એક સુદૃઢ અને સધ્ધર રાજ્ય–નિર્માણ કરવા માટે જરૂરી હતું.

બીજું આજના વિશાળ ધોરણ ઉપર લોકશાહીનું સંચાલન–કાર્ય આપણા લોકો માટે તેમના ઇતિહાસમાં સૌથી પહેલી વાર આવ્યું છે અને તે પણ એકાએક આવ્યું છે. લોકશાહી એક બળ છે, એક શકિત છે. છત્રીશ કરોડનો એક માનવસમુદાય ગતિમાન થયો છે. લોકશાહી માત્ર સંખ્યાનું કોઇ એક ગણિતશાસ્ત્ર નથી એ બાબતની આ માનવસમુદાયને કેળવણી આપવા માટે આપણે શું કર્યું છે ? લોકશાહી

પાછળ તદનુરૂપ અભિગમ ન હોય તો બીજી કોઇ પણ રાજ્યપધ્ધતિ કરતાં લોકશાહીનું તંત્ર વધારે ખતરનાક નીવડી શકે છે એ બાબતનું તેમને ભાન કરાવવા માટે આપણે શું કર્યું છે? પાયાના અભિગમ સિવાય લોકશાહીનું માળખું અમુક એવા લોકો માટે એક સુલભ સગવડનું સાધન બની જાય છે કે જે લોકોનું રાજકારણ ટોળાના માનસનો અને તેટલો લાભ ઉઠાવવામાં માને છે અને તે ઉપર જ નિર્ભર છે. લોકોને સરકાર અને તેના પક્ષની અથડામણમાં લાવવા એ સિવાય સામ્યવાદી, હિંદુમહાસભા અને જનસંઘને લોકશાહીનો બીજો શું ઉપયોગ છે?

ત્રીજું આપણાં લોકો, જો કે તેઓ દેશાભિમાની છે એમ છતાં પણ, એકતાનો કેવળ સામાન્ય અર્થમાં જ વિચાર કરવાને ટેવાયલા છે. નાતજાત, કોમવાદ, પ્રાન્તીયવાદ વગેરેમાંથી ઉભા થયેલા અને કંઇ કાળથી જડ ઘાલીને બેઠેલા પૂર્વગ્રહોને નાબુદ કરવામાં ન આવે ત્યાં સુધી અને તે સિવાય સાચી એકતાનો તેના સંપૂર્ણ અર્થમાં ઉદ્‌ભવ સંભવી શકે જ નહિ. અત્યારે કે જ્યારે આપણે એક બાજુએ જંગલી, સામંતશાહી અને ખુર્દવા મૂલ્યોનો સામનો કરી રહ્યા છીએ ત્યારે, રાજકારણી સગવડ અથવા તો અનિવાર્ય બાંધછોડના નામે આપણે એવી અનેક બાબતો નિભાવી રહ્યા છીએ કે જે, જો નવાં મૂલ્યો આપણને સ્વીકાર્ય હોય તો, નભાવી શકાય જ નહિ. જ્યાં સુધી આપણે જુનાં મૂલ્યોને આદર અને પ્રતિષ્ઠા આપતા રહીશું ત્યાં સુધી આ પૂર્વગ્રહો ચાલુ રહેવાના જ છે. આપણે પૂર્વગ્રહોને પૂર્વવત્ નભવા દીધા છે કે નહિ? અને એ રીતે આ પૂર્વગ્રહો ભારતની એકતાને બળ આપતા મૂલ્યો સાથે ચાલી શકે તેમ છે એવી ભ્રાન્તિ તે પૂર્વગ્રહોના ઉપાસકોના દિલમાં અને અન્યના દિલમાં આપણે ઉભી કરી છે કે નહિ? એ પ્રશ્ન આપણે આપણી જાતને પૂછવો જોઇએ. આપણી એકતાની કલ્પના આ પૂર્વગ્રહો પર આધારિત નથી એ આપણે મનથી નક્કી કરવું જોઇશે. ઉંચ્ચા અને નીચા, ધનિક અને દરિદ્ર-આવી સામાજિક કક્ષાઓને પોષીને આપણે કશું પ્રાપ્ત કરી શકીશું નહિ.

ચોથું લોકસંપર્કનો પ્રશ્ન પણ આપણા માટે એટલો જ મહત્વનો છે. ચૂંટણી ઉપરાંત વહીવટી તંત્રને લોકોની જરૂરિયાતોનો ખ્યાલ આપવો અને તેમની મુશ્કેલી દૂર કરવા પ્રયત્ન કરવો-આટલું જ કાર્ય આપણે લોકો માટે બજાવી રહ્યા છીએ. પણ આ પૂરતું નથી. જરૂર છે લોકો સાથે દિલના ઉંડાણમાંથી ઉદ્‌ભવતી એકરૂપતાની. અને તે ત્યારે જ શક્ય બને કે જ્યારે આપણી બધી પ્રવૃત્તિઓના કેન્દ્રમાં લોકોને રાખીને તેમના પ્રશ્નો સાથે આપણે એકરૂપતા કેળવીએ અને તેના ઉકેલ માટે સતત મથતા રહીએ. એ સમય, મને લાગે છે કે, આવી પહોંચ્યો છે કે જ્યારે આવા સંપર્કો સ્થાપવા અને સાધવા માટે આપણે આપણી બધી તાકાત એકત્ર અને કેન્દ્રિત કરવી જોઇએ.

રાજપુનર્ઘટનાના પ્રશ્ન ઉપર ઉભા થયેલા ઝગડાઓએ આપણી ઢગલાબંધ નબળાઇઓ પ્રગટ કરી છે. ભાષાકીય પ્રાન્ત માટેનો રાષ્ટ્રીય આગ્રહ અને આક્રમક-બળવાખોર પ્રાન્તીયવાદ વચ્ચે કેટલી પાતળી રેખા પડેલી છે તેનું આપણને ભાન થયું છે. લોકો જો સ્વશાસન અને આત્મનિયંત્રણની વૃત્તિઓને કેળવે નહિ તો કોઇ પણ પોલીસનું બળ લોકોનું નિયંત્રણ કરી શકશે નહિ. જ્યાં સુધી ગમે તેવી કટોકટીમાં પણ લોકો ઉપર પોતાનો પ્રભાવ પાડી શકે એવા જાહેર કાર્યકર્તાઓનો એક સમૂહ આગળ નહિ આવે ત્યાં સુધી કોઇ શાન્તિમય પ્રગતિની શક્યતા નથી. એ કાર્ય તરફ વળવા માટે હજુ પણ આપણા માટે તક છે.

મૂળ અંગ્રેજી :-**શ્રી. ઉ. ન. ઢેબર**

અનુવાદક : **પરમાનંદ**

મુંબઇનાં તોફાનોએ સર્જેલી તારાજી અંગે
મુંબઇ જૈન યુવક સંઘનો ઠરાવ

તા. ૯-૨-૫૬ ના રોજ મળેલી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિએ જાન્યુઆરી માસના ત્રીજા અઠવાડિયા દરમિયાન મુંબઇમાં જે મોટા પાયા ઉપર તોફાનો થયેલાં તેને વખોડી કાઢતો નીચે મુજબનો ઠરાવ કર્યો હતો:-

"જાન્યુઆરી માસના ત્રીજા અઠવાડિયા દરમિયાન મુંબઇ શહેરમાં ફેલાયલી અરાજકતા અને લૂંટફાટના ભોગ બનેલા પ્રજાજનો પ્રત્યે મુંબઇ જૈન યુવક સંઘ હાર્દિક સહાનુભૂતિ પ્રગટ કરે છે, આ કટોકટીના સમય દરમિયાન મક્કમપણે કામ લેવા માટે મુંબઇ સરકારને ધન્યવાદ આપે છે તથા અનેક કુટુંબોને તોફાનગ્રસ્ત લત્તાઓમાંથી બચાવી લેવા માટે તેમ જ તત્કાળ બને તેટલી રાહતની વ્યવસ્થા કરવા માટે મુંબઇ પ્રદેશ કોંગ્રેસ સમિતિ, ઇન્ડીયન ગ્રેન ડીલર્સ ફેડરેશન, બોમ્બે ગ્રેન ડીલર્સ એસોસીએશન, કચ્છી જૈન સર્વોદય કેન્દ્ર, મુંબઇ જૈન સ્વયંસેવક મંડળ તથા આ કાર્યમાં જોડાયલી અન્ય જાહેર સંસ્થાઓ, વ્યક્તિઓ તેમ જ સ્વયંસેવકોનું અભિનન્દન કરે છે. સંયુક્ત મહારાષ્ટ્રના નામે ઉભા થયેલા-ભાષાવાદ તથા પ્રાદેશિકતાના-આ ભસ્માસુરે સર્જેલી અભૂતપૂર્વ તારાજીને આ સંઘ વખોડી કાઢે છે અને મુંબઇ શહેરમાં વસતાં પ્રજાજનો વચ્ચે પેદા થયેલી તંગદીલીનો સત્વર અન્ત આવે એવી ઉંડા અન્તરથી આજની સભા પ્રાર્થના કરે છે."

જૈન શ્વેતાંબર કોન્ફરન્સનો ઠરાવ

તા. ૪-૨-૫૬ શનિવારે શ્રી કોન્ફરન્સ કાર્યાલયમાં શ્રી કાંતિલાલ ઇશ્વરલાલના પ્રમુખપણા નીચે સ્થાયી સમીતીની એક સભા મળી હતી અને મુંબઇનાં તોફાનો અંગે નીચે મુજબનો ઠરાવ કર્યો હતો:-

"ગયા જાન્યુઆરી માસના ત્રીજા અઠવાડીયા દરમ્યાન મુંબઇ શહેર, પરાં તેમજ મહારાષ્ટ્રમાં કેટલાક સ્થળોએ ફેલાયેલી અરાજકતાના પરીણામે અનેક કચ્છી, ગુજરાતી, રાજસ્થાની તથા સૌરાષ્ટ્રવાસી કુટુંબોને ગુંડાગીરી, લૂંટફાટ અને પ્રાણહાનિના કારમા ભોગ થવું પડયું હતું, એટલું જ નહિ પણ બેઇજ્જતી કર્યાના પણ કેટલાક કીસ્સાઓ બન્યા હતા. આ દુર્ઘટનાઓની આજે મળેલી કોન્ફરન્સની સ્થાયી સમીતીની આ સભા ભારે ગમગીનીપૂર્વક નોંધ લે છે અને તે કુટુંબો પ્રત્યે ઉંડા દિલની સહાનુભૂતિ વ્યકત કરે છે. આ ત્રાસના ભોગ થયેલાઓમાં ઘણો મોટો ભાગ જૈનોનો હતો એ હકીકત તરફ જૈન સમાજનું ધ્યાન ખેચે છે અને જણાવે છે કે તેમને શકય તે રીતે મદદરૂપ થવા શકિતશાળી જૈન બંધુઓને આ સભા આગ્રહપૂર્વક અપીલ કરે છે.

પ્રસ્તુત તોફાનો દરમ્યાન મુંબઇ સરકારે શકય તેટલો બંદોબસ્ત કરવા જે જે પ્રયાસો કર્યા છે, તે બદલ સંતોષ વ્યકત કરતાં ભવિષ્યમાં આવા અનિચ્છનીય બનાવો ન બને તે માટે સરકારને સજાગ રહેવા સભાની આગ્રહભરી વિનંતી છે.

આ ગુંડાગીરીના ભોગ બનેલા કુટુંબોએ જે માલમીલકત અને જાન ગુમાવ્યા છે તેનો ૧૯૫૧ ના પોલીસ એકટ મુજબ પૂરો બદલો આપવાનું મુંબઇ સરકાર તરફથી જાહેર કરવામાં આવે તેવી આ સ્થાયી સમીતીની આગ્રહભરી વિનંતી છે. આજના તંગ વાતાવરણમાં આવી ખાત્રી લોકોના દિલને રાહત આપવામાં બહુ મદદરૂપ થશે, એમ સભાનું દૃઢ માનવું છે.

આ કટોકટીના પ્રસંગે અહિંની મુંબઇ પ્રદેશ કોંગ્રેસ સમિતિએ તથા જે જે વ્યક્તિઓએ જોખમ ખેડીને આફતમાં સપડાયેલ કુટુંબોને બચાવ્યા છે, અને તત્કાલ જરૂરી રાહત પહોંચાડી છે તે સર્વેને આજની સભા ધન્યવાદ આપે છે.

તાજેતરના તોફાનોમાં નુકસાની પામનાર ભાઇબહેનોએ પોતાના કલેઇમો તાત્કાલીક નોંધાવી દેવાની અગત્ય હોઇ સૌને પોતાના નુકસાનીની માંગણીના કલેઇમસ નોંધાવવા આગ્રહ છે અને આ અંગે જેઓને કંઇ પણ સલાહ દોરવણી જોઇતી હોય તેઓએ કોન્ફરન્સ ઓફીસમાં ૨૦ પાયધુની ખાતે આ સમીતીના મંત્રી શ્રી. છોટુભાઇ એન. શાહને મળવું."

વિષય સૂચિ

		પૃષ્ઠ
વિદ્વદ્‌રત્ન સદ્‌ગત		
ડૉ. એરચ તારાપોરવાલા	જમુભાઇ દાણી	૧૮૯
મારી જીવનકથા	ગુરદયાળ મલીકજી	૧૯૦
મુંબઇના વેદાન્ત સંમેલને કરેલા મહત્વના ઠરાવો		૧૯૧
રાજ્યપુનર્ઘટના પંચનો અહેવાલ અને તે અંગે ઉભી થયેલી કટોકટી	શ્રી ઢેબરભાઇ	૧૯૩
મુંબઇના તોફાનોએ સર્જેલી તારાજી અંગે ઠરાવો.		૧૯૫
પૂર્વનાં વિરૂદ્ધ પશ્ચિમનાં મૂલ્યો	મગનભાઇ દેસાઇ	૧૯૬
'પરિણીત પ્રેમ'	તારા શાહ	૧૯૭

કચ્છી જૈન સર્વોદય કેન્દ્રનું રાહતકાર્ય

મુંબઇનાં તોફાનો દરમિયાન લૂંટફાટ તેમ જ અરાજકતાના ભાયખલ્લાથી દાદર વિભાગ સુધીમાં રહેતા અનેક કચ્છી દુકાનદારો અને કુટુંબીઓ સૌથી વધારે ભોગ બન્યા હતા. તેમની દુકાનો લુંટાઇ હતી અને જંદગી જોખમમાં મુકાઈ હતી. એ વખતે મુંબઇના ઇન્ડીયન ગ્રેન ડીલર્સ ફેડરેશનના સહકારમાં શાહ માલશી ધેલાભાઇ ગુંદાલાવાળા કચ્છી જૈન સર્વોદય કેન્દ્રે પણ અદ્‌ભુત કામગીરી બજાવી હતી. એ સંસ્થાના પ્રમુખ શ્રી. રામજી રવજી લાલન તરફથી સંસ્થાના પ્રસ્તુત રાહતકાર્યમાં જેણે જેણે સહકાર આપ્યો તે સર્વનો વિગતવાર આભાર માનતો એક પરિપત્ર બહાર પાડવામાં આવેલ છે. તે પરિપત્રમાં તેઓ જણાવે છે કે:—

"સંયુકત મહારાષ્ટ્ર આંદોલન અંગે મુંબઈમાં ફાટી નીકળેલાં ભયંકર અને ઋતુની તોફાનોના કારણે ખાસ કરીને ઉત્તર વિભાગના કચ્છી દાણાવાળા ભાઇઓનાં અને અન્ય ગુજરાતી તેમજ મારવાડી ભાઇઓનાં માલ, મીલકતો અને જનો જોખમમાં મૂકાઈ ગયાં હતાં, સર્વત્ર ભય અને ત્રાસનું વાતાવરણ ફેલાઈ ગયું હતું સેંકડો નહિ પણ હજારો દુકાનો અને ગોરડીઓ લુંટાઈ ગઇ હતી અને ગુજરાતી ભાઇઓની સલામતી જોખમમાં મૂકાઈ ગઈ હતી અને ચારે બાજુ ત્રાહી ત્રાહી પોકારાઈ રહી હતી. તેવા સમયે તોફાનગ્રસ્ત વિસ્તારોમાં સપડાયલા કચ્છી દાણાવાળાઓ, મારવાડીઓ અને ગુજરાતીભાઇઓને રાહત આપવાનું કાર્ય અમારા કેન્દ્રે અમારા કેન્દ્રના કાર્યકર્તા શ્રી ગાંગજી દેવરાજ છેડાની રાહબરી નીચે હાથ ધર્યું હતું.

"ત્રાસ અને ગભરાટના વાતાવરણના લીધે સર્વથી પ્રથમ તોફાનગ્રસ્ત વિસ્તારોમાં સપડાયલા ભાઇઓને ખસેડવાનું અમને યોગ્ય લાગ્યું હતું અને અમારા કેન્દ્રના આગેવાન શ્રી ગાંગજી દેવરાજની આગેવાની હેઠળ ભાતબજારના સંખ્યાબંધ યુવાન કાર્યકર્તાઓના સહકારથી એ પ્રવૃત્તિ તરતજ હાથ ધરવામાં આવી હતી અને હજારો ભાઇઓને તોફાનગ્રસ્ત લત્તાઓમાંથી ખસેડી માંડવી ખાતેની મહાજનવાડીમાં અને અન્ય સ્થળોએ લાવવામાં આવ્યા હતા, આ કાર્યમાં જે ભાઇઓએ પોતાના જનના જોખમે હિંમતપૂર્વક આફતમાં સપડાયલા ભાઈ બહેનો અને બાળકોને ખસેડવામાં અને અમારા કેન્દ્રમાં લાવવામાં તથા ભાતબજારમાંથી અનાજ વિગેરે ખોરાકીનો તમામ માલ હાથગાડીઓમાં જાતે ખેંચી પહોંચાડવામાં વિગેરે તમામ પ્રકારની સહાય અને સુંદર સહકાર આપ્યો છે તે બદલ આ પ્રસંગે તેમનો અમે જાહેર આભાર માનીએ છીએ.

"સંકટમાં સપડાયલા એ ભાઇઓને ખસેડવા માટે મેસર્સ દેવજી કેશવજીની કું., શેઠ હુસેન અબ્દુલ કરીમ પંજુ, સરદાર હજારાસિંહ, સરદાર મંગળાસિંહ, શ્રી ગૌરીશંકર પ્રેમજી જોશી, શ્રી હંસરાજ (બાબુભાઇ) વિગેરે સજ્જનોએ પોતાની એક ડઝન જેટલી લોરીઓ આપી અમારા એ કાર્યમાં પ્રોત્સાહન, સહાય અને સહકાર આપ્યા હતા. તેમનો આ કેન્દ્ર અત્યંત ઋણી છે અને એ ભાઇઓનો આભાર માનવાની અમે તક લઇએ છીએ.

"પહેરેલાં કપડે જ ખસેડાયલા સેંકડો ભાઇઓ માટે જમવા તથા સુવા ઉઠવાની સગવડ મહાજનવાડી મધ્યે કરવામાં આવી હતી અને આ વ્યવસ્થા જાળવવામાં શ્રી રવજીભાઈ ખીમજી છેડા, શ્રી મોરારજી મેઘજી સંગોર, શ્રી ધનજી ટોકરશી, શ્રી વેલજી દેવજી, શ્રી વિશનજી કુંવરજી કોરાણી—આ ભાઇઓએ સુંદર સેવા બજાવી વ્યવસ્થા જાળવી છે તે બદલ તેમનો આભાર માનવાનું ભુલી શકાય તેમ નથી.

"આ કાર્યમાં ભાત બજારના જથાબંધ અનાજ તથા રસકસ સાકરના વેપારીઓ, રાઇસ મર્ચન્ટસવાળાઓ અને અન્ય ગૃહસ્થો તથા વેપારીઓએ જે ખેલદીલી બતાવી વગર કીંમતે જરૂરી અનાજનો જથ્થો, ઘી, ગોળ, તેલ, સાકર અને કપડાં તથા બીજી ચીજો પુરી પાડી હતી તે બદલ એમનો આભાર માનતાં અમને ખરેખર આનંદ થાય છે. સંકટમાં સપડાયલા ભાઇઓને જરૂરી કપડાં તેમજ મુંબઈ છોડી જનાર ભાઇઓને સ્ટીમર અને રેલ્વેની ટીકીટો આપવાનું કાર્ય પણ હાથ ધરવામાં આવ્યું હતું. આ કાર્ય પાર ઉતારવામાં અમને સાથ અને સહકાર આપવામાં જે ભાઇઓ આ બારામાં પોતાનો દરેક જાતનો ભોગ આપી અમારા કાર્યમાં ઘણા મદદરૂપ નીવડ્યા છે તેમનો આભાર માનવાનું અમે ઉચિત માનીએ છીએ."

પૂર્વનાં વિરૂદ્ધ પશ્ચિમનાં મૂલ્યો

(પ્રબુદ્ધ જીવનના ગતાંકમાં "ભવ્ય ભૂતકાળની ભ્રમણામાંથી મુકત બનોઃ આધુનિક જીવન મૂલ્યો અપનાવો" એ શિર્ષક નીચે પ્રગટ કરવામાં આવેલ સરદાર કે એમ. પાણીકરના પ્રવચનમાંના અમુક વિવાદાસ્પદ વિધાનોની તા ૨૧-૧-૫૬ ના હરિજનબંધુમાં ઉપર આપેલા મથાળા નીચે શ્રી મગનભાઇ દેસાઇએ એક વિશદ સમાલોચના કરી છે જે નીચે પ્રગટ કરવામાં આવે છે તંત્રી)

રવીન્દ્રનાથ ટાગોરે તેમના એક નિબંધમાં નીચે મુજબ લખ્યું છે:

"પ્રાચીન ગ્રીસની સંસ્કૃતિ શહેરના કોટની અંદર ખીલી હતી. વસ્તુતાએ, આધુનિક કાળની સઘળી સંસ્કૃતિઓ ઈંટ તથા ચૂનાના પાગણામાં ઊછરી છે. આ દીવાલો માણસોના ચિત્તની ભૂમિકા પર ઊંડી નિશાનીઓ મૂકતી જાય છે. તે આપણી મનોદશામાં 'ભેદ પાડીને રાજ્ય કરો' નો સિદ્ધાંત નિર્માણ કરે છે. એ વસ્તુ, આપણા સઘળા વિજયોને, તેમની આસપાસ દીવાલ રચીને તથા તેમને એકબીજાથી નિરાળા પાડીને આપણે માટે સલામત બનાવવાની ટેવ આપણા દિલમાં પેદા કરે છે.

"હિંદુસ્તાનમાં આપણી સંસ્કૃતિ અરણ્યમાં ઉદ્‌ભવી હતી અને તેણે પોતાના ઊગમસ્થાનનું તથા પોતાની આસપાસની પરિસ્થિતિનું નિરાળું સ્વરૂપ ધારણ કર્યું.....

"હિંદની ભૌતિક આબાદીની પરાકાષ્ટાના કાળમાં પણ તેનું હૃદય તપોબળ તેમ જ આત્મ-સાક્ષાત્કારના પોતાના આરંભકાળના આદર્શને તથા તપોવનના આશ્રમના સાદા જીવનના ગૌરવને પૂજતું રહ્યું હતું. ત્યાં આગળ સંચિત થયેલા શાણપણમાંથી તે પ્રેરણા મેળવતું હતું.

"પોતે પ્રકૃતિને વશ કરી રહ્યા છે એમ વિચારવામાં પશ્ચિમના દેશો ગર્વ લેતા જણાય છે...આ ભાવના નગરની દીવાલોના કુંડાળામાં પડેલી ટેવો તથા ત્યાં આગળ મળેલી ચિત્તની તાલીમનું ફળ છે. કારણ કે નગરજીવનમાં માણસ પોતાના માનસિક દર્શનનો સઘળો પ્રકાશ પોતાના જીવન પર અને પોતાનાં કાર્યો પર કેન્દ્રિત કરે છે અને એ વસ્તુ તેની તથા જેના ખોળામાં તે સૂતેલો છે તે સર્વવ્યાપી પ્રકૃતિની વચ્ચે કૃત્રિમ તડ પેદા કરે છે.

"પરંતુ હિંદમાં દૃષ્ટિબિંદુ જુદું હતું. તેમાં જગત અને માનવીનો એક મહાન સત્યના રૂપમાં સમાવેશ થતો હતો....."
(સાધના, પ્રકરણ ૧)

સરદાર પાણીકરે વિશ્વભારતીના પદવીદાન સમારંભને પ્રસંગે શાન્તિનિકેતનમાં હિંદની સભ્યતા તથા સંસ્કૃતિના આ પરમ સત્યને ઉતારી પાડતું, લગભગ તેનો ઉપહાસ કરતું વ્યાખ્યાન આપ્યું એ તેમનું ઉદ્ધતાઇભર્યું નહીં તો ભારે હિંમતભર્યું પરાક્રમ હતું. હિંદુ પત્રે (૨૭-૧૨-'૫૫) શાન્તિનિકેતનમાં પોતાની ડિગ્રી તથા ડિપ્લોમાઓ મેળવનારા તરુણો આગળ સરદાર પાણીકરે પોતાની છટાદાર વાકધારા વહેતી મૂકી તેને નીચે પ્રમાણે વર્ણવી છે અને તે ઉચિત જ છે:

'સરદાર પાણીકર, પોતાના વાકચાતુર્યને બળે સહેલાઇથી રમેતા કરવા માટે અસંખ્ય કાલ્પનિક ભૂતો પેદા કરવામાં ભારે આનંદ માણતા હોય એમ લાગે છે.'

ઇતિહાસકાર અને પંડિતની વાણી દ્વારા નૃત્ય કરવાને પેદા કરવામાં આવેલાં કાલ્પનિક ભૂતો આ હતાં: (૧) હિંદે 'ગરીબાઇને રાષ્ટ્રીય આદર્શ' તરીકે અપનાવી છે. જે ઉચ્ચ પ્રકારની વિચારણાને ઉત્તેજન આપે છે એમ માનવામાં આવે છે, તે સાદા જીવનનો સિદ્ધાંત, બીજું કંઈ નહીં પણ ગરીબાઇની આરાધના જ છે; અને (૨) હિંદ બાકીની દુનિયા કરતાં વધારે આધ્યાત્મિક છે એ કેવળ આત્મવંચના જ છે; ભૌતિકવાદ, વસ્તુતાએ, હિંદના જેટલા બહોળા પ્રમાણમાં બીજે કયાંયે જોવા મળતો નથી; અને (૩) ગ્રામજીવનની તથા ગ્રામ અને ગૃહઉદ્યોગોના પાયા પર રચાયેલી ગ્રામઅર્થવ્યવસ્થાની પ્રશંસા આપણા ભૂતકાળ વિષેની વિકૃત દૃષ્ટિ પર રચાયેલી છે, કારણ કે, 'હિંદમાં હરકોઈ સમયે પ્રાણવાન નગરજીવન મોજૂદ હતું.'

એથી કરીને તેમણે આશ્રમની મનોદશા વખોડી કાઢી. તેમને મન એ ગરીબાઇની આરાધના સિવાય બીજું કશું જ નથી. ભારત સરકારના ઉદ્યોગખાતાના પ્રધાન શ્રી ટી. ટી. કૃષ્ણામાચારીએ પણ ગાંધીજીની વિચારસરણી પ્રમાણે કામ કરતા આશ્રમોને લગભગ એ જ રીતે વખોડી કાઢ્યા નહોતા?

એવી તે કઈ વસ્તુને કારણે સરદાર પાણીકર પોતાનું સમતોલપણું ગુમાવી બેઠા, જેથી કરીને, મને જે પૂરો ઇતિહાસ અને એના કરતાં પણ બદતર સામાજિક ફિલસૂફી લાગે છે, તેવું સંભાષણ કરવાને તેઓ પ્રેરાયા, એ આપણે જાણતા નથી. આમ છતાં ભારતની સંસ્કૃતિને વિષે તેમણે જે દૃષ્ટિ ધારણ કરી તે સર્વથા નવીન નથી, કારણ કે આવી વિકૃત અને વિષમ દૃષ્ટિ, જેમણે, આધુનિક વિજ્ઞાન તથા પશ્ચિમની બીજી વિદ્યાઓનું આકંઠ પાન કર્યું છે તથા તેની સામાજિક ફિલસૂફીથી તેમ જ જીવનનું ધોરણ ઉત્તરોત્તર વધાર્યે જવાની તેની પાગલ દોડથી જેઓ મોહિત થયા છે, તેવા લોકોમાં ઘણી વાર જોવામાં આવે છે. આવા લોકો પોતાની વિદ્વત્તાના ઘમંડમાં એ વાત ભૂલી જાય છે કે, અતૃપ્તિ અને સમાધાનનો અભાવ એ જ ખરી ગરીબાઈ છે અને સંતોષ એ ગરીબાઈ નથી પણ આત્માનો વિરલ ગુણ છે—સાચી સમૃદ્ધિ છે. અને સાદું જીવન એ અવશ્ય કંગાળ કે સુગાળવું જીવન જ છે એવું નથી અને ઉચ્ચ જીવન એ ઉચ્ચ વિચારમય જીવન કે સારું જીવન પણ નથી તથા પીસી નાખનારી અસમાનતાઓ અને ગળાકાપ હરીફાઇથી ભરેલી દુનિયામાં તે સર્વથા બૂરું જીવન હોવાનો પણ પૂરો સંભવ છે.

વળી, નવાઈની વાત તો એ છે કે, હિંદ ગરીબ રાષ્ટ્ર રહેવું જોઇએ, અને ગરીબાઈ આપણો રાષ્ટ્રીય આદર્શ હોવો જોઇએ એવું કોઇએ પણ કહ્યું જ છે ક્યારે ? ધનદૌલત અને નગર-સંસ્કૃતિ ઉપર શ્રી પાણીકરનું સંભાષણ, તેમના જેવા લોકોને કંગાળિયતની અર્થવ્યવસ્થા લાગવા સંભવ છે એવી સર્વોદયની વિકેન્દ્રિત અર્થવ્યવસ્થા સામે તાકવામાં આવ્યું હોય, એ અનુમાન જો સાચું હોય તો, એટલું જ કહેવું જોઇશે કે, શ્રી પાણીકર સર્વોદયના હિમાયતીઓને જ નહીં પણ તેમને પોતાને પણ ભારે અન્યાય કરી રહ્યા છે. અમૃતબજાર પત્રિકા 'છટાદાર સંભાષણ' મથાળા નીચેના પોતાના અગ્રલેખમાં એનો નીચે પ્રમાણે અને ઉચિત જવાબ આપે છે:

"રવીન્દ્રનાથ ગૃહઉદ્યોગોના સૌથી પહેલા હિમાયતીઓમાંના એક હતા. નગર સંસ્કૃતિના મૂલ્યનો તેમણે કદી પણ ઇન્કાર કર્યો નહોતો તેમ જ તેમણે કદી કશી ભીતિ પણ દર્શાવી નથી.....મહાત્મા ગાંધીની પેઠે તેઓ પણ માનતા હતા કે, ગૃહઉદ્યોગો આપણી ગ્રામીણ અર્થવ્યવસ્થાને પગભર બનાવવા માટેની ચાવીરૂપ છે.....પણ સવાલ તો એ છે કે, હજી આજે પણ.....ગામડાંઓને તેમના હકનું સ્થાન આપવામાં આવ્યું છે ખરું ? ગામડાંઓ જો ગરીબાઇ, નિરક્ષરતા, રોગચાળો અને બેકારી વગેરેની મારક પકડમાં રહેવાનાં હોય તો નગર-સંસ્કૃતિ નિર્માણ કરવાની આપણી મનગમતી બધી યોજનાઓ ક્ષણજીવી નીવડવાની છે."

હિંદના સવાલની આ મહત્ત્વની બાજુ પર ભાર મૂકવો એ ગરીબાઈની આરાધના હરગિજ નથી. પશ્ચિમની વિદ્યાઓમાં પારંગત થયેલા અને પાશ્ચાત્ય હુન્નરકળાની ભભકથી અંજાઈ ને શહેરોમાં રહેતા લોકોની ખરી મુશ્કેલી એ છે કે, આ બાજુ તેઓ ભૂલી જાય છે અને જાણે તેને લક્ષમાં પણ લેતા નથી. તેમને હિન્દુએ બરાબર જ યાદ આપ્યું છે કે,

'ખરો ભય તો, શુભેચ્છા રાખનારા ઉપદેશકો (શ્રી પાણીકર જેવા) હરકોઇ ફેરફાર પ્રગતિ છે એવા ભ્રમથી પ્રેરાઇને અર્ધદગ્ધ સ્વૈરાચાર અને વિવેકશૂન્ય સાંસ્કૃતિક મનોદશાને ઉપદેશે એ છે. એ વસ્તુ, જીવંત પરંપરામાં જેનાં મૂળ છે તે આમજનતા અને જેઓ પોતાનાં મૂળ ખોઈ બેઠા છે એવા બુદ્ધિજીવીઓના વર્ગ વચ્ચેનું અંતર વળી વધારે પહોળું થવામાં પરિણામે એવો પૂરો સંભવ છે !'

ગીતા કહે છે તેમ (અધ્યાય ૨-૪૧.....) ભોગૈશ્વર્યની ઉપાસના ભૌતિકવાદ છે; એ અસુરોનો માર્ગ છે એમ બીજા એક અધ્યાયમાં વર્ણવવામાં આવ્યું છે.

હિંદ, ગીતાએ વર્ણવેલા આ જીવનમાર્ગનો ત્યાગ કરે છે, કારણ કે, એ ખરેખર ભૌતિકવાદ છે. વિજ્ઞાનની મદદથી શક્ય-સરંજામની હરીફાઇની કક્ષાએ ઊતરી જતી પશ્ચિમની ભોગૈશ્વર્યાસક્તિ તથા ઉત્તરોત્તર ઊંચા ને ઊંચા જીવનધોરણ માટેની દોડ દ્વારા વ્યક્ત થતી સુખસગવડ અને વૈભવવિલાસથી ભરેલા જીવન માટેની ઘેલછા, એટલે કે, ભોગાસક્તિ એ બંને મળીને એ પ્રકારનો ભૌતિકવાદ બને છે. તેણે આધુનિક પશ્ચિમની દુનિયાનો કબજો કરી લીધો છે. એમાં મળેલી સફળતાએ તેને ઉદ્ધત પણ બનાવી છે. અને તેની શિક્ષા પણ ગીતાના કહેવા પ્રમાણે समाधौ न विधीयते. એટલે કે, એમાંથી શાંતિ અને સમાધાન મળતાં નથી એ છે. એ મેળવવાને માટે તો ઉપરની વસ્તુઓનો ત્યાગ કરવો જોઇએ અને વિધાયક શાન્તિ માટે કાર્ય કરવું જોઇએ. હિંદ એવી હિમાયત કરે છે અને પશ્ચિમના ભૌતિકવાદી દેશો આજે અનુસરી રહ્યા છે તે શાન્તિ માટેની અર્થવ્યવસ્થા નથી, પણ સર્વોદયનો વિચાર જેની હિમાયત કરે છે તે સાદું જીવન અને ઉચ્ચ પંક્તિના ચિંતનના આદર્શવાળી કૃષિઔદ્યોગિક વિકેન્દ્રિત અર્થવ્યવસ્થા, શાન્તિ માટેની અર્થવ્યવસ્થા છે. જીવનનાં પૂર્વનાં અને પશ્ચિમનાં મૂલ્યો વચ્ચે રહેલો આ મહત્ત્વનો તફાવત ગાંધીજી નીચેના યાદગાર શબ્દોમાં રજુ કરે છે:

"યુરોપનો સુધારો યુરોપિયનો માટે જરૂર અનુકૂળ છે, પણ જો આપણે એની નકલ કરવા જઇશું તો તેમાં હિંદુસ્તાનની પાયમાલી થશે. આમ કહેવાનો અર્થ એ નથી કે આપણે એમાં જે સારું અને ગ્રાહ્ય હોય તેનું ગ્રહણ ન કરવું, તેમ એનો અર્થ એ પણ નથી કે એમાં જે ખરાબ વસ્તુ ઘૂસી ગઈ હશે તે યુરોપિયનોને પણ નહીં છોડવી પડે. શારીરિક ભોગોની અવિરત શોધ અને તેનો વધારો એ એવી એક ખરાબ વસ્તુ છે; અને હું હિંમતભેર કહું છું કે જે ભોગોના તેઓ ગુલામ બની રહ્યા છે તેના વજન તળે દબાઇને તેમને પાયમાલ થવું ન હોય તો તેમને પોતાને પણ તેમની જીવનદૃષ્ટિને નવું રૂપ આપવું પડશે. મારો અભિપ્રાય ખોટો હોય એમ બને, પણ એટલું તો હું જાણું છું કે હિંદને માટે સુવર્ણમૃગ પાછળ દોડવું એ અચૂક મોત વહોરવા બરોબર છે. 'સાદી રહેણી અને ઊંચા વિચાર' એ એક પશ્ચિમના ફિલસૂફનું સૂત્ર આપણે આપણાં હૃદય પર કોતરી રાખીએ. આજે એટલું તો ચોક્કસ છે કે કરોડોને ઊંચી રહેણી મળવી અસંભવિત છે, અને આપણે મૂઠીભર માણસો—જેઓ આમવર્ગને માટે વિચાર કરવાનો દાવો કરીએ છીએ તેઓ—ઊંચી રહેણીની મિથ્યા શોધમાં ઊંચા વિચારને ખોઈ બેસવાનું જોખમ ખેડી રહ્યા છીએ. (નવજીવન, ૩-૫-૩૧)

ભગનભાઈ દેસાઈ

'પરિણીત પ્રેમ'

(ડો. મેરી સ્ટોપ્સે લખેલા Married Love નામના સુપ્રસિધ્ધ અંગ્રેજી પુસ્તકનો 'પરિણીત પ્રેમ' એ નામથી શ્રી યશવન્ત દોશીએ અનુવાદ કર્યો છે અને મમતા પ્રકાશન ગૃહ, નવા ડીસા, બનાસકાંઠા તરફથી પ્રગટ કરવામાં આવેલ છે. તેની કીંમત રૂ. ૨-૮-૦ છે. એ અનુવાદનું અવલોકન કરતાં જાણે કે પરિણીત પ્રેમના વિષય ઉપર શ્રી. તારાબહેન શાહે એક સ્વતંત્ર લેખ લખી નાંખ્યો છે. જે પ્રબુધ્ધ જીવનના વાચકો માટે ઠીક ઠીક આકર્ષક નીવડશે એવી આશા છે. ત'ંત્રી)

'પરિણીત પ્રેમ' એ પુસ્તક પ્રખ્યાત અંગ્રેજી લેખિકા ડો. મેરી સી. સ્ટોપ્સના પુસ્તક 'Married Love' નું ગુજરાતીમાં ભાષાંતર છે. ડો. સ્ટોપ્સે જાતીયજીવનના અનેક પ્રશ્નોની વૈજ્ઞાનિક ઢબે વિશદ અને મૂળગામી વિચારણા કરી છે અને આ ક્ષેત્રે એમનાં મંતવ્યો ખૂબ જ પ્રમાણભૂત ગણાવ્યા છે. 'Married Love' પહેલીવાર ૧૯૧૮ માં પ્રસિદ્ધ થયું તે વખતે એમણે દર્શાવેલા વિચારો જેટલા સ્વીકાર્ય બન્યા હતા તેટલા હજુ આજે પણ સ્વીકાર્ય છે એ બાબત લેખિકાની દીર્ઘદૃષ્ટિ અને ઊંડી સૂઝની પ્રતીતિ કરાવે છે. એ ઉપરાંત આ પુસ્તકની અંગ્રેજીમાં ૨૬ આવૃત્તિઓ થઇ છે. દુનિયાની મુખ્ય મુખ્ય ૧૬ ભાષાઓમાં એના ભાષાન્તરો થયા છે, અને કુલ એની ૧૦ લાખ નકલો વેચાઇ છે. આ હકીકત જ પુસ્તકની ઉપયોગિતા અને લોકપ્રિયતા દર્શાવી આપે છે.

શ્રી યશવંત દોશીએ આવાં અત્યંત ઉપયોગી પુસ્તકનો બહુ સરળ અને લોકભોગ્ય ભાષામાં અનુવાદ કરી આપણાં આ પ્રકારનાં અલ્પધન સાહિત્યમાં કિંમતી ઉમેરો કર્યો છે. લગ્નજીવનને, આદર્શ દામ્પત્યને તો આપણા સાહિત્યકારોએ ખૂબ સુંદર રીતે આલેખ્યું છે. પરંતુ એ સાહિત્યમાં માનસિક પ્રેમ અને શારીરિકપ્રેમનાં સંબંધનો વિચાર બહુ ઓછા પ્રમાણમાં થયો છે. જીવન, માત્ર માનસિક પ્રેમથી નથી જીવાતું. ઇશ્વરની દરેક યોજનામાં કંઇક ને કંઇક ગૂઢ અર્થ તો

છૂપાયેલો જ છે. તેથી લગ્નજીવનમાં શારીરિક પ્રેમની ઉપેક્ષા તો આપણે ન જ કરી શકીએ. મન તો દોરવણી આપે છે પરંતુ મનના ધર્મોને, ફરજોને બજાવનાર અને પ્રેમને વ્યકત કરનાર સાધન તો શરીર છે. એ માટે શરીરના ધર્મોને અને કાર્યોને જાણવા, તેના વિશેનું આવશ્યક જ્ઞાન પ્રાપ્ત કરવું એ દરેક સંસ્કારસંપન્ન અને સુખી જીવન ગાળવા ઇચ્છનાર માનવનું પ્રથમ કર્તવ્ય છે. કમભાગ્યે, આપણે ત્યાં આવાં જ્ઞાન માટે માર્ગદર્શન કરાવતાં ઉત્તમ પુસ્તકો ગણ્યાંગાઠ્યાં જ હશે. અને આપણે ત્યાં આ બાબતમાં વૈજ્ઞાનિક રીતે સંશોધન પણ બહુ ઓછું થયું છે. જેનાં મંતવ્યો પ્રમાણભૂત ગણાય એવા નિષ્ણાત, માનસશાસ્ત્રના જ્ઞાતા અને અનુભવી ડોકટરોના હાથે લખાયેલાં પુસ્તકોની સંખ્યા વધે તો એ જરૂર સમાજની સારી સેવા બજાવી શકે.

સંસારનો આધાર સુખી, સંસ્કારસંપન્ન, સમૃદ્ધ અને સ્નેહાળ દામ્પત્ય પર છે. આપણે આપણી આસપાસ નજર નાખીએ છીએ તો વિવિધ પ્રકારના સ્વભાવવાળાં યુગલો જોવા મળે છે. કેટલીકવાર એવું પણ બને છે કે સંસ્કારી, ચારિત્ર્યશીલ, ભાવનાપરાયણ, ઉચ્ચપ્રકારનું જીવન જીવતા દંપતી જોવા મળે છે. પ્રથમ ઉપલકીયા દૃષ્ટિએ જોતાં તેનું જીવન આપણને સંતોષકારક પણ લાગે છે, પરંતુ ઊંડે ઊંડે નજર નાંખતા આપણને ખાત્રી થાય છે કે તેમનાં જીવનમાં કંઈક ખૂટે છે. કંઈક ન સમજાય તેવાં દુઃખથી તેઓ પીડાય છે. સાચું સહજીવન તેઓ જીવતાં નથી. આનાં કારણો ઉપરછલ્લી દૃષ્ટિએ જોતાં જડતાં નથી. કારણ કે આપણે આપણા સુખની ઝીણી ઝીણી હકીકતો પ્રત્યે સભાન નથી હોતા. આ દુઃખના કારણો અનેક હોઇ શકે. સંપત્તિ, સામાજિક રીતરિવાજો, સ્વભાવની કે વયની અસમાનતા વ. પરંતુ ઘણીવાર મૂળગામી રીતે જોતાં આનું કારણ જાતીયવૃત્તિ માલુમ પડે છે. અતિ કામવૃત્તિનો ઉપભોગ અને તેમાંથી જન્મતી રસહીનતા, અથવા તો બન્નેમાંથી એક અતિકામી અને બીજું તે વૃત્તિથી તદ્દન નિર્લેપ, અથવા તો પ્રતિકૂળ સંજોગોમાં અતૃપ્ત રહેલી જાતીયવૃત્તિ, અથવા તો શારીરિક કે માનસિક ખોડ-ખાંપણ કોઇ પણ એક કે એકથી અધિક કારણ હોઇ શકે એ બનવા સંભવ છે. એ ઉપરાંત આપણે નીતિ-નિયમોના બંધનો વગરસમજ્યે એવા જડ રીતે સ્વીકાર્યા છે કે સ્ત્રી આ બાબતમાં કશો વિચાર જ ન કરી શકે, અને પુરુષ પોતાની મરજી પડે તેવાં બંધનો તેના પર મૂકે. જીવનમાં આ બાબતમાં અગત્યના નિર્ણયો લેતી વખતે પણ સ્ત્રીની ઇચ્છા, સલાહસૂચન કશું જ પૂછવામાં ન આવે. અને લીધેલા નિર્ણયો તેના પર લાદવામાં આવે. કેટલાક કિસ્સામાં આથી જુદા પ્રકારનું પણ બનતું હશે, પરંતુ આવી અસમાન વર્તણૂંકનું પરિણામ તો એ જ આવે છે કે પતિપત્ની એકબીજાની વધુ નજીક આવવાને બદલે દુર જતાં જાય છે. સાચું સહજીવન જીવવાને બદલે, એકબીજાનાં પ્રેરક અને પૂરક બનવાને બદલે, ખાસ કરીને પ્રૌઢાવસ્થા અને વૃદ્ધાવસ્થામાં પરસ્પરનો આધાર બનવાને બદલે કુટુંબની અન્ય સામાન્ય વ્યકિતઓ જેવો તેમનો સંબંધ બની રહે છે. પરિણામે જીવનરસ સૂકાય છે, જીવન ઉષ્માવિહીન બની જાય છે, ચીડીયાપણું, વિરોધ અને ઉપેક્ષાભાવ કેળવાય છે. માતાપિતાના આવા જીવનની અનિષ્ટ અસર તેમનાં સંતાનો પર પણ પડે છે. આવું ન બને એ માટે વિચારશીલ દંપતીએ સાથે વિચારીને પોતાના શરીર, સંસ્કાર અને વિચારોને અનુરૂપ જીવન ઘડવું જોઇએ. યોગ્ય વયે પરસ્પરની અનુકૂળતા જોઇને-પરસ્પરની સંમતિ લઇને જાતીયવૃત્તિનું યોગ્ય રીતે દમન કરવા સાથે તેને કોઇ ઉતર ઉચ્ચ વૃત્તિમાં રૂપાંતર કરવાનો પ્રયત્ન સેવવામાં આવે તો તેમાંથી જરૂર ઇષ્ટ પરિણામ નીપજે, જો કે જાતીયવૃત્તિ એ એક જ વસ્તુ દામ્પત્યની નિશાની નથી, પરંતુ દંપતીજીવનનાં સુખ, દુઃખ અને સંતતિનો આધાર તો કેટલેક અંશે તેના પર છે જ એ નિઃસંશય છે. માટે જ આ બાબતમાં પૂરતો વિચાર કરવાની જરૂર છે. ડૉ. સ્ટોપ્સે લગ્નજીવનના જુદા જુદા કાળને અને જુદી જુદી અવસ્થાને લક્ષમાં રાખીને એને અનુરૂપ માર્ગદર્શન આપતાં પુસ્તકો લખ્યાં છે. બાળકની આશા સેવતાં દંપતી માટે Radiant Motherhood, બાળકોની અને પોતાના શરીરની યોગ્ય સંભાળ લેવાટે Wise Parenthood, સંતતિનિયમન માટે Birth Control-To-day, પ્રૌઢ ઉમ્મરનાં પતિપત્ની માટે Enduring Passion વગેરે પુસ્તકો લખ્યાં છે. 'Married Love.' એ લગ્નજીવનમાં પ્રવેશતા દંપતી માટે યોગ્ય સલાહસૂચનોથી ભરેલું પુસ્તક છે. યોગી અને તપસ્વીજનોની વાત જવા દઇએ, પરંતુ જેણે સંસારી જીવન સ્વીકાર્યું છે એવી વ્યકિતઓ જો શારીરિક રચના અને જાતીયવૃત્તિનું જ્ઞાન મેળવે તો ઘણે અંશે જીવન સુખદાયી નીવડે. આપણા દુઃખનું મૂળ અજ્ઞાન છે અને પરિણામે અનેક દંપતીઓ શારીરિક અને માનસિક રીતે પરસ્પર યોગ્ય હોવા છતાં દુઃખી બને છે. ચારિત્ર્યશીલ જીવન ગાળવા ઇચ્છતા પુરુષો પણ હલકી સ્ત્રીઓ તરફ દોરવાય છે. દામ્પત્યને સુખી બનાવવું એ સહેલી વાત નથી. જીવનનાં અન્ય ક્ષેત્રોની જેમ દામ્પત્ય પણ અવિરત સાધના માગી લે છે. સંસારી માણસો માટે આ એક નક્કર સત્ય છે કે જેનું લગ્ન-જીવન સુખી એનું સમગ્ર જીવન સર્વવાતે સુખી હોય છે. સુખી લગ્ન-જીવન ગાળનાર દંપતી ઉત્સાહપૂર્વક જીવનની અન્ય પ્રવૃત્તિઓમાં રસ લઇ શકે છે, અને એ દ્વારા પોતાના અને અન્યના જીવનને પણ સુખી બનાવી શકે છે, પરંતુ જો સહુ પ્રથમ પોતાના દામ્પત્યજીવનને નિષ્કંટક બનાવે તો જ. જીવનના બીજા અનેક પ્રશ્નોની સાથે સાથે જાતીયજીવનના જટિલ પ્રશ્નોના વૈજ્ઞાનિક સંશોધનની ખૂબ જ આવશ્યકતા છે. આ કામ એ વિષયના અધિકારી અને નિષ્ણાતના હાથે બને તો જ એ મહત્ત્વનું કહી શકાય. જો અધિકારીના હાથે આ કાર્ય ન બને તો બીનઅધિકારીના હાથે લખાયેલાં પુસ્તકો તો વાંચકમાં હલકી કામવાસના જગાડી સમાજની કુસેવા જ કરે.

આરોગ્ય જાળવીને આશા અને શ્રદ્ધા સહિત લગ્નજીવન ગાળવા ઇચ્છનાર વ્યકિતને 'પરિણીતપ્રેમ' ખૂબ જ સુંદર અને યોગ્ય માર્ગદર્શન આપે છે. આ નાનકડા પુસ્તકમાં જાતીયજીવનના બધાં જ પ્રશ્નોનો સમાવેશ તો ન જ થઇ શકે, છતાં પણ લેખિકાએ સ્ત્રીપુરુષના હૃદયની પ્રણયવાંછના, અને જાતીયવૃત્તિ, એ વાંછના યોગ્ય રીતે પૂરી ન થતાં તેમાંથી જન્મતો ભગ્ન આનંદ, સ્ત્રીની પુરુષથી શરમાળ એવી ભિન્ન પ્રકૃતિ, સ્ત્રી અને પુરુષની પરસ્પર અનુકૂળતા, સ્ત્રીની લજ્જા અને તેમાંથી જન્મતી અનિષ્ટતા, લજ્જાને ઓળંગીને જન્મતો પ્રણયોલ્લાસ, યોગ્ય ઉમ્મરે અથવા યોગ્ય ઉમ્મર ન હોય તો પણ માનસિક રીતે યોગ્યતા મેળવતાં મૈથુનત્યાગ, સંતતિ, સમાજ અને તેની ઉન્નતિમાં લગ્નજીવનનો ફાળો અને છેવટે લગ્ન દ્વારા સધાતું બે આત્માનું અદ્વૈત અને તેમાંથી જન્મતું ભવ્યદર્શન વગેરે અનેક નાની મોટી બાબતો ખૂબ સરળ રીતે અને ઝીણવટપૂર્વક યોગ્ય દૃષ્ટાંતો આપીને ચર્ચી છે. જીવનને વધુ સુંદર બનાવવા માટે તેમણે કેટલીક મૌલિક વિચારણા કરી છે તો કેટલાંકના અભિપ્રાયોને નવેસરથી તપાસ્યા છે. વિશાળ વાંચન, મનન, વિવિધ વ્યકિતઓનો સંપર્ક આ ઉપરાંત જાત-અનુભવ પરથી તારવીને કેટલાંક વિધાનો ડૉ. સ્ટોપ્સે કર્યાં છે. તેથી તેમની વિચારણામાં વિશાળતા, ઊંડાણ અને સહાનુભૂતિની પ્રતીતિ થાય છે.

આ પુસ્તકની વિશિષ્ટતા એ છે કે એ એક સ્ત્રીના હાથે લખાયેલું છે. તેમણે સ્ત્રીહૃદય, સ્ત્રીનું શરીર, તેની આંટીઘૂંટીઓ, વિશિષ્ટતાઓ અને મુશ્કેલીઓ વ. પર સાચો પ્રકાશ પાડયો છે. તેમણે કરેલા વૈજ્ઞાનિક સંશોધન સાથે તેમનામાં વિશાળ જનકલ્યાણની લાગણી પણ ભળી છે. વિશેષતઃ જાતીયવૃત્તિને તેમણે અનાવશ્યક નથી ગણાવી, પરંતું તેની યોગ્ય જરૂરિયાત અને નિયમન બતાવીને તેને ઉચ્ચ ભૂમિકાએ મૂકી છે. તેઓ માને છે કે શારીરિક ઐકય આત્માના ઐકયને પોષે છે.

તેઓ લખે છે એ પ્રમાણે જાતીય જીવનના આઘાતપ્રત્યાઘાતો ભિન્ન ભિન્ન પ્રકૃતિવાળી વ્યકિતઓ માટે એટલા જટિલ હોય છે કે એ વિશે કોઇ અફર નિયમો ન કરી શકાય. તેથી દરેક યુગલે લગ્ન પહેલાં અને લગ્ન પછી પણ પોતાનાં જીવનનો સમગ્રપણે વિચાર કરવો જોઇએ. અને અન્યોન્યને હિતકારક અને સુખવર્ધક રસ્તો શોધવો જોઇએ. એ માટે માર્ગદર્શન મેળવવા ઇચ્છતા દંપતી માટે આ પુસ્તક જરૂર ઉપયોગી થશે એ નિઃસંશય છે. **તારા શાહ**

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મસ્જીદ બંદર રોડ, મુંબઈ ૯. ટે. નં. ૩૪૬૨૫

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

પ્ર. જૈન વર્ષ ૧૪–પ્ર. જીવન વર્ષ ૩
અંક ૨૧

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, માર્ચ ૧, ૧૯૫૬, ગુરૂવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : ત્રણ આના

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો વાર્ષિક વૃત્તાન્ત

વિ. સં. ૨૦૧૧

વિ. સં. ૨૦૧૦ ના અન્ત ભાગમાં ઉજવાયેલ સંઘના રજત મહોત્સવનાં મીઠાં સ્મરણો સાથે શ્રી મુંબઇ જૈન યુવક સંઘે ૨૭ મા વર્ષમાં પ્રવેશ કર્યો હતો. પ્રસ્તુત ગત વર્ષ દરમિયાન ચાલુ પ્રવૃત્તિઓના સંચાલન ઉપરાંત બે વિશિષ્ટ પ્રવૃત્તિઓ સંઘે હાથ ધરી હતી. (૧) જૈન મંદિરોમાં હરિજન પ્રવેશની હીલચાલ. (૨) મુંબઈ વિધાન પરિષદમાં રજુ કરવામાં આવેલ બાલ સંન્યાસ દીક્ષા પ્રતિબંધક બીલનું સમર્થન.

જૈનો અને હરિજન મંદિર પ્રવેશ

સંઘે શરૂ કરેલું આન્દોલન

વર્ષના પ્રારંભમાં જ તા. ૧૩–૧૨–૫૪ ના રોજ મળેલી સંઘની કાર્યવાહક સમિતિએ જૈન મંદિરોના અનુસંધાનમાં હરિજન પ્રવેશનો પ્રશ્ન હાથ ધરવાનો નિર્ણય જાહેર કર્યો હતો અને તેને લગતું આન્દોલન સંઘની કાર્યવાહીએ ઉપાડયું હતું. શરૂઆતમાં આ પ્રશ્નને લગતું એક વિજ્ઞપ્તિપત્ર છપાવીને મુંબઈ તેમજ અન્ય સ્થળોનાં જૈન મંદિરોના ટ્રસ્ટીઓ ઉપર રવાના કરવામાં આવ્યું હતું. અને પ્રબુધ્ધ જીવનદ્વારા તેને લગતું પ્રચારકાર્ય જોસભેર શરૂ કરવામાં આવ્યું હતું. આ આન્દોલનના પ્રારંભિક પ્રત્યુત્તરરૂપે માંટુગામાં આવેલ સહસ્ત્રફણા પાર્શ્વનાથ જૈન મંદિરના મેનેજીંગ ટ્રસ્ટી તરફથી તેમની હસ્તકનું મંદિર જાન્યુઆરી માસના અન્ત ભાગમાં હરિજનો માટે ખુલ્લું મુકાયલું જાહેર કરવામાં આવ્યું હતું.

શેઠ આણંદજી કલ્યાણજીની જાહેરાત

ત્યાર બાદ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખ શેઠ કસ્તુરભાઈ લાલભાઈ તા. ૯–૨–૫૫ ના રોજ સંઘના કાર્યાલયમાં આવેલા ત્યારે પેઢી હસ્તકનાં તીર્થસ્થાનો હરિજન સમેત દર્શનાર્થે આવતા સૌ કોઇ માટે ખુલ્લાં જાહેર કરવાની સંઘના મંત્રી શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા તરફથી વિનંતિ કરવામાં આવી અને તેના જવાબમાં પેઢીના પ્રતિનિધિઓ સાથે આ સંબંધે ચર્ચા અને વાટાઘાટો ચાલી રહી છે એમ શેઠ કસ્તુરભાઇએ જાહેર કર્યું હતું, એટલું જ નહિ પણ જૈન મંદિરોમાં દર્શનાર્થે આવતા કોઇને પણ અટકાવવા ન જોઇએ એવો અભિપ્રાય તે પ્રસંગે તેમણે વ્યકત કર્યો હતો, તદનુસાર તા. ૨૬–૩–૫૫ ના રોજ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના વહીવટદાર પ્રતિનિધિઓની મળેલી સભાએ શત્રુંજયમાં જૈન આચારને અનુસરીને દર્શનાર્થે જનાર કોઇને રોકવા નહિ એ મતલબની જાહેરાત કરી હતી. એ રીતે મુંબઇના કચ્છી વીશા ઓશવાળ દેરાવાસી મહાજને પણ પોતાની હસ્તકનાં જૈન મંદિરોને દર્શનાર્થે સૌ કોઈ માટે ખુલ્લાં જાહેર કર્યા હતા.

શ્રી એસ્. કે. પાટિલના પ્રમુખપણા નીચે જૈનોની જાહેરસભા

પ્રસ્તુત પ્રશ્નના અનુસંધાનમાં તા. ૨૮–૫–૫૫ ના રોજ મુંબઇ પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી એસ્. કે. પાટીલના પ્રમુખપણા નીચે મુંબઇ ખાતે હરિજનોના જૈનોની એક જાહેર સભા બોલાવવામાં આવી હતી અને એ સભાએ હરિજનોના શત્રુંજય મંદિર પ્રવેશ અંગે હિંમતભરી જાહેરાત કરવા માટે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને તથા તેના પ્રમુખ શેઠ કસ્તુરભાઇ લાલભાઇને ધન્યવાદ આપતો ઠરાવ સર્વાનુમતે પસાર કર્યો હતો અને અન્ય જૈન તીર્થો તથા મંદિરોના વહીવટદારો અને ટ્રસ્ટીઓને શેઠ આણંદજી કલ્યાણજીના પગલે ચાલવા અને જૈન સમાજને પોતાના સામાજિક જીવનમાંથી અસ્પૃશ્યતાને સદાને માટે રૂખસદ આપવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

આ પ્રશ્ન ઉપર નવા જુના વિચારનો સંઘર્ષ

આ પ્રશ્ન ઉપર જૈન સમાજના મૂર્તિપૂજક સમુદાયમાં મોટો સંઘર્ષ પેદા થયો હતો. કલકત્તા ખાતે શ્રી વિજયરામચંદ્ર સૂરિએ આ બાબતમાં શેઠ કસ્તુરભાઈ અને આણંદજી કલ્યાણજીની પેઢી સામે મોટી ઝુંબેશ ઉપાડી હતી. દિગંબર સમાજના સ્થિતિચુસ્ત વર્ગે પણ હરિજન મંદિર પ્રવેશ સામે તીવ્ર વિરોધ દાખવ્યો હતો. આમ છતાં પણ આખરે ભારત સરકારે બે માસના અન્તભાગમાં અસ્પૃશ્યતા અપરાધ ધારો પાર્લામેન્ટમાં પસાર કરાવ્યો હતો, જેના પરિણામે હવે કોઈ પણ જૈન મંદિરમાં દર્શનાર્થે આવતા હરિજનોને અટકાવવા એ ગુન્હાહિત કાર્ય બન્યું છે અને એ રીતે આ પ્રશ્નનો કાયદા પૂરતો કાયમને માટે ઉકેલ આવ્યો છે. જૈન સમાજ પૂરતી અપૃશ્યતા વિરોધી આ શુભ પરિસ્થિતિ નિષ્પન્નવવાની દિશાએ સંઘે ગત વર્ષ દરમિયાન આ રીતે સંગીન ફાળો નોંધાવ્યો હતો.

બાલસંન્યાસદીક્ષા પ્રતિબંધક બીલ

બાલદીક્ષા–અટકાયતનો વર્ષોજુનો પ્રશ્ન

હરિજન મંદિર પ્રવેશને લગતા પ્રચારકાર્યનો આ રીતે અન્ત આવ્યો, ન આવ્યો, એટલામાં મુંબઈની વિધાનપરિષદ ઉપર શ્રી. પ્રભુદાસ બાલુભાઈ પટવારી તરફથી તા. ૧૯–૧–૫૫ ના રોજ મોકલવામાં આવેલ બાલસંન્યાસદીક્ષા પ્રતિબંધક બીલની પ્રાથમિક રજુઆતનો દિવસ નજીક આવવા લાગ્યો અને તે બીલના પ્રચાર પાછળ સંઘની સર્વ શકિતઓ કેન્દ્રિત કરવામાં આવી.

આજથી લગભગ ૩૦ વર્ષ પહેલાં મુંબઇ ગુજરાત તથા સૌરાષ્ટ્રમાં શરૂ થયેલ બાલદીક્ષા સામેના પ્રચંડ આન્દોલનને વેગ આપવાના હેતુથી શ્રી મુંબઈ જૈન યુવક સંઘની સ્થાપના કરવામાં આવી હતી. અને સંઘે એ દિવસોમાં આ પ્રશ્ન ઉપર ઉગ્ર લડત ચલાવીને જૈન સમાજને બાલદીક્ષાના અનિષ્ટ સંબંધે જાગૃત કર્યો હતો અને તેના પરિણામરૂપ વડોદરા સરકારે બાલદીક્ષા અટકાયતી ધારો અમલમાં મૂકયો હતો. એજ મતલબનું બીલ શ્રી. પ્રભુદાસ પટવારીએ મુંબઇની વિધાન પરિષદમાં રજુ કર્યું છે.

બાલદીક્ષા એ ભારતભરમાં વ્યાપી રહેલું એક જીગજીનું અનિષ્ટ છે અને તે અનિષ્ટ સૌથી વધારે જૈન સમાજમાં ફેલાયલું છે. જૈન ધર્મને ટકાવી રાખવા ખાતર યેન કેન પ્રકારેણ સાધુસંખ્યા વધારવી જોઇએ એવો આગ્રહ જૈન સમાજના માનસમાં કંઇ કાળથી ઘર કરી

રહેલો છે અને સાધુઓની શિષ્યો મેળવવાની તેમજ વધારવાની લાલસા આ આગ્રહને સતત પોષતી રહી છે. આ હેતુ માટે અનેક બાળકોના ભોળપણનો લાભ લેવામાં આવે છે અને તેમને મોટી સંખ્યામાં દીક્ષિત બનાવવામાં આવે છે. ઘણી વખત આ હેતુસર તેમને ભગાડવામાં આવે છે અને જવાબદાર વાલીઓ કે માબાપથી ખાનગી રીતે દીક્ષા આપવામાં આવે છે.

શ્રી. પ્રભુદાસ પટવારીને હાર્દિક અભિનંદન

આ અનિષ્ટ નાબુદ કરવાના હેતુથી લાવવામાં આવેલ પ્રસ્તુત બીલ સામે જૈન સમાજનો સ્થિતિચુસ્ત વર્ગ–ખાસ કરીને શ્વેતાંબર મૂર્તિપૂજક તથા તેરાપંથી સમુદાય–ભારે ખળભળી ઉઠ્યો છે અને જાણે કે ધર્મ જોખમમાં આવી પડ્યો હોય, સાધુ સંસ્થા ડૂબવા બેઠી હોય એવી રીતે ભોળી જનતાને ભડકાવી રહેલ છે. આ સમુદાય તરફથી બીલ પાછું ખેંચી લેવા માટે શ્રી. પ્રભુદાસ પટવારી ઉપર પાર વિનાનું દબાણ લાવવામાં આવ્યું છે. આમ છતાં પણ તેઓ પ્રસ્તુત પ્રશ્નના સામાજિક મહત્વને ધ્યાનમાં લઇને પોતાના બીલને મક્કમપણે વળગી રહ્યા છે તે માટે તેમને હાર્દિક અભિનંદન ઘટે છે. આ બીલના સમર્થનમાં શક્ય તેટલો પ્રચાર કરવાની જવાબદારી શ્રી મુંબઇ જૈન યુવક સંઘે સ્વીકારી છે અને તે પાછળ સંઘે પોતાની સર્વ શક્તિ છેલ્લા આઠ માસથી ખરચી રહેલ છે.

જૈનોની જાહેર સભાએ કરેલું બીલનું સમર્થન

આ બીલને ટેકો આપવા માટે તા. ૨૭–૮–૫૫ ની રોજ હીરાબાગ ખાતે જૈનોની એક જાહેરસભા શ્રી. ખીમજી માડણ ભુજપુરીઆના પ્રમુખપણા નીચે બોલાવવામાં આવી હતી અને તેની અંદર નીચે મુજબનો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો:–

"બાલદીક્ષાની કાયદેસર અટકાયત કરવા માંગતા શ્રી. પ્રભુદાસ બાલુભાઇ પટવારીના બીલને ટેકો આપવા માટે મળેલી જૈનોની આ સભા જાહેર કરે છે કે કંઇ કાળથી ચાલી આવતા બાલદીક્ષાના આ સામાજિક અનિષ્ટને સદન્તર નાબુદ કરવા માટે માત્ર મુંબઇ પ્રદેશમાં નહિ પણ ભારતભરમાં આવો કાયદો થવાની ખાસ જરૂર છે અને આ સભા વિશેષમાં જાહેર કરે છે કે નાનાં અણસમજુ બાળકોને આવા અત્યન્ત કઠણ અને ગંભીર જવાબદારી ભરેલા આજીવન દીક્ષાવ્રતથી બાંધી લેવાનો કોઇ સાધુને તેમ જ તેમ કરવા દેવાનો કોઈ માબાપ કે તેના વાલીને તથા કોઈ પણ જૈન સંઘને હક્ક નથી અને દીક્ષા કોને આપવી અને કોને ન આપવી તે વિષય એક પ્રકારના સામાજિક નિયમનને કાયદાનું રૂપ આપવાથી કોઈ ધાર્મિક બાબતમાં હસ્તક્ષેપ થતો નથી એમ આ સભા માને છે."

સંઘે કરેલું પ્રચારકાર્ય

આ ઠરાવને અનુસરીને પ્રબુધ્ધ જીવન તેમજ અન્ય સામાયિકોમાં સંઘ તરફથી પ્રસ્તુત બીલનું અનુમોદન કરતા અનેક લેખો અને ચર્ચાપત્રો પ્રગટ કરવામાં આવ્યા છે તેમ જ વહેંચવામાં આવ્યા છે. તા. ૯–૯–૫૫ ના રોજ મુંબઇની વિધાન પરિષદમાં આ બીલ પ્રથમ વાંચન માટે રજુ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિધાન પરિષદના સભ્યોને બાલદીક્ષાના પ્રશ્ન સંબંધે જરૂરી જાણ કરવા માટે સંઘ તરફથી શ્રી. પરમાનંદ કુંવરજી કાપડિયા અને શ્રી. ટી. જી. શાહને મોકલવામાં આવ્યા હતા. અને તેમણે અનેક ધારાસભ્યોનો સંપર્ક સાધ્યો હતો. વિધાન પરિષદમાં મુંબઇના મુખ્ય સચિવ શ્રી. મોરારજી દેસાઇએ પ્રસ્તુત પ્રશ્ન સંબંધે પોતાની અનિશ્ચિત મનોદશા જાહેર કરી હતી. પણ એક કે બે અપવાદ સિવાય કોંગ્રેસી તેમજ બીનકોંગ્રેસી અનેક સભ્યોએ આ બીલનું અનેક બાજુએથી જોરદાર સમર્થન કર્યું હતું. અને આ બીલ પ્રથમ વાંચનમાંથી ઘણી મોટી બહુમતી વડે પસાર થયું હતું અને જાહેર અભિપ્રાય એકત્ર કરવા માટે આ બીલને જનતા સમક્ષ રજુ કરવાનું ઠરાવવામાં આવ્યું હતું. આ દરમિયાન જૈન સમાજમાં બીલવિરોધી હીલચાલ પણ ખૂબ જોસ પકડતી ગઈ હતી અને જૈન તેમજ જૈનેતર વ્યક્તિઓ તેમ જ વર્ગોને બીલવિરોધ તરફ વાળવાના પ્રયત્નો શરૂ થયો હતો. એક બાજુએ સંઘદ્વારા બીલને ટેકો આપતી સહીઓ માત્ર જૈન સમાજ પૂરતી જ એકઠી કરવાનું કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. બીજી બાજુએ પ્રતિપક્ષે પણ બીલવિરોધી સહીઓ મેળવવાના જંગી પ્રયત્ન શરૂ કર્યા હતા. મુંબઇમાં સ્થિતિચુસ્ત જૈનોની એક વગદાર સમિતિ ઉભી કરવામાં આવી હતી અને બીલ–વિરોધી પ્રચારકાર્ય પાછળ એ સમિતિએ હજારો રૂપિયાનું પાણી કર્યું હતું. સંઘે પોતાની મર્યાદિત પરિસ્થિતિમાં શક્ય તેટલું પ્રચારકાર્ય કર્યું છે, સામાન્ય જનતામાં બીલને અનુકુળ આબોહવા પેદા કરી છે અને જૈન સમાજમાંથી બહુ મોટી સંખ્યામાં બીલઅનુમોદક સહીઓ એકઠી કરીને વિધાન પરિષદના મંત્રી તરફ મોકલી આપેલી છે. એ જ રીતે સંઘ તરફથી આ પ્રશ્નના અંગમાં એક જવાબદાર નિવેદન પણ જવાબદાર અધિકારી ઉપર રવાના કરવામાં આવ્યું છે. સ્થાનકવાસી કોન્ફરન્સે પણ આ બીલને ટેકો આપ્યો છે. પંડિત સુખલાલજી અને પંડિત બેચરદાસ જીવરાજ દોશીના સંયુકત નિવેદને પ્રસ્તુત બીલનું બળવાન સમર્થન કર્યું છે. અનેક સામાજિક સંસ્થાઓએ આ બીલને હાર્દિક આવકાર આપ્યો છે. આગામી માર્ચ માસના પ્રારંભમાં આ બીલ મુંબઇની વિધાન પરિષદ સમક્ષ દ્વિતીય વાંચન માટે રજુ થવા સંભવ છે. મુંબઇ પ્રદેશના મુખ્ય સચિવ શ્રી. મોરારજીભાઇના અનિશ્ચિત વલણના કારણે આ બીલના પરિણામ વિષે આપણે કશું પણ નિશ્ચિત–પણે કહેવાની સ્થિતિમાં નથી. એમ છતાં સંઘના વ્યાપક પ્રચારકાર્યના પરિણામે બાલદીક્ષાના અનિષ્ટ વિષે અને તેની નાબુદીની આવશ્યકતા વિષે માત્ર મુંબઇ પ્રદેશની જ નહિ પણ સમગ્ર ભારતની પ્રજા આજે સારી રીતે સભાન બની છે, જાગૃત થઈ છે એમ કહેવામાં લેશ માત્ર અત્યુક્તિ નથી.

શ્રી ભંવરમલ સીંધીને ધન્યવાદ

આ પ્રશ્ન ઉપર સમાન્તર વિચારશ્રેણી ધરાવતા કલકત્તાના તરૂણ સંઘે પણ કલકત્તા બાજુ બીલના સંબંધમાં સ્તુત્ય પ્રચારકાર્ય કર્યું છે. કલકત્તા ખાતે પ્રસ્તુત બીલનું સમર્થન કરવા માટે તરૂણ સંઘ તરફથી બેંગોલ પ્રદેશ કોંગ્રેસ સમિતિના મુખ્ય મંત્રી શ્રી વિજયસિંહ નહારના પ્રમુખપણા નીચે તા. ૫–૧૧–૫૫ ના રોજ જૈનોની એક જાહેર સભા બોલાવવામાં આવેલી; અને 'તરૂણ'ના સંપાદક શ્રી ભંવરમલ સીંધી તરફથી બીલને ટેકો આપતો ઠરાવ રજુ કરવામાં આવેલો. આ ઠરાવ ઉપર શ્રી ભંવરમલ સીંધીનું વિવેચન પુરું થયું, ન થયું, એટલામાં એ સમયે કલકત્તા ખાતે બીરાજતા શ્રી વિજયરામચંદ્રસૂરિની પ્રેરણાથી સભા તોડવાના આશયથી આવી ચડેલા કેટલાક ધર્મઝનુની જૈનોના હાથે ભંવરમલ સીંધી મરણતોલ મારના ભોગ થઇ પડેલા એ શરમજનક ઘટનાની અહિં નોંધ લેવી ઘટે છે. શ્રી ભંવરમલ સીંધી તેમની નીડરતા, તેમણે ભોગવેલી યાતના અને તેમની સિધ્ધાન્તનિષ્ઠા માટે આપણા સર્વ તરફથી હાર્દિક ધન્યવાદના અધિકારી બને છે.

વર્ષ દરમિયાન યોજાયલાં સંસ્કારસંમેલનો

(૧) બહેન ગીતા પરીખનું કાવ્યગાન

તા. ૨૬–૧–૫૫ ના રોજ બહેન ગીતા પરીખે સંઘના ઉપક્રમે યોજાયલી સભામાં પોતાનાં કેટલાંક મુકતકો તથા કાવ્યો સંભળાવ્યા હતા અને પોતે રચેલાં કેટલાંક ગીતો ગાયાં હતાં અને શ્રોતામંડળીનું મનોરંજન કર્યું હતું. આ પ્રસંગે શ્રી કરસનદાસ માણેકે પ્રમુખસ્થાનેથી બહેન ગીતાનું અભિનન્દન કર્યું હતું અને કેટલુંક માર્ગદર્શન આપ્યું હતું.

(૨) શેઠ કસ્તુરભાઈ લાલભાઈનું સન્માન

તા. ૯–૨–૫૫ ના રોજ મુંબઈ જૈન યુવક સંઘના કાર્યાલયમાં સંઘના નિમંત્રણને માન આપીને શેઠ કસ્તુરભાઇ લાલભાઈ પધાર્યા હતા અને જૈન સમાજની એકતા, જૈનો અને હરિજન મંદિર પ્રવેશ, દેવ-દ્રવ્યનો સામાજિક ઉપયોગ આદિ પ્રશ્નો ઉપર તેમણે પોતાના વિચારો રજુ કર્યા હતા અને તેને લગતી ચર્ચામાં શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ, શ્રી શાન્તિલાલ હ. શાહ (મુંબઇના મજુર પ્રધાન), શ્રી રતિલાલ ચીમનલાલ ઝાઝારી વગેરે સભ્યોએ ભાગ લીધો હતો અને શેઠ કસ્તુરભાઇનું બહુ ભાવપૂર્વક સન્માન કરવામાં આવ્યું હતું.

(૩) બે જૈન સાહિત્યકારોનું સન્માન

તા. ૧૧-૨-૫૫ રોજ મુંબઇના અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ તરફથી જેમને 'ચક્રવર્તી ભરતદેવ' અને 'પ્રતિક્રમણ પ્રતિબોધ' એમ અનુક્રમે પ્રત્યેકની વિશિષ્ટ સાહિત્યકૃતિ માટે સુવર્ણચંદ્રક મળ્યા હતા તે શ્રી બાલાભાઇ વીરચંદ દેસાઇ (જયભિખ્ખુ) અને શ્રી ધીરજલાલ ટોકરશી શાહનું શ્રી લીલાવતીબહેન દેવીદાસના પ્રમુખપણા નીચે સંઘ તરફથી સન્માન કરવામાં આવ્યું હતું અને આ પ્રસંગે અનેક મધુર વિવેચનો થયાં હતાં.

(૪) શ્રી મેઘજી પેથરાજ શાહનું સન્માન

તા. ૨૮-૫-૫૫ ના રોજ સૌરાષ્ટ્રના સુવિખ્યાત દાનેશ્વરી શેઠ મેઘજી પેથરાજ શાહનું શ્રી શ્રેયાંસપ્રસાદ જૈનના પ્રમુખપણા નીચે સંઘના કાર્યાલયમાં જાહેર સન્માન કરવામાં આવ્યું હતું અને એ પ્રસંગે શ્રી મેઘજીભાઇએ પોતાની રસપ્રદ અને સાહસપ્રધાન જીવનકથા સંભળાવી હતી અને પોતાની દાનયોજનાની ઉદ્‌ભવકથા સંભળાવીને સૌ કોઇને આદરમુગ્ધ કર્યા હતા.

(૫) બહેન વાસન્તી દેસાઈ : 'વિજ્ઞાન અને ધર્મ'

તા. ૨-૮-૫૫ ના રોજ બહેન વાસન્તી દેસાઇએ "વિજ્ઞાન અને ધર્મ" એ વિષય ઉપર ચિન્તનપ્રધાન ભાષણ આપ્યું હતું. ડૉ. કાન્તિલાલ છગનલાલ પંડ્યાએ આ સભાનું પ્રમુખસ્થાન શોભાવ્યું હતું. તેમણે તથા શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહે બહેન વાસન્તીના પ્રવચનમાં જરૂરી પુરવણી કરીને આખી ચર્ચાને ભારે રસમય બનાવી હતી.

(૬) બહેન પુકુલ જયકર : 'મારી અમેરિકાની યાત્રા'

તા. ૧-૧૦-૫૫ ના રોજ બહેન પુકુલ જયકરે પોતે તાજેતરમાં અમેરિકા જઈ આવેલા તેના અનુસંધાનમાં 'મારી અમેરિકાની યાત્રા' એ મથાળા નીચે અંગ્રેજીમાં એક અત્યન્ત માહીતીપૂર્ણ અને વિચારપ્રેરક વ્યાખ્યાન આપ્યું હતું. તેમના વ્યાખ્યાન બાદ પ્રશ્નોત્તર તેમ જ ચર્ચાએ આખા પ્રસંગને ભારે રસમય અને આલ્હાદક બનાવ્યો હતો.

(૭) શ્રી ગુરદયાળ મલીકજી : 'મારી જીવનકથા'

તા. ૧૪-૧-૫૫ ના રોજ શાન્તિનિકેતન સાથે જેમનું નામ ગાઢપણે સંકળાયલું છે તે શ્રી ગુરદયાળ મલીકજીએ સંઘના કાર્યાલયમાં પધારીને-પોતાના સત્ય, શિવ અને સૌન્દર્યની સાધનારૂપ-જીવનની કેટલીક મધુર અને રોમાંચક ઘટનાઓ સંભળાવીને એકત્ર થયેલ મંડળીને મંત્રમુગ્ધ કરી હતી.

સંસ્કાર-પર્યટણો

(૧) વૈતરણા-તાનસા પર્યટણ

વર્ષ દરમિયાન સંઘના સભ્યો માટે ત્રણ પર્યટણો યોજવામાં આવ્યાં હતાં. પહેલું વૈતરણા-તાનસા પર્યટણ, આ પર્યટણમાં આશરે ૯૦ ભાઇ બહેનો તથા બાળકો જોડાયા હતાં. પર્યટણ દરમિયાન વૈતરણાનો બંધ અને તાનસા સરોવર બન્ને વિષે પર્યટણ મંડળીને ઘણું નવું જાણવાનું મળ્યું હતું.

(૨) વજ્રેશ્વરી પર્યટણ

તા. ૬-૮-૫૫ ના રોજ સાંજના સંઘદ્વારા યોજાયલા પર્યટણમાં જોડાયલા લગભગ ૧૦૦ ભાઇબહેનોએ વજ્રેશ્વરી જવા માટે મુંબઇથી પ્રસ્થાન કર્યું હતું. ઉપર જણાવેલ વૈતરણા-તાનસા પર્યટણ પ્રસંગે તેમ જ આ વજ્રેશ્વરી પર્યટણ પ્રસંગે રસ્તામાં થાણા ખાતે સ્વી ઇન્ડસ્ટ્રીઝ વાળા શ્રી રતિલાલ ઉજમશી શાહે આપણી પર્યટણમંડળીનું બહુ પ્રેમથી ઉપાહાર વડે સ્વાગત કર્યું હતું. રાત્રે વજ્રેશ્વરીની બાજુએ આવેલા શ્રી વેલજી દેવન છેડા આરોગ્ય ભુવનમાં મંડળીએ નિવાસ કર્યો હતો. આ પર્યટણમાં શ્રી શાન્તિલાલ હ. શાહ (મુંબઇના આરોગ્યપ્રધાન) આપણી સાથે જોડાયા હતા. તદુપરાન્ત શ્રી રામનારાયણ પાઠક (જેમનું ત્યાર બાદ પખવાડીઆમાં અવસાન થયું હતું.) અને તેમનાં પત્ની શ્રી હીરા બહેન પાઠક પણ આપણી સાથે જોડાયા હતા. કાવ્ય, ગીત, ગાન, વિનોદમાં સૌએ મધરાત સુધીનો સમય સાથે મળીને પસાર કર્યો હતો. બીજે દિવસ પણ જોસબંધ વહેતા જળપ્રવાહમાં નહાવામાં, સૃષ્ટિસૌંદર્ય માણવામાં અને ખાનપાન તેમ જ વાર્તા-વિનોદમાં પસાર કર્યો હતો અને રાત્રીના નવ દશ વાગ્યે બધાં મુંબઇ સુખરૂપ પહોંચી ગયા હતાં.

(૩) વિહાર-વિહાર

તા. ૩૧-૧૦-૫૫ ના રોજ રાત્રીના વિહાર સરોવર ઉપર જવા માટે એક પર્યટણ ગોઠવાયું હતું. આ શરદપૂર્ણિમાની રાત્રી હતી. આ પર્યટણમાં લગભગ ૧૭૫ ભાઇબહેનો જોડાયાં હતાં. રાત્રીનાં ૮-૩૦ વાગ્યે પ્રયાણ શરૂ કર્યું હતું. ૧૦ વાગ્યા લગભગ પહોંચ્યા હતા. અઢી કલાક ત્યાં બધાંએ આનંદમાં પસાર કર્યા હતા. દુધપૌઆનો ઉપાહાર સૌએ આનંદથી આરોગ્યો હતો. દોઢ વાગ્યા લગભગ સૌ કોઇ મુંબઇ ખાતે પોતપોતાના નિવાસસ્થાને પાછા પહોંચી ગયા હતા.

વાર્ષિક સમૂહભોજન

તા. ૭-૧૧-૫૫ ના રોજ સાંજના સમયે મુંબઇ ખાતે ચોપાટી ઉપર આવેલા પ્રાણસુખલાલ મફતલાલ સ્વીમીંગ બાથના વિશાળ ચોગાનમાં શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી વાર્ષિક સમૂહભોજન ગોઠવામાં આવ્યું હતું. આ પ્રસંગે સૌરાષ્ટ્રના મુખ્ય પ્રધાન શ્રી રસિકલાલ પરીખ સંઘના મુખ્ય મહેમાન તરીકે પધાર્યા હતા. જૈન સમાજના આગેવાનોને તેમજ મુંબઇ શહેરના પ્રમુખ નાગરિકોને આ પ્રસંગે નિમંત્રણો આપવામાં આવ્યાં હતાં. સમૂહભોજનમાં લગભગ ૩૦૦ ભાઇ બહેનો જોડાયાં હતાં. ચોપાટીના દરિયા કીનારે વીજળીની રોશની નીચે પુરશી ટેબલના પ્રબંધપૂર્વક ગોઠવાયેલ આ ભોજન સમારંભનું દૃશ્ય ભારે આલ્હાદક રોમાંચક લાગતું હતું. ભોજન વ્યવસ્થા પણ એટલી જ સંતોષકારક હતી. પ્રારંભમાં શ્રી ભુજપુરીઆએ મુખ્ય મહેમાન શ્રી રસિકલાલ પરીખ તેમજ અન્ય નિમંત્રિત ભાઇ બહેનોને આવકાર આપ્યો હતો. શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ તથા શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહે પ્રસંગોચિત વિવેચનો કર્યા હતા. શ્રી રસિકલાલ પરીખે પ્રત્યુત્તર આપતાં રાજ્યપુનર્ઘટના પંચનો અહેવાલ અને તે સંબંધમાં ગુજરાત કચ્છ તથા સૌરાષ્ટ્રે અખત્યાર કરેલું રાષ્ટ્રહિતલક્ષી વળણ એ બાબત વિષે માર્ગદર્શક પ્રવચન કર્યું હતું. શ્રી શાન્તિલાલ શાહે આભારનિવેદન કરતાં એ જ વિષયની વિશેષ ચર્ચા કરી હતી.

પર્યુષણ વ્યાખ્યાનમાળા

ચાલુ ક્રમ મુજબ વર્ષ દરમિયાન તા. ૧૩-૯-૫૫ થી તા. ૨૦-૯-૫૫ સુધી એમ આઠ દિવસની પર્યુષણ વ્યાખ્યાનમાળા સંઘ તરફથી યોજવામાં આવી હતી. આઠે દિવસની વ્યાખ્યાનસભાઓનું પ્રમુખસ્થાન પંડિત સુખલાલજીએ શોભાવ્યું હતું. શરૂઆતના છ દિવસની સભાઓ ઓલ્ડેવાટ્સ્કી હોલમાં અને છેવટના બે દિવસની સભાઓ મેસર્સ કપુરચંદ કંપનીની ઉદાર કૃપાના પરિણામે રોકસી થીએટરમાં ગોઠવવામાં આવી હતી. વ્યાખ્યાતા અને વ્યાખ્યાનવિષયનું વૈવિધ્ય યથાપૂર્વ જળવાઇ રહ્યું હતું. સ્થાનિક વ્યાખ્યાતાઓ ઉપરાંત ગુંદીથી શ્રી નવલભાઇ શાહ, સણોસરાથી શ્રી મનુભાઈ પંચોળી, અમદાવાદથી શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ, અધ્યાપક યશવન્ત શુકૂલ તથા પંડિત સુખલાલજી, નાગપુરથી ડૉ. હીરાલાલ જૈન, તથા દીલ્હીથી કાકાસાહેબ કાલેલકર-આમ બહારગામથી પણ સારી સંખ્યામાં વ્યાખ્યાતાઓ પધાર્યા હતા. છેલ્લે દિવસે મુંબઇના રાજ્યપાલ ડૉ. હરેકૃષ્ણ મહેતાએ પધારીને આપણી વ્યાખ્યાનમાળાને ગૌરવાન્વિત બનાવી હતી અને 'સર્વોદય સમાજ' ઉપર વ્યાખ્યાન આપ્યું હતું. નાજુક તબિયતના કારણે આ વખતે શ્રી કેદારનાથજીના પ્રવચનનો લાભ મળી શકયો નહોતો. આ વખતની પર્યુષણ વ્યાખ્યાનમાળા પાછળ રૂા. ૮૩૯-૧૩-૦ નું ખર્ચ થયું હતું.

પ્રબુદ્ધ જીવન

આગલાં વર્ષો કરતાં ગત વર્ષ દરમિયાન પ્રબુદ્ધ જીવને ઘણું બધારે પોતાનું વાંચનસાહિત્ય પુરૂં પાડ્યું છે; ચિત્રો અને છબીઓ વડે ગત વર્ષનાં અંકો સારી રીતે આકર્ષક બનતાં રહ્યાં છે. સંઘના

રૌપ્ય મહોત્સવ બાદ પ્રગટ કરવામાં આવેલો ૬૪ પાનાનો દળદાર સચિત્ર અંક ગત વર્ષના પ્રારંભમાં પ્રગટ થયો હતો. ગત વર્ષની આખરે પ્રબુદ્ધ જીવનના ખાતે રૂ. ૨૭૪૭-૧૨-૬ ની જે મોટી ખોટ બોલે છે તેમાં આશરે રૂ. ૯૦૦ નો ખર્ચ તો પ્રસ્તુત વિશેષ અંક પાછળ થયો હતો. એ જ રીતે પહેલી જુનના અંક પાછળ પણ ચાલુ કરતાં વધારે ખર્ચ થયો છે. તે અંક આર્ટ પેપર ઉપર અમદાવાદની કુમાર પ્રીન્ટરીમાં છાપવામાં આવ્યો હતો. આ અંકમાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ શ્રી. ગોપેન રૉય અને શ્રીમતી ટાગોર પાસે તૈયાર કરાવેલાં ભગવાન ઋષભદેવના ચરિત્રને લગતા ૬×૪ ફુટના કદના રંગીન ચિત્રોનાં સમગ્ર બ્લોકસ તથા તે ચિત્રોના અમુક વિભાગ ઉપવિભાગના બ્લોકસ છાપવામાં આવ્યા હતા. આ બ્લોકસનો ખર્ચ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ કર્યો છે, પણ મોંઘી છપાઇ તથા કાગળનો ખર્ચ તો સંઘને જ ઉપાડવાનો હોય. પ્રબુદ્ધ જીવનના આ સચિત્ર અંકને ચોતરફથી પુષ્કળ આવકાર મળ્યો હતો.

સંઘની વર્તમાન પાક્ષિક પ્રવૃત્તિ શરૂ કર્યાને આ ૧૭ મું વર્ષ ચાલે છે. આ પત્ર બને તેટલી કરકસરથી ચલાવવામાં આવે છે અને એમ છતાં દર વર્ષે આ પત્ર પાછળ સંઘને રૂ. ૧૦૦૦ થી ૨૦૦૦ સુધીની ખોટ ભોગવવી પડે છે. આ ખોટનો સંઘના કાર્યવાહકોના મન ઉપર ખૂબ ભાર રહે છે. પ્રબુદ્ધ જીવનની લેખસામગ્રી રાષ્ટ્રના અનેક પ્રશ્નોને ચર્ચે છે. વિશાળ જનતાને, જ્યારે જ્યારે કોઈ પણ જટિલ સમસ્યા દેશ સમક્ષ ઉપસ્થિત થાય છે ત્યારે ત્યારે, પ્રબુદ્ધ જીવન યથાશક્તિ માર્ગદર્શન આપતું રહે છે. સત્યની ઉપાસના એ પ્રબુદ્ધ જીવનનું હંમેશાં અગ્રતમ લક્ષ્ય રહ્યું છે. એ જ ઉપાસના અમને જાહેરખબરોનું અવલંબન લેતા અટકાવે છે. આ પ્રકારની ચાલુ ખોટ ઉપર પ્રબુદ્ધ જીવનને લાંબો સમય ટકાવી શકાય નહિ. પ્રબુદ્ધ જીવનની આર્થિક દૃષ્ટિએ વિષમ સ્થિતિ ગંભીરપણે ધ્યાનમાં લેવા સંઘના સભ્યોને વિનંતિ છે. ગ્રાહકસંખ્યા મોટા પ્રમાણમાં વધે એ એક જ પ્રબુદ્ધ જીવનને ચિરસ્થાયી બનાવવાનો ઉપાય છે. તત્કાળ આર્થિક મદદથી પણ જરૂરી રાહત આપી શકાય તેમ છે. સંઘના સભ્યોને તેમ જ પ્રબુદ્ધ જીવનના ગ્રાહકોને જો તેમને પ્રબુદ્ધ જીવનની ઉપયોગીતા લાગતી હોય તો અને પ્રબુદ્ધ જીવન પાછળ રહેલી આદર્શ ઉપાસના તેમના દિલને પણ સ્પર્શતી હોય તો પ્રબુદ્ધ જીવનને ટકાવવા તેમ જ ચિરસ્થાયી બનાવવા માટે શક્ય તેટલું કરવાને આગ્રહપૂર્વક પ્રાર્થના કરવામાં આવે છે.

શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય

સંઘ હસ્તક ચાલતા આ વાચનાલય અને પુસ્તકાલયનો આસપાસ વસતો પ્રજાસમુદાય પૂર્વવત્ સારા પ્રમાણમાં લાભ લે છે. વાંચનાલયમાં દૈનિક, સાપ્તાહિક, પાક્ષિક, માસિક, ત્રિમાસિક તેમજ વાર્ષિક એમ અનેક પ્રકારના અને અંગ્રેજી, હિંદી પણ મોટા ભાગે ગુજરાતી એમ વિવિધ ભાષાનું સામયિક સાહિત્ય મૂકવામાં આવે છે. આજે દૈનિક ૬, સાપ્તાહિક ૨૩, પાક્ષિક ૮, માસિક ૪૪, ત્રિમાસિક ૨, વાર્ષિક ૧ એમ કુલે ૮૪ સામયિકો આવે છે. પ્રબુદ્ધ જીવનના વિનિમયમાં ઠીક પ્રમાણમાં આવતા સામયિક સાહિત્યનો વાચનાલયને સારો લાભ મળે છે. પુસ્તકાલયમાં ચાલુ નવાં નવાં પુસ્તકો વસાવવામાં આવે છે. આજે પુસ્તકાલય ૫૦૦૦ ઉપર પુસ્તકો ધરાવે છે.

વાંચનાલયનો લાભ લેવા બદલ કોઈ પાસેથી કશું લેવામાં આવતું નથી. પુસ્તકાલય પણ શરૂઆતનાં તેર વર્ષ એ જ પ્રમાણે ચલાવવામાં આવતું હતું, પણ વાચનાલય અને પુસ્તકાલયની વાર્ષિક જવાબદારી રૂ. ૪૫૦૦ લગભગની છે. તેને પહોંચી વળવામાં મદદરૂપ થાય એ હેતુથી વાર્ષિક રૂ. ૩, છમાસિક રૂ. ૨ અને ત્રિમાસિક રૂ. ૧ એ મુજબ પુસ્તકાલય માટે લવાજમ નક્કી કરવામાં આવ્યું છે અને તેનો ૨૫૦ સભ્યો લાભ લે છે, જેની વાર્ષિક આવક ગત વર્ષ દરમિયાન રૂ. ૭૬૪૫ની થઇ છે. વાચનાલયનો દરરોજ આશરે ૧૫૦ ભાઇઓ લાભ લે છે.

બે વર્ષ પહેલાં યુવક સંઘના રજત મહોત્સવ સમયે સંઘે વાચનાલય અને પુસ્તકાલયના લાભાર્થે "રામાયણ" નામનું કઠપુતળી નૃત્ય નાટિકા ભજવેલ-તેની આવકના રૂા. ૬૯૯૨ મળેલા. તેમાંથી ગયા બે વર્ષની ખોટ બાદ કરતાં રૂા. ૩૭૬૦ ની બચત રહી હતી. આ વર્ષે વાચનાલય અને પુસ્તકાલયને રૂા. ૨૫૨૪-૭-૬ ની આવક થઇ અને રૂા. ૪૬૧૬-૪-૦ નો ખર્ચ થયો એટલે રૂા. ૨૦૬૪-૧૫-૩ ની ખોટ ગઇ, તે ઉપર જણાવેલ રૂા. ૩૭૬૦ માંથી બાદ કરતાં રૂા. ૧૬૬૫-૮-૩ ની ફકત બચત આવક જાવક ખાતે ઉભી રહે છે; અને તેથી ૨૦૧૨ ના વર્ષ અને તે પછીના સમયના ખર્ચને પહોંચી વળવા માટે નવા પ્રયત્નો કરવાની અનિવાર્ય જરૂર ઉભી થઇ છે.

સંઘની આર્થિક પરિસ્થિતિ

સંઘના જનરલ ફંડમાં ગયા વર્ષના બાકી રૂા. ૧૩૨૪૭-૬-૧૦ જમા હતા, તેમાં ચાલુ વર્ષમાં રૂા. ૪૦૨૮-૧૪-૯ ની આવક થઇ અને રૂા. ૩૧૫૦-૧૦-૬ નો ખર્ચ થયો એટલે રૂપિયા ૮૭૮-૪-૩ નો વધારો રહ્યો અને સંઘ હસ્તકનું ફરનીચર તેની અંદાજ કીંમત ગણીને ચોપડામાં લાવ્યા તે રૂા. ૪૦૦ નો તેમાં ઉમેરો થતાં જનરલ ફંડ રૂા. ૧૪૫૨૫-૧૧-૧ નું થયું હતું. તેમાં પ્રબુદ્ધ જીવનની વર્ષ દરમિયાન રૂા. ૨૪૪૪-૯-૦ ની આવક થઇ અને રૂા. ૫૧૬૨-૫-૬ નો ખર્ચ થયો એટલે રૂા. ૨૭૪૭-૧૨-૬ ની ખોટ આવી તે જનરલ ફંડમાંથી બાદ કરતા વર્ષની આખરે જનરલ ફંડ રૂા. ૧૧૭૭૭-૧૪-૭ નું રહ્યું છે.

ઉપસંહાર

સંઘની આજે સભ્યસંખ્યા ૩૭૭ છે. કાર્યવાહક સમિતિની ગત વર્ષ દરમિયાન કુલ ૧૨ સભાઓ મળી છે. સંઘની ગત વર્ષની કાર્યવાહીનો આ ટુંક વૃત્તાન્ત છે. વિ. સં. ૨૦૧૧ ની પૂર્ણાહુતિ સાથે સંઘ ૨૭ વર્ષ પૂરાં કરીને ૨૮ માં વર્ષમાં પ્રવેશ કરે છે. સંઘ એક સર્વ સામાન્ય સંસ્કારકેન્દ્રનું રૂપ ધારણ કરતો જાય છે. આમ છતાં પણ જૈન સમાજ સાથે તેનો ઘટ્ટ સંબંધ રહ્યો છે. ગત વર્ષ દરમિયાન સંઘે હાથ ધરેલી બે મોટી પ્રવૃત્તિઓ વિશાળ ભાવનાથી પ્રેરાયલી હતી, એમ છતાં પણ જૈન સમાજ સાથે તેનું અનુસંધાન હતું. મૂળ જૈન શ્વે. મૂ. સમાજમાંથી ઉદ્‌ભવ પામેલ અને વિશાળ સમાજ તરફ ઉત્તરોત્તર પગલાં માંડતા આ સંઘ માટે આવી સ્થિતિ સ્વાભાવિક છે. આ વિશિષ્ટ પરિસ્થિતિના કારણે જૈન તેમ જૈનેતર ઉભય સમાજને પ્રાર્થના છે કે તેઓ સંઘના કાર્યને બને તેટલો વેગ આપે અને તેની સર્વગ્રાહી વૃત્તિ અને સર્વોદયી દૃષ્ટિને મૂર્તિમન્ત કરવાનો મનોરથ સાધવામાં બને તેટલો સહકાર આપે.

પરમાનંદ કુંવરજી કાપડિયા
શાન્તિલાલ દેવજી નંદુ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

બંધન

હું કેમ ગઈ બંધાઈ ?

આતમની નિઃસીમતા પરે, સીમા શેં અંકાઇ ? હું કેમ૦

જંજીર ના મુજ પાય મહીં કે, કંઠે ના કો ગાન,
કોઇ અગોચર તત્વ થકી પણ, ઝલાય મારો પ્રાણ;
કાળ તણા અંચલમહીં શેં, અનંતતા ઢંકાઇ ? હું કેમ૦

અમૃતના પીનારાને શેં જન્મ-મરણનાં બંધ ?
ખુલ્લાં નયને કયાં આવરણ કરતા એને અંધ ?
મુકત ગગનના ઉડનારાની પાંખ કયહીં અટવાઇ ? હું કેમ૦

જાણું એને પાશ છતાં ત્યાં પળ પળ આકર્ષાઉં,
મહાન જલનિધિનું મોજું પણ રેતીમાં જ સમાઉં;
ઘટના કોલાહલમાં સુણવી શેં આતમ-રણકાર ? હું કેમ૦

'કુમાર'માંથી સાભાર ઉધ્ધૃત ગીતા પરીખ

આચાર્ય નરેન્દ્ર દેવ

ભગવાન બુધ્ધ, કાર્લ માર્કસ અને મહાત્મા ગાંધીની ફિલસુફીનો જીવન અને વિચારમાં અસાધારણ સમન્વય સાધનાર વિચારક અને લોકનાયક આચાર્ય નરેન્દ્ર દેવનું ફેબ્રુઆરીની ૧૯ મીએ મદ્રાસ રાજ્યના ઉરોડ ગામમાં અવસાન થયું.

આચાર્ય નરેન્દ્ર દેવના સુગ્રથિત (Integrated) જીવનના પ્રતીક સમી નીચેની હકીકતો છેક અંતકાળ સમયે બની. ઘણા સમયથી તેઓ બુધ્ધધર્મ અને ફિલસુફી પરના ગ્રંથ "બુધ્ધધર્મ દર્શન" લખતા હતા તે પૂરો કર્યો. ભાષાકીય હુલ્લડોથી અકળાઇ જઈને તેમના પચીસ વર્ષના જુના સાથી જયપ્રકાશ નારાયણને તેમણે અંગત પત્ર લખ્યો કે તે એક પ્રતિનિધિ મંડળની આગેવાની લઈ વડા પ્રધાન નહેરૂને મળે અને કોઇ પણ સંજોગોમાં દેશની એકતા ન જોખમાય એવી રીતે ભાષાકીય રાજ્યરચનાના પ્રશ્નનો ઉકેલ લાવે. તેમના અંગત મિત્ર અને મદ્રાસના ગવર્નર શ્રી. શ્રીપ્રકાશને તેમણે છેલ્લા શ્વાસ લગી કહ્યા રાખ્યું કે જયપ્રકાશે પ્રજાસમાજવાદી પક્ષ છોડી માત્ર ભૂદાનને જીવન અર્પણ કર્યું તેથી, અને ડૉ. લોહિયાએ પક્ષત્યાગ કરી નવો પક્ષ સ્થાપવાથી, સમાજવાદી પ્રવૃત્તિને ભારે નુકશાન થયું છે. આમ હિન્દી સંસ્કૃતિનો તલસ્પર્શી અભ્યાસ, રાષ્ટ્રીય એકતા માટે તાલાવેલી અને સમાજવાદ, આચાર્ય નરેન્દ્ર દેવના ભવ્ય જીવનનાં પ્રેરક બળો હતાં.

સારૂં થયું કે જ્યારે ૧૯૧૩ માં સંસ્કૃત, પાલી, પ્રાકૃત અને પુરાતત્ત્વના વિષયો લઇ નરેન્દ્ર દેવ એમ. એ. થયા ત્યારે હિન્દી સરકારના પુરાણ વસ્તુ શોધ (Archeology) ખાતામાં જગ્યા ખાલી ન હતી, નહીં તો નરેન્દ્ર દેવ એ ખાતામાં જરૂર જોડાઇ ગયા હોત. પણ દશ વરસની ઉંમરે ડેલીગેટ પિતાની સાથે અખિલ હિન્દ રાષ્ટ્રીય મહાસભાની બેઠકમાં હાજરી આપનાર નરેન્દ્ર દેવના મનમાં રાજકારણનાં બી વવાઈ ગયા હતા. ઇટાલીના સ્વાતંત્ર્યવીર મેઝિની, કુમારસ્વામી, ક્રોપોટકીન, અરવિન્દ ઘોષ અને ફ્રેન્ચ ક્રાંતિ પર લખાએલા પુસ્તકોએ નરેન્દ્ર દેવને ઉદ્દામ રાષ્ટ્રવાદી બનાવ્યા. ટિળક તેમના આદર્શ બન્યા. તેમને એમ લાગ્યું કે રાજકારણમાં જવા માટે વકીલાતનું ભણવાની જરૂર છે. પિતા તો પ્રખ્યાત વકીલ હતા જ. નરેન્દ્ર દેવે વકીલાતની પરીક્ષા પાસ કરી ઉત્તર પ્રદેશના ફૈઝાબાદમાં વકીલાત શરૂ કરી. પણ એ સાથે ફૈઝાબાદમાં હોમરૂલ લીગની શાખાની સ્થાપના કરી તેના મંત્રી પણ બન્યા.

૧૯૨૧ માં કાશી વિદ્યાપીઠ સ્થપાણી. આ રાષ્ટ્રીય વિદ્યાપીઠમાં કાર્ય કરવા નરેન્દ્ર દેવને જવાહરલાલે સમજાવ્યા. ડૉ. ભગવાનદાસ, આચાર્ય કૃપલાની અને ડૉ. સંપૂર્ણાનંદ ત્યાં અધ્યાપકો હતા. નરેન્દ્ર દેવ પણ જોડાયા. પાંચ વરસ બાદ ૧૯૨૬ માં તે કાશી વિદ્યાપીઠના આચાર્ય બન્યા. આ સમય દરમિયાન, પંડિત નહેરૂ અને નરેંદ્ર દેવ બન્નેએ સાથે મળી ખૂબ કામ કર્યું. જવાહરલાલે આ શરમાળ પણ સમર્થ માણસે વધુને વધુ જાહેરમાં આવવું જોઇએ એમ નક્કી કર્યું. ગાંધીજીએ તો ૧૯૩૦ માં ગુજરાત વિદ્યાપીઠના પદવીદાન સમારંભનું વ્યાખ્યાન આપવા નરેંદ્ર દેવને નોતરી તેમનું અસામાન્ય બહુમાન કર્યું. આ પહેલા નરેંદ્રદેવ ઉત્તર પ્રદેશ કોંગ્રેસ કમીટીના પ્રમુખ બની ચૂકયા હતા.

૧૯૨૯ માં જયપ્રકાશ અમેરિકાથી ભણી પાછા આવ્યા અને થોડા સમયમાં તે નરેંદ્ર દેવના ખૂબ નિકટ પરિચયમાં આવ્યા. જયપ્રકાશ તો એ સમયે લગભગ સામ્યવાદી હતા. નરેંદ્ર દેવ અને જયપ્રકાશે કોંગ્રેસ માત્ર બંધારણવાદી ન બની જાય તે માટે, પક્ષની અંદર જ એક જૂથ રચવાનું નક્કી કર્યું હતું. મહેરઅલી, ડૉ. લોહિયા, મસાણી, અશોક મહેતા, અને અચ્યુત પટવર્ધન પણ આવું વિચારી રહ્યા હતા. ૧૯૩૦-૩૧ ની સત્યાગ્રહની લડતે આ વિચારપ્રવાહને યોગ્ય દિશામાં વાળવાની તક આપી. નરેંદ્ર દેવ અને નહેરુ સાથે જેલમાં હતા. મહેરઅલી અને બીજા જુવાનો નાસિક જેલમાં આ અંગે વિચારતા હતા. ૧૯૩૪ માં કોંગ્રેસના પટના અધિવેશન સમયે કોંગ્રેસ સમાજવાદી પક્ષની સ્થાપના થઈ. આ જૂથના અધિવેશનના નરેંદ્ર દેવ પ્રમુખ થયા. ત્યારથી મૃત્યુ લગી, નરેંદ્ર દેવ સમાજવાદી ચળવળના સર્વમાન્ય નેતા બન્યા. આ રીતે હિન્દી સમાજવાદના પિતાનું સ્થાન તેમણે પ્રાપ્ત કર્યું.

૧૯૩૬ માં નહેરુ બીજી વાર કોંગ્રેસના પ્રમુખ ચૂંટાયા. તેમણે નરેંદ્ર દેવની કોંગ્રેસ કારોબારીના સભ્ય તરીકે નિમણૂક કરી, ત્યારથી ૧૯૪૮ માં જ્યારે સમાજવાદી જૂથ કોંગ્રેસમાંથી છૂટું થયું ત્યાંસુધી, તેઓ કોંગ્રેસના વરિષ્ઠ મંડળના સભ્ય રહ્યા. નરેંદ્ર દેવે કિસાનોનું સંગઠન શરુ કર્યું અને અખિલ હિંદ કિસાન સભાના બે વાર પ્રમુખ થયા. સ્વરાજ પહેલાની કોંગ્રેસમાં તેમનું એવું સ્થાન હતું કે ગાંધીજીએ, સુભાષ બોઝે અને નહેરુએ એકથી વધુ વાર જાહેર કરેલું કે નરેંદ્ર દેવ કોંગ્રેસનાં પ્રમુખ થવા જોઇએ, પણ ઇતિહાસે જુદું જ ધાર્યું હતું.

આ બધી પ્રવૃત્તિઓ દમનો ઉગ્ર વ્યાધિ હોવા છતાં ચાલતી હતી. ગાંધીજીએ ૧૯૪૦ માં વ્યકિતગત સત્યાગ્રહ શરુ કર્યો ત્યારે તેમની તબિયત નબળી હતી. પણ ૧૯૨૦ થી દરેક લડત સમયે કારાવાસ નોતરનાર નરેંદ્ર દેવ કેમ ચૂપ બેસી રહે ? આ સત્યાગ્રહમાં પણ તેઓ જોડાયા અને જેલમાં ગયા. ત્યાં તેમની તબિયત વધુ બગડી. ગાંધીજીએ નરેંદ્ર દેવને જાણ કર્યા સિવાય સરકારને લખ્યું કે નરેંદ્ર દેવને છોડી મૂકવા જોઇએ. સરકારે તેમને મુકત કર્યા. ગાંધીજીએ નરેંદ્ર દેવને સેવાગ્રામમાં રાખી કુદરતી ઉપચારદ્વારા તેમનો દમ લગભગ મટાડી દીધો.

આઝાદી પછીના પ્રથમ કેંદ્રીય પ્રધાનમંડળના પ્રધાન તરીકે નરેંદ્ર દેવ આવે તેવી નહેરુની ઇચ્છા હતી, પણ તેમણે પ્રધાનપદનો અસ્વીકાર કર્યો. પ્રજાને લોકશાહી સમાજવાદ વિશે શિક્ષણ આપવું તે વધુ મહત્વનું છે એમ તેમને લાગ્યું. આ પહેલા ૧૯૩૭ માં પણ તેમણે ઉત્તર પ્રદેશના કોંગ્રેસી પ્રધાનમંડળના સભ્ય થવાનો અસ્વીકાર કરેલો.

૧૯૪૮ માં સમાજવાદી પક્ષની સ્થાપના થઇ. ત્યાર પછીનો ઇતિહાસ જાણીતો છે. નરેંદ્ર દેવ લખનૌ તથા બનારસ યુનિવર્સીટીના ઉપકુલપતિ થયા. લખનૌમાં તેમણે જે કામગીરી બજાવી તે હવે શિક્ષણના ક્ષેત્રે ઐતિહાસિક બની ચૂકી છે. ઉપકુલપતિનો વિશાળ બંગલો તેમણે નિરાશ્રિત વિદ્યાર્થીઓને રહેવા આપી દીધો. પોતાના પગારમાંથી દર મહિને તેઓ આઠસો રૂપિયા વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિના ફંડમાં આપતા, યુનિવર્સિટીના શિક્ષણમાં તેમણે ઘણાં પાયાના ફેરફારો કર્યા; વિદ્યાક્ષેત્રે પ્રવેશેલા રાજકારણને કડક હાથે દબાવી દીધું. વિદ્યાર્થીઓના તે એટલા પ્રીતિપાત્ર હતા કે તબિયતને કારણે જ્યારે તેમણે રાજીનામું આપ્યું ત્યારે લખનૌ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ ભૂખ-હડતાળ પર ગયા હતા.

રાજકીય આગેવાન હોય અને ઊંડા રાજકીય વિચારક પણ હોય એવા આપણા દેશમાં બે નામો હતા-પંડિત નહેરુ અને નરેંદ્ર દેવ, આચાર્ય નરેંદ્ર દેવની દેશની દૃષ્ટિએ મોટામાં મોટી ખોટ પડી છે. નરેંદ્ર દેવજી પ્રખર પંડિત હતા, અનેક ભાષાઓ જાણતા, અસાધારણ વકતા હતા, મુલાયમ સ્વભાવના ગૃહસ્થ હતા. પણ આ બધા કરતાં તેઓ સ્પષ્ટ વિચારક હતા, તેનું વધું મૂલ્ય છે. તેમના જેટલી વિશદતાથી રાજકીય વિચાર આ દેશમાં ભાગ્યે જ કોઇ રજુ કરી શકતું એમ કહેવાય છે તેમાં જરાયે અતિશયોકિત નથી. લોકસભામાં નરેંદ્ર દેવને અંજલિ આપતા વડા પ્રધાન નહેરુએ તેમના વ્યકિતત્વને દીવાદાંડી કહી બિરદાવ્યું છે એ જેટલું કાવ્યમય તેટલું જ વાસ્તવિક છે.

મુંબઇ, ફેબ્રુઆરી ૨૫, ૫૬. **ચાંદીલાલ ડગલી**

બાલદીક્ષાપ્રતિબંધક બીલ પ્રકરણ

શ્રીમતી મીનાક્ષી બખલેનું અનુમોદન

બોંબે સ્ટેઇટ વીમેન્સ કાઉન્સીલના પ્રમુખ શ્રીમતી મીનાક્ષી બખલે ટાઇમ્સ ઓફ ઇન્ડીઆમાં પ્રગટ થયેલ તા. ૬–૧–૫૬ ના પત્રમાં જણાવે છે કે "બાલદીક્ષા પ્રતિબંધક બીલ સામે જૈન સ્ત્રીઓના વિરોધને લગતા સમાચાર વાંચીને ટાઇમ્સ ઓફ ઇન્ડીઆના વાચકોને ભારે આશ્ચર્ય તેમ આઘાત લાગેલ હશે. રાજ્યની ધારાસભાઓમાં રજુ થતાં ખાસ કરીને સ્ત્રીઓ તેમ જ બાળકોને લગતા કાયદાઓમાં ખૂબ રસ ધરાવતી બોંબે સ્ટેઇટ વીમેન્સ કાઉન્સીલે આ બીલનો પૂરી ગંભીરતાપૂર્વક વિચાર કર્યો હતો અને તે પાછળ રહેલા સિધ્ધાન્તને હાર્દિક ટેકો આપ્યો હતો. કાઉન્સીલના અભિપ્રાય મુજબ આ બીલ સ્પષ્ટ રીતે અને મુખ્યત્વે કરીને સગીરોનું હિત અને કલ્યાણ સુરક્ષિત બનાવવાનો ઈરાદો ધરાવે છે. અને તેથી આ બીલ કોકની ધાર્મિક માન્યતાઓમાં દખલગીરી કરનારૂં અને કેવળ અસ્વીકાર્ય છે એમ જણાવીને આ બીલને ૩૬ સ્ત્રીસંસ્થાઓ વખોડી નાંખે છે. એ આશ્ચર્યજનક છે. આ બીલ કોઇ પણ અંશમાં કોઇની પણ ધાર્મિક માન્યતાઓમાં દખલગીરી કરતું માલુમ પડતું નથી. જો, આ ૩૬ સંસ્થાઓની બહેનોના અભિપ્રાય મુજબ 'ત્યાગ' એ હિંદી સંસ્કૃતિનો પાયો હોય તો અને જો તેઓ સમુહમાં સંસારનો ત્યાગ કરવા માંગતી હોય તો, આ બાલદીક્ષા પ્રતિબંધક બીલ તેમને તેમ કરતાં જરા પણ અટકાવતું નથી. પણ જો તેઓ પોતાનાં બાળકોને દીક્ષા અપાવવા માંગતી હોય તો તેમની એવી 'આધ્યાત્મિક ઘેલછા'માંથી બાળકોને બચાવવા એ રાજ્યની ફરજ છે. ઉપર જણાવેલ અમદાવાદની સભામાં પસાર કરવામાં આવેલ ઠરાવ સામે, પ્રસ્તુત બીલ કેવળ માનવતાલક્ષી સિધ્ધાન્તો ઉપર આધારિત છે એમ સ્વીકાર્યા સિવાય જેમનાથી ચાલે તેમ નથી એવા હિંદના સમગ્ર બુધ્ધિશાળી સ્ત્રીપુરૂષોએ, પોતાનો વિરોધ જાહેર કરવો ઘટે છે."

૮૪ સામાજિક સંસ્થાઓનું અનુમોદન

અમદાવાદ ખાતે શ્રી. મંગળદાસ પકવાસાના પ્રમુખપણા નીચે સૌરાષ્ટ્ર તથા ગુજરાતના સામાજિક કાર્યકરોની ફેબ્રુઆરી તા. ૩ થી ૫ સુધી એક પરિષદ મળી હતી. આ પરિષદમાં ૮૪ સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો અને તેમાં અનેક સામાજિક પ્રશ્નોને સ્પર્શતા ઠરાવો કરવામાં આવ્યા હતા. બાલદીક્ષા પ્રતિબંધક બીલ સંબંધમાં આ પરિષદે નીચે મુજબ ઠરાવ પસાર કર્યો હતો:–

"આ સામાજિક કાર્યકર પરિષદ મુંબઇ વિધાન પરિષદમાં શ્રી. પ્રભુદાસ બાલુભાઈ પટવારી તરફથી રજુ કરવામાં આવેલ બાલસંન્યાસ દીક્ષા પ્રતિબંધક બીલને પૂરા દિલથી ટેકો આપે છે અને નાનાં છોકરાછોકરીઓના હિત અને કલ્યાણ અર્થે આ બીલને તત્કાળ પસાર કરવા મુંબઇ સરકારને અને બન્ને ધારાસભાઓને ગંભીરતાપૂર્વક વિનંતિ કરે છે."

મુનિ સન્તબાલજીનો અભિપ્રાય

વડોદરાથી નીકળતા 'જનસત્તા' ના પ્રતિનિધિને મુલાકાત આપતાં તા. ૧૧–૧–૫૬ ના 'જનસત્તા'માં મુનિ સન્તબાલજી જણાવે છે કે, "અયોગ્ય દીક્ષા અટકાવવી જોઇએ તે વિષે બે મત છે જ નહિ. કારણ કે સામાન્ય રીતે આપણે ત્યાં સંન્યાસ અવસ્થાની કીંમત ઘણી મોટી છે, અને જીંદગી લગી એ આશ્રમમાં કઠીન વ્રતો પાળવાના રહે છે. એટલે સમાજ અને વ્યકિત બન્ને માટે અયોગ્ય દીક્ષાની અટકાયત જરૂરી છે. હવે સવાલ એ છે કે આ અયોગ્ય દીક્ષા અટકાવવી શી રીતે ? આ બાબતમાં મારૂં મન્તવ્ય એ છે કે સાધુઓ અને ગૃહસ્થાશ્રમીઓ એ બન્ને વચ્ચે એક સંયુકત એવી સમિતિ રચાવી જોઇએ, જે આ વિષે તટસ્થ અભિપ્રાય આપ્યા પછી દીક્ષા અપાવે.

"આ વ્યવસ્થા અંગે જૈન સંપ્રદાય પૂરતું કહું તો આવી વ્યવસ્થા હતી જ. પણ ગુરૂઓની શિષ્યલાલસાના કારણે અને સમાજની ઉદાસીનતાના કારણે જે અયોગ્ય દીક્ષા છે તેને અટકાવવા આજે કોઇ શકિતશાળી સમિતિ નથી. આને સારૂ ફરીથી આવા પ્રકારના દરેક સંપ્રદાયના લોકો મળીને એ અંગે વિચારી શકે, અને આવું બળ સમાજની અંદરની અયોગ્ય દીક્ષાઓ અટકાવે અને યોગ્ય ઉપર રૂકાવટ ન થાય એ જુએ. શ્વેતાંબર, દિગંબર અને સ્થાનકવાસી એ ત્રણેય જૈન સંપ્રદાયમાં આવી વ્યવસ્થા હજુ પણ થઈ શકે તેમ હું માનું છું. પણ આજે એક બાજુ દીક્ષા જેવી પવિત્ર વસ્તુનું માત્ર અધટતું સમર્થન થઇ રહ્યું છે અને બીજી બાજુ સરકારી કાનુનથી આ અનિષ્ટ રોકવાની હીલચાલ ચાલે છે. જ્યારે આપણે રાજ્યની દરમિયાગીરી દરેક બાબતમાં ઓછી થાય એમ ઇચ્છીએ છીએ ત્યારે આ બન્ને પ્રવાહોને મારી અપીલ છે કે આમ મધ્યસ્થ રીતે વિચારે અને અનિષ્ટને રોકે અને ઇષ્ટને અવકાશ પણ રહે એવું કરે.

"આ બીલમાં 'બાલદીક્ષા'ને બદલે 'અયોગ્ય દીક્ષા' શબ્દ વાપરવો જોઇએ, જેથી કોઇ અપવાદે વૃધ્ધ, અશકત અને બાલ એ ત્રણેય અયોગ્ય દીક્ષાના ભોગ બનતા અટકે અને સાથોસાથ ઉમ્મરના કારણે કોઈ સુયોગ્ય ઉમેદવાર રહી ન જાય.

"કાયદા સંબંધમાં મારો એવો મત છે કે કાયદો એ તો આવી કમીટી રચાય તેને ટેકારૂપ રહે અને ન છુટકે કાનુની આધાર મેળવે, અને મુખ્ય કમીટીના અભિપ્રાયને મહત્વ મળે જેથી સરકારનો બોજો સમાજની અશુદ્ધિ અંગે હળવો બને અને સમાજની દરમિયાનગીરી પણ રહે."

મુનિ સંતબાલજીના અભિપ્રાયની શ્રી પટવારીએ કરેલી છણાવટ

તા. ૧૩–૧–૫૬ ના 'જનસત્તા'માં શ્રી પ્રભુદાસ પટવારી મુનિ સન્તબાલજીના ઉપર જણાવેલ અભિપ્રાયોની છણાવટ કરતાં જણાવે છે કે, "મુનિ શ્રી સન્તબાલજીએ પોતાના નિવેદનમાં બીલનું સમર્થન કરેલ છે અને એ કાયદારૂપે પસાર થાય એમ ઇચ્છતા જણાય છે. તેમનું કહેવાનું એ છે કે કાયદાનો આધાર જ્યાં ત્યાં લેવો ન પડે અથવા ઓછો લેવો પડે અવી વ્યવસ્થા કરવી ઘટે."

શ્રી પટવારી આગળ ચાલતાં જણાવે છે કે "કાયદા બને તેટલા ઓછા હોવા જોઇએ એ ખરૂં છે, પરંતુ નાઈલાજે પરિસ્થિતિ ઉપર અંકુશ રાખવા માટે ઘણી વાર કાયદો અનિવાર્ય બને છે. ભારતની આઝાદી બાદ જ્યારે સામાજિક અને આર્થિક અસમાનતા દૂર કરવા માટે બધાં બળો કામે લાગી ગયા હોય એવા વખતે ચાલુ સામાજિક અનિષ્ટો દૂર કરવા કાયદાની થોડી મદદ લેવી પડે એ સ્વાભાવિક છે. અયોગ્ય દીક્ષા અટકાવવા શકિતશાળી સમિતિ અંગે મુનિશ્રીએ કરેલું સૂચન સારૂં છે. પરંતુ આવી સમિતિઓ સમગ્ર ધર્મપરંપરાઓ માટે રચવી શકય કે સંભવિત નથી. છતાં આવી સમિતિઓ રચવાનું અને એ સમિતિઓને અસરકારક બનાવવાનું થાય તો આ કાયદાને ટેકારૂપ બને અને તેના અમલને સરળ બનાવવાનું થાય. અને તેથી કાયદાનો આધાર બહુ ઓછા કીસ્સાઓમાં લેવો પડે. પરંતુ આ દિશામાં ભૂતકાળના પ્રયત્નો નિષ્ફળ નીવડયા છે.

"સને ૧૯૩૩ માં રાજનગર સાધુ સંમેલને સર્વાનુમતે અનિષ્ટ દીક્ષા રોકવા પ્રયત્નો કરેલા. પણ સંમેલન વીખરાયા બાદ થોડા દિવસોમાં અનેક મુનિવરોએ તેનો ભંગ કર્યો હતો. કેટલાંક નાનાં બાળકો અને બાળાઓને ઉઠાવી જવામાં આવ્યાં હતાં. તેનું વર્ણન શ્રી ધીરજલાલ ટોકરશી શાહના 'રાજનગર સાધુ સંમેલન' એ નામના પુસ્તકમાં 'ઠરાવનો ભંગ' તે પ્રકરણમાં વિસ્તારથી આપ્યું છે.

"વળી આ કાયદો હિંદુ, મુસલમાન, ક્રીસ્તી, શીખ, બૌધ્ધ વગેરે સૌને સ્પર્શે છે. જૈન સિવાય અન્ય ધર્મોમાં પણ બાળકોને સાધુ બનાવવામાં આવે છે. આ અનિષ્ટ અટકાવવા મહાગુજરાત સાધુસંમેલન તથા મહારાષ્ટ્રની જાણીતી સંસ્થા ધર્મનિર્ણય મંડળે પણ આ બીલના સિધ્ધાન્તોને ટેકો આપ્યો છે.

"જૈન ધર્મ, તેના મહાન સિધ્ધાન્તો અને અનેક મુનિવરો મારા માટે પૂજ્ય છે. દીક્ષાજીવન અને વ્રતો પણ ઉચ્ચ કક્ષાના અને આદરણીય છે. આ બીલ દીક્ષાવિરોધી નથી, પણ દીક્ષા પરના ડાઘ દૂર કરવા માટે જ છે. કારણ કે નાનાં બાળકોને આખી જીંદગીપર્યન્તનું સાધુજીવન વળગાડી દેવાનો આજના માનવહક્કોના જમાનામાં કોઇ પણ માબાપને હક્ક હોઇ ન શકે. આજન્મ દીક્ષા લેવા માટે કાંઇક વિચાર થઈ શકે તેવી વયમર્યાદા નક્કી કરવી જોઇએ. અગાઉના સમયમાં બાળલગ્નો પ્રચલિત હતા, એટલે લગ્ન પહેલાં દીક્ષા આપવા ખાતર આવી દીક્ષાઓ અનુકુળ જણાઇ હશે, પરંતુ આજે સમાજે સગીર બાળકોને પરણાવી દેવાની માબાપની સત્તા ઉપર અંકુશ મૂકેલો છે અને બાળકને અઢાર વર્ષ પછી દીક્ષા લેવાની પૂરતી છૂટ છે. તો તેથી ધર્મમાં શું હસ્તક્ષેપ થાય છે તે સમજાતું નથી.

"જૈન ધર્મ તો દેશ અને કાળનાં બળોને સદાય અનુકુળ રહેતો આવ્યો છે. જેઓ આવો કાયદો થયા વિના પણ ખરી રીતે બાલદીક્ષા ઇચ્છતા ન હોય તેમણે આપમેળે એવી વ્યવસ્થા પોતપોતાના સમાજ પૂરતી ઉભી કરવી જોઇએ કે જેથી બાલદીક્ષા અવરોધક કાયદાનો આશ્રય લેવો ન પડે.

"કુટુંબમાં આ બીલ બાળકોના કલ્યાણ અને હિત અંગેનું અને રૂઢિગત સામાજિક અનિષ્ટોને રોકવા પૂરતું જ મર્યાદિત છે. તે ધર્મમાં કોઇ રૂકાવટ કરતું નથી, બલકે તે ધર્મને અને દીક્ષાના પવિત્ર સ્વરૂપને સુદૃઢ કરનારૂં નીવડશે."

આ બીલ વિધાનપરિષદમાં કયારે આવશે ?

સાધારણ ક્રમમાં આ બીલ આ માસની શરૂઆતમાં જ સીલેકટ કમીટીને સોંપાવાનું હતું. પણ તે સંબંધે એકઠો થયેલો વિપુલ અભિપ્રાયસંગ્રહ હજી છપાઈને તૈયાર થયો નથી. માર્ચની આખરમાં આ અભિપ્રાયસંગ્રહ છપાઇ જશે અને એપ્રીલનાં પ્રારંભમા આ બીલ વિધનિપરિષદ દ્વારા સીલેકટ કમીટીને સોંપાવા સંભવ છે.

સંપાદક : પરમાનંદ

પ્રકીર્ણ નોંધ

દાદાસાહેબ : એક અસામાન્ય જીવનવિભૂતિ

જેમ એક સૂર્યના વિલય સાથે તેની સાથે જોડાયલા ગ્રહ-ઉપગ્રહો વિલય પામવા લાગે તે મુજબ ૧૯૪૮ માં ગાંધીજીના દેહ વિલય પછી તેમનાથી પ્રેરણા પામેલા તેમના સમકાલીન સહકાર્યકર્તાઓ એક પછી એક પોતપોતાની જીવન લીલા સંકેલવા માંડયા છે. સાને ગુરૂજી ગયા; કીશોરલાલભાઇ ગયા; સરદાર વલ્લભભાઈ ગયા; આચાર્ય નરેન્દ્ર દેવ ગયા; દાદાસાહેબ માવળંકર પણ એ જ રીતે તા. ૨૭ મીની સવારે આપણી વચ્ચેથી સદાને માટે વિદાય થયા છે. આવા પીઢ અને પ્રમુખ દેશભકતની ખોટ માત્ર ગુજરાતની જ નહિ પણ સમગ્ર ભારતની ખોટ છે.

તેમનો જન્મ વડોદરામાં ૧૮૮૯ ના નવેંબરની ૨૭ મી તારીખે થયેલો; ૧૯૧૩ માં તેમણે અમદાવાદમાં વકીલાત શરૂ કરી; અને તે સાથે જ રાજકીય તેમ જ સામાજિક કાર્યોમાં તેમણે રસ લેવો શરૂ કર્યો. ૧૯૧૭ ના ખેડા સત્યાગ્રહની લડતમાં તેમણે ભાગ લીધો; ૧૯૨૦ ની અસહકારની લડતમાં તેઓ વધારે આગળ આવ્યા; ૧૯૨૧ માં અમદાવાદ ખાતે ભરાયલા કોંગ્રેસ અધિવેશનમાં કોંગ્રેસના મહામંત્રી તરીકે ચુંટાયા, ૧૯૩૦ માં અમદાવાદ સુધરાઇના પ્રમુખ થયા અને ૩૦-૩૨ ના સત્યાગ્રહમાં તેમણે ઝંપલાવ્યું. ૧૯૪૦ ના વ્યકિતગત સત્યાગ્રહ માટે ગાંધીજીએ તેમની પસંદગી કરી અને પછી 'હિંદ છોડો'ની ઐતિહાસિક લડતે તેમને ઠીક સમય સુધી જેલવાસી બનાવ્યા.

૧૯૩૭ થી ૪૦ સુધી તેઓ મુંબઇની ધારાસભાના પ્રમુખ હતા. ત્યાર બાદ ૧૯૪૬ ની સાલથી તે તેમની અવસાનતિથિ સુધી તેઓ કેન્દ્રસ્થ ધારાસભાના પ્રમુખ રહ્યા, અને તેમના જીવનનો એ હકતો સૌથી વધારે ઉજ્જવળ બન્યો. દીલ્હીની ધારાસભાના પ્રમુખ તરીકેની અત્યન્ત કુશળ કારકીર્દીએ તેમને આન્તર રાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત કરાવી અને અખિલ હિંદની એક અગ્રગણ્ય વ્યકિત તરીકે લોકોએ તેમને જાણ્યા, પીછાણ્યા અને સન્માન્યા.

કેવળ રાજકારણ નહિ પણ સામાજિક ક્ષેત્રમાં પણ તેમનું અસાધારણ અગ્રસ્થાન હતું. કસ્તુરબા ટ્રસ્ટના તેઓ ટ્રસ્ટી હતા; ગાંધી સ્મારકનિધિના તેઓ પ્રમુખ હતા; અખિલ હિંદ રાઇફલ એસોસીએશનના તેઓ સરનશીન હતા; અમદાવાદની ૮૦ વર્ષ-જુની ગુજરાત સાહિત્ય સભાના તેઓ સક્રિય અધ્યક્ષ હતા. એમ પ્રજા જીવનના અનેક ક્ષેત્રે તેમની સેવા ઘણા બહોળા પ્રમાણમાં પથરાયલી હતી. આજના અમદાવાદના નવઘડતરમાં સરદાર વલ્લભભાઇ જેટલો જ તેમનો ફાળો હતો. ગાંધીજીનો તેમના ઉપર ભારે વિશ્વાસ હતો; ગાંધીજીની છાયામાં તેઓ આગળ આવ્યા હતા; અને એમ છતાં તેમનામાં પ્રતિભાસંપન્ન સ્વતંત્ર વ્યકિતત્વ હતું. તેઓ એક કર્મયોગી હતા.

તેઓ આદર્શવાદી છતાં વ્યવહારદક્ષ હતા; અનેક સમાજસેવકોના તેઓ મિત્ર અને માર્ગદર્શક હતા; તેમનો સ્વભાવ ભારે મળતાવડો હતો; દિલમાં કાંકરી અને બોલવું કાંકરી એ દાદાસાહેબ નહિ. જે મનમાં હોય તે કહી નાખવામાં તેમણે ઘણું નુકસાન ભોગવ્યું હતું; અન્યના દિલમાં તે કારણે તેમણે અનેકવાર ગેરસમજુતીઓ પણ પેદા કરી હતી; અને એમ છતાં તેમની નિર્ભળતા, સચ્ચાઇ તથા કાર્યનિષ્ઠા વિષે કોઈ અન્યથા કહી કે વિચારી શકે તેમ હતું જ નહિ. એમની વાણીમાં, રીતભાતમાં નિખાલસતા હતી, પ્રેમળતા હતી. આપણામાંના અનેકના તેઓ નિકટવર્તી સ્વજન હતા.

આ દેશને આઝાદી મળ્યા બાદ દેશવ્યાપી લોકશાસનનો પ્રારંભ થયો. આ લોકશાહીને યોગ્ય દિશાઓમાં સંવર્ધિત કરવાની, સ્થિરપ્રાણ બનાવવાની જવાબદારી નવી લોકસભાને શિરે હતી. આ બાબતમાં સાચું માર્ગદર્શન આપવું, નવી રીત-રસમો ઉભી કરવી, બંધારણને લગતી અણધારી ઉભી થતી ધુંચોનો ઉકેલ આપવો-આ કાર્ય લોકસભાના પ્રમુખનું-સ્પીકરનું-હતું. છેલ્લાં દશ વર્ષના ગાળામાં આ કાર્ય શ્રી માવળંકરે કેટલું ઉત્તમ રીતે બજાવ્યું હતું અને રાષ્ટ્રને લોકશાહીના રાહ ઉપર સ્થિર અને સુદૃઢ બનાવવામાં તેમણે કેટલો મહત્વનો ફાળો આપ્યો હતો એ હિંદના મહા અમાત્યે તેમને મુકત કંઠે આપેલી અંજલિમાંથી આપને સ્પષ્ટપણે જાણવા મળે છે અને તેથી દાદાસાહેબ વિષેના આપણા આદરમાં સવિશેષ વૃધ્ધિ થાય છે. આવી એક વિરલ જીવન જ્યોત ઓલવાતાં આપણું દિલ ઊંડી ગમગીની અનુભવે છે. તેમના શાશ્વત શ્રેયને આપણું અન્તર પ્રણત ભાવે પ્રાર્થે છે.

મુંબઇનાં નવાં મેયર બહેન સુલોચના મોદીને ધન્યવાદ

આગળના નગરપતિ શ્રી એન. સી. પુપાલાએ રાજીનામું આપવાથી એ ખાલી પડેલી જગ્યા ઉપર બહેન સુલોચના મોદીની સર્વાનુમતે ચૂંટણી કરવામાં આવી છે. મુંબઈ શહેરના આ અગ્રતમ નાગરિક અધિકાર ઉપર પહેલી જ વાર એક સન્નારીની નિમણુંક થઇ છે. મુંબઈ માટે આ ભારે ગૌરવપ્રદ અને આનંદદાયક ઘટના છે. સુલોચનાબહેન મુંબઇની કોરપોરેશનના વર્ષોજુના સભ્ય છે. આથી આગળના વર્ષ દરમિયાન તેઓ મુંબઈ મ્યુનીસીપાલીટીની સ્ટેન્ડીંગ કમીટીના સભ્ય હતા. તેમની કાર્યકુશળતા અને નમ્રતાએ, સૌમ્ય આકૃતિ અને મૃદુ વાણીએ અનેકને તેમની તરફ આકર્ષ્યા છે. મુંબઇ જૈન યુવક સંઘના તેઓ એક સભ્ય છે. આ રીતે સંઘ પણ તેમના આવા ઉત્કૃષ્ટ અધિકાર ઉપર નીમાવાના કારણે પોતાને ગૌરવાન્વિત થયેલો માને છે. તેઓ ઉત્તરોત્તર વધારે ને વધારે જવાબદારીવાળા અધિકારો પ્રાપ્ત કરતા જાય અને તેમની શકિત અને સેવાનો માત્ર મુંબઈની પ્રજાને જ નહિ પણ આખા દેશને અધિકાધિક લાભ મળતો જાય અને એ માટે તેમનું આરોગ્ય સદા સુરક્ષિત રહે એવી આપણ સર્વની તેમના વિષે શુભેચ્છા અને પ્રાર્થના હો !

હરિજન પત્રોને અંજલિ

જણાવતાં ભારે દિલગીરી થાય છે કે ગાંધીજીના પુનિત નામ સાથે જોડાયલાં હરિજન પત્રો એટલે કે હરિજન (અંગ્રેજી), હરિજન

બંધુ (ગુજરાતી), હરિજન સેવક (હિંદી) ગત ફેબ્રુઆરી માસની છેલ્લી તારીખથી બંધ કરવાનો નવજીવન ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ નિર્ણય કર્યો છે. આ પત્રોની ગ્રાહક સંખ્યા ઉત્તરોત્તર ઘટતી જતી હતી. ૧૯૫૩ થી ૧૯૫૫ ના ગાળા દરમિયાન હરિજનની ગ્રાહક સંખ્યા ૩૪૪૫ થી ૨૪૨૩ ઉપર, હરિજનબંધુની ગ્રાહક સંખ્યા ૫૪૨૯ થી ૩૪૩૨ ઉપર અને હરિજન સેવકની ગ્રાહક સંખ્યા ૪૫૫૩ થી ૩૪૩૫ ઉપર ઉતરતી રહી હતી. ગત વર્ષ દરમિયાન હરિજનની ખોટ રૂ. ૧૪૩૬૪-૧૨-૬, હરિજનબંધુની ખોટ રૂ. ૬૬૬૧-૮-૦ અને હરિજનસેવકની ખોટ રૂ. ૬૯૭૮-૧૪-૯ એમ હરિજન-પત્રો અંગે કુલ ખોટ રૂ. ૨૮૦૧૫-૩-૩ નવજીવન ટ્રસ્ટને ભોગવવી પડી છે. આગળનાં વર્ષો પણ ચાલુ ખોટનાં જ હતાં. આવી વિષમ આર્થિક પરિસ્થિતિ વચ્ચે પણ શ્રી. મગનભાઇ દેસાઈ જણાવે છે તે મુજબ ટ્રસ્ટી મંડળે હરિજન (અંગ્રેજી) બંધ કરીને બાકીનાં બે પત્રો ચાલુ રાખવાનો કદાચ નિર્ણય કર્યો હોત, પણ છાપાઓ અંગે તાજેતરમાં ભારત સરકારે નવો કાયદો પસાર કર્યો છે. એ કાયદો છાપા ચલાવનાર માથે એટલી મોટી આર્થિક જવાબદારી નાખે છે કે જાહેર ખબરનો આધાર લીધા સિવાય કોઇપણ સામયિક પત્ર ચલાવવાનું આજે લગભગ અશકય બન્યું છે. જાહેર ખબર લેવાનું ટ્રસ્ટની નીતિની બહાર છે. આ સંજોગોમાં નવજીવન ટ્રસ્ટના ટ્રસ્ટીમંડળે ઉપરનો નિર્ણય લીધો છે અને એ રીતે લગભગ ૨૨ થી ૨૩ વર્ષની અત્યન્ત ઉજ્જવલ કારકીર્દી ધરાવતા ત્રણ સામયિકો એકાએક બંધ થાય છે.

વસ્તુતઃ આ કારકીર્દી માત્ર ૨૩ વર્ષ નહિ પણ લગભગ અડધી સદીની છે. શ્રી મગનભાઇ દેસાઈની તા. ૨૫-૨-૫૬ ના હરિજન બંધુમાં જણાવે તે મુજબ "આપણા અર્વાચીન ઇતિહાસના ગાંધીયુગને રચવામાં પોતાનો અમૂલ્ય ફાળો આ પત્રોએ આપ્યો છે. એમનો ઉદય એ સાદ હતો. ઈ. સ. ૧૯૧૯-૨૦ માં ગાંધીજીએ 'યંગ ઇન્ડીયા' અને 'નવજીવન' પત્રો શરૂ કર્યાં, થોડા વખત પછી તેની હિંદી આવૃત્તિ 'હિંદી નવજીવન' કાઢી. આમ આ પત્રોનો પૂર્વજન્મ શરૂ થયો. ૧૯૩૦-૩૨ ની કાળમાં તેમનો અંત આવ્યો. તેનાં કારણો બ્રીટીશ સરકાર જોડેની સ્વરાજ્યની લડતમાં રહેલાં હતાં. તે જ કારણોમાંથી ૧૯૩૩ માં ગાંધીજીના ઉપવાસ જેલમાં શરૂ થયા, જે અસ્પૃસ્યતા-નિવારણને અંગે હતા. તે નિમિત્તે ત્રણ પત્રો હરિજન એવા નામે શરૂ થયા અને ત્યારથી તે સ્વરાજ આવ્યું ત્યાં સુધીના આપણા ઇતિહાસના સાક્ષી અને સમર્થ મુખપત્ર બન્યાં."

ગાંધીજી ૧૯૪૮ માં વિદેહ થયા અને ત્યાર બાદ આ ત્રણે પત્રોનું તંત્રીપદ સાડાચાર વર્ષ સુધી શ્રી. કિશોરલાલ મશરૂવાળાએ શોભાવ્યું. તેઓ ૧૯૫૨ ના સપ્ટેમ્બર માસમાં આપણી વચ્ચેથી વિદાય થયા. અને તેમની પછી આ તંત્રીપદની જવાબદારી શ્રી. મગનભાઈ દેસાઇએ સ્વીકારી. ગાંધીજીના અવસાન બાદ હરિજન પત્રોની ગ્રાહકસંખ્યા ઉત્તરોત્તર ઘટતી જતી હતી અને તે ચલાવવા પાછળની ખોટનો આંકડો મોટો થતો જતો હતો. કિશોરલાલભાઇના અવસાન બાદ હરિજન પત્રોનું તંત્રીપદ કોને સોંપવું ઘટે એ પ્રશ્ન ચર્ચાયો હતો. એ પ્રસંગે ગાંધીજીની બીજી આવૃત્તિસમા વિનોબાજીનું નામ પ્રબુધ્ધ જીવનમાં તે અરસામાં પ્રગટ થયેલી એક નોંધમાં મેં સૂચવ્યું હતું. ભૂમિપુત્ર તાજેતરમાં શરૂ થયું હતું તે બંધ કરાવીને હરિજન પત્રોનું તંત્રીસ્થાન સ્વીકારવા વિનોબાજીને આકર્ષી શકાયા હોત તો, સંભવ છે કે, ભૂદાન આન્દોલનના આરોહ સાથે હરિજન પત્રોની ખોટને ભરતી તરફ વાળી શકાઈ હોત. પણ એ બાબત આજે એ રીતે હવે વિચારવી કે ચર્ચવી એનો કોઇ વિશેષ અર્થ નથી.

શ્રી. કિશોરલાલભાઇની વિચારપ્રતિભા કોઈ જુદી જ હતી. એમ છતાં પણ શ્રી. મગનભાઇ વિષે એટલું કહેવું જ જોઇએ કે જ્યારે હરિજન પત્રોની જવાબદારી શ્રી. મગનભાઇને સોંપવામાં આવેલી ત્યારે હરિજન પત્રો ભારત સરકારનું-ખાસ કરીને મુંબઈ સરકારનું-કેવળ મુખપત્ર બની જશે એવી ભીતિ સેવાતી હતી. આ ભીતિને શ્રી મગનભાઇએ; અનેક રીતે ખોટી પાડી છે. સાડા ત્રણ વર્ષના તેમના સંપાદનકાળ દરમિયાન તેમની લેખિની સતત વિકસતી રહી છે. ઊંડો અભ્યાસ, ગાંધીવાદની પ્રખર હિમાયત, સરકારની પણ પ્રસંગે પ્રસંગે કડક ટીકા, અને જે કોઈ વિષય હાથ ધરે તેનું સુરેખ નિરૂપણ અને અમુક અંશમાં મૌલિક ચિન્તન-આ વિશિષ્ટ ગુણો તેમના લેખો અને નોંધોમાં સતત નજરે પડતા રહ્યા છે. અંગ્રેજી ભાષા ઉપર તેમણે ભારે સરસ કાબુ કેળવ્યો છે. અનેકવિધ જવાબદારીઓ સાથે આ ત્રણે સાપ્તા-હિકોની જવાબદારીને તેઓ કેવી રીતે પહોંચી વળ્યા હશે એ મારે મન એક મોટું આશ્ચર્ય છે.

હરિજન પત્રોના અવસાન સાથે વસ્તુતઃ અડધી સદીની એક અતિ મહત્વભરી સામયિક પ્રવૃત્તિનો અન્ત આવે છે. જેની પાછળ કોઇ ચોક્કસ આદર્શની ઉપાસના હોય; લોકશ્રેય એ જ જેનું આદિમ અને અન્તિમ ધ્યેય હોય, સત્ય એ જ જેનો પ્રેરક મંત્ર હોય એવા સામયિકોની આજે ભારે ઉણપ છે. પત્રકારિત્વ પ્રજા ઘડતરનું અને એ પણ સાચી દિશાના સર્વોદયકારી ઘડતરનું કેવું બળવાન સાધન બની શકે છે એ જેને શિખવું હશે તેના માટે નવજીવન અને યંગ ઇન્ડીઆ અને તેના જ વારસો હરિજન પત્રોની ફાઇલો એક અજોડ સાહિત્યની ગરજ સારશે, તેમાંથી છેલ્લા પચ્ચાસ વર્ષ દરમિ-યાન ભારતે સાધેલી અનુપમ વિચાર ક્રાન્તિનો સુરેખ ઇતિહાસ મળી શકશે અને તેની સાથે, મહાત્મા ગાંધી તો ક્રાન્તિના સર્જક હતા, પણ તેમણે સરજેલી ક્રાન્તિના મશાલચી તરીકે સ્વ. કિશોરલાલભાઇનું નામ અને શ્રી. મગનભાઈ દેસાઇનું નામ પણ ચિરસ્મરણીય બની રહેશે.

પરમાનંદ

સંઘની કાર્યવાહીએ કરેલા ઠરાવો

તા. ૨૮-૨-૫૬ રોજ મળેલી મુંબઈ જૈન યુવક સંઘની કાર્ય-વાહક સમિતિએ નીચે મુજબના ઠરાવો પસાર કર્યા હતા.

દાદાસાહેબ માવળંકરનું ખેદજનક અવસાન

ભારતના અગ્રગણ્ય રાજપુરૂષ શ્રી. ગણેશ વાસુદેવ માવળંકરના તા. ૨૭-૨-૫૬ ના રોજ નીપજેલા અવસાનની શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિ ઊંડા ખેદ સાથે નોંધ લે છે. તેમના જવાથી ગુજરાતને એક નિષ્ઠાવાન વ્યવહારદક્ષ આગેવાન કાર્યકર્તાની ખોટ પડી છે, જૈન સમાજે પણ એક પરમ મિત્ર ગુમાવ્યો છે. તેમના પુણ્યાત્માને કાર્યવાહક સમિતિ શાશ્વત શાન્તિ ઇચ્છે છે.

નવાં નગરપાલિકા બહેનને સંઘનાં અભિનંદન

સંઘના સભ્ય બહેન સુલોચના મોદી મુંબઇની કોરપોરેશનેના મેયરપદ ઉપર ચૂંટાયા છે તે જાણીને મુંબઇ જૈન યુવક સંઘ આનંદ તેમ જ ગૌરવ અનુભવે છે. એક પ્રમુખ સ્ત્રીનાગરિકનું સૌથી પ્રથમ આવું સન્માન કરવા બદલ મુંબઇની કોરપોરેશનને સંઘની કાર્યવાહક સમિતિ ધન્યવાદ આપે છે અને આવા અનુપમ પદ ઉપર નીમણુંક થવા બદલ શ્રી. સુલોચના બહેનનું અન્તરથી અભિનન્દન કરે છે અને તેમની હવે પછીની કારકીર્દી વધારે ને વધારે ઉજ્જવળ બનતી રહે એવી તેમને શુભેચ્છા પાઠવે છે.

માન્યવર મોરારજીભાઇને અભિનન્દન

"તા. ૨૮-૨-૫૬ ના રોજ મળેલી મુંબઈ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિ મુંબઈ પ્રદેશના મુખ્ય સચિવ માન્યવર મોરારજી દેસાઈનું, આવતી કાલના તેમના જન્મ દિવસને લક્ષ્યમાં લઇને, હાર્દિક અભિનન્દન કરે છે, તેમણે મુંબઇ પ્રદેશની કરેલી અનેક વિધ સેવાની અને મુંબઇ પ્રદેશના વિભાજન અંગે દાખવેલી સુદૃઢ નેતાગીરી અને ગયા જાન્યુઆરી માસ દરમિયાન મુંબઇમાં થયેલાં તોફાનો પ્રસંગે તેમણે મક્કમ હાથે જે કામ લીધેલું તેની કદર કરે છે અને તેમને દીર્ઘજીવી સ્વાસ્થ્ય પ્રાપ્ત થાય અને વર્ષો સુધી તેઓ દેશના નવઘડતરમાં સંગીન ફાળો આપતા રહે એવી શુભેચ્છા પાઠવે છે."

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ.

જૈન કેળવણી મંડળ-સુવર્ણ મહોત્સવ

આ અંગેની નોંધ જગ્યાના અભાવે આ અંકમાં આપી શકાઇ નથી, તે આવતા અંકમાં લેવામાં આવશે. તંત્રી

સંઘ સમાચાર

વાર્ષિક સામાન્ય સભા

તા. ૨૫–૨–૫૬ શનીવાર સાંજના પાંચ વાગ્યે સંઘના કાર્યાલયમાં મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા શ્રી. ખીમજી માડણ ભુજપુરીઆના પ્રમુખપણા નીચે મળી હતી. સંઘના સભ્યો સારી સંખ્યામાં ઉપસ્થિત થયા હતા. ગયા વર્ષ દરમિયાન મળેલી વાર્ષિક સામાન્ય સભાની નોંધ મંજુર થયા બાદ ગતવર્ષની કાર્યવાહી રજુ કરતો વૃત્તાન્ત તથા સંઘના અને શ્રી. મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયના ઑડિટ થયેલા આવક જાવકના હિસાબો અને સરવૈયાં (જે આ અંકમાં અન્યત્ર પ્રગટ કરવામાં આવ્યા છે.) રજુ કરવામાં આવ્યાં હતાં અને ફેટલીએક ચર્ચા અને સંઘ તથા વાચનાલય પુસ્તકાલયની કાર્યવાહી અંગે કેટલાંક સૂચનો થયા બાદ તે સર્વ સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યા હતાં. ત્યાર બાદ ચાલુ વર્ષ માટે સંઘ તેમજ વાચનાલય પુસ્તકાલય અંગેનાં મંત્રીઓ તરફથી રજુ કરવામાં આવેલાં અંદાજપત્રોને મંજુરી આપવામાં આવી હતી.

શ્રી મણિલાલ મોકમચંદ શાહ વાચનાલય પુસ્તકાલયના ટ્રસ્ટીઓની ટ્રસ્ટડીડના નિયમ મુજબ, દર પાંચ વર્ષે નવી નિમણુંક કરવાની હોય છે. આગળની નિમણુંકને છ વર્ષ થઇ ગયાં હતાં. આ વખતે એ નિમણુંકનો પ્રશ્ન મંત્રીઓ તરફથી રજુ થતાં આગળના પાંચે ટ્રસ્ટીઓને ચાલુ રાખવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું હતું. આ ટ્રસ્ટીઓના નામ નીચે મુજબ છે.

૧ શ્રી. ચીમનલાલ ચકુભાઈ શાહ
૨ ,, પરમાનંદ કુંવરજી કાપડિયા
૩ ,, રમણિકલાલ મણિલાલ શાહ
૪ ,, રતિલાલ ચીમનલાલ કોઠારી
૫ ,, પ્રવીણચંદ્ર હેમચંદ અમરચંદ

ત્યાર બાદ મુંબઈ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિની ચૂંટણી કરવામાં આવી હતી, જેનું પરિણામ નીચે મુજબ આવ્યું હતું.

૧	શ્રી. ખીમજી માડણ ભુજપુરીઆ	પ્રમુખ
૨	,, લીલાવતીબહેન દેવીદાસ	ઉપપ્રમુખ
૩	,, પરમાનંદ કુંવરજી કાપાડિયા	મંત્રીઓ
૪	,, શાન્તિલાલ દેવજી નંદુ	મંત્રીઓ
૫	,, ચીમનલાલ જે. શાહ	કોષાધ્યક્ષ
૬	,, ચીમનલાલ ચકુભાઈ શાહ	સભ્ય
૭	,, ટી. જી. શાહ	,,
૮	,, રતિલાલ ચીમનલાલ કોઠારી	,,
૯	,, તારાબહેન રમણલાલ શાહ	,,
૧૦	,, જસુમતીબહેન મનુભાઈ કાપડિયા	,,
૧૧	,, રમણિકલાલ મણિલાલ શાહ	,,
૧૨	,, ચંદુલાલ સાંકળચંદ વકીલ	,,
૧૩	,, દીપચંદ ત્રિભોવનદાસ શાહ	,,
૧૪	,, નાનચંદભાઈ શામજી	,,
૧૫	,, રતિલાલ ઉજમશી શાહ	,,
૧૬	,, કાન્તિલાલ ઉમેદચંદ બરોડિયા	,,
૧૭	,, દીપચંદ લક્ષ્મીચંદ સંઘવી	,,
૧૮	,, જયન્તીલાલ નાનચંદ ડેલીવાળા	,,
૧૯	,, વલ્લભદાસ કુલચંદ મહેતા	,,
૨૦	,, બચુભાઇ પી. દોશી	,,

સંઘ તથા વાચનાલય પુસ્તકાલયના હિસાબ–અન્વેષક તરીકે મેસર્સ શાહ મહેતા એન્ડ ચોકસીને નવા વર્ષ માટે ચાલુ રાખવામાં આવ્યા હતા અને ગત વર્ષના કામકાજ માટે તેમ જ વાર્ષિક સભાનાચૂંટણી કાર્યમાં મદદરૂપ થવા માટે તેમના પ્રત્યે આભારની લાગણી સભા તરફથી પ્રગટ કરવામાં આવી હતી અને આઇસક્રીમના અલ્પાહાર બાદ સંઘની વાર્ષિક સભા પરસ્પર પ્રેમ, સદ્‌ભાવ અને આનંદના વાતાવરણ વચ્ચે વિસર્જિત કરવામાં આવી હતી.

કાર્યવાહક સમિતિમાં કરવામાં આવેલ પુરવણી

આ રીતે ચૂંટાયલી સંઘની નવી કાર્યવાહક સમિતિની પહેલી સભા તા. ૨૮–૨–૫૬ ના રોજ સંઘનાં કાર્યાલયમાં મળી હતી, જે વખતે કાર્યવાહક સમિતિમાં નીચેના સભ્યોની પુરવણી કરવામાં આવી હતી.

૧ શ્રી. વેણીબહેન કાપડિયા
૨ ,, ચીમનલાલ પી. શાહ
૩ ,, અંબાલાલ ચતુરભાઇ શાહ

ત્યાર બાદ સંઘહસ્તક ચાલતા વાંચનાલય પુસ્તકાલયને લગતી સમિતિ માટે નીચે મુજબના ચાર સભ્યોની નિમણુંક કરવામાં આવી હતી.

૧ શ્રી. ચંદુલાલ સાંકળચંદ વકીલ
૨ ,, દીપચંદ ત્રિભોવનદાસ શાહ
૩ ,, બચુભાઇ પી. દોશી
૪ ,, શાન્તિલાલ દેવજી નંદુ

પ્રસ્તુત વાચનાલય પુસ્તકાલય માટે ઉપર જણાવ્યા મુજબ આ વખતે નવા નિમાયેલ પાંચ ટ્રસ્ટીઓ આ વાચનાલય પુસ્તકાલયના અધિકારની રૂઇએ સભ્યો બને છે. આ સમિતિના મંત્રી તરીકે શ્રી. શાન્તિલાલ દેવજી નંદુની નિમણુક કરવામાં આવી છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

એલીફન્ટા - પર્યટણ

સંઘ તરફથી તા. ૧૮ મી માર્ચના રોજ એલીફન્ટાનું પર્યટણ યોજવામાં આવ્યું છે. એને માટે ખાસ સ્ટીમ લોન્ચની વ્યવસ્થા કરવામાં આવશે. પર્યટણમાં જોડાનાર સંઘના સભ્યે પોતાની સાથે પૂરી, શાક, એક વાડકો અને બની શકે તો એક શેતરંજી–આટલી વસ્તુ લાવવાની રહેશે. સંઘ તરફથી શીખંડ, ચાપાણી તથા નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવશે. પર્યટણમાં જોડાનાર મોટાઓ માટે રૂપિયા ચાર અને દસ વર્ષની નીચેનાં બાળકો માટે * રૂપિયા ત્રણ રાખવામાં આવ્યા છે. સંઘના સભ્યો મોટી સંખ્યામાં સહકુટુંબ પર્યટણમાં જોડાશે એવી આશા છે. પર્યટણમાં જોડાવા ઇચ્છિનારને પોતાનાં નામ સંઘના કાર્યાલયમાં સોમવાર તા. ૧૨ મી માર્ચ સુધીમાં નોંધાવી જવા વિનંતિ છે.

સ્ટીમલોન્ચ ઊપડવાનાં સમય અને સ્થળ વિષેની વિગતો આવતા અંકમાં આપવામાં આવશે.

શ્રી. પુકુલ જયકરનું 'શ્રી. જે. કૃષ્ણમૂર્તિ' ઉપર વ્યાખ્યાન (અંગ્રેજીમાં)

તા. ૮–૩–૫૬ ગુરૂવાર સાંજના ૬–૧૫ વાગ્યે શ્રી મુંબઇ જૈન યુવક સંઘના ઉપક્રમે સંઘના કાર્યાલયમાં (૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ) ઓલ ઇન્ડીઆ હેન્ડીક્રેફ્ટ અને ઓલ ઇન્ડીઆ હેન્ડલુમ બોર્ડના સભ્ય બહેન પુકુલ જયકર 'શ્રી. જે. કૃષ્ણમૂર્તિ' ઉપર જાહેર વ્યાખ્યાન આપશે.

વિષય સૂચિ

		પૃષ્ઠ
શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો વાર્ષિક વૃત્તાંત		૧૯૯
બંધન (કાવ્ય)	ગીતા પરીખ	૨૦૨
આચાર્ય નરેન્દ્ર દેવ	વાડીલાલ ડગલી	૨૦૩
બાલદીક્ષા પ્રતિબંધ બીલ પ્રકરણ	સં. પરમાનંદ	૨૦૪
પ્રકીર્ણ નોંધ : દાદાસાહેબ : એક અસામાન્ય જીવનવિભૂતિ, મુંબઈના નવા મેયર બહેન સુલોચના મોદીને ધન્યવાદ, હરિજન પત્રોને અંજલિ.	પરમાનંદ	૨૦૫
સંઘ સમાચાર		૨૦૭
મુંબઈ જૈન યુવક સંઘ તથા વાચનાલય–પુસ્તકાલયના ઑડિટ થયેલા હિસાબો.		૨૦૮

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

શ્રી 'પ્રબુદ્ધ જીવન' નો સંવત ૨૦૧૧ ના આસો વદ ૦)) ના દિવસે પુરા થતાં વર્ષનો આવક તથા ખર્ચનો હિસાબ

આવક

	રૂા. આ. પા.	રૂા. આ. પા.
લવાજમના		
રોકડા આવ્યા	...૧,૬૪૪—૮—૦	
શ્રી. મુંબઈ જૈન યુવક સંઘના સભ્યોને 'પ્રબુદ્ધ જીવન' નિયમ મુજબ મોકલવામાં આવે છે તેના એડજસ્ટ કર્યા.	... ૭૦૦—૦—૦	૨,૩૪૪—૮—૦
ભેટના	...	૧૦૦—૦—૦
		૨,૪૪૪—૮—૦
વર્ષ દરમિયાન આવક કરતાં ખર્ચના વધારાના શ્રી જનરલ ફંડ ખાતે લઇ ગયા	...	૨,૭૪૭–૧૨—૬
	કુલ રૂા.	૫,૧૯૨—૫—૬

ખર્ચ

	રૂા. આ. પા.
માણસોને પગારના ...	૧,૦૭૨—૮—૦
પેપર ખર્ચ ...	૬૬૬—૫—૩
છપામણી ખર્ચ ...	૨,૬૭૪—૦—૦
પોસ્ટેજ ખર્ચ ...	૪૮૬—૪—૬
પરચુરણ ખર્ચ ...	૨૯૩—૩—૮
કુલ રૂા.	૫,૧૯૨—૫—૬

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો સંવત ૨૦૧૧ ના આસો વદ ૦)) નો દિવસે પુરા થતાં વર્ષનો આવક તથા ખર્ચનો હિસાબ

આવક

	રૂા. આ. પા.	રૂા. આ. પા.
ભેટના		
ચાલુ ભેટ	...૧,૮૬૮—૦—૦	
રજત મહોત્સવ ફંડ નં. ૨ ખાતે...	૨૦—૦—૦	
વ્યાખ્યાનમાળા ખાતે	... ૭૬૫—૧—૫	૨,૬૫૪—૧—૫
લવાજમના		
સંવત ૨૦૧૦ ના	... ૮૫—૦—૦	
સંવત ૨૦૧૧ ના કુલ આવ્યા. ૧,૫૮૧-૦-૦ લવાજમના એડ- જસ્ટ કર્યા. ૭૦૦-૦-૦	૮૮૧—૦—૦	૬૬૬—૦—૦
વ્યાજના		
ડીબેંચરો પર (નેટ)	... ૧૬૨—૪—૦	
બેંકના ચાલુ ખાતા પર	... ૨૧—૬—૦	૧૮૩–૧૩—૦
જાહેર ખબરની આવક (ઓપેરા બુકની)	...	૨૨૫—૦—૦
		૪,૦૨૮–૧૪—૬

ખર્ચ

	રૂા. આ. પા.
પગારના ...	૧,૦૭૨—૮—૦
મકાન ભાડું તથા વીજળી ખર્ચ...	૨૨૬–૧૦—૬
પ્રીન્ટીંગ અને સ્ટેશનરી ...	૧૭૫–૧૦—૦
પોસ્ટેજ ખર્ચ ...	૬૬—૭—૬
ઓડીટરોને સં. ૨૦૧૦ ના ચોપડા તપાસવાની ફીના ...	૫૦—૦—૦
પરચુરણ ખર્ચ ...	૪૬૨—૭—૮
વ્યાખ્યાનમાળા અંગે થયેલ ખર્ચ.	૮૩૬–૧૩—૦
રજતમહોત્સવ ખર્ચ ...	૨૦૧—૭—૦
ધસારાના : ફરનીચર પર ...	૨૫—૦—૦
સરવાયા ફેરના માંડીવાળ્યા ...	૦–૧૦—૮
	૩,૧૫૦–૧૦—૬
વર્ષ દરમિયાન ખર્ચ કરતાં આવકનો વધારો શ્રી જનરલ ફંડ ખાતે લઇ ગયા ...	૮૭૮—૪—૩
	૪,૦૨૮–૧૪—૬

સંવત ૨૦૧૧ ના આસો વદ ૦)) ના દિવસનું સરવાયું

ફંડો અને દેવું

	રૂા. આ. પા.	રૂા. આ. પા.
શ્રી રીઝર્વ ફંડ ખાતું		
ગયા વરસના બાકી		૧,૧૦૦—૦—૦
સંઘ હસ્તકનાં ખાતાંઓ		
શ્રી પુસ્તક પ્રકાશન ખાતું		
ગયા વરસ મુજબ બાકી	૩,૦૩૩–૧૦—૬	
શ્રી વૈદ્યકીય રાહત ખાતું		
ગયા સરવાયા મુજબ બાકી...૧૨૪–૧૦—૬		
ઉમેરો : વર્ષ દરમિયાન ભેટના આવ્યા ૬૮—૦—૦	૨૨૨–૧૦—૬	
બાદ: વર્ષ દરમિયાન વૈ. રા. ખર્ચના ૧૩૮—૧—૬	૮૪—૬—૩	

મિલકત અને લેણું

	રૂા. આ. પા.	રૂા. આ. પા.
ઇન્વેસ્ટમેંટ્સ (ચોપડા પ્રમાણે)		
પરૂ ટકાના ધી ઇન્ડીયન સુમ પાઈપ કું.લી.ના રૂા.૪૦૦૦) ની ફેઇસવેલ્યુના ડીબેંચરો ...		૪,૨૩૬—૬—૨
ફરનીચર (ચોપડા પ્રમાણે)		
વર્ષ દરમિયાન સંઘની માલીકીના ફરનીચરની આશરે કિંમત ચોપડામાં લાવ્યા તેના ...	૪૦૦—૦—૦	
વર્ષ દરમિયાન નવું ખરીદ્યું ...	૩૦—૦—૦	
	૪૩૦—૦—૦	
બાદ: ફરનીચર પર વર્ષ દરમિયાન ધસારાના ...	૨૫—૦—૦	૪૦૫—૦—૦
સ્ટોક : (ખરીદ કિંમતે)		
પેપર		૭૫—૦—૦

શ્રી માવજત ખાતું	રૂા. આ. પા.	રૂા. આ. પા.
ગયા સરવાયા મુજબ બાકી	૨૮૬-૧૧-૯	
ઉમેરો: વર્ષ દરમિયાન માવજત સાધનોના ઘસારાના આવ્યા	૧૦-૦-૬	૨૯૬-૧૨-૩
		૩,૪૧૫-૦-૦
ઢબું :		
ખર્ચ અંગે		
શ્રી કચ્છી વીશા ઓસવાળ પ્રીં. પ્રેસ	૫૮૨-૦-૦	
અગાઉથી આવેલા સંવત ૨૦૧૨ અને ૨૦૧૩ નાં લવાજમો	૪૮૫-૦-૦	
માવજતનાં સાધનો અંગે ડીપોઝીટ	૧૮-૦-૦	
પ્રબુધ્ધ જીવનનું એડવાન્સ લવાજમ	૧૩૩-૦-૦	
પરચુરણ ઢબું		
ઉપલક ખાતું ૨૬-૧૫-૦		
શ્રી. સોહનલાલ દુગડ ૬૦-૦-૦		
,, અલ્પાહાર ખાતું ૬૨-૧૨-૬		
,, નાંગશી ધારસી શેઠીયા ... ૬૦-૦-૦	૨૬૬-૧૧-૬	૧,૪૬૭-૧૧-૬
ધી જનરલ ફંડ ખાતું		
ગયા સરવાયા મુજબ બાકી ...	૧૩,૨૪૭-૬-૧૦	
ઉમેરો: સંઘની માલીકીના ફરનીચરની કિંમતના ચોપડામાં લાવ્યા ...	૪૦૦-૦-૦	
	૧૩,૬૪૭-૬-૧૦	
ઉમેરો: મુંબઇ જૈન યુવક સંઘના આવક ખર્ચ ખાતેથી: ખર્ચ કરતાં આવકનો વધારો	૮૭૮-૪-૩	
	૧૪,૫૨૫-૧૧-૧	
બાદ: શ્રી પ્રબુધ્ધ જીવનના આવક ખર્ચ ખાતેથી: આવક કરતાં ખર્ચનો વધારો	૨,૭૪૭-૧૨-૬	૧૧,૭૭૭-૧૪-૭
		૧૭,૭૬૦-૧૦-૧

લેણું : (સધ્ધર)	રૂા. આ. પા.	રૂા. આ. પા.
શ્રી. મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાંચનાલય અને પુસ્તકાલય	૭૦૨-૦-૬	
સભ્ય લવાજમના બાકી લેણા...	૩૦૦-૦-૦	
સંઘના સ્ટાફ પાસે ...	૨૭૦-૦-૦	
પંડિત સુખલાલજી સન્માન સમિતિ	૨૪-૨-૦	૧,૨૬૬-૨-૬
રોકડ તથા બેંક બાકી :		
ધી બેંક ઓફ ઈન્ડીયા લી. ના ચાલુ ખાતામાં	૧૦,૨૪૮-૭-૮	
રોકડ પુરાંત	૨૪૭-૮-૦	૧૦,૪૬૫-૧૫-૮
શ્રી 'સત્યં શીવં સુન્દરમ્' પુસ્તક પ્રકાશન ખાતું :		
ગયા સરવાયા મુજબ બાકી...	૧,૬૫૩-૧-૩	
ઉમેરો: વર્ષ દરમિયાન છપાઈ વિ. ખર્ચના ...	૧૭-૮-૬	
	૧,૬૭૦-૬-૬	
બાદ: પુસ્તકો વેચાણના કુલ આવ્યા	૩૮૮-૮-૦	૧,૨૮૨-૧-૬
		૧૭,૭૬૦-૧૦-૧

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું ઉપરનું સરવાયું મજકુર સંઘના ચોપડા તથા વાઉચરો સાથે અમોએ તપાસ્યું છે અને બરોબર માલુમ પડયું છે.

શાહ મહેતા એન્ડ ચોકસી

મુંબઇ, તા. ૩ જી ફેબ્રુઆરી, ૧૯૫૬ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ્ ઓડીટર્સ.

શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયનો આવક જાવકનો હિસાબ

આવક

	રૂા. આ. પા.	રૂા. આ. પા.
લવાજમના ...		૭૬૪-૧૨-૦
વ્યાજના		
સીક્યુરીટીઓ પર ...	૧૫૦-૦-૦	
પબ્લીક લીમીટેડ કંપનીઓના ડીબેન્ચરો પર ...	૧,૦૬૩-૧૨-૦	
બેંકના ચાલુ ખાતામાં ...	૬-૧૨-૦	૧,૨૫૦-૮-૦
ભેટના ...		૨૮૬-૦-૦
પરચુરણ આવક ...		
પસ્તી વેચાણના ...	૮૪-૧૨-૦	
પાસબુક વેચાણના ...	૫૦-૪-૦	
પુસ્તકો મોડા આવતા દંડના ...	૫૮-૧-૦	૧૯૩-૧-૦
સરવાયા ફેરના માંડીવાળ્યા ...		૦-૨-૬
		૨,૫૨૪-૭-૬
વર્ષ દરમિયાન આવક કરતાં ખર્ચનો વધારો ...		૨,૦૬૪-૧૨-૩
		૪,૬૧૬-૪-૦

ખર્ચ

	રૂા. આ. પા.	રૂા. આ. પા.
એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચ		
સ્ટેશનરી તથા છપામણી ...	૬૧-૧૨-૦	
પરચુરણ ખર્ચ ...	૧૦-૫-૦	
વીમાના પ્રીમીયમના ...	૪૩-૧૨-૦	૧૧૫-૧૩-૦
ઓડીટરોને સંવત ૨૦૧૦ ના હિસાબો તપાસવાની ફી ના...		૫૦-૦-૦
ધી બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એડમીનીસ્ટ્રેશન ફંડને સં. ૨૦૦૮ અને ૨૦૦૯ ની કાચી આવક પર ફાળાના ...		૧૦૦-૧-૦
ઘસારાના		
પુસ્તકો પર ...	૬૧૧-૦-૬	
ફરનીચર પર ...	૧૪૬-૦-૦	૧,૦૫૭-૦-૬
ટ્રસ્ટના ઉદ્દેશો અંગે ખર્ચ		
પેપર લવાજમના ...	૪૦૪-૭-૬	
ગ્રંથપાળને પગારના ...	૧,૪૦૦-૦-૦	
ઘાટીને પગારના ...	૬૬૬-૧૧-૬	
મકાનભાડું તથા વીજળી બત્તી ખર્ચના ...	૪૬૨-૦-૬	
બુક બાઇન્ડીંગ ખર્ચના ...	૬૦-૨-૦	૩,૨૬૬-૫-૬
		૪,૬૧૬-૪-૦

(12)

શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય તથા પુસ્તકાલય : સંવત ૨૦૧૧ આસો વદિ ૦)) ના દિવસનું સરવાયું.

ફંડો અને દેવું

	રૂ. આ. પા.	રૂ. આ. પા.
શ્રી સ્થાયી ફંડ ખાતું :		
ગયા સરવાયા મુજબ બાકી ...		૨૪,૫૬૧—૦—૦
શ્રી પુસ્તક ફંડ ખાતું :		
ગયા સરવાયા મુજબ બાકી ...	૫૦૦—૦—૦	
ઉમેરો : વર્ષ દરમિયાન પુસ્તકાલયનાં કુલ પુસ્તકોની કિંમત આશરે આંકી ચોપડામાં લાવ્યા તેના	૫,૦૦૦—૦—૦	૫,૫૦૦—૦—૦
શ્રી ફરનીચર ફંડ :		
વર્ષ દરમિયાન પુસ્તકાલયની માલીકીના ફરનીચરની આશરે કિંમત ચોપડામાં લાવ્યા તેના ...		૨,૪૦૦—૦—૦
દેવું :		
ડીપોઝીટો :		
પુસ્તકો અંગે	૨,૭૮૦—૮—૦	
પુસ્તકો અંગે વધારાની ડીપોઝીટ	૫૯—૦—૦	
સામયિકો અંગે ડીપોઝીટ	૨૩—૦—૦	૨,૮૬૨—૮—૦
શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ખાતે	૭૦૨—૦—૬	૩,૫૬૪—૮—૬
શ્રી આવક ખર્ચ ખાતું :		
ગયા સરવાયા મુજબ બાકી	૩,૭૯૦—૪—૬	
બાદ: વર્ષ દરમિયાન આવક કરતાં ખર્ચનો વધારો	૨,૦૯૪-૧૨—૩	૧,૬૯૫—૮—૩
		૩૭,૭૨૧—૦—૯

મિલકત અને લેણું

	રૂ. આ. પા.	રૂ. આ. પા.
ઇન્વેસ્ટમેન્ટસ : (ચોપડા પ્રમાણે)		
સીકયુરીટીઓ (ફેઇસવેલ્યુ)		
૫ ટકાની સને ૧૯૨૬ ની બોમ્બે મ્યુની-સીપલ લોન	૩,૦૦૦—૦૦	૩,૬૧૫—૦—૦
પબ્લીક લીમીટેડ કંપનીઓના ડિબેંચરો :		
૪ ટકાના ધી રાવલ-ગામ સુગર ફાર્મ કું. લી. ના ડીબેન્ચરો	૧૦,૦૦૦-૦-૦	૧૦,૦૦૦—૦—૦
૫½ ટકાના ધી સ્ટેન્ડર્ડ વેકયુમ રીફ્રાઇનીંગ કું. ઓફ ઇન્ડીઆ લી. ના ડીબેંચરો	૫,૦૦૦—૦—૦	૫,૨૭૩—૦—૦
૫ ટકાના ધી તાતા લોકો મોટીવ એન્ડ એન્જીનીયરીંગ કું. લી.ના ડીબેંચરો	૬,૦૦૦—૦—૦	૬,૧૬૩—૮—૦
	૨૧,૦૦૦—૦—૦	૨૫,૦૫૧—૮—૦
ફરનીચર અને ફીટીંગ્સ : (ચોપડા પ્રમાણે)		
સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયની માલીકીના ફરનીચરની આશરે કીંમતના વર્ષ દરમિયાન ચોપડામાં લાવ્યા.	...૨,૪૦૦—૦—૦	
ઉમેરો : વર્ષ દરમિયાન નવું લીધું...	૩૮—૦—૦	
	૨,૪૩૮—૦—૦	
બાદ : વર્ષ દરમિયાન ઘસારાના...	૧૪૬—૦—૦	૨,૨૯૨—૦—૦
પુસ્તકો : (ચોપડા પ્રમાણે)		
ગયા સરવાયા મુજબ બાકી ...	૭૦૧—૮—૦	
ઉમેરો : વર્ષ દરમિયાન પુસ્તકાલયની માલીકીના કુલ પુસ્તકોની કીંમત આશરે આંકી ચોપડામાં લાવ્યા તેના	૫,૦૦૦—૦—૦	
વર્ષ દરમિયાન નવા ખરીદ્યાં	૩૭૩-૮—૬	૫,૩૭૩—૮—૬
	૬,૦૭૫—૦—૬	
બાદ : વર્ષ દરમિયાન ઘસારાના ...	૬૧૧—૦—૬	૫,૧૬૪—૦—૦
લેણું : (સદ્ધર)		
ઇન્કમટેક્ષ રીફન્ડનું લેણું ...	૧૮૧-૧૪—૦	
બીજું લેણું ...	૦-૧૫—૦	૧૮૨-૧૩—૦
રોકડ તથા બેંક બાકી :		
ધી બેંક ઓફ ઇન્ડીયા લી. ના ચાલુ ખાતામાં	...૫,૦૧૭—૦—૦	
રોકડ પુરાંત ...	૧૩-૧૧—૬	૫,૦૩૦-૧૧—૬
		૩૭,૭૨૧—૦—૬

અમોએ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયનું સંવત ૨૦૧૧ ના આસો વદી ૦)) ના દિવસનું ઉપરનું સરવાયું મજકુર સંસ્થાના ચોપડા તથા વાઉચરો સાથે તપાસ્યું છે અને બરોબર માલુમ પડ્યું છે.

શાહ મહેતા એન્ડ ચોકસી

મુંબઇ તા. ૩ જી ફેબ્રુઆરી, ૧૯૫૬ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ્ ઓડીટર્સ.

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મસ્જીદ બંદર રોડ, મુંબઈ ૯. ટે. નં. ૩૪૬૨૯

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

પ્ર. જૈનયુગ વર્ષ ૧૪–પ્ર. જીવન વર્ષ ૩
અંક ૧૨

યુવક જીવન

મુંબઈ, માર્ચ ૧૫, ૧૯૫૬, ગુરુવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : ત્રણ આના

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

પ્રકીર્ણ નોંધ

જૈન મંદિરનો પૂજારી એટલે Priest (ધર્મગુરૂ) નહિ : એક ગેરસમજુતીનું નિવારણ

ખોટો અનુવાદ અથવા ભાષાન્તર કરવાથી કેવો અનર્થ અને ગેરસમજુતી પેદા થાય છે તેનું ખાસ ધ્યાન ખેંચે એવી એક ઘટના બની ગઈ. અમદાવાદમાં જૈન મંદિરોમાં કામ કરતા પુજારીઓનું એક કામદાર મંડળ ઉભું થયાના સમાચાર થોડા સમય પહેલાં છાપાઓમાં પ્રગટ થયા હતા. આ મંડળ તરફથી પૂજારીઓના પગાર, રજા, મોંઘવારી વગેરે અંગે કેટલીક માંગણીઓ જૈન મંદિરના ટ્રસ્ટીઓ સમક્ષ રજુ કરવામાં આવી હતી. આ પૂજારીઓ અને તેમની માંગણીઓ સંબંધી એક રીપોર્ટ અથવા તો પરિચયનોંધ અમદાવાદના કોઈ સ્થાનિક રીપોર્ટરે અમેરિકામાં પ્રસિદ્ધ થતા 'ટાઇમ' નામના જગપ્રસિધ્ધ સાપ્તાહિક પત્ર ઉપર મોકલ્યો હતો અને તેમાં તે પ્રગટ થયો હતો. તે રીપોર્ટમાં પૂજારીઓ માટે 'પ્રીસ્ટસ'–Priests–(જેનો ગુજરાતી અર્થ ધર્મગુરૂઓ થાય) શબ્દનો ઉપયોગ કર્યો હતો અને પૂજારીઓની રહેણી કરણી, આચાર વિચાર અને માંગણીઓની નીચે મુજબ રજુઆત કરવામાં આવી હતી.

"પશ્ચિમ હિન્દુસ્તાનમાં આવેલા અમદાવાદ શહેરમાં ૧૦૦ જૈન મંદિરો છે, જેમાં ભગવાન અને ભક્તો વચ્ચે ૬૦૦ જેટલા ધર્મગુરૂઓ (Priests) કામ કરે છે. તેઓનું જીવન ઘણું કઠણ અને પવિત્ર હોય છે. તેઓ ધાર્મિક પ્રાર્થનાઓ મંદિરમાં કરે છે, મંદિરની તીજોરી સાચવે છે. તેઓ બીડી પીતા નથી તેમજ દારૂ પીતા નથી. પતંગીયા દીવામાં પડીને મરી ન જાય તેટલા માટે સૂર્યાસ્ત પહેલાં તેઓ જમી લે છે. અને રખેને શ્વાસ લેતા જીવજંતુઓ મરી જાય એટલા માટે આ લોકો શ્વેતવસ્ત્ર (મુહપત્તિ) થી મોઢું ને નાક ઢાંકી દે છે. તેમનો પગાર એક મહિનાનો પાંચ ડોલર (લગભગ રૂા. પચીશ) થી કદી વધારે હોતો નથી.

"બીનધાર્મિક રાજ્યની અસર હવે અમદાવાદમાં પણ પહોંચવા લાગી છે. કેટલાક જૈન ધર્મગુરૂઓએ હમણાં તાજેતરમાં અમદાવાદમાં જાહેરમાં મોઢા ઉપરની મુહપત્તિ છોડી નાખી છે તે રેસ્ટોરાંની અંદર ખાવાપીવાની પણ શરૂઆત કરી દીધી છે. પતંગીયાઓની દયાની ચિંતા છોડી દઈને દીવા વાપરવાની શરૂઆત પણ કરી દીધી છે. ગયા અઠવાડીએ તો આના કરતાં પણ વાત એક ડગલું આગળ વધી કે સો જેટલા ધર્મગુરૂઓએ ભેગા થઈને 'અમદાવાદ જૈન મંદિર ધર્મગુરૂઓનું કામદાર મંડળ' એ નામથી મંડળની સ્થાપના કર્યાની જાહેરાત કરી, કારણ કે દેવોની પૂજા કરવી એ પણ એક ઔદ્યોગિક નોકરી છે. તેથી તેમણે મંદિરના વ્યવસ્થાપકો પાસે માંગણી કરી કે:–

"અમોને દર મહિને ઓછામાં ઓછા આઠ ડોલર (લગભગ રૂા. ૪૦) પગાર મળવો જોઇએ, દર અઠવાડીએ એક દિવસની રજા મળવી જોઇએ અને માંદગી અંગે એક અઠવાડીયાની રજા મળવી જોઇએ. આ ઉપરાંત દર વરસે ત્રણ અઠવાડીઆની હક્કની રજા મળવી જોઇએ અને જ્યારે અમે છૂટા થઇએ ત્યારે અમોને અમુક રકમ મળવી જોઇએ અને અમે કામ કરતા કરતા ગુજરી જઇએ તો અમારા કુટુંબને એ રકમ મળવી જોઇએ."

"આ જાણીને અમદાવાદના મંદિરોના વ્યવસ્થાપક જૈન શ્રીમંતો ખળભળી ઊઠયા અને એકે કહ્યું કે ધનનો ત્યાગ કરવો એ તેમનું વ્રત છે તો પછી તેમનાથી યુનીયન (મંડળ) સ્થાપી શકાય જ કેમ ? અને પગારની માગણી પણ કેમ કરી શકાય ? ત્યારે બીજા એક ભાઇએ ગભરાઇને કહ્યું કે "પુજારીઓ જે દિવસે રજા પાળે તે દિવસે પૂજા કરશે કોણ ?"

આ લેખ વાંચતાં માલુમ પડશે કે આ રીપોર્ટરે પૂજારીઓને પ્રીસ્ટસ તરીકે ખોટી રીતે ઓળખાવ્યા છે, એટલું જ નહિ પણ પૂજારીઓને લગતા વર્ણનમાં જૈન સાધુઓના જીવનને લગતી પણ કેટલીક બાબતો ભેળવી દીધી છે, અને એક એવું વિકૃત ચિત્ર ઉભું કર્યું છે કે જે નથી જૈન મંદિરના પૂજારીનું કે નથી પંચમહાવ્રતધારી જૈન સાધુનું. આ રીતે આ લેખ જૈન સાધુઓ વિષે પરદેશીઓનાં દિલમાં સ્વાભાવિક રીતે ગંભીર ગેરસમજુતીઓ પેદા કરે એવો સંભવ હતો.

સદ્‌ભાગ્યે ડૉ. મીસ સી. ક્રાઉઝે જેઓ મૂળ જર્મનીનાં છે, પણ વર્ષોથી હિંદમાં વસે છે, જેઓ જૈન ધર્મના અનુયાયી છે અને જૈન સમાજમાં 'સુભદ્રાદેવી'નાં નામથી ઓળખાય છે અને જેઓ હાલ મધ્યભારતમાં ગ્વાલિયર ખાતે ઇન્ડોલોજીના રીસર્ચ પ્રોફેસર તરીકે કામ કરે છે, તેમણે આ લેખે જૈન સાધુઓ સંબંધમાં ઉભી કરેલી ગેરસમજુતીઓને દૂર કરતો, અને પૂજારી અને જૈન સાધુ વચ્ચેનો સાચો તફાવતને રજુ કરતો એક પત્ર 'ટાઇમ'નાં અધિપતિ ઉપર લખ્યો છે અને ટાઇમના પછીના અંકમાં તે પત્ર પ્રગટ પણ થયો છે. આ રીતે ડૉ. ક્રાઉઝેએ જૈન સમાજની એક નોંધવાયોગ્ય સેવા કરી છે.

શ્રી જૈન કેળવણી મંડળે ઉજવેલો શાનદાર સુવર્ણ મહોત્સવ

આજથી પર વર્ષ પહેલાં ઈ. સ. ૧૯૦૪ માં મુંબઈમાં વસતા સ્થાનકવાસી સમાજમાંના કેટલાએક ઉત્સાહી કાર્યકરોએ જૈન સમાજની ઉગતી પ્રજામાં ધાર્મિક સંસ્કારોનું સીંચન થાય એ હેતુથી 'શ્રી રત્ન-ચિન્તામણિ સ્થાનકવાસી જૈન મિત્રમંડળ' એ નામના એક નાના સરખા મંડળની સ્થાપના કરેલી. એ મંડળના આશ્રય નીચે નાની મોટી શિક્ષણ શાખાઓ શરૂ કરવામાં આવતી હતી અને સ્થાનકવાસી વિદ્યાર્થીઓને શૈક્ષણિક મદદ પહોંચાડવાના પ્રયત્ન થતા હતા. આ જ મંડળ તરફથી ઘાટકોપર ખાતે ઈ. સ. ૧૯૩૫ માં એક કન્યાશાળા શરૂ કરવામાં આવી હતી. આ કન્યાશાળા ઉત્તરોત્તર વિકાસ પામતી ગઇ અને આજે 'પંડિત રત્નચંદ્રજી જૈન કન્યાશાળા' નામથી જાણીતી બનેલી એક સાધનસંપન્ન સાર્વજનિક હાઇસ્કૂલમાં રૂપાન્તર પામી છે. જેમાં ૧૫૦૦ થી ૧૮૦૦ કન્યાઓને જાત, જાત કે કોમના કશા પણ ભેદભાવ સિવાય અને કોઇ પણ પ્રકારની ફી લીધા સિવાય ભણાવવામાં આવે છે. અને જે હાઇસ્કૂલ ચારથી પાંચ લાખનું પોતાનું આલીશાન મકાન ધરાવે છે. આ કન્યાશાળાનો વહીવટ ઘાટકોપરની સ્થાનિક સમિતિને કેટલાક વર્ષોથી સોંપી દેવામાં આવ્યો છે.

ઉપર જણાવેલ શ્રી રત્નચિન્તામણિ સ્થાનકવાસી જૈન મિત્રમંડળ જેની પ્રવૃત્તિઓ અને સામાજિક જવાબદારીઓ વધતી જતી હતી તે સમયાન્તરે ઇ. સ. ૧૯૪૩માં શ્રી જૈન કેળવણી મંડળમાં રૂપાન્તર

પામ્યું. આ કેળવણી મંડળ હસ્તક આજે પાંચ શિક્ષણ સંસ્થાઓનો વહીવટ ચાલે છે: (૧) લેડી તાપીબાઇ તરફથી ત્રણ લાખનું દાન મળતાં ઈ. સ. ૧૯૪૩ માં ઉભું કરવામાં આવેલ સર ચુનીલાલ ભાઇચંદ મહેતા જૈન વિદ્યાલય, (૨) અ. ભા. શ્વે. સ્થાનકવાસી જૈન કોન્ફરન્સ દ્વારા પૂનાં ખાતે રૂ. ૧,૭૫,૦૦૦ ખરચીને ઉભું કરવામાં આવેલ શ્રી સ્થાનકવાસી જૈન વિદ્યાલય, (૩) જાણીતા સંઘરાજકા કુટુંબની રૂ. ૧,૧૧,૧૧૧ ની સખાવતમાંથી ઉભું થયેલ 'શ્રી કેશવજી રાઘવજી સંઘરાજકા એન્ડ બ્રધર્સ વિદ્યાલય'–આ પ્રમાણે કોલેજોમાં ભણતા લગભગ ૨૦૦ વિદ્યાર્થીઓને રહેવા ખાવા વગેરેની સગવડો આપતાં ત્રણ છાત્રાલયો; અને (૪) ખેતાણી બંધુઓના રૂ. ૧,૨૫,૦૦૦ ના દાનમાંથી ઉભી થયેલ શ્રી રતનબાઈ કેશવજી ખેતાણી રત્નચિન્તામણિ જૈન હાઇસ્કૂલ (જે મુંબઇમાં ગીરગામ ઉપર આવેલી કોલેજવાડીમાં છે) અને (૫) શ્રી અમુલખ અમીચંદની રૂ. ૨૫,૦૦૦ ની સખાવતમાંથી મુંબઈની કોલભાટ લેઇનમાં ઉભું કરવામાં આવેલ મધુ બાલમંદિર–આ પ્રમાણે લગભગ ૭૦૦ વિદ્યાર્થીઓને ધાર્મિક તેમજ વ્યવહારિક શિક્ષણ આપતી બે શિક્ષણસંસ્થાઓ.

આમ એક નાના સરખા છોડમાંથી મોટા વટવૃક્ષમાં પરિવર્તન પામેલા શ્રી મુંબઈ જૈન કેળવણી મંડળે તા. ૧૨–૨–૫૬ સોમવારથી તા. ૧૯–૨–૫૬ રવિવાર સુધીના સપ્તાહ દરમિયાન એક ભારે શાનદાર સુવર્ણ મહોત્સવ ઉજવ્યો. મંડળ તરફથી હસ્તઉદ્યોગ અને કળાનું એક નાનું સરખું પ્રદર્શન રત્ન ચિન્તામણિ હાઇસ્કુલમાં યોજવામાં આવ્યું હતું જેનુ ઉદ્‌ઘાટન તા. ૧૩–૨–૫૬ ના રોજ શ્રી કપિલા બહેન ખાંડવાળાના હાથે કરવામાં આવ્યું હતું. સુવર્ણ મહોત્સવનો પ્રારંભ શ્રી મનુભાઇ પી. સંઘવીના પ્રમુખપણા નીચે રમત ગમતના મેળાવડાથી કરવામાં આવ્યો હતો. આજથી છ મહીના પહેલાં શરૂ કરવામાં આવેલ 'મધુ બાલ મંદિર'નું શ્રીમતી તારાબહેન માણેકલાલ પ્રેમચંદના હાથે તા. ૧૪–૨–૫૬ ના રોજ ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. તા. ૧૫–૨–૫૬ ના રોજ શ્રી જ્યોતીન્દ્ર હ. દવેના પ્રમુખપણા નીચે મુંબઇનાં બન્ને છાત્રાલયોના વિદ્યાર્થીઓની વકતૃત્વ હરીફાઇ રાખવામાં આવી હતી. તા. ૧૬–૨–૫૬ ના રોજ શ્રી જગન્નાથજી જૈનના પ્રમુખપણા નીચે ઓગ્ઝીલીયરી કેડેટ કોરની પેરેડ શ્રી મેઘજી થોભણ જૈન ઉપાશ્રયમાં ગોઠવવામાં આવી હતી. તા. ૧૭–૨–૫૬ ના રોજ શ્રી છોટાલાલ નાનાલાલ શાહના પ્રમુખપણા નીચે સર કાવસજી જહાંગીર હોલમાં વાલી–દિન ઉજવવામાં આવ્યો હતો. તા. ૧૮–૨–૫૬ ના રોજ ભારતીય વિદ્યા ભવનમાં શ્રી ગંભીરભાઇ ઉમેદચંદ શાહના પ્રમુખપણા નીચે રત્નચિન્તામણિ હાઇસ્કુલની વિદ્યાર્થીનીઓ તરફથી મનોરંજન કાર્યક્રમ રજુ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં શ્રી ખીમચંદ મગનલાલ વોરાએ રચેલુ 'શાલીભદ્ર' નાટક ભજવવામાં આવ્યું હતું જે ખાસ ધ્યાન ખેંચે તેવું હતું. તા. ૧૯–૨–૫૬ રવિવારના રોજ મુંબઇના રાજ્યપાલ ડૉ. હરેકૃષ્ણ મહેતાબના પ્રમુખપણા નીચે સુવર્ણ મહોત્સવને અંગે જાહેર સભા ભરવામાં આવી હતી અને એ પ્રસંગે પ્રસ્તુત મંગળ અવસરને અનુલક્ષીને તૈયાર કરવામાં આવેલ એક સચિત્ર આકર્ષક, દળદાર, જૈન કેળવણી મંડળની અનેક માહીતી આપતી પુસ્તિકા વહેંચવામાં આવી હતી. એ જ દિવસે સાંજના મુંબઈના બન્ને છાત્રાલયોના વિદ્યાર્થીઓ તરફથી વડાલામાં આવેલ શ્રી સંઘરાજકા છાત્રાલયના વિશાળ ચોગાનમાં શ્રી મંગળદાસ પકવાસાના પ્રમુખપણા નીચે મનોરંજક કાર્યક્રમ રજુ કરવામાં આવ્યો હતો અને 'મધુરેણ સમાપયેત્' એ કહેવત મુજબ મધુર ઉપાહાર વહે એ પ્રસંગે ઉપસ્થિત ભાઇ બહેનો તથા બાળકોનું આતિથ્ય કરવામાં આવ્યું હતું અને આ રીતે આઠ દિવસના લાગલાગટ વિવિધ કાર્યક્રમોની સુખદ પૂર્ણાહુતિ થઈ હતી. આ સુવર્ણ મહોત્સવને અનુલક્ષીને સ્થાનકવાસી શ્રીમાનો તરફથી જૈન કેળવણી મંડળને આશરે રૂા. ૬૫૦૦૦ નાં દાનો મળ્યાં હતાં. મુંબઇના સ્થાનકવાસી સમાજમાં, અન્યત્ર સાધારણ રીતે જોવા નથી મળતી તેવી એક પ્રકારની એકરૂપતા છે, અને સૌ કોઇ એકમેકની આમન્યા જાળવીને અને ભારે ઉત્સાહપૂર્વક અનેક સામાજિક કાર્યો કરે છે. આ એકરૂપતાનું–સંગઠિત ભાવનાનું–ઉપર જણાવેલ વિવિધ કાર્યક્રમો અને સંમેલનો દ્વારા પ્રસન્નતા–પ્રેરક દર્શન થયું હતું. આવો જંગી કાર્યક્રમ પાર પાડવામાં અનેક ભાઇઓએ ભારે જહેમત ઉઠાવી હતી અને તેમાં પણ શ્રી ખીમચંદ મગનલાલ વોરાનો અનેકવિધ પરિશ્રમ સૌ કોઇનું ખાસ ધ્યાન ખેંચે તેવો હતો. આ સુવર્ણ મહોત્સવની મધુર પૂરવણી રૂપે તા. ૨૬–૨–૫૬ રવિવારના રોજ જૈન કેળવણી મંડળ હસ્તકની સર્વ સંસ્થાઓના વિદ્યાર્થીઓને અમુક ચાર સ્થાનકવાસી ભાઇઓ તરફથી એક સમૂહભોજન આપવામાં આવ્યું હતું અને એ પ્રસંગે શ્રી ખીમચંદ મગનલાલ વોરા તરફથી રૂા. ૧૧૧૧ ના દાનની જાહેરાત કરવામાં આવી હતી. શ્રી ખીમચંદ ભાઇને આ માટે આપણુ સર્વના હાર્દિક ધન્યવાદ ઘટે છે.

પોતાનો સુવર્ણ મહોત્સવ ઉજવાય ત્યાં સુધી કોઇ પણ સસ્થા જીવન્ત હોવી એટલું જ નહિ પણ અનેક પ્રવૃત્તિઓદ્વારા સતત ફાલતી ફુલતી રહેવી એ સુભગ ઘટના એ સંસ્થા માટે અસામાન્ય ભાગ્યની લેખાય. સામાજિક સંસ્થાના ઇતિહાસમાં રજત મહોત્સવ, સુવર્ણ મહોત્સવ, હીરક મહોત્સવ એ સંસ્થાનો ઉત્તરોત્તર ઉત્કર્ષ દાખવતાં વિશિષ્ટ સીમાચિહ્નો છે. આવા પ્રસંગે જે સમાજ સાથે આવી સંસ્થાનો સંબંધ હોય છે તે સમાજમાં આવી સસ્થા માટે નવો ઉત્સાહ પ્રગટે છે અને તેના ભાવી પ્રયાણ માટે તે સમાજ એ સંસ્થા ઉપર દાનનો વરસાદ વરસાવે છે. આ રીતે આવા ઉત્સવ પ્રસંગે સંસ્થાને આર્થિક લાભ થાય તે જરૂર આવકારવાયોગ્ય છે. પણ પ્રગતિલક્ષી સંસ્થાએ માત્ર આવા આર્થિક લાભથી અને મનોરંજન તથા પરસ્પર સ્તુતિપ્રશંસાનાં સંમેલનોથી સંતોષ માનવો ઘટતો નથી. આવા દરેક પ્રસંગે પ્રસ્તુત સંસ્થાએ ભાવનાના ક્ષેત્રમાં કોઇ ને કોઇ મહત્વનું પગલું ભરીને આવા ઉધાપનને સાર્થક કરવું ઘટે છે. આપણે જે મંડળના સેવાકાર્યની આટલી લાંબી આલોચના કરી તે મુંબઈ જૈન કેળવણી મંડળ જૈન સમાજના એક પેટા સંપ્રદાયની સંસ્થા છે. તેની શિક્ષણ પ્રવૃત્તિઓ સાર્વજનિક છે, પણ છાત્રાલયોનો લાભ માત્ર પોતાના સંપ્રદાયના વિદ્યાર્થીઓને આપવામાં આવે છે. આવાં છાત્રાલયોનાં દ્વાર ધીમે ધીમે પણ અચુકપણે વિશાળ જનતાના લાભ માટે હવે ખુલવાં જોઇએ. આજના કાળની આ માંગ છે. જેમ વિનોબાજી કહે છે કે દરેકની માલમીલ્કતમાં આમ જનતાના પ્રતિનિધિરૂપ મારો છઠ્ઠો ભાગ છે તેવી રીતે આવી કોમી સંસ્થાઓએ પણ એ સત્વર સ્વીકારી લેવું ઘટે છે કે તે તે સંસ્થા તરફથી જે કાંઈ લાભ અને સગવડો પોતાની કોમના વિદ્યાર્થીઓને આપવામાં આવે છે તેના છઠ્ઠા ભાગનો લાભ અન્ય કોમના–ખાસ કરીને પછાત કોમના–વિદ્યાર્થીઓને મળવો જ જોઇએ. જે મંડળના પ્રમુખ કાર્યકર્તા અને માર્ગદ્રષ્ટા શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ જેવી પોતાની કોમ સાથે ગાઢપણે સંકળાયલી અને એમ છતાં રાષ્ટ્રીય ભાવનાથી આરપાર રંગાયલી વ્યકિત છે તે મંડળ પોતાના સુવર્ણ મહોત્સવ જેવા મહત્વના અવસર ઉપર આવો કોઇ બહુજનસમાજલક્ષી નિર્ણય જાહેર કરી અન્ય કોમી સંસ્થાઓને અનુકરણીય દૃષ્ટાન્ત પૂરું પાડે એ આશા વધારે પડતી ન ગણાય. કોઇ પણ કોમના કે વિશાળ જનસમાજના શિક્ષણકાર્યને વરેલી સંસ્થાની કારકીર્દીની આલોચના કરવી એ આનંદનો વિષય છે. એ જ આનંદભાવથી પ્રેરાઇને મુંબઇ જૈન કેળવણી મંડળની પ્રવૃત્તિઓનો કાંઇક ખ્યાલ આપવાનો અહિં પ્રયત્ન કર્યો છે. અન્તમાં એક જૈન મિત્રમંડળમાંથી જૈન કેળવણી મંડળમાં રૂપાન્તર થયેલું આ મંડળ સમયાન્તરે ભારતીય કેળવણી મંડળમાં રૂપાન્તર પામે અને 'આ જૈન' અને 'આ જૈનેતર' એ ભેદભાવને વિસરીને સર્વ કોઇમાં પ્રગટ કે અપ્રગટપણે રહેલા જૈનત્વને અપનાવે એવી આ મંડળ પ્રત્યે અન્તરની શુભેચ્છા અને પ્રાર્થના છે.

'શાલીભદ્ર' એક નાટિકા

શ્રી જૈન કેળવણી મંડળના સુવર્ણ મહોત્સવ દરમિયાન શ્રી ખીમચંદ મગનલાલ વોરાએ રચેલું 'શાલીભદ્ર' નામનું નાટક બે પ્રસંગોએ

શ્રી મોરારજીભાઈના આન્તર સાન્નિધ્યમાં

(ગઈ તા. ૨૮–૨–૫૬ ના રોજ મુંબઈ પ્રદેશના માન્યવર મુખ્ય સચિવ શ્રી મોરારજીભાઇના જન્મ દિવસ પ્રસંગે મુંબઈની શહેર સમિતિ તરફથી રૂા. ૧,૦૧,૦૦૦ ની રકમ અર્પણ કરવામાં આવી અને એ રીતે મુંબઈના શહેરીઓએ શ્રી મોરારજીભાઈની અનેકવિધ સેવાઓની સુયોગ્ય કદર કરી અને તેમની પ્રત્યેના ઊંડા સદ્‌ભાવને પ્રશસ્ત રીતે વ્યક્ત કર્યો. એ જ દિવસના જન્મભૂમિમાં પણ તા. ૨૬–૨–૫૬ રવિવારના રોજ જન્મભૂમિના તંત્રી શ્રી મોહનલાલ સોપાને શ્રી મોરારજીભાઇ સાથેની તેમની તા. ૨૬–૨–૫૬ રવિવારના રોજ થયેલી મુલાકાત દરમિયાન થયેલા પ્રશ્નોત્તરોની એક સ્મરણનોંધ પ્રગટ કરી હતી. આ સ્મરણનોંધ દ્વારા આપણને શ્રી મોરારજીભાઈના અન્તઃ પ્રદેશનો સીધો પરિચય મળે છે, જે સૂક્ષ્મ બળોએ તેમના વિશિષ્ટ કોટિના વ્યક્તિત્વને ઘડ્યું છે તે સૂક્ષ્મ બળોની આપણને પીછાણ થાય છે, અને મોરારજીભાઈની જીવનપ્રતિભાનું આપણા ચિત્ત ઉપર એક સચોટ અને સુન્દર ચિત્ર ઉભું થાય છે.

આજે આવેલું દૈનિક પત્ર આવતી કાલે છાપાના ખડકલામાં ગુમ થાય છે અને પછીના દિવસે પસ્તીમાં ચાલી જાય છે અને એ રીતે દૈનિક પત્રોમાં પ્રગટ થતી અનેક કીંમતી વસ્તુઓ લોકોના ધ્યાન ઉપર ઘણું ખરું ટકતી નથી અને યાદ કરો ત્યારે શોધી જડતી નથી. પ્રબુદ્ધ જીવન જેવા સામયિકોના વાંચનારાની સંખ્યા અલબત્ત બહુ થોડી હોય છે, પણ જેઓ વાંચે છે તેઓ જરૂરી આવકાશ મેળવી, સાદ્યન્ત અને પૂરા ધ્યાનથી વાંચે છે, અને તેમાં પ્રગટ થયેલી સામગ્રી ફાઈલના આકારમાં પણ કેટલાક ઠેકાણે જળવાઈ રહે છે. ઉપરની સ્મરણનોંધ પ્રબુદ્ધ જીવનના વાંચકો શાન્તિથી વાંચે, વિચારે અને તે રીતે મોરારજીભાઇના પ્રભુત્વભરેલા વ્યક્તિત્વથી પ્રભાવિત બને, પ્રેરણા પામે એ શુભ આશયથી તેમ જ પ્રસ્તુત નોંધ કાંઇક સ્થાયી આકારમાં જળવાઈ રહે એવા મુદિત આશયથી અહિં પુનઃ પ્રગટ કરવાનું ઉચિત ધાર્યું છે. **તંત્રી**)

આથી મોરારજીભાઇને લોકો નિકટથી ને ઊંડાણથી ઓળખે એવી ભાવનાથી મેં એમને મળવાનો અને એમની પાસેથી કેટલાક પ્રશ્નોના ઉત્તર મેળવવાનો નિર્ણય કર્યો. તેઓ સામાન્ય રીતે ખૂબ કામમાં હોય છે અને અત્યારે તો વિધાનસભા અને વિધાન પરિષદ ચાલે છે એટલે સમય મેળવાનું મુશ્કેલ હોય એ સ્વાભાવિક છે. આમ છતાં ગયા રવિવારે વચ્ચે થોડીક મુલાકાતોને બાદ કરતાં એમણે બપોરથી લગભગ સાંજ સુધીનો સમય કાઢ્યો અને પૂરી ધીરજ અને સ્વસ્થતાથી મારા પ્રશ્નોના ઉત્તરો આપ્યો. મારી ઇચ્છા તો એવી હતી કે આ પ્રશ્નોત્તર એમને વંચાવી લીધા પછી જ પ્રગટ કરું, પરંતુ અનિવાર્ય પરિસ્થિતિને કારણે તે માટે સમય મળ્યો નહિ, એટલે, અહીં રજૂ થતા એમના વિચારો એટલે કે મારા પ્રશ્નોના ઉત્તરો, મેં શક્ય તેટલી કાળજીપૂર્વક યથાર્થ રૂપમાં, છતાં મારી સ્મૃતિને આધારે જ આપ્યા છે એટલી સ્પષ્ટતા કરવાનું જરૂરી સમજું છું.



પ્રશ્નો પૂછવામાં જીવનપ્રસંગો કરતાં વધુ મહત્ત્વ એમના વિચારોને આપવાનું મેં નક્કી કર્યું હતું. એમના ઉત્તરોમાં કેટલીક વાર અનાયાસે એકથી વધુ પ્રશ્નોના જવાબો મળી જતા હતા. કેટલીક બાબતો અંગે તેઓ વિસ્તારથી, ઊંડાણથી, અંગત દાખલાઓ આપીને પણ પોતાનું માનસ સરળ ભાવે વ્યક્ત કરતા હતા.

સરકારી નોકરી કેમ છોડી ?

મેં પહેલો પ્રશ્ન પૂછ્યો એમના જીવનના મહાન પલટાના પ્રસંગ વિષેઃ 'ડેપ્યુટી કલેક્ટરના પદનું રાજીનામું આપી આપ સત્યાગ્રહમાં જોડાયા તેની પાછળ કોઇ પ્રસંગ કે વ્યક્તિની પ્રેરણા હતી ? એ નિર્ણય આકસ્મિક લેવાયો હતો ? કે લાંબા સમયનાં મનોમંથનનું પરિણામ હતું ?'

એમણે ઉત્તર આપ્યોઃ "સત્યમય જીવન જીવવાની અભિલાષા પહેલેથી જ હતી. દેશભક્તિ પણ દિલમાં ખરી, પરંતુ કૌટુંબિક સંયોગોને અંગ તેની તીવ્રતા નહિ. ખાદી ઘણા સમયથી પહેરતો ને સાદું જીવન પણ સ્વીકારેલું. સરકારી નોકર ન બનવું જોઇએ એવું મનમાં હતું અને તે માટે અમદાવાદ સુધરાઇના અધિકારી થવા માટે અરજી કરી હતી. સરદારશ્રી તો વખતે સુધરાઈના સુકાની હતા, પરંતુ મારી નોકરીનું બની શક્યું નહિ.

'સરકારી નોકરી કરતાં કરતાં એમ થયા કરતું હતું કે આ રીતે વિદેશી સત્તાને ટકાવવામાં મદદરૂપ થવાનું યોગ્ય નથી, પરંતુ એમ માનતો કે હું પોતે તો પ્રમાણિકતાથી ને લોકહિતની દૃષ્ટિથી વર્તું છું. અંગ્રેજો ને હિંદી અમલદારો વચ્ચે જે ભેદ રાખવામાં આવતો હતો થીજ઼ તે મનમાં સળગી જતો અને તે કારણે પણ નોકરી છોડી દેવાની ઇચ્છા થયા કરતી હતી. દેશમાં રાષ્ટ્રભક્તિનો જુવાળ ચડતો હતો. મને એમ પણ લાગવા માંડ્યું કે બ્રિટિશ સત્તાને ટકાવવામાં સારા અમલદારો વિશેષ મદદગાર થાય છે, કારણ કે એમના દ્વારા લોકોનો બ્યાજબી અસંતોષ પણ ઓછો થાય છે. આ વિચારો આગળ વધતાં રાજીનામાનો નિર્ણય થઇ ગયો. માનસિક નિર્ણય અને નોકરી છોડવાના સમય વચ્ચે થોડું અંતર રહ્યું તેનું કારણ ગોધરાના બનાવો અંગે મારી સામે તપાસ ચલાવવામાં આવી હતી તે હતું. એમાંથી હું છટકવા માગતો નહોતો. એ તપાસ વૈરવૃત્તિથી ને હું હિંદી હોવાથી ચલાવી હતી. એનું પરિણામ આવ્યું ને મેં રાજીનામું આપી દીધું.

પ્રેરણા અંતરની

'કોઇની પ્રેરણા તે વખતે નહોતી. ગાંધીજીને તો મળેલો પણ નહિ. સરદારશ્રીને કેવળ એકવાર મળ્યો હતો ને તે પણ સુધરાઈની નોકરી અંગે વિધિસર મુલાકાત આપવા ગયેલો ત્યારે. સ્વ. મહાદેવભાઇ સાથે સારો પરિચય હતો, પરંતુ એમની સાથે આ વિષે ચર્ચા કરી નહોતી. પિતાજીના મૃત્યુ પછી કુટુંબની જે મહાન જવાબદારીઓ મારે શિરે આવી હતી તેમાંથી ઠીક અંશે મુકત થઇ ગયો હતો અને હવે અંગત લાભ માટે કંઈ કરવું નથી, કમાવું નથી એવો મનમાં નિશ્ચય થયો હતો એટલે નોકરી છોડવાનું સહેલું બન્યું.

'એ વખતે સત્યાગ્રહમાં જોડાવાની કોઇ ગણતરી નહોતી, પરંતુ બહાર આવ્યા પછી વાતાવરણમાં ભળતો ગયો. કોંગ્રેસમાં જઇ નામ નોંધાવ્યું. ધારાસણા ગયો. સવિનય કાનૂનભંગની લડતમાં 'સરમુખત્યાર' બન્યો ને જેલમાં ગયો. આજે વિચારું છું તો એમ લાગે છે કે આમાંનું કંઈ હું શોધવા ગયો નહોતો. પરિસ્થિતિ અનુસાર વર્તો હતો. ગાંધીજીને તો છેક જેલમાંથી છૂટ્યા પછી મળ્યો. એ પછી પણ કામ વિના મળવાનું રાખતો નહિ.'

ઇશ્વરનિષ્ઠાનું મૂળ

મેં બીજો પ્રશ્ન કર્યોઃ 'ઇશ્વર પ્રત્યે આપ અત્યારે જે શ્રદ્ધા ઉચ્ચારો છો તેનું બીજ, પ્રગટ રીતે, ક્યારનું ? એ શ્રદ્ધા જન્મવાનાં અને દૃઢ થવાનાં કોઇ કારણો આપી શકો ? કોઇ વાર અશ્રદ્ધાના અંધારા આવી જાય છે ખરા ?'

ઉત્તર મળ્યોઃ 'સંસ્કારબીજ વિષે એમ કહી શકાય કે પૂર્વજન્મની કંઇક મૂડી હશે, પરંતુ પ્રગટ રીતે વધુમાં વધુ અસર મારા પિતાજીની. તેઓ પ્રભુપરાયણ અને નિર્લેપ વૃત્તિના હતા. મને એમ લાગે છે કે આજે હું આ ક્ષેત્રમાં જે સ્થિતિએ પહોંચ્યો છું તે સ્થિતિ કરતાં તેઓ ત્યારે આગળ હતા. ઇશ્વર પ્રત્યેની એમની શ્રદ્ધા અનન્ય હતી. મને તો એમ પણ લાગે છે કે એમને ત્યાં જન્મવાનું ને એમની છાયામાં ઉછરવાનું પણ ઇશ્વરની કૃપાથી જ બન્યું.

સંપત્તિ અને વિપત્તિ

'જીવનના અનેકાનેક અનુભવોથી આ શ્રધ્ધા દૃઢ બનતી ગઇ છે. એમ કહું કે ઇશ્વરદર્શન–સત્યદર્શન એ જ જીવનનું અંતિમ ધ્યેય બની ગયું છે. એ વિના બધું મિથ્યા છે, ખોટું છે એમ અંતઃકરણથી લાગે છે ને બુધ્ધિનો પણ તેને ટેકો છે. અશ્રદ્ધાનાં અંધારાં કોઇ દિવસ આવ્યાં નથી; એમાં મારે અટવાવું પડયું નથી. હા, સુખઃદુખનાં મોજાંઓ આવ્યાં હોય, પરંતુ ત્યારે ય એમ થાય કે ઇશ્વર મારું કંઇક ભલું કરવા માગે છે, મને કંઇક આપવા ઇચ્છે છે માટે આ આપત્તિ આવી છે. જીવનના અનુભવો ને અવલોકનોથી મને એવી ખાતરી થઇ ગઇ છે કે દુન્યવી સુખ ને સંપત્તિ આંતરશકિતઓના વિકાસમાં બાધારૂપ નીવડે છે અને વિપત્તિથી આપણા અંતરનું તેજ બહાર આવે છે. આવી શ્રદ્ધા દુઃખના દિવસોમાં બળ આપનારી થાય છે. વાસ્તવમાં દુઃખ દુઃખ જ લાગતું નથી.'

શ્રધ્ધાની જ્યોત

મેં પૂછયું: 'આ વિચારોના સમર્થનમાં આપના જીવનનો કોઇ સચોટ પ્રસંગ રજૂ કરી શકો ?'

એમણે કહ્યું : 'પ્રસંગો તો ઘણા છે. પણ શ્રદ્ધાની જ્યોતને જવલંત કરનારો પહેલો પ્રસંગ પિતાજીના મૃત્યુનો. મારી વય ત્યારે ૧૫ વર્ષની. કોઇ માને નહિ, પણ ત્યારે હું શરીરે દુર્બળ અને મનથી બીકણ. હિંમતનો જ અભાવ. ચાર ભાઇઓ, બે બહેનો અને કુટુંબની બીજી જવાબદારીઓનો બોજો તદ્દન આકસ્મિક રીતે મારે માથે આવી પડયો. મારી શકિતના પ્રમાણમાં આ વિપત્તિ ઘણી મોટી હતી. પિતાજીની પ્રેમાળ ને શીતળ છાયામાં ઉછરતાં આવાં દુઃખનો કદી ખ્યાલ જ કરેલો નહિ. ઘણાં દુઃખોનો તે વખતે સામનો કરવો પડયો. એમ કહું જીવનનો ભીષણ સંગ્રામ ખેલવો પડયો. આમાંથી શરીર, મન, આત્માની શકિત પેદા થઇ. પિતાજીનું મૃત્યુ ભયાનક દુઃખરૂપ હતું તે જ શકિતદાતા સિદ્ધ થયું. ઓછાવત્તા મહત્ત્વના આવા બીજા ઘણા પ્રસંગો છે.'

મેં પૂછયું : આપના જીવન ઉપર અપ્રસિદ્ધ ગણાય એવા કયા માણસોની વિશેષ અસર ? માતાપિતા, કુટુંબના વડીલો, મિત્રો વગેરેમાં કોઇની અસર ખરી ? પ્રસિદ્ધ વ્યકિતઓમાં કોણ ?'

એમણે કહ્યું : 'પિતાજીનું તો મેં કહ્યું. ઇશ્વર પ્રત્યેની શ્રદ્ધા અને સત્ય પ્રત્યેની દૃઢતા મને એમનામાંથી મળ્યાં. નિર્ભયતાના ગુણ માટે મારા દાદા–માતાજીના પિતા–નો આભાર માનવો જોઇએ. મારું ઉરપોકપણું દૂર કરવામાં એમનો હિસ્સો ઘણો મોટો. એમ કહી શકું કે માતાપિતા અને આ દાદાએ અભય, સત્ય ને ઇશ્વરનિષ્ઠાની વૃત્તિઓને પોષણ આપ્યું. હું અભયને ખૂબ મહત્ત્વ આપું છું. એના વિના સત્ય, અહિંસા કે બીજા કોઇ ગુણો વિકસી શકે નહિ. એ ગુણનો પાયો ઇશ્વર પ્રત્યેની શ્રદ્ધામાં રહેલો છે તેમ હવે સમજું છું.

'મિત્રો–સાથીઓ જેવું મારે બહું રહ્યું નથી. સારા ને મીઠાં સંબંધો અનેક, પરંતુ પહેલેથી જ મનનું વલણ એવું કે સૌની સાથે સમાન ભાવ રાખવો. મારો એ પ્રયત્ન આજે પણ ચાલુ જ છે.'

મહત્ત્વાકાંક્ષા

મેં પૂછયું : 'આપના જીવનમાં મહત્ત્વાકાંક્ષાનો હિસ્સો કેટલો ?'

જવાબ મળ્યો : 'જીવનમાં ઇચ્છાઓ થઇ છે, પરંતુ જેને મહત્ત્વાકાંક્ષા કહી શકાય એવી તીવ્રતા એમાં આવી નથી. ઇશ્વર પ્રત્યેની શ્રદ્ધાને કારણે કહો કે દૃઢ માન્યતાને કારણે કહો, પણ કોઇ સ્થાન કે સ્થિતિ શોધવા જવાનું મને પસંદ પડયું નથી. જે સામે આવે તે પૂરી નિષ્ઠાથી ને સંપૂર્ણ શકિત લગાવીને કરવું એ જ મનોવૃત્તિ પ્રધાનપણે રહી છે. મને એમ લાગ્યું છે કે આ પ્રકારની મનોવૃત્તિ એ મારો સ્વભાવધર્મ છે ને તેથી સ્વધર્મ પણ છે.'

ગીતા ને આત્મકથા

મેં પૂછયું : 'આપના જીવન ઉપર ગંભીર અસર કરી જનારા પ્રસંગો ને પુસ્તકો વિષે કહેશો ?'

ઉત્તર મળ્યો : 'નાનામોટા પ્રસંગો તો ઘણા છે, પરંતુ મનની મૂળ સ્થિતિમાં ફેરફાર કરનારા એકેય નહિ. ઇશ્વર પ્રત્યેની શ્રદ્ધાને કારણે દરેક પ્રસંગને વધાવી લઉં. પુસ્તકોમાં ગીતા તો ખરી જ. ઉપરાંત, બાપુની આત્મકથા, એ બંનેએ માર્ગદર્શન અને પ્રેરણા આપવામાં સારી મદદ કરી છે.'

પ્રશ્ન : 'ગીતાના વિવિધ ભાષ્યો આપે વાંચ્યા છે ? વધુમાં વધુ અસર કયા ભાષ્યની ?'

હસીને જવાબ આપ્યો: 'મારા પોતાના ભાષ્યની. મને એમ જણાયું છે કે ગીતાના અર્થભાવ સમજવામાં ભાષ્યો નહિ પણ તે અનુસારનું આચરણ વિશેષ ઉપયોગી છે. તિલક મહારાજનું ભાષ્ય વાંચતો હતો, પણ 'શઠં પ્રતિ શાઠ્યમ્'નું સમર્થન આવતાં જ તે છોડી દીધું. શ્રી અરવિંદનું વિવેચન વાંચ્યું, પણ સૌથી વધુ ગમ્યું ગાંધીજીનું વિવેચન. એમાં પણ અહિંસાના સમર્થન કરતાં અનાસકિત ઉપર મુકાયેલો ભાર મનને વધુ રૂચી ગયો.'

પ્રશ્ન : 'દરરોજ ગીતાપાઠ કરો છો ?'

ઉત્તર : 'પહેલાં બે વાર ગીતા કંઠે કરેલી. આજે ય ઘણું કંઠે છે, પણ તે કરતાં વધુ એ જીવન સાથે વણાઇ ગઇ છે. નિયમિત પાઠ કરતો નથી, પણ તેનો સહવાસ રહે છે. ગીતાનો ઉપદેશ આચારની કસોટીએ ચડાવવાથી જ તે વધુ સમજાય છે એવી મારી પાકી ખાતરી થઇ છે. મારા મત પ્રમાણે તે આચારગ્રંથ છે.'

ગૃહસંસાર

મેં નવો જ પ્રશ્ન કર્યો : 'લગ્નજીવન, ગૃહસંસાર, બાળકો બધાંથી સુખી છો ? કોઇવાર એ બધું છોડી દેવાની ઇચ્છા થઇ છે ? ત્યાગ, સંન્યાસ વગેરે અંગે આપના શા ખ્યાલો છે ?'

હસીને જવાબ આપ્યો: 'જીવનધ્યેયને સિદ્ધ કરવામાં ઘર–કુટુંબ અંતરાયરૂપ થતા હોય તો તે છોડતાં હું અચકાઉં નહિ, પરંતુ માનું છું એમ કે નાસી જવામાં ત્યાગ કે સંન્યાસ નથી. સંસારના ધર્મો બજાવતાં જ આત્મવિકાસ સાધવો જોઇએ. ઘર–કુટુંબ મારા વિકાસમાં વિક્ષેપરૂપ થયા નથી, થશે ત્યારે તે છોડી દઇશ.'

પ્રશ્નો રજૂ થાય છે



શ્રી સોપાન

(અહીં એમણે કેટલાક દાખલાઓ આપી એમના વિચારો અને સિધ્ધાંતોની સ્પષ્ટતા કરી. પ્રસંગો પાવનકારી છે, પરંતુ તેનું લેખન વિસ્તાર માગી લે ને ખૂટતી કડીઓ પણ એમની પાસેથી મેળવવી પડે એટલે 'ભવિષ્યમાં કોઇ વાર' એમ વિચારી તેનો માત્ર ઉલ્લેખ જ કરું છું.)

કઠોરતા – કટુતા

પ્રશ્ન : 'જનસમાજના મન ઉપર એવી અસર છે કે આપ પ્રમાણિક, નિર્ભય, સત્યવાદી ને સ્પષ્ટવકતા છો, પરંતુ આપની વાણી કઠોર હોય છે ને તેમાં કટુતા પણ આવી જાય છે. હમણાં હમણાં એવી અસર વ્યાપક બનતી જાય છે કે આપના સ્વભાવમાંથી આ કઠોરતા ને કરુણાનું પ્રમાણ ઘટે છે ને મૃદુતાનું પ્રમાણ વધે છે. આ વિષે સાચી સ્થિતિ સમજાવશો ?'

સરળતાથી એમણે જવાબ આપ્યો: 'સત્યનો આગ્રહ તો પ્રથમથી જ. કોઇનો ડર રાખવો ન જોઇએ એવી પણ માન્યતા એટલે જે સાચું લાગે તે કહું, સામે જ કહું. એમ પણ માનું કે સામો માણસ કંઇક નબળો ને ખોટો હોય છે એટલે સત્ય સહન કરી શકતો નથી ને એને મારામાં કઠોરતા કે કટુતા દેખાય છે. પરંતુ અનુભવ અને આત્મનિરીક્ષણને અંતે મને એવી ખાત્રી થઇ છે કે જો સત્ય મૃદુતાથી રજૂ ન કરી શકાય અને સાંભળનારના ચિત્ત ઉપર તેનો જો ધક્કો લાગે તો

આપણામાં કંઈક ખામી છે એમ સમજવું જોઇએ. શી ખામી છે તેની શોધમાં ઊંડા ઊતરતાં મને એમ લાગ્યું કે સત્ય નિર્વિકાર ભાવે રજૂ થાય તો સાંભળનાર તે પ્રમાણે વર્તે કે ન વર્તે, પરંતુ આપણી સચ્ચાઈ વિષે તેને શંકા ન રહે અને એમાં તેને કઠોરતા કે કટુતાનો અનુભવ ન થાય.'

નિર્વિકાર ભાવનાની વ્યાખ્યા કરતાં એમણે જણાવ્યું કે, 'આપણું સત્ય બીજા સ્વીકારે જ એવો આગ્રહ છોડવો. અભિમાન તો રાખી શકાય જ નહિ. અપેક્ષારહિત બનવું ને દરેક વસ્તુને એકાંગી નહિ, પણ સર્વાંગી દૃષ્ટિથી જોવાની ટેવ પાડવી.'

સત્ય અને પ્રિય

આ પ્રશ્નની ચર્ચામાં વધુ ઊંડા ઊતરતાં એમણે કહ્યું : ઘણીવાર માણસ ભયથી બોલે છે ને ભયને કારણે જ સત્યથી પણ ભડકે છે. સામા માણસને આપણો ભય ન લાગવો જોઇએ. તે અમુક કહેશે કે અમુક રીતે વર્તશે તો આપણે નારાજ થઇશું ને તેને જોઇતો લાભ નહિ મળે એમ તેને થવું ન જોઇએ. આપણે બીજાથી ભય ન પામીએ ને બીજા આપણાથી ભય ન પામે તેવી સ્થિતિએ પહોંચવાનો પ્રયત્ન હોવો જોઇએ. હું જાયત રીતે એ પ્રયત્ન કરું છું, હજી ઘણો પંથ કાપવાનો બાકી છે. પરંતુ મારા સ્વભાવમાં જે પરિવર્તન દેખાય છે

મળતા જાય છે.



શ્રી મોરારજીભાઈ

તે આ પ્રયત્નનું ફળ હશે એમ માનું છું. સત્યે પ્રિય થવાની જરૂર નથી એ માન્યતા બદલાઇ ગઇ છે. સત્ય પ્રિય ન થાય તો કયાંક ખામી છે એમ સમજી આત્મનિરીક્ષણ કરવું જોઇએ.'

મેં પૂછ્યું : 'પણ એમ ન બને કે સ્વાર્થ સાધવા આવનારને સત્ય કડવું જ લાગે, એની ઇચ્છા ન સંતોષાય એટલાથી જ એમાં કઠોરતા જુએ ?'

એમણે કહ્યું : 'બહારથી ગમે તે દેખાવ રાખે અને વર્તે પણ ગમે તે રીતે, પણ આપણે નિર્વિકાર ભાવે સત્ય ઉચ્ચાર્યું હોય તો એના અંતરમાં આપણી સચ્ચાઈની પ્રતીતિ તો થાય જ એમ માનું છું. જરૂર દિવસે તે દૃઢ બને એ પણ શક્ય છે.'

કલામાં રસ છે ?

મેં નવો જ પ્રશ્ન ઉપાડ્યો : 'સાહિત્ય, સંગીત, ચિત્ર, શિલ્પ, નાટય, કાવ્ય વગેરે કલાઓ વ્યકિત અને સમાજના જીવનવિકાસમાં હિસ્સો પૂરી શકે એમ આપ માનો છો ? આપને અંગત રીતે આ કલાઓમાંથી વિશેષ શામાં રસ છે ? આમાંનું કંઈ શીખવાની વૃત્તિ થયેલી ? કંઈ જાણો છો ? આવી પ્રવૃત્તિઓના પરિચયમાં રહો છો ? કલાપ્રવૃત્તિના અતિરેકથી કે બીજા કોઈ કારણે જીવનને હાનિ થાય એમ માનો છો ?'

એમણે વિસ્તારથી જવાબ આપ્યો. તેનો સાર આવો હતો: 'આ બધી કલાઓ જીવનમાં નિર્દોષ આનંદ પૂરવામાં ને તેને સંસ્કારવામાં મદદરૂપ થાય છે એમ માનું છું, એટલે તેના વિકાસમાં રસ લઉં છું. પરિચય માટે ખાસ પ્રયાસ કરતો નથી, એવો ઉમળકો આવતો નથી, પરંતુ શકય તેટલા પરિચયમાં રહેવાનું બને છે ને એમાં રસ પણ આવે છે. કેવળ કલા જ નહિ. બધી જ પ્રવૃત્તિ, જેને ધર્મ પ્રવૃત્તિ તરીકે ઓળખીએ છીએ તે પણ વિવેક વિના થાય તો હાનિ થાય ને જીવનના ઉચ્ચ મૂલ્યો ચુકાય તો તેમાં વિકૃતિ પણ આવે. કલા-પ્રવૃત્તિઓ તેમાં અપવાદરૂપ નથી.

સંગીત અને લેખન

'વિશેષ રસ શામાં તે કહેવું મુશ્કેલ છે. સંગીત કંઇક વિશેષ રૂપે ખરું. ચિત્ત ઉપર એની અસર વધુ થાય છે. નોકરી કરતો હતો ત્યારે ચાર મહિના દિલરૂબા શીખેલો, પણ પછી આગળ ચાલ્યું નહિ. એ બાજુ તીવ્ર વલણ નથી ને બીજી પ્રવૃત્તિઓનો રસ વધારે છે.'

પ્રશ્ન : 'કોઇવાર લખવાનો પ્રયત્ન કરેલો ? વાર્તા લખેલી છે ? કાવ્યરચના કોઇવાર કરી નાખી છે ?'

હસીને બોલ્યા : 'કાવ્ય તો નહિ જ. એ રીતે હું ગદ્ય જેવો છું ! લેખો લખવા પ્રયત્ન કરેલો. વાર્તાનો વિચાર કોઈ દિવસ આવ્યો નથી. બધું ગમે ખરું.'

ભોજન અને રમતો

પ્રશ્ન : 'ભોજનમાં પ્રિય વાનીઓ કઈ ? સ્વાદ–અસ્વાદ વિષે આપનો શો અભિપ્રાય ?'

ઉત્તર : 'રુચે તે જમું છું. ખાસ કોઇ વસ્તુ વિશેષ ભાવે છે એવું નથી. બધું જ ભાવે ને ફાવે તે સ્થિતિ સારી. અસ્વાદ પણ મારા મત પ્રમાણે એ જ.'

પ્રશ્ન : ક્રિકેટ, ફૂટબોલ, હોકી વગેરે બહારની રમતો અને પાનાં, ચોપાટ વગેરે ઘરની રમતોમાં રુચિ ખરી ?'

ઉત્તર : 'ફૂટબોલ–હોકી રમ્યો નથી. ક્રિકેટનો શોખ હતો ને સારું રમતો, નિષ્ણાત નહિ જ. પાનામાં બ્રિજ વધુ ગમે, હમણાં જ માંદો હતો ત્યારે રમતો હતો. સ્ટેકથી નહિ. ઘરની ને બહારની રમતોમાં રસ ખરો.'

આરોગ્ય–જ્યોતિષ

પ્રશ્ન : 'તબીબીવિદ્યામાં કંઇ પદ્ધતિનું વિશેષ આકર્ષણ ? આપ પોતે કયા ઉપચારો પસંદ કરો છો ?'

ઉત્તર : 'ખાસ આકર્ષણ ને વિશ્વાસ કુદરતી ઉપચારમાં. એ પછીનું સ્થાન આયુર્વેદનું.'

પ્રશ્ન : 'જ્યોતિષવિદ્યામાં રસ છે ? આપના મતે એ તૂત છે કે વિજ્ઞાન ? આપ જ્યોતિષમાં બહુ જ માનો છો ને ઘણા જ્યોતિષીઓના સંપર્કમાં છો એવી વાતો પ્રચલિત છે એમાં તથ્ય ખરું ?'

હસીને બોલ્યા : 'વાતો તો ઘણી ચાલે છે. અહીં જાતજાતના લોકો આવે ને બહાર જઇ પોતાને ફાવતું ચલાવે. જ્યોતિષને હું તૂત માનતો નથી. એ વિદ્યા છે ને તેનો વિકાસ થવો જોઇએ. હા, ઢોંગીઓની સંખ્યા ઘણી મોટી છે, અધૂરા જ્ઞાનવાળા તેથી યે વિશેષ. જ્યોતિષીઓ મારી પાસે આવે છે ખરા ને તેમાં હું રસ પણ લઉં છું, પણ એ માટે ત્રણ નિયમો મેં રાખ્યા છે: કોઇ જ્યોતિષીને મારે બોલાવવો નહિ, પ્રશ્ન પૂછવો નહિ અને પૈસા આપવા નહિ. એ જે કહે તે રસથી સાંભળું ને વૈજ્ઞાનિક દૃષ્ટિએ ચર્ચા પણ કરું. કેટલાક જ્યોતિષીઓનો સંપર્ક છે ખરો, પરંતુ તેઓ કંઈ અધૂરું મૂકીને ગયા હોય તો યે ફરીને તેમને બોલાવતો નથી.'

પ્રશ્ન : 'આવા નિયમનું કારણ ?'

ઉત્તર : 'ઈશ્વરમાં શ્રદ્ધા, એનું ધાર્યું થાય છે ને તે હિતકર જ હોય છે એવો વિશ્વાસ. ભકતોના જીવનમાંથી હું શીખ્યો છું કે દુઃખમાં ઊંડું સુખ હોય છે.'

પ્રશ્ન : 'વિજ્ઞાનમાં રસ ખરો ? યંત્રોમાં સમજે કે માથાકૂટ જેવું લાગે ?'

ઉત્તર : 'વિજ્ઞાનમાં ઘણો રસ. યંત્રોમાં પૈણ. મારો રેડિયો બગડે ત્યારે તેને સુધારવામાં તલ્લીન બની જાઉં.'

નહેરુની વિશિષ્ટતા

સમય મળતાં હું આગળ વધ્યો. મેં પૂછ્યું :

'શ્રી જવાહરલાલ નહેરુ રાષ્ટ્રના સર્વોચ્ચ નેતાના પદ માટે યોગ્ય છે ને તેના પ્રત્યે આપણી વફાદારી હોવી જોઇએ એમ કહેવામાં આવે છે. આપ જેનાથી પ્રભાવિત થયા હો એવા કયા ગુણો એમનામાં છે ?'

તરજ જ ઉત્તર મળ્યો : 'નિર્વૈર ને ઔદાર્ય. આ ગુણો અસાધારણ જાગૃતિ અને પ્રયત્નથી પ્રાપ્ત થાય એવા છે, પરંતુ એમનામાં એ સહજ છે. એમની ઉદારતા અને હૃદયની વિશાળતા અદ્‌ભુત છે. આ કારણે એમની આસપાસમાં પ્રિયજનો હોવા છતાં તેમનાથી ભાગ્યે જ કોઇને અન્યાય થાય છે. વૈરવૃત્તિ એમના સ્વભાવમાં જ નથી.

મનને લાગેલો આઘાત તેઓ થોડી વારમાં જ વિસરી જાય છે. એમનું બુરું કરનાર પ્રત્યે પણ એમના દિલમાં સહાનુભૂતિ જ હોય છે. એમના ઔદાર્ય અને નિર્વૈરના ઘણા દાખલા આપી શકાય, પરંતુ અત્યારે તે માટે સમય નથી.'

પ્રશ્ન: 'શ્રી જવાહરલાલ અને આપની વચ્ચે જે પ્રેમ, આદર અને વિશ્વાસ છે તેનો પાયો કયો? કયા આધારે આ સંબંધ વિકસ્યો છે?'

ઉત્તર: 'મારા તરફથી કહેવાનું હોય તો મેં કહેલા ગુણોથી હું આકર્ષાયો છું. જેમ જેમ નિકટ આવતો ગયો તેમ તેમ એ ગુણોની મને વિશેષ પ્રતીતિ થતી ગઇ. એમની બાજુએ મારું અનુમાન એવું છે કે હું મારા અભિપ્રાયોમાં પ્રામાણિક હોઉં છું અને તટસ્થભાવે તે ઉચ્ચારું છું એમ તેઓ માનતા હશે. વિશ્વાસ તો અનુભવથી અને સંપર્કથી દૃઢ થતો હોય છે.'

પ્રશ્ન: 'વિનોબાજી અને જવાહરલાલજી વચ્ચે કેવો સંબંધ છે? એમના વિચારભેદ વિષે આપનો શો મત છે?'

ઉત્તર: 'બંનેનો હેતુ રાષ્ટ્રની સેવાનો છે. સ્વભાવભેદ ખરો, પરંતુ ભેદ કરતાં સામ્યનું પ્રમાણ ઘણું વધારે છે અને તે તરફ જ દૃષ્ટિ રહેવી જોઇએ.'

આ પ્રશ્ન અંગે સમયના અભાવે અમે વિશેષ ચર્ચા ન કરી શકયા. મેં નવો પ્રશ્ન પૂછયો:

ગાંધીજીની દૃષ્ટિ અને આજની નવરચના

'ગાંધીજીએ ઇચ્છા રાખી હતી તે પ્રમાણે અને તે પ્રકારે દેશની પ્રગતિ થાય છે એમ આપ માનો છો? અત્યારે રાજ્યતંત્રો જે રીતે ચાલે છે તે ગાંધીજીના આદર્શોને અનુરૂપ છે? ગાંધીજીના ગયા પછી વિશાળ અર્થમાં નૈતિક રીતે દેશ આગળ વધ્યો કે પાછળ પડયો છે?'

થોડો વિચાર કરી એમણે કહ્યું: 'હું એમ માનું છું કે દેશ પ્રગતિ કરી રહ્યો છે. ગાંધીજીને અનુસરવાની સૌની વૃત્તિ છે. પ્રજા પણ એ જ ઇચ્છે છે અને રાજ્યકર્તાઓના મોટા ભાગની પણ એ જ મનોદશા છે. છતાં બધું એ રીતે જ ચાલે છે એમ કહી શકાય તેમ નથી. ગાંધીજીનો માર્ગ ચુકાઇ ગયો છે એવું હું માનતો નથી. મને તો ખાતરી થઈ છે કે લોકતંત્રમાં રાજ્યકર્તાઓ સાચા અર્થમાં લોકોના પ્રતિનિધિ જ રહેવાના. આમાં અપવાદ હોય, પણ લોકોનું જે નૈતિક ધોરણ હોય તેવું જ તેના પ્રતિનિધિઓનું બને; કારણ કે પસંદગી એ પ્રકારે થાય અને લોકો પણ જાણે-અજાણે એવી જ અપેક્ષા રાખે. મારો તો એવો મત છે કે રાજ્યતંત્ર સુધારવા ઇચ્છનારે લોકમાનસ કેળવવા ઉપર વિશેષ ધ્યાન આપવું જોઇએ. મને એમ જણાયું છે કે અખબારો અને વ્યક્તિઓ જેટલી સરળતાથી સરકારની ટીકા કરે છે તેટલી સરળતાથી લોકોની ટીકા કરી શકતા નથી. લોકપ્રિયતા મેળવવાનું વલણ આ માટે કારણભૂત છે. લોકશાહી માટે હું આ મનોદશાને ભયકારક ગણું છું. રાજકર્તાઓની ભૂલો અવશ્ય બતાવવી જોઇએ અને નીડરતાથી ટીકા પણ કરવી જોઇએ, પરંતુ જે પ્રશ્નમાં લોકો ભૂલ કરતા હોય ત્યાં અપ્રિયતા ને રોષ વહોરીને પણ તે કહેવું જોઇએ. રાજ્યકર્તાઓની પણ એક જ બાજુ જોવાનું યોગ્ય નથી. જે સારું થતું હોય તેની પણ નોંધ લેવી જોઇએ.'

પ્રધાનોની પ્રવૃત્તિ

મેં પૂછયું: 'ઉદ્ઘાટનો અને અન્ય સમારંભોમાં પ્રધાનો તેમ જ બીજા નેતાઓ આજે જેટલા પ્રમાણમાં હાજરી આપે છે તે આપને યોગ્ય લાગે છે? વહીવટી કામની સરખામણીમાં તેનો ઉપયોગ વિશેષ છે? દેશનાં વિવિધ ભાગોમાં સન્તાસ્થાને બેઠેલા માણસોની રહેણી-કરણીથી આપને સંતોષ છે?'

એમણે જવાબ આપ્યો: 'સમારંભોની વાતો બહુ મૂંઝવનારી છે મારા મનમાં એટલું નક્કી છે કે સમારંભોમાં જવાની પાછળ પોતાના કામના પ્રચારનો અને લોકોનું માનસ જાણવાનો હેતુ હોવો જોઇએ; પોતાની પ્રસિદ્ધિનો કે માનમરતબાનો નહિ જ. આ બાબતમાં મર્યાદા મૂકવી જરૂરી છે, પણ મૂકવાનું બહુ જ કઠણ છે. જે લોકો વિરોધ કરે છે તે લોકો જ પોતાના કોઈ સમારંભ વખતે પ્રધાનોને આગ્રહ કરવામાં કચાશ રાખતા નથી. લાગવગો પણ લઇ આવે છે. કયાં જવું અને કયા ન જવું તેની પણ મોટી મૂંઝવણ હોય છે. આમાં કયાંક ભૂલ થઇ જતી હશે, પરંતુ હેતુ જો સારો હોય તો તે વસ્તુ મને ચિંતાજનક કે વિરોધ કરવા જેવી લાગતી નથી.

'સત્તાસ્થાને બેઠેલાઓની રહેણીકરણી આદર્શ ભલે ન હોય પણ મારો એવો નિશ્ચિત અભિપ્રાય છે કે અન્ય દેશોની સરખામણીમાં આપણે ત્યાં ઘણી સારી સ્થિતિ છે. જે કંઇ મેં વાંચ્યું સાંભળ્યું છે અને અહીં વિવિધ દેશોના આગ્રણીઓને મળવાનું થાય છે તે ઉપરથી હું કહી શકું કે આપણે ત્યાં સારી સ્થિતિ છે. આમાં સુધારો થવા જ કરવો જોઇએ, પણ તે માટેય હું લોકમત અને લોકકેળવણીને આવશ્યક ગણું છું. હું જે અભિપ્રાય ઉચ્ચારું છું તેમાં અપવાદરૂપ એટલે કે આપણને શરમ થાય એવા દાખલા હશે. બીજી બાજુ જેના માટે આપણે ગૌરવ લઈ શકીએ એવા દાખલાઓ પણ છે જ. સમગ્ર દૃષ્ટિએ વિચારતાં અને સરખામણીમાં મને આપણી સ્થિતિ સંતોષ-જનક લાગે છે.'

અંતિમ ધ્યેય

હવે મેં સૌથી અગત્યનો અને છેલ્લો પ્રશ્ન રજૂ કર્યો: 'આપનો પરમ સંતોષ શામાં? જીવનની અંતિમ અભિલાષા શી? શું પ્રાપ્ત કરીને આપ કૃતકૃત્યતા અનુભવો?'

ધીરગંભીર સ્વરે એમણે ઉત્તર આપ્યો: "ઈશ્વર દર્શન-સત્યદર્શન. જીવનની શુધ્ધિ અને જ્ઞાનનો વિકાસ એવો થવો જોઇએ કે હું કેવળ સત્ય જ બોલું અને આચરું, અસત્ય, અભિમાન, દ્વેષ, અને વિકાર-માત્રથી હું મુકત હોઉં. આ સ્થિતિમાં હું જે બોલું તે સત્ય જ હોય. એટલે તે પ્રમાણે જ થાય. મને કોઇ ખોટો માની શકે નહિ, કલ્પી શકે નહિ."

મેં વચ્ચે કહ્યું: 'આ સ્થિતિ તો અસાધ્ય જણાય છે.'

એમણે તરત જ જવાબ આપ્યો: 'ના, અસાધ્ય નથી. એવું હોત તો જગતના મહાપુરુષોએ તે સ્થિતિ પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ ન કર્યો હોત. મને પણ એટલી પ્રતીતિ તો થઇ જ છે કે આ સ્થિતિ સાધ્ય છે, આ જીવનમાં જેટલો પંથ કાપી શકાય તેટલો કાપવો જોઇએ. જીવનનું સાતત્ય હું સ્વીકારું છું. મારી દૃષ્ટિએ જીવન એક યાત્રા છે. આવી સ્થિતિ પ્રાપ્ત કરવામાં જે કંઈ આડું આવે તે છોડવું જોઇએ અને જે સહાયરૂપ થાય તે સ્વીકારવું જોઇએ એવી કસોટી મેં રાખી છે. આ કારણે હું કંઈ શોધવા જતો નથી, અને જે કર્તવ્ય આવી પડે છે તે પૂરી નિષ્ઠાથી બજાવવા પ્રયત્નશીલ રહું છું. હું જાણું છું કે મારામાં ઘણી ખામીઓ છે, પરંતુ સાચે માર્ગે છું ને અંતિમ ધ્યેય વિષે સ્પષ્ટ છું એટલી ખાત્રી તો મને છે જ. હું જે કરું છું તે વિશ્વાસથી કરું છું. ગાંધીજીનું જીવન અને ગીતા મારા માટે માર્ગ-દર્શક છે."

આ મુલાકાત પુરી કરીને મેં જ્યારે વિદાય લીધી ત્યારે મને એમ થયું કે એમના ખંડમાં પ્રવેશ કર્યો તે કરતાં વધુ સમૃદ્ધ થઈને હું બહાર આવ્યો છું. સમયના અભાવે વધુ ચર્ચા થઇ શકી નહિ, પરંતુ જે કંઈ જાણવાનું મળ્યું તે ઘણું મૂલ્યવાન છે એવી અસર તો મારા મન ઉપર રહી જ. અને એમના પ્રત્યેક ઉત્તરમાં સચ્ચાઇનો રણકો હતો એવી પ્રતીતિ પણ મારા હૃદયે મેળવી.

મને એમ લાગ્યું છે કે શ્રી મોરારજીભાઈ દ્વારા દેશે જે કંઈ મેળવ્યું છે તેથી વિશેષ મેળવવાનું હજી બાકી છે. વયથી તેઓ સાઠ વર્ષ પૂરાં કરી ચૂકયા છે, પરંતુ ઇશ્વરની કૃપાથી એમના દેહ અને મનનું આરોગ્ય સારું છે. એમનો આત્મા કેવો વિકાસશીલ છે. તેની પ્રતીતિ આ મુલાકાતમાં વ્યકત થયેલા વિચારોમાંથી મળી રહે છે. આપણે ઇશ્વરની પાસે એમનું દીર્ઘાયુ માંગીએ અને પ્રાર્થના કરીએ કે એમની વિશુદ્ધ ને સત્યમય સેવાનો લાભ આ દેશને આવતાં અનેક વર્ષો સુધી મળ્યા જ કરે.

સોપાન

ભજવવામાં આવ્યું હતું. જૈન કથાઓને નાટકમાં ઉતારવાનો શ્રી ખીમચંદભાઇ વર્ષોથી પ્રયત્ન સેવી રહ્યા છે અને તેના પરિણામે ચંદનબાળા, બલિદાન, નેમ-રાજુલ, કસોટી, ધર્મવર્ધન, અભિશાપ (સતી સુભદ્રા) અને પ્રસ્તુત શાલિભદ્ર-આમ અનેક નાટિકાઓ તેમનાં હાથે જન્મ પામી છે અને તેમાંની કેટલીક રંગભૂમિ ઉપર અનેકવાર ભજવાઇ છે અને લોકપ્રિયતાને પ્રાપ્ત છે. જૈન કથાઓને રંગભૂમિ ઉપર ઉતારવા માટે શ્રી ખીમચંદભાઇને ધન્યવાદ ઘટે છે.

આમ કહેવું જરૂર વિચિત્ર જેવું લાગશે, પણ એમ છતાં એ હકીકત છે કે, જૈન સમાજ વૈભવનો તેમ જ સંયમનો, પરિગ્રહ વિસ્તારનો તેમ જ અનુપમ ત્યાગનો એક સાથે પૂજારી રહ્યો છે અને આ પરસ્પરવિરોધી માનસનું જૈન કથાકારોએ શાલીભદ્રની જે પ્રકારે કથા આલેખી છે તેમાં આપણને સુસ્પિષ્ટ પ્રતિબિંબ દેખાય છે. કેવળ વૈભવવિલાસમાં ડુબેલો યુવાન, ૩૨ સ્ત્રીઓનો સ્વામી, જેના પ્રાસાદમાં હંમેશા ૩૩ રત્નાભૂષણોની પેટીઓ સ્વર્ગમાંથી ઉતરી આવતી હતી એવો કલ્પનાતીત શ્રીમાન, શાસ્ત્રકારોના કહેવા પ્રમાણે પૂર્વભવના અમાપ પુણ્યરાશીનું ફળ ભોગવતો ભદ્રપુરૂષ એટલે શાલીભદ્ર. એ વખતનો મગધનરેશ રાજા બિંબિસાર અથવા શ્રેણિક શાલીભદ્રની આવી રૂધ્ધિ અને વૈભવથી આકર્ષાઇને શાલીભદ્રને નજરે નિહાળવાના આશયથી શાલીભદ્રને ત્યાં આવે છે. પોતાના માથે બિંબિસાર નામનો કોઇ રાજા છે આ હકીકત તેના ધ્યાન ઉપર આવે છે અને તે એકાએક આંચકો અનુભવે છે, અને આ ભાન તેનામાં આત્મજાગૃતિ પ્રેરે છે અને સંયમના માર્ગે તેને એકાએક વાળે છે, અને-એક દિવસે એક એમ-૩૨ પત્નીઓના ઉત્તરોત્તર ત્યાગનો તે નિરધાર કરે છે. શાલીભદ્રનો બનેવી ધન્નો આઠ પત્નીનો સ્વામી છે. તેને શાલીભદ્રના આવા નિરધારના ખબર પડતાં તે પણ એકાએક ત્યાગભાવના ઉપર ઢળે છે અને એક સાથે આઠે પત્નીઓનો ત્યાગ કરી ઘર છોડી નીકળી પડે છે અને શાલીભદ્રને પડકાર કરે છે કે "એક દિવસે એક સ્ત્રીનો ત્યાગ કરવો-આ તે કોઇ ત્યાગની રીત છે ?" અને શાલીભદ્ર એ પડકાર ઝીલીને બાકી રહેલી બધી પત્નીઓનો એક સાથે ત્યાગ કરી ધન્ના સાથે ચાલી નીકળે છે. આ છે ટુંકમાં શાલીભદ્રની કથા. તેમાં સ્વાભાવિકતા બહુ જ ઓછી છે, અતિશયતા અને કૃત્રિમતા પાર વિનાની છે. આવી જ કથાને આજ રૂપમાં નાટકમાં ઉતારવામાં આવે તો જૈન ધર્માનુરાગી પ્રેક્ષકોને પૂર્વ સંસ્કારના કારણે કશું જ અણજુગતું ન લાગે, પણ તટસ્થ જોનારને આ વસ્તુ કોઇ સ્વાભાવિક મેળવિનાની અને અમુક અંશે હાસ્યાસ્પદ લાગ્યા વિના ન રહે. શ્રી ખીમચંદભાઇએ પ્રસ્તુત નાટક મૂળ જૈન કથાનકને સ્થૂળપણે વળગી રહીને રચ્યું છે તેથી મૂળ કથામાં રહેલી Crudeness-કઢંગાપણું-નાટકની વસ્તુમાં સંપૂર્ણાંશે પ્રતિબિંબિત થયું છે અને નાટકના સ્વરૂપ, બાંધણી અને આયોજન વિષે આધુનિક ખ્યાલોના ધોરણે માપતાં પ્રસ્તુત નાટક ઉતરતી કોટિનું લાગે છે.

શાલીભદ્રની માતા ભદ્રા શેઠાણી જ્યારે ભાત ભાતની ચીજોના-અત્તર, કાપડ, રત્નકંબલના-મોમોગ્યા, ઢગલાબંધ એકદમપણે દામ આપે છે ત્યારે જરૂર તેની સંપત્તિની છાકમ છોળ નજરે પડે છે, પણ સાથે સાથે તે કેવળ વેવલી અને વિવેક વિનાની માલુમ પડે છે. જૈન શેઠાણી આવી ન હોય. પોતાના ધણીનો વેપાર પુરી કુશળતા-પૂર્વક ચલાવતી, પાઇએ પાઇનો હિસાબ રાખતી, કરકસરની દૃષ્ટિપૂર્વક વૈભવશાલીપણાનું દર્શન કરાવતી; હજારો રૂપીયાનું દાન કરતી અને અનેક દીન દુઃખીનું અવલંબન બનતી-આવી જૈન શ્રીમન્ત શેઠાણીઓના ઉજ્જળ દૃષ્ટાન્તો જૈન કથાનકોમાંથી છુટાં છવાયાં મળી આવે છે. છેલ્લા સૈકામાં થઇ ગયેલ આવાં એક હરકોર શેઠાણીનું નામ જાણીતું છે. ભદ્રા શેઠાણીનું આલેખન આ ધોરણ ઉપર થવું જોઇતું હતું,

નીતાન્ત વૈભવમાં ડુબેલો માણસ માત્ર 'મારા માથે કોઇક છે' એ ખ્યાલથી એકાએક ત્યાગ અને સંયમ ઉપર ઢળી પડે, અને એ જ રીતે શાલીભદ્રની વાત સાંભળીને ધન્નો પણ ઘર છોડીને ચાલી નીકળે-આ કેવળ અસ્વાભાવિક એટલે કલ્પનામાં કોઇ રીતે બેસે નહિ તેવી ઘટના લાગે છે. આ ઘટનાને સ્વાભાવિક દર્શાવવા માટે શાલીભદ્રના તેમ જ ધન્નાની મનોભૂમિકા પ્રારંભથી એવી રીતે આલેખાવી જોઇતી હતી કે જેથી પ્રેક્ષકોને પણ એમ લાગ્યા જ કરે કે ભગવાન બુધ્ધ માફક આ બન્ને વ્યક્તિઓ વૈભવવિલાસથી ઘેરાયલી હોવા છતાં અંદરથી વ્યથિત છે, વ્યાકુળ છે, અસ્વસ્થ છે, અને કોઇ એક નાનો સરખો 'ઇલેકટ્રીક શોક'ની-વીજળીના આંચકાની-રાહ જોતી બેઠી છે. આવા કળાપૂર્વક આલેખનના અભાવે શાલીભદ્ર તથા ધન્નાનું વૈરાગ્ય-આરોહણ વાસ્તવિક નહિ પણ કેવળ નાટકી લાગે છે. કોઇ પણ ઘટના નાટકમાં અન્તર્ગત હોવા છતાં પણ નાટકી ન લાગે એમાં જ નાટક રચનારની ખરી કુશળતા રહેલી છે. આ માટે વિશિષ્ટ કલ્પના શકિતની અપેક્ષા રહે છે. સાથે સાથે મૂળ વસ્તુને નાટકને અનુરૂપ બનાવવા માટે કથાની વિગતોમાં જરૂરી છૂટ લેવાની હીંમત પણ જરૂરી છે.

પ્રસ્તુત નાટકને અથવા તો નાટિકાને 'ઐતિહાસિક નાટિકા' તરીકે વર્ણવવામાં આવેલ છે. કોઇ પણ ઐતિહાસિક પાત્ર સાથે કથાનાયકનું નામ જોડાયેલ હોય એ ઉપરથી મૂળ વસ્તુ કે તે ઉપરથી યોજવામાં આવેલ નાટિકા ઐતિહાસિક બની શકતી નથી. શાલીભદ્ર ઐતિહાસિક પાત્ર હોવા માટે કોઇ પ્રમાણ નથી. તેની કથા કેવળ કાલ્પનિક હોઇ શકે છે અથવા તો એક રૂદ્ધિશાળી યુવાનના એકાએક ગૃહત્યાગને કોઇ જૈનાચાર્યે રંગ પૂરીને આવી કથામાં ગુંથેલ હોય એમ પણ બને. આવી કથાને ઐતિહાસિક કહેવી કે વર્ણવવી તે 'ઇતિહાસ' શબ્દના અર્થ અને મહત્વની ઉપેક્ષા કરવા બરોબર છે. આવી કથાઓ માટે પૌરાણિક વિશેષણ વધારે ઉચિત લાગે છે.

કોઇ પણ સાહિત્યકૃતિ આલોચના માટે સામે આવે ત્યારે તે વિષે અનુકુળ પ્રતિકુળ પ્રત્યાઘાતોને યથા સ્વરૂપે રજુ કરવા એ સમાલોચકની ફરજ બને છે. આમ છતાં પણ જે સમાજમાં સાહિત્ય-પ્રવૃત્તિ તરફ ઢળનારા બહુ ઓછા છે એવા સમાજમાં શ્રી ખીમચંદ્ર-ભાઇના આ પ્રયત્નોની હું ઓછી કીંમત નથી આંકતો. તેઓ આ સાધના ચાલુ રાખે અને નવી નવી કૃતિઓના નિર્માણ વડે પોતાની લેખન કળાને તેમ જ નાટય-આયોજન શકિતને વિકસાવતા રહે અને સાહિત્યના ક્ષેત્રમાં તેઓ એક ઉત્તમ કોટિના નાટક-લેખકનું સ્થાન પ્રાપ્ત કરે એવી તેમના વિષે મારી શુભેચ્છા છે. ખાસ કરીને જૈન કથાઓનું વિપુલ સાહિત્ય જે હજુ આજના જગતને અગોચર છે તે તેમની સાહિત્ય આરાધના દ્વારા બહાર આવે તથા રંગભૂમિ તેમ જ ચિત્રપટો ઉપર રજુ થવા માંડે એમ હું અન્તરથી ઇચ્છું છું.

સંયુકત જૈન વિદ્યાર્થીગૃહનાં દ્વાર જૈનેતર વિદ્યાર્થીઓ માટે ખુલ્લાં મૂકાય છે.

ઉપરની એક નોંધમાં જ્યારે જૈન કેળવણી મંડળને તેની સગવડોનો લાભ જૈનેતર વિદ્યાર્થીઓ તરફ લંબાવવાનો અનુરોધ કરવામાં આવ્યો છે ત્યારે તેના અનુસંધાનમાં જણાવતાં આનંદ થાય છે કે તા. ૧૦-૩-૫૬ શનીવારના રોજ શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહના પ્રમુખપણા નીચે મળેલી સંયુકત જૈન વિદ્યાર્થીગૃહની સામાન્ય સભાએ, યોગ્યતા ધરાવતા જૈનેતર વિદ્યાર્થીઓને પણ એ સંસ્થાના છાત્રાલયોમાં દાખલ કરી શકાશે એવો સર્વાનુમતે ઠરાવ કર્યો છે અને એ ઠરાવનો અમલ કરવામાટે જરૂર જણાય તો ચેરીટી કમીશનર તેમ જ હાઇકોર્ટની મંજુરી મેળવવા માટે જરૂરી પગલાં ભરવાની કાર્યવાહક સમિતિને સત્તા આપવામાં આવી છે.

કાળનું પણ કેવું વૈચિત્ર્ય છે કે આજથી આઠ વર્ષ પહેલાં આજ આશયનો ઠરાવ સંસ્થાની સામાન્ય સભા સમક્ષ રજુ કરવામાં આવેલો ત્યારે હાજર રહેલા ઘણા ખરા સભ્યો તરફથી તેનો સખ્તમાં સખ્ત વિરોધ કરવામાં આવેલો, અને એ જ મતલબના ઠરાવને એ જ સંસ્થાની સામાન્ય સભાએ આજે સર્વાનુમતે વધાવી લીધો છે. સામાન્યતઃ જનમાનસમાં અને વિશેષતઃ જૈન સમાજના માનસમાં સમયના

વહેણ સાથે વિકસતી રહેલી ઉદાર દૃષ્ટિનો આ એક આનંદજનક અને ઉત્સાહ પ્રેરક પુરાવો છે. આપણે આશા રાખીએ કે આ દાખલાને અનુસરીને મુંબઈનાં અન્ય જૈન છાત્રાલયો જે હજુ માત્ર પેટા સંપ્રદાયના વિદ્યાર્થીઓ પૂરતી જ પોતાની સગવડો મર્યાદિત રાખી રહેલ છે તે માત્ર વિશાળ જૈન સમાજ નહિ, પણ જૈનેતર સમાજ સુધી પોતાની સર્વ શૈક્ષણિક સગવડો લંબાવશે અને કાળના તાલ સાથે પોતાનો તાલ મેળવતા રહેવામાં પાછી પાની નહિ કરે.

'મારા જીવનની અનુભવકથા'

આ અનુભવકથાના લેખક છે પૂર્વ આફ્રિકાના જાણીતા શાહ સોદાગર શેઠ નાનજીભાઇ કાલીદાસ. આ પુસ્તકના પ્રકાશક છે એન. એમ. ઠક્કરની કંપની (૧૪૦ પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબઈ ૨) અને કીંમત છે રૂ. ૬-૪-૦

છેલ્લાં ત્રણ છ આઠ મહીના દરમિયાન ગુજરાતી સાહિત્યના ક્ષેત્રમાં ખાસ ધ્યાન ખેંચે એવાં બે આત્મચરિત્ર પ્રગટ થયા છે. એક જાણીતા રાષ્ટ્રસેવક શ્રી ઇન્દુલાલ યાજ્ઞિકનું, જે કુલ પાંચ ભાગમાં પ્રગટ થવાનું છે પણ હાલ જેના પહેલા બે ભાગ બહાર પડયા છે અને તેમાં લેખકના પ્રથમ ૨૯ વર્ષની ઉમ્મર સુધીની જીવન કથા બહુ સુન્દર રીતે આલેખવામાં આવી છે અને બીજું શેઠ નાનજી કાલીદાસનું. શ્રી. નાનજીભાઇની આજે ૬૭ વર્ષની ઉમ્મર થઈ છે અને મોટા ભાગે તેઓ હવે પોરબંદરમાં રહે છે. દ્વારિકાની નજીકમાં આવેલ ગોરાણા નામના ગામડામાં તેમનો જન્મ થયેલો. નજીકમાં આવેલ વીસાવાડામાં તેમનું મોસાળ જ્યાં તેમણે બાળપણના ઘણા દિવસો પસાર કરેલા. તેમનું ભણતર નહિ જેવું. દરિયા નજીક તેઓ ઉછરેલા અને નાનપણથી સાગરપારનાં તેમણે સ્વપ્નાં સેવેલાં. સાહસિકતા તેમનો જન્મજાત ગુણ. વ્યાપારપ્રધાન જીવનવૃત્તિ, ધાર્મિકતાના નાનપણથી પડેલા ઉંડા સંસ્કાર. પહેલા તેઓ માડાગાસ્કર ગયેલા; પછી સંયોગો તેમને પૂર્વ આફ્રિકા તરફ ખેંચી ગયા. ઉદ્યોગવ્યાપારમાં આગળ વધતા ગયા. જોખમો પણ પારવિનાનાં ખેડયાં. જીવનની નૈતિક ભાત મૂળથી ઉંચા પ્રકારની. લક્ષ્મીની પ્રસન્નતા વધતી ચાલી. લાખો કમાયા અને લાખોનાં દાન કર્યાં. આજ સુધી તેમણે કરેલાં દાનોનો કુલ આંકડો ૧,૩૬,૦૫,૪૨૪ થાય છે તેમાં હિંદમાં તેમણે રૂ. ૧,૧૦,૮૬,૨૬૦ ખરચ્યા અને આફ્રિકા ખાતે રૂ. ૨૫,૨૩,૧૩૪ ખરચ્યા.

આ અનેક રોમાંચક સાહસ અને પરાક્રમોથી ભરેલી જીવનકથા નાના મોટા આબાલવૃધ્ધ સૌને આનંદ તેમજ પ્રેરણા આપે તેવી છે. એક અસાધારણ કોટિના શાહ સોદાગરનું તેમાં આપણને દર્શન થાય છે. દૂરથી જેમને આપણે લક્ષ્મીદેવીની કૃપાના પાત્ર બનેલા અને ઉદારતાને લીધે પંકાયલા એક સાધારણ વ્યાપારી તરીકે ઓળખીએ તેમના જીવનમાં કેવી વિપુલ અનુભવસમૃધ્ધિ અને ભાવનાસંપન્નતા ભરી છે તેનો ખ્યાલ તો આ કથા વાંચીએ ત્યારે જ આવે. ભાષા પણ સાદી, સરળ અને પ્રવાહાત્મક છે. શરૂ કરો એટલે પુસ્તક પૂરું કર્યે જ છૂટકો. તેમના બાળપણનાં સ્મરણો વાંચતાં આજથી ૫૦-૬૦ વર્ષ પહેલાના સૌરાષ્ટ્રના ભર્યા ભર્યા જીવનનું એક મધુર ચિત્ર આપણી આંખ સામે ઉભું થાય છે અને આજે એ જીવન કેવું પલટાઈ ગયું છે એની કલ્પના ચિત્તને ગમગીન બનાવે છે. લેખકની નિખાલસતા અને નિરાભિમાનપણાનો આ જીવનકથામાં આપણને મીઠો પરિચય થાય છે. આજ સુધીમાં પ્રગટ થયેલા ગણ્યા ગાંઠ્યા આત્મચરિત્રોમાં એક કીંમતી ચરિત્રનો આ પુસ્તકથી વધારો થયો છે. પુસ્તકની ઉપયોગીતા જોતા કીંમત ઓછી રાખવામાં આવી હોત તો તે વધારે જનસુલભ બનત. પુસ્તક છપાયું છે કુમાર પ્રીન્ટરીમાં એમ છતાં છપાઇ, કાગળ, ચિત્રોનો ઉઠાવ વગેરેમાં કુમાર પ્રીન્ટરીની ભાત દેખાતી નથી એ આશ્ચર્યજનક છે.

પૂરક નોંધ : આ અવલોકન લખાયા બાદ માલુમ પડે છે કે આ પુસ્તક શેઠ નાનજીભાઇ કાલીદાસનું પોતાનું લખેલું નથી પણ અન્ય કોઇ સિધ્ધહસ્ત લેખક પાસે શેઠ નાનજીભાઇએ માહીતી પૂરી પાડીને લખાવ્યું છે. આટલી હકીકત પુસ્તકના પ્રવેશવિભાગમાં શ્રી. નાનજીભાઇએ પ્રમાણીકપણે જાહેર કરવી જોઇતી હતી. એમ કરવાથી પુસ્તકનું મૂલ્ય લેશમાત્ર ઘટત નહિ, કારણ કે પુસ્તકનું ખરૂં મૂલ્ય આકર્ષક લેખિનીમાં નહિ પણ ચરિત્રનાયકના અદ્‌ભુત પુરૂષાર્થમાં રહેલું છે.

પરમાનંદ

અધિકારવાદ અને દયા-દાનનું પાપ

આધ્યાત્મિક વિચારધારા અને ભૌતિક વિચારધારાનો ભેદ સમજ્યા વિના દયા-દાનની વિચારણા કરવામાં આવે તો કેવું પરિણામ આવે તેનો નમૂનો મુનિશ્રી નગરાજજીનો લેખ, જે તા. ૭-૮-૫૫ ના જૈન ભારતી (વર્ષ ૩, અંક ૩૨) માં પ્રગટ થયો છે તે પૂરો પાડે છે. સમાજવાદી વિચારધારાનો આશ્રય લઈ આજકાલ ઘણું સાહિત્ય પ્રકટ થાય છે અને આજના નવીન માનસ ધરાવનારા જૈન સાધુઓ તેને વાંચે છે. અને તેમાંની વિચારધારા ઉધ્ધૃત કરીને પોતાની સાંપ્રદાયિક માન્યતાના સમર્થનમાં તેનો ઉપયોગ કરે છે. આમ કરવામાં તેઓ પોતાની આધ્યાત્મિક પરંપરાને વફાદાર રહી શકતા નથી અને આધુનિક ભૌતિક વિચારધારાનો પણ દુરુપયોગ કરી એક અજબ ગોટાળો ઊભો કરે છે. તેમની સ્થિતિ ત્રિશંકુ જેવી થઈ જાય છે. જીવનભર જે વિચારોનું પોષણ કર્યું હોય છે તેને છોડી શકતા નથી અને નવા વિચારોને તેના ખરા અર્થમાં સ્વીકારી પણ શકતા નથી. એટલે વિચારનો અજબ ગોટાળો ઊભો થાય છે. આ સ્થિતિ દૂર થવી જોઇએ. માણસે પોતાના વિચારોનું સંશોધન કરીને જ બીજાને ઉપદેશ આપવા નીકળવું જોઇએ અન્યથા અંધારું વધે છે અને જ્ઞાનનો પ્રકાશ ઝાંખો થઈ જાય છે.

સમાજવાદી વિચારધારા ભૌતિકવાદનો આશ્રય લે છે. આત્મા જેવી કોઈ શાશ્વત વસ્તુ નથી તો પછી કર્મ કે તેનું ફળ ભોગવવાની તો વાત જ ક્યાં રહી ? આ લોકમાં કુદરતી જે કાંઈ છે તે સર્વ વસ્તુ ઉપર માનવજાતનો સરખો અધિકાર છે એટલે એ વસ્તુનો ભોગવટો કોઇ એક વર્ગનો નથી પણ સંપૂર્ણ માનવજાતનો છે. એટલે જો કોઈ એક વર્ગ એવો દાવો કરતો હોય કે તે રાજ્ય કરવા જ જન્મ્યો છે, અગર ગુરુપદ લેવા જ જન્મ્યો છે તો તેનો તેવો દાવો સમાજવાદ સ્વીકારી શકતો નથી. તેનું કહેવું છે કે સંપૂર્ણ સમાજનો સરખો હક્ક છે. આ આ અધિકારવાદ છે. એટલે કે આ સંસારની વસ્તુ ઉપર સર્વ મનુષ્યોનો સરખો અધિકાર છે એમ માનવામાં આવે છે. આ પ્રકારના સર્વસમાનાધિકારવાદને માનવામાં આવે તો એના આધારે રચાયેલા સમાજમાં દયા દાન એ બધું પોકળ છે, નિરર્થક જ છે. એને એમાં અવકાશ જ ન રહે એ સમજાય તેવું છે. એટલે એવા સમાજમાં દયા-દાનને સ્થાન ન જ હોય તે માની શકાય અને માનવું પણ જોઇએ. જ્યાં બધી વસ્તુ ઉપર સૌનો સમાન હક્ક હોય ત્યાં એક કુટુંબભાવના-વિશ્વકુટુંબભાવના પ્રકટે અને એકબીજાને કાંઈ અપાય કે લેવાય તેમાં દયા-દાનનો પ્રશ્ન જ નથી. એક ભાઇએ બીજા ભાઇને કાંઈ આપ્યું તો તે જેમ દાન-દયામાં નથી ગણાતું તેમ એવા વિશ્વકુટુંબ બનેલા સમાજમાં આપલે થાય છતાં તે દયા કે દાન ન કહેવાય. જેનું હતું તેને તે દેવાયું છે અને લેનારે પોતાની જ વસ્તુ લીધી છે. દેનારે કાંઈ તેમાં સ્વાર્થત્યાગ કર્યો છે એમ નથી કહેવાતું. આ દૃષ્ટિએ સમાજવાદી સમાજમાં અધિકારવાદ છે, દયા-દાન નથી એ સાચું છે.

પણ અધ્યાત્મવાદી વિચારકો જ્યારે દયા-દાનનો નિષેધ કરે કે તેનો સ્વીકાર કરે છે ત્યારે એ બન્ને ઠેકાણે તેઓ અધિકારવાદનો આશ્રય લઇ જ ન શકે. આવા લોકો આત્મા માને છે, તેને શાશ્વત માને છે. કર્મ અને તેનું ફળ-કર્મબંધ અને કર્મમોક્ષ એ માને છે. એવી સ્થિતિમાં આ સંસારની બધી વસ્તુ ઉપર તેમને માત્ર મનુષ્યજન્મ મળ્યો એટલા ખાતર અધિકાર મળી ગયો છે એમ કહી જ ન શકાય. એવો અધિકાર જો સ્વીકારાયો હોત તો વૈદિકોએ બ્રાહ્મણાદિ ચાર વર્ણોના અધિકારભેદની ચર્ચા કરીને ચાંડાલને નિકૃષ્ટ કોટિમાં મૂકયો ન હોત. અને શ્રમણોએ પણ-તેમાં જૈનો અને બૌધ્ધો બન્ને આવી જાય છે-તેમના તીર્થંકરોને ઉચ્ચકુળમાં જન્મવાનું આવશ્યક ન માન્યું હોત. આધ્યાત્મિક ઉન્નતિ-જેમાં કોઇ ભાગ પડાવી શકે તેમ નથી જેને માટે અધિકાર-અનધિકાર કે મારું-તારું નો પ્રશ્ન પણ ઊઠી

શકે તેમ નથી. તેને માટે પણ જો એ શ્રમણોએ અધિકારભેદ સ્વીકાર્યો અને અમુક વર્ગને એવા ઉચ્ચ પદ માટે અનધિકૃત માન્યો તો જે ભૌતિક વસ્તુઓ છે, જેને માટે સૌ કોઇ લડવા તૈયાર છે એમાં સૌનો સરખો અધિકાર માનવાની વાત આધ્યાત્મિકો કરી જ કેવી રીતે શકે ? માણસ સુખી કે દુઃખી, સંપન્ન કે વિપન્ન પોતાના કર્માનુસાર બને છે એવી લગભગ બધા આધ્યાત્મિક ધર્મોની માન્યતા છે. તો એ બધા ધર્મો ભૌતિક વસ્તુ ઉપર સૌને સરખો અધિકાર છે એ સ્વીકારી જ કેમ શકે ?

આધ્યાત્મિક ધર્મ તો અધિકાર ઉપર નહિ, પણ ત્યાગના પાયા ઉપર ઊભો છે. એટલે જ ઉપનિષદ્‌ના ઋષિઓએ કહ્યું કે तेन त्यक्तेन मुञ्जीथा । આ સંસારમાં તમારું બધું જ છે એમ નહિ પણ તમારું કશું જ નથી એ તેમના ઉપદેશનો મૂળ મંત્ર છે. અને એમાંથી જ દાનનો પ્રવાહ વહે છે. બાહ્ય વસ્તુ તો શું પણ મન-બુધ્ધિ-ઇન્દ્રિય-શરીર એ પણ તમારાં નથી તો ભલા માણસ આ બીજી ભૌતિક વસ્તુમાં શા માટે આસકત થવું ? આસક્તિ-મમત્વ-તૃષ્ણા એ જ પાપ છે તો એ બધાને છોડીને નિર્મમ-અનાસકત-નિષ્પરિગ્રહી બનો આવો ઉપદેશ દિનરાત અપાય છે અને લગભગ બધા ધર્મો અનાદિ કાળથી આપતા આવ્યા છે. તેમાં વળી આ અધિકારવાદને દાખલ કરીને મુનિશ્રી પોતાના ધર્મને જ ભૂલી જવાનો પ્રયત્ન કરતા હોય તેમ જણાય છે. દયાદાનનો નિષેધ કરવો હોય તો આધ્યાત્મિક દૃષ્ટિનો આશ્રય લઈ કરી શકાય છે અને તે એ કે ભાઇ, મારું તો કશું જ નથી, હું નકામું મારું માની રહ્યો હતો. તમારે ઉપયોગી હોય તો લઈ જાઓ. આમ અહંકાર ટાળવાનો પ્રયત્ન સાધક કરી શકે છે. પણ અધિકારવાદનો આશ્રય લેવા જતાં તો દેનાર દે તે પહેલાં જ લેનાર કહેશે કે આ બધું લૂંટીને ભેગું કર્યું છે તે હવે કાઢી નાખે છે નહિ ? અન્યથા અમે લૂંટી જ લઇશું.

અધિકારવાદીઓ કહેશે કે ભૌતિક બધી વસ્તુઓ ઉપર સર્વ મનુષ્યોનો સમાન હક્ક છે તો આધ્યાત્મિક કહેશે કે સંસારની કોઈ પણ વસ્તુ ઉપર કોઇને અધિકાર નથી. સાધનાનું પ્રથમ પગથિયું અધિકાર માનવાથી નહિ. પણ અધિકારને છોડવાથી ચડાય છે. આ મૂળગત ભેદ જો ધ્યાનમાં ન રાખીએ તો સમાજવાદી ભૌતિક વિચાર દ્વારા અને જૈન કે બીજા કોઇ પણ ધર્મની આધ્યાત્મિક સંયમપ્રધાન-ત્યાગપ્રધાન વિચારધારામાં ગોટાળો જ ઊભો થઇ જાય. અને એવો ગોટાળો મુનિશ્રીના લેખમાં છે. તેઓ આધુનિક વિચારધારા, સર્વોદય વિચારધારા અને શાસ્ત્રમાં દાનનો નિષેધ-એ બધાને એક લક્ષની સિદ્ધિમાં સાધક માનતા જણાય છે. અથવા એમ કહેવું જોઇએ કે મુનિશ્રીને એમ સિદ્ધ કરવું છે કે તેરાપંથમાં જે દયા દાનનો નિષેધ છે તેનું સમર્થન આજની નવી વિચારધારા સર્વોદયની વિચારધારા અને શાસ્ત્રોની વિચારધારામાં પણ મળે છે.

આખા લેખમાં સૌથી આશ્ચર્યજનક જે વાત છે તે તરફ ધ્યાન ખેંચી થોડી ચર્ચા કરવી આવશ્યક છે. તેમણે જણાવ્યું છે આપણી હાકલ 'બધાની સેવા કરો' ને બદલે 'કોઇને કષ્ટ ન દો'; 'બધાની રક્ષા કરો' ને બદલે 'કોઇને મારો નહિ'; 'ગરીબોને દાન દો' ને બદલે 'સંગ્રહ ન કરો' એવી હોવી જોઇએ. આમાં જ સિદ્ધાન્તની પૂર્ણતા છે. આપણે જાણવું એટલું જ છે કે તેરાપંથી સમાજે તેનો આવિર્ભાવ થયો ત્યારથી આવી હાકલો તો બદલી જ છે પણ તેનું પરિણામ શું આવ્યું ? ભારતવર્ષના એક ખૂણામાં અત્યાર સુધી ગોંધાઇ રહ્યા અને બહારની દુનિયાએ કશું જ તેમના વિષે જાણ્યું નહિ. હવે તેરાપંથીઓએ જે પરિગ્રહ વધાર્યો છે અને તેમની હાકલની અવગણના અત્યાર સુધી કરી છે તેને ધોવા માટે થોકું ખર્ચ કરી અખબાર કાઢી એ જ નવી હાકલોના પ્રચાર માટે નીકળવું પડ્યું છે. પણ તેઓ એ ભૂલી જાય છે કે આવી હાકલોથી કશું જ વળતું નથી. સમગ્ર સમાજમાં પરિવર્તન ન થાય ત્યાં સુધી આવી હાકલોનો કશો જ અર્થ નથી. અને એવું પરિવર્તન માત્ર હાકલોથી નથી થતું. એના માટે પ્રયત્નની પણ આવશ્યકતા રહે છે. એવો પ્રયત્ન, ધાર્મિક વિશ્વાસ કાયમ રાખીને આચાર્ય તુલસીથી માંડીને તેમના અદના સેવક સુધીમાં કેટલા કરવા તૈયાર છે ? જેમને પોતે જ આપેલું ભાષણ પોતે જ લખીને પ્રેસમાં આપતાં પણ પાપ નડતું હોય તેવા લોકો જ્યારે નવા સમાજની રચનાની વાતો કરે છે અને એવા નવા સમાજને નામે દયા-દાનના નિષેધનું સમર્થન કરે છે ત્યારે માત્ર હાસ્યાસ્પદ જ બને છે એમ કહેવું જોઇએ. પરિગ્રહ એ વસ્તુતઃ પાપ છે અને દાન દેવાથી ગરીબીની અનવસ્થા વધે છે એવા એવા સિદ્ધાન્તો વાંચનારને તુરત ગમી જાય છે, પણ દાન એ જો ગરીબીની અનવસ્થા જ ઉભી કરતું હોય તો પછી આજના સાધુઓને તે શા માટે આપવું ? આનો બહુ જ સરલ ઉત્તર મુનિશ્રી પાસે છે કે સંયમીને આપવાથી તો મોક્ષનો માર્ગ મોકળો થાય છે અને અસંયમીને આપવાથી સંસાર વધે છે. પરિણામ એ આવ્યું કે તેરાપંથી સાધુઓ-જેઓ ખરા સંયમી છે તેમને જ દાન આપવું. તેથી મોક્ષ સુલભ બને છે અને બીજા અસંયમીને આપવાથી પાપ થતું હોવાથી આપવું જ નહિ-આ વ્યવસ્થા એક ખૂણામાં બેસીએ ત્યાં સુધી તો બહુ જ સુંદર રીતે ચાલી શકે છે, પણ જગદુદ્ધાર કરવા નીકળીએ ત્યારે તૂટી પડે છે અને પોતાનો જ કુહાડો પોતાને લાગે છે. એટલે આંખ ઉઘડી જાય છે અને સર્વસંપ્રદાયની એકતાના સિધ્ધાન્તો શોધી કાઢવા પડે છે. આ બધો તેરાપંથનો વિકાસ જ છે. આપણે આશા રાખીએ કે એ વિકાસ ચાલુ રહે અને આજે જેમને પોતાનું ભાષણ લખી છપાવવામાં પણ ભય લાગે છે તેઓ તે ભય દૂર કરીને સમાજની નવી રચનામાં સક્રિય ફાળો આપતા થઇ જશે. એ સક્રિય ફાળો માત્ર ઉપદેશ રૂપમાં જ નહિ હોય. પણ એથી વધુ આગળ વધી ગયેલો હશે ત્યારે તેરાપંથીનું નામ આ વિશ્વમાં ચમકતું થશે.

અણુવ્રતના પ્રવર્તક તરીકે આચાર્યશ્રીને ગણવામાં આવે છે અને તેમ કરી ભગવાન મહાવીરના એ ઉપદેશને ગૌણ રૂપ આપવામાં આવે છે એ ભલે બને; પણ એ આખી પ્રવૃત્તિમાં માત્ર નિષેધ-નિષેધ અને નિષેધ સિવાય વિધિરૂપ કશું જ નહિ હોય તો એ મહત્ત્વપૂર્ણ આંદોલન સફળ કદી જ થઇ શકશે નહિ. પરિગ્રહવાદ ઉપર રચાયેલા સમાજમાં દાનનો નિષેધ કરી અણુવ્રતોનો પ્રચાર કરવામાં કઇ જાતનું ઔચિત્ય છે તે સમજાય તેમ નથી. જૈન સમાજની અત્યારની આવશ્યકતા પરિગ્રહ જેટલો છે તેને ઓછો કરવાની છે અને જો દયા-દાનને પાપ ગણવામાં આવશે તો એ પરિગ્રહ ઓછો કેમ થશે ? બીજા સમાજોમાં અનેક દાનવીરો મળી આવે છે, ત્યારે એવા દાનવીરોની પરંપરા તેરાપંથમાં કેમ ન જન્મી ? સામાજિક સંસ્થાઓની પરંપરા કેમ ન જન્મી ? અને હવે જ છૂટી છવાઇ સંસ્થાઓ સ્થપાય છે છતાં કોઈ પણ સંસ્થામાં ગરીબોને મદદને નામે કોઇ પણ થતું કેમ સંભળાતું નથી ? જ્યારે જૈનોની બીજી કોન્ફરંસ લોકહિત કે સમાજહિતનાં અનેક કાર્યો કરે છે ત્યારે તેરાપંથી મહાસભા એવા કાર્યોમાં કોઈ પણ જાતનો રસ કેમ ધરાવતી નથી ? આ બધાની પાછળ દાન-દયાના પાપના સિધ્ધાન્ત જ કામ કરી રહ્યા છે એમ લાગ્યા વિના રહેતું નથી. આપણી આસપાસ આપણી મદદ મેળવવાને આતુર લોકો ઊભા હોય છતાં તેમની એ તાત્કાલિક આવશ્યકતાની પૂર્તિ કર્યા વિના ઉચ્ચ આદર્શો કે સિધ્ધાન્તોની વાત કરવી એ કેવળ હાસ્યાસ્પદ છે, એટલું જ નહિ પણ, જે લોકો પરિગ્રહ વધારીને બેઠા છે તેમના મનમાં દયા-દાનના પાપની વાત દૃઢમૂળ થવાથી લોકકલ્યાણમાં તેમના પૈસાનો ઉપયોગ કદીએ થવાની શકયતા જ રહેતી નથી. તેમને પરિગ્રહનું પાપ એટલું નથી ખટકતું, જેટલું અસંયતીને દાન દેવાનું પાપ ખટકે છે, આ પ્રકારના માનસના ઘડતરમાં મુનિશ્રી નગરાજજીના આવા લેખો સહાયભૂત થવાનો પૂરો સંભવ છે. એટલે જ ચેતવણી આપવી આવશ્યક જણાઈ છે.

દલસુખ માલવણિયા

હરિજન પત્રો

(પ્રબુધ્ધ જીવનના ગતાંકમાં હરિજન પત્રોને અંજલિ આપવા છતાં એ પત્રો બંધ થયાનો ખટકો મનમાંથી દૂર થતો નથી અને એ ત્રણે પત્રો કદાચ ચાલુ કરી શકાય તેમ ન હોય તો માત્ર હરિજન બંધુ કોઈ પણ હિસાબે ચાલુ રહે એમ મારી માફક અન્ય અનેક મિત્રો અન્તરથી ઈચ્છે છે. નવજીવન ટ્રસ્ટનાં પ્રકાશનો મોટા ભાગે ગુજરાતીમાં હોઈને તેની ચાલુ જાહેરાત માટે પણ આવા એક ગુજરાતી સાપ્તાહિકની જરૂર રહેવાની જ છે. આ બાબત નવજીવન ટ્રસ્ટના સંચાલકોના મન ઉપર સચોટપણે લાવવાના હેતુથી તા. ૨-૩-૫૬ ના 'જ્યોતિર્ધર'માં પ્રગટ થયેલ લેખ નીચે ઉધ્ધૃત કરવામાં આવે છે અને તેમાં સૂચવેલા વિકલ્પોમાંના જાહેર ખબર લેવાના વિકલ્પ સિવાયના અન્ય કોઇ પણ વિકલ્પનું અવલંબન લઇને પણ હરિજન બંધુને પુનઃ પ્રગટ કરવાનો નવજીવન ટ્રસ્ટના વ્યવસ્થાપકો નિર્ણય કરે એવો તેમને અનુરોધ કરવામાં આવે છે. **તંત્રી**)

તા. ૧૮-૨-૫૬ ના "હરિજન બંધુ"માં હરિજન પત્રો બંધ કરવાનું ઠર્યું છે એવા સમાચાર વાંચી સખેદ આશ્ચર્ય થયું. અંગ્રેજી અને હિંદી આવૃત્તિઓની વાત બાજુ પર મૂકી માત્ર હરિજન બંધુની જ વાત કરીએ તો ગુજરાતની પ્રજા માટે આ એક જ એવું પત્ર હતું જેમાં ગાંધીજીની વિચારસરણીનો સ્રોત અખંડ વહેતો હતો. આવું ઉપયોગી પત્ર એકદમ બંધ કરી દેવાનું શા માટે વિચારવામાં આવ્યું તે સામાન્ય વાચકથી તો સમજાય એવું નથી. સદરહુ લેખમાં જે આંકડા આપ્યા છે તે પણ મારા જેવા સામાન્ય જનને તો પ્રતીતિજનક લાગતા નથી.

તા. ૧-૧-૫૬ ને રોજ 'હરિજન બંધુ' ના ૩,૮૩૨ ગ્રાહક હતા. સાદી ગણત્રી માટે આપણે એમ માનીશું કે "હરિજન બંધુ" ના ત્રણ હજાર ગ્રાહક છે, તો લવાજમના વાર્ષિક અઢાર હજાર રૂપિયા આવે, અથવા માસિક દોઢ હજાર, ને અઠવાડિયાના પોણાચારસો રૂપિયા પડે. "હરિજન બંધુ" ની **વેચાણ કિંમત** બે આના છે, એ જ એની **પડતર કિંમત** ગણીએ તો પણ પોણાચારસો રૂપિયામાં ત્રણ હજાર નકલ તો જરૂર કાઢી શકાય. સંભવ છે કે "હરિજન બંધુ"ની એક નકલની **પડતર કિંમત** બે આનાથી પણ વધારે આવતી હોય. જો એમ જ હોય તો વ્યવસ્થાપકોએ **અધોહિસાબ** વિગતવાર બહાર પાડી પ્રજાને પોતાના વિશ્વાસમાં લેવી જોઇએ, પ્રજા એમ તો ન જ ઇચ્છે કે પડતર કિંમતથી પણ ઓછે "હરિજન બંધુ" વેચાવું જોઇએ. મને સાંભરે છે ત્યાં સુધી આવી રીતે પોતાની આખી વાત પ્રજા આગળ વ્યવસ્થાપકોએ મૂકી જ નથી. જો આ વાત મૂકીને લવાજમ વધારવાની માગણી કરી હોય તો હું નથી માનતો કે ગ્રાહકો ઘટી જાય, વાર્ષિક લવાજમ છ રૂપિયા છે તેને વધારીને નવ કર્યા હોત તો ઘણાખરા પણ ગ્રાહક તો ચાલુ રહેત જ. લવાજમમાં વધારો કરેલો છે છતાં એનાં ઘરાક ઘટયા હોય એની ફરિયાદ થઈ નથી.

બીજો વિચાર એમ આવે છે કે જેને આજે "નવજીવન ટ્રસ્ટ" કહેવામાં આવે છે તેની આખી હસ્તી જ "નવજીવન" સાપ્તાહિકને આભારી છે, તો એ ટ્રસ્ટની ફરજ નથી કે ખોટ ખાઇને પણ "હરિજન બંધુ" ચલાવવું ? જો નવજીવન ટ્રસ્ટ પાસે એટલી મુડી ન હોય તો ગાંધી સ્મારક નિધિ અને કસ્તુરબા સ્મારકવિધિમાં તો લાખો રૂપીયા છે. આ ફંડો પાસેથી મદદ મેળવીને હરિજન પત્રો ન ચલાવી શકાય ? એ નિધિઓના ટ્રસ્ટીઓની પણ નૈતિક ફરજ નથી કે હરિજનપત્રો ચાલુ રાખવાં ? કે પછી ગાંધીજીના અંતેવાસીઓમાં પણ દરેક જણના અલગ અલગ ચોકા છે ?

હિસાબના આંકડા એમ જણાવે છે કે ૧૯૫૫ ની સાલમાં એકલા "હરિજન બંધુ" ખાતે જ છ હજારથી પણ વધારે રૂપિયાની ખોટ આવી હતી. દર મહિને પાંચસો રૂપિયાની ખોટ આવે છે તો તે કેવી રીતે આવે છે તે પણ જણાવવુ જોઇતું હતું. "હરિજન બંધુ"ના તંત્રીઓ તો પગારદાર હોતા નથી. વળી નવજીવન ટ્રસ્ટને પોતાને પ્રેસ છે એટલે બીજા પ્રેસમાં પત્ર છપાતું હોય એના કરતાં સસ્તું પડવું જોઇએ. છતાં આટલી ખોટ કેમ આવે છે ?

અને ખરેખર ખોટ આવે છે તો પણ પત્રો બંધ કરવા સિવાય એને પહોંચી વળવાનો કોઈ રસ્તો નથી ? માત્ર એક જ રૂપિયો લવાજમ વધારે તો પણ અર્ધી ખોટ ભરપાઇ થઇ જાય. કાગળ હાલ વપરાય છે એના કરતાં હલકા પ્રકારના વપરાય તો પણ ખર્ચ ઘટે. તે ઉપરાંત સહાયક ગ્રાહકોનો વર્ગ ઉભો કરીને પણ ખોટ પૂરી શકાય. વરસે દહાડે પચીસ પચીસ રૂપિયા આપનાર સો સહાયક ગ્રાહકો નોંધાય તો પણ બાકીની ખોટ પુરાઈ જાય. ગાંધીજીના નામ પર આવા સો ગ્રાહકો તો જરૂર ગુજરાતમાંથી મળી શકે. જો ન મળે તો એમાં ગુજરાતનો વાંક નથી, પણ ગાંધીજીના અનુયાયીઓનો કે એમની પાછળ હરિજન પત્રોના સંચાલકોનો જ ગણાવો જોઇએ. એમનામાં શ્રદ્ધાની ઊણપ ન હોય, અને હરિજનપત્રો એ ગાંધીજીનો વારસો છે માટે ચાલુ રહેવાં જ જોઇએ એવી તમન્ના હોય તો આ વાત મુશ્કેલ નથી.

વળી પૂછવાનું મન થાય છે કે, જાહેર ખબર ન લેવી એ એક નીતિ તરીકે ભલે સ્વીકારો, પણ એ એવો સૈદ્ધાન્તિક પ્રશ્ન તો નથી કે પત્ર બંધ કરવું પડે તો કરીને પણ એને વળગી રહેવું ? સિદ્ધાન્ત એવો જરૂર હોઇ શકે કે સત્ય, અહિંસા અને સ્વદેશીના ધર્મોને પોષક હોય એવી જ જાહેર ખબરો લેવી. ખાદી, ગ્રામોદ્યોગ, સરકારી કામો વગેરેની જાહેર ખબરો લઇને પત્રો જો જીવંત રાખી શકાતાં હોય તો રાખવાં જોઇએ એવો મારો નમ્ર મત છે. **કાન્તિલાલ**

પ્રબુધ્ધ જીવન માટે લવાજમ-રાહત યોજના

પ્રબુધ્ધ જીવનનો વિશેષ પ્રચાર થાય એ હેતુથી પ્રબુધ્ધ જીવનના એક પ્રશંસક મિત્રે ઇચ્છા દર્શાવી છે કે તેમણે સૂચવેલી **લવાજમ રાહત યોજના** નીચે જે કોઇ વ્યકિત પ્રબુધ્ધ જીવનનો ગ્રાહક થવા ઇચ્છશે તે વ્યકિત પહેલાં વર્ષ માટે રૂા. ૨ સંઘના કાર્યાલયમાં ભરીને અથવા મનીઓર્ડરથી મોકલીને ગ્રાહક થઈ શકશે. આ લવાજમ રાહતનો લાભ ૧૦૦ ગ્રાહકો સુધી આપવામાં આવશે. તો જે વ્યકિતની આ રીતે પ્રબુધ્ધ જીવનના ગ્રાહક થવાની ઇચ્છા હોય તેણે તે મુજબ સત્વર જણાવીને સંઘના કાર્યાલયમાં રૂા. ૨ ભરી જવા અથવા મનીઓર્ડરથી મોકલી આપવા.

૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ ૩. **વ્યવસ્થાપક, પ્રબુધ્ધ જીવન**

સંઘના સભ્યોને વિનંતિ

નવું વર્ષ શરૂ થયાને ચાર મહીના પુરા થવા આવ્યા છે એમ છતાં સંઘના અનેક સભ્યોનાં લવાજમ હજુ વસુલ થયાં નથી. પોત-પોતાનું લવાજમ સંઘના કાર્યાલયમાં સત્વર મોકલી આપવા અને એ રીતે અમારા વહીવટીકાર્યને સરળ બનાવવાં સર્વ સભ્યોને વિનંતિ છે,

એલીફન્ટા પર્યટણ મુલતવી

તા. ૧૮-૩-૫૬ ના રોજ યોજાયેલ એલીફન્ટા પર્યટણ તેમાં જોડાવા ઇચ્છતા સભ્યો પૂરતી સંખ્યામાં નહિ નોંધાવાથી દિલગીરી સાથે મુલતવી રાખવું પડયુ છે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ.

વિષય સૂચિ

		પૃષ્ઠ
પ્રકીર્ણ નોંધ : જૈન મંદિરનો પૂજારી એટલે Priest (ધર્મગુરૂ) નહિ : એક ગેર સમજુતીનું નિવારણ, શ્રી જૈન કેળવણી મંડળે ઉજવેલો શાનદાર સુવર્ણ મહોત્સવ, 'શાલીભદ્ર' એક નાટિકા, સંયુકત જૈન વિદ્યાર્થીગૃહના દ્વાર જૈનેતર વિદ્યાર્થીઓ માટે ખુલ્લાં મૂકાય છે, 'મારા જીવનની અનુભવ કથા'	પરમાનંદ	૨૧૧
શ્રી મોરારજીભાઇના આન્તર સાન્નિધ્યમાં	સોપાન પરિપૂર્તિ	
અધિકારવાદ અને દયા-દાનનું પાપ	દલસુખ માલવણીયા	૨૧૪
હરિજન પત્રો	કાન્તિલાલ	૨૧૫
મધ્યસ્થ સરકારનું અંદાજ પત્ર	કાન્તિલાલ બરોડિયા	૨૧૭
'પ્રાતઃસ્મરણીય મહાત્મા ગાંધીજી' (અવલોકન)	રમણલાલ શાહ	૨૧૮

મધ્યસ્થ સરકારનું અંદાજપત્ર

(૧) આર્થિક ક્ષેત્રે ગયે મહિને ઘણી અગત્યની ઘટનાઓ બની ગઈ. અમૃતસરમાં કૉંગ્રેસનું અધિવેશન મળ્યું, જેણે દેશની આર્થિક સમસ્યાઓ તથા રાજ્યપુનઃરચનાના સવાલ ઉપર દેશનું ધ્યાન દોર્યું અને સમાજવાદી સ્વરૂપની સમાજરચનાના ધ્યેયને પહોંચવા માટે આવશ્યક પ્રયાસો ઉપર ભાર મૂક્યો. જીવનીના વીમાના વ્યવસાયનું રાષ્ટ્રીયકરણ થતાં દેશમાં રાષ્ટ્રીયકરણ તરફનો ઝોક વધ્યો અને અત્યાર સુધી મિશ્ર આર્થિક નીતિ અને ખાનગી ક્ષેત્ર ઉપર જે ભાર મૂકાતો હતો તેમાં નોંધપાત્ર ફરક જણાવા લાગ્યો. પ્રાદેશિક સરકારોના અંદાજપત્રો પણ આ સમય દરમ્યાન રજુ થયા. મુંબઇ રાજ્યના અંદાજપત્રમાં નવા કરવેરા નાંખવામાં ન આવ્યા તેથી સામાન્ય રીતે સંતોષ થયો. કરવેરામાં કાંઇક રાહત મળવી જોઇએ એવું માનનારો વર્ગ વાસ્તવિકતાની ઉપેક્ષા કરી રહ્યો હતો એમ કોઇને પણ લાગે.

(૨) રેલ્વેનું અંદાજપત્ર તા. ૨૩મીએ લોકસભામાં રજુ થયું. ૧૯૫૬-૫૭ ની આવક રૂ. ૩૪૫ કરોડ અને ખર્ચ રૂ. ૩૨૩ કરોડ અંદાજવામાં આવેલ છે. સામાન્ય અંદાજપત્રમાં રેલ્વેના ફાળાના રૂ. ૨૨ કરોડ ગણતાં લગભગ ૨૩ કરોડની પુરાંત રહેવા પામશે એમ માનવામાં આવે છે. બીજી પંચવર્ષીય યોજનામાં કુલ્લે રૂ. ૭૧ અબજ ખર્ચ થનાર છે, જેમાંથી રૂ. ૪૮ અબજની રકમ જાહેર ક્ષેત્રમાં મધ્યસ્થ સરકાર અને પ્રાદેશિક સરકારો મારફતે ખર્ચાનાર છે. આ રકમો કેવી રીતે મેળવાશે એનો અંદાજ કરતી વખતે આયોજન પંચે સૂચવ્યું છે કે દેશના વિકાસ કાર્યક્રમમાં રૂ. ૧૫૦ કરોડનો રેલ્વેનો ફાળો રહેવો જોઇએ. રેલ્વે વ્યવહારના વિકાસ પાછળ રૂ. ૯૦૦ કરોડનો ખર્ચ બીજી પંચવર્ષીય યોજનામાં થનાર છે. આ સૂચિત ફાળાને પહોંચવા રેલ્વેના અંદાજપત્રમાં મુસાફરીના દરોમાં કાંઇ વધારો સૂચવવામાં આવ્યો નથી, પણ નૂરના દરમાં રૂપીએ એક આનાનો સરચાર્જ લેવામાં આવશે એવી જાહેરાત રેલ્વે પ્રધાન શ્રી લાલબહાદુર શાસ્ત્રી તરફથી થઈ છે. આ વધારાનો બોજો જીવન-આવશ્યક ચીજો પર ન પડે માટે અનાજ, કઠોળ, ઘાસચારો, ખાતર, ખાદી, વર્તમાનપત્રો, ન્યુસપ્રીન્ટ, પુસ્તકો વિ. ને વેરા માટે અપવાદ તરીકે ગણવામાં આવશે. એક વ્યાજબી દલીલ એમ કરી શકાય કે રેલ્વેના નૂર અંગેની સમગ્ર તપાસ કરવા જ્યારે એક સત્તાવાર સમિતિ કાર્ય કરી રહી છે ત્યારે આ બોજો આ તબક્કે નાંખવાની કાંઇ જરૂર હતી ખરી ? રેલ્વેનો કારોબાર તે કાર્યક્ષમતા સુધર્યા છે ને વહીવટમાં યોગ્ય કરકસર થઈ રહી છે, છતાં આ બોજો લાદવાની જ્યારે જરૂર દેખાઇ છે, ત્યારે મુસાફરીના દરોમાં નહીં, પણ માલની હેરફેર પર-ને તે પણ વધારાના કરનો બોજો ગરીબ વર્ગ પર ન પડે તે ધ્યાનમાં લઇને નંખાયો છે-તે સુયોગ્ય જ થયું છે એમ કહ્યા વિના ચાલે એમ નથી.

(૩) તા. ૨૯મીએ મધ્યસ્થ સરકારનું અંદાજપત્ર રજુ થયું. તેમાં નવા કરવેરા હોવાના જ એમ સૌ કોઇ માનતું હતું ને તેમ જ થયું છે. બીજી પંચવર્ષીય યોજના સાથે અંદાજપત્રને સીધો ને ગાઢ સંબંધ છે. યોજના માટે જે રૂ. ૪૮ અબજની કુલ રકમ નાણા પ્રધાને ઉભી કરવાની છે તેના માર્ગો છે: (૧) ચાલુ મહેસુલનો વધારો-ચાલુ કરવેરા અને તેમાં વધારા (૨) લોન અને બચતો (૩) રેલ્વેનો ફાળો અને બીજી જમા ખાતાની રકમો (૪) પરદેશથી મળનારી સહાય અને (૫) ખાધવાળી અર્થનીતિ. અર્થકારણમાં રસ લેનારા સૌ કોઇ જાણે છે કે નાણાપ્રધાને નક્કી કરેલે ધ્યેયને માર્ગે જવાનું છે. આ માર્ગ નહેરૂ સરકારે નક્કી કર્યો છે. પહેલી પંચવર્ષીય યોજના દરમ્યાન રાષ્ટ્રીય આમદાની ૧૧ ટકાને બદલે ૧૮ ટકા વધી છે અને બીજી પંચવર્ષીય યોજના દરમ્યાન લગભગ ૨૫ ટકા જેટલી વધશે એવી ગણતરી છે. આયોજનના આ બીજા તબક્કામાં મુખ્ય છે લોકોના જીવનધોરણમાં સુધારો, ઔદ્યોગિકોનો વિકાસ, રોજગારી વધારવાના મુરકેલ કાર્ય અંગે પ્રયાસો અને સંપત્તિ અને આવકની અસમાનતાઓ ઘટાડવાના પ્રયત્નો. આ આર્થિક સંકલનાની કડીઓની બનેલી સાંકળમાં રહીને શ્રી ચિંતામણ દેશમુખે પોતાનું કાર્ય કરવાનું છે. ડૉ. જોન મથાઇના પ્રમુખપદે કરવેરા તપાસ પંચે આ સમગ્ર પ્રશ્નની બારીકાઇની તપાસ કરી પોતાની ભલામણો સરકારને કરી છે. બાધવાળી અર્થનીતિનું અનુસરણ ખૂબ કાળજી અને દુરંદેશી માંગી લે છે ને પરદેશથી નિશ્ચિત રીતે સહાય કેટલી મળશે તે નક્કરી કહી શકાય તેમ નથી. આયોજન પંચની જ ભલામણ મુજબ રૂ. ૪૮ અબજના ખર્ચમાંથી રૂ. ૩૫૦ કરોડ ચાલુ કરવેરામાંથી અને રૂ. ૪૫૦ કરોડ વધારાના કરવેરામાંથી સરકારે યોજના દરમ્યાન મેળવવાના રહે છે. એક રીતે જોઇએ તો આ ચુંટણી પહેલાંનું વર્ષ છે, તેથી રાજકીય દૃષ્ટિએ આ પ્રશ્નની વિચારણા જુદી રીતે થઈ શકે. બીજી રીતે જોઇએ તો આ વર્ષથી નવી યોજનાનો પ્રારંભ થાય છે ને જેમ રેલ્વે અંદાજપત્રે નવા બોજનો ચીલો પાડયો તેમ સામાન્ય અંદાજપત્રે પણ પાડવો જોઇએ ને બીજી પંચવર્ષીય યોજનાની નાણાકીય જરૂરિયાતોને ને સાધનોને આકાર આપવો જોઇએ.

(૪) કરવેરાના વધારાની બધી વિગતોમાં ઉતરવાનો અત્રે અવકાશ નથી. તેની મુખ્ય વિગતો નીચે મુજબ છે:-

(ક) કાચની બનાવટોમાં વપરાતા પ્રવાહી સોના પરની અને ફ્લશ લાઇટો અને ફ્લશ લાઇટની કેસો પરની આયાત જકાત વધારવામાં આવી છે; ચા પરની જકાતમાં ઘટાડો કરવામાં આવ્યો છે; જાડાં ધોતીઓ અને સાડી સિવાયની સુતરાઉ કાપડની તમામ જાતો પર આબકારી જકાતમાં દર ચોરસ વારે ૬ પાઇનો વધારો કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, સ્ટ્રો બોર્ડ ઉપર આબકારી જકાત નાંખવામાં આવી છે અને સાબુ તથા આર્ટસીલ્ક કાપડ પરની આબકારી જકાતમાં કેટલાક ફેરફારો સૂચવાયા છે. વીજળીક શક્તિથી ઉત્પન્ન થતા અબાધ (બાધ નહીં) અને ડીઝલ જેવા તેલો ઉપર આબકારી જકાત નાંખવામાં આવી છે.

(ખ) સીન્તેર હજારથી વધુ આવક ઉપર ભરવામાં આવતા સુપર ટેકસમાં ફેરફારો કરવામાં આવનાર છે ને રૂ. દોઢ લાખની આવક પર ૮૮.૬ ટકાને બદલે ૯૧.૭ ટકા વેરો લેવામાં આવશે.

(ગ) રજીસ્ટર્ડ થયેલી ભાગીદારી પેઢીઓ ઉપર પહેલી જ વાર કર નાંખવામાં આવ્યો છે. રૂ. ૭૫,૦૦૦ ની આવક સુધી રૂપિયે નવ પાઇ અને તે પછી રૂ. ૧,૫૦,૦૦૦ સુધી રૂપિયે એક આનો અને તે પછી દોઢ આનો એ રીતે કર લેવામાં આવશે.

(ઘ) કંપનીઓને લગતા કરવેરામાં બોનસ શેરોપર રૂપિયે બે આનાનો નવો કર નાંખવામાં આવ્યો છે. જે કંપનીઓને આવક વેરાની કલમ ૨૩ એ લાગુ પડે તેના વહેંચણી થયેલા નફાપર જે એક આનાનું રિબેટ આપવામાં આવતું હતું તે પાછું ખેંચી લેવામાં આવ્યું છે. કંપનીઓ જ્યારે ૬ ટકાથી વધુ ને ૧૦ ટકાથી ઓછું ડીવીડંડ આપે ત્યારે સુપરટેકસ ઉપરાંત બે આનાનો વેરો અને ૧૦ ટકાની ઉપર ત્રણ આનાનો વેરો લેવામાં આવશે. મૂડીનું રોકાણ કરનારી નાણાકીય કંપનીઓ (કલમ ૩૩) પાસેથી વણવહેચાયેલા નફાપર ઉઘરાવાતો પીનલ સુપરટેકસ ૦-૪-૦ ને બદલે ૦-૮-૦ નો કરવામાં આવ્યો છે.

(ઙ) આ ઉપરાંત, પોસ્ટલ રજીસ્ટ્રેશન ફીમાં બે આનાનો વધારો કરવામાં આવ્યો છે અને 'ઓર્ડીનરી' અને 'એકસપ્રેસ' તારના દરમાં એક આનાનો ને બે આનાનો દર વધારવામાં આવ્યો છે.

(૫) આ રીતે મધ્યસ્થ સરકારના નાણાસચિવ શ્રી દેશમુખે ૧૯૫૬-૫૭ નું અંદાજપત્ર રજુ કરતાં કુલ આવક રૂા. ૪૮૩.૬૦ કરોડની અંદાજી હતી ને ખર્ચ રૂા. ૫૪૫.૪૩ કરોડનો ગણાવ્યો હતો. સામાન્ય રીતે આવક ઓછી આંકવામાં આવે છે ને ખર્ચ વધુ. આમ મહેસુલી આવકમાં બાધ રૂા. ૫૧.૮૩ કરોડની હતી જેમાં નવા કરવેરાની દરખાસ્તો મુજબ રૂા. ૩૪ કરોડ જેટલી રકમ ઉભી કરવાનો મનસુબો તેમણે જાહેર કર્યો હતો. આમ છતાં મહેસુલી બાધ રૂા. ૧૭.૬૮ કરોડની બાકી રહે છે ને વિકાસ કાર્યક્રમ વિ. અંગે એકંદર બાધ

રા. ૩૫૬ કરોડની રહેવા પામે છે. બીજી પંચવર્ષીય યોજનાની નાણાં-કીય જરૂરિયાતોને સંતોષવા માટે 'ઓછામાં ઓછું' આટલું કરવેરાનું વધારાનું ધોરણ તો હોવું જોઇએ એમ શ્રી દેશમુખે લોકસભામાં જાહેર કર્યું હતું.

(૬) કાપડનો વધારાનો બોજો, તારટપાલના દરનો વધારાનો બોજો સામાન્ય જનતા પર પડે છે. આબકારી જકાતનો બોજો સામાન્યપણે ગ્રાહનાર વર્ગ પર ને ઉદ્યોગો પર પડે છે ત્યારે સીધા કરવેરાનો બોજો સાધનસંપન્ન વર્ગ ઉપર અને કંપનીઓના વહીવટકર્તાઓ ઉપર પડે છે. મધ્યમ વર્ગ ઉપર ખાસ નવો બોજો પડવા પામ્યો નથી. બોનસ શેરો પર કરવેરા ન હોવા જોઇએ એવું કરવેરા પંચનું સ્પષ્ટ સૂચન હતું. ડીવીડંડના નિયમનથી ને સીધા કરવેરાના વધારાથી બચત ને રોકાણ કરવાની શક્તિ ઘટવા પામશે એમ ચોક્કસ માન્યતા પ્રવર્તે છે.

બાનગી સાહસના પુરસ્કર્તાઓ તો બ્યાન્જ્મી રીતે કહેવાના જ કે "સોનાના ઇંડા આપતી મરઘીને દેશમુખ મારી નાંખે છે." વેપાર-ઉદ્યોગના વર્તુળો અને બીજા હિતો અંદાજપત્રની ટીકા તેમની દૃષ્ટિએ જુદી જુદી રીતે કરે તે દેખીતું છે. પણ, અંદાજપત્ર પહેલાં જે ભારે કરવેરાની અફવાઓ બજારોમાં ને સર્વત્ર જામી હતી તે બોટી ઠરી છે. અંદાજપત્રોની ભલામણો અંગે સૂચનાઓ-ટીકાઓ જરૂર થઇ શકે ને લોકસભામાં ને બીજા હિતો તરફથી કરવામાં પણ આવશે; પણ બીજી પંચવર્ષીય યોજનાના પ્રારંભકાળના અંદાજપત્ર તરીકે આ ભલામણોને મૂલવીએ તો તે વાસ્તવિકતાલક્ષી છે, આવશ્યક છે એમ લાગ્યા વિના રહેતું નથી. કેટલાકને તો આજે પણ કહેતાં આપણે સાંભળીએ છે કે શ્રી દેશમુખનું આ બજેટ જનાળ લીઆકતઅલીના બજેટ જેટલું જ ખરાબ છે. પણ મધ્યસ્થ સરકારના અંદાજપત્રને સામાન્ય માનવીની દૃષ્ટિએ જોઇએ તો એમ ચોકકસ લાગે કે "કરવેરા આકરા તો લાગે જ; સાહસ અને ઉત્સાહ ઉપર પણ અસર તો થાય જ, પણ દેશના સર્વાંગી વિકાસ માટે અને સમાજવાદી ધોરણે સમાજ-રચના કરવાના પ્રયત્નો સફળ કરવા હોય તો આ બોજો ઉઠાવ્યે જ છૂટકો છે."

(૭) શ્રી દેશમુખ જેવા બાહોશ વહીવટકર્તાના સમય દરમ્યાન અંદાજપત્ર ખૂટી જાય તે વિસ્મયજનક છે, અક્ષમ્ય છે. વાંક ગમે તેનો હોય ને તે બહાર આવ્યા વિના રહેનાર નથી-કારણ સરકાર તપાસ કરી રહી છે-પણ બજેટ પહેલાં મુંબઇના બજારોમાં આગળથી બજેટની સાઇકિલોસ્ટાઇલ્ડ નકલો વેચાય તે બીના સરકારને કે પ્રજાને શોભાસ્પદ તો નથી જ નથી.

કાન્તિલાલ બરોડિયા

'પ્રાતઃસ્મરણીય મહાત્મા ગાંધીજી'
(પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધ)

(લેખક અને પ્રકાશક : અંબેલાલ એન. જોષી, ૪૩, જરીવાલા બિલ્ડીંગ, ચોપાટી, મુંબઇ-૭; મુખ્ય વિક્રેતા : ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ. કિંમત-દરેક ભાગના રૂપિયા દશ દશ.)

મહાત્મા ગાંધીજીના જીવન ઉપર આપણે ત્યાં સંખ્યાબંધ પુસ્તકો લખાયાં છે. કેટલીક વ્યક્તિઓનું જીવન જ એવું હોય છે કે જેમાંથી નવે નવે યુગે નવી નવી પેઢીઓને નવું નવું દર્શન પ્રાપ્ત થાય છે. મહાપુરુષોનાં જીવન તેમના કાળ દરમ્યાન તો અનેક માણસોને પ્રેરણા આપે છે. પણ તેમના અવસાન પછી પણ તેઓ પોતાનાં જીવનદ્વાર ભવિષ્યની પ્રજા માટે મોટા પ્રેરક, સાંસ્કારિક વારસો મૂકી જાય છે. એમની જીવનસરિતાનાં જલનું પાન માનવજાત સદા કરતી જ રહે છે.

જગતમાં બહુ ઓછી એવી વ્યક્તિઓ છે કે જેમના જીવન અને જીવનકાર્ય ઉપર સેંકડો પુસ્તકો લખાયાં હોય ! ગાંધીજીના જીવન ઉપર દુનિયાની જુદી જુદી ભાષાઓમાં સંખ્યાબંધ પુસ્તકો લખાયાં છે, અને હજુ પણ લખાય છે. ગુજરાતીમાં ગાંધીજીએ પોતાની 'આત્મકથા' પ્રગટ કરેલી છે, પણ એમાં એમણે પોતાના જીવનમાંથી 'સત્યના પ્રયોગો'ની દૃષ્ટિએ વિશિષ્ટ એવા પ્રસંગોની પસંદગી કરી છે. એટલે ગાંધી જીવનના અન્ય લાક્ષણિક પ્રસંગોને અને 'આત્મકથા'ના અંત સમયથી શરૂ કરીને ગાંધીજીના અવસાન સુધીના જીવનને સમાવી લેતું જીવનચરિત્ર ગુજરાતીમાં પ્રગટ થવાની જરૂર હતી. એ દૃષ્ટિએ ગાંધીજીના સમગ્ર જીવનને આવરી લેતા અને ગાંધીજીના જીવનનાં વિવિધ પાસાંઓ ઉપર પ્રકાશ પાડતાં પુસ્તકોમાં આ પુસ્તક નોંધપાત્ર ઉમેરો કરે છે.

વલ્લભભાઇ, મહાદેવભાઇ, રાજેન્દ્રપ્રસાદ, ટંડન, રાજાજી, ડૉ. પટ્ટાભી વગેરે આપણા રાષ્ટ્રીય નેતાઓનાં જીવન ચરિત્રોના લેખક શ્રી અંબેલાલ જોષીની કલમ જીવન ચરિત્રના લેખનમાં સારી રીતે વિકસેલી ઘડાયેલી છે. લેખકની પાસે અત્યંત સરળ અને પ્રસન્નમધુર શૈલી અને વસ્તુની કલાત્મક રજૂઆતની હથોટી હોવાને લીધે એમની કલમે લખાયેલાં જીવન ચરિત્રો રોચક અને સુવાચ્ય બની જાય છે. વળી, લેખક ખૂબ અભ્યાસી હોવાથી એમના હાથે લખાયેલાં જીવન ચરિત્રોમાં ચરિત્રનાયકના જીવન વિષેના અન્યત્ર વેરાયેલા પડેલા અસંખ્ય પ્રસંગો સુસંકલિત થઇ જાય છે.

ગાંધીજીના જીવન ઉપર બે ભાગમાં લખાયેલું આ પુસ્તક તૈયાર કરવામાં લેખકે ગુજરાતી, હિંદી અને અંગ્રેજીમાં લખાયેલાં સંખ્યાબંધ પુસ્તકોનો અભ્યાસ કર્યો છે, આધાર લીધો છે. પૂર્વાર્ધમાં લેખકે ગાંધીજીના જન્મ અને જન્મ સમયના જમાનાથી શરૂ કરીને ગાંધીજીના અંતિમ નિર્વાણ સુધીનો સમય-એટલે કે ગાંધીજીનું સમગ્ર જીવન આલેખ્યું છે. બીજા ભાગમાં-ઉત્તરાર્ધમાં-લેખકે ગાંધીજીના વ્યક્તિત્વનાં ભિન્ન ભિન્ન પાસાંઓ લીધાં છે, જેમકે પત્રકાર ગાંધીજી, સાહિત્યકાર ગાંધીજી, કેળવણીકાર ગાંધીજી, પ્રવાસી ગાંધીજી, ચિંતક ગાંધીજી, લોકસેવક ગાંધીજી સત્યાગ્રહી ગાંધીજી વગેરે ગાંધીજીના વ્યક્તિત્વનાં ભિન્ન ભિન્ન પાસાંઓ રજૂ કરતી વખતે લેખકે એ એ વિષયપરના ગાંધીજીના સિધ્ધાંતો અને મૌલિક વિચારોનો વિગતે અને વ્યવસ્થિત રીતે પરિચય કરાવ્યો છે અને સાથે સાથે એ એ વિષયને લગતા ગાંધીજીના જીવનના સુપ્રસિધ્ધ પ્રસંગોનો પણ રસાસ્વાદ કરાવ્યો છે. આ ઉપરાંત લેખકે ગાંધીજીની બુધ્ધ, ઇશુ, સોક્રેટીસ, ટોલ્સ્ટોય, ટાગોર વગેરે સાથે સરખામણી કરી છે, અને ધર્મભાવના, રાજકારણ, ઉપવાસ, જેલયાત્રા, મહાસભા, દામ્પત્યજીવન, કુટુંબજીવન વગેરેને લગતા ગાંધીજીના પ્રસંગો અને વિચારો પણ સંકલિત કરી લીધા છે.

આ બધા ઉપરાંત લેખકે ગાંધીજીના જીવનના દર લાક્ષણિક પ્રસંગો જુદા તારવીને આપ્યા છે. આ પ્રસંગો વાંચતાં ગાંધીજીના સત્ય, અહિંસા, નીતિ, પ્રામાણિકતા, દયા, શૌર્ય, હાસ્ય, દેશદાઝ વગેરે સદ્-ગુણોનો ખ્યાલ આવે છે અને સાથે સાથે ગાંધીજીની પ્રતિભા કેવી 'જુજવે રૂપે અનંત ભાસતી' હતી એની પ્રતીતિ થાય છે.

ગુજરાતી ભાષામાં ગાંધીજીના સમગ્ર જીવનને આવરી લેતું અને ગાંધીજીની પ્રતિભાનાં ભિન્ન ભિન્ન અંગોને સ્પર્શતું પુસ્તક આ પ્રથમ જ હોવાથી ખરેખર આવકારપાત્ર છે. અલબત્ત, પુસ્તકનું મૂલ્ય સામાન્ય માણસના ખિસ્સાને ન પોષાય એવું છે એમ કહ્યા વિના રહેવાતું નથી.

રમણલાલ શાહ

સંઘદ્વારા યોજાતાં સંસ્કારસંમેલનો

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ દ્વારા અવારનવાર કોઇ વિશિષ્ટ વ્યક્તિનાં વ્યાખ્યાનો, વાર્તાલાપો તેમ જ સંપર્કસંમેલનો યોજવામાં આવે છે. આવાં સંસ્કાર સંમેલનોની દૈનિક છાપાઓમાં તેમજ પ્રબુધ્ધ જીવન પ્રગટ થયા પછી ત્રણ ચાર દિવસો દરમિયાન એવું કોઇ સંમેલન ગોઠવાયેલ હોય ત્યારે પ્રબુધ્ધ જીવનમાં તેને લગતી જાહેરાત આપવામાં આવે છે. આ ઉપરાંત સંઘના જે સભ્યો પોતાને આવાં સંમેલનોની વખતસર ખબર મળે એમ સંઘના કાર્યાલયને જણાવે છે તેમની એક યાદી રાખવામાં આવે છે અને તેમને વ્યક્તિગત ખબર આપવામાં આવે છે. આ રીતે જે સભ્ય ઉપર મુજબની ઇચ્છા જણાવશે તેનું નામ આ યાદીમાં ઉમેરવામાં આવશે અને તેમને સંઘદ્વારા યોજાતાં સંમેલ-નોની વખતસર ખબર આપવામાં આવશે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ.

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મસ્જીદ બંદર રોડ, મુંબઇ ૯. ટે. નં. ૩૪૬૨૯

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

પ્રબુદ્ધ જીવન

પ્ર. જૈન વર્ષ ૧૪–પ્ર. જીવન વર્ષ ૩
અંક ૨૩

મુંબઈ, એપ્રીલ ૧, ૧૯૫૬, રવિવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : ત્રણ આના

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

સ્યાદ્વાદ અને સાપેક્ષવાદ

(તા. ૨૩–૧૦–૫૬ ના 'જૈન ભારતી'માં સ્યાદ્વાદ और सापेक्षवाद એ મથાળા નીચે તેરાપંથી સંપ્રદાયના મુનિશ્રી નગરાજજીનો લેખ કેટલાએક સમય પહેલાં મારા વાંચવામાં આવ્યો. લેખ વાંચીને મારું ચિત્ત ખૂબ પ્રસન્ન થયું. એક જૈન મુનિ સ્યાદ્વાદની સમાન્તર વિચારશ્રેણી ધરાવતી પશ્ચિમના સમર્થ વૈજ્ઞાનિક સ્વ. આલ્બર્ટ આઈન્સ્ટાઇનનો સાપેક્ષવાદ (Theory of Relativity) ને સમજવા પ્રયત્નશીલ બને એટલું જ નહિ પણ એ બન્ને વિચારપદ્ધતિ ઉપર તુલનાત્મક સમાલોચના લખે એ વિસ્મય તેમ જ સવિશેષ આનંદ પમાડે તેવું હતું. પ્રસ્તુત વિષય અત્યન્ત જટિલ હોવા છતાં તેનું મુનિ નગરાજજીએ કરેલું નિરૂપણ મને ભારે મર્મગ્રાહી, વિશદ અને સરળ માલુમ પડ્યું. મુનિશ્રી નગરાજજી એ વખતે મુંબઈમાં ચાતુર્માસના કારણે બિરાજતા હતા. તેમની પાસે હું ગયો અને તેમને મેં ધન્યવાદ આપ્યા. તેરાપંથી સંપ્રદાયમાં મુનિશ્રી નથમલજી અને મુનિશ્રી નગરાજજી એ બે વિદ્વાન અને ચિન્તનપરાયણ સાધુઓ છે.

પ્રસ્તુત લેખનો પ્રબુધ્ધ જીવન માટે અનુવાદ કરવા મેં શ્રી મેનાબહેનને વિનંતિ કરી. તેમણે આ કઠણ કાર્ય સ્વીકાર્યું અને આ અનુવાદ વાચનારાઓને કબુલ કરવું પડશે કે તે કામ તેમણે સફળતાપૂર્વક પાર પાડ્યું છે. આ લેખનો અનુવાદ તે જ કરી શકે કે જેણે આ વિષયના મર્મને સારી રીતે ગ્રહણ કર્યો હોય અને પચાવ્યો હોય. પ્રસ્તુત અનુવાદ દ્વારા મેનાબહેને આ યોગ્યતા સિધ્ધ કરી આપી છે.

સ્યાદ્વાદ અને સાપેક્ષવાદથી જેઓ પરિચિત હશે તેમને આ લેખ વાંચીને જરૂર આનંદ થશે. જેઓ અપરિચિત હશે તેમને આ લેખ સમજવામાં મુશ્કેલી પડશે અને એમ છતાં જેઓ પ્રયત્ન કરશે તેમના માટે ચિન્તન અને તત્ત્વનિર્ણયની એક નવી દિશા ખુલશે. પરમાનંદ)

સ્યાદ્વાદ એ ભારતીય દર્શનોની એક સંયોજક કડી અને જૈન દર્શનનો આત્મા છે. હજારો વર્ષ પૂર્વે રચાયેલા જૈન આગમોનાં "उत्पाद् व्यय ध्रौव्य" "स्यादस्ति स्यान्नास्ति" આદિ વાક્યોમાં તેમજ દ્રવ્ય, ગુણ, પર્યાય, સપ્ત નય, વગેરે વિવિધ વચનોમાં તેનાં બીજ પડ્યાં છે. સિદ્ધસેન, સંમતભદ્ર, વગેરે જૈન દાર્શનિકોએ તાર્કિક પદ્ધતિએ સ્યાદ્વાદને વ્યવસ્થિત સ્વરૂપ આપ્યું. ત્યાર પછી તો તે ઉપર અગાધ શાસ્ત્રો રચાયાં જે આજે પણ સ્યાદ્વાદના મહત્વનો પરિચય આપે છે. છેલ્લાં પંદરસો વર્ષ થયાં સ્યાદ્વાદ એ દાર્શનિક જગતનો એક સજીવ પ્રશ્ન રહ્યો છે.

સાપેક્ષવાદ એ આ વીસમી સદીની એક મહાન વૈજ્ઞાનિક બક્ષીસ મનાય છે. તેને પ્રરૂપનાર પાશ્ચાત્ય દેશોમાં સર્વશ્રેષ્ઠ બુદ્ધિમાન ગણાતા વૈજ્ઞાનિક પ્રો. આલ્બર્ટ આઈન્સ્ટાઇન છે. ઈ. સ. ૧૯૦૫ માં આઈન્સ્ટાઇને "સીમિત સાપેક્ષતા" નામે એક નિબંધ લખ્યો, જે એક જર્મન પત્રિકામાં પ્રકાશિત થયો. આ નિબંધે વૈજ્ઞાનિક જગતમાં ખળભળાટ મચાવ્યો. ઇ. સ. ૧૯૧૬ ની સાલ પછી એમણે પોતાના આ સિદ્ધાન્તને વ્યાપક રૂપ આપ્યું અને તેને "असीम सापेक्षता" એવું નામ આપ્યું. ૧૯૨૧માં આ શોધને અનુલક્ષીને એમને વિજ્ઞાનનું "નોબલ" પારિતોષિક મળ્યું. આઈન્સ્ટાઇનના આ અપેક્ષાવાદે વિજ્ઞાનની દુનિયામાં ભારે ઉહાપોહ જગાવ્યો. વિજ્ઞાનની કેટલીએ નિશ્ચિત માન્યતાઓને એમણે ખોટી ઠરાવીને એક નવો માનદંડ સ્થાપિત કર્યો. અપેક્ષાવાદને માન્યતા મળવા માંડી એ સાથે ન્યુટનનો સમર્થથી હકા જમાવી બેઠેલ ગુરૂત્વાકર્ષણ (Law of Gravitation) નું સિંહાસન ડોલાયમાન થયું. 'ઇથર' નામશેષ થઈ ગયું અને દેશ-કાળને લગતી ધારણાઓએ એક નવું રૂપ ધારણ કર્યું. અસ્તુ. કેટલાય વિરોધો બાદ આજે હવે 'અપેક્ષા વાદ' એ એક નિર્વિવાદ સિદ્ધાંત તરીકે માન્ય થયો છે. આ પ્રમાણે દાર્શનિક જગતમાં સચવાઈ રહેલો સ્યાદ્વાદ અને વૈજ્ઞાનિક જગતમાં નવો સ્થાપિત થયેલો સાપેક્ષાવાદ એ બેનું તુલનાત્મક વિવેચન કરવું એ આ લેખનો હેતુ છે.

નામસામ્ય

"સ્યાત્" અને "વાદ" આ બે શબ્દ ભેળાને સ્યાદ્વાદ શબ્દ બન્યો છે. "સ્યાત્" એ "કોઈ એક રીતે" એવો અર્થવાળું સંસ્કૃત ભાષાનું અવ્યય છે. એટલે વસ્તુ તત્વના નિર્ણયમાં જે વાત અપેક્ષાના આધારે હોય તે "સ્યાદ્વાદ" એ તેની શાબ્દિક વ્યુત્પત્તિ છે.

"સાપેક્ષવાદ" એ "Theory of Relativity" નો હિન્દી અનુવાદ છે. જો અક્ષરશઃ અનુવાદ કરવો હોય તો "અપેક્ષાનો સિદ્ધાન્ત" એમ કહેવાય. પણ વૈજ્ઞાનિક હિંદી ગ્રંથોમાં તેને "सापेक्षवाद" એવું નામ આપ્યું છે. તત્વતઃ સાપેક્ષવાદનો એ જ શાબ્દિક અર્થ છે જે સ્યાદ્વાદનો છે. અપેક્ષા સહિતનો જે વાદ તે સાપેક્ષવાદ. જો આપણે સાપેક્ષવાદને સ્યાદ્વાદ અને સ્યાદ્વાદને સાપેક્ષવાદ કહીએ તો શાબ્દિક દૃષ્ટિએ તેમાં કંઇ ફરક નથી પડતો. જેમ હિંદી લેખકોએ Theory of Relativity નો અર્થ સાપેક્ષવાદ કર્યો, તેમ રાધાકૃષ્ણન્ આદિ અંગ્રેજી લેખકોએ સ્યાદ્વાદ નો અર્થ Theory of Relativity કર્યો તેનું આ જ કારણ છે. આમ બે વિભિન્ન ક્ષેત્રમાંથી આરંભાએલા સિદ્ધાન્તોનું આ પ્રકારનું નામસામ્ય એ એક આશ્ચર્યજનક અને જિજ્ઞાસાપ્રેરક ઘટના છે.

સરળ છતાં કઠિન

બન્ને સિધ્ધાન્તો પોતપોતાના ક્ષેત્રમાં સરળ પણ મનાયા છે અને કઠિન પણ મનાયા છે. દાખલા તરીકે મહાન ગણાતા એવા જૈનેતર વિદ્વાનોએ જ્યાં સ્યાદ્વાદની સમાલોચના કરવા કલમ ઉપાડી છે ત્યાં પ્રાયઃ તે સમાલોચનાએ જ કહી આપ્યું છે કે સ્યાદ્વાદ કેટલો કઠિન વિષય છે. તેઓ સ્યાદ્વાદને બરાબર સમજ્યા જ નથી. અલ્હાબાદ વિશ્વવિદ્યાલયના વાઇસ ચેન્સેલર મહામહોપાધ્યાય ડૉ. ગંગાનાથ ઝા. એમ. એ; ડી. લિટ્; એલ. એલ. ડી. લખે છે કે "જ્યારે શંકરાચાર્ય દ્વારા કરવામાં આવેલું જૈન સિધ્ધાન્તનું ખંડન મારા વાંચવામાં આવ્યું ત્યારથી મને ખાત્રી થઈ ગઈ છે કે જૈન સિધ્ધાન્તમાં એટલું બધું સમજવાનું છે કે જે વિષે વેદાન્ત આચાર્યોએ ઊંડા ઉતરીને વિચાર્યું નથી; જૈન ધર્મ વિષે હું જે કંઇ સમજ્યો છું તે ઉપરથી મને દૃઢ વિશ્વાસ બેસે છે કે જો શંકરાચાર્યે મૂળ જૈન ગ્રંથોને જોવાની તકલીફ ઉઠાવી હોત તો જૈન ધર્મનો વિરોધ કરવાનું તેમને કંઇ કારણ ન મળત." સ્યાદ્વાદના વિષયમાં તેની ગહનતાના કારણે આવાં વિવેચનોની બહુલતા જ્યાં ત્યાં જોવામાં આવે છે. છતાં આ ગહનતાને આચાર્યોએ કયાંક કયાંક એટલી સરળ બનાવી દીધી છે કે જેથી સામાન્ય બુદ્ધિનો માનવી પણ

સ્યાદ્વાદના હૃદય સુધી પહોંચી શકે. જ્યારે આચાર્યોની સામે આ પ્રશ્ન ઉપસ્થિત થયો કે એક જ વસ્તુમાં ઉત્પત્તિ, વિનાશ, અને ધ્રૌવ્ય કેવી રીતે સંભવી શકે ? ત્યારે ઉત્તરમાં સ્યાદ્વાદી આચાર્ય કહે છે "એક સુવર્ણકાર સોનાનો કળશ તોડીને મુગટ બનાવી રહ્યો છે, તેની પાસે ત્રણ ગ્રાહક આવ્યા; એકને સોનાનો કળશ જોઇએ છે, બીજાને સોનાનો મુગટ જોઇએ છે, ત્રીજાને માત્ર સોનું જ જોઇએ છે. સોનીને જોઇને પહેલાને દુઃખ થાય છે કે અરે! આ તો કળશને તોડી રહ્યો છે, બીજાને હર્ષ થાય છે કેમકે તે મુગટ બનાવી રહ્યો છે. ત્રીજો મધ્યસ્થ ભાવનામાં રહે છે, કેમકે તેને તો સોના સાથે જ કામ છે. તાત્પર્ય એ થયું કે એક જ સમયે એક વ્યકિત સોનામાં વિનાશ જુએ છે, બીજો ઉત્પત્તિ જુએ છે અને ત્રીજો ધ્રૌવ્ય જુએ છે. અસ્તુ. આ પ્રમાણે દરેક વસ્તુ પોતાના સ્વભાવથી ત્રિગુણાત્મક છે." દરેક વસ્તુમાં ભિન્ન ભિન્ન અપેક્ષાએ ભિન્ન ભિન્ન વિરોધી ધર્મ રહ્યા છે. બીજું ઉદાહરણ જોઇએ. રસ્તે ચાલતાં કોઈ મનુષ્યે પૂછ્યું "આપનો સ્યાદ્વાદ શું છે?" આચાર્યે પોતાની ટચલી અને અનામિકા આંગળીઓ ઊંચી કરી અને પૂછ્યું "આ બેમાં મોટી કઇ છે?" ઉત્તર મળ્યો "અનામિકા." પછી આચાર્યે ટચલીને બદલે મધ્યમાં ઊંચી કરીને પૂછ્યું "હવે નાની કઇ છે?" ઉત્તર મળ્યોઃ "અનામિકા." આચાર્યે કહ્યું: "આ અમારો સ્યાદ્વાદ છે. તમે એક જ આંગળીને મોટી પણ કહો છો અને નાની પણ કહો છો." આ છે સ્યાદ્વાદની સહજગમ્યતા.

સાપેક્ષવાદનું પણ આ જ સ્વરૂપ છે. તે એટલો તો કઠિન છે કે મોટા મોટા વૈજ્ઞાનિકો પણ તેને સમજવા અને સમજાવવામાં ચક્કરમાં પડી જાય છે. કહેવાય છે કે સાપેક્ષવાદમાં ગણિતની ગડમથલો એટલી બધી છે કે આજ સુધીમાં વિશ્વભરમાં તેની ચર્ચા કરવાને સમર્થ એવા સોથી વધારે વૈજ્ઞાનિકો અથવા તો વિદ્વાનો મળવા આજે સંભવિત નથી. સાપેક્ષવાદની કઠિનાઇ વિષે ઘણાં ઉદાહરણો અપાય છે તેમાં એક આ છે. (સાધારણ રીતે આ ઉદાહરણ બુદ્ધિગમ્ય નથી લાગતું) "જો કોઈ બે માણસો ઉત્તરોત્તર બે વખત મળે તો એ બે મેળાપ વચ્ચે બન્નેએ સરખો સમય પસાર કર્યો હોવો જોઇએ." આવું વિધાન એક દૃષ્ટિએ સાચું છે, બીજી દૃષ્ટિબિંદુથી સાચું નથી. વચલા ગાળા દરમિયાન તેઓ બન્ને પોતપોતાના ઘરમાં જ બેસી રહ્યા હતા કે બેમાંથી એક વચગાળે દુનિયાના કોઈ દૂર પ્રદેશમાં ફરીને પાછો આવ્યો હતો–એના ઉપર ઉપર જણાવેલ વિધાનનું સત્યાસત્ય આધાર રાખે છે.

સાપેક્ષવાદની જટિલતાને પ્રો. મેકસવોર્ન એક સરસ વિનોદપૂર્ણ દૃષ્ટાન્તથી સમજાવી છે. તે લખે છે: "મારા એક મિત્ર કોઇ ડીનર પાર્ટીમાં ગયા હતા. એમની પાસે બેઠેલાં એક બહેને તેમને પૂછ્યું: "પ્રાધ્યાપક મહાશય, વાસ્તવમાં સાપેક્ષવાદ શું છે તે તમો થોડા શબ્દોમાં મને કહી શકશો ?" એમણે કહ્યું: "હું તમને ઉત્તર આપું ત્યાર પહેલાં તમે મારી બીજી એક વાત સાંભળો. હું મારા એક મિત્ર સાથે એકવાર ફરવા ગયો હતો. ચાલતાં ચાલતાં રસ્તામાં અમને બન્નેને તરસ લાગી. એટલામાં અમે એક ખેતર નજીક પહોંચ્યા. મેં મિત્રને કહ્યું અહિંથી આપણે થોડું દુધ લઇ લઇએ. મિત્રે કહ્યું "દુધ શું વસ્તુ છે?" મેં કહ્યું તમે નથી જાણતા ? પાતળું અને સફેદ સફેદ આવે છે તે. તેણે પૂછ્યું: "સફેદ શું કહેવાય?" મેં કહ્યું બતક જેવું સફેદ જે હોય તે. તેણે પૂછ્યું: "બતક શું છે?" મેં કહ્યું "એક પક્ષી જેની ડોક વાંકી હોય છે." તેણે કહ્યું: "વાંકી એટલે વળી શું?" મેં મારો હાથ વાંકો કરીને બતાવ્યો અને કહ્યું આને વાંકુ કહેવાય. ત્યારે તેણે કહ્યું કે "ઠીક, હવે હું સમજી ગયો કે દુધ શું છે." આ વાત સાંભળીને પેલાં બહેને કહ્યું "હવે મને સાપેક્ષવાદ શું છે તે સમજવાની જિજ્ઞાસા રહી નથી." આ સાપેક્ષવાદની જટિલતાનું એક ઉદાહરણ છે. તે જ પ્રમાણે તદ્દન સરળતાથી સમજાવી શકાય તેવાં પણ સાપેક્ષવાદના ઉદાહરણો છે. એક તેવું ઉદાહરણ જોઇએ. પ્રોફેસર આઇન્સ્ટાઇનને એમના પત્નીએ પૂછ્યું: "સાપેક્ષવાદ કેવો છે તે હું કેવી રીતે દર્શાવું?" આઇન્સ્ટાઇને એક દાખલો આપી કહ્યું "જ્યારે એક મનુષ્ય કોઇ સુંદર યુવાન સ્ત્રી સાથે વાતો કરતો હશે ત્યારે તેને એક કલાક એક મિનિટ જેવો લાગશે, પણ જો તેને એક ગરમ ચૂલા ઉપર બેસાડીએ તો એક મિનિટ એક કલાક જેવી તેને લાગશે. આ છે સાપેક્ષવાદ." આટલા માટે જ સાપેક્ષવાદ અને સ્યાદ્વાદ બન્નેને કઠિન પણ કહ્યા છે અને સરળ પણ કહ્યા છે.

વ્યાવહારિક સત્ય અને તાત્વિક સત્ય

સ્યાદ્વાદમાં નયોનાં અનેક પ્રકાર વર્ણવ્યા છે. પણ અહિંઆ આપણે વ્યવહાર અને નિશ્ચય એ બે જ નય લેશું. તેની વ્યાખ્યા કરતાં આચાર્યોએ કહ્યું છે કે નિશ્ચય નય વસ્તુના તાત્વિક અર્થનું પ્રતિપાદન કરે છે, અને વ્યવહાર નય માત્ર લોકવ્યવહાર ઉપર આધારિત છે. જેમ કે એકવાર ગૌતમસ્વામીએ ભગવાન મહાવીરને પુછ્યું:– "ભગવાન! પ્રવાહી ગોળમાં કેટલા વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ હોય છે? "ભગવાન મહાવીરે કહ્યું" હું આ પ્રશ્નનો ઉત્તર બે નયથી આપીશ. વ્યવહાર નયની અપેક્ષાએ તો ગોળ ગળ્યો કહેવાય છે, પણ નિશ્ચય નયની અપેક્ષાએ તેમાં ૫ વર્ણ, ૫ રસ, ૫ ગંધ અને ૮ સ્પર્શ છે." આ જ પ્રમાણે જ્યારે ગૌતમસ્વામીએ ભ્રમર, પોપટ, રાખ, મોરપિંછ વગેરે વિષે પુછ્યું ત્યારે પણ ભગવાને વ્યવહાર નયથી એક વર્ણ, સ્પર્શ વગેરે કહ્યું અને નિશ્ચયનયથી ૫ વર્ણ ૫ રસ ૫ ગંધ અને ૮ સ્પર્શ કહ્યા. તાત્પર્ય એ થયું કે વસ્તુનું ઇંદ્રિયગ્રાહ્ય સ્વરૂપ જુદું છે, અને વાસ્તવિક સ્વરૂપ કંઈ જુદું જ છે. સામાન્ય માનવી બાહ્ય સ્વરૂપને જુએ છે, જ્યારે સર્વજ્ઞ બાહ્ય અને આંતરિક બન્ને સ્વરૂપ તથા પ્રકારે જાણે છે. સાપેક્ષવાદના પ્રરૂપક પ્રો. આઇન્સ્ટાઇન પણ આ જ કહે છે:– "આપણે કેવળ આપેક્ષિક સત્યને જાણી શકીએ છીએ; સંપૂર્ણ સત્ય તો સર્વજ્ઞ જ જાણે." સ્યાદ્વાદના વિષયમાં જેમ ભગવાન મહાવીર અને ગૌતમના સંવાદ રૂપે પરમાર્થ સત્ય અને વ્યવહાર સત્યને સમજાવ્યું છે તે જ પ્રમાણે આઇન્સ્ટાઇને પણ સાપેક્ષવાદમાં એવાં ઉદાહરણોનો પ્રયોગ કર્યો છે. તે કહે છે, કોઇ ઘટનાને આપણે આજે અથવા હમણા બની એમ કહેતા હોઇએ પણ સંભવ છે કે તે ઘટના હજારો વર્ષ પહેલાં બની હોય. જેમ કે એક લાખ પ્રકાશવર્ષને અંતરે રહેલી બે નિહારિકાઓમાં વિસ્ફોટ થાય અને તેમાંથી બે નવા તારા ઉત્પન્ન થાય. આ બન્ને નિહારિકાઓમાં વસનારા માનવીઓને પોતપોતાના પ્રદેશમાં બનેલી આ ઘટના આજે બની હોય એવું લાગશે, પરંતુ બન્નેની વચ્ચે લાખો પ્રકાશવર્ષનું અંતર હોવાના કારણે એક નિહારિકાની ઘટના એક લાખ વર્ષ બાદ નીપજી છે એમ બીજી નિહારિકામાં વસતો આદમી કહેશે. કેમકે તેને તો ત્યારે જ ખબર પડે છે. આ પ્રમાણે વિસ્ફોટનો પણ પરમાર્થકાળ નહિં પણ માત્ર સાપેક્ષ કાળ જ દર્શાવી શકાય છે. કાળ સંબંધી આધુનિક વૈજ્ઞાનિક માન્યતા એવી છે કે પ્રકાશ એક સેકન્ડમાં ૧,૮૬,૦૦૦ માઇલની ગતિ કરે છે, આ ગતિએ જતાં એક વર્ષમાં તે જેટલા માઇલ દૂર જાય તેટલા અંતરને એક પ્રકાશ વર્ષનું અંતર કહે છે. બ્રહ્માંડમાં એક બીજાથી લાખો પ્રકાશ વર્ષને અંતરે તારાના પુંજ છે. એટલે એક તારામાં થયેલા વિસ્ફોટની જાણ બીજા તારાના માનવીને તો એક લાખ વર્ષ પછી જ થાય છતાં તેને તે તત્કાળમાં જ બની હોય એવું લાગે. સારાંશ એ થયો કે મનુષ્ય બહુધા વ્યાવહારિક સત્યને અવલંબીને જ ચાલે છે.

સ્યાદ્વાદશાસ્ત્રની સપ્તભંગી પણ દરેક વસ્તુને સ્વ–દ્રવ્યની અપેક્ષાએ "અસ્તિ" "છે" એમ સ્વીકારે છે અને પર–દ્રવ્યની અપેક્ષાએ "નાસ્તિ" "નથી" એમ કહે છે. જેમકે કોઇ એક ઘટના વિષયમાં એક વ્યકિત એમ કહે કે "આ ઘડો માટીનો છે, રાજસ્થાનમાં બનેલો છે, ગ્રીષ્મ ઋતુમાં ઘડાયો છે, તેનો રંગ સફેદ છે, તે અમુક પ્રકારનો છે; તે જ સમયે તે જ ઘટના વિષયમાં બીજી વ્યકિત એમ કહી શકે કે આ ઘડો સોનાનો નથી, તે વિદર્ભમાં બનેલો નથી, હેમન્ત ઋતુમાં ઘડાયો નથી, તે શ્યામ વર્ણનો નથી, અમુક પ્રકારનો નથી. અહિંઆ "છે" અને "નથી" તે દેશ કાળને અપેક્ષીને કહેવાયું છે. સ્યાદ્વાદની

જેમ સાપેક્ષવાદમાં પણ આવા અપેક્ષાયુકત ઉદાહરણો પુષ્કળ મળી આવશે જે નય અને સપ્તભંગી દ્વારા સાબિત કરી શકાય. પ્રો. એડીંગ્ટન દિશાની સાપેક્ષ સ્થિતિઓ ઉપર પ્રકાશ નાંખતાં લખે છે "સાપેક્ષવાદિને સમજવા માટે સૌથી સહેલું ઉદાહરણ પદાર્થની દિશાનું છે." એડિનબર્ગની અપેક્ષાએ ક્રેમ્બ્રીજની એક દિશા છે અને લન્ડનની અપેક્ષાએ બીજી દિશા છે. આ પ્રમાણે બીજી બીજી અપેક્ષાઓ વિષે પણ કહી શકાય. કોઈપણ પદાર્થની વાસ્તવિક દિશા કઈ છે તે આપણે કયારેય પણ સમજી શકવાના નથી. તે જ પુસ્તકમાં આગળ જતાં તે ચાલુ સત્ય અને વાસ્તવિક સત્યને સ્પષ્ટ કરતાં લખે છે "તમે કોઇ પણ કંપનીની આવક જાવકના કાગળો જુઓ, જે ઓડીટર દ્વારા તપાસાયા હોય. તમે કહેશો કે તે સત્ય છે, પણ વાસ્તવમાં તે સત્ય છે શું? આ કોઈ ધૂર્ત કંપની માટે હું નથી કહેતો. પ્રમાણિક કંપનીના હિસાબમાં પણ તમે જુઓ છો તેમ તે સમયની વસ્તુઓની કિંમતમાં અને હિસાબમાં લખાયેલી કિંમતમાં ફરક હશે જ. આમ હોવાથી આ ફરક, hidden reserves ની દૃષ્ટિથી, કંપની જેટલી વધારે સાચી હશે તેટલો વધારે હશે.

સ્યાદ્વાદના વિષયમાં ભગવાન મહાવીરે સેંકડો પ્રશ્નોના ઉત્તર અપેક્ષાના આધાર પર વિભિન્ન પ્રકારે આપ્યા છે. સૃષ્ટિના મૂળભૂત સિધ્ધાન્તોને પણ અપેક્ષાયુકત બતાવ્યા છે. પરમાણુ નિત્ય છે કે અનિત્ય આ પ્રશ્નના ઉત્તરમાં એમણે પરમાણુને નિત્ય અને અનિત્ય બન્ને કહ્યો. દ્રવ્યતત્વની અપેક્ષાએ તે નિત્ય છે, પણ પર્યાય આદિની અપેક્ષાએ અનિત્ય છે. તે પ્રતિક્ષણ પરિવર્તનશીલ છે. આવો જ ઉત્તર આત્માના વિષયમાં પણ ભગવાને આપ્યો. પ્રાકૃતિક સ્થિતિઓના વિષયમાં આઇન્સ્ટાઇન પણ અપેક્ષાપ્રધાન વાત કરે છે. સાપેક્ષવાદના પહેલા જ સૂત્રમાં તે કહે છે કે પ્રકૃતિ એવી છે કે તેની ગતિનો નિર્ણય કોઈ પણ પ્રયોગદ્વારા સિદ્ધ થઈ શકવાનો નથી. આનું શું કારણ? તેના ઉત્તરમાં સર જેમ્સ જીન્સ કહે છે: "ગતિ અને સ્થિતિ બન્ને આપેક્ષિક ધર્મ છે. એક વહાણ કે જે સ્થિર ઊભું છે, તે પૃથ્વીની અપેક્ષાએ સ્થિર છે, પણ સૂર્યની અપેક્ષાએ પૃથ્વી ગતિમાન છે તો તેની સાથે તે વહાણ પણ ગતિમાન છે. જો પૃથ્વીનું સૂર્યની આસપાસ ફરવાનું બંધ થાય તો સૂર્યની અપેક્ષાએ વહાણ તેમજ પૃથ્વી સ્થિર કહેવાય પણ વહાણ અને પૃથ્વી ગતિશીલ સૂર્યની અપેક્ષાએ ગતિમાન ગણાશે. સૂર્ય જે તારામંડળમાં બીરાજે છે તે તારામંડળ ગતિમાન હોઇને સ્થિર દેખાતું વહાણ, પૃથ્વી અને સૂર્ય ત્રણે ગતિશીલ કહેવાશે. આ પ્રમાણે આકાશમાં જેમ જેમ આપણે આગળ જઈશું તેમ તેમ આપણને પૂર્ણ સ્થિતિ જેવી કોઇ વસ્તુ મળી શકશે જ નહિ. તાત્પર્ય એ થયું કે અપેક્ષાવાદને અનુસાર પ્રત્યેક ગ્રહ કે પ્રત્યેક પદાર્થ ચર પણ છે અને સ્થિર પણ છે." સ્યાદ્વાદી પણ કહે છે કે પરમાણું નિત્ય પણ છે, અનિત્ય પણ છે. જગત્ શાશ્વત પણ છે અને અશાશ્વત પણ છે. અહિંઆ એ જોવાનું નથી કે જે નિર્ણય સ્યાદ્વાદનો છે તે જ નિર્ણય સાપેક્ષવાદનો છે કે નહિ, અથવા જે નિર્ણય સાપેક્ષવાદનો છે તે સ્યાદ્વાદનો છે કે નહિ; પણ જોવાનું એ છે કે વસ્તુતત્વને પરખવાની બન્નેની પધ્ધતિ કેટલી સમાન છે. બન્ને વાદ કેટલા અપેક્ષાનિષ્ઠ છે? "અસ્તિ" "નાસ્તિ" ની વાત જેમ સ્યાદ્વાદમાં ડગલે ને પગલે મળે છે તેમ "છે" અને "નથી" ની વાત સાપેક્ષવાદમાં પગલે પગલે મળે છે. જે પદાર્થના વિષયમાં આપણે એમ કહીએ કે આનું વજન ૧૫૪ પાઉંડ છે, ત્યાં સાપેક્ષવાદ કહેશે કે એ ખરું પણ છે અને ખોટું પણ છે, કેમકે તે જ ૧૫૪ પાઉંડનું વજન દક્ષિણ કે ઉત્તર ધ્રુવ ઉપર ૧૫૫ પાઉંડ થશે. ગતિ અને સ્થિતિની અપેક્ષાએ તે પણ બદલાય છે. આવી રીતે ગુરુત્વાકર્ષણના વિષયમાં પણ આઇન્સ્ટાઇને એક કાલ્પનિક દૃષ્ટાન્ત દ્વારા સાપેક્ષવાદ સિધ્ધ કરી બતાવ્યો છે. ધારો કે કલ્પનામાં ન આવે એવું એક ઊંચું મકાન પૃથ્વી ઉપર ઉભું કરવામાં આવ્યું છે અને તે મકાનની ટોચ ઉપર જવા માટે મકાન સાથે એક 'એલીવેટર' અથવા લીફ્ટ જોડવામાં આવેલ છે. આ એલીવેટરની અંદર એક માણસ ઉભો છે અને તેની હથેલીમાં એક સફરજન છે. હવે ધારો કે આ એલીવેટરને ઉંચે પકડી રાખનાર દોરડા એકાએક તુટી જાય છે અને એલીવેટર જમીન તરફ ધસવા માંડે છે. આવા ધસારા દરમિયાન એલીવેટરની અંદર રહેલો માણસ સફરજનવાળી હથેલીને ઉંધી વાળે છે. આમ છતાં પણ એ સફરજન તેની હથેલીમાંથી છુટું પડવાને બદલે હથેલીને વળગી રહેલું માલુમ પડે છે. કારણ કે ગુરુત્વાકર્ષણના કારણે જે ગતિમાં એલીવેટર નીચે જતું હશે તે જ ગતિ પેલા સફરજનને પણ લાગુ પડશે. અને એલીવેટર, પેલો માણસ અને સફરજન ત્રણેને એક સરખી ગતિનો નિયમ લાગુ પડતાં કોઇ કોઇથી છુટા પડશે નહિ. આ કાલ્પનિક દૃષ્ટાન્તમાં પૃથ્વીની સપાટી ઉપર ઉભેલા કોઈ આદમીની અપેક્ષાએ એલીવેટર, પેલો માણસ અને સફરજન ત્રણે ગુરુત્વાકર્ષણના કારણે નીચે ગતિ કરતાં માલુમ પડશે જ્યારે એલીવેટરની અપેક્ષાએ પેલો માણસ અને સફરજન સ્થિર માલુમ પડશે અને પેલા માણસને સફરજન ગતિશીલ હોવા છતાં તેના ઉપર ગુરુત્વાકર્ષણની જાણે કે કશી અસર ન હોય એવો અનુભવ થશે. આમ ભિન્ન ભિન્ન અપેક્ષાએ અને ભિન્ન ભિન્ન સંયોગોમાં ગુરુત્વાકર્ષણનું અસ્તિત્વ તેમ જ નાસ્તિત્વ ઉભય અનુભવગોચર બનશે.

અહિં યાદ રાખવાનું છે કે આઇન્સ્ટાઇને ગુરુત્વાકર્ષણને ઉદાહરણને ખાતર જ માન્યું છે. બાકી આમ તો તેણે ગુરુત્વાકર્ષણનું અસ્તિત્વ જ મિટાવી દિધું છે. આ બધાનો સાર સ્યાદ્વાદ એમ બતાવે છે કે વસ્તુ અનંત ધર્માત્મક છે અથવા તો અનંત ગુણ અને વિશેષતાઓને ધારણ કરવાવાળી છે. કોઈ પણ વસ્તુના વિષયમાં જ્યારે આપણે કંઇ કહીએ છીએ ત્યારે તેના એક ધર્મને લક્ષમાં રાખી બીજા ધર્મોને ગૌણ કરીને વાત કરીએ છીએ. આપણું તે સત્ય આપેક્ષિક સત્ય છે. અન્ય અપેક્ષાએ તે વસ્તુ અન્ય પ્રકારની પણ હોઇ શકે. લીંબુની અપેક્ષાએ નારંગી મોટી છે. તરબુચની અપેક્ષાએ નાની. એટલે કે લઘુત્વ અને ગુરુત્વ જે આપણે વ્યવહારમાં બોલીએ છીએ તે આપેક્ષિક છે. વાસ્તવિક ગુરુત્વ તો લોકવ્યાપી મહાસ્કન્ધમાં છે અને વાસ્તવિક લઘુત્વ પરમાણુમાં. સુપ્રસિદ્ધ વૈજ્ઞાનિક એડીંગ્ટન આ વિષયમાં શું કહે છે તે જોઇએ. તે લખે છે "મને એમ લાગે છે કે ઘણુંખરૂં આપણે ચાલુ સત્ય અને વાસ્તવિક સત્યની વચ્ચે એક મર્યાદા બાંધીએ છીએ. એક કથન કે જે પદાર્થના બાહ્ય સ્વરૂપ સાથે સંબંધ રાખે છે તેને સત્ય કહી શકાશે ખરૂં, પણ જે કથન માત્ર બાહ્ય સ્વરૂપ નહી પણ તેના મૂળમાં રહેલા સત્યને પ્રગટ કરતું હશે તે વાસ્તવિક સત્ય કહેવાશે." આ પ્રમાણે સ્યાદ્વાદ અને સાપેક્ષાવાદની વિસ્મયકારક સમાનતાને જોઇને એટલું તો માનવું જ પડશે કે સ્યાદ્વાદ એ કોઇ ઉપરછલ્લાં તત્વનો સંગ્રહ નથી; પણ વસ્તુના મૂળ સ્વરૂપને સમજવા માટેનો એક યથાર્થ માર્ગ છે જે હજારો વર્ષ પહેલાં જૈન દાર્શનિકોએ શોધ્યો છે. તેનું સ્વરૂપ જેટલું દાર્શનિક છે તેટલું જ વૈજ્ઞાનિક પણ છે. તે માત્ર કલ્પનાના ગોળા નથી પણ જીવનનો એક વ્યાવહારિક માર્ગ છે. તેથી જ તો આચાર્યોએ કહ્યું છે "એ સ્યાદ્વાદ રૂપી મહા સિધ્ધાન્તને મારા નમસ્કાર છે કે જે વિના લોક વ્યવહાર ચાલી શકતો નથી." મૂળ હિંદી: **મુનિ નગરાજજી**
અપૂર્ણ.

અનુવાદક: **મોહનલાલ નરોત્તમદાસ**

सत्यं शिवं सुन्दरम्

શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાનો લેખસંગ્રહ
કાકાસાહેબ કાલેલકર અને પંડિત સુખલાલજીના પ્રવેશકો સાથે
કીંમત રૂા. ૩, પોસ્ટેજ ૦।૯

મુંબઇ જૈન યુવક સંઘના સભ્યો તથા પ્રબુધ્ધ જીવનના ગ્રાહકો માટે
કીંમત રૂા. ૨, પોસ્ટેજ ૦।૯

પ્રબુદ્ધ જૈન તથા પ્રબુદ્ધ જીવનની ફાઇલો

કીંમત રૂા. ૬, પોસ્ટેજ ૦।૯

ઋષભદેવ-ચરિત્ર ચિત્રાવલિ અંક

કીંમત રૂા. ૦।૧, પોસ્ટેજ ૦।૯

પ્રાપ્તિસ્થાન:
શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, ૪૫૪૭, ખનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩

પ્રકીર્ણ નોંધ

પંડિત સુખલાલજીનું રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિએ કરેલું બહુમાન

વર્ધાની રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિએ 'મહાત્મા ગાંધી પુરસ્કાર' એ નામની એક પુરસ્કાર યોજના કરેલી છે. એ યોજના મુજબ અહિંદીભાષી પ્રદેશમાં રહેનાર જે વિદ્વાને હિંદી ભાષાની ખાસ નોંધપાત્ર સેવા કરી હોય અને હિંદી ભાષામાં ઉચ્ચ કોટિના સાહિત્યનું સર્જન કર્યું હોય એવા કોઇ એક વિદ્વાનને દર વર્ષે પસંદ કરીને તેને રૂ. ૧૫૦૦ નો પુરસ્કાર આપવામાં આવે છે. આ યોજનાનો છેલ્લાં પાંચ વર્ષથી અમલ થઇ રહ્યો છે. છેલ્લાં ચાર વર્ષ દરમિયાન નીચે જણાવેલ ચાર વ્યકિતવિશેષને આ પુરસ્કારનો લાભ આપવામાં આવ્યો છે:—

(૧) આચાર્ય ક્ષિતિમોહન સેન
(૨) પંડિત શ્રીપાદ દામોદર સાતવળેકર
(૩) શ્રી બાપુરાવ વિષ્ણુ પરાડકર
(૪) આચાર્ય વિનોબા ભાવે

જણાવતાં આનંદ થાય છે કે આ વર્ષનો પુરસ્કાર પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજીને આપવાનો પ્રસ્તુત સમિતિએ નિર્ણય કર્યો છે. અને એ પુરસ્કાર અર્પણ કરવાનો વિધિ આગામી ઓકટોબર માસમાં જયપુર મુકામે મળનાર રાષ્ટ્રભાષા પ્રચાર સંમેલન પ્રસંગે કરવામાં આવનાર છે. પ્રબુધ્ધ જીવનના વાંચકોને કદાચ પૂરી ખબર નહિ હોય કે પંડિત સુખલાલજીએ જેટલું ગુજરાતીમાં લખ્યું છે, લગભગ તેટલું જ હિંદીમાં લખ્યું છે અને આ ઉભય ભાષાનાં લખાણોમાંથી ચૂંટીને તારવેલા લેખોનો સંગ્રહ એક હિંદી અને એક ગુજરાતી એમ લગભગ ૫૦૦-૫૦૦ પાનાંના બે વિભાગમાં તૈયાર થઈ રહ્યો છે અને પંડિત સુખલાલજી સન્માન સમિતિ તરફથી યોજવામાં આવનાર પંડિતજીના સન્માન સમારંભ પ્રસંગે એ લેખસંગ્રહ પ્રગટ થનાર છે. અહિં એ પણ જણાવવું જરૂરી છે કે પ્રસ્તુત સન્માન ફાળામાં રૂ. ૨૫ અથવા તેથી વધારે રકમ ભરનાર દરેક વ્યકિતને આ બન્ને વિભાગની એક એક નકલ ભેટ આપવાનો સન્માન સમિતિ તરફથી નિર્ણય કરવામાં આવ્યો છે. અહિં એ પણ જણાવવું અસ્થાને નહિ ગણાય કે વડોદરા યુનીવર્સિટીએ આવતા વર્ષે એટલે કે ૧૯૫૭ માં ભારતીય તત્ત્વદર્શન ઉપર પાંચ વ્યાખ્યાનો આપવાનું પંડિતજીને નિમંત્રણ આપ્યું છે અને આ વ્યાખ્યાનો બદલ તેમને રૂ. ૫૦૦૦ નો પુરસ્કાર આપવાનું ઠરાવ્યું છે.

પંડિતજીની વિદ્વતાની જ માત્ર નહિ પણ તત્વપ્રદેશમાં તેમના મૌલિક સમન્વયાત્મક ચિન્તનની આ રીતે ચોતરફ કદર થઈ રહી છે એ જોતાં આનંદ અનુભવાય છે.

મુંબઇ-મહારાષ્ટ્રનો પ્રશ્ન અને વિનોબાજી : "જેમાં તમે રાજી, એમાં હું રાજી."

મુંબઈ-મહારાષ્ટ્રના પ્રશ્નને અનુલક્ષીને વિનોબાજીએ આંધ્રમાં આવેલ આલમપુર ખાતે તા. ૧૦-૩-૫૬ ના રોજ પ્રવચન કરતાં જણાવ્યું હતું કે "ભૂદાનનું તત્વજ્ઞાન માત્ર જમીન પૂરતું જ મર્યાદિત નથી. તે જીવનના દરેક ક્ષેત્રને આવરી લે છે. દાખલા તરીકે આજના ભાષાકીય ઝગડાઓની વાત લ્યો. હું મારી જાતને એક વિશ્વ નાગરિક તરીકે ઓળખાવું છું. એમ છતાં માની લો કે હું મહારાષ્ટ્રીયન છું. હું જો ભૂદાનની ફિલસુફીમાં માનતો હોઉં તો હું કહીશ કે મુંબઇ ઉપર મહારાષ્ટ્રનો અધિકાર છે, પણ તેના ભાવીનો નિર્ણય હું મારા ગુજરાતી ભાઇઓ ઉપર છોડી દઇશ અને કહીશ કે "જેમાં તમે રાજી, તેમાં હું રાજી."

આપણી લોકશાહીની સમજણમાં સાધારણ રીતે એક જ માપ-દંડ રહેલો છે કે લોકશાહી એટલે બહુમતીનું શાસન, આપણે માનતા આવ્યા છીએ કે જ્યાં મતભેદ પડે ત્યાં બહુમતી નિર્ણય કરે તે અન્ય સર્વ લઘુમતીઓએ સ્વીકારી લેવો જ જોઇએ. ઉપરના માર્ગ-દર્શનમાં વિનોબાજી આપણી સામે એક નવો માપદંડ રજુ કરે છે. બહુમતી બહુમતીમાં પરિસ્થિતિ પરિસ્થિતિ અંગે ભારે ફરક હોય છે. ૧૦૦ નું એક એકમ ગણીએ તો ૧૦ સામે ૯૦ ની બહુમતી હોય છે, ૪૦ સામે ૬૦ ની બહુમતી હોય છે, અને ૪૯ સામે ૫૧ ની પણ બહુમતી હોઈ શકે છે. વિવાદાસ્પદ પ્રશ્ન હોય ત્યાં લોકશાહીમાં બહુમતીનો નિર્ણય લઘુમતીને બંધનકર્તા હોવો જોઇએ એ સામાન્ય નિયમ સ્વીકારવામાં આવે તો પણ બહુમતી પક્ષે તેની સાથે સંકળાયેલ લઘુમતી પક્ષ અથવા પક્ષોનાં વિચાર વળણોને પુરું વજન આપવું જોઇએ અને પોતાનો નિર્ણય કેવળ બહુમતીના જોરે લાદવાની પરિસ્થિતિથી બને ત્યાં સુધી દૂર રહેવું જોઇએ. બીજું ૧૦ સામે ૯૦ ની બહુમતી અને ૪૦ સામે ૬૦ ની બહુમતીમાં મોટો ફરક છે. ૪૯ સામે ૫૧ ની બહુમતી તો કેવળ કટોકટીની જ બહુમતી ગણાય. જ્યાં ૪૦ સામે ૬૦ ની બહુમતી હોય ત્યાં ૬૦ ની બહુમતીવાળા પક્ષે ૪૦ ની લઘુમતીને બને તેટલા અનુકુળ થવાનો અથવા તો તેને પોતાની બને તેટલું નજીક લાવવાનો પ્રયત્ન સેવવો જોઇએ. ૪૯ સામે ૫૧ ની બહુમતી ધરાવતા પક્ષ માટે આ ધર્મ વિશેષ અનિવાર્ય બને છે. મુંબઈમાં પરિસ્થિતિ વળી કેવળ જુદા જ પ્રકારની છે. મુંબઇમાં કોઇ એક સમુદાયની એકાન્ત બહુમતી છે જ નહિ. વર્ગોની ગણતરીએ મુંબઇમાં વસતા મહારાષ્ટ્રીયનોની વસ્તી ૪૪ ટકાની છે જ્યારે ગુજરાતીઓની વસ્તી ૧૮ ટકાની છે, બીજા વર્ગોનું ટકાવારી વસ્તી પ્રમાણ એથી પણ ઓછું છે. આ સંયોગમાં વિનોબાજી એક એવો નિયમ સૂચવે છે કે આવી પરિસ્થિતિમાં જ્યારે કોઈ પ્રશ્ન ઉપર ઉગ્ર મતભેદ પડે ત્યારે સૌથી વિશેષ ટકાવારી પ્રમાણ ધરાવતા સમુદાયે એથી બીજા નંબરનું ટકાવારી પ્રમાણ ધરાવતા વર્ગની ઇચ્છા મુજબ એ ઉભય વચ્ચે ઉભા થયેલા તકરારી મુદ્દાનો નિર્ણય સ્વીકારવો એ જ ઉચિત માર્ગ છે; અર્થાત્ સૌથી મોટી લઘુમતી ધરાવતા વર્ગની ઇચ્છા આવી બાબતમાં નિર્ણાયક બને એ જ સાચી લોકશાહી ગણાય. વિનોબાજી લોકશાહીનો કેવળ ચાલુ ચોગઠા અથવા તો પરંપરા મુજબ નહિ પણ એથી વધારે ઊંડાણમાં જઇને વિચાર કરે છે અને તેમાંથી તેઓ એક આદરણીય સિધ્ધાન્ત તારવે છે કે અમુક સંયોગોમાં લઘુમતીનો નિર્ણય એ જ સાચી લોકશાહીનો નિર્ણય છે એમ વિવાદગ્રસ્ત પક્ષોએ સ્વીકારીને વર્તવું જોઇએ.

વિનોબાજીના કથનને શ્રી શંકરરાવ દેવ ખોટી રીતે ઘટાવે છે.

વિનોબાજીના ઉપરના નિવેદનનો આધાર લઇને શ્રી શંકરરાવ દેવ પોતાના તા. ૨૬-૩-૫૬ ના નિવેદનમાં જણાવે છે કે "આનો અર્થ વ્યાજબી રીતે જ હું એમ ઘટાવું છું કે તેમણે મહારાષ્ટ્રના દાવાને નૈતિક ટેકો આપ્યો છે." આ અર્થઘટના વ્યાજબી નથી એટલું જ નહિ પણ વિનોબાજીના અમુક મન્તવ્યને તેના સંદર્ભમાંથી તોડીને પોતાને અભિપ્રેત અભિપ્રાય સાથે ગોઠવવાનો અનુચિત અને સત્યવિમુખ પ્રયત્ન છે. વિનોબાજી પોતાને વિશ્વનાગરિક તરીકે જાહેર કરે છે એ વાતને શંકરરાવ ગૌણ બનાવી દે છે; વિનોબાજી મુંબઇનો નિર્ણય મુંબઈમાં વસતા ગુજરાતીઓ ઉપર છોડી દેવાનું કહે છે એ અતિ મહત્વભર્યા સૂચનની પણ તેઓ તદ્દન ઉપેક્ષા કરે છે; અને વિનોબાજી જો મહારાષ્ટ્રીયન હોય એટલે કે આ પ્રશ્નને એક સામાન્ય મહારાષ્ટ્રીયનની નજરે જ પોતાને વિચારવાનો હોય તો મુંબઇ મહારાષ્ટ્રમાં જવું જોઇએ એ મતલબના વિનોબાજીના વિધાનને શંકરરાવ દેવ આપણી સામે આગળ ધરે છે, અને તેમાંથી તેઓ પોતાને અનુકુળ અર્થ તારવે છે. વસ્તુતઃ આટલી જ સાહજિકતાથી વિનોબાજીએ એમ પણ જણાવ્યું હોત કે જો હું ગુજરાતી હોઉં તો હું એમ કહીશ કે મુંબઇ અલગ જ રહેવું જોઇએ—અને એ મુજબનો ભાવ વિનોબાજીના ઉપરોકત કથનમાંથી આડકતરી રીતે નીકળે જ છે આ વાત શંકરરાવ તદ્દન વિસરી જાય છે. આવી રીતે પરસ્પર સંદર્ભની ઉપેક્ષા કરીને વિનોબાજીના અમુક વિધાનનો ઉપયોગ કરવામાં આવે તે વિનોબાજીની વાણીનો કેવળ દુરૂપયોગ કરવા બરોબર છે.

પણ કમનસીબે જ્યારે કોઇ એક વસ્તુની કામના આપણા ચિત્તને ઘેરી લે છે ત્યારે આસપાસ જે કાંઇ બને છે, બોલાય છે અને લખાય છે તેમાંથી પોતાને અનુકૂળ હોય તેટલું જ તારવી લેવાની વૃત્તિ એ આપણ સર્વની સહજસામાન્ય નબળાઈ છે. આ આપણી જેવા સામાન્ય કોટિના માનવીઓનો સાધારણ અનુભવ છે, જ્યારે જેમનામાં આપણે એક સાધક અને સત્યઆરાધકની કલ્પના કરીએ છીએ તેવા શ્રી શંકરરાવ દેવ પણ આમ વર્તે ત્યારે આપણે ઊંડું આશ્ચર્ય અનુભવીએ છીએ.

મુંબઈના તોફાનો અને લોકોની ગરીબી

જાન્યુઆરી માસ દરમિયાન મુંબઈમાં થયેલાં તોફાનો અંગે કર્નલ ખોતે તા. ૧૨–૩–૫૬ નો રોજ આંધ્રની ધારાસભાના સભ્યો સમક્ષ બોલતા વિનોબાજીએ જણાવ્યું હતું કે "તાજેતરમાં મુંબઈમાં લૂંટ-ફાટ અને ખુનરેજીના જે બનાવો બની ગયા તેવા બનાવો પાછળ રહેલું મૂળ કારણ લોકોની ગરીબી, અકળામણ અને જરૂરિયાતની વસ્તુઓની તંગી છે. જ્યારે મોટાં શહેરોમાં વસતા લોકોમાંથી અનેકને ફૂટપાથ ઉપર પડી રહીને જીંદગી પસાર કરવી પડતી હોય છે ત્યારે—ઉશ્કેરાટનું ગમે તે કારણ હોય—નાના સરખા પણ ઉશ્કેરાટનું કારણ ઉભું થતાં—બધી મર્યાદાઓ તુટી જાય છે. આવી ઘટનાઓ વધારે ગંભીર સ્વરૂપ ધારણ કરતી નથી એનું કારણ હિંદી પ્રજાના ઘડતરના પાયામાં રહેલી ચોકકસ પ્રકારની સભ્યતા છે. મુંબઈની ઘટનાઓથી મને તો આશ્ચર્ય થયું હતું કે આ ઘટનાઓ આટલા નાના પ્રમાણમાં બનીને કેમ અટકી ગઇ? લોકોની ગરીબી અને ભેદભાવની વૃત્તિમાંથી જનતામાં એક પ્રકારની ભયપૂર્ણ મનોદશા પેદા થઈ છે. લોકોની આ ભયવ્યાકુલ મનોદશા નાબુદ કરવામાં જેટલા અંશે રાષ્ટ્રના રાજકારણી આગેવાનો સફળતા મેળવશે તેટલા અંશ ઉપરથી તેમની સિધ્ધિઓની હું આકણી કરીશ."

મુંબઈના તોફાનો અંગે વિનોબાજીનું ઉપરનું વિધાન—જે રીતે દૈનિક છાપાઓમાં પ્રગટ થયું છે તે રીતે—આપણી કલ્પનામાં ગોઠવાઇ શકતું નથી. ભુખમરાના, ગરીબીના, તંગીના પરિણામે દેશમાં તોફાનો નથી થતા એમ નથી, પણ મુંબઇના છેલ્લાં તોફાનોને ગરીબી કે તંગી સાથે આપણી કલ્પના કોઇ પણ રીતે સાંકળી શકતી નથી. કારણ કે આપણે જાણીએ છીએ કે આ તોફાનો મુંબઈ સાથેના સંયુકત મહા-રાષ્ટ્રના મેલગામ પ્રચારમાંથી જ સીધે સીધાં પેદા થયાં હતાં. તોફાનની આગેવાની કરનાર વર્ગ સંયુકત મહારાષ્ટ્રવાદી હતો અને એ તોફાનના ભોગ મોટા ભાગે ગુજરાતીઓ અને અમુક પ્રમાણમાં મારવાડીઓ બન્યા હતા. ગરીબીની હાયમાંથી ઉભા થતાં તોફાનો મહારાષ્ટ્રી કે ગુજરાતીનો કદિ ભેદ કરતા નથી; તે તો સાધનવિહીન અને સાધન-સંપન્નનો, ભુખ્યા પેટનો અને ભર્યા પેટનો જ માત્ર ભેદ કરે છે, જ્યારે આ તોફાનો પાછળ કેવળ પ્રાદેશિક ઝનુન જ કામ કરી રહ્યું હતું. આવી જ રીતે આગલાં વર્ષો દરમિયાન હિંદુ મુસલમાનનાં અનેક તોફાનો આપણી નજર તળેથી પસાર થયાં છે. તેમાં પણ કોઇ ગરીબ પૈસાદારનો સવાલ જ હતો નહિ. તે પાછળ કેવળ ધાર્મિક ઝનુન જ કામ કરી રહ્યું હતું. હિંદનો આત્યન્તિક પ્રશ્ન ગરીબીનો છે, તંગીનો છે, અને એનો ઉકેલ આવતાં બીજાં અનેક સામાજિક ઘર્ષણોનો અંત આવશે એ વિનોબાજીનું મંતવ્ય આપણને સર્વાંશે સ્વીકાર્ય છે. આમ છતાં પણ દરેક સામાજિક ઘર્ષણ અને તોફાન પાછળ લોક-વ્યાપી ગરીબાઈ કલ્પવી એમ વિચારવામાં પ્રમાણભંગનો—જેની સાથે જે ન જોડી શકાય તેને તેની સાથે સાંકળવાનો—કાંઇક દોષ રહેલો છે એમ લાગી આવે છે. આ રીતે મુંબઇનાં તોફાનો અંગે વિનોબાજીના ઉપરના વિધાનથી ઘણા લોકોને ભારે આશ્ચર્ય થયું છે.

'રંગ રંજન'

મુંબઈના તારદેવ વિભાગમાં સહકાર નિવાસ નામનું એક ભારે વિશાળ વસતિગૃહ છે અને ત્યાં સંખ્યાબંધ ભાડુતો એક સાથે વસે છે. આ ભાડુતોએ છેલ્લાં પાંચ વર્ષોથી 'સહકારી કેળવણી મંડળ' નામનું એક મંડળ ઉભું કર્યું છે અને તે મંડળ તરફથી બાલવર્ગોથી માંડીને આઠમા ધોરણ સુધીનું શિક્ષણ આપતું સહકારી વિદ્યામંદિર ચલાવવામાં આવે છે. આ વિદ્યામંદિરનાં આચાર્ય શ્રી જમુ દાણી છે. આ સહકારી વિદ્યામંદિરે પોતાના પંચમ વર્ષીય મહોત્સવ પ્રસંગે 'રંગ રંજન' નામનો એક સુન્દર કાર્યક્રમ મુંબઇની જનતા સમક્ષ રજુ કર્યો હતો. આ કાર્યક્રમમાં પ્રસ્તુત વિદ્યામંદિરમાં ભણતા ૩ થી ૧૩ વર્ષ સુધીના લગભગ સોએક વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમનો સંગીત વિભાગ શ્રી ઈન્દુકુમાર પારેખ અને શ્રી સુષમાબહેન દિવેટિયાએ, વેશભૂષા વિભાગ શ્રી ભીખુભાઇ આચાર્યે, અને નૃત્ય વિભાગ શ્રી રંજન ઝવેરી અને વસન્ત પી. પી. એ સંભાળ્યો હતો.

રંગ રંજનનો કાર્યક્રમ બે વિભાગમાં વહેંચાયેલો હતો. પ્રથમમાં રામુ નામનું બાળક પૃથ્વી ઉપરના આનંદનું સામાન્ય દર્શન કરે છે. એનો પ્રારંભ સ્તવનગીતથી થાય છે અને પછી ફેસરિયો ફાગણ, મોરમામાની કેરી, અમે ગોવાલિયા, સાઇકિલ સવારી, માછી નૃત્ય, અલ્લાબેલી, અને કાનો મોરલીવાળો—એમ નાના નાના પ્રવેશો વિદ્યા-મંદિરનાં નાનાં મોટાં બાળકો સુન્દર રીતે ભજવે છે અને આપણા મનનું રંજન કરે છે.

ત્યાર બાદ શ્રી દુર્ગેશ શુકલનું રચેલું 'વિશ્વ કોનું?' એ મુખ્ય નાટિકા ભજવાય છે. એમાં મુખ્ય પાત્ર રામુ છે. એણે જવાહરલાલનું સૂત્ર 'આરામ હરામ હૈ'ની પ્રેરણા ઝીલી છે. શ્રી નાથાલાલ દવેનું ગીત:

'કામ કરે ઇ જીતે માલમ કામ કરે ઇ જીતે,

આવડો મોટો મલક આપણો બદલે બીજી કઈ રીતે?

તેને મસ્ત બનાવે છે અને તેની ધુનમાં એ ઘુમ્યા કરે છે. એના અન્તરનાં ભાવી સ્વપ્નાંઓના પ્રતીક રૂપ એ સ્થૂળ પત્તાઓનો મહેલ બનાવવામાં મશગુલ છે. એવામાં તેના દાદા ત્યાં આવી ચડે છે અને રામુને આમાં તલ્લીન જોતાં એના હવાઇ કીલ્લાની ભાવના ઉપર હસે છે, પણ થોડીવારમાં એ પોતાનો દોષ જુએ છે અને 'આજનાં સ્વપ્ના આવતી કાલની સત્ય હકીકતો છે' એ જીવનતથ્ય તેની સમજણમાં ઉતરી જાય છે.

પ્રસ્તુત નાટક પાછળ મૂળ ભાવના એ છે કે આખુ વિશ્વ એક છે અને એ વિશ્વ કોઇ એક વર્ગ કે જાતિનું નહિ પણ ચરાચર સર્વ જીવસૃષ્ટિનું છે. એમાં માનવી માનવી વચ્ચે કે ઇતર સૃષ્ટિ વચ્ચે ભેદ-ભાવ ઇચ્છનીય નથી. રામુ નવભારતનું બાળક છે. પોતાની ધુનમાં ને ધુનમાં તે બીછાનામાં, પડયો પડયો ઉંઘી જાય છે અને એકાએક અવનવી સ્વપ્નસૃષ્ટિમાં સંચરે છે, જેમાં તે સ્વર્ગના ઇન્દ્રાદિ દેવો તથા પરીઓ, તારાઓ, વનસ્પતિ, ફૂલ, પતંગિયાં, સસલાં, જળઝરણાં, કિરણો, તરૂવર, વેલ, વગેરે વડે સભર બનેલું વિશ્વ જુએ છે અને એ સર્વના સુખમય સહ-અસ્તિત્વનો સાક્ષાત્કાર કરે છે. અને છેવટે એ સર્વ પાત્રો સાથે રામુ એકરૂપ બનીને સમૂહગીત ગાય છે અને એ સાથે આ નૃત્યનાટિકાનો અંત આવે છે. એ સમૂહગીત નીચે મુજબ છે:—

વિશ્વ કોનું કોનું, વિશ્વ કોનું કોનું, વિશ્વ કોનું કોનું?
આ સુંદર સુવિશાળ વિશ્વ કોનું કોનું?
સીમાડા રચનારા, તારથંભ રચનારા,
માને કે વિશ્વ આખું મારું મારું...વિશ્વ૦
વાત ખોટી વાત ખોટી, ભલે લાગે મોટી મોટી,
એથી ન વિશ્વ થતું તારું તારું...વિશ્વ૦
આ રહી અમાપ ધરણી, ધરા લીલી ધાન્યે ઢળી,
ચાહે જે વિશ્વ સારૂ, એનું એનું...વિશ્વ૦
નભકેરું રૂપ અને ધરતી લીલી છમ જુઓ,
રંગના ધનુષ કેરો આકારી પૂલ જુઓ,
ફુલે લચી ડાળ અને કૂણી હરિયાળી જુઓ,
આસમાની આભલે પંખીના ખેલ જુઓ,
જુએ જે આંખ ખોલી એનું એનું,
ચાહે જે દિલ ખોલી એનું એનું,
વિશ્વ એનું એનું, વિશ્વ એનું એનું, વિશ્વ એનું એનું,
આ સુંદર સુવિશાળ વિશ્વ એનું એનું.

આ આખા કાર્યક્રમની એક વિશેષતા એ હતી કે તેનું સમગ્ર આયોજન નાની ઉમ્મરનાં બાળકોની ભૂમિકા ઉપર રહીને કરવામાં આવ્યું હતું અને 'વિશ્વ કોનું?' એવો આજનો જટિલ પ્રશ્ન પણ બાલોચિત પરિભાષામાં તથા બાલમુગ્ધતાના વાતાવરણપૂર્વક રજુ કરવામાં આવ્યો હતો, અને તેથી 'નાના મોઢે મોટી વાત કરે છે' એવી જે કૃત્રિમતા આજે વિદ્યાર્થીઓથી ભજવાતાં નાટકોમાં સામાન્યતઃ જોવામાં આવે છે તે કૃત્રિમતાના દોષથી આ 'રંગ રંજન' સર્વથા મુકત હતું. આ રંગરંજનમાં સૌથી વધારે ધ્યાન ખેંચે તેવી વિશેષતા તેમાં રજુ કરવામાં આવેલી પુંઠા, રંગબેરંગી કાગળો, તારાટીપકી અને ઝરીની મદદ વડે તૈયાર કરવામાં આવેલી ભારે સુન્દર અને ઝગમગતી કલામય વેશભૂષા હતી. સસલાંનો પાઠ ભજવતાં બાળકો સસલાં જ લાગે અને પતંગિયાનો પાઠ ભજવતાં બાળકો પતંગિયા જ ભાસે. તેવી જ રીતે ઘાસ, તરણેવર, ફુલ, કિરણનો પાઠ ભજવતાં બાળકો વિશિષ્ટ વેશભૂષા અને કુશળ અભિનયના કારણે આપણને એજ વસ્તુઓનું તાદૃશ ભાન કરાવે. આખું રંગ રંજન જોતાં આપણે પણ બાળક બની જતાં હોઇએ અને તેમની સ્વપ્નસૃષ્ટિમાં વિચરતા હોઇએ એવો રોચક અનુભવ થતો હતો. બાળકો અને વિદ્યાર્થીઓએ કેવાં નાટક ભજવવાં જોઇએ અને તેમની સમક્ષ કેવા પ્રકારનાં નાટકો રજુ થવા જોઇએ–એ બન્ને બાબતો પરત્વે સાચું માર્ગદર્શન મળે એવું આ રંગરંજનનું અપૂર્વ આયોજન હતું અને તેની સફળતા શ્રી જમુદ્દાણીની–એક શિક્ષક તરીકેની તેમ જ નાટયવિધાયક તરીકેની–અનુપમ કુશળતાને આભારી હતી.

મુંબઈ શહેરમાં શિક્ષણ સંસ્થાઓ તેમ જ વ્યવસાયી નાટય સંસ્થાઓ તરફથી ભજવાતાં કાર્યક્રમો જોવાનું અવાર નવાર બને છે. તેમાં મોટા ભાગનાં નાટકો સાધારણ કોટિનાં હોય છે અને સોંઘું મનોરંજન એ જ માત્ર તેનો હેતુ હોય છે. કોઈ કોઈ વાર એવા પણ કાર્યક્રમો અને નાટિકાઓ જોવા મળે છે કે જેની ચિત્ત ઉપર ઊંડી છાપ પડે છે અને જેમાં જોયેલાં નાટયપ્રસંગો નજર સામેથી જલ્દિ ખસતા નથી. આમાં પણ નાટયવસ્તુ વિશદ અને નિર્મળ હોય, અને તે જોતાં પ્રસન્નતા અને ઉર્ધ્વીકરણનો એક સાથે અનુભવ થતો હોય એવું ભાગ્યે જ બને છે. નૃત્ય, નાટય અને ગીત–ત્રણેનો સુન્દર સમન્વય સાધતું 'રંગ રંજન' આવો વિશિષ્ટ કોટિનો પ્રયોગ હતો. આવા અદ્‌ભૂત રંજન માટે તેમના અનેક પ્રયોજકોને અને ખાસ કરીને આચાર્યપ્રવર શ્રી જમુ દ્વાણીને અનેક ધન્યવાદ ઘટે છે.

અસ્પૃશ્યતા નિવારણ અને હરિજન સેવાકાર્ય

અમૃતસર કોંગ્રેસના અવસર ઉપર એક રચનાત્મક કાર્યકર્તા સંમેલન યોજવામાં આવ્યું હતું અને તે સંમેલન દરમિયાન હરિજનો અને આદિવાસીઓની વચ્ચે કાર્ય કરવાની દૃષ્ટિથી રચનાત્મક ભલામણો કરવા માટે કોંગ્રેસપ્રમુખે નીચે જણાવેલ ગૃહસ્થોની એક ઉપસમિતિ તા. ૭–૨–૫૬ના રોજ નીમી હતી :–

૧ કાકાસાહેબ કાલેલકર, ૨ શ્રી જગજીવનરામ, ૩ શ્રી ગોપીચંદ ભાર્ગવ, ૪ શ્રી ધર્મદેવ શાસ્ત્રી, ૫ શ્રી વિયોગી હરિ, ૬ શ્રી છગનલાલ જોશી : સંયોજક.

આ સમિતિએ ઉપર જણાવેલ બે બાબતોમાંથી અસ્પૃશ્યતા નિવારણ તથા હરિજન સેવાકાર્ય સંબંધમાં નીચે મુજબની ભલામણો કોંગ્રેસ અધ્યક્ષ ઉપર મોકલી આપી છે :–

"ઉપસમિતિ એવો અભિપ્રાય ધરાવે છે કે સ્વતંત્ર ભારતે પોતાના સંવિધાનમાં વૈધાનિક રૂપથી જે કે અસ્પૃશ્યતાનો અન્ત આણેલ છે અને તેની ૧૭મી કલમને કાર્યાન્વિત કરવા માટે ભારતીય લોકસભાએ અસ્પૃશ્યતા (અપરાધ) કાનૂન પણ પસાર કરી દીધો છે, એમ છતાં પણ ભારતના ગામડાંઓમાં વિશેષ રૂપથી અને નાના નાના કસબાઓ તેમ જ શહેરોમાં પણ હરિજન આજે પણ કદિ કદિ સામાજિક તેમ જ ધાર્મિક નિર્યોગ્યતાનો શિકાર બનતો જોવામાં તેમ જ સાંભળવામાં આવે છે. ઉપસમિતિને દુઃખપૂર્વક એવા નિષ્કર્ષ ઉપર આવવું પડ્યું છે કે રાજ્યસરકારના અધિકારીઓ આ કાનૂનના નિયમોનો યોગ્ય રીતે અમલ કરતા નથી. અન્ય કોંગ્રેસજનો પણ મોટા ભાગે અસ્પૃશ્યતાનિવારણ માટે જેવી આશા રાખવામાં આવે તે પ્રમાણમાં સચેષ્ટ નથી, સક્રિય નથી. આમ હોવાથી જેટલી જલ્દિથી અસ્પૃશ્યતા નાબુદ થાય તેટલી જલ્દિથી નાબુદ કરવા માટે આ ઉપસમિતિ નીચે મુજબની ભલામણો કરે છે.

૧. મલમૂત્રની સફાઈના કામને એક વારસાગત વ્યવસાયના રૂપમાં માન્યતા આપવામાં ન આવે. એમ કરવાથી કેટલીક જાતિઓ એવી બની ગઇ છે કે આ સફાઇ કામ તો કેવળ એમની પાસેથી જ કરાવાય એવો અભિપ્રાય સમાજમાં સુદૃઢ બની ગયો છે, અને મલસફાઈના કામની સાથે આ કામ કરવાવાળી જાતિઓ પ્રત્યે ઘૃણાની નજરથી જોવામાં સામાન્ય લોકો ટેવાઈ ગયા છે. પરિણામે આ જાતિઓ પણ આ કામ પરંપરાથી કરતી રહે છે અને બીજો કોઈ ધંધો શરૂ કરવાનો વિચાર પણ કરતી નથી.

આ એવી સ્થિતિ છે જે ચાલુ રહેવી ન જોઇએ. તેથી પરંપરા-રૂપમાં જે જાતિઓ આ કામ સેંકડો વર્ષોથી કરી રહી છે, તેને બીજો ધંધો અપનાવવા માટે ઉત્તેજન આપવું ઘટે છે અને સાથે સાથે વૈજ્ઞાનિક પધ્ધતિપૂર્વક અધિક સુઘડતાથી આ કામ કર્તવ્ય તરીકે બીજી જાતિઓ પણ કરતી થાય એ ઇચ્છવાયોગ્ય છે. આથી મલસફાઇના વ્યવસાયને એ પ્રતિષ્ઠા મળશે કે જે પ્રતિષ્ઠા આજે બીજા વ્યવસાયને સમાજમાં આપવામાં આવે છે. ઉપસમિતિનો અભિપ્રાય છે કે આ એક એવું પગલું છે કે જેથી અસ્પૃશ્યતાની વૃત્તિ શિથિલ બની જશે એટલું જ નહિ પણ સમયાન્તરે તેને આખરી વિદાય મળી જશે.

મળસફાઇનું કામ કરવાવાળી વિભિન્ન જાતિઓની સંખ્યા પાંચ લાખની આસપાસ અંદાજવામાં આવે છે. તેમનો એક સુયોજિત રૂપમાં પુનર્વાસ કરાવવો એ કોઈ અસંભવ બાબત લેખાવી ન જોઇએ. એ તાત્કાલિક આવશ્યક છે કે આ જાતિઓને નરકવાસમાંથી તરતમાં જ બહાર કાઢવી અને સમાજમાં નવા ધોરણ ઉપર તેમને પ્રતિષ્ઠિત કરવી જોઇએ. આ કામને દ્વિતીય પંચવર્ષીય યોજનામાં અવશ્ય પ્રાથમિકતા આપવી જોઇએ.

ઉપસમિતિનો એ પણ નિશ્ચિત અભિપ્રાય છે કે મનુષ્યનાં મળ-મૂત્ર એક બહુમૂલ્ય રાષ્ટ્રીય સંપત્તિ છે. આ માટે ખાસ કરીને શહેરોમાં તેને એવી રીતે ઠેકાણે પાડવું જોઇએ કે જેથી તેનો નાશ ન થાય અને તેનો ખાતરના રૂપમાં પૂરો ઉપયોગ કરવામાં આવે. ગામડાંમાં ખાઇ–પાયખાનાં તેમ જ ગોપુરી સંડાસના નમુનાના પાયખાનાં બનાવવા જોઇએ. સફાઇ–વિશેષજ્ઞોની એક ઉપસમિતિ નિયુકત કરવી જોઇએ કે જે મળમૂત્રસફાઇના વૈજ્ઞાનિક અને પ્રતિષ્ઠિત ઉપાયો તથા મલમૂત્રનો સદુપયોગ સૂચવવાની યોજના દેશની સામે રજુ કરે.

૨. દેવ મંદિરો તથા મઠોની આજે જેવી વ્યવસ્થા ચાલે છે તે જોતાં હરિજનોને સન્માનપૂર્વક અને સમાનતાની સાથે દર્શન પૂજન કરવાનું અનેક સ્થાનોમાં મુસ્કેલ માલુમ પડે છે. તેથી મદ્રાસ રાજ્યના 'મદ્રાસ ટેંપલ એન્ડ રીલીજીઅસ એન્ડાઉમેન્ટ એકટ'ના ધોરણ ઉપર સર્વ રાજ્યો એવો કાયદો કરે કે જેથી મંદિરોની વ્યવસ્થા જનતાના પ્રતિનિધિઓના હાથમાં આવે અને એવા કાનૂનને આધીન રહીને જે બોર્ડ બનાવવામાં આવે તે બોર્ડમાં આવશ્યક રૂપથી ઓછામાં ઓછો એક હરિજન સભ્ય પણ હોય. મંદિરની વ્યવસ્થા ઉપર ઉચિત રીતિથી ખર્ચ થતાં આવકમાંથી જે બચત રહે તેનો ઉપયોગ સંસ્કૃત વિદ્યાલય, ગોપાલન, ઔષધાલય, સફાઇ વગેરે કામો ઉપર કરવામાં આવે.

૩. જે મંદિરોને પોતાનાં અથવા પ્રાઇવેટ મંદિરો તરીકે લેખવામાં આવતા હોય અને એ કારણે જેમાં હરિજનોના પ્રવેશને નિષિધ્ધ કરવામાં આવ્યો હોય તે મંદિરોને બનાવવાવાળાઓ સિવાય અન્ય દર્શનાર્થીઓ જો દર્શનપૂજન કરવા માટે જતા હોય અને ચઢાવો ચડાવતા હોય તો તેને પ્રાઇવેટ મંદિર તરીકે લેખવું ન જોઇએ. આ બાબતની ચોકી રાજ્ય સરકારે ઉચિત રીતે કરતા રહેવું ઘટે છે.

ઉપસમિતિનો અભિપ્રાય છે કે આવા મંદિરો ઉપર અધિકમાં અધિક આવક વેરો નાખવો જોઇએ.

૪. (ક) જે કુવા અને જલાશયોનો ઉપયોગ હરિજનોને કરવા દેવામાં આવતો ન હોય તેનો ઉપયોગ કોંગ્રેસનો સક્રિય સભ્ય સ્વેચ્છાપૂર્વક કરે નહિ. એ જ પ્રમાણે એવાં મંદિરોમાં દર્શન પૂજન કરવા માટે તે તથા કોંગ્રેસ મારફત મોકલવામાં આવેલ મંત્રી કે સચિવ ન જાય કે જેમાં હરિજનોને પ્રવેશ મળી ચૂકયો ન હોય.

(ખ) હરિજનો માટે કૂવા તથા હોટેલ ખુલ્લી જાહેર કરાવવા માટે તથા મંદિરોમાં તેમનો પ્રવેશ કરાવવા માટે હરિજન સેવા સંઘ તથા સર્વ સેવા સંઘને સહયોગ દેવાનો તથા લેવાનો પ્રયત્ન ચાલુ રહેવો જોઇએ.

(ગ) ખેતીવાડી માટે અને એથી પણ વધારે જરૂરી તેમનાં ઘર સકાનો માટે રાજ્ય સરકાર પાસેથી કોંગ્રેસે હરિજનોને જમીન અપાવવી જોઇએ.

(ઘ) હરિજનોના મૃતપ્રાય બની રહેલા કામધંધાઓને વેગ આપવા માટે કલકારખાનાંઓ ઉપર કોંગ્રેસે રાજ્યસરકારો ઉપર દબાણ લાવીને પ્રતિબંધ મૂકાવવો જોઇએ અને તેના ઉદ્યોગોને સંરક્ષણ આપવું જોઇએ.

(ઙ) છૂતાછૂત દૂર કરવા માટે તથા આ રીતે બીજાં પણ મહત્વપૂર્ણ રચનાત્મક કાર્યો હાથ ધરવા માટે અને નિષ્ઠાપૂર્વક ચલાવવા માટે એ ઇચ્છવા યોગ્ય છે કે સક્રિય રાજનીતિથી કોંગ્રેસ પોતાના કેટલાક સભ્યોને અલગ રાખે, એટલું જ નહિ પણ તેમને ચૂંટણીમાં ઉભા રહેવા માટે ટિકીટ ન આપે. અને જે સભ્યો રચનાત્મક કાર્યોને અધિકાર અને સત્તાની અપેક્ષાએ ઉંચાં માનવાને તૈયાર હોય એવા સભ્યોની પ્રતિષ્ઠા વધારે."

એ હકીકતમાં કોઈ સંશય જ નથી કે આપણા દેશમાં આપણે અસ્પૃશ્યતાનો કાયદાથી અન્ત આણ્યો છે, પણ વાસ્તવિકતાની દૃષ્ટિથી જોતાં આપણા ચાલુ જીવનવ્યવહારમાં અસ્પૃશ્યતા હજુ ઘણા મોટા પાયા ઉપર જીવન્ત છે. આનું કારણ એ છે કે અસ્પૃશ્યતાનાબુદીના ક્ષેત્રમાં કાર્ય કરતા સુધારકોએ અને કોંગ્રેસી કાર્યકર્તાઓએ આને લગતો કાયદો કરીને સંતોષ માન્યો છે અને તે કાયદાના વ્યાપક અમલની બહુ જ ઓછી ચિન્તા સેવવામાં આવી છે. આ દૃષ્ટિએ વિચારતાં ઉપર જણાવેલ ઉપસમિતિની ભલામણો અવશ્ય સ્વીકાર કરવા યોગ્ય છે એટલું જ નહિ પણ, તે મુજબ ચોતરફ અમલ થવાની ખાસ જરૂર છે.

શ્રી જે. કૃષ્ણમૂર્તિ વિષે બહેન પુપુલ જયકરનું વ્યાખ્યાન

તા. ૮–૩–૫૬ ના રોજ મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે સંઘના કાર્યાલયમાં યોજાયેલી જાહેર સભામાં બહેન પુપુલ જયકરે "શ્રી જે. કૃષ્ણમૂર્તિ" ઉપર એક ચિન્તનપ્રેરક વ્યાખ્યાન આપ્યું હતું. કૃષ્ણમૂર્તિના જીવનના અગત્યના પ્રસંગો રજુ કરવા સાથે માનવી જીવનના પાયાના પ્રશ્નો પ્રત્યે કૃષ્ણમૂર્તિનો અભિગમ કેટલો મૌલિક અને મર્મસ્પર્શી છે તે તેમણે વિસ્તારથી સમજાવ્યું હતું. અનેક પૂર્વગ્રહો અને અભિનિવેશો, આગમપ્રમાણો અને ગુરૂવિધાનો, તથા જાગૃત તેમ જ અજાગૃત કાળજૂના પૂર્વસંસ્કારોની પકડોમાં જકડાયેલું મન સત્ય તત્વને પામી શકતું નથી, એક સમસ્યાનું નિરાકરણ કરવા જતાં મન બીજી સમસ્યા પેદા કરે છે, સત્યને પ્રાપ્ત કરવા માટે ઉપર જણાવેલ સંસ્કારો અને વૃત્તિઓના સંક્ષોભથી મુકત, શાન્ત, સ્થગિત મન અત્યન્ત આવશ્યક છે, કોઇ પણ સમસ્યાનું નિરાકરણ તેની વિરોધી વૃત્તિને વેગ આપવાથી નહિ પણ તે સમસ્યાના જ મૂલગામી પૃથક્કરણથી થઇ શકે છે, માનવીનું મન Security–સહીસલામતી–ની સતત ચિન્તામાં ભૂતભવિષ્યના વિચારથી કદિ મુકત થઇ શકતું નથી અને વર્તમાનને નીતાન્ત ભાવે માણી શકતું નથી, અનુભવી શકતું નથી, ઇત્યાદિ અનેક તાત્વિક વિચારો બહેન પુપુલે ભારે વિશદ શૈલિમાં રજુ કર્યા હતા. અને તે વિષે ઉપસ્થિત શ્રોતાજનો સાથે ખૂબ પ્રશ્નોત્તરો પણ થયા હતા.

પુપુલબહેન સામાજિક ક્ષેત્રના એક શકિતશાળી કાર્યકર્તા માત્ર છે એમ નથી, પણ તત્વાન્વેષી ચિન્તક અને સત્યાભિમુખ સન્નારી છે એવી પ્રતીતિ તે દિવસની ચર્ચામાં ભાગ લેનાર સૌ કોઇને થઈ હતી. આ તત્વચર્ચા લગભગ સવા કલાક ચાલી હતી અને એક નવું દૃષ્ટિબિન્દુ પોતાના મનને સમજવા માટે અને તેની સાથે વ્યવહાર કરવા માટે પ્રાપ્ત થયું હતું એવા સુખદ અનુભવપૂર્વક સૌ છૂટા થયા હતા. બહેન પુપુલ સંઘના કાર્યાલયમાં 'મારી અમેરિકાની યાત્રા' એ વિષય ઉપર વ્યાખ્યાન કરવા માટે કેટલાએક માસ પહેલાં આવી ગયાં હતાં અને તેને લગતી તા. ૧૫–૧૦–૫૫ના પ્રબુધ્ધ જીવનની નોંધમાં પુપુલ બહેનનો વિશેષ પરિચય આપવામાં આવ્યો હતો. **પરમાનંદ**

સંઘે કરેલું સુલોચનાબહેનનું બહુમાન

નરસિંહરાવ પુપાલાના મુંબઈ મ્યુ. કોરપોરેશનના મેયર તરીકેના નાટકી રાજીનામાના પરિણામે મુંબઇના મેયર તરીકે ચૂંટાયેલ શ્રીમતી સુલોચના મોદી—જેઓ છેલ્લાં લગભગ ત્રીસ વર્ષોથી સમાજ સેવામાં ઓતપ્રોત થયેલાં છે અને જેઓ સ્વતંત્ર ભારતના અગ્રગણ્ય શહેર મુંબઇના પ્રથમ મહિલા મેયર છે તથા જેઓ આ સંઘના પણ એક સભ્ય છે–તેમનું બહુમાન કરવા મુંબઇ જૈન યુવક સંઘ તરફથી સંઘના કાર્યાલયમાં તા. ૨૯–૩–૫૬ ના રોજ સાંજના ૬॥ વાગે એક સત્કાર સમારંભ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે સંઘના સભ્યોએ ઘણી જ સારી સંખ્યામાં હાજરી આપી હતી અને સંઘના કાર્યાલયની જગા આ સમારંભ માટે બહુ નાની માલુમ પડી હતી.

શરૂઆતમાં સંઘના પ્રમુખ **શ્રી. ખીમજી માડણ ભુજપુરિયાએ** શ્રી. સુલોચના મોદીને આવકાર આપતાં જણાવ્યું હતું કે "હું બહેન સુલોચનાને છેલ્લાં વીસેક વરસોથી જાણું છું અને તેમના પરિચયમાં છું. સુલોચના બહેન મુંબઈ મ્યુ. ની શાળા સમિતિ પર સાત આઠ વરસ સભ્ય તરીકે હતા. તે પછી તેઓ મ્યુ. ના સક્રિય સભ્ય તરીકે ચૂંટાયા. આગલા વરસે તેઓ મ્યુ. ની ખડી સમિતિના પ્રમુખ હતા અને આ વરસે તેઓ પ્રમુખ તરીકે ચૂંટાયા તે બદલ હું તથા આપણા સંઘના સૌ સભ્યો ખુબ ગૌરવ અનુભવીએ છીએ. સંઘના એ અહોભાગ્ય છે કે સંઘના સભ્ય શ્રીમતી સુલોચના મોદી મુંબઈના પ્રથમ મહિલા મેયર તરીકે ચૂંટાયા છે. આ હકીકતથી મારી છાતી ગજગજ ફૂલે છે એમ કહું તો તે અસ્વાભાવિક નહિ ગણાય. સુલોચનાબહેન મુંબઇ મ્યુ. ના એવા થોડા સભ્યોમાંના એક છે કે જેઓ જ્યારે બોલવા ઉઠે ત્યારે તેમને બાકીના બધા સભ્યો એક ધ્યાનથી સાંભળે છે. સુલોચના બહેન જે કાંઇપણ બોલે છે તે વિચારીને, જરા પણ ઉશ્કેરાયા વગર અને મીઠાશથી બોલે છે. તેમનું વકતવ્ય અભ્યાસપૂર્ણ અને સમતોલ હોવાને કારણે તેઓ મ્યુ. ના એક આદરણીય સભ્ય ગણાય છે. સુલોચના બહેન છેલ્લાં ત્રીસેક વરસો થયાં સમાજ સેવામાં ઓતપ્રોત થયેલા છે અને અનેક સંસ્થાઓમાં અગ્રગણ્ય જવાબદારીઓ સંભાળે છે તથા બીજી ઘણી સંસ્થાઓ સાથે સક્રિય સંબંધ ધરાવે છે. મુંબઈ શહેરના પ્રજાજન તરીકે, ગુજરાતી તરીકે અને મહિલા–બહેન તરીકે તેમનું મેયરપદે ચૂંટાવું એ હકીકત ખરેખર આપણને ગૌરવ લેવા જેવી છે. થોડા દિવસ પહેલાં લોર્ડ માઉન્ટબેટને સુલોચના બહેન માત્ર મુંબઇના જ નહિ, માત્ર હિંદના જ નહિ પણ એશિયામાં પણ પ્રથમ મહિલા મેયર તરીકે ચૂંટાયા છે એવું જણાવીને ખૂબ ખૂબ હર્ષ વ્યકત કર્યો હતો અને તે સાંભળીને હું પણ આનંદથી પુલકિત થયો હતો. શ્રીમતી સુલોચના બહેને વડીલો પાસેથી સમાજસેવાનું શિક્ષણ લીધું છે અને તેમને સેવા કરવાની હજી પણ અનેક તકો મળો અને તેમની તંદુરસ્તી તથા આયુષ્ય વધો એવી હું પ્રાર્થના કરું છું."

શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ શ્રી ભુજપુરિયાનું સમર્થન કરતાં જણાવ્યું કે "શ્રી સુલોચના બહેનના બહુ નિકટ સંસર્ગમાં હું ઘણો ન કરી શકું, પણ બીજી રીતે હું તેમને જેટલા લાંબા સમયથી

જાણું છું તેટલા લાંબા સમયથી તેમને તમારામાંના ભાગ્યે જ કોઈ જાણતું હશે. મારા વડિલ બંધુ સ્વ. મોતીચંદભાઈ અને સુલોચનાબહેનના કાકા દેવીદાસ બન્ને લગભગ સાથે સોલીસીટરની પરીક્ષામાં પસાર થયેલા અને મોતીચંદ એન્ડ દેવીદાસ નામની તેમણે સોલીસીટરની પેઢી શરૂ કરેલી, જે આજે તેમની હયાતી બાદ પણ ચાલે છે. દેવીદાસના કુટુંબ સાથે અમારે નિકટના કુટુંબીઓ જેવો સંબંધ હતો. સુલોચના બહેનના પિતા ડો. કલ્યાણદાસની મારી ઉપર ખૂબ મમતા હતી. તેઓ આજે તો લગભગ નિવૃત્તિપરાયણ જીવન ગાળે છે, પણ આજથી ૪૦ વર્ષ પહેલાંનાં એ દિવસોમાં તેઓ એક જાણીતા સામાજિક કાર્યકર્તા હતા અને વર્ષો સુધી તેઓ આર્યસમાજના મંત્રી હતા. ડો. કલ્યાણદાસ પાસે તેમના ઘેર તેમ જ દવાખાને હું અનેકવાર જતો અને આજના સુલોચના બહેનને ડોકટર સાહેબ અને તેમના કુટુંબીજનો તે વખતે 'સુલુ'ના લાડકા નામથી બોલાવતાં હતાં. એ ફ્રોક પહેરતાં સુલુબહેનને ઉત્તરોત્તર આગળ વધતાં વધતાં મુંબઇની કોરપોરેશનના પ્રથમ મહિલા મેયર તરીકે નિહાળવાનું સદ્‌ભાગ્ય મને પ્રાપ્ત થયું છે અને એ અનુભવ એક નાની સરખી કમળકળીને સહસ્રદળ કમળમાં ખીલી ઉઠતું જોવા બરોબર છે. આ રોમાંચક અનુભવ મને આનંદપુલકિત બનાવે છે, સુલોચનાબહેન મારે મન એક સામાન્ય સન્નારી નહિ પણ આર્ય-સંસ્કૃતિનું એક નમુનેદાર પ્રતીક છે.

"આપણો અનુભવ છે કે કદિ કદિ અનિષ્ટમાંથી ઇષ્ટ નીપજે છે અને ઝેરના વલોણામાંથી કદિ કદિ અમૃત નિર્માણ થાય છે. પ્રદેશ જો પુનર્વિભાજનના પ્રશ્નના અનુસંધાનમાં મુંબઇ વિષે મુંબઇના પ્રજાજનોમાં અને મુંબઇની કોરપોરેશનમાં તીવ્ર સંઘર્ષ પેદા થયો, મેયર પુપાલાએ રાજીનામું આપ્યું અને અણધારી રીતે સુલોચનાબહેનની બાકી રહેલ મુદ્દત માટે મુંબઈના મેયર તરીકે સર્વાનુમતે નિમણુંક કરવામાં આવી, અને એ રીતે આજથી દોઢેક વર્ષ પહેલાં મ્યુનીસીપલ સ્ટેન્ડીંગ કમીટીના તેઓ પ્રમુખ થયા અને તેમનું આપણા સંઘે સન્માન કરેલું ત્યારે આપણે બધાંએ જે આશા વ્યકત કરી હતી તે આટલી જલ્દિથી અને આવી અણકલ્પી રીતે મૂર્તિમન્ત થઇ. આ માટે આપણું દિલ આનંદથી ઉછળી ઉઠે એ તદ્દન સ્વાભાવિક છે."

ત્યાર બાદ **શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારી**એ જણાવ્યું હતું કે સુલોચના બહેનમાં સમાજસેવા કરવાની જે શક્તિ અને ધગશ છે તે મુંબઇને અને ભારતને જોવા મળે અને વિજયાલક્ષ્મી પંડિતની માફક સુલોચના બહેન સારાયે જગતમાં અગ્રગણ્ય સ્થાન પામે અને ઇતિહાસ પણ નોંધ લે કે ભારતની અગ્રગણ્ય સન્નારીઓમાં સુલોચના-બહેન મોખરે હતાં એવું આપણે પ્રભુ પાસે પ્રાર્થીએ!

ત્યાર બાદ સંઘના ઉપ-પ્રમુખ **શ્રી. લીલાવતી બહેન દેવીદાસે** જણાવ્યું હતું કે સુલોચના બહેનની મેયરપદે નિમણુકની હકીકતથી સ્ત્રીઓનાં હૃદય થનગની ઉઠયાં છે અને મુંબઇનું વાતાવરણ પણ આનંદપ્રચુર બની ગયું છે, જાણે કે સુલોચના બહેને મુંબઈ નગરીના માનનું "કોર્નર" કર્યું ન હોય. સુલોચના બહેનને હું છેલ્લાં ૨૭ વરસોથી ઓળખું છું, તેમણે શિક્ષણના ક્ષેત્રે સુંદર કાર્ય કર્યું છે અને તેમની શકિત, નમ્રતા અને વિદ્વતા માટે અમને ઊંડું માન છે. તેઓ મ્યુનીસી-પાલીટીમાં માત્ર ખુરસી શોભાવતા નથી, પરંતુ ઘણું જ સક્રિય કાર્ય કરે છે અને મુંબઇ કેમ સુધરે એની તેઓ સતત ચિન્તા સેવે છે. સુધરાઇમાં સુલોચના બહેન જેવા લાયક બહેનને લાયક પદવી મળી છે એ આપણા સૌ માટે ગૌરવનો વિષય છે. તેમની ઉત્તરોત્તર પ્રગતિ થતી રહો એવી સુભાશિષ સાથે તેઓ તંદુરસ્ત અને આયુષ્યમાન રહો એવું આપણે પ્રાર્થીએ!"

ત્યાર બાદ **શ્રી. ટી. જી. શાહ** તથા **પ્રાધ્યાપિકા તારાબહેન શાહે** પણ સુલોચનાબહેનની મેયરપદે ચૂંટણી માટે ખૂબ જ અભિનંદન આપ્યાં હતાં તથા આનંદ દર્શાવ્યો હતો.

ત્યાર બાદ સંઘના પ્રમુખ શ્રી. ખીમજી ભુજપુરિયાએ સંઘના શ્રીમતી સુલોચના બહેન તરફના પ્રેમના પ્રતીક તરીકે સંઘના સૌ સભ્યો વતી સુલોચનાબહેનને ફૂલહાર અર્પણ કર્યો હતો.

સત્કારના જવાબમાં **શ્રીમતી સુલોચનાબહેને** જણાવ્યું હતું કે "સાચે જ અત્યારે મને સમજ પડતી નથી કે મારા પ્રત્યે જે લાગણી, પ્રેમ, ભાવના આપ સૌએ દર્શાવ્યાં છે તેનો હું કેમ બદલો વાળી શકીશ. ઘણા સમારંભો થયા છે તેમાં આપ સૌનો પણ ફાળો આવી જાય છે, એટલે આ સ્વતંત્ર મેળાવડાની જરૂર નથી એમ મને લાગતું હતું; પરંતુ પરમાનંદભાઇનું સ્ત્રી કરતાં પણ વધારે કોમળ હૃદય છે. એટલે તેમની લાગણીઓને વશ થઇને હું આપના સમક્ષ હાજર થઈ છું. આજે જાણે કે હું સ્વજનોની વચ્ચે છું એવી આત્મીયતા અનુભવું છું. હું આપણા સંઘની સભાસદ છું પણ નામની જ રહી છું. આમ છતાં પણ સંઘના સભ્યપદદ્વારા મેં નવી કેળવણી મેળવી છે. હું વિનાસંકોચે અને સત્યને ખાતર કહું છું કે સંઘની પાક્ષિક પત્રિકા "પ્રબુદ્ધ જીવન" હું વાંચ્યા વગર રહેતી નથી; કારણ કે તેમાં મને વૈવિધ્ય-ભરપુર અને ઉચ્ચ કક્ષાનું સુંદર વાંચન મળે છે. સંઘના સભ્ય થવાથી આ રીતે મને ઘણો લાભ થયો છે અને એ રીતે સંઘ પ્રત્યે મારું ઋણ છે. છેલ્લાં પંદર સત્તર વરસોથી જે અનુભવ મળ્યા નહોતા તે અનુભવો છેલ્લાં દોઢ મહિનામાં મળ્યા છે અને મેયરપદે આવ્યા પછી મને ઘણું ઘણું જોવાનું, જાણવાનું અને શીખવાનું મળ્યું છે. આપણા શહેરીજનોની તકલીફો, ફરીયાદો જાણવાનો તથા સૂચનોનો લાભ મળ્યો છે અને આ સ્થાનેથી જો હું એવી ખાત્રી આપું કે આવા મોટા જવાબદારીભર્યા હોદ્દાપર હું હોઉં કે ન હોઉં પરંતુ નગરજનો માટે મારાથી શકય તે બધું કરવા માટે હું સદા તત્પર રહીશ તો તે અસ્થાને નહિ ગણાય."

ત્યાર બાદ સંઘના મંત્રી **શ્રી. શાંતિલાલ દેવજી નંદુએ** નામદાર મેયર શ્રી સુલોચનાબહેન મોદીને આવકારતાં જણાવ્યું હતું કે "મારા પુરોગામી વકતાઓએ જે આનંદ અને ગૌરવ વ્યકત કર્યાં છે તેમાં હું સૂર પુરાવું છું અને ઘણાં રોકાણો વચ્ચે સમય કાઢીને સુલોચના-બહેન આપણને આત્મીયભાવે મળ્યા તે બદલ તેમનો તથા ઉપસ્થિત સૌ સભ્યોનો હું આભાર માનું છું."

ત્યાર બાદ આનંદ અને ઉલ્લાસભર્યા વાતાવરણમાં સૌ વિખરાયાં હતાં.

પ્રબુધ્ધ જીવન માટે લવાજમ–રાહત યોજના

પ્રબુધ્ધ જીવનનો વિશેષ પ્રચાર થાય એ હેતુથી પ્રબુધ્ધ જીવનના એક પ્રશંસક મિત્રે ઇચ્છા દર્શાવી છે કે તેમણે સૂચવેલી **લવાજમ રાહત યોજના** નીચે જે કોઈ વ્યકિત પ્રબુધ્ધ જીવનનો ગ્રાહક થવા ઇચ્છશે તે વ્યકિત પહેલાં વર્ષ માટે રૂા. ૨ સંઘના કાર્યાલયમાં ભરીને અથવા મનીઓર્ડરથી મોકલીને ગ્રાહક થઈ શકશે. આ લવાજમ રાહતનો લાભ ૧૦૦ ગ્રાહકો સુધી આપવામાં આવશે. તો જે વ્યકિતની આ રીતે પ્રબુધ્ધ જીવનના ગ્રાહક થવાની ઇચ્છા હોય તેણે તે મુજબ સત્વર જણાવીને સંઘના કાર્યાલયમાં રૂા. ૨ ભરી જવા અથવા મની-ઓર્ડરથી મોકલી આપવા.

૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ ૩. **વ્યવસ્થાપક, પ્રબુધ્ધ જીવન**

વિષય સૂચિ

		પૃષ્ઠ
સ્યાદ્વાદ અને સાપેક્ષવાદ	મુનિશ્રી નગરાજજી	૨૧૯
પ્રકીર્ણ નોંધ : પંડિત સુખલાલજીનું રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિએ કરેલું બહુમાન, મુંબઈ મહા-રાષ્ટ્રનો પ્રશ્ન અને વિનોબાજી: "જેમાં તમે રાજી તેમાં હું રાજી", વિનોબાજીના કથનને શ્રી શંકર-રાવ દેવ ખોટી રીતે ઘટાવે છે, મુંબઇનાં તોફાનો અને લોકોની ગરીબી, 'રંગ રંજન', અસ્પૃશ્યતા-નિવારણ તથા હરિજનસેવાકાર્ય, શ્રી જે. કૃષ્ણમૂર્તિ વિષે બહેન પુપુલ જયકરનું વ્યાખ્યાન.	પરમાનંદ	૨૨૨
સંઘે કરેલું સુલોચનાબહેનનું બહુમાન		૨૨૫
આપણા વિભાજિત વ્યકિતત્વને સુસંવાદી બનાવવાની હાકલ		૨૨૭

આપણા વિભાજિત વ્યક્તિત્વને સુસંવાદી બનાવવાની હાકલ

(આજે આપણામાં એક બાજુ વિચાર અને મનની ઉદારતા અને બીજી બાજુ સામાજિક વ્યવહારની સંકુચિતતા વચ્ચે એક ભારે વિચિત્ર ઘર્ષણ ચાલી રહ્યું છે. આપણે જો સર્વાંગી વિકાસ સાધવો હોય તો આપણા આ વિભાજિત વ્યક્તિત્વ–Split Personality–નો અન્ત લાવવો જોઇએ, તેને સુસંવાદી બનાવવું જોઇએ. રાજદ્વારી અને ઔદ્યોગિક વિકાસ સાથે સામાજિક પરિવર્તન અનિવાર્ય છે. એ જો નહિ લાવીએ તો એક રાષ્ટ્ર તરીકે આપણે પતમ થઈ જઇશું. આવી ચેતવણી પંડિત જવાહરલાલ નહેરૂએ પ્રખ્યાત હિંદી લેખક શ્રી રામધારીસિંહ દિનકરે લખેલા–'સંસ્કૃતિ કે ચાર અધ્યાય' એ નામથી પ્રગટ થયેલા–પુસ્તકની પ્રસ્તાવનામાં ઉચ્ચારેલ છે. આ લેખ શ્રી નહેરૂની વિશિષ્ટ ચિન્તન પ્રતિભાનાં દર્શન કરાવે છે. તેનો અનુવાદ તા. ૨૩–૨–૫૬ ના જન્મભૂમિમાં પ્રગટ થયેલો અહિં સાભાર ઉધ્ધૃત કરવામાં આવે છે. **તંત્રી**)

મારા મિત્ર અને સાથી શ્રી દિનકરે લખવા માટે એક ખૂબ જ આકર્ષક વિષય પસંદ કર્યો છે. એ એક એવો વિષય છે કે જે ઘણીવાર મારા મગજમાં રમ્યા કર્યો છે, ને જેની છાપ મારાં બધાં લખાણોમાં રહેતી આવી છે.

ઘણીવાર હું મારી જાતને પૂછું છું: ભારત એ શું છે? ભારતનું મૂળતત્ત્વ શું? કયાં કયાં બળોએ ભારતનું ઘડતર કર્યું છે, અને આ બળોનો ભૂત અને વર્તમાનમાંના દુનિયાના પ્રભાવકારી બળો સાથે કેવો સંબંધ રહ્યો છે?

આ વિશાળ વિષય છે, અને માત્ર ભારતમાં જ નહિં પણ બીજે પણ જે જે માનવપ્રવૃત્તિ થઈ છે એ સમયને આવરી લે છે. અને લાગે છે કે આ વિષયને કોઇ એક જ વ્યકિત ન્યાય આપી શકે નહિં, પણ આપણે એના કોઇ ચોક્કસ અંગોને લઇને એમને સમજવાનો પ્રયાસ કરી શકીએ. ઓછામાં ઓછું આપણે ભારતને સમજવાનો તો પ્રયાસ કરી જ શકીએ, જો કે આપણી સામે આખી દુનિયાનું વ્યાપક ચિત્ર ન રાખીએ તો આપણી એ સમજણ મર્યાદિત બની રહે.

સંસ્કૃતિ એટલે શું?

સંસ્કૃતિ એટલે શું? હું શબ્દકોષ જોઉં છું તો અનેક જાતની વ્યાખ્યાઓ મળે છે. એક મહાન લેખકે "દુનિયામાંની સારામાં સારી જ્ઞાત અને કથિત વસ્તુનો પરિચય પામવો" એવી એની વ્યાખ્યા આપી છે. એક બીજી વ્યાખ્યા કહે છે: "(સંસ્કૃતિ એટલે) માનસિક કે શારીરિક શકિતઓની તાલીમ, વિકાસ અને સંગઠન અથવા તો આ રીતે થયેલું ઘડતર; મન, નીતિ કે રસવૃત્તિની સુધારણા અથવા સંસ્કરણ; સભ્યતાનો પ્રકાશ" આ અર્થમાં સંસ્કૃતિ એ એક પાયાની અને આંતરરાષ્ટ્રીય વસ્તુ છે. ઉપરાંત સંસ્કૃતિનાં રાષ્ટ્રીય સ્વરૂપો પણ છે અને ઘણાં રાષ્ટ્રોએ પોતપોતાની આગવી પ્રતિભા અને વ્યકિતત્વ ખીલવ્યાં છે એ પણ શંકા વિનાની વાત છે.

આમાં ભારતનું સ્થાન કયાં? કેટલાક લોકોએ હિંદુ સંસ્કૃતિ, મુસ્લિમ સંસ્કૃતિ ને ખ્રિસ્તી સંસ્કૃતિની વાત કરી છે. આ શબ્દપ્રયોગો મને સમજાતા નથી, જો કે એ સાચું છે કે મહાન ધાર્મિક હિલચાલોએ રાષ્ટ્ર કે જાતિની સંસ્કૃતિ પર પ્રભાવ પાડયો છે. હું ભારત તરફ નજર કરું છું તો દિનકરે જેમ બતાવ્યું છે તેમ, ભારતની પ્રજામાં સમન્વિત સંસ્કૃતિનો ક્રમશઃ વિકાસ થતો મને દેખાય છે.

વિકાસનાં પગલાં

આ સંસ્કૃતિનાં મૂળ એક બાજુ પ્રાગ્–આર્યકાળમાં (આર્યો હિંદમાં આવ્યા તે પહેલાંના કાળમાં) મોહન–જો–દરોની સભ્યતામાં તેમ જ મહાન દ્રાવીડી સભ્યતામાં જોઈ શકાય છે, તો બીજી બાજુ એના પર મધ્ય એશિયામાંથી ભારતમાં આવેલા આર્યોએ બળવાન પ્રભાવ પાડેલો નજરે પડે છે. પાછળથી વાયવ્ય બાજુએથી આવેલા વારંવારનાં આક્રમણોની અને તે પછી પશ્ચિમના દરિયાપારથી આવેલા લોકોની અસર પણ એના પર પડી છે.

આમ આ રાષ્ટ્રીય સંસ્કૃતિ ધીમે ધીમે વિકસતી ને આકાર લેતી રહી છે, સમીકરણની અને નવાં નવાં તત્ત્વોને સમાવી લેવાની અસાધારણ શકિત એનામાં હતી. જ્યાં સુધી એનામાં આ શકિત રહી ત્યાં સુધી એ જીવંત અને પ્રાણવંત રહી છે. પછીનાં વર્ષોમાં એણે આ પ્રાણ-મયતા ગુમાવી અને સ્થગિત બની ગઈ, જેને પરિણામે બધાં ક્ષેત્રોમાં નિર્બળતા આવી ગઇ છે.

બે હરીફ બળો

ભારતના આખા ઇતિહાસમાં આપણે બે હરીફ અને પરસ્પર-વિરોધી બળોને કામ કરતાં જોઇએ છીએ–એક સમીકરણ અને સમન્વયનાં બળો અને બીજાં અલગતા સર્જનારાં વિચ્છેદકારી બળો. આજે પણ આપણી સામે એ જ પ્રશ્ન જુદા સંદર્ભમાં આવી પડયો છે. આજે પણ એક બાજુ એકતા–રાજદ્વારી તેમ જ સાંસ્કૃતિક એકતા–માટે જબરદસ્ત બળો કામ કરી રહ્યાં છે, તો બીજી બાજુ વિચ્છેદ જન્માવતાં ને અલગતા પર ભાર મૂકતાં બળો પણ છે. એટલે આપણે માટે આ કેવળ શાસ્ત્રીય ચર્ચાનો પ્રશ્ન નથી, એ એક પ્રાણભૂત સવાલ છે, જેની સમજણ અને જેના ઉકેલ પર આપણું ભાવિ નિર્ભર છે.

સામાન્ય રીતે તો આવા પ્રશ્નોના ઉકેલમાં દોરવણી આપવાનું કામ બુદ્ધિમાન વર્ગનું હોય છે, પણ આપણાં બુદ્ધિમાનો આમાં નિષ્ફળ ગયા છે. એમાંના ઘણાં તો આ પ્રશ્નનું સ્વરૂપ પણ સમજી શકતા નથી, અને બીજા નિરાશાવૃત્તિ અને હૃદયદૌર્બલ્યનો ભોગ બની ગયા છે. કઇ બાજુએ જવું તે એમને સમજાતું નથી.

માર્કસવાદે અને એના અનુયાયીઓએ ઘણાં બુદ્ધિમાનોને આકર્ષ્યા હતા અને એમાં શંકા નથી કે એણે ઐતિહાસિક બનાવોનું એક ચોક્કસ પૃથક્કરણ આપ્યું હતું જે આપણને વિચાર કરવામાં ને સમજવામાં મદદરૂપ બન્યું હતું. પણ એ પણ અતિસંકુચિત વિચારસરણી માલુમ પડી અને એક આર્થિક દૃષ્ટિકોણ તરીકે એની ગમે તે ગુણવત્તા રહી હોય તો પણ આપણી મૂળભૂત આશંકાઓનું નિવારણ કરવામાં એ નિષ્ફળ ગઇ.

જીવન એ આર્થિક વિકાસ કરતાં કંઇક વધારે છે, જો કે આર્થિક વિકાસ એ જીવન અને પ્રગતિનો મૂળભૂત પાયો છે એ આપણે ન ભૂલી શકીએ. ઇતિહાસ બે સિધ્ધાંતોને કામ કરતા બતાવે છે–સાતત્યનો સિધ્ધાંત અને પરિવર્તનનો સિધ્ધાંત. આ બન્ને સિધ્ધાંતો એક બીજાની વિરૂધ્ધના દેખાય છે, છતાં દરેકમાં બીજાનું કંઈ ને કંઈ છે.

ક્રાંતિની પ્રક્રિયા

હિંસક ક્રાંતિઓ ને ધરતીકંપ આપણે જોઇએ છીએ ને આપણે એમને એકાએક નીપજતા માનસિક તેમ જ ભૌતિક તરીકે લેખીએ છીએ. પણ દરેક ભૂસ્તરશાસ્ત્રી જાણે છે કે, પૃથ્વીના પડમાંના મોટા ફેરફારો ધીમે ધીમે જ થાય છે, અને એમની સરખામણીમાં ધરતીકંપો મામુલી છે. એ જ રીતે ક્રાંતિઓ પણ પરિવર્તન અને સૂક્ષ્મ આઘાત–પ્રત્યાઘાતની લાંબી પ્રક્રિયાઓના માત્ર બાહ્ય આવિષ્કાર જ છે. આમ, પરિવર્તન પોતે જ એક સતત ક્રિયા છે, અને સ્થગિત સાતત્ય પણ જ્યાં સુધી એ સંપૂર્ણ બંધિયારપણા અને મૃત્યુમાં ન પરિણમે ત્યાં સુધી એમાં ક્રમશઃ પરિવર્તન આવે જ છે.

ઇતિહાસમાં એવા એવા સમયના ગાળા આવે છે જ્યારે પરિવર્તનની ક્રિયા અને ગતિ વધુ પ્રમાણમાં દેખાય છે. બીજા કાળમાં એ વધુ સ્થગિત દેખાય છે. રાષ્ટ્રના જીવનમાંનો આ સ્થગિત–સ્થિતિનો કાળ એ ક્રમશઃ પતન અને નિર્બળતાનો કાળ છે, જેમાંથી આખરે સર્જનાત્મક કલાઓ અને વલણોનો હ્રાસ અને ઘણીવાર રાજદ્વારી પરાધીનતા આવી પડે છે.

સંભવતઃ ભારતમાં સૌથી બળવાન સાંસ્કૃતિક તત્ત્વ આર્ય અને એ પહેલાંના–મુખ્ય કરીને દ્રાવીડી–તત્ત્વોના મિલનમાંથી આવ્યું હતું. આમાંથી મુખ્યપણે આપણી મહાન ભાષા સંસ્કૃતમાં મૂર્તિમંત થતી

વિરાટ સંસ્કૃતિનું સર્જન થયું. આ ભાષા, જો કે એની જોડભાષા પ્રાચીન પહેલવીની જેમ, મધ્ય એશિયામાં જન્મી હતી, છતાં એ ભારતની રાષ્ટ્રભાષા બની ગઈ. ઉત્તર તેમજ દક્ષિણ ભારતે એના વિકાસમાં ફાળો આપ્યો.

પાછળનાં વર્ષોમાં તો દક્ષિણે ઘણો મહત્વનો ભાગ ભજવ્યો. સંસ્કૃત ભાષા આપણા લોકોના વિચાર અને ધર્મનું પ્રતિક બની, એટલું જ નહિ પણ, ભારતની સાંસ્કૃતિક એકતાનું પ્રતીક બની ગઈ. બુધ્ધના સમયથી એ ભાષા લોકોની બોલવાની ભાષા રહી નથી, છતાં યે સમગ્ર ભારત પર એ બળવાન પ્રભાવ પાડતી રહી હતી. આ પછી બીજી પ્રભાવકારી અસરો પણ આવી અને એમાંથી વિચાર અને આવિષ્કારનાં નવા ક્ષેત્રો સર્જાયાં.

જ્ઞાતિસંસ્થાનું અનિષ્ટ

અસંખ્ય સ્વરૂપો સહિતની જ્ઞાતિસંસ્થા એ ભારતની વિશિષ્ટ પેદાશ છે. સ્પૃશ્યતા, આંતરભોજન, આંતરલગ્ન વગેરે સામેનો વિરોધ બીજા કોઇ દેશમાં દેખાતો નથી. એનું પરિણામ એ આવ્યું છે કે આપણી દૃષ્ટિ સંકુચિત બની ગઇ. હજુ આજે પણ ભારતવાસીઓને બીજાઓ સાથે હળવા મળવાનું મુશ્કેલ લાગે છે, એટલું જ નહિ પણ જ્યારે તેઓ બીજા દેશમાં જાય છે ત્યારે ત્યાં પણ દરેક જ્ઞાતિ અલગ અલગ રહેવા જ મથતી હોય છે. આપણામાંથી ઘણાં ખરા તો આ બધું એમ જ હોય એમ માની લે છે; પણ બીજા દેશના લોકોને એ કેટલું બધું આશ્ચર્ય ને કેવો આંચકો આપે છે તેનો તેમને કોઈ ખ્યાલ જ આવતો નથી.

આમ ભારતમાં આપણે ઉદારતમ સહિષ્ણુતા અને વિચાર તેમ જ મતની સર્વગ્રાહિતાની સાથોસાથ સંકુચિતમાં સંકુચિત સામાજિક વ્યવહાર વિકસાવ્યો. આ વિભકત વિભાજિત–વ્યકિતત્વ આપણી પાછળ પાછળ આવતું રહ્યું છે, અને આજે પણ આપણે એની સામે માથ ભીડી રહ્યા છીએ. આપણે આપણી પોતાની નિર્બળતાઓ અને રીતરીવાજની સંકુચિતતાઓનો, આપણા પૂર્વજો પાસેથી આપણે વારસામાં મેળવેલા ઉમદા વિચારો તરફ આંગળી ચીંધીને, બચાવ કરીએ છીએ. પણ આ બન્ને વચ્ચે મૂળગત ઘર્ષણ રહેલું છે અને જ્યાંસુધી આપણે તેનો ઉકેલ નહિ લાવીએ ત્યાં સુધી આપણું આ વિભકત વ્યકિતત્વ ચાલુ રહેવાનું જ છે.

આન્તરિક ઘર્ષણ

થોડીઘણી સ્થગિત દશાના કાળમાં આ પરસ્પરવિરોધી તત્ત્વો એકબીજા સાથે ઝાઝી અથડામણમાં નહોતાં આવ્યાં, પણ રાજદ્વારી અને આર્થિક પરિવર્તનનો વેગ જેમ જેમ વધતો ગયો છે તેમ તેમ આ અથડામણો વધતી દેખાય છે. આજે આપણે જે અણુયુગને ઉંબરે ઊભા છીએ તેમાં જબરદસ્ત સંજોગો આપણને આ આંતરિક અથડામણનો અંત આણવાની ફરજ પાડે છે. એ જો નહિ કરીએ તો રાષ્ટ્ર તરીકે આપણે નિષ્ફળ નિવડીશું અને આપણે જે ગુણો અને તાકાત મેળવેલ છે તે પણ ગુમાવી બેસીશું.

એટલે ભારતમાં આપણે જેમ મહાન રાજદ્વારી ને આર્થિક પ્રશ્નોનો સામનો કરવાનો છે તેમ આપણે આ આત્માના સંક્ષોભનો કલાન્તિનો–પણ સામનો કરવાનો છે. ઔદ્યોગિક ક્રાન્તિ ભારતમાં ઝડપભેર આવી રહી છે અને આપણને ઘણી રીતે બદલી રહી છે. રાજદ્વારી ને આર્થિક પરિવર્તનનું એ અનિવાર્ય પરિણામ છે કે જો આપણે સુગઠિત માનવો તરીકે અને એક સુગઠિત રાષ્ટ્ર તરીકે જીવવાના હોઇએ તો સામાજિક પરિવર્તન પણ સાથોસાથ આવે. રાજદ્વારી ફેરફાર થાય અને ઔદ્યોગિક પ્રગતિ આવે અને તે સાથે આપણે સામાજિક ક્ષેત્રે એમના એમ પલટાયા વિના રહીએ એ બની શકે નહિ. એ સ્થિતિનો ભાર અને દબાણ એટલો બધો હશે કે જો આપણે એમાંથી કંઇ ઉકેલ નહિ શોધીએ તો આપણે તૂટી પડશું.

પ્રગતિનો એ ઉત્સાહકાળ

ઇસુ ખ્રિસ્ત પછીના પહેલા એક હજાર વર્ષમાં અને તે પહેલાં પણ ભારતનું જે ચિત્ર આપણે જોઇએ છીએ એ પાછળનાં ચિત્રથી તદ્દન જુદું છે. પહેલાના એ કાળમાં આપણે એક ઉત્સાહથી ઉછળતી, પ્રાણવાન જીવન અને સાહસનો થનગનાટ અનુભવતી અને દૂરદૂરના દેશોમાં પોતાનો સંદેશો લઇ જતી પ્રજા જોઇએ છીએ. ઉત્તુંગ શિખરોએ પહોંચવાની અને આકાશ ભેદવાની હામ એમનામાં હતી. એમણે ભવ્ય ભાષાનું ચણતર કર્યું અને કલાના ક્ષેત્રે સર્વોચ્ચ પ્રતિભાનાં દર્શન કરાવ્યાં. ઉત્તર અને દક્ષિણ સમગ્ર દેશ ત્યારે જીવનના મહાન સાહસમાં સામેલ હતો.

પડતીની સદી

એ પછીની સદીઓમાં પડતી આવી. ભાષા કૃત્રિમ બની અને આપણું શિલ્પ પણ શણગારીયું બન્યું. વિચારોની નવીનતા બંધ પડી, સર્જનાત્મક વૃત્તિ અદૃશ્ય થઈ. શરીર કે મનના સાહસથી આપણે ડરવા લાગ્યા, ને આપણે જ્ઞાતિસંસ્થા અને બંધિયાર સમાજ ઉભાં કર્યાં.

વિચાર અને વર્તન

આપણાં વિચારો આપણાં વર્તન–વ્યવહારથી જે રીતે આગળ વધતા રહે છે તે એક અદ્ભૂત વસ્તુ છે. આપણે શાંતિ અને અહિંસાની વાતો કરીએ છીએ, અને વર્તીએ છીએ જુદી જ રીતે. આપણે સહિષ્ણુતાની વાતો કરીએ છીએ, અને એને આપણે માત્ર આપણી વિચારપધ્ધતિ ગણાવીએ છીએ અને બીજી વિચારપધ્ધતિઓ પ્રત્યે અસહિષ્ણુ બનીએ છીએ. આપણે કર્તવ્યની વચ્ચે પણ તાત્વિક સ્વસ્થતાનો એટલે કે સ્થિતપ્રજ્ઞ બની રહેવાનો આદર્શ ગન્નવીએ છીએ પણ આપણે જે કાર્યો કરીએ છીએ તે છેક જ નીચી ભૂમિકા પર કરીએ છીએ. અને વધતી જતી અશિસ્ત આપણને વ્યકિત તરીકે તેમ જ કોમ તરીકે નીચા પાડી દે છે.

જ્યારે પશ્ચિમના લોકો દરીઆપારથી અહીં આવ્યા ત્યારે ભારતની બંધ ભૂમિનાં દ્વાર ફરીને એક દિશામાં ઉઘડી ગયાં. આધુનિક ઔદ્યોગિક સભ્યતા ધીમે ધીમે શાંત રીતે સરકી આવી; નવા વિચારોને નવા પ્યાલો આપણા પર ચડી આવ્યા, અને આપણા બુધ્ધિમાનોમાં બ્રિટિશ બુધ્ધિમાનોના જેવી વિચાર કરવાની આદત વિકસી. આ આઘાત એક રીતે સારા હતા અને એથી આધુનિક દુનિયાની આપણને કંઇક સમજ પણ મળી, પણ બીજી બાજુએ એ જ કારણને લીધે બુધ્ધિમાનો આમ જનતાથી અલગ થઇ ગયા. પરંપરાગત વિચારણા હચમચી ગઇ ને જેઓ એને વળગી રહ્યા તેઓ બંધિયાર રીતે અને આધુનિક સ્થિતિસંજોગોથી અલિપ્ત રહીને વળગી રહ્યા.

હવે આ પશ્ચિમી વિચારપધ્ધતિમાંની શ્રધ્ધા પણ ચલિત થઈ રહી છે, અને એ રીતે આપણી પાસે જૂનું પણ નથી રહ્યું ને નવું પણ નથી રહ્યું, અને કઇ દિશામાં આપણે જઈ રહ્યા છીએ એ જાણ્યા વિના આમતેમ અફળાયા કરીએ છીએ. જુવાન પેઢી પાસે એમની વિચારણાને દોરવવા માટેનાં કે એમના કાર્યો પર અંકુશ મૂકવા માટેનાં કોઇ ધોરણો રહ્યાં નથી.

આ એક ભયંકર પરિસ્થિતિ છે, અને એને જો નહિ સુધારીએ તો એનાં પરિણામો અતિગંભીર આવશે. સંભવ છે કે, આપણે રાજદ્વારી, આર્થિક અને સામાજિક સંક્રાન્તિકાળમાંથી પસાર થઇ રહ્યા છીએ, અને આજના કાળનું એ અનિવાર્ય પરિણામ છે. પણ અણુયુગમાં કોઇને પણ સુધરવાની તક મળવાનો સંભવ નથી અને આમાં નિષ્ફળ જઇશું તો વિનાશ જ છે.

સંસ્કૃતિનો વિકાસ

આજે દુનિયામાં કામ કરી રહેલાં જબરદસ્ત બળોને આપણે ન સમજીએ તો પણ ભારત શું છે અને આપણે દેશની અનેકરંગી છતાં દૃઢ એકતાવાળી એની સમન્વિત સંસ્કૃતિ કેવી રીતે વિકસાવી છે એ તો આપણે સમજવું જોઇએ. ભારતની પ્રજાનો કોઈ એક વર્ગ ભારતના વિચાર કે માનસનો એકમાત્ર કબજો ધરાવવાનો દાવો કરી શકે નહિ. દરેક અંગે આ મહાન દેશની રચનામાં ફાળો આપ્યો છે. આ પાયાની હકીકતને ન સમજીએ તો ભારતને આપણે સમજતા જ નથી, અને જો આપણે ભારતને ન સમજીએ તો આપણે દેશની કોઇપણ સેવા કરી શકીએ નહિ.

દિનકરનું પુસ્તક આ સમજણમાં અમુક અંશે મદદરૂપ બનશે એમ મને લાગે છે, એટલે હું એને પુરસ્કાર છું અને આના વાંચનમાંથી લોકો ઘણો ફાયદો મેળવશે એવી મારી આશા વ્યકત કરું છું.

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મસ્જીદ બંદર રોડ, મુંબઈ ૯. ટે. નં. ૩૪૬૨૯

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

પ્રબુદ્ધ જીવન

પ્ર. જૈન વર્ષ ૧૪–પ્ર. જીવન વર્ષ ૩
અંક ૨૪

મુંબઈ, એપ્રીલ ૧૫, ૧૯૫૬, રવિવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : ત્રણ આના

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

લીટલ થેલે ટ્રુપનું 'પંચતંત્ર'

(લીટલ થેલે ટ્રુપ નામના મુંબઇના એક જાણીતા નટમંડળ તરફથી 'પંચતંત્ર' એ નામની એક નાટિકા ભજવાઇ રહી છે. આ નૃત્યમંડળી તરફથી કઠપુતળીની ઢબ ઉપર રામાયણ ભજવવામાં આવતું હતું અને તેની વિશિષ્ટ શૈલીએ મુંબઇના નાટ્યરસિકોને સારી રીતે આકર્ષ્યા હતા. એવી જ રીતે આ પંચતંત્રે પણ નૃત્યનાટિકાની એક જુદી જ ભાત રજુ કરી છે. તેનું કાકાસાહેબ કાલેલકરે કરેલું સુંદર અવલોકન નીચે પ્રગટ કરવામાં આવે છે. તંત્રી)

"પંચતંત્ર" એ ભારતીય નૃત્ય–નાટક સંગીતિકાનો એક અદ્વિતીય અને આહ્લાદક પ્રકાર છે. મહાકવિ વાલ્મીકીએ પોતાના રામાયણમાં માણસો સાથે રાક્ષસો, ગંધર્વ, વાનરો, રીંછ, ગીધ આદિ પશુપક્ષીઓને પણ સમાનભાવે વણી કાઢયા છે, જ્યારે "પંચતંત્ર"માં રાજનીતિ અને જીવનનીતિ સુબોધ રીતે સમજાવવા માટે વિષ્ણુશર્મા પંડિતે કેવલ પશુ પક્ષીઓને લઇને એક અદ્‌ભુત વાર્તાસૃષ્ટિ નિર્માણ કરી છે અને એ વાર્તાઓ દ્વારા માણસે કેમ જીવવું અને કેમ વર્તવું એનું આખું સૈકાઓનું ડહાપણ સાદામાં સાદી ભાષામાં ધર્મોપદેશના બોજ વગર રજુ કર્યું છે.

"પંચતંત્ર" અને 'હિતોપદેશ' એ બે સંસ્કૃત ચોપડીઓ વિશ્વસાહિત્યમાં પોતાનું સ્થાન કયારની મેળવી ચૂકી છે.

શુક્રનીતિ, વિદુરનીતિ, કામંદકીય નીતિ, ચાણાક્ય નીતિ વગેરે પ્રાચીન ચોપડીઓમાં જે બોધ મળે છે, તેના કરતાં "પંચતંત્ર"માં પશુપક્ષીઓની રસિક વાર્તા વાંચતાં વાંચતાં જે નીતિબોધ મળે છે તે ઓછો આકર્ષક નથી. "પંચતંત્ર"નાં ભાષાંતરો દુનિયાની અનેક ભાષાઓમાં સૈકાઓથી થતાં આવ્યા છે. આ વાર્તાઓ બાળકો તેમ જ પ્રૌઢો, ગ્રામવાસીઓ તેમ જ નાગરિકો–બધા જ રસપૂર્વક વાંચે છે અને સાંભળે છે.

પણ આ રોચક વાર્તાઓને નૃત્ય, સંગીત અને અભિનય દ્વારા પ્રત્યક્ષ જીવતી કરવાનું કામ મુંબઇના સંસ્કારી નર્તક મંડળે કર્યું છે.

આજ કાલ નૃત્યકળા તરફ આપણા લોકોનું ધ્યાન વિશેષ ગયું છે. ભારત નાટય, કથકલી, મણિપુરી આદિ નૃત્યોનું પુનર્જીવન થવા લાગ્યું છે અને એનું નવીનીકરણ પણ થાય છે. પણ નિસર્ગના સનાતન ગાયક પક્ષીઓ અને નિસર્ગના અબોધ બાલક વનચરોના હાવભાવ અને એમની ચાલવા કરવાની ખૂબીઓ આબેહુબ પકડી એને આપણી નૃત્યકલામાં વણી કાઢવાનું કામ તો આ મંડળે જ કર્યું છે.

પશુપક્ષીઓને આપણે તિર્યંચ એટલે ઉતરતા પ્રાણી કહીએ છીએ. પણ પશુપક્ષીઓને માણસજાતનો જે ત્રાસ સહન કરવો પડે છે એ જોતાં એમની આગળ માણસ પ્રાણી દુર્જન જેવો જ દેખાય છે. પક્ષીઓ ગાઇને માણસને રીઝવે છે અને માણસ તેને જાળમાં પકડીને મારી ખાય છે. ક્રૂરતા, કપટ અને દગો, એ માણસના ખાસ લક્ષણ હોય એવું જ લાગે છે. આપણે સિંહને શૂર, વાઘને ક્રૂર, વરૂને ખાઉધરો, ઊંટને કીન્નાખોર, સરપને કપટી, શીઆળને લુચ્ચો, કબુતરને ભોળો, બકરાને બેવકુફ, કાગડાને ચતુર, વગેરે નામોથી નવાજીએ છીએ. પણ જો આપણે પશુપક્ષીઓ, માછલાંઓ અને સરપ જેવા સરીસૃપોનો અભિપ્રાય પૂછીએ તો માણસ વિષે તેઓ શું શું કહેશે એની કલ્પના કરવી અઘરી નથી. હમણાં હમણાં પશ્ચિમના લોકોએ 'બાંબી' નામના હરણની જે વાર્તા લખી છે અને ભજવી છે એમાં માણસ પર વિશ્વાસ રાખનાર હરણની શી દશા થઈ એનું કરૂણ ચિત્ર આપ્યું છે.

'પંચતંત્ર'ની મિત્રલાભ એ નૃત્ય–નાટિકામાં પશુપક્ષીની દૃષ્ટિએ માણસ કેવો દેખાય છે એ સુંદર રીતે રજુ કર્યું છે અને પશુપક્ષીઓ માણસ કરતાં કેટલા શ્રેષ્ઠ છે એ બતાવી એમના પ્રત્યે આદર અને સમભાવ કેળવ્યો છે.

'પંચતંત્ર' વાળી આ નૃત્ય–નાટિકામાં બધા જ નર્તકો પોતાના હાવભાવ અને નૃત્ય વડે તમામ તિર્યંચ જાતિ પ્રત્યે આપણું હૃદય જે ઢબે જાગૃત કરે છે તે ખરેખર નૃત્યકળાનો એક વિક્રમ છે.

કપડાં અને પોષાકની પસંદગી પણ ઔચિત્યપૂર્ણ અને સરસ છે. સંગીત મધુર અને ભાવવાહી તો છે જ, પણ તે તે પ્રસંગે અનુકુળ એવું પણ ગોઠવ્યું છે.

આજકાલના નાટકોમાં પાત્રોના ચહેરાને રંગની છટાથી નવા નવા રસ અર્પણ કરવાની કળા ખીલી છે. પાત્રોના અભિનય કરતાં આ 'મેક–અપ'ની કળા જરાયે ઉતરતી નથી. માણસ માટે જ ખાસ સર્જેલી આ કળા પશુપક્ષીઓ માટે વાપરવી એ કામ સહેલું નથી. છતાં નર્તકમંડળે આ દિશામાં પણ સારો પ્રયત્ન કર્યો છે. આસામ––મણિપુર તરફ કોઈ કોઈ વાર અપ્રતિમ નૃત્યને અભિનય સાથે 'મેક–અપ'ની કચાશ રસ–હાનિ કેમ કરે છે એવું એક બે વાર જોયું હતું.

રંગભૂમિ પર જુદા જુદા રંગના પ્રકાશ પાડવાની નવી યોજનામાં તો દરેક રંગ સાથે 'મેક–અપ' ખીલે છે કે કઠિનાઈ ઉત્પન્ન કરે છે એનું અધ્યયન સૂક્ષ્મતાથી થવું જોઇએ.

'પંચતંત્ર'ની આ નવી નૃત્યકળા પોતાનો સંદેશો ચીન સુધી પહોંચાડી આવી છે. આ કળાએ યુરોપ અમેરિકા અને આફ્રિકાની ત્રિખંડ યાત્રા કરવી જોઇએ, કેમકે આ કળા કેવળ ભારતીય નથી. મનુષ્ય અને મનુષ્યેતર, બન્નેની અભિરુચિનો સમન્વય કરનારી આ એક જીવનકલા છે. એનો ઉત્તરોત્તર વિકાસ થવાનો યુગ આવ્યો છે.

કાકા કાલેલકર

આપનાં સરનામાં સત્વર સુધરાવો

સંઘના સભ્યોને તથા પ્રબુદ્ધ જીવનના ગ્રાહકોને વિનંતિ કે પ્રબુદ્ધ જીવન મોકલવામાં નવા સરનામાં છપાઈ રહ્યા છે તો આપનાં ચાલુ સરનામામાં કોઈ પણ ભુલ રહી જતી હોય અથવા તો ફેરફાર કરાવવો હોય તો સંઘના કાર્યાલય ઉપર સત્વર લખી મોકલશો.

૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ,
મુંબઈ ૩.

વ્યવસ્થાપક : પ્રબુદ્ધ જીવન.

સ્યાદ્વાદ અને સાપેક્ષવાદ

(ગતાંકથી ચાલુ)

(ગતાંકમાં ભૂલથી જણાવ્યું છે તેમ તા. ૨૩-૧૦-૫૬ નહિ પણ તા. ૨૩-૧૦-૫૫ ના 'જૈન ભારતી'માં પ્રગટ થયેલ મુનિ નગરાજજીના લેખના અનુવાદનો બાકીનો હપ્તો નીચે આપવામાં આવ્યો છે. તંત્રી)

હજારો વર્ષ પહેલાં અને આજે

સ્યાદ્વાદ અને સાપેક્ષવાદના કેટલાક સિધ્ધાન્તો એવા છે જે અનાયાસે તદ્દન એકરૂપ જેવા થઇને ચાલે છે. અંતર એટલું છે કે સ્યાદ્વાદના ક્ષેત્રે તે આજથી હજારો વર્ષ પૂર્વે એક વ્યવસ્થિત રૂપમાં મૂકાઇ ચૂકયાં છે, જ્યારે સાપેક્ષવાદમાં તે આજે ચિન્તનની ઓરણ ઉપર ચઢયા કરે છે અને ક્રમિક વિકાસ સાધે છે. દાખલા તરીકે સત્યાસત્યની મીમાંસા કરતાં રેખાગણિત અને વજનના વિષયમાં સાપેક્ષવાદ એમ માને છે કે જેમાં લંબાઇ છે પણ પહોળાઇ અથવા જાડાઇ નથી તે રેખા. બિંદુમાં પણ જાડાઇ નથી હોતી, પણ દુનિયામાં એવી રેખા જોવામાં નથી આવી કે જેની પહોળાઈ અથવા જાડાઇ ન હોય. તે એટલી સૂક્ષ્મ હોય છે કે તેને ઉપેક્ષણીય ગણી શકાય, પણ નથી એમ તો ન જ કહી શકાય. આપણે માત્ર લંબાઈ અને પહોળાઇ જ ધ્યાનમાં લઇએ તો કેવળ બે પરિમાણવાળી કોઈ ચીજ પ્રકૃતિએ બનાવી જ નથી. કાગળ ઉપર એક સીધી લીટી દોરેલી જોઇને આપણે માનીએ છીએ કે આ તદ્દન સીધી લીટી છે પણ જો વધારે સૂક્ષ્મ સાધનથી જોઇશું તો તે એકદમ સીધી નહીં દેખાય.

વજનના વિષયમાં પણ એવું જ છે. લંબાઈ, પહોળાઇ, કે જાડાઇ દ્વારા આપણે જે બિંદુ, રેખા, કે ઘનની વ્યાખ્યા કરીએ છીએ તે માત્ર વાસ્તવિક સાપેક્ષ સ્થિતિની નથી પણ એક આદર્શ માપના રૂપની છે. લંબાઇ માપવા માટે કોઈ સ્થિર ચોક્કસ ગજ આપણી પાસે નથી. ઘનિષ્ઠમાં ઘનિષ્ઠ ધાતુનો અને બહુ જ ચોકસાઇથી બનાવેલો માપદંડ—પછી તે લોઢાનો હોય કે પીત્તળનો સળીઓ હોય—પણ એક દિશામાંથી અન્ય દિશામાં ઘુમાવવાથી તેના કરોડમા હિસ્સા જેટલો વધી જાય છે કે ઘટી જાય છે. એક જ જમીન ભિન્ન ભિન્ન સમયે અને ભિન્ન ભિન્ન વ્યકિતઓ દ્વારા મપાઇ હોય ત્યારે સૂક્ષ્મતાથી તપાસતાં એક સરખું માપ નહિ નીકળે. સીસુ અથવા પ્લેટીનમ દ્વારા બહુ જ સાવધાનીથી નિશાની કરવામાં આવે, ગજથી માપવામાં આવે—તો પણ કંઈકને કંઈક ફેર તો આવવાનો જ. વળી ગરમીના પ્રમાણમાં ફેરફાર થતાં ધાતુઓનું ફેલાવું અને સંકોચાવું એ તો જગજાહેર છે. દરેક વસ્તુનાં સૂક્ષ્મપરમાણુઓનું સમયે સમયે જે પરિવર્તન થયા કરે છે તેથી પણ માપમાં અંતર પડે છે. ખાસ કરીને જમીન માપણીમાં તો જરૂર ફરક પડી જાય છે, કેમકે જમીન પ્લેટિનમ જેટલી સખ્ત નથી. અને માપણી કરનારાઓ જો પોતાના સાધનો ઉપર વિશ્વાસ ન રાખે, તો 'તુંડે તુંડે મતિર્ભિન્ના'ના ન્યાયે સૌ પોતપોતાની જુદી જુદી વાત કરશે.

માપણી કરનાર સાચો છે કે કેમ તેની ખાત્રી આપણે પારમાર્થિક સત્યથી નથી કરતા. કેમકે તેની ખાત્રી કરવાનું આપણી પાસે કોઇ સાધન જ નથી. એટલે ભિન્ન ભિન્ન માપણીકારોએ જે એક સામાન્ય માપ નકકી કર્યું હોય તે જ આપણો ખરો માપદંડ થાય છે. આ બધા ઉપરથી એક વાત ફલિત થાય છે કે વાસ્તવિકતાની સંપૂર્ણ જાંચ કર્યા વિના માત્ર તર્કથી તાર્કિકોએ જે કેટલીક બાબતો સ્વયંસિદ્ધ કરી મૂકે છે તે તેઓના જ શબ્દોથી માન્ય ઠરતી નથી. એ બધી પરિભાષાઓ તો જ માન્ય ઠરી શકે જો તેઓ તે બાબતોને પારમાર્થિક સત્યને બદલે સાપેક્ષ સત્ય કહે. અધિક વાંકી રેખાની અપેક્ષાએ કોઈ રેખા વધારે સરળ હોઇ શકે. મોટા બિંદુની અપેક્ષાએ એક ક્ષુદ્ર બિંદુની લંબાઈ—પહોળાઇ ગણત્રીમાં ન લઇએ તે ઠીક છે, પણ આપણા બધા માપ તોલ સાપેક્ષ છે જ. સ્યાદ્વાદ પણ ઉકત પ્રકારની અપેક્ષાઓથી ભર્યો પડયો છે. જૈન આગમ શ્રી પન્નવણા સૂત્રમાં સત્યને દશભાગમાં વિભકત કરવામાં આવ્યું છે. જ્યાં સાપેક્ષવાદી ડરતાં ડરતાં વ્યાવહારિક તોલમાપને સત્યમાં સમાવિષ્ટ કરે છે ત્યાં સ્યાદ્વાદે બધા પ્રકારના આપેક્ષિક સત્યોને દશ ભાગમાં વિભકત કરી દીધા છે. તે દશ પ્રકાર નીચે પ્રમાણે છે:—

(૧) **જનપદ સત્ય** અર્થાત્ દેશ સાપેક્ષ સત્ય. જુદા જુદા દેશોની જુદી જુદી ભાષા હોય છે. તે મુજબ પ્રત્યેક પદાર્થનાં અનેક જુદા જુદા નામો થઈ જાય છે. તે બધા પોતપોતાના દેશની અપેક્ષાએ સત્ય છે. કેટલાક શબ્દો એવા પણ હોય છે જે એક દેશની અપેક્ષાએ બીજા દેશમાં તદ્દન વિપરીત અર્થના દ્યોતક હોય. જેમકે સાધારણ રીતે પિતાને "બાપૂ" કહેવાય છે; પણ કોઈ દેશોમાં નાના બાળકને પિતા અને અન્ય કુટુંબીજનો "બાપૂ" કહે છે. આ જનપદ સત્યમાં આવી જવાથી અસત્ય નથી કહેવાતું.

(૨) **સમ્મત સત્ય**—વ્યવહારમાં જે શબ્દ માન્ય થઇ ગયો હોય. જેમકે—પંકકાદવમાંથી ઉત્પન્ન થનાર કમળને પંકજ કહેવાય છે પણ કાદવમાંથી જ ઉત્પન્ન થતા દેડકાંને પંકજ નથી કહેવાતો. દેડકાને પણ પંકજ કેમ ન કહેવો તે બાબતમાં કોઇ બુદ્ધિગમ્ય દલીલ નહિં થઈ શકે.

(૩) **નામ સત્ય**—કોઇનું નામ વિદ્યાસાગર હોય અને તેને આવડતું ન હોય કાળી લીટી તાણતા. એમ છતાં પણ તેને લોક વિદ્યાસાગર કહે તે અસત્ય નહિં કહેવાય. નામ કેવળ વ્યકિતની ઓળખાણ માટે છે તે તેના જીવન સાથે કેટલું યથાર્થ છે તે નથી જોવાતું. એટલે આ નામ સાપેક્ષ સત્ય છે.

(૪) **સ્થાપના સત્ય**—કોઇ વસ્તુના વિષયમાં કલ્પના કરી રાખવી. જેમકે ૧૨" ઇંચનો એક ફુટ, ૩ ફુટનો એક ગજ. અમુક તોલાનો એક શેર, અમુક શેરનો એક મણ. આ સ્થાપના દેશ કાળને અનુલક્ષીને જુદી જુદી હોય છે, પણ પોતપોતાની અપેક્ષાએ જ્યાં સુધી તે વ્યવહારમાં ચાલુ છે ત્યાં સુધી તે સત્ય છે. સત્યના આ ભેદમાં અપેક્ષાવાદના ઉકત માપ, તોલ, ગણિત, બધું સમાઈ જાય છે. એક માપમાં સૂક્ષ્મ દૃષ્ટિએ પ્રતિક્ષણ ગમે તેટલું અંતર પડી જતું હોય છતાં જ્યાં સુધી તે વ્યવહારમાં છે ત્યાં સુધી તે સત્ય મનાય છે. સાપેક્ષવાદમાં માપ તોલનું જે પ્રકારે પ્રતિક્ષણ પરિવર્તન માન્યું છે તે પરિવર્તનનું વધારે ગંભીરતાથી અને વ્યાપક રૂપે વિવેચન સ્યાદ્વાદમાં મળે છે. સ્યાદ્વાદ અનુસાર જેમાં પ્રતિક્ષણ નવા સ્વરૂપની ઉત્પત્તિ, જુના સ્વરૂપનો નાશ અને મૌલિક સ્વરૂપની નિશ્ચલતા હોય તેને જ દ્રવ્ય માન્યું છે. પ્રતિક્ષણ પરિવર્તનના વિષયમાં બન્ને વાદના સિદ્ધાન્તની સમાનતા એ જ એકબીજાના સત્યની પોષક છે.

(૫) **રૂપ સત્ય**—કેવળ સાપેક્ષ કથન એ રૂપ સત્ય છે, જેમ નાટકમાં ડિરેકટર કહ્યા કરે છે, આ હરિશ્ચન્દ્ર છે, આ રોહિતાશ્વ છે. રામલીલામાં કહેવાય છે આ રામ છે, આ સીતા છે, વગેરે.

(૬) **પ્રતીતિ સત્ય—વિશ્વસનીય સત્ય.** બીજા શબ્દોમાં તેને સાપેક્ષ સત્ય પણ કહી શકાય. આમ્રફળની અપેક્ષાએ આમળું નાનું છે એમ પ્રતીતિ થાય છે; પણ ચણોઠીની અપેક્ષાએ આમળું મોટું છે એમ પણ પ્રતીતિ થાય છે. સાપેક્ષવાદનો એક મોટો વિભાગ આ સત્યમાં સમાઇ જાય છે.

(૭) **વ્યવહાર સત્ય**—લોકભાષામાં જે વાકય પ્રચલિત થઈ ગયું હોય તે વ્યવહાર સત્ય છે. જેમકે ઘણી વખત પૂછવામાં આવે છે, "આ સડક કયાં જાય છે?" કોઈ તર્કવાદી તેને કહી શકે કે "ભાઈ, સડક તો કયાંયે નથી જતી, અહીંજ પડી રહે છે." કોઇ વટેમાર્ગુ થાકયો પાકયો જ્યારે ગામની નજીક પહોંચ છે ત્યારે તે કહે છે "હવે તો ગામ આવી ગયું." ત્યારે કોઈ તેને નથી પૂછતું કે "ભાઇ, ગામ આવ્યું કે તું ચાલીને આવ્યો?" તાત્પર્ય કે લોકવ્યવહારમાં તે બોલવું અયુકત નથી લાગતું, આ પણ સત્યનો એક ભેદ છે.

(૮) **ભાવ સત્ય**—ઇંદ્રિયોની અપેક્ષાએ જે સ્વરૂપ જેવું ભાસે તેવું કહેવું તે ભાવ સત્ય. જેમ કે હંસ ધોળો છે. કાજળ કાળું છે.

આ યથાવસ્થિત કથન સ્થુલ દૃષ્ટિની અપેક્ષાએ છે. સુક્ષ્મ દૃષ્ટિ અહિં પણ ઉપેક્ષિત છે; કેમકે સુક્ષ્મ દૃષ્ટિ અનુસાર તો બન્નેમાં પાંચે વર્ણ છે.

(૯) **યોગ સત્ય**–બે અથવા બેથી વધારે વસ્તુના સંયોગથી જે સંજ્ઞા બની હોય, અને પાછળથી તે વસ્તુના યોગનો અભાવ હોય તો પણ તે સંજ્ઞાનો પ્રયોગ ચાલુ હોય તે યોગ સત્ય. જેમકે–દંડી, ક્ષત્રી, સ્વર્ણકાર, ચર્મકાર, વગેરે.

(૧૦) **ઉપમા સત્ય**–ઉપમા, અલંકાર, આદિ બધી સાહિત્યિક કલ્પનાઓ આ સત્યમાં સમાય છે. આના ચાર વિકલ્પ છેઃ–(૧) ઉપમા સત્ ઉપમેય અસત્ (૨) ઉપમેય સત્ ઉપમા અસત્, (૩) બન્ને સત્ અને (૪) બન્ને અસત્.

અસ્તુ. આ પ્રમાણે સ્યાદ્વાદ અને સાપેક્ષવાદ અનેક રીતે એક બીજામાં મળી જઈને ગંગા યમુનાનો સંગમ ઉપસ્થિત કરે છે.

નિરપેક્ષ અથવા સંપૂર્ણ સત્ય

પ્રસિદ્ધ વિચારક સર રાધાકૃષ્ણને સ્યાદ્વાદના વિષયમાં લખ્યું છે "નિરપેક્ષ અથવા સંપૂર્ણ સત્યની કલ્પના કર્યા વિના, માત્ર તર્કના કે પાયા ઉપર સ્યાદ્વાદ નહિ નભી શકે". એમના જેવા ઊંડા તત્વચિંતકની જે આ ધારણા બંધાયેલી છે તે વિષે સાપેક્ષવાદ જરૂર એમને ફરી વિચાર કરવાની પ્રેરણા આપશે.

જ્યાં એમની ધારણા છે કે નિરપેક્ષ સત્ય વિના કામ નથી ચાલતું ત્યાં સાપેક્ષવાદ કહે છે–"પરમાર્થ સત્ય" એ તો મનની કલ્પના માત્ર છે. પરમાર્થને પ્રાકૃતિક વસ્તુઓ અને નિયમો ઉપર લાદવાનો જે આપણે પ્રયત્ન કરશું તો તેનો અર્થ એમ નથી કે વસ્તુસત્તાને છોડીને આપણે આકાશમાં ઉડવા માંડીએ છીએ, પણ તેનો અર્થ અથવા પરિણામ એ આવવાનું કે આપણે વિપરીત ધારણાઓનો ભોગ બનીશું. વસ્તુઓ અને તેના ગુણોની સાપેક્ષતાની મતલબ એ નથી કે આપણે તેની સત્તાનો ઈનકાર કરીએ છીએ.

સાપેક્ષતા પરમાર્થ નામધારી કોઈ પદાર્થને સિદ્ધ નથી કરવા દેતી, એમ છતાં પણ સાપેક્ષતા દ્વારા પરમાર્થની સત્તાને જે ઉડાડી દેવી એ સાપેક્ષતાએ પોતાની મર્યાદા બહાર જવા જેવું છે. આખરે સાપેક્ષતા માનવી શા માટે પડે છે? એટલા જ માટેને કે વસ્તુ સત્તા આપણને એમ માનવાની ફરજ પાડે છે. આ પ્રમાણે સાપેક્ષવાદ સ્યાદ્વાદના અપેક્ષતાવાદને પુષ્ટ કરે છે. નહિ તો પણ સ્યાદ્વાદ પોતે પોતાથી જ એટલો પુષ્ટ છે કે રાધાકૃષ્ણનનો તર્ક તેને હતપ્રભ કરી શકે તેમ નથી. સ્યાદ્વાદ પણ એમ માનીને ચાલે છે કે જો નિરપેક્ષ સત્ય વિશ્વમાં કયાંયે છે જ નહિ તો મનમાં તેનો મોહ કેમ ઊઠે છે? ધર્મકીર્તિએ કહ્યું છે કે "જો પદાર્થને પોતાને જ સાપેક્ષતા અભિષ્ટ છે તો તેને નિરપેક્ષ બતાવનારા આપણે કોણ?" સાપેક્ષ સત્યના વિષયમાં વિચારકોના મનમાં જે શંકા ઊઠે છે તેનું એક કારણ એ છે કે સાપેક્ષ સત્યને પૂર્ણ સત્ય કે વાસ્તવિક સત્યથી જુદું માનવામાં આવે છે. પણ ખરું જોતાં સાપેક્ષ સત્ય તેનાથી ભિન્ન નથી. દરેક વ્યકિત સમજી શકે છે કે નારંગી મોટી છે કે નાની. વાસ્તવિક સત્ય એ છે કે તે મોટી પણ છે અને નાની પણ છે તેનાથી નાના મોટા પદાર્થોની અપેક્ષાએ. અહિંઆ જો કોઈ એમ કહે કે આ તો આપેક્ષિક યા અધુરું સત્ય છે તો તે પોતે જ બતાવે કે ત્યારે અહિં નિરપેક્ષ યા પૂર્ણ સત્ય શું છે?

કેટલાએક વિચારકોએ રાધાકૃષ્ણનની સમાલોચના સાથે મેળ બેસાડવા માટે સ્યાદ્વાદને લોકવ્યવહાર પુરતો મર્યાદિત અને જૈન દર્શનમાં પ્રતિપાદિત નિશ્ચય નયને પૂર્ણ સત્ય બતાવવાનો પ્રયત્ન કર્યો છે. પણ આ યથાર્થ નથી. કેમકે સ્વદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની અપેક્ષાએ સર્વ પદાર્થ "છે", અને પરદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની અપેક્ષાએ સર્વ પદાર્થ "નથી". આ પ્રમાણે જે સ્યાદ્વાદના હૃદય સમાન સપ્તભંગી તત્વ છે તેનો વિષય માત્ર લોકવ્યવહાર પુરતો મર્યાદિત નથી, પણ સર્વ દ્રવ્ય માત્ર છે. એટલા માટે તો આચાર્યોએ કહ્યું છે કે "દીપકથી લઈને આકાશ સુધીની વસ્તુ માત્ર સ્યાદ્વાદની મુદ્રાથી અંકિત છે." સર્વજ્ઞ દ્વારા કહેવાએલું કે નિશ્ચય નય દ્વારા બતાવાએલું તત્વ પણ માત્ર કહેવા પુરતું નિરપેક્ષ છે, કેમકે 'સ્યાદસ્તિ સ્યાન્નાસ્તિ' ના સિદ્ધાંતથી તે પણ પર નથી. આમ વસ્તુ માત્ર સાપેક્ષ છે અને પૂર્ણ સત્ય યા વાસ્તવિક સત્ય તેનાથી પર નથી એવી સ્યાદ્વાદની ઘોષણા સ્વયંસિદ્ધ છે અને તર્કની કસોટી પર આધુનિક સાપેક્ષવાદ દ્વારા સમર્થિત છે.

સમાલોચનાના ક્ષેત્રે

સ્યાદ્વાદ અને સાપેક્ષવાદ બન્નેને પોતપોતાના ક્ષેત્રમાં વિરોધી સમાલોચકોના ભરપુર આક્ષેપો સહન કરવા પડયા છે. આક્ષેપોના કારણો પણ બન્નેનાં સમાન છે. બન્ને વિચારોની મૂળ ગાંઠનો તાંતણો ન પકડી શકાવાના કારણે ધુરંધર વિદ્વાનોએ વિવિધ સમાલોચનાઓ કરી છે; પણ તે આલોચનાઓ ચિંતનશીલ તત્ત્વવેત્તાઓ પાસે અજ્ઞતા-મૂલક અને હાસ્યાસ્પદ સિદ્ધ થઈ છે. દાખલા તરીકે શંકરાચાર્ય જેવા વિદ્વાને લખી નાંખ્યું કે "જ્યારે જ્ઞાનનાં સાધન, જ્ઞાનનો વિષય, જ્ઞાનની ક્રિયા, બધું જ અનિશ્ચિત છે તો પછી તીર્થંકર કઈ રીતે નિશ્ચિત રૂપમાં કોઇને ઉપદેશ આપી શકે, અને કઇ રીતે પોતે આચરણ કરી શકે? કેમકે સ્યાદ્વાદ અનુસાર તો જ્ઞાન માત્ર અનિશ્ચિત છે." આ જ પ્રમાણે પ્રો. એસ. કે. વેલબાલકર એક સ્થળે લખે છે, "જૈન દર્શનનો પ્રમાણ સંબંધી ભાગ જો તેનો સ્યાદ્વાદના આધાર પર વિચાર કરવામાં આવે તો અયુકત અને અસંગત છે. "S" (એસ) હોઈ શકે છે, "S" (એસ) નથી હોઇ શકતો, બન્ને હોઈ શકે છે, "S" (એસ) "P" (પી) હોઈ નથી શકતો. આ પ્રકારનું નિષેધાત્મક અને અજ્ઞેયવાદી વકતવ્ય એ કોઈ સિધ્ધાંત ન હોઈ શકે." વળી કોઇએ કહ્યું કે "આશ્ચર્યજનક છે કે સ્યાદ્વાદવાદી દહીં અને ભેંસને પરસ્પર એક માને છે. પણ તેઓ દહીં ખાય છે, કંઈ ભેંસ ખાતા નથી. માટે સ્યાદ્વાદ એ ગલત સિધ્ધાન્ત છે." આ બધું છતાં સ્યાદ્વાદને સમજનારાઓ માટે આ આલોચનાઓ છોકરમત જેવી છે. શંકરાચાર્યે સ્યાદ્વાદને સંશયવાદ કે અનિશ્ચિતવાદ કહ્યો. સંભવ છે કે તેઓ 'સ્યાદસ્તિ" નો અર્થ "કદાચ હોય" એવો સમજ્યા હોય, પરંતુ સ્યાદ્વાદ સંશયવાદ નથી. સ્યાદ્વાદ દર્શાવે છે વસ્તુનો અનંત ધર્માત્મક સ્વભાવ. કોઈ વસ્તુના ધર્મનો નિર્ણય કરતી વખતે તેના કોઇ એક ધર્મની અપેક્ષાએ આપણે નિર્ણય કરીએ છીએ, પણ તે જ સમયે તે વસ્તુના બીજા ગુણો પણ તેમાં રહેલા છે તે દર્શાવવા પુરતું "સ્યાદસ્તિ" અથવા "અપેક્ષા વિશેષથી" એમ આપણે કહીએ છીએ જે યથાર્થ છે. "સ્યાદસ્તિ" ની સાથે જે "એવં" શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે તે જ બતાવી આપે છે કે સ્યાદ્વાદમાં અનિશ્ચિતતા નથી. સ્યાદ્વાદી અમુક વસ્તુના વિષયમાં નિર્ણય આપતાં "અમુક અપેક્ષાએ આમ જ છે" એમ કહે છે. સહેજે પ્રશ્ન થાય કે ત્યારે "અમુક અપેક્ષાએ" એમ શા માટે કહેવું જોઇએ? તેનો ઉત્તર એ છે કે તે સિવાય વ્યવહાર જ ચાલવાનો નથી. અમુક રેખા મોટી છે કે નાની તે જો આપણા મગજમાં બીજી કોઇ રેખાની કલ્પના નહિ હોય તો કેવી રીતે કહેવાના છીએ? આ સ્થિતિમાં અનિશ્ચિતતા નહી પણ યથાર્થતા એ છે કે રેખા મોટી પણ છે અને નથી પણ.

આ તર્ક એસ. કે. વેલબાલકરના તર્ક "S" (એસ) હોઈ પણ શકે અને ન પણ હોઇ શકે વગેરે સમજવામાંથી ઉભો પાડી શકાય. "S" એસ છે અંગ્રેજી ભાષાની અપેક્ષાએ. "S" લુપ્ત સકારનું ચિન્હ છે સંસ્કૃતની અપેક્ષાએ. બન્ને છે બન્ને ભાષાની અપેક્ષાએ. આમ સ્યાદ્વાદ એ કંઇ કલ્પનાનું હવાઇ ઉડ્યન નથી, પરંતુ જીવન-વ્યવહારનો એક બુદ્ધિગમ્ય સિધ્ધાંત છે. "છે યે ખરૂં અને નથી પણ" ના રહસ્યને બરાબર ન સમજવાથી લોકોએ તેને સંશયવાદ કહી નાખ્યો, પણ યથાર્થ દિશામાં ચિન્તન કર્યા પછી તે એટલો સત્ય લાગે છે જેટલું બે ને બે ચાર એ વિધાન સત્ય છે. સ્વદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, અને ગુણની અપેક્ષાએ પ્રત્યેક પદાર્થ "છે" અને પરદ્રવ્ય ક્ષેત્ર, કાળ, ગુણની અપેક્ષાએ પ્રત્યેક પદાર્થ "નથી." આ જ "સ્યાદસ્તિ" "સ્યાન્નાસ્તિ" નું હાર્દ છે. દહીં અને ભેંસ દ્રવ્યત્વની અપેક્ષાએ એક છે, પણ દધિત્વ અને મહિષત્વની અપેક્ષાએ એક નથી. દધિત્વની

અપેક્ષાએ દહીં ખાવા યોગ્ય છે, નહિ કે દ્રવ્યત્વની અપેક્ષાએ. આ માટે દહીંની સાથે ભેંસને જોડવી એ મૂર્ખતા છે.

હવે સાપેક્ષવાદની આલોચનાના ઇતિહાસ ઉપર દૃષ્ટિપાત કરીએ. એ સત્ય છે કે સાપેક્ષવાદ આજે વૈજ્ઞાનિક જગતમાં સર્વમાન્ય સિધ્ધાંત મનાયો છે. તે માનવી બુદ્ધિએ છેલ્લામાં છેલ્લી હદે અજ્ઞેયવાદના ઉંડાણમાં ઉતરીને જગતને અર્પેલી વીસમી સદીની એક મહાન ભેટ છે. પરંતુ તેના અટપટા તર્કને નહી સમજી શકનારા આલોચકોના શું વિચારો હતા તે જાણવું પણ મનોરંજક છે. એક અનુભવી સુપ્રસિદ્ધ એન્જીનીયર સિડ્‌ને એ. રીવે કહ્યું કે "આઇન્સ્ટાઇન"નો સિદ્ધાંત એ નર્યો ઉટપટાંગ બકવાદ છે. દાર્શનિક ગગન હેમરે લખ્યું "આઇન્સ્ટાઇને તર્કશાસ્ત્રમાં મૂર્ખતાપૂર્ણ ગંભીર ભૂલ કરેલી છે." આ પ્રમાણે સ્યાદ્વાદ અને સાપેક્ષવાદ ઉપર ચિત્રવિચિત્ર સમાલોચનાઓ થઇ છે, પણ આજે સાપેક્ષવાદ એ વીસથી સદીની એક મહાન ભેટ છે એ એક સર્વમાન્ય હકીકત છે.

ઉપસંહાર

કેટલાક વિચારકોનો એવો મત છે કે સ્યાદ્વાદ ને સાપેક્ષવાદની સરખામણી ન થઈ શકે, કેમકે સ્યાદ્વાદ એ આધ્યાત્મિક સિધ્ધાંત છે જ્યારે સાપેક્ષવાદ એ ભૌતિક છે. વસ્તુસ્થિતિ એ છે કે બન્ને વાદ વસ્તુનિર્ણય કરવાની એક પધ્ધતિ છે. બન્નેને માત્ર આધ્યાત્મિકતા કે માત્ર ભૌતિકતા જેવી કોઈ મર્યાદા નથી. સ્યાદ્વાદનો પ્રવેશ આધ્યાત્મિકતામાં જ છે એમ સમજવું એ વિપરીત દૃષ્ટિકોણ છે. તેને તો સ્વભાવથી જ જેટલો આત્મા સાથે સંબંધ છે તેટલો જ ભૌતિક પદાર્થ સાથે પણ સંબંધ છે. જ્યારે તે બન્નેના વિષયમાં સમાનતાથી યથાર્થ નિર્ણય આપે છે તો પછી કેમ કહી શકાય કે તેને ભૌતિક પદાર્થો સાથે સંબંધ નથી? જો કે વૈજ્ઞાનિકોનો વિષય ભૌતિક વિજ્ઞાન છે એટલે સાપેક્ષવાદ ભૌતિક વિષયોથી આગળ વધ્યો નથી અને તે એક ભૌતિક પદ્ધતિ મનાય છે, છતાં સાપેક્ષવાદ પણ સ્યાદ્વાદની જેમ વસ્તુને પરખવાની એક પ્રણાલી છે. તેને માત્ર આધ્યાત્મિક કે માત્ર ભૌતિકતામાં બાંધી રાખવો તે બરોબર નથી. અને કદાચ સાપેક્ષવાદને માત્ર ભૌતિક પદ્ધતિ માનીએ તો યે પરમાણુથી લઇને બ્રહ્માંડ સુધીના બધા પદાર્થો સ્યાદ્વાદ અને સાપેક્ષવાદ બન્નેના વિષય છે. એટલે સ્યાદ્વાદ અને સાપેક્ષવાદના સમ અંશોની તુલના એ પણ પોતાનું એક આગવું મહત્વ રાખે છે એ વિચારકોએ ન ભૂલવું જોઇએ.

સ્યાદ્વાદ અને સાપેક્ષવાદની આ સમાનતા આપણા મનમાં અનેક નવા પ્રશ્નો ઉત્પન્ન કરે છે– આપણને વિશેષ ઊંડુ ચિંતન કરવાની પ્રેરણા આપે છે. આજ સુધી દર્શન અને વિજ્ઞાન વચ્ચેની જે ઊંડી ખાઇ વધારે અને વધારે પહોળી થતી જતી હતી, તે સંભવ છે કે, જો આ પ્રકારે સમાનભાવની ચિંતનધારા વહેવા લાગે તો, ભવિષ્યની કોઈ એક ક્ષણે પુરાઇ જાય.

સાપેક્ષવાદ દ્વારા સમર્થિત થયેલી સ્યાદ્વાદની વૈજ્ઞાનિકતાના કારણે તેને સંશયવાદ રૂપે સમજવાની જે એક ભૂલ ચાલી આવી છે તે લાગે છે કે હવે દૂર થઇ જશે.

દર્શનથી દૂર ભાગનાર અને વિજ્ઞાનમાં અત્યંત શ્રધ્ધા રાખનારી વ્યક્તિઓને સ્યાદ્વાદ અને સાપેક્ષવાદની ઉપરોકત સમાનતા એમ વિચારવાની પ્રેરણા આપશે કે દર્શન એ માત્ર કોઇ કલ્પના નથી, પણ ચિંતનની એક પ્રગતિશીલ ધારા છે, જે દિશામાં આજે વિજ્ઞાન પણ આગળ વધવાનો પ્રયત્ન કરી રહ્યું છે. અસ્તુ: બન્ને વાદની સમાનતા જોઇને હરેક તટસ્થ વિચારકને એમ લાગશે જ કે સ્યાદ્વાદે દર્શનના ક્ષેત્રમાં વિજયી થઇને હવે વૈજ્ઞાનિક જગતમાં વિજય પામવા સાપેક્ષવાદના રૂપમાં જન્મ લીધો છે.

મૂળ હિંદી: **મુનિ નગરાજજી**

સમાપ્ત અનુવાદક: **મેનાબહેન નરોત્તમદાસ**

'બોધિ સત્ત્વ'



(પ્રબુધ્ધ જીવનના આગામી અંકથી પ્રગટ થનાર સ્વ. ધર્માનંદ કૌસાંબી રચિત 'બોધિ સત્ત્વ' નાટક (મૂળ મરાઠી) ના ગુજરાતી અનુવાદની પૂર્વભૂમિકા.)

ગૌતમ બુધ્ધે સંસાર શા સારૂ છોડ્યો તેની પ્રચલિત લોકવાયકાઓ કલ્પનાનો વિષય હોવા છતાં, સત્ય ગણાઇ રૂઢ થઈ ચૂકી છે એ જોઈ સંશોધક ધર્માનંદજીએ તેનાં ખરાં કારણો શોધવાનો પ્રયાસ કર્યો. તેમના અભ્યાસ અને સંશોધનથી તેમને ખાત્રી થઇ કે જીવન સાથે જડાઈ ચૂકેલાં "જન્મ–મૃત્યુ–જરા–વ્યાધિ" એ દોષોનું યથાર્થ દર્શન અથવા "ગૃહસ્થાશ્રમ ઉપર અભાવો" એ બંને કારણોની સાથે સાથે "શસ્ત્રસંન્યાસની આવશ્યકતાનું ભાન" એ પણ ગૌતમ બુધ્ધના વૈરાગ્યનું એક કારણ હતું.

રોહિણી નદીના પાણી માટેનો મતભેદ ને ઝગડો મર્યાદા બહાર વધતાં અને તેથી શાક્ય અને કોલિમ લોકોના સૈન્યો પ્રત્યક્ષ યુદ્ધમાં પ્રવૃત્ત થતાં, બુધ્ધે વચ્ચે પડી પોતાનું અપાર દુ:ખ પ્રગટ કર્યું હતું એવો ઉલ્લેખ બૌધ્ધ સાહિત્યમાં મળે છે એ સત્ય ઉપર આ નાટક આધારિત છે. પોતે શોધી કાઢેલી આ સયુકિતક પણ ત્રુટક એવી હકીકતને કલ્પનાના રંગે રંગવા શ્રી ધર્માનંદ કોસંબીએ નાટકનું રૂપ પસંદ કર્યું હતું, કારણ નાટક એટલે જ સત્ય ઉપર આધારિત કલ્પના સૃષ્ટિ.

'ભગવાન બુદ્ધ', 'બૌદ્ધ સંઘનો પરિચય' અને 'લલિત વિસ્તર' એમ મુખ્યત્વે ત્રણ ગ્રંથોના આધાર ઉપર આ નાટકની વસ્તુ રચાઇ છે. બોધિ એટલે પૂર્ણ જ્ઞાન અને તે જ્ઞાનની પ્રાપ્તિ માટે જે અવિશ્રાંત પ્રયત્ન કરનારૂં સત્ત્વ તે "બોધિ સત્ત્વ". અતિ પ્રાચીન કાળથી આ વિશેષણ ગૌતમબુદ્ધને માટે જ વાપરવામાં આવે છે.

શ્રી ધર્માનંદ કોસંબી (૧૮૭૬–૧૯૪૭) કોઇ સામાન્ય નાટ્યકાર નથી, પણ પાલિ ભાષા અને સાહિત્ય અને બૌધ્ધ ધર્મના અદ્વિતીય વિદ્વાન અને ઉપાસક છે—એકધ્યેયવાદી કુશાગ્ર પંડિત અને સંશોધનકાર છે એ આપણે ભૂલીએ. ૨૩ વર્ષની વયે તેમણે ગોવામાંનું પોતાનું ઘર અને કુટુંબ છોડી બુદ્ધ ભગવાનના ઉપદેશની શોધમાં સઘળાં સંકટો સહન કરતાં કરતાં નેપાળ, લંકા, બ્રહ્મદેશ વિગેરે દેશોમાં ફરી ત્યાંના બૌદ્ધ સાહિત્ય અને બૌદ્ધ ધર્મ સાધનાનું અનુપાલન કર્યું. પછીથી, કલકત્તા યુનિવર્સિટીમાં, પૂનામાં ફરગ્યુસન કોલેજમાં અને પૂ. ગાંધીજીની ગુજરાત વિદ્યાપીઠમાં તેમણે અધ્યયાન કાર્ય કર્યું. આ ઉપરાંત, ચાર વખત અમેરિકા અને એક વાર રશિયા જઇને પણ તેમણે સંશોધન કર્યું. બનારસ હિંદુ યુનિવર્સિટી, કાશી વિદ્યાપીઠ અને સારનાથ વિગેરે ઠેકાણે વસવાટ કરી તેમણે પોતાનું અધ્યયન અને લેખન કાર્ય ચાલુ રાખ્યું હતું. શ્રી કોસંબીએ પૂ. ગાંધીજીના નેતૃત્વ નીચે આઝાદી–યુધ્ધમાં પણ ભાગ લીધો હતો.

સમાજવાદ અને સામ્યવાદ તરફ તેમને આકર્ષણ હતું, જેની પાછળનું પ્રેરક બળ હતું અપરિગ્રહનો સિદ્ધાંત; પણ હિંસાના માર્ગને તેઓ હૃદયથી ધિક્કારતા. આર્ય સંસ્કૃતિના વૈદિક, જૈન અને બૌધ્ધ એ ત્રણ ધર્મપ્રવાહો પારખવાનો તેમણે સતત અને સભાન પ્રયાસ કર્યો અને તેના ગુણદોષ પારખી ત્રિવેણી સમન્વય કરવાનો પણ

તેમણે અથાગ પ્રયત્ન કર્યો. તેમની વિચારસરણિ મૌલિક અને સરળ હતી અને તે સ્પષ્ટતાથી અને નીડરતાપૂર્વક તેઓ રજુ કરતા. શ્રી ધર્માનંદ કોસાંબીએ જીવનનાં છેવટના દિવસો વર્ધામાં–સેવાગ્રામમાં–પસાર કર્યા અને ત્યાં તેમણે પ્રાણ છોડયા. 'બોધિ સત્ત્વ' ઉપરાંત શ્રી ધર્માનંદ કોસાંબીએ, "પાર્શ્વનાથાચા ચાતુર્યામ ધર્મ" એ ગ્રંથ પણ લખ્યો છે.

આ 'બોધિ સત્ત્વ' નાટક મૂળ મરાઠી ભાષામાં લખાયલું છે, અને તે ધર્માનંદ સ્મારક ટ્રસ્ટ તરફથી ઇ. સ. ૧૯૪૯માં પ્રગટ કરવામાં આવ્યું છે. આ 'બોધિ સત્ત્વ' નાટકની નકલ મને લગભગ એક વર્ષ પહેલાં કાકાસાહેબ કાલેલકરે આપેલી અને તે વાંચતાં મારૂં મન ખૂબ પ્રસન્ન થયેલું અને તેનો ગુજરાતી અનુવાદ કરીને અથવા કરાવીને પ્રબુદ્ધ જીવનના વાંચકો સમક્ષ રજુ કરવાની મનમાં ઇચ્છા સ્ફુરેલી. ત્યાર બાદ મરાઠી અનેક નાટકોને ગુજરાતીમાં ઉતારનાર ભાઇ કાન્તિલાલ બરોડિયાને મેં એ નાટક વાંચવા આપ્યું અને તેમણે તો થોડા સમયમાં પહેલા અંકનો અનુવાદ કરીને તપાસી લેવા તેમ જ પ્રસિધ્ધ કરવા માટે મારી ઉપર મોકલી આપ્યો. એ અનુવાદ હું તપાસી તો ગયો, પણ પ્રબુધ્ધ જીવનમાં પ્રગટ કરવાનું એક યા બીજા કારણ મુલતવી રહેતું ગયું. આખરે આગામી બુધ્ધ જયન્તીને લક્ષ્યમાં લઇને પ્રબુધ્ધ જીવનના નવા વર્ષના પ્રારંભ થવા સાથે તા. ૧-૫-૫૬ના અંકથી પ્રસ્તુત નાટકનો અનુવાદ પ્રસિધ્ધ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. તે મુજબ પ્રબુધ્ધ જીવનના આગામી અંકમાં 'બોધિ સત્ત્વ'નો પ્રથમ અંક એક સાથે પ્રગટ કરવામાં આવશે અને બાકીનો ભાગ અવકાશ મુજબ પ્રબુધ્ધ જીવનમાં ત્રણ અથવા વધારે હપ્તાથી પૂરો કરવામાં આવશે. આ અનુવાદ પ્રગટ કરવા માટે ધર્માનંદ સ્મારક ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ અમારા મુંબઇ જૈન યુવક સંઘને અનુમતિ આપી છે, જે બદલ તેમનો હું આભાર માનું છું. સાથે સાથે એ પણ જણાવતાં આનંદ થાય છે કે આ નાટક પ્રબુધ્ધ જીવનમાં આખું પ્રગટ થવા બાદ સુન્દર પુસ્તકાકારે શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી પ્રગટ કરવામાં આવશે, જેની કીંમત રૂા. ૧–૮–૦ રાખવામાં આવશે અને સંઘના સભ્યોને તથા પ્રબુધ્ધ જીવનના ગ્રાહકોને રૂા. ૧–૪–૦ માં આપવામાં આવશે. પોસ્ટેજ રૂા. ૦–૨–૦ જુદું પડશે.

૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ, પરમાનંદ કુંવરજી કાપડિયા
મુંબઇ, તા. ૧૫–૪–૫૬. તંત્રી, પ્રબુધ્ધ જીવન

આગામી બુદ્ધ જયન્તી અને ભારત સરકાર

આગામી મે માસની ૨૩ મી તારીખે ભગવાન બુધ્ધની ૨૫૦૦ મી નિર્વાણ જયન્તી આવે છે. ભારત સરકારે આ જયન્તી બહુ મોટા પાયા ઉપર ઉજવવાનું નક્કી કર્યું છે. તે પાછળ એક કરોડથી વધારે રકમનું ભારત સરકાર ખર્ચ કરનાર છે. તે પર્વ ઉપર ભારત સરકારનું ટપાલ ખાતું ખાસ ટિકીટો છપાવવાનું છે. બૌદ્ધ ત્રિપિટક ગ્રંથો નાગરી લિપિમાં પ્રસિધ્ધ થવાના છે. બૌદ્ધ ધર્મ, તેનો ઇતિહાસ, કળા ઇત્યાદિ ઉપર ગ્રંથો તથા ચિત્રપોથીઓ અને સિનેમા ફિલ્મો વગેરે બહાર પાડવામાં આવનાર છે. નવેમ્બર માસમાં એક મોટું બૌધ્ધ વિશ્વસંમેલન યોજવામાં આવનાર છે, જેમાં બુધ્ધના શાન્તિ–સંદેશ ઉપર વિવેચનો થવાનાં છે. બૌધ્ધ જયન્તી અંગે આવો એક મોટો કાર્યક્રમ વિચારવામાં આવ્યો છે. આ સમારંભની ઉજવણીમાં જગતનાં બૌધ્ધ રાષ્ટ્રો ભાગ લેશે. દુકમાં જગતમાં, અને ખાસ કરીને હિંદમાં, બુધ્ધ ભગવાનના ધર્મોપદેશને આ નિમિત્તે સતેજ કરવામાં આવશે. આમાં ભારત સરકાર સક્રિય ભાગ લેશે અને લાખો રૂપિયા ખરચશે. મદ્રાસનાં 'વેદાંત કેસરી'નો એક લેખક આ બધી વિગતો રજુ કરીને સવાલ પૂછે છે કે "સર્વ ધર્મો પ્રત્યે સમભાવ કે તટસ્થતા હોવાનો દાવો કરનાર પોતાને –Secular–અસાંપ્રદાયિક તરીકે ઓળખાવનાર ભારત સરકાર ભગવાન બુધ્ધ અને તેમણે પ્રરૂપેલા બૌધ્ધ ધર્મ પ્રત્યે આવો પક્ષપાત બતાવે એ કેવું ગણાય?" આવો પ્રશ્ન અન્યત્ર અને ખાસ કરીને જૈન સમાજમાં પણ ઠીક ઠીક ચર્ચાઈ રહ્યો છે.

એક બાજુએ એવી પરિસ્થિતિ પ્રવર્તે છે કે ભિન્ન ભિન્ન ધર્મના સંસ્થાપક લોકોત્તર મહાપુરૂષોને તે તે ધર્મના અનુયાયીઓ અનન્ય ભાવથી જોતા હોય છે અને એ રીતે પોતાના અધિદેવતાની અપેક્ષાએ અન્ય મહા પુરૂષોને તેઓ સાધારણ કોટિના લેખતા હોય છે. આ છે સાંપ્રદાયિક દૃષ્ટિ. બીજી બાજુએ આજના શિષ્ટ સમુદાયમાં આ સર્વ મહાપુરૂષો વિષે એક વિશિષ્ટ આદર દૃષ્ટિ નિર્માણ થઈ ચૂકી છે. આજે ભિન્ન ભિન્ન ધર્મોનું સાહિત્ય સુલભ થવાના પરિણામે તેમ જ ભિન્ન ભિન્ન ધર્મીઓ વધારે નિકટ આવવાના પરિણામે તથા દુનિયાના ઇતિહાસનું આપણી આંખ સામે એક સમગ્ર ચિત્ર ઉભું થઈ શકવાને લીધે આપણે દુનિયાના પયગંબરો અને ધર્મસંસ્થાપકોના નિકટ પરિચયમાં આવી શકયા છીએ અને તેમને આપણે તુલનાત્મક તટસ્થ ભાવે નિહાળવાની સ્થિતિએ પહોંચ્યા છીએ. આ રીતે કેવળ પોતપોતાના સંપ્રદાયની દૃષ્ટિએ નહિ પણ આદર્શ માનવતાના ઉદાર ધોરણે જગતના પયગંબરોને અને ધર્મસંસ્થાપકોને આપણે માપી રહ્યા છીએ. આ નવા દૃષ્ટિકોણના પરિણામે, આપણામાંનો કોઈ જન્મથી જૈન હોય, વૈષ્ણવ હોય, મુસલમાન હોય કે ખ્રીસ્તી હોય એમ છતાં પણ, ઇશુ ખ્રીસ્ત, કે મહમદ પયગંબર, ભગવાન બુદ્ધ, કે મહાવીર, રામ કે કૃષ્ણ વિષે આપણું દિલ ઉંડો આદર અનુભવતું થયું છે. આમાં પણ કોઇનું દિલ ઇશુ ખ્રીસ્ત પ્રત્યે વધારે ઢળે છે તો કોઇ ભગવાન બુદ્ધ વિષે વિશેષ આદર અનુભવે છે, કોઇ મહમદને તો કોઈ મહાવીરને એ રીતે વિશિષ્ટ ભાવથી નિહાળે છે. આ છે આ જમાનામાં આપણા દિલમાં ઉગેલી કેવળ અસાંપ્રદાયિક આદરવૃત્તિનું તેમ જ ભક્તિભાવનું શુભ પરિણામ.

આ પ્રકારના સાંપ્રદાયિક અને અસાંપ્રદાયિક દૃષ્ટિભેદને આપણે બીજી રીતે પણ વિચારી શકીએ છીએ. આગળના વખતમાં આપણે ધર્મસંસ્થાપક અને તેની પ્રેરણાથી પ્રચાર પામેલા સંપ્રદાયને એકમેકથી અભિન્ન માનતા હતા. મહમદ એટલે ઇસ્લામ, ઇશુ ખ્રીસ્ત એટલે ખ્રીસ્તી ચર્ચ, ભગવાન મહાવીર એટલે જૈન સંપ્રદાય – આ મુજબ આપણે વિચારતા હતા અને વર્તતા હતા. આજની આપણી અસાંપ્રદાયિક દૃષ્ટિ આ અભિન્નતાને સ્વીકારતી નથી. ઇશુ ખ્રીસ્ત માટે મને ખૂબ જ આદર હોય, છતાં હું ખ્રીસ્તી થવાનું મન નહિ કરું. ભગવાન બુધ્ધ વિષે મારૂં દિલ ભક્તિપ્રણુત હોય, છતાં બૌધ્ધ ધર્મનો અનુયાયી થવાનો હું વિચાર નહિ કરું. આ જ પ્રમાણે કોઇ સત્યસંશોધક ભગવાન મહાવીરમાં સત્યનો અવતાર નિહાળશે, એમ છતાં તે જૈન સંઘમાં જોડાવાનો વિચાર નહિ કરે. ભગવાન બુધ્ધની આગામી જયન્તીમાં આપણામાંના ઘણા લોકો ભાગ લેશે, એમ છતાં બૌધ્ધ ધર્મના અનુયાયી બનવાનો ભાગ્યે જ કોઇને વિચાર આવશે. આ ભૂમિકા ઉપરથી આગામી બુધ્ધજયન્તીનો અને તે પ્રત્યે ભારત સરકારના અતિ સાપેક્ષ વલણનો વિચાર કરીશું તો આજે એ દિશાએ જે કાંઇ થઇ રહ્યું છે તેનું ઔચિત્ય બહુ સહેલાઇથી ગ્રહણ થઈ શકશે.

આપણે ઉપર મુજબ ધર્મ સંસ્થાપકો અને લોકોત્તર લેખાતા મહાપુરૂષો વિષેના આપણા આજના વળણનો વિચાર કર્યો. આ બધા ધર્મપુરૂષોમાં પણ ભગવાન બુધ્ધનું શું સ્થાન છે તેનો વિચાર કરીશું તો આપણને માલુમ પડશે કે પૂર્વ–પશ્ચિમના અનેક લોકો ભગવાન બુધ્ધ વિષે કોઇ જુદા જ પ્રકારનું આકર્ષણ અનુભવે છે. તેમાં પણ એશીઆવાસીઓ સમગ્રપણે ભગવાન બુધ્ધ વિષે અસામાન્ય પક્ષપાત ધરાવે છે. ભગવાન બુધ્ધમાં જે કોમળતા, ઋજુતા, અને કરૂણાનું તેમ જ માનવી જીવનના પ્રશ્નો વિષે જે વ્યવહારલક્ષી મધ્યમમાર્ગી કલ્યાણમુખી દૃષ્ટિનું આપણને આલ્હાદક અને ઉન્નતિવાહક દર્શન થાય છે તે દર્શન કોઈ અન્ય પ્રકારનું અને અસાધારણ કોટિનું છે.

આમ બનવાનું બીજું પણ એક કારણ છે. હજુ થોડા વર્ષ પૂર્વે ગાંધીજી આપણી વચ્ચેથી વિદાય થયા. આપણે તેમનામાં અપૂર્વ કોટિની મહાનુભાવતાનાં દર્શન કર્યાં. ભૂતકાળનાં પયગંબરો સદૃશ તેમની જીવનપ્રતિભા હતી. આ પયગંબરો કે ધર્મપુરુષોમાં પણ ભગવાન બુદ્ધ ગાંધીજીની સૌથી વધારે નજીક હોય એવું ભવ્ય સામ્ય એ બે પુણ્યપુરુષો વચ્ચે આપણે નિહાળી રહ્યા છીએ, અનુભવી રહ્યા છીએ. આવી કોઈ આન્તરપ્રતીતિ આપણને અને આપણા આજના દેશનેતાઓને ભગવાન બુદ્ધ તરફ ખેંચી રહી છે અને તેથી તેમની આગામી, ૨૫૦૦ મી નિર્વાણ જયન્તી આપણા સર્વ માટે એક અસાધારણ પર્વનું નિમિત્ત બની રહેલ છે. ભગવાન બુદ્ધની આગામી જયન્તીને આવું મહત્વ આપવા પાછળ આ પ્રકારનું રાષ્ટ્રીય સંવેદન રહેલું છે.

આ ઉપરાંત ભગવાન બુદ્ધ પ્રત્યે પૂર્વ એશીઆના અનેક દેશો ઊંડો ભક્તિભાવ ધરાવે છે. એશીઆના આ પૂર્વ દેશો સાથે આપણે ગાઢ સંબંધ ધરાવીએ છીએ. આ જયન્તી પ્રસંગે એ દેશોમાંથી સંખ્યાબંધ નરનારીઓ ભારતની યાત્રાએ આવનાર છે. આ લાખોની સંખ્યામાં આવનારા યાત્રિકોના ભારતે યજમાન બનવાનું છે. ભગવાન બુદ્ધની આ જન્મભૂમિના દર્શનથી—સ્પર્શથી—પાવન થવાની તેમની ભાવનાને ઝીલવી, પ્રતિધ્વનિત કરવી એ ભારતનો વિશિષ્ટ ધર્મ બને છે. આ એશીઆવ્યાપી ઉત્સવમાં આપણે બને તેટલો ભાગ લેવો જોઇએ એમ ભારતની સભ્યતા આપણને ઉદ્બોધિત કરી રહી છે. એ રીતે ચીન, બર્મા, જાપાન, સિયામ આદિ દેશો સાથેના આપણા સંબંધો વધારે ગાઢ—વધારે મર્મસ્પર્શી—બનવા સંભવ છે. આન્તરરાષ્ટ્રીય ક્ષેત્રે થનાર આ વિશેષ લાભનું મહત્વ નાનુસૂનું નથી.

આ ઉત્સવના અગ્રણી બનવા સાથે ભારત સરકારના Secular—પણાને—અસાંપ્રદાયિકતાને—કશો વિરોધ છે જ નહિ. ભારતની આ અસાંપ્રદાયિક નીતિનો વિશિષ્ટ અર્થ તો એ છે કે ભારતમાં હિંદુઓની બહુ મોટી બહુમતી છે. આ હકીકતને લક્ષ્યમાં રાખીને પાકીસ્તાન માફક ભારત અન્ય ધર્મોની અવગણના નહિ કરે અને સત્તાના જોરે હિંદુધર્મનો ભારતમાં કદિ ફેલાવો નહિ કરે અથવા તો તે તરફ કોઇ વિશિષ્ટ પક્ષપાતપૂર્વકનો વર્તાવ નહિ કરે. આ આપણી અસાંપ્રદાયિક રાજ્યનીતિનો સીધો અર્થ છે. બીજું બુદ્ધ જયન્તી પ્રસંગે ભારત સરકાર જે કાંઇ કરવા ધારે છે તે પાછળ બુદ્ધ સંપ્રદાયનો ફેલાવો કરવાનો કોઇ આશય છે જ નહિ, પણ ભગવાન બુદ્ધની જે અજોડ જીવનપ્રતિભા છે તેને માનવજાતના દિલમાં સુપ્રતિષ્ઠિત કરવાનો અને આજે જ્યારે હિંસા અને નિષ્ઠુરતાએ માનવસમાજને જડ અને રાક્ષસી સ્વભાવનો બનાવ્યો છે ત્યારે ભગવાન બુદ્ધની કરુણા અને મૈત્રીભાવના વડે માનવચિત્તને સચેત અને મૃદુ બનાવવાનો ભારત સરકારનો આશય છે.

જો ભગવાન બુદ્ધ પ્રત્યે ભારત સરકાર આટલો બધો પક્ષપાત દર્શાવે છે તો કોઇ જૈન પૂછશે કે તેમની સમકક્ષાના ભગવાન મહાવીરની ભારત સરકાર કેમ ઉપેક્ષા કરે છે? આવી રીતે કોઇ ખ્રીસ્તી પણ પૂછશે કે ઇશુ ખ્રીસ્તને ભારત સરકાર કેમ ભૂલ જાય છે? આમ પૂછનારા મોટા ભાગે આખા પ્રશ્નને કેવળ સાંપ્રદાયિક ભાવથી નિહાળે છે અને સમસ્ત એશીઆ અને ભારતના સંદર્ભમાં ભગવાન બુદ્ધનું એક અનોખું સ્થાન છે અને પ્રસ્તુત અવસર એક અનોખા ગૌરવનો પ્રસંગ છે એ હકીકતનું તેમને પુરું ભાન નથી એમ વિના સંકોચે કહેવું પડશે. વળી આની અંદર એક અધિદેવતાની અવગણના કરીને અન્ય અધિદેવતાની પૂજા કરવાનો કોઇ પ્રશ્ન જ નથી. તદુપરાન્ત ભારત સરકારની રાજનીતિ Secular—અસાંપ્રદાયિક છે એનો અર્થ એ નથી કે ભારત સરકારને higher values of life—જીવનનાં કોઈ આધિદૈવિક મૂલ્યો—નથી. આ મૂલ્યો માત્ર ભારત સરકારને જ નહિ પણ ભારતના અનેક અગ્રગણ્ય પુરુષોને સમગ્રપણે ભગવાન બુદ્ધમાં પ્રતિબિંબિત થતા દેખાય છે. અહિં બૌધ ધર્મ પ્રત્યે પક્ષપાત દાખવવાનો પણ કોઇ પ્રશ્ન જ નથી. કારણ કે એ તો જાણીતું જ છે કે ભારત સરકારના પ્રધાન પુરુષોમાંથી કોઇ પણ બુદ્ધધર્મી નથી. પંડિત જવાહરલાલની વૃત્તિ અને ભાવના સંપ્રદાયાતીત હોવા વિષે મતભેદ છે જ નહિ. એમ છતાં પણ પંડિતજી તેમ જ અન્ય પ્રધાનપુરુષો ભગવાન બુદ્ધથી આટલા બધા પ્રભાવિત છે એ જ હકીકત પ્રસ્તુત પર્વોદ્યાપન પાછળ રહેલી અસાંપ્રદાયિકતા તેમ જ ધાર્મિક તટસ્થતા પુરવાર કરવા માટે પૂરતી છે. ભગવાન મહાવીર કે ઇશુ ખ્રીસ્તને જે કોઈ માત્ર પોતાના માનતા હશે અને અન્યને પારકા લેખતા હશે તેમને આ બુદ્ધ જયન્તીનું મહત્વ નહિ સમજાય. જે કોઈ બુદ્ધ, મહાવીર, ઇશુ ખ્રીસ્તમાં કે મહાત્મા ગાંધીમાં પરા કોટિની માનવવિભૂતિનું એક સળંગ વ્યાપક દર્શન કરી શકતા હશે તે આટલા મોટા પાયા ઉપર ઉજવવામાં આવનાર બુદ્ધ જયન્તી પાછળ ભારત સરકારની ઉદાત્તતાની અને ભવ્ય કલ્પનાશીલતાની જરૂર કદર કરશે, ભગવાન બુદ્ધનું આવી રીતે બહુમાન કરવા પાછળ ભારતીય સભ્યતાનું અનુપમ દર્શન કરશે અને આગામી વિરાટ ઉત્સવ સમારંભને અન્તરના ઉમળકાથી આવકારશે.

પરમાનંદ કુંવરજી કાપડિયા

ગુજરાત નઈ તાલીમ સંઘનું છઠું વાર્ષિક સંમેલન

ગુજરાત નઇ તાલીમ સંઘના મંત્રી **શ્રીમતી અન્નપૂર્ણા મહેતા** જણાવે છે કે:—"ગુજરાત નઈ તાલીમ સંઘનું છઠું વાર્ષિક સંમેલન જે માર્ચના છેલ્લા અઠવાડિયામાં ભરવાની ધારણા હતી તે અનિવાર્ય કારણોને લીધે મે માસમાં લઈ જવામાં આવ્યું છે. હવે આ સંમેલન તા. ૬, ૭ મે, ૧૯૫૬ ના દિવસોમાં આચાર્ય કાકાસાહેબ કાલેલકરના પ્રમુખપણા હેઠળ સર્વોદય આશ્રમ, વાલમ (સ્ટેશન : વીસનગર, જીલ્લો : મહેસાણા) માં મળશે. આ સંમેલનમાં ગુજરાત–સૌરાષ્ટ્રના નઈ તાલીમના કાર્યકર્તાઓ અને એમાં રસ ધરાવતા કેળવણીકારો ભેગા મળી નઇ તાલીમના પ્રશ્નોની વિચારણા કરશે. આ સંમેલનમાં હાજર રહી નઈ તાલીમના પ્રશ્નોની વિચારણામાં ભાગ લેવા સંઘની સંયોજિત સંસ્થાઓને સરકારી ખાતાના કેળવણી અધિકારીઓને, શાળાઓના શિક્ષકોને, શિક્ષણશાસ્ત્રીઓ તેમ જ નઇ તાલીમમાં રસ ધરાવતા સૌ ભાઇ–બહેનોને આથી સપ્રેમ આમંત્રણ આપવામાં આવે છે.

સંમેલનમાં આવવા ઇચ્છનારાઓએ પ્રતિનિધિપત્ર ભરીને તરત શ્રી મંત્રી, **ગુજરાત નઈ તાલીમ સંઘ**, કન્યા આશ્રમ, જિ.–સુરતના સરનામે મોકલવું."

ગુજરાત નવી તાલીમ સંઘ સંચાલિત ચીનો બાલવાડી શિબિર

સ્થળ : કન્યા આશ્રમ, મઢી.

તા. ૧૦-૫-૫૬ થી તા. ૨-૪-૫૬ સુધી

નઈતાલીમની વિવિધ અંગોના અભ્યાસ અનુભવ માટે ગુજરાત નઇ તાલીમ સંઘ તરફથી ક્રમિક શિબિરોની યોજના ચાલે છે. તેને અનુસરીને પૂર્વ બુનિયાદીના અભ્યાસ માટેનો ત્રીજો બાલવાડી શિબિર કન્યા આશ્રમ, મઢીમાં ચાલશે. શિબિરના અભ્યાસક્રમમાં બાલવાડીના ચાલુ કામનું અવલોકન મુખ્ય રહેશે. ઉપરાંત બાલવાડીને કાયમી મદદરૂપ થાય તેવા સાધનો બનાવવાના રૂપે બાલવાડીની સેવાના કામો કરવાનાં રહેશે. પૂર્વ બુનિયાદી શિક્ષણના સિધ્ધાન્તો અને કાર્ય પધ્ધતિની સમજ માટે વ્યાખ્યાનો, પ્રયોગો આદિ પણ ગોઠવવામાં આવશે. આ શિબિરમાં ભાગ લેવા ઇચ્છનારાઓએ વિશેષ વિગતો સંબંધે મંત્રી, નઇ તાલીમ સંઘ, કન્યા આશ્રમ, મઢી (જિ. સૂરત) ને પૂછાવવું.

વિષય સૂચિ

		પૃષ્ઠ
લીટલ ખેસે ટૂપતું 'પંચતંત્ર'	કાકા કાલેલકર	૨૨૯
સ્યાદ્વાદ અને સાપેક્ષવાદ	મુનિ નગરાજજી	૨૩૦
બોધિ સત્ત્વ	પરમાનંદ	૨૩૨
આગામી બુદ્ધ જયંતી અને ભારત સરકાર	પરમાનંદ	૨૩૩
પ્રકીર્ણ નોંધ:		
લોકસભામાં બાલદીક્ષા પ્રતિબંધક બીલ	પરમાનંદ	૨૩૫
શ્રી પ્રુલચંદ ડાંબીને ધન્યવાદ, કેન્દ્રસ્થ પ્રધાન મંડળમાં જોડાતા શ્રી મનુભાઇ શાહ		
પ્રણાલિકાઓને મનની પ્રામાણિકતાથી પડકારો	ઇમર્સન	૨૩૬
પ્રાદેશિક પુનરૂચ્ચનોનો સરકારી ખરડો	શાન્તીલાલ નન્દુ	૨૩૬
અંબર ચરખો		૨૩૭
તરહા–છાંયા	ગીતા પરીખ	૨૩૮

પ્રકીર્ણ નોંધ

લોકસભામાં બાલદીક્ષા પ્રતિબંધક બીલ : શ્રી કુલચંદ્રજી ડાભીને ધન્યવાદ

મુંબઇ પ્રદેશની વિધાન પરિષદમાં શ્રી પ્રભુદાસ ભાણજીભાઈ પટવારીએ રજુ કરેલ બાલસન્યાસ દીક્ષા પ્રતિબંધક બીલે બાલદીક્ષાના પ્રશ્ન સબંધે પ્રચંડ લોકમત જાગ્રત કર્યો હતો અને ખાસ કરીને સમસ્ત હિન્દનો જૈન સમાજ આ પ્રશ્ન ઉપર સારા પ્રમાણમાં ક્ષુબ્ધ બન્યો હતો. બીલના પક્ષકારોએ તેનું ઉચિત રીતે સમર્થન કર્યું હતું. બીલના વિરોધી વર્ગ એટલે કે જૈન સમાજના સ્થિતિચુસ્ત વર્ગે આ સબંધમાં ચોતરફ ભારે ઉહાપોહ પેદા કર્યો હતો. મુંબઇના મુખ્ય સચિવ શ્રી ભિરારજીભાઇએ વિધાન પરિષદમાં આ પ્રશ્ન ઉપર બોલતાં એક મુદ્દા ઉપર ખાસ ધ્યાન ખેંચ્યું હતું અને તે એ હતો કે આ પ્રશ્ન માત્ર મુંબઇ પ્રદેશનો નથી પણ આખા ભારતને લાગુ પડતો છે તેથી આ બાલદીક્ષાનું અનિષ્ટ માત્ર મુંબઇ પ્રદેશમાં જ તેની ફરિયાદ કરવાથી નિવારી શકાય તેમ નથી; કારણ કે અહિં તે વિષે બંધ થાય તો પણ બીજા પ્રદેશોની સરહદમાં જઇને કોઇ પણ માણસ સહેલાઇથી દીક્ષા આપવામાં જરા પણ અડચણ આવે તેમ નથી. તો આ ફરિયાદ તો ભારતવ્યાપી ફરિયાદથી કરવામાં આવે, વિચાર કર્યો. શ્રી ભિરારજીભાઇએ આ દૃષ્ટિબિન્દુ રજુ કર્યું ત્યારે એવી કોઇ કલ્પના નહોતી કે આ પ્રશ્ન એવું ભારતવ્યાપી સ્વરૂપ ધારણ કરશે કે જેથી લોકસભાના કોઇ એક સભ્યના દિલમાં આખું બીલ લોકસભામાં રજુ કરવાની પ્રેરણા પેદા થશે. સદ્‌ભાગ્યે બન્ને પક્ષ તરફથી ચૂલાવવામાં આવેલ આંદોલન આવી આબોહવા પેદા કરી શક્યું છે અને લોકસભાના ગુજરાત બાજુના સભ્ય શ્રી કુલચંદ્રજી ડાભીએ શ્રી પટવારીના બીલને લગભગ મળતું બીલ લોકસભામાં દાખલ કર્યું છે. આ માટે શ્રી કુલચંદ્રજી ડાભીને અનેક ધન્યવાદ ઘટે છે અને તે આ બાલદીક્ષાની ભારતવ્યાપી અટકાયત કરવામાં સફળ થાય એવી તેમને અન્તરની શુભેચ્છા છે.

કદરથી પ્રધાનમંડળમાં જોડાતા શ્રી મનુભાઈ શાહ

સૌરાષ્ટ્રનું આજથી સાઠ વર્ષ પહેલાં એકમ સધાયું અને આખા સૌરાષ્ટ્ર ઉપર લોકશાસનની સ્થાપના થઇ અને તે વખતે ઉભું કરવામાં આવેલ પ્રધાનમંડળમાં શ્રી મનુભાઈ શાહને લેવામાં આવ્યા ત્યારે સૌરાષ્ટ્રમાં પણ તેમનું નામ ઘણા ઓછાએ પહેલી વાર સાંભળેલું. તેઓ મુંબઇથી ભાવનગરની કોલેજમાં ભણેલા, બી. એસ. સી. વડોદરાથી થયા અને પછી મુંબઇ યુનીવર્સિટીની બી. એસ. સી. પરીક્ષા પાસ કરી તેમણે જ્ઞાન્ત કરેલી. ત્યાર બાદ દીલ્હીના ઉદ્યોગપતિ લાલા શ્રીરામની ત્યાં સવાસો રૂપિયાના પગારમાં તેમણે નોકરીની શરૂઆત કરી. ૧૯૪૨ ની લડત આવી ત્યારે નોકરીને સલામ કરી આઝાદીની લડતમાં તેઓ જોડાયેલા. લડત પુરી થયા બાદ પાછા લાલા શ્રીરામને ત્યાં જોડાયા. સૌરાષ્ટ્રના પ્રધાનપદે આવ્યા ત્યારે તેમને રૂા. ૨૫૦૦ નો પગાર મળતો હતો. શ્રી બળવન્તરાય મહેતાને શ્રી મનુભાઈ શાહનો પ્રથમ પરિચય થયેલો અને તેમનામાં રહેલી અપૂર્વ બુદ્ધિ-પ્રતિભા અને કાર્યશક્તિના તેમણે સૌથી પ્રથમ દર્શન કરેલાં. તેઓ જ તેમને નેતૃત્વ સૌરાષ્ટ્રમાં ખેંચી લાવેલા. છેલ્લાં આઠ વર્ષથી તેઓ સૌરાષ્ટ્રની સેવા કરી રહ્યા છે. શ્રી ગોકુળભાઇ ભટ્ટના જવા બાદ તેઓ સૌરાષ્ટ્રના નાણામંત્રી થયા અને સાથે સાથે ઉદ્યોગ, પુરવઠો, આયોજન, વિકાસ અને દારૂબંધી—આટલાં ખાતાં તેઓ સંભાળી રહ્યા હતા. તેમની કરકીર્દી દરમિયાન સારાષ્ટ્ર વ્યાપાર ઉદ્યોગમાં અનેક રીતે આગળ વધ્યું અને અનેક લોકોની તેમણે અપૂર્વ પ્રીતિ સંપાદન કરી છે. સૌરાષ્ટ્રના કારણ તેઓ કેન્દ્રવર્તી સત્તાધીશો અને પ્રધાનોના સંપર્કમાં સારી પેઠે આવ્યા. તેમણે શ્રી મનુભાઇમાં રહેલ જવાહિર પારખી કાઢયું અને મોરારજીભાઇને તેમની દીલ્હી ખાતે નિમણુક કરવામાં સૌરાષ્ટ્ર તરફથી તેઓ રાજ્યસભામાં ગયા. ઉપર જણાવેલ ખાતાં ઉપર જોડાવા માટે તેઓ સૌરાષ્ટ્ર છોડી રહ્યા છે અને દીલ્હી જઇ રહ્યા છે. અત્યાર સુધીમાં તેમના ઉપર સદ્‌ભાવ અને સદિચ્છાનો ચોતરફથી વરસાદ વરસી રહ્યો છે. ક્ષિતિજમાંથી ઉંચે આવી રહેલા કોઇ વિપુલજ્યોતિ તારકનું આપણને મનુભાઇમાં દર્શન થઈ રહ્યું છે અને તેમના વિષે આપણે દિલ અનેક અનેક આશાઓ સેવી રહ્યું છે. તેમને ચિરાયુષ અને સ્થિર આરોગ્ય પ્રાપ્ત થાય અને સૌરાષ્ટ્રે ભારતને અર્પેલા વિશિષ્ટ કોટિના પ્રજાસેવકોમાં તેમનું નામ અને સ્થાન ચિર ગણનાપાત્ર બને એવી તેમના વિષે આપણી ઊંડા દિલની પ્રાર્થના છે.

પરમાનંદ

પ્રણાલિકાઓને મનની પ્રામાણિકતાથી પડકારો

માનવીએ સાચા અર્થમાં માનવી બનવું હોય તો એણે પ્રચલિત પ્રણાલિકાઓને મનની પ્રમાણિકતાથી પડકારવી જોઇએ. તમારા મનની પ્રામાણિકતાથી બીજું કંઇ જ વધારે પવિત્ર નથી.

તમારે મન અર્થહીન—નકામી બની ગયેલી પ્રણાલિકાઓ સામેનો વિરોધનું એક કારણ એ હોઇ શકે કે એથી તમારી શક્તિ વિચ્છિન્ન થાય છે, તમારા સમયનો દુર્વ્યય થાય છે અને તમારા આચાર-વિચાર નિર્બળ બને છે.

મૃતપ્રાય થયેલા દેવળને તમે જાળવી રાખો, નિ:સત્વ બનેલી બાઇબ્રલ-સોસાયટીને પોષો, સરકારની તરફેણ કરતા કે એની વિરુદ્ધના કોઇ મહાન પક્ષને તમારો મત આપો—આ બધા પડદાઓ પાછળ તમારું સાચું વ્યકિતત્વ શું છે એનો તાગ લેવાનું તમારા માટે મુશ્કેલ બની જાય છે. તમારી સાચા જીવનમાંથી પણ એટલું સામર્થ્ય ઘટી જાય છે.

માનવીએ એ સમજવું જોઇએ કે પ્રણાલિકાને વળગી રહેવાની આ રમત આંખે પાટા બાંધીને બીજાઓને શોધી કાઢવાની રમત જેવી છે. તમારા સંપ્રદાયને હું જાણતો હોઉ તો તમારા વિચારો—દલીલોને પણ જાણી શકું. પાદરી પોતાની દેવળ—સંસ્થાની પ્રણાલિકા મુજબ પોતે શું કહેવાના છે એના વિષયની જાહેરાત કરે છે. પરંતુ શું હું એ અગાઉથી નથી જાણતો કે એને નવું કે સ્વયંસ્ફુરણાથી ઉગેલ કંઈ કહેવાનું નથી?

શું હું એ નથી જાણતો કે સંસ્થાના સિદ્ધાંતોનું પરીક્ષણ કરવાના આડંબર છતાં યે એ એવું કંઇ જ નહિ કરે? શું હું એ પણ નથી જાણતો કે એકે જ દિશામાં, જે બાજુ જોવાની એને છૂટ છે એ બાજુ જ જોવાના એણે શપથ લીધા છે, માનવી તરીકે નહિ પરંતુ પાદરી તરીકે વિચારવાની જ એણે બાંહેધરી આપી છે?

વાસ્તવમાં મોટા ભાગના માનવીઓએ એક અથવા બીજા વિચારોના પાટા પોતાની આંખે બાંધી મૂકયા હોય છે અને પ્રચલિત મતાંતરો સાથે પોતાની જાતને બાંધી મૂકી હોય છે. પ્રણાલિકા પ્રત્યેની આસ્તા એમને હંમેશા ખોટા ઠરાવતી નથી, પરંતુ એમ છતાંયે એમનું દરેક સત્ય પૂરેપૂરું સત્ય નથી હોતું. એમનો બેનો આંકડો સાચો બેનો આંકડો નથી હોતો. એમના ચાર એ સાચા ચાર નથી હોતા. એટલે એમનો દરેક શબ્દ આપણામાં અણગમો પેદા કરે છે અને એમને સાચી રીતે સમજવા માટે કયાંથી શરૂઆત કરવી એ આપણે જાણી શકતા નથી. આપણને આત્મવિશ્વાસથી હલાવી મૂકતો બીજું ભય આપણી સુસંગતિ પ્રત્યેની નિષ્ઠા અને ભૂતકાળમાં આપણે કરેલું કાર્ય કે કથન પ્રત્યેની આપણી સન્માનવૃત્તિ છે.

પરંતુ તમારે શા માટે આવી સુસંગતિ જાળવી રાખવી જોઇએ? એક અથવા બીજી જગ્યાએ તમે કહ્યું હોય એનાથી વિરોધી મંતવ્ય રજૂ થશે એવા ભયે તમારે તમારા સ્મરણોની કૃપમંડૂકતામાં શા માટે વસવાટ જોઇએ? કદાચ તમે કોઇ વિરોધી મંતવ્ય રજૂ કર્યું તો શું થઇ જવાનું છે?

મૂર્ખ સુસંગતિ! એ તો અલ્પાત્માઓએ સર્જેલી એક છલના છે. તત્વના મુમુક્ષુઓ, ફિલસૂફો અને ધર્મપુરુષો એની પ્રશંસા કરે છે. પ્રમાણિક આત્માને સુસંગતિ સાથે કોઇ સંબંધ નથી. એના કરતાં તો એ દીવાલ પરના પોતાના પડછાયાનો જ વિચાર કર્યા કરે. તો જુઓ અત્યારે જે તમે વિચારો તે સામર્થ્યશાળી શબ્દોમાં કહો, અને ત્યારપછી કાલે તમે જે કોઇ વિચારો તે પણ જોમવાન શબ્દોમાં કહો. પછી ભલે આજે તમે જે કંઇ કહ્યું હોય એનાથી વિરોધી મંતવ્ય જ તમે બીજે દિવસે રજૂ કરતા હો.

હવે તમને જરૂર ખોટી રીતે સમજવામાં આવશે. આવી ગેરસમજદારી થાય એ એટલું બધું ખરાબ છે? પીથાગોરાસને ખોટી રીતે સમજવામાં આવ્યો હતો અને સોક્રેટિસ, ઇશુ ખ્રિસ્ત, લ્યૂથર, કાપરનિકસ, ગેલિલિયો, ન્યૂટન તેમ જ દરેક શુદ્ધ-પવિત્ર, પ્રજ્ઞાવંતોને ખોટી રીતે સમજવામાં આવ્યા હતા. મહાન થવું એટલે જ ગેરસમજદારીનો ભોગ બનવું...

પ્રણાલિકા પ્રત્યેની આસ્તા અને સુસંગતિનો હવે અંત આવી ગયો છે એવી આપણે આશા રાખીએ.

ઉમાશંકર

પ્રાદેશિક પુનર્રચનાનો સરકારી ખરડો

તા. ૧૬મી માર્ચે ૧૯૫૬ ના રોજ ગૃહપ્રધાન પંડિત ગોવિંદ વલ્લભ પંતે ભારતીય પાર્લામેન્ટનાં બન્ને ગૃહો સમક્ષ રાજ્ય પુનર્રચનાનો ખરડો રજૂ કર્યો હતો. આ ખરડો ભારતનાં વર્તમાન "અ" "બ" અને "ક" વિભાગના રાજ્યોને તેમની ત્વરિત વિચારણા અર્થે મોકલી આપવામાં આવ્યો છે. આ ખરડા પર રાજ્યોની વિધાન સભાઓને પોતાનાં મંતવ્યો દર્શાવવાનું જણાવવામાં આવ્યું છે. સૌરાષ્ટ્રની વિધાન સભાએ આ ખરડા પર પોતાનું સંમતિ દર્શાવતું મંતવ્ય થોડા સમય પહેલાં રજુ કર્યું છે અને મુંબઈની વિધાન સભાએ પણ જબરી બહુમતિથી આ ખરડાને સંમત કર્યો છે. આ ખરડો કાયદાનું સ્વરૂપ પામી શકે તેટલા માટે ભારતીય પાર્લામેન્ટમાં આવતા મે માસની આખરમાં રજુ કરવામાં આવશે અને તે પસાર થયેથી આવતા ઓકટોબરની પહેલી તારીખથી નવેસરથી રચાયેલાં રાજ્યો હસ્તીમાં આવશે. ૧૨૧ કલમો અને ૬ પરિશિષ્ટો ધરાવતા આ ખરડાની મુખ્ય જોગવાઈઓ નીચે મુજબ છે:-

પંદર રાજ્યો:

ભારતમાંના વર્તમાન "અ", "બ" અને "ક" વર્ગના રાજ્યોને બદલે નીચે મુજબના પંદર રાજ્યો અને કેન્દ્રશાસિત સાત પ્રદેશો નિર્માણ કરવાનું નિરધારવામાં આવ્યું છે જે આ મુજબ છે:

રાજ્યો:-

(૧) આન્ધ્ર-તેલંગણ (૨) આસામ (૩) બિહાર (૪) ગુજરાત (૫) કેરળ (૬) મધ્ય પ્રદેશ (૭) મદ્રાસ (૮) મહારાષ્ટ્ર (૯) મહીસુર (૧૦) ઓરિસ્સા (૧૧) પંજાબ (૧૨) રાજસ્થાન (૧૩) ઉત્તર પ્રદેશ (૧૪) પશ્ચિમ બંગાળ (૧૫) જમ્મુ અને કાશ્મીર.

કેન્દ્રશાસિત સાત પ્રદેશો:

કેન્દ્રશાસિત સાત પ્રદેશો આ મુજબ છે: (૧) બૃહદ્ મુંબઈ (૨) દિલ્હી (૩) હિમાચલ પ્રદેશ (૪) મણિપુર (૫) ત્રિપુરા (૬) આન્દામાન અને નિકોબાર (૭) લખદિવ, મિનિકોય અને અમીન દિવ ટાપુઓ.

(કેન્દ્રશાસિત મુંબઈના વિસ્તારમાં બૃહદ્ મુંબઈનો વિસ્તાર, થાણા જીલ્લાનો ઓરીવલી તાલુકો (ભરગાટે ડોંગરી, ઘોડબંદર, કાશી, મારોશી, મારે, રાયમુધો, અને ઉત્તન સિવાય) અને થાણા તાલુકાના કોપરી, મુલુન્ડ, નાહુર, તુરબી ગામોનો સમાવેશ થાય છે.)

પાંચ વિભાગો:

ભારતસંઘના એકમોને પાંચ વિભાગોમાં વિભકત કરવાનું ધારવામાં આવ્યું છે. તેને લગતી વિગતો ખરડામાં નીચે મુજબ આપવામાં આવી છે:

(૧) ઉત્તર વિભાગ: પંજાબ, રાજસ્થાન, જમ્મુ અને કાશ્મીર, દિલ્હી અને હિમાચલ પ્રદેશનો બનેલો હશે.

(૨) મધ્ય વિભાગ: ઉત્તરપ્રદેશ અને મધ્યપ્રદેશનો બનેલો હશે.

(૩) પૂર્વ વિભાગ: બિહાર, પશ્ચિમ બંગાળ, ઓરિસ્સા, આસામ અને મણિપુર તથા ત્રિપુરાનો બનેલો હશે.

(૪) પશ્ચિમ વિભાગ: મહારાષ્ટ્ર, ગુજરાત અને બૃહદ્ મુંબઈનો બનેલો હશે.

(૫) દક્ષિણ વિભાગ: આંધ્ર-તેલંગણ, મદ્રાસ, મહીસુર અને કેરળનો બનેલો હશે.

વિભાગીય સમિતિ:

ઉપર જણાવેલા પ્રત્યેક વિભાગ માટે એક એક વિભાગીય સમિતિ (ઝોનલ કાઉન્સિલ) રચાશે. આ સમિતિ નીચેના સભ્યોની બનશે:

(૧) ભારત સંઘના એક પ્રધાન-જેની નિમણુક રાષ્ટ્રપતિ કરશે.

(૨) વિભાગમાં સમાવિષ્ટ થયેલાં રાજ્યો પૈકી પ્રત્યેક રાજ્યના મુખ્ય પ્રધાન અને એવા પ્રત્યેક રાજ્યના બીજા બે પ્રધાનો-જેની નિમણુક રાજ્યપાલ કરશે.

(૩) જે વિભાગની અંદર કેન્દ્રશાસિત પ્રદેશનો સમાવેશ કરવામાં આવ્યો હશે ત્યાં એવા પ્રત્યેક કેન્દ્રશાસિત પ્રદેશનો એક સભ્ય લેવામાં આવશે, જેની નિમણુક રાષ્ટ્રપતિ કરશે.

પૂર્વ વિભાગની બાબતમાં આસામના રાજ્યપાલના સલાહકારનો હોદ્દો ધરાવનાર વ્યકિત તાયફાવાળા વિસ્તારો માટે પ્રતિનિધિ તરીકે રહેશે.

પ્રત્યેક વિભાગીય સમિતિના અધ્યક્ષ તરીકે રાષ્ટ્રપતિએ નીમેલ ભારત સંઘના પ્રધાન રહેશે.

અદાલતો:

નવાં એકમો અસ્તિત્વમાં આવતાં, હૈદ્રાબાદ, મધ્ય-ભારત, પેપ્સુ અને સૌરાષ્ટ્રની વડી અદાલતો તેમ જ અજમેર, ભોપાલ, કચ્છ અને વિન્ધ્ય પ્રદેશ માટેના જ્યુડીશીયલ કમીશનરોની અદાલતો કાર્ય કરતી બંધ થઈ જશે. કેરળની નવી વડી અદાલત લંખદિવ, મિનિકોય અને અમીનદિવ ટાપુઓ જે કેન્દ્રશાસિત પ્રદેશો રહેશે તેના પર પોતાની હકુમત ધરાવશે.

મુંબઈની વડી અદાલતની સત્તા મહારાષ્ટ્ર, ગુજરાત તેમ જ બૃહદ્ મુંબઈના વિસ્તાર પર રહેશે.

સલાહકારી સમિતિઓ:

સરકારી કર્મચારીઓની ફેરબદલી, તેમની નોકરીઓનું યોગ્ય સંકલન તેમ જ પ્રાદેશિક ફેરફારો તથા નવા રાજ્યોની રચના જેમને સ્પર્શે છે તેવા તમામ સરકારી કર્મચારીઓ પ્રત્યે યોગ્ય અને ન્યાયી વર્તાવ રાખવામાં આવે તે માટે કેન્દ્ર સરકારને સહાય કરવા અર્થે એક યા એકથી વધુ સલાહકારી સમિતિઓ ઉભી કરવાની સત્તા એક કલમ દ્વારા કેન્દ્ર સરકારને આપવાની જોગવાઈ છે.

તમામ રાજ્યોમાં પબ્લીક સર્વિસ કમીશનો સ્થાપવા માટે પણ ખરડામાં જોગવાઈ કરવામાં આવી છે.

વર્તમાન "અ", "બ" અને "ક" વર્ગના રાજ્યોના રાજપ્રમુખો તથા ઉપ-રાજપ્રમુખોના હોદ્દાઓ નાબૂદ કરવાનું પણ આ ખરડામાં વિચારવામાં આવ્યું છે.

કેન્દ્રશાસિત પ્રદેશોનો વહિવટ:

બંધારણનો વિભાગ ૮મો સુધારવાનું વિચારાયું છે અને તે મુજબ કેન્દ્રશાસિત પ્રદેશોનો વહીવટ રાષ્ટ્રપતિ, ચીફ કમીશનર અથવા તો પોતે નિયુકત કરે તે સત્તાધિકારી દ્વારા ચલાવશે, એવું આ ખરડામાં નિરધારવામાં આવ્યું છે.

પ્રાદેશિક પુનર્ઘટના થતાં બંધારણમાં કેટલાક ફેરફારો કરવાનું વિચારાયું છે. એવા સુધારાઓવાળી એક યાદી આ ખરડાની સાથે જોડવામાં આવી છે.

નીચેની જોગવાઈ કરવા બંધારણની ૩૫૦મી કલમ સુધારવાનું સુચવાયેલ છે.

"રાજ્યમાંના ભાષાકીય લઘુમતી જૂથોનાં બાળકોને કેળવણીના પ્રાથમિક તબક્કામાં તેમની માતૃભાષામાં શિક્ષણ મળે તે માટે પુરતી સગવડોની જોગવાઈ કરવાનો પ્રત્યેક રાજ્ય અને તે રાજ્યમાંની પ્રત્યેક 'લોકલ ઓથોરીટી' પ્રયાસ કરશે અને આવી સગવડો મળી રહે તે માટે પોતાને જરૂરી અને યોગ્ય લાગે તેવી સૂચનાઓ રાષ્ટ્રપતિ કોઈ પણ રાજ્યને કરી શકશે."

રાષ્ટ્રપતિ રાજ્યવિધાનસભાની પ્રાદેશિક સમિતિઓ રચી શકે તેમ જ સરકારના કામકાજના અને વિધાનસભાની કાર્યવાહીના નિયમોમાં અનુકૂળ સુધારા કરવાનું જણાવીને સૂચિત પ્રાદેશિક સમિતિઓની કામગીરી બરાબર ચાલે તે માટે બંધારણની કલમ ૩૭૧ માં સુધારો કરવાનું સુચવાયેલ છે.

ચૂંટણી:

ખરડાના પરિશિષ્ટોમાં ચૂંટણીને લગતી તેમ જ લોકસભા તથા ધારાસભાના સભ્યો અંગેની વિગતો આપવામાં આવી છે.

૧૯૫૭ ના આરંભમાં સામાન્ય ચૂંટણી થશે.

મુંબઈ પ્રદેશ, ગુજરાત અને મહારાષ્ટ્ર માટે તેમાં નીચે મુજબ બેઠકોની જોગવાઈ કરવામાં આવી છે.

	લોકસભા	ધારાસભા
ગુજરાત	૨૨	૧૫૪
મહારાષ્ટ્ર	૪૦	૨૪૦
મુંબઈ પ્રદેશ	૫	(ધારાસભા નહિ હોય)

રાજ્યસભામાં ગુજરાતના ૧૧, મહારાષ્ટ્રના ૧૭ પ્રતિનિધિઓ અને મુંબઈના ૩ સભ્યો હશે.

શાન્તિલાલ કેવળ નંદુ

અંબર ચરખો

(સૌરાષ્ટ્ર ગ્રામોદ્યોગ બોર્ડ તરફથી 'અંબર ચરખો' એ નામની એક નાની સરખી પુસ્તિકા બહાર પાડવામાં આવી છે. અંબર ચરખા વિષે આજે ચોતરફ જે કૌતુક અને જિજ્ઞાસા જોવામાં આવે છે તેને આ પુસ્તિકા ઠીક પ્રમાણમાં સંતોષ આપે તેવી છે એમ સમજીને તેને પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ કરવા મન આકર્ષાયું છે. તંત્રી)

આમુખ

ખાદી અને સ્વાવલંબનના કાર્યક્રમને વ્યાપક બનાવવા માટે રેંટિયાની કાર્યક્ષમતા અને ઉત્પાદન શક્તિ વધારવાનું આવશ્યક હતું. એ દિશામાં વર્ષોથી ચિંતન અને પ્રયાસ ચાલી રહ્યા હતા. શ્રી એકાંબરનાથને એ દિશામાં સફળતા મળી. એમણે તૈયાર કરેલા ચરખા ઉપર સર્વ સેવા સંઘ તરફથી વિશેષ પ્રયોગો થયા અને પરિણામે આપણી પાસે અંબર ચરખો આવ્યો.

અંબર ચરખાએ સારા દેશનું ધ્યાન ખેંચ્યું છે. એક બાજુ આપણા અર્થશાસ્ત્રીઓ માટે એ ભારે ચર્ચાનો વિષય બન્યો છે; કુશળ નિષ્ણાતો એની કાર્યક્ષમતા તપાસી રહ્યા છે અને પ્રયોગવીરો એની આજની કાર્યક્ષમતા વધારવાના પ્રયોગો કરી રહ્યા છે; જ્યારે બીજી બાજુ અંબર ચરખાના ઉત્પાદન અને ઉપયોગનો વ્યાપક કાર્યક્રમ વિચારાઈ રહ્યો છે. અંબર ચરખા વિષેની આ બધી બાબતોએ લાખો લોકોના દિલમાં ભારે રસ અને કુતુહલ પેદા કરેલ છે.

જે અંબર ચરખાએ દેશભરમાં ચર્ચા, રસ અને કુતુહલ પેદા કરેલ છે એને વિષેની જરૂરી માહિતી લોકોને મળી રહે એ દૃષ્ટિએ સૌરાષ્ટ્ર ખાદી ગ્રામ ઉદ્યોગ બોર્ડ તરફથી આ પુસ્તિકા પ્રગટ કરવામાં આવે છે. અંબર ચરખામાં રસ ધરાવનાર દરેકને આ માહિતી ઉપયોગી થશે એવી આશા છે.

રાજકોટ. રતુભાઇ અદાણી

તા. ૧૯-૨-૧૯૫૬. પ્રમુખ, સૌરાષ્ટ્ર ખાદી ગ્રામ ઉદ્યોગ બોર્ડ

અંબર ચરખો

અંબર ચરખો...સૌ કોઇની જીભે આજ અંબર ચરખાનું નામ રમી રહ્યું છે. નિષ્ણાતો એનો ઊંડો અભ્યાસ કરી રહ્યા છે. ઉદ્યોગપતિઓ એની કાર્યક્ષમતા અને તેના દ્વારા પડનારી અસર તપાસી રહ્યા છે. અર્થશાસ્ત્રીઓ કાપડ પુરવઠાના આંકડા જોઈ રહ્યા છે. સામાન્ય માનવી આ નવા રેંટિયા તરફ કુતુહલ અને નવી આશાથી મીટ માંડી રહ્યા છે. અંબર ચરખો શું છે એ પ્રશ્ન ઘણા પૂછી રહ્યા છે. કેટલાક હજૂ પૂછયા કરે છે કે અંબર ચરખાનો પ્રયોગ સફળ થયો? આ રહી અંબર ચરખા અંગેની થોડી વિગતો અને તેના કાર્યક્રમની રૂપરેખા.

દેશ સ્વતંત્ર થયો ત્યારથી કાપડ બાબતમાં પણ દેશ સંપૂર્ણ સ્વાવલંબી થાય એ વિચાર દેશનાયકો સમક્ષ તો રહ્યો જ હતો. માનવી પોતાની જરૂર જેટલું કાપડ જાતે જ ઉત્પન્ન કરી વસ્ત્રસ્વાવલંબન પ્રાપ્ત કરી લે એ વિચાર તો પૂ. મહાત્મા ગાંધીજીએ ૧૯૨૦માં દેશ સમક્ષ મૂકયો હતો. પરિણામે રેંટિયો, ચરખો અને શાળ ચાલતાં થયાં. માત્ર જરૂર જેટલું જ નહિ પરંતુ અધિકથી અધિક માત્રામાં ઉત્પન્ન કરી શકે એવા રેંટિયાની કલ્પના તો રહી જ હતી. રેંટિયા ઉપર અનેક સંશોધન થતાં રહ્યાં હતાં. યરવડા ચક્ર અને પ્રવાસ ચક્ર સુધી એ સ્થિતિ પહોંચી. સ્વયંપૂર્ણ અને સૌને ઉપયોગી, દેશમાં ગમે ત્યાં બનાવી શકાય અને વધુ ઉત્પાદન કરે એવો રેંટિયો શોધવાને પ્રોત્સાહન આપવા રૂપે રૂા. ૧ લાખનું ઇનામ સને ૧૯૨૯માં જાહેર કરવામાં આવ્યું હતું, પરંતુ સંતોષજનક પરિણામ આવ્યું નહિ. દેશમાં ખાદીકામ વધતું ગયું અને નવા રેંટિયાની દિશામાં પ્રયત્નો થતા રહ્યા.

આશાનું કિરણ

૧૯૪૯નો ગ્રીષ્મ કાળ હતો. તામીલનાડનો એક ખેડૂત પોતાનો રોટલો રળવા પસીનો પાડી રહ્યા હતો. સ્વાવલંબી જીવન જીવવાના આદર્શથી એ કાર્ય કરી રહેલ અને રેંટિયાની ઉત્પાદન શક્તિમાં અમોઘ શ્રદ્ધા ધરાવી, ધરના ખૂણે એ નૂતન પ્રયાસો કરી રહેલ અને આ ખેડૂતે એક નવીન પ્રકારનો રેંટિયો અખિલ ભારત ચરખા સંઘની સમક્ષ મૂકયો. આ રેંટિયા ઉપર સંશોધન થયાં, ફેરફારો થયા, કિંમત ઘટાડવા પ્રયત્નો થયા, દેશનાં ગામડે ગામડે બનાવી શકાય તેવી સરળતા શોધવા પ્રયત્નો થયા. અને આજની સફળતાનું સ્વરૂપ આ રેંટિયો પામ્યો.

આ ખેડૂત તે તામીલનાડના રહેવાસી શ્રી. એકામ્બરનાથ. શ્રી. એકામ્બરના નામમાં રહેલા 'અંબર' શબ્દને લક્ષ, તેના શોધકનું બહુમાન કરવા આ રેંટિયાનું નામ રાખવામાં આવ્યું 'અંબર ચરખો'.

મૂળ ઉદ્દેશ

અ. ભા. ચરખા સંઘના પ્રયોગકારો અને શ્રી. એકામ્બરનાથે ભેગા મળી પ્રયોગ કર્યો અને ૧૯૫૪ના અંતમાં આજની સફળતાની સ્થિતિ મળી. આજનો અંબર રેંટિયો વસ્ત્ર સ્વયંપૂર્ણતા આપી શકે તેવો બન્યો છે. તેના ઉપર સાદા રેંટિયા કરતાં ત્રણથી ચાર ગણું વધુ સૂતર કાંતી શકાય છે. દેશની બીજી પંચવર્ષીય યોજના વિચારવામાં આવતી હતી ત્યાં જ અંબર ચરખાની સિદ્ધિ નજર સમક્ષ આવતાં અ. ભા. ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ અને 'અંબર સમિતિ' એ આ ચરખાની ઉત્પત્તિ અને તેના દ્વારા કાપડ ફાળાની સ્થિતિ વિચારી યોજના રજૂ કરી. અને કાપડક્ષેત્રે એક નવી પરિસ્થિતિ સર્જાઈ. પહેલી પંચવર્ષીય યોજનામાં 'વધુ અનાજ ઉત્પાદન' ઉપર ઝોક હતો. બીજી પંચવર્ષીય યોજનામાં 'ઉદ્યોગો' ઉપર ઝોક આપવામાં આવેલ છે. ઉદ્યોગના ક્ષેત્રે અંબર ચરખો પોતાનો ફાળો નોંધાવશે એવી આશા જન્મી. બીજી પંચવર્ષીય યોજનામાં દેશમાંની બેકારીનાં નિવારણ અંગે વિચારણા થઇ. આ વિચાર તીવ્ર બન્યો અને પરિણામે હાથશાળ ચલાવનારને વધુ કામ આપવાનું નક્કી થયું. મિલોની શાળામાં કે ત્રાકમાં વધારો ન કરવાની હકીકત ઉપર ભાર દેવામાં આવ્યો, પરંતુ માત્ર એટલું કરવાથી જ બેકારીનું નિવારણ થઇ ન શકે.

અંબર ચરખો બેકારી નિવારણ યોજનામાં શક્તિશાળી ફાળો આપી શકે તેમ છે તેમ લાગ્યું. અંબર ચરખા ઉપર કંતાયેલું સૂતર હાથશાળને દેવામાં આવે તો આ પ્રશ્ન સરળ રીતે ઉકલી શકે તેમ લાગ્યું અને અ. ભા. ખા. ગ્રા. બોર્ડની યોજના ઉપર વિચાર થયો. પાંચ વર્ષમાં ૨૫ લાખ અંબર ચરખા તૈયાર કરી ૫૦ લાખ માણસોને કંતાઇ કામ દેવાની ધારણા છે. આને પરિણામે ૨૦ લાખ માણસોને પૂરી રોજી અને ૩૦ લાખ લોકોને સહાયક ધંધામાં રોજી દેવાનો અંદાજ છે.

કર્વે સમિતિની ભલામણ

નાના ઉદ્યોગો અને ગૃહ ઉદ્યોગો અંગેની યોજનાઓ તપાસી અભિપ્રાય આપવા માટે ભારત સરકારે "કર્વે સમિતિ"ની નિમણુંક કરી. સારી એવી ચર્ચા, વિચારણા, અભ્યાસ અને અવલોકન બાદ આ કમિટિએ ભલામણ કરી કે: "પાંચ વર્ષમાં મિલોમાં શાળ કે ત્રાક વધારવાં નહિ. અત્યારે મિલો દ્વારા ૫૦૦ કરોડ ચો. વાર કાપડનું ઉત્પાદન થાય છે. આ ઉપરાંત ૩૦૦ કરોડ ચો. વાર કાપડ ઉત્પન્ન કરવાની જરૂર છે. આ વધારાનું કાપડ હાથશાળ ઉપર બનાવવામાં આવે, અને તેને માટે જરૂરી સૂતરમાંનું છેવટ અધું સૂતર એટલે કે ૧૫૦ કરોડ ચો. વાર કાપડનું સૂતર અંબર ચરખા દ્વારા ઉત્પન્ન કરવામાં આવે."

પ્રયોગ પરંપરા

દેશનાં ૧૦૦ જૂદાં જૂદાં સ્થળે અંબર ચરખા ઉપર થોડા સમય માટે પ્રયોગ કરવામાં આવે એવી કર્વે સમિતિની સલાહ અનુસાર અંબર ચરખા ઉપર વિધવિધ સ્થળે પ્રયોગો અને પરીક્ષણનું કાર્ય ચાલુ કરી દેવામાં આવ્યું. જૂદાં જૂદા પ્રદેશોની જૂદી જૂદી ભૌગોલિક સ્થિતિ અને જૂદી જૂદી સામાજિક પરિસ્થિતિમાં આ અજમાયશ હાથ ધરવામાં આવી, એટલું જ નહિ પરંતુ, ટેકસ્ટાઇલ લેબોરેટરીમાં–મિલોની રસાયણિક પ્રયોગ શાળામાં-મિલોની કંતાઇ સાથે અંબર કંતાઇની તપાસ કરીને તેનાં જૂદાં જૂદાં પાસાં તપાસવાની સરકારની સૂચના અનુસાર અમદાવાદમાં "અટીરા" (અમદાવાદ ટેકસ્ટાઇલ રિસર્ચ એસોસીએશન) તથા મોટા ગજા લેબોરેટરી મુંબઇમાં આ અંગે તપાસ–પ્રયોગો ચાલી રહ્યા છે. અંબર ચરખામાં નિષ્ણાતો સુધારા સૂચવી રહ્યા છે અને તે અનુસારે પ્રયોગ પરંપરા અંતે છેલ્લામાં છેલ્લા સુધારા અંબર ચરખામાં થઈ રહ્યા છે.

વિપુલ શકિત

અંબર ચરખો વ્યવહારમાં કેટલો ઉપયોગી થઇ શકે તેના ઉપરના મતમતાંતરો અને પાસ-પ્રયોગ-પરીક્ષણ-પછી એવું દેખાયું છે કે, ચાર ત્રાકના આ અંબર ચરખા ઉપર જૂના રેંટિયા કરતાં લગભગ ચાર ગણું વધુ કાંતી શકાય છે. એક હાથશાળ ચલાવવાં માટે જેટલા સૂતરની જરૂર પડે છે તે ત્રણ અંબર ચરખા પૂરી પાડે છે અને હાથશાળ ચલાવનાર કુટુંબ અંબર ચરખા ઉપર કાંતે તો આ દિશામાં એક નવીન જ પરિણામ આવે. સાદા રેંટિયા કે તકલીનું સ્થાન તો જેવું તેવું રહેવાનું અને છતાંય અંબર રેંટિયો દેશના અસંખ્ય માનવીને, અર્ધ બેકારને રોજગારી આપવાની શકિત ધરાવે છે. અનુભવે એમ જણાયું છે કે, અંબર ચરખા ઉપર ચાર કલાક જ કાંતવાથી ૧ ચોરસ વાર જાડાં કાપડ માટે જોઇતું સૂતર ઉત્પન્ન થાય છે અને ઝીણાં કાપડ માટે ૧૦ કલાક કાંતવાનું રહે છે. જાડું અને ઝીણું બન્ને પ્રકારનું કાપડ વાપરનાર કુટુંબને માત્ર છ થી સાત કલાક કાંતવાનું રહે છે. આમ જો એક કુટુંબ માત્ર ૩ કલાક જ કાંતવાની મહેનત લે તો અંબર ચરખો બે દિવસમાં એક ચોરસ વાર કપડાંનું સૂતર આપે અને વર્ષના કામના ૩૦૦ દિવસો ગણતાં એક વર્ષમાં એક કુટુંબને આટલી ઓછી મહેનતે, આસાનીથી ૧૫૦ ચોરસ વાર કપડાંનું સૂતર મળી રહે.

એક વ્યકિત દરરોજ આઠ કલાકના હિસાબે આઠ દિવસ કાંતે તો એની વર્ષની જરૂરિયાતનું કાપડ એને મળી રહે અને એક વ્યકિત દરરોજના આઠ કલાકના હિસાબે ત્રણ માસ કાંતે તો એના સમગ્ર કુટુમ્બની જરૂરિયાતનું કાપડ એને મળી રહે.

નવો રેંટિયો

કાંતણ વિજ્ઞાનને દેશનાં દરેકે દરેક ઘર અને ઝૂંપડી સુધી પહોંચાડવાના ઉદ્દેશ સાથે સાથ ગામડાંના સુથારોને અને ગામડાંના ઉત્પન્ન દ્વારા કામ મળે એ અંબર ચરખાનો વિશેષ લાભ છે.

અત્યારનો અંબર ચરખો મુખ્યત્વે શહેરમાં બને છે તે સ્થિતિ પણ પલટી જવાની. અંબર ચરખાના ભાગોમાં બેાલ-બેરીંગ, રબર રોલર અને સ્પ્રીંગ તાર વગેરે કારખાનામાં ઉત્પન્ન થાય છે અને તેના ઉપર આધાર રાખવો પડે છે. પરંતુ આ માલ કોઈ પણ નાનાં હેાથ કારખાનાં બનાવી શકે છે. આ સિવાયનો બીજો બધો ભાગ સરંજામ કાર્યાલયોમાં બની શકે છે.

અંબર ચરખાની ગોઠવણ ત્રણ વિભાગમાં છે. ૧ મોઢિયું પીંજણ ૨ અંબર-બેલણી (પૂણી યંત્ર) ૩ અંબર ચરખો

ધૂનાઈ મોઢિયું

અંબર ચરખા માટેનાં ધૂનાઇ મોઢિયામાં રૂ સાફ કરવા માટે પૉલ બનાવવાની ગોઠવણ છે. પ્રેસમાં બંધાયેલી રૂની ગાંસડીનાં રૂ કરતાં બંધાયા વિનાનાં છૂટા રૂનું પરિણામ બહુ સારૂં આવે છે. ગાંસડીનું રૂ હોય તો તેને લાકડી વતી શરૂઆતમાં પીંખવાનું જરૂરી છે. રૂના તારને છૂટા કરવા અને કચરા-રજને દૂર કરવા આ ક્રિયા અગત્યની છે. ધૂનાઈ મોઢિયાને શરૂઆતમાં ગતિ આપીને પછી તેમાં રૂ ઓરતા જવું જરૂરી છે અને એકી સાથે મોઢિયામાં રૂનો ભરારો ન થઈ જાય તે જોવું જરૂરી છે. વધુ પડતું રૂ ભરાવાથી મોઢિયું બંધ થઇ જશે અને કાર્ડિંગનું-પીંજવાનું-કામ અટકી જશે. રૂની જાત અને ગુણવત્તા પ્રમાણે કદાચ રૂને બીજીવાર પણ ધૂનાઈ મોઢિયાં દ્વારા સાફ કરવાનું જરૂરી બને છે. મોઢિયાની સાથે જોડાયેલાં પંખા વડે રૂનું પોલ મોઢિયાં સાથેની પેટીમાં પડે છે અને ધૂળ-કચરો બીજી બાજુ તળિયે ફેંકાઇ જાય છે. જેટલું રૂ-પોલ-સાફ તેટલું સૂતર સારૂં નીકળવાનું એ સિધ્ધાંત અનુસાર રૂમાં જરા પણ ધૂળ-કચરો ન જાય એ વિષે સતત કાળજી રાખવાની અગત્ય છે.

સામાન્ય પીંજણ યંત્ર કરતાં ધૂનાઇ મોઢિયામાં પીંજણ ક્રિયા ઘણી સારી થાય છે. સંપૂર્ણ ગતિએ ચાલતાં આ મોઢિયાંની ગતિ મિનિટના ૪૦૦૦ થી ૫૦૦૦ આંટાની છે. લાકડાનો નાનો રોલ તેના ઉપર બેસાડેલી પટ્ટી અને તેના ઉપર કાંસકી જેવાં દાંતાના કારણે રૂને જલદીથી પીંખે છે અને પોલ બનાવી પેટીમાં ફેંકે છે. આ રોલને બન્ને બાજુ બે બોલ બેરીંગથી બેસાડવામાં આવેલો હોય છે. આમ સરળતા અને ગતિના કારણે જૂની મધ્યમ પીંજણ કરતાં આ મોઢિયું આસાનીથી વધારે કામ આપે છે. ધૂનાઇ મોઢિયાં ઉપર કલાકે ૧૫ થી ૨૦ તોલા રૂ પીંજી શકાય છે. ચરખા વિનાનાં ધૂનાઇ મોઢિયાની કિંમત આશરે રૂા. ૧૫ ની છે. અને કોઇ પણ સરંજામ કાર્યાલયમાંથી મળી શકે છે.

અપૂર્ણ

તડકા-છાંયા

આ તડકા ને આ છાંયા
મુજ પથમાં શેં પથરાયાં?
— આ તડકા...

કૂમળાં કમલ સમાં ચરણો મમ
ચાલે છાંયે છાંયે,
તડકાનો દ્રવ દેખી દાઝે
તુરત ત્યાંથી વળી જાયે;
દૂર લક્ષ્યથી ઠેલે મુજને
હૂંફાળા પ છ ડા યા
— મુજ પથમાં શેં પથરાયાં?

પોષની શીત પ્રભાતે લાગે
પથ - તડકા સોનેરી,
મન છાંયાથી દૂર નાસતું,
હૂંફ બને મુજ વેરી;
માનેલાં મમ છાંયાનાં સુખ
ત્યારે થતાં પરાયાં
— મુજ પથમાં શેં પથરાયાં?

મુખે એકતારે ગાતો કો
અંધ પંથપે જાયે:
"જોઈ લિયો અંતરની આંખે
પથને રંગ ન કયાંયે.
નહિ સોનલ કે શ્યામલ ના, જ્યાં
મન આપણ અટવાયાં."
— આ તડકા ને આ છાંયા...

લાગે તોયે તડકા - છાંયા
પથમાંહે પથરાયાં,
ચકકેલ્યાં ના જાય દૂર એ
જાણે હૂંઠે ભરાયાં;
અડયાં નહી અડકાય કયાંય પણ
આતમ ત્યાં જકડાયા!
— આ તડકા ને આ છાંયા...

ગીતા પરીખ.

વી. પી. થી બચો અને અમને બચાવો!

પ્રબુધ્ધ જીવનના ગ્રાહકોને વિનંતિ

ટપાલના નવા દર મુજબ પ્રબુધ્ધ જીવનનું વાર્ષિક લવાજમ રૂા. ૪ નું વી. પી. પોસ્ટ કરવા માટે ગ્રાહકને રૂા. ૪-૧૦-૦ નું વી. પી. કરવું પડે છે. લવાજમ પુરૂં થયાની ગ્રાહકોને વખતસર ખબર આપવામાં આવે છે. તો ગ્રાહક તરીકે ચાલુ રહેવું હોય તેમણે રૂા. ૪ નો મનીઓર્ડર કરવો જે માટે તેમને માત્ર બે આના જ વધારે ભરવા પડશે. ચાલુ ન રહેવું હોય તો તરત જ કાર્ડ લખીને અમને જણાવી દેવું. પણ વી. પી. કરવાની ઉભય પક્ષે અગવડવાળી પરિસ્થિતિમાં અમને ગ્રાહકોએ ન મૂકવા એવી તેમને અમારી આગ્રહભરી વિનંતિ છે.

વ્યવસ્થાપક, પ્રબુધ્ધ જીવન

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મરજીદ બંદર રોડ, મુંબઈ ૯. ટે. નં. ૩૪૬૨૬

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

પ્રબુદ્ધ જીવન

પ્ર. જૈન વર્ષ ૧૪–પ્ર. જીવન વર્ષ ૪
અંક ૧

મુંબઈ, મે ૧, ૧૯૫૬, મંગળવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : ત્રણ આના

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

અંબર ચરખો

(ગતાંકથી ચાલુ)

અંબર બેલણી

અંબર ચરખાની કાર્યક્ષમતામાં સૌથી વધુ અગત્યનું કામ અહીં થાય છે.

અંબર ચરખાની શોધ અને બનાવટમાં મૌલિક અને મહત્વની શોધ એ અંબર બેલણીની છે. 'બેલણી' ઉપર જેટલી સાવધાની અને કુશળતાપૂર્વક કામ લેવાય તેટલું સૂતર સમાન, કસવાળું અને ધારેલા નંબરનું ઉતારી શકાય છે. 'બેલણી' શબ્દ જ તેની ક્રિયાસૂચક છે. આપણે જેને 'વેલણ' કહીએ છીએ અને 'વેલણાં' થી જે ક્રિયા થાય છે એનું નામ આ 'બેલણી' છે. વેલણ વડે જેમ રોટલી એક સરખી રીતે વણાય છે, હથેળીના ખૂણા વડે જેમ સેવ એક સરખી રીતે વણાય છે તેવું જ અહિં બેલણીમાં રૂ એક સરખી રીતે પકડાય છે અને ચોકસ રીતે તૂનાઈ અને રેસા ખેંચવાની ક્રિયા થાય છે. આ બેલણીમાં બે રોલર છે. રબ્બરના આ બે રોલરો લોઢાના સળિયા ઉપર બેસાડેલા હોય છે. તાણ એક સરખું રહે તેટલા ખાતર રોલરની નીચે સ્પ્રીંગો રાખવામાં આવી હોય છે. જ્યારે રૂ આ રોલરની વચ્ચે મૂકવામાં આવે છે ત્યારે રૂને ખેંચવાની અને નીચે ઉતારી ફેંકવાની બે ક્રિયાઓ થાય છે. રૂના રેસાને સમાન અંતરે ખેંચીને વિસ્તારવાની ક્રિયા થાય છે. કાપડ ઉદ્યોગની પરિભાષામાં એને 'ડ્રાફ્ટિંગ'ની ક્રિયા કહેવામાં આવે છે. આ બન્ને રોલરો ચોકસ પરિણામ આપે તેવી રીતે ગોઠવાયેલા હોય છે. બેલણીના આ રોલરો ગણિતના સિદ્ધાંત અનુસાર ગોઠવવામાં આવેલ હોય છે. પહેલા અને બીજા રોલરની ફરવાની ક્રિયામાં ચોકસ પરિણામો આવતાં હોય છે. પહેલો રોલર એક આંટો ફરે ત્યારે બીજો રોલર ૪ આંટા ફરે છે, એટલે કે ૧ : ૪ ના પ્રમાણમાં ક્રિયા થાય છે. રૂ પકડવાની ક્રિયા અને તાર ફેંકવાની ક્રિયા (ડ્રાફ્ટિંગ) વચ્ચેનું પ્રમાણ ૧ થી ૪નું હોય છે. બેલણીની ઉપર ૨૪" લાંબી પતરાની નાળી હોય છે. આ નાળીમાં સરખી રીતે પીંજેલું એક તોલો રૂ સમાન અને સરખી રીતે પાથરવામાં આવતાં, અને આ રબ્બર રોલરો વચ્ચે પસાર થતાં આ રૂનો એક પટ્ટો ૨૪×૪=૯૬"નો નીકળે છે. અંબર ચરખા અંગે થયેલા વિધવિધ પ્રયોગો પછી આ પ્રમાણ બહુ યોગ્ય ગણવામાં આવ્યું છે. આ પ્રમાણ એકસરખું જળવાઇ રહે તે માટે થોડી કાળજી રાખવી જરૂરી છે. બેલણી રોલરોને જે દોરી ગતિ આપે છે તે દોરી ધીરે ધીરે થોડી લપસી જવાનો-(ફિસલનનો) સંભવ છે. આવો સૂક્ષ્મ ફેરફાર, ફેંકના પ્રમાણને અસર કરે અને અસમાન બનાવે છે. સૂતરની દોરીને બદલે આ જગ્યાએ લોખંડનાં ગીઅર મૂકવાનો પ્રયોગ કરવામાં આવ્યો હતો, પરંતુ તેનાથી વધી જતાં વજન અને બેલણી ફેરવવામાં પડતા આલને પરિણામે આ વિચાર હાલ તો પડતો મૂકવામાં આવ્યો છે.

પૂણી :–પટ્ટો બનાવાયા પછી સૌથી અગત્યની ક્રિયા તે પૂણી બનાવવાની છે. પટ્ટો સમાન બનાવવા માટે તેને રોલર મારફત ત્રણ ચાર વાર બેવડાવી, ચોવડાવી કાઢવો પડે છે. આ ક્રિયા કરવા માટે પણ ચોકસ ગણિત છે. ગુણકના હિસાબે આ બધી ક્રિયા થાય છે. પરંતુ વ્યવહારિક સમજ અને કંતાઇ જ્ઞાન ધરાવનારને આ ક્રિયા બહુ સહજ સમજાઇ જાય તેવી છે. આવી રીતે સમાન પટ્ટો બનાવાયા પછી ચોકસ નિયમ અનુસાર તેને વળ અપાતાં ધાર્યા નંબરની પૂણી બને છે. અને આ પૂણી અંબર ચરખા ઉપર કંતાઇ માટે વાપરવામાં આવે છે. જે નંબરનું સૂતર કાંતવું હોય તે નંબરને અનુકૂળ પૂણી બનાવવાની અગત્ય રહે છે, અગર બીજી રીતે કહીએ તો ધાર્યા નંબરનું સૂતર મેળવવા માટે ચોકસ પ્રકારની પૂણી બનાવી શકાય છે. ઝીણું કાપડ વણવા માટે ઊંચા નંબરનું સૂતર જરૂરી હોય છે અને જાડાં સૂતરમાંથી જાડું કપડું વણાય છે અને મિલોમાં સામાન્ય રીતે આવાં ઝીણાં-જાડાં કાપડ મેળવવા માટે લાંબા તારનાં અને ટૂંકા તારનાં રૂ નો અનુક્રમે ઉપયોગ થાય છે. પરંતુ અંબર બેલણી અને ચરખાની એ વિશિષ્ટતા છે કે રૂના તારની ગુણવત્તાનો પ્રશ્ન ઊભો થતો નથી. અને ધાર્યા નંબરનું સૂતર સામાન્ય રૂ માંથી મેળવી શકાય છે. આજે લાંબા તારના રૂ માટે વિદેશો ઉપર આધાર રાખવો પડે છે. અને સંભવ છે કે અંબર ચરખો પરિપૂર્ણ દશાને પહોંચતાં આપણું આ પરાવલંબીપણું તદ્દન નિર્મૂળ થાય.

અંબર ચરખો

ગામડાનો સુથાર સામાન્ય જ્ઞાન અને સૂઝથી બનાવી શકે એવા આ ચરખામાં લોખંડના થોડાક ભાગો આવે છે. આ બધા પણ શહેરનાં કોઇ પણ કારખાનામાં બનાવી શકાય તેવા સરળ–સાદા છે. આ અંબર ચરખામાં ચાર ત્રાક એકી સાથે કામ આપે છે.

અંબર ચરખાનું મુખ્ય ચક્ર ૬" ના વ્યાસનું છે. અને જ્યારે આ ચક્ર એક આંટો ફરે ત્યારે કોકડી–ત્રાક ૧૫૦ આંટા ફરે છે. સામાન્ય રીતે મોટું ચક્ર મિનિટના ૬૦ આંટા ફરે છે એટલે કોકડી–ત્રાકનાં આંટા આ હિસાબે ૧૫૦×૬૦=૯૦૦૦ જેટલા થાય છે. ચક્રનો એક આંટો ફરવાની સાથે ચોકસ લંબાઇનો, ચોકસ વળવાળો અને છતાં પૂરા કસવાળો તાર કાઢવાની ક્રિયા થાય છે અને કંતાઇનું સામાન્ય જ્ઞાન ધરાવનાર પોતાને જોઇતા કસ, વળ અને લંબાઇનો ખ્યાલ રાખી જરૂરી ગોઠવણ કરી લે તેવી જોગવાઈ છે. આ ગોઠવણ તે 'ગતિચક્ર'. લાકડાનાં આ ચક્રમાં ચાર ગરેડીને બદલે હવે ચાર ખાંચા રહે છે અને જુદી જુદી સાઇઝની દોરી ચડાવવાની હોય છે. મુખ્ય ચક્ર સાથે ફેંકચક્ર જોડાયેલું હોય છે. એક ગતિચક્ર સાથે એક માળ હોય છે અને બે ત્રાકને તે ગતિ આપે છે. આમ બે માળ વડે ચાર ત્રાક ગતિ પામે છે. ચક્રનો વધુમાં વધુ વ્યાસ ૨૨/૮ ઈંચનો હોય છે. પ્રયોગોને અંતે જણાયું છે કે અંબર ચરખા કંતાઇમાં રૂનો ઓછામાં ઓછો બગાડ થાય છે અને ગામડાનાં સામાન્ય માણસો પણ ચોકસ નંબર અને કસનું સૂતર ગતિના ઉપર કાબૂ રાખી મેળવી શકે છે.

સૂતરના કસની સમાનતા એ બીજો અગત્યનો પ્રશ્ન છે. હાથ વડે ચાલતા અંબર ચરખામાં ધીમી–ઓછી ગતિ ક્રિયાના કારણે કદાચ થોડી અસમાનતા આવે, પરંતુ આ અસમાનતા સૂતરની જાત ઉપર અસર કરે એટલી બધી દેખાઇ નથી.

અંબર ચરખા ઉપર કલાકમાં ત્રણ આંટી (આંટી=૬૪૦ તાર; ૧ તાર=૪ ફૂટ) સૂતર સહેજે કાંતી શકાય છે. કાંતનાર જો પોતે જ

પોતાની પૂણી બનાવવાનું પણ કરે, એટલે કે રૂને પિંજવાથી કાંતવા સુધીની બધી ક્રિયા એક જ વ્યક્તિ કરે તો કલાકના ૧ આંટી કાંતી શકાય છે.

અંબર ચરખામાં કાંતવાની ક્રિયા સાથે તાર ફોકડી ઉપર આપોઆપ વીંટાઈ જાય છે. એટલા માટે થોડી વિશેષ કાળજીની જરૂર રહે છે. ચરખો ફરતો હોય ત્યારે ફોકડી ચૂડીની બરોબર વચ્ચે રહે તેમ હોવું અગત્યનું છે અને આ સ્થાન ખસી જાય તો કાંતવાની ક્રિયામાં અવરોધ થાય છે. ફોકડી નીચેનાં મોઢિયાંની અંદર ફોકડી બરોબર બેસારી, ફોકડીના છેડાને બરોબર મધ્યબિંદુમાં રાખીને મોઢિયાંને બરોબર ગોઠવી દેવાની જ જરૂર રહે છે. મોઢિયાંને બરોબર ગોઠવવા માટે ખાસ ચાવીઓ હોય છે.

જે તાર ફોકડી ઉપર વીંટાય છે તે રબ્બર રોલરોમાંથી પસાર થઈ આવતો હોય છે. તારને એક સરખું તાણ અને ફેંક આપવાની ક્રિયા આ રોલર મારફત થાય છે. આ રોલરોની બાજુમાં બે સ્પીંગો હોય છે, જે તેના ઉપર ચોક્કસ દબાણ આપે છે. આ બે રોલરોમાંથી એક રોલર પૂણીને પકડે છે અને બીજા રોલર દ્વારા ફેંકાય છે. ચોક્કસ દબાણ અને પ્રમાણમાં આ ક્રિયા થતી હોય છે. ગુણકના ચોક્કસ સિધ્ધાંતો અહિં પણ કામે લગાડેલા હોય છે. ૨૨/૮", ૨૦/૮", ૧૮/૮" અને ૧૬/૮" ની પુલી-ગરેડીની ફેંકનું પ્રમાણ ૮, ૧૦, ૧૨, ૧૪નું છે અને ધાર્યો નંબરનું સૂતર, ચોકક્સ નંબરની પૂણી દ્વારા આ ગરેડી ઉપરથી મેળવી શકાય છે.

આ ગણિત આમ તો સાવ સહેલું છે. પૂણીનો નંબર × એ રોલરની ફેંક ક્રિયા=સૂતરનો નંબર. એ નંબરની પૂણી હોય અને રોલરની ફેંક ૧૦ (૨૦/૮" ચક્ર વ્યાસ)ની હોય તો પરિણામે ૨૦ નંબરનું સૂતર મળવાનું. એક ત્રાક મુખ્ય ચક્રના એક આંટાથી ૧૫૦ આંટા ફરે છે અને તાર ફેંક ૬"ની હોય તો સૂતરનો વળ ૧૫૦÷૬=૬૨ ઇંચે ૨પનો રહેશે. જો ૧૨૦ આંટાની ત્રાકની ગતિ હોય તો આ પરિણામ ૧૨૦÷૬"=૨૦ નું આવશે.

અંબર ચરખા ઉપર કંતાઇનો પ્રયોગ પણ ઠીક ઠીક પ્રમાણમાં થયો છે અને સામાન્ય ગતિની દૃષ્ટિએ જોતાં એવું જણાયું છે કે, જો મુખ્ય ચક્ર ૬" લાંબા તાર ફેંકે એટલે કે ૨૪" નો તાર ૪ ત્રાક ઉપર ફેંકાય અને જો મુખ્ય ચક્ર એક મિનિટમાં ૮૦ આંટા ફરે તો એક કલાકમાં ૬૦×૪૦=૨૪૦૦ તાર નીકળશે. ચાર ત્રાક ઉપર મિનિટના ૪૦ તાર નીકળે છે. એટલે કે કલાકમાં ૩ આંટી અને ૩ લટ સૂતર નીકળે છે. આમ અંબર ચરખા ઉપર ધાર્યા નંબર ઉપરનું સૂતર કાંતવાની ક્રિયા તદ્દન સરળ છે.

કેટલીક આવશ્યક વાત

રબ્બર રોલરો બને તેટલા સરળ લીસા હોવા જોઇએ અને તેમ નહિ હોય તો રબ્બર રોલરોને ૩ ચોંટી જશે. લોખંડના રોલર કટાઈ ન જાય તે માટે કાળજી રાખવી જરૂરી છે. બેલણીની માળ સરકી ન જાય તે માટે ધ્યાન આપવું જરૂરી છે. જો ૩ ને પટ્ટો સમાન રીતે પથરાયેલો નહિ હોય તો ધાર્યું પરિણામ આવી શકશે નહિ. જો પૂણીને વધુ પડતો વળ ચડી જશે તો પણ ધાર્યું પરિણામ નહિ આવે. વધુ વળ ચડી ગયેલી પૂણીનો ભાગ કાઢી નાખવો જોઇએ. પટ્ટો કાઢતાં પહેલાં ૩ ના વજનની ખબર નહિ હોય તો ધાર્યા નંબરની પૂણી બનાવી શકાશે નહિ. બેલણીની ફેંક કેટલી છે તેનું ચોક્કસ જ્ઞાન હોવું જરૂરી છે. આવી જ રીતે ચરખાની રોલર-દોરી બરોબર છે કે કેમ તે ધ્યાન રાખવું જરૂરી છે. તાર ન તુટે તે માટે ખાસ કાળજી રાખવાની જરૂર છે અને તેટલા માટે રોલરોની, ત્રાકની, ચૂડીની, માળની, પૂણીની સમાનતાની, વળની, બોબીનની વગેરેની ખાસ કાળજી રાખવાની જરૂરત છે.

સૌરાષ્ટ્રનો કાર્યક્રમ

સૌરાષ્ટ્રમાં અંબર ચરખાનું ઉત્પાદન કરવાનો કાર્યક્રમ સૌરાષ્ટ્ર ખાદી ગ્રામોદ્યોગ બોર્ડે હાથ ધરેલ છે. આવતાં વર્ષ દરમિયાન પ્રથમ તબક્કે ૫૦૦૦ અને ત્યારબાદ ૨૦૦૦૦ અંબર ચરખાનું ઉત્પાદન કરવાનું લક્ષ્યાંક રાખવામાં આવેલ છે. અનુભવે જણાયું છે કે ચાર કુશળ સુથારો એક દિવસમાં ૧ અંબર ચરખો સંપૂર્ણ રીતે તૈયાર કરી શકે છે. આ રીતે આઠ સુથારો રોજના બે ચરખા તૈયાર કરી શકે. આઠ સુથારોનું એક યુનિટ ગણવામાં આવ્યું છે. મહિનામાં સરેરાશ ૨૫ દિવસ કામ થઇ શકે છે, એટલે આવું એક યુનિટ એક મહિનામાં ૫૦ ચરખા તૈયાર કરી શકે. વર્ષમાં સરેરાશ ૧૦ મહિનાનું કામ ગણીએ તો એક યુનિટ વર્ષમાં ૫૦૦ ચરખા તૈયર કરી શકે અને સૌરાષ્ટ્રનો ૨૦૦૦૦ અંબર ચરખાનો કાર્યક્રમ પૂરો કરવા માટે ૨૦૦૦૦÷૫૦૦ મુજબ ૪૦ યુનિટો કામ કરતાં થઇ જવાં જોઇએ અને આવાં યુનિટો તુરત કામ કરતાં થઇ જશે એવી આશા છે.

તાલીમ વ્યવસ્થા

અંબર ચરખો એ માત્ર ફરનીચર જેવી બનાવટ નથી, પરંતુ વૈજ્ઞાનિક ઢબનું યંત્રસ્વરૂપ છે. એ દૃષ્ટિએ અંબર ચરખાનું ઉત્પાદન કરવામાં રોકાયેલા કારીગરોને અને તેની પાછળ ધ્યાન આપનાર કાર્યકરોને આ 'ટેકનીક'નું સંપૂર્ણ જ્ઞાન હોવું જરૂરી છે અને તેથી અંબર ચરખાના બધા ભાગોનું ફીટીંગ કરવાનું જ્ઞાન મળે અને બીજા કારીગરને શિખવાડી પણ શકાય તેટલા માટે નકકી કરવામાં આવેલાં કેન્દ્રોમાંથી બબ્બે ત્રણ ત્રણ સુથારો અને એક એક કાર્યકરોને એક મહિનાની તાલીમ આપવાની સૌરાષ્ટ્ર ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ તરફથી વ્યવસ્થા કરવામાં આવેલ છે. આ તાલીમ બાદ ધારેલી સંખ્યામાં અંબર ચરખાનાં ઉત્પત્તિ કેન્દ્રો કામ કરતાં થઇ જશે.

માનવશકિતને મળનારૂં કામ

કાપડનો ઉદ્યોગ મોટો છે. ભારતના કાપડની ૪૬૭ મિલો છે. એમ એક કરોડ ચાર લાખ ત્રાકો છે અને રૂા. ૧૧૩ કરોડની મૂડી તેમ રોકાયેલી છે. આ ઉદ્યોગમાં માત્ર સાડા સાત લાખ માણસોને રોજ મળી શકે છે, જ્યારે માનવશકિતને કામ દેવાની અંબર ચરખાની શકિત વિપુલ છે.

અ૦ ભા૦ ખા૦ ગ્રા૦ બોર્ડની બીજી પંચવાર્ષીય યોજનામાં કુલ ૨૫ લાખ અંબર ચરખા તૈયાર કરવાનો કાર્યક્રમ છે. એટલે એક કરોડ ત્રાક કામ કરતી થશે. બીજી બાજુ એક સેટ તૈયાર કરવામાં ચાર સુથાર કામે લાગતા હોઇ, સંખ્યાબંધ સુથારોને કામ મળવાનું. આવી જ રીતે ૫૦ લાખ માણસોને અંબર ચરખા ઉપર સૂતરનું કામ મળવાનું. ૧ લાખ અને ૬૦ હજાર કુટુંબોને વણકરીનું કામ મળવાનું. આ ઉપરાંત ૪૦ હજાર કારીગરોને કપડાં ધોવાનું, રંગવાનું, છાપવાનું વગેરે કામ મળવાનું.

ખાદીપ્રેમી જનતા અને નવા પ્રયોગ પ્રત્યે જેમને સદા આકર્ષણ રહ્યું છે તેવા માણસોનું અંબર ચરખાએ ખૂબ ધ્યાન ખેંચ્યું છે. આ યોજના પરિપૂર્ણ કરવાને સૌનો સહકાર અનિવાર્ય છે.

અંબર ચરખા ઉપર હજી પણ પ્રયોગ થતા રહે છે અને તેનાં પરિણામોનો લાભ મળતો રહેવાનો અને એક એવા દિવસની પણ અપેક્ષા છે કે ભારતનાં ગામડે ગામડે વસતો અદ્દનો માનવી કાપડ બાબતમાં સંપૂર્ણ સ્વાવલંબી થઇ રહે.

सत्यं शिवं सुन्दरम्

શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાનો લેખસંગ્રહ

કાકાસાહેબ કાલેલકર અને પંડિત સુખલાલજીના પ્રવેશકો સાથે

કીંમત રૂા. ૩, પોસ્ટેજ ૦।=

મુંબઇ જૈન યુવક સંઘના સભ્યો તથા પ્રબુધ્ધ જીવનના ગ્રાહકો માટે

કીંમત રૂા. ૨, પોસ્ટેજ ૦।=

પ્રબુદ્ધ જૈન તથા પ્રબુદ્ધ જીવનની ફાઇલો

કીંમત રૂા. ૬, પોસ્ટેજ ૧।=

ઋષભદેવ-ચરિત્ર ચિત્રાવલિ અંક

કીંમત રૂા. ૦।, પોસ્ટેજ ૦।-

પ્રાપ્તિસ્થાનઃ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, ૪૫૪૭, ઘનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩



બોધિ સત્ત્વ

અંક પહેલો

પ્રવેશ પહેલો

સૂત્રધાર :

જ્ઞાન, દયા, સમતાથી જેણે તાર્યા જગના લોક કંઈ,
એવા બુદ્ધનું પૂર્વચરિત હું યથાબુદ્ધિ ગાઉં છું અહિં;
ભવાટવિમાં પંથ બતાવે, હણે તેજથી તિમિર-થશે,
સુખી કરો તે તમને, વિશ્વસમાજે સુખશાન્તિ પ્રસરો!

ગઇ કાલે આપણા શુદ્ધોદન રાજાની પત્ની માયાદેવીએ ઉદ્યાનમાં ફરતાં ફરતાં એક શાલના વૃક્ષ નીચે પુત્રરત્નને જન્મ આપ્યો. તે નિમિત્તે આજે લુમ્બિની ગામમાં ઉત્સવ થનાર છે. (એટલામાં પડદા પાછળથી સંગીત સંભળાય છે.) અરે આ જુઓ! નરનારી ગણ વાદ્યો વગાડતાં ને નૃત્ય કરતાં આ બાજુ જ આવતા જણાય છે. (બીજી બાજુથી અસિત ઋષિ પ્રવેશે છે, તેમને જોઈ) આજે આ અસિત ઋષિ આમ કયાં ચાલ્યા? હમણાં હમણાં તો આશ્રમ છોડીને તે ગામ બાજુ ભાગ્યે જ દેખાય છે. આજે કોઈ મહત્ત્વના કાર્ય પ્રસંગે જ તે લુમ્બિની ગામમાં જતા હશે. ચાલો ભાઇ, આપણે પણ ઉપડીએ–

[સૂત્રધાર જાય છે. સ્ત્રીપુરૂષ નૃત્ય કરતાં કરતાં, વાદ્યો વગાડતાં ને પોતાનાં ઉપવસ્ત્રો હવામાં ઉછાળતાં પ્રવેશે છે. અસિત ઋષિને સામેથી આવતાં જોઇ તે સ્તબ્ધ બને છે અને તેમને નમસ્કાર કરીને એક બાજુ ઉભા રહે છે.]

અસિત : આજે આ ઉત્સવ શેનો છે? કાંઈ પ્રસંગ?

એક ગ્રામજન : ઋષિવર્ય, આપણા શુદ્ધોદન રાજાને ઘેર ગઈ કાલે પુત્ર જન્મ્યો તેથી અમે પુત્રોત્સવ ઉજવીએ છીએ.

અસિત : ઠીક છે ત્યારે તો. તમારો ઉત્સવ ચાલવા દો જોર શોરથી. અતિ આનંદનો પ્રસંગ છે આ તો–

[તે જાય છે. અને પાછું કપડાં હવામાં ઉછાળીને તેઓ ગાવા નાચવા લાગે છે. થોડી વારે પડદો પડે છે.]

પ્રવેશ બીજો

[સ્થળ–શુદ્ધોદનના ઘરમાંનું એક મોટું દીવાનખાનું. ત્યાં ઘણા લોકો બેઠા છે. એટલામાં અસિત ઋષિ પ્રવેશ કરે છે. શુદ્ધોદન સામો થઇ તેમનું સ્વાગત કરે છે અને તેમને મુખ્ય સ્થળે બેસાડે છે અને પોતે તેમની ડાબી બાજુ જમીન ઉપર ગોઠવેલા એક નાના આસન ઉપર બેસે છે. એક બાજુએ સ્ત્રીઓ ને બીજી બાજુએ પુરૂષો એમ બેઠેલા હોય છે.]

શુદ્ધોદન : ઋષિવર્ય, અજના આ મંગળ પ્રસંગે આપે પધારી અમને અનહદ ઉપકૃત કર્યા છે.

અસિત : ગઈ કાલે વૈશાખી પૂર્ણિમા હતી. નાલક રબ્બા લઈ ઘેર ગયો હતો. રાત્રે જ્યારે હું આકાશ તરફ મીટ માંડીને બેઠો હતો ત્યારે મને ઉત્તમ નક્ષત્રયોગ દેખાયો. જાણે કે મને એવો ભાસ થયો કે દેવગણ ખૂબ આનંદમાં વિચરે છે. આપણા ગામમાં કોઇ પણ સત્પુરૂષનો જન્મ થયો છે એની મને ખાત્રી થઇ અને સવારે સ્નાનસંધ્યાદિક પતાવી આ બાજુ આવવા નીકળ્યો. રસ્તામાં જ ગ્રામ્યજનોનો ઉત્સવ જોયો. માયાદેવીએ પુત્રરત્નને જન્મ આપ્યો એ તેમણે જ મને જણાવ્યું. તે સુપુત્રને જોવા હું આવ્યો છું.

શુદ્ધોદન : (નોકરને) અરે, જાવ જોઉં, કુંવરને જરા અહીં લઇ આવો. (નોકર જાય છે ને બોધિસત્ત્વને લાવી ઋષિના હાથમાં મૂકે છે. ઋષિ તેને બોળામાં થાબડતાં થાબડતાં તેનાં લક્ષણો જુવે છે અને પ્રશંસાનાં ઉદ્‌ગારો કાઢે છે.)

અસિત : વાહ વાહ! અત્યુત્તમ! આ તો ખરે જ પુરૂષોત્તમ છે! ધન્ય ઘડી (એટલામાં તેમની આંખમાંથી આંસુ ટપકવા લાગે છે.)

શુદ્ધોદન : ઋષિસત્તમ! એકાએક આપને આ શોક કેમ થયો? ગઈ કાલે અગારા ભવિષ્યવેત્તાએ કુમારનું ભવિષ્ય જોતાં જણાવ્યું હતું કે આ પુત્ર ચક્રવર્તી થશે. અમને આશા જન્મી હતી કે આ કુમાર કદાચ આપણને બધાને સ્વતંત્રતા અપાવશે. આપને શોકમાં ગરકાવ થએલા જોઈ મારું મન સાશંક થાય છે. આ બાળક લાંબુ નહીં જીવે એમ શું આપને લાગે છે?

અસિત : શાક્ય સદ્‌ગૃહસ્થો અને સન્નારીઓ! હું તમને બધાંને ખાત્રી આપું છું કે આપણા આ કુમારને અનિષ્ટ ગ્રહ નડતાં નથી. તેને કોઇ પણ જાતનો અંતરાય નથી. તમારી બધાની ઇચ્છા છે કે તેણે ચક્રવર્તી થવું. પણ ચક્રવર્તી રાજાનું રાજ્ય પણ કેટકેટલાં વર્ષ પહોંચવાનું છે? આ કુમાર–આપણો લાડીલો રાજપુત્ર–સંબુદ્ધ થઇ ધર્મચક્ર પ્રવર્તિત કરશે. આ ધર્મ બહુજનોનાં હિતસુખનું કારણ અવશ્ય બનશે અને આ કુમારનું ધર્મરાજ્ય હજારો વર્ષ પર્યંત રહેવા પામશે. ત્યાં સુધીમાં તો કેટલાયે સામ્રાજ્યો સ્થપાશે અને ઉથાપાશે. હું તો હવે વૃદ્ધ થઇ ચૂકયો–કેટલાં વર્ષો કાઢવાનો છું–કુમારનું ધર્મ-રાજ્ય જોવાનું સદ્‌ભાગ્ય મને નહીં મળે. મારી આંખમાં આંસુ ઉભરાયાં તેનું કારણ તે આ જ. (પડદો પડે છે)

પ્રવેશ ત્રીજો

(સ્થળ–શુદ્ધોદન રાજાના મહેલનું એક બીજું નાનું દીવાનખાનું. પ્રવેશ બીજા પછી છ દિવસ વીતી ગયા છે. શુદ્ધોદન શોકાગ્રસ્ત થઈ એક આસન ઉપર બિરાજેલા છે. પાસેના નાનાં નાનાં આસનો ઉપર ચાર–પાંચ શાક્યો બેઠા છે.)

એક વૃદ્ધ શાક્ય : કાળની આ કેવી વિચિત્ર ગતિ! બંધુ શુદ્ધોદન! છ દિવસ પહેલાં તો કુમારના પુત્રજન્મોત્સવને પ્રસંગે અમે બધાં અત્રે આવ્યાં હતા. ત્યારે અસિતઋષિના ભવિષ્યકથનથી અમને બધાને કેટલો બધો આનંદ થયો તેનું વર્ણન પણ થઈ શકે તેમ નથી. હજી તો છ જ દિવસ ગયા અને આજે (ડુમો ભરાય છે.)...આજે આ જ સ્થળે અમે તમારા શોકમાં ભાગ લેવા અત્રે બેઠા છીએ. શુદ્ધોદન! તમારી સહધર્મચારિણી માયાદેવી ઉમદા પ્રકારની સ્ત્રી હતી તેમાં શંકાને સ્થાન નથી. તેમના ઔદાર્ય, સદાચરણ, નિખાલસતા અને શાન્ત વૃત્તિ–એ ગુણોના વખાણ તો ઠેર ઠેર આજે પણ થાય છે. આપણા રાજ્યના સ્ત્રીસમાજ માટે તો તે એક આદર્શ–સ્ત્રી હતી. પ્રસૂતિ પછી સાતમે જ દિવસે આમ તેના જીવનનો અણધાર્યો અંત આવ્યો એ કેટલું દુઃખદ છે?

શુદ્ધોદન : તે માંદી તો નહોતી, પણ તેને એમ લાગતું હતું કે તેનો અંત નજીક છે. મને અને ગોતમીને પાસે બોલાવી પ્રેમળ સ્વરે તે બોલી "અસિતઋષિએ કહ્યા મુજબ આ છોકરો મોટો થશે–નામ કાઢશે–એ ખરૂં, પણ તે જોવા હું જીવતી રહેવાની નથી. કુમારનું પાલન પોષણ કેવી રીતે થશે તેની મને ચિંતા નથી. એ ભાર હું ગોતમી ઉપર નાંખતી જાઉં છું. મને વિશ્વાસ છે કે તે મારા પુત્રનું એવું તો જતન કરશે કે તે પછી એવી કહેવત જ પ્રચલિત થશે કે મા ભલે મરો, પણ માશી ન મરો" (શુદ્ધોદન આંખો લુછતાં–ગળું ખંખેરતાં આગળ બોલે છે) પછી તે બોલી કે "હવે શોક ન કરતાં સ્વસ્થ મને પરલોક જવાની આજ્ઞા આપો. જુઓ–પેલો દેવદૂત મારી વાટ જોતો ઉભો છે–પેલું વિમાન ઉભું છે!" એમ કહી તેણે આંખો મીંચી. (બધાના મોં પર ઘેરી કરૂણતા છવાઈ જાય છે.) તે વખતના

તેના ચહેરા પરની કાંન્તિની હું તમને શું વાત કરું? જાણે કે તે ચિરસમાધિમાં જ હતી. તેના આ વર્તન અને આવી વૃતિથી અમારું દુઃખ કાંઈક શમ્યું–

બીજો શાક્ય : એકાદ્દા યોગીના મરણ પ્રસંગે હું હાજર હતો. તે માંદા હતા તો પણ તેમની ચિત્તવૃતિ સ્થિર હતી. તેમણે અત્યંત સ્વસ્થતાથી પ્રાણ છોડયા હતા.

શુદ્ધોદ્દન : આળાર કાલામ જ્યારે આ બાજુ આવતા ત્યારે માયા તેમને મળવા જતી. તેમનો યોગધર્મ તે શ્રધ્ધાથી શીખતી. પણ તેણે યોગાભ્યાસ કર્યો હોય તેવું મને યાદ નથી. તેને આડંબર તો મૂળે ગમતો જ ન હતો.

વૃધ્ધ શાક્ય : ખરે જ માયાદેવી ધન્ય છે! હું આટલો ઘરડો થયો તો પણ સંસારના મોહ અને માયાને હું છોડી શકતો નથી. મારા પુત્ર–પુત્રીઓ ઉંમરલાયક છે, પોતાનો ઘરસંસાર ચલાવવા સમર્થ છે–છતાં તેમને માટે મને ખુબ ચિંતા રહે છે. જો તેમાંનું કોઇ માંદુ પડયું તો મને ઉંઘ મુદ્દલે આવતી નથી. અને આ તમારી માયાદેવી સાત દિવસના આ કુમળા ફૂલને છોડી શાંત ચિ-તે પરલોક ગઈ. (ડૂસકાં ભરતાં) કાળની વિચિત્ર ગતિ! બીજું શું?...[બધાં શોકમાં ડૂબ્યાં હોય છે અને પછી ધીમે ધીમે પડદો પડે છે.]

પ્રવેશ ચોથો

સૂત્રધાર : ગૌતમ બાર વર્ષનો થયો. આટલી નાની વયમાં તેણે ગણિતમાં પારંગતતા મેળવી છે. હવે તે ધનુર્વિદ્યાનો અભ્યાસ કરી રહ્યો છે, પણ તેને શિકારે જવું મુદ્દલે ગમતું નથી; કારણ કે કોઇ પણ પ્રાણીને ત્રાસ થાય તે તેને પસંદ નથી. (સૂત્રધાર જાય છે.)

[સ્થળ–ગૌતમનો ઓરડો. તે પોતે તે વ્યવસ્થિત કરતો જણાય છે. એટલામાં ગોતમી પ્રવેશે છે.]

ગોતમી : ભાઇ! આવું તું શું કરે છે?

ગૌતમ : બા! હું તો મારો ઓરડો સાફ કરું છું–

ગોમતી : અરે–આટલા બધા નોકર–ચાકર શા કામના છે? એ બધા છે ત્યારે તારે તે કામ કરવાનું હોય?

ગૌતમ : બા, મારું કામ મારે જ કરવું એમ મને હંમેશા થાય છે. નોકરોને બીજાં કામો કયાં ઓછાં છે? તેમને અવાર નવાર બોલાવી, તેમની પર ગુસ્સો કરી, તેમની પાસે મારાં કામ કરાવતાં મને ખરેખર શરમ થાય છે.

ગોતમી : અરે બેટા, પણ નોકર ચાકર આળસુ થઇ જાય તેનું શું?

ગૌતમ : એમ શું કામ થાય? ઘરનાં નહીં તો પણ બહારનાં કામ તો તેમને માથે છે જ; આમ છતાં જો તે આળસુ થાય તો તેમાં મારો શું દોષ, મા? મારે પોતાને તો આળસુ થવું નથી. મા, હું આળસુ થાઉં તો તને ગમે ખરું? સાચું કહેજે હોં?

[એટલામાં ઉદ્દાયી પ્રવેશ કરે છે.]

ઉદ્દાયી : ગૌતમ! એ ગૌતમ! ઘરમાં ભરાઇને શું કરે છે? આજે અમારી સાથે શિકારે આવવાનો નથી કે શું!

ગૌતમ : ના. ના. મેં ન આવવા માટે રજા મેળવી લીધી છે.

ઉદ્દાયી : કેમ રે! વાઘથી બીએ છે કે શું?

ગૌતમ : જો ઉદ્દાયી! હું વાઘથી તો શું પણ કોઇનાથીયે બીતો નથી, પણ તમે વાઘનો શિકાર થોડો જ કરવાનાં? તમે તો મારશો કાં તો હરણ અને કાં તો સસલાં. તેવાં ગરીબ પ્રાણીઓની શિકાર–લીલા મને બિલકુલ પસંદ નથી.

ઉદ્દાયી : તારે બાણ ન મારવું હોય તો ન મારીશ! ગુરૂજી દોડતા હરણ અથવા સસલા ઉપર અચૂક રીતે બાણ કેવી રીતે મારે છે એ તો તું જોજે?

ગૌતમ–મારે એવું કશું જોવું નથી. મુંગાં બિચારાં પશુઓની હિંસા મારી આંખે મારાથી જોવાતી નથી.

ગોતમી–(વ્હાલથી) બેટા ગૌતમ! આમ કેમ ચાલશે? તું ક્ષત્રિય છે અને તારે તો યુદ્ધમાં જવું પડશે. યુદ્ધમાં તો આમ તેમ દોડતા માણસો ઉપર બાણો મારવાં જ પડે. તે કેમ મરાય તે ક્ષત્રિય કુમારો શિકારમાં શીખે. શિકાર એટલે જ યુદ્ધની તૈયારી. બેટા–

ગૌતમ–પણ મા, યુદ્ધ જ શા સારૂ કરવું જોઇએ?

ગોતમી–અરે, એ તો તેમનો ધર્મ છે.

ગૌતમ–મા તું કહે છે શું? માણસ માણસને મારે એવો તે વળી ધર્મ કદિ હોતો હશે.? નિર્ગ્રન્થ શ્રમણ તો ઉપદેશ આપે છે કે કીડીમંકોડીની પણ હત્યા ન કરશો. તો માણસ માણસને મારે એ તે ધર્મ કેવો!

ગોતમી–નિર્ગ્રન્થનો ધર્મ છે સાધુ સંન્યાસીઓ માટે. તે સાંભળવો બરો ને તેમને દાનધર્મ કરવું પણ ખરું, પણ ક્ષત્રિય જો લડે નહીં તો તેમના રાજ્યનું રક્ષણ કોણ કરશે?

ગૌતમ–મા! પણ જો બધા ક્ષત્રિયો એક બીજાને પરસ્પર પ્રેમ કરે તો તેમના રાજ્યનું રક્ષણ લડાઈ વિના થઇ ન શકે?

ઉદ્દાયી–મા, તું ગૌતમ સાથે ચર્ચા કરી તેને સમજાવી શકીશ એવી તારી માન્યતા ભૂલ ભરેલી છે. અમારા ગુરૂજી પણ એની સાથે ચર્ચા કરતાં ખચકાય છે. કોઇ કોઇ વાર તો તે ગુરૂજીને એવા એવા સવાલો પૂછે છે કે તે બિચારા જવાબ જ આપી શકતા નથી. અમે તેની સાથેના વિદ્યાર્થીઓ તો એવા સમજી ગયા છીએ કે એની સાથે અમે ચર્ચાનો પ્રસંગ જ ઉભો થવા દેતા નથી.

ગોતમી–અરે ઉદ્દાયી! હું પણ તેની સાથે ચર્ચા કરતી નથી. પણ હું એની મા છું ત્યારે તેના હિતના બે શબ્દો મારે તેને કહેવા ન પડે?

ગૌતમ–મા, મા! મેં તને દુભાવી છે એમ તને લાગ્યું હોય તો મને ખરેખર માફ કર. પૂછ–આ ઉદ્દાયીને જ પૂછ મા કે ગુરૂજી સાથે કે મારા દોસ્તારો સાથે મેં કોઇ પણ દિવસે ઉદ્ધતાઈથી વર્તન કર્યું છે ખરું? હું તો બધાનો શિષ્ય થવા તૈયાર છું. મારે તો શીખવું છે. પણ કોઈ બાબતમાં જ્યારે પરસ્પરવિરોધ મને સ્પષ્ટ દેખાય છે ત્યારે જ હું આ વિષયની નમ્રતાપૂર્વક ચર્ચા કરું છું.

ગોતમી : ઠીક ભાઇ! તારે શિકારે ન જવું હોય તો ન જા બસ. આ બાબતમાં મારો કશો જ આગ્રહ નથી.

[ગોતમી જાય છે. તેની પાછળ પાછળ ઉદ્દાયી પણ જાય છે. ગૌતમ એકલો જ વિચાર કરતો બેસે છે અને પડદો પડે છે.]

પ્રવેશ પાંચમો

[શુદ્ધોદ્દન પોતાના ઓરડામાં એક સુશોભિત બેઠક ઉપર બેઠા છે. એટલામાં ગૌતમી પ્રવેશે છે.]

શુદ્ધોદ્દન : જોયુંને ગોતમી! ગઈ કાલે ગૌતમ તો શિકારે પણ ન ગયો.

ગોતમી : તે મને ખબર છે.

શુદ્ધોદ્દન : તો તેં તેને ઘેર શું કામ રહેવા દીધો? આવી આળસ સેવશે તો તે ધનુષ્ય–વિદ્યા કેવી રીતે શીખી શકશે?

ગોતમી : એમ તો તે જરા પણ આળસુ નથી. પોતાનું કામ પોતે જ કરવા માટે તે ઉમંગ ધરાવે છે. પણ, એ તો ખરું કે તેને એકાંતપ્રિય છે. ધનુષ્યવિદ્યામાં પારંગત થવા માટે તે જનાવરોનાં જીવ હણવા ઇચ્છતો નથી.

શુદ્ધોદ્દન : તો પછી તેની યુવાનીમાં તેને યુદ્ધમાં જવું પડશે–ત્યારે તે શું કરશે? તેણે આ બાબત હુશિયાર તો થવું જ જોઇએ ને?

ગોતમી : તે લક્ષ્યવેદ તો શીખે જ છે ને? એવી રીતે તેની ઇચ્છા વિરૂદ્ધ જઇ તેને મારે દુભવવો નથી. તે માયાદેવીની થાપણ છે. મારે તો તેનું આંખની કીકીની જેમ જતન કરવું જોઇએ. જરૂર જણાય તો તમે જ તેને સમજાવો.

શુદ્ધોદ્દન : માયાદેવીએ તેને તારે ખોળે મૂક્યો છે તેથી મારે કશું કહેવાનું રહેતું નથી. તે અવગુણી છે એમ તો છે જ નહિ.

તે એકલો ને એકલો બેસી રહે છે ને તેથી આપણા આડોશી પાડોશીને પણ ઘણી વાર એમ થાય છે કે આ છોકરો આગળ ઉપર કરશે શું? પણ–પણ–ગૌતમી–મને અસિત ઋષિએ ભાખેલા ભવિષ્ય ઉપર પૂરી શ્રદ્ધા છે. તું અવારનવાર તેને જાગૃત કરતી રહેજે.

[એટલામાં ગૌતમ પ્રવેશે છે. તેને આવતો જોઈ.]

ગૌતમી : આ ગૌતમ આવ્યો. પણ તમે તેને શિકાર બાબતમાં કાંઇ બોલશો–વઢશો નહીં હોં!

શુદ્ધોદન : ગૌતમ! આમ આવ ભાઇ! (ગૌતમ પાસે આવી ઊભો રહે છે.) અરે, તું આમ ઉભો શું કામ રહે છે? આટલાં બધાં આસનો બેસવાનાં છે ને–બેસ–બેસ (ગૌતમ ગૌતમીની બાજુમાં બેસે છે.) હમણાં હમણાં તો તું કાંઈ જણાતો જ નથી. હું કેટલા દિવસે નિરાંતે તને મળ્યો?

ગૌતમ : બાપુ– મારે ગણિત શિખવાનું અને ધનુષ્યવિદ્યા શિખવાની–અને તમે પણ આજકાલ ઘરમાં ક્યાં હો છો?

શુદ્ધોદન : ખેતીનું કામ શરૂ થયા પછી ફુરસદ તો ક્યાંથી મળે?

ગૌતમ : હું પણ એ જ કહું છું ને! પછી તમે મને ક્યાંથી જુઓ? બાપુ–

શુદ્ધોદન : બોલને– અટકી કેમ ગયો?

ગૌતમ : મેં માને કેટલીયે વાર કહ્યું કે મારે તમારી જોડે ખેતી જોવા આવવું છે. પણ તે તો સાંભળતી જ નથી? એકવાર કહે 'ન જવાય.' બીજીવાર કહે 'બાપુને પૂછ.' બાપુ મને એકાદ દિવસ રજાને દિવસે ખેતી જોવા લઈ જાવને?

શુદ્ધોદન : આઠ દશ દિવસમાં તો આપણો વાવેતર સમારંભ થશે. તે દિવસે તારે શાળામાં રજા પણ હશે. તે દિવસે તું જરૂર મારી સાથે આવજે.

ગૌતમ : હું જરૂર આવીશ.

ગૌતમી : જજે હોં ભાઇ.

[શુદ્ધોદન ઉઠે છે. ગૌતમ અને ગૌતમી પણ પાછળ પાછળ ઉઠે છે. પડદો પડે છે.]

પ્રવેશ છઠ્ઠો

સૂત્રધાર : વર્ષાઋતુ સમાપ્ત થઈ. શરદઋતુની શરૂઆત થઇ ચૂકી છે. વરસાદથી ખરાબ થઈ ગયેલા રસ્તા ગામલોકોના શ્રમથી સુધારવામાં આવ્યા છે. પ્રવાસ હવે સુખરૂપ બનશે. વનશોભા અપૂર્વ લાગે છે. ખેતી માટે તૈયાર થયેલી જમીન–તેનો અદ્‌ભુત વિસ્તાર–મનને કેવો આનંદ પમાડે છે? આ ખેતરોમાં આજે વાવેતર સમારંભ થવાનો છે. દરેકે દરેક શાક્ય રાજાના ખેતરમાં વપ્રમંગલ એટલે આવી જાતનો સમારંભ આ જ સમયે થાય છે. શાક્ય રાજાઓ વચ્ચે વચ્ચે પોતાની ખેતી ઉપર ધ્યાન તો આપતા જ રહે છે; પણ વપ્રમંગલને દિને મજુરો સાથે તેમણે પણ હળ પકડવું જોઇએ એવી પ્રથા છે. આજે શુદ્ધોદન રાજાના ખેતરમાં વપ્રમંગલનો પ્રસંગ છે. શુદ્ધોદને પોતે ખેતરને વાવેતર માટે તૈયાર કર્યું છે. એક જગ્યાએ વિશાળ મંડપ ઉભો કરવામાં આવ્યો છે. તેમાં બધા ખેડ કરનારાઓને સ્વાદિષ્ટ ભોજન આપવામાં આવશે. આ મીઠાઇવાળા...આ ટોપલાવાળા...આ રમકડાવાળા...બધા પોતાનો માલ લઇ તે જ બાજુએ જાય છે. ત્યાં એક મોટો મેળો જ ભરાયો છે એમ કહોને—ચાલો–ચાલો–આપણે પણ ત્યાં જઇ પહોંચીએ. (તે જાય છે)

[સ્થળ–શુદ્ધોદનનું ખેતર. બપોરનો સમય. વાવેતરનું કામ બંધ કરવામાં આવ્યું છે. થોડા મજુરો અહીં તહીં ઉભા છે. એટલામાં સુભદ્ર કોલીય આવે છે. શુદ્ધોદન તેનું સ્વાગત કરે છે. બંને એકબીજાને નમસ્કાર કરે છે.]

સુભદ્ર : તમારું આમંત્રણ મને સમયસર જ મળ્યું. અને તે પ્રમાણે હું બરાબર નીકળ્યો પણ ખરો. પણ રસ્તામાં અમારી હદમાં તમારા ને અમારા દાસ અને કામગારો વચ્ચે ઢંઢો ચાલતો હતો. શું બાબતમાં ટંટો છે તેનું કારણ જાણવા હું ઉભો રહ્યો અને તપાસ કરી. શું હતું તમે જાણો છો? રોહિણી નદીના પાણીને ઝઘડો. શાક્ય-વાળા લોકો કહે 'પાણી લેવાનો પ્રથમ હક્ક અમારો છે.' કોલીય દાસ અને કામગારો કહે 'જાવ–જાવ હક્કવાળા જોયા ન હોય તો! તે હક્ક તો અમારો છે.' મેં બંનેને મહામુશીબતે વાર્યા. મેં કહ્યું 'શા સારૂ તમે બધા લડી મરો છો? હજી તો ખેતીની શરૂઆત છે. એટલામાંથી જ આ પાણીનો ઝઘડો શરૂ થયો તો કાપણી સુધીમાં શું નું શું થશે? પાણી કોણે પહેલાં લેવું એ પ્રશ્ન કાંઈ હકનો કે માનાપમાનનો થોડો છે? જેવી જેની જરૂર. વધારે જરૂરવાળો પહેલાં લે. એમાં મારામારી સુધી વાત વધારવાની કાંઇ જરૂર ખરી?' ભાઇ, આમ માંડ માંડ મેં બધાને સમજાવ્યા. પણ તે બધામાં મને અહીં આવતાં મોડું થઈ ગયું.

શુદ્ધોદન : સુંદર કામગીરી તમે બજાવી! મોડું થયું તેનું કાંઇ નહીં, તમે તમારી ફરજ તો બજાવી. આ પાણી બાબતની ફરિયાદ તો વધતી જ જાય છે. રોહિણીમાં આમ પાણી તો પુષ્કળ છે. તે જરથાનો વ્યવસ્થિત એવો આપણે ઉપયોગ કરીએ તો તે તમને અને અમને બધાને માટે પૂરતો છે. અરે થોડું પાણી બચે પણ ખરૂં. તમારી સલાહ સો એ સો ટકા સાચી કે જરૂરિયાત પ્રમાણે લો, પણ આ પ્રશ્ન બન્યો છે માનાપમાનનો. આ સંજોગોમાં આવા મતભેદો ઉત્પન્ન થાય એ સ્વાભાવિક છે. અસ્તુ. તમે થાકેલાં જણાવ છો. આવો આપણે શિબિરમાં જઇ આરામ કરીએ.

[તે બન્ને ને તેમની પાછળ નોકરો શિબિર તરફ જાય છે, રસ્તામાં ભોજનમંડપ આવે છે. શુદ્ધોદન અને સુભદ્રને જોઇ ગૌતમી અંદરથી બહાર આવે છે.]

શુદ્ધોદન : ગૌતમી, આ આપણા મહેમાન! પ્રવાસથી થાકયા છે. મને પણ જરૂર થાક લાગ્યો છે. અમે થોડીવાર આરામ કરીએ ને પછી ભોજન લઇએ. ત્યાં સુધી તું બધી વ્યવસ્થા બરાબર જો. કોઈને પણ ખાવાપીવાનું ઓછું ન પડે. (નોકરોને ઉદ્દેશી) અરે, જો જો કોઈ રહી ન જાય. બધાને બરાબર પ્રેમથી ખવરાવજો. આંધળા-પાંગળાઓને હડધૂત ન કરશો; ને બિચારા ભિખારીઓને બરાબર આપજો. હે ગૌતમી, છોકરાંઓનું ખાસ ધ્યાન રાખજે હોં.

ગૌતમી : આર્યપુત્ર, તમે શું કામ આટઆટલી ચિંતા રાખો છો? બધું બરાબર થઈ રહેશે. તમે નિશ્ચિંત થઇ આરામ કરો. આખોયે સમારંભ નિર્વિઘ્ને પાર પડશે એ માટે શંકા ન રાખશો.

શુદ્ધોદન : હું થોડીવારમાં તો આવી જઇશ. (સુભદ્રને) ચાલો આપણે શિબિરમાં જઇ જરા આરામ લઇએ.

[ગૌતમી, નોકર, મજુર અંદર જાય છે. શુદ્ધોદન અને સુભદ્ર શિબિરમાં પ્રવેશ કરે છે અને મોટાં આસનો ઉપર આડા પડે છે.

સુભદ્ર : તમારા આ શુભ કાર્ય પ્રસંગે હું આવી પહોંચ્યો અને તમારી આ સરસ કામગીરી જોવા મળી તે માટે હું તમારો આભારી છું. મને ખરેખર ખૂબ આનંદ થયો. હમણાં હમણાં તો આ વાવેતરના સમારંભો એક વિધિ પૂરતા જ જાણે કે કરવામાં આવે છે. જમીનમાલિક મહારાજાની જેમ આવે, અહીં તહીં જુવે, આમ તેમ હળ ફેરવે, ન ફેરવે ને ચાલતો થાય. તમારા જેવા ધરતીને જીગરથી ચાહનાર ને પરિશ્રમ વેઠનાર જૂજ જ જોવા મળે છે.

શુદ્ધોદન : હા, કેટલેક અંશે એવું બને છે ખરૂં. દુઃખની વાત છે. અને તેથી જ આપણા બંનેના દેશના ભવિષ્યનો વિચાર કરતાં મનમાં શંકા–કુશંકા જાગે છે. તમે ખેતીકાર્યમાં ખૂબ રસ ધરાવો છો. તે તમારી કીર્તિ મેં સાંભળી અને મેં તમને આજે અત્રે પધારવા ખાસ નિમંત્રણ મોકલ્યું. તેનો હેતુ એટલો જ છે કે તમે અમારા દોષો પારખો ને બતાવો કે જેથી અમારી ખેતીની પદ્ધતિમાં અમે સુધારણા કરી શકીએ. તમે મહેમાન ગણાવ એટલે અમારા કાર્યની પ્રશંસા કરો તે ઠીક છે. પણ અમારા દોષ જો અમને બતાવશો તો અમને વિશેષ ગમશે. અમારે તો અમારી ખેતીમાં સુધારણા કરવી છે, ગ્રામ્યજીવનનો ઉત્કર્ષ સાધવો છે.

સુભદ્ર : ખરેખર તમારી ખેતીમાં મને દોષ કોઇ નથી દેખાયો. નબળા હોય તો પણ ઉપર ઉપરથી જોવામાં તે દેખાય નહીં એ પણ ખરું. મેં એકવાર કોલિય સંઘને સૂચના કરી હતી કે આપણા દેશની અથવા બહારની જે કોઈ પણ જાણકાર વ્યક્તિઓ હોય–આ વિષયમાં નિષ્ણાત હોય–તેમાંના કેટલાક મારફતે આપણી ખેતીની વ્યવસ્થા-પદ્ધતિમાં ખામીઓ અને ખરાબીઓ છે કે નહીં તેની ઝીણવટભરી તપાસ કરાવવી. સાથે સાથે ખેતીકાર્યમાં સુધારણા કેવી રીતે થવા પામે તેનો વિચાર–વિનિમય કરવો. તમને જાણીને આશ્ચર્ય થશે ને સાથે સાથે દુઃખ પણ થશે કે મારી આ સૂચના ઉપર કોલિય સંઘે જરા પણ વિચાર ન કર્યો.

શુદ્ધોદન : આ તમારી સૂચના ઘણી જ ઉપયોગી છે. શાક્ય અને કોલિય સંઘે મળીને જો આવું એક મંડળ નિયુક્ત કર્યું હોત તો મને લાગે છે કે આપણા દેશને મોટા લાભ થવા પામત.

સુભદ્ર : પણ આવી વાતો સાંભળે છે કોણ ? આજે સવારે જે પેલો પાણી માટેનો ઝઘડો જોઇ કોલિય રાજ્યમાં જઇને મેં દાંડી પીટી હોત કે 'શાક્યલોકો જબરજસ્તીથી રોહિણી નદીનું પાણી પોતાની નહેરો મારફતે લઈ જાય છે' તો બધા કોલિય લોકો એક થઈ લડવાના નિર્ણય ઉપર આવ્યા હોત. અને–અને–મને સરદાર થવાની તક મળી પણ ગઈ હોત !

શુદ્ધોદન : (દુઃખથી) જે કોલિય લોકોની વાત તે જ શાક્ય લોકોની ! આપણા મતભેદોનું મોટું દુષ્પરિણામ જોવું હોય તો તે આપણા સ્વાતંત્ર્યનો નાશ થયો છે તે છે. આપણામાં ઐક્ય હોત, બધેબધા મળીને કામ કરવાની ઈચ્છા હોત તો-તો–પેલો કોસલ રાજા આપણા આંતરિક વહીવટમાં કદાપિ માથું મારી શકયો હોત ખરો ?

[એટલામાં એક નોકર પ્રવેશે છે.]

શુદ્ધોદન : કેમ ? શું કામ છે ?

નોકર : આર્ય, કુમાર ગૌતમ પેલી બાજુ જાંબુના ઝાડ નીચે બેઠા છે. તેમને જોવા ગોતમીદેવીએ તમને બધાને ત્યાં બોલાવ્યા છે.

[શુદ્ધોદન અને સુભદ્ર શિબિરમાંથી જાય છે. પડદો પડે છે. જાંબુના ઝાડ નીચે બોધિસત્ત્વ ધ્યાનસ્થ મુદ્રાનાં બેઠા છે. થોડા અંતરે શુદ્ધોદન, સુભદ્ર, ગોતમી અને નોકર ચાકર ઉભા છે. એટલામાં પડદો ઉપડે છે.]

શુદ્ધોદન : ગોતમી, આની સામે જોઇ મને ખાત્રી થાય છે કે અસિત મુનિનું ભવિષ્ય ખરું ઠરશે. આ કુમાર આગળ ઉપર સુપ્રસિદ્ધ પુરુષ થશે એ ચોક્કસ.

[બધા તટસ્થતાથી બોધિસત્ત્વને જુએ છે. એટલામાં પડદો પડે છે. ભોજન પછી શુદ્ધોદન, ગોતમી અને સુભદ્ર શિબિરમાં બેઠા છે.]

શુદ્ધોદન : કોણ છે ? (એક નોકર પ્રવેશે છે)

નોકર : આર્ય ! શું આજ્ઞા છે ?

શુદ્ધોદન : જરા ગૌતમને બોલાવ જોઉં.

[નોકર જાય છે. થોડીવારે બોધિસત્ત્વ અને ઉદાયી આવે છે, બધાને નમસ્કાર કરે છે ને એક બાજુનાં આસનો ઉપર બેસી જાય છે.]

શુદ્ધોદન : કેમ ઉદાયી ! તું તો આજે કયાંય દેખાયો જ નહીંને ?

ઉદાયી : હું બીજા છોકરાઓ સાથે રમતો હતો.

શુદ્ધોદન : તો તમારી સાથે ગૌતમ નહોતો ?

ઉદાયી : અમે તો એને ઘણું કહ્યું–પણ એ તો કહે કે મને તો અહીંનું દૃશ્ય જ દિલમાં વસી ગયું છે. હું એકલો જ કોઈ એકાંત સ્થળે જઇને બેસીશ.

શુદ્ધોદન : ગૌતમ સમાધિભાવના કરે છે એ તને ખબર છે કે ?

ઉદાયી : હાસ્તો. મને ખબર ન હોય એમ તે કાંઈ બને ? અરે– ગયે અઠવાડિયે મને અને સુમનને બંનેને સમાધિ કરવાનું એણે કહ્યું હતું. મેં અને સુમને કરી પણ ખરી.

શુદ્ધોદન : તે કેવી રીતે ?

ઉદાયી : સમાધિ કરવી એટલે એક શાંત જગ્યાએ જઈ, આસન માંડી, આંખો બંધ કરી ધ્યાનસ્થ થઈ જવું.

શુદ્ધોદન : અને પછી શું કરવું ?

ઉદાયી: (તેમ બતાવતાં) પછી–પછી એવો વિચાર કરવાનો કે હું સુખી થાઉં–મારા મિત્રો સુખી થાય–મારા સ્વજનો સુખી થાય–આસપાસના બધા પ્રાણીઓ સુખી થાય.

શુદ્ધોદન : ત્યારે બોલ ઉદાયી ! તને સમાધિ કેવી લાગી ?

ઉદાયી : સમાધિ શું લાગે ? ધૂળ ને ઢેફાં ! મેં તો આંખો બંધ કરી એટલે મારી સામે હરણો અહીંથી ત્યાં દોડવા માંડયા, સાપ દેખાવા માંડયા ને મેં તરત આંખો ઉઘાડી ! મારી સમાધિ પૂરી થઈ.

શુદ્ધોદન : અને સુમનની સમાધિ કેવી ગઇ ?

ઉદાયી : સુમને આંખો બંધ કરી એટલે તેની નજર સામે મીઠાઈના ટોપલા દેખાવા માંડયા ને (હસતાં હસતાં) તેના મોંમાં તો પાણી આવ્યું—

બોધિસત્ત્વ : બાપુ, આળાર કાલામે એમ શીખવ્યું છે કે સમાધિ કરવા માટે માણસનું ચિત્ત સ્થિર હોવું જોઈએ, ઉદાયી શિકારે જાય છે, એટલે તેને હરણાં અને સાપ દેખાયાં; સુમનને મીઠાઈ માટે અતિલોભ છે, એટલે તેને તે જ દેખાયું. પણ જે દ્વેષ, લોભ અને ભય છોડીને સ્થિરચિત્ત થાય છે, તેને સમાધિ તરત જ પ્રાપ્ત થાય છે.

[બધાં ધ્યાનથી સાંભળે છે. પડદો પડે છે.] *

— પ્રથમ અંક સમાપ્ત —

સંઘની સામયિક પ્રવૃત્તિ

અઢારમા વર્ષમાં પ્રવેશ કરે છે.

'પ્રબુદ્ધ જીવન'ના પ્રશંસકોને પ્રાર્થના

પ્રબુદ્ધ જીવનના આ અંકના પ્રકાશન સાથે મુંબઇ જૈન યુવક સંઘની સામયિક પ્રવૃત્તિ ૧૭ વર્ષ (પ્રબુદ્ધ જૈન ૧૪ વર્ષ અને પ્રબુદ્ધ જીવન : ૩ વર્ષ) પૂરાં કરીને ૧૮ મા વર્ષમાં પ્રવેશ કરે છે. પ્રબુદ્ધ જીવનનું નિયત કદ આઠ પાનાનું હોવા છતાં સાધારણ રીતે ૧૦ પાનાં અને કદિ કદિ ૧૨ પાનાં આપવામાં આવે છે અને એ રીતે ગત વર્ષ દરમિયાન કુલ ૧૯૨ પાનાંને બદલે ૨૫૨ પાનાનું વાંચન–સાહિત્ય પ્રબુદ્ધ જીવનના વાંચકોને પુરું પાડવામાં આવ્યું છે. અને આખા વર્ષ દરમિયાન ચિત્રો છબીઓ પણ સારા પ્રમાણમાં રજુ કરવામાં આવેલ છે. તેમાં પણ ગત વર્ષ દરમિયાન એક આખો સચિત્ર અંક આર્ટ પેપર ઉપર છાપીને પ્રગટ કરવામાં આવ્યો હતો, જેમાં શેઠ આણંદજી કલ્યાણજીના પેઢીએ તૈયાર કરાવેલાં ભગવાન ઋષભદેવના ચરિત્રપ્રસંગોને લગતાં ૬ ડુટ × ૪ ડુટના કદનાં મૂળ રંગીન ચિત્રોના સંખ્યાબંધ એકરંગી બ્લોકો વિસ્તૃત સમજુતી અને આલોચના સાથે છાપવામાં આવ્યા હતા. 'મારી યાત્રા' એ મથાળા નીચે જગન્નાથપુરી–કલકત્તા–દાર્જીલીંગના પ્રવાસની એક લેખમાળાએ તેમ જ પંડિત સુખલાલજીએ 'આપણો આધ્યાત્મિક વારસો' એ વિષય ઉપર આપેલાં ભાષણોની ત્રણ હકૂતામાં પ્રગટ થયેલી સંક્ષિપ્ત નોંધે વાંચકોમાં સારૂ આકર્ષણ પેદા કર્યું હતું. શરૂઆતના અંકોમાં 'હરિજન મંદિર પ્રવેશ અને જૈનો' એ વિષયની ચર્ચાએ સારી જગ્યા રોકી હતી. પછીનાં અંકોમાં મુંબઇની વિધાન પરિષદમાં શ્રી પ્રભુદાસ બાલુભાઇ પટવારી તરફથી રજુ કરવામાં આવેલ બાલસંન્યાસદીક્ષા પ્રતિ-

* **ચેતવણી :** સ્વ. ધર્માનન્દ કોસમ્બી રચિત 'બોધિસત્ત્વ' નાટક જે મૂળ મરાઠી ભાષામાં છે તેના પ્રથમ અંકનો ઉપર આપેલ ગુજરાતી અનુવાદ અને હવે પછી પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ થનાર બાકીના અંકોનો ગુજરાતી અનુવાદ–સમગ્ર નાટક–ની પ્રસિદ્ધિને લગતા સર્વ હકકો શ્રી મુંબઇ જૈન યુવક સંઘને સ્વાધીન છે. સંઘની અનુમતિ સિવાય આ નાટક આખું અથવા તેનો કોઈ પણ વિભાગ અન્ય કોઈ છાપી કે પ્રગટ કરી શકશે નહિ. **મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ**

અંધક બીલના સમર્થનમાં અનેક લેખો, નિવેદનો અને ચર્ચાપત્રો ઘણા મોટા પ્રમાણમાં પ્રગટ થતાં રહ્યાં હતાં. મુંબઇ–મહારાષ્ટ્રના પ્રશ્નને પણ વખતોવખત અનેક રીતે ચર્ચવામાં આવ્યો હતો અને નવી નવી પરિસ્થિતિ અને બનતી જતી ઘટનાઓ અંગે ઉચિત માર્ગ–દર્શન કરાવવામાં આવ્યું હતું. પ્રબુધ્ધ જીવનની આગળનાં વર્ષોની ફાઇલો સાથે સરખાવતાં આ વર્ષ દરમિયાન પ્રગટ થયેલા પ્રબુધ્ધ જીવનના ૨૪ અંકોની લેખસામગ્રી વધારે રસાળ, અને વધારે વૈવિધ્ય–ભરી બની હતી. આવું સંતોષકારક પરિણામ નીપજાવવામાં મદદરૂપ બનેલા અનેક લેખકોનો અને સહકાર્યકર્તાઓનો હું અન્તઃકરણ–પૂર્વક આભાર માનું છું અને તે મુજબ તેમનો સહકાર વૃધ્ધિગત થતો રહેશે એવી આશા સેવું છું.

આ રીતે વર્ષ ઉપર વર્ષની મજલ કાપતું પ્રબુધ્ધ જીવન આગળ ચાલતું જાય છે. જ્યારે હરિજનપત્રો જેવા સાપ્તાહિકોને આર્થિક કારણસર બંધ કરવાનો વખત આવ્યો છે ત્યારે તેની માફક જાહેર ખબરો નહિ લેવાની ટેકને વળગી રહેવા છતાં અને આઠ પાનાની મર્યાદાને માત્ર અપવાદ રૂપે જ જાળવવા છતાં અને બીજી બાજુએ વિશાળ જનતાનો અત્યન્ત ન–જીવો ટેકો હોવા છતાં પ્રબુધ્ધ જીવનનું પ્રકાશન હજુ સુધી ચાલુ રહી શકયું છે એ વિષે પ્રબુધ્ધ જીવનના અમો સંચાલકો થોડુંક અભિમાન લઈ શકીએ છીએ. પણ સાથે સાથે જણાવ્યા વિના રહી શકાતું નથી કે દિન પ્રતિ દિન અમારો પ્રવાસ પણ આર્થિક કારણોને અંગે વધારે ને વધારે વિકટ બનતો જાય છે. પ્રબુધ્ધ જીવનનો વહીવટ બને તેટલી કરકસરથી ચલાવવામાં આવે છે, આ પત્ર જ્યાં છપાય છે તે કચ્છી વીશા ઓશવાળ પ્રીન્ટીંગ પ્રેસના માલીકો પણ ઓછામાં ઓછા ભાવે અમારું છાપું છાપી આપે છે એટલું જ નહિ પણ, આ છાપાંને પોતાનું લેખીને બને તેટલો સહકાર આપે છે. એમ છતાં પણ કાગળ છપાઇ, પત્રવ્યવહાર, ટપાલ વગેરે પરચુરણ ખર્ચનો આંકડો મોટો થઈ જાય છે અને તે ખાતે દર વર્ષે આશરે રૂા. ૨૦૦૦ ની ખોટ મુંબઇ જૈન યુવક સંઘને ભોગવવાની રહે છે, પ્રબુધ્ધ જીવનના વિકાસ અંગે મન અનેક તરેહની કલ્પનાઓ સેવે છે, પણ એક બાજુએ નથી લેખકો અને ચિન્તકોનો પૂરો સહકાર; બીજી બાજુએ આર્થિક મુશ્કેલી તો ઉભેલી જ છે. પ્રબુધ્ધ જીવન દ્વારા રજુ કરવામાં આવતી લેખસામગ્રીની ભાત વિષે કશું પણ સ્તુત્યાત્મક બોલવું કે લખવું તે આત્મશ્લાઘાનો દોષ નોતરવા બરોબર લેખાય, પણ અત્યુકિતનો આક્ષેપ સ્વીકારીને પણ એટલું જણાવ્યા વિના રહી શકાતું નથી કે પ્રબુધ્ધ જીવનના સમગ્ર સંપાદન પાછળ કેવળ સત્યની આરાધના અને લોકશ્રેયની સાધના રહેલી છે. પ્રત્યેક અંકના આરંભથી તે અંત સુધીમાં કશું પણ અઘટિત, અનુચિત, અસત્ય કે અસભ્યકૃ વિધાન થઈ ન જાય તેની પૂરી કાળજી રાખવામાં આવે છે. મારી શકિતની મર્યાદા પળે પળે પ્રબુધ્ધ જીવનમાં પ્રતિબિંબિત થતી હું જોઉં છું, અને એમ છતાં પ્રબુધ્ધ જીવન સર્વગ્રાહી બને, સર્વોદયસાધક સર્વ પ્રશ્નો વિષે ચાલુ માર્ગદર્શન આપતું રહે, સરકારને તેમ જ પ્રજાને–જ્યારે જ્યારે જેને જે કાંઇ કહેવા યોગ્ય હોય ત્યારે ત્યારે તેને–તે નીડરપણે, સ્પષ્ટ ભાષામાં અને વિનયમધુર વાણીમાં કહી શકવાની તાકાત કેળવે અને એ રીતે પ્રબુધ્ધ જીવન રાષ્ટ્રીય સભ્યતા અને સંસ્કૃતિનું એક અણોડ પ્રતીક બને એવો આદર્શ મન સદાકાળ સેવતું રહ્યું છે અને તેથી આ દિશાએ સમાજ અને રાષ્ટ્રના પ્રશ્નોનું સતત ચિન્તન કરતા સેવાપરાયણ લેખકોનો અને વિચારકોનો હું સહકાર યાચું છું. અને આવો સહકાર સુલભ બને તો પ્રબુધ્ધ જીવનને સાપ્તાહિક કેમ ન બનાવવું એવું સ્વપ્ન આજે–જ્યારે શરીર અને મગજ કામ કરતાં કાંઇક થાકતાં જણાય ત્યારે પણ–મન સતત ચિન્તવતું રહ્યું છે. બીજી બાજુએ આ આદર્શ અને સ્વપ્ન સિધ્ધ થવાની વાત તો દૂર રહી, પણ પ્રબુધ્ધ જીવન ચાલે છે તેમ ચલાવવા માટે પણ આર્થિક અનુકુળતા એટલી જ અપેક્ષિત રહે છે. પ્રબુધ્ધ જીવનની ગ્રાહક સંખ્યા અતિ મર્યાદિત છે એ કોઇ અજાણી યા ગુપ્ત વાત નથી. પણ સાથે એટલી ખબર જરૂર છે કે આજે પ્રબુધ્ધ જીવન અનેક પ્રશંસકોના ઊંડા પક્ષપાતનું પાત્ર બન્યું છે અને તેમાં કેટલાક ઉચ્ચ કોટિના વિદ્વાનો છે અને કેટલાક સ્થિતિ-સંપન્ન ગૃહસ્થો પણ છે. આ પ્રશંસકોને મારી નમ્ર વિજ્ઞપ્તિ છે કે "પ્રબુધ્ધ જીવન મારું અને આપનું સહિયારું યજ્ઞકાર્ય છે; હું તેમાં મારી સર્વ શકિત સંલગ્ન કરું છું; આપ પણ આપથી બને તેટલું અર્ઘ્ય આપો. પ્રબુધ્ધ જીવનની પ્રવૃત્તિ લોકસંગ્રહ–પોષક છે અને સતત વહેતી રાખવા યોગ્ય છે એવી આપની પ્રતીતિ હોય તો આપની એ પ્રતીતિ અને પ્રશંસાને આર્થિક રીતે પ્રબુધ્ધ જીવનને મદદરૂપ થવામાં અને બને તેટલા ગ્રાહકો મેળવી આપવામાં પરિવર્તિત કરવી એ આપણા સહિયારાપણામાંથી નીપજતો સ્વાભાવિક ધર્મ છે. આટલું જો આપ મન ઉપર લ્યો તો પ્રબુધ્ધ જીવનનું ભાવી સર્વ પ્રકારે ઉજ્જ્વળતર બનતું રહેવાનું એવી મારી સુદૃઢ શ્રદ્ધા છે."

તંત્રી, પ્રબુધ્ધ જીવન

ખોદ્યો ડુંગર અને–

(થોડા સમય પહેલાં બીકાનેર–ભીનાસર ખાતે અખિલ હિંદ જૈન સ્થાનકવાસી કોન્ફરન્સનું અધિવેશન ભરવામાં આવ્યું હતું તેના અનુ-સંધાનમાં યોજાયેલા સ્થાનકવાસી સાધુઓના સંમેલન અંગે કરવામાં આવેલી આલોચના.)

ભીનાસરમાં સ્થા. સાધુસંમેલન થઈ ગયું. દૂરદૂરથી સાધુઓ એ સંમેલનમાં ભાગ લેવા આવ્યા. સમાજને આશા હતી કે દોઢસો બસો સાધુઓ જો એકત્ર થાય તો સાધુસમાજની ઉન્નતિ અને સાથે સાથે શ્રાવક સમાજની ઉન્નતિ થશે. સાદડીમાં જ્યારે પ્રથમ સાધુસંમેલન થયું ત્યારે શ્રી કુંદનલાલ ફિરોદિયાજી તેમની વચ્ચે બેસતા અને જ્યાં ઘૂંચ આવતી ત્યાં તેનો એક પીઢ અનુભવી પુરુષની અદાથી ઉકેલ લાવતા એ સૌના અનુભવની વાત હતી. પણ કોણ જાણે શાથી કે સાધુસમાજના મનમાં એવું ભૂત ભરાઈ ગયું કે સાધુઓની બાબતમાં વળી શ્રાવકોની દખલ શા માટે હોવી જોઇએ ? આથી ભીનાસરના સંમેલનમાં સાધુઓની બેઠકમાં કોઈ પણ શ્રાવકનો સાથ લેવામાં આવ્યો નહિ. પરિણામ એ આવ્યું કે સાધુસમાજની ઘૂંચો વધતી જ ગઈ. અને કોઈ પણ સરળ પ્રશ્નનો પણ ઉકેલ કઠિન બની ગયો, પણ ખોટા અભિમાનની ગાંઠને કારણે તેઓમાંથી કોઇએ શ્રાવકોને બોલા-વવાની હિંમત કરી નહિ. અને આઠ દિવસ સુધી કૂરડીમાં ગોળ ભાંગ્યા કર્યો અને સંમેલનનું જે પરિણામ આવ્યું તે જે કોઈ બહાર જાણમાં આવ્યું છે તે ઉપરથી તારવીએ તો કહી શકાય કે ખોદ્યો ડુંગર અને કાઢ્યો ઉંદર.

એક તરફ ભારત સેવક સમાજ ભારતના સાધુઓને સંગઠિત કરી ભારત સરકારની સર્વોદયકારી યોજનામાં સાધુસમાજ કંઇ રીતે ભાગ લઈ સર્વતોમુખી ઉદયમાં પોતાનો ફાળો કેવી રીતે આપી શકે તેની વિચારણા કરી રહ્યો છે ત્યારે આપણો સ્થા. જૈન સાધુસમાજ કોને સચિત્ત માનવા કે અચિત અને તેને ભિક્ષામાં લેવા તો કઈ સ્થિતિમાં લેવા, બદામને કઇ સ્થિતિમાં લેવી, એલાયચીને કઇ રીતે ભિક્ષામાં લઈએ તો નિર્દોષ કહેવાય, કઈ તિથિએ સંવત્સરી ઉજવવી–આવી તુચ્છ વાતોમાં આઠ આઠ દિવસ વિતાવી નાખે એ સાંભળી ખરેખર મનમાં ગ્લાનિ થાય છે. અને આવા દૃષ્ટિશૂન્ય આવા સાધુ-સમાજના હાથમાં આપણા સમાજની નૌકાનું સુકાન હશે તો તે પાર પડશે કે નહિ એવી શંકા સહજ થઈ આવે છે.

સાધુસમાજમાંના જેઓ બહુમાન્ય સાધુઓ છે, અને જેઓ પોતાને આચારવંત અને કડક આચારવાળા ગણે છે તેઓને આગમ કે બીજા પુસ્તકો સંશોધિત કરી છપાવવામાં હવે પ્રાયશ્ચિત લેવા જેવું નથી લાગતું, પણ એ જ સાધુઓ સામે જ્યારે લાઉડસ્પીકરનો પ્રશ્ન આવે છે ત્યારે વિવેક ગુમાવી બેસે છે અને લાઉડસ્પીકરમાં બોલવાથી પાપ થાય છે એમ કહી પ્રાયશ્ચિતની વાતો કરે છે. સાધુઓનો મુખ્ય ધંધો કોઇ હોય તો તે ધર્મપ્રચારનો રહ્યો છે અને તેનું સાધન પુસ્તક-પ્રકાશન અને લાઉડસ્પીકર સરખી રીતે ઉપયોગી છે. જે સાધન તેમણે

પરંપરાથી સ્વીકારાયું છે તેમાં તો તેમને પાપની ગંધ નથી આવતી પણ યુવક સુધારક સાધુઓ લાઉડસ્પીકરની રજા માગે છે ત્યારે પાપનો હાઉ તેમની સામે ધરી લોકોની સામે તેમને પતિત અને હલકા પાડવાનો પ્રયત્ન કરે છે એ વસ્તુ સાધુસંમેલનના લાઉડસ્પીકરવાળા ઠરાવથી સ્પષ્ટ થઇ. સુધારક સાધુઓની એ ઉદારતા છે કે તેમણે લાઉડસ્પીકરનો ઉપયોગ કરી પ્રાયશ્ચિત લેવા સ્વીકાર્યું, પણ રૂઢ જૂના સાધુઓ વિવેકી બની તેમને સમજાવે તેની છૂટ આપી શકયા નહિ. અને સાધુસંમેલનનો ઠરાવ શ્રાવકની કોન્ફરંસમાં જ્યારે ચર્ચાયો ત્યારે રૂઢ સાધુઓના અનુયાયીઓએ જે હુલ્લડ મચાવ્યું એ જોઇને તો એમ થઇ આવ્યું કે આ રૂઢ્યુસ્ત સાધુઓ સમાજને સાચી દિશાએ લઈ જવા સર્વથા અસમર્થ છે. મામલો વિકૃત્યો ત્યારે જ તેમને સદ્‌બુદ્ધિ સૂઝી અને શ્રાવકસંમેલનમાં વચ્ચે પડીને સાધુઓએ લાઉડસ્પીકર સંબંધી ઠરાવ કર્યો છે તેનો મર્મ સમજાવ્યો કે "ભાઇઓ, જેઓ લાઉડસ્પીકર વાપરશે તેને અમે પાપી ગણ્યા છે, માટે તમારે હવે ધર્મનાશનો ભય રાખવો નહિ." સાધુની આ દોરવણી લોકોએ માની લીધી અને શાંત થઈ ગયા. આ બધું એક જ વસ્તુ સૂચવે છે કે સાધુઓએ લોકોના મનમાં જ એક ભૂત ભરાવ્યું છે તે એટલું પ્રબલ છે કે સ્વયં સાધુઓ પણ હવે એ ભૂતથી શ્રાવકોને બચાવી શકે તેમ તથી. અને પોતે પણ એ ભૂતથી બચી શકે તેમ નથી. આવી નાની બાબતમાં પણ જો વિવેક શૂન્યતા દાખવી શકાતી હોય તો સમાજોત્થાનના વિરાટ પ્રશ્નો ઉકેલવાનું સામર્થ્ય આપણે હવે બીજે જ શોધવું જોઇએ અને સાધુઓને પોતાને માર્ગે જવા દેવા જોઇએ.

સાધુ સમાજનું સંગઠન તો થયું અને કર્યું પણ એ સંગઠનનો ઉપયોગ કોઈ ઉચ્ચ ધ્યેયની સિદ્ધિ અર્થે હોય તો તો એ સંગઠનને ટકાવી રાખવું જોઇએ. પણ જો એ સંગઠનનો ઉપયોગ પ્રતિગામી તત્ત્વો પોતાની રૂઢિચુસ્તતા જાળવી રાખવા માટે જ કરવાના હોય તો પછી એવો સમય દૂર નહિ હોય જ્યારે પ્રગતિશીલ સાધુઓને એ સંગઠનનો ત્યાગ કરવો જ પડશે. આવું ન બને એટલા માટે જરૂરી છે કે તેમના આચાર્ય અને ઉપાચાર્ય અને બીજા પ્રતિષ્ઠિત સાધુઓ જરા ઉદારતાથી કામ લે અને જૂનાનવાનો સમન્વય સધાય એવો પ્રયત્ન કરે.

ભીનાસરના સાધુસંમેલને સમન્વયનો દેખાવ તો કર્યો છે, પણ દિલની ઉદારતાનાં દર્શન કરાવ્યા નથી. આશા રાખીએ આઠ દિવસની ચર્ચામાં તેમને એટલું તો જણાયું જ હશે કે સમયની ગતિ કઇ તરફ છે, અને ભાવી સંમેલનમાં એ ગતિને અનુરુપ કાર્યક્રમ કરવામાં આવે તો તેથી કાંઇક લાભ થવા સંભવ છે. માત્ર જો આવું કશું જ નહિ બને તો સંમેલનનું ભાવી નિશ્ચિત છે. અને તે સંગઠનમાં નહિ પણ વિઘટનમાં પરિણમશે એ નિશ્ચિત જ છે. સુધારક સાધુઓની ક્રાન્તિની આગને લાંબો વખત ભસ્માચ્છન્ન રાખી શકાય એવો સંભવ મને તો દેખાતો નથી. એ આગ બધું જ બાળીને ભસ્મ કરે એ પહેલાં તેને યોગ્ય માર્ગ આપવો જરૂરી છે. **દલસુખ માલવણિયા**

મહાવીર સ્વામી પણ જેલમાં?—

હું બિહારમાં એક જગ્યાએ જૈન લોકોનું મંદિર જોવા ગયો, ત્યાં મહાવીર સ્વામીની મૂર્તિ હતી. જેમ જેલમાં એક કોટ, પછી બીજો કોટ, એ પ્રમાણે હોય છે, અનેક દરવાજા હોય છે. તે જ પ્રમાણે કેટલાક કોટ અને દરવાજા ઓળંગીને હું મૂર્તિ પાસે પહોંચી શકયો. વળી જે રીતે જેલમાં બંદુક લઇને સંત્રી ઉભો હોય છે તેજ પ્રમાણે મંદિરમાં પણ સંત્રી ઉભો હતો. એક એક દરવાજા અમારે માટે ખોલવામાં આવ્યા અને આખરે અમે ત્યાં જઇ પહોંચ્યા, જ્યાં ભગવાન મહાવીર સ્વામીની નગ્ન મૂર્તિ હતી. અર્થાત્ એવા મહાપુરૂષની, કે જેમણે ઠંડી ગરમીથી બચવા વસ્ત્ર પહેરવું પણ ઉચિત નહોતું માન્યું. તેમનાં દર્શન માટે અમારે ત્યાં જવું પડયું કે જ્યાં હંમેશ દરવાજા બંધ રહે છે અને સીપાઇઓ ઉભેલા હોય છે ! જે મુકતાત્મા આપણા બિહારમાં નિઃસંકોચ નિર્ભયતાપૂર્વક જંગલે જંગલમાં ઘૂમતા હતા એમને આખરે બંદી શા માટે બનાવવામાં આવ્યા ? કારણ કે અંદરના ભાગમાં ઘણે ઠેકાણે આંગી અને સુવર્ણનો શણગાર કરવામાં આવ્યો હતો. આ સોનાનો પરિગ્રહ ભગવાન મહાવીર તો પસંદ કરતાં જ નહોતા. પણ એમના શિષ્યો મહાવીરની કરુણાના પણ ભકત છે અને સોનાની પ્રતિષ્ઠાને પણ નથી છોડી શકતા. કારણ કે તેઓ માને છે કે દુનિયામાં સુવર્ણનું જ સામ્રાજ્ય છે. આજે દુનિયાની સૌથી વધુ શકિત જે દેશમાં માનવામાં આવે છે એ અમેરીકામાં દુનિયાનું અડધોઅડધ સુવર્ણ છે. તો તેઓ મહાવીર પણ ઇચ્છે છે અને સુવર્ણ ઇચ્છે છે. તેમને બન્નેમાં નિષ્ઠા છે. બન્નેનો વિરોધ જોઈ શકાતો નથી. માટે ત્યાં બંદુકવાળાને ઉભો કરવો પડે છે ! મેં જ્યારે એ મૂર્તિનું દર્શન કર્યું ત્યારે મને તો એમ લાગ્યું કે એની આંખમાંથી આંસુ ટપકે છે. હું ત્યાં વધુ રોકાઈ શકયો નહી. અત્યંત ખિન્ન મને પાછો ચાલ્યો આવ્યો. ગયો હતો મહાપુરુષના દર્શન માટે, પણ દર્શન થયાં આપણાં દુર્દૈવનાં ! **વિનોબા ભાવે**

શ્રી કુલસિંહજી ડાભીને ધન્યવાદ

બાલદીક્ષાની અટકાયત એ માત્ર ભારતના કોઈ એક પ્રદેશનો પ્રશ્ન નથી પણ આખા ભારતનો છે—આ વાસ્તવિકતા ધ્યાનમાં લઇને શ્રી કુલસિંહજી ડાભીએ ભારતની લોકસભામાં બાલસંન્યાસદીક્ષા પ્રતિબંધક બીલ રજુ કર્યું છે તે માટે આજે તા. ૧૭–૪–૫૬ ના રોજ મળેલી મુંબઈ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિ શ્રી કુલચંદ્‌જી ડાભીને હાર્દિક ધન્યવાદ આપે છે અને ભારતભરમાં બાલદીક્ષાના અનિષ્ટની કાનુની અટકાયત કરવામાં તેમના આ પ્રયત્નને સત્વર સફળતા મળે એમ આજની સભા ઇચ્છે છે અને તેમના એ પ્રયત્નમાં સંઘ તરફથી શકય તેટલો સહકાર આપવાની આજની સભા શ્રી ડાભીને ખાત્રી આપે છે !

બાલદીક્ષા પ્રતિબંધક બીલનું બીનમુદતી મુલતવીકરણ

તા. ૨૬–૪–૫૬ ના રોજ મુંબઇ પ્રદેશની વિધાન પરિષદમાં બાલસંન્યાસદીક્ષા બીલને અનિશ્ચિત રીતે મુલતવી રાખવાની માગણી કરતાં એ બીલના પ્રણેતા શ્રી પ્રભુદાસ બાલુભાઈ પટવારીએ એ મતલબનું નિવેદન કર્યું હતું કે "વિધાન પરિષદમાં રજુ કરવામાં આવેલા આ બીલે બાલદીક્ષાના પ્રશ્ન ઉપર સમસ્ત ભારતનું ચિત્ત કેન્દ્રિત કર્યું છે, અને આ પ્રશ્ન અખિલ ભારતનો પ્રશ્ન બન્યો છે જેના પરિણામે જાણીતા સામાજિક કાર્યકર શ્રી કુલસિંહજી ડાભી આ જ મતલબનું બીલ ભારતની લોકસભામાં દાખલ કરવા પ્રેરાયા છે. એ બીલ જો લોકસભામાં પસાર થાય તો પછી આ બીલને અહિં આગળ ચલાવવાની જરૂર ન રહે. આ હકીકત ખ્યાલમાં રાખીને જ્યાં સુધી એ બીલનું પરિણામ ન આવે ત્યાં સુધી આ બીલની ચર્ચા મુલતવી રાખવી ઇચ્છનીય લાગે છે અને તેથી આ બીલને માટે કોઇ ચોક્કસ તારીખ મુકરર કર્યા સિવાય આગળ ઉપર જ્યારે જરૂર જણાય ત્યારે આ બીલને આગળ ચલાવી શકાય એ ખ્યાલપૂર્વક આ બીલને હાલને તબકકે મુલતવી રાખવાની હું દરખાસ્ત કરું છું અને બીલના પહેલા વાંચન બાદ આ બીલને સર્વાનુમતે પસાર કરવા બદલ વિધાન પરિષદના સભ્યો પ્રત્યે હું ઉંડા આભારની લાગણી પ્રદર્શિત કરું છું" આ ઉપરથી માલુમ પડશે કે આ બીલ પાછું ખેંચી લેવામાં આવ્યું છે એવા સમાચાર કોઇ કોઇ છાપાઓમાં પ્રગટ થયા છે તે ખોટા અને ગેરસમજુતી ઉભી કરનારા છે.

વિષય સૂચિ		પૃષ્ઠ
અંબર ચરખો		૧
બોધિ–સત્ત્વ	સ્વ. ધર્માનન્દ કોસમ્બી	૩
સંઘની સામયિક પ્રવૃત્તિ	તંત્રી	૬
બોધો ડુંગર અને–	દલસુખ માલવણિયા	૭
મહાવીરસ્વામી પણ જેલમાં ?	વિનોબા ભાવે	૮
જ્ઞાતૃપુત્ર મહાવીર	શાન્તિલાલ શાહ	૯

જ્ઞાતપુત્ર મહાવીર

(મહાવીર જયન્તી–તા. ૨૩–૪–૫૬–ના રોજ રાત્રીના મુંબઈ ઓલ ઇન્ડીઆ રેડીઓ મથકેથી મુંબઈ પ્રદેશના મજુર પ્રધાન શ્રી શાન્તિલાલ શાહે રજુ કરેલું વાયુ પ્રવચન ઓલ ઇન્ડીઆ રેડીઓની અનુમતિથી નીચે પ્રગટ કરવામાં આવે છે. –તંત્રી)

ભગવાન મહાવીર જૈન આગમોમાં નાતપુત્ત તરીકે જાણીતા છે. બૌદ્ધ પિટકોમાં પણ એમનું એ જ નાથપુત્ત વિશેષણ છે. સંસ્કૃતમાં જ્ઞાતપુત્ર યા જ્ઞાતૃપુત્ર શબ્દ છે. જે વંશમાં ભગવાનનો જન્મ થયેલો તે વંશ જ્ઞાતૃવંશ તરીકે સુપ્રસિદ્ધ હતો. એ વંશ આજે પણ હયાત છે. જ્યાં ભગવાનનો જન્મ થયેલ તે વૈશાલી યા તેનું એક ક્ષત્રિયકુંડ નામનું પરું હતું, જેના અવશેષો આજે પણ છે અને એ જ પ્રાચીન મહાનગરી વૈશાળી અત્યારે બસાઢ જેવા તરીકે હયાત છે. ગંગાની ઉત્તરે મુઝફ્ફરપુરથી પચીસેક માઇલ પર બસાઢ આવેલું છે.

જૈન આગમોમાં મહાવીર 'દીર્ઘતપસ્વી' તરીકે વર્ણવાયા છે. બૌદ્ધ પિટકોમાં પણ એમનો નિર્દેશ તપસ્વી તરીકે આવે છે, અને એમને નિગ્ગન્થ પણ કહેલ છે. વળી, મહાવીરનાં ધર્મમાર્ગને 'ચાતુર્યામ' માર્ગ તરીકે ઓળખાવેલ છે. રાજગૃહના નૃપતિ શ્રેણિક યા બિમ્બિસાર અને તેનો પુત્ર કોણિક યા અજાતશત્રુ એ બંને જેમ બુદ્ધને સત્કારતા તેમ મહાવીરને પણ માનતા અને સત્કારતા. એ સિવાય પણ રાજગૃહ, વૈશાલી, કૌશાંબી અને શ્રાવસ્તી વગેરે નગર–નગરીઓમાં અનેક વ્યક્તિઓ એવી હતી જે બુદ્ધ અને મહાવીર બંનેના સંસર્ગમાં આવતી. બુદ્ધનો વિહાર જેમ ગંગાની દક્ષિણે અને ઉત્તરે થતો તેમ મહાવીરનો વિહાર પણ મુખ્યપણે એ જ પ્રદેશમાં થતો. આમ એ બંને મહાપુરુષો જેમ સમકાલીન હતા, તેમ સમાન પ્રદેશમાં વિચરતા, તેમ જ ધર્મપ્રવર્તન કરતા.

આગમી વૈશાખ શુદ પૂનમે બુદ્ધની ૨૫૦૦મી નિર્વાણજયન્તી છે. મહાવીરના નિર્વાણનું ૨૪૮૩મું વર્ષ ચાલે છે. મહાવીરનું આયુષ્ય ૭૨ વર્ષનું અને બુદ્ધનું ૮૦ વર્ષનું હતું. મહાવીર બુદ્ધના સમકાલીન છતાં ઉમરે બુદ્ધથી નાના હતા અને બુદ્ધના નિર્વાણ પછી પણ થોડાંક વર્ષ તેઓ હયાત હતા એવો

બુદ્ધ અને મહાવીર જે મત પ્રમાણભૂત પંડિતોનો છે. વેદને પૂર્ણ પ્રમાણ તરીકે બંને શ્રમણ પરંપરાના પ્રતિનિધિ છે. બ્રાહ્મણ સિવાય ઇતર વર્ણ સ્વીકારે, તેને અનુસરી યજ્ઞયાગાદિ કરે, બ્રાહ્મણ અનુયાયી રહ્યા હતું ગુરુપદ ન સ્વીકારે તે બ્રાહ્મણપરંપરાનો ધરાવે છે. એને વેદાનું શ્રમણપરંપરા એથી સાવ જુદી માન્યતા માન્ય કે નથી ત્રા પ્રામાણ્ય માન્ય નથી; નથી યજ્ઞયાગાદિની પ્રક્રિયા બુદ્ધ અને મહાવીર બ્રાહ્મણને જ ગુરુ માનવાનો આગ્રહ. આથી કરીને સામનો અનિવાર્ય નેને પોતપોતાના કાર્યક્ષેત્રમાં બ્રાહ્મણ પરંપરાનો લોકભાષા માગ તે કરવો પડતો, અને બંને પોતાની સમકાલીન પરિસ્થિત જ ધર્મોપદેશ કરતા.

બુદ્ધે પોતાનું, બુદ્ધ અને મહાવીર વચ્ચે કેટલીક અસમાનતા પણ હતી. બધી પ્રચલિત ધર્મપરંપરાઓનો આશ્રય લીધા છતાં અંતે એ અને પરંપરાઓ છોડી સ્વતંત્રપણે પોતાનો મધ્યમમાર્ગી ધર્મ સ્થાપ્યો, નવું ધર્મચક્ર પ્રવર્તાવ્યું, જ્યારે મહાવીરે કોઇ નવા ધર્મની સ્થાપના નથી કરી. તેમણે તો પોતાની પૂર્વે થયેલ પાર્શ્વનાથના ચાતુર્યામ ધર્મ કે નિગ્રન્થધર્મનો જ સ્વીકાર કર્યો અને પાર્શ્વનાથની પરંપરામાં ચાલ્યા આવતા ગૃહસ્થ અને સાધુવર્ગમાં રહીને જ પોતાનું જીવનકાર્ય વિકસાવ્યું. બુદ્ધને નવો માર્ગ સ્થાપવામાં મુશ્કેલી નડી, તો મહાવીરને પૂર્વપ્રચલિત પરંપરાનું શુદ્ધીકરણ તેમ જ ઉત્થાન સાધવામાં ભારે મુશ્કેલી પડી. છતાં બંને પોતપોતાના કાર્યમાં સફળ થયા.

બુદ્ધ શાક્ય નામના ક્ષત્રિયવંશમાં થયા, તો મહાવીર જ્ઞાત નામના ક્ષત્રિય વંશમાં થયા. તે કાળે શ્રમણપરંપરાના જે મુખ્ય નાયકો થયા અને હતા અગર તે પરંપરાના અસાધારણ પુરસ્કર્તા થયા તે બધા મુખ્યપણે ક્ષત્રિયવંશી થયા છે. શ્રમણપરંપરામાં બ્રાહ્મણો ભળ્યા છે, પણ તેઓ મુખ્ય નાયક ન બનતાં શિષ્ય યા અગ્રશિષ્ય તરીકે જ આવ્યા છે. જન્મથી વૈદિક પરંપરામાં સંસ્કાર પામેલ અને એ જ પરંપરાના કૌટુંબિક કે સામાજિક સંસ્કાર ધરાવતો હોય તેને માટે એ પરંપરા ઉપર મૂળમાંથી જ ઘા કરનાર શ્રમણ પરંપરાના મુખ્ય નાયક બનવાનું કામ પહેલેથી આજ સુધી ઇતિહાસમાં અઘરું જ રહ્યું છે. આમ છતાં ઉત્ક્રાન્તિશીલ અને સ્વતંત્ર પ્રકૃતિના અનેક બ્રાહ્મણો એવા થયા છે કે જેમણે શ્રમણપરંપરામાં દાખલ થઇ એનું ગૌરવ વધાર્યું છે. આના દાખલાઓ જેમ ઉપનિષદોમાં તેમ બૌદ્ધ પિટકો અને જૈન આગમોમાં પણ છે. આને પરિણામે બ્રાહ્મણ અને શ્રમણ સંસ્કારોનો ઘણી બાબતોમાં વિનિમય પણ થતો રહ્યો છે અને સમન્વય પણ સધાતો રહ્યો છે. બુદ્ધના શિષ્યોમાં અનેક બ્રાહ્મણો હતા તેમ મહાવીરના મુખ્ય ગણધરો પણ બ્રાહ્મણો જ હતા.

જો કે બુદ્ધ અને મહાવીરના સંઘના દ્વારો બધા વર્ણ માટે એકસરખી રીતે ખુલ્લાં હતાં, છતાં બંનેના સંઘમાં મુખ્ય ભાગ તો ગૃહપતિ યા ખેતી–વ્યાપાર કરનાર વર્ગનો તેમ જ ક્ષત્રિયવર્ગનો રહ્યો છે.

ભગવાન મહાવીરના પિતા સિદ્ધાર્થ અને માતા ત્રિશલા. મહાવીરનું લગ્ન થયું હતું અને તેમને એક પુત્રી પણ હતી એવી પરંપરા સાથે એવી પણ માન્યતા ચાલી આવે છે કે મહાવીરનું લગ્ન થયું જ ન હતું. પરંતુ એ બાબતમાં મતભેદ નથી કે મહાવીરે ૩૦ વર્ષની ઉંમરે ગૃહત્યાગ કરી સાધુપદ સ્વીકાર્યું.

મહાવીરના જીવનમાંથી બાલ્યકાળ, કુમારકાળ અને તરુણકાળની કેટલીક વિગતો મળી આવી છે, પણ તે વિગતોમાં કવિકલ્પનાના અનેક રંગો પુરાયા છે. લલિતવિસ્તર અને અશ્વઘોષના બુદ્ધચરિતમાં જે રંગો અને કલ્પનાઓ બુદ્ધના જીવન પરત્વે છે તેવી જ કલ્પનાઓ મહાવીરના જીવનમાં પણ ચમત્કાર તરીકે આવે છે. વાલ્મીકિએ રામના જીવનમાં અને વ્યાસે કૃષ્ણના જીવનમાં ચમત્કારો વર્ણવ્યા છે તેમ બુદ્ધ અને મહાવીરના જીવન વિશે પણ બન્યું છે.

છતાં મહાવીરના જીવનમાં મહત્ત્વનો, અને વધારે મહત્ત્વનો, ભાગ ભજવનારી અવસ્થા એ એમની સાધક અવસ્થા છે. આ અવસ્થાનું ટૂંકું પણ સચોટ અને સાચું ચિત્ર જૂનામાં જૂના કહી શકાય તેવા આચારાંગના એક અધ્યયનમાં સચવાઇ રહ્યું છે. એ સૂચવે છે કે મહાવીરે સાધનાકાળ દરમિયાન બહુ તપોમય કઠોર જીવન વ્યતીત કરેલું. તેમની એ કઠોર સાધના કયા આધ્યાત્મિક સિદ્ધાંત ઉપર પ્રતિષ્ઠિત હતી અને એ સાધનાનો અંતિમ ઉદ્દેશ શો હતો એ મુદ્દાની હકીકત પૂરેપૂરી સચવાઇ રહી છે અને તે જ ખરી રીતે મહાવીરના જીવન-સર્વસ્વનું રહસ્ય છે.

પહેલેથી પ્રચલિત એવી આધ્યાત્મિક પરમ્પરામાંથી અને ખાસ કરીને કુટુંબ તેમ જ સમાજ દ્વારા પોષાયેલી ભગવાન પાર્શ્વનાથની સંસ્કારપરમ્પરામાંથી ભગવાન મહાવીરને જન્મથી જ આધ્યાત્મિક પાયના સિદ્ધાન્તો વારસામાં મળ્યા હતા. તે આ રહ્યા : (૧) દેહના નાશ સાથે જ જીવન સમાપ્ત ન થવાનો પુનર્જન્મનો સિદ્ધાન્ત યા સ્વતંત્ર આત્મતત્ત્વનો સિદ્ધાન્ત. (૨) પુનર્જન્મના ચક્રનું અને જીવનગત સમતા–વિષમતાનું મુખ્ય કારણ જીવે પોતે જ ઉપાર્જિત કરેલ કર્મ યા સંસ્કાર છે અને તેનાં ફળ મેળવવામાં કે ભાવિ નિર્માણમાં કોઈ દેવ યા ઇશ્વરનો હાથ નથી. જીવ યા આત્મા પોતે જ પોતાનું ભાવી નિર્માણ કરવા સ્વતંત્ર છે. તેથી કરીને તેની સહજ શક્તિઓનો વિકાસ માત્ર તેના પુરુષાર્થ ઉપર જ અવલંબિત છે. (૩) કીટ–પતંગથી માંડી માનવકોણી સુધીમાં સ્થૂળદૃષ્ટિએ ગમે તેટલો કક્ષાભેદ દેખાતો હોય, હોય, છતાં સમગ્ર જીવરાશિમાં તાત્ત્વિક દૃષ્ટિએ ચૈતન્યશક્તિ એક જેવી સમાન જ છે.

જેમ ઉપર સૂચવેલ પાયાના સિદ્ધાન્તો ભગવાનને વારસામાં મળેલા, તેમ એ સિદ્ધાન્તો પ્રમાણે જીવન જીવવાની કેટલીક પ્રથાઓ

પણ કૌટુમ્બિક પરંપરા દ્વારા પ્રાપ્ત થયેલી. ભગવાનનો આત્મા મૂળે જ વિશેષ સંવેદનશીલ, પુરુષાર્થી અને દૃઢસંકલ્પી લાગે છે. તેથી જ તેમણે એ ધર્મસિધ્ધાન્તોને જીવનમાં પૂરેપૂરા સાકાર કરવા નિશ્ચય કર્યો અને સાધના પ્રારંભી. એમની એ સાધનાના પ્રેરક બળો મુખ્યપણે બે છે. એક તો આત્મૌપમ્ય સિધ્ધ કરવાની વૃત્તિ અને બીજું તે સિધ્ધ કરવાના પ્રયત્નમાં આવી પડતા નાના-મોટા બધા જ ઉપસર્ગો સામે ટકી રહેવાની અણનમ ક્ષાત્રવૃત્તિ.

બાર વર્ષની એકલવિહારી અપરિગ્રહી સાધનાનો અંત સંગમ અસુરના વિજયમાં થાય છે. કથાનકોમાં કહેવાયું છે કે સંગમ નામના એક દ્વેષી અસુરે છ મહિના લગી ભગવાનને કઠોરતમ ઉપસર્ગો આપ્યા. પણ એ તો રૂપક જ હોઈ શકે. જેમ તથાગતે મારનો વિજય કર્યો એટલે કોઇ અસુરનો વિજય નહિ, પણ વાસનાનો વિજય એ જ ખરો અર્થ છે, મહાદેવના કામવિજયનો ખરો અર્થ પણ એ જ છે, તેમ મહાવીરે સંગમને નમતું ન આપ્યું એનો અર્થ એ જ છે કે કામ, લોભ આદિ વિકારોના ઉત્કટ વેગોને વશ એ ન થયા અને એ વેગોનું છેવટે સદ્‌વૃત્તિઓ રૂપે ઊર્ધ્વીકરણ કર્યું. અહીં જ એમની સાધના પૂરી થઈ અને છેલ્લાં ત્રીસ વર્ષો લગી સતત ધર્મપ્રવર્તન કર્યું.

ધર્મસાધનાના અનેક ઉદ્દેશો ઇતિહાસમાં નોંધાયા છે, પરંતુ ભગવાનનો ઉદ્દેશ ન હતો ઐહિક અભ્યુદયનો કે ન હતો પારલૌકિક દૈવી સમ્પત્તિનો. એમનો એકમાત્ર ઉદ્દેશ હતો જીવનમાં અનુભવાતા સમગ્ર મળો અને વાસનાઓને નિર્મૂળ કરી ચૈતન્યની સમ્પૂર્ણ શુધ્ધિ સાધવાનો. ભગવાનનો જે ધર્મ-ઉપદેશ સચવાયો છે અને એમની સંઘપરંપરાની વિચારસરણી તેમ જ જીવનચર્યામાં જે ભાવનાની ઝાંખી થાય છે તે એ જ છે કે મનુષ્યત્વ પ્રાપ્ત કર્યા પછી તેનું અન્તિમ લક્ષ્ય અજ્ઞાત તેમ જ કષાયથી મુક્તિ મેળવવી એ છે.

એ જ ધ્યેયને નજર સામે રાખી ભગવાન મહાવીરે તત્ત્વજ્ઞાન અને આચારનો ઉપદેશ આપ્યો છે; એ જ ધ્યેયને વિસ્તારવા તેમણે ધર્મસંઘ સ્થાપ્યો છે; એ જ ધ્યેયની પુષ્ટિ માટે તેમણે પાર્શ્વનાથથી ચાલી આવતી નિર્ગ્રન્થ-પરંપરામાં આવી ગયેલી શિથિલતા નિવારવા આચારના નિયમો-ઉપનિયમોમાં ફેરફાર અને સુધારા પણ કર્યા છે અને એ જ ધ્યેયની દૃષ્ટિએ તેમણે સત્યને સંપૂર્ણ વફાદાર રહેવાનો અનેકાન્તવાદ નિરૂપ્યો છે.

ભગવાનના સંઘમાં મુખ્ય બે વર્ગ: ગૃહસ્થ અને ત્યાગી. જેની જેટલી ત્યાગશક્તિ અને રુચિ હોય તે એ પ્રમાણે ધર્મ પાળે, પણ ધર્મના ઓઠા તળે કોઈ થોડો પણ દંભ ન સેવે-એ વાત ઉપર ભગવાન મહાવીરે બહુ ભાર મૂક્યો છે. એથી જ જેઓ સમૃદ્ધ કે ધનિક હતા તેમનામાં ત્યાગરુચિ કેળવાય એવો ઉપદેશ આપ્યા છતાં કૃત્રિમ ત્યાગથી દૂર રહેવાની વારંવાર સૂચના કરે છે.

એ તો ઐતિહાસિક સત્ય છે કે ભગવાન મહાવીરની નિર્ગ્રન્થ-પરંપરા જે અત્યારે જૈન પરંપરાના નામથી જાણીતી છે તે આ દેશમાં સતત અસ્તિત્વમાં રહી છે અને દેશનો એવો એકેય ખૂણો નથી કે જ્યાં તેણે કયારેક ને કયારેક પ્રતિષ્ઠિત સ્થાન પ્રાપ્ત કર્યું ન હોય. આજે જ્યાં જૈનોની વસ્તી નથી કે નામની છે ત્યાં પણ એ પરંપરાના પ્રાચીન સ્મારકો મળી આવે છે.

જૈન પરંપરાને કાયમી જશ અપાવે એવી ત્રણ બાબતો છે. (૧) આત્મૌપમ્યના સિદ્ધાન્ત ઉપર પ્રતિષ્ઠિત થયેલી અહિંસાની વ્યવહારુ ભાવના, (૨) માંસ, મદ્ય, જુગાર, શિકાર આદિ દુર્વ્યસનોને નિવારવા ઉપર અપાયેલ ભાર અને તે માટે થયેલ ઐતિહાસિક પુરુષાર્થ અને (૩) ઉપાસના અર્થે ચૈત્યો, મંદિરો, અને તીર્થો બાંધવાની પ્રથા. તેમાંય કળામય મંદિરોની બાંધણી તેમ જ પંથ કે મતભેદનો આગ્રહ રાખ્યા વિના દરેક પરંપરાના ઉત્તમોત્તમ સાહિત્યનો પોતાના ભંડારોમાં કાળજીપૂર્વક સંગ્રહ.

શાન્તિલાલ હ. શાહ

ભગવાન મહાવીરે પ્રરૂપેલો આચારધર્મ

કેટલાંક સૂકતો

ભગવાન મહાવીરના વિચાર અને આચારના સુસંવાદી પરિપાકરૂપ જે ઉપદેશો આપણને વારસામાં મળ્યા છે તે સમગ્ર માનવજાતિ માટે એકસરખી રીતે સદાકાળ પાથેય બની રહે તેવા છે. તેમાંથી થોડાક આ રહ્યા:-

૧ માણસાઈનું મૂળ સ્વરૂપ એ છે કે તેણે સમગ્ર જીવસૃષ્ટિ પ્રત્યે મિત્રભાવ કેળવવો અને કોઇ સાથે વેરવૃત્તિ ન પોષવી; કારણ કે, બધા જીવો આપણી પેઠે જ જીવવા માગે છે, મરવા નહિ.

> मित्ती मे सव्वभूएसें वेरं मज्झं न केणइ ॥
> सव्वे जीवे वि इच्छन्ति जीविउं न मरिज्जिउं ॥

૨ માણસે પોતાની આસપાસના અણગમતા કે ગમતા સંસારને ભાંડવા કે વધાવવાનું છોડી દઇ બધા અનિષ્ટ કે ઇષ્ટનાં મૂળો પોતાની જાતમાં જ જોવાં અને એ અન્તર્નિરીક્ષણ દ્વારા આત્મશક્તિને વિશ્વાસે પુરુષાર્થ કેળવવો; કેમકે,

> अप्पा कत्ता विकत्ता य, दुक्खाण य सुहाण य ।
> अप्पा मित्तममित्तं च, दुप्पट्ठिय सुपट्ठिओ ॥
> अप्पा नई वेयरणी, अप्पा मे कूडसामली ।
> अप्पा कामदुहा धेणू, अप्पा मे नन्दणं वणं ॥
> अप्पा कत्ता विकत्ता य, दुहाण य सुहाण य ।
> अप्पा मित्तममित्तं च, दुप्पट्ठिय सुपट्ठिओ ॥
> अप्पा दन्तो सुही होइ अस्सिं लोए परत्थ य ।
> अप्पा दन्तो सुही होइ, अस्सिं लोए परत्थ य ॥

૩ બધું સુલભ છે યા હોઈ શકે, પણ વિવેકી માણસને ચાર વસ્તુઓની દુર્લભતા સમજાય છે: પહેલું તો મનુષ્યત્વ, બીજું સત્ય અને પરમાર્થનું શ્રવણ, ત્રીજું પરમાર્થ વિશે શ્રધ્ધા બેસાડવી અને ચોથું એ માટેના સંયમી જીવનનો પુરુષાર્થ.

> दुल्लहाणीह जन्तुणा ।
> चत्तारि परमंगाणि, दुल्लहाणीह जन्तुणा ।
> जमम्मि य वीरियं ॥
> माणुसत्तं सुई सद्धा, संजमम्मि य वीरियं ॥

૪ બધી પ્રવૃત્તિ, ખાસ કરી આવશ્યક પ્રવૃત્તિ, કરવા છતાં તેથી ન લેપાવાની ચાવી એકમાત્ર વિવેકી વર્તન યા યતનામાં સમાયેલી છે, તેમ જ દયા કે કોઇ પણ સદ્‌ગુણ કેળવવાની પ્રથમ ભૂમિકા એ સાચી સમજણ છે અર્થાત્ સમ્યગ્જ્ઞાન છે.

> जयं चरे जयं चिट्ठे जयमासे जयं सए ।
> जयं भुंजन्तो भासन्तो पावं कम्मं न बन्धइ ॥

૫ આચાર્ય શ્રી અમિતગતિએ મૈત્રી આદિ ચાર ભાવનાઓનો જે વિષયવિભાગ યોગ્ય રીતે દર્શાવ્યો છે તેમાં ભગવાન મહાવીરનો આત્મા પ્રતિધ્વનિત થાય છે.

> सत्त्वेषु मैत्रीं गुणिषु प्रमोदं, क्लिष्टेषु जन्तुषु कृपापरत्वम् ।
> माध्यस्थ्यभावं विपरीतवृत्तौ, सदा ममाऽत्मा विदधातु देव ! ॥

હે દેવ, પ્રાણીઓ વિષે મૈત્રી, ગુણીજનો વિષે પ્રમોદભાવ, દુઃખી જીવો વિષે કરુણા અને દુર્જનો વિષે મારા દિલમાં સદા મધ્યસ્થભાવ જાગૃત રહો !

પ્રબુધ્ધ જીવન માટે લવાજમ-રાહત યોજના

પ્રબુધ્ધ જીવનનો વિશેષ પ્રચાર થાય એ હેતુથી પ્રબુધ્ધ જીવનના એક પ્રશંસક મિત્રે ઇચ્છા દર્શાવી છે કે તેમણે સૂચવેલી લવાજમ-રાહત યોજના નીચે જે કોઇ વ્યકિત પ્રબુધ્ધ જીવનનો ગ્રાહક થવા ઇચ્છશે તે વ્યકિત પહેલાં વર્ષ માટે રૂા. ૨ સંઘના કાર્યાલયમાં ભરી મોકલી અથવા મનીઓર્ડરથી મોકલીને ગ્રાહક થઇ શકશે. આ લવાજમની રાહતનો લાભ ૧૦૦ ગ્રાહકો સુધી આપવામાં આવશે. તો જે વ્યકિત આ રીતે પ્રબુધ્ધ જીવનના ગ્રાહક થવાની ઇચ્છા હોય તેણે તે મુજબ સત્વર જણાવીને સંઘના કાર્યાલયમાં રૂા. ૨ ભરી જવા અથવા મનીઓર્ડરથી મોકલી આપવા.

૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩. **વ્યવસ્થાપક, પ્રબુધ્ધ જીવન**

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૩.
મુદ્રણસ્થાન : જસ્મી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મરજીદ બંદર રોડ, મુંબઈ ૯. ફો. નં. ૩૪૬૨૯

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

પ્ર. જૈનવર્ષ ૧૪–પ્ર. જીવનવર્ષ ૪
અંક ૨

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, મે ૧૫, ૧૯૫૬, મંગળવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ : ત્રણ આના

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

તથાગતની વિશિષ્ટતાનો મર્મ

(આગામી ૨૪ મી તારીખે હિંદભરમાં ભગવાન બુદ્ધની ૨૫૦૦ મી નિર્વાણ જયન્તી બહુ મોટા પાયા ઉપર ઉજવવાની છે. આ જયન્તી આસપાસના પ્રબુદ્ધ જીવનના અંકોમાં પં. સુખલાલજી તરફથી મળેલ આ લેખ પ્રગટ કરતાં હું અત્યન્ત આનંદ અનુભવું છું. મે માસના અખંડાનંદમાં આ લેખ પ્રગટ થઇ ચુકયો છે એ જાણવા છતાં આ બહુમૂલ્ય લેખને જેટલી પ્રસિધ્ધિ મળે અને જેટલો વધારે વંચાય એટલું વધારે ઇચ્છવા યોગ્ય લેખીને પ્રબુધ્ધ જીવનમાં આ લેખ પ્રગટ કરવા હું આકર્ષાયો છું, પ્રસ્તુત લેખમાં પંડિત સુખલાલજી ભગવાન બુધ્ધના અપ્રતિમ વ્યકિતત્વને એક મર્મજ્ઞ પંડિતની અદ્દાથી અગ્રતિમ રીતે રજુ કરે છે અને ભગવાન બુધ્ધના અપૂર્વ સંવેદનશીલ આત્માનું આપણને અતિ રોચક અને ઉર્ધ્વગામી દર્શન કરાવે છે. પરમાનંદ)

તથાગત બુદ્ધની ૨૫૦૦મી પરિનિર્વાણ જયંતી ઊજવાય છે અને તે ભારતમાં. ભારતમાં બુદ્ધના સમયથી માંડી અનેક સૈકાઓ સુધી બૌધ અનુયાયીઓની સંખ્યા ઉત્તરોત્તર વધતી રહેલી. એમાં એવી ઓટ આવી કે આજે ભારતમાં તળપદ બૌદ્ધો ગણ્યાગાંઠ્યા જ છે. પરંતુ ભારતની બહાર છતાં ભારતની ત્રણ–ઉત્તર, દક્ષિણ અને પૂર્વ–દિશામાં એશિયામાં જ બૌદ્ધોની તથા બૌદ્ધપ્રભાવવાળા ધર્મના અનુયાયીઓની સંખ્યા એટલી બધી વિશાળ છે કે જેથી દુનિયામાં તે ધર્મનું સ્થાન બહુ અગત્યનું છે.

આમ છતાં ભારત બહારના કોઇ પણ બૌદ્ધ દેશમાં એ જયંતી ન ઊજવાતાં ભારતમાં જ ઊજવાય છે, અને તે પણ રાજ્ય અને પ્રજા બન્નેના સહકારથી. આજનું ભારતીય પ્રજાતંત્ર કોઈ એક ધર્મને વરેલું ન હોઇ અસામ્પ્રદાયિક છે, અને ભારતીય પ્રજા તો મુખ્યપણે બૌદ્ધ ધર્મ સિવાયના બીજા અનેક ધર્મપંથોમાં વહેંચાયેલી છે. એટલે સહેજે જ પ્રશ્ન થાય છે કે, રાજ્ય ને પ્રજા બુદ્ધજયંતી ઊજવે છે તેનું પ્રેરક બળ શું છે ?

મારી દૃષ્ટિએ આનો સાચો અને મૌલિક ઉત્તર એ છે કે, બૌદ્ધ એ ધર્મ અને પંથ હોવા છતાં તેના સ્થાપક ને પ્રવર્તક તથાગતમાં અસામ્પ્રદાયિક માનવતાનું તત્ત્વ જ પ્રધાનપણે હતું. કોઇ પણ એક ધર્મપુરુષના અનુયાયીઓ મૂળપુરુષના મૌલિક અને સર્વગ્રાહી વિચારને સંપ્રદાય અને પંથનું રૂપ આપી દે છે. તેને લીધે તે મૂળપુરુષ ક્રમે ક્રમે સામ્પ્રદાયિક જ લેખાય છે. પરંતુ તથાગત બુદ્ધનું મૂળ કાર્ય એવું છે કે તે વધારેમાં વધારે અસામ્પ્રદાયિક માનવતાની દૃષ્ટિ ઉપર રચાયેલું છે. એટલે બુદ્ધને એક માનવતાવાદી તરીકે જ જો જોઇ અને વિચારી શકીએ તો, સામ્પ્રદાયિકતાની ભાષામાં, જયંતીની ઉજવણી વિરુદ્ધ પ્રશ્ન ઉભો થતો જ નથી.

ભારત બહાર કરોડોની સંખ્યામાં બૌદ્ધો છે. કેટલાક દેશો તો આખા ને આખા બૌદ્ધો જ છે એ ખરું, પણ આવા વિશાળ બૌદ્ધ ધર્મના સ્થાપક અને પ્રવર્તકને જન્મ આપવાનું, તેની સાધનાને પોષવાનું અને તેના ધર્મચક્રને ગતિ આપવાનું સાંસ્કારિક તેમ જ આધ્યાત્મિક બળ તો ભારતનું જ છે. જો ભારતનું એ મૂળ સત્ત્વ ન હોત તો ન થાત બુદ્ધ કે ન પ્રસરત ભારત બહારેય બૌદ્ધ ધર્મ. ભારતમાં સંખ્યાબંધ ધર્મપુરુષો જન્મતા આવ્યા છે. અધ્યાત્મની પરાકાષ્ઠાએ પહોંચ્યા હોય એવા પણ પુરુષોની ખોટ ભારતે કયારેય અનુભવી નથી. આમ છતાં સુદૂર ભૂતકાળથી આજ સુધીનો ભારતનો ઇતિહાસ એટલું તો કહે જ છે કે સિદ્ધાર્થ ગૌતમે માનવતાના વિકાસમાં જેટલો અને જેવો ફાળો આપ્યો છે તેટલો અને તેવો ફાળો બીજા કોઈ એક ધર્મપુરુષે દુનિયાના ઇતિહાસમાં આપ્યો નથી. જો આમ છે તો ભારત જ્યારે બુદ્ધની જયંતી ઊજવે છે ત્યારે તે કોઈ એક સમ્પ્રદાય કે પંથને મહત્ત્વ અર્પે છે એમ ન માનતાં માત્ર એટલું જ માનવું પડે છે કે ભારત પોતાને અને દુનિયાને મળેલા સર્વોચ્ચ માનવતાના વારસની જયંતી ઊજવી રહ્યું છે. આ એક તાત્ત્વિક વાત થઇ.



ભગવાન બુદ્ધ
ચિત્રકાર : સેનાબહેન દેસાઇ

ભારત બહારના કોઈ પણ એક બૌદ્ધ દેશે, દાખલા તરીકે જાપાન કે ચીન જેવા વિશાળ રાષ્ટ્રે, બુદ્ધની આ જયંતી ભારત ઊજવે છે તે કરતાં પણ વધારે દમામથી અને કુશળતાથી ઊજવી હોત તો ભારતમાં ઊજવાનાર જયંતી કરતાં એમાં વધારે ગૌરવ આવત ? હું માનું છું કે એની કોઇ ઊજવણી માત્ર માગેલ કીંમતી અલંકાર જેવી બનત. જે દેશમાં બુદ્ધ જન્મ્યા, જ્યાં પરિવ્રાજક થઈ લોકો વચ્ચે ફર્યા અને જ્યાં તેઓ જ્ઞાન પામ્યા તેમ જ જીવનકાર્ય પૂરું કરી વિલય પામ્યા, ત્યાં તેમની જયંતીની ઉજવણી કેવી સાહજિક હોઈ શકે એ સમજવું વિચારવાનોને માટે જરાય મુશ્કેલ નથી. આ પ્રશ્નને માત્ર સામ્પ્રદાયિક કે રાજકીય દૃષ્ટિએ ન જોતાં માનવીય સંસ્કૃતિની દૃષ્ટિએ જોઇએ તો જ આવી ઉજવણીનું મુખ્ય પ્રેરક બળ ધ્યાનમાં આવે.

ગાંધીજીએ પોતાના જીવનકાળ દરમિયાન જ, અને જીવન પછીનાં

થોડાં જ વર્ષોમાં, વિશ્વના માનવતાવાદી લોકોના હૃદયમાં જે સ્થાન પ્રાપ્ત કર્યું છે તેના જેવું સ્થાન પ્રાપ્ત કરતાં બુદ્ધજીવનને તો સેંકડો વર્ષ લાગ્યાં. તેનું કારણ જમાનાની જુદાઇમાં રહેલું છે. બુદ્ધના જમાનામાં ગાંધીજી થયા હોત તો એમના માનવતાવાદી વિચારોને પ્રસરતાં, બુદ્ધના વિચારોને પ્રસરતાં લાગ્યો, તેટલો જ સમય લાગત. આજનાં વિચારવિનિમયનાં સાધનો એવાં ઝડપી છે કે જો તે જ બુદ્ધ આ જમાનામાં થયા હોત તો ગાંધીજીની પેઠે પોતાના જીવનકાળ દરમિયાન જ પોતાના વિચારોનો દૂરગામી પડઘો સાંભળી શકત. બુદ્ધનો માનવતાવાદી વિચાર, આટલા લાંબા વખત પછી પણ, એક જ સાથે આખા ભારતમાં અને દુનિયાભરમાં ગુંજે એ એક નવા જમાનાની અપૂર્વ સિદ્ધિ જ છે.

જો બુદ્ધનું વ્યક્તિત્વ આવું છે તો એ જાણવાની આકાંક્ષા સહેજે થઇ આવે છે કે બુદ્ધની એવી કઇ વિશેષતા છે કે જે તેમને બીજા મહાન આધ્યાત્મિક પુરુષોથી જુદા તારવી આપે છે? બુદ્ધના જીવનમાં, તેમના વિચાર અને આચારમાં અનેક બાબતો એવી છે કે જે ઇતર મહાન ધર્મપુરુષોના જીવનમાં અને વિચાર–આચારમાં પણ જોવા મળે છે. પણ થોડીક છતાં તરત નજરે તરી આવે એવી વિશેષતાઓને જો બરાબર સમજી લઇએ તો બુદ્ધના જીવનનું અને એમના વ્યક્તિત્વનું ખરું હાર્દ ધ્યાનમાં આવે. તેથી આ સ્થળે એ બાબત જ થોડોક વિચાર દર્શાવવા ધાર્યો છે.

ક્ષત્રિયવંશમાં જન્મ, શ્રમણ થઇ ગૃહત્યાગ કરવો, કઠોર તપ કરવું, ધ્યાનની ભૂમિકાઓનો અભ્યાસ કરવો, માર યા વાસનાને જીતી ધર્મોપદેશ કરવો, સંઘ રચવો, યજ્ઞયાગાદિમાં થતી હિંસાનો વિરોધ, લોકભાષામાં સીધું સમજાય તે રીતે ઉપદેશ કરવો અને ઉચ્ચ–નીચનો ભેદ ભૂલી લોકોમાં સમાનપણે હળવું મળવું ઇત્યાદિ બાબતોને બુદ્ધની અસાધારણ વિશેષતા લેખી ન શકાય; કેમ કે એવી વિશેષતાઓ તો બુદ્ધના પૂર્વકાલીન, સમકાલીન અને ઉત્તરકાલીન અનેક ધર્મપ્રવર્તક પુરુષોમાં ઇતિહાસે નોંધી છે. એટલું જ નહિ પણ એ વિશેષતાઓ ઘેરી કોઇ કોઇ વિશેષતા તો બુદ્ધ કરતાં પણ વધારે સચોટરૂપે અન્ય ધર્મપ્રવર્તક પુરુષોમાં હોવાનું ઇતિહાસ કહે છે. અને છતાંય બીજા એકકે ધર્મપ્રવર્તક પુરુષે બુદ્ધ જેવું વિશ્વવ્યાપી સ્થાન પ્રાપ્ત કર્યું નથી. તેથી વળી બુદ્ધની અસાધારણ વિશેષતા જાણી લેવાની વૃત્તિ પ્રબળતમ થઈ આવે છે. આવી વિશેષતાઓ ઘેરી કેટલીક આ રહી:

છેલ્લાં ત્રણ હજાર વર્ષના ધાર્મિક અને આધ્યાત્મિક ઇતિહાસને જોઇએ છીએ તો જણાય છે કે એટલા દૂર ભૂતકાળમાં બુદ્ધ સિવાય બીજો કોઇ એવો મહાન પુરુષ નથી થયો કે જેણે સ્વમુખે પોતાની જીવનગાથા અને સાધનાકથા જુદે જુદે પ્રસંગે, જુદા જુદા પુરુષોને ઉદ્દેશી સ્પષ્ટપણે કહી હોય અને તે આટલી વિશ્વસનીય રીતે સચવાઇ પણ હોય. દીર્ઘતપસ્વી મહાવીર હોય કે જ્ઞાની સોક્રેટીસ હોય, ક્રાઇસ્ટ હોય કે કૃષ્ણ હોય; તે બધાની જીવનવાર્તા મળે છે ખરી; પણ બુદ્ધે જે આપવીતી અને સ્વાનુભવ સ્વમુખથી, ભક્ષે છૂટો છૂટો, પણ, કહેલ છે અને તે સચવાયેલ છે, (જેમકે મજ્ઝિમ નિકાયના અરિયપરિયેસન, મહાસચ્ચક, સીહનાદ, મૂળદુકખક્ખન્ધ આદિ સુત્તોમાં તેમ જ અંગુત્તરનિકાય અને સુત્તનિપાત આદિમાં) તેવો અને તેટલો બીજા કોઇના જીવનમાં વર્ણવાયેલો જોવા નથી મળતો. મુખ્ય પુરુષ વિશેની હકીકત શિષ્યપ્રશિષ્યો દ્વારા જાણવા મળે, તે યથાવત્ પણ હોય, તોય તેનું મૂલ્ય જાતકથન કરતાં ઓછું જ છે, અને વધારે તો નથી જ. જાતકથન યા સ્વાનુભવવર્ણનમાં, તે કહેનારના આત્માના તારો જે મધુરતા અને સંવાદથી ઝણઝણી ઊઠે છે તે મધુરતા અને સંવાદ અન્ય દ્વારા પ્રાપ્ત થયેલ વર્ણનમાં ભાગ્યે જ સંભળાય. એ ખરું કે બુદ્ધજીવનના અનેક પ્રસંગો એમના શિષ્યપ્રશિષ્યોએ નોંધી રાખ્યા છે. ભક્તિ અને અતિશયોક્તિનો એમાં પુષ્કળ રંગ પણ છે; તેમ છતાં અનેક જીવનપ્રસંગો એવા પણ છે કે જે બુદ્ધે પોતે જ કહ્યા છે અને આસપાસનો સંદર્ભ તેમજ તે કથનની સહજતા જોતાં એમાં જરાય શંકા નથી રહેતી કે તે તે પ્રસંગોનું વર્ણન બુદ્ધે પોતે જ કરેલું છે. આ કંઈ જેવી તેવી વિશેષતા નથી. આજે, જ્યારે ચોમેર તટસ્થપણે લખાયેલ આત્મકથાનું મહત્ત્વ અંકાઈ રહ્યું છે ત્યારે, ૨૫૦૦ વર્ષ પહેલાંની એવી આત્મકથાનો થોડો પણ વિશ્વસનીય ભાગ મળે તો તે, એ કહેનાર પુરુષની જેવી તેવી વિશેષતા લેખાવી ન જોઇએ, કેમ કે એ સ્વાનુભવના વિશ્વસનીય થોડાક ઉદ્ગારો ઉપરથી પણ કહેનારના વ્યક્તિત્વનું સાચું મૂલ્યાંકન કરવાની સામગ્રી મળી જાય છે.

તથાગતની બીજી અને મહત્ત્વની વિશેષતા તેમની સત્યની અદમ્ય શોધ અને પ્રાણાન્તે પણ પીછેહઠ ન કરવાના સંકલ્પમાં રહેલી છે. ભારતમાં અને ભારત બહાર પણ અનેક સાચા સત્યશોધકો થયા છે. તેમણે પોતપોતાની શોધ દરમિયાન બહું બહુ વેઠ્યું પણ છે. પરંતુ તથાગતની તાલાવેલી અને ભૂમિકા એ જુદાં જ તરી આવે છે. જ્યારે એમણે હસતે મુખે માતા, પિતા, પત્ની આદિને વિલાપ કરતાં છોડી, પ્રવ્રજિત થઈ, નીકળી જવાનો ઐતિહાસિક સંકલ્પ કર્યો ત્યારે એમની પ્રાથમિક ધારણા શી હતી અને માનસિક ભૂમિકા શી હતી એ બધું, તેમણે એક પછી એક છોડેલ ચાલુ સાધનામાર્ગોનો તેમ જ છેવટે અંતરમાંથી ઊગી આવેલ સમાધાનકારક માર્ગનો વિચાર કરીએ છીએ ત્યારે, સ્પષ્ટપણે સમજાય છે, આધ્યાત્મિક શુદ્ધિ સિદ્ધ કરવાના ઉદ્દેશથી પ્રવ્રજિત થયેલાની સંખ્યા તે કાળે પણ નાની ન હતી. જો બુદ્ધનો માત્ર એટલો જ ઉદ્દેશ હોત તો તે સ્વીકારેલ એવા ચાલુ સાધનામાર્ગોમાં કયાંય ને કયાંય ઠરી ઠામ બેસત. પરંતુ બુદ્ધનો મહાન ઉદ્દેશ એ પણ હતો કે, કલેશ અને કંકાસમાં રચીપચી રહેતી માનવતાને ચાલુ જીવનમાં જ સ્થિર સુખ આપે એવા માર્ગની શોધ કરવી. બુદ્ધ તે વખતે અતિપ્રચલિત અને પ્રતિષ્ઠિત એવા ધ્યાન અને યોગ-ભણી પ્રથમ વળે છે. એમાં તેઓ પૂરી સિદ્ધિ પણ મેળવે છે, તોય એમનું મન ઠરતું નથી. આ શાને લીધે? એમના મનમાં થાય છે કે ધ્યાનથી અને યોગાભ્યાસથી એકાગ્રતાની શકિત અને કેટલીક સિદ્ધિઓ લાધે છે ખરી, એ સારી પણ છે, પરંતુ એનાથી સમગ્ર માનવતાને શો લાભ? આ અજંપો તેમને તે સમયે પ્રચલિત એવા અનેકવિધ કઠોર દેહદમન તરફ વાળે છે. તેઓ કઠોરતમ તપસ્યાઓ દ્વારા દેહને શોષી નાખે છે, પણ તેમના મનનું આખરી સમાધાન થતું નથી. આમ શાથી? એમને એમ થયું કે, માત્ર આવા કઠોર દેહદમનથી ચિત્ત વિચાર અને કાર્યશકિતમાં બીલવાને બદલે ઊલટું કરમાઇ જાય છે. એમણે તેથી કરીને એવું ઉગ્ર તપ પણ ત્યજ્યું, અને તે સાથે જ પોતાના પ્રથમના પાંચ વિશ્વાસપાત્ર સહચારી સાધકોને પણ ગુમાવ્યા. બુદ્ધ સાવ એકલા પડયા. એમને હવે કોઈ સંઘ, મઠ કે શિષ્યશાખાઓની ફૂંફ ન હતી. અને છતાં તેઓ પોતાના મૂળ ધ્યેયની અસિદ્ધિના અજંપાને લીધે નવી જ મથામણ અનુભવવા લાગ્યા. પણ બુદ્ધની મૂળ ભૂમિકા જ અસામ્પ્રદાયિક અને પૂર્વગ્રહ વિનાની હતી. તેથી તેમણે અનેક ગુરુઓ, અનેક સાથીઓ અને અનેક પ્રશંસકોને જતા કરવામાં જરાય હાનિ ન જોઈ; ઊલટું એમણે એ પૂર્વ પરિચિત ચેલાઓ ત્યજી એકલપણે રહેવા, વિચરવા અને વિચારવામાં વિશેષ ઉત્સાહ અનુભવ્યો. ઘરબાર બધું છોડાય, પણ સ્વીકારેલ પંથોના પૂર્વગ્રહો છોડવા એ કામ અઘરામાં અઘરું છે. બુદ્ધે એ અઘરું કામ કર્યું અને તેમને પોતાની મૂળ ધારણા પ્રમાણે સિદ્ધિ પણ સાંપડી. આ સિદ્ધિ એ જ બુદ્ધના વ્યક્તિત્વને વિશ્વવ્યાપી બનાવનાર અસાધારણ વિશેષતા છે.

નેરંજરા નદીને કિનારે, વિશાળ યોગાનમાં, સુંદર પ્રાકૃતિક દૃશ્યો વચ્ચે, પીપળાના ઝાડ નીચે, બુદ્ધ આસનબદ્ધ થઇ ઊંડા વિચારમાં ગરક થયેલ, ત્યારે એમના મનમાં કામ અને તૃષ્ણાના પૂર્વ સંસ્કારોનું દ્વંદ્વ શરૂ થયું. એ વૃત્તિઓ એટલે મારની સેના. બુદ્ધે મારની એ સેનાનો પરાભવ કરી જે વાસનાવિજય યા આધ્યાત્મિક શુદ્ધિ સાધી તેનો સ્વાનુભવ સુત્તનિપાતના પધાનસુત્તમાં મળે છે. એમાં નથી અત્યુક્તિ

(અનુસંધાન પાનું ૧૭ ઉપર)

બોધિ સત્ત્વ



(સ્વ. ધર્માનંદ કોસમ્બી રચિત મૂળ મરાઠી નાટકનો શ્રી. કાન્તિલાલ બરોડિયાએ કરેલો ગુજરાતી અનુવાદ : ગતાંકથી ચાલુ.)

અંક બીજો

પ્રવેશ પહેલો

સૂત્રધાર : બોધિસત્ત્વને સોળ વર્ષ પૂરાં થયાં. હવે દંડપાણિ શાક્યની પુત્રી સાથે તેનું નક્કી થયું છે. પણ તેને સંમતિ આપવી કે તેનો વિરોધ કરવો તે દ્વિધામાં તે પડયો છે. (સૂત્રધાર જાય છે.)

[સ્થળ–દંડપાણિ શાક્યનો બગીચો. યશોધરા અને તેની સખી વિમળા બાગમાં ફરે છે. એટલામાં ઉદાયી પ્રવેશે છે.]

યશોધરા : કેમ રે ઉદાયી, આજ કાંઈ આ બાજુ ? મને તો લાગતું હતું કે તું અમને તદ્દન ભૂલી જ ગયો છે !

ઉદાયી : અરે એમ તે કાંઇ હોય ? મામી સાથે હું મામાને ઘેર આવતો ત્યારે તારી સાથે અને બીજા છોકરાઓ સાથે આ જ બગીચામાં નો'તો રમતો ? અને તું–તું કેવી ખિસકોલીની જેમ પટપટ પેલા લીંબુના ઝાડ પર ચઢી જતી ખરને ?

યશોધરા : અને તું ઉદાયી ! તું આ આંબાના ઝાડ પર ચઢી કાચી કેરીઓ કેવી ખાતો હતો !

ઉદાયી : તે દિવસ કેવા ગમ્મતના હતા ! આપણને કશી પણ ચિંતા હતી ખરી ? પણ બાર વર્ષ થતાં જ એ બધું પતી ગયું ને બીજું કામ પાછળ લાગ્યું. ગણિત શીખવું જોઇએ, લેખનકાર્ય કરવું જોઇએ, ધનુર્વિદ્યા શીખવી જોઇએ અને તે શીખવા તો શિકારે જવું જોઇએ. આ બધી ધાંધલમાં અહીં આવવાનો વખત તે કયાંથી કાઢવો ?

યશોધરા : તો, આજે કાંઈ આ બાજુ તમારાં દર્શન થયાં ?

ઉદાયી : એક મહત્ત્વના કામ માટે આજે રજા લઇને આ બાજુ આવી ચઢયો—

યશોધરા : તે–તે કામ પત્યું ?

ઉદાયી : હજી પત્યું નથી. તેને માટે તો હું તને શોધતો હતો. ગૌતમનો તારે માટે એક ખાસ સંદેશો લાવ્યો છું. અહીં તને કહી શકું ?

યશોધરા : કેમ નહીં ! વિમળા છે તેથી સંકોચ રાખવાની કશી પણ જરૂર નથી. આર્યપુત્ર સાથે મારું લગ્ન નક્કી થયું છે તેની તેને ખબર છે. અમે તે બાબત ઉપર જ ચર્ચા કરતાં હતાં. ચાલ ઉદાયી, આપણે પેલી પીપળાની પાળ પર નિરાંતે બેસી વાતો કરીએ. આર્યપુત્રનો સંદેશો મને ધ્યાનથી સાંભળવા દે.

(ત્રણે જણાં પીપળાની પાળ પર જઇને બેસે છે.)

યશોધરા : બોલ ઉદાયી ! લગ્ન ન કરવા એવી આર્યપુત્રની ઇચ્છા છે–નહીં ?

ઉદાયી : તે તને કેવી રીતે ખબર પડી ?

યશોધરા : મને ખબર ન પડે ? તું તે કહેવાનો હતોને–બોલ! મને સોળ વર્ષ પૂરાં થયાં ન થયાં ત્યાં તો અમારા ઘરમાં મારા લગ્નની વાતો થવા લાગી. બે ત્રણ જગ્યાએ વાતચીત થતી હતી, પણ આગળથી મેં ના પાડી એટલે પિતાજીએ એ વાત જ પડતી મૂકી. પછી આર્યપુત્રની વાત નીકળી ત્યારે પિતાજીએ કહ્યું કે "એ તો સાધુસંતના સહવાસમાં જ રહે છે. તેનો સંસાર કયાંથી બરાબર ચાલવાનો ?" આ સાંભળી મેં બાને કહ્યું કે "બા ! શું સાધુસંતનો સહવાસ ને એકાંતની પસંદગીને તું પણ શું દુર્ગુણમાં ખપાવે છે ?" બાએ તરતજ કહ્યું કે "મને એ સ્થળ ગમે છે" પણ પિતાજીએ કહ્યું કે "આપણે કહેણ મોકલીશું તો પણ તે કાંઇ પણ બહાનું કાઢીને ટાળશે." બાનો વિચાર હતો કે "ના પાડે તો કાંઇ નહીં, પણ પૂછવું તો ખરું." મને લાગે છે ઉદાયી, કે માબાપના આગ્રહથી આર્યપુત્રે હા તો પાડી. પણ હવે તે (રીકકું હસે છે). ખરું ને ? ના પાડવાનું કામ મારી પર નાંખવા માંગતા હશે.

ઉદાયી : (ગંભીરતાથી) એમ તો નહીં. ગૌતમ લગ્ન કરવા માંગતા નથી એમ પણ નહીં, પણ લગ્ન કર્યા પછી પણ પચીસ વર્ષ પૂરા થાય ત્યાં સુધી બ્રહ્મચર્ય–પાલન ઇચ્છે છે. એમને લાગે છે કે આ જ અભિપ્રાય પોતાની ભાવિ પત્નીનો પણ જો હોય તો લગ્નનો વાંધો નથી. આ સવાલનો જવાબ તારે આપવાનો છે. જો ગૌતમની વાત તને પસંદ ન હોય તો તે પોતે આ લગ્નનો વિરોધ કરશે ને તું પણ કરજે એમ તેમણે કહેવરાવ્યું છે.

યશોધરા : કેમ રે વિમળા ? તારું શું કહેવું છે ?

વિમળા : તે એમાં હું શું કહું ? લગ્ન કરનાર તું ને આર્યપુત્ર ! મારો અભિપ્રાય શા કામનો ? પણ તું મને પૂછતી હોય તો હું કહું કે આવા શરતી લગ્ન–બગનમાં મને કાંઇ ઝાઝો અર્થ દેખાતો નથી.

યશોધરા : અલ્યા ઉદાયી ! આર્યપુત્રે આ બ્રહ્મચર્યવ્રતનું વળી નવું તૂત કયાંથી શોધી કાઢયું ?

ઉદાયી : તને ખબર નહીં હોય. આજકાલ નિર્ગ્રંથ શ્રમણ બ્રહ્મચર્યનો ઉપદેશ આપી રહ્યા છે. કાંઈ બધા લોકો તેમનું સાંભળે છે તેવું થોડું છે ! (હસતાં) આ કાનથી પેલે કાન. પણ આપણા આર્યપુત્ર ઉપર તેની ગંભીર અસર થઈ છે. યુવાનોએ ઓછામાં ઓછું પચીસ વર્ષ સુધી તો બ્રહ્મચારી રહેવું જોઇએ એમ એ નક્કી માને છે.

વિમળા : પણ તો પછી, પચીસ વર્ષ પછી જ લગ્ન કરવા શું ખોટા ?

યશોધરા : તું સમજતી નથી, વિમળા ! આર્યપુત્ર પુરૂષ છે. ગમે તેટલાં વર્ષ અવિવાહિત રહેવાનો તેમને વાંધો ન હોય, પણ મારું શું થાય ? મને હજી સાત–આઠ વર્ષ મારા માબાપ કુમારી રહેવા દેશે ખરા ? મારી ઇચ્છા હોય કે ન હોય, બને તેટલું જલ્દી મારું લગ્ન કોઇ પણ તરૂણ સાથે થઇ જાય એમ મારા માબાપ ઇચ્છે છે.

વિમળા : તારા જેવી સુંદર યુવતી માટે યોગ્ય વર મેળવવામાં શું મુશ્કેલી છે ? તું નકકામી ઉતાવળી થાય છે.

યશોધરા : મારી બહેનપણી–નજીકની સખી–થઇને તું આમ બોલે છે તેથી મને આશ્ચર્ય થાય છે. મને જો કુટુંબની પરવાનગી મળે તો હું નિર્ગ્રંન્થના ભિક્ષુણી સંઘમાં જઇને તત્વજ્ઞાનનો ઊંડો અભ્યાસ કરું. પણ, આજકાલ છોકરી વયમાં આવે ન આવે ત્યાં તો માબાપ ઊંડી ચિંતામાં ડૂબી જાય છે. છોકરી જાણે તેમને ભારે બોજો જ લાગે છે.

વિમળા : સાપનો ભારો –

યશોધરા : એવું જ કાંઇક ! અને તેથી જ જે હાથમાં આવ્યું તેની સાથે લગ્ન કરી નાંખીને છૂટા થઈ જાય છે !

ઉદાયી : હા. પરિસ્થિતિ એવી છે તો ખરી, પણ ઉપાય શું ? એ તો ઠીક પણ બોલ, ગૌતમને તારો શું જવાબ છે ?

યશોધરા : આર્યપુત્રને કહેજે કે તેમનો સંકલ્પ જાણીને મને ખૂબ ખૂબ આનંદ થયો છે. તેમનો ને મારો જન્મ એક જ દિવસે થયો છે એમ પિતાજી કહેતા હતા.

ઉદાયી : એમ, ત્યારે તો મારો જન્મ પણ તે જ દિવસે થયો.

યશોધરા : તું ભાગ્યશાળી છે. હવે વચ્ચે ન બોલતાં મારો સંદેશ ધ્યાનપૂર્વક સાંભળ. તેમના સંકલ્પ પ્રમાણે અમારા બંનેને પચીસ વર્ષ પૂરા ન થાય ત્યાં સુધી તેમના સહવાસમાં હું ખૂબ

સંતોષથી ને સુખથી બ્રહ્મચર્યવ્રતનું પાલન કરીશ. સાધ્વીસંઘમાં જઈને મને જે શીખવા નહીં મળે તે આર્યપુત્ર મને શીખવશે. સાધ્વી શિક્ષણ આપે છે પોતાના જ સંપ્રદાયનું; પણ આર્યપુત્ર તો મને અનેક સંપ્રદાયોના ધર્મરહસ્ય સમજાવશે. જો કદાચ આ ગાળામાં એકાદ્ધ સંપ્રદાયમાં જઈને સાધુ થઈ આમરણાંત બ્રહ્મચર્ય પાળવાનું તે નક્કી કરશે તો હું પણ તેમને જ પગલે ચાલીશ. આ સંદેશ સાંભળીને તો આર્યપુત્ર અગેના મારા પ્રેમમાં અનેકગણો વધારો થઈ ગયો છે એમ એમને મારા વતી જણાવજો. [પડદો પડે છે.]

પ્રવેશ બીજો

સૂત્રધાર : દંડપાણિ શાક્યના ગામમાં બોધિસત્ત્વનું લગ્ન પૂરી ધામધૂમથી ઉજવાયું. આ લગ્નસમારંભમાં શુદ્ધોદન રાજાએ આમંત્રણ આપવાથી કોલિય જાતિના અનેક આગેવાનો પણ હાજર હતા. લગ્ન-સમારંભની આ એક વિશેષતા હતી. કેટલાક લોકો કહેતા હતા કે આ સમારંભ પછી કોલિય અને શાક્ય જાતિઓ તેમનું અરસપરસનું વૈમનસ્ય ભૂલી જશે. પણ બીજા કેટલાક કહે છે કે આવું કાંઈ બનતું નથી. મહેમાનો ચાર દિવસ મળે, સારું સારું ખાય, મજાની વાતો કરે ને પોતપોતાને ઘેર જઈને બધું ભૂલી જાય. (સૂત્રધાર જાય છે.)

[સ્થળ—બોધિસત્ત્વનો ખંડ. એકદમ સાદો છે. બે પલંગ છે ને બેસવાનાં બે આસનો છે, રાત પડી ગઈ છે, તેથી દીવા બળે છે અને ખંડમાં તેનો સ્વચ્છ પ્રકાશ પડે છે. બોધિસત્ત્વ પોતાના પલંગ પર જમણી બાજુ સુતા છે, પણ તેમને ઉંઘ આવતી નથી. એટલામાં યશોધરા પ્રવેશે છે. બોધિસત્ત્વના પલંગ તરફ ચોરપગલે જઈને તેમની તરફ ઝીણી નજરે જુવે છે. તે જાગે છે તેનું ભાન થતાં તે શરમાય છે ને એક બાજુ જઈને ઉભી રહે છે.]

બોધિસત્ત્વ : અરે, તું આમ ઉભી કેમ છે ? પેલું આસન લઈને બેસને !

યશોધરા : પણ આર્યપુત્રને નિદ્રામાં હરકત તો નહીં થાયને ?

બોધિસત્ત્વ : જરા યે નહીં ! છેલ્લા ચાર-પાંચ દિવસ કેવા ધમાધમના હતા તે તો તું જાણે છે. બધાં કામો બા ને બાપુ પર છોડી દેવા એ ઠીક ન હતું. મહેમાનોની આગતાસ્વાગતા કરતાં તો હું થાકી જતો ને પલંગ પર આડો પડયો ન પડયો ત્યાં તો ગાઢ નિદ્રા મને આવી જતી. વચ્ચે વચ્ચે જાગીને જોઉં તો તું નિરાંતે ઉંઘતી હોય ને તેથી તને જગાડવી મને ગમે નહીં. આજે તારી સાથે પેટ ભરીને વાતો કરવાનું મેં નક્કી જ કર્યું છે. મને લાગ્યું કે તું સીધી તારા પલંગમાં જઈને સુઈ જશે. ને તો તો મારે તને ધીમેથી બોલાવી ઉઠાડવી પડશે.

યશોધરા : (આસન પર બેસતાં) આ ઘરમાં આવ્યા પછી, હું સીધી મારા પલંગ પર સુવા ગઈ જ નથી. સાસુજી વગેરે સ્ત્રીમંડળ સુવા જાય પછી હું અહીં આવી તમારા પલંગ પાસે ઉભી રહી તમને જોયા જ કરું, બસ જોયા જ કરું. તમે તો ગાઢ નિદ્રામાં હો, પણ ત્યારે પણ તમારો ચહેરો કેવો સુંદર ને ગંભીર દેખાય છે, જાણે તમે સમાધિમાં જ ન હો !

બોધિસત્ત્વ : જો મારા વખાણ રહેવા દે ! બોલ જોઉં, અહીં કાંઈ અતડું લાગે છે—નવું લાગે છે ? પિયરની યાદ વારંવાર આવે છે કે નહીં ?

યશોધરા : જ્યાં મોટી થઈ—ઉછરી—તે ઘર યાદ તો આવે જ ને. પણ અહીં કંટાળો આવવાનું કે અતડું લાગવાનું કશું કારણ નથી. સાસુજીએ પહેલે જ દિવસે કહ્યું કે "આ ઘર તારું જ છે, બ્હેન. તને જે જોઇએ તે માંગી લેજે. સંકોચ ન રાખીશ." તેમનો વર્તાવ પણ તેવો જ સારો અને સરળ છે. છોકરી પરણીને સાસરે જાય તેથી તે સાસરવાસની વાતોથી ગભરાય તેમ હું પણ ગભરાતી, પણ અહીં તો તમારા કુટુંબના પ્રેમાળ વર્તનથી તમે બધાંએ મને જીતી લીધી છે. પણ, એક શંકા મનમાં આવ્યા કરે છે—

બોધિસત્ત્વ : એક શંકા—કઈ બાબતમાં ?

યશોધરા : આર્યપુત્ર પચીસ વર્ષ સુધી બ્રહ્મચર્ય—પાલન કરવાના છે તે તો હું જાણતી હતી, પણ તે મારી સાથે બોલતાં કેમ નથી ? અબોલા પણ બ્રહ્મચર્યવ્રતનો એક ભાગ હશે કે શું એ હું વિચારતી હતી. પછી એમ લાગતું હતું કે તો પછી આર્યપુત્ર પાસે શીખવાની મારી હોંશ કેમ પૂરી થશે ?

બોધિસત્ત્વ : તારી શંકા નિરાધાર છે એ તને હવે સમજાયું જ હશે. પહેલે દિવસે મેં તને ઉઠાડી હોત તો તું આશ્ચર્ય પામત. અને બોલવાની એટલી બધી ઉતાવળે શું છે ? આપણે તો હવે સાથે જ રહેવાનું છે—તું મારી સહચરી—સહધર્મચારિણી છે. તને શું, તારા સહવાસમાં મને પણ પુષ્કળ જ્ઞાન મળશે.

યશોધરા : હવે તમે મારી સ્તુતિ શરૂ કરી. હું રહી સ્ત્રીજાત. મને અનુભવ પણ શું ? મારા સહવાસમાં આર્યપુત્રને શું જ્ઞાનલાભ થવાનો હતો ?

બોધિસત્ત્વ : અરે, પુરૂષો તો પ્રયત્નથી અને અભ્યાસથી શાણપણ પ્રાપ્ત કરે છે. પણ સ્ત્રીઓમાં તો તે શાણપણ કુદરતી રીતે જ હોય છે. હાલની પરિસ્થિતિમાં તેમનો વિકાસ નથી થતો તે દુઃખદ છે.

યશોધરા : એ ખરું, આર્યપુત્ર ! પુરૂષો પ્રમાણે સ્ત્રીઓને પણ સાધુસંતોની સાથે ચર્ચાનો લાભ મળે તો તેમના જ્ઞાનનો વિકાસ અવશ્ય થવા પામે. પણ અમને છોકરીઓને તો બાર વર્ષથી જ બધી રીતે બંધનમાં નાંખવામાં આવે છે. પંદર વર્ષ થયાં ન થયાં, ત્યાં તો લગ્નની શરણાઇ વાગી જ છે ને ! બસ. પછી ઘરસંસારની ઉઠવેઠ, કુટુંબની જંજાળ, એ બધામાં જ્ઞાનવિકાસ તો સંભવે જ કયાંથી ? અમને પણ પુરૂષોની જેમ ઠીક લાગે તે ઉંમરે લગ્ન કરવાની છૂટ હોવી જોઇએ. નહીં ?

બોધિસત્ત્વ : હું આને પુરૂષોની હિંસક વૃત્તિનુ પરિણામ લેખું છું. એમ કહે છે કે પહેલા તો આપણા દેશમાં આજકાલના બાલ-વિવાહ ન હતા. લગ્નની બાબતમાં સ્ત્રીઓને સંપૂર્ણ સ્વતંત્રતા હતી. પણ શાક્ય અને કોલિય અંદર અંદર લડવા-ઝઘડવા લાગ્યા ને તેથી પોતાનું સ્વાતંત્ર્ય ખોઈ બેઠા. હવે જે કાંઇ રડયું ખડયું બાકી છે તે કોસલરાજાની મરજી પર અવલંબે છે. કાલે ધારો કે તેનો સંદેશો આવ્યો કે અમુક શાક્ય કે કોલિય કન્યાને મારા અંતઃપુરમાં તાબડતોબ મોકલી આપો એમ સંદેશો આવ્યો તો કોની હિંમત છે કે આ આજ્ઞાને ઠોકરે મારે ?

યશોધરા : પણ, આર્યપુત્ર, કોસલરાજા આપણને જેવા થોડોક જ આવે છે ?

બોધિસત્ત્વ : અરે પણ તેના દૂત અને ગુપ્તચરો તો છે ને ? અને તેમની ખુશામત કરવા ને કૃપા સંપાદન કરવા આપણા દેશમાં પણ કેટલાક લોકો છે ને ? આમાંના કોઇ એકે તેમને ખબર આપી કે "મહારાજ, પેલા શાક્યની કે આ કોલિયની કન્યા રૂપવતી છે." બસ પત્યું. બીજે જ દિવસે તેને શ્રાવસ્તી મોકલી આપવાનો સંદેશો આવ્યો જ સમજોને ?

યશોધરા : કોસલરાજા જો એવો બળવાન છે તો તે પરિણિત સ્ત્રીઓને બળાત્કારથી કેમ લાઇ જતો નથી ?

બોધિસત્ત્વ : આપણું નશીબ એટલું પાંસરું છે કે હજી ત્યાં સુધી વાત પહોંચી નથી. આવા સરમુખત્યારી રાજાઓ પ્રજાના અંત-ર્મનને ઓળખે છે. પરણેલી સ્ત્રીઓ પર બળાત્કાર કરવાથી તો ઠેરઠેર રાજ્યમાં બંડ થાય તેની તેમને બરાબર ખબર છે. આ કારણથી જ પરણેલી સુંદર સ્ત્રીઓ માથે આવો ભય હોતો નથી.

યશોધરા : તો પછી કુમારીકાઓને રાજા રંજાડે ત્યારે લોકો કેમ બંડ પોકારતા નથી ?

બોધિસત્ત્વ : આનો જવાબ છે કે લોકો મૂર્ખ છે. મનને એમ મનાવવામાં આવે છે કે છોકરી વયમાં આવેલી, તેના લગ્ન થવાના જ છે તો મહારાજાના અંતઃપુરમાં તે હોય તેમાં શું વાંધો છે ?

યશોધરા : શું આ ક્ષમ્ય છે ?

બોધિસત્ત્વ : એ સવાલ જ ઉભો થતો નથી. પણ આ પ્રમાણે સામાન્ય સમજણ પ્રવર્તવાથી પોતાની છોકરીના નાનપણમાં જ લગ્ન કરી નાંખીને કુલીન માબાપો નિશ્ચિંતતા અનુભવે છે.

યશોધરા : માબાપની ચિંતા ટળી, પણ બિચારી છોકરીનું શું ?

બોધિસત્ત્વ : (નિસાસો નાખીને) જો આમને આમ ચાલ્યું તો આજે સોળ વર્ષે લગ્ન થાય છે, તે કાલે આઠ વર્ષે થશે એમ મને લાગે છે.

યશોધરા : મારા લગ્ન માટે આટલી બધી ઉતાવળ શું કામ થતી હતી તે હવે મને સમજાયું. પણ આર્યપુત્ર, તમે લગ્ન નહીં કરો એવી હઠ લીધી હોત તો મારું શું થાત ?

બોધિસત્ત્વ : બસ. મારી સામે આ જ પ્રશ્ન ઉભો હતો. "પચીસ વર્ષ પછી જ હું લગ્ન કરીશ" એવી હઠ મેં ધરી હોત તો બા અને બાપુએ મને ખાસ આગ્રહ ન કર્યો હોત તેની મને ખબર છે. પણ પચીસ વર્ષે લગ્ન કરવા નીકળું, ત્યારે પણ પત્ની તો સોળ વર્ષની જ મળત ને તે પણ તારા જેવી જ મળશે તેની શી ખાત્રી ? આટલા જ માટે ઉદ્દાયી મારફતે મેં તને સંદેશો મોકલ્યો. મનમાં હતું તેવું જ થયું. તારી સંમતિ મળી એટલે આપણે સાથે જોડાઇ શક્યા. તને ખબર છે કે પહેલાં ઋષિમુનિઓ ઘણાં વર્ષો સુધી બ્રહ્મચર્ય પાળતા; પણ જ્યારે તે ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરતા ત્યારે તે લગ્ન કોઇ નાની ઉંમરની છોકરી સાથે, ને તેથી ન તો તેમનો ઘરસંસાર સુખી થતો કે ન સંતતિ સારી નીવડતી. આમ આ પ્રશ્નના બે છેડા છે—એક અડતાલીશ વર્ષ સુધી બ્રહ્મચારી રહી કોઇ નાદાન છોકરી સાથે ગૃહજીવન શરૂ કરવું અથવા તો સત્તર વર્ષે જ લગ્ન કરી છૈયા છોકરાંની જંજાળ ઉભી કરવી. આ બંને વચ્ચેનો માર્ગ મને સૂઝ્યો ને તે એ કે પતિ-પત્ની સમાનવયી હોવાં જોઇએ ને પચ્ચીસ વર્ષ સુધી બંનેએ બ્રહ્મચર્યવ્રત પાળવું જોઇએ,

યશોધરા : સુંદર ! હવે સમજાયું ! આટલી વયમાં તમે કેવો અનુભવ મેળવ્યો છે ?

બોધિસત્ત્વ : સાધુસન્ત અને સમજદાર માણસોના સાન્નિધ્યનાં મને આનંદ મળે છે. હું તેમને પ્રશ્નો પૂછું છું, તેમના ઉપદેશનું હું ધ્યાનથી મનન કરું છું, ને તેનો સાર ગ્રહણ કરું છું. જ્ઞાનલાભનો આ જ માર્ગ છે એમ મને લાગે છે.

યશોધરા : આ ટૂંકા જ પરિચયમાં, આર્યપુત્ર, મને કેટલું બધું જાણવા મળ્યું ? તમારા જેવા પતિ મને મળ્યા છે એ મારું ખરેખર સદ્‌ભાગ્ય છે.

બોધિસત્ત્વ : અને તારા જેવી સુશીલ પત્ની મને મળી છે એ મારું સદ્‌ભાગ્ય નથી શું ? ચાલો રાત વધતી જાય છે, સુઇ જઇએ.

પ્રવેશ ત્રીજો

[સ્થળ—શુદ્ધોદનનું ખેતર. કાપણીના સમારંભને દિવસે મંડપમાં ગૌતમી બધાની જમવાની વ્યવસ્થા જુએ છે. યશોધરા બીજી સ્ત્રીઓ સાથે રાંધવામાં મશગુલ છે.]

ગૌતમી : યશોધરા, જરા આ બાજુ આવ જોઉં. (યશોધરા પોતાનું કામ છોડી ગૌતમી પાસે જાય છે.) જો, બહેન. આટલી બધી મહેનત કરવાની કશી પણ જરૂર નથી. આપણે ત્યાં કામ કરનારા કયાં ઓછા છે ? તને તો અહીં એટલા માટે સાથે લઇ આવ્યા છીએ કે જેથી આ સમારંભનો બધો વ્યવહાર તારા ધ્યાનમાં આવે.

યશોધરા : આર્યે, પેલા આર્યપુત્ર તરફ તો જુઓ. તે કેટલી બધી મહેનત કરે છે. જરા પણ શ્વાસ ન ખાતાં તે હળ ચલાવવાના કામમાં કેવા ઓતપ્રોત થએલા છે !

ગૌતમી : અરે, અમે તેને પણ કેટલું બધું કહીએ છીએ કે આટલું બધું કષ્ટ ન ઉઠાવ ! પણ તે કોઇનું સાંભળે છે જ કયાં ? કહે છે કે 'મારે સાચા બેડુત થવું જોઇએ.' કામ કરનારાઓ પાસે કામ કરાવવું અને આપણે ફકત દેખરેખ રાખવી એ તેના સ્વભાવને બિલકુલ અનુકુળ નથી.

યશોધરા : તો બોલો ! જો એમ જ છે તો શું મારે તેમનું અનુકરણ ન કરવું જોઇએ ?

ગૌતમી : અરે પણ તેં આ જ વર્ષે અમારા ઘરમાં પગ મૂકયો. લોકો શું કહેશે ? કહેશે જ ને કે આના સાસરીઆ તો બધા નિર્દય છે. આવી સુકુમાર કળી પાસે ઘરનું ને બહારનું બધું જ કામ કરાવે છે.

યશોધરા : લોકોની શું વાત કરવી ? એ તો આમ પણ બોલે ને તેમ પણ બોલે, હું જો કાંઈ નહીં કરું તો તે બધા કહેશે કે "એના પતિ ખેતરમાં કામ કરે છે અને તે મોટી મહારાણી બનીને મહાલે છે." પણ લોકોનો વિચાર આપણે શું કામ કરવો ? લોકો શું કહેશે તે કરતાં તો મારે શું કરવું તેનો જવાબ મારે પોતે જ આપવો જોઇએ. મારો વિચાર મેં કરી લીધો છે. આર્યપુત્ર જેમ એમના કામમાં નિપુણ છે તેમ ઘરના કામમાં મારે પણ પારંગતતા મેળવી જોઇએ.

ગૌતમી : અરે પણ તું કયાં આવડતહીન છે ? તારા જેવી સરસ કાંતનારી તો અમારા લુમ્બિની ગામમાં બીજી કોઇ છે જ કયાં ? તારી રસોઇ તો બધાંને જ ગમે છે. તું બધાંને પ્રિય થઇ છે ને બધાં તારી ભારોભાર પ્રશંસા કરે છે. મારું કહેવાનું એટલું જ કે તું વધુ માથાકૂટ કરવી રહેવા દે:—

યશોધરા : મને તે ગમે છે. હું જે કષ્ટ ઉઠાવું છું તેથી મને આનંદ જ આનંદ છે. આર્યપુત્રનું અનુસરણ કરવું તે દોષ નથી—ગુણ છે. કેમ ખરું ને !

ગૌતમી : જેવી તારી મરજી.

[પડદો પડે છે.]

[સંધ્યાનો સમય છે. સમારંભ સમાપ્ત થઇ લોકો ઘેર જવાની ધમાલમાં પડયા છે. એટલામાં એક દાસી અને યશોધરા પ્રવેશ કરે છે.]

યશોધરા : અરે, આર્યપુત્ર કેમ દેખાતા નથી ? તેં જોયા છે ?

દાસી : હા હા, ચાલો, હું તમને લઇ જઇને બતાવું (તે બંને જાય છે. બોધિસત્ત્વ જંબુવૃક્ષ નીચે બેઠા છે. તેમની તરફ જમણો હાથ આગળ ધરી ધીમેથી) જુઓ, જુઓ ! પેલા જંબુ વૃક્ષની નીચે તે બેઠા છે.

યશોધરા : ચાલોને આપણે ત્યાં જઇએ.

દાસી : ના, બાઇ સાહેબ ના. ત્યાં જવાની સખ્ત મનાઇ છે. ખાસ અગત્યના કામ સિવાય તેમની ધ્યાનભાવનામાં વિઘ્ન ન થવું જોઇએ એમ તેમણે બધાને તાકીદ કરી છે. તમે પણ ત્યાં ન જશો હોં. અને હા, આપણે જરા ધીમેથી બોલીએ.

યશોધરા : તો તું જા. આર્યપુત્ર સમાધિમાંથી ઉઠે ત્યાં સુધી હું અહીં જ બેઠી છું. (દાસી જાય છે. યશોધરા આમ તેમથી ઘાસ એકઠું કરી, આસન જેવું બનાવી તેની ઉપર બેસે છે. થોડી વારે બોધિસત્ત્વ ધ્યાનમાંથી ઉઠે છે. સામે જ યશોધરા દેખાય છે. આસન ઉપરથી ઉઠી તે તેની પાસે આવે છે તે ઉભી થઇ જઇ પ્રણામ કરે છે.)

બોધિસત્ત્વ : અરે તું અહીં કયાંથી ?

યશોધરા : કેમ, મને પણ અહીં આવવાની મનાઇ છે કે શું ?

બોધિસત્ત્વ : મનાઇ તો કોઇને પણ નથી. કામ કરનારાઓ બધાને ફકત એટલું જ કહી રાખ્યું છે કે ખાસ જરૂરી કામ સિવાય મારા ધ્યાનમાં ભંગ ન પાડવો. પિતાજી ને માતાજીને પણ આની ખબર છે.

યશોધરા : મને પણ એક દાસીએ એ કહ્યું હતું. પણ, આર્યપુત્રની ધ્યાનસ્થ મુદ્રા જોવા હું અહીં બેસી રહી. તે ગંભીર અને મોહક મુખમુદ્રા જોઇ મને કેટલો બધો આનંદ થયો ? પણ હે આર્યપુત્ર ! આ વાત તમે મારાથી છૂપાવી શું કામ રાખી ? યોગના માર્ગમાં દાખલ થવાનો મને અધિકાર નથી શું ?

બોધિસત્ત્વ : ચાલ આપણે પેલા ઓટલા પર બેસીને નિરાંતે વાતો કરીએ (બન્ને ઉઠીને જંબુવૃક્ષ નીચેના ઓટલા પાસે જઈને આસન જમાવે છે.) તું આ જ વર્ષે અમારે ઘેર આવી. જો તરત જ આ બધું તને જણાવવામાં આવ્યું હોત, અને સમાધિની વાત તને કહી હોત તો તું અકળાઈ જાત.

યશોધરા : લગીરે નહીં ને. તમારા આ આનંદની ભાગીદાર થવાનો મેં ત્યારથી જ પ્રયત્ન કરવા માંડયો હોત.

બોધિસત્ત્વ : પણ, હજુ શું બગડયું છે ? હું તારૂં કાર્ય જોતો આવ્યો છું. તારા હાથમાં જ કાંઇ જાદુ છે. તું તારા કામમાં ઓતપ્રોત થઈ જાય છે. બસ આ એકાગ્રતા એ જ સમાધિનું પ્રથમ સોપાન.

યશોધરા : પણ, તમે પણ તમારા કામમાં મગ્ન હો છો. તો પછી અહીં આવીને સમાધિમાં શું કામ બેસો છો ?

બોધિસત્ત્વ : આ સમાધિ એક વિશિષ્ટ પ્રકારની છે. તેનો સંબંધ વિશ્વ સાથે છે.

યશોધરા : તો તે મને શીખવો ને ?

બોધિસત્ત્વ : એ તને તો શું, પણ સકળ વિશ્વને શીખવવાની મારી ઇચ્છા છે. પણ હું હજુ તે માટે અસમર્થ છું. મારૂં જ્ઞાન અધુરૂં છે. જો આ સ્થિતિમાં હું ગુરૂ થવાનો પ્રયત્ન કરીશ તો તે પ્રયત્ન હાસ્યાસ્પદ જ બની જવાનો એમ તને નથી લાગતું ?

યશોધરા : ચાલો, છોડો, એ બીજાને ન શીખવશો. મને તો શીખવો, તેમાં શું હરકત છે ?

બોધિસત્ત્વ : યશોધરા ! આ સુંદર દૃશ્ય જો ! ઉત્તરે હિમાલયના આ ઊંચા શિખરો, પશ્ચિમે આ અસ્ત પામતા રવિરાજ અને જ્યાં ત્યાં પથરાએલી આ વનરાજી. આ બધા તરફ જોતાં–આ બધુ તન્મયતાથી નિહાળતાં–તારા મનમાં શું એક પ્રકારનો પ્રેમ ઉત્પન્ન નથી થતો ?

યશોધરા : થાય છે જ. આ બધામાં હું તલ્લીન થઇ જાઉં એમ મને થયા કરે છે.

બોધિસત્ત્વ : અને આ પ્રેમ અને તલ્લીનતાને આપણી જાતિ અથવા કુટુંબના સ્વાર્થ સાથે કાંઇ સંબંધ છે ખરો ?

યશોધરા : ના રે ના, તે નિષ્કામ છે.

બોધિસત્ત્વ : અને તેથી જ તે વિશ્વાત્મક છે. આવા અસીમ સ્નેહસાગરમાં તલ્લીન થઈ જવું એ જ એક ઉચ્ચ પ્રકારની સમાધિ છે. આમ છતાં, આપણે જ્યારે પ્રાણીઓ સાથે આપણા વર્તાવનો વિચાર કરીએ છીએ, ત્યારે જુદા જ ભાવ આપણા મનમાં ઉઠવા પામે છે. કુતરા, બિલાડાં એવા પ્રાણીઓને આપણે પાળીએ છીએ, તેમની પર પ્રેમ પણ કરીએ છીએ પણ, વાઘ, સિંહ એ બધાનો આપણે દ્વેષ કરીએ છીએ. સર્પનું તો દર્શન જ આપણને અણગમતું થઈ જાય છે. મનુષ્ય, આ રીતે, પોતાના મિત્ર ઉપર પ્રેમ કરે છે ને શત્રુનો દ્વેષ કરે છે. જો સર્વ જીવો તરફ નિષ્કામ પ્રેમ બતાવવાનો હોય તો આપણે પારકું–પરાયું એ ભાવનાનો ત્યાગ કરવો પડશે. આ કામ સરળ નથી. મિત્રો સાથે મૈત્રી કરવી એ સુલભ કાર્ય છે, પણ તેજ ભાવના શત્રુઓ પરત્વે રાખતાં દિલ સંકોચ પામે છે. હકીકતે તો સ્વજન, મિત્ર અને મિત્ર ન હોય તેવા તટસ્થ એ ત્રણ વિષે મૈત્રીભાવ દૃઢ કરવો અને પછી તે શત્રુ પ્રત્યે વાળવો–આ રીતે સ્વજન, મિત્ર, તટસ્થ અને શત્રુ આ ચાર વચ્ચેનો આપણે ભેદભાવ તોડી નાંખીએ, આ સીમાઓનું ઉલ્લંઘન કરીએ ત્યારે જ આપણી મૈત્રી વિશ્વાત્મક થાય છે અને શુદ્ધ સમાધિનો લાભ મળવાથી આપણને અપ્રતિમ આનંદનો લાભ પ્રાપ્ત થાય છે.

યશોધરા : પણ આ ભાવનાનો આરંભ કરવો શી રીતે ?

બોધિસત્ત્વ : સૌ પ્રથમ તો સ્ત્રીએ સ્ત્રીમિત્ર પર અને પુરૂષે પુરૂષમિત્ર પર આ ભાવના શરૂ કરવી. જેમ હું સુખી થવા ચાહું છું તેમ મારો મિત્ર પણ સુખી થાય એવો સતત વિચાર કરવો. આમાં સફળતા મળ્યા બાદ તટસ્થ ઉદાસીન વર્ગ તરફ મૈત્રી ભાવના દાખવવી. આ કાંઇ મુશ્કેલ નથી. પછીથી એક વધુ પાયરી ચઢી શત્રુને પણ મૈત્રીથી વશ કરવો. 'આ મારો શત્રુ છે' એ એક વિચાર માત્ર છે, કારણ વિશ્વમાં બધા મનુષ્યો સરખા જ છે. આપણા અંગત રાગ-દ્વેષને પરિણામે આપણે સ્નેહી અને શત્રુ એમ બે વર્ગો ઉભા કરીએ છીએ. આ રાગ દ્વેષનો કિલ્લો જો સર કરવામાં આવે તો શત્રુ યા સ્નેહી એવું કશું રહેવા ના પામે. સૌ કોઇ મિત્ર. આવી રીતે આ મનુષ્યપ્રેમની ભાવનાનો વિકાસ થતાં થતાં 'એક ઘર, એક શહેર, એક દેશ' એમ અનુક્રમે દૃષ્ટિ પલટાતાં વિશ્વની બધી વ્યક્તિઓ સાથે મૈત્રી ભાવના થવી જોઇએ. વિચારધારા જ એવી થવી જોઇએ કે સર્વ જીવો સુખી થાય. [પડદો પડે છે.]

પ્રવેશ ચોથો

સૂત્રધાર :–બોધિસત્ત્વ ખેતીના કાર્યમાં વાકેફ થતા જાય છે. તેથી શુધ્ધોદન શાકયે પોતાનાં બધાં કામો તેના પર જ નાંખ્યા છે. છતાં તે તે બધાં પિતાની સલાહ સૂચના પ્રમાણે જ કાર્ય કરે છે. તેની ઉંમર વીસ વર્ષની થઇ છે અને તેને શાકય સંઘમાં દાખલ કરાવીને પોતે નિવૃત્ત થઇ જવું એ હેતુથી શુધ્ધોદન આજે તેને પોતાની સાથે કપિલવસ્તુ લઈ આવ્યો છે. (તે જાય છે.)

[સ્થળ : કપિલવસ્તુ નગરનું શાકયનું સંસ્થા–કાર્યાલય. તે ભવ્ય છે. ત્યાં જ શાકય સંઘની બેઠકો મળે છે. પશ્ચિમની ભીંત પાસે એક મોટું ઊંચું આસન છે. તેની ઉપર મધ્યમાં શાકયના મહારાજા પ્રમુખ-સ્થાને બેઠા છે. તેમના જમણા હાથ પર પુરોહિત અને ડાબા હાથ પર સેનાપતિ છે. આજુબાજુ શાકય સંઘના દશ બાર અગ્રણીઓ બેઠા છે. જમીન માટીની છે, પણ તે સરસ રીતે લીંપેલી છે, ને તેથી સવિશેષ ચોકખી લાગે છે. નીચે સાદાં આસનો ઉપર ગામે ગામના શાકય રાજાઓ બેઠા છે. શુધ્ધોદન અને ગૌતમ મુખ્ય આસન પાસે બેઠા છે. સમય બપોરનો છે. બેઠકમાં પડદો ઉપડે છે.]

શુધ્ધોદન : (ઉભો થાય છે ને નમસ્કાર કરીને બોલે છે) શાકય સંઘના સભાસદોને મારી નમ્ર વિનંતિ એટલી જ કે મારા ગૌતમને તમે તમારા સંઘમાં દાખલ કરી લો અને મને નિવૃત્ત થવાની રજા આપો.

શાકય સેનાપતિ : શાકય બંધુઓ ! ગૌતમની ઉંમર વીસ વર્ષની થઇ છે. તે બધા કામમાં કુશળ છે. તેને આપણા સંઘમાં દાખલ કરી દેવો એવો ઠરાવ હું રજુ કરૂં છું. આની વિરૂદ્ધ કોઇએ કાંઇ કહેવું હોય તો તેણે ઉભા થઇ સ્પષ્ટ રીતે કહેવું (થોડી વાર આમ તેમ જોઈ) બીજી વાર હું વિનંતિ કરૂં છું કે ગૌતમને સભાસદ તરીકે દાખલ કરવા સંબંધમાં કોઇને કાંઇ પણ કહેવું હોય તે બોલે. (વળી થોડી વારે) અને આ ત્રીજી ને છેલ્લી વાર હું કહું છું કે ઠરાવની વિરૂદ્ધ કોઇને પણ બોલવાનું હોય તો તે સ્પષ્ટપણે બોલે, (આમ તેમ જોઇ, કોઇ ઉઠતું નથી તે જોતો) તો તો પછી સંઘના નિયમ મુજબ મેં ત્રણવાર ઘોષણા કરી, છતાં તે સામે કોઇને વાંધો નથી, તેથી આ ઠરાવમાં તમારી સૌ કોઇની સંમતિ છે તેમ હું માની લઉં છું. તમારા મૌનને સંમતિ તરીકે માની લઈ હું જાહેર કરૂં છું કે આજથી ગૌતમ શાકય સંઘમાં સભાસદ તરીકે દાખલ થઈ ગયો છે. (બધા આનંદ પ્રદર્શિત કરે છે. શુધ્ધોદન નીચે બેસે છે).

શાકય પુરોહિત : ગૌતમ ! (તે ઉભો થાય છે.) શાકય સંઘે તેના પોતાના સંઘમાં દાખલ કરી તારૂં બહુમાન કર્યું છે. હવે પછી તારૂં પહેલું કર્તવ્ય એ છે કે શાકયો માટે–તેમના હિત અર્થે–તું તન, મન અને ધન પણ અર્પણ કરતાં અચકાઇશ નહીં. બીજું–સંઘની સભામાં હાજરી આપવામાં તારે કદાપિ આળસ કરવી નહીં ત્રીજું–સંઘની કાર્યવાહીમાં કે સભાસદનો દોષ નજરે ચઢે ત્યારે તે તરફ આખમીંચામણાં ન કરતાં તે તટસ્થતાથી અને નમ્રપણે સંઘ સમક્ષ રજુ કરવો. ચોથું–સંઘના સભાસદો તારી ઉપર કાંઈ પણ આરોપ મૂકે તો તારે કદિ ગુસ્સો કરવો નહીં. તારા હાથે દ્વોષ થયો

હોય–અને માણસ માત્ર ભૂલને પાત્ર છે–તો તે તારે કબુલ કરવો. ન થયો હોય તો તે અંગે ખુલાસો કરવો. આ તારા ચાર મુખ્ય કર્તવ્યો છે, જે તારે હવે પછીથી ચોકસાઈપૂર્વક બજાવવાના રહેશે. હવે બીજાં ચાર અકર્તવ્યો પણ સાથે સાથે જણાવું, જે કોઈ પણ સંઘના સભાસદથી થવા ન જોઇએ. જે કોઈ વ્યકિત કોઇ પણ સ્ત્રી પર બળાત્કાર કરે તે સંઘના સભાસદ તરીકે ચાલુ ન રહી શકે. જે ખૂન કે ગર્ભપાત કરે કે કરવામાં મદદરૂપ બને તે પણ આ સંઘનો સભાસદ રહી ન શકે. આવી જ રીતે જે ચોરી કરે અથવા ખોટી સાક્ષી પુરાવે તે શાકય સંઘનો સભાસદ થવા માટે લાયક નથી. આ મુખ્ય કર્તવ્ય અને અકર્તવ્યો–આટલું કરવું જ જોઇએ અને આટલું તો થઈ ન જ શકે–તે સિવાય બીજી ઘણી નાની નાની બાબતો આ નિયમોને લગતી છે. તેની વિગતો સંઘના વડિલો પાસેથી તારે જાણી લેવી. અને તેમાં થતા ફેરફારોથી વાકેફ રહેવું ને તેનો અમલ કરવો.

બોધિસત્ત્વ: પુરોહિતજી. તમે વર્ણવેલા નિયમો ને શિસ્તની મને પૂરી ખબર છે. શાકય સંઘના નિયમો પણ હું જાણું છું. તે પ્રમાણે વર્તવાનો હું પ્રમાણિક રીતે પ્રયત્ન કરીશ. (તે નમસ્કાર કરીને નીચે બેસે છે.)

શુદ્ધોદન: (ઉભો થઈ) શાકય સંઘે ગૌતમને સંઘનો સભાસદ બનાવ્યો તેથી હું સર્વનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું. અને હવે સંઘને મારી વિનંતિ છે કે મને નિવૃત થવાની પરવાનગી આપે.

શાકય સેનાપતિ: (મોટેથી) આપણા બંધુ શુદ્ધોદન સંઘમાંથી નિવૃત થવા પરવાનગી માંગે છે. જેને આ સામે વાંધો હોય તે સ્પષ્ટ કહે (આ પ્રમાણે ત્રણ વાર ઘોષણા કર્યા પછી) કોઇનો વાંધો જણાતો નથી તો સર્વાનુમતે બંધુ શુદ્ધોદનની માંગણી માન્ય રાખવામાં આવે છે. અલબત કમને, કારણ શુદ્ધોદનની હાજરી સંઘને ઘણી રીતે ઉપયોગી નીવડી છે.

શાકય મહારાજા: શુદ્ધોદન ! હું તમારું અભિનંદન કરૂ છું. અમારી ક્ષત્રિય પરંપરા એવી છે કે સુપુત્ર કરતો કારવતો થાય ને પુખ્ત ઉંમરનો થાય એટલે આપણા અધિકાર તેને સુપ્રત કરી પિતા પોતે નિવૃત્ત થાય. હવે મારી જગ્યાએ કોઈ યોગ્ય યુવાનની નીમણુંક કરી સંઘ મને પણ નિવૃત્ત થવા પરવાનગી આપે એવી મારી ઇચ્છા છે.

શાકય સેનાપતિ: બંધુઓ ! આપણા મહારાજા નિવૃત્તિ લેવા પરવાનગી માંગે છે. આ વિષયમાં જેને કહેવું હોય તે કહે.

શુદ્ધોદન: હવે હું સંઘનો સભાસદ રહેતો નથી, છતાં નિવૃત્ત સભાસદને સંઘને સલાહ આપવાનો હકક છે. આપ સૌની ઇચ્છા હોય તો હું બે શબ્દો કહેવા ઇચ્છું છું.

શકય મહારાજા: બોલો–બોલો.

શુદ્ધોદન: સંઘની સંમતિથી તમે નિવૃત્ત થાઓ તો તેમની જગ્યાએ બીજા મહારાજાની નીમણુંક કરવાનો સંઘને પૂરો હક્ક નથી. સંઘે કોઈ એકાદને નીમ્યા અને તેને કોસલરાજાની સંમતિ ન મળી તો તે મહારાજા થઈ શકશે નહીં. ફકત આમ કરીને સંઘે પોતાનું સ્વમાન ગુમાવવું પડશે એમ હું માનું છું. આ કરતાં મને લાગે છે કે સર્વાનુમતે નકકી કહી ચાર પાંચ નામો કોસલરાજા પાસે મોકલવા અને તે જેને પસંદ કરે તેને આપણે નીમવો. આ રીતે આપણું માન પણ રહેશે ને ધારેલું કામ પાર પડશે.

શાકય સેનાપતિ:–શુદ્ધોદન રાજાના મન્તવ્યમાં ઘણું તથ્ય છે. આથી મારી સૂચના છે કે હાલમાં મહારાજાએ પોતાની વિનંતિ પાછી ખેંચી લેવી ને હવે પછીની બેઠકમાં આ બાબતની વધુ ચર્ચા કરવી.

શાકય મહારાજા:–હું મારી માંગણી પાછી ખેંચી લઉં છું.

શાકય સેનાપતિ:–મહારાજાએ પોતાની વિનંતિ પાછી ખેંચી લીધી છે, ને (ચોતરફ જોઇ) હું માનું છું કે સભા આ સાથે સંમત છે. સભાનું કામ હવે પૂરૂં થાય છે.

[પડદો પડે છે.]

— દ્વિતીય અંક સમાપ્ત —

તથાગતની વિશિષ્ટતાનો મર્મ

(અનુસંધાન પાના નં. ૧૨ થી ચાલુ)

કે નથી કવિકલ્પના. જે સાધક આ દિશામાં સાચા અર્થમાં ગયો હશે તે બુદ્ધના ઉદ્‌ગારમાં પોતાનો જ અનુભવ જોશે. કાલિદાસે કુમારસંભવમાં મહાદેવના કામવિજયનું મનોહર રોમાંચકારી ચિત્ર કળામય રીતે કર્યું છે, પણ તે કાવ્યકળામાં કવિની કલ્પનાનાં આવરણ તળે માનવ–અનુભવ જરા ગૌણ થઈ જાય છે; દીર્ઘતપસ્વી મહાવીરે સંગમ અસુરના કઠોર ઉપસર્ગો છ માસ લગી સહ્યા અને અંતે એનો પરાભવ કર્યો; એ રૂપકવર્ણનમાં પણ રીધેસીધું માનવીય મનોવૃત્તિનું તુમુલ દ્વંદ્વ જોવા નથી મળતું; કૃષ્ણની કાલિયનાગદમનની વાર્તા પણ એક પૌરાણિક વાર્તા જ બની જાય છે; જ્યારે બુદ્ધનું કુશળ–અકુશળ વૃત્તિઓનું આંતરિક તુમુલ દ્વંદ્વ એમના સીધા સ્વાનુભવ વર્ણનમાં સચવાયેલું છે. ભલે પાછળથી અશ્વઘોષે કે લલિતવિસ્તરના લેખકે તેને કવિકલ્પનાના ઝૂલામાં ઝુલાવ્યું હોય. મારવિજયથી બુદ્ધની સાધના પૂરી થતી નથી; એ તો આગળની સાધનાની માત્ર પીઠિકા બની રહે છે. બુદ્ધનો આંતરિક પ્રશ્ન એ હતો કે માનવતાને સાચું સુખ સાંપડે એવો કયો વ્યવહારુ માર્ગ છે. આ પ્રશ્નનું નિરાકરણ અત્યારે જેટલું સરલ લાગે છે તેટલું તેમને માટે તે કાળમાં સરલ ન હતું. પણ બુદ્ધે તો એવું નિરાકરણ મેળવવા સુધી ન જંપવાનો કઠોર સંકલ્પ જ કર્યો હતો. એ સંકલ્પે અંતે તેમને રસ્તો દાખવ્યો.

તે કાળમાં આત્મતત્ત્વને લગતા અને તે વિશે સામસામી ચર્ચા–પ્રતિચર્ચા કરતા અનેક પંથો હતા. તેમાં એક પંથ બ્રહ્મવાદનો હતો. એ માનતો કે ચરાચર વિશ્વના મૂળમાં એક અખંડ બ્રહ્મતત્વ છે, જે સચ્ચિદાનંદરૂપ છે અને જેને લીધે આ સમગ્ર વિશ્વ અસ્તિત્વમાં આવ્યું છે, ટકી રહ્યું છે અને પરિવર્તન પામી રહ્યું છે. આવું બ્રહ્મ એ જ સર્વ દેવોનું અધિષ્ઠાન હોઈ દેવાધિદેવ પણ છે. બુદ્ધનો પ્રશ્ન વ્યવહારુ હતો. એમને જગતના મૂળમાં શું છે ? તે કેવું છે ? ઇત્યાદિ બાબતોની બહુ પડી ન હતી. એમને તો એ શોધવું હતું કે બીજાં બધાં પ્રાણીઓમાં શ્રેષ્ઠતા ધરાવતી માનવજાતિ જ પ્રમાણમાં ઇતર પ્રાણીજગત કરતાં વધારે કલહપરાયણ અને વિશેષ વૈર–પ્રતિવૈરપરાયણ દેખાય છે, તો એના એ સંતાપનિવારણનો કોઈ સરલ વ્યવહારુ માર્ગ છે કે નહિ ? આ મથામણે તેમણે બ્રહ્મવિહારનો માર્ગ સુઝાડ્યો. તપ અને ધ્યાનના પૂર્વ સંસ્કારોએ તેમને મદદ કરી હશે, પણ બ્રહ્મવિહારની શોધમાં મુખ્ય પ્રેરક બળ તો એમના વ્યવહારુ પ્રશ્નના ઉકેલ પાછળની લગનીમાં જ દેખાય છે. બેશક, તે કાળે અને તેથી પહેલાં પણ આત્મૌપમ્યના પાયા ઉપર અહિંસાની પ્રતિષ્ઠા થયેલી હતી; સર્વભૂતહિતરતઃ અને મૈત્રીની ભાવના જ્યાં ત્યાં ઉપદેશાતી, પરંતુ બુદ્ધની વિશેષતા બ્રહ્મતત્ત્વ યા બ્રહ્મદેવના સ્થાનમાં બ્રહ્મવિહારની પ્રતિષ્ઠા કરવામાં છે. આપણે અત્યાર લગીમાં પ્રાપ્ત સાધનો દ્વારા એ નથી જાણતા કે બુદ્ધ સિવાય બીજા કોઇએ બ્રહ્મવિહારની વ્યાપક ભાવનાનો એટલો સુરેખ અને સચોટ પાયો નાખ્યો હોય. બૌદ્ધવાઙ્મયમાં જ્યાં ને ત્યાં આ બ્રહ્મવિહારનું જેવું વિશદ અને હૃદયહારી ચિત્ર આલેખાયેલું મળે છે તે બુદ્ધની વિશેષતાનું સૂચક પણ છે. જ્યારે બુદ્ધને મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષા એ ચાર ભાવનાઓમાં માનવજાતિના સુખનો માર્ગ દેખાયો ત્યારે તેમને પોતાની બીજી શોધ સધાયાની દૃઢ પ્રતીતિ થઈ, અને પછી તેમણે એ જ ભાવનાઓનો બ્રહ્મવિહાર કરી માનવજાતિને સૂચવ્યું કે, તમે અગમ્ય અને અકળ બ્રહ્મતત્ત્વની જટિલ ચર્ચા કરશો તોય છેવટે તમારે સાચી શાંતિ માટે આ બ્રહ્મવિહારનો આશરો લેવો પડશે. એ જ વ્યવહારુ અને જીવનમાં પ્રયત્નશીલ સૌને સુલભ એવું બ્રહ્મ છે. જો બુદ્ધના આ બ્રહ્મવિહારનો આપણે માનવજાતિના સ્થિર સુખના પાયા લેખે વિચાર કરીએ તો સમજાયા વિના નહિ રહે કે એ કેવી જીવનપ્રદ શોધ છે. બુદ્ધે પોતાના આખા જીવનમાં જે નવા નવા રૂપે અનેક ઉપદેશો કર્યા છે, તેના મૂળમાં આ બ્રહ્મવિહારનો વિચાર જ તરવરે છે–જેમ ગાંધીજીની અનેકવિધ પ્રવૃત્તિમાં સત્ય અને અહિંસાની પ્રબળ વૃત્તિ તરવરે છે તેમ.

અપૂર્ણ.

પંડિત સુખલાલજી

પ્રાકૃત વિદ્યાપીઠ, વૈશાલી

[ગત મહાવીર જયન્તી–તા. ૨૩–૪–૫૬–ના રોજ ભગવાન મહાવીરની જન્મભૂમિ વૈશાલી ખાતે પ્રાકૃત વિદ્યાપીઠનો રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદના વરદ્ હસ્તે થયેલ શિલાન્યાસવિધિ પ્રસંગે બિહાર સરકારના શિક્ષણ વિભાગ તરફથી પ્રગટ કરવામાં આવેલ–વૈશાલીનું ઐતિહાસિક મહત્વ અને એ સ્થળે ઉભી કરવામાં આવનાર પ્રાકૃત વિદ્યાપીઠનો પરિચય આપતી–મૂળ હિંદીમાં લખાયેલ–પુસ્તિકાનો શ્રી. શાન્તિલાલ નંદુએ કરી આપેલ ગુજરાતી અનુવાદ નીચે રજુ કરવામાં આવે છે. **તંત્રી**]

ભારતીય સંસ્કૃતિ

ભારતીય સંસ્કૃતિ અને સાહિત્યની પરંપરા ઘણી પ્રાચીન અને મહાન છે. વેદોની કાવ્યરચના કયારે અને કયાં થઇ તે સંબંધી વિદ્વાનોમાં આજ સુધી પણ મતભેદ છે જ અને તે અંગેનાં વિદ્વાનોનાં અનુમાનો અને તર્કમાં હજારો વર્ષો અને હજારો સૂચનોનું અંતર જોવામાં આવે છે. પૌરાણિક આખ્યાનો અને વિવરણોની આંટીઘૂંટી-ઓનો ઉકેલ દર્શાવવાને ઇતિહાસજ્ઞ પોતાની અસમર્થતા પ્રકટ કરે છે અને એ બધી ઇતિહાસાતીત સમયની બાબતો છે એમ કહીને ઉડાવી દે છે. નિરંતર પ્રવાહી હોવા છતાં પણ ભારતીય સંસ્કૃતિના અંગ ઉપાંગોનો કોઇએ સરખો અને યોગ્ય તાગ મેળવ્યો નથી. ભારતીય સંસ્કૃતિની ધારા–સરવાણી–અનાદિ અને અનંત છે.

આમ છતાં અઢારમા શતકમાં જ્યારે પાશ્ચાત્ય વિદ્વાનોએ આપણા સાહિત્યિક ભંડારની ખોજ કરી–વેદો અને ઉપનિષદો, બૌદ્ધ ત્રિપિટક અને જૈન આગમોનો આછો પરિચય તે વિદ્વાનોએ મેળવ્યો–ત્યારે તેમણે આ બધાને સંસ્કૃતની ખોજના નામથી જાહેરાત આપી અને સમસ્ત જગત ભારતીય સાહિત્ય પ્રત્યે આકર્ષિત થઇને તેને જાણવા–સમજવાનો, તેનું અધ્યયન કરવાનો પ્રયત્ન કરવા લાગ્યું. આનું કારણ એ છે કે વચગાળાના યુગમાં વિદેશી આક્રમણોથી અભિભૂત થઈ જવાને કારણે ભારતીય ચિંતન, અધ્યયન અને અધ્યાપનની સરવાણીઓ રાજનૈતિક સમસ્યાઓના ભારથી લદાઈ ગઈ હતી–દબાઇ ગઈ હતી. ભારતમાં પશ્ચિમમાં તક્ષશિલા અને પૂર્વમાં નાલંદા જેવાં મહાવિદ્યાયતનો વિલુપ્ત થઇ ગયાં અને ખુદ ભારતવાસીઓ કસ્તૂરીમૃગની જેમ પોતાની અનુપમ સાહિત્યિક નિધિઓ પોતાનામાં છુપાયલી હોવા છતાં પોતે જ ભુલા પડયા હોય તેમ ભટકી રહ્યા હતા.

સ્વાતંત્ર્ય પ્રાપ્તિ બાદ ભારતમાં એક નવી ચેતનાનો આવિર્ભાવ થયો છે અને પોતાની ખેતી અને ઉદ્યોગ વિષયક સમસ્યાઓનો ઉકેલ શોધવાની સાથે સાથે, ભારત પોતાની પ્રાચીન સંસ્કૃતિ પણ સારી રીતે સમજવા અને સમજાવવા માટે પ્રયત્નશીલ થયું છે.

ભારતીય સંસ્કૃતિની મુખ્ય સરવાણીઓ

ભારતીય સંસ્કૃતિ પોતાના વિશાળ રૂપમાં એક અને અખંડ હોવા છતાં તેમાંની અમુક વિશેષતાઓ અનુસાર તેની ત્રણ શાખાઓ છે–વૈદિક, બૌદ્ધ અને જૈન–એમ પ્રાચીન કાળથી માનવામાં આવે છે. આ ત્રણે શાખાઓનો બિહાર પ્રદેશ સાથે પ્રાચીનતમ ઘનિષ્ટ સંબંધ રહ્યો છે. જેણે આત્મા અને સંસારના વિષયમાં ગંભીરતમ ચિંતનને જન્મ આપીને ઉપનિષદ્ સાહિત્ય ઉત્પન્ન કર્યું–તે સમય વૈદિક શાખાના ઇતિહાસનો સૌથી વધારે ગૌરવપૂર્ણ સમય છે; અને ઉપ-નિષદ્ વિચાર ધારાનો આવિષ્કાર અને પોષણ પ્રાચીન મિથિલા (વર્ત-માન તિરહુત મંડળ) માં જ થયાં. બૌદ્ધ ધર્મના સંસ્થાપક ભગવાન બુધ્ધનો જન્મ અને નિર્વાણ જો કે બિહાર રાજ્યની વર્તમાન સીમાની બહાર થયાં, તો પણ તેમને જ્યાં બોધિજ્ઞાન પ્રાપ્ત થયું તે ભૂમિ બિહારમાં ગયાની નજીક જ છે. જૈન ધર્મના ચોવીશ તીર્થંકરોમાંના બાવીસ તીર્થંકરોની તપોભૂમિ અને નિર્વાણ–સ્થળ બિહારમાં જ માનવામાં આવે છે. જેવાં કે સમ્મેત શિખર અથવા પારસનાથ પહાડ ચમ્પાપુરી અને પાવાપુરી. તીર્થંકર પારસનાથનો જૈન સંપ્રદાય બિહારમાં આજથી ૨૫–૨૬ શતાબ્દી પૂર્વે વિદ્યમાન હતો. ચોવીસમાં તીર્થંકર મહાવીર સ્વામીના માતા પિતા તે સંપ્રદાયના અનુયાયી હતા. ભગવાન મહાવીરનો ગર્ભ, જન્મ, દીક્ષા, કેવળ જ્ઞાન અને નિર્વાણ–આ પાંચેય કલ્યાણક બિહાર રાજ્યમાં થયાં એમ માનવામાં આવે છે અને તે નિમિત્તે આ રાજ્યમાં વિધવિધ તીર્થ–ક્ષેત્રો સ્થપાયાં છે–જેની યાત્રા–વંદના કરવી તે સમસ્ત રાષ્ટ્રમાં વસતા જૈનો પોતાની મોટી ફરજ માને છે. ભગવાન બુધ્ધ અને ભગવાન મહાવીરનો આ પ્રદેશમાં નિરંતર વિહાર હોવાને કારણે સંભવતઃ આનું નામ વિહાર–બિહાર પડયું છે.

આ રીતે વૈદિક, બૌધ્ધ અને જૈન–આ ત્રણેય ધર્મોનો બિહાર પ્રદેશ સાથે અતિ પ્રાચીન અને ઘનિષ્ઠ સંબંધ છે. આથી એ ઘણું જ સ્વાભાવિક હતું કે સ્વતંત્ર ભારતની સાંસ્કૃતિક ચેતના જાગૃત થતાં બિહારની જનતા અને સરકારને આ ત્રણ સંસ્કૃતિઓના ઉચ્ચતમ અધ્યયન–અધ્યાપન તથા અનુસંધાનની સુવિધા માટે વિશેષ કેંદ્રોની સ્થાપના કરવાની પ્રેરણા ઉદ્ભવે અને તે મુજબ બિહાર સરકારે ત્રણ સંસ્થાઓ સ્થાપવાનો નિર્ણય–નિશ્ચય કર્યો. કેન્દ્ર કયાં સ્થાપવાં એ પ્રશ્નપર વિચાર–વિમર્શ કરતાં કેન્દ્ર, રાજ્યના ભિન્ન–ભિન્ન ભાગોમાં રાખવાં–સ્થાપવાં–કે જેથી બધા ભાગોને ત્યાંથી ઉત્પન્ન થતા જ્ઞાનની જ્યોતિનો પ્રકાશ મળી શકે અને પ્રત્યેક વિદ્યાપીઠ એવા સ્થાનપર હોય જે સ્થાનનું ઐતિહાસિક દૃષ્ટિએ વિશેષ ઔચિત્ય હોય–એ દૃષ્ટિએ નિર્ણય કરવામાં આવ્યો. આ દૃષ્ટિએ વિચારતાં વૈદિક સંસ્કૃતિ અને તેના અનુલક્ષી સંસ્કૃત સાહિત્ય માટે મિથિલામાં દરભંગા તથા બૌધ્ધ સંસ્કૃતિ અને પાલી સાહિત્ય માટે પ્રાચીન મહાવિહારનું કેન્દ્ર નાલંદા–એ બંન્નેની પસંદગીમાં કોઈ મુશ્કેલી નડી નહિ.

પ્રાકૃત જૈન વિદ્યાપીઠની સ્થાપના માટે વૈશાલીની પસંદગી

ઉક્ત યોજના પ્રમાણે જૈન સંસ્કૃતિ અને પ્રાકૃત સાહિત્ય સંબંધી ગવેષણા માટે ત્રીજી વિદ્યાપીઠનો નિર્દેશ થયો હોવા છતાં તેની સ્થાપના તથા તેના સ્થાનનો નિર્ણય કરવામાં થોડો વિલંબ થયો. આર્થિક સમસ્યાનો બોજો તો બિહાર રાજ્યના અગ્રિમ ઉદ્યોગપતિ શ્રી. શાંતિ-પ્રસાદજી જૈને અને શ્રી. હરખચંદ જૈને જૈન સમાજ તરફથી ઉદાર દાન–પ્રાપ્તિદ્વારા અમુક હદ સુધી હળવો કર્યો. પરંતુ મુખ્ય મુશ્કેલી વિદ્યાપીઠ માટે સ્થળ–પસંદગી કરવા અંગેની હતી. પાવાપુરી, રાજગૃહ અને વૈશાલી એવાં કંઇક સ્થળો તે માટે સૂચવવામાં આવ્યાં. અનેક બાબતોનો વિચાર વિમર્શ કર્યા બાદ રાજગૃહ અને વૈશાલી એ બંન્નેમાંથી કોઈ એકને આ કાર્ય માટે યોગ્ય સ્થળ ગણવામાં આવ્યું. રાજગૃહ, મગધની પ્રાચીન રાજધાની હતી. ત્યાં ભગવાન મહાવીરનો ઉપદેશ અને અનેક વર્ષો આવાસ થયો હતો. અત્યારે પણ તે એક મહાન તીર્થક્ષેત્ર ગણાય છે અને ત્યાં હજારોની સંખ્યામાં યાત્રિકો આવે–જાય છે તથા ત્યાં ભવન વગેરેની તેમજ આવવા જવાની અનેક સગવડો ઉપલબ્ધ છે. બીજો મત એમ હતો કે આ વિદ્યાપીઠ માટે યોગ્ય સ્થળ વૈશાલી છે. રાજગૃહમાં જે સગવડો ઉપલબ્ધ છે. તે સગવડો જો કે આજે વૈશાલીમાં ઉપલબ્ધ નથી, પરંતુ વિકાસયોજનાઓ દ્વારા તે અગવડો બહુ જ થોડા સમયમાં દૂર થઈ જવાની આશા રાખવામાં આવે છે. ઐતિહાસિક દૃષ્ટિએ બિહાર રાજ્ય અને જૈન ધર્મનો અતિ ઘનિષ્ઠ સંબંધ વૈશાલી સાથે સંકળાયેલ દેખાય છે. છેલ્લાં દસ–બાર વર્ષોથી શ્રી. જગદીશચંદ્ર માથુર, આઈ. સી. એસ. ના સુયોગ્ય સંચાલનદ્વારા વૈશાલી સંઘે ત્યાંના પુરાતત્ત્વનું જે અધ્યયન કર્યું છે, જે સાહિત્ય પ્રકાશિત કર્યું છે, (જુઓ વૈશાલી અભિનંદન ગ્રંથ–શ્રી. જ. ચં. માથુર અને પ્રા. યોગેન્દ્ર મિશ્ર કૃત) જે સંગ્રહાલય બનાવ્યું છે તથા મહાવીર જયંતીના પ્રસંગે પ્રતિવર્ષ એક વિશાલ સાંસ્કૃતિક મહોત્સવનું આયોજન કર્યું છે, તે ધ્યાનમાં લેતાં આ કેન્દ્રની વૈશાલીમાં સ્થાપના કરવાનું અનુચિત લેખાવું

ન જાઈએ. અંતે, બિહાર સરકારે ઉકત બંને બાજુઓનો સર્વાંગી દૃષ્ટિએ વિચાર કર્યા બાદ નિશ્ચય કર્યો કે પ્રાકૃત, જૈન-તત્ત્વજ્ઞાન અને અહિંસા સંબંધી ઊંચ્ચ અધ્યયન, અધ્યાપન તથા અનુસંધાનના ધ્યેયથી આ વિદ્યાપીઠની સ્થાપના વૈશાલીમાં જ કરવી.

વૈશાલીનો ગૌરવપૂર્ણ ઇતિહાસ

વૈશાલીની જે ઐતિહાસિક મહત્તા અને જૈન ધર્મની દૃષ્ટિએ પવિત્રતા સંબંધી હકીકતોથી પ્રભાવિત થઇને સરકારે આ વિદ્યાપીઠ અહીં સ્થાપિત કરવાનો નિર્ણય કર્યો છે તેની ઉચિત જાણ (માહિતી) આજપર્યંત સર્વસાધારણ જનતાને મળી નથી. આથી તેનું સંક્ષેપમાં આલેખન (વિવેચન) કરવાનું ઉચિત ગણાશે.

પ્રાગૈતિહાસિક કાળથી વૈશાલીની ખ્યાતિનું દર્શન થાય છે. વાલ્મીકિ રામાયણ અનુસાર, મિથિલા તરફ જતાં ગંગા પાર કરતાં જ રામ અને લક્ષ્મણે ઉત્તર દિશા તરફ "રમ્ય, દિવ્ય અને સ્વર્ગોપમ વિશાલા નગરી" નાં દર્શન કર્યાં અને મહર્ષિ વિશ્વામિત્રે તેમને તે નગરીના રાજવંશનો પરિચય કરાવ્યો, તથા તે નગરીના "દીર્ઘાયુ, મહાત્મા, બલવાન અને નીતિમાન" રાજાઓનો ઉલ્લેખ કર્યો. આજથી લગભગ અઢી હજાર વર્ષો પૂર્વેની વૈશાલીના લિચ્છવી ક્ષત્રિયોની સમૃધ્ધિનુ વર્ણન જાણે કે સ્વયં ભગવાન બુધ્ધના મોઢેથી જાણે કે આજે પણ સંભળાય છે. ભગવાન પોતાના ભિક્ષુ સંઘ સહિત ગંગાને ઉત્તરે કિનારે પહોંચી ગયા છે અને વૈશાલીના ક્ષત્રિયો તેમના સ્વાગતાર્થે વાજતે ગાજતે આવી રહ્યા છે. દૂરથી તેમને (ક્ષત્રિયોને) જોઇને ભગવાન બુધ્ધ ભિક્ષુઓને કહે છે:-"ભિક્ષુઓ, તમે દેવોને સુદર્શન નગરથી ઉદ્યાનભૂમિ પ્રત્યે જતાં જોયા છે? જો ન જોયા હોય તો અત્યારે આ વૈશાલીના ક્ષત્રિયોને જોઈ લો, કારણ જે દેવોની જેવી ઋધ્ધિ હોય છે તેવી જ ઋધ્ધિ આ વૈશાલીના ક્ષત્રિયોની દેખાય છે."

આ લિચ્છવીયોની શાસન-પ્રણાલિ તો ભારતના ઇતિહાસમાં એક મહાન ગૌરવની વસ્તુ છે. જે ગણતંત્ર-પ્રણાલીનું આજે જગત સ્વાગત કરે છે તે આદર્શ શાસન-પધ્ધતિ આ વૈશાલીના લિચ્છવિયોની હતી. તે સમયના મગધ સમ્રાટ અજાતશત્રુએ જ્યારે વૈશાલીના લિચ્છવિયોને મહાત કરવાની ઇચ્છા પ્રકટ કરી અને તે સંબંધમાં ભગવાન બુધ્ધનો અભિપ્રાય જાણવાની ઈચ્છા દર્શાવી ત્યારે ભગવાને સ્પષ્ટ કહ્યું કે જ્યાં સુધી લિચ્છવિયો સંઘ-પ્રણાલીને અપનાવી રાખશે અને બધા હળી-મળીને સહકાર-સહયોગથી ન્યાય-નીતિનું અનુસરણ કરતાં રાજ્ય કરશે, ત્યાં સુધી કોઈ શકિત તેમને પરાજિત કરી શકશે નહિ. એ એક ખેદની હકીકત છે કે લિચ્છવિયોની તે સંઘ-શકિત, શત્રુઓની કૂટનીતિ ને કારણે છિન્નભિન્ન થઈ ગઈ અને પરિણામે લિચ્છવિયોનો પરાજ્ય થયો.

વૈશાલી અને ભગવાન મહાવીર

જે સમયે લિચ્છવિ નરેશોની સમૃધ્ધિ તેની ચરમ-ઉત્કૃષ્ટ સીમા-પર હતી તે સમયમાં ત્યાંના રાજા ચેટકના બનેવી રાજા સિધ્ધાર્થ અને રાણી ત્રિશલાદેવીને ત્યાં કુંડપુરમાં તે રાજકુમારનો જન્મ થયો જેણે રાજ્ય વૈભવને તિલાંજલિ આપીને અકિંચન વૃત્તિ અપનાવી તથા તપ અને ધ્યાનના સામર્થ્યથી પૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરીને જન-સમસ્તને માટે સત્ય અને અહિંસાનો દિવ્ય સંદેશો ઘોષિત કર્યો. આ રાજ-કુમાર તે જ જૈનોના અંતિમ ચોવીસમા તીર્થંકર ભગવાન મહાવીર. જો કે જૈન શાસ્ત્રો અને પુરાણોમાં તેમની જન્મભૂમિ અને કુમાર ક્રીડાનું ક્ષેત્રવિદેહ "જનપદ"-જે ગંગાની ઉત્તરે 'તિરહુત જનપદ' જ હોવાની સંભાવના છે-દર્શાવવામાં આવ્યું છે, તો પણ તેમને "વેસા-લિએ" (વૈશાલિક) તરીકે ઓળખાવવામાં આવ્યા છે. આથી તેમનું જન્મસ્થાન ગંગાના દક્ષિણવર્તી પ્રદેશમાં હોવાની સંભાવના રહેતી જ નથી, આમ છતાં વૈશાલીના વિધ્વંસની સાથે સાથે તેના સંબંધી ઉકત સમસ્ત સ્મૃતિ-શૃંખલાઓ ઝાંખી પડતાં અને મંદ થતાં થતાં વિલુપ્ત થઈ ગઈ હતી અને ધર્મિષ્ઠ લોકોએ ભ્રાન્ત બનીને વિવિધ સ્થાનોને ભગવાનના જન્મ કલ્યાણક ક્ષેત્ર તરીકે માની લીધા હતા. કિંતુ પુરા-તત્ત્વની શોધખોળોએ હવે તે અજ્ઞાનનું આવરણ દૂર કર્યું છે અને મર્મજ્ઞ વિદ્વાનો ભગવાનની સાચી જન્મભૂમિ તરીકે વૈશાલીને ઓળ-ખતા થયા છે. જૈન ગ્રંથોમાં ભગવાન મહાવીરના જન્મસ્થાન અંગે જે કુંડપુરનો ઉલ્લેખ છે તે વૈશાલી સાથે જોડાયલો વર્તમાન વાસુકુંડ જ છે, જેનો એક ગુપ્ત કાલીન મુદ્રામાં અંકિત "વૈશાલી નામ કુંડે" ના રૂપે સંભવતઃ ઉલ્લેખ જોવામાં આવે છે, અને એ હકીકત છેલ્લાં પચાસ વર્ષોના નિરંતર પ્રયત્નોથી હવે નિર્વિવાદ સિધ્ધ થઈ ગઈ છે. આવા વિવાદાસ્પદ સ્થળો અંગે પ્રવર્તમાન પરંપરાનું મૂલ્ય પણ ઘણું જ મોટું હોય છે. મહાવીરના સંબંધના કારણે વાસુકુંડમાં અમુક બે એકરનું એક ક્ષેત્ર સદીઓથી પૂજ્ય અને અહલ્ય (એટલે જેના ઉપર હળ ચલાવી ન શકાય-ખેતી થઈ ન શકે એવી) ગણાતું આવ્યુ છે. સંભવતઃ તેજ સ્થળ ભગવાનની જન્મભૂમિ છે. જે કોલ્લાગ સંનિ-વેશમાં ભગવાને પ્રવ્રજ્યા લીધા બાદ પ્રથમ વખત આહાર લીધો હતો, તે કોલ્હુઆના નામે આજે પણ વાસુકુંડની સમીપમા મૌજુદ છે; અને જે વૈશાલી અને વાણિજ્ય ગ્રામમાં ભગવાને બાર વરસ આવાસ કર્યો હતો તે બસાઢ અને બનિયા નામથી આજે પણ નજીકમાં મૌજુદ છે. આમ, ભગવાન મહાવીરની જન્મભૂમિ આ જ છે એ બાબતમાં કોઇ પ્રકારે શંકાનું સ્થાન નથી.

બિહારની જનતાનો સહકાર

આ પશ્ચાત્‌ભૂમિના કારણે અને તેના આધારે બિહાર સરકારે વાસુકુંડના ઉકત પવિત્ર ક્ષેત્રના સમીપમાંજ પ્રાકૃત-જૈન અહિંસા વિદ્યાપીઠની સ્થાપના કરવાનો નિર્ણય કર્યો અને ત્યાંની જનતાએ પણ સારી સંખ્યામાં ભૂમિ-દાન આપીને આ યોજનામાં પોતાનો ઉત્સાહ દર્શાવ્યો છે અને સહકાર આપ્યો છે. બીજી જમીનની સાથે સાથે ઉપર્યુકત બે એકરનાં પવિત્ર ક્ષેત્રનું દાન પણ બિહાર રાજ્યને મળ્યું છે. વાસુકુંડમાં પ્રાકૃત વિદ્યાપીઠના શિલાન્યાસ સાથે આ પવિત્ર ભૂ-ખંડમાં શ્રી મહાવીર સ્મારક પણ ઉભું કરવામાં આવે તે ઉચિત લેખાશે એમ સ્વીકારવામાં આવ્યું છે.

વિદ્યાપીઠ માટે પચાસ એકર જમીનની આવશ્યકતા છે. આમાંથી લગભગ તેર એકર જમીન સ્થાનિક ગ્રામજનતા પાસેથી દાનરૂપે પ્રાપ્ત થઈ ગઈ છે અને તે ઉપર આજે યથાસ્થાન વિદ્યાપીઠના ભવનની શિલાન્યાસ-વિધિ કરવાનો છે. બાકીની જમીન ટૂંક સમયમાં જ પ્રાપ્ત થશે એવી આશા રાખવામાં આવે છે. વિદ્યાપીઠના મુખ્ય ભવન તથા આવશ્યક નિવાસગૃહોના નકશા લગભગ તૈયાર છે. અહીં સરકારી લોક-કાર્યવિભાગના નિરીક્ષણ હેઠળ ભવનનિર્માણનું કાર્ય પોતાનાં સાધનો દ્વારા જલ્દી શરૂ કરી દેવાનો શ્રી. શાંતિપ્રસાદજીનો વિચાર છે. એક વર્ષની અંદર જ આવશ્યક ભવન તૈયાર થઈ જશે જેથી આગામી વર્ષના પ્રારંભથી વિદ્યાપીઠનું કાર્ય આ સ્થાન પર ચાલી શકશે એવી આશા રાખવામાં આવે છે. વિદ્યાપીઠના મુખ્ય ભવનની બાહ્યાકૃતિમાં જૈન કલાનું અનુસરણ કરવામાં આવશે.

જ્યાં સુધી ઉપર્યુકત સ્થળે આવશ્યક વિદ્યાલય અને નિવાસ-ગૃહ તૈયાર નહિ થાય ત્યાં સુધી વિદ્યાપીઠનું કાર્ય મુઝફ્ફરપુરમાં કરવામાં આવશે એવો નિર્ણય કરવામાં આવ્યો છે અને તે માટે ત્યાં આવશ્યક સ્થળ પ્રાપ્ત કરવાના પ્રયત્નો ચાલુ છે.

વિદ્યાપીઠનો કાર્યક્રમ

(ક) આ સંસ્થા દ્વારા પ્રાકૃત ભાષા અને સાહિત્યનો અનુસ્નાતક ધોરણ પર અધ્યયન-અધ્યાપન તથા સંશોધન કરવામાં આવશે, તથા પ્રાકૃતનું સમૃદ્ધ સાહિત્ય પ્રકાશિત કરવાના પ્રયત્નો કરવામાં આવશે તથા અહિંસાના સ્વરૂપ તથા વ્યાવહારિક સિદ્ધાંતો આદિ સંબંધમાં જગતમાં જ્યાં જ્યાં વિચાર-વિમર્શ યા કાર્ય થયું હોય તેનું તુલનાત્મક અધ્યયન કરવામાં આવશે. વિદ્યાપીઠદ્વારા જૈન દર્શન અને જૈન સાહિત્ય સંબંધી મહત્વપૂર્ણ પ્રકાશનો પ્રકટ કરવામાં આવશે તથા શ્રેષ્ટ વિદ્વાનોનાં પરસ્પર મિલનો અને વિચાર-વિનિમય કરવાના પ્રસંગો ઉપસ્થિત કરવામાં આવશે.

(ખ) અપ્રકાશિત-અપ્રગટ હસ્તલિખિત ગ્રંથો તથા પ્રકાશિત પુસ્તકોનો વિશાલ સંગ્રહ ધરાવતું વિદ્યાપીઠનુ પોતાનું પુસ્તકાલય રહેશે.

(ગ) નિયમાનુસાર વિદ્યાપીઠના શિક્ષકો અને વિદ્યાર્થીઓ ત્યાં જ નિવાસ કરશે. જૈન અને પ્રાકૃત વિદ્યા સંબંધી જ્ઞાનવૃદ્ધિના ધ્યેયથી

પ્રસંગોપાત બહારના વિદ્વાનોને પણ આમંત્રણ આપી તેમનો લાભ લેવામાં આવશે.

(ઘ) યોગ્ય કાર્યકર્તાઓને તૈયાર કરવા માટે અમુક વિદ્યાર્થીઓની પસંદગી કરી તેમને આવશ્યક શિક્ષણ આપવામાં આવશે. આ વિદ્યાર્થીઓ બિહાર વિશ્વવિદ્યાલયની એમ. એ., પી.એચ. ડી.., તથા ડી. લિટ.ની પદવીઓ માટેની પરીક્ષાઓમાં બેસી શકશે.

(ઙ) વિદ્યાપીઠના સંશોધન કાર્યને વખતો વખત પ્રગટ કરવા માટે વિદ્યાપીઠમાં પ્રકાશન વિભાગ રાખવામાં આવશે.

(ચ) વિદ્યાપીઠમાં સુયોગ્ય વિદ્યાર્થીઓ માટે અમુક શિષ્યવૃત્તિઓનો પણ પ્રબંધ રહેશે.

સંચાલક અને અધ્યાપક

કાર્યારંભ માટે અત્યારે એક ડાયરેક્ટર, બે અધ્યાપકો, એક ગ્રંથપાળ, બે કલાર્ક અને એક ચપરાસીની નિમણુંક કરવાનો પ્રબંધ કરવામાં આવ્યો છે. તદનુસાર વિદ્યાપીઠના ડાયરેક્ટરની નિમણુંક કરી લેવામાં આવી છે અને નાગપુર વિશ્વવિદ્યાલયના ભૂતપૂર્વ સંસ્કૃત-પાલી-પ્રાકૃત વિભાગના અધ્યક્ષ, આ વિશ્વવિદ્યાલયની વિદ્યા પરિષદના મંત્રી તથા વિશ્વવિદ્યાલય સંબંધી અધ્યાપન કાર્યના ત્રીસ વરસોના અનુભવી તેમજ અનેક પ્રાકૃત અને જૈન ગ્રંથોના સંપાદક, સંશોધક અને અનુવાદક પ્રસિદ્ધ વિદ્વાન ડો. હીરાલાલ જૈન, એમ. એ., એલ. એલ. બી., ડી. લિટ., તા. ૧ ડીસેંબર ૧૯૫૫થી ડાયરેક્ટરનું પદ સંભાળી રહ્યા છે.

અત્યાર સુધીનું કાર્ય

ડૉ. હીરાલાલ જૈનના સુદ્દર પ્રયત્નોથી વિદ્યાપીઠની કાર્યવાહી ચાલુ કરવાની દિશામાં અનેક પ્રારંભિક આવશ્યક કાર્યો કરવામાં આવ્યા છે. બિહાર વિશ્વવિદ્યાલયમાં પ્રાકૃત તથા જૈન તત્વજ્ઞાન સંબંધી એમ. એ. ની ઉપાધિ માટેનો પાઠ્ય-ક્રમ શરૂ કરવાને માટે વિશ્વવિદ્યાલયને પ્રેરિત કરવામાં આવી છે. વિદ્યાપીઠ માટે અત્યાર સુધી લગભગ રૂપિયા પચ્ચીસ હજારનાં મૂલ્યનાં ગ્રંથ અને ફર્નીચર ખરીદી લેવામાં આવ્યાં છે. આ પ્રકારે આગામી ગ્રીષ્મકાલીન રજાઓમાં બાદ નવા સત્રથી વિદ્યાપીઠનો કાર્યારંભ મુઝફ્ફરપુરમાં કરવાની બધી તૈયારીઓ થઇ ગઈ છે.

વિદ્યાપીઠનું ભાવિ

જૈન ધર્મનો ઇતિહાસ અતિ પ્રાચીન છે અને તેના તત્વજ્ઞાન તથા દર્શન અંગેનું સાહિત્ય અતિ વિશાળ અને સમૃદ્ધ છે. કલા અને વિજ્ઞાનસંબંધી સામગ્રી પણ જૈન સાહિત્યમાં વિપુલ માત્રામાં વિદ્યમાન છે. અહિંસા સિદ્ધાંત અંગે જેટલું ચિંતન અને વિશ્લેષણ તેમાં છે તેટલું અન્યત્ર કોઇ સાહિત્યમાં નથી.

કિંતુ જૈન સાહિત્ય જે મુખ્યત્વે કરી પ્રાકૃત ભાષામાં લખાયલું છે તે પ્રત્યે જેટલું ધ્યાન આપવાનું આવશ્યક છે તેટલું આજપર્યંત અપાયું નથી. આથી ભારતીય સંસ્કૃતિનો ઇતિહાસ હજી સુધી અધૂરો અને અસ્પષ્ટ દશામાં પડી રહ્યો છે. બિહાર સરકારે આજ વાતને ધ્યાનમાં લઇને આ વિદ્યાપીઠની સ્થાપના કરી છે. બિહારના રાજ્યપાલ, મુખ્ય સુચિવ, શિક્ષણ સચિવ, શિક્ષણ ખાતાના મંત્રી તથા અન્ય અધિકારીઓ અને કર્મચારીઓ રાષ્ટ્રના સાંસ્કૃતિક અભ્યુત્થાનની આ એક સીડીના નિર્માણમાં ઘણી રૂચિ-દિલચસ્પી દર્શાવી રહ્યા છે. સ્થાનિક જનતાએ કરેલ ભૂમિદાન આદિ કાર્યો દ્વારા તેમનું યોગદાન સ્પષ્ટ છે જ. શ્રી શાંતિપ્રસાદજી તથા તેમની સાથે સમસ્ત જૈન સમાજની સહાયતા અને સહકાર પણ પ્રાપ્ત થયાં છે; અને વૈશાલી સંઘ તો વર્ષોથી તૈયારી કરી રહ્યું છે કે વૈશાલી પોતાનું લુપ્ત ગૌરવ ફરીથી પ્રાપ્ત કરે; અને આ સર્વથી પણ અધિક, આ રાજ્યની એક ઉત્કૃષ્ટ વિભૂતિ તથા ભારતના શિરોમણિ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદજીના વરદહસ્તે આ વિદ્યાપીઠની સ્થાપના વિધિ થઇ રહી છે. ભગવાન મહાવીરની સ્મૃતિનો પ્રભાવ આ વિદ્યાપીઠની સદૈવ રક્ષા અને ઉન્નતિ કરે એ હેતુથી મહાવીર જન્મોત્સવના પુણ્ય-દિવસના પ્રસંગે આ વિદ્યાપીઠના સાન્નિધ્યમાં શ્રી મહાવીર સ્મારકની પણ સ્થાપના થઇ રહી છે. આ રીતે વિદ્યાપીઠને માટે વર્તમાન સમય-સંજોગ સર્વ પ્રકારે અનુકૂળ છે અને તે આધારે આપણે આશા રાખીએ કે વૈશાલી પ્રાકૃત વિદ્યાપીઠનું ભાવિ ઉજ્જવળ અને મહાન હશે.

ભગવાન બુદ્ધે પ્રરૂપેલ આચારધર્મ

धम्मं शरणं गच्छामि

को नु हासो किमानन्दो निच्चं पज्जलिते सति ।
अन्धकारेण ओनद्धा पदीपं न गवेस्सथ ॥

હાસ, આનન્દ તે શાના નિત્ય જ્યાં પ્રજ્વળે જગત ?
અંધકાર વિંટાયા ઓ ! પ્રદીપ નવ શોધશો ?

अक्कोच्छि मं अवधि मं अजिनि मं अहासिमे ।
(यूह) चे तं उपनय्हन्ति वेरं तेसं न सम्मति ॥

ભાંડ્યો મને હણ્યો હુંને, હરાવ્યો ને હર્યું મમ
એમ જે બાંધતા ગાંઠ તેમનું વૈર ના શમે.

अक्कोच्छि मं अवधि मं अजिनि मं अहासिमे ।
(यूह) चे तं न उपनय्हन्ति वेरं ते सूपसम्मति ॥

ભાંડ્યો મને હણ્યો હુંને, હરાવ્યો ને હર્યું મમ
બાંધે જે એમ ના ગાંઠ તેમનું વૈર આથમે.

न हि वेरेन वेरानि सम्मन्तीध कुदाचनं ।
अवेरेन च सम्मन्ति एस धम्मो सनातन ॥

વેરથી વેરની કો દી ઉપશાન્તિ થતી નહીં;
અવેરથી થતી શાન્તિ—એ છે ધર્મ સનાતન.

पम्मादं अप्पमादेन यदा नुदति पण्डितो ।
पञ्ञापासादमारुह्य असोको सो किनि पजं ।
पब्बतट्ठो व भुम्मट्ठे धीरो बालो अवेक्खति ॥

જ્યારે પંડિત અપ્રમાદે હઠાવી દે પ્રમાદને
ત્યારે અશોક બનીને પ્રજ્ઞાપ્રાસાદથી જુએ
શોકયુકત પ્રજ્ઞને એ;
ભૂમિ-ઉભેલ ને જેમ
પર્વતસ્થ જુએ, તેમ નીરખે ધીર બાલને

दीघा जागरतो रत्ति दीघं सन्तस्स योजनं ।
दीघो बालानं संसारो सद्धम्मं अविजानतं ॥

દીર્ઘ જાગ્રતને રાત્રી, થાકયાને દીર્ઘ જોજન;
દીર્ઘ સંસાર બાલોને જે સદ્ધર્મ ન જાણતા.

यथापि भमरो पुप्फ वणगन्धं अहेठयं ।
पलेति रसमादाय एवं गामे मुनी चरे ॥

રંગ ગન્ધ ભગાડે ના, પુષ્પનો રસ લૈ પળે—
ભમરો, તેમ મુનિએ ગામમાં ફરવું ઘટે.

यावजीवं पि चे बालो पण्डितं पयिरुपासति ।
न सो धम्मं विजानाति दब्बी सूपरसं यथा ॥

જિંદગીભર છો બાળ ઉપાસે જ્ઞાનવાનને
નહીં તે ધર્મને પામે:
ચાટવો સૂપરસને કદી જેમ ન પામતો.

मुहुत्तमपि चे विज्ञू पण्डितं पयिरुपासति ।
खिप्पं धम्मं विजानाति जिव्हा सूपरसं यथा ॥

મુહૂર્ત પણ જો વિજ્ઞ ઉપાસે જ્ઞાનવાનને
સદ્ય તે ધર્મને પામે:
સૂપના રસને જેમ જિવ્હા સત્વર પારખે.

'યાત્રિક'માંથી સાભાર ઉદ્ધૃત. અનુવાદ : સુન્દરજી બેટાઇ

વિષય સૂચિ		પૃષ્ઠ
તથાગતની વિશિષ્ટતાનો મર્મ	પંડિત સુખલાલજી	૧૧
બોધિસત્ત્વ	ક્રાન્તિલાલ બરોડિયા	૧૩
પ્રાકૃત વિદ્યાપીઠ, વૈશાલી	અનુ. : શાન્તિલાલ નંદુ	૧૮
धम्मं शरणं गच्छामि	અનુ. : સુન્દરજી બેટાઇ	૨૦

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મરજીદ બંદર રોડ, મુંબઈ ૯. ટે. નં. ૩૪૬૨૯

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

પ્ર. જૈન વર્ષ ૧૪–પ્ર. જીવન વર્ષ ૪
અંક ૩

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, જુન ૧, ૧૯૫૬, શુક્રવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : ત્રણ આના

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

બે નિષ્ઠા–કર્મ અને જ્ઞાન

(ગાંધીજી–વિનોબા)

लोकेऽस्मिन् द्विविधा निष्ठा पुरा प्रोक्ता मयाऽनघ ।
ज्ञानयोगेन सांख्यानां कर्मयोगेन योगिनाम् ॥ –ગીતા ૩-૩

કર્મ સાર્વભૌમ છે. કોઇથી ટાળ્યું ટળતું નથી.* છતાં તેને આચરતાં તેની ભીતર રહેલો યોગ સિદ્ધ કરનાર 'લાખન મેં એક' જડશે. અને તેમાંયે સંન્યાસી તો વળી એથીયે વિરલો.

કર્મચક્રની અગણિત ઉથલપાથલોમાં સંસારનો માણસ જિંદગીભર ગળાડૂબ રહે છે. પણ કર્મ જેમ ટળતું નથી તેમ ટકતુંયે નથી ને તેનું ફળ પરિણામ પણ તેવું જ નાશવંત છે. માણસને તે સદા ચિટકી રહેતું નથી. તેથી એને આચરતાં (કર્મ)–યોગી અનાસક્તિને ખોળે છે ને તેનો મહાવરો પાડે છે. મુસાફરી એ મજલના છેડાને–સાધ્યને–પહોંચવાનું સાધન છે. પણ સાધનને કેમ જાણે તે સાધ્ય જ હોય એટલા રસથી વળગીને ઇષ્ટ સિદ્ધિ કરવી એ કર્મયોગની ને તમામ યોગની વિશેષતા છે.

આમ કર્મયોગી કર્મમાત્રને જીવનસાધનાની નિસરણી બનાવીને તેને મોટી પ્રતિષ્ઠા આપે છે. ઝીણામાં ઝીણી વસ્તુ કે વ્યક્તિ જે કશાના સમાગમમાં તે આવશે તેને પોતાના જીવનની સાધનાનું અંગ ગણીને ચાલશે. આથી જ તે લોકસંગ્રહ તરફ રુચિવાળો બને છે.

સંન્યાસવૃત્તિવાળો એથી જુદો છે. દરેક કર્મમાંથી અને તેના અમલઆચરણમાંથી, દરેક પ્રસંગ કે સમાગમમાંથી, એ ફકત પોતાના સિદ્ધાન્તને જ તારવી લે છે. કાર્યકારણને છણીને તેના મૂળમાં પડેલા સિદ્ધાન્તને જ તે જુએ છે. ગણિતના દાખલા કરતાં તેની પાછળ રહેલા સિદ્ધાન્તને જ સમજી લેવાનું તે પસંદ કરે છે. તેના દાખલા ગણવામાં તેને રસ નથી. પણ એથી ઊલટા સ્વભાવવાળો કર્મયોગી એવા દાખલા સંસારના વહેવારોનાં પાટિયાં પર એક પછી એક ગણી દેખાડીને જ અનેરો રસ લૂંટે છે.

સંન્યાસી લોકસંગ્રહથી નહાસતોયે નથી ને તેને શોધતોયે નથી. એ સ્વભાવે કરીને જ સૌથી વિશાળ અર્થમાં ધર્મનો પ્રવર્તક ઠરે છે. તે દેશકાળઅબાધિત સાર્વભૌમ સિદ્ધાન્ત જ ફકત રજૂ કર્યે જાય છે. યોગી સાર્વભૌમ સાધના ચીંધ્યે જાય છે. ગીતાને ગાંધી 'અનાસકિત યોગ' કહેશે, વિનોબા 'સમત્વયોગ' કહેશે. કારણ એ નામ તત્ત્વસિદ્ધાંત સૂચવનારું છે. સમત્વ સાધ્ય છે, અનાસકિત સાધન. સંન્યાસી સૂર્ય સમો છે. નદી પહાડ મેદાન કે વસ્તી બધે સૂર્ય બળબળતા તાપ ને લૂ ફેંકશે, પણ કોઇના ઘરમાં દાખલ થઇને ચૂલાનું રાંધણું નહિ રીજવે. એ કામ અગ્નિનું, યોગીનું. સંન્યાસીનું એ કામ નહિ.

સંસાર કર્મરત છે. પણ અસંખ્ય કામનાઓનો માર્યો કર્મ આચરે છે. તેથી તે યોગી નથી. ઘણા તો નરી જડતાના માર્યા કર્મને વળગેલા રહે છે, સાચો યોગી કે સંન્યાસી કાળાંતરે કોક જ કયારેક જોવા મળે છે.

અને છતાં સંસારમાં આ યોગી–સંન્યાસીની જોડી જુગજુગથી હાથમાં હાથ મિલાવીને સદ્ભાય જોડાજોડ જ ચાલતી આવી છે. યોગીની પાછળ સંન્યાસી ને સંન્યાસીની પાછળ યોગી સાંકળના અંકોડાની જેમ એકબીજામાં સંકળાએલા જ દુનિયાને દેખાયા છે. યાજ્ઞવલ્કયની પાછળ જનક ને જનક પાછળ શુકદેવ, બુદ્ધની પાછળ પાછળ શંકરાચાર્ય, નામદેવ–જ્ઞાનેશ્વર, રામકૃષ્ણ–વિવેકાનંદ, ગાંધી–વિનોબા–આમ આ જુગલજોડીઓ ચાલી જ આવી છે. બીજે પણ આવું જ જોવા મળશે. સંન્યાસી રૂપિયો છે ને યોગી છુટ્ટા. બંધા રૂપિયાની ને પરચુરણ છુટ્ટાની કિંમત એક જ, પણ રોજિંદા વહેવારમાં પરચુરણ વધુ ઉપયોગી ને બંધો રૂપિયો ધનસંગ્રહની ગણતરીએ વધુ જરૂરી.

પ્રવૃત્તિ નિવૃત્તિનાં આ બે પૂર્ણ ચિત્રો છે. ઝાડનું પૂર્ણ રૂપ જેમ બીમાં છુપાયું છે તેમ સંન્યાસમાં શકિતરૂપે કર્મયોગ કેન્દ્રિત છે. બી ઝાડરૂપે વિસ્તરે છે તેમ સંન્યાસ સાધનરૂપે કર્મયોગમાં વિસ્તરે છે. આમ સંન્યાસી ને યોગી જોવામાં જુદા છતાં વસ્તુતાએ અભેદ છે. દરિયાના પેટ પર ડુંગર જેવડાં મોજાં ઉછળે તોયે તેના પાણીમાં ટીપું ઓક ઉમેરો થતો નથી ને શાંત તલાવડી જેવો દેખાય ત્યારે પણ તે સૂકાતો નથી. દેખાવ જ ફકત બદલાય છે.

एकं सांख्यं च योगं च यः पश्यति स पश्यति ।

છતાં યોગી–સંન્યાસીની આ જુગલજોડી દુન્યવી અર્થમાં જેને આપણે ગુરુ–શિષ્ય કહીએ તેવી નથી હોતી. પૂજ્ય–પૂજક કહેવાય ખરી. યોગી ચાહે તેટલો મથે પણ તે સંન્યાસીની રૂખ બદલી નહિ શકે. ને સંન્યાસી ચાહે તેટલો તૂટી મરે તોયે તે કર્મયોગીને કર્મથી ચળાવી નહિ શકે. એવો ફેરફાર જરૂરી પણ નથી. ખરો ગવૈયો, તબલચી ચાહે તેટલી હાથચાલાકી કરે તોય બેસૂર થતો નથી, ને આબાદ તબલચી, ગવૈયાના ચાહે તેવા સૂરસરકસમાં અટવાય તોયે તાલ ચૂકતો નથી. ગુરુશિષ્યના નાતામાં શિષ્ય ચાક પરનો પીંડો કે કાચું હાંલ્લું હોવાની કલ્પના છે. જેમાંથી ગુરુ–કુંભાર કૂંડું કુલડી ઉતારશે; અથવા કાચું હાંલ્લું ટપલે ટીપી ઘાટીલું કરશે કે નીભાડે પકવશે. કાં સોનારની જેમ મૂસમાં ઢાળીને તેની લગડી કે ઘાટપ્રતિમા ઉતારશે. પણ યોગી–સંન્યાસીનું તેવું નથી. શુકે જનકને, વિવેકાનંદે રામકૃષ્ણને કે વિનોબાએ ગાંધીજીને ગુરુપદે માન્યા, છતાં બેઉનાં હાડ જુદાં છે. તેથી ગુરુ–શિષ્યના કરતાં એ નાતામાં પિતા–પુત્ર ભાવ કલ્પવો એ વધુ બંધબેસતું છે. દીકરો બાપ કે મા જેવો આબેહુબ કયારેક ન પણ હોય. પણ ગુરુ–શિષ્યનું પોતવણાટ તો હિમરૂ–મશરૂની જેમ અંદરબહાર સવળઅવળ એક જ હોય. રૂંવાડું નોખું ન હોય, કયારેક પ્રમાણમાં દસ આની છ આની એવો તફાવત ભલે દેખાય, પણ પોતવણાટ એક જ હોય. બેય અભેદ હોય.

---

* न हि कश्चित्क्षणमपि जातु तिष्ठत्यकर्मकृत् ।
कार्यते ह्यवशः कर्म सर्वः प्रकृतिजैर्गुणैः ॥–ગીતા ૩-૫

ગાંધીજીની આજ્ઞા શિષ્યવૃંદમાં અક્ષરશઃ પળાય, તેમની સમક્ષ અદબથી જ બેસાય. બનતાં સુધી ન જ બોલાય. બોલવું જ પડે ત્યારે અતિ ધીમે સાદે બોલાય. વિનોબાને ત્યાંની દુનિયા નિરાળી. એમણે પણ ગાંધીજીની આજ્ઞા માથે ચડાવીને આશ્રમ ચલાવ્યા પણ ત્યાંના રંગઢંગ, કૈલકાલવણ, ચણુતર, બધું જોખું. ગાંધીજીની આસપાસ જુઓ તો પથારો ને સંગ્રહ, અહીં નિગ્રહ. ત્યાં પરસાળ આંગણાંના વિસ્તાર, અહીં સાંકડી તંગ ઓરડીઓ. ત્યાં આઠે પહોર ને સાઠે ઘડી કર્મચક્રના ઘરઘરાટ ને આવજાની સમણાસમણ, તો અહીં તત્ત્વસિદ્ધાંત પર જ જોર ને નાહકની સમણાસમણ પર લગામ. ત્યાં રેંટિયા પર સંશોધન, અહીં તકલી પર મદાર. ત્યાંની પ્રાર્થનામાં વાદ્યસંગીતની કદર, અહીં તાનતંબૂરા વાદ્યવાજાં તરફ ઉપેક્ષાવૃત્તિ. ત્યાં પચરંગી વ્યક્તિઓના નિરંતર પરિચય ને બોલબાલા, અહીં તો અંતરંગ ગણ્યાગાંઠ્યાને અવગત, ત્યાં એકમેકના સંપર્કસમાગમ સારૂ પડાપડી, અહીં છ–બાર મહિના બેળા વસો તોયે તમારૂં નામગામ પૂછવાની કોઈને પડી ન હોય. ત્યાં સ્ત્રીબાળકો, અપંગ, રોગીઓની ભીડાભીડ, અહીં ગાઢ એકાંતમાં ઊભેલી ભીંતો ને બપેડા. ત્યાં નહાવાધોવાની ફુરસદ ન મળે એટલાં કામ, અહીં સ્થળકાળનું ઓસાણ ન મળે. ત્યાં રાતદિવસ તરેહતરેહના ઝંઝાવાત ને વાવાઝોડાં, અહીં અસીમ આકાશની અખંડ સમાધિ.

ત્યાં વત્સલ પિતાનાં લાલનપાલન ને લાડકોડ, અહીં ગુરૂઆજ્ઞા હેઠળ ડાબુંજમણું જોયા વગર ચાલતી દિનચર્યા. ત્યાં કુટુંબમેળો, અહીં **निजगृहात्तर्णं विनिर्गम्यताम्** ત્યાં 'यदि ह्यहं न वर्तेयं जातु कर्मण्यतंद्रितः ની કાળજી, અહીં 'न मे पार्थास्ति कर्तव्यं त्रिषु लोकेषु किंजन' વાળી મુદ્રા.

એક રાજર્ષિ–રાજકાજ આદિ કર્મનિષ્ઠામાં રત છતાં પરમ ભક્ત; બીજા બ્રહ્મજ્ઞાનાદિ શાશ્વત સત્યોની નિષ્ઠામાં રત રહીને સંતપરાયણ ભક્ત. ગાંધીજીના જીવનમાં ઊડતી નજરે અવલોકનારને પણ એનું કર્મપ્રાધાન્ય દેખાય, કર્માનુભવની વિરાટ ઘટમાળમાં થઈને જ વૈરાગ્યનો પરિપાક પામવાની આસ્થા દેખાય. અહીં ન મળે નિર્દંભીની જદ્દોજહદ, ન મળે કર્મચક્રની સમણાસમણ, નરી જ્ઞાનનિષ્ઠા જ ભળાય. વૈરાગ્ય તો ગળથૂથીમાં જ પીધેલું. શરૂમાં મોહનું આવરણ પડેલું ને તે ઝૂઝીઝઝૂમીને ખસેડયું એવું કશું જ ન મળે.

प्रक्षालनाद्धि पंकस्य दूरादस्पर्शन वरम् એ જ ધરમૂળની સ્થિતિ ! ગાંધીજીના જીવનમાં સંઘર્ષસંગ્રામ ને સુધારણા, અહીં રુગો વિકાસ,. ત્યાં ક્રાન્તિ, અહીં નકરી બુદ્ધિ. બાપુના આખા જીવન ઉપર ગૃહસ્થાશ્રમ રૂપી વડલાનો છાંયો, વિનોબાજીના જીવનમાં તેનો પત્તો ન મળે.

ખરૂં જોતાં પૂર્ણ અવસ્થાએ પહોંચેલો કર્મયોગ અને તેવો જ પૂર્ણતાએ પહોંચેલો સંન્યાસ–બેઉ માનવીના આંતરવિકાસની ચરમ અવસ્થાઓ છે. કળી પોતાની મેળે જ ખીલી ઊઠે છે, કોઈએ તેને પંપાળીને ખીલવવી નથી પડતી.

પણ મૂળમાં વિનોબાજીની આવી સ્વયંસ્ફૂર્ત સંન્યાસીની ભૂમિકા છતાં ગાંધીજીને હાથે એમનું અપાર વાત્સલ્યથી પિતૃવત્ લાલનસંગોપન થયું એ તો દેખીતું છે. આરંભમાં જન્મદાત્રી આઇએ પરમાર્થ ઓળખાવ્યો. પછી સંતોની અજરઅમર અમૃતવાણીએ ભીનાભીના થઈ ઊઠયા, ને તે પછી તો પ્રત્યક્ષ સંત જ ગાંધીજીરૂપે એમની સામે આવી ઊભા. બધી ચિંતા જ ટળી ગઈ. દુનિયામાં કેમ વરતવું, કઇ પ્રવૃત્તિ કરવી,—કશું પોતાને વિચારવાનું ન રહ્યું. કેવળ બ્રહ્મચિંતનમાં તલ્લીન રહ્યા. કર્મયોગનો ભાર બાપુને માથે રહ્યો.

આમ દુન્યવી અનુભવ ગાંધીજીને ચાકડેથી તૈયાર જડયો. સંસાર-સેવાની દલીલ અને રીત જડી ગઈ.

અને છતાં ગાંધીજીની વિવિધ ઝુંબેશમાં પ્રત્યક્ષ ભળવાનો પ્રસંગ લાંબા વખત સુધી વિનોબાજીને ન આવ્યો. છેટે રહ્યાં બ્રહ્મવિચારની અખંડતા કેળવાતી ગઇ. આમાંથી બીજો લાભ એ નીપજ્યો કે ગાંધી-ફિલસૂરીની આંકણી કરવાની અને ગાંધીજીના કર્મયોગ તથા અનુભવો-માંથી નીપજતાં રત્નોનાં પાણી પારખવાની પારાશીશી વિનોબા પાસે તૈયાર થઇ. થર્મોમીટર તાવનું માપ ચોક્કસપણે દેખાડે છે. કાં કે તાવથી અલિપ્ત છે. તેમ સંન્યાસી માણસ જ કોઇ પણ તત્ત્વસિદ્ધાંતની સાચી આંકણી ને સાચાં તોલમાપ કાઢી શકે છે કારણ કે તે કર્મની ધગશ અને અભિનિવેશથી અલિપ્ત છે.

આ સ્થિતિ બાપુએ ચોક્કસ ઓળખેલી. નીકર વિનોબાજીની અવસ્થાને એ 'જડભરત'ની ઉપમા કેમ આપે ? સંન્યાસીનું કામ જ એવું :

> तेणें न पाहतां विश्व देखिलें । न करितां सर्व केलें ।
> न भोगतां भोगिलें । भोग्यजात ।
> एके ठायीं बैसला । परिसर्वत्र तो चिन्मेला ।
> हें असो विश्व जाहला । अंगें चि तो । –ज्ञानेश्वरी

આવી એની સ્થિતિ હોય છે. બહારની દોડાદોડ કરતો તે નહિ દેખાય. છતાં એના વડે સંસારને સત્કર્મની અનંત પ્રેરણા મળ્યે જ જવાની.

× × ×

આવી ગળા સુધીની ખાતરી સાથે ગાંધીજીએ પોતાના કર્મયોગના ભાથામાં રામબાણ સમા આ સંન્યાસીને સાચવીને મૂકયા. કાળના વહેણમાં ઘડતે ચોઘડિયે એ રામબાણ છૂટવાનું હતું. ને છૂટયું !

સંત જ્ઞાનેશ્વરનાં બધાં ભાંડુઓ જેમ સંત પાકયાં તેમ વિનોબાજીના બીજા બેઉ ભાઇ જ્ઞાન સંસ્કૃતિ અને સેવાના કુબેરસમા અને એમના જેવા જ નૈષ્ઠિક બ્રહ્મચારી સાધકો છે. બેઉની રહેણીકરણી ને તત્ત્વ-નિષ્ઠા તેમના જેવી જ અનન્ય. એમાંના સૌથી નાના શ્રી શિવાજીરાવ ભાવેએ ૧૫–૨૦ વર્ષ અગાઉ લખેલા એક અપ્રગટ મરાઠી લેખના પ્રસ્તુત અંશનો તેમની અનુમતિથી કરેલો આ મુક્ત સંક્ષેપ છે.

સ્વામી આનંદ

પ્રબુદ્ધ જીવન વિષે સર મણિલાલ બાલાભાઇ નાણાવટી

સર મણિલાલ બાલાભાઇ નાણાવટી, તંત્રી ઉપરના તા. ૪–૫–૫૬ ના પત્રમાં જણાવે છે કે :–

"તમારૂં પ્રબુદ્ધ જીવન એટલું કીંમતી પ્રકાશન છે કે પંદર કરતાં વધારે વર્ષના ગાળા બાદ પણ તે સ્વાશ્રયી ન હોય એ સ્થિતિ શોચનીય છે. તે હું નિયમિત રીતે વાંચું છું અને ઘણીવાર તેમાંથી મને પ્રેરણા મળી છે. તે જે સેવા કરી રહેલ છે તેની કદરરૂપે તેના નિભાવ અર્થે નાની સરખી રકમનો આ સાથે ચેક મોકલું છું, જે સ્વીકારવા કૃપા કરશો."

ધુળિયો જોગી

એક ધુળિયો જોગી રમે
રમે એક ધુળિયો જોગી રમે.
આભમંડળમાં ઉડે ઓડિયાં, પણ ધરતિ પર ભમે,
અંગન અંગન અલખ જગાવે, કાયા કષ્ટે દમે;
હે જી એક ધુળિયો જોગી રમે.
આંખ જોગીની અલખ વાંચતી, વાણી વેદ ઓચરે,
એની ધૂણીના શીળા ધખારા, પ્રેમલ તણખા ઝરે;
હે જી એક ધુળિયો જોગી રમે.
કંઠી બાંધી સોય નર જીત્યા, નૂગરા હારે બાજી,
ભવનું ભાથું બાંધ લિયો ભાઈ, છોડ દિયો પતરાજી;
હે જી એક ધુળિયો જોગી રમે.
ભૂમિ, દોલત, માલ, ખજાના સંગ ચલે ના કોડી,
મૂઠી, ટોપલે, ખોબે, ખોબલે દે દેજે ભાઇ દોડી;
હે જી એક ધુળિયો જોગી રમે.
જે દેશો તે થશે સવાયું કિમિયાગર ભિખારી,
ઓળખી લેજે આયો સદાશિવ, ગોકુળમાં અલગારી;
હે જી એક ધુળિયો જોગી રમે.

'પરિક્રમા'માંથી સાભાર ઉધ્ધૃત. બાળમુકુંદ દવે



(સ્વ. ધર્માનંદ કોસમ્બી રચિત મૂળ મરાઠી નાટકનો શ્રી. કાન્તિલાલ બરોડિયાએ કરેલો ગુજરાતી અનુવાદ : ગતાંકથી ચાલુ.)

અંક ત્રીજો

પ્રવેશ પહેલો

સૂત્રધાર : બોધિસત્ત્વ શાક્યસંઘના સભ્ય થયા તે વાતને આઠ વર્ષ થયાં. પોતાના ઘરના કામ પ્રમાણે સંઘના કામ પણ તે પૂરી નિષ્ઠાથી કરે છે. શાક્ય અને કોલિય લોકોના ઝઘડા તેને ગમતા નથી. પણ તે વધતાં જ જાય છે. આમાંથી જ યુદ્ધ થશે એવાં ચિન્હો સ્પષ્ટ દેખાવા લાગ્યાં છે. આ યુદ્ધને કેમ નિવારવું તે જ ચિંતામાં બોધિસત્ત્વ રહે છે. ટૂંક સમયમાં શાક્યસંઘની બેઠક મળવાની હોવાથી તે તેમાં હાજરી આપવા કપિલવસ્તુ આવી પહોંચ્યા છે. (સૂત્રધાર જાય છે.)

[સ્થળ:—મહાનામ શાક્યનું દીવાનખાનું. તેમાં ઘણા શાક્ય-યુવાનો ભેગા થયા છે. આમાંના કેટલાક શાક્ય સંઘના સભાસદો છે.]

મહાનામ : (બધાને ઉદ્દેશીને) તમને સૌને ખબર જ છે કે આપણી અને કોલિય લોકો વચ્ચેનો ઝઘડો હવે હદ વટાવતો જાય છે. યુદ્ધમાં જ તેનું પરિણામ જલ્દીથી આવશે, એ નિશ્ચિત છે. ગૌતમ, આ અરસપરસના યુદ્ધની વિરુદ્ધ છે. તે ઉંમરે જો કે મારાથી નાનો છે, તો પણ તેનામાં ઊંડું જ્ઞાન છે. તે પોતાનો અભિપ્રાય આપણને સૌને સમજાવે એ હેતુથી મેં તેને અહીં બોલાવ્યો છે. મને આશા છે કે એ જે કહેશે તેની ઉપર તમે બરાબર વિચાર કરશો.

બોધિસત્ત્વ : શાક્ય અને કોલિય લોકો ભાઈબંધો છે, એ તમને ખબર છે ને ?

એક યુવાન : એ ભાઈબંધ છે એટલે શું ? અમારે એમના અત્યાચારો સહન કરવા એમ ?

બોધિસત્ત્વ : બધો દોષ એમનો જ છે એમ કેમ નક્કી કહી શકાય? અને ધારો કે તેમનો અપરાધ છે તો આપણી તો વડિલ શાખા કહેવાય, તેથી આપણે તેમને શું ક્ષમા ન કરવી જોઇએ ?

બીજો યુવાન : પણ તેમણે અમારી પાસે ક્ષમા માંગવા તો આવવું જોઇએ ને ?

બોધિસત્ત્વ : વડિલોએ પહેલા ક્ષમા માંગવી એવી પ્રથા છે, તેને અનુસરીને જો આપણી ભૂલો બદલ આપણે ક્ષમા માંગીએ તો કોલિય લોકો તરત જ નરમ પડી જશે ને ક્ષમાયાચના કરશે એમ મને ભરોસો છે.

ત્રીજો યુવાન : કોલિય લોકો જો તેમનું પંચ મોકલે અને શાક્ય સંઘની ક્ષમા માંગે તો જ આ યુદ્ધ ટળે—

પ્રથમ યુવાન : ક્ષમાયાચના સિવાય બાંધછોડ કરવાનો બીજો કોઈ ઉપાય નથી ?

બોધિસત્ત્વ : જરૂર છે. શાક્ય અને કોલિય એક પંચ નીમે ને તે મારફતે આ ઝઘડાઓનું નિરાકરણ થાય. આવતી કાલે સંઘ સમક્ષ હું આ જ પ્રસ્તાવ મૂકવાનો છું. તમે તેને અનુમોદન આપશોને?

બીજો યુવાન : તે કાંઈ અત્યારે કહી શકાય નહીં. કાલે સભાનું સ્વરૂપ જોઈ નક્કી કરીશું.

બોધિસત્ત્વ : અરે મહાનામ ! તું તો મારી બાજુ બોલીશને, ભાઈ ?

મહાનામ : ગૌતમ ! આ બધા ઝઘડાને હું ખૂબ તિરસ્કારું છું એ તું જાણે છે. પણ તારી બાજુ હું બોલીશ ને મત આપીશ એવું વચન હું અત્યારે આપી શકતો નથી. મારા પૂજ્ય પિતાશ્રીના મૃત્યુ પછી બધો ગૃહસંસાર મારે ચલાવવાનો છે. અનુરુદ્ધ નાનો છે, ઓછી અકકલવાળો છે ને પાછો માનો લાડકો છે. હું જો સંઘની વિરુદ્ધ ગયો અને સંઘે મારો બહિષ્કાર કર્યો તો માની શી સ્થિતિ થાય તેની તું કલ્પના કર ! આમ છતાં બાંધછોડ કરવા યથાશક્તિ પ્રયત્ન કરવા હું ઉત્સુક છું. તું વિશ્વાસ રાખજે.

બોધિસત્ત્વ : તને ફાવે તેમ મત આપજે. મને તેની ચિંતા નથી. મારો પ્રસ્તાવ હું રજુ કહીશ ને તેને વળગી રહીશ એ ચોકકસ.

મહાનામ : પણ, ગૌતમી માશી, શુધ્ધોદન દાદા, યશોધરા એ બધાનો તેં કાંઈ વિચાર સરખો પણ કર્યો છે કે ?

બોધિસત્ત્વ : શાક્ય અને કોલિય એ બંને લોકોના હિત અને સુખ માટે તથા સત્ય માટે સર્વસ્વનો ત્યાગ કરવામાં મને જરા પણ સંકોચ થવાનો નથી.

મહાનામ : આ તારો દુરાગ્રહ નથી ગૌતમ ?

બોધિસત્ત્વ: અરે આને તું દુરાગ્રહ કહે છે ? કહેવું જ હોય તો સત્યાગ્રહ કહે કે સત્યપ્રેમ કહે.

(પડદો પડે છે.)

પ્રવેશ બીજો

[સ્થળ:—શાક્યોનું સભાગૃહ. આજે કોલિય વિરુદ્ધ યુદ્ધ પોકારવું કે નહીં તે પ્રશ્નનો નિકાલ લાવવાનો છે, તેથી ઘણા ખરા શાક્ય સભાસદો હાજર છે. વૃદ્ધ શાક્ય મહારાજાની જગ્યાએ યુવાન ભદ્રિય બેઠેલ છે. તે સજ્જન છે. પણ તેની નીમણુંક ફકત તેટલા માટે કરવામાં આવી નથી. તે કુલીન પણ છે ને તેથી જ કોશલ રાજાએ તેને નીમ્યો છે.]

શાક્ય સેનાપતિ : ભાઇઓ ! રોહિણી નદીના પાણી માટે આજે કેટલાંક વર્ષો થયા કોલિય લોકો અને આપણો મતભેદ ચાલુ છે એ તમે જાણો છો. કેટલાક દિવસ પહેલાં આપણા દાસ ને કામ કરવાવાળા નદીના પાણીનો આપણી બાજુ ઉપયોગ કરતા હતા ત્યારે કોલિય પક્ષના લોકોએ આવીને તેમને સારી પેઠે માર્યા. આ પછી આપણે ત્યાં સિપાઈઓ મોકલ્યા. તેમની ઉપર પણ કોલિય લોકોએ હલ્લો પોકાર્યો. આપણા સિપાઇઓ પાછા ફર્યા. હવે તો આપણે બધા સાથે મળી કોલિય લોકો વિરુદ્ધ યુદ્ધ જાહેર કરીએ તે શિવાય બીજો કોઈ માર્ગ દેખાતો નથી. આથી હું સંઘ સમક્ષ ઠરાવ રજુ કરું છું કે શાક્યસંઘે કોલિય લોકો વિરુદ્ધ યુદ્ધ જાહેર કરવું અને તેમને હરાવવા. આ ઠરાવ જેને પસંદ ન હોય તે બોલે.

બોધિસત્ત્વ : આ ઠરાવ ઉપર બોલવા હું સંઘની પરવાનગી માંગું છું.

શાક્ય સેનાપતિ : હા, હા, અવશ્ય બોલ.

બોધિસત્ત્વ : સંઘે કોલિય લોકો ઉપર યુદ્ધ કરવાની ઉતાવળ ન કરવી. પહેલાં તો આ ઝઘડામાં દોષ કોનો ને તેનું પ્રમાણ કેટલું તેની બરાબર તપાસ થવી જોઇએ. મેં સાંભળ્યું છે કે કોલિયના નોકરો તેમના ખેતરોમાં પાણી લઈ જતા હતા ત્યારે આપણા પક્ષ તરફથી હલ્લો કરવામાં આવ્યો હતો. જો આ વાતમાં કાંઈ તથ્ય હોય તો આપણે પણ દોષપાત્ર ઠરીએ.

શાક્ય સેનાપતિ : આ વાત ખરી છે. પણ પાણી લેવાનો વારો આપણો હતો. એટલે જ આપણા નોકર તેમની ઉપર તૂટી પડયા.

બોધિસત્ત્વ : આનો અર્થ એટલો જ કે આપણે પણ પૂરા નિર્દોષ નથી. આથી હું ઠરાવ મૂકું છું કે આપણામાંથી બે અને કોલિય લોકોમાંથી બે એમ ચાર જણનું પંચ નીમવામાં આવે. આ

પંચ એક સરપંચ નીમે અને પાંચમાંની બહુમતિના નિર્ણય મુજબ આ ઝઘડાનો નિકાલ લાવવો.

મહાનામ : હું આ ઠરાવને ટેકો આપું છું. આ ઝગડો અંદર અંદર પતી જાય એ ઇચ્છવાયોગ્ય છે.

શાકય સેનાપતિ : પણ આ ઠરાવ સામે મારો વિરોધ છે. મારા હાથ નીચેના અધિકારીઓએ ઠરાવ્યું છે કે કોલિય લોકો પર લડાઈ કર્યા શિવાય ને તેમનો પરાજય કર્યા શિવાય આ ઝઘડો અટકવાનો નથી. મત ગણુવાવાળા આ ઠરાવ પર મત લેવા વ્યવસ્થા કરે.

શલાકા ગ્રાહક : (મોટેથી) હવે હું મત ગણુવાનો છું ને શલાકાઓ (સળીઓ) વહેંચું છું. જે આ ઠરાવને અનુકૂળ મત આપવા ઇચ્છતા હોય તે સફેદ લે અને જે વિરુદ્ધ મત આપવા ઇચ્છતા હોય તે લાલ લે. (તે શલાકાઓ વહેંચે છે ને પાછી ભેગી કરીને ગણે છે અને કહે છે) લાલ શલાકા ૩૦૫ છે અને સફેદ શલાકા ૧૧૨ છે.

શાકય સેનાપતિ : ગૌતમનો ઠરાવ પ્રચંડ બહુમતિથી ઉડી ગયો. હવે હું મારો મૂળ ઠરાવ સંઘ સમક્ષ ફરીથી રજુ કરું છું. કોલિય લોકો વિરુદ્ધ યુદ્ધની જાહેરાત કરવાની પરવાનગી આપે આપવી. આ વિષય ઉપર જેને બોલવું હોય તે અવશ્ય બોલે.

બોધિસત્ત્વ : મારી સંઘને નમ્ર અરજ છે કે આ ઠરાવને શાકય સંઘે પરવાનગી ન આપવી. એનું કારણ ફકત એ જ કે કોલિય આપણા આપ્તજન છે, ને આપણે તેમના આપ્તજન છીએ. આવી રીતે એકબીજાનો સંહાર કરવો ઉચિત નથી.

શાકય પુરોહિત : યુધ્ધમાં ક્ષત્રિયોએ આપ્ત અને અનાપ્ત એવો ભેદ રાખવો એ ઠીક નથી. રાજ્ય માટે તેણે તો સગા ભાઈ સાથે પણ લડાઇ કરવી જોઇએ એમ બ્રાહ્મણો પ્રતિપાદન કરે છે. યજ્ઞયાગ એ બ્રાહ્મણોનું, યુધ્ધ ક્ષત્રિયોનું, કૃષિવાણિજ્ય એ વૈશ્યોનું અને સેવા એ શુદ્રોનું સ્વાભાવિક કાર્ય ગણાય છે. આ મુજબ અનુસરણ કરવું એ જ પુણ્ય અને આથી વિરુધ્ધનું આચરણ એ જ પાપ. આ જ સનાતન ધર્મ છે.

બોધિસત્ત્વ : સનાતન ધર્મ આવો કોઈ કાળે હોઇ જ ન શકે. બ્રાહ્મણોમાં દ્રોણ જેવા યોધ્ધાઓ પાકયા ને હજી છે. ક્ષત્રિયોમાં જનક જેવા ઘણા બ્રહ્મજ્ઞાની પાકયા ને હજી છે. વ્યાસ કોળણનો છોકરો અને તેનો બાપ તો અસ્પૃશ્યોમાંનો એક. માતંગ ઋષિ ચંડાળ. એટલે, હાલમાં જે જાતિભેદનો પ્રચાર જોરશોરથી થઈ રહ્યો છે તે સનાતન ધર્મ કેવી રીતે હોઈ શકે ? વેરથી વેર શમતું નથી, તે પ્રેમથી જ શમે છે; એ જ ખરો સનાતન ધર્મ છે.

શાકય સેનાપતિ : આ ચર્ચામાં ઉતરવાની મારી ઇચ્છા નથી. ગૌતમ મારા ઠરાવનો વિરોધ કરે છે એ મૂળ મુદ્દો સભા સમક્ષ છે. હવે શલાકાગ્રાહક શલાકાઓ વહેંચીને મત લે.

શલાકા ગ્રાહક : હવે હું ફરીવાર શલાકાઓ વહેંચું છું. જે આ ઠરાવની વિરુધ્ધ હોય તે સફેદ, અને જે અનુકુળ હોય તે લાલ શલાકા લે. (તે શલાકા વહેંચે છે અને પાછી એકઠી કરી ગણીને જણાવે છે) ૩૧૨ શલાકા લાલ અને ૧૦૫ શલાકા સફેદ છે.

શાકય સેનાપતિ : આ ઠરાવ પ્રચંડ બહુમતિથી પસાર થાય છે. એને અનુસરીને હું એવી આજ્ઞા કરું છું કે વીશ વર્ષની ઉપરના અને પચાસ વર્ષની અંદરના બધા સુદૃઢ શાકયોએ યુધ્ધ માટે સજજ થઈ જવું.

બોધિસત્ત્વ : સંઘ મને ક્ષમા કરે. હું આ યુધ્ધમાં ભાગ લેવા ઇચ્છતો નથી.

શાકય સેનાપતિ : તું આમ કરીશ તો તારી પ્રતિજ્ઞા તું તોડીશ, અને આખાએ સમાજમાં તું તિરસ્કારને પાત્ર ઠરીશ.

બોધિસત્ત્વ : શાકયોના હિત માટે હું તન, મન અને ધન અર્પણ કરીશ એવી મારી પ્રતિજ્ઞા છે, પણ કોલિય લોકો સાથે યુધ્ધ કરવું એ શાકયોના હિતમાં નથી. આ અંદરઅંદરના ઝઘડાથી જ આપણે આપણી સંપૂર્ણ સ્વતંત્રતા ગૂમાવી બેઠા છીએ. અરે ! આપણા મહારાજા નીમવાની પણ આપણને છૂટ નથી ! અને આવા યુધ્ધથી તો આપણા આંતરિક કારભારમાં પણ દખલગીરી કરવાની કોશલરાજાને તક મળી જશે. લોકો મારો તિરસ્કાર કરશે પણ તેથી હું બીતો નથી, શાકય અને કોલિય જાતિના હિતની પાસે લોકનિન્દાનો કોઈ અર્થ નથી.

શાકય સેનાપતિ : (સખ્તાઇથી) ગૌતમ ! વકતૃત્વની તારી કુશળતાનો અહીં કશો ઉપયોગ નથી. સંઘનો કાયદો તારે પાળવો જ પડશે. નહીં તો તારી વિરુધ્ધ સંઘે યોગ્ય પગલાં ભરવા પડશે. તને એમ લાગતું હશે કે તને દેહાન્તદંડની શિક્ષા કરવાની કે દેશનિકાલ કરવાની શાકય સંઘને સત્તા નથી. અને આ માટે કોશલરાજાની પરવાનગી માંગવામાં આવે તો આ બધી બાબતની તપાસ કરવામાં આવશે અને ઉલટી અમારી જ ફજેતી થશે. પણ ધ્યાન રાખજે કે તારા કુટુંબનો અમે બહિષ્કાર કરી શકીએ એમ છીએ અને તારી જમીન પણ અમે જપ્ત કરી શકીએ છીએ. તે માટે કોશલરાજાની પરવાનગી લેવાની જરૂર નથી. આમ અમે કરીએ તો તું કોશલરાજ પાસે ફરીયાદ લઈ જવાનો છે ખરો ?

બોધિસત્ત્વ : સંઘે મને દેહાન્ત દંડની કે હદપાર થવાની શિક્ષા આપવી એવી મારી સંઘને નમ્ર વિનંતિ છે. અને તે વિરુધ્ધ હું કોશલરાજા પાસે ન્યાય માંગવા નહીં જાઉં તેની હું તમને ખાત્રી આપું છું, પણ અમારા કુટુંબનો બહિષ્કાર કરી અથવા જમીન જપ્ત કરી બધાને અનાથ ન કરો એવી મારી અરજ છે. આ બાબતમાં જે કાંઇ સજા હોય તે મને એકલાને જ ભોગવવા દો.

શાકય સેનાપતિ : તને અમે દેહાન્તદંડની કે હદપારની શિક્ષા કરીએ અને તે તું સહન કરી લે તેથી કોશલરાજાને તેની ખબર નહીં પડે તેવું ઓછું છે ? તેમની પરવાનગી વિના આમાંની એક પણ સજા જો અમલમાં આવી તો અમારૂં રહ્યું સહ્યું સ્વાતંત્ર્ય પણ નષ્ટ કરવાની તેમને તક મળી જશે. ખરૂં કે નહીં ?

બોધિસત્ત્વ : એમ છે, તો હું રસ્તો કાઢી આપું. હદપાર થવાની સજા હું સ્વેચ્છાએ સ્વીકારૂં છું. હું પરિવ્રાજક થઇ આ દેશ પોતાની ઇચ્છાથી જ છોડી જાઉં છું.

શાકય સેનાપતિ : પણ આ બાબતમાં તારા માબાપની સંમતિ મળી શકશે કે ?

બોધિસત્ત્વ : તેમની સંમતિ મેળવવા હું ચોકકસ પ્રયાસ કરીશ. પણ તે મળે કે ન મળે; હું સંઘને વચન આપું છું કે હું ચોકકસ દેશ છોડી જઇશ.

મહાનામ : આ બાબતમાં એ શબ્દ કહેવાની હું પરવાનગી માગુ છું.

શાકય સેનાપતિ : તને સંઘની પરવાનગી છે. જે બોલવું હોય તે ખુશીથી બોલ.

મહાનામ : ગૌતમ તેનું વચન પાળશે તે બાબતમાં તો અત્રે ઉપસ્થિત થયેલા કોઇને પણ શંકા નથી. પણ, શાકય કોલિય વચ્ચે જો તરત જ યુધ્ધ થયું તો તે ન થાય તેટલા જ માટે ગૌતમે આ દેશનો ત્યાગ કર્યો, તે વાત જલ્દીથી જાહેરમાં આવશે. આ વાત કોશલ રાજાના ધ્યાનમાં આવી તો પણ તેમને આપણા કારભારમાં માથું મારવાની તક તો મળી જ રહેશે. આથી મારી સૂચના છે કે હાલમાં તરત જ યુધ્ધની તૈયારીમાં ન પડતા થોડા દિવસ બાંધછોડ શકય છે કે નહીં તે જોવું. આમ શકય ન જ હોય તો યુધ્ધ શિવાય બીજો રસ્તો જ રહેતો નથી.

શાકય સેનાપતિ : આ વાત બરાબર છે. આથી, ભાઇઓ ! હું એમ સૂચના કરૂં છું કે ગૌતમે શાકય દેશને એક અઠવાડિયા બાદ છોડીને ચાલી જવું અને તે પછી યોગ્ય વખતે આપણે કોલિય લોકો પર ચઢાઈ કરવી. (ત્રણ વાર આમ બોલે છે.) ત્રણ વાર ઘોષણા છતાં કોઈ કાંઇ પણ બોલતું નથી તેથી આ ઠરાવને સંઘે મૌન સંમતિ આપી છે, એમ હું માની લઉં છું.

(પડદો પડે છે.)

પ્રવેશ ત્રીજો

[સ્થળઃ—શુધ્ધોદન શાકયનું દીવાનખાનું. સવારનો સમય. શુધ્ધોદન અને તેની ડાબી બાજુએ ગોતમી બેઠી છે. મહાનામ, ઉદાયી અને બીજા શાકય યુવાનો તેમની સામે બંને બાજુ બેઠા છે. એટલામાં બોધિસત્વ પ્રવેશ કરે છે અને શુધ્ધોદનને ને ગોતમીને નમસ્કાર કરીને એક બાજુ બેસે છે.]

બોધિસત્ત્વ : બાપુ ! કાલે શાકય સંઘમાં શું શું બની ગયું એ મહાનામે આપને જણાવ્યું જ હશે ! એ માટે જ મેં એને આગળ મોકલ્યો.

શુધ્ધોદન : આ લડાઈ–ઝઘડા વિષે અમારી વચ્ચે વાતચીત પહેલાં થઇ જ હતી. પણ, તું આટલી હદ સુધી જઇશ એવો મને ખ્યાલ ન હતો.

બોધિસત્ત્વ : મને પોતાને પણ ન હતો. વાત આવી રીતે વળાંક લેશે એની મને કલ્પના સુદ્ધાં ન હતી. મને તો લાગતું હતું કે મારા યુકિતવાદથી હું શાકયસંઘનું મન ફેરવી શકીશ. પણ આપણા અધિકારી વર્ગોએ લોકોના મન આગળથી જ ડહોળી નાંખ્યા હતા. આ પરિસ્થિતિમાં મારો યુકિતવાદ નિરૂપયોગી નીવડયો. છતાં પણ, હું સત્ય અને ન્યાયનો માર્ગ નહીં છોડું એ મેં તેમને સ્પષ્ટતાથી જણાવ્યું. અલબત્ત મને શિક્ષા દેવી જ પડે એવા સંજોગો શાકય સંઘ સમક્ષ ઉભા થયા. એમાં એમનો વાંક ન હતો. તે શિક્ષા મેં જ સ્વેચ્છાએ મારે માટે માંગી લીધી.

શુધ્ધોદન : (ઉકળાટથી) અરે, પણ અમારી શી દશા થશે તેનો તેં કાંઈ ખ્યાલ કર્યો ?

બોધિસત્ત્વ : એ વિચારથી તો મેં પરિવ્રાજક થવાનો વિચાર કર્યો. શાકય સંઘે જો આપણી જમીન ખૂંચવી લીધી હોત તો શું આપણા કુટુંબની દુર્દશા ન થાત ?

શુધ્ધોદન : અરે તું જ જો દેશત્યાગ કરે તો પછી અમારી જમીનની અને ઘરની કિંમત શું ? આ કરતાં આપણે બધાં જ દેશ ત્યાગ કરીએ તો શું ખોટું ?

ગોતમી : (ડુમો ભરાયેલા અવાજે) અરે મારા રતન ! હું તને પગે પડું છું. વિનવું છું. તું અમને છોડીને જઇશ નહીં. (તે આંખો લૂછવા લાગે છે.) ન જઇશ, ભાઇ.

બોધિસત્ત્વ : મા ! તું આમ અધીરી ન થા ! તું ક્ષત્રિયાણી છે. આવું વર્તન તને શોભતું નથી. હું લડાઇમાં ગયો હોત તો તું આમ શોકાકુલ થઈ હોત ખરી ?

ગોતમી : યુદ્ધ કરવું એ ક્ષત્રિઓનો ધર્મ છે એ નાનપણથી અમે સાંભળતા આવ્યા છીએ. અને યુદ્ધમાં જો તું પરાજય પામીને આવ્યો હોત તો હું શરમથી ઉંચું જોઇ ન શકત. પણ હવે–હવે–તું તપસ્વી થઇને જંગલમાં ભટકીશ અને અમે તારી ચિંતા કરતાં અહીં બેસી રહેવાના ? આ કરતાં તો ગૌતમ તારા બાપુએ કહ્યું તેમ તું અમને બધાંને તારી સાથે લેતો જા–

બોધિસત્ત્વ : તમને લઇને હું કયાં જાઉં ? નંદ નાનો બાળ છે, અને રાહુલ તો હજી ધાવણો છે. તેમને મૂકીને તમે મારી સાથે કેવી રીતે આવશો ? કોશલરાજાના આશ્રયે રહેવાય ખરું, પણ તે તમને, મને કે કોઈ પણ શાકયને ન જ ગમે. આપણે દેશદ્રોહીમાં જ ખપીએને ? મારે વનવન ફરવું પડશે તે ખરું, પણ કોલિય બંધુઓના પ્રાણ હાનિ થાય તે કરતાં મા, આ રસ્તો વધુ યોગ્ય ને સારો નથી ? અરસપરસ હત્યા કરવા કરતાં માનવ સમાજ કેવી રીતે મુકિતને માર્ગે વળે તેની જો હું શોધ કરી શકું તો તેથી મનુષ્યજાતિનું કેટકેટલું કલ્યાણ થઈ શકે ?

ઉદાયી : ગૌતમ ! તારી કલ્પના સુંદર છે ! પણ તારી તે શોધથી મનુષ્યજાતિનું હિત થશે તે આશા નિરર્થક છે. પાર્શ્વનાથનો ધર્મ આજે બસો વર્ષથી પ્રચલિત છે. પણ તેથી આપણાં ઝઘડા–ટંટા શું મટયા છે ?

બોધિસત્ત્વ : તું કહે છે તે ખરું છે પણ પાર્શ્વનાથે જે તેમના ચાતુર્યામ ધર્મનો પ્રચાર કર્યો તે ન કર્યો હોત તો મધ્યદેશમાં જે થોડું ઘણું સાત્વિક તત્વ દેખાય છે તે પણ શું નષ્ટ થવા ન પામ્યું હોત ? યુધ્ધ એ જ આપણો ધર્મ બની બેઠો ન હોત ? પાર્શ્વનાથ અને બીજા સાધુસંતોએ જે સદુપદેશ કર્યો તેને અનુસરીને જ હાલના સંજોગોને બંધબેસતો એવો નૂતન ધર્મમાર્ગ શોધી કાઢવો જોઇએ.

મહાનામ : આ ધાર્મિકવાદ રહેવા દો. હમણાં તો આપણે એટલો જ વિચાર કરવાનો છે કે ગૌતમ ઉપર આવેલું આ સંકટ કેવી રીતે ટાળી શકાય ? શાકય સંઘે યુધ્ધ એક અઠવાડિયા પૂરતું મોકુફ રાખ્યું છે. અને કદાચ તે થશે પણ નહીં. તો પછી શાકય સંઘને સમજાવીને ગૌતમને ઘેર રાખવાનું બની ન શકે ?

બોધિસત્ત્વ : મહાનામ ! તારી મૈત્રી માટે હું ભલે ખૂબ ખૂબ ઋણી છું. પણ મને ઘરમાં રાખવાનો વિચાર ભૂલી જા. ધ્યાનમાં રાખ ભાઇ, કે હું પરિવ્રાજક થઈશ એવી પ્રતિજ્ઞા મેં લીધી, ત્યારે જ શાકયસંઘની વલણ બદલાઈ ને યુધ્ધ લાંબુ ઠેલાયું. જો હું દેશત્યાગ કરીશ તો કદાચ તે હંમેશ માટે દૂર થશે. પણ જો હું મારી પ્રતિજ્ઞાનો ભંગ કરીશ તો તેનું સર્વતોપરી વિપરિત પરિણામ થશે. મારી તમને સૌને અંતરની અરજ છે કે મારો માર્ગ મોકળો કરો ને આ દેશ છોડવા મને અનુમતિ આપો.

[બધા ખિન્ન મનથી નીચું જોતાં બેઠાં છે અને થોડી વારે પડદો પડે છે.]

પ્રવેશ ચોથો

[સ્થળઃ—યશોધરાનો ઓરડો, તે પલંગ પર સુતી છે. તેની પાસે રાહુલ ઉંઘે છે. એક ખૂણામાં ધીમો દીવો બળે છે. દાસી રેવતી પલંગ પાસે જમીન ઉપર બેઠી છે. લગભગ મધરાતનો સમય છે.]

યશોધરા : (જાગી જતાં) અરે રેવતી ! તેં કહ્યું ને કે આર્યપુત્ર આવે છે. પણ હજી તે આવ્યા તો નહીં !

રેવતી : તેમનું મિત્રમંડળ બેઠું છે. તેમને સમજાવવામાં આર્યપુત્ર મશગુલ છે. ફરીથી જઈને યાદ આપું ?

યશોધરા : ના. ના. આવશે જ. મારૂં મન અધીરૂં થઈ ગયું છે તેથી મને લાગ્યું કે તેમણે ઘણું મોડું કર્યું.

[એટલામાં બોધિસત્વ ધીમે પગલે પ્રવેશે છે. દાસી ઉઠીને એકદમ એક બાજુ જતી રહે છે. યશોધરા ઉઠવાનો પ્રયત્ન કરે છે. બોધિસત્વ એકદમ પાસે જઈ તેનો હાથ પકડી તેને તેમ કરતાં અટકાવે છે.]

બોધિસત્ત્વ : યશોધરે ! ઉઠવાની કશી જ જરૂર નથી. (તેનો હાથ છોડી પલંગથી થોડે દૂર પડેલું આસન પલંગ પાસે ખેંચી તેની પર બેસે છે. યશોધરા પડખું ફેરવે છે. તેના વાળ પર હાથ ફેરવતાં) તારો સંદેશો મને સાંજે જ મળ્યો. હું લગભગ મધરાતે આવીશ તેવો મારો સંદેશો તને મળ્યો જ હશે. મિત્રો સાથે વાતચીત ચાલતી હતી. તેમાંના કેટલાક તો આપણે ત્યાં જ જમ્યા. તેમને વિદાય કરતાં થોડુંક મોડું થઇ ગયું.

યશોધરા : તમે બરાબર સમયસર જ આવ્યા છો. પણ મને પ્રત્યેક પળ દિવસ જેટલી લાગવા માંડી હતી. કારણ ? મારી હૃદયની ઉત્કંઠા. આખો દિવસ કોઇને કોઇ મળવા આવતું જ હોય છે. તેથી મને નિરાંતે મળવા તમને રાત્રે બોલાવ્યા. સાંજ પડયા પછી હું તમારી ચાતકની જેમ રાહ જોતી બેઠી છું.

બોધિસત્ત્વ : કપિલવસ્તુમાં શું શું બન્યું તે બધું હું તને કહેવા ઉત્સુક હતો. પણ દિવસના ક્રમમાં પુરસદ કાઢવી મુશ્કેલ હતી.

યશોધરા : તે બધા સમાચાર તો મને મળ્યા–

બોધિસત્ત્વ : તે વળી કેવી રીતે ?

યશોધરા : સવારે તમે આવ્યા કે નહીં તેની તપાસ કરવા મેં રેવતીને મોકલી. ત્યારે મહાનામ ગંભીરતાથી બધા સમાચાર બાપુને કહેતા હતા. પછીથી તમે આવ્યા. તેણે દરવાજા પાછળ રહીને બધું

સાંભળ્યું ને જોયું. અને અહીં આવીને જે કાંઇ બન્યું હતું તે સર્વ હાવભાવ સાથે મને ભજવી બતાવ્યું.

બોધિસત્ત્વ : જો તે આટલી બધી ચાલાક છે, તો તેને તારે દાસીપદમાંથી કયારનો છૂટકારો આપવો જોઇતો હતો.

યશોધરા : તેને મેં કેટલીએવાર કહ્યું. પણ તે કહે છે "હું જાઉં પણ કયાં ? મારે આ ઘર શિવાય બીજું કોઈ ઠેકાણું જ નથી. તમે મને છોડશો તો મારે પ્રાણ જ છોડવા પડશે."

બોધિસત્ત્વ : તેનો દોષ નથી. નિકટના પરિચયથી મનુષ્યને દાસ્યપદ પણ પ્રિય લાગે છે. ચાલો. હું તને એટલું જ પૂછું છું કે પરિવ્રાજક થવાનો મારો વિચાર સાંભળી તું મારી પર ગુસ્સે તો થઇ નથી ને ?

યશોધરા : તમારી જગ્યાએ હું હોત તો આ શિવાય બીજું હું પણ શું કરત ? જો પોતાના આપ્તજન સાથે લડવાની તૈયારી ન હોય તો આ શિવાય બીજો એકે માર્ગ જ નથી.

બોધિસત્ત્વ : પણ બાપુ અને માને અપાર દુઃખ થયું.

યશોધરા : તે સ્વાભાવિક છે. તેમનો તમારા પર અગાધ સ્નેહ છે–અપાર મમતા છે.

બોધિસત્ત્વ : (હસતાં) તો પછી તારો મારી પર પ્રેમ નથી એમ કહેવું પડશે !

યશોધરા : હા, તમે તમારે જે મજાક કરવી હોય તે કરો. મારો તમારી પરનો પ્રેમ ઉચ્છૃંખલ થઈ શકે નહીં. તમે પૂછશો, કારણ ? કારણ તેની સાથે સદ્‌સદ્વિવેક બુદ્ધિની મને ભેટ મળી છે–એ તમારી સાથેના મારા સહવાસનું પરિણામ છે. હું તમારી પત્ની છું અને શિષ્યા પણ.

બોધિસત્ત્વ : શાબાશ, યશોધરે ! હું ધન્ય છું. તારા જેવી સુશીલ પત્ની મને મળી તે મારું મહદ્‌ભાગ્ય જ છે ! હું જઈશ પછી તું ધીરજથી ને શાન્તિથી રહીશ તેની મને ખાત્રી છે. તને અહીં ન ગમે તો તારે પિયર–

યશોધરા : આ તમે શું કહો છો ? હું પિયર કદી પણ જઇને રહીશ નહીં. હા. કોઇક સમય ગઇ તો પાંચ છ દિવસથી વધુ તો રહેવાની નહીં જ. અહીં મને શું કામ ન ગમે ? અહીંના કામ કયાં ઓછાં છે ? અને મારો લાડકો રાહુલ તો છે જ ને ? ઘરનાં કામો છે. મા ને બાપુની સેવા કરવાનો પણ આ જ સમય છે. તમે મારી ચિંતા છોડો, તમારા ધર્મસંશોધન કાર્યમાં જરા પણ તમે પાછા હઠશો નહીં. મને વિશ્વાસ છે કે તમે સધ્ધર્મ શોધી શકશો અને વિજયી યોદ્ધાની જેમ પાછા આવશો. શાકયોને અને કોલિયોને તો કયારનું યે કળાઇ ચૂકયું છે કે સત્ય અને પ્રેમને માર્ગે ચાલનારી એક વિભૂતિ તેમની વચ્ચે આજે છે. તમારા સાચા શૌર્યથી તેમને પશ્ચાતાપ થશે અને તે અરસપરસના ઝઘડા છોડી દઇને શાંતિને માર્ગે આગળ વધશે એવી મને આશા છે.

બોધિસત્ત્વ : આ ઝઘડાઓથી ખરેખર મારું મન ઉદ્વિગ્ન થઈ ગયું છે, કારણ તે દૂર કરવાનું મારામાં સામર્થ્ય નથી. પરંતુ, આ જ નહીં પણ મનુષ્ય સમાજના જે અનેક જાતનાં ઝઘડા–ટંટા છે તેના કારણો શું છે અને તેમાંથી મનુષ્ય મુકત થઈ શકે કે નહીં તેની મારે શોધ કરવી છે. આમાં જો હું સફળ થાઉં તો હું યશસ્વી થયો એમ તું માનજે.

યશોધરા : પણ–આટલાથી તમારું કાર્ય પૂરું થતું નથી. મનુષ્ય જાતિના કલ્યાણ અર્થે તે શોધ–તે સન્માર્ગ–તે અચલ સત્ય–તમારે બધાને શીખવવું પડશે.

બોધિસત્ત્વ : આ બધી આગળની વાતો છે. ધર્મપ્રચારક થવાની મારામાં એટલી બધી મહત્વાકાંક્ષા જાગી નથી પ્રિયે ! હું રજા લઉં ત્યારે. તું થાકી ગઈ છે. તું હવે વિશ્રાંતિ લે. હું કાલે પાછો કપિલવસ્તુ જઉં છું. ત્યાં આડાર કાલામ ઋષિના આશ્રમમાં દીક્ષા અંગીકાર કરીને શાકય દેશ છોડી જઇશ. મા ને બાપુ મારી સાથે આવશે એમ લાગે છે. તારી શુશ્રૂષા માટે માણસો છે અહીં.–

યશોધરા : ફરીથી કહું છું કે મારી ચિંતા ન કરતા. તમે તમારે સન્માર્ગે આગળ ધપો ને તમારો માર્ગ સુખકર થાઓ !

[બોધિસત્ત્વ તેના સામે જોતો જોતો બહાર જાય છે. યશોધરા પાલવથી આંસુભરેલી આંખો લૂછે છે. રેવતી પંખો નાંખે છે. પડદો પડે છે.]

❖ ❖ ❖

[તે જ સ્થળ. કેટલાક દિવસો વીત્યા છે. બપોરનો સમય છે. યશોધરા પલંગ પર બેઠી છે. રાહુલ પારણામાં ઉંઘે છે. રેવતી હીંચકો નાંખે છે. એટલામાં એક દાસી પ્રવેશે છે.]

દાસી : બાઇસાહેબ, કપિલવસ્તુથી ભગવાન ઉદ્રાયી આવ્યા છે. તે આપને મળવા માંગે છે.

યશોધરા : રેવતી, તું જા ને ઓરડાના આસનો ઠીક ગોઠવ અને ઉદ્રાયીને ત્યાં આવવાનું કહે.

[રેવતી બહાર જઇને પાછી આવી છે.]

રેવતી : બાઇસાહેબ ! તે તો અંદર આવીને બેઠાં જ છે.

યશોધરા : ઠીક ત્યારે, તું રાહુલનું ધ્યાન રાખજે. તે ઉઠે તો મને બોલાવજે.

રેવતી : તે તો હજી હમણાંજ ઉંઘ્યો. હવે કાંઈ થોડી વાર તો નહીં જ ઉઠે. હું અહીં જ છું. તે રડશે તો તમને બોલાવીશ.

[યશોધરા ઠીકઠાક થઇને જાય છે.]

❖ ❖ ❖

[ઓરડામાં યશોધરા પ્રવેશે છે. ઉદ્રાયી તેને જોઈ પોતાના આસન ઉપરથી ઉઠે છે ને તેનું આગળ આવીને સ્વાગત કરે છે. યશોધરા પણ હસતે મોંએ તેનું સ્વાગત કરે છે ને એક આસન પર બેસે છે.]

યશોધરા : ઉદ્રાયી ! આ આસન પર બેસને ? (તે બેસે છે.) તું આટલા બધા દિવસ કપિલવસ્તુમાં શું કરતો હતો ? આર્યપુત્ર પ્રવજ્યા લઇને કોશલ દેશમાં ગયા ને મા ને બાપુજી તો બીજા જ દિવસે પાછા આવી ગયા. ઠીક મને પહેલાં કહે જોઉં–આર્યપુત્રે પ્રવજ્યા કેવી રીતે લીધી ?

ઉદ્રાયી : ગોતમીએ તમને બધી વાત કરી જ હશે. નહીં ?

યશોધરા : તે બોલ્યા. "લોકો પુષ્કળ હતા, પણ તે શું કરતા હતા ને શું બોલતા હતા તેનું અમને બેયને કશું જ ભાન ન હતું" પ્રવજ્યા વિધિ પૂરી થઇ ને આર્યપુત્ર કપિલવસ્તુ છોડી ગયા એટલી જ એમને ખબર છે. તેમનો અને બાપુનો શોક હજી જરા જેટલો પણ ઓછો થયો નથી.

ઉદ્રાયી : તે પ્રસંગે બંનેની આંખમાંથી આંસુની ધારા વહેતી હતી. તેમને કશું ભાન ન રહે તેમાં કાંઈ નવું છે ? તું ત્યાં હોત તો તારી પણ એ જ દશા હોત, યશોધરા ?

યશોધરા : ના, ઉદ્રાયી તારી કાંઇક ભૂલ થાય છે. હું આર્યપુત્રને અભિનંદન આપત. અને શકય હોત તો પરિવ્રાજિકા થઇને તેમની સાથે મેં પણ દેશત્યાગ કર્યો હોત ! પણ આ રાહુલ છે ને ? ચાલો એ વાત જવા દો. હવે મને ત્યાંની બધી વિગતવાર માહિતી આપ.

ઉદ્રાયી : નમતા બપોરે ગૌતમ કંથક અશ્વ પર સ્વાર થઇ કાલામ ઋષિના આશ્રમ તરફ જવા નીકળ્યા. તેમની પાછળ છન્ન ચાલતો હતો. કપિલવસ્તુના નાગરિકો ગૌતમની પ્રવજ્યામાં હાજરી આપવા અગાઉથી એકઠા–થયા જ હતા. ગૌતમને જોતાં જ તેની ઉપર સૌ કોઇએ પુષ્પવૃષ્ટિ કરી, ચોખા ઉડાડયા અને અશ્વારૂઢ ગૌતમને વચ્ચે રાખી જાણે એક મોટું સરઘસ જ જેતજેતામાં નીકળ્યું. આશ્રમ પાસે આવતાં સરઘસ ઉભું રહ્યું. અને બધા વ્યવસ્થિત રીતે આશ્રમના ચોગાનમાં જઇને ઉભા રહ્યા. આવે પ્રસંગે વધુમાં વધુ દશ–વીસ માણસો હાજર રહે. પણ આ પ્રસંગે તો કપિલવસ્તુનાં હજારો સ્ત્રી–પુરૂષોથી આશ્રમનું ચોગાન ભરાઇ ગયું હતું.

યશોધરા : એટલા બધા લોકો ભેગા થયા હતા ?

ઉદાયી : એમાં કાંઈ આશ્ચર્ય છે ! જે યુવાને બધા શાક્ય સંઘ વિરુધ્ધ એકલાં પડી સત્યાગ્રહ કર્યો અને પાછો પોતે જ સ્વેચ્છાએ શાન્તિથી શિક્ષા ભોગવવા તૈયાર થયો તે જોવા સૌ નાગરિકો ઉત્સુક બન્યા હતા.

યશોધરા : પછી ?

ઉદાયી : ગૌતમી અને શુધ્ધોદન તો પહેલાંથી જ આશ્રમમાં અંદર ગયા હતા. ગૌતમ કંથક ઉપરથી નીચે ઉતર્યા અને ગીરદી પાર કરીને સીધા તે બંનેને પગે પડયા. તે બંનેએ તો તેમનો આંસુથી જ અભિષેક કર્યો. તે જ વખતે કંથકને આશ્રમના એક વૃક્ષ સાથે બાંધી રડતો રડતો છન્ન આવ્યો. તેને લઇને ગૌતમ એક બાજુએ ગયા અને મહાનામે તૈયાર કરાવી રાખેલા ભગવા વસ્ત્ર પરિધાન કરી તેમણે પોતાનો પોશાક, આભૂષણો વિ. છન્નને હવાલે કર્યા પછી ત્યાં તેમણે મુંડન કરાવ્યું ને પછી આશ્રમમાં જવા માંડયા. તે દૃશ્ય જોઇ ત્યાં મળેલા અનેક સ્ત્રી પુરૂષના હૈયાં ભરાઇ આવ્યાં, ત્યાં મા ને બાપુની તો વાત જ શી કરવી ? કેટલાક નાગરિકો કકળી ઉઠયા કે "શાક્ય સંઘે આ સત્પુરૂષનું બલિદાન લીધું."

યશોધરા : દેવતાને બલિદાન જોઇએ તેમ મનુષ્ય સમાજને પણ જોઇએ. આર્યપુત્રે બલિદાન દીધું ન હોત તો યુધ્ધમાં પુષ્કળ કોલિય લોકોનું ગૌતમને બલિદાન અપાયું હોત.

ઉદાયી : આ તો પોતાના બલિદાનથી તેમણે શાક્યો અને કોલિયોનાં પુષ્કળ બલિદાનને ઉગારી લીધું.

યશોધરા : તે કેવી રીતે ઉદાયી ?

ઉદાયી : મારે તે જ તો તને કહેવું છે. જરા ધીરજ રાખ.

યશોધરા : વારૂ, પછી શું બન્યું ?

ઉદાયી : કાલામ ઋષિના પ્રમુખ શિષ્ય ભારદ્વાજે અને આશ્રમવાસી ચાર શ્રમણોએ ગૌતમની પ્રવજ્યા વિધિ પતાવી. આ પછી ગૌતમ ઉતાવળે આશ્રમમાંથી પ્રયાણ કરી ગયા. ઘણા શાક્ય યુવાનો વિદાય આપવા આશ્રમથી દૂર દૂર સુધી તેની સાથે ગયા. હું અને છન્ન પણ સાથે હતા. ત્યાં એક ઉંચા ઓટલા પાસે ગૌતમ ઉભા રહીને બોલ્યા "બંધુઓ, હવે મારી સાથે આગળ ચાલીને કશો પણ ફાયદો નથી. શાક્ય અને કોલિય લોકો વચ્ચેનો ઝઘડો હું અટકાવી શકયો નથી, તેનું મને અપાર દુઃખ છે. પણ તમારી મારફતે જો લોકમત તૈયાર થાય તો તેમ થવાનો પૂરો સંભવ છે. એ માટે ભાઇઓ, પાછા ફરી લોકમત જાગૃત કરીને એવી તૈયારી કરો કે જેથી બંને પક્ષનાં મન કોમળ બને અને આ લડાઇ-ઝઘડો હંમેશ માટે ટળે." આ સાંભળી બધા ખિન્ન મને પાછા વળ્યા. પાછો ન વળ્યો એક છન્ન. શાક્ય તરૂણો હવે પછી શું કરે છે તે જોવાની મને તાલાવેલી લાગી ને હું શુધ્ધોદન રાજા સાથે પાછો ન આવતાં થોડા દિવસ કપિલવસ્તુ વધુ રોકાયો.

યશોધરા : પછી શાક્ય તરૂણોએ શું કર્યું ?

ઉદાયી : બીજે જ દિવસે તેમણે શહેરમાંના યુવાન વયના ભાઇ-બહેનોનું એક જંગી સરઘસ કાઢયું. 'અંદર અંદરની લડાઇ છોડો', 'કોલિય આપણા ભાઇબંધ', 'ગૌતમના ત્યાગનો ખ્યાલ કરો' એમ સૂત્રો પોકારતાં તેમણે આખા શહેરમાં જયઘોષ કર્યો. તેનું સુંદર પરિણામ તાબડતોબ એ આવ્યું કે બીજે જ દિવસે શાક્યસંઘની સભા મળી, કોલિય પક્ષ સાથે ચર્ચા કરવા પંચ મોકલવાનું નક્કી થયું ને-

યશોધરા : ધન્ય ! આર્યપુત્રનું કહેવું આ શિવાય બીજું હતું પણ શું ?

ઉદાયી : એમણે તો એવો ઠરાવ રજુ કર્યો જ હતો; પણ સંઘને આવું કાંઇ બલિદાન જોઇતું હતું ને ?

યશોધરા : એટલે હવે તો યુધ્ધ ટળ્યું ને ?

ઉદાયી : જરા સાંભળ તો ખરી, યશોધરા. કોલિય લોકોને આ સમાચાર મળ્યા કે તરત જ તેમણે પણ પંચ નીમ્યું. બંને પંચોની સભા હરિદ્રવસન શહેરમાં મળી અને સર્વાનુમતે એમ ઠરાવ્યું કે રોહિણી નદીના પાણીની વ્યવસ્થા કરવા એક કાયમી મંડળ હોવું જોઇએ. કાંઈ પણ મુશ્કેલી કે મતભેદ ઉભો થતાં આ મંડળ મારફતે તેની તપાસ થવી જોઇએ ને તેનો નિર્ણય આકર ગણાવો જોઇએ. દાસ અને કામ કરનારા વર્ગ ઉપર દેખરેખ રાખવા આ મંડળના હાથ નીચે એક શાક્ય અને એક કોલિય એમ બે અધિકારીઓ હોવા જોઇએ. આ પ્રમાણે ઝઘડાની પતાવટ થઈ ને શાક્ય અને કોલિય દેશો વચ્ચે યુધ્ધનો દારૂણ પ્રસંગ ટળ્યો તે બદલ ઠેર ઠેર આનંદોત્સવ મનાઈ રહ્યો છે. આને આપણે ગૌતમના સ્વાર્થત્યાગનો વિજયોત્સવ જ કહી શકીએ.

યશોધરા : આ સમાચાર સાંભળી આર્યપુત્રને ખૂબ આનંદ થશે. તેમના ધર્મસંશોધનના માર્ગમાં આ એક શુભ શુકન જ થયું ત્યારે.

[એટલામાં રેવતી રાહુલને લઇને આવે છે. તેને જોઇને]

ઉદાયી : રાહુલ ઉઠયો લાગે છે-

યશોધરા : એ સારૂં ઉંઘ્યો. ઠીક ત્યારે હું રજા લઉં. જ્યારે જ્યારે તને આર્યપુત્રના સમાચાર મળે ત્યારે મને તરત જ જણાવતો રહેજે હોં ! [તે ઉઠે છે ને ઉદાયી પણ ઉઠે છે.]

ઉદાયી : ઠીક છે. હું રજા લઉં છું.

(પડદો પડે છે)

— તૃતીય અંક સમાપ્ત —

ભગવાન બુદ્ધનો સંદેશ

તા. ૨૪-૫-૫૬ના રોજ દીલ્હી ખાતે ભગવાન બુદ્ધની પરિનિર્વાણ જયન્તી ઉજવવા માટે મળેલી દીલ્હીના પ્રજાજનોની એક વિરાટ સભા સમક્ષ ભારતના મહાઅમાત્ય પંડિત જવાહરલાલ નહેરૂએ બોલતાં નીચે મુજબ જણાવ્યું હતું.

"અંધશ્રધ્ધા, અજ્ઞાનમૂલક વહેમો, અર્થહીન ક્રિયાકાંડો, ધાર્મિક અસહિષ્ણુતા, અને જ્ઞાતિવાદના અનિષ્ટની પકડમાંથી મુકત કરતાં જે 'જીવનવિજ્ઞાન'નો ભગવાન બુધ્ધે ઉપદેશ આપ્યો તે જીવનવિજ્ઞાનને સમજવા, શીખવા અને અમલમાં મૂકવા હું આપ લોકોને અનુરોધ કરૂં છું. ગૌતમ બુધ્ધ કોઈ દેવ કે દેવતા નહોતા પણ આપણી જેવા એક માનવી હતા. જ્ઞાતિવાદ, વહેમો અને સ્વાર્થી પ્રાર્થનાઓનાં અનિષ્ટો અને નબળાઇઓ, જેના કારણે આજે પણ સંખ્યાબંધ માનવી દુઃખો પીડાઇ અને રંધાઈ રહ્યા છે તે સામે ગૌતમ બુધ્ધે પોતાનો અવાજ ઉઠાવ્યો હતો. આમ હોવાથી આપણે એ જીવનવિજ્ઞાન, હૃદયવિજ્ઞાન, માનસવિજ્ઞાન સમજી લેવાની અને અન્તરમાં ઉતારવાની જરૂર છે કે જેનો બુધ્ધે ઉપદેશ આપ્યો હતો અને જે વડે સિધ્ધાન્તોને ઉપર ઉપરથી સ્વીકારવાની અને સાથે સાથે અન્ય સામે આપણા દિલમાં ધાર્મિક વિદ્વેષ સંઘરવાની આપણી કાંઇ કાળથી ચાલી આવતી ટેવમાંથી આપણને ઉંચે ઉપાડવાનો પ્રયત્ન કર્યો હતો.

આજે જે જયન્તીઉત્સવ ચોતરફ મનાઈ રહ્યો છે તે જયન્તી ઉત્સવ દ્વારા, આપણા દિલમાં એક બુધ્ધે હંમેશાને માટે પ્રતિષ્ઠિત હોવા છતાં જે બુધ્ધને આપણે કાંઇક ભુલી ગયા હતા તે બુધ્ધની આપણે આપણા દિલમાં પુનઃ પ્રતિષ્ઠા કરી રહ્યા છીએ, તે દ્વારા બુધ્ધનું જાણે કે આપણી વચ્ચે પુનરાગમન થઇ રહ્યું છે. બુધ્ધનું આ પુનરાગમન આપણ ભારતવાસીઓ માટે આવકારયોગ્ય ઘટના છે, માત્ર આપણા માટે જ નહિ પણ આખી દુનિયા માટે આ ઘટના આવકારયોગ્ય છે, કારણ કે હિંદનો આ સર્વથી મહાન પુત્ર માત્ર ભારતનો નહિ પણ સમગ્ર રાષ્ટ્રો અને માનવપ્રજાઓનો છે.

લોકોનાં માનસને જકડી રાખનારી ધાર્મિક અને વહેમમૂલક માન્યતાઓનો હું કટ્ટર વિરોધી છું. આ માન્યતાઓમાં સૂર્ય અને ચંદ્રગ્રહણ વિષેની માન્યતાનો હું સમાવેશ કરૂં છું. ચંદ્ર કે સૂર્યના ગ્રહણ પ્રસંગે આપણા લોકો ઉપવાસ કરે છે અને નદીમાં નહાવા દોડે છે તેને હું અન્તરથી વખોડું છું. સામાન્ય રીતે ઉપવાસ કરવો કે નદીમાં નહાવું તે સારૂં છે, પણ ગ્રહણના કારણે કરવામાં આવતા

ઉપવાસ અને નદીસ્નાનનો કોઇ અર્થ જ નથી. લોકોએ પોતાના મનમાં પેદા કરેલો આ એક વિભ્રમ છે અને પછી એ વિભ્રમ જળોની માફક ચોંટી રહેલો છે.

બુદ્ધની ૨૫૦૦ માં વર્ષની આ પરિનિર્વાણ જયન્તી ઉજવીને લોકો દિલ અને દિમાકની એક પ્રકારની યાત્રા કરી રહ્યા છે, અને કેટલાયે જીવનસત્યો જે આજ સુધી ભુલાઇ ગયાં હતાં તેમને ફરીથી યાદ કરી રહ્યા છે. આપણે આપણી જાતને એ પ્રશ્ન પૂછવાનો રહે છે કે આ યાત્રાને આપણે કેટલા પ્રમાણમાં સાર્થક કરી રહ્યા છીએ? આપણે ઘણી વખત મોટી મોટી વાતો કરીએ છીએ, બુદ્ધના નામનો જપ કરીએ છીએ, પણ તેમણે આપેલા સંદેશને આપણે યાદ કરતા નથી. આપણે ઉપરછલ્લી વસ્તુઓથી, પૂજાપાઠથી અને પ્રાર્થના જપથી ઘણીવાર સંતોષ માનીએ છીએ, પણ આપણા દિલમાં અન્ય સામે દ્વેષમત્સર ભરેલાં હોય છે. મંદિરે જવાથી અથવા તો કોઈ તીર્થસ્થળે પર્યટણ કરવાથી આપણી જાત પ્રત્યેની, માનવીબંધુઓ તરફની કે રાષ્ટ્ર તરફની આપણી ફરજનો છેડો આવે છે એમ આપ લોકોએ સમજવું ન જોઇએ. આપણે આપણા જીવનને કેવી રીતે ઘડીએ છીએ, અને આપણે કયા માર્ગને અનુસરીએ છીએ એ જ ખરા મહત્વની વસ્તુ છે. જો આપણે સમ્યક્ માર્ગ ઉપર ચાલતા ન હોઇએ તો પૂજનો અને મંદિરદર્શનનો શું અર્થ છે? ચાલી આવતી પરંપરાઓને આંખો બંધ કરીને સ્વીકારી લેવી ન જોઇએ, એ લોકોએ યાદ રાખવાયોગ્ય સૌથી વધારે મહત્વની બાબત છે. આ પરંપરાઓને, રૂઢિઓને, માન્યતાઓને અનુભવની કસોટીવડે આપણે કસવી જોઇએ. આજના યુગમાં આને વિજ્ઞાન તરીકે ઓળખવામાં આવે છે. આ વિજ્ઞાન પ્રયોગશાળાઓ સાથે સંકળાયલું વિજ્ઞાન નથી. એ વિજ્ઞાન ઉપરાંત જીવનનું, દિલનું, દિમાકનું પણ એક વિજ્ઞાન છે.

લોકોએ આ બધું અન્તરમાં ઉતારવાની જરૂર છે, કારણ કે ધર્મના નામે તેમણે એક બીજાનાં ગળાં કાપવાની આદત પાડી છે, આ 'ધર્મ' નથી, પણ 'અધર્મ' છે. આ દુનિયામાં કેટલાક દેશો ધાર્મિક યુદ્ધો કરવાની પરિસ્થિતિમાંથી ઉંચે આવ્યા છે. પણ તેઓ ભિન્ન પ્રકારના જંગલમાં–ભિન્ન પ્રકારનાં યુદ્ધોની અટવીમાં–ફસાયા છે. પરિણામ એ આવ્યું છે કે દુનિયા સામે એવાં શસ્ત્રાસ્ત્રો આવીને ઉભાં છે કે જે વડે દુનિયાનો વિનાશ થવાનું જોખમ ઉભું થયું છે.

સદ્‌ભાગ્યે આ અણુશસ્ત્રોમાં રહેલા જોખમનું દુનિયાને ધીમે ધીમે ભાન થવા માંડ્યું છે. આ ભાન ભયમાંથી અને નહિ કે સાચી સમજણમાંથી પેદા થયું છે એ કાંઇક ખેદનો વિષય છે. પણ આટલું ભાન તો થયું છે અને દુનિયા હવે એ પણ સમજવા લાગી છે કે એટમ બોંબનો ઉપાય એટમ બોંબ નથી. પરિણામે લોકોએ ગૌતમ બુદ્ધનો એ સિધ્ધાન્ત સ્વીકારવાનો જ છે કે વૈરથી વૈરનું કદિ શમન થઈ શકતું નથી.

જો લોકો સમ્યક્ માર્ગ ઉપર ચાલવાને તૈયાર નહિ થાય તો પંચવર્ષીય યોજનાઓ દ્વારા સધાતી આર્થિક પ્રગતિનો બહુ અર્થ નથી. વસ્તુતઃ જો લોકો સન્માર્ગને નહિ અનુસરે તો આ પ્રકારની પ્રગતિ વર્ષણો જ પેદા કરશે.

જ્ઞાતિપ્રથા સામે જેહાદ ઉઠાવવી એ આજના લોકો માટે સૌથી મહત્વનો ધર્મ છે. આ જ્ઞાતિપ્રથા સામે ગૌતમ બુધ્ધે પોતાનો પ્રચંડ અવાજ ઉઠાવ્યો હતો. આપણે આ જ્ઞાતિપ્રથા નાબુદ કરી શકયા નથી એ આપણી નબળાઈ છે. આપણે ત્યાં એક જ જ્ઞાતિ હોવી જોઇએ, હિંદમાં વસતા લોકોની. વસ્તુતઃ એ દિવસ આવવો જોઇએ કે જ્યારે આખી દુનિયામાં વસતા લોકોની માત્ર એક જ જ્ઞાતિ હશે. પ્રેમ, સહકાર અને અહિંસાના માર્ગને અનુસરવાનો આપણા લોકોએ સતત પ્રયત્ન કરવાનો રહેશે. બુદ્ધનું નામ માત્ર લેવાથી અને પછી હિંસા અને મારામારીના માર્ગે દોડી જવાથી આ હેતુ સિધ્ધ થઈ શકશે નહિ. વહેમો અને મનનું સાંકડાપણું–આ બન્ને સામે જોસભેર જેહાદ ચલાવવા, ભગવાન બુધ્ધના નામ ઉપર, આપ લોકોને મારી પ્રાર્થના છે."

સંપાદક: પરમાનંદ

(આ સભામાં રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદ તથા ડૉ. રાધાકૃષ્ણને પણ પ્રવચનો આપેલા જે સ્થળસંકોચને લીધે આવતા અંકમાં પ્રગટ કરવામાં આવશે. તંત્રી)

તથાગતની વિશિષ્ટતાનો મર્મ

(ગતાંકથી ચાલુ)

કહેવાય છે કે પ્રતીત્યસમુત્પાદ અને ચાર આર્યસત્ય એ બુદ્ધની વિશેષતા છે. પણ આ કથનમાં મૌલિક વજૂદ નથી. બુદ્ધના પહેલાંથી જ ભારતીય આધ્યાત્મિકો એ નિર્ણય ઉપર આવેલા હતા કે અવિદ્યાથી તૃષ્ણા અને તૃષ્ણામાંથી જ બીજાં દુઃખો જન્મે છે. આ વિચારને બુદ્ધ પોતાની રીતે પ્રતીત્યસમુત્પાદના નામથી વિકસાવ્યો અને વિસ્તાર્યો એટલું જ; એ જ રીતે ચાર આર્યસત્યો પણ બુદ્ધના પહેલાંથી સાધકો અને યોગીઓમાં જાણીતાં હતાં; એટલું જ નહિ, પણ ઘણા તપસ્વીઓ અને ત્યાગીઓ એ સત્યોને આધારે જીવન ઘડવા પ્રયત્ન પણ કરતા. જૈન પરંપરાનાં આસ્રવ, બંધ, સંવર અને મોક્ષ એ ચાર તત્ત્વો કાંઈ મહાવીરની પ્રાથમિક શોધ નથી; એની પરંપરા પાર્શ્વનાથ સુધી તો જાય જ છે, એજ ચાર તત્ત્વો ઉપનિષદોમાં પણ જુદે જુદે નામે મળે જ છે. અને કપિલના પ્રાચીન સાંખ્યનો આધાર પણ એ જ ચાર તત્ત્વ છે. પ્રતીત્યસમુત્પાદ કે ચાર આર્યસત્ય એ બુદ્ધની મૌલિક વિશેષતા નથી તોય એને આધારે ઉચ્ચ જીવન ઘડવાની રીત એ બુદ્ધની આગવી જ રીત છે. જ્યારે એમણે નિર્વાણના ઉપાય લેખે આર્ય અષ્ટાંગિકમાર્ગ નિરૂપ્યો ત્યારે એમણે વર્તમાન જીવનમાં આન્તરબાહ્ય શુદ્ધિ આણવા ઉપર વધારેમાં વધારે ભાર મૂક્યો.

પરંતુ હા, આમાંય બુદ્ધની વિશેષતા હોય તો ચોક્કસપણે એ છે કે તેમણે વિચાર અને આચારની સાધનામાં મધ્યમમાર્ગી વલણ સ્વીકાર્યું. જો તેમણે આવું વલણ સ્વીકાર્યું ન હોત તો તેમનો ભિક્ષુસંઘ ભિન્ન ભિન્ન સંસ્કારવાળા દેશદેશાંતરમાં જઈ શકત કે કામ કરી શકત નહિ અને જાતજાતના લોકોને આકર્ષી કે જીતી શકત નહિ. મધ્યમમાર્ગ બુદ્ધને સૂઝ્યો એ જ સૂચવે છે કે તેમનું મન કોઈ પણ એકાંગી પૂર્વગ્રહથી કેવું મુક્ત હતું!

નજરે તરી આવે એવી બુદ્ધની મહત્ત્વની એક વિશેષતા એ છે કે, તેઓ પોતાની સૂક્ષ્મ ને નિર્ભય પ્રતિભાથી કેટલાંક તત્ત્વોનાં સ્વરૂપોનું તલસ્પર્શી આકલન કરી શકયા, અને જ્યારે જિજ્ઞાસુ તેમ જ સાધક જગત સમક્ષ, બીજો કોઇ તે વિશે તેટલી હિમતથી ન કહેતો ત્યારે બુદ્ધે પોતાનું એ આકલન સિંહની નિર્ભય ગર્જનાથી, કોઈ રાજી થાય કે નારાજ એની પરવા કર્યા વિના, પ્રગટ કર્યું.

તે વખતના અનેક આધ્યાત્મિક આચાર્યો યા તીર્થંકરો વિશ્વના મૂળમાં કયું તત્ત્વ છે અને તે કેવું છે એનું કથન જાણે પ્રત્યક્ષ જોયું હોય તે રીતે કરતા, અને નિર્વાણ યા મોક્ષના સ્થાન તેમ જ તેની સ્થિતિ વિશે પણ ચોક્કસ નજરે નિહાળ્યું હોય તેવું વર્ણન કરતા; ત્યારે બુદ્ધે, કદી પણ વાદવિવાદ શમે નહિ એવી, ગૂઢ અને અગમ્ય બાબતો વિશે કહી દીધું કે હું એવા પ્રશ્નોનું વ્યાકરણ કરતો નથી, એનાં ચૂંથણા ચૂંથતો નથી. હું એવા જ પ્રશ્નોની છણાવટ લોકો સમક્ષ કરું છું કે જે લોકોના અનુભવમાં આવી શકે તેવા હોય અને જે વૈયક્તિક તેમ જ સામાજિક જીવનની શુદ્ધિ તેમ જ શાંતિમાં નિર્વિવાદપણે ઉપયોગી થઈ શકે તેવા હોય. દેશકાળની સીમામાં બદ્ધ થયેલ માણસ પોતાની પ્રતિભા કે સૂક્ષ્મ બુદ્ધિને બળે દેશકાળથી પર એવા પ્રશ્નોની યથાશક્તિ ચર્ચા કરતો આવ્યો છે, પણ એવી ચર્ચાઓ અને વાદવિવાદોને પરિણામે કોઇ અંતિમ સર્વમાન્ય નિર્ણય આવ્યો નથી. એ જોઈ વાદવિવાદના અખાડામાંથી સાધકોને દૂર રાખવા અને તાર્કિક વિલાસમાં ખરચાતી શક્તિ બચાવવા બુદ્ધે તેમની સમક્ષ એવી જ વાત કહી, જે સર્વમાન્ય હોય અને જેના વિના માનવતાનો ઉત્કર્ષ સાધી શકાય તેમ પણ ન હોય. બુદ્ધનો એ ઉપદેશ એટલે આર્ય-અષ્ટાંગિક માર્ગ તેમ જ બ્રહ્મવિહારની ભાવનાનો ઉપદેશ. ટૂંકમાં કહેવું હોય તો વૈર–પ્રતિવૈરના સ્થાનમાં પ્રેમની વૃદ્ધિ અને પુષ્ટિનો ઉપદેશ.

બુદ્ધની છેલ્લી અને સર્વોત્કર્ષક વિશેષતા એમની અગૂઢ વાણી તેમ જ હૃદયસોંસરાં ઊતરી જાય એવાં વ્યવહારુ દૃષ્ટાંતો અને ઉપમાઓ

મારફત વક્તવ્યની સ્પષ્ટતા એ છે. દુનિયાના વાઙ્મયમાં બુદ્ધની દૃષ્ટાંત અને ઉપમાશૈલીનો જોટો ધરાવે એવા નમૂના બહુ વિરલ છે. એને જ લીધે બુદ્ધનો પાલિભાષામાં અપાયેલ ઉપદેશ દુનિયાની સુપ્રસિદ્ધ બધી ભાષાઓમાં અનુવાદિત થયો છે ને રસપૂર્વક વંચાય છે. એની સચોટતા, તેમ જ પ્રત્યક્ષજીવનમાં જ લાભ અનુભવી શકાય એવી બાબતો ઉપર જ ભાર, એ બે તત્ત્વોએ બૌદ્ધ ધર્મની આકર્ષકતામાં વધારેમાં વધારે ભાગ ભજવ્યો છે, અને એની અસરનો પડઘો ઉત્તર-કાલીન વૈદિક, જૈન આદિ પરંપરાના સાહિત્યે પણ ઝીલ્યો છે.

એક વાર વૈદિકો અને પૌરાણિકો જે બુદ્ધને અવગણવામાં કૃતાર્થતા માનતા તે જ વૈદિકો અને પૌરાણિકોએ બુદ્ધને વિષ્ણુના એક અવતાર લેખે સ્થાન આપી બુદ્ધના મોટા ભારતીય અનુયાયી વર્ગને પોતપોતાની પરંપરામાં સમાવી લીધો છે, એ શું સૂચવે છે ? એક જ વાત અને તે એ કે તથાગતની વિશેષતા ઉપેક્ષા ન કરી શકાય એવી મહતી છે.

બુદ્ધની જે જે વિશેષતા પરત્વે ઉપર સામાન્ય સૂચન કરવામાં આવ્યું છે તે તે વિશેષતા સ્પષ્ટપણે દર્શાવતા પાલિપિટકમાંના થોડાક ભાગો નીચે સારરૂપે ટૂંકમાં આપું છું, જેથી વાચકોને લેખમાં કરેલી સામાન્ય સૂચનાની દૃઢ પ્રતીતિ થાય, અને તેઓ પોતે જ તે વિશે સ્વતંત્ર અભિપ્રાય બાંધી શકે.

એક પ્રસંગે ભિક્ષુઓને ઉદ્દેશી બુદ્ધ પોતાના ગૃહત્યાગની વાત કરતાં કહે છે કે, 'ભિક્ષુઓ ! હું પોતે બોધિજ્ઞાન પ્રાપ્ત કર્યા પહેલાં જ્યારે ઘરમાં હતો ત્યારે, મને એક વાર વિચાર આવ્યો કે હું પોતે જ જરા, વ્યાધિ અને શોક સ્વભાવવાળી પરિસ્થિતિમાં બદ્ધ છું, અને છતાંય એવી જ પરિસ્થિતિવાળા કુટુંબીજનો અને બીજા પદાર્થોની પાછળ પડ્યો છું, તે યોગ્ય નથી; તેથી હવે પછી હું અજર, અમર, પરમપદની શોધ કરું તે યોગ્ય છે. આવા વિચારમાં કેટલોક સમય વીત્યો. હું ભરજુવાનીમાં આવ્યો. મારા માતા-પિતા આદિ વડીલો મને મારી શોધ માટે ઘર છોડી જવાની કોઈ પણ રીતે અનુમતિ આપતા નહિ. છતાં મેં એક વાર એ બધાંને રડતાં મૂકયાં અને ઘર છોડી, પ્રવ્રજિત થઈ ચાલી નીકળ્યો.'

બીજે પ્રસંગે એક અગ્નિવેસ્સન નામે ઓળખાતા સચ્ચક નામના નિર્ગ્રન્થ પંડિતને ઉદ્દેશી પ્રવ્રજ્યા પછીની પોતાની સ્થિતિ વર્ણવતાં તેઓ કહે છે કે, 'હે અગ્નિવેસ્સન, મેં પ્રવ્રજ્યા લીધા પછી શાંતિમાર્ગની શોધ પ્રારંભી. હું પહેલાં એક આળાર કાલામ નામના યોગીને મળ્યો. મેં તેના ધર્મપંથમાં દાખલ થવાની ઇચ્છા દર્શાવી, અને તેણે મને સ્વીકાર્યો. હું તેની પાસે રહી, તેના બીજા શિષ્યોની પેઠે, તેનું કેટલુંક તત્ત્વજ્ઞાન શીખ્યો. તેના બીજા શિષ્યોની પેઠે હું પણ એ પોપટિયા વાદવિવાદના જ્ઞાનમાં પ્રવીણ થયો, પણ મને એ છેવટે ન રુચ્યું. મેં એક વાર કાલામને પૂછ્યું કે તમે તત્ત્વજ્ઞાન મેળવ્યું છે તે માત્ર શ્રદ્ધાથી તો મેળવ્યું નહિ હોય ! એના સાક્ષાત્કારનો તમે જે માર્ગ આચર્યો હોય તે જ મને કહો. હું પણ માત્ર શ્રદ્ધા પર ન ચાલતાં તે માર્ગ જીવનમાં ઉતારીશ. કાલામે મને એ માર્ગ લેખે આકિંચન્યાયતન નામની સમાધિ શીખવી. મેં એ સિદ્ધ તો કરી, પણ છેવટે તેમાંય મને સમાધાન ન મળ્યું. કાલામે મને ઊંચું પદ આપવાની અને પોતાના જ પંથમાં રહેવાની લાલચ આપી. પણ હે અગ્નિવેસ્સન, હું તો મારી આગળની શોધ માટે ચાલી નીકળ્યો.

'હે અગ્નિવેસ્સન, બીજા એક ઉદ્દક રામપુત્ર નામના યોગીનો ભેટો થયો. તેની પાસેથી હું નેવસંજ્ઞાનાસંજ્ઞાયતન નામની સમાધિ શીખ્યો. તેણે પણ મને પોતાના પંથમાં રાખવા અને ઊંચું પદ આપવા લલચાવ્યો, પણ મારા આંતરિક અસમાધાને મને ત્યાંથી છૂટો કર્યો. મારું અસમાધાન એ હતું કે ધ્યાન એ એકાગ્રતા માટે ઉપયોગી છે, પણ નાયં ધમ્મો સંબોધાય—અર્થાત્ આ ધર્મ સાર્વત્રિક જ્ઞાન અને સાર્વત્રિક સુખનો નથી. પછી હું એવા માર્ગની શોધ માટે આગળ ચાલ્યો. હે અગ્નિવેસ્સન, એમ ફરતાં ફરતાં રાજગૃહમાં આવ્યો. ત્યાં કેટલાય શ્રમણપંથો હતા, જેઓ જાતજાતની ઉગ્ર તપસ્યા કરતા. હું પણ રાજગૃહથી આગળ વધી ઉરુવેલા (હાલનું બુદ્ધગયા)માં આવ્યો, અને અનેક પ્રકારની કઠોર તપસ્યા કરવા લાગ્યો. મેં ખોરાકની માત્રા તદ્દન ઓછી કરી નાખી અને તદ્દન નીરસ અનાજ લેવા લાગ્યો. સાથે જ મેં શ્વાસોચ્છ્વાસ રોકી સ્થિર આસને બેસી રહેવાનો પણ સખત પ્રયત્ન કર્યો.

'પરંતુ, હે અગ્નિવેસ્સન, તે ઉગ્ર તપ અને હઠયોગની પ્રક્રિયા આચરતાં મને એવો વિચાર આવ્યો કે હું જે અત્યંત દુઃખકારી વેદના હાલ અનુભવી રહ્યો છું તેવી ભાગ્યે જ બીજાએ અનુભવી હશે. છતાં આ દુષ્કર કર્મથી લોકોત્તર ધર્મનો માર્ગ લાધે એવું મને લાગતું નથી. તો હવે બીજો કયો માર્ગ છે, એની ઊંડી વિમાસણમાં હું પડ્યો. તેવામાં, હે અગ્નિવેસ્સન, મને મારી નાની ઉંમરના અનુભવનું સ્મરણ થઈ આવ્યું.

'સ્મરણ એ હતું કે હું કયારેક નાની ઉંમરે પિતાજી સાથે ઘરના ખેતરમાં જાંબુડાની નીચે છાયામાં બેસી સહજભાવે ચિંતન કરતો, અને શાતા અનુભવતો. હે અગ્નિવેસ્સન, મને એમ લાગ્યું કે એ મધ્યમમાર્ગી રસ્તો તો સાચો ન હોય ? તો એ માર્ગે જતાં હું શા માટે ડરું ? એના વિચારથી મેં ઉપવાસ આદિ દેહદમન છોડી, દેહપોષણ પૂરતું અન્ન લેવું શરૂ કર્યું. આ શરૂઆત જોતાં જ મારા નજીકના સાથીઓ અને પરિચારકો હું સાધનાભ્રષ્ટ થયો છું એમ સમજી મને છોડી ગયા. હું એકલો પડ્યો, પણ મારો આગળની શોધનો સંકલ્પ તો ચાલુ જ રહ્યો. યોગ્ય ને મિત ભોજનથી મારામાં શક્તિ આવી અને હું શાંતિ અનુભવવા લાગ્યો.'

તે સમયે સામાન્ય લોકવ્યવહારને અનુસરીને બોધિસત્ત્વ દેહદમન આદિના માર્ગને અનુસર્યા, પણ તે વખતે તેમના મતનો સમસ્ત વિચારપ્રવાહ તે જ દિશામાં વહેતો હતો એમ નથી માનવાનું. સામાન્ય માણસને સમુદ્ર એક સરખો જ દેખાય છે, પરંતુ તેમાં પરસ્પર વિરુદ્ધ દિશામાં વહેનારા પુષ્કળ પ્રવાહો હોય છે. તે પ્રમાણે બોધિસત્ત્વના ચિત્તમાં પણ વિરોધી અનેક વિચારપ્રવાહો વહેતા હતા. તેમનું આ માનસિક ચિત્ર જ્યારે બુદ્ધ અગ્નિવેસ્સનને ઉદ્દેશી પોતાને સૂઝેલી ત્રણ ઉપમાઓ કહે છે ત્યારે સ્પષ્ટ ઊપસી આવે છે. તે ત્રણ ઉપમાઓ આ રહી :

(૧) પાણીમાં પડેલું ભીનું લાકડું હોય અને તેને બીજા લાકડાથી ઘસવામાં આવે તો તેમાંથી આગ ન નીકળે. તે રીતે જેઓના મનમાં વાસના ભરી હોય અને ભોગનાં સાધનોમાં જેઓ રચ્યાપચ્યા હોય તેઓ ગમે તેટલું હઠયોગનું કષ્ટ વેઠે તોય તેમના મનમાં સાચું જ્ઞાન પ્રકટે નહિ. (૨) બીજું, લાકડું પાણીથી આધું હોય, છતાં હોય ભીનું, એનેય ઘસવાથી એમાંથી આગ ન નીકળે. એ જ રીતે ભોગનાં સાધનોથી આઘે અરણ્યમાં રહેલ સાધક હોય, પણ મનમાં વાસનાઓ સળવળતી હોય તોય કોઈ તપ તેમાં સાચું જ્ઞાન ઉપજાવી શકે નહિ. (૩) પરંતુ જે લાકડું પૂરેપૂરું સૂકું હોય ને જળથી વેગળું હોય તેને અરણિથી ઘસવામાં આવે તો આગ જરૂર પ્રગટે. એ જ રીતે ભોગનાં સાધનોથી દૂર તેમ જ વાસનાઓથી મુક્ત એવો સાધક જ યોગમાર્ગને અવલંબી સાચું જ્ઞાન મેળવી શકે.

વળી બુદ્ધ ભિક્ષુઓને ઉદ્દેશી સાધનાના અનુભવની વાત કરતાં જણાવે છે કે, 'હું જ્યારે સાધના કરતો ત્યારે જ મને વિચાર આવ્યો કે મનમાં સારા અને નરસા બન્ને પ્રકારના વિતર્ક કે વિચારો આવ્યા કરે છે. તેથી મારે એના બે ભાગ પાડવા. જે અકુશળ કે નઠારા વિતર્કો છે તે એક બાજુ અને જે કુશળ કે હિતકારી વિતર્કો છે તે બીજી બાજુ. ક્રોધ, દ્વેષ અને ત્રાસ આપવાની વૃત્તિ આ ત્રણ અકુશળ વિતર્કો. તેથી ઊલટું નિષ્કામતા, પ્રેમ અને કોઇને પીડા ન આપવાની વૃત્તિ એ ત્રણ કુશળ વિતર્કો છે. હું વિચાર કરતો બેસું અને મનમાં કોઈ અકુશળ વિતર્ક આવ્યો કે, તરત જ વિચાર કરતો કે આ વિતર્ક મારું કે બીજા કોઇનું હિત કરનાર તો છે જ નહિ, અને વધારામાં

તે પ્રજ્ઞાને રોકે છે. મન ઉપરની પાકી ચોકીદારી અને સતત જાગૃતિથી એવા વિતર્કોને હું રોકતો, તે એવી રીતે કે જેમ કોઈ ગોવાળિયો, પાકથી ઊભરાતાં ખેતરો ન ભેળાય એ માટે, પાક ખાવા દોડતી ગાયોને સાવધાનીથી ખેતરોથી દૂર રાખે તેમ. પરંતુ જ્યારે મનમાં કુશળ વિતર્ક આવે ત્યારે તે વિતર્કો મારા, બીજાના અને બધાના હિતમાં કેવી રીતે છે એનો વિચાર કરી સતત જાગૃતિથી હું એ કુશળ વિતર્કોનું જતન કરતો. બહુ વિચાર કરતાં બેસી રહેવાથી શરીર થાકી જાય ને શરીર થાકે તો મન પણ સ્થિર ન થાય, એમ ધારી હું કુશળ વિતર્કો આવે ત્યારે મનને માત્ર અંદર જ વાળતો. જેવી રીતે ખેતરોમાંથી પાક લણાયા પછી ગોવાળ ઢોરોને ખેતરોમાં છૂટાં મૂકી દે છે, માત્ર દૂર રહી એના ઉપર દેખરેખ રાખે છે, તેમ હું કુશળ વિતર્કો આવે ત્યારે એની દેખરેખ રાખતો, પણ મનનો નિગ્રહ કરવાનો પ્રયત્ન ન કરતો.'

બુદ્ધનો આ અનુભવ તેમણે સાધેલ મારા વિજયનો સૂચક છે.

બૌદ્ધધર્મમાં બ્રહ્મવિહારનો મહિમા વેદાંતીઓના બ્રહ્મના મહિમા જેવો જ છે. તેથી બ્રહ્મવિહાર વિશે થોડું વધારે સ્પષ્ટીકરણ આવશ્યક છે. બ્રહ્મ એટલે જીવલોક. તેમાં વિહાર કરવો એટલે સમગ્ર જીવસૃષ્ટિ સાથે પ્રેમમૂલક વૃત્તિઓ કેળવી સૌની સાથે સમાનપણું સાધવું. આ વૃત્તિઓને મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષા એમ ચાર ભાગમાં વહેંચવામાં આવી છે. એનું મહત્ત્વ પ્રો. ધર્માનન્દ કોસમ્બીએ પાલિ-ગ્રંથોને આધારે દર્શાવ્યું છે તે તેમના જ શબ્દોમાં ટૂંકમાં વાંચીએ: 'માતા જેમ ધાવણા છોકરાનું મૈત્રીથી (પ્રેમથી) પાલન કરે છે, તે માંદું થાય ત્યારે કરુણાથી તેની સેવા કરે છે, પછી વિદ્યાભ્યાસાદિકમાં તે હોશિયાર થાય એટલે મુદિત અંતઃકરણથી તેને થાબડે છે, અને ત્યાર પછી જ્યારે તે સ્વતંત્રપણે સંસાર શરૂ કરે, અથવા પોતાના મતથી વિરુદ્ધ રીતે વર્તવા લાગે ત્યારે તેની ઉપેક્ષા કરે છે; કદી તેનો દ્વેષ કરતી નથી, અને તેને મદદ કરવા હંમેશ તૈયાર હોય છે; તે પ્રમાણે જ મહાત્માઓ આ ચાર શ્રેષ્ઠ મનોવૃત્તિઓથી પ્રેરિત થઈને, જનસમૂહનું કલ્યાણ કરવા તત્પર હોય છે.'

ગૂઢ અને અણઊકલ્યા પ્રશ્નોથી વેગળા રહેવાનું બુદ્ધનું વલણ સમજવા માટે તેમનો માલુંક્યપુત્ર સાથેનો વાર્તાલાપ ટૂંકમાં જાણી લેવો ઠીક થશે. કયારેક માલુંક્યપુત્રે બુદ્ધને પૂછ્યું કે, 'તમે તો બીજા આચાર્યો નિરૂપે છે તેમ જગતના આદિ, અંત કે મૂળ કારણ વિશે તેમ જ નિર્વાણ પછીની સ્થિતિ આદિ વિશે કાંઈ કહેતા નથી, તો હું તમારો શિષ્ય રહી નહિ શકું.' બુદ્ધ જવાબ આપતાં કહે છે કે, 'જ્યારે મેં તને શિષ્ય બનાવ્યો ત્યારે શું વચન આપેલું કે એવા અવ્યાકૃત પ્રશ્નોનો હું જવાબ આપીશ ? શું તેં પણ એમ કહેલું કે જો એવા પ્રશ્નોનો જવાબ નહિ આપો તો હું શિષ્ય રહી નહિ શકું ?' માલુંક્યપુત્રે કહ્યું: 'ના, એવો કોઈ કરાર હતો જ નહિ.' બુદ્ધ કહે છે: 'તો પછી શિષ્યપણું છોડવાની વાત યોગ્ય છે?' માલુંક્યઃ 'ના.' આટલાથી માલુંક્યનો ઉકળાટ તો શમ્યો, પણ બુદ્ધ એટલામાત્રથી પતાવી દે તેવા ન હતા, આગળ તેમણે એવી એક વેધક ઉપમા આપી જે બુદ્ધની વલણ સ્પષ્ટ કરે છે.

બુદ્ધ કહે છે કે, 'કોઈ ઝેરી બાણથી ઘવાયો હોય, તેના હિત-ચિંતકો તેના શરીરમાંથી એ બાણ કાઢવા તત્પર થાય ત્યારે પેલો ઘવાયેલ તેમને કહે કે મને પ્રથમ મારા નીચેના પ્રશ્નોનો જવાબ આપો, પછી બાણ કાઢવાની વાત. મારા પ્રશ્નો એ છે કે બાણ મારનાર કઈ નાતનો છે? કયા ગામનો, કયા નામનો અને કેવા કદનો છે ? ઇત્યાદિ. તે જ રીતે એ બાણ શેમાંથી અને કેવી રીતે બન્યું તથા ધનુષ અને દોરી એ પણ શેનાં અને કોણે બનાવ્યાં છે ? વગેરે. આ પ્રશ્નોનો જવાબ ન મળે ત્યાં લગી જો વાગેલ બાણ તે પુરુષ કાઢવા ન દે તો શું એ બચી શકે ?' માલુંક્યપુત્ર કહેઃ 'નહિ જ.' બુદ્ધ કહેઃ 'તો પછી જે ગૂઢ ને હંમેશને માટે અણઊકલ્યા પ્રશ્નો છે એવા પ્રશ્નોના ઉત્તર સાથે બ્રહ્મચર્યવાસ યા સંયમસાધના યા જીવનશુદ્ધિના પ્રયત્નનો શો સંબંધ છે ? માલુંક્યપુત્ર, ધાર કે વિશ્વશાશ્વત યા અશાશ્વત, નિર્વાણ પછી તથાગત રહે છે કે નહિ ઇત્યાદિ તેં જાણ્યું ન હોય તોય તેથી તારી સંયમસાધનામાં શું કાંઈ બાધા આવવાની ? વળી, હું જે તૃષ્ણા અને તેનાથી ઉદ્‌ભવતાં દુઃખોની વાત કહું છું અને તેના નિવારણનો ઉપાય દર્શાવું છું તે તો અત્યારે જ જાણી અને અનુભવી શકાય તેવાં છે. તો એની સાથે આવા અકળ પ્રશ્નોનો શો સંબંધ છે ? તેથી, હે માલુંક્યપુત્ર, મેં જે પ્રશ્નોને અવ્યાકૃત કહી બાજુએ રાખ્યા છે તેની ચર્ચામાં શક્તિ ન વેડફ અને મેં જે પ્રશ્નો વ્યાકૃત તરીકે આગળ ધર્યા કર્યા છે તેને જ સમજ અને અનુસર.'

ઉપર લખેલી કેટલીક કંડિકાઓ જ બુદ્ધનું ઉપમાકૌશલ સ્પષ્ટ દર્શાવે છે. તેથી એ દર્શાવવા વધારે ઉપમાઓ ન આપતાં એક ઉપયોગી અને સચોટ મનોરમ ઉપમા આપવી યોગ્ય ધારું છું.

કયારેક અરિષ્ટ નામનો એક ભિક્ષુ બુદ્ધના ઉપદેશનો વિપર્યાસ કરી લોકોને ભરમાવતો. ત્યારે અરિષ્ટને બોલાવી બીજા ભિક્ષુઓ સમક્ષ બુદ્ધે ઉપમા દ્વારા જે વસ્તુ સૂચવી છે તે જીવનના દરેક ક્ષેત્રે, સૌને માટે, એકસરખી ઉપયોગી છે. બુદ્ધ કહે છે કે 'પ્રતિષ્ઠિત ગણાતાં ગમે તેટલાં શાસ્ત્રો ભણી જાય, મોઢે બોલી જાય; પણ એનો સાચો ભાવ પ્રજ્ઞાથી ન સમજે, માત્ર એનો ઉપયોગ ખ્યાતિ મેળવવામાં કે આજીવિકા કેળવવામાં કરે તો એ પોપટિયું જ્ઞાન ઊલટું તેને ભારે નુકસાન કરે. જેમ કોઈ મદારી મોટા સાપને પકડે, પણ તેનું પૂછડું કે પેટ પકડી મોઢું ન દબાવે તો એ સાપ ગમે તેવા બળવાન મદારીને પણ ડંખે, અને તેની પકડ નકામી નીવડે, તે જ રીતે પ્રજ્ઞાથી જેનો ખરો અર્થ અને ભાવ જાણ્યો ન હોય એવાં શાસ્ત્રોનો લાભ-ખ્યાતિ માટે ઉપયોગ કરનાર છેવટે દુર્ગતિ પામે. આથી ઊલટું, જે પુરુષ પ્રજ્ઞા અને સમજણથી શાસ્ત્રોનો મર્મ યોગ્ય રીતે ગ્રહણ કરે અને તેનો ઉપયોગ લાભ-ખ્યાતિમાં ન કરે તે પુરુષ સાણસામાં મોઢું દબાવી સાપને પકડનાર કુશળ મદારીની પેઠે સાપના ડંખથી મુક્ત રહે એટલું જ નહિ, પણ તે સાપનો યોગ્ય રીતે ઉપયોગ પણ કરી શકે.'

બુદ્ધની વિશેષતાને સૂચવનાર જે થોડાક દાખલા ઉપર આપ્યા છે તે અને જે આપવામાં નથી આવ્યા તે બધાયથી ચડી જાય તેવો અથવા તો સમગ્ર વિશેષતાના મર્મનો ખુલાસો કરે એવો એક દાખલો અંતમાં ન આપું તો બુદ્ધ વિશેનું પ્રસ્તુત ચિત્ર અધૂરું જ રહે.

વળી, ભારતીય તત્ત્વચિંતકોની વિચાર-સ્વતંત્રતાને દર્શાવતાં પ્રો. મેક્સ મૂલ્લર ઇ. સ. ૧૮૯૪માં પોતાના વેદાન્ત ઉપરના ત્રીજા ભાષણમાં બુદ્ધની એ જ વિશેષતાનો નિર્દેશ કર્યો છે. અને સત્યશોધક તેમ જ સ્વતંત્ર વિચારક સ્વર્ગવાસી શ્રી કિશોરલાલભાઈએ 'જીવનશોધન'ની પ્રસ્તાવનાના પ્રારંભમાં પણ બુદ્ધની એ જ વિશેષતાનો નિર્દેશ કર્યો છે. હું જાણું છું ત્યાં લગી બુદ્ધ પહેલાં અને બુદ્ધ પછીનાં ૨૫૦૦ વર્ષમાં બીજા કોઈ પુરુષે બુદ્ધના જેટલી સ્વસ્થતા, ગંભીરતા અને નિર્ભયતાથી એવા ઉદ્‌ગારો નથી ઉચ્ચાર્યા જે વિચારસ્વતંત્રતાની સાચી પ્રતીતિ કરાવે તેવા હોય. તે ઉદ્‌ગારો આ રહ્યા, અને એ જ એમની સર્વોપરિ વિશેષતા—

'હે લોકો, હું જે કાંઈ કહું છું તે પરંપરાગત છે એમ જાણી ખરું માનશો નહિ. તમારી પૂર્વપરંપરાને અનુસરીને છે એમ જાણીને ખરું માનશો નહિ. આવું હશે એમ ધારી ખરું માનશો નહિ. તર્કસિદ્ધ છે એમ જાણી ખરું માનશો નહિ. લૌકિક ન્યાય છે એમ જાણી ખરું માનશો નહિ. સુંદર લાગે છે માટે ખરું માનશો નહિ. તમારી શ્રદ્ધાને પોષનારું છે એવું જાણી ખરું માનશો નહિ. હું પ્રસિદ્ધ સાધુ છું, પૂજ્ય છું, એવું જાણી ખરું માનશો નહિ. પણ તમારી પોતાની વિવેકબુદ્ધિથી મારો ઉપદેશ ખરો લાગે તો જ તમે તેનો સ્વીકાર કરજો. તેમ જ જો સૌના હિતની વાત છે એમ લાગે તો જ તેનો સ્વીકાર કરવો.' (કાલામસુત્ત).

સમાપ્ત. **પંડિત સુખલાલજી**

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મરજીદ બંદર રોડ, મુંબઈ ૯. ટે. નં. ૩૪૬૨૯

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

પ્ર. જૈનવર્ષ ૧૪–પ્ર. જીવનવર્ષ ૪
અંક ૪

બુદ્ધ જીવન

મુંબઈ, જુન ૧૫, ૧૯૫૬, શુક્રવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : ત્રણ આના

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

શ્રી વિનોબાજીનું મહત્ત્વપૂર્ણ પ્રવચન

(દક્ષિણ ભારતમાં આવેલ કાંજીવરમ ખાતે ભરવામાં આવેલ આઠમા સર્વોદય સંમેલનમાં વિનોબાજીએ કરેલા પ્રવચનનો શ્રી. શાન્તાબહેન ગોરડિયાએ કરી આપેલ અનુવાદ. પ્રસ્તુત પ્રવચનને કેટલાક સ્થળે ટુંકાવવામાં આવ્યું છે. તંત્રી)

આજે આપની સમક્ષ હું અત્યંત નમ્ર બનીને આવ્યો છું. જ્યારે આવા સમૂહ સમક્ષ બોલવા બેસું છું અને ચિન્ત એકાગ્ર બને છે ત્યારે હું બોલી રહ્યો છું એવી પ્રતીતિ નથી થતી. જ્યાં એકાગ્રતા નથી હોતી ત્યાં જે વ્યાખ્યાન થાય છે તે વ્યક્તિગત હોય છે અને વ્યક્તિગત વ્યાખ્યાન પર મને એટલો વિશ્વાસ નથી જેટલો વિશ્વાસ સમાધિ આવે છે ત્યારે હું કહેવા લાયક ચીજ કહું છું એ પર હોય છે. આ સમયે મારે નમ્રતાની ખૂબ જરૂર છે. હું એવા વખતે અને એવા સ્થાનમાં આવી પહોંચ્યો છું કે જ્યાં મારું કામ નમ્રતાથી જ આગળ વધી શકે. એટલા માટે હું બધા કાર્યકર્તાઓ તરફથી ભગવાનને નમ્રતાપૂર્વક પ્રાર્થના કરી લઉં છું.

આ વર્ષે ભૂદાનના કામને અપેક્ષા કરતાં વધારે યશ મળ્યો છે. મને એમાં આશ્ચર્ય થતું નથી. જે કામને માટે પરમેશ્વરનો આશીર્વાદ હોય છે તે કામ આ જ રીતે આગળ વધે છે. આ વર્ષે બુદ્ધદેવની જયંતિનો ઉત્સવ થયો. ભૂદાન માટે એ સૌથી મોટી ઘટના છે. મારું કાર્ય અમુક નિશ્ચિત્ત સમયમાં એક સ્પષ્ટ સ્વરૂપ પામીને લોકો સમક્ષ રજુ થાય એમ હું ઇચ્છું છું, એને માટે સૌથી અનુકૂળ ઘટના બુદ્ધ ભગવાનનું સ્મરણ છે. આપણા દેશના આ મહાપુરુષનું સ્મરણ આખી દુનિયાએ કર્યું. બુદ્ધદેવે દુનિયાને જે ઉપદેશ આપ્યો તે સર્વ પ્રથમ આપણા દેશને આપ્યો, એથી એનો અમલ કરવાની જવાબદારી સર્વ પ્રથમ આપણા દેશની જ છે. આપણે એમને અવતારરૂપ ઓળખીને એમના વિચારોને પૂર્ણ માન્ય કર્યા છે. આજે એમનો જ અવતાર ચાલી રહ્યો છે, એટલે આપણું આજનું જીવન એમના માર્ગદર્શન અનુસાર ચાલવું જોઇએ. એટલા માટે જ મારા સર્વ ધર્મકાર્ય અને સંકલ્પના આરંભમાં હું "બુદ્ધાવતારે" કહું છું. આપ તો જાણો છો કે આ વખતે રશિયાએ પોતાની સૈન્ય સામગ્રીને ઓછી કરવાનું વિચાર્યું છે. ઇશ્વરની પ્રેરણા કઈ દિશામાં કેવી રીતે કામ કરે છે એ હું નથી જાણતો. પણ એટલું જાણું છું કે એમની પ્રેરણા આપણા કાર્ય માટે અનુકૂળ છે. એટલે જેમણે બુદ્ધ ભગવાનનું સ્મરણ કર્યું એમણે મારા કાર્યને આશીર્વાદ આપ્યો એમ હું માનું છું.

જે દિવસે મેં બહુ જ નમ્રતાપૂર્વક દાવો કર્યો હતો અને પ્રથમ ઉચ્ચારણ કર્યું હતું, એ દિવસે બુદ્ધ ભગવાનની જયંતિ હતી. હું લખનૌમાં હતો ત્યારે મેં કહ્યું હતું કે બુદ્ધ ભગવાનનું ધર્મચક્ર પ્રવર્તનનું કાર્ય આગળ ધપાવવાનો હું પ્રયત્ન કરીશ. બુદ્ધ ભગવાનની પ્રેરણાથી જ બિહારમાં કામ આગળ વધ્યું એ મેં મારી આંખોએ જોયું. બુદ્ધ જયંતિને દિવસે જ બિહારમાં આપણને એક લાખ એકર જમીન મળી હતી. બોધગયા–જે બુદ્ધ ભગવાનનું સ્થાન છે ત્યાં–એ જ પ્રેરણાબળે આપણે સંકલ્પ કર્યો હતો કે ગયા જિલ્લામાં એક લાખ એકર જમીન પ્રાપ્ત કરીશું. હું આશા રાખું છું કે હિન્દુસ્તાનના લોકો આ સ્મૃતિથી પ્રભાવિત બની ભૂદાનના કાર્યને સર્વ રીતે મદદ કરશે. આ પ્રેરણા જ કાર્ય કરી રહી છે એવી પ્રતીતિ હૃદયમાં પામીને જ આ કાર્ય કરવાનું છે.

બીજી જે ઘટના આ આંદોલનમાં બની છે તે આપણે માટે ખૂબ જ આશાજનક છે. આ ઘટના તે વ્યાપક પ્રમાણમાં ગ્રામદાન, જે ઓરિસ્સામાં થયું. એથી જમીનની માલિકીનાં મૂળ હાલી ઊઠ્યાં. ગ્રામરાજ્ય કેવી રીતે બનાવી શકાય છે, એ વિચારવાની એક સામગ્રી પણ મળી. આ ગ્રામરાજ્યની કલ્પના માટેનું ચિંતન પણ આ સાલ થયું. એક ભાઇએ મને પત્રમાં લખ્યું કે આજસુધી આપના આ આંદોલન તરફ કોઇક શંકાની દૃષ્ટિથી જોતો હતો. પરંતુ જ્યારે વ્યાપક પ્રમાણમાં ગ્રામદાન શરૂ થયું, ત્યારે વિશ્વાસ બેસી ગયો કે આ આંદોલન ક્રાંતિકારી છે. ઓરિસ્સા પછી મેં આંધ્રમાં પ્રવેશ કર્યો, જ્યાં ઘણાં કૉમ્યુનિસ્ટ ભાઇઓ કામ કરે છે. મને કહેતાં આનંદ થાય છે કે ઘણા કૉમ્યુનિસ્ટ ભાઇઓ આ કાર્ય કરવા તૈયાર થયા. કેટલાક લોકો એમાં ભય જુએ છે, પરંતુ મને એમાં કોઈ ભય દેખાતો નથી, કારણકે મારા મનમાં આત્મવિશ્વાસ છે. જેના મનમાં આત્મવિશ્વાસ નથી હોતો તેમને જ ભય લાગે છે. તે ભાઇઓ આપણી સાથે આવ્યા એથી હું તો ખૂબ ઉત્સાહિત થયો છું. હું એમનું સ્વાગત કરું છું. ગ્રામદાનના વિચારથી તો માત્ર ભારત સમક્ષ જ નહિ, પરંતુ દુનિયાની સમક્ષ એક નવો માર્ગ ખૂલી ગયો.

કેટલાક લોકો પૂછે છે કે તમે જમીન તો ઘણી મેળવી, પરંતુ એનું વિતરણ તો કર્યું નથી ને ? હું કહું છું કે જમીન પ્રાપ્ત કરવાની ચાવી મને એકદમ મળી નથી. એ તો ધીરે ધીરે મારા હાથમાં આવી છે. એવી જ રીતે જમીન વહેંચણીની કૂંચી પહેલાં મળી નહોતી. હવે તે મળી છે. મેં કહ્યું હતું કે હિન્દુસ્તાનની જમીનની વહેંચણી એક દિવસમાં કરવી છે અને એ એક દિવસ લાવવા માટે પ્રયત્ન કરવાનો છે. જેમ સૂર્યનારાયણના ઉદયની સાથે બધા જ ઘરોમાં એક સાથે પ્રકાશ થઈ જાય છે, જેમ એક જ દિવસે દરેક ઘરમાં દિવાળી મનાય છે અને દીવાઓ પ્રગટે છે, એવી રીતે એક જ દિવસમાં જમીન વહેંચણી થવી જોઇએ, થઈ રહી છે અને થશે. એના કેટલાક પ્રયોગ કરવાની હિંમત કેટલાક ભાઇઓએ કરી છે. બિહારમાં એક જ દિવસમાં સો–બસો ગામની જમીનની વહેંચણી કરવામાં આવી અને એમાં યશસ્વી થયા. એથી લોકોમાં વિશ્વાસ બેસી ગયો કે એક જ દિવસમાં અનેક ગામોની જમીનની વહેંચણી થઈ શકે છે એ વાત અસંભવિત નથી. એવો જ પ્રયોગ ઓરિસ્સામાં થયો. ત્યાં ૭૦૦–૮૦૦ ગ્રામદાન થયા અને એમાં ૪૦૦ ગામમાં જમીનવહેંચણી થઈ. દાનપ્રાપ્તિમાં જેટલી મહેનત પડે છે એથી વધુ મહેનત વિતરણમાં પડે છે. પરંતુ લોકશક્તિથી આ કાર્ય થઈ શકે છે એ સિદ્ધ થયું. એથી જ મેં કહ્યું કે આ ચાવી આપણને મળી ગઈ છે.

ભૂદાન આંદોલનની એક ખૂબી એ છે કે એમાં અખિલ ભારતીય નેતૃત્વ નથી બનતું, કારણ કે ભૂદાન આન્દોલન પદયાત્રા છે. બુદ્ધ ભગવાન અખિલ ભારતીય નેતા નહોતા બન્યા, પરંતુ એમનો વિચાર

વિશ્વમાં વ્યાપક બન્યો હતો કારણ કે એ વિચારને યોગ્ય એમનું જીવન હતું. જનક્રાન્તિનું કાર્ય એક જ સ્થાનમાં થાય છે અને હવા દ્વારા દુનિયામાં જાય છે. હું પદયાત્રા કરું છું એથી નેતૃત્વ સ્થાનિક થાય છે–સ્થાનિક નેતૃત્વ પણ નથી બનતું એમ કહી શકાય. ઉલટું સ્થાનિક સેવકત્વ બને છે. આપણે સેવક બની લોકો પાસે જઈશું ત્યારે જ જમીન મળશે. નેતાના સંબંધે જઈશું તો નહીં મળે. મારી તાકાત એમાંજ છે કે હું આપણા સ્વામીનો સેવક છું. તુલસીદાસજી રઘુનાથજીને જગાડવા ગાતા હતા કે 'જાગિયે રઘુનાથકુંવર.' એવી રીતે તામીલ-ભકત પણ ગાય છે. લોકહૃદયમાં જે પ્રભુ વિરાજમાન છે એને જગાડવા આપણે ભકત બની જઈએ છીએ ત્યારે જ તે જાગે છે. આ વર્ષે વ્યકિતના સેવકત્વને બદલે ગણસેવકત્વ થયું છે એ જ મહત્વનું છે. રશિયામાં એક નવો વિચાર પ્રતિપાદન કરવામાં આવ્યો. ત્યાં હવે વ્યકિત-વિશેષ નેતૃત્વ નહી પણ ગણનેતૃત્વ ચાલશે. એ જ રીતે ભૂદાનમાં ગણ-સેવકત્વની શોધ થઈ. મધ્યપ્રદેશમાં કેટલાક કાર્યકર્તાઓ એકઠા મળીને લોકો પાસે પડોંચી દાન માગે છે. આ એમનો વ્યાપક પ્રયોગ શરૂ થયો છે. ઈશ્વરકૃપાથી નવા લોકોને તક આપવા જૂના નેતા એમાં સામેલ થતા નથી. એટલે કે જુની પ્રતિષ્ઠા ધરાવતા નેતાઓ કામમાં આવતા નથી અને નવા નેતા એકદમ બનતા નથી. એથી નાના કાર્ય-કરોએ સામુહિક રીતે કામ કરવાનું શરૂ કર્યું છે. તે ગણસેવકત્વ ખૂબ સફળ થાય છે એવો અનુભવ થયો છે. ત્યાંના જે કાર્યકર્તાઓ મને મળ્યા હતા એમનો આત્મવિશ્વાસ ખૂબ વધ્યો છે એમ મેં જોયું છે. વ્યકિતના નેતૃત્વના અભાવમાં ગણસેવકત્વ થઈ શકે છે એ ગત વર્ષમાં સિદ્ધ થયું.

અમને ભૂમિદાન તો મળતું હતું પણ સંપત્તિદાન મળશે કે નહિ એવી શંકા લોકો ઉઠાવતા હતા. પહેલાં ભૂદાનને માટે પણ એવોજ સંદેહ એમના મનમાં હતો. અને સંપત્તિદાન મળશે તો પણ એ સતત કેવી રીતે મળતું રહેશે ? એનો અનુભવ આ વર્ષે ખૂબ થયો. હમણાં જયપ્રકાશજીની જે સભા બિહારમાં મળી એમાં હજારો સંપત્તિ-દાન મળ્યાં. ઓરિસ્સાના નાનાં નાનાં ગામોમાં પણ આ જ અનુભવ થયો. આજે ત્યાં સારા પ્રમાણમાં સંપત્તિદાન મળી રહ્યા છે. કેટલાક લોકો કહે છે કે આ દિવસોમાં લોકોનું પતન થઇ રહ્યું છે. આ જ ભાવ રાજાજીના વ્યાખ્યાનમાં હતો. હું કહું છું કે એ તો ઉપર ઉપરનો જ ભાસ છે. સમાજની રચના ખોટી છે, તેથી પૈસાનું મહત્ત્વ વધ્યું છે અને પૈસાની કોઈ સ્થિર કિંમત નથી. એથી આપણને લાગે છે કે લોકોનો થર નીચે પડી રહ્યો છે. કામને બદલે પૈસાને મહત્ત્વ અપાયું એ જ ખોટું થયું. પૈસાની કિંમત અસ્થિર બની ગઈ એ બીજી ક્ષતિ છે. લોક-માનસમાં પૈસાની તૃષ્ણા વધી એનું કારણ ખોટી સમાજ-રચના છે. દા. ત. કુંભીમાં અનેક સ્તર હોય છે. કયારેક ઉપરના પડ પર હવાની અસર થતાં એ ભાગ સડી જાય છે. આથી ખબર નથી પડતી કે અંદર સારું છે કે નહિ. જ્યારે ઉપરનું પાન કાઢી નાંખીએ ત્યારે જ ખબર પડે છે કે અંદર સ્વચ્છ, શુધ્ધ, નિર્મલ પાંદડાં છે. એવી જ સ્થિતિ માનવી-મનની હોય છે. કયારેક ખરાબ હવાની અસર ઉપરના ભાગ ઉપર ખરાબ થઈ જાય છે. પરંતુ એના પરથી એવો અંદાજ કાઢવામાં આવે કે આખું મન સડેલું છે, તો એ અંદાજ ખોટો છે. ઉપરનો ભાગ આઘો કરતાં અંદર સ્વચ્છ, સુંદર મન પડેલું છે એમ દેખાય છે. હજી પણ લોકમાનસ દાન માટે, ત્યાગ માટે તૈયાર છે. હિંદુસ્તાનમાં ઘણી જગ્યાએ આ અનુભવ થયો. મારી સભામાં લોકો શાંતિથી સાંભળે છે. હું એમને સમજાવું છું કે આજનું તમારું જીવન ખોટું છે. એમાં સુધારો કરવો પડશે. તમારા પોતાના ભાઇને ભાગ દેવો પડશે, અને સમાજને જીવન અર્પણ કરવું પડશે. કોઈ માણસ હિંદુસ્તાનમાં ફરીને સમજાવે કે સંસારમાં કોઈ ચીજ સારી હોય તો એ માત્ર સ્વાર્થ છે, અને ભોગ ભોગવવો એ જ ઉન્નતિની વાત છે. તો એ માણસને લોકો પથ્થર નહિ મારે, કારણ કે હિંદુસ્તાનમાં સંયમ છે. પરંતુ હજારો લોકો એની વાત તો નહિ જ સાંભળે. મને જ્યારે પૂછવામાં આવે છે ત્યારે હું કહું છું કે આ સત્યયુગ છે–કૃતયુગનો આરંભ છે. મુંબઈથી નવસો માઇલ ચાલીને કેટલાક વિદ્યાર્થીઓ અહિં આવ્યા છે. એમાં એક ચૌદ વર્ષનો વિદ્યાર્થી છે. તમે તો જાણો છો કે મુંબઈના છોકરાઓને તિતીક્ષાની કેળવણી મળતી નથી. પરંતુ તેઓ અહિં આનંદ કરતાં આવી પહોંચ્યા અને સંપત્તિદાન અને ભૂદાનનો વિચાર સમજાવતા આવ્યા. એમને ૭૫૦ એકરનું દાન મળ્યું. ત્રણ ભાષાઓના પ્રાંતમાં તેમને ચાલવું પડ્યું. હું માનું છું કે આ બુદ્ધદેવની પ્રેરણા છે. માટે જ લોકોનો સ્તર નીચે જઈ રહ્યો છે એ વાત ખોટી છે. મને તો લાગે છે કે લોકોનો ઉદય બહુ જલદી થઈ રહ્યો છે. લોકો મને કહે છે કે આજકાલ વિદ્યાર્થીઓ બહુ ઉધ્ધત અને ઉદ્દંડ બની ગયા છે. પરંતુ કેળવણીની પધ્ધતિ જ ખોટી છે. જે ગાળ એ પધ્ધતિને દેવાની છે તે નાહક છોકરાઓને દે છે. મારી જે સભામાં સ્કુલ–કૉલેજના છોકરાઓ હોય છે તે સભા અત્યંત શાંત રહે છે. મને તો આશ્ચર્ય થાય છે કે આટલી રદ્દી તાલીમ પછી પણ છોકરાઓ આટલા શાંત કેવી રીતે રહે છે ? મને તો એ જ ઉત્તર મળે છે કે ઇશ્વરની કૃપા છે અને ઇશ્વર ભારત પાસેથી કંઈક કામ લેવા માગે છે. મારા પાંચ વર્ષનાં અનુભવથી હું જોઉં છું કે હિંદુસ્તાનમાં ઈશ્વરની પ્રેરણા કામ કરી રહી છે. લોકો સંપ-ત્તિદાન દેવા માટે રાજી છે એમ ગત વર્ષનો અનુભવ દર્શાવે છે.

હવે મેં વ્યાપારીઓને આહ્વાહન કર્યું છે. હું માનું છું કે એમાં પણ સારો જ અનુભવ થશે. મને કહેવામાં આવ્યું છે કે આહ્વાહનની અસર વ્યાપારીઓ પર સારી થઇ રહી છે. દુનિયાના લોકો વ્યાપારને એક વ્યાવહારિક કાર્ય માને છે. પરંતુ હિંદુસ્તાનમાં ચાતુર્વર્ણ્યમાં વ્યાપારને-વૈશ્યવૃત્તિને એક સ્વતંત્ર ધર્મ માનવામાં આવ્યો છે, વૈશ્ય વેદાધ્યયનશીલ બ્રાહ્મણ જેટલો જ મોક્ષનો અધિકારી છે. આ હિંદુસ્તાનની વિશેષતા છે. મેં વ્યાપારીઓને નિવેદન કર્યું કે આ જે ભાર તમારી પર નાંખવામાં આવ્યો છે તે તમે ઉઠાવો. મેં સાંભળ્યું છે કે એની અસર વ્યાપારીઓ પર સારા પ્રમાણમાં થઇ રહી છે.

ભાષાવાર પ્રાંત–રચનાને કારણે કેટલીક જગ્યાએ હિંસા થઈ એનું મને દુઃખ છે. મેં માન્યું છે કે એ ભૂદાનની હાર છે. મેં શહેરો પર વધુ પરિશ્રમ ન કર્યો એનું જ એ પરિણામ છે એ તરફ મારું લક્ષ ગયું. મેં પહેલાં જ કહ્યું છે કે ભાષાવાર પ્રાંતરચનામાં કોઈ ભૂલ નથી. ઊલટું, હું તો માનું છું કે લોકોની ભાષામાં રાજ્ય ન થાય તો સ્વરાજનો અર્થ જ નથી. કિસાન જે ભાષા બોલે છે તે ન્યાયાધીશે જાણવી જોઇએ અને એની ભાષામાં જ એનો ફેંસલો એણે આપવો જોઈએ. કેળવણી પણ લોકોની ભાષામાં જ અપાવી જોઇએ એ જનતાનો અધિકાર છે અને એ જ સ્વરાજનો અર્થ છે. એથી ભાષાવાર પ્રાંતરચનામાં કોઈ ભૂલ નથી. અને એ માંગણી કરનારને "તું સંકુચિત છે." એમ કહીને જ આપણે સંકુચિત બનાવી દીધો છે, જો કે કેટલાક લોકો પહેલેથી સંકુચિત હશે પણ ખરા. પરિણામે હિંસા થઇ તે એક દુઃખદ ઘટના છે. હિંસા શા માટે થઇ? '૪૨ માં સારા કામ માટે હિંસા મંજુર થઇ તો આ કામ માટે હિંસા શા માટે ખરાબ ગણાય? આજે જનતાના મનમાં આ વિષય પર સ્પષ્ટતા નથી. જો એવું સ્પષ્ટ જ્ઞાન હોત કે આપણને સ્વરાજ અહિંસા–શકિતથી જ મળ્યું છે તો આજની દશા ન થાત.

દુનિયા સમક્ષ એક બીજી સમસ્યા છે જે હિંદુસ્તાનમાં પણ છે. હિંદુસ્તાન જેવા દેશમાં મોટી હિંસા પર શ્રધ્ધા નથી રહી. પરંતુ નાની નાની હિંસા પર અહિંસા લોકોને વિશ્વાસ છે એ મોટું આશ્ચર્ય છે. સ્વાભાવિક રીતે લોકોની સ્થિતિનું પ્રતિબિંબ સરકારમાં હોય છે. પાંચ સાત વર્ષમાં ઘણા સંજોગોમાં ઘણી જગ્યાએ ગોળીબાર થયા. કયાંક યોગ્ય પુરવાર થયા, કયાંક અયોગ્ય. હું આ યોગ્યાયોગ્યતામાં પડવા નથી માગતો. પરંતુ જેવી રીતે લોકો તરફથી હિંસા થઈ તેવી જ રીતે બીજી બાજુથી હિંસાની તૈયારી થઈ. બંને તરફ હિંસા પર વિશ્વાસ છે. આ વસ્તુ દેશને માટે દુઃખદ છે, અને એક સમસ્યારૂપ છે. એટલે કે

આપણે સત્યાગ્રહની શક્તિ ખડી કરવી પડશે. સત્યાગ્રહ શબ્દ ગંભીર છે. સત્યાગ્રહથી વધીને કોઈ મુક્તિદાયક શસ્ત્ર દુનિયામાં નથી. પરંતુ આજે સત્યાગ્રહને ધમકીનું રૂપ અપાયું છે. એમાં કોઈ રચનાત્મક શક્તિનું રૂપ નથી.

ગાંધીજીના જમાનામાં જે સત્યાગ્રહ થયો એને જો આપણે આદર્શરૂપ માનીએ તો એ આપણી ભૂલ છે. સ્વરાજ્યપ્રાપ્તિ પછી જ્યાં લોકશાહી છે ત્યાં જે સત્યાગ્રહ થાય એનો અર્થ વધુ સ્પષ્ટ, શક્તિશાળી, અને અધિક વિધાયક હોવો જોઇએ. એટલા માટે બાપુએ અનેકવાર કહ્યું હતું કે સત્યાગ્રહનું શાસ્ત્ર ન લખી શકાય. એ તો ધીરે ધીરે વિકસિત થતું હોય છે. એ શાસ્ત્રનો વિકાસ આપણે કરવાનો છે. ગાંધીજીના સમયનું મૂળ કાર્ય–સ્વરાજ્યપ્રાપ્તિ નકારાત્મક હતું. ગાંધીજી અંગ્રેજોને 'ક્વીટ ઈન્ડિયા' કહી શકતા હતા. આજનું આપણું કાર્ય એવું નથી. આપણે વ્યાપારીઓ, જમીનદારો, સંપત્તિવાનોને 'ક્વીટ ઇન્ડિયા' ન કહી શકીએ. આપણે સર્વેએ અહિં જ રહેવાનું છે એથી આપણે સર્વેએ એક જગ્યાએ રહેવાને યુક્તિ સાધવી જોઇએ. એવી સ્થિતિમાં જે સત્યાગ્રહ થાય એનું જે ગુણવાન સ્વરૂપ પ્રગટ થવું જોઇએ એ સ્વરૂપ પ્રગટ ન થયું, અને બાપુના જમાનામાં જે સત્યાગ્રહ થયો એથી ઉપરના સ્તર પર જવાને બદલે આપણે નીચેના સ્તર પર પડી ગયા. પરિણામે એનો પ્રત્યાઘાત થયો અને લોકો બોલવા લાગ્યા કે લોકશાહીમાં સત્યાગ્રહને સ્થાન નથી. લોકશાહીમાં લશ્કરને સ્થાન છે, પરંતુ સત્યાગ્રહને નથી એ અજબ વાત છે. આવી પરિસ્થિતિમાં આપણા પર મોટી જવાબદારી છે કે આપણે સત્યાગ્રહના શાસ્ત્રને વિકસિત કરવું જોઇએ.

હવે હું બરાબર દક્ષિણ–પથમાં આવી પહોંચ્યો છું. અહિં મારા કામની પરિસમાપ્તિની પ્રતીતિ મને થઈ રહી છે. આ આંદોલનનું પુરું તેજ અહિં પ્રગટ થાય એમ હું ઇચ્છું છું. અહિં ગામેગામ મોટું મંદિર હોય છે. અહિંયાના મહાન કવિ ભારતીયારે ઉલ્લેખ કર્યો છે કે અહિંના લોકો સુપુત બને એટલા માટે જ આ મંદિરો છે અને માતાઓ પોતાના પુત્રો સારા નિવડે એટલા માટે જ તપસ્યા કરે છે.

ઉત્તર હિંદુસ્તાનમાં જે કંઈ પુણ્યસંગ્રહ થયો છે તે બધો લઇને શ્રધ્ધાથી હું અહિં આવ્યો છું. એથી અહિંઆ કેટલું રહેવું એની મર્યાદા મેં રાખી નથી. ઓછામાં ઓછા સમયમાં વ્યાપક કામ થાય એમ હું ઇચ્છું છું. ભૂદાનના કાર્ય સાથે રચનાત્મક કાર્ય જોડાય, ગામેગામ ખાદી અને ગ્રામોદ્યોગ ચાલે, ગ્રામસ્વાવલંબન માટે તૈયાર કરવાનું ગ્રામોદ્યોગનું કાર્ય પણ અહિંયા હોય. જાતિભેદનું નિરસન થાય. નયી તાલીમનો વિચાર સર્વત્ર લોકો સમજે. આથી માત્ર ભૂદાન કાર્યકર્તાઓની જ નહિ પરંતુ રચનાત્મક કાર્યકરોની મદદ હું માગું છું. એથી જ હું શુધ્ધિ અને ચિંતનની આવશ્યકતાની પ્રતીતી કરું છું.

૧૯૫૭ માં આ કાર્ય કેવી રીતે સમાપ્ત થશે એવી એક તીવ્ર ઇચ્છા લોકોના મનમાં રહે છે. ઘણાએ એ સંબંધે મને સાવચેત કર્યો છે. એમ. એન. રોયે લખ્યું હતું કે અમુક નિશ્ચિત મુદત રાખવી અને સાથે જ હૃદય–પરિવર્તનથી કામ લેવું એ બંને પરસ્પરવિરોધી છે. કેટલાકે એમ કહ્યું કે એમાં ખોટાં સાધનોનો ઉપયોગ કરી શકાય છે. અને જલ્દી કરવાની ભાવનામાં હિંસા આવી શકે છે. એક આક્ષેપ એવો થયો કે નિશ્ચિત મુદતમાં સકામ વૃત્તિ હોય છે, અને ગીતામાં નિષ્કામ વૃત્તિની શિખામણ આપાઇ છે, જેની સાથે આનો વિરોધ થાય છે. નિષ્કામતાને હું સેવાવૃત્તિનો પ્રાણ સમજું છું, અને અહિંસા તથા નિષ્કામતાને પર્યાય માનું છું. એથી મર્યાદા રાખવામાં નિષ્કામતા પર પ્રહાર થાય છે એ આક્ષેપ બહુ તીવ્ર છે. બને તેટલી જલ્દી દુનિયા દુઃખથી નિવૃત્તિ પામે એવી ઇચ્છા રાખવી એ નિષ્કામ વૃત્તિની વિરોધી નથી. જો નિશ્ચિત મુદતમાં કામ કરવું આવશ્યક હોય અને જો કાર્ય ન થાય તો શું ખોટા સાધનો અજમાવવા? ખોટાં સાધનથી કાર્ય સાધી શકાય નહિ. ખોટાં સાધનોનો ઉપયોગ થશે એવો ભય રાખવામાં આવે છે. પરંતુ મુશ્કેલી સહન કર્યા વિના અને હિંમત રાખ્યા વગર કાર્ય સિધ્ધ થતું નથી. ખોટાં સાધનોનો ઉપયોગ ન થાય એવી જાગૃતિ રાખવી એ આપણું કર્તવ્ય છે. નિશ્ચિત મુદત રાખવી અને હૃદય–પરિવર્તનની પ્રક્રિયાનો આધાર લેવો એ બેમાં મને કોઇ વિરોધ દેખાતો નથી. કોઈ કાર્ય અનંતકાલ સુધી કરવાનું ન હોય. મુદત રાખવાનું તાત્પર્ય એ છે કે એમાં ઉપાય–સંશોધનની તક મળે. પૂરી શક્તિ અજમાવવા છતાં પણ નિશ્ચિત મુદતમાં કામ ન થાય તો સંશોધનને તક મળે છે, અને બીજો ઉપાય સુઝે છે. એથી ઉપાયસંશોધનને માટે નિશ્ચિત સમયમાં પૂરી શક્તિથી એક સાથે કામમાં લાગી જઇએ એ બહુ આવશ્યક છે. ગંભીરતાથી, પરિણામ ભગવાનને સોંપીને નિષ્કામવૃત્તિથી કામમાં જોડાઈ જવું જોઇએ.

નિષ્કામ તપસ્યા કરવાવાળા સેવકો પર પ્રભુની કૃપા રહે એવી ઈશ્વરને પ્રાર્થના છે. **વિનોબા ભાવે**

દેશમાં વધતી જતી હિંસક વૃત્તિ અને હિંસાત્મક પ્રવૃત્તિઓને દબાવો, નિર્મૂળ કરો !

(મુંબઈ ખાતે રાષ્ટ્રીય મહાસભાની તા. ૨–૬–૫૬ શનીવારના રોજ મળેલી મહાસમિતિની બેઠકમાં દેશમાં વધતા જતા હિંસાત્મક વાતાવરણનો અવરોધ કરવાનો આદેશ આપતો એક અતિ મહત્વનો ઠરાવ પસાર થયો હતો અને તે ઉપર હિંદના મહામાત્ય પં. જવાહરલાલ નહેરૂએ ભારતની જનતાને ઉંડા દર્દભરી અપીલ કરતું ભારે તેજસ્વી વ્યાખ્યાન આપ્યું હતું. આ ઉપર આપણ સર્વનું ચિત્ત કેન્દ્રિત થવાની જરૂર છે કારણ કે પ્રસ્તુત ઠરાવ અને પ્રવચનના મુદ્દા ઉપર આપણું સમગ્ર ભાવી અવલંબે છે. બન્ને અનુક્રમે નીચે આપવામાં આવે છે. તંત્રી)

મહાસમિતિનો ઠરાવ

૧ દેશમાં હિંસા, ગેરશિસ્ત તેમજ જાહેર જીવન અને વર્તાવના ધોરણને નીચે લાવવા તરફની જે વૃત્તિ વધતી રહે છે તે પ્રત્યે મહાસમિતિ ગંભીર ચિંતા અનુભવે છે. મહાત્મા ગાંધીજીના નેતૃત્વ નીચે ભારતે શિસ્ત, આત્મભોગ અને જાહેર વર્તાવના ઉચ્ચ નૈતિક ધોરણ દ્વારા શાંતિમય અને શિસ્તબધ્ધ ક્રાંતિકારી કાર્યનો અદ્વિતીય દાખલો બેસાડયો હતો. એથી ભારતની પ્રજાની તાકાત વધી હતી, અને દુનિયામાં એની નામના વધી હતી. મહાત્મા ગાંધીએ હંમેશાં કોઇપણ ધ્યેય સિદ્ધ કરવા માટેનાં સાધનોના મહત્વ પર ભાર મૂક્યો હતો. જેટલે અંશે આપણે યોગ્ય સાધનોનો ઉપયોગ કરીએ એટલે અંશે જ આપણે યોગ્ય ધ્યેય સિદ્ધ કરી શકીએ. એ સિવાયનાં બીજાં તમામ સાધનો ને માર્ગો અયોગ્ય છે, અને એથી રાષ્ટ્રને નુકસાન જ પહોંચવાનું અને એ નિર્બળ બની જવાનું. આ દેશ હંમેશાં જેનો આગ્રહ રાખતો આવ્યો છે એ નૈતિક ધોરણો અને મૂલ્યો તો એથી નીચાં પડશે જ, પણ સાથે સાથે એમાંથી દેશની એકતા તૂટી પડશે ને દેશ છિન્નભિન્ન થઈ જશે.

૨ તાજેતરના મહિનાઓમાં રાજ્ય પુનર્ઘટના તેમજ કેટલાક ઔદ્યોગિક ઝઘડાઓ–ખાસ કરીને રેલ્વેઓને લગતા ઝઘડાઓ–સંબંધમાં જાગેલા વિવાદો અંગે વધતી જતી હિંસા જોવામાં આવી છે. કેટલાક વિદ્યાર્થીઓ પણ ખોટી દિશામાં દોરવાઈ ગયા છે. જુદા જુદા જૂથો કે મંડળોની નીતિમાં ગમે તે ફરક હોય, પણ એક વાત તો સૌએ સ્વીકારવી જોઇએ કે લોકશાહી પદ્ધતિને ચાલવા દેવા માટે શાંતિ અને વ્યવસ્થાની જરૂર છે અને રાષ્ટ્ર હવે જે બીજી પંચવર્ષીય યોજનાનો પુરુષાર્થ આરંભી રહ્યું છે એની સિદ્ધિ માટે તો શાંતિ અને વ્યવસ્થાની ઘણી વધારે જરૂર છે.

૩ કોંગ્રેસ હંમેશાં દેશમાં કામદાર વર્ગની પ્રગતિ માટે તત્પર રહી છે, અને કામદાર સંઘોની રચના કરવામાં ને એમને મજબુત બનાવવામાં એણે મદદ કરી છે. કામદાર સંઘોનું બળ એકતા, શિસ્ત અને જવાબદાર નેતાગીરીમાં રહેલું છે. આંધળી રીતરસમો કે હિંસા કામદારને કે એના સંઘને મજબુત બનાવતી નથી. કેટલાક રેલ્વે કામદારોએ તાજેતરમાં જે આવાં કાર્યો કર્યાં છે એથી જાહેર પ્રજાની સહાનુભૂતિ એમણે ગુમાવી છે, અને કામદારોની કે એમની સંસ્થાઓની કોઈ શાન એથી વધી નથી; દેશને એથી ઘણું નુકસાન પણ થયું છે.

૪ દેશની, ખુદ સભ્યતાની પ્રગતિનું માપ કેવળ કારખાનાંઓ કે વધારે ઉત્પાદન ને વ્યવસ્થા પરથી નથી નીકળતું, જો કે આ વસ્તુઓની કિંમત જરૂર છે. પ્રત્યેક સભ્યતાનો આધાર અમુક નૈતિક મૂલ્યો પર રહેલો છે, અને પ્રત્યેક રાષ્ટ્રે વ્યવહાર-વર્તનનાં અમુક નૈતિક ધોરણો જાળવવાં રહે છે. જો રાષ્ટ્ર કે પ્રજામાં આનો અભાવ હોય તો આપણે ગમે તેટલી વૈજ્ઞાનિક કે યાંત્રિક પ્રગતિ કરી હશે, તો પણ તેની કશી કિંમત નહિ હોય. આખરે તો પ્રજાઓની ઉન્નતિ એમનાં નૈતિક ગુણો વડે અને સભ્યતાભર્યા વર્તાવ વડે જ સધાય છે.

૫ ભારત દુનિયામાં શાંતિ માટેનો આગ્રહ રાખતું આવ્યું છે, અને એ માટે એ મથતું રહ્યું છે. જો આપણે પોતે જ આ આદર્શને એવફા બનીએ અને ઘરઆંગણે શાંતિ અને સંયમથી ન વર્તીએ તો ભારતના અવાજનું કોઈ વજન રહેતું નથી

૬ એટલા માટે મહાસમિતિ રાષ્ટ્રને અને પ્રત્યેક પક્ષ તેમ જ પ્રત્યેક સંસ્થાને હિંસા, ગેરશિસ્ત અને બીનજવાબદાર વર્તન તરફની આ વૃત્તિઓને દૂર કરવાની અપીલ કરે છે. જો આ વૃત્તિઓ નિર્મૂળ નહિ થાય તો લોકશાહી અને પ્રગતિ ભયમાં મુકાઈ જશે.

પં. નહેરુનું પ્રવચન

આઠ વર્ષની પૂર્વે આપણે આઝાદ થયા. મને થાય છે કે આઠ વર્ષ બાદ કોંગ્રેસની મહાસમિતિની આ બેઠકમાં આવો પ્રસ્તાવ લાવ્યા છીએ. આઠ વર્ષ પૂર્વે પણ આપણે આવો પ્રસ્તાવ લાવ્યા હતા. તે વખતે દીલ્હીમાં કત્લેઆમ ચાલી હતી. એક હિંદીએ બીજા હિંદી પર હાથ ચલાવ્યો હતો. આ જખમો રૂઝાવાનું ઘણું મુશ્કેલ હતું છતાં એ જખમો ધીમે ધીમે રૂઝાયા. અને તેને પણ આઠ વર્ષ લાગ્યા, એ ઠરાવ શું આપણે આટલો જલ્દી ભુલી ગયા? દુશ્મન જ્યારે હુમલો કરે છે ત્યારે તે ઘા રૂઝાતાં થોડો વખત લાગે છે. પણ જ્યારે ભાઈ-ભાઈ પર હાથ ઉઠાવે છે ત્યારે તે રૂઝાતાં ઘણો સમય લાગે છે અને તે સહેલું પણ હોતું નથી. આના કરતાં તો આપણે મરી જઈએ તો સારૂં. મને પોતાને મરવાનો ડર નથી, પણ મને તો આપણા દિલ દિમાગ જે રીતે મરવા પડયા છે તેની શરમ લાગે છે, તેનો રંજ છે. હકુમત એટલી કમજોર નથી કે તે પથ્થરથી હાલી જાય. હિંદુસ્તાનની શાનદાર હકુમત આઠ વર્ષથી ચાલે છે. શાન આ હિંદુસ્તાનની છે, જનતાની છે. મને કોઈ સવાલની યા કે તેના ઉકેલની પરવાહ નથી. રાજ્ય પુનર્ઘટના બાબતમાં અથવા તો ખડગપુર કાલકામાં જે કાંઇ બન્યું છે તે બતાવી આપે છે કે દેશમાં કેવી હવા ચાલી છે.

ગ્યાની ગુરમુખસીંગે પંજાબની હવાની વાત કરી. આ બધાનો શો અર્થ છે ? પથ્થર ફેંકનારાઓ છે કોણ ? શા માટે તેમણે આમ કર્યું ? તે તો તમે અને તેઓ જાણે. જોખમદારી અને જોરજબરીપણે થતાં આ કામો પ્રજા કેમ ચલાવી લે છે ?

આપણા દેશમાં આજે કેવી પરિસ્થિતિ પ્રવર્તે છે ? હમણાં જ તમે આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ પરનો ઠરાવ પસાર કર્યો છે. વિદેશનીતિ સંબંધમાં હિંદુસ્તાનભરમાં કોઇ વિરોધ નથી. હા, આ મુંબઈ શહેરમાં એવા કેટલાક અખબારો છે જે એમ કહે છે કે અમે સામ્યવાદી દેશોના મિત્ર બનીએ છીએ તે ખોટું છે. અમારે અમેરિકા સાથે મિત્રાચારી બાંધવી જોઇએ, જ્યારે બીજા કેટલાકો તેથી ઉંધું જ કહે છે. આ દેશમાં વિદેશનીતિના પાયાના સિદ્ધાંતો સામે કોઈનો વિરોધ નથી.

ભારતમાં એક અજીબ તમાશો નીકળ્યો છે, આપણી વિદેશી અને સ્વદેશનીતિ સામે કોઈ વિરોધ નથી. હિંદુસ્તાનમાં કોઈ પણ વ્યકિત સરકારની આ નીતિ સામે વિરોધ કરતી નથી. ભારત સરકાર લોકશાહી સરકાર છે. આના કરતાં વધુ વીનીત, વધુ લોકશાસનવાદી સરકાર જગતના બીજા કોઇ દેશમાં નથી. દેશમાં આપણું કોઈ દુશ્મન નથી તો પછી આપણે કોની સામે લડી રહ્યા છીએ ? શું એકબીજા સામે લડી રહ્યા છીએ ? પંજાબમાં પથ્થરાબાજી અને હિંસા થઇ. આ અપ્રમાણિકતા અને મૂર્ખતા છે. મારામાં હશે તેટલી સર્વ શકિતથી હું તેનો સામનો કરીશ. ખુબગર્મ માણસો આઠ વર્ષની વયનો બાળક સમજે તેવી વાત પણ ન સમજે તો એની ખુબગર્મી બાળક કરતાં પણ ખરાબ છે. તેને આપણે શું કહી શકીએ ? જ્યારે ચૂંટણી થાય છે ત્યારે કોંગ્રેસી ઉમેદવાર સામે પુટકળીયાં રાજકીય પક્ષો ઉભા થાય છે. આ કઇ પ્રકારની નીતિ છે ? આ કોઇ સક્રિય નીતિ નથી. આ તો માત્ર નકારાત્મક નીતિ છે. કોઇ પણ દેશ કે સમાજ માત્ર નકારાત્મક નીતિ પર આગળ વધી શકતો નથી.

હિંસાથી ડરાવીને કોઈ પોતાનું ધાર્યું કરાવી શકવાનું નથી. આપણા દેશમાંની કેટલીક સંસ્થાઓ આવા વિચારો રાખે છે. આ સંસ્થાઓમાં શકિત નથી, સમજ નથી, શાંતિથી મુકાબલો કરવાની ધીરજ નથી. આનાથી દેશને અથવા તેમને ફાયદો થતો નથી. આપણા રાષ્ટ્રની ક્ષીતીજ પર હિંસાનો નવો ભય તોળાઇ રહ્યા છે.

આ સંસ્થાઓએ નવું શસ્ત્ર શોધી કાઢયું છે અને તેને સત્યાગ્રહનું નામ આપ્યું છે. કોઈ માણસ બહુ શુરવીર બનીને આગળ આવે છે. કોઈ એક મહત્ત્વનો કે બિનમહત્ત્વનો કાયદો તોડીને પાંચ પચાસ દિવસ જેલમાં જઈ આવીને શહીદ બની જાય છે. આપણે કયા રાહ પર ચાલવા માગીએ છીએ તે પુરી ગંભીરતાથી વિચારવું ઘટે છે.

આપણે ઘણી પ્રગતિ કરી. એક વિદેશીએ અહિંનું નિરીક્ષણ કરીને લખ્યું છે તે મેં હમણા વાંચ્યું. એણે લખ્યું છે કે હિંદની પ્રગતિ આશ્ચર્યજનક છે, મનાય નહિ એવી છે. એ બધી પ્રગતિ લોકશાહીથી થઈ છે. એવી વાત દુનિયામાં કયાં યે બીજે બની નથી.

પણ હું એમ પણ જોઉં છું કે આ દેશના લોકો ટીકાની દૃષ્ટિએ જ જુએ છે. હિંદની પ્રગતિ હિંદના લોકો જ સમજ્યા નથી. કેવી આશ્ચર્યની વાત છે ?

આપણે મોટી યોજના કરી છે પણ તે મોટી કયારે બને ? જ્યારે શાંતિથી, સ્વસ્થતાથી કરીએ ત્યારે ને ! યાદ રાખજો ! અંગ્રેજી હકુમતનો સામનો કરવાની વાત જુદી હતી. એમાં મઝા હતી. પણ ભાઇનો સામનો કરવામાં ઘણું દુઃખ થાય છે. એટલે આ મુશ્કેલ સવાલ આપણી સામે છે.

દેશમાં વિવિધ જૂથો હોય એ તો સારી વાત છે. એથી દેશ આગળ વધે છે. પણ દળબંધી જવાબદારીવાળી હોવી જોઇએ. પણ ખડગપુરમાં શું બન્યું ? કોણ ત્યાંના નેતાઓ હતા ? બિચારા ગરીબ લોકો અહેકાઇ ગયા. મજૂર સંઘની શકિત એની એકતા ને શિસ્તમાં રહેલી છે. હડતાલ પાડવી હોય તો તે પણ સમજી કરીને કરવી જોઇએ. રાતોરાત હડતાલ પાડવી એ કંઈ જવાબદારીની વાત છે ?

મજુરસંઘો આગળ વધે એમ હું ઇચ્છું છું. આખો દેશ એમનો છે, પણ એમનું બળ આવી રીતોથી નહિ વધે. એટલે આજે જોરજબરીવાળી હવા હિંસાની હવા છે, તે ભારે ખતરનાક છે. આવી શકિતઓ તૂટી પડે છે.

દેશમાં ઘણાં બળો છે જે દબાયેલાં પડયાં છે, ને હવે પાછાં માથું ઉંચકી રહ્યાં છે. ભાષાને નામે, કયારેક પ્રાંતને નામે. એમની પાછળ જોરજબરદાર વૃત્તિ તે હિંસા છે. એથી દેશ તૂટે છે. આમ ચાલે તો આ વાત વધતી જાય અને આજે આ લોકો તો કાલે બીજા લોકો. અને આવી રીતે જો કોઈ પ્રશ્ન ઉકેલાતો હોય તો તે એમ જ ઠરે કે 'જેની લાઠી એની ભેંસ.'

હમણાં આપણે બુદ્ધજયંતી ઉજવી. બુદ્ધ હિંદુસ્તાનનો એક દિમાગ હતો, એક અવાજ હતો. અઢી હજાર વર્ષ બાદ આજે આપણે એમને બોલાવ્યા, દિલમાં બેસાડયા. એમની સૌથી મોટી વાત અહિંસાની હતી. બાઇબિલમાં પણ લખ્યું છે કે તલવાર ઉઠાવનારો તલવારથી પડે છે. હિંસાથી હિંસા ફેલાય છે. બે બે લડાઇઓ થઇ, તો યે લોકો હજી સમજતાં નથી. હજી યે એમના મનમાં છે કે લડાઇથી જીતી જશું. હવે હાઇડ્રોજન બોંબથી પુરવાર થયું કે લડાઇના

જુગારથી જીત તો છે જ નહિ. દુનિયાના ઇતિહાસમાં આ પહેલી જ વાર હજારો વર્ષ પહેલાં સંતોએ કહેલી વાત સાબિત થઈ. એટલે ઘરઆંગણે જ્યારે આપણે આ બેજવાબદારીપણું, મૂર્ખાઈ જોઇએ છીએ ત્યારે મૂંઝાઈ જઇએ છીએ. ગમે તે હો, પણ કૉંગ્રેસની એક જવાબદારી છે. આવા સમયે પણ એણે એની નીતિ ને રીતરસમને દેશ પાસે રાખવાં જોઇએ. આખા દેશે આના પર વિચાર કરવો રહે છે.

એ વાત નથી કે કયા પ્રશ્ન અંગે આ થાય છે! અભિપ્રાયો જુદાજુદા હોય એ ખોટું નથી. પણ પ્રશ્ન છે પ્રશ્નોને ઉકેલવાના માર્ગનો. ખોટા માર્ગોથી અનેક પ્રશ્નો ઉભા થાય છે.

આપણે સમાજવાદ, લોકશાહીની વાતો કરીએ છીએ, પણ એ બધી વાતો નકામી બને છે, જો આપણે એકતા અને શાંતિ ન જાળવી શકીએ.

ગાંધીજીએ આપણને કેટલી ઊંચી શીખામણ આપી? એટલી ઊંચી શીખામણ પ્રમાણે ન ચાલી શકીએ એ સમજી શકાય. પણ કોઈ પ્રશ્ન પર એક બીજાનાં માથાં ફોડવાં એ કોઇ સભ્યતાની, સમજદારીની વાત નથી.

હિંસાખોરી મુલકને તબાહ કરનારી છે એ સમજી લેવું રહ્યું. એટલે આપણે એનો સામનો કરવો રહે છે. એટલે તમે આ ઠરાવ તો ભલે પસાર કરો. પણ એનો અર્થ સમજીને એ પ્રમાણે ચાલવું એ જ ખરૂં જરૂરી છે.

ફરીથી કહું છું કે ચૂંટણી હારવાની ધમકીથી ડરવાનું નથી. જેઓ જીતે છે તેઓ હમેશાં હારવાને તૈયાર હોય છે. મને સમજાતું નથી કે આ શેનો ડર છે. હું તો ઇચ્છું છું કે કૉંગ્રેસ હારી જાય, ગાદીઓ પર બેઠાં બેઠાં થાકી, ગયા છીએ, કંટાળી ગયા છીએ. ભલે જરા લડવાનું આવે. ડરપોક વૃત્તિથી આપણે નીચા પડીએ છીએ. પણ હવે વખત આવી ગયો છે કે કૉંગ્રેસીઓ સમજે ને ઠીક માર્ગે ચાલે. એમાં ઠોકરો ખાવી પડે તો ભલે ખાવી પડે. પાછા ઉભા થઇશું.

પ્રકીર્ણ નોંધ

આ તે તટસ્થતા કે પક્ષગ્રસ્તતા?

મુંબઈ શહેરમાં ગયા જાન્યુઆરી માસ દરમિયાન સંયુકત મહારાષ્ટ્રના પ્રશ્ન ઉપર તોફાનો થયાં હતાં અને એ તોફાનો દરમિયાન ગુજરાતી સ્ત્રીઓ ઉપર આક્રમણ થયાના સમાચાર કેટલાએક છાપાઓમાં પ્રગટ થયા હતા અને આ સંબંધમાં ફેબ્રુઆરી માસની આખરમાં મુંબઇના મુખ્ય પ્રધાન શ્રી. મોરારજીભાઇએ એ મતલબનું નિવેદન કર્યું હતું કે જાન્યુઆરી માસના તોફાનો દરમિયાન ગુજરાતીઓ ઉપર હુમલો થયાના ૩૯ કીસ્સાઓ બન્યા હતા જેમાં ચાર કીસ્સા જીવલેણ નીવડયા હતા અને સ્ત્રીઓ ઉપર આક્રમણની પણ થોડીએક ઘટના નીપજી હતી—આ બાબતમાં આક્રમણની ભોગ બનેલી બહેનો પ્રત્યે હમદર્દીના દાવા સાથે જાત તપાસ કરવાનું કામ બે મહારાષ્ટ્રી સન્નારીઓએ માથે લીધું હતું. તેમાંના એક હતાં ડૉ. મીસીસ કાશીબાઈ અવસારે એમ્. બી. બી. એસ. અને બીજાં હતાં મીસીસ વિમલાબાઇ કુન્તે—મુંબઈની વિધાન સભાના પ્રમુખ શ્રી. કુન્તેનાં પત્ની.

આ બન્ને બહેનો એ સમયના તોફાની લતાઓ તરીકે જાણીતા થયેલા સીવરી, કોટનગ્રીન, લાલબાગ, ચીંચપોકલી, લોઅર પરેલ, પરેલ, ડીલાઇલ રોડ, કૃણસવાડી, ગીરગામ તથા ભાયખલા આદિ વિભાગોમાં ફરીને, અનેક શિક્ષિત બાઈ બહેનોને જાતે મળીને તપાસ કર્યાનું ચાલુ સાલના માર્ચ મહીનામાં પ્રગટ કરેલા પોતાના રીપોર્ટમાં જણાવે છે. તેઓ વીલેપારલે, અંધેરી તેમજ ઘાટકોપર પણ ગયાનું જણાવે છે. આ તપાસ હાથ ધરવાનો હેતુ રજુ કરતાં તેઓ જણાવે છે કે "આ (કહેવાતા આક્રમણની ભોગ બનેલી) કમનસીબ બહેનોને મળવા, તેમની આફત અને આપદાના ભાગીદાર બનવા, તેમને બને તેટલું આશ્વાસન આપવા અને અમારાથી શકય હોય તેટલી મદદ કરવા અમે આતુર હતા. તે પાછળ અમારો કોઈ સ્વાર્થ નહોતો, રાજકારણી કે અન્ય પ્રકારનો કોઇ હેતુ નહોતો. આ કહેવાતી ઘટનાઓ સાંભળીને જેમ કોઈ પણ સ્ત્રી હાલી ઉઠે તેમ અમારાં દિલ હાલી ઉઠયાં હતાં અને અમે જે કામ કરવાનો પ્રયત્ન કર્યો અને જે કામ કર્યું તેનું પરિણામ રજુ કરવાનો અમે અહિં પ્રયાસ કર્યો છે. કોઇપણ પક્ષ સાથે જોડાયા સિવાય સ્વતંત્ર વ્યક્તિઓ તરીકે અમો કામ કરવા ઇચ્છતાં હતાં અને તેથી અમારા કામ સંબંધે કશી પણ જાહેરાતથી દૂર રહેવાની અમે કાળજી રાખી હતી". તેમનો દાવો છે કે તેઓ બન્ને ગુજરાતી સમજી શકતાં હતાં અને તેમનામાંના એક ડૉ. મીસીસ અવસારે ગુજરાતી ભાષા બોલી પણ શકતાં હતાં. તેમણે ૯૧ નિવેદનો એકઠાં કર્યાં હતાં અને એ નિવેદનો કરનારની સંખ્યા ૧૪૮ ની હતી. તેમના જણાવવા પ્રમાણે ગુજરાતી સ્ત્રીમિત્રોએ તપાસ સમય દરમિયાન ચાલુ સાથ આપ્યો હતો. આ તપાસ પાછળ તેમણે કુલ આઠ દિવસ ગાળ્યા હતા અને કુલ ૧૫ તોફાની લતાઓની તેમણે મુલાકાત લીધી હતી તેમની આ તપાસના પરિણામે તેઓ નીચે મુજબના નિર્ણયો ઉપર આવ્યા હતા:

(૧) કોઈ પણ સ્ત્રી ઉપર હુમલો થયાનું માલુમ પડયું નથી.

(૨) તોફાની લતાઓમાં, જ્યારે કોઈ પણ પ્રકારનું પોલીસ રક્ષણ સુલભ નહોતું ત્યારે પણ, કોઇ પણ એક કોમની સ્ત્રીઓના શરીર ઉપર કશું પણ આક્રમણ થયાનું માલુમ પડયું નથી.

(૩) પહેલા બે દિવસો જાન્યુઆરીની ૧૬ અને ૧૭ તારીખ દરમિયાન જો કે સર્વસાધારણ હડતાળ પડી હતી અને જાહેર દેખાવો થયા હતા તો પણ તે દિવસો દરમિયાન દુકાનોની કોઇ લૂંટફાટ થઈ નહોતી. આ લૂંટફાટ જાન્યુઆરીની ૧૮ મી તારીખે શરૂ થઇ. અશાન્ત પરિસ્થિતિ ચાલુ રહેતાં ૧૮ મી તારીખથી સમાજદ્રોહી તત્વો હીંમત કરીને મેદાનમાં પડયા હતા.

(૪) એ દિવસો દરમિયાન દુકાનો (અને બહુ થોડા કીસ્સાઓમાં નિવાસસ્થાનો) ગુંડાઓએ તોડી હતી અને લૂંટી હતી. ગેરકાયદે દારૂની ભઠ્ઠી ચલાવતા લોકો આ ગુંડાઓના આગેવાન હતા. આ લૂંટમાં બધી કોમની વ્યકિતઓએ ભાગ લીધો હતો.

(૫) છાપાના ખબરો અને લોકોમાં વહેતા થતા ગપગોળામાંથી પેદા થયેલ ગભરાટ અને ભય મુંબઇમાંથી અમુક કોમના થયેલા સામુદાયિક નિષ્ક્રમણ માટે જવાબદાર હતા. એક ગુજરાતી સામાજિક કાર્યકર્તા બહેને પોતે માની લીધું હતું અને અમને જણાવ્યું હતું કે પોતાના વિભાગમાં આવેલી હોસ્પીટલમાં ગંભીર હુમલાનો ભોગ બનેલી કેટલીએક બહેનોને દાખલ કરવામાં આવી હતી, જે સમાચાર તેણે જણાવેલા હોસ્પીટલમાં તપાસ કરતાં સંપૂર્ણ રીતે ખોટા પુરવાર થયેલા માલુમ પડયા હતા—આ હકીકત, જવાબદાર માણસો પણ ગપગોળા અને અખબારી ખબરોથી કેવા દોરવાઈ જાય છે તેનો એક સૂચક પુરાવો છે.

(૬) આ કસોટી અને કટોકટીના સમયમાં ગુજરાતીઓએ અને મહારાષ્ટ્રીઓએ એકમેકને મદદ કરી હતી અને રક્ષણ આપ્યું હતું.

આ નિર્ણયોનો સાર એ છે કે ગુજરાતી સ્ત્રીઓ ઉપર કહેવાતા હુમલા કે આક્રમણોના સમાચારમાં કશું તથ્ય નહોતું અને જાન્યુઆરી માસના તોફાનો દરમિયાન જે દુકાનો તુટી અને લૂંટફાટ થઈ તેમાં સંયુકત મહારાષ્ટ્રવાદીઓનો કોઇ હાથ નહોતો અને આ દુકાનો તોડવાની અને લૂંટફાટ કરવાની આગેવાની દારૂ ગાળનારાઓએ લીધી હતી.

આ રીપોર્ટ અને આઠ દિવસની તપાસના પરિણામે તારવવામાં આવેલા નિર્ણયો બન્ને વાંચતાં ભારે વિસ્મય થાય છે. મહારાષ્ટ્રના માન્યવર નેતા શ્રી એન. વી. ગાડગીલે લોક સભામાં જાહેર કર્યું હતું તે મુજબ મુંબઈના ભાવીનો નિર્ણય પોતાની માંગણી મુજબ

મુંબઇની શેરીઓમાં કરાવવા માટે સંયુકત મહારાષ્ટ્રવાદીઓ એ દિવસોમાં છડેચોક નીકળી પડયા અને જે મહાન અનર્થ નીપજાવ્યો અને જાનમાલની ખુવારી કરી તે આપણી જાણીપીછાણ અને સીધા અનુભવનો વિષય છે. હવે જ્યારે એ અનર્થોથી ધાર્યું સિધ્ધ ન થયું, એટલું જ નહિ પણ તેથી ઉલટું પ્રતિકુળ પરિણામ આવ્યું ત્યારે, એ અનર્થો વિષેની કુલ જવાબદારીનો ઇનકાર કરવાનું મહારાષ્ટ્રીઓમાં એક ધરિદ્રાપૂર્વકનું પ્રચારકાર્ય ચાલી રહ્યું છે. આ પ્રચારકાર્યની એક વિશિષ્ટ કોટિની બે સન્નારીઓ હાથારૂપ બને અને તટસ્થતાના ચુરખા નીચે મુંબઇનાં તોફાન નજરે જોણે જોયા છે એવો કોઈ સામાન્ય બુદ્ધિનો માણસ પણ ન સ્વીકારી શકે એવા નિર્ણયો બહાર પાડે એ ભારે દુઃખદ છે. જંગલી માણસોના આક્રમણની ભોગ બનેલી બહેનોની વહારે જવાની આ રીત ન હોય.

પ્રસ્તુત રીપોર્ટનો એકમાત્ર ઉદ્દેશ ગુજરાતી બહેનો ઉપર કહેવાતા આક્રમણની તપાસ કરવાનો અને તથ્યાતથ્ય તારવાનો હતો. પણ આ સંયુકત મહારાષ્ટ્રવાદી બહેનો એ મર્યાદામાં પુરાઇ રહેવાનું પસંદ કરતી નથી અને તપાસ ક્ષેત્રમાં ન આવે એવી બાબતો વિષે પણ પોતાના નિર્ણયો જાહેર કરે છે અને તોફાનીઓના આગેવાનો તરીકે દાઝની ભઠ્ઠી ગાળનારાઓને શોધી કાઢે છે. કહેતા ભી દીવાના ઔર સુનતા ભી દીવાના !

દુકાનો તોડનારા અને લુંટફાટ ચલાવનારા કોણ હતા એ વિષે સંખ્યાબંધ નિવેદનો બેંગે ગ્રેઇન ડીલર્સ ફીડરેશનના દફ્તરમાં પડેલા છે જે જોવાથી કોઈની પણ ખાત્રી થાય તેમ છે કે આ બહેનોના નિર્ણય પાછળ સત્ય કરતાં તર્ક, કલ્પના અને પક્ષબુદ્ધિ જ વધારે કામ કરી રહી છે. આ બહેનોને આપણે બીજી રીતે પણ પૂછી શકીએ છીએ કે ધારી લ્યો કે આ દુકાનો તોડનારા અને લૂંટ કરનારા એ ગુંડાઓ હતા કે જેમને કોઇ નાત નહોતી, જાત નહોતી કે કોમ નહોતી, પણ આ લૂંટફાટના ભોગ કેવળ ગુજરાતીઓ જ કેમ બન્યા અને મહારાષ્ટ્રીઓની એક પણ દુકાન ભંગાણી કે લુંટાણી કેમ નહિ ? આ જ હકીકત એમ પુરવાર કરવા માટે પૂરતી છે કે આ લૂંટફાટ પાછળ કેવળ સંયુકત મહારાષ્ટ્રવાદ જ કામ કરી રહ્યો હતો અને તે ગુજરાતીઓ સામેના નીતાન્ત મત્સરભાવથી પ્રેરિત હતો.

ગુજરાતી સ્ત્રીઓ ઉપરના હુમલા અને આક્રમણ સંબંધમાં આગળ ઉપર કરવામાં આવેલા સરકારી નિવેદનને શંકાની નજરથી જોતા લોકોને અનુલક્ષીને મુંબઇની વિધાન સભામાં એપ્રીલની બારમી તારીખે મુંબઇના મુખ્ય સચિવે સ્પષ્ટપણે જણાવ્યું છે કે "મુંબઇના જાન્યુઆરી તોફાનો દરમિયાન ગુજરાતી સ્ત્રીઓ ઉપરના આક્રમણના ૨૭ કીસ્સાઓ સરકારની નજર સમક્ષ લાવવામાં આવ્યા છે." આ સંબંધમાં વધારે પરિપૃચ્છા થતાં તેમણે જણાવેલું કે "આ પ્રમાણે ભોગ થયેલી બહેનોનાં નિવેદનો સ્વતંત્ર વ્યક્તિઓની હાજરીમાં પોલીસ અધિકારીઓદ્વારા લેવાયા છે. આમ છતાં આ બહેનોને તેમનાં નામો જાહેર કરવામાં નહિ આવે એની ખાત્રી આપવામાં આવેલ હોવાથી તેમનાં નામો જાહેર કરવાનો ઇનકાર કરું છું."

મુંબઇના મુખ્ય સચિવની આ સત્તાવાર જાહેરાત પછી જો આ બહેનો ખરેખર સત્યપ્રિય હોય અને તેમના દિલમાં જો પેલી દુર્ભાગી બહેનો પ્રત્યે સાચી હમદર્દી હોય તો તેમની ફરજ છે કે તેમણે મોરારજીભાઈ પાસે જવું, પ્રસ્તુત કીસ્સાઓ વિષે પ્રતીતિ મેળવવી, અને એ કમનસીબ બહેનોના નામ ઉપર સંયુકત મહારાષ્ટ્રવાદી જનતાને સામુદાયિક પ્રાયશ્ચિત કરવા આદેશ આપવો. માન્યવર મોરારજીભાઇની જાહેરાત આ બહેનોને સીધા પડકારરૂપ છે. કાં તો તેમણે મોરારજીભાઇને ખોટા પુરવાર કરવા જોઇએ. નહિ તો તેમણે પોતાનો રીપોર્ટ પાછો ખેંચી લેવો જોઇએ. આ બે મહીના દરમિયાન આમાંનું કશું બન્યું નથી. એ હકીકત પ્રસ્તુત રીપોર્ટને અશ્રધ્ધેય ઠરાવવા માટે પૂરતી છે.

પ્રસ્તુત રીપોર્ટ એક નાની પુસ્તિકાના આકારમાં 'Two Women' એવા આકર્ષક મથાળાથી પ્રગટ કરવામાં આવ્યો છે. આવા રીપોર્ટથી મુંબઇમાં તો કોઈ છેતરાય તેમ નથી એ આ રીપોર્ટ પ્રસિદ્ધ કરનારા બરોબર જાણે જ છે પણ મુંબઇ બહારની દુનિયામાં આવા રીપોર્ટો વાસ્તવિક દુર્ઘટનાઓ અને તે પાછળ વ્યકત થતું આક્રમકોનું હીન માનસ બન્ને ઉપર ઢાંકપીછોડો કરવામાં બહુ ઉપયોગી નીવડે છે. આવી સમજણપૂર્વક આવો એકપક્ષી રીપોર્ટ સંયુકત મહારાષ્ટ્રવાદીઓ તરફથી પ્રગટ કરવામાં આવ્યો છે અને તેનો વ્યાપક ફેલાવો કરવામાં આવ્યો છે.

મુંબઇમાં થઇ ગયેલાં તોફાનો અને તેની વિવિધ બાજુઓ ફરી ફરીને યાદ કરવા બીલકુલ ગમતાં નથી. તેમ કરવાથી હળવી બનેલી કડવાશને નવી ઉત્તેજના મળે છે એ બાબતનો પણ ઇનકાર થઈ નહિ શકે. પણ કોઈપણ કોમને અને વસ્તુતઃ આપણે બધા એક જ દેશના વતની અને નાગરિક હોઇને આપણ સર્વને જે ઘટનાઓ શરમાવનારી છે, નીચું જોવરાવનારી છે તેની શરમ કબુલ કરવાને બદલે અને તેનું પ્રાયશ્ચિત ચિન્તવવાને બદલે તે ઉપર કળી ચુનો ફેરવવાની, દાઝયા ઉપર ડામ દેવાની, એટલું જ નહિ પણ ચોર કોટવાળને દંડે એ પ્રકારની નીતિ જ્યારે ધારણ કરવામાં આવે છે–કારણ કે આવા રીપોર્ટ અને એ પ્રકારના પ્રચાર પાછળ એક એવું મલીન સૂચન રહેલું છે કે આ ગુજરાતીઓ કેટલા દુષ્ટ અને હલકા છે કે અન્ય કોમને ઉતારી પાડવા માટે પોતાની બહેન દીકરીઓની ઈજ્જત લૂંટાયાની કાલ્પનિક વાતો વહેની કરતા અચકાતા નથી–તેવી પરિસ્થિતિમાં મૌન ધારણ અશકય બને છે, અસહ્ય બને છે. આ નોંધ તેનું સહજ પરિણામ છે.

મુંબઇ વિષયનો આખરી નિર્ણય અને સંયુકત મહારાષ્ટ્રવાદી કોંગ્રેસી આગેવાનોનો ધર્મ

મહારાષ્ટ્રના અનુસંધાનમાં મુંબઇનો પ્રશ્ન કેટલાક મહીનાથી ડોળાયલી સ્થિતિમાં ઉભો હતો અને આને લગતી અનિશ્ચિતતાનો કોણ જાણે કયારે અન્ત આવશે એવી વિમાસણ આપણ સર્વને મુંઝવતી હતી. આવી અનિશ્ચિતતાને લીધે મુંબઇનું વાતાવરણ ચાલુ તંગ રહેતું હતું અને સંયુકત મહારાષ્ટ્રવાદીઓ પોતાનો હેતુ સિદ્ધ કરવા માટે દીલ્હી તેમ જ મુંબઇના રાજ્યશાસકો ઉપર દબાણ લાવવાની જાત જાતની તરકીબો અજમાવ્યે જતા હતા અને જેમાં સત્યાગ્રહનો અંશ સરખો પણ સંભવતો નથી એવો કહેવાતો સત્યાગ્રહ ચાલુ રાખીને મુંબઇના પ્રજાજનોને વ્યાકુળ બનાવી રહ્યા હતા. મુંબઇમાં જુન માસના પ્રારંભમાં મળેલી અખિલ હિંદ રાષ્ટ્રીય મહાસભા સમિતિની બેઠકમાં આ પ્રશ્ન ચર્ચાશે નહિ અને ચર્ચાશે તો પણ તેનો કોઇ આખરી નીવેડો જાહેર કરવામાં નહિ આવે એવી માન્યતા સાધારણતઃ પ્રવર્તતી હતી. પરંતુ આ અનિશ્ચિતતાનો હવે અન્ત લાવવો જોઇએ અને મુંબઇ સંબંધમાં હવે ચોકકસ પ્રકારની જાહેરાત કરવી જોઇએ એમ પંડિતજીને તેમ જ તેમના નિકટવર્તી સાથીઓના દિલમાં સદ્‌ભાગ્યે વસ્યું અને તદનુસાર મહાસમિતિની બીજા દિવસની બેઠક દરમિયાન પ્રાદેશિક પુનર્રચનાના અનુસંધાનમાં ભાષાકીય લઘુમતીઓના હિતરક્ષણને લગતા ઠરાવ ઉપર બોલતાં પંડિતજીએ મુંબઇ–મહારાષ્ટ્રના પ્રશ્ન ઉપર ગયા ઓકટોબરથી માંડીને આજ સુધી બનેલી ઘટનાઓ અને વાટાઘાટોનો ઇતિહાસ સંક્ષેપમાં રજુ કર્યો. અને બારવિનાના પ્રયત્નો છતાં જવાબદાર પક્ષોને માન્ય એવો નિર્ણય મેળવવામાં મળેલી નિષ્ફળતા વિષે ખેદ વ્યકત કર્યો અને મુંબઇનું ભાવી આખરે લોકશાસનની રીતે મુંબઇના પ્રજાજનોએ જ નક્કી કરવું જોઇએ પણ આવો મહત્ત્વનો નિર્ણય લેવા માટે વર્તમાન કાળે યોગ્ય વાતાવરણ નથી, નાના મોટાં તોફાનો કરીને મુંબઇએ તાત્કાળ નિર્ણય લેવા માટેની પોતાની યોગ્યતા ગુમાવી છે, આ માટે લોકોના ચિત્ત શાન્ત સ્વસ્થ બનવા જોઇએ, પ્રસન્ન સ્વાભાવિક વાતાવરણ પેદા થવું જોઇએ, એ માટે ટુંકો નહિ પણ ચાર પાંચ વર્ષ જેટલો લાંબો સમય અપેક્ષિત છે એમ જણાવીને નીચે મુજબના નિર્ણયો જાહેર કર્યા:—

(૧) હાલ તુરત મહારાષ્ટ્ર અને ગુજરાતના બે અલગ અલગ રાજ્યો સ્થપાશે અને મુંબઇ શહેર ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી કેન્દ્રીય શાસન હેઠળ રહેશે.

(૨) મુંબઈ શહેર, મહારાષ્ટ્ર અને ગુજરાત માટે સમાન એવી એક જ હાઇકોર્ટ રહેશે અને ત્રણે એકમોમાંથી જ્યાં જ્યાં જરૂર હશે ત્યાં ત્યાં ડીવીઝન બેંચ ઉભી કરી શકાશે.

(૩) ત્રણે એકમો માટે સમાન એવું એક જ પબ્લીક સર્વીસ કમીશન રાખવામાં આવશે.

(૪) મુંબઈ શહેર કેન્દ્રીય વહીવટ હેઠળ રહેશે, તેથી મુંબઈ શહેરના લોકો અને તેની પડોશના કોંકણ જીલ્લાના વિભાગો વચ્ચે રોજગારી વગેરે બાબતો સંબંધમાં કોઈપણ પ્રકારનો અન્તરાય કે કમીના ઉભી થવા દેવામાં નહિ આવે.

(૫) મહારાષ્ટ્રને પોતાનું પાટનગર મુંબઈમાં કરવા દેવામાં નહિ આવે.

(૬) મુંબઈ શહેરમાંની કચેરીઓમાંના લોકોમાંથી કોઈ બેકાર બનશે નહિ.

આ નિર્ણયો રજુ કરતાં પંડિતજીએ ખાસ જણાવેલું કે મુંબઈ શહેરમાં મહારાષ્ટ્રીયનોની વસ્તી ૪૪ કે ૪૫ ટકા જેટલી છે—આ હકીકત ધ્યાનમાં લેતાં મુંબઇ શહેર અંગે પોતાને અભિપ્રેત નિર્ણય હાંસલ કરવાનું તેમના માટે મુશ્કેલ બનશે એમ તેમણે બીલકુલ માનવું ન જોઇએ.

અલબત્ત આ પ્રશ્ન પ્રાદેશિક પુનર્રચનાને લગતા બીલ અંગે નિમાયેલી લોકસભાની પ્રવર સમિતિને સોંપાયેલો છે અને જુલાઈ આખરમાં મળનારી કેન્દ્રસ્થ લોકસભાએ આ બાબતમાં આખરી નિર્ણય લેવાનો રહે છે. એમ છતાં પણ વડા પ્રધાનની આ જાહેરાત બાદ ઉપરના નિર્ણયોમાં કશો પણ ફેરફાર થવાનો સંભવ રહેતો નથી. આ રીતે આ પ્રશ્નને લગતી અનિશ્ચિતતાનો હવે અન્ત આવ્યો છે અને મુંબઇ સંબંધી પાંચ વર્ષ સુધી હવે બીજો કશો ફેરફાર થનાર નથી એ બાબતથી સંયુકત મહારાષ્ટ્રવાદીઓ સિવાય સૌ કોઇને આનંદ થયો છે અને દેશના પણ અન્ય સર્વ આગેવાનોએ આ જાહેરાતને હાર્દિક આવકાર આપ્યો છે.

બીનકોંગ્રેસી સંયુકત મહારાષ્ટ્રવાદીઓના વળણમાં અને તોફાની વર્તાવમાં આ જાહેરાતથી તત્કાળ કશો પણ ફેરફાર થવાની આશા નથી, પણ કોંગ્રેસી સંયુકત મહારાષ્ટ્રવાદીઓ માટે એક વિચિત્ર પરિસ્થિતિ ઉભી થઈ છે. જો તેઓ કોંગ્રેસને વફાદાર હોય અને પોતાના પ્રદેશ કરતાં રાષ્ટ્ર પ્રત્યેની વફાદારીને અધિક મહત્વ આપતા હોય તો તેમનો અનિવાર્ય ધર્મ છે કે મહા અમાત્યની જાહેરાતને શાન્તિથી અને શ્રદ્ધાથી તેમણે કબુલી લેવી જોઇએ અને ઇતરાજીનું જોખમ ખેડીને પણ પ્રસ્તુત જાહેરાત સ્વીકારી લેવા લોકોને કહેવું જોઇએ અને તે મુજબ સમજણ આપવી જોઇએ. પણ આજના કોંગ્રેસી મહારાષ્ટ્રી આગેવાનોમાં આ હીંમત અને આ રાષ્ટ્રનિષ્ઠા તેમજ કોંગ્રેસનિષ્ઠા છે કે નહિ તે એક પ્રશ્ન છે. તેમણે પોતે જ આ બાબતની કેવળ આંધળી ઝુંબેશ આજ સુધી ચલાવી છે અને કોઈ દિવસ પણ પોતાના મહારાષ્ટ્રી બંધુઓને એ વાસ્તવિકતાનું ભાન કરાવ્યું નથી કે પોતાને માથે અને તેમના માથે કોઈ એક સંસ્થાની કારોબારી છે અને કોઇ એક મધ્યવર્તી રાજ્યતંત્ર છે કે જેની વાત આખરે તેમણે સર્વેએ સ્વીકારવી જ રહી.

હજુ થોડા દિવસ પહેલાંની જ વાત યાદ કરીએ. રાજ્ય પુનરરચના બીલની ચર્ચા લોકસભામાં શરૂ થવાની હતી તે પહેલાં મહારાષ્ટ્રના કોંગ્રેસી આગેવાનોએ જાહેર કરેલું કે જો મુંબઇને વખતસર મહારાષ્ટ્રમાં સામેલ કરવામાં નહિ આવે તો તેઓ આગામી ચૂંટણીમાં ભાગ લઈ નહિ શકે તેમ જ કોંગ્રેસ પક્ષ તરફથી ઉમેદવારો ઉભા રાખી નહિ શકે. આનો અર્થ એમ પણ થાય કે અમારી માંગણી સ્વીકારવામાં નહિ આવે તો અમે મહારાષ્ટ્ર અન્ય રાજકીય પક્ષોને હવાલે સોંપી દઇશું. આ જાહેરાત એક પ્રકારની ધમકી જેવી લાગે છે, પણ કદાચ મહારાષ્ટ્રની આજની વાસ્તવિક પરિસ્થિતિ પણ એવી હોવા સંભવ છે કે જો તેઓ મુંબઇને ખીસ્સામાં લઇને ન આવે તો તેમના માટે મહારાષ્ટ્રમાં ઉભા રહેવાનું સ્થાન ન હોય. પણ સાથે સાથે એ પણ સમજી લેવાની જરૂર છે કે કોંગ્રેસની આવી કઢંગી સ્થિતિ ઉભી કરવાની કુલ જવાબદારી આ કોંગ્રેસી આગેવાનોની છે. તેમણે મુંબઇ સંબંધે બેલગામ પ્રચાર કર્યો, તેમણે આ બાબતનું ગગનભેદી બુમરાણ મચાવવામાં કોંગ્રેસેતર પક્ષોને પૂરો સાથ આપ્યો, મુંબઇના પ્રશ્ન ઉપર વર્ષોથી બે મત ચાલે છે અને અન્ય મત ધરાવનારા આગેવાનોમાંથી કોઇને પણ મહારાષ્ટ્ર પ્રત્યે વિપક્ષ ભાવ હોવાનું કારણ નથી—આ પ્રકારની વસ્તુસ્થિતિ હોવા છતાં, અન્ય મત ધરાવતા આગેવાનો અને જનસમુદાય વિષે પાર વિનાનો વિદ્વેષ કેળવ્યો, મહારાષ્ટ્રી લોકોના મગજમાં 'આમચી મુંબઇ'નો ઠાંસી ઠાંસીને દારૂ ભર્યો કે જેથી તેઓ અન્યથા કશું વિચારી જ ન શકે, મુંબઈ સંબંધમાં સામે આવેલા એટલા જ આકર્ષક—બલ્કે વધારે આકર્ષક—વિકલ્પો તરફ તેમણે નજર સરખી પણ ન કરી—આ બધું થતાં સ્વાભાવિક છે કે હવે મુંબઈ વિષે તાજેતરમાં કરવામાં આવેલી જાહેરાતને શાન્તિથી સ્વીકારી લેવાનું લોકોને કહેવા જતાં તેમના પગ એમદમ ન ઉપડે. "પહેલાં તો 'કરેંગે યા મરેંગે' એમ કહેનારા તમે આજે આવી સલાહ કેમ આપો છો?" એમ મહારાષ્ટ્રના લોકો તેમને જરૂર સીધો સવાલ પણ કરે. પણ જો આજ સુધી આ બાબતમાં અખત્યાર કરેલી નીતિ અને પ્રચાર પધ્ધતિમાં તેમને કાંઈકે ભુલ થયેલી લાગતી હોય—અને જો શાન્તિથી તેઓ વિચાર કરે તો તેમને આટલું ભાન થવાનો પૂરો સંભવ છે. તો પોતાની ભૂલના એકરાર સાથે લોકોને સાચા રાહ ઉપર લાવવાનો તેમણે પ્રયત્ન કરવો જોઇએ. અને તે ખાતર થોડું અપમાન સહન કરી લેવાને પણ તૈયાર થવું જોઇએ. 'અન્યાય અન્યાય'ના નામ ઉપર તેમણે આજ સુધી જે જેહાદ ચલાવી છે તે શાણપણ વાપરીને હવે બંધ કરવી જોઇએ. મુંબઇનો પ્રશ્ન હોય કે સીમાપ્રદેશોને લગતો ગમે તે બીજો પ્રશ્ન હોય—તેમાં અમુક રીતે નિર્ણય ન લેવાયો એટલે ભારે અન્યાય થઈ ગયો એવો પોકાર ઉઠાવવાની આપણા લોકોને જે ટેવ પડી છે તે ભારે ખતરનાક નીવડવા સંભવ છે. મતભેદના પ્રશ્નને ન્યાય અન્યાયનો પ્રશ્ન આપણે કદિ પણ ન બનાવીએ. આપણામાંના અમુક મત ધરાવનારા જેટલા સાચા હોય એટલા જ અન્યમત ધરાવનારા સાચા હોવા સંભવ છે આવી શ્રધ્ધાપૂર્વક આપણે પરસ્પર વ્યવહાર અને વર્તાવ કેળવવો જોઇએ. પોતાના મતનો આગ્રહ જેટલો જરૂરી છે તેટલી જ જરૂર અન્ય મત ધરાવનાર પ્રત્યેના આદરની છે અને તેથી પણ વધારે જરૂર — જ્યાં કેન્દ્ર તંત્ર અને પ્રાદેશિક તંત્રોની રચના હોય ત્યાં—કેન્દ્ર તંત્રના આદેશને—આખરી નિર્ણયને—શાન્ત અને પ્રસન્ન ભાવે સ્વીકારી લેવાની છે. મહારાષ્ટ્રના કોંગ્રેસી આગેવાનોએ, મુંબઈ વિષેનો પૂરો આગ્રહ ધરાવવા છતાં પણ, સાથે સાથે આટલો વિવેક, પોતાની મર્યાદાનું આટલું ભાન, પોતાના માથા ઉપર જેમનું શાસન હતું તેમના પ્રત્યે આટલો આત્મન્યાભાવ દાખવ્યો હોત તો ભારતના અન્ય પ્રજા જણો તેમને રાષ્ટ્રવિઘાતક જૂથ તરીકે આજે જે ઓળખી રહ્યા છે તેવું દુર્દૈવ પેદા થયું નહોત.

હાલને તબકકે તેમણે સ્પષ્ટપણે એ હકીકત ધ્યાનમાં લેવી જોઇએ કે પંડિતજીની જાહેરાતથી મુંબઇને મહારાષ્ટ્રમાં સામેલ કરવાની શકયતા તો હજુ ઉભી જ છે. પ્રશ્ન માત્ર એક તો પાંચ વર્ષ સુધી રાહ જોવાનો છે જેનો દેશના ઇતિહાસમાં કોઈ મોટો હિસાબ નથી અને બીજું લોકશાસનની રીતે મુંબઇનું ભાવી નિર્ણીત થવાનું હોઈને અને મુંબઈમાં મહારાષ્ટ્રીઓનું વિપુલ બાહુલ્ય હોઇને થોડા ટકા અન્ય પ્રજાજનોને પોતાની માંગણીને અનુકૂળ બનાવવાનો છે અને આ કામ, પંડિતજી ભાર મૂકીને જણાવે છે તે મુજબ, જરા પણ તેમને મુશ્કેલ લાગવું ન જોઇએ.

પણ આ માટે શ્રધ્ધા જોઇએ, ધીરજ જોઇએ, લોકશાહી પધ્ધતિમાં વિશ્વાસ હોવો જોઇએ, અને પ્રતિકુલ પરિણામને પણ હસતા

મોઢે ઝીલી લેવાની તૈયારી હોવી જોઇએ. કમનસીબે છેલ્લા બાર મહીનામાં આપણને મહારાષ્ટ્રી માનસનો જે અનુભવ થયો છે તેમાં આ તત્વોનો અભાવ માલુમ પડયો છે. એક વખત નક્કી કર્યું કે આ તેમને મળવું જોઇએ, પછી વિના વિલંબે તે મળવું જ જોઇએ અને જોરદાર ભાષણો અને પ્રચારથી જો માગ્યું ન મળે તો મારીઝુડીને પણ મેળવવું જોઇએ–આવી તેમની વૃત્તિ અને રીતરસમ કમનસીબે જોવામાં આવી છે. આમ છતાં પણ અનુભવથી માણસ અને પ્રજા ઘડાય છે. આ જ સુધી પોતાનું ધ્યેય સિધ્ધ કરવામાં તેમને જે નિષ્ફળતા સાંપડી છે અને ભારતવાસીઓના દિલમાં તેમણે આ કારણે જે ભારે અણગમો–અપ્રીતિ –પેદા કરી છે તે ઉપરથી, આપણે આશા રાખીએ કે મહારાષ્ટ્રના કોંગ્રેસી આગેવાનો પૂરો ધડો લેશે, ભૂલ્યા ત્યાંથી ફરીને ગણશે અને પંડિતજીની જાહેરાત સંબંધમાં જરા તટસ્થતા કેળવીને અને અન્તર્મુખ બનીને વિચાર કરશે અને હિંસક વૃત્તિ અને પ્રવૃત્તિ હવે બીલકુલ કામયાબ બનવાની નથી એ અનુભવ સિધ્ધ બનેલા તથ્યને સંપૂર્ણપણે સ્વીકારીને દીર્ઘદર્શી નિર્ણય લેશે. ભગવાન તેમને તેમ જ આપણ સર્વને–કારણ કે આપણ સર્વ આખરે એક માતાના સન્તાન છીએ અને આપણ સર્વનું ભાવી સરવાળે એકસૂત્રે સંકળાયલું છે – સન્મતિ આપે, ઉદારતા આપે, સમભાવ આપે અને તેમની અને આપણી વચ્ચે ઉભી થયેલી દીવાલને જમીનદોસ્ત કરવાની તાકાત આપે ! આપણ સર્વના દિલની એ માંગ હો ! આપણ સર્વના અન્તરની એ પ્રાર્થના હો !

સંયુકત મહારાષ્ટ્રવાદના નામે ચાલી રહેલી ગુંડાગીરી

મુંબઇ શહેરમાં અખિલ હિંદ મહાસભા સમિતિની બેઠક ચાલતી હતી તે દરમિયાન અને ત્યાર પછી મુંબઈ શહેરમાં સંયુકત મહારાષ્ટ્રવાદીઓની સત્યાગ્રહના નામથી ઓળખાવવામાં આવતી ગુંડાગીરી ચાલી રહી છે અને પોતાના વ્યવસાય નિમિત્તે શાન્તિથી જતા આવતા અનેક નિર્દોષ લોકોને અને પોલીસને પોતાનો ભોગ બનાવી રહેલ છે. હિંસાત્મક વૃત્તિ અને પ્રવૃત્તિ પ્રત્યે ઉગ્ર વિરોધ દાખવતા કોંગ્રેસના ઠરાવમાં ઘણું ઘણું કહેવામાં આવ્યું હતું અને આ ગુંડાગીરીને લક્ષ્યમાં રાખીને પંડિતજીએ પણ સંયુકત મહારાષ્ટ્રવાદીઓને ઘણું ઘણું સંભળાવ્યું હતું, પણ એ બધાનું પરિણામ હાલ તુરત પથ્થર ઉપર પાણી ઢોળવા જેવું આવ્યું છે. આ ગુંડાગીરી ચાલુ રાખીને તેઓ મુંબઇને પોતાનું સુવાંગ બનાવવા માંગે છે. તેમને ભાન નથી કે આ ચાલુ ગુંડાગીરીથી તેમની ધ્યેયસિધ્ધિ સમીપ આવવાને બદલે દૂર ને દૂર જઈ રહી છે અને લગભગ અશકયવત્ બનતી જાય છે. કમનસીબે આટલી સામાન્ય સમજણનો આ વર્ગમાં અભાવ નજરે પડે છે. અને જંગલનો કાયદો કે મારે તે ફાવે તેમાં તેમને નિશ્ચળ શ્રધ્ધા હોય એવો તેમના હાથે આજે વર્તાવ ચાલી રહ્યો છે.

આ ભ્રમિત માનસને શી રીતે ઠેકાણે લાવવું અને આ છુટી છવાઈ હિંસાને શી રીતે કાબુમાં લાવવી એ ભારે જટિલ પ્રશ્ન છે. મુંબઇમાટેનો આગ્રહ ધરાવતા એવા અનેક સંયુકત મહારાષ્ટ્રવાદીઓ હશે કે જેઓ આજે ચાલી રહેલી ગુંડાગીરી બીલકુલ પસંદ નહિ કરતા હોય, એટલું જ નહિ પણ આવી ગુંડાગીરીથી તેમને પોતાને ભારે નુકસાન થઇ રહ્યું છે અને અખિલ હિંદમાં તેમની પ્રતિષ્ઠા તુટતી ચાલી છે એ બાબતનું જેમને પૂરું ભાન હશે. તેમની ફરજ છે કે તેમણે સમુદાયરૂપમાં આગળ આવવું જોઇએ અને આ હિંસક ઉદ્દંડ બળો ઉપર કાબુ મેળવવો જોઇએ. મહાઅમાત્યની જાહેરાત પોતાને પસંદ ન હોય તો તે સામે વિરોધ રજુ કરવા માટે અનેક બંધારણીય સુલેહશાન્તિભર્યા રસ્તા છે. નિર્દોષ વટેમાર્ગુઓ ઉપર અને તેમાં ખાસ કરીને બીનમહારાષ્ટ્રીય અને તેમાં પણ ગુજરાતીઓ ઉપર ત્રાસ વર્તાવવો અને પોલીસ ઉપર પથરા અને બોંબ નાખવા–આ બધું માનવી સભ્યતાને, પડોશી ધર્મને, ભારતીય નાગરિકતાને હીણપત લગાડનારૂં છે. જ્યારે એમ સાંભળવામાં આવે છે કે કેટલાક મહારાષ્ટ્રવાદી ગુંડાઓ પં. જવાહરલાલ નહેરૂ, શ્રી મોરારજી દેસાઇ અને શ્રી એસ. કે. પાટીલ ની ઠાઠડી કાઢવાની હદ સુધી જઈ રહ્યા છે ત્યારે કઈ હીનતાની પરાકાષ્ટાએ આ લોકો પહોંચ્યા છે એ જોઇને ભારે આશ્ચર્ય તેમ જ વેદના થાય છે. આમ સભ્યતાના સર્વ અંશોને તિલાંજલિ આપવાથી મુંબઈ મળી જશે એમ શું આ લોકો માનતા હશે ? આ અનર્થ–પરંપરા અટકાવવા માટે સભ્યતાચાહક મહારાષ્ટ્રીઓએ સત્વર સક્રિય બનવું જોઇએ. જેમ જે નહિ બને તો અને ઘર અને ઓફિસમાં બેઠા બેઠા માનવીસભ્યતાની પોતાના પ્રાદેશિક બંધુઓના હાથે આમ હોળી થતી તેઓ શાન્તિથી નિહાળ્યા કરશે તો તેમાંથી એક જ અનુમાન ભરવવાનું ફરજિયાત થઈ પડશે કે તેમની પણ આ જંગલીપણાને આડકતરી સહાનુભૂતિ છે. પથ્થર મારવાની ઉશ્કેરજના આપનાર તેમ જ મૌનપૂર્વક તેને અનુમોદન આપનાર પથ્થર તારનાર માફક જ દોષિત છે.

સત્તાધીશોને આજની પરિસ્થિતિમાં વધારે કડક હાથે કામ લેવાનો આગ્રહપૂર્વક અનુરોધ કરવામાં આવે છે. આમ નહિ બને તો મુંબઇ અરાજકતાનું ધામ બની જશે અને લોકોનાં જાન માલ જાનુઆરી માસમાં બન્યું હતું તે મુજબ ભારે જોખમમાં મુકાઈ જશે. ગુજરાતીઓ કે જેઓ મોટા ભાગે આ મહારાષ્ટ્રી ગુંડાઓના શિકાર બની રહ્યા છે તેમણે પણ વધારે સજાગ અને વધારે સંગઠિત બનવાની જરૂર છે. કારણ કે સરકારી પોલીસ પુરૂં રક્ષણ આપવા ઇચ્છે તો પણ તેની રક્ષણ આપવાની શકિત અત્યન્ત મર્યાદિત છે. મુંબઇનું સમાજશરીર કોમી ઝેરથી દૂષિત–સેપ્ટીક બની ગયું છે. આનાં માઠાં પરિણામ અમુક પ્રમાણમાં મુંબઇમાં વસતા સૌ કોઇએ ભોગવ્યે જ છુટકો છે. પણ આને લીધે મુંબઇ છોડીને અન્યત્ર ચાલી જવાનો કે ઘરમાં ભરાઈ બેસવાનો વિચાર કોઇ ભાઇ કે બહેન ન કરે; કારણ કે આ તો પ્રતિપક્ષને જોઇએ જ છે. ગુંડાગીરી નાબુદ કરવાનો એક જ રસ્તો છે.– મરદાનગીથી ગુંડાગીરીનો સામનો કરવો અને આકૃત આવે તે પણ મરદાનગીથી સહન કરવી. સંયુકત મહારાષ્ટ્રવાદીઓ પણ બરોબર સમજી લે કે તેમની ગુંડાગીરી ગુજરાતીઓને ગભરાવી નહિ શકે તેમ જ ભારત સરકારને કોઇ કાળે નમાવી નહિ શકે. પંડિત જવાહરલાલે આ બાબતમાં સ્પષ્ટ ઉચ્ચારણ કર્યું છે. આપણે બધા તેમના વચનમાં શ્રધ્ધા રાખીએ. **પરમાનંદ**

' બોધિસત્ત્વ '

આ નાટકનો ચોથો અંક, બીજા તત્કાલીન વધારે અગત્યના લેખોના કારણે, પ્રબુધ્ધ જીવનના આ અંકમાં પ્રગટ કરવામાં આવેલ નથી. આ નાટક સ્વતંત્ર પુસ્તકાકારે મુંબઇ જૈન યુવક સંઘ તરફથી પ્રગટ કરવામાં આવનાર છે. તેની કીંમત રૂા. ૧॥ રાખવામાં આવશે પણ સંઘના સભ્યો તથા પ્ર. જી. ના ગ્રાહકોને રૂા. ૧ માં મળી શકશે. પોસ્ટેજ બે આના જુદું. **તંત્રી.**

ભુલ સુધારણા

ગતાંકમાં પ્રગટ થયેલ ' બે નિષ્ઠા–કર્મ અને જ્ઞાન ' એ લેખમાં ૨૨ માં પાના ઉપર પહેલા કોલમમાં ' ન મે પાર્થાસ્તિ કર્તવ્યં ત્રિષુ લોકેષુ કિંજન ' માં કિંજન ના સ્થાને કિંચન વાંચવું

એ જ પાના ઉપર પ્રગટ થયેલ ' ધૂળિયો જોગી ' કાવ્યની ત્રીજી પંકિતમાં ' પણ ધરતિ પર ભમે ' ના સ્થાને ' પગ ધરતિ પર ભમે ' વાંચવું. **તંત્રી.**

વિષય સૂચિ		પૃષ્ઠ
શ્રી વિનોબાજીનું મહત્વપૂર્ણ પ્રવચન	વિનોબા ભાવે	૩૧
દેશમાં વધતી જતી હિંસા વૃત્તિ અને હિંસાત્મક પ્રવૃત્તિઓને દબાવો, નિર્મૂળ કરો		૩૩
પ્રકીર્ણ નોંધ:–આ તે તટસ્થતા કે પક્ષ ગ્રસ્તતા ? મુંબઇ વિષેનો આખરી નિર્ણય અને સંયુકત–મહારાષ્ટ્રવાદી કોંગ્રેસી આગેવાનોનો ધર્મ, સંયુકત મહારાષ્ટ્રના નામે ચાલી રહેલી ગુંડાગીરી	પરમાનંદ	૩૫
માથેરાનનો ધુમ્મસવિહાર	પરમાનંદ	૩૮

માથેરાનનો ધુમ્મસવિહાર

એક નિસર્ગદર્શન

કોઈપણ બે ઋતુનો સંધિકાળ કુદરતી ફેરફારોના કારણે સવિશેષ આકર્ષક બને છે. તેમાં ગ્રીષ્મનો અન્ત અને વર્ષાનો પ્રારંભ આકાશગત રૂપાન્તરના કારણે કોઇનું પણ એકાએક ધ્યાન ખેંચે છે. ગઈ કાલ સુધીના સ્વચ્છ અને નિર્મળ આકાશમાં વાદળાંની ભરતી થવા માંડે છે. ગ્રીષ્મનો આતપ વધારે ને વધારે ઉગ્ર બનતો જાય છે અને લોકોની અકળામણ વધતી જાય છે, એવામાં આકાશમાં ચડી આવેલાં વાદળાંમાંથી પાણી ગળવા માંડે છે અને ગાજવીજ સાથે વરસાદની શરૂઆત થાય છે અને શીતળ પવનલહરિઓ લોકોના દિલમાં પ્રસન્નતા પેદા કરે છે. આ રૂપાન્તર-પ્રસંગે આપણે જો કોઇ પર્વતપ્રદેશમાં વિચરતા હોઇએ તો કુદરતના બદલાતા જતા રંગો કોઈ જુદી જ આલ્હાદકતાનો અનુભવ કરાવે છે.

ગ્રીષ્મના અન્તભાગમાં આ વખતે માથેરાન જવાનું અને ત્યાં લગભગ દશેક દિવસ રહેવાનું બન્યું. તે દરમિયાન થયેલા આ પ્રકારના અત્યન્ત સુખદ અનુભવને શબ્દમૂર્ત કરવાનો આ પ્રયત્ન છે.

મુંબઈમાં આ વખતે હંમેશ કરતાં કાંઇક વધારે ગરમી પડી. શરીર કેટલાએક સમયથી બરોબર સ્વસ્થ રહેતું, નહોતું. તેમાં આ વખતની ગરમીએ વધારે અકળામણ પેદા કરી. તેમાંથી થોડીક રાહત મેળવવાના હેતુથી માથેરાન જવાનો વિચાર કર્યો અને મે માસની ૨૨મી તારીખે હું માથેરાન ગયો.

મુંબઈની નજીક ઉનાળામાં હવાફેર માટે જવાનાં બે સુવિખ્યાત સ્થળો છે. એક મહાબળેશ્વર જેની ઉંચાઈ ૪૫૦૦ ફીટ લગભગ છે અને બીજું માથેરાન જેની ઉંચાઈ ૨૭૦૦ ફીટ લગભગ છે. મહાબળેશ્વર સહ્યાદ્રિનો એક વિશાળ વિભાગ છે. માથેરાન અલ્પ વિસ્તારવાળો એક સ્વતંત્ર પર્વત છે અને કરજતથી શરૂ થતા ઘાટ પહેલાં મુંબઈથી પૂનાના રસ્તાની કોર ઉપર પથરાયલો છે. મહાબળેશ્વરમાં મે માસ દરમિયાન પણ એટલી બધી ઠંડી હોય છે કે કદિ કદિ આપણને ગાઢ શિશિર ઋતુનો અનુભવ થાય છે. માથેરાનમાં મે માસ દરમિયાન દિવસના ભાગમાં ઘણું ખરૂં ઠીક ઠીક ગરમી લાગે છે. પણ રાતના ભાગમાં મીઠી ઠંડકનો અનુભવ થાય છે. મહાબળેશ્વરના વિશાળ લાંબી રસ્તાઓ ઉપર દૂર દૂર આવેલા એક સ્થળેથી બીજા સ્થળે જવામાં મોટારની સગવડ હોવાથી ઘણી સરળતા રહે છે, માથેરાન ઉપર મોટાર લાવવાની જ મનાઈ છે અને ઉપરનો આખો વિભાગ ઘટાદાર વૃક્ષોથી છવાયલો છે, અને ઝાડપાનની છાયાથી બન્ને બાજુએ ઢંકાયલા લાંબા લાંબા રસ્તાઓ માથેરાનની એક અનન્ય વિશેષતા છે.

માથેરાન જવાનું તો ઘણી વખત બન્યું છે, પણ આ વખતે માથેરાનમાં વિચરતાં જે સૃષ્ટિસૌન્દર્ય જોયું, અનુભવ્યું તે જુદાજ પ્રકારનું હતું. સાધારણ રીતે મુંબઈમાં ચોમાસાની શરૂઆત જુનના બીજા પખવાડીઆમાં થાય છે અને માથેરાનમાં પણ જુન માસની દશ-પંદર તારીખ સુધી વરસાદની કશી પણ બાધા સિવાય લોકો સ્વસ્થપણે રહી શકે છે. મે માસમાં કદિ કદિ એક બે વરસાદનાં ઝાપટાં આવી જાય છે, પણ પછી આકાશ પાછું સ્વચ્છ થઈ જાય છે અને લોકોની અવરજવર મોટા પ્રમાણમાં ચાલુ રહે છે. આ વખતે વર્ષાનો પ્રારંભ વહેલો થવાનો છે એવી આગાહી તો હતી જ. એમ છતાં અમે માથેરાન પહોંચ્યા તે દિવસે બપોરે ઠીક ઠીક ગરમી લાગી અને એ ગરમી તો ત્યાં રહીશું ત્યાં સુધી ભોગવવાની જ રહેશે એમ કલ્પના કરેલી. પણ સાંજ પડતાં આકાશમાં વાદળાં ચડી આવ્યાં અને ગાજવીજ સાથે પડેલા વરસાદે વાતાવરણને શીતળ બનાવી દીધું. વરસાદની પાછળ ધુમ્મસ ચડી આવી અને કલ્પનામાં નહોતું એવા કુદરતના સ્વરૂપનું દર્શન થયું.

સપાટ પ્રદેશ ઉપર વસેલાં આપણી બાજુના શહેરો અને ગામડાંઓ ઉપર ધુમ્મસનું ભાગ્યે જ આક્રમણ થાય છે. શિયાળામાં કદિ કદિ સવારના ભાગમાં ધુમ્મસ ચડી આવે છે તો બે ત્રણ કલાકમાં ઓસરી જાય છે અને આકાશ જોતજોતામાં ચોખ્ખું થઈ જાય છે. આપણી બાજુના ઓછી ઊંચાઇવાળા પર્વતો ઉપર પણ શિયાળા ઉનાળા દરમિયાન ધુમ્મસ ભાગ્યે જ દર્શન દે છે. માથેરાન અમે પહોંચ્યા તે દિવસે સાંજે જે ધુમ્મસ ચડી આવી તે પછીના દિવસો દરમિયાન ઓછા વધતા પ્રમાણમાં લગભગ ચાલુ જ રહી અને તેથી ધુમ્મસથી આક્રાન્ત વાતાવરણનો અમને બહુ સારો અને સુદીર્ઘ પરિચય થયો.

સપાટ પ્રદેશો કરતાં પર્વતપ્રદેશો સાધારણ રીતે અધિકતર સુન્દર હોય છે. પર્વતના કોઈ પણ ઉંચા શિખર ઉપરથી દેખાતા સૂર્યોદય કે સૂર્યાસ્તની મનોહરતા કોઈ જુદાજ પ્રકારની ભાસે છે. પર્વત ઉપર ચાંદની પણ અધિકતર મોહક લાગે છે. આ સર્વમાં પણ જ્યારે પર્વત પ્રદેશો ઉપર ધુમ્મસના ગોટે ગોટા ચડી આવે છે ત્યારે પર્વતની શોભા ઉપર એક નવો કળશ ચડે છે અને પરિણામે આખું દૃશ્ય અલૌકિક અવર્ણનીય બની જાય છે. સપાટ અને સ્વચ્છ આકાશ નીચે વસતા એવા આપણ સર્વ માટે ધુમ્મસનું વ્યાપક આવરણ ભારે કુતુહલનો વિષય બને છે. ધુમ્મસના કારણે આસપાસના પ્રદેશો ઉપર છવાઈ જતી અને ઘડિમાં વધી જતી અને ઘડિમાં ઘટી જતી મધુર અસ્પષ્ટતા સમગ્ર દૃષ્યને કોઈ જુદા જ પ્રકારની મોહકતા અર્પણ કરે છે. જાણે કે કોઈ દિવ્ય દર્શન થઈ રહ્યું ન હોય એમ ધુમ્મસના આવિષ્કારને જોતાં આંખો થાકતી નથી, ચિત્ત કોઈ અવનવા આનંદ-સંવેદનને અનુભવવા લાગે છે.

અમે રીગલ હોટેલમાં ઉતર્યા હતા. એક દિવસ સવારે હું અને મારી પત્ની અમારા નિવાસસ્થાનથી લગભગ બે માઇલ દૂર આવેલા વન ટ્રી હીલ પોઇન્ટ તરફ ગયા. માથેરાનની આ દક્ષિણ કોર ઉપર અમે પહોંચ્યાં તો સામે ધુમ્મસનો અગાધ સાગર પથરાયલો પડયો હતો. નિમ્ન પ્રદેશમાં આવેલ કોઈ પણ સ્થળ નજરે પડતું નહોતું. પવન જોસભેર વાતો હતો અને વરસાદના તડતડ પડતા છાંટા અમને આર્દ્ર બનાવતા હતા. ઠંડી હવા અમારા શરીરમાં કંપ પેદા કરતી હતી. લાંબો વખત અહિં ઉભા રહી શકાય તેમ નહોતું. ત્યાંથી અમે પાછળની કેડી ઉપર પર્વતની કોરે કોરે ચાલવા માંડયું. એક બાજુ પર્વત, બીજી બાજુ ધુમ્મસનો સાગર. કેડીનો અમુક ભાગ ઝાડપાનથી ઢંકાયલો તો અમુક ભાગ ખુલ્લો. ધુમ્મસના મોજા તો ઉપરા ઉપરી આવ્યા જ કરતા. હવામાં પાર વિનાની ઠંડક. કેડી વળાંક લેતી લેતી આગળને લંબાતી જતી હતી અને રસ્તાનો છેડો દેખાતો જ નહોતો. હૃદયંગમ શીતળતાને લીધે થાક જેવું કશું લાગ્યું જ નહિ. ચોક પોઇન્ટ, લીટલ ચોક પોઇન્ટ, રામબાગ પોઇન્ટ એક પછી એક પોઇન્ટ વટાવતા ગયા. જાણે કે અનન્ત પંથના યાત્રિક ન હોઇએ એમ અમે કોઈ સમય સુધી ચાલતા જ રહ્યા અને ન કલ્પી શકાય, ન વર્ણવી શકાય એવું આનંદસંવેદન અનુભવતા રહ્યા. છેવટે એલેક્ઝાન્ડર પોઇન્ટ પહોંચ્યા. એ દરમિયાન ધુમ્મસની ઘટતા કાંઇક ઓછી થઈ. ઘડિમાં બધું ધુંધળું થઇ જતું; ઘડિમાં સૂર્યનો તડકો દેખાતો. નીચેના પ્રદેશો પણ ઘડિ દેખાતા, ઘડિમાં ગુમ થઇ જતા. અમે ભર્યા મને અમારી હોટેલ પર મધ્યાહ્ન સમયે પાછા ફર્યા. એ સવારનું પરિભ્રમણ મન ઉપર ઉંડી છાપ મૂકી ગયું.

એવી જ રીતે એક દિવસ સવારે અમારી સવારી પેનોરમા પોઇન્ટ જવા ઉપડી. આ રસ્તો માથેરાનના અન્ય પોઇન્ટોના હિસાબે લાંબો ગણાય છે. ઘડિમાં ધુમ્મસ અમને ઘેરી લેતી; ઘડિમાં વર્ષા અમારો આછો અભિષેક કરતી. ઘીચ ઝાડીવાળો રસ્તો પસાર કરી

ચઢાણવાળા ખુલ્લા રસ્તા ઉપર અમે આગળ વધવા લાગ્યા. આંખો દૂર દૂરના પ્રદેશો તરફ દોડવા લાગી. ધુમ્મસના અંધારપટના ચઢઉતારની લીલા ચાલ્યા જ કરતી હતી. એ અંધારપટ ઘડિ ખુલે અને આંખો પરિચિત પ્રદેશને તારવવા મંડે, એટલામાં ધુમ્મસનો પડદો પડી જાય અને પૃથક પૃથક દેખાતા પ્રદેશો ધુમ્મસમાં ગરક થઈ જાય. આગળ ચાલતાં ચાલતાં ચાઈનીઝ ચિત્રોમાં ઘણી વખત જોવા મળે છે એવું પેનોરમાનું–મુખ્ય પર્વતવિભાગથી અલગ દેખાતું–શિખર નજરે પડ્યું, અને થોડી વારમાં અમે ત્યાં જઈ પહોંચ્યા. પેનોરમા માથેરાનનું ઉત્તરાભિમુખ એક એવું શિખર છે કે જ્યાંથી પૂર્વ, ઉત્તર અને પશ્ચિમ ત્રણે દિશાના વિસ્તીર્ણ પ્રદેશો નજરે પડે છે. માથેરાનની જાણે કે કટિમેખલા ન હોય એમ પૂર્વ, ઉત્તર તથા પશ્ચિમ દિશાઓને આવરી લેતી પશ્ચિમ ઘાટમાંથી નીકળતી ઉલ્લાસ નદી કોઇનું પણ સહજ ધ્યાન ખેંચે છે. નીચે દૂર દૂર નેરલ ગામ દેખાય છે. વિશાળ પ્રદેશ ઉપર જાણે કે નાના મોટા તંબુઓ નાંખ્યા ન હોય એમ અનેક ગિરિશિખરો સમગ્ર દૃષ્યની મોહકતામાં મહત્વની પુરવણી કરે છે. એક બાજુએથી ધુમ્મસ ધીમે ધીમે સરકતી જાય છે તો બીજી બાજુએ તેની ઘટ્ટ જમાવટ થાય છે. સૂર્ય ઘડિમાં દેખાતો બંધ થાય છે તો ઘડિમાં ધુમ્મસનું આવરણ ખસી જતાં આપણી ઉપર સોનેરી કિરણોનો વરસાદ વરસાવે છે. આ અદ્‌ભુત દૃષ્ય જોતાં મન તૃપ્ત જ થતું નથી અને ત્યાંથી ખસવાનો વિચાર અરૂચિકર લાગે છે. પણ પાછળની બાજુએથી ચડી આવતાં કાળાં વાદળાંઓ વરસાદ નજીક આવી રહ્યાની અગાહી આપે છે. ક્રમને ત્યાંથી ઉઠવું પડે છે. પાછા ફરતાં આખે રસ્તે વરસાદ, અમારી પાસે છત્રી હોવા છતાં, અમને લગભગ પલાળી મુકે છે અને પાણી અને ગારાથી તરબોળ રસ્તા ઉપર ઝડપથી ચાલવાનું અશકય બનાવી દે છે, આ રીતે પેનોરમાની યાત્રાએ અમને અદ્‌ભુત સૃષ્ટિસૌન્દર્યનું, ધુમ્મસની કાંઇક અપાર લીલાનું દર્શન કરાવ્યું અને સાથે સાથે અમારાપ્રતિગમનને સારી પેઠે વિકટ પણ બનાવ્યું.

ગ્રીષ્મ–વર્ષાના સંધિટાણે આવા સ્થળ ઉપરના કોઈ ઉંચા એકાન્ત ખુણા ઉપરથી ઘણી વખત આપણને રંગબેરંગી સૂર્યાસ્ત જોવા મળે છે અને તેની છાપ આપણા ચિત્ત ઉપરથી ઘણા સમય સુધી ભુંસાતી નથી. એક દિવસ સાંજના સમયે અમે લુઇસા પોઇન્ટ જઈ પહોંચ્યાં અને તેના છેડે એક બાજુએ આવેલી વ્યાઘ્રમુખ જેવી ભાસતી શિલા ઉપર અમે બેઠા. બીજી પણ એક કુટુંબ મંડળી ત્યાં આવી ચડી અને અમે બધાં પશ્ચિમ આકાશમાં ક્ષિતિજ તરફ નીચે ઉતરી રહેલા સૂર્યબિંબને એકીટશે નીહાળી રહ્યાં. આગામી વર્ષાના સૂચક શ્યામ, ભુરા તથા ભુખરાં વાદળો આકાશ પ્રદેશમાં અત્રતત્ર ભટકી રહ્યાં હતાં તેમ જ એક યા અન્ય દિશા તરફ ધીમે ધીમે સરકી રહ્યાં હતાં. ધ્યાનસ્થ ઋષિ મુનિઓની માફક છુટાં છવાયાં ગિરિશિખરો સમગ્ર પ્રદેશને કોઈ અનેરૂં ગૌરવ આપી રહ્યાં હતાં. આથમતા સૂર્યના કિરણોને ઝીલતા અને તેને લીધે અરીસાઓની શોભાને ધારણ કરતાં–વિશાળ પૃથ્વીતળ ઉપરનાં–નાના મોટાં જળાશયો અને જળપ્રવાહો દૃષ્ટિને આકર્ષી રહ્યાં હતાં. સફેદ કે શ્યામલ પાંખો ધરાવતાં પક્ષિઓ એક છેડેથી બીજે છેડે પાંખો ફફડાવતા ઉડી રહ્યાં હતાં અને વાતાવરણમાં કોઇ વિલક્ષણ પ્રસન્નતા પ્રેરી રહ્યાં હતાં. ગરમી વરસાવી વરસાવીને થાકી ગયેલો સૂર્ય પોતાની પ્રકાશલીલા સંકેલી રહ્યો હતો અને ધીમે ધીમે પશ્ચિમ ક્ષિતિજ તરફ ઉતરી રહ્યો હતો. ઓસરતા જતા પ્રકાશને લીધે પ્રત્યેક ટેકરીએ જુદી જુદી રંગછાયા એમ સામે દેખાતી સંખ્યાબંધ ટેકરીઓ ઘેરા ભુરા રંગથી માંડીને આછા આસમાની રંગ સુધીની અનેક રંગછાયાઓ–રજુ કરતી હતી અને એ દ્વારા એ મહાન ચિતારા અને શિલ્પીની અજબ સૌન્દર્યનિર્માણશક્તિનો પરિચય કરાવતી હતી. આમ કુદરતની અજબ સૌન્દર્યલીલા અમે મુગ્ધભાવે નિહાળી રહ્યાં હતાં એવામાં નિસ્તેજ બનતું જતું સૂર્યબિંબ પશ્ચિમ ક્ષિતિજ સુધી ન પહોંચતાં અધ્ધર જ વાદળ અને ધુમ્મસના પડદા પાછળ અલોપ થઈ ગયું અને અંધકારતિમિરનું આક્રમણ આસપાસના પ્રદેશો ઉપર શરૂ થવા લાગ્યું. સાયંકાળની આ પ્રસન્નગંભીર લીલા નિહાળી તૃપ્ત બનેલા અને પ્રાર્થના કર્યા વિના પણ પ્રાર્થનાભાવ અનુભવતા અમે, જ્યારે રાત્રીનો પડદો અવનિતલ ઉપર ઉતરી ચુકયો હતો, અને પાર વિનાના આગીયા કીડાની જ્યોતિ વડે ઝાડપાન ઝગમગી રહ્યા હતા ત્યારે, અમારા નિવાસસ્થાને પાછા ફર્યા.'

આમ માથેરાનના સુન્દર પર્વત તલ ઉપર દશ દિવસ અમે અત્રતત્ર ભટકવાના આનંદમાં પસાર કર્યા. શરૂઆતમાં અમે ગરમીનો થોડોક ઉકળાટ અનુભવ્યો. છેવટના બે દિવસ અવારનવાર આવતાં ઝાપટાંઓનો અમે કાંઇક ત્રાસ અનુભવ્યો. વર્ષાગાળાનો સમય ધુમ્મસના વિવિધ રૂપો નિહાળવામાં માણવામાં ગાળ્યો. આવો જ અનુભવ અમે થોડાંક વર્ષો પહેલાં ગિરનાર ઉપર રહેલાં ત્યારે કર્યો હતો. એ પણ ગ્રીષ્મઋતુનો અવસાનસમય હતો. સાંજ પડે અને સૂર્ય પશ્ચિમ ક્ષિતિજ ઉપર અલોપ થાય ન થાય એટલામાં ધુમ્મસના ગોટે ગોટા પર્વત ઉપર ચડી આવતા અને જોત જોતામાં આખા પર્વતપ્રદેશને ઢાંકી દેતા. આખી રાત ઘણો ખરો સમય પર્વતવિભાગ ઉપર ઘટ્ટ ધુમ્મસ જામેલી રહેતી. ધુમ્મસના બુરખાને લીધે ચંદ્રમા મોટા ભાગે રાહુની પ્રાથમિક છાયા (Penuumbra) થી ગ્રસ્ત હોય એવો આછો–નિસ્તેજ દેખાતો. કદિ કદિ ધુમ્મસની ઘટ્ટતા ઓસરી જતી અને મધ્યાકાશઆરૂઢ ચંદ્રમામાંથી શીતળ ચાંદની વરસવા માંડતી; કદિ કદિ એ ચંદ્રબિંબની આસપાસ ધુમ્મસના આછા આવરણને લીધે મેઘધનુષ્યનાં રંગબેરંગી ચક્રો નિર્માણ થતાં અને આંખો કદિ નહિ જોયેલ એવું કાંઇક જોઇ રહી છે એવો અનુભવ કરાવતાં. સવાર પડે, સૂર્યોદય થાય, પણ ધુમ્મસ જલ્દિથી ખસવાની ના પાડે. ચોતરફ બધું લીલુંછમ અને ઠંડું ઠંડું લાગે. સવારના નવ દશ વાગે અને આ ધુમ્મસ ધીમે ધીમે સૂર્યતાપમાં ઓસરી જાય.

ધુમ્મસ એ પર્વતનો એક અપૂર્વ શણગાર છે. ધુમ્મસ ન હોય ત્યારે પર્વતમાં ભારે ઉણાપણું લાગે છે. ભગવાનની મૂર્તિ આસપાસના ભા મંડળ સદૃશ સ્થાન ધુમ્મસનું પર્વતમાં છે. કોઇ પણ પર્વત એટલે કુદરતી સુન્દરતાનું નિકેતન–પણ એની આસપાસ ધુમ્મસ ફેલાતાં એ સુન્દરતા અવનવી ભવ્યતાને ધારણ કરે છે, લૌકિક લાગતું સર્વ અલૌકિક બની જાય છે અને પુરૂષ અને પ્રકૃતિનું, ઈશ્વર અને તેની માયાનું આપણને એક સાથે અનુપમ દર્શન થાય છે. અને કોઈ પરમ ગૂઢ તત્ત્વ સાથે આપણા ચિત્તનું સહજપણે અનુસંધાન થાય છે.

આવા પ્રદેશોમાં ફરતાં આપણને જે ઉત્કટ આનંદનો અનુભવ થાય છે, સુખમયતાનું, પ્રસન્નતાનું, પ્રફુલ્લતાનું જે તીવ્ર સંવેદન થાય છે તેને વાણીમાં વ્યકત કરવું, વાણીદ્વારા અન્યને તેની ઝાંખી કરાવવી તે અત્યન્ત મુશ્કેલ છે. આવું સંવેદન અનેકના અનુભવનો વિષય બને છે; પણ તેને વ્યકત કરવા યોગ્ય વાણીનું પ્રભુત્વ કોઇ વિરલ વ્યકિતને સુલભ હોય છે. આ રીતે માથેરાનમાં ફરતાં, ધુમ્મસના કારણે, આ વખતે મને જે વિશિષ્ટ અનુભવ થયો તે વ્યકત કરવાયોગ્ય મારી પાસે કવિવર ટાગોર કે સ્વ. મિત્ર મેઘાણી જેવી ફળદ્રુપ અને પ્રવાહ–બધ્ધ વાણી નથી તેમ જ અપૂર્વ કલ્પનાઓ કે ઊંડી સંવેદનશીલતા નથી–એમ આ અનુભવ આલેખતાં પદે પદે મને ખુંચ્યા કર્યું છે, અને તેથી આ પાંગળો પ્રયત્ન બહુ સંકોચ સાથે હું રજુ કરૂં છું.

પરમાનંદ

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મસ્જીદ બંદર રોડ. મુંબઈ ૯. ટે. નં. ૩૪૬૨૯

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

પ્ર. જૈન વર્ષ ૧૪–પ્ર. જીવન વર્ષ ૪
અંક ૫

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, જુલાઈ ૧, ૧૯૫૬, રવીવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : ત્રણ આના

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

આઠમા સર્વોદય સંમેલન (કાંજીવરમ્) દરમિયાન

સર્વસેવાસંઘે સ્વીકારેલો મહત્ત્વપૂર્ણ પ્રસ્તાવ

(કાંજીવરમ્ ખાતે ગયા મે માસની આખરમાં ભરાયલા આઠમા સર્વોદય સંમેલનમાં જે મુદ્દાઓ ઉપર વિસ્તૃત વિચારણા અને ચર્ચા થઈ તે મુદ્દાઓ નીચેના પ્રસ્તાવમાં રજુ કરવામાં આવ્યા છે. તંત્રી)

દુનિયા આજે અહિંસાની દિશામાં જઈ રહી છે. વિજ્ઞાને એવી પરિસ્થિતિ કરી મૂકી છે કે દુનિયાને અહિંસા સ્વીકાર્યા વિના છૂટકો નથી. વિશ્વશાંતિ માટે બધા જ આતુર દેખાય છે, છતાં અહિંસામાં દૃઢ વિશ્વાસ પેદા થવાનો બાકી છે. અતિ હિંસા પરથી શ્રદ્ધા ઊઠી ગઈ છે, છતાં સમાજમાં નાની નાની હિંસા પરની શ્રદ્ધા રહેલી વરતાય છે. તદ્દન નાની નાની બાબતોમાં જનતાના કેટલાયે વર્ગ હિંસક માર્ગ લે છે, અને એમને રોકવા માટે સરકાર પણ હિંસાનો આધાર લે છે. એ સ્પષ્ટ છે કે આપણે અહિંસક સમાજ સ્થાપવો હોય તો નાની મોટી બન્ને પ્રકારની હિંસા રોકવી પડશે. આ માટે કાર્યકર્તાઓએ સજાગ રહેવું જોઇએ, આપણા રોજબરોજના પ્રશ્નોનો અભ્યાસ કરવો જોઇએ, અને આજુબાજુમાં કોઈ હિંસક પ્રસંગ ઊભો ન થાય તેવો પ્રયત્ન કરતા રહેવું જોઇએ. એવો પ્રસંગ આવી પડે તો એને રોકવા માટે જાન કુરબાન કરવા સુધીની તૈયારી હોવી જોઇએ.

અહિંસાની પ્રતિષ્ઠા કરવાનો કાયમી ઉપાય એ છે કે આર્થિક અને સામાજિક ક્ષેત્રમાં અહિંસાનો પ્રવેશ થાય. ગાંધીજીની કલ્પનાના સ્વરાજ્યમાં આવી રચનાત્મક અહિંસાની યોજના હતી.

અહિંસક ક્રાંતિ શકય છે

ભૂદાનયજ્ઞે ગાંધીજીની કલ્પનાના સ્વરાજ્ય માટેનો માર્ગ ખુલ્લો કરી દીધો છે. પાંચ વર્ષના કાર્યના આપણા અનુભવે સાબિત કર્યું છે કે શોષણહીન અને શાસનમુકત સમાજની સ્થાપના માટે આગળ ડગ ભરી શકાય છે. એના કેટલાક ઉત્તમ નમૂનાઓ રજૂ પણ થઈ શકયાં છે અને એ સિદ્ધ થયું છે કે જનતા આ કાર્યક્રમ ઉપાડી લે તો સન સત્તાવન સુધીમાં અહિંસક ક્રાંતિ થઈ શકે.

બિહારમાં ૨૪ લાખ એકર જમીન મળી તે પરથી સિદ્ધ થઇ શકયું છે કે પ્રાંતની ભૂમિસમસ્યા અહિંસાથી ઘણે અંશે ઊકલી શકે છે. ઓરિસ્સામાં જે સંખ્યાબંધ ગ્રામદાન મળ્યાં છે તેણે જમીનની માલિકીનાં મૂળિયાં હચમચાવી નાંખ્યાં છે. કેટલીક જગ્યા પર ગ્રામજનોએ પોતાની મેળે વિતરણ કર્યું છે તેનાથી વિતરણની ચાવી હાથ લાગી છે. સામાન્ય કાર્યકરો પણ સામૂહિક પ્રયત્નથી ભૂમિપ્રાપ્તિ, વિતરણ વગેરે કાર્યક્રમો સરળતાથી પાર પાડી શકે છે એનો નમૂનો મધ્યપ્રદેશનાં સઘન કાર્યક્રમોએ પૂરો પાડયો છે.

સમગ્ર નવનિર્માણ દ્વારા ગ્રામરાજ્યની સ્થાપના

હવે આપણું ધ્યાન સમગ્ર નવનિર્માણ મારફતે ગાંધીજીની કલ્પનાના ગ્રામરાજના નમૂના રજૂ કરવા તરફ વળ્યું છે. આ વર્ષનો મુખ્ય બનાવ તે ઓરિસ્સાનાં ગ્રામદાનો. એણે આ માટેની યોગ્ય ભૂમિકા પૂરી પાડી છે. આપણા નવા સમાજમાં વ્યકિત અને સમાજ બન્નેનું પરરિવર્તન થશે. એમાં વ્યકિત પોતાની તમામ શકિત સમાજસેવામાં અર્પણ કરશે અને સમાજરચના એવી હશે કે એમાં વ્યકિતને પૂરેપૂરા વિકાસની તક મળશે. આ સમાજનું અધિષ્ઠાન જનતાની સત્યાગ્રહની શકિત હશે. અને એના મૂળમાં આર્થિક સ્વાવલંબન, અહિંસક સંરક્ષણ, મનુષ્યના વ્યકિતત્વનો વિકાસ થઇ શકે એવા ઉદ્દેશપૂર્વકનું ઉત્પાદક ઉદ્યોગોનું સંયોજન, ગામોની ન્યાયવ્યવસ્થા, તથા સમાજમાં સતત અહિંસા તરફ લઇ દોરી જનારૂં શિક્ષણ એટલે કે નઇ તાલીમ હશે.

સર્વોદયપ્રેમીઓને અપીલ

હવે જ્યારે આ રીતના અહિંસક સમાજરચનાને અનુકૂળ ભૂમિકા પેદા થઇ છે ત્યારે, એક બાજુથી ગ્રામરાજ્ય સ્થાપવામાં તથા બીજી બાજુથી સર્વોદયનો સંદેશ ગામેગામ ને ઘેરે ઘેર પહોંચાડવામાં આપણે આપણી શકિત લગાડવી જોઇએ. તેથી ભૂદાનના પ્રચારમાં ખાદી, ગ્રામોદ્યોગ, નઇ તાલીમ વગેરે તમામ રચનાત્મક કામોના પ્રચારનો સમાવેશ થવો જોઇએ. એવી જ રીતે દેશભરમાં રચનાત્મક કામ કરનારી જુદી જુદી સંસ્થા તથા વ્યકિતઓએ પોતાની તમામ શકિત ભૂદાનયજ્ઞ મારફત ઊભા થનારાં નવનિર્માણનાં કામોમાં લગાડવી જોઇએ. અમને આશા છે કે અમારી આ અપીલનો સર્વોદયપ્રેમીઓ હૃદયથી સ્વીકાર કરશે.

સમર્પણમૂલક લોકક્રાંતિ માટે જનતાને અપીલ

એ તો ઉઘાડું છે કે કેવળ કાર્યકર્તાઓના સંગઠન અને સંસ્થાઓ મારફત કોઈ ક્રાંતિ લોકવ્યાપી થઇ શકે નહીં. જનતા પોતે જ્યારે આ પ્રેમમયી ક્રાંતિ અપનાવી લેશે ત્યારે જ દેશભરમાં ભૂમિનું યોગ્ય વિતરણ થઈ શકશે અને અહિંસક સમાજ–રચનાનો વ્યાપક પાયો નાંખી શકાશે. જનતા જાતે જો આ કામ ઉપાડી લે તો દેશભરમાં એક જ દિવસમાં ભૂમિનું વિતરણ થઈ શકે. આમ નવા અહિંસક સમાજ માટે એક મોટી ફલાંગ ભરાય. ભારતની જનતા અહિંસાને અનુકૂળ છે એ હવે સાબિત કરવી પડે એવી વાત નથી રહી. આપણે આપણું કામ એવું બનાવવું જોઇએ કે એ જનગણના હૃદયને સ્પર્શી શકે, અને સમાજના તમામ થરના લોકો પોતામાં ભરાઈ બેઠેલી માલિકીની ભાવના ખતમ કરીને પોતાનું સર્વસ્વ સમાજને અર્પણ કરે, સર્વસેવા સંઘની ભૂમિકા હમેશાં લોકનિષ્ટ રહી છે. તેથી એ કરોડોની જનતાને આગ્રહભરી વિનંતી કરે છે કે સર્વોદયના સ્વપ્નને સાકાર કરનાર ભૂદાનના કાર્યક્રમને અપનાવે અને દેશમાં અહિંસક સમાજની રચના દ્વારા વિશ્વશાંતિનો સાચો માર્ગ સુઝાડે.

તળેટી થૈને જો–

(શિખરિણી)

નહીં ચાહું ઊંચું શિખર બનવા જે ગગનને
ચુમે, ઊંચે જાતાં હૃદયપટ નાનો જૂથહિં બને;
પહોંચે ત્યાં ભાગ્યે જન કંઈક ને તેય જલતાં
સૂના એ હૈયાના અડગ અતડા હીમ–દહને.
મહા થાઉં હું ના નૃપસમ ભલે
જરીય અફસોસે નહિ અને,
તળેટી થૈને જો શમવું હૂંફમાં સર્વ જનને.

ગીતા પરીખ

આ તે તટસ્થતા કે પક્ષગ્રસ્તતા ?

(પ્રબુદ્ધ જીવનના ગતાંકમાં આ મથાળાની એક નોંધ પ્રગટ થઈ હતી. અને એ અરસામાં એ જ નોંધ તા. ૧૩-૬-૫૬ ના જન્મભૂમિમાં પ્રગટ થઇ હતી. તેનો ડૉ. શ્રીમતી કાશીબાઇ અવસરેએ તથા શ્રી વિમલાબાઈ કુન્ટેએ તા. ૨૧-૬-૫૬ ના જન્મભૂમિમાં ઉત્તર આપ્યો હતો. તે ઉત્તર અને તેનો મારા તરફનો પ્રત્યુત્તર નીચે પ્રગટ કરવામાં આવે છે. **પરમાનંદ**)

બે બહેનોનો ઉત્તર

ગયા જાન્યુઆરીમાં મુંબઇ શહેરમાં જે તોફાનો થયા હતાં તેમાં ગુજરાતી સ્ત્રીઓ પર અત્યાચારો થયા હતા એવા આક્ષેપોની અમે જાતે તપાસ કરીને જે અહેવાલ અમે પ્રગટ કર્યો છે તેના વિષે શ્રી. પરમાનંદ કુંવરજી કાપડિયાએ તા. ૧૩-૬-'૫૬ ના 'જન્મભૂમિ'માં એક લાંબુ ચર્ચાપત્ર લખ્યું છે. આ ચર્ચાપત્રમાં પ્રશ્નના ગુણદોષની મર્યાદામાં રહેવાને બદલે શ્રી. કાપડિયાએ અમારા હેતુ ઉપર આક્ષેપો કર્યા છે તે વાંચીને અમને દુઃખદ આશ્ચર્ય થયું છે.

શ્રી. કાપડિયાના લખાણનો સાર એ છે કે અમે તટસ્થતાની ઓથે રહીને પક્ષગ્રસ્તતા આચરી છે, "દાઝ્યા પર ડામ" દીધા છે અને માન્યવર મોરારજીભાઈ પાસે જઇને પ્રસ્તુત કિસ્સાઓ વિષે પ્રતીતિ મેળવીને અમારે સંયુક્ત મહારાષ્ટ્રવાદીઓ પાસેથી સામુદાયિક પ્રાયશ્ચિત કરાવવું જોઇએ.

સાચી વાત એ છે કે અમારામાંથી ડૉ. કાશીબાઈ અવસરેએ આ કહેવાતા અત્યાચારો વિષે માહિતી મેળવવા માટે શ્રી. મોરારજીભાઇ પાસે માગણી કરી જ હતી. પરંતુ તેમના મંત્રીએ લખી જણાવ્યું છે કે એ વ્યક્તિઓની નામોશી થતી અટકાવવા મુખ્ય પ્રધાન આ વિગતો આપી શકે તેમ નથી.

જો આ આક્ષેપો સાચા સાબિત થાય તો તેમને વખોડી કાઢવામાં અમે પ્રથમ હઇશું, અને અમને ખાતરી છે કે દરેક સમજુ વ્યક્તિ–પછી તે મહારાષ્ટ્રી હોય કે કોઈ પણ પ્રાંતની હોય – તેને અંતઃકરણ પૂર્વક વખોડી કાઢશે. પરંતુ અમને એમ લાગે છે – અને ન્યાયના સિદ્ધાંતોમાં સમજનાર દરેક વ્યક્તિને એમ લાગશે–કે એક આક્ષેપ કરવામાં આવે પણ તેના સત્યાસત્ય વિષે પ્રજાને કે અદાલતને વિશ્વાસમાં લેવામાં ન આવે તો તેથી શંકા અને અવિશ્વાસ ઉત્પન્ન થાય છે. દેશમાં જ્યારે પણ કોઈ સ્ત્રી પર બળાત્કારનો બનાવ બને છે અને પોલીસના દફ્તરે નોંધાય છે ત્યારે બંધબારણે અદાલતમાં કેસ ચાલે છે અને ઇનસાફ આપવામાં આવે છે. એક આક્ષેપ પોલીસના દફ્તર ઉપર જ હોય ત્યાં સુધી તેની કશી કિંમત નથી. વર્તમાન પ્રકરણમાં તો તેથી ઘણું નુકસાન થયું છે, કારણ કે તેથી શંકા, અવિશ્વાસ, કડવાશ અને ધિક્કારની લાગણી ફેલાઇ છે, તેથી અફવાઓને ઉત્તેજન મળ્યું છે, અને પ્રજાની એક સૌથી મોટી શત્રુ અફવા છે.

આ અફવાઓ અને આક્ષેપોમાં શું સત્ય છે તેની જાતે ખાતરી કરવા અને સત્ય જાહેર કરી બે કોમ વચ્ચેની કડવાશ દૂર કરવાના શુભ હેતુથી જ અમે આ તપાસ હાથ ધરી હતી. ગુજરાતી સ્ત્રીઓ પર સંયુક્ત મહારાષ્ટ્રવાદીઓએ અત્યાચાર ગુજાર્યાની અફવાઓમાં અમને સત્ય મળ્યું નથી. જો એમાં સત્ય હોય તો તે સાબિત કરવામાં આવે અને પ્રજાને વિશ્વાસમાં લેવામાં આવે એ જ અમારો આગ્રહ છે. કોઇની નામોશી ન થાય એ રીતે ન્યાયી તપાસ ચલાવવાનો માર્ગ ચોજી શકાય. એક પલ્લામાં થોડીક વ્યક્તિઓની નામોશીનો ભય છે (જે નિવારી શકાય), અને બીજા પલ્લામાં બે મહાન કોમો વચ્ચેનો સંબંધ છે જે રાષ્ટ્રની એકતા અને પ્રગતિ પર ઘેરી અસર કરે છે. જો અત્યાચારના બનાવ ખરેખર બન્યા હોય તો ગુનેગારો છટકી જાય છે. જો ન બન્યા હોય તો ખોટા આક્ષેપો બે કોમ વચ્ચે કડવાશ અને અવિશ્વાસ વધારે છે.

અમારા અહેવાલમાં અમે તોફાનોનો બચાવ નથી કર્યો, પણ આ તોફાન કરનાર કોણ હતા તેનો જ નિર્દેશ કર્યો છે. સૌ કોઇ જાણે છે કે મદ્યનિષેધના શુભ પ્રયાસના પરિણામે ગેરકાયદે દારૂ ગાળનારાઓની ટોળીઓ જામી છે અને આ સમાજશત્રુઓ એવા ઝનૂની અને ભયજનક છે કે મુંબઇમાં બનતા મોટા ભાગના ગુના તેમના ફાળે જાય છે. તેઓ કોઇ એક ધર્મ, જાત કે પ્રાંતના નથી. એ અમારી 'શોધ' નથી, સર્વમાન્ય હકીકત છે. એ હકીકત રજૂ કરવા માટે અમને દીવાના અને સાંભળનારને પણ દીવાના કહેવા–એમાં સુરૂચિ અને સ્વસ્થતા નથી જળવાતી. આ ગુંડાઓના હાથે થોડીક મહારાષ્ટ્રી દુકાનો પણ લૂંટાઇ છે અને આ તોફાનોના પરિણામે જે ગુંડાઓ અને ગુનેગારો પકડાય છે તેમાં કેટલાક બિનમહારાષ્ટ્રી પણ હોય છે.

લોકોને છેતરવા માટે દુર્ઘટનાઓ પર પડદો કરવા અને 'ગુજરાતીઓ કેવા દુષ્ટ અને હલકા છે કે અન્ય કોમને ઉતારી પાડવા પોતાની બહેનદીકરીઓની ઇજ્જત લૂંટાયાની કાલ્પનિક વાતો વહેતી કરતા અચકાતા નથી' એમ બતાવવા માટે અમે આ અહેવાલ પ્રકટ કર્યો છે એવા જે આક્ષેપો શ્રી. કાપડિયાએ કર્યા છે તે એમના ક્રોધ અને પૂર્વગ્રહોનું પરિણામ છે. ક્રોધ મનની સ્વસ્થતા નહિ પણ દલીલની નબળાઈ બતાવે છે. શ્રી. કાપડિયા એક વિદ્વાન જૈન છે, અને અમને ખાતરી છે કે આ આક્ષેપો તેઓ સ્વચ્છ અને શાંત ચિત્તે ફરીથી વાંચશે ત્યારે એક વિદ્વાન તરીકે અને એક જૈન તરીકે, આવા આક્ષેપો કરવા તેમને યોગ્ય નહિ લાગે. તેમનું ચર્ચાપત્ર બે કોમો વચ્ચે વધુ અવિશ્વાસ અને કડવાશની લાગણી પ્રેરે છે. તેમને કદાચ ખબર નહિ હોય કે અમો પૈકી ડૉ. કાશીબાઇને તો મહારાષ્ટ્રી કરતાં પણ ગુજરાતી કોમ સાથે વધુ વ્યાપક સારા સંબંધ છે. અમે ભારપૂર્વક કહીએ છીએ કે તોફાનો, હિંસા, ગુંડાગીરી અને ધિક્કારને અમે ભારપૂર્વક વખોડી કાઢીએ છીએ. અમારો એકમાત્ર હેતુ બે કોમ વચ્ચેની અવિશ્વાસ અને કડવાશવાળી લાગણી ભૂંસી નાખવાનો અને અફવાઓને ડામી દેવાનો છે. અમને શ્રદ્ધા છે કે આ દુઃખદ બનાવો ભૂતકાળનું દુઃસ્વપ્ન બની જશે અને એક રાષ્ટ્રના દેહના બે મહત્ત્વના અંગસમી ગુજરાતી અને મહારાષ્ટ્રી કોમ વચ્ચેની દીવાલો નિર્મૂળ થશે.

કાશીબાઈ અવસરે
મુંબઇ **વિમલાબાઈ કુંટે**

બે બહેનોને પ્રત્યુત્તર

ગયા જાન્યુઆરી માસમાં બનેલા તોફાનો અને તેમાં પણ ખાસ કરીને ગુજરાતી બહેનો ઉપર થયેલા અત્યાચારો સંબંધે તપાસ કરીને શ્રી વિમલાબાઈ કુંટે અને ડૉ. શ્રીમતી કાશીબાઈ અવસરે એ 'Two Women' એ મથાળાથી પ્રગટ કરેલ રીપોર્ટની સમીક્ષા કરતું 'આ તે તટસ્થતા કે પક્ષગ્રસ્તતા ?' એ મથાળા નીચે મારું એક ચર્ચાપત્ર તા. ૧૩-૬-૫૬ ના જન્મભૂમિમાં પ્રગટ થયેલું. તેનો એ બન્ને બહેનોએ તા. ૨૧-૬-૫૬ ના જન્મભૂમિમાં પોતાની સહીથી જવાબ આપવા પ્રયત્ન કર્યો છે. એ જવાબની વિગતોમાં ઉતરૂં તે પહેલાં એક બે બાબતોનો પ્રારંભમાં ખુલાસો કરી લઉં.

જ્યારે કોઈ પણ વ્યક્તિ કલ્પનામાં પણ ન સમાય એવી વાત કરે અને સાંભળનારા 'હાં હાં' એમ કરીને સાંભળ્યા કરે ત્યારે તટસ્થ વ્યક્તિ આ કહેનાર–સાંભળનારનું કેવળ ન સમજી શકાય એવું વર્તન નિહાળીને બોલી ઉઠે છે કે 'એ બાત કહતા ભી દિવાના ઔર સુનતા ભી દિવાના'–આવી અમો ગુજરાતીઓમાં બોલવાની એક સામાન્ય રીત છે. આ પ્રકારનો સ્વાભાવિક ઉદ્‌ગાર કાઢનારને સામેની વ્યક્તિનું અપમાન કરવાની કે તેને ખરેખર દિવાના લેખવાની કલ્પના સરખી પણ હોતી નથી. પ્રસ્તુત વિષયમાં ઉપર જણાવેલ ભગિનીયુગલે જાન્યુઆરી માસ દરમિયાન બનેલાં તોફાનો વિષે તપાસ કરીને બધી

(અનુ. પાના ૫૧–૫૨)



બોધિ સત્ત્વ

(સ્વ. ધર્માનંદ કોસમ્બી રચિત મૂળ મરાઠી નાટકનો શ્રી. કાન્તિલાલ બરોડિયાએ કરેલો ગુજરાતી અનુવાદ : ગતાંકથી ચાલુ.)

અંક ચોથો

પ્રવેશ પહેલો

સૂત્રધાર : બોધિસત્વ શાક્ય દેશ છોડીને કોશલ દેશમાં આડાર કાલામના આશ્રમમાં આવ્યા. ત્યાં તેમણે ચાર માસ રહીને કાલામના ધર્મનો સંપૂર્ણ અભ્યાસ કર્યો, પણ તે ધર્મથી તેમનું સમાધાન થયું નહીં. તેથી તે ઉદ્રક રામપુત્રના આશ્રમમાં ગયા. રામપુત્રનો ધર્મ કાલામના ધર્મથી ખાસ જુદો પડતો ન હોવાથી તે ધર્મથી પણ તેમનું સમાધાન ન થયું. બે માસ તેઓ આશ્રમમાં ગાળી આજે તે રાજગૃહ જવા નીકળ્યા છે. તક્ષશિલા જેમ બ્રાહ્મણ સંસ્કૃતિનું કેન્દ્ર છે, તેવી જ રીતે હાલમાં રાજગૃહ શ્રમણ સંસ્કૃતિનું કેન્દ્ર થઇ રહ્યું છે. એનું કારણ કે બિંબિસાર રાજા શ્રમણોનો ખૂબ સત્કાર કરે છે. ભિન્ન ભિન્ન શ્રમણ સંપ્રદાયોને રહેવા માટે તેણે રાજગૃહની ચારે બાજુ વિશાળ ઉપવનો ઉભા કર્યાં છે. શ્રમણોના નેતા પોતપોતાના સંઘ સાથે ચારે દિશામાં ફરી ઉપદેશ કરતા રહે છે અને તે બધા રાજગૃહમાં વારંવાર આવે છે. મોટે ભાગે તેમનો ચાતુર્માસ રાજગૃહમાં જ હોય છે. તેમના ધર્મનું અધ્યયન કરવાના હેતુથી બોધિસત્ત્વ ત્યાં જઈ રહ્યા છે. (તે જાય છે).

[સ્થળ:—રાજગૃહમાં પાંડવ પર્વતની તળેટીનું ઉપવન. સંધ્યા સમય. કૌંડિન્ય, અશ્વજિત્, વાષ્પ (વપ્પ), મહાનામ અને ભદ્રિક એ પાંચેને પંચવર્ગીય ભિક્ષુ કહેવામાં આવે છે. બોધિસત્ત્વ અને તે બધા બેઠા છે.]

કૌંડિન્ય : (બોધિસત્ત્વને) તને મેં આજે સવારે ભિક્ષા લેતાં જોયો. તું પરિવ્રાજક થઇને કાલામના આશ્રમમાં ગયો તે માહિતી અમને મળી જ હતી. તે આશ્રમ છોડી તું અહીં કેમ આવ્યો ?

બોધિસત્ત્વ : મેં ઘર શું કામ છોડયું તે તો તમને ખબર છે કે નહીં ?

કૌંડિન્ય : શાક્યો અને કોલિયોના ઝઘડામાં તારે ભાગ ન્હોતો લેવો એટલે જ ને ? પણ તે તો બધુ પતી ગયું. હવે શું છે ? હવે તને તારે ઘેર પાછો જતાં શું વાંધો નડે છે ?

બોધિસત્ત્વ : હા, તે ઝઘડો મટયો ખરો. પણ મનુષ્યોના અનેક નાના મોટા ઝઘડા—ટંટા ચાલે છે ને ? તે બધાથી આપણે મુકત થઇ શકીએ કે નહીં તેની શોધ કરવાના ઉદ્દેશથી હું કાલામનો શિષ્ય થયો અને તેમના ધર્મનો બરાબર અભ્યાસ કર્યો. તેમણે મને ચાર ધ્યાન અને તે પછી આકાશાનન્ત્ય વિ. ત્રણ આયતન શીખવાડયાં. હું તેમાં પ્રવીણ થઈ ગયો. પણ મારા મનનું સમાધાન થઇ ન શકયું. ધ્યાનસ્થ થયો હોઉં, ત્યારે તે ધ્યાન ચાલતું હોય ત્યાં સુધી મારા પૂરતો ઝઘડો મટયો એ ખરૂં, પણ તેથી સમગ્ર વિશ્વના બધાયે ઝઘડા મટાડવાનું સાધન મને મળી ચુકયું એમ નથી. અને તેથી જ મેં કાલામનો આશ્રમ છોડયો. કાલામ મને તેમના સંઘનું નેતૃત્વ આપવા તૈયાર હતા, પણ તે મેં લેવાની સાફ ના પાડી. ત્યાંથી હું ઉદ્રક રામપુત્ર પાસે ગયો. તેમણે મને નૈવસંજ્ઞાના સંજ્ઞાયતન એ સમાધિની આઠમી અવસ્થા શીખવી. તેમણે પણ મને પોતાના સંઘનું નેતૃત્વ આપવા ઇચ્છા પ્રગટ કરી, પણ તે મેં સ્વીકાર્યું નહીં. તેમના ધર્મથી પણ મારા મનનું સમાધાન થયું નહીં. તેથી હું તેમનો આશ્રમ છોડી અહીં આવ્યો. એ બધું તો ઠીક, પણ મને કહો જોઇએ કે, ગૃહત્યાગ કરી તમે શું શું કાર્ય કર્યાં ?

અશ્વજિત : ગૌતમ, તને તો ખબર છે કે લોકોના ઝઘડાને ને અમારા ત્યાગને કશો પણ સંબંધ નથી. અમારા ઘરનાં દુ:ખો જ વધી પડયાં ને તે સહન ન થતાં અમે ઘર—કુટુંબ છોડી નીકળ્યા. કાલામના કે રામપુત્રના આશ્રમમાં કાંઇ અમે ઝાઝા દિવસ કાઢયા નહીં. મોટા મોટા સંઘનાયકોના અભિપ્રાયો જાણવા માટે અમે આ બાજુ આવ્યા. જોઇએ હવે—

બોધિસત્ત્વ : તો પછી તે બધાનો તમે અભ્યાસ કર્યો ?

અશ્વજિત્ : હા, હા, ઘણાખરા મતોનું અમે સારગ્રહણ કર્યું. પણ તેમનામાં આપસઆપસમાં જ અમને ઘણો વિરોધ જણાવા લાગ્યો.

બોધિસત્ત્વ : તે કેવી રીતે ?

અશ્વજિત્ : અહીં બધામાં મોટો સંપ્રદાય જોઇએ તો તે આજીવકોનો છે. તેમનામાં અગાઉ બે જિન થયા અને હાલમાં મસ્કરી ગોશાલ પોતે જિન છે એમ તે કહે છે. નિયતિ, સંગતિ અને સ્વભાવ એ બધાના યોગથી આત્મા પરિણત થાય છે અને ચોર્યાશી લાખ મહાકલ્પના ફેરામાંથી બહાર નીકળ્યા પછી જ તે મુકત થાય છે એવો તેમનો મત છે. પરંતુ આની વિરૂદ્ધ અજિત કેશકંબલ એમ કહે છે કે આત્મા ચાર મહાભૂતોનો બનેલો છે અને મૃત્યુ પછી તે નષ્ટ થાય છે. આવી જ રીતે ઘણી બાબતોમાં બીજા સંઘનાયકોના મતો પરસ્પર વિરોધી માલુમ પડે છે.

બોધિસત્ત્વ : આમાંથી એકાદ મતમાં પણ તમને તથ્ય લાગે છે ખરૂં ?

અશ્વજિત્ : આ બધામાંથી અમને નિર્ગ્રન્થનો ચાતુર્યામ-ધર્મ ગ્રાહ્ય લાગે છે.

બોધિસત્ત્વ : તે મને ખબર છે. અમારા વપ્ર—કાકા તે અત્યંત ઉત્સાહથી જણાવતા રહે છે. અહિંસા, સત્ય, અસ્તેય અને અપરિગ્રહ એ ચાર સિદ્ધાંતો જો સઘળા મનુષ્યો હૃદયથી સ્વીકારે તો જગતના ટંટા—ઝઘડા નષ્ટ થઈ જાય ને વિશ્વભરમાં ખરી શાન્તિ વ્યાપે.

અશ્વજિત્ : પણ નિર્ગ્રન્થનું એમ કહેવું છે કે આટલાથી પૂરતું નથી. આ કરતાં પણ ઉત્કૃષ્ટ સાધન છે તપશ્ચર્યા. આત્મા અંશતઃ નિત્ય ને અંશતઃ અનિત્ય છે. તપશ્ચર્યાથી તેના કર્મનો ક્ષય થઇને તે કેવલી થાય છે.

બોધિસત્ત્વ : તો હવે તમારો શું વિચાર છે ?

અશ્વજિત્ : જે કારણે ઘણા બધા શ્રમણો તપશ્ચર્યાને મહત્વ આપે છે, તે જ કારણે હવે તપશ્ચર્યા કરવા માટે અમે બધા ઉરૂવેલ જઇએ છીએ. તે સ્થાન રમ્ય છે અને તપશ્ચર્યાને અનુકુળ છે એમ અમે સાંભળ્યું છે. તો તું પણ અમારી સાથે ચાલને ?

બોધિસત્ત્વ : હમણાં નહીં. અહીંના સંપ્રદાયોનાં મતો પણ મને ઠીક ઠીક સમજવા દો. અને તપશ્ચર્યા કરવી જ જોઇએ એમ મને લાગશે કે તરત જ હું પણ ઉરૂવેલ આવી પહોંચું છું—

બધા સાથે: તું જરૂર આવજે. આપણે બધા સાથે મળી તપશ્ચર્યા કરીશું—

(પડદો પડે છે)

પ્રવેશ બીજો

[સ્થળઃ—પાંડવ પર્વતની તળેટીમાં બોધિસત્ત્વની પર્ણકુટી. સવારે ભિક્ષા ગ્રહણ કરી બોધિસત્ત્વ પોતાની કુટિરમાં પાછા આવ્યા છે અને ભોજનાદિકાર્ય પતાવી આસન પર બેઠા છે. એટલામાં બિમ્બિસાર મહારાજા મોટા ઠાઠમાઠથી આવે છે, અને કુટિરથી કેટલેક દૂર—અંગરક્ષકો વગેરેને છોડીને એકલા જ કુટિર પાસે આવીને બોધિસત્ત્વને નમસ્કાર કરે છે. એટલામાં તેમનો એક નોકર એક મૃગચર્મ લાવીને બોધિસત્ત્વથી થોડેક દૂર એક બાજુ પાથરે છે.]

બોધિસત્ત્વ : મહારાજ, આસન પર બેસો.

(બિમ્બિસાર આસન પર બેસે છે.)

બિમ્બિસાર : મહર્ષિ, આજે સવારે તમે મારા મહેલ પાસેથી ભિક્ષા માટે જતા હતા ત્યારે મેં તમને મારી અટારી પરથી જોયા, અને મને લાગ્યું કે તમે આ નગરીમાં નવા છો. આથી મેં રાજદૂતને મોકલીને તમારી પર્ણકુટીનો પત્તો કઢાવ્યો અને અત્રે દર્શનાર્થે આવ્યો છું. કોઈ નવો શ્રમણ મારી આ રાજધાનીમાં આવે તો તેમની મુલાકાત લેવા હું ઉત્સુક હોઉં છું. તમારો સંપ્રદાય કયો તે હું જાણવા ઇચ્છું છું.

બોધિસત્ત્વ : હું કોઇ પણ સંપ્રદાયનો નથી. બધા સંપ્રદાયોનો સાર ગ્રહણ કરવાના હેતુથી હું આ બાજુ આવ્યો છું.

બિમ્બિસાર : તમે કયાંથી આવ્યા ? તમારો ધર્મ કયો ?

બોધિસત્ત્વ : કોશલ દેશના ઉત્તરે હિમાલયની સુંદર તળેટીમાં શાકય અને કોલિય એમ બે ક્ષત્રિય સંઘ છે. તેમાંના શાકય સંઘમાં મારો જન્મ થયો છે.

બિમ્બિસાર : શાકયોનું નામ તો સાંભળ્યું છે. તો આવા ઉચ્ચ ક્ષત્રિય કુળમાં જન્મ્યા છતાં આવી કુમળી વયમાં શ્રમણપદ સ્વીકારવાની શી જરૂર પડી ?

બોધિસત્ત્વ : મારી પ્રવ્રજ્યાનું મુખ્ય કારણ પૂછો તો તે શાકય અને કોલિય લોકોનો ઝઘડો. આ ઝઘડા નજીવા છે, જૂના છે ને તેથી જ અમે અમારું સ્વાતંત્ર્ય ગુમાવી બેઠા છીએ. હાલમાં તો આંતરિક વ્યવસ્થા અમારા હાથમાં છે, પણ જો પરિસ્થિતિ આમને આમ ચાલુ રહેવા પામે તો આ પણ અમે કદાચ ગુમાવી દઇએ.

બિમ્બિસાર : જ્યાં જુઓ ત્યાં ગણરાજ્યની આવી જ સ્થિતિ હોય છે. અમારી પૂર્વે આ અંગદેશ છે. દેશ જુઓ તો કેવો સાધનસંપન્ન છે ? પણ અંદર અંદર જ વૈમનસ્ય ને દ્વેષ. અમારી સરહદ—પર જ આવા ઝઘડા—ટંટા ચાલુ રહે એ અમને યોગ્ય ન જણાયું. તેથી જ તો તેમના કારભારમાં અમારે દખલગીરી કરવી પડી. હવે તે અમને દોષ દે છે કે અમે તેમની સ્વતંત્રતા છીનવી લીધી ! અમારું મગધ પણ ગણરાજ્ય જ હતું ને ? પણ આવી જ પરિસ્થિતિમાં અહીં પણ એકહથ્થુ સત્તા સ્થાપવી પડી છે. ત્યારથી લોકો સુખી છે. અને જો હવે ફરીથી ગણરાજ્ય સ્થપાય ને તેમના હાથમાં સત્તા આવે તો સામાન્ય લોકો જ તેનો વિરોધ કરવા લાગશે. શાકય અને કોલિય લોકોની પણ આ જ સ્થિતિ થશે તેમાં શંકા નથી. તો પછી આવી બધી અનિવાર્ય બાબત માટે તમને આટલું બધું ખોટું શાથી લાગ્યું ?

બોધિસત્ત્વ : શાકયોનું અને કોલિયોનું સ્વાતંત્ર્ય કાલાંતરે નષ્ટ થશે એ અનુમાન તો સહેજે થઈ શકે છે. મારી સમક્ષ જે પ્રશ્ન હતો તે તે ન હતો. હું શાકય સંઘનો સભાસદ હતો. તે સંઘે કોલિયો સામે લડાઈ જાહેર કરી. મેં વિરોધ કર્યો. કોલિયો વિરુદ્ધ શસ્ત્રો ધારણ કરવાની મેં ધરીને ના પાડી. કારણ, તેમાં અમારા ઘણા આપ્તજનો હતા. તેમનો વધ કરવાની મારી મુદ્દલે તૈયારી ન હતી. અલબત્ત આમ થવાથી શાકયસંઘને માથે મને શિક્ષા કરવાની ફરજ આવી પડી. પણ જો મને હદપાર કરવામાં આવે તો તે માટે કોશલરાજાની પરવાનગી લેવી જોઇએ. આમ કરવામાં શાકય સંઘને ઘણું નુકશાન થવાનો પૂરો સંભવ હતો. આ સંજોગોમાં મેં જ આપમેળે રાજીખુશીથી પરિવ્રાજક થઈ શાકયદેશ છોડયો.

બિમ્બિસાર : એક રીતે તો તમારો દેશ છોડીને અહીં આવ્યા તે સારું થયું. આપના જેવા ઘણા સત્પુરુષોની મારે જરૂર છે. મેં અંગ દેશના લોકોને જીત્યા છતાં તેમને હું મગધની પ્રજાની જેમ જ રાખું છું. મારા રાજ્યમાં બધા સંપ્રદાયોના શ્રમણોને માન મળે છે. નાના શું કે મોટા શું—બધાને ન્યાય અને સમભાવથી જોવા હું તત્પર હોઉં છું. પણ મારા રાજ્યનો વિસ્તાર એટલો બધો વધતો ગયો છે કે રાજ્યની બધી જવાબદારીઓને પહોંચી વળવું એ મારી શક્તિ બહારનું કામ થતું જાય છે. મારી પાસે રાજ્યવહીવટકર્તાઓ છે. પરંતુ તેમાનાં ઘણાખરા તો મારા ડરથી જ સારી રીતે ચાલે છે, અંતઃકરણથી તો થોડાકજ. તો, હું તમને આજીજીભરી વિનંતિ કરું છું કે તમે મારી પાસે જ રહો ને મારા રાજ્ય કારભારના ભાગીદાર થાઓ. ફકત તમારા મોક્ષ માટે પ્રયત્ન કરવા કરતાં મારા રાજ્યના બહુજનસમાજને સુખી કરવાનો પ્રયત્ન તમારે શુભ હસ્તે થાય તે તમને વિશેષ શ્રેયસ્કર નથી લાગતું ?

બોધિસત્ત્વ : મહારાજ ! મારે માટે જે આદર ને ઔદાર્ય આપે બતાવ્યાં તે બદલ હું ખૂબ ઋણિ છું. પણ નમ્રપણે હું એક પ્રશ્ન પૂછું છું કે પ્રજા—કલ્યાણ માટે જો તમે આટલા સજાગ છો તો તમારા પોતાના રક્ષણ માટે આટઆટલું લાવલસ્કર શાને ? ગણરાજ્યમાં કોઇ રાજા આમ કરે તો તે હાસ્યાસ્પદ જ બને.

બિમ્બિસાર : ગણરાજ્યમાં આમ ન બને તે ઠીક છે. ત્યાં એક રાજા ગયો તો બીજો તરતજ મળી આવે. પણ અહીં તો પરિસ્થિતિ જુદી છે. કાવતરું કરીને મને મારી નાંખવામાં આવે તો બીજો કોઇ રાજગાદી ઉપર આવે ત્યાં સુધીમાં તો ભયંકર અંધાધૂંધી જામે અને લોકો દુઃખના સાગરમાં ડૂબી જાય. આ કારણથી મારું પોતાનું રક્ષણ રાજ્યરક્ષણ જેટલું જ મહત્વનું થઈ પડે છે.

બોધિસત્ત્વ : પણ, તો પછી આ પરિસ્થિતિમાં તમને નિર્ભેળ સુખ કેવી રીતે મળે ?

બિમ્બિસાર : તે માટે જ તો હું ઉદ્યાન વિહાર, જલવિહાર, કંદુકક્રીડા, સંવાહન, પુષ્ટિવર્ધક આહાર, વિ. અનેક માર્ગો ગ્રહણ કરું છું. આ બધાથી શરીરસુખ તો મળે છે, પણ માનસિક પૂરું મળતું નથી. કારણ મને જ્યાં ત્યાં ડર લાગે છે. મારા વફાદાર નોકરો પણ મને દગો નહીં દે ને તેવી બીક મને સતત લાગ્યા કરે છે.

બોધિસત્ત્વ : એનો અર્થ તો એટલો જ કે, એકહથ્થુ સત્તા જે રાજ્યમાં હોય ત્યાં પણ કોઈ વિશેષ ફાયદો નથી એમ માનવું રહ્યું.

બિમ્બિસાર : તે કેવી રીતે ? જો આવી માનસિક અસ્વસ્થતા હું સહન નહીં કરું તો પછી અંગદેશ ને મગધદેશની શી દશા થાય ? બધે જ મત્સ્યન્યાય નહીં ઉદ્ભવે ? એટલે આજે હું જે યાતના ભોગવું છું તે લોકોના ભલા માટે જ છે એમ હું માનું છું.

બોધિસત્ત્વ : અંદર અંદરના ઝઘડાથી ગણરાજ્યો તો નષ્ટ થતાં ચાલ્યા છે અને એકસત્તાક રાજ્યપદ્ધતિ શિવાય બીજો માર્ગ દેખાતો નથી. તેમાં પણ તમારા જેવા દરિયાવ દિલના મહારાજા મેળવવા દુર્લભ ને તેથી પ્રજાને ફાયદો પણ થાય છે. પણ જો ક્રૂર, લોભી કે અણઘડ મહારાજા ગાદી પર આવ્યો તો, તમે જ કહો કે, પ્રજાનું શું થાય ? આ સંજોગોમાં પ્રજા બંડ કરે અને તેથી તેમને ને રાજ્યને પારાવાર નુકશાન થાય. ઇતિહાસનાં અનેક પાનાં આ બીનાની સાક્ષી પૂરે છે. તમે જે લોકહિતની વાત કરી તેનો આધાર ડર હોવાથી તે ચિરંજીવી નહીં પણ ક્ષણજીવી છે. કોઈ જગ્યાએ સૈન્યનો જમાવ ઓછો થયો કે તરત જ ત્યાં ઠેર ઠેર લૂંટ, મારામારી અને તોફાન શરૂ થઈ જવાનાં. મહારાજ ! પિતા પુત્રનું લાલન પાલન કેવી રીતે કરે છે ? તેને ખવડાવે પીવડાવે છે, તેની સાથે પ્રેમથી બોલે છે, તેના કલ્યાણની સતત ચિંતા રાખે છે, અને તે વયમાં આવે ત્યારે તેની સાથે સમા-

નતાથી વર્તે છે. આવી જ રીતે, આવે જ માર્ગે લોકહિતનું કાર્ય થઈ ન શકે ?

બિમ્બિસાર : આનો તો મેં વિચાર જ કર્યો નથી. રાજ્ય-કાર્યમાં હું એવો ગૂંથાએલો છું કે મને સ્વસ્થતાથી વિચાર કરવાનો જ સમય મળતો નથી. તમે શ્રમણ છો, માટે તમને આવા અનેક વિષયો પર વિચાર કરવાનો પૂરો અવકાશ રહે છે.

બોધિસત્ત્વ : હું એટલા માટે જ તો પરિવ્રાજક થયો છું. સમાજમાં ઠેર ઠેર વ્યાપી ગયેલા ઝઘડા હિંસા શિવાય બીજી કોઇ રીતે ટાળી શકાય કે કેમ એ પ્રશ્નનો ઉકેલ મારે શોધવો છે. તમારો સેવક થઈ તમારી જેમ જ હું કાર્યમાં ગૂંથાઈ ગયો તો—

બિમ્બિસાર : હવે હું સમજ્યો. તમારે તો એકાન્ત જ જોઇએ. પણ, તમે અહીંના સુપ્રસિદ્ધ શ્રમણ સંપ્રદાયના મતો જાણવા પ્રયત્નો કર્યા ?

બોધિસત્ત્વ : આજે છ માસથી સતત આ જ કાર્ય ચાલુ છે.

બિમ્બિસાર : આ બધામાં તમને કયો સંપ્રદાય ગ્રહણ કરવા જેવો લાગ્યો ?

બોધિસત્ત્વ : નિર્ગ્રન્થ સંપ્રદાય. તેમનો ચાતુર્યામ-સંવરવાદ મને પહેલેથી જ ગમતો હતો. તેમના ઘણા અનુયાયીઓ અમારા દેશમાં વસે છે. અહીં આવ્યા પછી તે ધર્મની તુલના બીજા સાથે મેં કરી જોઈ ને તે કસોટીમાં મને એમ લાગ્યું કે તે જ ધર્મ બરાબર છે.

બિમ્બિસાર : તો પછી તે તમે સ્વીકારતા કેમ નથી ?

બોધિસત્ત્વ : તેમાં મને કાંઈક ન્યૂનતા લાગે છે.

બિમ્બિસાર : તે કઈ? મને સમજાવો—

બોધિસત્ત્વ : નિર્ગ્રન્થ એમ પ્રતિપાદન કરે છે કે આત્મા અંશતઃ નિત્ય ને અંશતઃ અનિત્ય છે. એક જ વસ્તુ નિત્ય ને અનિત્ય કેવી રીતે હોઇ શકે તે મારી સમજમાં હજી આવતું નથી. આત્મા શાશ્વત છે એમ કહેનારા ને તે અશાશ્વત છે એમ કહેનારા બન્ને શ્રમણો છે. ત્યારે આમાં ખરું શું, ખોટું શું ? આ બંને વાદોનું પરિણામ શું ? લોકોને તે ભ્રાંતિમાં નથી પાડતા ? આ બધા પ્રશ્નોનો ચોક્કસ વિચાર કર્યા પછી જ કયા સંપ્રદાયમાં જવું તે હું નક્કી કરી શકીશ. આ બધા સંપ્રદાયોનો મત તપશ્ચર્યા માટે અનુકુળ છે. તપશ્ચર્યા શિવાય આત્મબોધ થતો નથી એવો ઘણાનો મત છે. તેથી ઉરુવેલ જઇને તપશ્ચર્યા કરવાનો મેં વિચાર કર્યો છે. તમારા રાજ્યમાં હું છ મહિના રહ્યો, આજે તમને મળીને મને અત્યંત આનંદ થયો. હું તમારો આભાર માનું છું.

બિમ્બિસાર : તમારા આ મહાન કાર્યની વચ્ચે હું આવવા ઇચ્છા રાખતો નથી. મનુષ્યજાતના કલ્યાણનો જો માર્ગ તમને મળ્યો તો તેનો લાભ અમને બધાને મળશે—અંગદેશને, મગધદેશને પણ મળશે—એવો મને વિશ્વાસ છે. ચાલો ત્યારે હવે હું રજા લઉં, બીજા અનેક કામો પડ્યાં છે.

બોધિસત્ત્વ : બહુ સારું.

(બિમ્બિસાર આસન પરથી ઉઠીને બોધિસત્ત્વને નમસ્કાર કરે છે અને પાછો ફરે છે. તેના અંગરક્ષકો વગેરે તેની પાસે આવે છે અને તેનું સ્વાગત કરે છે. ને પડદો પડે છે.)

પ્રવેશ ત્રીજો

સૂત્રધાર : આજે લગભગ છ વર્ષથી બોધિસત્ત્વ ઉરુવેલના આ સુંદર પ્રદેશમાં તશ્ચર્યા કરી રહ્યા છે. તેથી તેમનું પેટ અને પીઠ જાણે એક થઈ ગયા છે. શરીર કૃશ થઈ ગયું છે. ઉઠતાં બેસતાં તેમને ખૂબ કષ્ટ થાય છે. પંચવર્ગીય ભિક્ષુ તેમની શુશ્રૂષા કરે છે. અને સુજાતા અને તેની મૈત્રિણી તેમને માટે વારંવાર મગ, વટાણા અને ચણાનું પાણી લાવે છે ને આ તપશ્ચર્યા સુખરૂપ પાર પડે તેથી દાનધર્મ કરે છે. (સૂત્રધાર જાય છે.)

[સ્થળઃ—બોધિસત્ત્વની નાનીશી પર્ણકુટી. સવારનો સમય. પંચ-વર્ગીય ભિક્ષુ ભિક્ષા માટે ગયા હોવાથી તેમની પાસે કોઈ જ નથી. એટલામાં સુંદર પુરૂષપોષાકમાં સજ્જ એવો માર નાનો તંબુર વગાડતો ને ગાતો ગાતો પ્રવેશે છે.

માર :

કેમ પીડતો કાયા, તારી કેમ પીડતો કાયા ?
વિવિધ તપો આદરતાં તારાં. અંગો સર્વ સુકાયાં,
તોયે કેમ પીડતો કાયા ?
અણમોલું તુજ જીવન આવા, તપથી વ્યર્થ વહેતું;
રાજ કાજ લઈ સુખી થઇને ભોગવ જે પામે તું,
યજ્ઞ કરાવી, યાગ કરાવી, સોમ મળ્યે પી લે તું;
ઇન્દ્રપુરી જાવાને કાજે, આ પથ ખરા ગણાયા.
તારી કેમ પીડતો કાયા ?

અરે ! ગૌતમ ! આ તારી દુર્દશા તો જો ? અરે મૂર્ખ ! આ ઘોર તપની પાછળ શું પડ્યો છે ? બિમ્બિસાર મહારાજા પાસે રહ્યો હોત તો આજે તારા માન-પાન કેટલાં બધાં વધ્યા હોત તેનો તને ખ્યાલ છે ? અંગદેશ અને મગધદેશની સત્તા તારા હાથમાં જ આવી હોત, અને બિમ્બિસાર ફકત નામનો જ મહારાજા રહેવા પામ્યો હોત ! પણ તારું નશીબ ! તેં માર્ગ જ અળવો પકડ્યો ને ? હજી મોડું નથી થયું. તું પાછો ફર, રાજગૃહમાં જા ને બિમ્બિસારની નોકરી કર. હજી એ રસ્તો સારો છે, ડહાપણભર્યો છે.

બોધિસત્ત્વ : (વ્યંગથી) મારે માટે આટલી લાગણી રાખનારો તું કોણ ભાઈ?

માર : હું આ પ્રદેશમાં જ રહું છું. તારા જેવા અવળે માર્ગે ચઢી ગયેલા તપસ્વીઓને હું સીધે માર્ગે લાવવાનો પ્રયત્ન કરું છું. તારો દુઃખી વૃત્તાન્ત સાંભળ્યો ને બીજા બધાં કામ છોડી દઈ હું અહીં દોડી આવ્યો.

બોધિસત્ત્વ : પણ અહીં તારો કોઈ હેતુ સરે એમ નથી.

માર : મને તેની પરવાનથી. મારું કામ હું નિષ્પાપ બુદ્ધિથી જ કરું છું. પણ તું તારા શરીર સામે તો જો ! મને લાગે છે કે હવે તારું મૃત્યુ સમીપ જ છે. આ માર્ગ છોડી દે. તારે રાજ્ય ન જ કરવું હોય તો અહીં ને અહીં અગ્નિહોત્ર શરૂ કર. તેથી તને ઢગલો પુણ્ય મળશે, અને હું જઇને આજુ બાજુના ગામડાંઓમાં ચોમેર તારી કીર્તી ફેલાવીશ. નાનાં-મોટાં બધાં ભેટ સોગાદો લાઇને આવશે ને તારે ચરણે ધરશે. તારા નામના તો ડંકા વાગશે-ડંકા. સમસ્ત મગધમાં એક પ્રખ્યાત પુરૂષ તરીકે તારી ગણના થશે. અને મોટા મોટા યજ્ઞ કરીને મૃત્યુ પછી તું સ્વર્ગને પ્રાપ્ત કરીશ.

બોધિસત્ત્વ : મને તેવું પૂણ્ય પણ ન જોઇએ ને તે સ્વર્ગ પણ ન જોઇએ. જેને આ બધું ગમતું હોય તેને આ ઉપદેશ કર. દ્વેષ અને લોભથી મનુષ્યપ્રાણી એકબીજાનો નાશ કરે છે. આ ઘોર પાપમાંથી તે મુકિત કેમ મેળવે તેની શોધ કરવા માટે હું પ્રયત્ન કરું છું. આમ હોવાથી તારો ઉપદેશ મારે ગળે શી રીતે ઉતરવાનો હતો ?

માર : અરે રે ! તારે જો આમ રીબાઇ રીબાઇને મરવું જ છે તો તને બચાવનારો હું કોણ ? પણ અરે ગૌતમ ! તું જો તારો જ ઉદ્ધાર કરી શકતો નથી તો બીજાનો ઉદ્ધાર તો તું કયાંથી કરી શકવાનો છે ? તારી જેવા તો કેટલાયે મિથ્યાભિમાની થઈ ગયા અને મનુષ્ય પ્રાણીના ઉદ્ધાર માંટે ઉપદેશ કરતાં ભટકતા રહ્યા. પણ તેનું પરિણામ શું આવ્યું ? મનુષ્ય સમાજ તો હતો તેવો ને તેવો જ રહ્યો ને ? ઉલ્ટાનું, અરસપરસના ઝઘડા વધ્યા. જેમ જેમ શસ્ત્રાસ્ત્રો વધતાં જ જશે તેમ ઝઘડાનું પ્રમાણ પણ વધતું જ થશે. તે મીટા-વનારો તું કોણ ભલા ? આપણે ભલા ને આપણું કામ ભલું. આ દુનિયાની પંચાત શું કામ ?

બોધિસત્ત્વ : અરે ભાઇ ! તું મારા બોલવાનો ઉંધો અર્થ કરે છે. આખા જગતના ઝઘડા મીટાવવાનો હું પ્રયત્ન કરતો નથી, પણ તે કેમ મીટાવી શકાય તેનો વિચારમાત્ર કરું છું. અગાઉના વૈદ્યોએ

આહાર વિહારમાં કેવી રીતે ફેરફાર કરવામાં આવે તો તેથી મનુષ્ય શરીરસુખ ટકાવી શકે એ બતાવ્યું છે. આનો અર્થ એ તો નથી જ કે તેણે બધાને નિરોગી કર્યા. જે તેમના ઉપદેશ પ્રમાણે ચાલે તે નિરોગી રહી શકે. જે ન ચાલે તે નિરોગી ન રહે એમ બને. મારૂં કર્તવ્ય મને બરાબર ખબર છે માટે તું મારી ચિંતા ન કર. તારી પોતાની જ ચિંતા કરે તો બસ છે.

માર : તારૂં નશીબ ! બીજુ શું ? (એમ કહી તંબુર વગાડતો, ગીત ગાતો તે જાય છે. એટલામાં પંચવર્ગીય ભિક્ષુ એક પછી એક એમ આવે છે ને શાંતિથી બોધિસત્ત્વની આસપાસ બેસે છે.

બોધિસત્ત્વ : અરે તમે બધા કયારે આવ્યા ?

કૌંડિન્ય : ગામમાંથી ભિક્ષા લઈ આવ્યા. અમારી કુટિરમાં બેસીને ભોજન કર્યું અને પાત્રો ધોઈ મૂકીને અહીં આવ્યા. અરે પણ પેલો ગાતો ગાતો ગયો તે કોણ ?

બોધિસત્ત્વ : તે પોતાને શ્રમણોનો મોટો હિતચિંતક કહેવડાવે છે. મને તપશ્ચર્યામાંથી ડગાવવા તે ખાસ આવ્યો હતો.

કૌંડિન્ય : તેણે શું કહ્યું ?

બોધિસત્ત્વ : તેણે તો મને ખૂબ ઉપદેશ આપ્યો. ઉપભોગની સ્તુતિ કરી અને તેનો કાંઈ ઉપયોગ નથી તેની ખાત્રી થતાં અગ્નિ-હોત્રનું મહત્વ મને સમજાવવા લાગ્યો. આ કશાનું પરિણામ થતું નથી એ જોઈને છેવટે એણે મને મરણની પણ બીક બતાવી. પછી કંટાળીને ચાલી ગયો. પણ મારા પોતાના મનમાં ઘણા વખતથી એક વિચાર ઘોળાયા કરે છે કે આ તપશ્ચર્યાનો ઉપયોગ શો ?

કૌંડિન્ય : (આશ્ચર્યચકિત થઈને) એટલે ? જે ઋષિમુનિઓ હજારો વર્ષોથી તપનું આચરણ આદરતા આવ્યા છે તે બધા અજ્ઞાનમાં હતા એમ ?

બોધિસત્ત્વ : એ હું કહી શકતો નથી. તેમનામાંના ઘણા સુજ્ઞ પણ હશે અને કેટલાક પરંપરાને અનુસરનારા હશે. પરંતુ મેં જે કાર્ય મારી નજર સમક્ષ રાખ્યું છે તેને તેમની અથવા મારી તપશ્ચર્યાથી શું લાભ ?

કૌંડિન્ય : તો પછી તારી દૃષ્ટિથી તો ચાતુર્યામ પણ નિરૂપયોગી જ ગણાય.

બોધિસત્ત્વ : એવું કાંઇ નથી. મારા મત પ્રમાણે ચાતુર્યામના વિકાસથી જગતમાં સુખ શાન્તિ સ્થપાઈ શકે. અહિંસા અને સત્યનો જો સર્વત્ર પ્રચાર કરવામાં આવે તો પણ મનુષ્યોના ઘણા ઝઘડાઓ ઓછા થવા પામે. પરંતુ, આ સાથે સાથે અસ્તેય અને અપરિગ્રહનો પણ બધે ફેલાવો થવો જોઇએ. જો ચોરી ચાલુ રહે તો અહિંસા ને સત્યનો ઉપયોય શો ? અપરિગ્રહની પણ તેવી જ રીતે આવશ્યકતા છે. કેટલાક લોકો જો સત્ય ને અહિંસાથી સંપત્તિ મેળવી અને તે પરિગ્રહ લાધને બેઠા તો જેઓ ગરીબ છે તેઓ બીજા સાધનસંપન્ન લોકોની ઈર્ષ્યા કરશે, એટલું જ નહીં, પણ તેમની સંપત્તિની ચોરી કરવા અથવા છીનવી લેવા પણ બીજાઓ તત્પર થશે. આવા સમાજમાં અસ્તેય વ્રત શી રીતે ટકી શકે ? શ્રીમંતો પોતાના પરિગ્રહનું રક્ષણ શસ્ત્રોની અથવા અસત્યની મદદથી કરશે અને તો એવા સમાજમાં અહિંસા અને સત્ય શી રીતે પ્રવર્તવા પામશે ? હું તો માનું છું કે સત્ય–અહિંસા–અસ્તેય-અપરિગ્રહ એ ચારે સિદ્ધાંતોને સમભાવથી પ્રચારમાં લાવવા જ જોઇએ.

કૌંડિન્ય : પણ આ બધાને જો તપશ્ચર્યાનું સામર્થ્ય ન મળે તો આત્માને કૈવલ્ય પ્રાપ્ત કેવી રીતે થાય ?

બોધિસત્ત્વ : આ આત્મવાદમાં માથું મારવાથી કોઈ ફાયદો થવાનો નથી.

કૌંડિન્ય : અરે વાહ ! આ તો તું કાંઈ નવી જ વાત કરે છે ! જો આત્માની વાત વિચારવાની નથી તો તો પછી અમારી આ બધી માથાફોડ નકામી ગઈ, એમ ?

બોધિસત્ત્વ : મારૂં કહેવાનું એટલું જ કે દુઃખમાંથી છૂટવા માટે આત્મવાદની જરાયે જરૂર નથી. અને આ વાદમાં પેઠા કે આપણું ધ્યેય એક બાજુ રહી જાય છે તે બીજી જ ઝંઝાળમાં આપણે ફસાઈ પડીએ છીએ. તો તેનાથી દૂર રહેવું એ વધારે સારૂં છે.

કૌંડિન્ય : ગૌતમ ! હવે તો તું કાંઇ બધું નવું નવું જ બોલવા લાગ્યો છે, હો ! આત્મા નહીં, તપશ્ચર્યા નહીં, તો પછી ધર્મ રહ્યો ક્યાં ? ધર્મનો જે આધારસ્તંભ જ તોડવામાં આવ્યો તો આખી ઇમારત જ નીચે પડે ને ? જે માણસ અહીંથી થોડા વખત પહેલાં ગયો તે મારનો અવતાર જ હોવો જોઇએ. તેણે તને ભ્રમમાં નાંખ્યો છે. (નિશ્વાસ નાંખતો) અમને તો એવો વિશ્વાસ હતો કે તારી આ પહાડ જેવી નિશ્ચલ તપશ્ચર્યાથી તને આત્મબોધ પ્રાપ્ત થશે અને તું નિર્વાણનો સાદો અને સરળ માર્ગ શોધી કાઢી અમને દોરીશ. પણ આજે અમે એકદમ નિરાશ થઇ ગયા છીએ.

બોધિસત્ત્વ : તેમાં હું લાચારીજ છું. હવે પછી તમારૂં કાર્ય તમે સ્વતંત્રપણે ચલાવો અને હું મારી શોધ મને યોગ્ય લાગે તે દિશામાં ચલાવું છું.

(પડદો પડે છે.)

પ્રવેશ ચોથો

સૂત્રધાર : બોધિસત્ત્વે તપશ્ચર્યા છોડી દીધી છે. ક્રમશઃ થોડો આહાર વધારવાથી તેમની પ્રકૃતિ હવે અગાઉ જેવી દેખાવા લાગી છે. તે પાસેના ગામમાં ભિક્ષા માંગવા જાય છે. તે સ્વધર્મમાંથી ચ્યુત થયા એમ સમજવાથી પંચવર્ગીય ભિક્ષુ તેમને છોડીને વારાણસી જતા રહ્યા છે. (સૂત્રધાર જાય છે.)

[સ્થળઃ–બોધિસત્ત્વની પર્ણકુટી. વૈશાખ સુદ ચૌદશને દિને મધ્યાન્હ કાળે બોધિસત્ત્વ ઘાસના એક આસન પર બેઠા છે. તેમની સામે એક બાજુએ ત્રણ ગ્રામવાસીઓ બેઠા છે અને બીજી બાજુ સુજાતા અને તેની બે ત્રણ સખીઓ બેઠી છે.]

સુજાતા : ભદન્ત, આપની તબિયત હવે કેમ છે ?

બોધિસત્ત્વ : હવે તો સારૂં છે. પહેલાં ભિક્ષા માંગવા જતાં જે થાક લાગતો તે હવે બિલકુલ લાગતો નથી.

સુજાતા : ભદન્ત, કયારનોય એક પ્રશ્ન આપને પૂછવાનું મારા મનમાં ઘોળાયા કરે છે, પણ સંકોચ થાય છે—

બોધિસત્ત્વ : જરા જેટલો પણ સંકોચ રાખવાની જરૂર નથી. જે પૂછવા કરવાનું હોય તે શંકાવિના પૂછ.

સુજાતા : ભદન્ત ! આપ આવા મોટા જ્ઞાની હોવા છતાં આવી ઘોર તપશ્ચર્યા કરી આપનો જીવ જોખમમાં શા સારૂ નાંખ્યો ?

બોધિસત્ત્વ : તને ખબર તો હશે જ ને કે અનેક શ્રમણો તપશ્ચર્યા કરે છે.

સુજાતા : હા, ખરૂં છે. મેં ઘણા શ્રમણોની તપશ્ચર્યા જોઇ છે. પણ, આપની તપશ્ચર્યા જેવી મેં કોઈની પણ જોઈ નથી.

બોધિસત્ત્વ : સામાન્ય કહી શકાય તેવી તપશ્ચર્યાથી મને તત્વ-બોધ થયો નહીં. તેથી, મેં તેની પરાકાષ્ટા કરી. પણ તેનું પરિણામ એ આવ્યું કે મારા શરીરનું સત્વ જ જાણે હણાવા લાગ્યું અને વિચાર કરવાની શકિત જ જાણે નષ્ટ થવા માંડી. ત્યારે એકાએક મને મારા બાળપણની વાત યાદ આવી. હું નાનો હતો ત્યારે અમારા ખેતરમાં જતો હતો અને જંબુવૃક્ષ નીચે બેસીને ધ્યાન ધરતો હતો. તેથી મને નિષ્કામ સમાધાન ને પૂર્ણ શાંતિ મળતાં હતાં. બાલ્યાવસ્થામાં પણ ધ્યાનસુખનો હું અનુભવ લેતો હતો. પણ હવે તે સુખ ને તે શાંતિ મને કેમ મળતાં નથી તે પ્રશ્ન મારી સમક્ષ ઉભો થયો અને આ તપશ્ચર્યાનું પરિણામ છે એમ મને જણાતાં જ મેં તપશ્ચર્યાનો ત્યાગ કર્યો. મારા પાંચ સાથીઓને લાગ્યું કે હું ધર્મભ્રષ્ટ થયો. અને તેથી તે બધા મને છોડી ગયા. આવી સ્થિતિમાં તેં અને તારી સખીઓએ મારા આહાર–પાણીની જો કાળજી લીધી ન હોત તો હું આ તપ-

શ્રમોને લીધે પેદા થયેલી નબળાઈમાંથી ઉગરી શકયો ન હોત. આ બધા માટે તો હું તમારા સર્વનો ખૂબ આભારી છું.

સુજાતા : ભદન્ત, કાલે પૂર્ણિમા છે. ત્યારે આપે અમારે ઘેર જ ભિક્ષા લેવા આવવું જોઇએ.

બોધિસત્ત્વ : અને આ ગૃહસ્થો કયાંથી આવ્યા છે ?

એકજણ : અમે પાસેના ગામના રહેવાસી છીએ. આપના સાથીઓને અમે ભિક્ષા આપતા હતા. પણ આપે જ્યારે તપશ્ચર્યા છોડી ત્યારે અમને ઘણું ખરાબ લાગ્યું.

બોધિસત્ત્વ : બે દિવસ પહેલાં તમારામાંના એકને મેં તમારા ગામમાં જોયા હતા, પણ તમારા ગામમાં મને ભિક્ષા મળી નહીં.

એકજણ : એનું કારણ એ કે અમારા ગામના લોકો આપની વિરુદ્ધ છે. આપે તપશ્ચર્યાનો નિષેધ કર્યો છે એમ આપના સાથીદારો પાસેથી અમારા ગામવાળાઓએ જાણ્યું અને તે બધાએ તેથી નકકી કહું કે આપને ભિક્ષા આપવી નહીં.

બોધિસત્ત્વ : તો અત્યારે તમારું અહિં કેમ આવવું થયું ?

એકજણ : સુજાતાબહેનની એક સ્ત્રીમિત્રે અમારા ગામમાં આવીને અમને સમજાવ્યા કે અમારું પગલું અયોગ્ય છે. યજ્ઞયાગ અને તપશ્ચર્યા એ બેની વચ્ચે બીજો પણ કોઇ એક ધર્મમાર્ગ હોઈ શકે એમ તેમણે અમને સમજાવ્યું, ત્યારે અમે નિર્ણય કર્યો કે આપને કાલે અમારે ત્યાં આવવા આમંત્રણ આપવું અને આપનો ધર્મમાર્ગ કયો છે તે આપની પાસેથી જ જાણવા પ્રયત્ન કરવો.

બોધિસત્ત્વ : યજ્ઞયાગ અને તપશ્ચર્યા એ બેય છેડા વચ્ચેનો એકાદો અનોખો ધર્મમાર્ગ હોવો જ જોઇએ એવી મારી પાકી માન્યતા છે. પણ, હજી સુધી મને તે મળ્યો નથી. ત્યારે તમારે ત્યાં આવીને તમને હું શું સમજાવી શકું ? અને મને આવતી કાલે સુજાતાનું આમંત્રણ મળી ચૂકયું છે, તેથી તમારું આમંત્રણ સ્વીકારવાનું શકય નથી. હું જ્યારે તપશ્ચર્યા કરતો હતો ત્યારે આસપાસના ગામના રહેવાસીઓએ મારા સાથીદારોને ભિક્ષા આપીને મદદ કરી છે તે બદલ તમારા સૌને આભારી છું.

બધા : અમારી પણ પ્રાર્થના છે કે જે ધર્મમાર્ગની શોધમાં આપ છો તે આપને જલ્દીથી સાંપડો !

(સુજાતા, તેની સખીઓ, ગ્રામવાસીઓ બધા એક પછી એક બોધિસત્ત્વને નમસ્કાર કરે છે ને જાય છે. પડદો પડે છે.)

પ્રવેશ પાંચમો

સૂત્રધાર : આજે વૈશાખી પૂર્ણિમા છે. સુજાતા અને તેની સખીઓ સવારે પહેલી ઉઠી છે. અત્યંત પરિશ્રમથી બોધિસત્ત્વ માટે તેમણે દૂધની ઉત્તમ ખીર બનાવી છે. બોધિસત્ત્વ ભિક્ષા માટે પધાર્યા, ત્યારે સુજાતાએ તેમને ખીર વહોરાવી અને તે લઇને બોધિસત્ત્વ નૈરંજરા નદીના કાંઠે ગયા. ત્યાં તેમણે સ્નાન કર્યું. પછીથી નદીને તીરે બેસી તેમણે ભોજન કર્યું. ભોજન પછી ત્યાં જ એક વૃક્ષ નીચે તેમણે વિરામ કર્યો અને સાંજને સમયે તે જગ્યા છોડીને એકાન્ત સ્થળમાં આવેલ બોધિવૃક્ષ સમીપ તેઓ જઇરહ્યા છે.

(સૂત્રધાર જાય છે. બોધિસત્ત્વ પ્રવેશે છે. રસ્તામાં માર્ગની જમણી બાજુએ સ્વસ્તિક નામે એડૂત ઘાસ કાપી રહ્યો છે.)

સ્વસ્તિક : ભદન્ત, તમે આ સંધ્યા સમયે આ બાજુ કયાં ચાલ્યા ?

બોધિસત્ત્વ : આજની રાત હું આ બાજુ જ ગાળવાનો છું—

સ્વસ્તિક : ભદન્ત ! આ પ્રદેશ સાવ નિર્જન છે. ત્યાં આવે સમયે શા માટે જાઓ છો ?

બોધિસત્ત્વ : ભાઇ ! શુદ્ધ સમાધિ માટે આવો જ નિર્જન પ્રદેશ જોઇએ. ઠીક. મને થોડું ઘાસ આપીશ ભાઈ !

સ્વસ્તિક : થોડું શા સારું ! જેટલું જોઇએ તેટલું લો ને ! ચાલો હું જ લઇને ત્યાં આવું છું. તમને ઘાસની સુંદર પથારી બનાવી આપું.

બોધિસત્ત્વ : મારે ત્યાં સુવું નથી. મારે તો ધ્યાન કરવું છે. તું મને ફકત એક જ પુળો આપ.

સ્વસ્તિક : સારું. પણ હું સાથે આવીને મદદ કરું ?

બોધિસત્ત્વ : ના, ભાઇ, ના ! મને એકલાને જ જવા દે.

સ્વસ્તિક : જેવી આજ્ઞા.

(એમ કહી સ્વસ્તિક બોધિસત્ત્વને એક પુળો ઘાસ આપે છે. તે લઇને બોધિસત્ત્વ બોધિવૃક્ષ નીચે જાય છે ને તે બરાબર પાથરી તેની ઉપર ધ્યાનસ્થ થાય છે. થોડી વારે ત્રણ મારકન્યાઓ નૃત્ય કરતી પ્રવેશે છે. બોધિસત્ત્વ ધ્યાનમાં મગ્ન છે.)

એક મારકન્યા : આ માણસ તો સાવ ઢોંગી ને નિર્દય લાગે છે. આપણે તેને ખુશ કરવા આવ્યા પણ તે તો પથ્થરની જેમ બેઠો છે—હાલતો પણ નથી, ને ચાલતો પણ નથી.

બીજી મારકન્યા : અરે તેનામાં વિચાર કરવાની શકિત જ કયાં છે ? તે બોલે કયાંથી ? ને સમજે શું ?

ત્રીજી મારકન્યા : માટે તો કહું છું કે આવા પથ્થર સાથે શું માથું ફોડવું ? ચાલો આપણે તો જઇએ—

(તે જાય છે. માર પ્રવેશે છે. તેની પાછળ પાછળ વિવિધ ભયાનક રૂપો ધારણ કરતી મારસેના આવે છે.)

માર : અરે ગૌતમ ! તને થયું છે શું ? આવું સુંદર નૃત્ય થયું ને તું પથ્થર જેવો નિશ્ચેષ્ટ બેઠો છે. તારું તો ભાન જ ગયું લાગે છે.

બોધિસત્ત્વ : માર ! હું સંપૂર્ણ ભાનમાં છું. ભોગવિલાસ એ તો તારી પહેલી સેના. તેનાથી મનુષ્ય ઘેરાઈ ગયો એટલે તે શું કરે ને શું ન કરે તેનું શું ઠેકાણું ? ગૃહકલહ, જાતિ–જાતિમાં ઝઘડા અને દેશ દેશ વચ્ચેના યુદ્ધો એ ફકત ભોગવિલાસ માટે જ થતાં હોય છે. પણ, તેનું મારી ઉપર કશું પણ પરિણામ થયું નથી એ તું જુએ છે.

માર : ભોગવિલાસ છોડીને તું જો આમ જંગલમાં રઝળતો જ રહ્યો તો બહુ જ જલ્દી અસંતોષ પ્રગટશે ને તું દુઃખી દુઃખી થઈશ.

બોધિસત્ત્વ : તારી બીજી સેના તે આ જ–અસંતોષ. હું તેનાથી પૂરો સાવધ છું. તે મારું કાઈ બગાડી નહીં શકે—

માર : તો તો તું એકાદ અનાથની જેમ ભૂખ્યોતરસ્યો ભટકીશ ને મરીશ.

બોધિસત્ત્વ : આ ભૂખતરસ એ તારી ત્રીજી સેના. હું એ બન્નેને સહન કરતાં શીખી ગયો છું. તારી આ સેનાની પણ મને બીક લાગતી નથી.

માર : રાજ્ય ન મળ્યું માટે હવે તું શ્રમણોનો નેતા થવા પ્રયત્નો આદરે છે. જોજે તો ખરો કે—

બોધિસત્ત્વ : આ મહત્વાકાંક્ષા એ જ તારી ચોથી સેના. તેને હું બરોબર ઓળખું છું. તે મારી પર હલ્લો કરી શકે એમ નથી.

માર : અલ્યા ! મહત્ત્વાકાંક્ષા નથી તો સ્વસ્થ પડયો રહે ને ?

બોધિસત્ત્વ : આળસ એ તારી પાંચમી સેના જ છે. તું મને તેને સ્વાધીન થવા ઇચ્છે છે ? તેમાં તને સફળતા નહીં મળે—

(એટલામાં તો રણવાદ્યો વાગે છે અને મારસૈનિકો મોટા કોલાહલ પૂર્વક બોધિસત્ત્વને ઘેરી લે છે.)

માર : હવે ભાન આવ્યું ? હવે, ગૌતમ ! તું શું કહે છે ?

બોધિસત્ત્વ : આ તો તારી છઠ્ઠી સેના. અત્યંત ભયાનક પ્રદેશમાં રહીને મેં નિર્ભયતા મેળવી છે. આ તારી ભીતીસેનાની મારી ઉપર કશી જ અસર થનાર નથી.

માર : અરે ગાંડા ગૌતમ ! આ બધું શા સારું કરે છે ? તારા જેવા તો મેં કેટલાયે જોયા. પ્રયત્નો તો બધા કરે છે, પણ સિદ્ધિ કોઇને મળતી નથી. બધા પ્રયત્નો વ્યર્થ જાય છે.

બોધિસત્ત્વ : આ કુશંકા એ તારી સાતમી સેના છે. પણ સન્માર્ગમાં તે મારે માટે મુશ્કેલી ઉભી કરે તેમ નથી.

ગુજરાતની અનન્ય જ્ઞાનવિભૂતિ પં. સુખલાલજી

સન્માનફાળામાં આપનો હિસ્સો આપો.

પંડિત સુખલાલજીએ સોળ વર્ષની નાની વયે બળિયાના ઉપદ્રવને કારણે આંખોનું તેજ ગુમાવ્યું. છતાં એવા ભારે અવરોધને પણ એમના પુરુષાર્થી સ્વભાવે ગણકાર્યો નહિ; એટલું જ નહિ પણ તીવ્ર એકાગ્રતાથી તેમણે અનેક શાસ્ત્રગ્રન્થોનું અધ્યયન કરી શાસ્ત્રોના સિદ્ધાન્તો આત્મસાત કર્યા, એના ઉપર મનન કર્યું અને પોતાની સ્વતંત્ર બુદ્ધિપ્રતિભાથી મૂળ અર્થોનો વિસ્તાર કર્યો. એમણે અનેક શિષ્યોને માર્ગદર્શન આપ્યું, અનેક ગ્રન્થો રચ્યા, અનેક સ્વાધ્યાયલેખો લખ્યા અને સર્વોચ્ચ પંક્તિના વિદ્વાન તરીકેની પ્રતિષ્ઠા સંપાદન કરી. વિદ્યાના ક્ષેત્રે એમણે કરેલો પુરુષાર્થ જેટલો વિરલ છે તેટલો જ પ્રેરણાદાયી છે. આજે ૭૬ વર્ષની વયે પણ પંડિતજીનું વિદ્યાતપ અખંડ રહ્યું છે અને યુવાનને પણ શરમાવે એવી ધ્યેયનિષ્ઠાથી એમની સારસ્વત પ્રવૃત્તિ ચાલી રહી છે. આમ આખો દેશ જેમને માટે ગૌરવ લઈ શકે એવી એ વિદ્યાવિભૂતિ છે.

આવા—ભારતીય દર્શનશાસ્ત્રોના પ્રખર વિદ્વાન, સૂક્ષ્મ ચિન્તક અને સમર્થ તત્ત્વવિવેચક—પંડિત સુખલાલજીનું જાહેર સન્માન કરવા માટે મુંબઈ, અમદાવાદ, કલકત્તા, દિલ્હી, બનારસ, મદ્રાસ, બેંગલોર વગેરે સ્થળોએ સન્માન સમિતિઓ રચવામાં આવી છે અને આવતા ઓકટોબર કે નવેમ્બરમાં એક ભવ્ય સમારંભ યોજી પંડિતજીને એક થેલી અર્પણ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ સમિતિના પ્રમુખપદે સદ્‌ગત શ્રી ગણેશ વાસુદેવ માવળંકર હતા. તેમનું સ્થાન માન્યવર શ્રી મોરારજી દેસાઇએ સ્વીકારવા હા પાડી છે. આ કાર્યમાં ઉપપ્રમુખો, મંત્રીઓ, કારોબારીના સભ્યો તરીકે અનેક નામાંકિત વ્યક્તિઓનો સહકાર મળ્યો છે.

પ્રસ્તુત સન્માન—યોજનાનું સામાન્ય સ્વરૂપ નીચે પ્રમાણે છે:—

(૧) અખિલ ભારતીય ધોરણે સન્માનનિધિ એકઠો કરવો.

(૨) આ સન્માનનિધિમાંથી પં. સુખલાલજીના હિંદી તેમ જ ગુજરાતી લેખોનો સંગ્રહ પ્રગટ કરવો.

(૩) સન્માનનિધિમાં રૂા. ૨૫) અથવા તેથી વધારે રકમ ભરે તે દરેક દાતાને આ લેખસંગ્રહની એક નકલ ભેટ આપવી.

(૪) આગામી ઓકટોબર કે નવેમ્બરમાં મુંબઈમાં એક સન્માન સમારંભ યોજીને પં. સુખલાલજીનું જાહેર સન્માન કરવું.

(૫) સન્માન—નિધિમાંથી વધેલી રકમ મુંબઈ ખાતે સન્માન સમારંભ થાય તે પ્રસંગે પંડિતજીને અર્પણ કરવી.

આ યોજનામાં સૂચવેલ લેખસંગ્રહ છપાવવાનું કાર્ય બનારસ હિંદુ યુનિવર્સિટીના જૈન દર્શનના અધ્યાપક શ્રી દલસુખભાઈ માલવણિયાની દેખરેખ નીચે ચાલી રહ્યું છે. આ લેખસંગ્રહ બે વિભાગમાં પ્રગટ કરવામાં આવનાર છે. એક હિંદી લેખોનો સંગ્રહ અને બીજો ગુજરાતી લેખોનો સંગ્રહ. હિંદી—લેખોનો સંગ્રહ છપાઇને તૈયાર થવા આવ્યો છે જે લગભગ ૮૦૦ પાનાનો થવા જાય છે. તેટલો જ દળદાર ગ્રંથ ગુજરાતી લેખોના સંગ્રહનો થવા સંભવ છે.

સન્માનનિધિ એકઠો કરવાનું કાર્ય ભિન્ન ભિન્ન સ્થળોએ ચાલી રહ્યું છે. કલકત્તા ખાતે રૂા. ૧૬૦૦૦ ની રકમ એકઠી થઈ છે અને હજુ વધારે રકમ એકઠી થવા આશા છે. અમદાવાદ તેમ જ મુંબઇમાં કેટલાંક પ્રતિકુળ સંયોગોને લીધે આજ સુધી આ કાર્ય પુરા વેગથી હાથ ધરી શકાયું નહોતું. એમ છતાં અમદાવાદમાં રૂા ૪૦૦૦ લગભગ અને મુંબઇમાં રૂા. ૩૦૦૦ એકઠા થયેલ છે. અને પંજાબ, મદ્રાસ, બેંગલોર વગેરેમાં થઇને ચારેક હજાર ભેગા થયેલ છે. સૌરાષ્ટ્રમાં પણ આ કાર્ય ચાલી રહ્યું છે. મુંબઇમાં પ્રસ્તુત કાર્યને હવે કેવી રીતે આગળ વધારવું તેનો વિચાર કરવા માટે તા. ૨૫-૬-૫૬ ના રોજ શ્રી શ્રેયાંસપ્રસાદ જૈનના પ્રમુખપણા નીચે સન્માન સમિતિની એક સભા મળી હતી. એ સભામાં મુંબઇમાં ફંડ એકઠું કરવા માટે એક વ્યાપક યોજના વિચારવામાં આવી છે અને તેને લગતી જવાબદારી જુદા જુદા સભ્યોને વહેંચી દેવામાં આવી છે.

ઉપર જણાવ્યા મુજબ સન્માન નિધિમાં આજ સુધીમાં રૂા. ૨૭૦૦૦ નાં વચનો મળ્યાં છે. આ કાર્યને આગળ વધારવા માટે સમિતિના મંત્રીઓ તેમ જ સભ્યો ચોતરફ ફરશે અને ફાળો એકઠો કરવા જરૂરી પ્રયત્નો કરશે. પણ સાથે સમિતિ એવી અપેક્ષા રાખે છે કે વિદ્વત્તાના ક્ષેત્રમાં માત્ર ગુજરાતની જ નહિ પણ સમગ્ર ભારતની આવી એક વિશિષ્ટ કોટિની વ્યક્તિની જીવનભરની જ્ઞાનોપાસનાની કદર કરીને મુંબઇ, ગુજરાત, સૌરાષ્ટ્ર તથા કચ્છના લોકો સ્વેચ્છાપ્રેરિત બનીને આ થેલીમાં પોતાની શક્તિ અનુસાર ફાળો મોકલી આપે, અને એ રીતે અમારા કાર્યનો બોજો હળવો કરે.

પંડિત સુખલાલજી સન્માન સમિતિનું મુખ્ય કાર્યાલય અમદાવાદ છે અને તેનું ઠેકાણું નીચે મુજબ છે:—

ગુજરાત વિદ્યા સભા, ભદ્ર, અમદાવાદ.

મુંબઈની સમિતિનું ઠેકાણું નીચે મુજબ છે:—

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ ૩.

આમાંથી કોઈ પણ ઠેકાણે ફાળાની રકમ મોકલી શકાશે.

આ સન્માન નિધિ એકઠો કરવામાં જરૂરી સહકાર આપવા વિદ્યા-પ્રેમી ગુજરાતી ભાઈ બહેનોને અમારી પ્રાર્થના છે.

મંત્રીઓ

પંડિત સુખલાલજી સન્માન સમિતિ.

(બોધિસત્ત્વ)

માર : ભારે ડોળ કરે છે. ઠીક છે. આ ભારે અભિમાન છે.

બોધિસત્ત્વ : તારી આઠમી સેના તે અભિમાન તે મારી પર વિજય મેળવી નહીં શકે, માર!

માર : અરે ગૌતમ! અભિમાન નહીં તો કાંઇ નહીં માનપાન, પૂજાસત્કાર વગેરે તો જોઇએ ને?

બોધિસત્ત્વ : તારી અનેક સેનાઓ ને શસ્ત્રોમાં આ પણ એક એક મુખ્ય છે. આ બંને પાછળ જ આત્મસ્તુતિ અને પરનિંદા પણ સાથોસાથ આવે છે. પણ મારી પાસે પ્રજ્ઞાશસ્ત્ર છે. તે સતેજ છે. તે શક્તિશાળી છે. માર! તારું મારી પાસે કાંઇ વળે તેમ નથી. તું તારે રસ્તે પડ.

(એટલામાં ચારે બાજુ અંધકાર ફેલાય છે અને મારસેનાની ગર્જના સંભળાય છે. ફરીથી થોડો પ્રકાશ થાય છે.)

માર! મનુષ્યને જો દુઃખ ન જોઈતું હોય, તો તેણે તૃષ્ણાનો ક્ષય કરવો જોઇએ. તે તૃષ્ણાનો કેમ ક્ષય થાય તેનો માર્ગ મને હવે દેખાવા લાગ્યો છે. એટલે તારી સેના સાથે તું હવે પલાયન થઇ જા. તારા બચાવનો આ જ માર્ગ છે—

(ફરીથી અંધકાર દેખાય છે, વીજળી ચમકે છે, પણ બોધિસત્ત્વ જણાતા નથી. આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થાય છે ને આરતીના સૂર સંભળાવા લાગે છે.)

જય બુદ્ધ, જય બુદ્ધ, જય જય સમ્બુદ્ધ, જય જય સમ્બુદ્ધ.
જ્ઞાન દયાના દીપ! દ્વેષથી અન્ધ દૃગો કર શુદ્ધ.
તવ મધ્યમ માર્ગે તાર્યા છે, વિશ્વતણા બહુ લોક;
વ્યાધિ જરાથી પીડિત જનનો, દૂર કર્યો તેં શોક.
સર્વ ઋણોનાં બંધનથી તેં, મુકત કર્યા નરનાર;
ભવ-કાનનમાં તુજ શો કોઇ, અન્ય ન તારણહાર.
વીર વિજેતા સંગ્રામોના, ઊઠ અહો જગદીશ!
નમ્ર પ્રાર્થના એક સૂરમાં, કરીએ નમવી શીશ.
જય બુદ્ધ, જય બુદ્ધ, જય જય સમ્બુદ્ધ, જય જય સમ્બુદ્ધ.

સમાપ્ત

પ્રકીર્ણ નોંધ

મહારાષ્ટ્ર પ્રદેશ કોંગ્રેસ સમિતિનો પરસ્પરવિરોધી ઠરાવ

મુંબઇ મહારાષ્ટ્રના પ્રશ્નમાં રસ ધરાવનાર પ્રબુદ્ધ જીવનના વાંચકોએ મુંબઇમાં મળેલી અખિલ હિંદ મહાસભા સમિતિની બેઠક દરમિયાન હિંદના મહામાત્ય નહેરૂએ કરેલી જાહેરાત સંબંધમાં મહારાષ્ટ્ર પ્રદેશ કોંગ્રેસ સમિતિએ કેવો નિર્ણય લીધો તે ધ્યાનમાં રાખવું જરૂરી છે. આ સમિતિની તા. ૧૭–૬–૫૬ ના રોજ મળેલી સભાએ પ્રસ્તુત વિષય અંગે ૬૬ વિરૂધ્ધ ૫૬ મતે નીચેનો ઠરાવ પસાર કર્યો હતો:—

૧. સંયુકત મહારાષ્ટ્રના નિર્માણ સંબંધે કોંગ્રેસ મોવડીમંડળે જે આખરી નિર્ણય જાહેર કર્યો છે તે સાંભળીને આ પ્રદેશ કોંગ્રેસ સમિતિને અત્યંત દુઃખ થાય છે.

૨. મુંબઇ શહેર અને બેળગાંવ–કારવારના મરાઠીભાષી વિભાગો તેમજ સંકલ્પિત મહારાષ્ટ્રના સરહદ પરના અન્ય મરાઠી વિભાગો મહારાષ્ટ્રમાં સામેલ ન કરવાથી (મહારાષ્ટ્ર પર) અન્યાય થયો છે. એટલે જ પ્રદેશ કોંગ્રેસ સમિતિ આ નિર્ણય પ્રત્યે પોતાનો તીવ્ર અસંતોષ અને અસમાધાન વ્યકત કરે છે.

૩. મુંબઇ શહેર બાબત શુમારે પાંચ વર્ષ પછી મુંબઇની જનતાનો મત જાણીને ફરી વિચાર કરવામાં આવશે એવું આશ્વાસન પંડિત જવાહરલાલ નહેરૂએ આપ્યું છે. મુંબઇ શહેર મહારાષ્ટ્રનો અવિભાજ્ય ભાગ છે અને તેથી શહેરને પોતાનું ભાવિ ઠરાવવાનો અધિકાર આપવો યોગ્ય નથી. શહેરમાંની સર્વ પ્રજાઓ અને વર્ગોમાં સંપ થાય અને લઘુમતીઓના હકકોને સંરક્ષણ મળે એ માટે મહારાષ્ટ્ર પ્રદેશ કોંગ્રેસ સમિતિએ પોતાની ભૂમિકા વારંવાર સ્પષ્ટ કરી છે. સૂચિત મહારાષ્ટ્રની સરહદ પરના મરાઠીભાષી વિભાગો મહારાષ્ટ્રમાં સામેલ કરવાનો પ્રયત્ન આ પ્રદેશ કોંગ્રેસ સમિતિ કરશે. લોકશાહી અને શાંતિના માર્ગ સિવાય અન્ય કોઇ પણ ઉપાય પોતાના ધ્યેય ધોરણ માટે ઘાતક હોઈ જનતાએ તેનાથી અલિપ્ત રહેવું એવી આ સમિતિની વિનંતિ છે.

૪. ભારતીય સંઘ રાજ્યમાં પોતાનું ધ્યેય પ્રાપ્ત કરવાનો એક માત્ર ઉપલબ્ધ માર્ગ લોકશાહી પદ્ધતિ જ છે અને રાજ્ય પુનર્ઘટના સંબંધમાં ભારતની એકાત્મતાનો વિચાર કરી આપણા બંધારણે તે અંગેનો આખરી અધિકાર પાર્લામેન્ટને આપ્યો છે એ પણ જનતાની દૃષ્ટિ સમક્ષ લાવવાનું આ સભા ઇચ્છે છે.

૫. નવા રચાનારા મહારાષ્ટ્રનાં વિકાસની જવાબદારી આ પ્રદેશની જનતાની પેઠે બીજા મરાઠી પ્રદેશોની જનતા પર પણ રહે છે. આ બાબતમાં આ પ્રદેશના કોંગ્રેસજનો પર પડનારી જવાબદારી આ પ્રદેશ કોંગ્રેસ સમિતિ ટાળવા ઇચ્છતી નથી. પરંતુ એ જવાબદારી સ્વીકારવાની સાથેસાથ ભાષાવાર પ્રાંતો અંગેના કોંગ્રેસના ધોરણની સ્પષ્ટ સમજ જનતાના દિલમાં હોય તેમ જ તેની મંજૂરી હોય એ અત્યંત આવશ્યક છે.

૬. ઉપર્યુકત દૃષ્ટિકોણ જનતાને સમજાવવા માટે અથાક પ્રયત્ન કરવાનો આદેશ આ પ્રદેશ સમિતિના કાર્યકર્તાઓને આપવામાં આવે છે.

૭. એવી જ રીતે ઉપર્યુકત કાર્ય સફળ થાય એ દૃષ્ટિએ જવાબદાર કોંગ્રેસ કાર્યકર્તાઓએ જો જરૂરી લાગે તો સરકારમાંથી પોતાના હોદ્દાઓના ત્યાગ કરીને એ કાર્ય હાથ ધરવું."

ઉપર જણાવેલ ઠરાવની વિગતો ચર્ચવાની ખાસ જરૂર નથી કારણ કે દૈનિક પત્રોમાં તે સારી રીતે ચર્ચાઇ ગઈ છે. આ ઠરાવમાં ન સમજાય તેવી એક બાબત છે અને તે એ કે એક બાજુ અમૃતસર કોંગ્રેસનો ઠરાવ આ પ્રદેશ સમિતિને માન્ય નથી અને તેના અનુસંધાનમાં કરવામાં આવેલી શ્રી. નહેરૂની જાહેરાત પ્રત્યે પ્રદેશ સમિતિ પોતાના ઠરાવમાં તીવ્ર અસંતોષ અને અસમાધાન વ્યકત કરે છે અને બીજી બાજુએ ભાષાવાર પ્રાન્તો અંગેના કોંગ્રેસના ધોરણ વિષે મહારાષ્ટ્રની જનતાને સ્પષ્ટ સમજ આપવા માટે પ્રદેશ સમિતિના કાર્યકર્તાઓને પ્રસ્તુત ઠરાવ દ્વારા આદેશ આપવામાં આવે છે અને એ દૃષ્ટિએ જરૂર જણાય તો સરકારી હોદ્દાઓ ધરાવતા કોંગ્રેસી કાર્યકર્તાઓને પોતાના હોદ્દાઓ ત્યાગ કરવાનું કહેવામાં આવે છે. આ બન્ને વચ્ચે મોટો વિરોધ છે. કોંગ્રેસનું દૃષ્ટિબિન્દુ સમજાવવા ઇચ્છતા કાર્યકર્તાઓ પ્રથમ તો અમૃતસર કોંગ્રેસનો ઠરાવ તથા નહેરૂની જાહેરાતને તેના સર્વ અંશોમાં–ઇચ્છાએ કે અનિચ્છાએ–પણ સ્વીકારવી જ જોઇએ. આ સ્વીકારની ભૂમિકા સિવાય તેમના માટે મહારાષ્ટ્રની જનતાને કોંગ્રેસ વિષે કશું સમજાવવાપણું રહેતું જ નથી. આ સ્થિતિ સ્વીકાર્ય હોય તો તે માટે કોઈ પણ કોંગ્રેસી કાર્યકર્તાએ સરકારી હોદ્દો છોડવાની જરૂરી નથી. એ હોદ્દા ઉપર રહીને કોંગ્રેસનું દૃષ્ટિબિન્દુ તે મુકતપણે સમજાવી શકે છે. આ રીતે વિચારતાં શ્રી. હીરે તથા શ્રી. કુંટેની–પોત–પોતાના હોદ્દા છોડવાની–માંગણી કોંગ્રેસના પ્રમુખે સ્વીકારી નથી એ યોગ્ય જ કર્યું છે.

આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિ સ્મારક ગ્રંથ અને તેને લગતો પ્રકાશન સમારંભ

શ્રી મહાવીર જૈન વિદ્યાલય તરફથી આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિના સ્મરણમાં ભારે દળદાર તથા જૈન શિલ્પ, સ્થાપત્ય, તથા ચિત્રકળાના ઉત્તમ નમુનાઓથી સુસમૃદ્ધ એવો એક સ્મારક ગ્રંથ તૈયાર કરવામાં આવ્યો છે. જે સંસ્થાની સ્થાપના સ્વર્ગસ્થ આચાર્યશ્રીની શુભ પ્રેરણાથી આજથી ૪૦ વર્ષ પહેલાં કરવામાં આવી હતી, એટલું જ નહિ પણ જે સંસ્થા સાથે આચાર્યશ્રીનો જીવનના અન્ત સુધી ઘટ્ટ સંબંધ રહ્યો હતો તે સંસ્થા તે આચાર્યશ્રીના સ્મરણમાં આવા સુન્દર સ્મૃતિગ્રંથનું આયોજન કરે તે સર્વથા ઉચિત અને સંસ્થા માટે ગૌરવ–પ્રદ ઘટના છે.

આ ગ્રંથના પ્રકાશનને જાહેરાત આપવાના હેતુથી તા. ૨૮-૬-૫૬ ગુરૂવારના રોજ મુંબઈ ખાતે ભારતના સુવિખ્યાત ઉદ્યોગપતિ અને જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સમાજના પ્રમુખ અગ્રેસર શેઠ કસ્તુરભાઇ લાલભાઈના પ્રમુખપણા નીચે ભારતીય વિદ્યા ભવનમાં એક જાહેર સમારંભ શ્રી મહાવીર જૈન વિદ્યાલય તરફથી યોજવામાં આવ્યો હતો. પ્રારંભમાં સંસ્થાના મંત્રી શ્રી ચંદુલાલ વર્ધમાન શાહે સુશ્લિષ્ટ ભાષામાં લખાયલું એક સવિસ્તર નિવેદન વાંચી સંભળાવ્યું હતું. આ નિવેદનમાં સ્વર્ગસ્થ આચાર્યશ્રીનો પરિચય, તેમની અનેકવિધ સેવાઓનો વિસ્તૃત ઉલ્લેખ, પ્રસ્તુત સ્મારક ગ્રંથના સંપાદન કાર્યને લગતી જરૂરી વિગતો અને તેમાં ઉપયોગી થયેલ અનેક વ્યકિતઓનો નિર્દેશ, જૈન સમાજની વર્તમાન સ્થિતિ, જૈન વિદ્યાર્થીઓને મોટી સંખ્યામાં પરદેશ અભ્યાસ માટે મોકલવાની જરૂરિયાત અને તે માટે જરૂરી ફંડ ઉભું કરવાની આવશ્યકતા–આવા અનેક મુદ્દાઓની આલોચના કરવામાં આવી હતી. શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે અને ખીમજી માડણ ભુજપુરીઆએ પ્રાસંગિક વિવેચનો કર્યા હતાં. અને શેઠ કસ્તુરભાઇએ પ્રમુખસ્થાનેથી બોલતાં સ્વ. વિજયવલ્લભસૂરિને મુકત કંઠે અંજલિ આપી હતી અને આચાર્યશ્રી પ્રત્યેનું ઋણ અંશતઃ અદા કરાવાના હેતુપૂર્વક આવો વિપુલ લેખસામગ્રી ધરાવતો સ્મૃતિગ્રંથ નિર્માણ કરવા માટે શ્રી મહાવીર જૈન વિદ્યાલયના સંચાલકોને ધન્યવાદ આપ્યા હતા.

આ ગ્રંથ ગુજરાતી, હિંદી તથા અંગ્રેજી એમ ત્રણ વિભાગમાં વહેંચવામાં આવ્યો છે. તેનાં કુલ પાનાં ૬૦૦ છે. ગુજરાતી વિભાગ ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા, ડૉ. ઉમાકાન્ત પ્રે. શાહ અને શ્રી નાગકુમાર મકાતીએ, હિંદી વિભાગ અધ્યાપક પૃથ્વીરાજ જૈને, અને અંગ્રેજી વિભાગ ડૉ. મોતીચંદ, ડૉ. જગદીશચંદ્ર જૈન અને શ્રી ચીમનલાલ જેચંદ શાહે સંપાદિત કર્યો છે. આ ગ્રંથ તૈયાર કરવા પાછળ રૂા. ૩૦૦૦૦ નો ખર્ચ થયાનું જણાવવામાં આવે છે. અને તેની ૨૦૦૦ નકલ છપાવવામાં આવી છે. તેની કીંમત રૂા. ૧૭–૮–૦ (પોસ્ટેજના રૂા ૨–૧૨–૦ અગલ) રાખવામાં આવેલ છે, જે સામાન્ય માણસ માટે જરૂર આકરી લેખાય, પણ ગ્રંથ સમૃદ્ધિ અને તે પાછળ લેવાયલો શ્રમ અને પડતર કીંમત આ બધું ધ્યાનમાં લેતાં આ કીંમત ગેરવ્યાજબી લેખાવી ન જોઇએ.

જૈન સમાજમાં પુસ્તક પ્રકાશનનું કાર્ય અનેક સંસ્થાઓ તેમ જ વ્યક્તિઓ વર્ષોથી કરે છે અને ઢગલાબંધ સાહિત્ય પ્રગટ થયા કરે છે. પણ પ્રસ્તુત પ્રકાશનની હરોળમાં મૂકી શકાય એવાં ગણ્યાં ગાઠ્યાં ગ્રંથો આજ સુધી પ્રગટ થયેલ જૈન સાહિત્યમાંથી મળી શકશે– આવી અનુપમતા આ પ્રકાશન ધરાવે છે.

આ પ્રકાશનકાર્યમાં ઉપયોગી થયેલ અનેક વ્યકિતઓનો, નામ નિર્દેશ સાથે, સંસ્થાના મંત્રીએ પોતાના નિવેદનમાં આભાર માન્યો છે પણ પોતાની બાજુએ હોય તેને જેમ આપણે કદિ કદિ સાવ ભુલી જઇએ છીએ એ રીતે જેના અથાક પરિશ્રમ અને મુંબઇથી વડોદરા–અમદાવાદનાં અનેક પરિભ્રમણો સિવાય આ પ્રકાશ–નિર્માણ શકય જ નહોતું એવા શ્રી ક્રાન્તિલાલ ડી. કોરા જે સંસ્થના રજીસ્ટ્રારનું સ્થાન ધરાવે છે તેમનો ઉલ્લેખ કરવાનું મંત્રીના નિવેદનમાં કાં તો અજાણપણે રહી ગયું લાગે છે અથવા તો તેઓ પ્રકાશન સમિતિના એક સભ્ય હોઇને તેમના સંબંધે વિશિષ્ટ ઉલ્લેખ કરવાની મંત્રીશ્રીને જરૂર જણાઈ નથી. પણ આવું સુરુચિપૂર્ણ પ્રકાશન જેમની પ્રારંભથી છેવટ સુધીની કાળજીનું પરિણામ છે તે શ્રી કોરાના મુંગા કાર્યની આ પ્રસંગે ખાસ નોંધ લેવી ઘટે છે. આ માટે જૈન સમાજના તેમને અનેક અભિનંદન ઘટે છે.

શ્રી મહાવીર જૈન વિદ્યાલય ઉચ્ચ શિક્ષણનો લાભ લેવા માંગતા –જૈન શ્વે. મૂ. વિભાગના વિદ્યાર્થીઓને ભિન્ન ભિન્ન સ્થળોએ છાત્રાલયો ચલાવીને યા ઉભાં કરીને અનેકવિધ સગવડ આપે છે. તદુપરાન્ત તે સંસ્થાની ગ્રંથ પ્રકાશન પ્રવૃત્તિ પણ ચાલુ હોય છે. આજ સુધીમાં તે સંસ્થા તરફથી નીચે મુજબનાં ગ્રંથો પ્રકાશિત થયા છેઃ–

કાવ્યાનુશાસન, યોગશાસ્ત્ર, અષ્ટકપ્રકરણ, અધ્યાત્મ કલ્પદ્રુમ, જૈન દૃષ્ટિએ યોગ, આનંદઘન પદરત્નાવલિ ભાગ પહેલો અને રજત મહોત્સવ ગ્રંથ.

આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિ સ્મારક ગ્રંથ ઉપર જણાવેલ આગળનાં શિષ્ટ પ્રકાશનોની અપેક્ષાએ સર્વની ટોચરૂપ એક નવું અને યશસ્વી સીમાચિહ્ન સર કરે છે.

સ્વ. ભોગીલાલ અમૃતલાલ ઝવેરી

તા. ૧૯–૬–૫૬ ના રોજ શ્રી. ભોગીલાલ અમૃતલાલ ઝવેરીના મુંબઈ ખાતે ૬૭ વર્ષની ઉમ્મરે નીપજેલ અવસાન બદલ દીલગીરી વ્યકત કરવામાં આવે છે. સદ્‌ગત એક સજ્જન અને શીલસંપન્ન જૈન ગૃહસ્થ હતા. મુંબઈ યુનીવર્સિટીની બી. એ. એલ.એલ.બી.ની પરીક્ષા પસાર કર્યા બાદ તેમણે મુંબઇમાં વકીલાત શરૂ કરી હતી. આગળ ઉપર તેઓ ઓશીશીયલ એસાઇનીની ઓફિસમાં જોડાયા હતા. સરકારી નોકરીમાંથી નિવૃત્ત થયા બાદ તેમણે મુંબઈમાં ફરતા પુસ્તકાલયની પ્રવૃત્તિ હાથ ધરી હતી અને તેમનાં પત્ની સૌ. મૂળીબહેનના સ્મરણમાં ભિન્ન ભિન્ન મિત્રો સોપથી એકઠી થની જતી રકમમાંથી તેઓ પુસ્તકપેટીઓ તૈયાર કરતા હતા અને અનેક પુસ્તકાલયોને ભેટ આપતા હતા. આ રીતે જ્ઞાનપ્રચાર કરવા પાછળ અને લોકોમાં વાંચનરુચિ પેદા કરવા પાછળ તેમનો સર્વ સમય મોટા ભાગે પસાર થતો હતો, કેવળ નિરૂપદ્રવી તેમનું જીવન હતું અને અન્યને કયારે પણ ઉપયોગી થવામાં તેઓ આનંદ માનતા હતા. મીઠી સુવાસ ફેલાવતી શીતળ પવન–લહરિ આપણને ચોતરફ સ્પર્શીને પસાર થાય અને ચિરસ્થાયી મીઠું સ્મરણ મૂકી જાય તેવું જીવન જીવીને તેમણે આપણી વચ્ચેથી વિદાય લીધી છે. તેમના આત્માને શાશ્વત શાન્તિ પ્રાપ્ત થાઓ એજ પ્રાર્થના ! **પરમાનંદ**

વિષય સૂચિ

		પૃષ્ઠ
સર્વસેવાસંઘે સ્વીકારેલો મહત્વપૂર્ણ પ્રસ્તાવ		૪૧
તળેટી થૈને જો—	ગીતા પરીખ	૪૧
આ તે તટસ્થતા કે પક્ષગ્રસ્તતા ?	પરમાનંદ	૪૨
બોધિસત્ત્વ	ક્રાન્તિલાલ બરોડિયા	૪૩
ગુજરાતની અનન્ય જ્ઞાનવિભૂતિ પં. સુખલાલજી		૪૮
પ્રકીર્ણ નોંધ : મહારાષ્ટ્ર પ્રદેશ કોંગ્રેસ સમિતિનો પરસ્પર વિરોધી ઠરાવ, આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિ સ્મારક ગ્રંથ અને તેને લગતો પ્રકાશન સમારંભ, સ્વ. ભોગીલાલ અમૃતલાલ ઝવેરી	પરમાનંદ	૪૯
શ્રી શંકરરાવ દેવનું નિવેદન	શંકરરાવ દેવ	૫૦
શકુન્તલા ક્રાન્તિલાલ ગર્લ્સ હાઇસ્કૂલને ધન્યવાદ	પરમાનંદ	૫૨

શ્રી શંકરરાવ દેવનું નિવેદન

મુંબઈ માટેનો સત્યાગ્રહ બંધ કરવો ઘટે છે

(તાજેતરમાં મુંબઇ–મહારાષ્ટ્રના પ્રશ્ન અંગે કરવામાં આવેલી પંડિત જવાહરલાલ નહેરુની જાહેરાત અને મહારાષ્ટ્ર પ્રદેશ કોંગ્રેસ સમિતિએ તે ઉપર કરેલા ઠરાવને અનુલક્ષીને શ્રી શંકરરાવ દેવે એક નિવેદન બહાર પાડયું છે જેમાંનો અગત્યનો ભાગ નીચે આપવામાં આવે છે. આ નિવેદનમાં જે સમભાવ, સ્વસ્થતા, દૂરંદેશીપણું અને વિરોધીઓનું દબાણથી નહિ પણ સમજાવટથી પરિવર્તન કરવાની નીતિનો સ્વીકાર અને પ્રચાર જોવામાં આવે છે તે જ ઉદાત્ત વળણ મુંબઈ મહારાષ્ટ્રની ઝુંબેશ શરૂ થયા પહેલાં શ્રી શંકરરાવ દેવે અને તેમના સાથી કોંગ્રેસી આગેવાનોએ જો સ્વીકાર્યું અને અમલી બનાવ્યું હોત અને મહારાષ્ટ્રના જે પક્ષો એ વળણ ન સ્વીકારે તે પક્ષોથી અલગ રહીને પોતાની માંગણીનો શાન્તિમય સાધનો વડે પ્રચાર કર્યો હોત તો મુંબઈ અને અન્યત્ર જે કમનસીબ દુર્ઘટનાઓ બની ગઇ તે કદાચ ન બની હોત, અને ધારો કે એવું કાંઇ બન્યું હોત તો પણ તેની કોઈ જવાબદારી શ્રી શંકરરાવ દેવ અને તેમના કોંગ્રેસી સાથીઓને શિરે રહી ન હોત. પણ વિધિની કોઈ એવી અકળ ઘટના છે કે કોઇ અનર્થ નિર્માણ કરવા પૂર્વે આપણા દિલમાં ન કલ્પી શકાય એવી કોઇ વિકૃતિ તે પેદા કરે છે અથવા તો વિવેક યા પ્રમાણબુદ્ધિને બધિર બનાવે છે અને પારાવાર નુકસાન થયા બાદ આપણામાંના કોઇમાં સન્મતિ અને શાણપણની વૃત્તિ જાગૃત થાય છે, જે વડે પાછળની ભૂલો સ્પષ્ટપણે દેખાવા લાગે છે અને આગળનો માર્ગ પણ ઠીક ઠીક સુઝવા લાગે છે પણ વચગાળે આવેશભર્યા આન્દોલનના પરિણામે જે ઝેરવેર પેદા થયાં તે જલદી નાબુદ થતા નથી. હજુ પણ મહારાષ્ટ્રી બંધુઓ શંકરરાવ દેવની વિનવણીને ધ્યાનમાં લે અને બીનલોકશાહી પદ્ધતિનો ત્યાગ કરે તે તેમના માટે તેમ જ દેશ માટે શ્રેયસ્કર તેમ જ આવશ્યક છે. **પરમાનંદ**)

"મુંબઇ સંબંધી પં. જવાહરલાલ નહેરુએ તા. ૩ જૂનને રોજ અ. ભા. કોં. કમિટિના અધિવેશનમાં ઘોષણા કરી. ત્યાર બાદ તા. ૧૩ જૂન ને રોજ સંયુકત મહારાષ્ટ્ર સમિતિએ આ બાબત અંગેના પોતાના પ્રત્યાઘાત અને ઘોરણ જાહેર કરતો ઠરાવ કર્યો; અને તાજેતરમાં જ મહારાષ્ટ્ર પ્રદેશ કોંગ્રેસ કમિટિએ પણ જવાહરલાલજીની ઘોષણા પર વિચારવિનિમય કરીને પોતાનો મત પ્રદર્શિત કરતો ઠરાવ પસાર કર્યો છે.

મહારાષ્ટ્ર સમક્ષ "હવે પછી શું?". એ પ્રશ્ન ઉભો છે, ત્યારે આ બાબત અંગે મારો શું મત છે તે મહારાષ્ટ્રની જનતા સમક્ષ રજૂ કરવાનું હું મારૂં કર્તવ્ય સમજું છું. તેનો મહારાષ્ટ્રની જનતાએ સ્વસ્થતાથી અને શાંતિપૂર્ણ વિચાર કરવો એવી મારી વિનંતિ છે.

ગયા માર્ચ મહિનાના છેલ્લા અઠવાડિયામાં, હૈદ્રાબાદથી મેં એક નિવેદન કર્યું હતું અને તેમાં મેં કહ્યું હતું કે મુંબઇનો પ્રશ્ન હવે પછી પંડિત જવાહરલાલજી પર છોડી દેવો અને આ પ્રશ્નનો પુનર્વિચાર કરવાનો યોગ્ય સમય કયો તે પણ તેમણે જ નકકી કરવું. જનતાના ભવિતવ્યનો પ્રશ્ન આ રીતે એક જ વ્યકિતના હાથમાં સોંપવો એ લોકશાહીથી વિરુદ્ધ છે એવો આક્ષેપ આને અંગે કરવામાં આવ્યો છે. ભારતમાં લોકશાહી પ્રસ્થાપિત થઇ છે અને આપણે તેને વિકસિત, સુદૃઢ તથા શકિતમાન કરવી, જોઇએ તે ખરૂં; પરંતુ આજની લોકશાહીમાં નેતૃત્વનું અને પક્ષસદસ્ય તેમજ જનમત ઉપર તેના પ્રભાવનું સ્થાન છે જ અને હવે પછી દીર્ઘ સમય પર્યંત રહેશે. પં. જવાહરલાલજી ભારતના લોકમાન્ય નેતા અને રાષ્ટ્રના પંતપ્રધાન છે અને તેથી જ ભારતીય જીવનના સંયોજનમાં તેમનો મતનું આજે અસામાન્ય મહત્વ છે. મહારાષ્ટ્રમાં મુંબઇનો સમાવેશ થવો જોઇએ એ એક નાજુક બાબત છે, કારણ કે તે અંગે જનતાના માનસની ગ્રંથિઓ ઉકેલવાની છે અને તેથી આ બાબત યોગ્ય રીતે હાથ ધરવી જોઇએ એમ હું શરૂઆતથી જ કહેતો આવ્યો છું. તેથી જ સમજુતી અને સમજાવટથી મતપરિવર્તન કરવાની પદ્ધતિ આપણે સ્વીકારી હતી. આ પ્રક્રિયામાં System અગર પક્ષ કરતાં વ્યકિતનું હૃદયે જ અધિક મહત્વ ધરાવે છે.

મુંબઈ મહારાષ્ટ્રનું અવિભાજ્ય અંગ અને અંતર્ગત ભાગ હોવાથી તેનો સમાવેશ મહારાષ્ટ્રમાં થવો જોઇએ કે નહિ એવો પ્રશ્ન

હોઇ શકે જ નહિ અને તેથી તેને જનમતનો વિષય બનાવવો એ વિચારણા સામે આપણો તત્વતઃ વિરોધ હતો. અને તે જ કારણને લીધે, મુંબઇનું સ્વતંત્ર રાજ્ય કરવા સામે આપણો વિરોધ હતો. તે છતાં મુંબઈની જનતા ઉપર કોઇ પણ પ્રકારનું દબાણ ન કરતાં તેની સંમતિથી જ મુંબઇનો મહારાષ્ટ્ર રાજ્યમાં સમાવેશ કરાવવો તે આપણું કર્તવ્ય છે એમ આપણે માન્ય રાખ્યું હતું અને શરૂઆતથી જ આ દિશામાં જ આપણા પ્રયત્નો ચાલુ હતા. સમસ્ત ગુજરાત અને સમસ્ત મહરાષ્ટ્રના દ્વિભાષિ રાજ્યની ભવ્ય યોજના એ તે પ્રયત્નોનું એક અંગ હતું. ભલે તે પ્રયત્ન સફળતામાં પરિણમ્યો નહિ, પરંતુ તે પ્રયત્ન કરવા બદલ અમને પશ્ચાતાપ થતો નથી; માત્ર દુઃખ કશું થયું હોય તો એ માટે કે તે પ્રયત્નની પીઠમાં રહેલ સત્ય (ખરાપણા) અને નિષ્ઠાની કદર થઇ નહિ. મુંબઇની જનતા પર દબાણ ન કરતાં તેની આ બાબત અંગે સંમતિ મેળવવી જોઇએ તો મુંબઇનો સમાવેશ તાબડતોબ મહારાષ્ટ્રરાજ્યમાં થવો જોઇએ એવો આગ્રહ (હઠ) ગેરવ્યાજબી હતો. મુંબઇની જનતાને સમજાવવા માટે થોડા સમયની જરૂર હતી અને તેથી મુંબઇસિહ સંયુકત મહારાષ્ટ્ર મેળવવાની પ્રક્રિયામાં, તેવા થોડા સમય માટે મુંબઈને અલગ રાખવા માટે અમે માન્ય કર્યું હતું. આવા થોડા સમય માટે મુંબઈ પર કેન્દ્રનું શાસન રાખ્યા સિવાય બીજો કોઇ ઉપાય ન હતો. આ સમય પર્યંત મહારાષ્ટ્ર-રાજ્યનું સ્થાન (Govt. Seat) મુંબઈમાં જ રાખવું એવી અમારી માગણી હતી.

આપણી આ માગણીની કસોટીએ પંડિતજીની મુંબઈ સંબંધી છેલ્લી ઘોષણા તપાસતાં તે પૂર્ણ સંતોષકારક છે એમ કહી શકાય નહિ. તેમણે પાંચ વર્ષનો જે સમય કહ્યો છે તે લાંબો છે, લોકશાહી પધ્ધતિથી મહારાષ્ટ્ર રાજ્યમાં મુંબઇનો સમાવેશ થવો જોઇએ એવું તેમણે જે કહ્યું છે તેની સામે તો આપણો પ્રથમથી જ વિરોધ છે અને મહારાષ્ટ્ર રાજ્યના અમુક ખાતા (Departments) મુંબઈમાં રાખવાની તેમણે પરવાનગી આપી હોત તો પણ મહારાષ્ટ્ર રાજ્યનું સ્થાન મુંબઈ સિવાય અન્ય કોઈ સ્થળે રાખવું જોઇએ એવો તેમનો આગ્રહ આપણને યોગ્ય લાગતો નથી.

પરંતુ આવા આ અસંતોષકારક નિર્ણય માટે છેલ્લા ૨-૩ મહિનાઓમાં જે દુર્દૈવી ઘટનાઓ ઉદ્‌ભવી તે કારણભૂત છે એમ મારૂં માનવું છે. તેમાં આપણી થોડી પણ જવાબદારી છે તે આપણે પ્રામાણિકપણે કબુલીએ નહિ તો આપણો ભાવિનો યોગ્ય માર્ગ આપણે જોઈ શકીશું નહિ.

પંડિતજીની ઘોષણાથી આપણી સમક્ષ જે પ્રશ્નનું નિર્માણ થયું છે તેમાં રહેલ નીતિમત્તાનું આવ્હાહન જો આપણે સ્વીકારશું નહિ અને પ્રક્ષોભક સાધનો વડે મુંબઈ મેળવવાનો પ્રયત્ન કરશું તો મુંબઈના અને મુંબઈ બહારના ભારતવાસીઓના મન પર તેનું વિપરીત પરિણામ આવશે અને આપણે તેમની જે સહાનુભૂતિ પ્રાપ્ત કરી છે તે ગુમાવી બેસીશું. તેમ થતાં મુંબઈ પ્રાપ્તિનો સમય અધિક ને અધિક દૂર ઠેલાતો જશે એવો ભય છે. આ સહાનુભૂતિ અધિક માત્રામાં પ્રાપ્ત કરવી અને તેને સક્રિય કરવી એ આજની જરૂરિયાત છે.

ભારતની એકતા, તેની લોકશાહી ઘટના અને લોક તેમજ ભાતભાતના લોકસમૂહોનો એકબીજા પ્રત્યેનો સદ્‌ભાવ અને બંધુતાને નુકશાન ન કરતાં મુંબઇ મેળવવાનો આપણો ધર્મ છે તે પણ આપણે સદૈવ ધ્યાનમાં રાખવું જોઇએ. માટે જ, હવે પછી, મુંબઇ મેળવવા માટેની ચાલુ રહેલી સત્યાગ્રહની કે પ્રત્યક્ષ પ્રતિકારની ચળવળ બંધ કરીને, લોકશાહી માર્ગે આ પ્રશ્નનો ઉકેલ મેળવવાની જરૂર છે. આ માટે શ્રદ્ધા હોવી જોઇએ, તિતીક્ષા હોવી જોઇએ, લોકશાહીના માર્ગમાં એટલે કે પ્રામાણિક મતભેદ હોવા છતાં પરસ્પરનું હિત સાચવવાની અને સાધવાની ઇચ્છા પર વિશ્વાસ હોવો જોઇએ, અને અલ્પ સમય પ્રતિકૂળ પરિણામ આવે તો તે પણ આનંદથી, ખુશીથી સ્વીકારવાની અને સહન કરવાની તૈયારી હોવી જોઇએ.

આજની પરિસ્થિતિમાં, નવીન મહારાષ્ટ્રના ત્રણ વિભાગમાં એકાત્મતા લાવવી, મહારાષ્ટ્રના સમાજમાં અસ્તિત્વ ધરાવતી આર્થિક અને સામાજિક વિષમતાનો નિકાલ કરવા માટેના ઘોરણ અને કાર્યક્રમની બાબતો અંગે આ ત્રણેય ઘટકોમાં એકવાક્યતા નિર્માણ કરવી અને મુંબઇમાંના જુદી જુદી ભાષા, બોલનારાઓના સમૂહોમાં એકબીજા અંગે અને એકબીજા પ્રત્યે વિશ્વાસ અને સદ્‌ભાવના પેદા કરવી—આ જ મુંબઇસિહ સંયુકત મહારાષ્ટ્ર મેળવવાનો અને બેલગાંમ કારવાર જેવા સરહદ અંગેના પ્રશ્નોનો ઉકેલ મેળવવાનો વ્યાજબી માર્ગ છે. તેના યોગથી જ પંડિજીની ઘોષણામાંનો પાંચ વર્ષનો સમય ઓછો થઇ શકશે અને લોકશાહી પદ્ધતિનું અવલંબન ચરિતાર્થ બનાવી શકાશે. આને જ મેં મારા હૈદ્રાબાદના નિવેદનમાં "વિધાયક સત્યાગ્રહ" એમ કહ્યું હતું.

લોકશાહીમાં સત્યાગ્રહને સ્થાન છે, નિઃશસ્ત્ર પ્રતિકારથી સ્વકીયોને અડચણ કરવી, અડાવવા – તેને સ્થાન નથી. અંતઃકરણમાંના રાગ અથવા દ્વેષના પ્રકટીકરણની ખાત્રી કરાવવા માટે જે કરવામાં આવે– તેમાં ભલે શસ્ત્રો ઉપાડવામાં આવ્યા ન હોય અને આપણે પોતે જ દેહદંડ ભોગવ્યો હોય તો પણ તે સત્યાગ્રહ હોઇ શકે નહિ, હોય નહિ. ભારત એ એક વિશાળ કુટુંબ છે તેનું આપણે કદાપિ વિસ્મરણ કરવું જોઇએ નહિ.

સંયુકત મહારાષ્ટ્રનું નિર્માણ કરવાની પ્રક્રિયામાં આજ પર્યંત જે બધો યશ અપયશ આપણને પ્રાપ્ત થયો છે તેનું યોગ્ય મૂલ્યમાપન કરવા માટે હોવી જોઇતી સમ્યકદૃષ્ટિનો અને આ કાર્ય અંગે જેમની આપણને સહાય મળી છે તેમના અંગેની કૃતજ્ઞબુદ્ધિનો આપણામાં અભાવ દેખાઈ આવ્યો છે એ આપણે ખેદપૂર્વક કબુલ કરવું જોઇએ. આના પરિણામે મહારાષ્ટ્રમાં આજે આત્મઘાતી વૈફલ્યની ભાવના, કડવાશ, રોષ, અને અનુદારતાની ઉપસ્થિતિ છે. જે આપણી તરફેણમાં ન હોય તે આપણા વિરોધી અને જે આપણા વિરોધી તે આપણા શત્રુ એવી વિચારભાવના નિર્માણ થઇ ગઇ છે તે ખરેખર ભયજનક છે. કારણ કે જો આવી ભાવના ભારતમાંના સઘળા લોકસમૂહોમાં પ્રસરે તો અખિલ ભારતીય નેતૃત્વ અસંભવિત બને અને ભારતનું ઐકય નષ્ટ થાય. આજે, સ્વહિતનો અને સાર્વજનિક હિતનો વિવેકથી વિચાર કરવાની જનતાની મનઃસ્થિતિ રહી નથી. આ મનઃસ્થિતિનો પુનરૂદ્ધાર કરવાનું અને જનતાને એ મનઃસ્થિતિમાં સ્થિર કરવાનું આપણું આજે પહેલું કર્તવ્ય છે. અન્યથા પંડિતજીની ઘોષણા અસંતોષકારક હોવા છતાં વિધાયક ઉપાયોથી મહારાષ્ટ્ર માટે મુંબઇ મેળવવાના માર્ગ પર મહારાષ્ટ્રના કદમ પડવાનું શકય થશે નહિ. સંયુકત મહારાષ્ટ્ર સમિતિનું આજનું ઘોરણ અને કાર્યક્રમ દુર્ભાગ્યે આ બાબતને અનુકૂળ નથી જ. આ પરિસ્થિતિમાં જેમને વિધાયક માર્ગ માન્ય છે તેવા સૌએ આ જવાબદારી સ્વીકારવી જોઇએ. મહારાષ્ટ્રમાંના કોંગ્રેસજનોએ તે સ્વીકારી છે એ હકીકત મહારાષ્ટ્ર પ્રદેશ કોંગ્રેસ કમિટિએ તા. ૧૭ જૂનના રોજ જે ઠરાવ કર્યો છે તે ઉપરથી સ્પષ્ટ દેખાય છે."

શંકરરાવ દેવ

આ તે તટસ્થતા કે પક્ષગ્રસ્તતા ?

(અનુ. પાના ૪૨ થી ચાલુ)

લૂંટફાટનો દોષ ગેરકાયદે દ્વારા ગાળનારાઓ ઉપર નાંખ્યો અને એ વિષે કોઈ સંયુકત મહારાષ્ટ્રવાદી જરા પણ જવાબદાર નથી એવું આડકતરું સૂચન કર્યું અને આ વાત અનેક લોકોએ લાંબો વિચાર કર્યા વિના સાંભળી લીધી, સ્વીકારી લીધી એ જોઇને તે સામે મેં ઉપર જણાવેલ કહેવત દ્વારા મારો સહજ પ્રત્યાઘાત વ્યકત કર્યો હતો. તેમાં એ બહેનોએ કલ્પેલો અસ્વસ્થતા અને સુરૂચિનો ભંગ કયાં અને કેમ થાય છે તે મને હજુ સમજાતું નથી. આમ છતાં પણ એ બહેનોને મારા લખાણમાં સુરૂચિભંગ જેવું લાગ્યું હોય તો તે માટે હું ખરેખર દિલગીર છું.

એ તોફાનો દરમિયાન ગુજરાતી સ્ત્રીઓ ઉપર થયેલા અત્યાચારોને લગતી ફેલાયલી અફવાઓ કેવળ પાયાવિનાની છે એવો નિર્ણય જાહેર કરનાર બહેનો આખરે આવી અફવાઓ ઉભી કરનાર અને ફેલાવનારા વિષે અન્ય લોકોના દિલમાં કેવો ખ્યાલ પેદા કરવા માંગે છે તેનું મેં મારા ચર્ચાપત્રમાં સૂચન કર્યું હતું. તે સૂચનને આ બહેનો ક્રોધ અને પૂર્વગ્રહનું પરિણામ લેખે છે એ પણ તેમની કેવળ કલ્પના જ છે.

આ બહેનો પોતાના ચર્ચાપત્રમાં દાવો કરે છે કે "તોફાનો, હિંસા, ગુંડાગીરી અને ધીક્કારને અમે ભારપૂર્વક વખોડી કાઢીએ છીએ. અમારો એક માત્ર હેતુ બે કોમ વચ્ચેની અવિશ્વાસ અને કડવાશવાળી લાગણી ભૂંસી નાંખવાનો અને અફવાઓને ડામી દેવાનો છે." આ બન્ને બહેનો મહારાષ્ટ્રની છે અને સંયુકત મહારાષ્ટ્રવાદી છે એ તો સુવિદિત છે. મુંબઈમાં જે તોફાનો થયાં અને જાનમાલની હાનિ થઇ તેને સંયુકત મહારાષ્ટ્રવાદની ઝુંબેશ સાથે સીધો સંબંધ છે એટલું જ નહિ પણ એમાંથી જ એ બધો અનર્થ પરિણમેલ છે એ વિષે પણ બે મત છે જ નહિ. આ બાબતની માન્યવર એન. વી. ગાડગીલે લોકસભામાં યથાસમય જાહેરાત કરી હતી અને શાસક વર્ગને ચેતવણી આપી હતી એ પણ જાણીતી વાત છે. આ બધા સંયોગોમાં આ બહેનોની તપાસ તેમના જણાવવા મુજબ શુભાશયપ્રેરિત હોત તો તે તપાસ જે મુદ્દાને આગળ ધરીને તેમણે હાથમાં લીધી હતી તે મુદ્દા ઉપરાંત બીજા મુદ્દાઓ ઉપર ચુકાદો આપવાનું તેમણે સાહસ કર્યું ન હોત તેમ જ યોગ્ય વિચાર્યું ન હોત. અને એમ કર્યું તો સંયુકત મહારાષ્ટ્રવાદીઓનો કોઈ ઠેકાણે નાનો સરખો પણ દોષ તેમણે કબુલ કર્યો હોત. પણ આ તો ઉપરની દુર્ઘટનાઓ દરમિયાન નથી કોઈ બહેનની ઈજ્જતને જરા સરખી આંચ આવી તેમ જ નથી કોઇ સંયુકત મહારાષ્ટ્રવાદીએ આ તોફાન, મારામારી અને લૂંટફાટમાં ભાગ લીધો– આમ સંયુકત મહારાષ્ટ્રવાદને ડબલ સર્ટીફીકેટ આપીને તેમણે કેવળ પક્ષગ્રસ્તતા જ વ્યકત કરી છે.

ગેરકાયદે દારૂ ગાળનારાઓ આ શહેરમાં અનેક અનર્થો નીપજાવે છે એ સર્વમાન્ય હકીકત છે એમ કબુલ કરવામાં જરા પણ વાંધો નથી પણ ગુજરાતીમાં કહેવત છે કે 'હલકું લોહી હવાલદારનું' એ મુજબ મુંબઈના જાન્યુઆરી માસ દરમિયાન તોફાનો કરનાર–ખાસ કરીને દુકાનો તોડનારા અને લૂંટનારાઓ આ ગેરકાયદે દારૂ ગાળનાર હતા એ તો આ બહેનોની જ મૌલિક શોધ છે એમ તટસ્થ રીતે વિચારનાર કોઇને પણ કબુલ કરવું પડે તેમ છે.

જે દુકાનો લુંટાણી તેમાં થોડી મહારાષ્ટ્રી દુકાનો પણ લુંટાઇ છે એ પ્રકારનું આ બહેનોએ કરેલું વિધાન, એ વિષે વધારે તપાસ કરતાં, સત્ય માલુમ પડે છે. પણ હકીકત એમ છે કે જ્યારે સુકા જંગલમાં આગ લાગે ત્યારે બે લીલા છોડ પણ બળી જાય તેમ અન્ય વર્ગની જ્યારે ૪૫૦ થી વધારે દુકાનો લુંટાણી છે ત્યારે મહારાષ્ટ્રીઓની બે કે ત્રણ દુકાનો લુંટાયાની નોંધ થયાની માહીતી મળે છે.

સ્ત્રીઓ પરના અત્યાચાર વિષે આ બહેનોએ કરેલી તપાસ સંબંધે વિશેષ તપાસ કરતાં એમ માલુમ પડે છે કે આ બહેનો મહારાષ્ટ્રી હોઇને પ્રસ્તુત આફતના ભોગ બનેલા કેટલાક કુટુંબોએ તેમના પ્રત્યે નીતાન્ત અવિશ્વાસ દાખવ્યો હતો અને તેમની સાથે કશી પણ વિગતમાં ઉતરવાની સ્પષ્ટ ના સંભળાવી હતી. જો આમ હોય તો ગયા તોફાનો દરમિયાન સ્ત્રીઓ સંબંધે કશો પણ ગેરવર્તાવ થયો નથી એમ જાહેર કરવું એ ન્યાય્ય નથી.

પ્રસ્તુત બહેનો જણાવે છે કે તેમનામાંની એક બહેન ડો. અવસરેએ અત્યાચારો વિષે માહીતી મેળવવા માટે શ્રી મોરારજીભાઇ પાસે માંગણી કરી હતી, પરંતુ તેમના મંત્રીએ લખી જણાવ્યું હતું કે એ વ્યકિતઓની નામોશી થતી અટકાવવા મુખ્ય પ્રધાન આ વિગતો આપી શકે તેમ નથી. આ કીસ્સાઓમાં માત્ર નામોશી અટકાવવાનો જ સવાલ નહોતો, પણ અત્યાચારની ભોગ બનેલી બહેનોને, તેઓ જે કાંઇ જણાવશે તેમાંથી કોઇ પણ વિગત બહાર પાડવામાં નહિ આવે એવી ખાત્રી આપવામાં આવી હતી એમ મોરારજીભાઇએ એપ્રીલની બારમી તારીખે મુંબઇની વિધાનસભામાં જવાબ આપતાં જણાવ્યું હતું. તેથી આ બાબતમાં માહીતી પુરી પાડવાનો મોરારજીભાઇનો ઇનકાર તદ્દન વ્યાજબી હતો, એમ આપણે સ્વીકારવું જોઇએ.

પણ ધારો કે મોરારજીભાઇએ જરૂરી માહીતી પુરી પાડી હોત તો પણ તેથી આ બહેનોને સંતોષ થયો હોત કે કેમ એ સવાલ છે. કારણ કે એ માહીતી પોલીસના દફ્તર ઉપરથી જ આપી શકાઈ હોત અને જ્યાં સુધી એ માહીતીની સચ્ચાઈ અદાલત દ્વારા પુરવાર ન થાય ત્યાં સુધી આવી માહીતીની કશી પણ કીંમત નથી એમ આ બહેનો પોતાના નિવેદનમાં સ્પષ્ટપણે જણાવે છે.

'Two Women' ના મથાળાથી આ બહેનોએ તૈયારે કરેલો રીપોર્ટ માર્ચ માસમાં પ્રગટ થયો હતો. બહેનોની છેડતી સંબંધે ચોક્કસ આંકડાવાર રજુઆત મોરારજીભાઇએ મુંબઈની વિધાન સભામાં એપ્રીલની બારમી તારીખે કરી હતી. જો પ્રસ્તુત અત્યાચારોના ઉંડાણમાં જવાની આ બહેનોમાં સાચી તમન્ના હોત અને તે સાચા માલુમ પડે તો પોતાના મહારાષ્ટ્રી બંધુઓને આ બાબતમાં બે સાચા શબ્દો કહેવાની તેમની તૈયારી હોત તો આ બહેનો મોરારજીભાઈ પાસે ત્યાર બાદ જરૂર ગઈ હોત અને તેમની શુભનિષ્ઠાની પ્રતીતિ કરાવીને મોરારજીભાઈ પાસેથી જરૂરી માર્ગદર્શન મેળવી શકી હોત. મોરારજીભાઇએ આવી શુભનિષ્ટ બહેનોને જરૂર સાથ આપ્યો હોત, પણ તેમણે તો ઉપર જણાવેલ રીપોર્ટ પ્રસિદ્ધ કરીને ઈતિકર્તવ્યતા માની છે. આ હકીકત જ આવો રીપોર્ટ પ્રસિદ્ધ કરવા પાછળ રહેલી પક્ષગ્રસ્તતા પુરવાર કરવા માટે પુરતી છે.

સુજ્ઞ ભગિનીયુગલ જણાવે છે તે મુજબ "ગુજરાતી મહારાષ્ટ્રી બે કોમ વચ્ચે પેદા થયેલી અવિશ્વાસ અને કડવાશની લાગણી ભુંસી નાંખવા અને એક રાષ્ટ્રના દેહના બે મહત્વના અંગ સમી ગુજરાતી અને મહારાષ્ટ્રી કોમ વચ્ચેની દીવાલ નાબુદ કરવા" હું પણ અન્તરથી ઇચ્છું છું અને પ્રાર્થું છું. પણ હું કે તેઓ અફવાઓ સામે આંખ આડા કાન કરીને અથવા તો મારી કે તેમની કોમને દોષારોપણથી સર્વથા મુકત જાહેર કરીને આ હેતુ સિદ્ધ કરી નહિ શકીએ. દોષના એકરાર સાથે એકતાની ઉંડા દિલની સાધના–એ જ માત્ર બની ગયેલા દુઃખદ બનાવોને ભૂતકાળનું દુઃસ્વપ્ન બનાવી શકશે અને પડેલા ઘાને રૂઝાવી શકશે. **પરમાનંદ કુંવરજી કાપડિયા**

શકુન્તલા કાન્તિલાલ ગર્લ્સ હાઇસ્કૂલને ધન્યવાદ

મુંબઇની શકુન્તલા કાન્તિલાલ ગર્લ્સ હાઇસ્કુલમાંથી આ વખતે એસ. એસ. સી. ની પરીક્ષામાં બેઠેલી કન્યાઓનું સો એ સો ટકા પરિણામ આવ્યું છે. આ માટે એ સ્કુલના પ્રીન્સીપાલ બહેન શીલાબહેન પુરોહિતને તેમ જ સમગ્ર શિક્ષક વર્ગને અનેક ધન્યવાદ ઘટે છે. આવું પરિણામ લાવવાની એક રીત એ હોય છે કે ચૂંટી ચૂંટીને જ વિદ્યાર્થીઓને પરીક્ષા માટે મોકલવામાં આવે અને ઉપરની ઘટનામાં પણ આવું અનુમાન થવા સંભવ છે, પણ આ કીસ્સામાં એમ નથી બન્યું. એસ. એસ. સી. ના વર્ગમાં ૬૪ કન્યાઓ હતી અને તેમાંથી ૬૦ કન્યાઓને પરીક્ષા માટે મોકલવામાં આવી હતી. આ અભિનન્દનયોગ્ય પરિણામ એ સ્કુલમાં અપાતા ઉત્તમ કોટિના શિક્ષણનો પ્રતીતિજનક પુરાવો છે. આનો યશ અમુક અંશે સ્કુલની કાર્યવાહક સમિતિ અને તેના મુખ્ય સૂત્રધાર શ્રી કાન્તિલાલ ઈશ્વરલાલને ફાળે પણ જાય છે. આવી એક સુસંચાલિત શિક્ષણસંસ્થા જૈન સમાજના ગૌરવમાં વધારો કરે છે. **પરમાનંદ**

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મસ્જીદ બંદર રોડ. મુંબઈ ૯. ટે. નં. ૩૪૬૨૯

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

પ્ર. જૈનવર્ષ ૧૪–પ્ર. જીવનવર્ષ ૪
અંક ૬

પુષ્પ જીવન

મુંબઈ, જુલાઈ ૧૫, ૧૯૫૬, રવિવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : ત્રણ આના

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

"બાગોં ના જા રે ના જા...."

(પૂજ્ય પંડિત સુખલાલજી સાથે થયેલી ચર્ચાને આધારે)

સામાન્ય રીતે વૈરાગી લોકો શરીરને અસુંદર તથા અશુચિમય ગણે છે. કબીરે નીચેના પદમાં વૈરાગ્યભાવને જુદી જ રીતે જગાડયો છે. તેણે કાયાને સુંદર બાગ સાથે સરખાવતાં ગાયું છે કે–

"બાગોં ના જા રે ના જા તેરી કાયામેં ગુલઝાર,
કરની–કયારી બોઇ કર તૂં રહની કરે રખવાર,
દુર્મતિ કાગ ઉડાઇ કે દેખે અજબ બહાર;
મનમાલી પરબોધિએ કરી સંજમ કી બાર,
દયા પૌદ સૂખે નહીં છિમા સીંચ જલધાર.
ગુલ ઔર ચમનકે બિચમેં ફુલા અજબ ગુલાબ,
મુકિત કલી સતમાલકી પહિરું ગુંથી ગલહાર.
અષ્ટ કમલસે ઉપજે લીલા અગમ અપાર,
કહે કબીર ચિત ચેત કે આવાગમન નિવાર.

આપણી કાયામાં જ 'ગુલઝાર', એટલે કે સુંદર બાગ છે, પછી બહાર શું કામ શોધવા જવું ? કબીર બાગના રૂપકની સાર્થકતા સમજાવતાં આગળ વધે છે કે એમાં તું પ્રવૃત્તિરૂપી કયારીમાં વાવેતર કરી દે અને આંતર–આચરણ તેની રખેવાળી કરશે. એટલે તારામાં જાગૃતિ આવશે. વળી બાગમાં કાગડો બેસે તો ફળો ઠોંચી ખાય. માટે તારા બાગમાં દુર્મતિરૂપી કાગડો આવે તોયે ઉડાડી દેજે, તો તને અજબ શોભા જોવા મળશે.

કવિ કાયામાં સંયમનો આગ્રહ તો રાખે જ છે. મનના માળીને જાગતો રાખીશ અને ફરતી સંયમની વાડ કરીશ–એ પણ જીવનમાં જરૂરી તો છે જ ને ? રૂપક કેવું સાંગોપાંગ ઉતરતું જાય છે ? વળી આ બાગનાં છોડવાં–દયા–સૂકાઇ ન જાય એ તો જોવાનું જ. માટે એની પર ક્ષમા (છિમા) ની જલધાર સીંચાવી જોઈએ. આ બાગ (શરીર) અને એનાં ફૂલોની વચ્ચે એક અજબ ગુલાબ ખીલી ઉઠે છે. તે ગુલાબ એટલે શું ? આ પર વિવેચકો સ્પષ્ટ નથી. મોટે ભાગે તો એ અદ્‌ભુત ગુલાબ એટલે સમાધિ અથવા લય થઇ જવું એ છે. આ જ શરીર જો આપણને સમાધિ પર લઇ જઈ શકતું હોય તો એને વ્યર્થ કેમ ગણાય ?

વળી આ સુંદર બાગમાંથી તો મુકિતરૂપી કળીઓની સત્યરૂપી માળા કરી શકાય છે, અને એને કંઠહાર તરીકે પહેરાય પણ છે. કબીર અહિં યૌગિક પરિભાષામાં ઉતરે છે. આઠ કમળ, એ હઠયોગમાં વર્ણવ્યા પ્રમાણે, શરીરમાં આવેલાં અગ્નિચક્ર, મૂલાધારચક્ર, મણિપૂરચક્ર, વિશુધ્ધાખ્ય ચક્ર, સ્વાધિષ્ઠાન ચક્ર, સહસ્ત્રાર ચક્ર, અનાહત ચક્ર, તથા સુરતિકમલ ચક્ર છે. આ બધાં પર એકાગ્ર થવાથી તું કોઈ અજબ લીલા–દૈવી ચમત્કાર જેવું–જોઇ શકીશ. તારામાં આવી શકિત ભરી છે એટલે અંતમાં કવિ કહે છે કે જો તારું ચિત્ત ચેતવીને તું આ બાગમાં રહીશ તો તારું આવાગમન નિવારી શકીશ. આ કાયા તને ભવાટવિના ફેરામાંથી મુકત કરીને મોક્ષ પણ અપાવી શકશે.

આમ કબીરે દેહમાહાત્મ્ય સાચા અર્થમાં સુંદર રીતે સમજાવ્યું છે. દેહ એ એમની દૃષ્ટિએ ઉપેક્ષાની વસ્તુ નથી. છતાં એ દેહ એવો પણ નથી કે જેમાં રચ્યાપચ્યા રહીને જીવનને ગમે તેમ વેડફી નંખાય–બન્ને છેડા ખોટા છે. કારણ કે દેહ સુંદર છે, ઈશ્વરે સર્જેલ ચેતનાપ્રધાન રચના (organism) છે. એટલે એનો દુરપયોગ દ્વારા નાશ પણ ન કરાય. તો એનો સાચો ઉપયોગ શું ? કબીરે આ પદમાં એ જ સમજાવ્યું છે, અને એ દ્વારા જુદી જ રીતે વૈરાગ્યભાવની પ્રેરણા આપી છે.

જૈન વિગેરે કેટલીક પરમ્પરાઓ શરીરને અશુચિમય ગણીને આપણને એની ઉપેક્ષા કરવાનું કહે છે, જ્યારે કબીર એને ખૂબ સુંદર કહીને એના ખોટા ઉપયોગથી દૂર રહેવાનું કહે છે.

કોઇ પણ સૌંદર્ય જોતાં માણસમાં એના ઉપભોગની વૃત્તિ જાગે છે. અને શરીર જેવું સુંદર અને સુસંવાદી બીજું ભાગ્યે જ કંઇ હશે. માટે પોતાને મળેલ શરીરના ઉપભોગની વૃત્તિ તો માનવમાત્ર–અરે પશુપંખીમાં પણ સહજ છે. એને ટાળવી મુશ્કેલ છે–ટાળવી જોઇએ પણ નહિ. તો એ સૌંદર્યનો ઉપભોગ પણ કરો, પરંતુ નિયમિત અને વ્યવસ્થિત રીતે કરો, જેથી એની શકિત ક્ષીણ ન થઈ જાય. એ સૌંદર્ય માણવા માટે છે, પણ મન ફાવે તેમ વેડફવા માટે નહીં. શારીરિક ઇચ્છાઓ પણ જો વ્યવસ્થિત રીતે આવિષ્કાર ન પામે તો જુવાનીમાં જ બધી શકિત વેડફાઈ જાય. બીજી બાજુએ શરીરની અવગણના કરવાથી કે એની વૃત્તિઓ ખોટી રીતે દબાવવાથી કંઈ નહિ વળે.

વિશ્વનું સંચાલન એ પણ કેવી અદ્‌ભુત પ્રક્રિયા છે ? એક ઝાડની બખોલમાં બે પારેવાં બેઠાં છે, જેમાંથી તેઓ એક ત્રીજું પારેવું પણ સર્જી શકે છે. આ પાંજળ કેવી મહાન શકિત કામ કરી રહી છે ? એણે આપણા શરીરમાં પણ શી તાકાત ને સુંદરતા દીધી છે ?

જીવનમાં એ સૌંદર્ય પ્રત્યેની સાચી દૃષ્ટિ આવે એ જ ખરો ધર્મ છે. આપણે ત્યાં ધર્મ એ અંત પર જાય છે. સ્વચ્છતાના આગ્રહીઓ શરીરને સ્વચ્છ રાખવા એની પર પાણી ઢોળ્યા જ કરે છે અને બીજી બાજુ શરીરની સ્વચ્છતા કે સુઘડતાની લેશમાત્ર પરવા હોતી નથી.

ખરો માર્ગ તો એમાં રહેલો બાગ ઓળખીને એમાંથી મોક્ષપંથે આગળ વધવાનો છે. કબીરે આ પદમાં એની પ્રક્રિયા સુંદર તેમ જ યોગ્ય રીતે વર્ણવી છે. જો જીવનમાં સૌંદર્યની સાચી દૃષ્ટિ હશે તો આ શરીરના બાગમાંથી, કબીર કહે છે તેમ, "ચિત ચેત કે આવાગમન નિવાર" થઇ શકશે. આવો સુંદર બાગ આપણી કાયામાં છે. પછી બીજે બાગ શોધવા શા માટે જવું ?

નાનકે પણ ગાયું છેને કે,

"કાહે રે બન ખોજન જાઈ ?
સર્વ નિવાસી સદા અલેપા,
તોહી સંગ સમાઇ."

ગીતા પરીખ

સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહના વિદ્યાર્થીઓ સાથે મુખ્ય પ્રધાનનો વાર્તાલાપ

શ્રી સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ–શિવ ખાતે ગૃહના વિદ્યાર્થીઓ, સમક્ષ તા. ૮ જુલાઇ રવિવારે સવારે સાડાદસ વાગે મુંબઈ રાજ્યના પંતપ્રધાન શ્રી મોરારજીભાઈ દેસાઇનો વાર્તાલાપ યોજવામાં આવ્યો હતો. એ પ્રસંગે સંસ્થાની કાર્યવાહક સમિતિના સભ્યો ઉપરાંત મુંબઈ રાજ્યના મજૂર અને આરોગ્ય ખાતાના પ્રધાન શ્રી શાંતિલાલ હરજીવનદાસ શાહ, જાહેર બાંધકામ ખાતાના નાયબ પ્રધાન શ્રી બાબુભાઇ જશભાઈ પટેલ, રાજ્યસભા દિલ્હીના સભ્ય શ્રી મેઘજીભાઇ પેથરાજ, શ્રી કાંતિલાલ ઈશ્વરલાલ, સ્થાનકવાસી જૈન કોન્ફરન્સના પ્રમુખ શ્રી વનેચંદ દુર્લભજી ઝવેરી વગેરે હાજર હતા.

વાર્તાલાપની શરૂઆત પહેલાં સંસ્થાના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહે, શ્રી મોરારજીભાઈનું સ્વાગત કરતા સંસ્થાનો ટૂંક પરિચય આપ્યો હતો. "આ સંસ્થાના વિદ્યાર્થીઓ ઘણા લાંબા સમયથી આ રીતનો વાર્તાલાપ શ્રી મોરારજીભાઈ સાથે યોજવા ખૂબ જ ઇંતેજાર હતા અને અવારનવાર તે અંગેની માગણીઓ કરતા હતા, પરંતુ શ્રી મોરારજીભાઈ કોમી સંસ્થાઓમાં જતા નહિ હોવાથી અમારાથી તેમને આગ્રહ કરી શકાતો નહોતો. ગયા વર્ષે જ જૈન–જૈનેતરોને વિદ્યાર્થી-ગૃહમાં દાખલ કરવાની જોગવાઇ કરતો બંધારણમાં સુધારો કરવામાં આવ્યો છે અને તેથી અમે તેમને મુલાકાતનું આમંત્રણ આપી શક્યા છીએ, જેનો તેમણે સહર્ષ સ્વીકાર કરી અમને સૌને ઉપકૃત કર્યા છે.

સંસ્થાની કારકીર્દિ

"આ સંસ્થાની સ્થાપના છેક ૧૯૧૭ માં શ્રી વાડીલાલ મોતીલાલ શાહ અને શ્રી મણિલાલ મોકમચંદ શાહ–જેઓ બંનેની ભાગીદારી પેઢી ચાલતી હતી–તેઓશ્રીના અવિરત પ્રયાસોને પરિણામે થઇ હતી. એ વર્ષોમાં જૈન સમાજમાં કેળવણીના પ્રશ્નો ફિરકાભેદની દૃષ્ટિએ જ વિચારાતા હતા. અન્ય સમાજોની પણ એ જ હાલત હતી. આવા સંકુચિત વાતાવરણમાં જૈનોના ફિરકાના સમન્વયની કે તેની કેળવણીની સંસ્થા માટની વાત કરવી પણ મુશ્કેલી હતી. એવા સમયમાં શ્રી વાડીલાલ શાહ તેમ જ શ્રી મણિભાઇએ સર્વ ફિરકાઓના સમન્વયની દૃષ્ટિએ આ સંસ્થાની સ્થાપના કરેલી. તેમના આ કાર્ય પાછળ કોલેજ અને શાળાઓમાં નહિ મળતા ધાર્મિક સંસ્કારો અને સેવાધર્મની ખગશ યુવાનોના હૃદયમાં ભરવાની ભાવના હતી. ત્રણે ફિરકાના જૈન વિદ્યાર્થીઓ મતસહિષ્ણુતા, બંધુપ્રેમ, સહાયક વૃત્તિ કેળવે એ ઉદ્દેશ હતો. આ કાર્ય માટે ઉપરોકત બંને ભાઇઓએ પોતાની પેઢીમાંથી ૩૧ હજાર રૂપિયા આપી પ્રિન્સેસ સ્ટ્રીટમાં જ્યાં અત્યારે આનંદ ભુવન છે ત્યાં પહેલાં વિશાળ ચોગાન હતું અને ત્યાં આવેલા પીરભાઇ બિલ્ડીંગમાં આ સંસ્થાની શરૂઆત કરી. એ સંસ્થાની ઉદ્‌ઘાટનક્રિયા જાલાવારનરેશ સર ભવાનસિંહજીએ કરેલી અને રાષ્ટ્રપિતા ગાંધીજી, શ્રી કૃષ્ણલાલ ઝવેરી, ગુજરાતના મહાકવિ શ્રી નાનાલાલ વગેરેએ તે વેળા હાજરી આપી સંસ્થાને આશીર્વાદ આપેલા.

"આમ સંસ્થાનો આરંભ થયો. ધીરે ધીરે વિદ્યાર્થીઓની માગ વધતી રહી અને એવો પણ વખત આવ્યો કે કયારેક વિદ્યાર્થીઓને જગ્યાને અભાવે નારાજ પણ કરવા પડતા. એ સંજોગોમાં સંસ્થાને વધુ વિકસાવવાનું અને સંસ્થા માટે સંસ્થાની માલિકીનું મકાન હોવું જરૂરી છે એમ જણાયું. શ્રી મણિલાલ મોકમચંદ શાહે પોતે એ વેળા દસ હજારની રકમ આપી મકાન ફંડ માટે બે લાખની ટહેલ નાખેલી જે ટૂંક સમયમાં જ પૂરી થતાં આજે આપણે બેઠા છીએ તે અઢી લાખને ખર્ચે તૈયાર થયેલું સંસ્થાની માલિકીનું મકાન બન્યું.


"આ સંસ્થાનો જૈન વિદ્યાર્થીઓ ઉપરાંત જૈનેતરોએ પણ સારો લાભ ઉઠાવ્યો છે; તેમાં મુખ્યત્વે શ્રી મહાદેવભાઈ દેસાઇ, શ્રી વાલજીભાઇ દેસાઈ, શ્રી ઉદયશંકર નૃત્યકાર વગેરેને મુખ્ય લેખાવી શકાય.

"અત્યારે વિવિધ અભ્યાસ કરતા ૮૦ વિદ્યાર્થીઓ આ ગૃહમાં અને ૪૦ વિદ્યાર્થીઓ પ્રિન્સેસ સ્ટ્રીટના ગૃહમાં છે. એમ મળી કુલ ૧૨૦ વિદ્યાર્થીઓ આ સંસ્થાનો લાભ લઇ રહેલ છે."

આ પછી શ્રી ચીમનભાઇએ ગૃહના વિદ્યાર્થીઓ તરફથી કેટલાક પ્રશ્નોની લેખિત યાદી શ્રી મોરારજીભાઇને સુપ્રત કરી તે અંગેના જવાબો આપવા વિનંતિ કરી હતી.

શ્રી મોરારજીભાઇએ પ્રશ્નોની યાદી પર નજર ફેરવીને આવા વાર્તાલાપનો હેતુ સમજાવતાં કહ્યું કે, "જેણે પ્રશ્ન પૂછવો હોય તેણે જાતે ઊભા થઇને પૂછવો જોઇએ, જેથી હું તેને જોઈ શકું અને તેના મનની સ્થિતિ પામી શકું, પરંતુ હવે જ્યારે મને યાદી જ સોંપાઈ છે ત્યારે તેમાંના એક પછી એક પ્રશ્નો લઉં છું અને તેના ઉત્તરોથી સૌને સંતોષ થશે તેમ માનું છું. છતાં જેને કાંઈ સંશય રહે તે ઊભા થઇને વ્યકત કરી શકે છે, પ્રશ્ન પૂછી શકે છે અને સમાધાન મેળવી શકે છે."

પ્રશ્નો પર નજર ઠેરવતાં તેઓશ્રીએ સૌને હસાવતાં હસાવતાં રમૂજી શૈલીમાં કહ્યું કે, "કેટલીકવાર બુદ્ધિમાને અનુભવી પાસે હારવું પડે છે; કેટલીકવાર ધીરજ પાસે અધીરજ ખુટી જાય છે. માનવની મનોવૃત્તિ હમેશાં લેવાની જ રહી છે; ખરી રીતે અન્યનો ફાયદો ઊઠાવવાની મનોવૃત્તિ જે રાખે છે કે લે છે તે ૪૨૦ ગણાય છે. વસ્તુતઃ આપણે હમેશા અન્યને કાંઇક આપવાની વૃત્તિ રાખવી જોઇએ; લેવાની નહિ. આપવાની ચિંતા રાખો, પણ મેળવવાની નહિ–સ્વાર્થની નહિ. લેવાની જ ચિંતા રાખનાર કાંઈ મેળવતો નથી, પણ બધું ગુમાવે



શિવ ખાતેના શ્રી સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહની મુલાકાતે શ્રી મોરારજીભાઇ પધાર્યા ત્યારે : જમણી બાજુથી સંસ્થાના ગૃહપતિ શ્રી સુરજચંદ્રજી ડાંગી, સ્થાનકવાસી કોન્ફરન્સના પ્રમુખ શ્રી વનેચંદ દુર્લભજી ઝવેરી, સંસ્થાના ઉપ–પ્રમુખ શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, માનનીય શ્રી મોરારજીભાઈ સંસ્થાના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ, શ્રી ટી. જી. શાહ અને સંસ્થાના એક મંત્રી શ્રી ધીરજલાલ ધનજીભાઇ શાહ.

છે અને મેળવવાની બાબતમાં જૈન ભાઇઓ વેપારી છે એટલે ખૂબ કુશળ હોય છે. વળી તમારા પ્રમુખ તો મારી પાસેથી કાંઇકે મેળવવા વ્યવસ્થિત પ્રશ્નો રજુ કરે છે. તેઓ એક સોલિસિટર છે એટલે તેઓ એ રીતે બન્ને બાજુથી લેવા માગે છે; પરંતુ મેં પણ મેજિસ્ટ્રેટનો ધંધો કર્યો છે એટલે વકીલોને કેમ સકંજામાં લેવા તે હું સારી રીતે જાણું છું.

"ઠીક, જ્યારે મારી પાસે પ્રશ્નો રજૂ થયા છે ત્યારે તેના જવાબ આપતાં પહેલાં ફરીને કહું છું કે તમારો અભિપ્રાય મારા મંતવ્ય કરતાં જુદો હોય તો પૂછતા અચકાશો નહિ. સૌને પોતાના અભિપ્રાયની કિંમત હોવી જોઇએ; અન્યની બુદ્ધિથી ચાલવું જોઇએ નહિ. તમારી બુદ્ધિમાં ઊતરે તેટલું જ સ્વીકારશો અને તેના પર જ નિર્ણય બાંધશો."

વિકેન્દ્રીકરણ

પ્રશ્ન ૧ : વિકેન્દ્રીકરણ આર્થિક ક્ષેત્રમાં જ થાય એ યોગ્ય છે કે રાજ્યવહીવટમાં પણ થાય એ જરૂરી છે ?

જવાબ : રાજકીય ક્ષેત્રે વિકેન્દ્રીકરણનો પાયો અત્યંત જરૂરી છે; અને એ દિશામાં આપણે પ્રયાણ પણ કર્યું છે. આપણું એક રાજ્ય બન્યું છે, પણ આપણું રાજ્ય એક હોવા છતાં તેમાંયે અનેક રાજ્યો છે; જેવાં કે મધ્યસ્થ અને પ્રાદેશિક. ઘણા એક જ રાજ્ય રચવાનું કહે છે, અને કહે છે કે એથી આ ભાષા વગેરેના ઝઘડાની ભાંગજડ થશે નહિ. એક રીતે એ સહેલું દેખાય છે, પરંતુ હંમેશા જે સહેલું દેખાય તેનાથી તો ચેતતા રહેવું જોઇએ. સહેલું છે માટે લેવું તે વૃત્તિ આપણે સૌએ છોડી દેવી જોઇએ. મુસીબતોને પાર કરવામાં જ માણસની શક્તિ વધે છે; તેથી બુદ્ધિ ખીલે છે. જો એકકેન્દ્રી રાજ્ય હોય તો ૩૬ કરોડ લોકો વસે છે ત્યાં લોકશાહી અને બધાનો સંપર્ક કેમ શક્ય બને ? માટે પ્રાદેશિક રાજ્યો, લોકલ બોર્ડો, સુધરાઈ, પંચાયત એ બધા દ્વારા જ તેમને વિવિધ સત્તાઓ સોંપીને બધો કારભાર કરવાનો છે. અને એ રીતે રાજ્યવહીવટમાં સત્તાનું વિકેન્દ્રીકરણ થતું જાય છે. આમ આપણો આદર્શ વિકેન્દ્રીકરણનો જ છે.

આ રીતે આર્થિક ક્ષેત્રમાં પણ વિકેન્દ્રીકરણ કરવાનું છે. ઉદ્યોગોની વાત લઇએ. મોટા ઉદ્યોગોનું વિકેન્દ્રીકરણ નહિ થઇ શકે; પરંતુ નાના ઉદ્યોગનું વિકેન્દ્રીકરણ કરી જીવનજરૂરિયાતની વસ્તુઓ સસ્તી મળે, ઉદ્યોગો સારી રીતે ચાલે અને વધુ ને વધુ લોકોને રોજી મળે તે કરવાની આપણી ઇચ્છા છે. રોજી નહિ મળે તો ગડબડ ઊભી થશે. પરંતુ આ સાથે એ પણ ખ્યાલમાં રાખવાનું છે કે આપણું જીવન સાદું હોવું જોઇએ. સાદું જીવન એટલે મનમાં પેચ ન રાખવા. માણસ બે પ્રકારના છે–સાદા અને પ્રપંચી. પ્રપંચી જીવન નુકસાનકર્તા છે. દરેક વ્યક્તિનું સુખ સાધી શકાય તે રીતે વર્તવું એ આપણું સૌનું કર્તવ્ય છે. માણસનું સુખ એ મુખ્ય સિદ્ધાંત છે. એ સિદ્ધાંતને અમલમાં કઇ રીતે મૂકવો એ સૌએ વિચારવાનું છે. મારી દૃષ્ટિએ કેન્દ્રીકરણ પણ બહુ યોગ્ય નથી. રાજ્ય જે કાંઇ નિયમો કરે છે તે વ્યક્તિના સુખ માટે હોય છે, પણ એ નિયમો માણસની વિરુદ્ધ ન હોવા જોઇએ. વિરુદ્ધ હોય તો બદલવા જોઇએ. નિયમો બદલાઈ શકે છે; માણસ નહિ.

ચૂંટણીની પદ્ધતિ

પ્રશ્ન ૨ : શ્રી જવાહરલાલજીએ હમણાં જ કહ્યું છે કે, ચૂંટણીની સીધી પદ્ધતિ છે તેને બદલે આડકતરી ચૂંટણી થવી જોઇએ; આ સંબંધમાં આપનો શો અભિપ્રાય છે ?

જવાબ : બાપુએ સૌ પહેલાં કહેલું છે કે સીધી ચૂંટણીમાં ઘણાં અનિષ્ટો છે અને તે ખૂબ ખર્ચાળ છે. આ માટે સૌ પહેલાં ગ્રામપંચાયતોની ચૂંટણી થવી જોઇએ; તેમાંથી આડકતરી રીતે જિલ્લાની, અને તેમાંથી ધારાસભા અને કેન્દ્રની. એટલે જ સૌ પ્રથમ આડકતરી ચૂંટણીઓ માટે ગામડાંને તૈયાર કરવા જોઇશે અને લોકશાહીની ભાવના જાગૃત કરવી જોઇશે.

દરેક શહેરીએ લોકશાહીમાં જાગૃતિ લાવવા પ્રયત્ન કરવો જોઇએ. આખા દેશમાં ગ્રામપંચાયતો ચાલુ થઈ જાય તો જ વહીવટ સરળ બને અને તે થવાનું જ છે; એ માટે યત્નો પણ થઈ રહ્યા છે.

ભૂદાન

પ્રશ્ન ૩ : જમીનનો મૂંઝવતો પ્રશ્ન ભૂદાનથી ઉકલી શકશે કે તેમાં કાયદાની મદદની જરૂર રહેશે ?

જવાબ : જમીનનો પ્રશ્ન ભૂદાનથી ઉકેલાવાનો જ નથી પણ ભૂદાનને કાયદાની મદદ મળશે. ભૂદાનનો વિશિષ્ટ ગુણ એ છે કે તે માણસને માણસ બનાવે છે. ભૂદાન ત્યાગની ભાવના શીખવે છે. લાલચ કે લાગવગથી ત્યાગ સંભવી શકે નહિ. ત્યાગથી આનંદ થાય તો જ એ ત્યાગ કહેવાય. ત્યાગ પાછળ નામ હોય તો તે પણ એક જાતનો વેપાર છે. ત્યાગ ઐચ્છિક જોઇએ. ત્યાગમાં બદલાની ભાવના ન જોઇએ. આજે ભૂદાનનો પ્રવાહ હઠાગ્રહ-સત્યાગ્રહ તરફ જતો જાય છે, એ અનિચ્છનીય છે. શ્રી વિનોબાજી ભાવેનું પણ એ તરફ મેં ધ્યાન દોર્યું છે. ભૂદાન એ તો સાધન છે; એથી ભૂદાનનું હાર્દ સમજીને મદદ કરીએ તો બાપુના આદર્શ પ્રમાણેના દેશના સર્જન માટે તે મોટામાં મોટું સાધન છે તેમાં શક નથી. પરંતુ તેનો અર્થ એવો નથી કે કાયદા વગર ચાલી શકશે. જ્યાં સુધી રાજ્ય ચાલશે, ત્યાં સુધી કાયદાની જરૂર રહેશે; રાજ્ય નહિ હોય તો કાયદાની પણ જરૂર નહિ રહે. એટલે જમીનના પ્રશ્નનો ઉકેલ કાયદા સિવાય નહિ થાય; અને છતાંય તે પ્રશ્ન પૂરેપૂરો નહિ ઉકલે.

અંબર ચરખો

પ્રશ્ન ૪ : અંબર ચરખાની ભાવિ શક્યતા વિષે આપનું શું મંતવ્ય છે ?

જવાબ : અંબર ચરખો જેટલો કાર્યક્ષમ એટલી સૌની પ્રગતિ. મારી દૃષ્ટિએ તો અંબર ચરખાનું ભાવિ સારું છે; છતાં આખરે આપણી તેના પ્રત્યેની શ્રદ્ધાનું પ્રતિબિંબ તેના પર પડવાનું છે. દેશનું ભાવિ સારું છે તેથી અંબર ચરખાનું ભાવિ પણ સારું જ છે. આપણને તેમાં શ્રદ્ધા હોવી જોઇએ.

વિદ્યાર્થીઓની અન્ય પ્રવૃત્તિ

પ્રશ્ન ૫ : વિદ્યાર્થીઓ અભ્યાસ ઉપરાંત કેવા પ્રકારની પ્રવૃત્તિઓ કરે એવું આપ ઇચ્છો છો ?

જવાબ : વિદ્યાર્થીઅવસ્થામાં કે તે પછી પણ માણસ પોતાની જાતના જ દોષ કાઢયા કરે અને તે દૂર કરવાના સજાગ પ્રયાસ કરે તે ઇષ્ટ છે. જેટલા પ્રમાણમાં સાચા સૈનિક થશો તેટલો રાષ્ટ્રને લાભ થશે.

માણસે સાચા સૈનિક બનવા માટે સૌ પ્રથમ તો પોતાના પડોશીને વધુમાં વધુ ઉપયોગી બનવા પ્રયાસ કરવો જોઇએ. જો ઉપયોગી ન થઇ શકાય તો કાંઇ નહિ, પણ તેને માટે ઉપદ્રવી તો ન જ થઈ પડીએ તેની પૂરી કાળજી રાખવી જોઇએ. ઉપદ્રવી ન થવું તે પણ ઉપયોગી થઇ પડવા જેટલું જ મહત્ત્વનું છે. તેથી આપણને અને પડોશીને બન્નેને લાભ થાય છે. આપણે અન્યને ઉપદ્રવી ન બનીએ તો આપણું અનિષ્ટ કોઈ કરે જ નહિ. આમ છતાં આપણને કોઇ નુકસાન કરે તોયે તેને નુકસાન ન કરવાની ભાવના કેળવવી જોઇએ.

વિદ્યાર્થી અવસ્થા જીવનભાથાની અવસ્થા છે, અને તેનો અર્થ છે પરાવલંબી ન થવું. આપણે આપણાં કાર્યો આપણી જાતે જ કરી લેવાં જોઇએ અને એ રીતે સ્વકાર્યો પાછળ લીધેલા પરિશ્રમથી આપણી શક્તિ વધે છે. એક વિદ્યાર્થી કેવળ વાંચવાંચ કરતો હોય અને પોતાનાં કાર્યો માટે બીજા પર અવલંબતો હોય તો તે વિદ્યાર્થી આઠ કલાકના વાંચનથી જેટલું મેળવે છે તેના જેટલું જ પરિશ્રમ કરતો રહી વાચનારે વિદ્યાર્થી માત્ર ચાર જ કલાકના વાચનને અંતે મેળવે છે. આમ શરીરમાં શક્તિ હશે તો ચિત્તની એકાગ્રતા કેળવાશે અને એકાગ્ર ચિત્તે થોડા સમયમાં પૂરતો બદલો મળી રહેશે. કેવળ ચોપડીઓના ભણતરથી કે બુદ્ધિવાદથી જગતને ફાયદો થતો નથી. આજે જરૂર છે અનુભવયુક્ત વાચનની.

વાંચવા અને વિચારવા માટે અનિવાર્ય છે ચિત્તની એકાગ્રતા. એ એકાગ્રતા લાવવા માટે શરીર અને મન મજબૂત બનાવવાં જોઇએ–

શરીર મજબૂત બનાવવું એટલે પહેલવાન બનવું તેમ માનવાનું નથી, છતાં પહેલવાન થઈ શકાય તો ખોટું નથી. પણ એ પહેલવાન બન્યા પછી અન્યને ઉપદ્રવી નહિ બનતાં ઉપયોગી બનાય તો તે રીતે પહેલવાન બનવું ખોટું નથી. શરીરશ્રમથી શરીર તંદુરસ્ત બને છે અને જેનું શરીર તંદુરસ્ત હોય તેનું મન પણ તંદુરસ્ત બને છે.

આપણે આપણું શરીર સુડોળ અને બીજાઓ આપણો આદર કરવા પ્રેરાય તેવું બનાવવું જોઇએ. એવું શરીર બનાવવું એ આપણા જ હાથની વાત છે. એ માટે આપણે શરીરને કસવા ખાતર પણ રોજનું આપણું કાર્ય જાતે જ કરી લેવું જોઇએ. આ રીતના પરિશ્રમથી શરીરસ્વાસ્થ્ય જળવાવા સાથે યાદશક્તિ પણ સતેજ બનશે. આ સંસ્થાની મને પૂરી માહિતી નથી પણ જો તમે તમારા કામ માટે નોકરો ન રાખો તો સારું એમ હું જરૂર ઇચ્છું. એક વખત એવો દિવસ આવશે જ્યારે નોકરો નહિ મળે ત્યારે નોકરો વગર ચલાવવું જ પડશે; તો તે સમય આવ્યા પહેલાં આપણે સમજીને સ્વાશ્રયી બનીએ તે વધુ સારું છે. જ્યારે આપણને એક વસ્તુ ન મળે અને તેના વગર ચલાવવું પડે તેના કરતાં વસ્તુ મળતી હોય ત્યારે જ તેના વગર ચલાવવું તે વધુ સારું છે.

અહીં શ્રી મોરારજીભાઇએ પોતાના જીવનનો દાખલો આપી કહ્યું હતું કે હું પોતે ખેડૂતના ઘરમાં ઉછર્યો છું. એ વખતે પોતાને ઘરમાં કરવા પડતાં કાર્યોનો ખ્યાલ આપી જણાવ્યું કે હજી હમણાં સુધી હું મારાં કપડાં જાતે જ ધોતો હતો.

વિદ્યાર્થી અવસ્થાનાં સંસ્મરણો

પ્રશ્ન ૬ : આપની વિદ્યાર્થી અવસ્થાનાં કાંઈ સંસ્મરણો કહેશો?

જવાબ : યાદ નથી. બાકી આ બધું કહેવાય છે તે એ સંસ્મરણોમાંથી જ છેને!

અત્યારની શિક્ષણપદ્ધતિ

પ્રશ્ન ૭ : અત્યારની શિક્ષણપદ્ધતિ સામે રાષ્ટ્રપતિથી માંડીને સૌ નેતાઓ અને કેળવણીકારો બોલે છે છતાં તેમાં ફેરફાર થતો નથી. તે અંગે આપનો શો મત છે?

જવાબ : એક વસ્તુમાં દોષ છે, દોષ છે તેમ કહેવાથી કાંઈ નહિ વળે. એ જ શિક્ષણપદ્ધતિમાં સૌ તૈયાર થયા છે. આમ છતાં માનો કે તેમાં ફેરફાર કરવાનો છે તો તેનો વિચાર તમારે વિદ્યાર્થીઓએ કરવાનો ન હોય, તે તો જેને ફેરફાર કરવો હશે તેઓ જ વિચારશે. આજે તો બેનકેન વિદ્યાર્થીઓની શીખવાની વૃત્તિ ઓછી થઈ હોય તેમ જણાય છે. સૌની આવી વૃત્તિ પાછળ પોતામાં રહેલી ઊણપો કામ કરતી હોય છે અને વાલીઓ તરફથી પૂરતા પૈસા આપવાને પરિણામે વિકસેલી છેલબટાઉ થઇને ફરવાની વૃત્તિ આ બધા માટે જવાબદાર જણાય છે. અત્રે તેમણે પોતે જ્યારે અભ્યાસ કરતા હતા ત્યારનો પ્રસંગ ટાંકીને જણાવ્યું કે અમારી સાથે પણ બાળાઓ ભણતી હતી, સંખ્યા પ્રમાણમાં ઓછી હતી છતાં અમે તેમની સાથેનો વર્તાવ બૂબ જ સભ્યતાભર્યો રાખતા. જ્યારે આજે તો કઇ રીતે કાગળના ડૂચા કે અન્ય વસ્તુ ફેંકવી, અડપલાં કરવાં એ વૃત્તિ વધુ જણાય છે, જે જરાયે સારી નથી.

સહશિક્ષણ

પ્રશ્ન ૮ : આપે હમણાં એક જગ્યાએ સહશિક્ષણ સામે કંઇક વિરોધનો સૂર કાઢ્યો હતો, તો એ માટેનાં કારણો સમજાવશો?

જવાબ : સહશિક્ષણ મને પોતાને અંગત રીતે જરાયે પસંદ નથી. પણ અત્યારના યુગમાં એ અનિવાર્ય છે એટલે એમાં રહેલ અનિષ્ટો અને ભયસ્થાનો દૂર કરી વ્યવહાર હોય તે કરવા માગું છું. સહશિક્ષણ સામેના મારા વિરોધનું કારણ એ છે કે અમુક ઉમરે યુવક-યુવતીઓમાં વિહ્વળતા પ્રવેશે છે, દસ વર્ષની વય સુધી અને ૨૨-૨૫ વર્ષની વય પછી સહશિક્ષણમાં ઓછાં ભયસ્થાનો હોવાની મારી માન્યતા છે; પરંતુ વચ્ચેના સમયમાં નહિ. એ વચગાળાના સમયમાં જ ભૂલો થવાનો સંભવ રહે છે. યુવક-યુવતીઓ સાથે ફરે તેની સામે મને વાંધો નથી, પણ તેમણે મર્યાદા રાખવી જોઇએ, મર્યાદા એ ભારતની સંસ્કૃતિનું મહત્ત્વનું અંગ છે. આપણે આપણી સંસ્કૃતિ ભૂલી જઇશું તો દેશને મહાન નુકસાન થશે.

લલિત કલાઓ

પ્રશ્ન ૯ : નાટ્ય, નૃત્ય, સંગીત વગેરે કલા પ્રવૃત્તિઓ આજે જે રીતે વિકસે છે તે યોગ્ય છે?

જવાબ : એ પ્રવૃત્તિઓ વિકસે તે સારું છે; પરંતુ તેની અત્યારની વિકાસ માટેની રીત ખોટી છે. એ બધી વસ્તુઓ કલા તરીકે સુંદર છે, પણ તેનો સુંદર રીતે ઉપયોગ થઈ શકે તો. દૂધનો પણ દુરુપયોગ થઈ શકે છે અને ઝેરનોયે સદુપયોગ કરી શકાય છે. એ વસ્તુઓ કોના હાથમાં જાય છે અને કેમ વપરાય છે તેના પર તેનો આધાર છે. આજે જે રીતે નાની બાળાઓ પાસે સ્ટેજ પર નૃત્યો વગેરે કરાવાય છે તેથી તો તેનો વિકાસ અટકે છે અને અવળી અસર પડે છે.

રાજ્યવહીવટમાં હિંસાનું સ્થાન

પ્રશ્ન ૧૦ : રાજ્ય ચલાવવામાં હિંસાનો આશ્રય લેવો પડે તે અહિંસાની કમજોરી નથી?

જવાબ : રાજ્ય ચલાવવામાં હિંસાનો આશ્રય લેવો પડે એમાં અહિંસાની કમજોરી નથી; કમજોર તો આપણે છીએ. અહિંસા બૂબ જ સૂક્ષ્મ છે. રાજ્ય કદિ અહિંસાથી ચાલે નહિ. રાજ્ય ચલાવવું એ જ હિંસા છે. કોઇને દબાવવો કે દુભવવો એ પણ હિંસા જ છે. પરંતુ આપણે એટલું ધ્યાનમાં રાખીએ કે હિંસા-અહિંસાના દ્વંદ્વમાં અહિંસા હમેશાં જીતે છે. આપણે અહિંસા તરફ જવું જોઇએ. હિંસામાં અનાયાસે અસત્ય પ્રવેશી જાય છે; જ્યારે સત્યની ઉપાસના કરનારને અહિંસાનું સાધન ઉપયોગી બને છે. સત્યમાં સ્થિર થવા માટે અહિંસા જરૂરી છે. અહિંસાથી બધું જ થઈ શકે એવી દુનિયા હજુ બની નથી. જેટલા અહિંસક થવું જોઇએ તેટલા પ્રમાણમાં હું પણ હજુ બન્યો નથી. જ્યારે હું પૂરેપૂરો અહિંસક બની જઇશ ત્યારે હું મુખ્ય પ્રધાનપદે, પ્રધાનમંડળમાં કે સરકારમાં નહિ હોઉં; કારણ કે રાજ્ય એ પણ હિંસા છે. પરંતુ મેં તેની પર પણ વિચાર કર્યો છે. રાજ્યને પણ અહિંસક બનાવવાની મારી કલ્પના છે. મનુષ્ય જો કંટાળીને જંગલમાં જતો રહે અને કહે કે હું અહિંસક અને સત્યરૂપ બની ગયો છું તો તેનો કાંઈ અર્થ નથી. તેનો અર્થ તો ત્યારે જ છે જ્યારે તે સંસારમાં રહી આ આદર્શનો સ્વીકાર કરે અને તેને માટે યત્ન કરે. મારામાં હિંસા નથી એવો કોઇ મારો દાવો નથી; પરંતુ ગંદકી દૂર કરવા માટે જેમ યત્ન કરવો પડે છે, તેમ રાજ્યવહીવટમાં પણ બને તેટલી હિંસાને દૂર કરી ઓછામાં ઓછી હિંસાથી રાજ્ય ચલાવવાનો એ યત્ન છે. આ હિંસા-અહિંસા વિષેની મારી દૃષ્ટિ છે. સંભવ છે કે તેમાં કંઇ ભૂલ પણ હોય. પરંતુ મારું ધ્યેય ચોક્કસ છે-કોઇનું પણ બૂરું ન થાઓ.

આભારદર્શન

આ રીતે વાર્તાલાપ પૂરો થતાં સંસ્થાના પ્રમુખશ્રીએ આભારદર્શન કરતાં જણાવ્યું હતું કે, જે પ્રશ્નો પૂછ્યા હતા, તેનો વિગતવાર અને બૂબ સ્પષ્ટતાથી શ્રી મોરારજીભાઇએ જવાબો આપ્યા છે. સવાલજવાબ પાછળ એમની પોતાની વિશિષ્ટ જીવનદૃષ્ટિ પણ આપણી સમક્ષ મૂકી છે. આજે તો રાજ્યકારભારની જવાબદારી એમના પર છે પણ એમણે એકવાર મને કહેલું કે જો તેઓ સ્વતંત્ર હોય તો શિક્ષક થવાનું પસંદ કરે. રાજકર્તા ફિલોસોફર હોવો જોઇએ. જે જવાબદારી માથે આવી પડે તેને સ્પષ્ટ દર્શન વગર તે અદા ન કરી શકે. તેમણે જે સમજાવ્યું તેના પર ચિંતન મનન કરશો તો તે સાર્થ થશે.

છેલ્લે શ્રી એચ. આર. શેઠે શ્રી મોરારજીભાઇનો, સંસ્થાની કાર્યવાહક સમિતિના સભ્યો અને આમંત્રિતોનો આભાર માન્યો હતો; ત્યાર બાદ બંગાળી જાદુગરના પ્રયોગો થયા હતા. પ્રયોગો પછી શ્રી મોરારજીભાઈ 'ગૃહ'ના એકેએક ઓરડે જઈ વિદ્યાર્થીઓને મળ્યા હતા. અને વિવિધ પ્રશ્નો પૂછી તેમની પ્રવૃત્તિમાં રસ લીધો હતો. છેવટે સમૂહ ભોજન બાદ બપોરે દોઢ વાગે સૌ વિખરાયા હતા.

પ્રકીર્ણ નોંધ

એ દયામણી આંખો !

મે માસની ૨૦મી તારીખે હોંગકોંગથી નીચે મુજબના સમાચાર મુંબઈના દૈનિક છાપાઓમાં પ્રગટ થયા હતા:–

"હોંગકોંગના કતલખાનામાં કામ કરતા કસાઇઓએ, એક ગાયએ તેની મુંગી અપીલ વડે કેવી રીતે પોતાનો જીવ બચાવ્યો તેની કથા, છાપાવાળાઓને કહી સંભળાવી હતી. સીયામથી લાવવામાં આવેલી અમુક ગાયને લાગલાગટ ત્રણ દિવસ કતલ કરવા માટે રજુ કરવામાં આવી. પણ દરેક વખતે ગાય પોતાના ઘુંટણ ઉપર નીચે નમી પડતી અને કતલ કરનારાઓ તેમ જ અન્ય કસાઇઓ સામે હૃદયને હલાવી નાંખે એવી દયામણી આંખો વડે ટગર ટગર જોયા કરતી. આમ ત્રણ દિવસના લાગલાગટ અનુભવથી એ સર્વ કસાઇઓનાં દિલ એટલાં બધાં પીગળી ઉઠયાં કે તે ગાયની કતલ કરવાનું આખરે માંડી વાળવામાં આવ્યું અને તેને છોડી મૂકવામાં આવી. આજે એ ગાય અભયદાન પામીને ખેતરની અંદર શાન્તિથી પ્રસન્નતાપૂર્વક ઘાસ ચરી રહી છે."

કસાઈના હાથમાંથી ગાય આમ બચી જાય એ એક અપવાદરૂપ ઘટના છે. આ અપવાદરૂપ ઘટના પુરવાર કરે છે કે કસાઇમાં આપણી જેવું જ હૃદય છે. પણ જેમ ચાલુ સાચજૂઠ કરીને દ્રવ્યોપાર્જન કરતા વ્યાપારીનું હૃદય સાચજૂઠ વિષે સામાન્યતઃ રીઢું બની ગયું હોય છે તેવી જ રીતે હિંસાના ચાલુ વ્યવસાય વડે કસાઈઓનાં હૃદય રીઢાં–નિષ્ઠુર–બની ગયા હોય છે. એ હૃદયને ઊંડાણથી સ્પર્શે એવી કોઈ ઘટના બને તો એ હૃદયમાંથી જરૂર અણધાર્યું કરૂણાનું ઝરણું ફુટે છે અને કતલ કરવાને ઉગામેલો હાથ પાછો પડે છે.

વ્યાપક રીતે જોઈએ અને વિચારીએ તો માલુમ પડે છે કે આ દુનિયામાં સામાન્ય માનવી સાધારણ રીતે આંખો તેમજ કાન બંધ કરીને ચાલે છે અને એકાન્ત સ્વાર્થ સાધવામાં, તરેહ તરેહના ભોગ-વિલાસ માણવામાં અને ભયંકર અનર્થો પેદા કરતા કુકર્મો કરવામાં તે રચ્ચોપચ્ચો રહે છે. પ્રસ્તુત કીસ્સામાં તે ગાયની આંખોમાં તે કસાઇઓએ જે દયામણો ભાવ જોયો એ દયામણો ભાવ સામુદાયિક કતલનો ભોગ થતા દરેક પશુની આંખોમાં તરવરતો હોય છે. પણ વસ્તુતઃ કસાઈ પોતાનો વ્યવસાય આંખો બંધ કરીને ચલાવ્યે જાય છે. આવી જ રીતે કતલ થતા પશુનો આર્તનાદ માંસાહાર કરનારના કાન સુધી જરૂર પહોંચતો હોય છે, પણ માંસાહારી પણ કાન બંધ કરીને માંસાહાર કર્યે જાય છે. તો આ કતલ અને આ માંસાહાર અટકાવવા માટે ખરી જરૂર છે આ ઉભય વર્ગની આંખ અને કાન ખોલવાની અને નહિ કે કાયદાકાનુનની. ભગવાન બુધ્ધે અને મહાવીરે આ કામ કર્યું હતું. આપણામાં ધીરજ નથી, માનવીના હૃદય વિષે શ્રધ્ધા નથી, તેનો અભિગમ સાધવા જેટલી તપસ્યા નથી. માટે જ આપણે આ બધું કાયદાકાનુનથી અટકાવવા ઇચ્છીએ છીએ. જ્યાં હૃદયપલટાની જરૂર છે ત્યાં કાયદાકાનુન નિરર્થક છે.

પરગજુ પ્રીન્સીપાલ

સંયુકત જૈન વિદ્યાર્થીગૃહનાં મંત્રી શ્રી રમણિકલાલ મણિલાલ શાહની દુકાન ઉપર જુન માસની વીસમી તારીખ આસપાસ એક ટેલીફોન આવ્યો કે "હું સેન્ટ ઝેવીયર્સ કોલેજનો પ્રીન્સીપાલ છું. મારા બે ત્રણ વિદ્યાર્થીઓને મુંબઈના કોઈ પણ વિદ્યાર્થીગૃહમાં રહેવા વગેરેની સગવડ કરી આપવાની ચિન્તામાં છું. મેં ભાંભળ્યું છે કે તમારી હોસ્ટેલમાં જૈન ન હોય એવા વિદ્યાર્થીઓને પણ હવે લેવામાં આવે છે તો આ મારા વિદ્યાર્થીઓમાંથી જેની સગવડ થઇ શકે તેને દાખલ કરવા મારી તમને વિનંતિ છે." એ વખતે સંયુકત જૈન વિદ્યાર્થી-ગૃહમાં દાખલ થવા ઇચ્છતા વિદ્યાર્થીઓની અરજીઓ વિચારાઇ ચુકી હતી અને સંસ્થાના બન્ને મકાનોમાં જેટલા લઈ શકાય તેટલા વિદ્યા-ર્થીઓની અરજીઓ મંજુર થઈ ચુકી હતી અને તે ઉપરાંત મંજુર થયેલા વિદ્યાર્થીઓમાંથી જેટલા ન જોડાય તેટલાની જગ્યા પૂરવા માટે એક યાદી પણ ઉભી હતી. આ સંયોગોમાં હાલ તુરત કોઈને લઈ શકાય એમ નથી પણ આગળ ઉપર કાંઇ અવકાશ હશે તો જણાવીશ એ સિવાય રમણીકભાઇથી બીજો જવાબ આપી શકાય તેમ નહોતો. દાખલ કરેલા વિદ્યાર્થીઓમાં ત્રણ કે ચાર જૈનેતર પણ હતા. પ્રીન્સી-પાલ ફાધર બાલેગીર આ જવાબ સાંભળીને સુઈ રહે તેમ નહોતું. હંમેશાં એક વાર તેમનો ટેલીફોન આવે અને પૂછે કે હવે કોઇને લઈ શકાય તેમ છે કે નહિ. પાંચેક દિવસ બાદ એકાદ વિદ્યાર્થીની કદાચ ગોઠવણ થઈ શકે એમ રમણીકભાઇએ જણાવ્યું કે તરત જ એ બાબત પાકી કરી લેવા માટે ફાધર બાલેગીર પોતે તે વિદ્યાર્થીને લઇને ટેકસી કરીને નાગદેવી સ્ટ્રીટની પહેલી ક્રોસ ગલીમાં આવેલ રમણીકભાઇની દુકાને આવી પહોંચ્યા. હું એ વખતે રમણીકભાઇની દુકાને બેઠો હતો. ફાધર બાલેગીરને બાર મહીના પહેલાં મારા ભત્રીજાને સેન્ટ ઝેવીયર્સ કોલેજમાં દાખલ કરવા માટે પહેલીવાર હું મળેલો, તે વખતે તેને લેવામાં નહોતો આવ્યો જો કે તેના માર્ક ઉંચી કક્ષાના હતા. પણ ચાર પાંચ દિવસ પછી દાખલ કરેલ વિદ્યાર્થીઓમાંથી અમુક કોલેજમાં નહિ જોડાયા હોય એ હકીકત લક્ષમાં લઈને તેમની સાથે મારે કશો પણ પરિચય નહિ હોવા છતાં મારા ભત્રીજાની ઇચ્છા હોય તો તેને તેઓ પોતાની કોલેજમાં લઈ શકે તેમ છે એમ મને તેમણે ટેલીફોનથી જણાવેલું અને એ મુજબ તેને દાખલ પણ કરેલો. પ્રસ્તુત કીસ્સામાં પોતાના વિદ્યાર્થીઓ માટે તેમને આટલી બધી અંગત તકલીફ લેતા જોઇને મેં તેમની સમક્ષ મારો આનંદ તેમ જ આશ્ચર્ય વ્યકત કર્યું. તેમણે જણાવ્યું કે "મારા કોઇ પણ વિદ્યાર્થીની જે કાંઈ અગવડ હોય તે દૂર કરવા માટે મારાથી હું બનતું કરૂં છું. કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું એક એસોસીએશન છે અને તે હસ્તક એક ફંડ છે જે સતત વધતું રહે એ માટે મારો ચાલુ પ્રયત્ન રહે છે. એ ફંડમાંથી ચાલુ વિદ્યાર્થીઓમાંથી જેમને જરૂર હોય તેમને કોલેજ ફી તથા ચોપડીઓ આપવામાં આવે છે. એ ઉપરાંત તેમને રહેવા વગેરેની અગવડો દૂર કરવાની પણ હું સતત કાળજી સેવું છું. ગરીબ વિદ્યા-ર્થીઓને આર્થિક મદદ પણ મારા મીશનમાંથી કે બીજા કોઇ પણ ઠેકાણેથી બને તેટલી મેળવી આપું છું. કોઈ પણ વિદ્યાર્થી મારી કોલેજમાં દાખલ થવા આવે છે ત્યારે અલબત્ત તેના માર્ક તો સૌથી પહેલાં જોવાના રહે જ છે, પણ તેને દાખલ કરવા માટે માત્ર તે એક જ ધોરણ હું નથી રાખતો. તેનામાં બીજી શું વિશેષતા છે, રમતગમતમાં તેને કેટલો રસ છે, તેના વ્યકિતત્વમાં છુપાયલી કોઈ વિશિષ્ટ પ્રતિભા છે કે નહિ, તેની આર્થિક સ્થિતિ કેવી છે એ બધી બાબતો હું લક્ષમાં લઉં છું. મારો કોઇ પણ વિદ્યાર્થી આર્થિક તંગીના કારણે કે રહેવા વગેરેની સગવડના અભાવે અભ્યાસમાં આગળ વધતો રહી જાય એ મારા માટે અસહ્ય છે. હું ૫૦૦ વિદ્યાર્થીઓ રહી શકે એવી હોસ્ટેલ ઉભી કરવા માટે મારા મીશન આગળથી નાણાં મેળવી શકું તેમ છું, પણ અમારી પાસે તે માટે જગ્યા નથી અને બાજુએ આવેલ એલ્ફીન્સ્ટન હાઇસ્કુલના કોંપાઉન્ડમાં આ માટે પુષ્કળ જગ્યા પડેલી છે જે મેળવવા મેં પ્રયત્ન કરેલો પણ તેમાં મને સફળતા મળી નહિ." સંયુકત જૈન વિદ્યાર્થીગૃહમાં સામાન્યતઃ એક વધારે વિદ્યાર્થીને ગોઠવવાનું મુશ્કેલ હતું, પણ આવા પરગજુ ઇશ્વરપરાયણ પ્રીન્સીપાલને ના કેમ કહેવાય ? રમણીકભાઈએ તેમના વિદ્યાર્થી માટે જગ્યા કરી આપી અને પ્રીન્સીપાલે આટલું કરી આપવા માટે રમ-ણીકભાઇનો બહુ બહુ આભાર માન્યો અને પોતે કૃતકૃત્યતા અનુ-ભવતા હોય એવો ભાવ દેખાડતા છુટા પડયા. વિદ્યાર્થીઓને ઉપયોગી થવાની આટલી બધી તમન્ના ધરાવનાર પ્રીન્સીપાલને જોઇને, જાણીને, સાંભળીને હું ભારે ચકિત થયો અને બધી કોલેજોને આવા ભલા પરગજુ પ્રીન્સીપાલો મળે તો વિદ્યાર્થીઓને આજે ભોગવવી પડતી પાર વિનાની હાડમારીઓ કેટલી બધી હળવી બની જાય એ વિચાર મારા મગજમાં કેટલો સમય સુધી ઘોળાયા કર્યો.

"આપણે બધા એક જ દિવસે સંવત્સરી ઉજવીએ"

જૈન સમાજ જે ત્રણ યા ચાર ફિરકાઓમાં વહેંચાયેલો છે તેમાં પરસ્પર એકતાની ભાવના કેમ કેળવાય તે તરફ જૈન સમાજના આગેવાનોનું ધ્યાન ઉત્તરોત્તર વધારે ને વધારે કેન્દ્રિત થઈ રહ્યું છે. આજે મહાવીર જયન્તી અને સંવત્સરિ જેવા અતિ મહત્ત્વના પર્વો જૈન સમાજના જુદા જુદા વિભાગોમાં ભિન્ન ભિન્ન દિવસોએ ઉજવાય છે. આ પર્વો એક જ દિવસે સૌ સમાન રીતે ઉજવે તો એકતાની દિશાએ સારી પ્રગતિ સાધી શકાય. આ હેતુ લક્ષ્યમાં રાખીને જૈન સ્થાનકવાસી કૉન્ફરન્સના પ્રમુખ શ્રી વનેચંદ દુર્લભજી ઝવેરીએ જૈન શ્વે. મૂ. કૉન્ફરન્સના પ્રમુખને ઉદ્દેશીને જયપુરથી તા. ૩-૫-૫૬ ના રોજ નીચે મુજબ પત્ર લખ્યો હતો.

"૧ વિ. વિ. સાથે લખવાનું જે સમસ્ત જૈનોનું સંગઠન અને એક પ્લેટફૉર્મ બનાવવાની અત્યંત આવશ્યકતા છે. આ માટે સદ્ભાગ્યે જૈનોમાં સૈદ્ધાંતિક માન્યતામાં ખાસ ભેદ નથી. વ્યવહારિક ક્રિયાકાંડો સૌ પોતપોતાના કરે તેમાં આક્षેપાત્મક દૃષ્ટિ દૂર કરવાની ઉદારતા કેળવવાનું વાતાવરણ સર્જવાની જરૂર છે. આ માટે જૈન ફીરકાઓની કૉન્ફરન્સો (મહાસભાઓ) એ પ્રયત્ન કરવો જરૂરી છે. આ માટે બધા ફીરકાઓના આગેવાનોએ એકત્ર થવાની જરૂર છે.

૨ ભગવાન મહાવીરની ૨૫૦૦ વર્ષની જયન્તી વિરાટ રૂપે મનાવવા માટે પણ વિચાર કરવાની જરૂર છે.

૩ જૈન ધર્મના મુખ્ય મહાપર્વો મહાવીર જયન્તી અને સંવત્સરી (ક્ષમાપના પર્વ) પણ એક જ દિવસે સંયુકત રૂપે જૈનો ઉજવતા થાય તો તેનો પ્રભાવ જૈનોની એકતા સર્જવામાં અને જનતા ઉપર ખૂબ જ પડી શકશે. આ માટે પણ હાર્દિક પ્રયત્ન કરવાની જરૂર છે.

૪ મહાવીર જયન્તી માટે તો સરળતાથી ઐકય સ્થાપી શકાય તેમ છે. પરંતુ સંવત્સરીનો પ્રશ્ન કંઈક વિવાદાસ્પદ હોઈને દિલની ઉદારતા માંગી લે છે. આ માટે પ્રથમ તો શ્વેતાંબર જૈનો (દહેરાવાસી, સ્થાનકવાસી અને તેરાપંથી ભાઇઓ) એ એકતા માટે મધ્યસ્થ માર્ગ કાઢવાની જરૂર છે.

૫ એપ્રીલ (૧૯૫૬) ની શરૂઆતમાં બીનાસર (બિકાનેર) મુકામે સ્થા. જૈનોનું બૃહત્સાધુ સંમેલન અને કૉન્ફરન્સનું અધિવેશન થયું હતું. જણાવતાં હર્ષ થાય છે કે, એ અવસરે સંવત્સરીની એકતા માટે ગંભીરપણે વિચાર કરવામાં આવ્યો હતો. નિર્ણય કરવાની સગવડતા માટે તેઓએ માર્ગદર્શન કર્યું હતું કે "લૌકિક માન્યતાઓ તરફ ન જતાં શાસ્ત્રીય માન્યતાઓને મહત્ત્વ આપવું એટલે કે "શ્રાવણ કે ભાદ્રપદ (લૌકિક રીતે) અધિક આવે ત્યારે (શ્વેતાંબર આગમાનુસાર) બે આષાઢ માની લેવાં. આ રીતે કરવાથી બધા વિચારધારાવાળાઓને સંતોષ થઇ શકશે.

આ ઉપરાંત બૃહત્સાધુ સંમેલને નીચે મુજબ નોટ આપીને હાર્દિક ઉદારતા અને સંગઠન-ભાવનાનો પરિચય આપ્યો છે.

નોટ :-શ્વેતાંબર મૂર્તિપૂજક, સ્થાનકવાસી અને તેરાપંથી આદિ વિભિન્ન પરંપરાઓનો શ્વેતાંબર જૈન સંઘ જો સંવત્સરીની એકતા માટે કોઈ એક નિર્ણય પર પહોંચે તો તે માટે શ્રી વર્ધમાન સ્થા. જૈન શ્રમણ સંઘ ઉદારતાપૂર્વક પોતાનો ઉચિત સહકાર આપવા માટે પ્રસ્તુત છે.

સ્થા. જૈન શ્રમણ સંઘ અને શ્રાવક સંઘની સાંવત્સરિક-એકતા માટે ઉપર પ્રમાણે ઉદાર ભાવના છે. આપનો શ્રમણ સંઘ અને શ્રાવક સંઘ સંવત્સરીની એકતા માટે ઉદારતાપૂર્વક યથોચિત માર્ગ વિચારે એની વિનંતિ છે.

આશા જ નહિં પણ સંપૂર્ણ વિશ્વાસ છે કે, આપ જૈન સમાજની એકતા માટે અગ્રેસર બની પૂર્ણ સહયોગ આપશોજી.

આ વિષયમાં આપના વિચારો જણાવશો તથા આપ તરફથી જે જે પ્રવૃત્તિઓ આ અંગે થાય તે જણાવતાં રહેશોજી. સેવાકાર્ય લખતા રહેશોજી.

તા. ક. :-આ પત્ર જૈન પત્રોમાં પ્રગટ કરાવીને ઐકયનું આંદોલન ઊભું કરવા અમારી ભાવના છે. આશા છે, કે આપ સંમત થશો."

આ પત્રનો જૈન શ્વે. મૂ. કૉન્ફરન્સના મંત્રીઓએ તા. ૫-૬-૫૬ ના રોજ નીચે મુજબ જવાબ આપ્યો હતો:—

"વિ. આપનો તા. ૩-૫-૫૬ નો પત્ર, બીનાસર અધિવેશનમાં, સંવત્સરીની એકતા સાધવા અંગેની ભૂમિકા રચવા વિ. સંબંધી, સ્થાયી સમિતિની સભામાં રજુ કરવામાં આવતાં તેનાં સૂચન અનુસાર નિવેદન કરવાનું કે આપના અધિવેશનમાં સમાજ-એકતાની જે ભાવના પ્રકટ કરવામાં આવી છે તે આવકારદાયક છે. આ સંસ્થા તરફથી પણ અત્યાર અગાઉના અધિવેશનોમાં એ દિશાસૂચન (એકતા અંગે) થયેલ છે. શ્રમણ સંઘ અને શ્રાવક સંઘની એકતા સમગ્ર જૈન સમાજમાં સ્થાપવા માટે પ્રબલ પ્રયાસો અને માર્ગોની જરૂર છે. અજમેર સ્થા. કૉન્ફરન્સના પ્રમુખ શ્રી હેમચંદ રા. મહેતા દ્વારા પણ તે દિશામાં પ્રયત્નો થયેલા હતા એમ અમારી જાણમાં છે. આપ તેના અનુસંધાનરૂપ યોગ્ય પ્રયત્નો કરશો તો તે સત્કારને પાત્ર લેખાશે એમાં શંકા નથી. અમારા તરફથી દર માસે પ્રકટ થતી પત્રિકામાં આપના પત્ર વિષે યોગ્ય ઉલ્લેખ કરીશું."

જૈન સમાજમાં એકતા સ્થાપિત કરવાની દિશાએ આવી આગેવાની લેવા માટે શ્રી વનેચંદભાઇને જૈન સમાજના ધન્યવાદ ઘટે છે. જૈન શ્વે. મૂ. કૉન્ફરન્સના મંત્રીઓએ અને તેની સ્થાયી સમિતિએ આ દરખાસ્તને ઉત્સાહપૂર્વક વધાવી લેવી જોઇતી હતી અને આ બાબતમાં પોતાથી બને તેટલો સહકાર આપવાની ખાત્રી આપવી જોઇતી હતી. આમ કરવાને બદલે આગળ ઉપર થયેલા આવા પ્રયત્નોનો હવાલો આપીને "આપ તેના અનુસંધાનમાં યોગ્ય પ્રયત્નો કરશો તો તે સત્કારને પાત્ર લેખાશે" એવી જે કેવળ ઔપચારિક શુભેચ્છા અને પોતા પક્ષે કશું પણ કરવાની જવાબદારી સ્વીકારવાની અનિચ્છા દર્શાવવામાં આવી છે એ હકીકત ભારે દુઃખ આપે છે.

સ્થાનકવાસી કૉન્ફરન્સના પ્રમુખે સૂચવ્યું છે તે મુજબ મહાવીર જયન્તી તો આજે લગભગ એક જ દિવસે ઉજવાય છે, એટલું જ નહિ પણ ઘણે ઠેકાણે ચારે ફિરકાના ભાઈઓ-બહેનો સાથે મળીને મહાવીર જયન્તી ઉજવે છે. સંવત્સરીની બાબતમાં અન્ય ત્રણ ફિરકાઓ અને દિગંબર સમાજ વચ્ચે એકતા સ્થાપિત કરવી લગભગ અશકય છે. કારણ કે આ ત્રણ ફિરકાનાં પર્યુષણ જ્યારે પુરાં થાય છે ત્યારે દિગંબર જૈનોનાં પર્યુષણ શરૂ થાય છે અને તેમની સંવત્સરી ભાદરવા શુદ્ધ ૧૧ના રોજ આવે છે. પણ સ્થાનકવાસી, શ્વે. મૂર્તિપૂજક અને તેરાપંથી સમાજના પર્યુષણ ઘણીવાર સાથે તો કેટલીકવાર એક દિવસના ગાળે શરૂ થાય છે અને તેમ હોય ત્યારે અમુકની સંવત્સરી ભાદરવા શુદ્ધ ૪ના દિવસે તો અન્યની સંવત્સરી ભાદરવા શુદ્ધ પના દિવસે આવે છે. શ્રાવણ કે ભાદરવો અધિક માસ હોય ત્યારે પર્યુષણ પર્વ અંગે કદિ કદિ મહીનાનો ફરક પડી જાય છે. આ અધિક માસ અંગે બીકાનેરમાં મળેલ સ્થાનકવાસીઓના સંમેલને જે ઠરાવ કર્યો છે કે શ્રાવણ કે ભાદ્રપદ અધિક આવે ત્યારે તેના બદલે બે આષાઢ માની લેવા એ જરૂર આવકારદાયક છે. આ ઉપરાંત ત્રણે સંપ્રદાયની સંવત્સરી એક કરવાની બાબતમાં ત્રણે સંપ્રદાયના આગેવાનો એકમત થાય તો સ્થાનકવાસી શ્રમણ સંઘ ઉદારતાપૂર્વક પોતાનો સહકાર આપવાની તૈયારી બતાવે છે અને એ રીતે સૈકાઓજુનો આગ્રહ છોડવાને તત્પર છે એ પણ એટલું જ પ્રોત્સાહક છે. આ ઘોષણાને અન્ય સંપ્રદાયના સાધુસમાજે એટલી જ સરળતાથી આવકારવી ઘટે છે.

આધુનિક જગતના પૈગમ્બર !

પંડિત દરબારીલાલજી જેઓ ઘણાં વર્ષ પહેલાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં ધાર્મિક અધ્યાપક તરીકે કામ કરતા હતા તેમણે કેટલાંક વર્ષથી વર્ધામાં 'સત્યાશ્રમ' નામનો એક આશ્રમ સ્થાપ્યો છે અને તેઓ પોતાને 'સ્વામી સત્યભકત' તરીકે કેટલાએક સમયથી ઓળખાવે છે. તેમના આશ્રમ તરફથી 'પૈગમ્બર ગીત' એ નામનો એક ગીત-

સંગ્રહ બહાર પાડવામાં આવ્યો છે. તે આશ્રમના મંત્રી શ્રી લાલજીભાઈ સત્યસ્નેહી આ ગીત સંગ્રહના સંપાદક છે. કીંમત રૂા. ૧॥ છે.

આ પુસ્તકમાં કુલ ૧૩૯ ગીતોનો સંગ્રહ છે. તે બે વિભાગમાં વહેંચાયલો છે. પૂર્વાર્ધમાં ૧૯ ગીતો છે; ઉત્તરાર્ધમાં ૧૨૦ ગીતો છે. પૂર્વાર્ધમાં સ્વામી સત્યભકતે પોતે રચેલાં ૧૯ ગીતો છે. તેમાં પહેલું ગીત 'પૈગામ સુના દે પૈગમ્બર' એ પ્રાચીન કાળથી આજ સુધીમાં થયેલા સર્વ પૈગમ્બરોને ઉદ્દેશીને લખાયલું છે. બાકીનાં ૧૮ ગીતો સ્વામી સત્યભકત પોતે જેમને પૈગમ્બર તરીકે સ્વીકારે છે તે પૈગમ્બરોને ઉદ્દેશીને રચાયલાં છે. આ પૈગમ્બરોની નામાવલિમાં રામ, કૃષ્ણ, મહાવીર, બુદ્ધ, કોન્ફ્યુસિયસ, જરથોસ્ત, ઈશુ ખ્રીસ્ત, મહમ્મદ અને કાર્લ માકર્સનો સમાવેશ થાય છે. સાધારણ રીતે સ્વીકૃત પૈગમ્બરોમાં કાર્લ માકર્સની ગણના કરવામાં આવતી નથી, જ્યારે સ્વામી સત્યભકત કાર્લ માકર્સને જગતના એક પૈગમ્બરનું ગૌરવ અર્પણ કરે છે. બીજી બાજુએ આજની જનતા પૈગમ્બરોની હરોળમાં ગાંધીજીને સ્થાન આપે છે, જ્યારે સ્વામી સત્યભકત ગાંધીજીને એવું મહત્વ આપતા લાગતા નથી; કારણ કે ગાંધીજીને ઉદ્દેશીને રચાયલું એક પણ ગીત ઉપર જણાવેલ ગીતમાળામાં જોવામાં આવતું નથી.

આનું બીજું પણ કારણ હોઈ શકે છે. સ્વામી સત્યભકત પોતાને આધુનિક યુગના એક પૈગમ્બર તરીકે માને છે અને મનાવે છે. તેમના મત મુજબ જેણે આ દુનિયાને ખાસ પયગામ આપ્યો હોય અથવા આપવાનો હોય તે પૈગમ્બર કહેવાય અને આજની દુનિયાને પોતા તરફથી એક પયગામ આપવાનો છે એમ સ્વામી સત્યભકત પોતાની વિષે માને છે અને તેથી પોતાને એક પૈગમ્બર તરીકે ઓળખાવવાના અધિકારી લેખે છે. આના અનુસંધાનમાં એ સમજી શકાય એવું છે કે તેઓ ગાંધીજીને એક પૈગમ્બર તરીકે સ્વીકારવાને તૈયાર ન હોય કારણ કે એક યુગમાં એક સાથે બે પૈગમ્બર કદિ સંભવી ન શકે.

ઉપર જણાવેલ પૈગમ્બર ગીતના ઉત્તરાર્ધમાં સ્વામી સત્યભકતના ૩૧ ગણધરોએ અથવા તો પ્રમુખ ઉપાસકોએ રચેલાં–સ્વામી સત્યભકતની અપાર સ્તુતિ કરતાં–૧૨૦ ગીતોનો સમાવેશ કરવામાં આવ્યો છે અને એ સ્તુતિગીતો ભૂતકાળમાં થયેલા અવતારો, તીર્થંકરો અને બુધ્ધોને ઉદ્દેશીને વપરાયલા સ્તુતિવિશેષણોથી ભરચક ભરેલાં છે, એટલું જ નહિ પણ આગળના પૈગમ્બરોથી આ આધુનિક પૈગમ્બર ચડિયાતા ન હોય એવો આપણા મનમાં ભ્રમ પેદા કરે છે. પ્રસ્તુત 'પૈગમ્બર ગીત' ના સંપાદક શ્રી લાલજીભાઇ સત્યસ્નેહી સ્વામી સત્યભકતનો આ રીતે પરિચય આપે છે. "આપ [સ્વામી સત્યભકત] સત્ય સમાજ કે સંસ્થાપક હૈ, યુગ પૈગમ્બર હૈ. આપ કે વિષયમે લિખા જાતા હૈ'– 'સર્વતોમુખી પ્રભાવશાલી વિદ્વાન, મહાન વિચારક, ચિન્તક, તાર્કિક અનુભવી, સફલ સંપાદક, પ્રચંડ આલોચક, સુલેખક, સુકવિ, નાટકકાર, મર્મસ્પર્શી ચુટકિલોં કે લેખક, પ્રખર વકતા, વાદવીર, સામાજિક ઔર ધાર્મિક ક્રાન્તિકારી, મહાન દાર્શનિક, દર્શનનિર્માતા, રાજનીતિ ઔર અર્થવ્યવસ્થાકે મર્મવેત્તા, અન્ધ શ્રધ્ધાકે નાશક, વિશ્વકી એકતા કે લિયે બિલકુલ નવીન સરળતમ ઔર પરિપૂર્ણ માનવભાષાકે આવિષ્કારક, લિપિ ઔર ટેલિગ્રાફી કે સંશોધક, વિશ્વપ્રેમી, વાસ્તવિક સાધુ, દૃઢ નિશ્ચયી, માનસિક, વાચિક ઔર શારીરિક શ્રમકી મૂર્તિ, સત્યેશ્વરકે પૈગમ્બર, સ્વયંબુદ્ધ, નૂતન ધર્મતીર્થ પ્રવર્તક, ઔર યુગ કે મહામાનવ હૈ સ્વામી સત્યભકત." સ્વામીજી કે વિષયમેં દી ગઈ વિશેષણમાળામેં કોઇ ભી વિશેષણ ન તો નિરાધાર હૈ, ન અતિશયોકિતપૂર્ણ. આપકા વિશાલ સાહિત્ય ઔર આપકા જીવન દેખનેસે પ્રત્યેક વિશેષણ સાર્થક ઔર ઉચિત હી સિદ્ધ હોતા હૈ."

આ પૈગમ્બરનો વિચાર કરતાં શ્રી જે. કૃષ્ણમૂર્તિનું સ્મરણ થાય છે. તેમને સ્વ. મીસીસ એની બીસેન્ટે World–Teacher–જગદ્‌ગુરૂ એટલે કે પૈગમ્બર તરીકે જાહેર કરેલા અને લોકો પાસે એ મુજબ સ્વીકારાવવાનો પ્રયત્ન કરેલો, પણ લોકો તેમનો એ રીતે સાર્વત્રિક સ્વીકાર કરે, ન કરે, તે પહેલાં કમનસીબે શ્રી કૃષ્ણમૂર્તિએ પોતે જ એ મુગટ પોતાના માથા ઉપરથી ફેંકી દીધો હતો. આ કીસ્સામાં તો સ્વામી સત્યભકત પોતે પૈગમ્બરનો મુગટ પહેરીને સત્યાશ્રમના સિંહાસન ઉપર વર્ધામાં બીરાજે છે અને એ આડંબર સાથે તેઓ થોડા સમય પહેલાં પૂર્વ આફ્રીકાના પ્રવાસે પણ જઇ આવ્યા હતા. સ્વામી સત્યભકતજી આજના જગતને સારી રીતે પીછાણે છે અને આજનો યુગ self-advertisement–પોતાની જાહેરાત–નો છે એ તેઓ બરોબર જાણે છે. તેથી તેમની પોતાની આ પ્રકારની જાહેરાતથી કોઈએ જરા પણ આશ્ચર્ય પામવાની જરૂર નથી.

કોઇ એમ કલ્પના કરી શકે છે કે આ ગીતસંગ્રહ સ્વામીજીની ઇચ્છા વિરૂધ્ધ અથવા તો જાણ બહાર પ્રગટ કરવામાં આવ્યો હશે. પણ આવી કલ્પનાને લેશમાત્ર અવકાશ નથી. સ્વામીજી સતત સજાગ મહાપુરૂષ છે અને પોતાના આશ્રમની સર્વ પ્રવૃત્તિઓના તેઓ પોતે સૂત્રધાર છે. વળી પોતે છે તે રૂપે જગત જાણે અને તેમના પયગામને જગત ઝીલે એમ સ્વામીજી અન્તરથી ઇચ્છે છે. વળી ભગવાન બુધ્ધે શું નહોતું કહ્યું કે "હું બુધ્ધ છું, અર્હંત છું;" અને ભગવાન મહાવીરે પણ નહોતું કહ્યું કે "હું સર્વજ્ઞ છું." અને ઇશુ ખ્રિસ્તે પણ નહોતું કહ્યું કે "I am Christ, I am son of God." "હું ક્રાઇસ્ટ છું, હું ઇશ્વરનો બેટો છું." તો એવી જ પ્રતીતિ પોતા વિષે અનુભવનાર સ્વામી સત્યભકત પોતાને પૈગમ્બર તરીકે ઓળખાવે અને તે મુજબનો પ્રચાર કરે તે માટે તેમના ઉપર આપણે આત્મશ્લાઘાનો દોષ મૂકી ન શકીએ. વસ્તુતઃ આપણા માપે આવા લોકોત્તર પુરૂષને તોળવા એ આપણી પોતાની જ અલ્પતા જાહેર કરવા બરોબર છે. સ્વામી સત્યભકત વિષે આથી વિશેષ પરિચય મેળવવા માટે જિજ્ઞાસુઓને 'પૈગમ્બર ગીત' વાંચવા ભલામણ છે.

જેવો આઘાત તેવો પ્રત્યાઘાત

કોઈ પણ પ્રતિકુળ ઘટના બનતાં તે ઘટના નિર્માણ કરનાર પ્રત્યે આપણે જેવો આઘાત વ્યકત કરીએ તેવો જ પ્રત્યાઘાત સામી બાજુએથી વ્યકત થાય છે. હિંસક આઘાત સામે હિંસક પ્રત્યાઘાત અને અહિંસક આઘાત સામે અહિંસક પ્રત્યાઘાત પેદા થાય છે. આ એક નૈતિક તથ્યને મુનિશ્રી નગરાજજી એક સ્થળે એક ઘરગતુ દૃષ્ટાન્ત આપીને બહુ સુન્દર રીતે રજુ કરે છે. તેઓ જણાવે છે કે :–

"ધારો કે ઓરડાની મધ્યમાં શાહીથી ભરેલો ખડિયો પડયો છે. કોઇ વ્યકિત અચાનક આવી, ખડિયાને ઠોકર લાગી અને શાહી જ્યાં ત્યાં કપડા અને ચોપડીઓ ઉપર રેલાઈ ગઈ. એ વખતે જો ગુસ્સામાં આવીને કોઇ તે વ્યકિતને એમ કહે કે "આંધળો થઈને ચાલે છે? તને આવડો મોટો ખડિયો દેખાતો નથી? કેવો મૂર્ખ છે?" તો જરૂર ઉત્તર મળશે કે "હું શું મૂર્ખ છું? મૂર્ખ તો તે છે કે જેણે ખડિયો અહિં વચ્ચે લાવીને મૂકયો. ખડિયો રાખવાનું શું આ ઠેકાણું છે?" જો એ જ પરિસ્થિતિમાં શાન્તિ અને મધુરતાપૂર્વક શાહી જ્યારે ચોતરફ રેલાઈ ગઈ ત્યારે એમ કહેવામાં આવ્યું હોત કે "કોણે ભૂલથી ખડિયો વચ્ચે મૂકી દીધો?" તો સામેવાળી વ્યકિત એમ કહેત કે "ખડિયો મૂકવાવાળાની ભૂલની વાત બાજુએ રહી, પણ મારે પણ જોઇને ચાલવું જોઇતું હતું." વાહ, અહિંસાનો આ એક સિધ્ધ થયેલો મનોવૈજ્ઞાનિક પ્રયોગ છે કે જે વડે સાસુ વહુને, પિતા પુત્રને તથા ભાઇ પોતાના ભાઇને કશી પણ કડવાશ સિવાય આત્મનિરીક્ષણની ભૂમિકા ઉપર લઈ જઇ શકે છે."

પરધર્મ–સહિષ્ણુતા

આજની નવપ્રજાના દિલમાં એક પ્રકારનું અભિમાન ઉભું થયેલું જોવામાં આવે છે કે ગાંધીજીએ શિખવેલી સર્વધર્મસમભાવની ભાવનાને પોતે યોગ્ય રીતે ઝીલી છે અને પોતાના વડિલો કરતાં પોતે અન્ય ધર્મો પ્રતિ વધારે ઉદાર અને સહિષ્ણુ બનેલ છે. ગાંધીજીએ શિખવેલી પરધર્મ–સહિષ્ણુતા અને આજે ચોતરફ જોવામાં આવતી પરધર્મ–સહિષ્ણુતા વચ્ચે જે મહત્વનો તફાવત છે તે પ્રત્યે શ્રી રાજગોપાલાચાર્યે ભારે સચોટ રીતે ધ્યાન ખેંચ્યું હતું. બેંગલોર ખાતે

તા. ૨૬-૪-૫૬ના રોજ 'ફ્રેસોશીપ ઓફ ધી ફ્રેન્ડઝ ઓફ ટ્રુથ'ના આશ્રય નીચે યોજાયલી એક આન્તરરાષ્ટ્રીય ગોષ્ઠી પ્રસંગે બોલતાં જણાવ્યું હતું કે :-

"પહેલાંની અપેક્ષાએ વિભિન્ન ધર્માવલંબીઓમાં આજે અધિક સહિષ્ણુતા જોવામાં આવે છે. પરંતુ મારા અભિપ્રાય મુજબ આને પ્રગતિ લેખવી ન જોઇએ. આ સહિષ્ણુતા અન્ય ધર્મોના તત્વોને વધારે સારી રીતે સમજવામાંથી અને હૃદયંગમ કરવામાંથી નહિ, પણ પોતાના ધર્મ પ્રતિ કેળવેલી ઉદાસીનતામાંથી ઉદ્‌ભવ પામેલી હોય છે. ધર્મમાં આસ્થા ઉત્તરોત્તર નબળી પડતી જાય છે અને સર્વ રાષ્ટ્રોના શિક્ષિત લોકોની આજે એવી દશા છે કે તેમના વડિલોમાં પોતપોતાના ધર્મ વિષે જેવી શ્રદ્ધા હતી તેવી સુદૃઢ અને ગાઢ શ્રદ્ધા આ લોકોને પોતાના ધર્મમાં રહી નથી. આ રીતે જો પોતાના ધર્મમાં આસ્થા રહી નથી તો અન્ય ધર્મોના અનુષ્ટાનો, પરંપરાઓ તથા પ્રથાઓ પ્રતિ સહિષ્ણુતા દાખવવી એ વાત સહેલી બની ગઇ છે. પોતાના ધર્મ પ્રત્યેની ઉદાસીનતામાંથી ઉત્પન્ન થયેલી પરધર્મ-સહિષ્ણુતા એવી કોઇ ચીજ નથી કે જે માટે કોઇનું આપણે અભિનન્દન કરી શકીએ.

"ગાંધીજીએ જે પ્રકારની સહિષ્ણુતાનો પ્રચાર કર્યો હતો તે પોતાના ધર્મ વિશ્વાસના પ્રવાહને સુકવી નાંખીને ઉત્પન્ન કરવામાં આવેલી સહિષ્ણુતા નહોતી. ગાંધીજી ઇચ્છતા હતા કે ધાર્મિક વિશ્વાસ હજુ પણ વધારે સબળ અને સુદૃઢ બને. તેઓ ઇચ્છતા હતા કે લોકો દૈવી નિયમોમાં અધિક વિશ્વાસ ધરાવે અને જે ધર્મમાં અથવા ધાર્મિક અનુષ્ટાનોમાં તેને વિશ્વાસ હોય તેનું પાલન કરવા સાથે સંસારના સર્વ ધર્મો પ્રત્યે આદરનો ભાવ પોતાની અંદર પેદા કરે."

'જૂનું મુંબઇ'

(લેખક : શ્રી વીરજી ગંગાજર માહેશ્વર; પ્રકાશક : એન. એમ. ત્રિપાડી લિમિટેડ, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૨; કીંમત રૂા. ૧-૪-૦).

પાંચ સદી પહેલાંના નાનકડા સાત ટાપુઓનું જે એક ઝુંડ હતું તેનો દુનિયાની એક મહાન નગરી તરીકે શી રીતે વિકાસ થયો તેની ઐતિહાસિક તવારીખો સાથે અનેક રસિક વિગતો આ પુસ્તક પૂરી પાડે છે. આ મુંબઇના ઘડતરમાં કચ્છી, ગુજરાતી, પારસી, ભાટીયા, લુહાણા, મેમણ, અંગ્રેજો તેમ જ કોંકણી તથા મહારાષ્ટ્રી -આવા અનેક પ્રજાગણોએ કેવો કેવો ફાળો આપ્યો છે તેનું આ પુસ્તકમાં સુન્દર વર્ણન છે. ભાષા સાદી, સરળ તથા સચોટ છે. આજે જ્યારે સંયુકત મહારાષ્ટ્રવાદી 'મુંબઇ અમારૂં' એમ ચોતરફ શોરબકોર કરી રહ્યા છે ત્યારે મુંબઇ કોઇ એક કોમ કે અમુક ભૌગોલિક જનસમુદાયનું નથી, પણ અનેક કોમો અને પ્રજાગણોના સાહસ અને પુરૂષાર્થનું પંચરંગી નિર્માણ છે અને તેની મહત્તા તે પ્રકારના વિશિષ્ટ સ્વરૂપની જાળવણી ઉપર જ નિર્ભર છે એનો આ નાનકડું પુસ્તક ભારે રોચક ખ્યાલ આપે છે. આ પુસ્તકના લેખક શ્રી વીરજીભાઇ એક કચ્છી જૈન ગૃહસ્થ છે. આજે તો તેઓ વર્ષોથી નિવૃત્ત જીવન ગાળે છે. તેમનો વ્યવસાય વ્યાપારનો હતો. તેમણે 'હિસોળા' નામના એક નાના પુસ્તકમાં પોતાની આત્મકથા લખી છે. તે પુસ્તક પણ આ 'જૂનું મુંબઈ' જેવું છે કે જે શરૂ કરો પછી પુરૂં કર્યે જ છુટકો. તેમણે 'હિન્દ પર્યટન' એ નામનું એક દળદાર પુસ્તક લખ્યું છે. જેમાં તેમણે દેશભરમાં કરેલા અનેક પ્રવાસોનું વિપુલ માહીતીથી ભરેલું વર્ણન આપવામાં આવ્યું છે. આજે તેમની ૭૯ વર્ષની ઉમ્મરે પણ તેઓ આટલી જાગૃત સ્મરણશકિત ધરાવે છે અને આટલી સ્વસ્થતા અને પ્રસન્નતાપૂર્વક સાદું સરળ છતાં ચમકદાર તળપદું ગુજરાતી લખી શકે છે તે એક ભારે આશ્ચર્યનો વિષય છે. 'જૂનું મુંબઇ' લખીને મુંબઇની પ્રજાની તેમણે મહત્વની સેવા કરી છે.

પરમાનંદ

ભારત જૈન મહામંડળનું આગામી અધિવેશન

મુંબઈ ખાતે તા. ૨૪-૬-૧૯૫૬ ના રોજ શ્રી શ્રેયાંસપ્રસાદ જૈનના પ્રમુખપણા નીચે ભારત જૈન મહામંડળની કાર્યવાહક સમિતિની સભા મળી હતી અને તે વખતે નીચે મુજબ નિર્ણયો લેવાયા હતા.

(૧) ભારત જૈન મહામંડળનું આગામી વાર્ષિક અધિવેશન ચિંચવડ (પુના) ખાતે ઓકટોબર માસની તા. ૨૦-૨૧-૨૨ ના રોજ ભરવું.

(૨) એ સાથે એક જૈન પત્રકાર પરિષદ ભરવાની યોજના કરવી.

(૩) જૈન સમાજના વિદ્યાર્થીગૃહોના વિદ્યાર્થીઓ માટે એક સર્વ-સામાન્ય ધાર્મિક પાઠયક્રમની રૂપરેખા નક્કી કરવી.

આ માટે નીચેના ગૃહસ્થોની એક પેટાસમિતિ નીમવામાં આવી.

(૧) ડો. હીરાલાલ જૈન-પ્રમુખ.
(૨) શ્રી કુંદનમલ ફિરોદીયા
(૩) પંડિત ખેચરદાસ જીવરાજ દોશી
(૪) શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા
(૫) ,, રીષભદાસજી રાંકા
(૬) ,, પન્નાલાલજી જૈન
(૭) પંડિત સુરજચંદ્ર ડાંગી

(૪) જૈન સમાજના સર્વસંપ્રદાયોની માન્યતા અને ભાવનાઓને હાની ન પહોંચે તે રીતે તથા જૈનોની સાંસ્કૃતિક એકતાને વેગ મળે એ હેતુથી પર્યુષણ પર્વ ૧૮ દીવસના માનવામાં આવે અને ક્ષમાપના મહોત્સવ ભાદરવા સુદી ૧૫ ના દીવસે ઉજવાય એવો સ્થળે સ્થળે પ્રચાર કરવો.

મહાગુજરાતની શ્રી મહાગુજરાતની સરસ્વતીનું બહુમાન કરો!

પંડિત સુખલાલજી સન્માન ફાળા અંગે અપીલ કરતાં લોકભારતીના અધિષ્ઠાતા શ્રી નાનાભાઈ ભટ્ટ જણાવે છે કે "પંડિતજી મહાગુજરાતના એક જ્યોતિર્ધર છે, તેમની સર્વતોમુખી પ્રતિભા વિશે, સાકડી સાંપ્રદાયિકતાથી પર એવી તેમની વ્યાપક જીવનદૃષ્ટિ વિશે અને તેમના ઉચ્ચ કક્ષાના નીતિશુદ્ધ અંગત જીવન વિશે બે મત છે જ નહીં. નિઃસ્વાર્થ જ્ઞાનવિતરણ દ્વારા તેમણે કરેલી સેવા માટે મહાગુજરાત તેમનું ઋણી રહેવાનું. આવે પ્રસંગે મહાગુજરાતની શ્રી મહાગુજરાતની સરસ્વતીનું બહુ માન કરે તેમાં તેની શોભા છે. પૂજ્ય પંડિતજીના સન્માન ફાળામાં સૌ યથાશકિત આપે તેવી સન્માનસમિતિની વિનંતિમાં હું મારો સુર પુરાવું છું."

પંડિત સુખલાલજી વિષે આદર ધરાવતા ભાઈ બહેનોને પોત-પોતાનો ફાળો નીચેના સરનામે સત્વર મોકલી આપવા પ્રાર્થના છે.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, **મુંબઈ ૩.**

મંત્રીઓ, પંડિત સુખલાલજી સન્માન સમિતિ

વિષય સૂચિ **પૃષ્ઠ**

"બાગોં ના જા રે ના જા..."	ગીતા પરીખ	૫૩
સંયુકત જૈન વિદ્યાર્થીગૃહના વિદ્યાર્થીઓ સાથે મુખ્ય પ્રધાનનો વાર્તાલાપ		૫૪
પ્રકીર્ણ નોંધ : એ દયામણી આંખો!, પરગજુ પ્રીન્સીપાલ, "આપણે બધા એક જ દિવસે સંવત્સરિ ઉજવીએ", આધુનિક જગતના પૈગમ્બર, જેવો આઘાત તેવો પ્રત્યાઘાત, પરધર્મ-સહિષ્ણુતા, જૂનું મુંબઇ.	પરમાનંદ	૫૭
ઓ પૂર્ણજ્ઞાન-પ્રાગટયના દિવસો		૬૧
ઠક્કરબાપા	પરમાનંદ	૬૨

સ્વ. ધર્માનંદ કોસમ્બી રચિત નાટક

બોધિસત્ત્વ

કાકાસાહેબ કાલેલકર તથા સ્વ. ધર્માનંદ કોસમ્બીની પ્રસ્તાવનાઓ સાથે

પ્રકાશક :

મુંબઈ જૈન યુવક સંઘ, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩

કીંમત રૂા. ૧-૮-૦, પોસ્ટેજ ૦-૨-૦

મુંબઈ જૈન યુવક સંઘના સભ્યો તથા પ્રબુદ્ધ જીવનના ગ્રાહકો માટે કિંમત રૂા. ૧-૪-૦

એ પૂર્ણજ્ઞાન-પ્રાગટ્યના દિવસો

('બોધિસત્ત્વ' નાટક ગતાંકમાં જ્યાં પૂરું થયું તેની મધુર પુરવણીરૂપે 'ચાર આર્યસત્યો' ના શિર્ષક નીચે 'માનિક' ના બુધ્ધપરિનિર્વાણ અંકમાં પ્રગટ થયેલો લેખ અહિં સાભાર ઉધ્ધૃત કરવામાં આવે છે. ત'ંત્રી)

રાતનો પહેલો પહોર વીત્યો. પૃથ્વી શાન્ત હતી. પશુપક્ષી, વનસ્પતિ, સર્વસૃષ્ટિ શાંત હતી. જે સમયે આકાશ નિર્મળ હતું, ચંદ્રનો શાન્ત પ્રકાશ જગત ઉપર પ્રસરી રહ્યો હતો, તે સમયે શાક્ય-મુનિના અંતઃકરણમાં સત્ય જ્ઞાનનો પ્રકાશ ફેલાયો. તેઓ 'સમસંબુદ્ધ' થયા. તેમનાં દિવ્યચક્ષુ ઉઘડ્યાં. એ જ્ઞાનના બળે તેમને પૂર્વાવસ્થાની સ્મૃતિ થઇ. પૂર્વભવના સંસ્કારોનું તેમને જ્ઞાન થયું. બુદ્ધની સ્થિતિ પ્રાપ્ત થતાં સુધીમાં જીવનનું દરેક પગથિયું એકબીજા સાથે શી રીતે સંકળાયેલું છે. તે પણ તેમને સમજાયું. પૂર્વભવમાં વાવેલા સંસ્કારનાં બીજ પાછળના જીવનમાં ફળે છે તે તેમણે જોયું. સારા કર્મનું સારું ફળ મળે છે અને ખરાબનું ખરાબ ફળ મળે છે. મરણ તે લેણદેણનો હિસાબ કરવાનો સમય છે. આ ગણતરી એવી ચોક્કસ હતી કે જેમાં એક રતી માત્રનો પણ ફેર પડતો નથી. આ મહાન સિદ્ધાંતનું જ્ઞાન શાક્યમુનિને તે રાત્રિએ થયું.....

બીજા દિવસનો પ્રાતઃકાળ થતાં પૂર્વ દિશામાં સૂર્યનાં કિરણો ફૂટ્યાં અને તેના પ્રકાશથી સરોવરમાં કમળ ખીલે તેમ સત્યના સાક્ષાત્કારથી શાક્યમુનિના અંતઃકરણમાં જ્ઞાનનું કમળ સંપૂર્ણ ખીલી ઉઠ્યું. શાક્ય મુનિ 'બુદ્ધ' થયા, ત્રિકાળજ્ઞાની થયા, સત્યનો પ્રકાશ તેમણે અનુભવ્યો.

જે સમયે શાક્યમુનિ બુદ્ધ થયા તે સમયે આખા વિશ્વની સ્થિતિ કેવી થઈ ગઇ તેનું વર્ણન કરતાં અર્હંત અશ્વઘોષ લખે છેઃ 'આખું વિશ્વ એ સમયે શાન્ત અને પ્રકાશમાન થયું. સઘળા દેવો, નાગરાજાઓ અને બીજા દિવ્ય શક્તિધારીઓ આકાશમાં દિવ્ય દુંદુભિ વગાડવા લાગ્યા ને પુષ્પોની વૃષ્ટિ કરવા લાગ્યા. પ્રાણીઓ પરસ્પર વિરોધ ભૂલી ગયાં. ભય અને ત્રાસ ઘડીભર અદૃશ્ય થયા. ક્રૂર હૃદયો નમ્ર બન્યાં. લડવાની તૈયારી કરતા રાજાઓએ શાંતિના કહેણ મોકલ્યાં. કપિલવસ્તુનાં નરનારીઓ, મહારાજા શુદ્ધોદન, રાણી યશોધરા અને કુમાર રાહુલનાં અંતઃકરણમાં આનંદની ઊર્મિઓ ઉછળવા લાગી. કોઇક મહાન આનંદકારી બનાવ બન્યો છે, કોઇક મહા ચમત્કાર બન્યો છે એમ સૃષ્ટિના જીવોને કુદરતી પ્રેરણાથી લાગ્યું અને તેઓ હર્ષમાં આવી ગયાં.'

બોધિવૃક્ષ નીચે ભગવાન બુદ્ધ સાત દિવસ અને સાત રાત સુધી ધ્યાનસ્થ દશામાં સ્થિર ચિત્તે બેસી રહ્યા. તેમનું ચિત્ત તદ્દન શાન્ત હતું. કોઈપણ પ્રકારની આશા તૃષ્ણા તેમને રહી ન હતી. જે પ્રાપ્ત કરવા યોગ્ય હતું તે તેમને મળી ચૂકયું હતું. તેમના જીવનનો ઊંચામાં ઊંચો હેતુ સિદ્ધ થયો હતો. તેમનો મહાન મનોરથ આજે પૂર્ણ થયો હતો.

આઠમે દિવસે બુદ્ધ આસન પરથી ઊઠ્યા. સ્નાન, આહાર વગેરે કરી એક ન્યગ્રોધના વૃક્ષ નીચે જઇને બેઠા. ત્યાં તેમણે સાત દિવસ સુધી મુક્તિસુખનો અનુભવ લીધો.

પછી ભગવાન બુદ્ધે જગત તરફ નજર કરી. તેમને આખી સૃષ્ટિ દુઃખમાં ડૂબેલી જણાઇ. તેમના કોમળ અંતઃકરણમાં સર્વ જીવો પ્રત્યે દયાભાવ ઊભરાયો. પોતાને પ્રાપ્ત થયેલું જ્ઞાન જગતના સર્વ મનુષ્યોને પ્રાપ્ત થાય તો જ જગતમાંથી દુઃખ દૂર થાય, અજ્ઞાન ટળે અને જ્ઞાનના પ્રકાશમાં સૌ શાશ્વત સુખ ભોગવી શકે. પણ એ સાથે એમના મનમાં વિચાર સ્ફુર્યોઃ

'મહાપ્રયત્ન કરીને આ માર્ગનું જે જ્ઞાન મને પ્રાપ્ત થયું છે, તે લોકોને કહેવું નિરર્થક લાગે છે. કારણ કે, લોભ અને દ્વેષથી ભરેલા લોકો તેને જલદી સમજી શકવાના નથી.

'આ માર્ગ લોકપ્રવાહથી ઉલટો જનારો છે, જ્ઞાનયુક્ત છે, ગંભીર છે, દુરધિગમ છે અને સૂક્ષ્મ છે; (તેથી) અજ્ઞાનાવરણથી આચ્છાદિત અને કામાસક્ત માણસોને તેનું જ્ઞાન થવાનું નથી.'

ભગવાનના મનનો આ વિચાર બ્રહ્મદેવે જાણ્યો, અને તે મનમાં બોલ્યાઃ 'અરેરે, બુદ્ધ જો ધર્મોપદેશ નહિ કરે, તો લોકોને બહુ હાનિ થશે ! તેમનો નાશ થશે !' એમ કહી તે તુરત બુદ્ધની સામે પ્રગટ થયા અને બોલ્યા :

'હે વીર, હે લોકનાયક, હવે ઊભો થા. તેં સંગ્રામમાં જય મેળવ્યો છે અને તું ઋણમુક્ત થયો છે. હવે લોકમાં સર્વત્ર ફરીને હે ભગવન્, તારા ધર્મનો પ્રચાર કર. તારો આ ધર્મ સમજનારા પણ (કેટલાક) હશે જ.'

બ્રહ્મદેવની આ પ્રાર્થના સાંભળી બુદ્ધે ધર્મોપદેશ કરવાનો નિશ્ચય કર્યો. હવે આ બ્રહ્મદેવ કોણ એ અહીં આપેલા ફકરા પરથી સમજવું કઠણ છે, પણ તેવિજ્જસુત્ત, મહાગોવિંદસુત્ત ઇત્યાદિ સુત્તોમાં તેનું જે વર્ણન મળે છે તે પરથી દેખાઈ આવે છે કે બ્રહ્મદેવ એટલે મૈત્રી, કરુણા, મુદિતા અથવા ઉપેક્ષા એમાંથી એકાદ મનોવૃત્તિ હશે. તેમણે બ્રહ્મદેવની પ્રાર્થના સાંભળી એટલે શું ? તેમના અંતઃકરણના અમર્યાદ પ્રેમથી, અગાધ કરુણાથી, સજ્જનો વિષેની મુદિતાથી અને તેમનું ન સાંભળનારાઓ ઉપર અથવા તો તેમના અકારણ શત્રુઓ ઉપરની ઉપેક્ષાથી તેઓ સદ્-ધર્મનો પ્રચાર કરવા પ્રવૃત્ત થયા.

આવો વિચાર કરી બુદ્ધ ઉરુવેલાના સ્થાનમાંથી કાશી તરફ ચાલ્યા અને કાશીની ઉત્તરે ત્રણ માઇલ પર આવેલા મૃગદાવ નામના સ્થળે (હાલ જેને સારનાથ કહે છે) તેઓ પહોંચ્યા. છેવટે તેઓ મૃગવનમાં આવી પહોંચ્યા. ત્યાં કૌડિન્ય વગેરે પાંચે તપસ્વીઓ આશ્રમ બાંધીને રહેતા હતા. તેમણે દૂરથી બુદ્ધને આવતા જોયા. અંદર અંદર તેઓ વાતો કરવા લાગ્યા : 'આ સિદ્ધાર્થ આવતો લાગે છે. માબાપને દુઃખી કર્યા, સ્ત્રીપુત્રને મૂકીને અધવચ્ચે ચાલી ગયો અને બુદ્ધ થવાને બદલે દંભમાં ફસાઈ યોગભ્રષ્ટ થયો. તે આપણા આશ્રમમાં આવતો જણાય છે. અહીં આવે તો આપણે તેનો કશો આદર સત્કાર કરવો નહિ. તેને માટે દર્ભનું એક આસન માંડી રાખવું, એની મરજી હશે તો બેસશે. નહિતર પાછો જશે.'

આ વિચાર કરી એ તપસ્વીઓ જાણે બુદ્ધને કદી જોયા નથી તે રીતે બીજી બાજુ નજર કરી ઊભા રહ્યા; પરંતુ જ્યારે ભગવાન બુદ્ધ આશ્રમનાં દ્વાર ઉપર આવીને ઊભા રહ્યા ત્યારે એકાએક એ પાંચે તપસ્વીઓ તેમની સામા આવ્યા અને બે હાથ જોડીને બુદ્ધને પગે લાગ્યા. એક જણે બુદ્ધનું પાત્ર લઇ લીધું, બીજાએ ચીવર (કંથા) લઇ લીધું, ત્રીજાએ આશ્રમમાં જઇને સુંદર આસન તૈયાર કર્યું અને બાકીનાએ હાથપગ ધોવા માટે પાણી મૂક્યું.

બુદ્ધ પગ ધોઈ આસન પર બેઠા, તપસ્વીઓએ તેમના કુશળ સમાચાર પૂછ્યા : 'સિદ્ધાર્થ ! તમને જ્ઞાન પ્રાપ્ત થયું ?'

બુદ્ધ બોલ્યા : 'હે તપસ્વીઓ ! મને હવે મારા જૂના નામથી બોલાવશો નહિ. હવેથી મને અર્હંત, તથાગત અથવા બુદ્ધ એ નામથી બોલાવજો. મને માન મળે કે ન મળે એ બાબતમાં મારું મન ઉદાસીન છે, પણ જે માણસ જીવમાત્ર ઉપર સમદૃષ્ટિથી-સમભાવથી જુએ છે તેને તેના બાનગી નામથી બોલાવવો તે યોગ્ય નથી. જે જીવમાત્રના ઉદ્ધારનો માર્ગ જાણે છે અને બતાવે છે તેને માન આપવું એમાં સભ્યતા રહેલી છે, વિવેક રહેલો છે.

બ્રાહ્મણો બોલ્યા : 'હે ગૌતમ, અમે જ્યારે તારી પાસે હતા ત્યારે ઉગ્ર તપસ્યાથી તને મોક્ષમાર્ગનું જ્ઞાન થયું ન હતું. તું તપનો માર્ગ છોડી પેટ ભરવા પાછળ પડયો અને યોગભ્રષ્ટ થયો, તો પછી તને જ્ઞાન મળ્યું છે એમ અમે શી રીતે માની શકીએ ?'

બુદ્ધ બોલ્યા : 'હે બ્રાહ્મણો, તમને મેં છોડ્યા ન હતા, તમે મને છોડી ગયા હતા. આપણે સાથે હતા ત્યારે મેં કોઈ દિવસ આવા ખાતરીપૂર્વકના શબ્દો તમને કહ્યા ન હતા. આજે મને ધર્મનો સાચો માર્ગ મળ્યો છે અને તમે શ્રદ્ધાપૂર્વક ધ્યાનથી મારી વાત સાંભળશો તો તમને પણ એ જ્ઞાન પ્રાપ્ત થશે. હે સત્યશોધકો ! આ જગતમાં અત્યારે બે માર્ગ છે : કેટલાક દેહદમન કરી શરીરને સૂકવી નાખે છે,

ઇંદ્રિયોને જડ બનાવી દે છે, અને દેહદમન એજ સાધ્ય હોય એ પ્રમાણે વર્તે છે, અને પોતાની જાતને અભિમાનથી મોટા મહાત્મા અગર તપસ્વી કહેવડાવે છે. બીજાઓ ખાનપાનમાં મસ્ત રહી ઇંદ્રિયોના વિલાસમાં મગ્ન રહે છે. તેઓ સંસારનાં સુખ ભોગવતા છતાં મોહરૂપી મદિરામાં ચકચૂર રહે છે. આ બંને માર્ગ સાચા જ્ઞાનનો અભાવ સૂચવે છે. આ બંનેમાંથી એકે ય માર્ગે ખરી શાન્તિ, ખરું સુખ મળી શકતું નથી. શરીરથી અને ઇંદ્રિયોથી અશકત બનેલો સાધક દેહને કષ્ટ આપે તેથી તેનું મન નિર્બળ બને છે. બીજા સંસારી લોકો કામોપભોગમાં સુખ માની બેસે છે. પણ તે વસ્તુ સુખકારક નથી, દુઃખકારક છે. સંસારી સુખને અંતે વ્યાધિ, ઘડપણ અને મૃત્યુનાં દુઃખ રહેલાં છે. આ બંને માર્ગો સુખ પ્રાપ્ત કરવા માટે, શાંતિ મેળવવા માટે યોગ્ય નથી. દેહદમન એ એક છેડો છે અને ઇંદ્રિયોના વિષયોનો ઉપભોગ એ બીજો છેડો છે. જેમને શાશ્વત સુખ મેળવવું છે, શાંતિ મેળવવી છે, તેમણે આ બંને છેડાનો વચલો માર્ગ શોધી કાઢવો જોઇએ. તથાગતે એ માર્ગ–મધ્યમ માર્ગ–શોધી કાઢયો છે. હે બ્રાહ્મણો! જન્મ, જરા, વ્યાધિ, મરણ, અણગમતી વસ્તુઓનો સમાગમ અને પ્રિય વસ્તુઓનો વિયોગ, આટલી બાબતોથી માણસ આ લોકમાં દુઃખી થાય છે. રાયથી રંક સુધી સૌ કોઈ આ દુઃખમાં ડૂબેલા છે. જગતમાં આવું દુઃખ છે તે શોધને હું પહેલું આર્ય સત્ય કહું છું.

'આ સર્વ દુઃખો તૃષ્ણામાંથી નીપજે છે. ઐહિક સુખની તૃષ્ણા, સ્વર્ગલોક મેળવવાની તૃષ્ણા, મરજી મુજબ સુખ ભોગવવાની તૃષ્ણા, આ ત્રણ તૃષ્ણાથી માણસ અનેક પ્રકારના ખોટાં કામ કરે છે અને દુઃખી થાય છે. તેથી તૃષ્ણા એ દુઃખનું મૂળ છે. આ બીજા સિદ્ધાંતને હું 'દુઃખસમુદાય' નામનું બીજું આર્યસત્ય કહું છું.

તૃષ્ણાનો વિરોધ કરવાથી નિર્વાણનો લાભ મળશે. દેહદમનથી કે કામોપભોગથી મોક્ષપ્રાપ્તિ થનાર નથી એ ત્રીજો સિધ્ધાંત છે. આને હું 'દુઃખનિરોધ' નામનું ત્રીજું આર્યસત્ય કહું છું.

'સમ્યક્ દૃષ્ટિ, સમ્યક્ સંકલ્પ, સમ્યક્ વાચા, સમ્યક્ કુર્માન્ત (કર્મ), સમ્યક્ આજીવ, સમ્યક્ વ્યાયામ, સમ્યક્ સ્મૃતિ, અને સમ્યક્ સમાધિ–આ મેં નવીન શોધી કાઢેલો મધ્યમ માર્ગ છે. આ માર્ગે જ દુઃખનો નિરોધ થઈ શકશે. (વ્રતો, ઉપવાસો અને દેહદમનથી ઇચ્છા નાશ પામતી નથી.) આ ચોથો સિદ્ધાંત છે.

'આ ચાર આર્યસત્યોનું જ્ઞાન થવાથી હું સમ્યક સંબુદ્ધ પદને પહોંચ્યો છું. આ ચાર આર્યસત્યો મેં કોઈ ગુરૂ પાસેથી સાંભળેલાં નથી કે શસ્ત્રોમાંથી વાંચ્યાં નથી, પણ તેનો મને અનુભવ થયો છે, તેનું મને દર્શન થયું છે.'

ભગવાન બુદ્ધનું આ પ્રવચન સાંભળીને કૌડિન્યનાં જ્ઞાનચક્ષુ ખુલી ગયાં. બુદ્ધના મહાન સત્યનું તેને દર્શન થયું. તેના સંશયો નાશ પામ્યા અને તે ભગવાન બુદ્ધનો પ્રથમ શિષ્ય બન્યો. કૌડિન્યને બુદ્ધનો શિષ્ય થયેલો જોતાં બીજા ચાર તપસ્વીઓ પણ આર્યસત્યો ઉપર વિચાર કરવા લાગ્યા અને થોડા વખતમાં જ તેઓ પણ બુદ્ધના શિષ્ય થયા આ પાંચે શિષ્યો મહાપ્રતાપી નીવડયા.

પોતાના પ્રથમ પાંચે શિષ્યોને દીક્ષા આપતાં તથાગત બોલ્યા : 'ભિક્ષુઓ, આ મધ્યમ માર્ગનો અંગીકાર કરો અને બ્રહ્મચર્યનું પાલન કરી ભવદુઃખનો અંત આણો.' બુધ્ધે ઉચ્ચારેલા આ શબ્દો જ તે પાંચે તપસ્વીઓનો દીક્ષામંત્ર બન્યા.

ભગવાન બુધ્ધે પોતાના પ્રથમ પાંચ શિષ્યોને આપેલું પ્રવચન 'ધર્મચક્ર–પ્રવર્તન'ના નામે શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે. ઉપર આપેલો એ વ્યાખ્યાનનો સાર ચાર આર્યસત્યો તરીકે જગતનાં સર્વ શાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે. ઈશુનું ગિરિપ્રવચન જેમ અદ્વિતીય અને જગતના કલ્યાણ માટે અકસીર ઉપાય બતાવનારું છે, તેવી જ રીતે આ 'ધર્મચક્ર–પ્રવર્તન' સંસારના સર્વ દુઃખ નિવારવા માટે અમોઘ ઔષધ છે.

ઠક્કરબાપા

થોડા સમય પહેલાં, તબિયત બરોબર સ્વસ્થ રહેતી નહોતી એ કારણે, ઘરમાં વધારે રહેવાનું બનતાં વાંચન માટે ઠીક અવકાશ મળતો હતો. એ દરમિયાન ઠક્કરબાપા સ્મારક સમિતિ તરફથી પ્રગટ થયેલ ઠક્કર બાપાનું ચરિત્ર (પ્રાપ્તિસ્થાન; નવજીવન કાર્યાલય અથવા તેની કોઇ પણ શાખા, કીંમત રૂ. ૨–૮–૦) લગભગ એકધારૂં વાચવાનું બન્યું અને જાણે કે કોઈ એક તીર્થયાત્રા કરી હોય એવી અથવા તો પતીતપાવની ગંગામાં દિલ ભરાય એટલું તરવા મળ્યું હોય એવી પ્રસન્નતા અને ચિત્તનું ઉર્ધ્વીકરણ અનુભવ્યું. આ ચરિત્રના લેખક સૌરાષ્ટ્રના આગેવાન નેતા શ્રી વજુભાઈ શાહના લઘુબંધુ શ્રી કાન્તિલાલ શાહ છે. ભાઇ કાન્તિલાલને સુન્દર લેખનશૈલિ વરી છે અને આ ચરિત્ર તૈયાર કરવામાં તેમણે અથાગ મહેનત લીધી છે. ઠક્કરબાપાની ડાયરીનો તેમણે પુષ્કળ ઉપયોગ કર્યો છે અને ઠક્કરબાપાના સ્વજનો અને પરિચિતજનો પાસેથી પાર વિનાની માહીતી તેમણે મેળવી છે. ઠક્કરબાપાનો જન્મ ૧૮૫૯ ના નવેંબર માસની ૧૯મી તારીખે થયો અને ૧૯૫૧ના જાન્યુઆરી માસની ૧૯મી તારીખ અને શુક્રવારે તેમનું અવસાન થયું. ગાંધીજીનો જન્મ પણ એ જ વર્ષ–૧૮૬૯–ના ઓકટોબરની બીજી તારીખે થયો હતો અને અવસાન ૧૯૪૮ની જાન્યુઆરીની ૩૦મી તારીખે થયું હતું. આ રીતે ઠક્કરબાપા ગાંધીજીના માત્ર સમકાલીન નહિ પણ લગભગ સમવયસ્ક જેવા ગણાય. ગાંધીજી દક્ષિણ આફ્રિકા છોડીને હિંદમાં ૧૯૧૪માં આવ્યા અને ઠક્કરબાપા ૧૯૧૪માં ભારત સેવક સમાજમાં જોડાયા અને ત્યારથી તેમની સેવા-પ્રવૃત્તિઓની શરૂઆત થઈ જે તેમના અવસાન સુધી એકસરખી અનવરત ધારાએ લંબાઈ. ઠક્કરબાપા વિનીત રાજકારણને વરેલા અને દીનદલિત, પીડિત અછૂતની સેવામાં વ્રતધારી માફક સંલગ્ન થયેલા. જ્યારે ગાંધીજીના દિલમાં આ દીનદલિત વર્ગો માટે એટલી જ ધગશ હોવા છતાં તેઓ સક્રિય રાજકારણમાં પડયા હતા અને રાષ્ટ્રના આઝાદી જંગના સૂત્રધાર બન્યા હતા. એમ છતાં પણ ગાંધીજી સાથે તેમનો સંબંધ ઉત્તરોત્તર વધુ ને વધુ ગાઢ બનતો ગયો અને ઠક્કરબાપાની સેવાપ્રવૃત્તિ ગાંધીજીના વિરાટ કાર્યની સદા પૂરક પ્રવૃત્તિ બનતી રહી. ઠક્કરબાપાનો પ્રથમ પરિચય થતાંવેંત ગાંધીજીએ ઠક્કરબાપામાં રહેલું જવાહીર પરખી લીધું અને હરિજનોના ઉધ્ધારકાર્યમાં કે દુષ્કાળ, જળસંકટ કે ધરતીકંપના રાહતકાર્યમાં ઠક્કરબાપાનો તેમણે સહકાર શોધ્યો તેમ જ સાધ્યો અને વર્ષોના વહેવા સાથે ગાંધીજીની છાયામાં ઠક્કરબાપાનું સેવાકાર્ય એક વટવૃક્ષની વડવાઇઓ માફક ચોતરફ વિસ્તરવા લાગ્યું. છેવટે નોઆખલીનો દાવાનળ શાન્ત કરવા ગાંધીજી ઉપડયા તો તેમની પાછળ ઠક્કરબાપા પણ દોડયા અને અનેકનાં હૈયાં તેમણે ઠાર્યાં. ભારતના નભોમંડળમાં ગાંધીજી સૂર્યસમાન પ્રખરદ્યુતિ હતાં; ઠક્કરબાપા ચંદ્રસમાન શીતલદ્યુતિ હતા. ઠક્કરબાપાની અખંડ સેવાથી ભરેલી સૌમ્ય અને સ્વસ્થ જીવનયાત્રા વાંચતાં સામાન્ય કોટિનો છતાં નિષ્ઠાયુક્ત અને કરૂણાપૂત હૃદયવાળો આદમી કેટલી વિપુલ સેવા દેશના ચરણે ધરી શકે છે તે વિચારથી આપણું મન ભરાઇ આવે છે અને તેની સરખામણીમાં આપણે જીવનનાં કેટલાંયે વર્ષો કેવાં નિરર્થક વેડફી નાંખીએ છીએ તેનું ભાન આપણને ઊંડી શરમમાં ડૂબાડી દે છે. ઠક્કરબાપાની જોડનો સમાજસેવક આધુનિક ભારતમાં મળવો મુશ્કેલ છે. દરેક યુવાને ઠક્કરબાપાનું ચરિત્ર વાંચવું જોઇએ અને તેમાંથી પ્રેરણા મેળવીને પોતાના જીવનને પરમાર્થપરાયણ બનાવવું જોઇએ. ગાંધી-યુગની અનેક વિશિષ્ટ વ્યક્તિઓની હારમાળામાં ઠક્કરબાપાનું નામ સદા અગ્રસ્થાને રહેશે. નરસિંહ મહેતાએ ગાયું છે કે "વૈષ્ણવ જન તો તેને કહીએ, જે પીડ પરાઇ જાણે રે, પરદુઃખે ઉપકાર કરે તોયે મન અભિમાન ન આણે રે" આ વૈષ્ણવ જનનું ઠક્કરબાપામાં આપણને પરિપૂર્ણ દર્શન થાય છે. આવી વિભૂતિ જે કુળમાં જન્મે તે કુળ ધન્ય છે અને જે દેશમાં જન્મે તે દેશ પણ ધન્ય છે. આ પુણ્યપુરૂષને આપણાં અનેક વન્દન હો! તેમનું પુણ્યસ્મરણ આપણને સદા દીન, દુઃખી અને દલિતની સેવા તરફ વાળો અને ઢાળો. **પરમાનંદ**

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મસ્જીદ બંદર રોડ. મુંબઈ ૯. ટે. નં. ૩૪૬૨૯

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

પ્ર. જૈન વર્ષ ૧૪–પ્ર. જીવન વર્ષ ૪
અંક ૭

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ઓગષ્ટ ૧, ૧૯૫૬, બુધવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : ત્રણ આના

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

શ્રી મોરારજીભાઈ : દશ વર્ષ પહેલાના અને આજના

(તા. ૮–૭–૫૬ ના રોજ વાર્તાલાપ અને સહભોજનના હેતુપૂર્વક માનનીય શ્રી મોરારજીભાઇ સંયુક્ત જૈન વિદ્યાર્થી ગૃહમાં પધાર્યા અને વિદ્યાર્થીઓ સાથે તેમ જ સંસ્થા સાથે સંબંધ ધરાવતી અનેક વ્યક્તિઓના સમુદાય વચ્ચે ત્રણ કલાક તેમણે ગાળ્યા અને અનેક પ્રશ્નોની મુક્ત મને અને પ્રફુલ્લ ભાવે ચર્ચા કરી અને એક કુટુંબીજન માફક સામુદાયિક ભોજનમાં ભાગ લીધો–તેની સૌ કોઇના દિલ ઉપર બહુ મીઠી છાપ પડેલી અને 'આવા મોરારજીભાઇને આપણે આગળ કદિ જોયા કે જાણ્યા નહોતા' આવો ઉદ્‌ગાર અનેકના મોઢામાંથી સહજપણે નીકળી ગયો. આ મીઠા સ્મરણથી પ્રેરિત બનીને શ્રી ધીરુભાઇએ નીચેની નોંધ લખી મોકલી છે. **તંત્રી**)

વૃક્ષ ફળભારથી લચીને અત્યંત સુંદર અને ઋજુ બની જાય છે, એ અનુભવીઓની ઉક્તિનું દર્શન તા. ૮–૭–૫૬ ના રોજ મુંબઈ રાજ્યના પંતપ્રધાન શ્રી મોરારજીભાઈ દેસાઇદ્વારા થયું. જ્યારે સંપ્રદાયોની બોલબાલા હતી ત્યારે કંઇ પણ ભેદભાવ વગર જૈનોના કોઇ પણ ફિરકાના વિદ્યાર્થી માટે પ્રવેશદ્વાર ખુલ્લા રાખનાર અને હજુ જ્યારે સાંપ્રદાયિક મનોવૃત્તિ અવારનવાર ડોકિયાં કરી રહી છે ત્યારે જૈનેતર વિદ્યાર્થીઓને માટે પણ પોતાનાં દ્વાર ખુલ્લા મૂકવાની પહેલ કરનાર શ્રી સંયુક્ત જૈન વિદ્યાર્થી ગૃહની મુલાકાતે ઉપર જણાવેલ દિવસે તેઓ આવ્યા હતા. બરાબર સવારના સાડાદસથી બપોરના દોઢ સુધી એટલે કે ત્રણ કલાક સુધી તેઓ વિદ્યાર્થીઓ વચ્ચે રહ્યા; વિદ્યાર્થીઓ વચ્ચે છૂટથી હળ્યામળ્યા : પંતપ્રધાનની જવાબદારીભરી પોટલી જાણે કે એક બાજુ નિશ્ચિંત મને મૂકી દીધી, મુક્તપણે હસ્યા; સૌને હસાવ્યા. શ્રી મોરારજીભાઇનું અંતઃસ્તલ જોવાની ત્યારે તક મળી.

શ્રી મોરારજીભાઇ પ્રધાન અને પંતપ્રધાન થયા તે પહેલાં તેમનું કાર્યક્ષેત્ર હતું અમદાવાદ. ત્યારથી તેમનો સારો પરિચય; પણ આજના મોરારજીભાઈ એ વલસાડના નહોતા; અમદાવાદના નહોતા; મુંબઇના પણ નહોતા; ગાંધીજીના–સત્ય અને અહિંસાના પૂજારી રાષ્ટ્રપિતા ગાંધીજીના–મોરારજીભાઇ હતા.

જેઓએ વર્ષો પહેલાં મોરારજીભાઇને જોયાં હશે; તેમના પરિચયમાં આવ્યા હશે તેઓ કહી શકશે કે, જેટલી તેમની ઊંચાઈ તેટલા જ તેઓ દૂર લાગે. કાર્ય કરવાની તેમની રીત આકર્ષક અને દૃઢ; ચીવટપૂર્ણ અને ખંતીલી. આપણા હૃદયમાં ધીમે ધીમે સ્થાન મેળવી લે; પરંતુ તેમની સાથે કાર્ય કરનાર હમેશાં થડકે–હમેશાં ભયભીત રહે. તેમની પાસે જવાનું, તેમની સાથે કાર્ય કરવાનું સૌને મન થાય, પણ કયારે 'કૂંફાડો' મારશે તેની કલ્પના કરાવ્યા કરે. પોતાના વિચારોમાં શરૂઆતથી પ્રામાણિક અને મક્કમ; એટલે અત્યંત નિર્ભય, કહેવાનું હોય તે સ્પષ્ટતાથી કહે પરંતુ સાથે કાર્ય કરનારને અથવા સાંભળનારને એમ લાગે કે પોતાની ઇચ્છા મુજબ જ થવું જોઇએ એવા દૃઢાગ્રહી અને તેથી જાણે કે અભિમાનની છાંયવાળા હશે. કથન સરળ, પણ વાણીની કઠોરતા સાલે. કયારેક કટુતા પણ એટલી જ સ્પષ્ટ જણાય. પંચમહાલના એક કાર્યકર્તા તો જે કોઇ કાર્યકર્તા મોરારજીભાઇને મળવા જાય તેને પહેલેથી જ આ સ્વભાવનું દોષદર્શન કરાવી ગભરાવી મૂકતા. મને પણ મોરારજીભાઇના આ સ્વભાવનો આછોપાતળો પરિચય હતો જ– તેમને મળવા જતા ત્યારે ભય રહેતો જ; એ જ મોરારજીભાઇમાં અજબ–આશ્ચર્ય પમાડે તેવું પરિવર્તન જોયું. ક્ષણભર હું મુગ્ધ બન્યો.



આજના મોરારજીભાઈ

હેમચંદ્રાચાર્યે યોગશાસ્ત્રમાં કહ્યું છે કે; અપ્રિય એવું સત્ય પણ ન બોલવું. આ સૂત્રને મોરારજીભાઇએ જાણે કે સુધાર્યું હતું; 'અપ્રિય એવું સત્ય કહેવું ખરું, પણ આત્મીય ભાવે.' ત્રણ કલાકના સમય દરમિયાન રાજવહીવટ, ચૂંટણી, શિક્ષણ–પદ્ધતિ, હિંસા–અહિંસા વગેરે પ્રશ્નો ખુલ્લા મને વિશદતાથી ચર્ચ્યા. વિદ્યાર્થીઓને ઘણું કહ્યું. તેમની ખામીઓ દર્શાવી છેલબટાઉ પણ કહી લીધા. પોતાના ઉપર પણ કટાક્ષ કરવાની તક જતી ન કરી. પરંતુ એ સર્વમાં તેમની સચ્ચાઇનો આપણને રણકો લાગે. કડવું કહેવાની તક એક પણ જવા ન દીધી, પણ તે સમાનભાવે–આત્મીયભાવે. દસ વર્ષ પહેલાનાં મોરારજીભાઈ મારે મન સરમુખત્યાર હતા, આજે જણાયા જનતાના સેવક–નેતા.

'સ્થિતપ્રજ્ઞ' શબ્દ તો યોગી માટે વાપરી શકાય; પરંતુ મોરારજીભાઈ હરેક પળે જાગૃત હોય તેમ લાગ્યા જ કર્યું. પોતાના મંતવ્યમાં ચર્ચા દ્વારા સુધારો કરાવવાની સૌને છૂટ હતી. એમની જીવનદૃષ્ટિ પ્રશ્નોના ઉત્તરમાં તરવર્યે જતી હતી. પ્રશ્નો સાદા સરળ હતા; ઉત્તર કયારેક દાર્શનિકને પણ શોભાવે તેવા હતા.

વિદ્યાર્થીઓએ વિદ્યાભ્યાસ ઉપરાંત શી પ્રવૃત્તિ કરવી જોઇએ તેના ઉત્તરમાં રમૂજી રીતે તેમણે કહ્યું કે, ટૂંકમાં આટલું જ; 'કોઇની નિંદા ન કરો.' એની છણાવટ કરતા ઉમેર્યું: 'વિદ્યાર્થીઓ જાગૃત રહે, પોતાના દોષો જુએ અને તેને દૂર કરે, પડોશીને વધુ ઉપયોગી બને.' અને એક દૃષ્ટાંત આપી શાસ્ત્રીય દૃષ્ટિ દાખવી: 'પારકાના દોષ દૂર કરવા તો જોઈએ જ. એ કઈ રીતે ? કોઇને કાંટો વાગ્યો હોય અને તેને દૂર કરતા હોઇએ તે રીતે.' આમ શૈલી સરળ, રમતિયાળ અને નિર્દંશ. મને તરત જ 'નિંદક બાળા ગુરુ હમારા' નાનકની એ પંકિત



દશ વર્ષ પહેલાના મોરારજીભાઇ

યાદ આવી અને શ્રી સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહનાં ખાતમુહૂર્ત પ્રસંગે હાજર રહી આશીર્વાદ આપનાર કેદારનાથજીના શબ્દોનો રણકો સંભળાયોઃ 'નિંદાનો સૌ પ્રથમ ત્યાગ કરજો.' જેમની પાસે જતાં ખંચકાવાની લાગણી થઇ આવે એ મોરારજીભાઇએ આમંત્રિતો, વ્યવસ્થાપક સમિતિના સભ્યો અને વિદ્યાર્થીઓના મુખ પરથી હાસ્યને ઓસરવા જ ન દીધું. જમતી વખતે પણ સૌને થકવ્યા; ત્યારે લાગ્યું કે જીવનના દરેક ક્ષેત્રમાં સરસાઈ કરવાનો ગુણ જ મોરારજીભાઇએ કેળવ્યો હશે શું ?

દરેક વસ્તુ તરફ ઝીણવટભરી નજર પણ કેવી ? વિદ્યાર્થીઓનો એકેએક ઓરડો જોયો. કોઈ વિદ્યાર્થીની નીચાઈ જોઈ ઊંચાઈ વધારવાની તરકીબ બતાવી; કોઇને સમયની કિંમતનું મહત્ત્વ સમજાવ્યું; કોઇને ખાદીની શીખ આપી, કોઇને હળવો ઠપકો આપી વ્યવસ્થિત કઇ રીતે રહી શકાય તેનો નુસખો બતાવ્યો, સ્નાનગૃહોની સ્વચ્છતા જોઇ 'ફુવારા' (Shower-bath) ની સગવડ માટે ધ્યાન દોર્યું. દેશી ચાદરો અને સુગંધિત સાબુ પણ તેમની નજરમાંથી ન છટકયાં. વ્યક્તિને મહાન થવા માટેના જે ગુણો હોવા જરૂરી છે તેનું ભાન તેમની સાથે રહેતાં થયું.

આ આશ્ચર્ય પમાડે તેવા પરિવર્તનનું કારણ શું ? 'પાકે ઘડે કાંઠા ન ચડે' એ લોકોક્તિ જલદી ભૂલી શકાય એવી નથી; તો શ્રી મોરારજીભાઇને દાયકા પહેલાં સમજવામાં ભૂલ થતી હતી કે આજે તેઓ પંતપ્રધાન છે તેથી જુદા દૃષ્ટિકોણથી જોવાનું મન થતું હતું ? મનને ઢંઢોળ્યું. મને જે જવાબ આપ્યો તે આઃ 'કૂળનો ભાર.' આજના મોરારજીભાઇ જવાબદારીથી લચ્યાપચ્યા છે. માત્ર મહાસભાની જ જવાબદારી નહિ; રાજની પણ જવાબદારી તેમની પાસે છે. માત્ર આંખને અણસારે આંગળી ઊંચી કરનારાઓ સાથે તેમને કામ નથી પાડવાનું, પણ અનેક મતો, વિચારોથી સભર એવા વિચક્ષણ, જિદ્દી, વિરોધી કે માથાભારે વ્યક્તિઓ પાસેથી તેમને કાર્ય લેવાનું છે. દાયકા પહેલાં પણ તેમની પાસે સ્પષ્ટ વિચારસરણી હતી; કાર્ય કરવાની શકિત હતી; સુરેખ દર્શન હતું; પોતાનામાં અને ઈશ્વરમાં અનન્ય શ્રદ્ધા હતી; પરંતુ તે જમાનામાં– આઝાદી પહેલાં–'સત્યાગ્રહ' એ એક વસ્તુ હતી, આજે 'રાજવહીવટ' તે બીજી. સત્યાગ્રહમાં સરમુખત્યારી ચાલી શકે; રાજવહીવટમાં સેવકની મનોવૃત્તિ. ગાંધીજીની અહિંસાએ 'સત્યાગ્રહ' દરમિયાન તેમને જે જીવનદર્શન ન કરાવ્યું તે દર્શન 'રાજવહીવટ' દ્વારા તેમને થયું. એ દર્શનદ્વારા પોતાની કમજોરી કયાં કયાં છે તે ખોળી કાઢી ખોતરી કાઢવા સજાગ બન્યા. અનેક જવાબદારીરૂપી કૂળોથી મોરારજીભાઈ સમૃદ્ધ થવાની સાથે વિકસ્યે ગયા અને આજના શ્રી મોરારજીભાઇ બન્યા.

અમદાવાદ મ્યુનિસિપાલિટીમાં જ્યારે હું નોકરી કરતો હતો ત્યારે મારા એક સ્નેહી અમલદારે આગાહી કરેલી કે, 'મોરારજીભાઈ કાં ચક્રવર્તી થશે; કાં સંત.' આગાહી સાચી ઠરતી હોય કે ખોટી તેની ચર્ચા કર્યા વગર એટલું ઇચ્છું કે, રાજવહીવટની કુશળતાનો મોરારજીભાઇને જે અનુભવ મળ્યો છે તેનો લાભ રાષ્ટ્રને મળો, એટલું જ નહિ પણ હિંદુસ્તાનની જે સંસ્કૃતિ માટે તેઓ ગૌરવ લે છે એ સંસ્કૃતિનાં પાણી નિર્મળ રાખવાનો તેમને યશ પણ મળો.

ધીરજલાલ ધનજીભાઇ શાહ

યોગશતક

આચાર્ય હરિભદ્રનો 'યોગશતક' નામનો ગ્રન્થ અત્યાર સુધી અપ્રાપ્ય જ હતો. તેને શોધવાનું શ્રેય મુનિરાજ શ્રી પુણ્યવિજયજીને ફાળે જાય છે. પોતાની સહજ ઉદારતાથી મુનિશ્રીએ એ પુસ્તકની પ્રત અને તેના ઉપરથી પોતે કરેલ નકલ ડો. ઈન્દુકલાબહેન હીરાચંદ ઝવેરીને આપી. વિદ્યારત એ બહેને તે પુસ્તકને સુસંપાદિત કરી અનુવાદ અને વિવેચન સાથે તૈયાર કર્યું. અને તે હાલમાં જ અમદાવાદની ગુજરાત વિદ્યાસભાએ પ્રકાશિત કર્યું છે. કીંમત માત્ર ત્રણ રૂપિયા છે.

એક તો ગ્રન્થ પ્રાકૃત ભાષામાં અને તેની માત્ર એક જ પ્રત ઉપલબ્ધ. ઉપરાંત તેનો વિષય પણ યોગ. આવી સ્થિતિમાં એ ગ્રન્થને શુદ્ધ કરી તેના અનુવાદ અને વિવેચનનું કામ અત્યન્ત કઠણ હતું. પણ શ્રી. ઈન્દુકલાબહેન અંત ઉત્સાહ અને કાર્યકુશળતાએ આની સંપાદનને યોગ્ય ન્યાય આપ્યો છે તે કહ્યા વિના ચાલતું નથી. આચાર્ય હરિભદ્રે માત્ર સો ગાથામાં યોગના સ્વરૂપથી માંડીને યોગનું અંતિમ ફળ મોક્ષ – એ બધા વિષયોને અતિ સંક્ષેપમાં પણ વર્ણવ્યા નથી પણ તેમનું સૂચનમાત્ર કર્યું છે. એ સ્થિતિમાં ગ્રન્થનું વિવેચન કરવાનું કાર્ય કઠણ હતું જ, છતાં પણ ઈન્દુકલાબહેનની બહુશ્રુતતા અને ચિંતન–મનનની પ્રતીતિ આપણને તેમના અનુવાદ અને વિવેચન થી થઈ જાય છે. વિવેચન પરિમિત શબ્દોમાં છે, છતાં સ્પષ્ટ છે. ભાષામાં યોગને અનુકુલ ગાંભીર્ય છે. અનુવાદ સરલશૈલીએ કરવામાં આવ્યો છે. આ બધું જોઈ આપણે આશા કરીએ કે આ પ્રકારના ગ્રન્થો તેઓની કલમથી મળતા રહે અને જૈન સાહિત્યની જે મોટી ખોટ છે તેની ઉપયોગી પૂર્તિ થતી રહે.

ભારતીય યોગની વૈદિક, બૌદ્ધ અને જૈન એ ત્રણે પરંપરાના મર્મજ્ઞ પંડિત કોઈ હોય તો તે આચાર્ય હરિભદ્ર છે. ભારતીય બીજા કોઈ પણ વિદ્વાને કદી જે ન કર્યું તે તેમણે પોતાના ગ્રન્થોમાં કરી બતાવ્યું. દાર્શનિક પ્રક્રિયાનું ખંડન–મંડન કરીને થાકી ગયેલા આચાર્ય હરિભદ્ર શાસ્ત્રવાર્તાસમુચ્ચય લખીને એ ખંડન–મંડનની પ્રક્રિયાથી વિમુખ બનતા હોય તેમ જણાય છે. પણ તેમની એ વિમુખતાનો સોળે કળાએ વિકાસ તો તેમના યોગગ્રન્થોમાં જ થયો. યોગવિષય જ એવો છે કે તેમાં જેનો અરેખરો પ્રવેશ થાય તે વ્યક્તિને ખંડન–મંડનને બદલે સમન્વય–કરવાનું જ સૂઝે. ઉપર ઉપરથી જોનારને લાગે કે વૈદિક, બૌદ્ધ અને જૈન એ ત્રણેની યોગપરંપરા જુદી છે. પણ આચાર્ય હરિભદ્રે એ સિદ્ધ કર્યું છે કે પરિભાષાઓનો ભેદ છતાં એ ત્રણે પરંપરાઓ એક જેવી જ છે. અને ભારતીય સમગ્ર સાહિત્યમાં આચાર્ય હરિભદ્રનું સ્થાન આવા સમન્વયકર્તા તરીકે અમર રહેવાનું છે. તેમણે પરિભાષાઓથી પર જઈને વસ્તુની એકતા જોઈ લીધી છે અને એ એકતાનું નિરૂપણ પોતાના ગ્રન્થોમાં કર્યું છે. આચાર્ય હરિભદ્રની આ સમન્વયની શોધને ન્યાય આપવાનું કાર્ય એ બધી પરંપરાના ગ્રન્થોના તત્ત્વગ્રાહી અભ્યાસ વિના શકય જ નથી. આવું કઠણ કાર્ય ઈન્દુકલાબહેને પ્રસ્તાવનામાં આચાર્ય હરિભદ્રના જીવન ઉપરાંત તેમના યોગવિષયક ગ્રન્થોનો પરિચય આપી સિદ્ધ કર્યું છે. પ્રસ્તાવનામાં યોગની ત્રણે પરંપરામાં આધ્યાત્મિક વિકાસ અને ધ્યાનની ભૂમિકાઓનું તુલનાત્મક નિરૂપણ કરવામાં આવ્યું છે. ઉપરાંત એ વસ્તુને તથા કેટલીક જૈન પરિભાષાઓને સ્પષ્ટ કરતાં પરિશિષ્ટો પણ આપ્યા છે. અને શોધક વિદ્વાનોને ઉપયોગી થાય એ દૃષ્ટિએ અંતમાં અકારાદિક્રમથી એક સૂચિ પણ મૂકી છે. આ રીતે ગ્રન્થને સર્વાંગપૂર્ણ કરવાનું શ્રેય શ્રી ઈન્દુકલાબહેનને ભાગે જાય છે.

જૈન સમાજનો પૂર્વગ્રહ છે કે મોક્ષમાર્ગનું જેવું વિવેચન જૈનોમાં મળે છે તેવું જ અન્યત્ર નથી. જૈનધર્મમાં પ્રરૂપાયેલો માર્ગ જ શ્રેષ્ઠ છે. અનેકાંતવાદી જૈનોનો આ દાવો કેટલો ખોટો છે એની આ ગ્રન્થના વાચનારને સહજે પ્રતીતિ થઈ અહંભાવ મટી સહજ નમ્રતા આવશે તો આ વિવેચનનો શ્રમ સફળ થશે અને આચાર્ય હરિભદ્રનો આત્મા પ્રસન્નતા અનુભવશે.

સ્વયં આચાર્ય હરિભદ્રના આત્માનો વિકાસ પણ તેમના ગ્રન્થના અધ્યેતાથી છૂપો રહે તેવું નથી. પ્રસ્તાવનામાં વિદુષી લેખિકાએ વાચકોનું ધ્યાન એ તરફ દોર્યું જ છે. તો આચાર્ય હરિભદ્રે પણ નિઃસાર ગણી જે વસ્તુ–એટલે કે પોતાના જ દર્શન અને યોગને શ્રેષ્ઠ માની બીજાના દર્શન અને યોગમાર્ગને હીન ગણવાની વૃત્તિ–છોડી છે એ વૃત્તિથી આપણે પણ અળગા થવું જ જોઇએ. અને ગુણગ્રાહી દૃષ્ટિથી જે કાંઇ જ્યાં કયાંથી સારું મળે તેને સ્વીકારવાની વૃત્તિ ધારણ કરી અનેકાંતવાદને જીવતો બનાવવો જોઇએ. આટલું પણ થશે તો લેખિકાનો ત્રણ વર્ષનો શ્રમ સફળ થશે.

દલસુખ માલવણિયા

કૉંગ્રેસ અને ભૂદાન પ્રવૃત્તિ

(જેઓ સન્તબાલ–સંચાલિત 'વિશ્વવાત્સલ્ય' નામનું પાક્ષિક પત્ર વાંચતા હશે તેમને વિનોબાજી–પ્રેરિત ભૂદાન પ્રવૃત્તિને અંગે જે ચોક્કસ મતભેદ પ્રવર્તે છે તેનો પૂરો ખ્યાલ હશે. આ મતભેદની જરૂરી છણાવટ થાય એ હેતુથી હૈદરાબાદમાં કેટલાક સમયથી વસતા અને સન્તબાલજી સાથે તેમજ વિનોબાજી સાથે અંગત સંબંધ ધરાવતા શ્રી પ્રતાપરાય જમનાદાસ ટોળિયા નામના એક ભાવનાશીલ યુવક બંધુએ સન્તબાલજી પાસેથી પ્રસ્તુત વિષયમાં તેમના દૃષ્ટિબિન્દુને પત્રના આકારમાં રજુ કરતું એક નિવેદન મેળવ્યું અને સર્વોદયસંમેલન અંગે વિનોબાજી કાંજીવરમમાં હતા તે દરમિયાન ગયા જુન માસની ૭ મી તારીખે એ નિવેદન વિનોબાજી સમક્ષ રજુ કર્યું તેમ જ સન્તબાલજીની વિચારસરણીથી વિનોબાજીને સવિશેષ પરિચિત કર્યા. આ બધું સાંભળીને વિનોબાજીએ વિગતવાર ઉત્તર આપ્યો, જેની ભાઈ પ્રતાપરાયે નોંધ કરી લીધી. ઉપર જણાવેલ સન્તબાલજીનું નિવેદન અને વિનોબાજીના ઉત્તરનો ગુજરાતી અનુવાદ–એ બન્નેની નકલ ભાઈ પ્રતાપરાયે મારી ઉપર મોકલી. સન્તબાલજી સૌરાષ્ટ્ર–ગુજરાત બાજુના એક વિશિષ્ટ કોટિના સામાજિક તેમજ કૉંગ્રેસી કાર્યકર છે, અને આજના રાજકીય, સામાજિક તેમ જ આર્થિક પ્રશ્નો ઉપર પોતાની રીતે વિચાર કરે છે અને તે વિચારો વિશ્વવાત્સલ્યમાં ચાલુ રજુ કરતા હોય છે જે અનેક ભાઈઓ આદરપૂર્વક વાંચે છે. વિનોબાજી આધુનિક ભારતના પ્રમુખ ઘડવૈયા છે. કૉંગ્રેસ તેમ જ ભૂદાનપ્રવૃત્તિ અંગે આ બન્ને વચ્ચે રહેલો મતભેદ તથા અભિગમભેદ આ વિષયમાં રસ લેતો જનસમુદાય સ્પષ્ટતાપૂર્વક જાણે એ હેતુથી નીચે ક્રમશઃ પ્રગટ કરવામાં આવે છે. **પરમાનંદ**)

સન્તબાલજીનું નિવેદન

ભાઇ પ્રતાપ,

તા. ૨–૫–૫૬ નો બૌદ્ધગયાથી લખેલો પત્ર મળ્યો. સાથે વિનોબાજીનું 'સમન્વય આશ્રમ' અંગેનું લખાણ પણ મળ્યું. તે લખાણ વિષે પ્રથમ તો કહું:–"ધ્યાન સાથે કર્મ ચાલવું જોઇએ, કર્મ છોડવાથી કર્મ ન છૂટે પણ અનાસક્તિથી જ છૂટે, એટલે કે કર્મ સાથે ધ્યાન પણ ચાલવું જોઇએ. પ્રાથમિક તબક્કે ભલે ધ્યાન માટે એકાંતની કે કર્મરહિતતાની જરૂર રહે ! પણ ધ્યાન અને કર્મ સાથે જ ચાલવાં જોઇએ. વળી પરિવ્રાજકોની સદૈવ જરૂરિયાત છે, જેથી અનાસક્તિ પણ સાધકની વધે અને સમાજનું કાર્ય પણ થાય. બીજું, પરિવ્રાજકોએ સદ્‌ગુણોને સામાજિક બનાવવા જોઇએ. તેમજ ભિક્ષા પર નભવું જોઇએ. છતાં નિયમરૂપે નહીં પણ યજ્ઞરૂપે કે પ્રતીકરૂપે ઉત્પાદક નિર્દોષ શ્રમ કરવો જોઇએ." આ છે એ લખાણનો મારી દૃષ્ટિએ સાર. મને લાગ્યું છે કે, રચનાત્મક કાર્યકરરૂપી બ્રાહ્મણો તથા બ્રાહ્મણ સંતો માટે આ બરાબર છે, પણ જૈન, બૌદ્ધ કે વૈદિક શ્રમણ સંન્યાસીઓ માટે તો બ્રાહ્મણત્વ, ક્ષાત્રત્વ, વૈશ્યત્વ અને શૂદ્રત્વ એ ચારેયનો તૂટેલો કે તૂટવા સંભવિત થયેલો અનુબંધ જોડવાનું જ કામ મુખ્યત્વે હોવું ઘટે. આવા શ્રમણો માટે ઉત્પાદક શ્રમ અનિવાર્ય ન હોઇ શકે, અલબત્ત અનુબંધ જોડવા માટે કયાંક પ્રત્યક્ષ શિક્ષકરૂપે એ કાર્ય કોઇક પ્રસંગે કરવું પડે તો તેમાં વાંધો પણ ન હોઈ શકે, બાકી પાદવિહાર અને ભિક્ષાચરી તથા ગૃહસ્થાશ્રમપણાનો સંપૂર્ણ ત્યાગ–જનમાલના ત્યાગની સંપૂર્ણ તૈયારી–એ બધું જરૂર હોઈ શકે. ધ્યાન અને કર્મ બન્નેનો સુમેળ આવા શ્રમણોમાં હોય, એ તો બરાબર જ છે, પણ જેણે વિશ્વને કુટુંબ માન્યું છે અને જનમાલનોય જેણે માલિકીહક્ક છોડ્યો છે, જે કુદરતનિર્ભરરીતે પરભિક્ષોપજીવી છે, તેણે ઉત્પાદક શ્રમ (રોટિયો, સફાઈ) કરવો જરૂરી નથી. નૈતિક ચોકી માટેનો સર્વશ્રમ તે જ તેનો ઉત્પાદક પરિશ્રમ છે.

તમો સંત વિનોબાજી સાથે 'વિશ્વવાત્સલ્ય'ની દૃષ્ટિ તથા વિ. વા. માં આવતા ભાલ–નળકાંઠા પ્રયોગક્ષેત્ર પરથી ગ્રામસંગઠન, પ્રાયોગિક સંઘનું નૈતિક સંચાલન, કૉંગ્રેસનું રાજકીય માતૃત્વ, ગ્રામસંગઠનમાં મુખ્યત્વે ત્રણ વર્ગો (૧) ખેડૂત (૨) પશુપાલક અને (૩) ગ્રામોદ્યોગ મજૂરનો સમાવેશ, ફરજિયાત બચત ઉપર સહકારી પ્રવૃત્તિનાં મંડાણ, લવાદી અને ન છૂટકે શુધ્ધિપ્રયોગ માટેનાં શુધ્ધિમંડળો તથા આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે સત્યાગ્રહના આધુનિક યુગના પ્રયોગરૂપે શાંતિસૈન્યો–વ. આખી સંકલનાબધ્ધ વિચારણા પ્રસંગોપાત કરવા ઇચ્છો છો, તેમ હું સમજું છું. આમ તો આ વિચારો કાકાસાહેબ પૂરેપૂરા જાણે છે. શ્રી ધીરેન્દ્ર મજમુદાર, આશાદેવી તથા બાબા રાઘવદાસજી વ. પણ સારી પેઠે જાણે છે અને તે દ્વારા સંત વિનોબાજી પાસે પણ આ બધી વાતો ગઈ જ હશે. લાઠી ચાતુર્માસના એક લેખમાં મેં વિનોબાજીના અને આપણા વિચારોમાં વ્યવહારુ દૃષ્ટિએ જે ફરક છે, તે પણ બતાવ્યો છે અને 'વિ. વા.'માં વારંવાર પ્રસંગોપાત જુદી જુદી રીતે હું કહ્યા કરતો હોઉં છું. ભૂદાન કાર્યક્રમમાં થતા પક્ષોના શંભુમેળા અંગે સામાજિક રીતે જે હાનિ થાય છે, તે પણ મેં બતાવવા કયાંક પ્રયત્ન કર્યો છે. કૉંગ્રેસનું રાજકીય માતૃત્વ ગામડાં સ્વીકારે અને ગામડાંઓનું સામાજિક આર્થિક માતૃત્વ કૉંગ્રેસ સ્વીકારે, તો દેશની એકતા જળવાઇ રહે, કૉંગ્રેસનું સ્વરૂપ ગ્રામલક્ષી સ્વયં બની જાય અને ગામડાંઓ, રચનાત્મક કાર્યકરો, સાધુસંતો તથા કૉંગ્રેસ એ બધાના અનુબંધથી અહિંસક રીતે દેશમાં સામાજિક આર્થિક ક્રાન્તિ જલદી થાય, એટલું જ નહીં બલકે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ભારત નક્કર સક્રિય ભાગ ભજવીને વિશ્વશાંતિને શીઘ્ર શકય કરી શકે.

તમો કાંજીવરમના સંમેલનમાં પહોંચી ગયા હશો, તક મળ્યે વિગતે વાતો કરજો અને તેઓ (વિનોબાજી) વિશેષ જાણવા ઇચ્છતા હોય તો અહીંથી મુદ્દામ કાર્યકર પણ આવી શકશે. પત્રવ્યવહાર પણ તેઓ વિગતે કરી શકશે. મારો, સૌરાષ્ટ્રમાં હું હતો ત્યારે, પત્રવ્યવહાર રહેતો હતો, પણ ભૂમિદાનનો ઠેરવેલો પ્રાંતવાર કવોટા પૂરો કરવા તરફ જ મુખ્ય ઝોક આપવો જોઇએ આ મારું મંતવ્ય હતું, મેં તેઓને જણાવ્યું પણ હતું, પરંતુ પછી તો જીવનદાની હિલચાલ ચાલી અને શ્રી. જયપ્રકાશજી વધુ સક્રિય રસ લેતા થયા, છતાં પ્રજા સમાજવાદી પક્ષના સભ્ય રહ્યા, એ જ રીતે શંકરરાવ દેવજીએ મુંબઇના આંદોલનમાં સક્રિય રસ લેવા માંડ્યો અને છતાં ભૂદાન કાયકર રહ્યા. આ બધું જોઈ, તથા મેં પારડી અંગે સંત વિનોબાજીનો અભિપ્રાય સ્પષ્ટ ન જોયો, ત્યારબાદ મારો રસ ઓછો થઈ ગયો, એમ છતાં તેમના તરફ કે શ્રી. જયપ્રકાશજી તરફ વ્યક્તિગત સદ્‌ભાવ તો રહ્યો જ હતો ને રહ્યો છે. મુંબઈ પ્રશ્નમાં પણ જાણ્યે અજાણ્યે હુલ્લડો પછી અને તે વખતે જે વલણ સંત વિનોબાજી તથા શ્રી. જયપ્રકાશજીનું રહ્યું, તે પરથી મને થયું:—

સત્તાલક્ષી વર્તુળોથી અલગ અને સ્પષ્ટ વલણ ન હોય, ત્યાં સત્તા અને શોષણ નિરપેક્ષતા કહેવાનો વ્યવહારમાં ખાસ અર્થ નથી રહેતો (જો કે સંત વિનોબાજીએ દેશનાં હુલ્લડો પ્રત્યે દુઃખ જરૂર વ્યક્ત કર્યું છે). ગત ગાંધીજયંતિ નિમિત્તે ભૂદાન કાર્યક્રમની નિષ્ફળતા વિષે પણ દુઃખ પ્રગટ કર્યું છે, હમણાં પણ એમ કહ્યું છે, "હજુ પ્રકાશ નથી મળ્યો, એટલે પુરાણી ભૂદાન યાત્રા પાંચ વર્ષની જેમ ચાલુ રહી છે; પણ નવો પ્રકાશ ઝંખુ છું." આ બધું જોતાં તથા શ્રી. જયપ્રકાશજી પણ પ્ર. સ. પક્ષના સામાન્ય સભ્ય મટી જવા ઇચ્છે છે, એમ તાજું સાંભળ્યું. આ બધાથી મારી આશા વધી છે. હું ભૂદાન અને નૈતિક ગ્રામસંગઠન તથા કૉંગ્રેસના ઉપલી દૃષ્ટિએ જોડાણમાં ભાવિ ભારતનું કલ્યાણ જોઇ રહ્યો છું. આ મારા વિચારો પણ તમો સંત વિનોબાજી પાસે મૂકવા ઘટે તો મૂકી શકો છો. તમો વિ. વા. ગમે ત્યાંથી મેળવીને સતત વાંચ્યા કરી પરિચિત રહેજો.

તા. ૨૪–૫–૫૬ **'સંતબાલ'**

વિનોબાજીનો ઉત્તર

સંતબાલજી તેમની પ્રવૃત્તિ અને તેમની કૉંગ્રેસ–નિષ્ઠા

પ્રથમ તો હું કોઇને Judge કરતો નથી એટલે મારે એ કહેવું મુશ્કેલ છે કે સંતબાલજી જે કરે છે તે યોગ્ય છે કે કેમ ? તેઓ શું કરે છે એના વિષે મારે કોઈ ટીકા કરવાની નથી. તેમની બીજી જે ગ્રામલક્ષી પ્રવૃત્તિઓ છે તે સારું છે. એથી ભૂદાનને કે બીજી

રીતે કશો બાધ નથી.' એ પ્રદેશની દૃષ્ટિએ જે ઠીક લાગે તે સાથે સાથે કરે એ બરાબર જ છે. કંઈ કંઈ વિચારભેદ તેમનામાં અને મારામાં રહે એ સ્વાભાવિક છે પણ તેમને મળ્યો નથી એટલે તેમનાથી સારી રીતે પરિચિત નથી અને એટલે તેમના વિષે બરાબર કહી ન શકાય. પરંતુ જેટલું ખ્યાલમાં છે તે પરથી મને તત્કાળ લાગે છે તે જણાવું :-

પહેલું તો એ કે તેમનો પ્રવાસ ગુજરાત-સૌરાષ્ટ્રમાં જ હોય છે-હિંદના બીજા ભાગોમાં નહીં. આથી તેમને આખા હિંદનું વ્યાપક દર્શન થયેલ નથી. ગુજરાતમાં ગાંધીજી અને સરદારના કારણે સાચી પ્રવૃત્તિના અધિક લોકો કોંગ્રેસમાં આવ્યા છે, ત્યાં કોંગ્રેસ જ વધુ બળવાન છે. એટલે સંતબાલજીને ગુજરાતની કોંગ્રેસનો જે પરિચય, જે દર્શન, જે અનુભવ થયેલ હોય તે પરથી તેમને તેના પ્રત્યે વધુ લાગણી, આદર, અનુરાગ હોય એમ લાગે છે. પણ તેઓ જો બિહાર, આંધ્ર કે હિંદના બીજા ભાગોમાં જઈને અવલોકન કરે તો તેમને કોંગ્રેસના માટે આગ્રહ ન રહે. ગુજરાતના કોંગ્રેસીઓ છે તેવા મહારાષ્ટ્રના નથી, બન્નેમાં ફેર છે. ગુજરાતની એ વિશેષતા છે. ગુજરાતની કોંગ્રેસમાંના ઘણા સજ્જનોના કારણે તેમને અનુગ્રહ છે આથી તેમને સારા હિંદનું દર્શન થાય તો તેમના વિચારોમાં ફરક પડે એને બદલવા પડે...! નિષ્પક્ષ બુધ્ધિથી કામ કરવું મને વધુ ઠીક લાગે છે.

શું કોંગ્રેસ એકજ તારક-સંસ્થા ?

કોઈ કોંગ્રેસમેન રહીને ગ્રામસેવા કરે તો સારું-બીજા પક્ષના રહીને કરે તો નહીં ! એમ તેમને થાય છે. જયપ્રકાશજી પ્ર. સ. પક્ષને બદલે કોંગ્રેસમાં હોય તો તેમને ગમે ! કોંગ્રેસ એ જ એક તારક-સંસ્થા છે અને બીજા પક્ષોમાં ન્યૂનતા છે એ ઠીક નથી. બીજા પક્ષોના કારણે તો કોંગ્રેસનું મહત્ત્વ છે ! લોકશાહીમાં વિરોધ પક્ષ જોઈએ એ દેખીતી વાત છે. મારે ઢેબરભાઈ સાથે પણ વાતો થઈ હતી. જો કે, હું કોઇ પક્ષનો વિરોધી કે પોષક નથી પણ કોંગ્રેસના જ આશયો સારા છે, એ એક જ અહિંસામાં માને છે એવું નથી. જનસંઘ-હિંદુમહાસભા જેવી સંસ્થાઓ બાદ કરતાં, સોશ્યાલિસ્ટ પાર્ટી અને પ્રજા સમાજવાદી પક્ષ પણ અહિંસામાં માને છે. તેમના આશયો પણ કોંગ્રેસથી ઉતરતા નથી. બીજી બાજુએ અહિંસા બાબત તો 'Legis Lative Peaceful Means'-કાયદેસરના અને શાન્તિમય ઉપાયો-ના બદલે Non-Violenta and Truthful Means' અહિંસક અને સત્યપૂર્ણ ઉપાયો-દાખલ કરવા માટે ગાંધીજીની મોટી કોશિષ હતી પણ કોંગ્રેસે એ મંજૂર ન કરી એ હકીકત ધ્યાનમાં રાખવી ઘટે છે.

ભૂદાન-એક 'શંભુમેળો' ?

'શંભુમેળો' એ ગુજરાતી શબ્દ છે. એમને લાગે છે કે, 'ભૂદાનમાં બધા પક્ષોનો શંભુમેળો થાય છે અને તેથી સામાજિક રીતે હાનિ થાય છે.' પણ બાપૂ પોતાના પરિવારને હંમેશાં 'શંભુમેળો' કહેતા. તેમના પાસે બધા પક્ષના, બધા વિચારોના માણસો આવતા, રહેતા અને તેઓ સૌને તેમ કરવા દેતા. હું પણ બાપૂ પાસે પહેલો વહેલો ગયો ત્યારે મને આ અનુભવ થયો.

"ભૂદાન તો હૃદયપરિવર્તનની ક્રિયા છે. એમાં બધા સાથે મળે નહીં એ ન બને. ભૂદાનમાં આવનારાને જો હું એમ કહું કે 'તું કોંગ્રેસમેન થઈ જા, અથવા તારી પાર્ટી છોડી દે અને પછી ભૂદાનનું કામ કર' તો એમાં હૃદયપરિવર્તન કેમ બને ? હું તો એને એની પાર્ટીનો સભ્ય રહેવા દઈને કામ કરવા દઈશ. એમ ન કરું તો હું હૃદય પરિવર્તનની વાતમાં નથી માનતો એમ થયું. ભૂદાનમાં તો બધા પક્ષોનો સહયોગ જોઈએ છે, સહુને એમાં મોકો આપવો છે. સહુને એમાં આવવાની તક ન હોય અને પક્ષ છોડીને આવનારા જ કામ કામ કરે એમ કહીએ તો તો તે ભીરુતા થઈ. જૈન પરિભાષાનો શબ્દ વાપરું તો 'એકાંગીતા' થઇ. 'આમ, બધાને એકઠાં કરતાં સૌ પોતાના પક્ષીય વિચારો લાવશે એવો ડર લાગે તો આપણે તેમને કહીશું કે, ભૂદાનના આ કામમાં આ વાત ન લાવો.

'ભૂદાન'ને અન્યાય

અમુક કારણોને લીધે પોતાને ભૂદાનમાંથી રસ ઓછો થઈ ગયો એમ સંતબાલજી જણાવે છે, પણ ભૂદાન એ વિનોબાનું નહીં, ગરીબોનું કામ છે. જો ભૂદાન ગરીબોની સેવાનું અને ગ્રામ-રચનાની પ્રવૃત્તિ માટેનું કામ ન હોય અને ગ્રામરચના માટે ભૂદાનની જરૂર ન હોય એમ તેમને લાગ્યું હોય તો તેમણે એ છોડવું જોઈએ પણ વિનોબાના કે કોઈ વ્યક્તિના અમુક વિચારોના કારણે ભૂદાનમાંથી રસ ઓછો થઈ જાય તો એ બરાબર નથી. એથી તો ભૂદાનને અન્યાય થાય છે ! ઉદાહરણાર્થે જેરાજાણી ખાદી અંગે અમુક વિચાર રાખતા હોય અને તેમનાથી મારા વિચારો ભિન્ન હોય અને તેથી ખાદીમાંથી મારો પ્રેમ ઘટી જાય તો એ વ્યાજબી નથી. એટલે ભૂદાનમાંથી રસ ઓછો થઇ જવો એ મને ભૂદાનને અન્યાય થવા જેવું લાગે છે.

"બીજું વિનોબા માટે તેમને સદ્‌ભાવ છે, ઘણાં વિચારો તેમને ગમે પણ છે તો જે વિચારો ન ગમતા હોય, એ વિચારોમાં જે અશુધ્ધિઓ લાગતી હોય તે માટે તેઓ પ્રભુને પ્રાર્થના કરે કે અમારા તે વિચારો દૂર થાય. મારી શુધ્ધિ થાય તે માટે ઉપવાસ કરવાનું તો નહીં કહું પણ પ્રાર્થનામાં તેઓ માને છે એટલે તેઓ પ્રાર્થના કરે એમ કહીશ કે જેથી અમને શુધ્ધિ મળે ! પરંતુ આ ખાતર ભૂદાનમાંથી પ્રેમ ઓછો કેમ થઈ જવો જોઇએ ? **વિનોબાજી**

યોગશતકના સંપાદક બહેન ડો. ઇન્દુકલાનો પરિચય

આ અંકમાં અન્યત્ર થી દલસુખ માલણિયા એ જેનું અવલોકન લખ્યું છે તે યોગશતકના સંપાદક ડૉ. ઇન્દુકલાબહેનનો શ્રી. રતિલાલ દીપચંદ દેસાઇ તા. ૧૬-૬-૫૬ ના જૈન પત્રમાં નીચે મુજબ પરિચય આપે છે:-

"ડૉ. ઇન્દુકલાબહેન મૂળ સુરતનાં; પણ ઘણાં વર્ષોથી એમનું કુટુંબ મુંબઈમાં રહે છે, અને પોતે સાતેક વર્ષથી મોટા ભાગે અમદાવાદમાં રહે છે. તેમનું કુટુંબ ધાર્મિક સંસ્કારવાળું છે અને તેમના પિતાશ્રી શ્રી હીરાચંદ કસ્તુરચંદ ઝવેરી દવાઓ તૈયાર કરવાનો ધંધો કરવા છતાં સાહિત્ય પ્રત્યે ખૂબ અભિરુચિ ધરાવે છે. એમણે કવિ ઉમ્મર ખાયમની રૂબાયતોનો ગુજરાતીમાં અનુવાદ કરેલો છે અને તે પ્રગટ પણ થયેલ છે. ઉપરાંત ગુજરાતી ભાષામાં કાવ્યમય મહાવીર ચરિત્રની પણ એમણે રચના કરેલ છે જે હજુ અપ્રગટ છે. ડૉ. ઇન્દુકલાબહેન સને ૧૯૫૦ માં તત્વજ્ઞાનનો વિષય લઇને પ્રથમ વર્ગમાં એમ. એ. થયાં અને ત્યાર પછી પં. શ્રી. સુખલાલજી પાસે રહીને, શ્રી. રસિકભાઈ પરીખની દેખરેખ નીચે પી. એચ. ડી. ના મહાનિબંધ માટે એમણે "સાંખ્ય અને જૈન પરિણામવાદનો તુલનાત્મક અભ્યાસ" એ બહુ કઠિન, જટિલ અને સૂક્ષ્મ વિચારણા માંગી લે એવો વિષય પસંદ કર્યો. ત્રણ વર્ષના સતત અધ્યયન, પરિશીલન અને પરિશ્રમ પછી જ્યારે આ મહાનિબંધ તૈયાર થયો ત્યારે એના પરીક્ષકોએ તેમજ એ વિષયના પારખુઓએ એની મુક્તકંઠે પ્રશંસા કરી. પીએચ. ડી. ની ડીગ્રી મેળવ્યા બાદ તેઓ ગુજરાત વિદ્યાસભાના ભોળાભાઇ જેસંગભાઇ વિદ્યાભવનમાં જોડાયાં અને અત્યારે તેઓ રામાનંદ મહાવિદ્યાલયમાં સંસ્કૃતના પ્રોફેસર તરીકે સફળતાપૂર્વક કામગીરી બજાવી રહ્યા છે. તેઓ પોતાની જ્ઞાનોપાસનામાં સતત લાગેલાં રહે છે; અને અધ્યયન-અધ્યાપન અને વાચન, મનન એ જ જાણે એમના જીવનનું ધ્યેય બની ગયું છે."

વિષય સૂચિ

		પૃષ્ઠ
શ્રી મોરારજીભાઇ: દશ વર્ષ પહેલાના અને આજના	ધીરજલાલ ધનજીભાઇ શાહ	૬૩
યોગશતક	દલસુખ માલવણિયા	૬૪
કોંગ્રેસ અને ભૂદાન પ્રવૃત્તિ	પ્રતાપરાય જમનાદાસ ટોળિયા	૬૫
કોંગ્રેસ અને ભૂદાન પ્રવૃત્તિ અંગે મુનિ સન્તબાલજીના વિચારોની આલોચના	પરમાનંદ	૬૭
જૈન ધર્મનું મૂલ્યાંકન	સૂરજચંદ્રજી ડાંગી	૬૮
સ્વ. સાહિત્યોપાસક શ્રી મોહનલાલ દલીચંદ દેસાઇને ભાવભરી અંજલિ	પંડિત સુખલાલજી	૬૯

કૉંગ્રેસ અને ભૂદાન પ્રવૃત્તિ અંગે મુનિ સન્તબાલજીના વિચારોની આલોચના

આ અંકમાં અન્યત્ર 'કૉંગ્રેસ અને ભૂદાન પ્રવૃત્તિ' એ શિર્ષક નીચે મુનિ સન્તબાલજી અને વિનોબાજીના વિચારો પ્રગટ કરવામાં આવ્યા છે. વિશ્વવાત્સલ્યના ચાલુ વાંચનદ્વારા મુનિ સન્તબાલજીના વિચારોથી હું ઠીક ઠીક પરિચિત છું. અને તેથી ઉપર આપેલાં વિવેચનોના અનુસંધાનમાં ખાસ કરીને મુનિ સન્તબાલજીના પ્રસ્તુત વિષયને લગતા વિચારોની આલોચના અહિં કરવામાં આવે તો અસ્થાને નહિ લેખાય.

કૉંગ્રેસનું રાષ્ટ્રના રાજકીય જીવનમાં કેવું સ્થાન હોવું જોઈએ એ વિષે સન્તબાલજી અને વિનોબાજીનાં મન્તવ્યોમાં ઉત્તર દક્ષિણ ધ્રુવ જેટલું અન્તર છે. સન્તબાલજીના અભિપ્રાય મુજબ દેશમાં કૉંગ્રેસ એ એક જ રાજકીય સંસ્થા હોવી જોઇએ અને રાષ્ટ્રના વહીવટની જવાબદારી પણ માત્ર તે એક પક્ષ ઉપર હોવી જોઇએ. દેશમાં જે અન્ય કોઈ પક્ષો ઉભા થાય એ કૉંગ્રેસના હરીફ તરીકે નહિ પણ કૉંગ્રેસના કાર્યને ટેકો આપે તે રીતના પ્રેરક અથવા પૂરક પક્ષો હોવા જોઇએ. વિનોબાજી કૉંગ્રેસથી અન્ય રાજકીય પક્ષોના અસ્તિત્વને તેમ જ મહત્ત્વને સ્વીકારે છે, પણ આજે જે ભિન્ન ભિન્ન પક્ષો વચ્ચે સત્તાપ્રાપ્તિની હરીફાઈ ચાલે છે અને સત્તારૂઢ પક્ષ અન્ય પક્ષની ઉપેક્ષા કરીને કેવળ બહુમતીના જોરે રાજ્ય ચલાવે છે અને કાયદાકાનૂન ઘડે છે તે તેઓ પસંદ કરતા નથી. તેમના અભિપ્રાય મુજબ સત્તારૂઢ પક્ષે મહત્વના પ્રશ્નો પરત્વે વિરોધ પક્ષો સાથે મળીને અને એ રીતે પરસ્પર એકમતી સાધીને રાજ્ય-વહીવટ ચલાવવો જોઇએ અને કાયદાકાનૂન ઘડવા જોઇએ. દેશની કોઈ અસાધારણ અથવા કટોકટીની પરિસ્થિતિ બાદ કરતાં જે બાબતમાં એકમતી ન સાધી શકાય તે બાબતનો આગ્રહ સત્તારૂઢ પક્ષે છોડી દેવો જોઇએ. આ રીતનો વ્યવહાર વિકસાવવાથી ભિન્ન ભિન્ન પક્ષો વચ્ચેના સંઘર્ષો ઓછા થશે અને પક્ષાતીત રાજકારણની કક્ષાએ પહોંચવાનું સ્વપ્ન એક કાળે સિધ્ધ કરી શકાશે.

આ બે દૃષ્ટિમાં સન્તબાલજીની દૃષ્ટિ મને એકાંગી લાગે છે અને લોકશાહીની કોઈ પણ કલ્પના આ યોજના સાથે અસંગત ભાસે છે. આપણા કમનસીબે કૉંગ્રેસ સામે સમકક્ષાનું પ્રભુત્વ દાખવી શકે એવા અન્ય રાજકીય પક્ષો હજુ સુધી પોતાની જમાવટ કરી શકયા નથી. એવી શકયતા પ્રજાસમાજવાદી પક્ષમાં હતી અને હજુ પણ છે. કારણ કે અહિંસા વિષે ઉભયની દૃષ્ટિ સમાન છે, છતાં વિગતોમાં બન્ને વચ્ચે તફાવત છે. પણ કમનસીબે તેના આગેવાનો કાં તો મરતા જાય છે અથવા ખરતા જાય છે અને અંદર અંદરના મતભેદો તે પક્ષનું સંગઠન થવા દેતા નથી. સામ્યવાદી પક્ષનું દેશના અમુક વિભાગમાં સારૂં જોર છે, પણ અખિલ હિંદની દૃષ્ટિએ જેની ઉપેક્ષા થઇ ન જ શકે એવું પ્રભુત્વ હજુ તે પક્ષે પ્રાપ્ત કર્યું નથી. સમયાન્તરે કેન્દ્રીકરણ અને વિકેન્દ્રીકરણના મુદ્દા ઉપર એક નવો રાજકીય પક્ષ ઉભો થાય એવી હું કલ્પના કરૂં છું, પણ આજને તબક્કે કોઈ સંગીન વિરોધ પક્ષ કૉંગ્રેસ સામે નથી. તેથી જેમ એક બાજુએ કૉંગ્રેસને પોતાની ધારણા અને ધ્યેય મુજબ રાજ્ય ચલાવવાની સુન્દર સગવડ મળી ગઇ છે તેમ બીજી બાજુએ આપણને કોઈ પૂછનાર નથી તેવો સત્તામદ રાજ્યશાસકોમાં જામતો જાય છે અને તેમાંથી અનેક અનર્થો નીપજી રહ્યા છે. 'Power corrupts and corrupts heavily' એ અનુભવસત્ય અનેક કૉંગ્રેસીઓના જીવનમાં આજે મૂર્તિમન્ત થઈ રહ્યું છે. લોકશાહી તો જ સાચા અર્થમાં ફાલીફુલી શકે કે જો તેની સતત ચોકી કરનાર મજબુત વિરોધ પક્ષ હોય. લોકશાહીનું આ હાર્દ કાં તો સન્તબાલજી સમજી શકતા નથી અથવા તો કૉંગ્રેસભક્તિ તેમને આ તથ્ય સ્વીકારવા દેતી નથી.

આમ જ્યારે હું લખું છું ત્યારે હું કૉંગ્રેસવિરોધી છું એમ કોઇ કલ્પના ન કરે. મારૂં વળણ આજે પણ કૉંગ્રેસ-અભિમુખ છે. એમ છતાં પણ આઝાદી મળ્યા બાદ કૉંગ્રેસ એક જ રાજકીય સંસ્થા હોવી જોઇએ અને તેનું પ્રભુત્વ સદાકાળ ટકી રહેવું જોઇએ એમ માનવું એ એક પક્ષની હંમેશાને માટે સરમુખત્યારશાહી નોતરવા જેવું ગણાય એમ મને લાગે છે.

જે કોઈ અન્ય વિચારપક્ષો હોય એ કૉંગ્રેસના પૂરક કે પ્રેરક હોવા જોઇએ એ સન્તબાલજીની અપેક્ષા રાજકારણના વ્યવહાર વિચારમાં કોઈ પણ રીતે ટકી શકે તેમ નથી. "આજે જે પક્ષ રાજ્યકારભાર ચલાવી રહેલ છે તે પક્ષ કરતાં અમે વધારે સારો રાજ્યકારભાર ચલાવી શકીશું અને અમારી વિશિષ્ટ વિચારસરણી લોકો માટે વધારે કલ્યાણકારી નીવડશે" એવી પ્રતીતિ અને ભાવનામાંથી જ નવો રાજકીય પક્ષ ઉભો થાય છે. આવી રીતે ઉભો થતો પક્ષ કે પક્ષો સ્વતંત્ર અને સત્તાલક્ષી હરીફ પક્ષો તરીકે જ અસ્તિત્વમાં આવે છે. તે રાજ્યારૂઢ પક્ષના કદિ પણ પ્રેરક કે પૂરક પક્ષો બની ન જ શકે.

આ રીતે વિચારતાં સન્તબાલજી જ્યારે પોતાના લેખોમાં 'કૉંગ્રેસના રાજકીય માતૃત્વ'નો અવારનવાર ઉલ્લેખ કરતા હોય છે, અને એક ધાર્મિક સૂત્રની માફક તેનું વારે વારે રટણ કરતાં માલુમ પડે છે ત્યારે તે પાછળ તેમની કૉંગ્રેસવિષેની એકાંગી ભક્તિ સિવાય બીજું કશું નજરે પડતું નથી. કોઈ પણ માનવીસંસ્થા માફક કૉંગ્રેસ-સંસ્થા કાળબળને આધીન છે. જ્યાં સુધી તેના અગ્રસ્થાને નિષ્ઠાવાન, સત્યપરાયણ અને કાર્યકુશળ નેતાઓ હશે ત્યાંસુધી તેની ચડતી કળા રહેવાની અને લોકોનો તેને પૂરો ટેકો મળતો રહેવાનો; નેતાઓની ભાત ઉતરવાની સાથે તેની કળા ઝાંખી પડવાની અને લોકો માર્ગદર્શન માટે અન્યત્ર નજર કરવાના. માતૃત્વ શબ્દ એમ સૂચવે છે કે માતા ગમે તેટલી જર્જરિત થાય તો પણ તેના પ્રત્યે આપણે વફાદાર રહેવું જોઇએ. કોઈ પણ જાહેર સંસ્થા આ પ્રકારની વફાદારીની અપેક્ષા રાખી ન જ શકે.

વિનોબાજીની ભૂદાન પ્રવૃત્તિમાં સન્તબાલજી પોતાનો રસ ઓછો થયાનું જણાવે છે અને તેના કારણરૂપે સન્તબાલજી મારી ઉપરના એક પત્રમાં વધારે સ્પષ્ટરૂપે જણાવે છે કે "કાં તો ભૂદાન કાર્યક્રમ કૉંગ્રેસ નીચે જાય તો એટલો દિલાસો રહે કે હવે તે પ્રત્યાઘાતી તત્ત્વોને પીઠબળરૂપ નહીં બની શકે અને કાં તો (ભૂદાન કાર્યક્રમ) તે શુધ્ધ ગ્રામ સંગઠન નીચે જાય તો કૉંગ્રેસ ઉપર પણ તે-પ્રાયોગિક સંઘ જેવી સંસ્થાને લીધે યોગ્ય નિયંત્રણ રાખી શકે."

બીજો વિકલ્પ આપણે પહેલો વિચારીએ. ગ્રામસંગઠનની ઉપયોગીતા વિષે બે મત છે જ નહિ. પણ ભૂદાન અને ગ્રામસંગઠન વચ્ચે અનિવાર્ય એવો કોઈ સંબંધ છે જ નહિ. અસ્પૃશ્યતા નિવારણ, મદ્યપાનનિષેધ માફક ભૂદાન એ પણ અખિલ હિંદવ્યાપી લોકકલ્યાણકારી સ્વતંત્ર પ્રવૃત્તિ છે. અલબત્ત તેને ગ્રામસંગઠનનો ટેકો હોય તો મળેલાં ભૂદાનો તેમ જ ગ્રામદાનોનું આયોજન વધારે સહેલું અને વધારે વ્યવસ્થિત બની શકે એ આપણે જરૂર કબુલ કરીએ.

પ્રથમ વિકલ્પ કે ભૂદાન કૉંગ્રેસઆયોજિત હોવું જોઇએ તે સન્તબાલજીના કૉંગ્રેસવિષયક પક્ષપાતને આભારી છે અને કૉંગ્રેસ સિવાયના બીજા પક્ષો અને કૉંગ્રેસ બહારની બીજી આગેવાન વ્યક્તિઓ કેવળ પ્રત્યાઘાતી જ હોઈ શકે એ પ્રકારના તેમના પૂર્વગ્રહમાંથી સ્ફુરેલો છે. ભૂદાનની પ્રવૃત્તિ, સમજાવટથી અહિંસક ઉપાયો વડે દેશની આર્થિક ક્રાન્તિ નિર્માણ કરવાનો અને આર્થિક સમતા પેદા કરવાનો, આશય ધરાવે છે. આ આશય વિનોબાજીના પ્રયત્નથી સંપૂર્ણપણે સિદ્ધ થશે કે નહિ તે વિષે મતભેદ હોઈ શકે છે, પણ એ આશયના ઔચિત્ય વિષે સન્તબાલજી પણ અન્યથા વિચાર ધરાવતા નથી. જો આમ છે તો આવી સર્વપક્ષસંમત બાબતને કોઇ પણ એક પક્ષ સાથે સંલગ્ન શા માટે કરવી ? અને એમ કરીને અન્ય પક્ષોનો અને કૉંગ્રેસમાં જોડાયેલ ન હોય એવી આગેવાન વ્યક્તિઓનો સાથ શા માટે ગુમાવવો ? આ દૃષ્ટિ વિનોબાજીની છે. આવી પ્રવૃત્તિને અનેક પક્ષોના શંભુમેળા તરીકે વર્ણવવી એ વ્યાજબી નથી. રાજકારણમાં ગમે તેટલા મતભેદો અને પક્ષાપક્ષી હોય પણ સર્વસંમત અને સર્વોદયકારી એવા રાષ્ટ્રના અનેક ઉદ્ધારકાર્યો છે કે જેમાં પક્ષબુદ્ધિથી મુકત રહીને સૌ કોઇએ સાથ આપવો જોઇએ અને દેશના નવનિર્માણને આગળ ધપાવવું જોઇએ. વિનોબાજીની ભૂદાન પ્રવૃત્તિ આવું જ એક ધર્મકાર્ય છે એમ આપણ સર્વેએ સમજવું તેમ જ સ્વીકારવું ઘટે છે. **પરમાનંદ**

જૈન ધર્મનું મૂલ્યાંકન

[શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા આયોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળા પ્રસંગે પં. સૂરજચંદ્ર ડાંગીએ આપેલ હિંદી પ્રવચનનું શ્રી મુકુંદભાઈ ગિરિધરભાઇ શાહે કરેલું ગુજરાતી રૂપાંતર.]

ચમકતા પથ્થરની કિંમત થઈ શકે, પાણીદાર મોતી કે મનુષ્યનું મૂલ્ય પણ થઇ શકે, પણ જેના આધારે વ્યક્તિના સમગ્ર જીવન અને ચારિત્ર્યનું મૂલ્ય થઈ શકે તે ધર્મનું મૂલ્ય કેવી રીતે થઇ શકે ? એમ છતાં આ વિષયમાં મેં બોલવાનું સ્વીકાર્યું છે તે એટલા માટે કે જ્યારે ધર્મ માનવસમાજની સામે અમુક પ્રકારના સંપ્રદાયગત અથવા રૂઢિગત સંસ્કારનું સ્વરૂપ ધારણ કરીને આવે છે ત્યારે તેવા ધર્મનું મૂલ્ય કરવું યોગ્ય જ ગણાય છે.

પાણી મૂળસ્વરૂપે શુધ્ધ હોય છે, પરંતુ જ્યારે ધરતી પર વરસી, ઝરણાં, ખાબોચિયાં, નદી કે તળાવમાં રૂપાંતર પામી જમીનના ગુણધર્મ સાથે મિશ્રિત થાય છે ત્યારે આરોગ્યની દૃષ્ટિએ પરીક્ષા કરી તેનો ઉપયોગ કરીએ છીએ, તેવી જ રીતે અમુક જાતના સંપ્રદાયમાં રહેલા ધર્મની પરીક્ષા કરવી તે યોગ્ય જ છે.

આ રીતના ધર્મનું મૂલ્યાંકન બે રીતે થઈ શકે, બાહ્ય દૃષ્ટિએ (Face Value) અને આંતરદૃષ્ટિએ (Intrinsic Value). આપણાં દેશમાં રૂપિયાનું ચલણ છે અને તેનું હુંડિયામણ સોળ આના છે. પરંતુ વિદેશોમાં તેનું હુંડિયામણ દેશની આર્થિક પરિસ્થિતિ વગેરે લક્ષમાં લઇને થઇ શકે છે. તે જ પ્રમાણે કોઈપણ ધર્મના આચાર-વિચારનો વ્યાપક અર્થ કરી તેને જીવનમાં ઉતારવામાં આવે ત્યારે જ તેનું ખરું મૂલ્ય થઇ શકે છે.

"વૈષ્ણવ જન તો તેને કહીએ જે પીડ પરાઈ જાણે રે,
પર દુઃખે ઉપકાર કરે તોયે મન અભિમાન ન આણે રે"

ગુજરાતના મહાન કવિ નરસિંહ મહેતાએ વૈષ્ણવ ધર્મની આવી વિશાળ વ્યાખ્યા અને ભાવના ઉપરોકત પદમાં આપેલ છે. ગાંધીજીએ પોતાનું જીવન એ વ્યાખ્યા પ્રમાણે ગુજર્યું અને મહાન બનાવ્યું. આવી વ્યાપક રીતે કોઇ પણ ધર્મને જીવનમાં સ્થાન આપવામાં આવે તો તેને સર્વત્ર આવકાર મળે છે. જૈન ધર્મના અનુયાયીઓ પોતાના મન અને ઇંદ્રિયોને સંયમિત કરીને સર્વ જનોની સમાન ભાવથી સેવા કરે તેનું મૂલ્ય બધે જ સરખું છે.

જૈન ધર્મ ભગવાન મહાવીરના ઉપદેશો, આદર્શો અને આચાર-વિચારોનું પ્રતિબિંબ છે. જૈન ધર્મના પાયાના સિધ્ધાંતો તેમણે નક્કી કર્યા અને વ્યવહારમાં મૂકયા. આથી જૈન ધર્મનું મૂલ્યાંકન કરતી વખતે ભગવાન મહાવીરનો જીવનસંદેશ અને જીવનધર્મને દૃષ્ટિ સમક્ષ રાખવો જરૂરી છે.

સામાન્ય જનોના માનસમાં પ્રાચીનતા પ્રત્યે સાહજિક મોહ હોય છે. માટે પ્રત્યેક ધર્મસંસ્થાપકોને પોતાના ધર્મનું મૂળ સૃષ્ટિના આદિકાળથી કલ્પવું પડે છે. શંકરાચાર્યે પોતાના કેવલાદ્વૈતની શરૂઆત નારાયણથી માની છે; રામાનુજાચાર્યે પોતાના વિશિષ્ટાદ્વૈત દર્શન અને વૈષ્ણવપંથની સ્થાપના ભગવતી લક્ષ્મીદેવીથી માની છે; નિંબર્કાચાર્યે પોતાના દ્વૈતાદ્વૈત દર્શન અને સત્ સંપ્રદાયની સ્થાપના આદિ ઋષિ સનકાદિથી માની છે; માધવાચાર્યે પોતાના દ્વૈતદર્શનની સ્થાપના બ્રહ્મદેવથી કલ્પી છે અને વલ્લભાચાર્યના શુધ્ધાદ્વૈતદર્શન નામના સંપ્રદાયનું મૂળ ભગવાન શંકરના ઉપદેશોમાં રહેલું છે એમ કહેવાય છે. આ જ રીતે ઈસાઈ. ઈસ્લામ, યહુદી, શીંટો, તાવો વગેરે ભારત બહારના ધર્મો પણ પોતાનાં ધર્મનું મૂળ બાવા આદમથી પ્રાચીન માને છે. જૈન ધર્મ સૃષ્ટિના આદિકાળનો સિધ્ધાંત સ્વીકારતો નથી; પરિણામે તે અનાદિકાળથી ચાલ્યો આવે છે તેમ જૈન ધર્મના અનુયાયીઓ માને છે.

'આર્ય' શબ્દ જૂનો છે પરંતુ 'આર્ય સમાજ' ની સ્થાપના સ્વામી દયાનંદ સરસ્વતીએ કરેલ છે. 'બ્રહ્મ' શબ્દ પુરાતન છે છતાં 'બ્રહ્મોસમાજ'ની સ્થાપના રાજારામમોહન રોયે કરી છે. બુદ્ધ, વિષ્ણુ, શિવ વગેરે શબ્દો પ્રાચીન છે પરંતુ તે શબ્દોથી ઓળખાતા સંપ્રદાયો તેટલે અંશે પ્રાચીન નથી. એ જ રીતે 'જિન, અર્હંત, તીર્થંકર અને વિતરાગ' આદિ શબ્દો જૂના છે અને સઘળા શાસ્ત્રો અને સંપ્રદાયોમાં મળી આવે છે. આજે જે જૈન ધર્મ છે તે ભગવાન મહાવીર દ્વારા સ્થાપિત તીર્થ કે સંઘનું જ નામ છે, કારણ કે તેમનાં પહેલાના તીર્થંકર પાર્શ્વનાથ થઇ ગયા. તેમના અનુયાયીઓ 'પાર્શ્વાપત્ય' ના નામથી અને તેમનો ધર્મ 'આતુર્યામ' ધર્મના નામથી ઓળખાતો.

બજારમાં ખરીદી કરવા નીકળીએ ત્યારે જે વસ્તુ ખરીદ કરવાની હોય તે વસ્તુના અદ્યતન નમૂનાને નજર સમક્ષ રાખી ખરીદ કરીએ છીએ તે જ પ્રમાણે વિવેકશીલ વ્યકિતએ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને અનુરૂપ ધર્મનું નવીન રૂપ જ ગ્રહણ કરવું જોઇએ. પાર્શ્વનાથના અનુયાયી કેશી શ્રમણે મહાવીરના મુખ્ય ગણધર ગૌતમ સ્વામીના ઉપદેશોથી ધર્મનું તત્કાલીન નવીન સ્વરૂપ સ્વીકાર્યું એવો ઉલ્લેખ જૈન આગમો-માંથી મળી આવે છે.

'જુનું તે સોનું' આ જૂનવાણી માનસની માન્યતા છે, માટે પોતાનાં સંપ્રદાયને બને તેટલો પ્રાચીન સિદ્ધ કરવાનો પ્રયાસ થાય છે. વાસ્તવમાં આ રીત બરાબર નથી. પાપ પણ ધર્મનાં જેટલું પ્રાચીન છે એટલું જ નહિ પણ પાપનો નાશ કરવા માટે જ ધર્મ ઉત્પન્ન થાય છે. આ રીતે પાપ ધર્મથી પણ પ્રાચીન ગણી શકાય એટલા માટે પાપ ઉપાદેય નથી. એક સ્થળે કહ્યું છે;

पुराणमित्येव न साधु सर्वम्
न साधु सर्वम् नव मित्यवद्यम्
सन्तः परीक्षमान्यतरद् भजंते,
मूढः परप्रत्यय नेव बुद्धिः

જૂનું જેમ સઘળું સાચું નથી તેમ નવું પણ બધું ખરું ન જ હોય. વિવેકશીલ મનુષ્યે સારાનરસાંનો વિચાર કરી જે યોગ્ય હોય તે સ્વીકારવું આવશ્યક છે. ભોજનમાં પણ આપણે ચોખા, મુરબ્બો વગેરે જૂનાં પસંદ કરીએ છીએ, પરંતુ સાથોસાથ ઘી, તેલ, દહીં, દૂધ વગેરે તાજાં જ વાપરીએ છીએ. આવી જ રીતે ધર્મનો વ્યવહાર કરતી વખતે વિવેક અને શીલરૂપી કસોટી પથ્થર પર તેનું મૂલ્યાંકન થવું જ જોઇએ.

ભગવાન મહાવીરે જૈન ધર્મનું ધ્યેયમંત્ર 'नमो अरिहंताणं' રાખ્યું. જે બધાની સમાનભાવે સેવા કરે છે અને એવી સેવા કરતો જીવન પસાર કરે છે તે વંદનને પાત્ર છે. अरिहंत નો અર્થ થાય છે– सर्वनी सेवामां जीवन व्यतीत करे छे ते. अमानी मानदो मान्यः જે માનની ઝંખનાથી રહિત છે, જે અન્ય વ્યકિતને સદા માન આપે છે તે જ 'માન્ય' છે; માનને પાત્ર છે. અરિહંત ભગવાન ક્રોધ, માન, માયા અને લોભથી પર છે. બધાંને માન આપીને, તેમની સેવા કરીને જીવન પસાર કરે છે તે કારણે તેમને સર્વપ્રથમ માનવામાં આવ્યા છે.

સાકાર નિરાકાર, શરીરી અશરીરી, નિત્ય અનિત્ય, પરમાત્માના વિવિધ સ્વરૂપો વિષેના વિવાદોના સંઘર્ષો ભગવાન મહાવીરે યોગ્ય રીતે દૂર કર્યા હતા. વ્યવહારમાં સશરીરી પરમાત્મા અરિહંતને પ્રથમ વંદન કર્યું અને નિશ્ચયદૃષ્ટિથી અશરીરી પરમાત્મા સિધ્ધને ઉત્તમ દર્શાવીને પણ નમસ્કાર મંત્રમાં બીજું સ્થાન આપ્યું; કારણ કે વ્યવહાર દૃષ્ટિએ નિરાકાર સિધ્ધાંતોને જે લોકો જીવનમાં ઉતારે છે તેની કિંમત પ્રથમ કરવી જોઇએ.

આચાર્યને ત્રીજું નમન કર્યું છે, તેનો અર્થ એ છે કે જે પોતાના અને સંઘના આચારવિચારો પર અનુશાસન રાખે છે તે મહાન શાસનસ્વામી ઉપાધ્યાય કરતા પણ વંદનીય છે. ચોથા વંદનને પાત્ર ઉપાધ્યાય છે, તેઓ વીતરાગ તીર્થંકરોનાં પ્રવચનોનું પઠનપાઠન કરાવે છે. વિશેષ મહત્ત્વની વાત એ છે કે સર્વ પ્રકારના સાધકોને પણ પરમ ઇષ્ટ સમજીને પાંચમા નમસ્કાર કરવામાં આવે છે.

આમ જૈન ધર્મ પંચ પરમેષ્ઠિ દેવો પાસેથી કંઇ યાચના કરવાનું શિખવાડતો નથી. તેમનો આદર્શ સામે રાખી તેમના જેવા બનવાનો યત્ન કરવા માટે આપણે તેમને વંદન કરીએ છીએ.

આપણે જે તત્વની પ્રતિષ્ઠા કરીએ તેના તરફ જનમાનસ આકર્ષાય છે એ એક મનોવૈજ્ઞાનિક સત્ય છે. એટલા માટે જ મહાવીર ભગવાને જૈન ધર્મના ઉપરોક્ત મૂળમંત્ર દ્વારા ત્યાગીઓને અને જ્ઞાનીઓને સર્વોત્તમ પ્રતિષ્ઠા આપી છે.

જો આપણે સંપત્તિ અને સત્તાની પ્રતિષ્ઠા વધારશું તો જનસમાજ તે તરફ ગતિ કરશે અને સત્તા તથા સંપત્તિની પ્રાપ્તિ માટે સત્યનું બલિદાન આપશે. મહાન સત્તા અને સંપત્તિનાં ધણી ચક્રવર્તી વાસુદેવ અને ઇન્દ્ર પણ ત્યાગીઓના ચરણની રજ લે છે. આંમ નમસ્કાર મંત્ર દ્વારા ત્યાગીઓની પ્રતિષ્ઠા વધારવામાં આવી છે.

ચક્રવર્તી અને તીર્થંકર બન્ને પદોના સ્વામી શાંતિનાથનો અવતાર ઇંદ્રપ્રસ્થના રાજા વિશ્વસેન અને માતા અચલાના ગર્ભથી થાય છે, એવી જૈન ધર્મમાં કથા છે. વિશ્વની સૈન્યશક્તિની સાથેના સંઘર્ષથી અચલા–અહિંસા–ના ગર્ભમાં શાંતિનો જન્મ થાય છે. સૈન્યશક્તિથી શાંતિનું બાહ્યસ્વરૂપ સર્જાય છે. અને અચલા–અહિંસા–શક્તિનાં ગર્ભમાં શાંતિના આત્માનો ઉદ્‌ભવ થાય છે. વિજ્ઞાન અને ધર્મનો સુભગ સમન્વય વિશ્વશાંતિને સર્જે છે. આ રીતે આપણાં શાસ્ત્રો આપણને એવો સંદેશ આપે છે કે વિજ્ઞાન પિતાની માફક નવીન સૈન્યોનું અન્વેષણ કરીને માતા અચલા–અહિંસા–ને સોંપી દે અને અહિંસા માતાની જેમ તેની સુખપૂર્ણ વ્યવસ્થા કરે ત્યારે જ વિશ્વસદનમાં શાંતિ રમી શકે છે.

જૈન ધર્મની કથાઓનો આવી રીતે અલંકારયુકત અર્થ ઘટાવીને યુગધર્મ અનુસાર અનુકૂળ સંદેશ તૈયાર કરી શકાય છે. પરંતુ ઐતિહાસિક સત્ય અને બુદ્ધિયુકત પ્રમાણુકતાને માન આપીને કહીએ તો જૈન ધર્મની અનેક પ્રકારની પ્રચલિત માન્યતાઓ ખામી ભરેલી જણાય છે અને જેમાં સમત્વને સ્થાને વિવિધ પ્રકારના અહંકારને સ્થાન મળે છે. દા. ત. જૈન ધર્મના દેવો સિવાય અન્ય દેવો કુદેવ છે–જૈન ધર્મનાં શાસ્ત્રો સિવાય અન્ય શાસ્ત્રો કુશાસ્ત્ર છે, જૈન ધર્મના ગુરુઓ સિવાય બીજા ધર્મના ગુરુઓ કુગુરુઓ છે, જૈન ધર્મનાં અનુયાયીઓ સિવાય બીજા ધર્મના અનુયાયીઓ મિથ્યાત્વી છે. આદિ માન્યતાઓ દોષપૂર્ણ છે. (અપૂર્ણ) **સૂરજચંદ્ર ડાંગી**

'ભૂદાન અને મોરારજીભાઈ'

તા. ૧૫–૭–૫૬ ના પ્રબુદ્ધ જીવનમાં 'સંયુકત જૈન વિદ્યાર્થીગૃહમાં વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ' એ મથળા નીચે પ્રગટ થયેલ લેખમાં 'જમીનનો મૂંઝવતો પ્રશ્ન ભૂદાનથી ઉકલી શકશે કે તેમાં કાયદાની મદદની જરૂર રહેશે?' 'એ પ્રશ્નના જવાબની જે નોંધ તે અંકમાં પ્રગટ કરવામાં આવી છે તે થોડીક ભુલભરેલી હોઇને ગેરસમજુતી પેદા કરે તેવી છે. એ નોંધ નીચે મુજબ સુધારીને વાંચવીઃ–

"જમીનનો પ્રશ્ન માત્ર ભૂદાનથી ઉકેલાવાનો નથી. તેનો પૂરો ઉકેલ લાવવા માટે કાયદાની જરૂર રહેશે. ભૂદાન ત્યાગની ભાવના શીખવે છે. લાલચ કે લાગવગથી ત્યાગ સંભવી શકે નહિ. ત્યાગ પાછળ નામ હોય તો તે પણ એક જાતનો વ્યાપાર છે. ત્યાગ ઐચ્છિક જોઇએ. ત્યાગમાં બદલાની ભાવના ન જોઇએ. આજે ભૂદાનના પ્રવાહને કેટલાક કાર્યકરો હઠાગ્રહ–સત્યાગ્રહ–ને રસ્તે વાળી રહ્યા છે એ અનિચ્છનીય છે. શ્રી વિનોબાજીનું મેં એ તરફ ધ્યાન દોર્યું છે. ભૂદાન એ તો સાધન છે. એથી ભૂદાનનું હાર્દ સમજીને મદદ કરીએ તો બાપુના આદર્શ પ્રમાણેના દેશના સર્જન માટે તે મોટામાં મોટું સાધન છે તેમાં શક નથી. પરંતુ તેનો અર્થ એવો નથી કે કાયદા વગર ચાલી શકશે. જ્યાં સુધી રાજ્ય ચાલશે ત્યાં સુધી કાયદાની જરૂર રહેશે. રાજ્ય નહિ હોય તો કાયદાની પણ જરૂર નહિ રહે. એટલે જમીનના પ્રશ્નનો પૂરો ઉકેલ કાયદા વિના નહિ થાય."

આગળ ઉપર પ્રગટ કરેલી નોંધમાં આટલી ક્ષતિ રહી જવા માટે હું દિલગીર છું. **તંત્રી, પ્રબુદ્ધ જીવન**

સ્વ. સાહિત્યોપાસક શ્રી. મોહનલાલ દલીચંદ દેસાઈને ભાવભરી અંજલિ

મુંબઇ ખાતે જૈન શ્વે. મૂ. કોન્ફરન્સ તરફથી કોન્ફરન્સના એક પ્રમુખ કાર્યકર્તા અને જૈન સાહિત્યના ઉપાસક અને સંશોધક સ્વ. મોહનલાલ દલીચંદ દેસાઇના તૈલચિત્રનું પં. સુખલાલજીના પવિત્ર હસ્તે અનાવરણ કરવામાં આવ્યું હતું. આ અનાવરણસમારંભ પ્રસંગે કોન્ફરન્સના આગેવાન કાર્યકર્તાઓ શ્રી. પોપટલાલ રામચંદ શાહ, શ્રી. કાન્તિલાલ ઇશ્વરલાલ તથા પુંજાભાઈ શાહ ઉપરાંત શ્રી. ચીમનલાલ ચકુભાઈ શાહ, શ્રી. નાથુરામ પ્રેમી, ડૉ. એ. એન્. ઉપાધ્યાય, શ્રી. પરમાનંદ કુંવરજી કાપડિયા, શ્રી. ભાઈચંદ નગીનભાઇ તથા શ્રી. મોતીલાલ વીરચંદ શાહ વગેરે ગૃહસ્થોએ સ્વર્ગસ્થને ભાવભરી અંજલિ આપી હતી. સ્વર્ગસ્થની છબીનું અનાવરણ કરતાં પં. સુખલાલજીએ સ્વર્ગસ્થ મોહનલાલ દલીચંદ દેસાઇની અનેકવિધ સેવાઓનું યથોચિત મૂલ્યાંકન કરતું નીચે મુજબ પ્રવચન કર્યું હતું:–

આભારવિધિના ઔપચારિક ભારમાં દબાયા વિના જ આપણે મુખ્ય પ્રસંગ ઉપર આવીએ. શ્રી. શ્વેતામ્બર મૂર્તિપૂજક કોન્ફરન્સે મને પોતાનો સમજીને જ બોલાવ્યો છે. હું પણ એ ભાવથી જ આવ્યો છું. સદ્‌ગત શ્રી. મોહનલાલભાઇ દેસાઈનું તૈલચિત્ર કોન્ફરન્સ તૈયાર કરાવે અને તેના અનાવરણ વિધિ માટે મને બોલાવે ત્યારે સહેજે વિચાર આવે છે કે કોન્ફરન્સ, મોહનભાઇ અને હું એમ ત્રણેનો પરસ્પર શો સંબંધ હતો અને હજીયે છે. વળી, એ પણ જિજ્ઞાસા થયા વિના ન જ રહે કે હું કોન્ફરન્સને કઇ દૃષ્ટિએ જોતો અને સમજતો રહ્યો છું, તેમ જ મોહનભાઇનું મારી દૃષ્ટિએ શું સ્થાન હતું?

હું કોન્ફરન્સનો નખશિખ ઇતિહાસ નથી જાણતો એ ખરું, પણ એના મુખ્ય સ્વરૂપ અને મુખ્ય પ્રવૃત્તિ વિશે થોડીઘણી માહિતી તો છે જ. હું જાણું છું ત્યાં લગી શ્વેતામ્બર મૂર્તિપૂજક પરંપરાની બીજી કોઇ પણ સંસ્થા કરતાં કોન્ફરન્સનું દૃષ્ટિબિંદુ અને બંધારણ ઉદાર તેમ જ વિશાળ રહ્યાં છે. પરિસ્થિતિવશ તેનું મુખ્ય કાર્યાલય મુંબઇમાં હોવા છતાં તેની બેઠકો અને વાર્ષિક અધિવેશનો માત્ર મુંબઇમાં જ પૂરાઈ રહ્યાં નથી. પૂર્વમાં કલકત્તા, ઉત્તરમાં પંજાબ, પશ્ચિમમાં કાઠિયાવાડ, રાજસ્થાન અને ગુજરાત તેમજ દક્ષિણમાં પૂના લગી સમયે સમયે એનાં અધિવેશનો થતાં રહ્યાં છે અને તે તે પ્રાન્ત કે પ્રદેશના સદ્‌ગૃહસ્થો પ્રમુખપદ પણ શોભાવતા રહ્યા છે. આ સૂચવે છે કે પ્રથમથી જ કોન્ફરન્સનું દૃષ્ટિબિંદુ સમગ્ર મૂર્તિપૂજક સંઘને પોતાની સાથે લેવાનું રહ્યું છે અને એ પણ કબૂલ કરવું જોઇએ કે આ દૃષ્ટિબિન્દુને સંઘે હૃદયથી આવકાર્યું પણ છે. તેથી જ તેને દરેક પ્રાન્ત અને પ્રદેશમાંથી હાર્દિક આવકાર મળેલો અને ઉદ્યમ, મધ્યમ તેમજ જૂનવાણી વિચારસરણી ધરાવનાર ભાઇ–બહેનો પણ કોન્ફરન્સને અપનાવતાં રહ્યાં છે.

જૈન સંઘના બંધારણમાં ચતુર્વિધ સંઘનું સ્થાન એકસરખું છે. કયારેક કોઇ વ્યકિત મુખ્ય ભાગ ભજવતી દેખાય યા સર્વોપરિ બોવડી જેવી લાગે તોય તેના મૂળમાં ગુણ અને કાર્યશકિત રહેલાં હોય છે, નહિ કે પેઢીઉતાર સત્તાનો વારસો. આ જૈન સંઘનું સ્વરૂપ આજકાલની ભાષામાં કહીએ તો લોકશાહી છેઃ અલબત્ત, તે એક ધર્મપરંપરા પૂરતી.

કોન્ફરન્સે પોતાનો કાર્યપ્રદેશ મુખ્યપણે ત્રણ બાબતોમાં મર્યાદિત કરેલો એમ હું સમજું છું; (૧) ધાર્મિક, (૨) સાહિત્યિક, અને (૩) સામાજિક. ધાર્મિક બાબતમાં તીર્થના પ્રશ્ન ઉપરાંત ધર્મોચ્ચાર અને તાત્વિક શિક્ષણ વગેરેનો સમાસ થાય છે. બને ત્યાં લગી નવા જમાનાની માગણીને અનુકૂળ થાય એ રીતે કોન્ફરન્સે સાધન ને શકિતના પ્રમાણમાં એ બાબત કાંઇક ને કાંઇક કર્યું જ છે, અને હજીયે એ કાંઇક ને કાંઇક કરે જ છે. સાહિત્યની બાબતમાં એનું કામ વિશેષ ધ્યાન ખેંચે એવું છે, પ્રથમથી જ એણે પ્રાચીન સાહિત્યવારસાને પ્રકાશમાં લાવવાની નેમ રાખી છે અને એ દિશામાં યથાશકિત

પણ નક્કર કામ કર્યું છે. સામાજિક બાબતમાં ફ્રેન્ક્ફર્ન્સે દેશમાં વિકસતા જતા ઉદાર વિચારોને ઝીલ્યા અને યથાશક્તિ પ્રચાર્યા પણ છે.

ફ્રેન્ક્ફર્ન્સની ઉપર સૂચવેલી ભૂમિકામાં સદ્‌ગત મોહનભાઇનો શો સંબંધ હતો અને તેમણે શો શો ફાળો આપ્યો, મુખ્યપણે એ જાણવું તે જ આજના પ્રસંગ સાથે વિશેષ સંગત છે. મુંબઇમાં સદ્‌ગત ડૉ. બાલાભાઈ નાણાવટીના પ્રમુખપણા નીચે અધિવેશન થયું ત્યારે હું પહેલવહેલો ફ્રેન્ક્ફર્ન્સમાં આવેલો, એમ યાદ છે, ધણું કરી તે જ વખતે મોહનભાઇનો પ્રથમ પરિચય થયો અને તેમની રુચિ, પ્રવૃત્તિ તથા પ્રકૃતિ વિષે કાંઇક જાણવા પામ્યો, તે જ વખતે મારા મન ઉપર એમને વિશે જે સામાન્ય છાપ પડેલી તે જ છેવટ સુધી વધારે ને વધારે પ્રત્યક્ષ પરિચયથી સ્પષ્ટ થતી ગઇ.

મેં જોયેલું કે તેમની પ્રકૃતિ જેમ હસમુખ તેમ આશાવાદી હતી. મેં એ પણ જોયું કે તે કાંઇક ને કાંઇક સારું કામ કરવાની ધગશવાળા અને જાતે જ કાંઇક કરી છૂટવાની વૃત્તિવાળા હતા અને એ પણ જોયેલું કે જ્યાંથી જે પ્રાપ્ત થાય અને શીખવાનું મળે ત્યાંથી મુક્તમને તે મેળવવું અને તેનો યોગ્ય વિનિમય કરવો.

મુંબઇના પ્રથમ મિલન પછી તો તેમનાં છેલ્લા દિવસો સુધીમાં હું અને તેઓ એટલી બધી વાર મળ્યા છીએ કે તેનો આંક સ્મૃતિમાં પણ નથી. માત્ર મળ્યા જ છીએ એટલું જ નહિ, પણ સાથે કલાકો લગી અને કેટલીક વાર તો દિવસો લગી રહ્યા છીએ, સાથે પ્રવાસ પણ કર્યો છે. આ બધા પ્રસંગે મેં એ જોયું કે તેઓ રાજકારણ, કૉંગ્રેસ કે ગાંધીજી વગેરેની કોઇપણ ચર્ચા ઉપરથી છેવટે ફ્રેન્ક્ફર્ન્સની પ્રવૃત્તિને લગતી કોઈ ને કોઇ બાબત ઉપર આવે, જાણે કે એમના મનમાં એક પ્રશ્ન ઘોળાતો ન હોય તે રીતે વાત કરે. મને લાગેલું કે એમનો પ્રશ્ન એ છે કે ફ્રેન્ક્ફર્ન્સ શિક્ષણ, સાહિત્ય અને સામાજિક સુધારાની બાબતમાં શું શું કરી શકે અને તે કામ કેવી રીતે પાર પાડવું ?

એક તો જૈન સમાજ વ્યાપારપ્રધાન, આર્થિક દૃષ્ટિએ તદ્દન સ્વાધીન હોય એવા લોકો ગણ્યાંગાંઠ્યાં, મધ્યમવર્ગીય બધા જૈનોને ફ્રેન્ક્ફર્ન્સમાં સમ્મિલિત કરવાની દૃષ્ટિ, સાધુઓના અન્દરોઅન્દરના પક્ષભેદ અને તેને લીધે શ્રાવકવર્ગમાં પડતી ફૂટના ફ્રેન્ક્ફર્ન્સ ઉપર પડતા પ્રત્યાઘાતો; આ બધું ફ્રેન્ક્ફર્ન્સની દૃષ્ટિ, શક્તિ અને પ્રવૃત્તિને મર્યાદિત કરનારું પહેલેથી જ હતુ અને હજીયે છે. એક બાજુથી બધી દિશામાં વિચારસ્વાતંત્ર્યનો પવન ફૂંકાતો હોય, અનેક ઉપયોગી પ્રવૃત્તિઓ દેશમાં વિકસતી જતી હોય અને બીજી બાજુથી ફ્રેન્ક્ફર્ન્સ એ સાથે તાલ મેળવી ન શકતી હોય તો સાચા ધગશવાળા કાર્યકર્તાને મૂંઝવણ થાય. એવી મૂંઝવણ મેં શ્રી. મોહનભાઇમાં અનેકવાર નિખાલસપણે પ્રગટ થતી જોઈ છે.

અત્રે એક બાબત ધ્યાનમાં રાખવી ઘટે કે મોહનભાઈ વકીલ હતા, પણ તેમની વકીલાત એવી ન હતી કે તેમને તેમની ઇચ્છા પ્રમાણે કામ કરવાનો અવકાશ આપે. આવક બહુ મર્યાદિત, કૌટુમ્બિક આદિ પ્રશ્નો ઘણા છતાં એમનું ખમીર આશાવાદી, પ્રવૃત્તિશીલ અને કર્મઠ હતું. વળી એમની તબિયત પણ એટલી જ સારી. થાક તો જાણે લાગે જ નહીં. કોઇકવાર જમ્યા પછી પણ જમવાનો પ્રસંગ આવે તો તેઓ પાછા ન પડે. અને એમની નિષ્ઠા પણ એટલી પાકી. કોઇ કામ લીધું એટલે એ પૂરું કર્યે જ છૂટકો. એમાં પછી ઊંઘ કે આરામ જોવાનો જ નહીં, તેથી જ તેઓ ફ્રેન્ક્ફર્ન્સની બધી પ્રવૃત્તિમાં પ્રત્યક્ષ ભાગ લેતા અને પોતે રુચિ તેમ જ શક્તિ પ્રમાણે અમુક કામ હાથમાં લઇ તેને પૂરા ખંતથી અને મહેનતથી પાર પાડતા. જો કોઇ બીજા કાર્યકર્તા તેમને ભેટી જાય અને તેની પાસેથી કામ લેવાનું શક્ય હોય તો તેઓ તેને ફ્રેન્ક્ફર્ન્સ સાથે સાંકળી એક યા બીજી રીતે તેની પાસેથી પણ કામ લેવાનો માર્ગ મોકળો કરે. સદ્‌ભાગ્યે એમને સાથીઓ અને મિત્રો પણ સારા મળેલા. સદ્‌ગત મોતીચંદભાઈ, મકનજીભાઇ અને મોહનલાલ ઝવેરી વગેરે એમના સાથીઓ. જ્યાં એમની મંડળી મળી કે ત્યાં કાંઇક સર્જક વિચાર થાય જ અને કોઇ એકબીજાને પાછા ન પાડતાં ઉત્સાહિત જ કરે. આ વસ્તુ મેં મહાવીર જૈન વિદ્યાલયની મીટીંગોમાં તથા ફ્રેન્ક્ફર્ન્સ ઑફિસમાંના મિલન પ્રસંગે અનેકવાર જોઈ છે.

મોહનભાઇની અગંત પ્રવૃત્તિ મુખ્યપણે સાહિત્યિક હતી. અંગ્રેજી, હિન્દી, ગુજરાતી, પ્રાકૃત, અપભ્રંશ અને સંસ્કૃત આદિ ભાષાઓમાં જ્યાં જ્યાં તેમને જૈન સાહિત્ય, તત્ત્વજ્ઞાન કે આચાર વિશે જાણવાનું મળે તે બધાંમાંથી તેઓ એકલે હાથે સંગ્રહ કરે. વાંચનાર પોતે, ભાષાન્તર કરનાર પોતે, પ્રૂફ જોનાર પોતે. એમ પોતાની બધી કૃતિઓમાં અને બધાં લખાણોમાં જે કાંઈ કરવું પડયું છે તે બધું લગભગ તેમણે પોતાને હાથે જ કર્યું છે. 'ફ્રેન્ક્ફર્ન્સ હેરલ્ડ' અને 'જૈનયુગ,' જે તે વખતે ફ્રેન્ક્ફર્ન્સનાં મુખપત્રો હતાં, તેની ફાઈલો જોશો તો જણાશે કે એમાં મુખ્ય આત્મા એમનો જ રમે છે. તેઓ મને ઘણી વાર વાતવાતમાં કહેતા કે 'લોકો લખાણોને જૂના ચોપડા ઉથેળનાર અને ઉકેલનાર તરીકે ગણી ટીકા કરે છે, તમે હેરલ્ડ અને જૈનયુગમાં આ બધું નકામું શું ભરી રહ્યા છો ?' પણ હવે અત્યારે તો સૌને સમજાય તેવું છે કે મોહનભાઇનું પ્રવૃત્તિક્ષેત્ર અને કામ વિદ્વાનોને કેટલું ઉપયોગી છે અને તેનું મૂલ્ય કેટલું સ્થાયી છે !

પોતાના સાહિત્યિક કામને માટે શ્રી મોહનભાઇને અનેક પ્રાચીન હસ્તલિખિત પ્રતો મેળવવી અને તપાસવી પડતી અને એ માટે ફોર્ટમાં રજાઓ પડે કે તરત જ તેઓ એ કામમાં લાગી જતા; અને જરૂર લાગતાં અમદાવાદ કે પાટણના જ્ઞાનભંડારો જોવા માટે પ્રવાસ પણ ખેડતા. રજાઓનો ઉપયોગ આરામ માટે કરવાનો તો વિચાર જ શાનો આવે ? ત્યારે તો ઊલટું બમણા ઉત્સાહથી બમણું કામ કરે અને એમાં એમને કદી પણ થાક કે કંટાળો આવે જ નહીં અને એ કામમાં કંઇક પણ ઉત્તમ કૃતિ મળી આવે તો જોઇ લ્યો આનંદ. અહીં આવો એક પ્રસંગ મને યાદ આવે છે.

હું અને આચાર્ય જિનવિજયજી અમદાવાદમાં રહેતા હતા ત્યારે એક વાર શ્રી મોહનભાઇ જ્ઞાનભંડારો શોધવા માટે અમદાવાદ આવેલા. એક દિવસ તેઓ ડેલાના ઉપાશ્રયનો ભંડાર જોવા ગયા. બપોરના ગયેલા તે રાતના અગિયાર સુધી પાછા ન આવ્યા. અમે માન્યું કે હવે તેઓ નહીં આવે અને શહેરમાં જ કયાંક સૂઇ રહેશે. અમે તો બધા સૂઈ ગયા. ત્યાં તો લગભગ અડધી રાતે શ્રી મોહનભાઇએ બારણાં ખખડાવ્યાં, અને અમને જગાડયા. અમે જોયું કે આટલા પરિશ્રમ પછી પણ એમનામાં થાક કે કંટાળાનું નામ નહોતું. ઊલટું આજે તો એ એવા ખુશ હતા કે ન પૂછો વાત ! ખિલખિલાટ હસીને એ કહે: "પંડિતજી ! આજે તો તમને પ્રિયમાં પ્રિય એક કૃતિ મળ્યાના સમાચાર આપું તો મને શું જમાડશો ? શું ઇનામ આપશો ? કહો તો ખરા કે આપને અતિપ્રિય એવી કઇ કૃતિ મળી હશે ?" મેં કહ્યું: "મોહનભાઈ ! એના ઇનામમાં તમને તમારા નામનું જ મિષ્ટાન્ન જમાડીશું !" તે દિવસે મોહનથાળ બનાવ્યો હતો. પછી હું આ કૃતિ શું હોઇ શકે એના વિચારમાં પડયો. ચાર–પાંચ મિનિટ વિચાર કરીને પછી મેં પણ સટોડિયાની જેમ તુક્કો લગાવ્યો, અને કહ્યું કે "એ કૃતિ તે મહોપાધ્યાય શ્રી યશોવિજયજીનું જીવન જેમાં થોડું ઘણું પણ સંગ્રહાયેલું છે તે 'સુજસવેલી ભાસ' હોવી જોઇએ." આ કૃતિનો થોડોક ભાગ પાટણમાંથી મળેલો; બાકીનો ભાગ મેળવવા અમે ખૂબ ઉત્સુક હતા, અને મોહનભાઇએ એ જ કૃતિ શોધી કાઢી હતી. અમારા આનંદનો પાર ન રહ્યો.

આવા તો બીજા પ્રસંગો પણ આપી શકાય; પણ અહીં એને માટે એટલો વખત નથી.

હોયમેન, વેબર, યાકોબી આદિ જર્મન વિદ્વાનોએ જૈન પરમ્પરા ને તેના સાહિત્યને લગતો ઇતિહાસ લખવાની પહેલ કરી. ફ્રેંચ અને અંગ્રેજી ભાષામાં પણ જૈન પરમ્પરાને લગતા અધ્યયનનો પ્રારંભ થયો, પણ ભારતીય ભાષાઓમાં આધુનિક દૃષ્ટિએ અને સંશોધક વિદ્વાનોને

ઉપયોગી થાય એ પ્રકારના સાહિત્યિક ઇતિહાસનો અતિ અલ્પ પણ મહત્ત્વનો પાયો શ્રી મોહનભાઇએ નાખ્યો. હવે તો એ દિશામાં માગણી અને જિજ્ઞાસાને અનુરૂપ એવા નવીન પ્રયત્નો શ્વેતામ્બર અને દિગમ્બર બન્ને પરંપરામાં થઈ રહ્યા છે, પણ તેમાંય મોહનભાઇના "જૈન સાહિત્યના ઇતિહાસ" નું સ્થાન છે જ.

એમની મહતી કૃતિ અને, મારી ધારણા સાચી હોય તો, તેમની તબિયત ઉપર જીવલેણ ફટકો મારનાર કૃતિ એ તો 'જૈન ગુર્જર કવિઓ' છે. એમણે તે ભારત જેવું કામ એકલે હાથે કેવી રીતે સમ્પન્ન કર્યું એ નવાઇ જેવું લાગે છે, પણ જેણે જેણે તેમને એ કામ કરતા જોયા છે તેઓ જાણે છે કે એ કામમાં તેમણે કેટલી શક્તિ, કેટલો સમય અને કેટલો અંગત ખર્ચ અર્પિત કર્યો છે. એક રાતે મેં જોયું કે હું તો સૂઇ ગયો છું અને તેઓ બાર વાગ્યા પછી મારી સાથેની ચર્ચા પૂરી કર્યા બાદ જાગતા બેઠા છે. તેમની બીડી અને કલમ બન્ને સમાનગતિએ કામ કરતાં હતાં. બે વાગે તેઓ સુતા. સવારે મને કહ્યું કેઃ મારો રોજિંદો કાર્યક્રમ આ જ છે. દિવસે વચ્ચે વિક્ષેપ આવે, પણ રાતે નિરાકુળતા. એક વાર તેમની સાથે કોર્ટમાં ગયો, ત્યાંય જોયું કે પ્રૂફો સાથે હતાં, અને વખત મળે કે જોતા. મેં દાદર, ઘાટકોપર અને મુલુંદ એ સ્થળોમાં તેમને અનેકવાર કામ કરતા જોયા છે. રાત રહે તો કામ લેતા આવે. મેં પૂછ્યું : આ ભાર શો ? તો કહે પરિશિષ્ટોનું કામ ચાલે છે. ન કરું તો કરે કોણ ? અને રહી જાય.

અહીં સિંઘી જૈન સિરીઝમાં પ્રસિદ્ધ થયેલ એમનું અંગ્રેજી પ્રસ્તાવનાવાળું વિશિષ્ટ સંપાદન 'ભાનુચંદ્ર-સિદ્ધિચંદ્ર' કોઇ પણ સ્કોલરનું ધ્યાન ખેંચ્યા વિના રહે તેમ નથી એ યાદ રાખવું ઘટે.

શ્રી મોહનભાઇની પ્રકૃતિ સારા કામમાં કંઇક ને કંઇક ભાગ લેવો જ એવી હતી. એમ કરવામાં તેઓ પોતાની મુશ્કેલીનો વિચાર ભાગ્યે જ કરે. તેઓની આવક મર્યાદિત અને કૌટુમ્બિક જવાબદારીઓ વધારે હતી, એનો નિર્દેશ મેં પહેલાં કર્યો જ છે. એક વાર એક કામનો વિચાર ચાલતો હતો ત્યારે તેઓ આવીને મને કહે. "પંડિતજી, આમાં હું પાંચસો રૂપિયા આપીશ." હું તો સાંભળી જ રહ્યો. મેં કહ્યું: "મોહનભાઇ, તમારા માટે તો આ બહુ કહેવાય." તો કહે કે "મને આ કામ પસંદ છે. એટલે મારે એમાં ભાગ લેવો જોઇએ." આમ શ્રી મોહનભાઇનું જીવન અર્પણનું જીવન હતું એ જોઇ શકાશે.

ગુજરાત સાહિત્ય પરિષદના અધિવેશન પ્રસંગે તેઓ કાંઇ ને કાંઇ જરૂર લખી મોકલાવે. આચાર્યશ્રી જિનવિજયજીએ જૈન સાહિત્ય સંશોધન શરૂ કર્યું તો મોહનભાઇનો એમાં સક્રિય સાથ. શ્રી વાડીલાલ મોતીલાલ તેમના પ્રાથમિક મિત્ર, પણ તેમનો વિશેષ અને સ્થાયી પરિચય તો ઐતિહાસિક અને તટસ્થ દૃષ્ટિવાળા શ્રી નાથુરામ પ્રેમીજી તથા આચાર્યશ્રી જિનવિજયજી સાથે. મહાવીર જૈન વિદ્યાલયના તેઓ પ્રથમથી જ એક કાર્યકર્તા, પણ તેમનું મુખ્ય પ્રવૃત્તિક્ષેત્ર પ્રાચીન સાહિત્યનો વર્તમાન યુગની દૃષ્ટિએ ઉદ્ધાર અને પરિચય કરાવવો તે. ફોન્ફરન્સના એક જાગરૂક કાર્યકર્તા તરીકેનું તેમની સાથે સંકળાયેલું મારું સ્મરણ એ જેમ મારા માટે મધુર છે તેમ એ વિશે બીજાઓએ જાણવું એ તેથી ય વધારે રોચક અને ઉપયોગી પણ છે. તેથી એનો ઉલ્લેખ જરા વિગતે કરું છું. આની પાછળ દૃષ્ટિ એ છે કે ફોન્ફરન્સના અત્યારના નવીન કાર્યકર્તાઓ અને હવે પછી આવનાર પેઢીના કાર્યકર્તાઓ ફોન્ફરન્સની પ્રવૃત્તિના એક અને મારી દૃષ્ટિએ મહત્ત્વના અંગથી પરિચિત રહે અને તે દિશામાં પ્રાપ્ત થતાં કર્તવ્યોને બરાબર સમજે. વળી ફોન્ફરન્સની એ પ્રવૃત્તિનું બીજ ગમે ત્યારે વવાયું પણ અત્યારે એના જે પરિણામો આવ્યાં છે અને ઉત્તરોત્તર વિકસતાં દેખાય છે તેને બધા સમજદાર સમજી લે. બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં જૈન ચેર સ્થાપવાના વિચારનું બીજ તો ૧૯૧૯ ની કલકત્તા કોંગ્રેસની બેઠક વખતે રોપાયલું, પણ ફણગો ફૂટવાનો સમય ૧૯૩૦ પછી આવ્યો. શ્રી મોહનભાઇએ અમદાવાદમાં એક વાર મને પૂછ્યું કે તમે આ બાબત તટસ્થ કેમ છો ? મેં કહ્યું: ફોન્ફરન્સના મંત્રીઓ અને કાર્યકર્તાઓ બહુ ભલા છે. પં. માલવીયજી જેવાના પ્રભાવમાં તણાઇ અમુક વચન આપી દે છે, પણ કાશીની સ્થિતિ તેઓ નથી જાણતા. મોહનભાઇના આગ્રહથી મેં કહ્યું કે ભલે પૈસા મોકલાવી દો, પણ આ શરતો સાથે સૂચવો. એમણે એ શરતો નોંધી અને મુંબઇ જઇ બનારસ સાથે પત્રવ્યવહાર કર્યો. શરતો લગભગ સ્વીકારાઇ. હવે જૈન અધ્યાપક નિયત કરવાનો પ્રશ્ન હતો. એક ભાઇને ત્યાં મોકલ્યા, પણ ચેરનું તંત્ર ડામાડોળ થઈ ગયું. હું પોતે ગૂજરાત વિદ્યાપીઠ છોડી અથવા કહો કે ગુજરાત છોડી બહાર જવા પ્રથમથી જ તૈયાર ન હતો, પણ કટોકટી આવતાં ૧૯૩૩ ના જુલાઇમાં હું કાશી ગયો. કાશી જવા માટે હું તૈયાર થયો તેની પાછળ બળ હતું ફોન્ફરન્સનું અને ફોન્ફરન્સ એટલે મારી દૃષ્ટિએ તે વખતે સજીવ કાર્યકર્તા બે મોહનભાઇ: એક દેસાઇ અને બીજા ઝવેરી. એમણે મારા માટે બધી વધારાની સગવડ કરી આપવાનું આપમેળે બીડું ઝડપ્યું. કાશીનું તંત્ર તો તરત ગોઠવાયું, પણ તેના દૂરગામી સુપરિણામો જે આવ્યાં છે તેનું યથાવત્ મૂલ્યાંકન કરનાર અહીં કોણ છે તે હું નથી જાણતો.

આની લાંબી કથાનો અત્યારે સમય નથી, પણ સંક્ષેપમાં નોંધ લેવી અસ્થાને નથી. છેલ્લા ૨૩ વર્ષમાં કાશીમાં જે અધ્યયન-અધ્યાપન, લેખન, સંશોધન અને પ્રકાશનની પ્રવૃત્તિ થઇ છે તે જૈન ચેરને આભારી છે. એને લીધે ભણનાર તો કેટલાક આવ્યા અને ગયા પણ તેમાંથી કેટલાકની યોગ્યતા અને પદવી ગણનાપાત્ર છે. કેટલાક જૈન દર્શનના આચાર્ય થયા તો કેટલાક સાથે સાથે એમ.એ. અને પી.એચ.ડી. પણ. એમાંથી પાંચેક તો પ્રોફેસરના ઉચ્ચ પદ ઉપર પ્રતિષ્ઠિત છે. કાશી જૈન-ચેરની ભાવનાએ કેટલાક અસામ્પ્રદાયિક માનસ ધરાવનાર પણ જૈન તત્ત્વજ્ઞાન અને સાહિત્યનો ઉત્કર્ષ ઇચ્છનાર પંજાબી ભાઇઓને પ્રેર્યા અને ૧૯૩૭ થી શ્રી પાર્શ્વનાથ વિદ્યાશ્રમની સ્થાપના થઈ. આગળ જતાં જૈન કલ્ચરલ રિસર્ચ સોસાયટી સ્થપાઇ. આમ જૈન-ચેર અધ્યાપનનું કામ પુરું પાડે, પાર્શ્વનાથ વિદ્યાશ્રમ વિદ્યાર્થીઓને રહેવા-ખાવા-પીવા આદિની સગવડ પૂરી પાડે, વિશિષ્ટ પુસ્તકાલયની સગવડ આપે અને કલ્ચરલ રિસર્ચ સોસાયટી સુનિષ્ણાત વિદ્વાનોના ચિન્તન લેખનને મૂર્ત રૂપ આપે. આ રીતે આ ત્રણેય અંગો એવી રીતે સંકલિત થયાં છે કે તે એક બીજાનાં પૂરક અને પોષક બની માત્ર જૈનપરંપરાની જ નહિ, પણ ભારતીય-અભારતીય વિદ્વાનોની નવયુગીન અપેક્ષાને અમુક અંશે સંતોષી રહ્યાં છે.

હું અત્યારે ત્યાંની જે સંસ્કૃત, હિન્દી અને અંગ્રેજીમાં પુસ્તકો અને પત્રિકાઓ પ્રસિદ્ધ થયાં છે અને જે ઉચ્ચ કક્ષાના વિદ્વાવર્તુલમાં આદરપૂર્વક વંચાઇ રહ્યાં છે તેની યાદી આપવા નથી બેઠો. આટલુંય સ્મરણ આપવાનો મારો ઉદ્દેશ એટલો જ છે કે શ્રી. મોહનલાલ દેસાઇની અને ઝવેરીની અનિવાર્ય પ્રેરણા ન હોત અને ફોન્ફરન્સે મારી અસામ્પ્રદાયિક વિદ્યાવૃત્તિનો ઉપયોગ કરવાની ઉદારતા પૂરી રીતે દાખવી ન હોત તેમજ ચેરને અંગેની જરૂરિયાતોની માગણીને સર્વાનુમતિએ વધાવી લીધી ન હોત તો હું કાશીમાં ગયો જ ન હોત, ગયો હોત તો સ્થિર થયો ન હોત અને ક્રમે ક્રમે ત્યાં જે વિકાસ થયો છે તેની શક્યતા પણ ભાગ્યે જ આવી હોત.

આ ટૂંકું પણ આવશ્યક સ્મરણ એ સૂચવે છે કે ફોન્ફરન્સ સાથે અને તે દ્વારા શ્રી મોહનભાઇ સાથે મારો શો અને કેવો સંબંધ રહ્યો છે. જો આટલું પણ સ્પષ્ટ થયું હોય તો હવે એ કહેવાની જરૂર નથી રહેતી કે ફોન્ફરન્સ દ્વારા તૈયાર કરાવેલ સદ્ગત મોહનભાઇના તૈલચિત્રને ખૂલ્લું મૂકવાના ઔપચારિક વિધિમાં મારું શું સ્થાન છે.

તૈલચિત્રના અનાવરણ પ્રસંગે તૈલચિત્રમાં સમાયેલ ગર્ભિત અર્થ જણાવવો અને એ દ્વારા ફોન્ફરન્સની પ્રવૃત્તિનું દિશાસુચન કરવું એને હું મારી આવશ્યક ફરજ સમજું છું. એ ફરજમાંથી ચૂકું તો મારો અહીં આવવાનો ખાસ અર્થ મારી દૃષ્ટિએ રહે જ નહિ.

તૈલચિત્ર એ તો પ્રતીક છે. એ પ્રતીક વિદ્યોપાસના, સાહિત્યસેવા અને નિષ્ઠાનું છે. પ્રતીકની કોઈ સ્વતંત્ર અને નિરપેક્ષ પ્રતિષ્ઠા હોતી જ નથી. તેથી પ્રતીક દ્વારા આપણે મૂળ વસ્તુને સમજવા અને તે દિશામાં ઘટતું કરવા પ્રવૃત્ત થઈએ તો જ સમારંભ એ માત્ર સમારંભ ન રહેતાં એક કાર્યસાધક પગલું બની રહે.

સામાજિક સુધારણા અને બીજા ફેરફારો કરાવવાની બાબતમાં કોન્ફરન્સે કરવા જેવું હોય તો મુખ્યપણે અત્યારે એ છે કે વહેમી અને ખર્ચાળ પ્રથાઓના ભારથી કચરાતા મધ્યમ વર્ગને એ બળમાંથી મુક્તિ અપાવે એવું વાતાવરણ તૈયાર કરવું. એ સિવાયના બીજા સુધારા ને ફેરફારની બાબતમાં આજની સામાજિકતા જે રીતે ઘડાઈ રહી છે અને દેશ-વિદેશનાં બળો એને ઘડવામાં જે રીતે કામ કરી રહ્યાં છે તે જોતાં એ નિશ્ચિત છે કે જૈનસમાજ પોતાનું સામાજિક જીવન આપમેળે જ એ પરિવર્તન અને સુધારણાને અનુકૂળ કરી લેવાનો. એમ કર્યા વિના એની બીજી કોઈ ગતિ જ નથી. પરંતુ શિક્ષણ અને સાહિત્યનો એક એવો આગવો પ્રદેશ છે કે જે બાબતમાં કોન્ફરન્સે ઘણું કરવા જેવું છે. હું ધાર્મિક અને તત્વજ્ઞાનના ચાલુ શિક્ષણની કે તેવું શિક્ષણ આપે તેવા શિક્ષકો તૈયાર કરવાની વાત નથી કહેતો. એ કામ ઉપાશ્રયો અને મહેસાણા જેવી પાઠશાળાઓ મારફત ચાલી રહ્યું છે અને એમાં અનેક મુનિઓ તેમજ ગૃહસ્થોનો સહયોગ પણ છે. હું જે શિક્ષણની વાત કહેવા ધારું છું તે ઉચ્ચ ભૂમિકાના સર્વગ્રાહી શિક્ષણની વાત છે. આજે શિક્ષણ વ્યાપક બનતું જાય છે. એનું ઊંડાણ પણ ઉચ્ચ ભૂમિકાએ વધતું જાય છે. મહાવિદ્યાલયો અને વિશ્વવિદ્યાલયોની સંખ્યા વધતી જાય છે. ઉચ્ચ અને ઉચ્ચતર અધ્યયનની માગણી વધતી જાય છે, અને એ માગણીને સંતોષે એવા વિદ્યાર્થીઓની સંખ્યા પણ ઠીક ઠીક વધતી જાય છે. તેથી આ સમય આપણા માટે બહુ અનુકૂળ છે. જો કોન્ફરન્સ ધર્મ અને તત્વજ્ઞાનના ઉચ્ચ ભૂમિકાસ્પર્શી શિક્ષણની દૃષ્ટિએ કાંઈક કરે તો એમાં એને જશ મળે તેમ છે.

આ કામના મુખ્ય બે ભાગ છે: (૧) તૈયાર મળે એવા સુનિષ્ણાત કે નિષ્ણાત વિદ્વાનોદ્વારા વિષયવાર સાહિત્ય તૈયાર કરાવવું અને સાથેસાથે મહાવિદ્યાલયો કે વિશ્વવિદ્યાલયોમાં-પૂરી યોગ્યતાથી કામ કરી શકે એવા થોડા પણ નિષ્ણાતો તૈયાર કરવા-કરાવવામાં શક્તિ ખરચવી. (૨) અનેક વિષયનું પ્રાચીન સાહિત્ય આપણે ત્યાં છે. તેમાંથી પસંદગી કરી વિશિષ્ટ વિદ્વાનો મારફત તેનું આધુનિક દૃષ્ટિએ સંપાદન-પ્રકાશન કરવું એ કોન્ફરન્સની પ્રવૃત્તિનું એક અંગ હોવું જોઈએ. પુસ્તકો અનેક પ્રસિદ્ધ થાય છે, પણ જ્ઞાનની નવી પેઢીને સંતોષે એવાં બહુ વિરલ પ્રસિદ્ધ થાય છે. પ્રાચીન જૈન સાહિત્યનું વિશ્વસાહિત્યમાં યોગ્ય મૂલ્યાંકન થાય તે માટે નવી દૃષ્ટિએ યોગ્ય હાથે તેના સંપાદનને બહુ અવકાશ છે, અને કોન્ફરન્સને એમાં જશ મળે તેમ પણ છે.

એક બાબત ધ્યાનમાં રહે કે દેશ-વિદેશના કોઈ પણ ઉચ્ચ કે ઉચ્ચતર વિદ્વાનોનો ધર્મ અને નાતજાતના ભેદભાવ વિના આપણે ભલે ઉપયોગ કરીએ પણ એ પાછળ દૃષ્ટિ એ રહેવી જોઈએ કે જૈન સમાજ પોતામાંથી જ એવા સુનિષ્ણાતોને તૈયાર કરે અને તૈયાર હોય તેને યથાસ્થાન ગોઠવી પૂરતું કામ આપે, જેથી શિક્ષણ અને સાહિત્યની બાબતમાં બધાં જ સાર્વજનિક ક્ષેત્રે સમાજ પરાવલંબી યા શરણાગત જેવો ન રહે.

અત્યારે તો આવું કામ કરવા માટે પુષ્કળ સામગ્રી ઉપલબ્ધ છે. જૂની વસ્તુઓનાં સર્વત્ર નવેસરથી મૂલ્યાંકનો થવા લાગ્યાં છે. એક અમેરીકન પ્રોફેસર પ્રાચીન ગુજરાતી ભાષાના શાલિભદ્રરાસનું સંપાદન કરવા પ્રેરાય તે શું સૂચવે છે? હું તો જોઉં છું કે આજે હેમચંદ્ર ફરી જીવતા થાય છે. આજે સારા સાહિત્યની અને સારા વિદ્વાનોની ખોટની ઘણી વાતો થાય છે. પણ આજે હવે આ ખોટ એટલી મોટી નથી. જો જોવા ઈચ્છો તો સારું જૈન સાહિત્ય અને જૈન સાહિત્યના ઉચ્ચ કોટીના વિદ્વાનો પણ આપણે ત્યાં છે જ-પછી ભલે એ પ્રમાણમાં કદાચ ઓછા હોય. પણ આ રીતે જોવા-જાણવાની કોને પડી છે?

સદ્‌ગત શ્રી. મોતીચંદભાઈના સ્મારકનું ફંડ થયેલું છે, એનો ઉપયોગ પ્રાચીન સાહિત્યના નવા ગ્રંથોના સંશોધન-સંપાદન પાછળ થવો હજુ બાકી છે. ફંડ એકઠું કરવું એક વાત છે, એનો ઉપયોગ કરવો એ બીજી વાત છે. એ માટે તો દૃષ્ટિ અને ઉદારતા બન્ને જોઈએ.

ભારતના નાક સમા મુંબઈનો જ વિચાર કરો કે, અહીં જૈન સાહિત્યના કેન્દ્ર જેવું કંઈ આપણે ઊભું કર્યું છે? કોઈને જૈન તત્વજ્ઞાન, સાહિત્ય કે કળાના વિષયમાં મુંબઈમાં જાણવું હોય તો એ વિષયનો નિષ્ણાત-એકસપર્ટ કહી શકાય એવો એક પણ વિદ્વાન અહીં છે ખરો?

વળી આજે માનવતા, રાષ્ટ્રીયતા અને કેળવણીનો વિકાસ જે રીતે થઈ રહ્યો છે તેનો પણ આપણે વિચાર કરવો જોઈએ. આમાં વિકાસ બે માર્ગે થઈ શકે: એક તો સમાજને ઉચ્ચ સંસ્કારો આપવા, અને બીજો અનૈતિકતાનો ત્યાગ કરવો. અનૈતિક ધન લાઈને પુસ્તક, મંદિર કે મૂર્તિ કરવાં એ ભારતીય સંસ્કૃતિને શોભે નહીં; જૈનોને તો એ મુદ્‌લ શોભે નહીં.

અનેકાંતનો વિકાસ કરવાની અને એના મર્મને જીવનમાં ઉતારીને સમભાવ, સહિષ્ણુતા અને ઉદારતા કેળવવાની જરૂર છે.

સમાજમાં આવા સંસ્કારોનું સિંચન કરવામાં, ધર્મ અને તત્વજ્ઞાનના ઉચ્ચ શિક્ષણનો પ્રચાર કરવામાં અને ઉચ્ચ કોટીનું સાહિત્ય પ્રગટ કરવામાં કોન્ફરન્સ ઘણું ઘણું કરી શકે એમ છે. સદ્‌ગત શ્રી મોહનલાલ દેસાઈએ આ બાબતમાં કોન્ફરન્સ દ્વારા પહેલ કરી છે, અને આપણે માટે કર્તવ્યની દિશા સૂચવી છે. હવે એ દિશાને વિકસાવવા અને સમૃદ્ધ કરવામાં જ એમનું ખરું સ્મરણ રહેલું છે એમ સૌ કોઈ સ્વીકારશે.

આટલા પ્રાસંગિક નિવેદનને અંતે સદ્‌ગત શ્રી મોહનભાઈની નિષ્ઠા અને સાહિત્યસેવાને અંજલિ આપી, મને શાંતિપૂર્વક સાંભળવા બદલ આપ સૌનો આભાર માની હું મારું વકતવ્ય પૂરું કરું છું

પંડિત સુખલાલજી

આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળા

આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળા સપ્ટેમ્બર માસની પહેલી તારીખે શરૂ થશે અને નવમી તારીખે પુરી થશે. શરૂઆતના સાત દિવસની વ્યાખ્યાનસભાઓ ફ્રેંચ બ્રીજ ઉપર આવેલા ઓલેવાટ્સકી લોજમાં ભરાશે; આઠમી તારીખની સભા રોકસી થીએટરમાં અને નવમી તારીખની સભા ભારતીય વિદ્યાભવનમાં ભરાશે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

સ્વ. ધર્માનંદ કોસમ્બી રચિત નાટક

બોધિસત્ત્વ

કાકાસાહેબ કાલેલકર તથા સ્વ. ધર્માનંદ કોસમ્બીની પ્રસ્તાવનાઓ સાથે

પ્રકાશક :

મુંબઈ જૈન યુવક સંઘ, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૩

કીંમત રૂા. ૧-૮-૦, પોસ્ટેજ ૦-૨-૦

મુંબઈ જૈન યુવક સંઘના સભ્યો તથા પ્રબુદ્ધ જીવનના ગ્રાહકો માટે કિંમત રૂા. ૧-૪-૦

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મરજીદ બંદર રોડ, મુંબઈ ૯. ટે. નં. ૩૪૬૨૯

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

પ્ર. જૈનવર્ષ ૧૪–પ્ર.જીવનવર્ષ ૪
અંક ૮

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ઓગષ્ટ ૧૫, ૧૯૫૬, બુધવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : ત્રણ આના

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

સર્વોદયની દૃષ્ટિએ સરકારી અને બીનસરકારી હિંસાનો ઈલાજ

ગાંધીજીના જમાનામાં સાર્વજનિક ક્ષેત્રમાં તેમજ કૌટુંબિક તથા વૈયક્તિક ક્ષેત્રમાં ક્યાં સુધી (કઇ મર્યાદા સુધી) અહિંસાનું આચરણ થઈ શકે, એ પ્રશ્ન વારંવાર ઉપસ્થિત થતો હતો અને ગાંધીજીના અનુયાયીઓ પોત–પોતાની માન્યતા (મતિ–બુદ્ધિ) પ્રમાણે તેનો ઉત્તર પણ જુદા જુદા પ્રકારે આપતા હતા. 'આપણી અહિંસા તો રાજનૈતિક વ્યવહાર પુરતી જ મર્યાદિત છે, અંગ્રેજ સરકારનો મુકાબલો કરવામાં આપણે હથિયાર અને હિંસાથી કામ નહિ લઇએ એટલી જ આપણી અહિંસાની મર્યાદા છે, પરંતુ જો કદી આપણા ઘરમાં ચોર ઘૂસી આવે અથવા કોઈ આપણા પર હુમલો કરે તો તેનો સામનો (પ્રતિકાર) આપણે હિંસાથી જરૂર કરી શકીએ છીએ; અને તેથી જ અહિંસાની નિતિ આપણા પોતાના તથા કૌટુંબિક વ્યવહારને લાગુ પડતી નથી'–એવું કેટલાક લોકોએ પ્રતિપાદન કર્યું હતું. તે જમાનામાં સવિનય કાનૂન–ભંગની દૃષ્ટિએ પરિસ્થિતિનું અવલોકન કરવા માટે જે એક સમિતિ રચાઇ હતી તે સમિતિએ પણ પોતાના અહેવાલમાં ઉપર પ્રમાણે જ માન્યતા દર્શાવી હતી.

કહેવાનું તાત્પર્ય એ છે કે કોંગ્રેસે અને આપણા નેતાઓએ અહિંસા–નીતિનો સ્વીકાર મર્યાદિત ક્ષેત્ર માટે તેમજ મર્યાદિત સમય પૂરતો જ કર્યો હતો. સ્વરાજ્યપ્રાપ્તિ પછી આપણે લશ્કર તથા હથિયારોનો ઉપયોગ નહિ કરીએ એવો કોઈ વિચાર કોંગ્રેસ યા કોંગ્રેસી નેતાઓના મનમાં હતો જ નહિ; અને તેથી જ કોંગ્રેસની મૂળભૂત નીતિમાં "શાંતિમય અને ઉચિત ઉપાય" ને બદલે "સત્યમય અને અહિંસાત્મક ઉપાય"–એ શબ્દો આમેજ કરવાનો કોંગ્રેસે ઇન્કાર કરતાં કોંગ્રેસમાંથી ગાંધીજી પ્રેમપૂર્વક છૂટા થયા હતા.

સાધન–શુધ્ધિનો દાવો

વર્તમાન કોંગ્રેસી સરકારોને ઠેક–ઠેકાણે જનતાનાં ટોળાં વિખેરવા માટે હથિયાર અને ગોળીબારનો આશ્રય લેવો પડે છે. આ નીતિમાં તેમની કોઈ અસંગતિ તો નથી જ. ગાંધીજીના જમાનામાં કોંગ્રેસની જે નીતિ હતી તે જ નીતિ વર્તમાન કોંગ્રેસી સરકારોની છે. અહિંસા–નીતિને તેમણે એક મર્યાદા પૂરતી અપનાવી હતી તે પ્રમાણે આજે પણ તેઓ એ મર્યાદા પૂરતી જ અપનાવે છે; પરંતુ કોંગ્રેસ–પક્ષ તરફથી હાલમાં વારંવાર એમ દાવો કરવામાં આવે છે કે કોંગ્રેસ–સંસ્થાની શ્રદ્ધા અને વિશ્વાસ સાધન–શુદ્ધિમાં છે, જ્યારે બીજો કોઇ પણ પક્ષ એવી શ્રદ્ધા કે વિશ્વાસ ધરાવતો નથી. છતાં એ કહેવું તો જરૂર પ્રાપ્ત થાય છે કે જ્યારે જ્યારે સરકારને શસ્ત્રોનો આશ્રય લેવાનું અનિવાર્ય બની રહે છે ત્યારે, જે પક્ષ સત્તાસ્થાને હોય, તે પક્ષ પેલા અનિવાર્ય શસ્ત્ર–પ્રયોગ અને શસ્ત્રોના આશ્રયનું સમર્થન કરે જ છે. તેનો અર્થ એ થયો કે સત્તાસ્થાને બેઠેલા પક્ષ તરીકે તે પક્ષ, શાંતિ અને વ્યવસ્થા જાળવવા માટે હથિયારનો–હિંસાનો–આશ્રય લે તો તે પક્ષનો તેવો શસ્ત્રપ્રયોગ માત્ર ક્ષમ્ય જ નહિ પરંતુ આવશ્યક પણ માનવામાં આવે છે.

શાસન–પક્ષ દ્વારા કરવા પડતા શસ્ત્ર–પ્રયોગની આવશ્યકતાને આપદ્ધર્મ તરીકે આપણા દેશના લગભગ બધા રાજદ્વારી પક્ષો ઘટાવે છે અને સ્વીકારે છે. સાથે સાથે તે પક્ષોનું માત્ર એટલું જ કહેવું છે કે આવા શસ્ત્રપ્રયોગ અને શસ્ત્રઆશ્રયની અમુક સ્પષ્ટ અને નક્કી કરેલી મર્યાદા આંકેલી હોવી જોઇએ. કોઇપણ સરકારે હથિયારોનો આશ્રય ન જ લેવો, એવું આજ સુધી કોઇપણ રાજકીય પક્ષે કહ્યું નથી. બધા રાજદ્વારી પક્ષો માને છે કે રાજ્યની કાર્યક્ષમતા અને શાંતિ તથા વ્યવસ્થા જાળવવા માટે દંડ–શક્તિ, શિક્ષા અને શસ્ત્રોનો આશ્રય લેવો આવશ્યક છે.

દૃઢ સંકલ્પ અને સંઘટિત પુરૂષાર્થની આવશ્યકતા

તો હવે પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે જે સાધન–શુદ્ધિનો દાવો કોંગ્રેસ–પક્ષ તથા બીજા અમુક પક્ષો કરે છે તેનો અર્થ શું છે ? હું સમજી શક્યો છું તે પ્રમાણે આ સાધન–શુદ્ધિનો અર્થ આ પ્રમાણે છે કે કોઇપણ રાજદ્વારી પક્ષ, જનતાની ન્યાયયુક્ત માંગણીઓ પરિપૂર્ણ કરવા માટે યા ફરિયાદો દૂર કરાવવા માટે, હિંસાનો આશ્રય લેશે નહિ. વિશેષ સ્પષ્ટતાથી કહીએ તો કોઇપણ પ્રકારની બીન–સરકારી હિંસા અક્ષમ્ય અને અનાવશ્યક માનવામાં આવશે અને સરકારી હિંસા અનિવાર્ય અને તેથી ક્ષમ્ય માનવામાં આવશે એવો સાધન–શુદ્ધિનો ફલિતાર્થ છે. લોકશાહીમાં સાચેસાચી નાગરિક–સ્વતંત્રતાનો આધાર શાંતિમય ઉપાયોના પ્રયોગો માટેનો આગ્રહ જ હોઇ શકે છે. બધા નાગરિકોને પોતાના મૂળભૂત અધિકારોનો કોઇપણ પ્રકારના બંધન રહિત ઉપયોગ કરવાનો અધિકાર હોવો જોઇએ એવી અગર જો આપણી મનોકામના હોય તો એ પણ આવશ્યક બની રહે છે કે આપણે નાગરિક યા નાગરિકોના સમૂહ, આપસ–આપસમાં હિંસા ન આચરીએ તેમજ સરકાર યા રાજ્ય–સંસ્થાનો પ્રતિકાર હિંસક ઉપાયોથી ન કરીએ. આવો દૃઢ સંકલ્પ જ્યાં સુધી આપણા નાગરિક–જીવનનો એક સ્થાયી ભાવ નહિ થાય, ત્યાં સુધી અવારનવાર અસંગઠિત હિંસા અને અરાજકતાનું પ્રદર્શન થયા કરશે અને તેવી હિંસા તથા અરાજકતાનું નિવારણ લોકનેતાઓ કરી શકશે નહિ; અને સરકાર માટે શસ્ત્ર–પ્રયોગ અને શસ્ત્ર–આશ્રય અનિવાર્ય થઇ પડશે.

ઘડિભર નિરપવાદ અહિંસાના સિધ્ધાંતનો વિચાર આપણે બાજુ પર રાખીએ તો પણ એ તો માનવું જ પડશે કે નિરાપદ નાગરિક–સ્વાતંત્ર્યના ઉપભોગ માટે સમાજ અને રાષ્ટ્રમાં શાંતિ અને સ્વસ્થતાની ઉપસ્થિતિ આવશ્યક છે; અને જનતાના પ્રતિનિધિ હોવાનો દાવો કરવાવાળા બધા પક્ષો એવો જ્યારે સંકલ્પ કરે કે કોઇપણ અન્યાયના પ્રતિકાર માટે અગર કોઇપણ માંગણીની પૂર્તિ પ્રાપ્ત કરવા માટે તે પક્ષો કોઇપણ સંજોગમાં કોઇપણ સમયે હિંસક નીતિ–રીતિ અને ઉપાયોનો આશ્રય નહિ લે ત્યારે જ રાષ્ટ્રમાં અને સમાજમાં આપણે શાંતિ અને સ્વસ્થતા સિધ્ધ કરી શકીશું. આવો પુણ્યસંકલ્પ રાષ્ટ્રના બધા રાજકીય પક્ષો કરે તે આજની પરિસ્થિતિ માટે પરમ આવશ્યક છે. રાજકીય પક્ષોમાં ભલે ગમે તે મતભેદ હોય, પરંતુ કેટલીક બુનિયાદી બાબતો અંગે તે સઘળા પક્ષોમાં એક મૂળભૂત એકતા હોય છે, અને આ મૂળભૂત એકતાને અવલંબીને લોકશાહીમાં પક્ષ–ભેદની હસ્તિ રહે

છે; અગર આ મૂળભૂત એકતા ન હોય, ન રહે તો કોઈપણ પક્ષ કાર્ય કરી શકે જ નહિ. આથી રાષ્ટ્રના સઘળા પક્ષોને હું આગ્રહપૂર્વક અનુરોધ કરું છું કે તેઓ બધા એકત્ર થઇને એવી પ્રતિજ્ઞા કરે–સંકલ્પ કરે કે કોઇપણ આંદોલનમાં યા પક્ષ–પ્રેરિત આંદોલનમાં તેઓ કદીપણ હિંસક ઉપાયોનો આશ્રય નહિ લે અને નિઃશસ્ત્ર અહિંસક પ્રતિકારનું આંદોલન તેમના કાબુથી બહાર ન જાય–ન જઈ શકે–તે બાબતની હરહંમેશ પૂર્ણ સાવધાની રાખશે. વર્તમાન વાતાવરણમાં અરાજકતા અને ઉદ્દંડતાનું જે તોફાની અને નુકશાનકારક આવરણ છવાયું છે–છવાઇ રહ્યું છે તેનો પ્રતિકાર કરવા, તેનો છેદ કરવા બધા પક્ષોના સંચાલિત સંગઠિત પુરૂષાર્થની આજે પરમ આવશ્યકતા છે.

સરકારી જવાબદારી

ઉપર જણાવેલો ઉકેલ તો જન–હિતનાં કર્યો કરતા રાજદ્વારી પક્ષો માટે છે. તેના અનુસંધાનમાં શું અધિકારીઓ અને સત્તારથાને બેઠેલા પક્ષો માટે પણ આ દૃષ્ટિએ કોઈ સૂચન હોઈ શકે કે નહિ? આ વિચાર પણ અહીં પ્રસ્તુત છે.

ગાંધીજીની શિખામણ એ આપણો ધ્રુવતારો છે એ પ્રમાણે આપણા રાષ્ટ્રની કેન્દ્રસ્થ તથા પ્રાદેશિક રાજ્યોની સરકારોએ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રોમાં સતત દાવો કર્યો છે. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં ઉપસ્થિત થયેલા ગોવા અંગેની બાબત માટે તો આપણી કેન્દ્ર સરકારે, રાષ્ટ્રના તીવ્ર અને ઉગ્ર રોષ અને જનમત સહી લઈને પણ હિંસાનો આશ્રય લેવાનું કે હિંસાનો ઉપયોગ કરવાનો ઈન્કાર કર્યો છે. તેમ કરવામાં કેન્દ્ર સરકારે જરૂર વિલક્ષણ નીતિ–ધૈર્ય દર્શાવ્યાં છે. પરંતુ બીજી બાજુએ કેન્દ્ર સરકાર તથા પ્રાદેશિક સરકારોને આજકાલ કોઇ ને કોઇ સ્થળે ડંડાનો યા ગોળીબારનો આશ્રય લેવો જ પડે છે. તેને બદલે કોઇ અનિવાર્ય અને તેથી આવશ્યક છે એમ માની લે. તે ચર્ચા હું અહીં કરવા નથી ધારતો; પરંતુ એ પ્રશ્ન તો રહે જ છે કે રાષ્ટ્રમાં અહિંસાનું વાતાવરણ પ્રસ્થાપિત કરવાની શું સરકાર યા શાસન–પક્ષ પર કંઇ પણ જવાબદારી નથી? જો તેવી જવાબદારી હોય તો આ દિશામાં તે શું કરે? તેણે શું કરવું જોઇએ?

પહેલાં કહી ગયો તેમ નાગરિક પક્ષોને માટે તો મેં એક ઉકેલ જણાવ્યો છે. સરકાર અને સત્તારથાને બેઠેલા પક્ષ માટે મારું સૂચન આ પ્રમાણે છે કે: સરકારી અને સત્તારથાને બેઠેલો પક્ષ બની શકે ત્યાંસુધી, રાષ્ટ્રની આંતરિક સમસ્યાઓ હલ કરવામાં લશ્કર અથવા હથિયાર–હિંસાનો પ્રયોગ યા ઉપયોગ નહિ કરે–એવો સંકલ્પ સરકાર અને સરકારી પક્ષ પોતાના મનમાં કરી લે. આ સંકલ્પ પ્રામાણિક હોવો જોઇએ અને તેની પાછળ અવ્યભિચારી નિષ્ઠા હોવી જોઇએ. પરંતુ આવો સંકલ્પ કર્યા પછી જો કદી સરકારને હિંસાનો આશ્રય લેવાના અને હિંસાનો ઉપયોગ કરવાના કોઈ પ્રસંગો ઉપસ્થિત થાય અને તેવા પ્રસંગોએ સરકાર હિંસા કરે તો તે હિંસા–પ્રયોગ માટે એક અનિવાર્ય શરત એ હોવી જોઇએ કે હિંસા–પ્રયોગ પછી તરત જ તેની નિષ્પક્ષ અને ન્યાયયુક્ત તપાસ થવી ઘટે અને આવી તપાસ, જનતા અથવા કોઈ પક્ષ માગણી કરે યા ન કરે તો પણ, થવી ઘટે. સરકારના હિંસાપ્રયોગ–હિંસાઆશ્રય–માટે ઉપર જણાવેલી તપાસ તેની એક અંગભૂત બાબત મનાવી જોઇએ. આ પ્રકારે આંતરિક રાજ્ય–વ્યવહારમાં પણ રાજ્યકર્તાઓ અહિંસાની દિશામાં આગેકૂચ કરી શકે છે અને તેમ થતાં જનતાનો વિશેષ આદર અને પ્રેમ પ્રાપ્ત કરી શકે છે. અલબત્ત આમાં અમુક અપવાદની જરૂર છે. એક તરફ જનતાનો સમૂહ અને બીજી તરફ સરકારના પોલીસ દળ તથા સૈન્યના અધિકારી વચ્ચેની હિંસાની ઘટના યા પ્રસંગ હોય તો ઉપર્યુક્ત તપાસ સ્વાભાવિક અને અનિવાર્ય ગણવી જોઇએ. પરંતુ જો નાગરિકોનો એક સમૂહ યા એક કોમ, બીજા સમૂહ યા બીજી કોમ સામે દ્વેષારોપણ–પ્રત્યારોપણ કરે ત્યાં ઉપર્યુક્ત તપાસથી નિષ્પન્ન થનાર ન્યાયવિચારને બદલે નાગરિકોમાં આપસઆપસમાં કડવાશ અને ધિક્કાર વધશે. આવા પ્રસંગ અપવાદરૂપ ગણવા જોઇએ.

સરકાર અને જનતા – બન્નેનું હિત

ઉપર જણાવેલ સૂચનોમાં અલબત્ત થોડું જોખમ તો રહેલું છે જ. પણ વગર જોખમે કોઇની કોઇપણ પ્રકારે પ્રગતિ થતી નથી. મારું કહેવું માત્ર એટલું જ છે કે આમાં સરકાર અને જનતા બન્ને પક્ષે બન્ને માટે સરખું જોખમ છે. પરિસ્થિતિ કાબૂથી બહાર થઈ જશે એ ભય અને શંકાની ગણતરીએ રાજદ્વારી પક્ષો પ્રતિકાર કરવાની પણ કદાચ હિંમત ન કરે એવી શકયતાનું જોખમ રાજદ્વારી પક્ષો માટે આમાં છે. આવી દ્વિધા અગર લોક–નેતાઓના મનમાં સંભવે તો એમ પણ બને કે જ્યાં અને જ્યારે પ્રતિકારની આવશ્યકતા હોય ત્યાં અને ત્યારે પણ પ્રતિકાર ન થાય–ન કરાય. સરકાર માટે જોખમ એ છે કે સુવ્યવસ્થા અને શાંતતાના સંરક્ષણ માટે જ્યારે સરકાર માટે હિંસા–પ્રયોગની આવશ્યકતા હોય ત્યારે પણ, હિંસા–પ્રયોગ પછીની અનિવાર્ય તપાસની શોધખોળના ભય અને શંકાને કારણે સરકાર હિંસા–પ્રયોગ ન કરે અને એ રીતે ઉદ્દંડતા તથા અરાજકતાનો સરકાર પ્રતિકાર ન કરી શકે.

પરંતુ ઉપર કહેલ બન્ને જોખમો વિચારમાં જેટલા શકય છે તેટલા ખરી રીતે વાસ્તવમાં ઉપસ્થિત નહિ થાય. જનતા અને લોક–પક્ષોના સંયમનું શુભ પરિણામ સરકારની વૃત્તિ અને માનસ પર જરૂર પડશે અને સરકારના સંયમિત આચરણનું પરિણામ લોક–માનસ પર જરૂર પડશે. ઉભયના સંયમથી નિરંકુશતા અને સ્વચ્છંદતાનું જોર ઘટતું જશે–ઘટી જશે અને એટલે પરિણામે ઉભયનું હિત–કલ્યાણ જ સિદ્ધ થશે.

(ભૂદાન યજ્ઞમાંથી સાભાર ઉધ્ધૃત તથા અનુવાદિત)

મૂળ હિંદી: **દાદા ધર્માધિકારી** અનુવાદક: **શાન્તિલાલ નંદુ**

જૈન ધર્મનું મૂલ્યાંકન

(ગતાંકથી ચાલુ)

પોતાનાં ધર્મસંપ્રદાયમાં પ્રેમ અને ભક્તિ તત્ત્વનો સમાવેશ હોય તે એક વાત છે, પરંતુ બીજા ધર્મસંપ્રદાયો પ્રત્યે હીનબુદ્ધિથી જોવું એ વસ્તુ હીન છે. આપણે આપણા માતપિતાની પ્રેમભાવથી ભક્તિ કરીએ એ ઠીક છે, પરંતુ બીજાઓનાં માતાપિતાને ઉતરતા માનીએ તે યોગ્ય નથી. આપણે પોતાના દેશ પ્રત્યે ખૂબ જ પ્રેમ દર્શાવીએ અને પોતાનાં માટે સર્વથી ઉત્તમ સમજીએ, પરંતુ તે દેશ બધાને માટે બીજા બધા દેશોથી શ્રેષ્ઠ છે એવું ધમંડ ન કરી શકાય, તેવી જ રીતે આપણો સંપ્રદાય આપણા પોતાને માટે બીજા સંપ્રદાય કરતાં સારો હોઈ શકે તેનો અર્થ એવો ન થઈ શકે કે બીજા સંપ્રદાયો ઉતરતા છે.

અનેકાંત સિદ્ધાંતના મૂળમાં આવા પ્રકારની સમન્વયશીલતા છે. પરંતુ તે માત્ર તત્ત્વજ્ઞાનની મર્યાદામાં રહી છે. તેનો ઉપયોગ આજના યુગમાં રાજકારણ અને સામાજિક ક્ષેત્રમાં પણ કરી શકાય એમ છે. સ્યાદ્વાદની ક્રાંતિકારી દૃષ્ટિથી સર્વ પ્રકારના દર્શનશાસ્ત્રો સત્ય છે એમ જૈન ધર્મમાં સ્વીકારવામાં આવ્યું છે. જેવી રીતે વલોણું વલોવતી ચતુર સ્ત્રી એક દોરીને ઢીલી રાખીને બીજીને ખેંચે છે તેવી જ રીતે જો જીવનમાંથી 'આનંદામૃત'નું મંથન કરવું હોય તો વ્યવહાર અને નિશ્ચય બંને દૃષ્ટિ રાખીને તેનો સ્વીકાર કરીને જ આગળ ચાલી શકાય.

ટ્રેનના બંને પાટા સમાંતર જાય છે અને કયાંય એકબીજાને મળતા નથી અને છતાં પણ ટ્રેન બંને પાટા પર ચાલે ત્યારે જ ગતિ કરી શકે છે. એવી રીતે જીવનમાં પણ આદર્શ અને વ્યવહાર કોઈ છેડે મળતા નથી અને છતાં પણ જીવનનો વિકાસ બંનેની અનિવાર્યતાનો સ્વીકાર કરીને જ થઇ શકે અને જીવન પ્રગતિશીલ બની શકે. પરંતુ જૈન ધર્મના શાસ્ત્રોમાં કેટલીક એવી ત્રુટિઓ આવી ગઈ છે જેથી જૈનોનો વિકાસ રુંધાઈ ગયો છે.

જૈન ધર્મમાં સર્વજ્ઞતાની માન્યતા એટલી બધી ગુંચવાડાજનક છે કે તેથી જૈનોની વૈજ્ઞાનિક વિકાસની ધારા અટકી ગઈ છે. શરૂ-

લોકસભાના ગુજરાતી સભ્યોનો અનુરોધ

(દિલ્હીની લોકસભાએ મુંબઇનું મહાદ્વિભાષી રાજ્ય રચવાનો નિર્ણય લીધો તેના પ્રત્યાઘાત રૂપે અમદાવાદમાં જે હિંસક તોફાનો શરૂ થયાં તેથી સંતાપ અનુભવીને લોકસભાના ગુજરાતી સભ્યોએ પ્રસ્તુત નિર્ણય કેવા સંયોગોમાં લેવાયો તે બાબતની સ્પષ્ટતા કરતું અને પ્રક્ષુબ્ધ વાતાવરણનું પ્રશમન કરીને પુનઃ શાન્તિ સ્થાપવા માટે હાર્દિક અનુરોધ કરતું એક નિવેદન બહાર પાડયું છે. આ નિવેદન ઉપર સહીઓ કરનારનાં નામ નીચે પ્રમાણે છેઃ શ્રી. કાનજીભાઈ દેસાઇ, શ્રી. ખંડુભાઈ દેસાઈ, શ્રીમતી મણિબેન પટેલ, શ્રી. બળવંતરાય, શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહ, શ્રી. નરેંદ્ર નથવાણી, શ્રી. ચંદુભાઈ પરીખ, શ્રી. માણેકલાલ ગાંધી, શ્રી. કૂલસિંહજીભાઈ ડાભી, શ્રી. ચંદ્રશંકર ભટ્ટ, શ્રી. ગુલાબશંકર ધોળકિયા, ડૉ. ડી. એચ. વરિયાણા, શ્રી. મૂળદાસભાઇ વૈષ્ય, શ્રીમતી સુશીલાબેન માવળંકર, શ્રી. બહાદુરભાઈ પટેલ, શ્રી. જેઠાલાલ જોષી, શ્રી. ગુલઝારીલાલ નંદા, શ્રી. જયસુખલાલ હાથી, શ્રી. મણિભાઈ શાહ, શ્રી. મતુભાઈ શાહ. શ્રી. અકબરભાઇ ચાવડા.

આ નિવેદનમાં કરવામાં આવેલી અપીલને ગંભીરપણે ધ્યાનમાં લેવાની અને સર્વત્ર શાન્તિ ફેલાવવાની ગુજરાતી ભાઈ બહેનોને આગ્રહ પૂર્વક વિનંતિ છે. **તંત્રી**)

અમદાવાદમાં પરિસ્થિતિએ જે પલટો લીધો છે એથી અમને ઊંડું દુઃખ થયું છે. મુંબઇના દ્વિભાષી રાજ્યની રચનાને લગતા છેલ્લા નિર્ણયને લીધે ગુજરાતના લોકોના કેટલાક વિભાગોને થયેલી નિરાશાનો લાભ સમાજવિરોધી તત્ત્વોએ લીધો હોય એમ લાગે છે. ગુજરાતમાં ઘણા લોકોને છેલ્લા નિર્ણયથી નિરાશા થઈ હશે એ અમે સમજી શકીએ છીએ. એમને અલગ ગુજરાતી રાજ્યની ખાતરી મળી હતી. એમને એમ પણ હતું કે એમનું રાજ્ય થતાં એમની કેટલીક લાંબા સમયની ઇચ્છાઓ અને આકાંક્ષાઓ પૂરી થશે.

મુંબઇના ભાવિ વિશેના વિવાદ દરમિયાન જે કેટલાક કમનશીબ બનાવો બન્યા એથી મુંબઈના મહાદ્વિભાષી રાજ્યની જાહેરાત સુખદ નથી બની. સ્વાભાવિક રીતે જ એને લીધે નિરાશા અને નિષ્ફળતાની લાગણી જન્મી છે. મુંબઇના દ્વિભાષી રાજ્ય વિશે પાર્લામેન્ટના લગભગ બધા સભ્યોનો નિર્ણય ગુજરાત, મહારાષ્ટ્ર અને મુંબઈના ત્રણ અલગ એકમો વિશેના સરકારના નિર્ણયને સ્વીકારવાની અનિચ્છામાંથી પેદા થયો છે એ બાબતને જેઓ દિલ્હીમાં નહોતા તેઓ સમજી શકે તેમ નથી.

દ્વિભાષી રાજ્યનો વિચાર

ધિક્કારની હદે પહોંચેલી કડવાશની લાગણીઓનું અને અલગતાની વ્યાપેલી વૃત્તિનું નિવારણ કરવા માટે મુંબઈના મૂંઝવતા પ્રશ્નનો ઉકેલ કરવાની તીવ્ર અને અદમ્ય ઇચ્છા દેશના ઘણા ભાગના લોકોમાં જાગ્રત થઇ હતી.

સર્વસંમત ઉકેલ શોધવાના દરેક શકય પ્રયાસોનું કંઈ પરિણામ ન આવ્યું. રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાની ભાવના ખતરામાં મુકાઇ. પાર્લામેન્ટમાંના રાષ્ટ્રના પ્રતિનિધિઓ આથી મૂંઝાઈ ગયા અને ચિંતાગ્રસ્ત બની ગયા. બધા પક્ષોને સ્વીકાર્ય બને અને એકતા તેમજ અખંડિતતાની સાંકળને મજબૂત બનાવવાની આવશ્યકતાની પૂર્તિ કરે એવો ઉકેલ સાધવા માટે તેઓ ઇચ્છતા હતા, એટલું જ નહિ પણ એવો ઉકેલ શોધવાની એમની ઝંખના હતી. દેશમાં બગડી રહેલી પરિસ્થિતિ ઉદ્દામ ઉકેલ માગતી હતી. આવા સંજોગોમાં જ વિવિધ પક્ષોના પાર્લામેન્ટના સભ્યોએ બધા ગુજરાતી ભાષી અને મરાઠીભાષી પ્રદેશોનો સમાવેશ કરીને મુંબઈના મહાદ્વિભાષી રાજ્યની સ્થાપનાનો વિચાર કર્યો.

રાષ્ટ્રીય નેતાઓની અપીલ

રાષ્ટ્રના વરાયેલા નેતાઓએ સાર્વભૌમ પાર્લામેન્ટની ઘણી મોટી બહુમતીએ કરેલી આ અવગણી ન શકાય એવી અપીલ પર વિચારણા ચલાવી. એમણે મહારાષ્ટ્ર અને ગુજરાતના નેતાઓ સાથે ચર્ચા-વિચારણા કરી. કોંગ્રેસ કારોબારી સમિતિની પણ એમણે સલાહ લીધી. દેશના ઘટનાઓને નવો યોગ્ય વળાંક આપવાની ઇચ્છા સાથે બધા જવાબદાર વર્તુળો સંમત હતા એ એમણે જોયું. મહારાષ્ટ્ર અને ગુજરાત બંનેના પ્રતિનિધિઓને એમણે દ્વિભાષી રાજ્યના સ્વીકારની વિરોધ ન થઇ શકે એવા જોરથી ભલામણ કરી. આવા સંયોગોમાં તેમ જ આવી સહૃદયતાથી કરવામાં આવેલી અપીલની ઇચ્છિત અસર થઈ.

રાષ્ટ્રીય ઉકેલ

આ મુંઝવતા પ્રશ્નનું રાષ્ટ્રીય નિરાકરણ સધાય એ રાષ્ટ્રના હિતમાં હતું. પાર્લામેન્ટમાંના રાષ્ટ્રના પ્રતિનિધિઓ અને રાષ્ટ્રના વરાયેલા નેતાઓની તીવ્ર ઇચ્છાની સિદ્ધિની આડે કોઈ ઉભું રહી શકે નહિ. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ અને ગુજરાત, સૌરાષ્ટ્ર તેમ જ કચ્છના કાર્યકારોનું સંમેલન આ નિર્ણય પર વિચારણા કરે એ પૂર્વે જ કેટલાક સમાજવિરોધી તત્ત્વોએ આ બાબત ઉપાડી લીધી છે અને તેઓ અમદાવાદ શહેરમાં અવ્યવસ્થા અને અંધાધુંધી ઉભી કરવાના પ્રયાસો કરી રહ્યા હોય એમ લાગે છે. જેમને હૈયે રાષ્ટ્રનું હિત નથી એવા લોકોએ આ નિર્ણયને લીધે જન્મેલા અસંતોષનો લાભ લીધો છે.

ગુજરાતે દાદાભાઇ નવરોજી, ફિરોઝશાહ મહેતા, ગાંધીજી અને સરદાર પટેલ જેવી વ્યક્તિઓને જન્મ આપ્યો છે, ગુજરાતના જાહેર જીવનને રાષ્ટ્રપિતાએ પ્રબોધેલા ઉમદા આદર્શોની પ્રેરણા મળી છે. સત્ય અને અહિંસા, ત્યાગ અને તપશ્ચર્યા જેવા સિદ્ધાન્તોના આધારે ગુજરાતના જાહેર જીવનનું ઘડતર થયું છે. દેશની એવી ધારણા હતી કે ગાંધીજીએ એમના સાબરમતી આશ્રમમાં ફરકાવેલા ધ્વજને ગૂજરાત તો ફરકતો રાખશે જ.

આદર્શનિષ્ઠા

પ્રજાના વરાયેલા પ્રતિનિધિઓએ જ રાષ્ટ્રીય નિર્ણયો લેવાના હોય છે અને કોઇ એક પ્રશ્નનો ચોક્કસ ઉકેલ કરવાનું પાર્લામેન્ટના સભ્યો નક્કી કરે એ પછી એ નિર્ણય ગમે તેટલો અસ્વીકાર્ય હોય તો પણ એનો સ્વીકાર કરવો જ રહ્યો. ગુજરાત-કોંગ્રેસનું જીવન કોંગ્રેસના આદર્શો પ્રતિની એની શિસ્ત અને વફાદારી માટે સારી રીતે જાણીતું છે, એટલે ગુજરાત આ નિર્ણયને માનપૂર્વક અને આનંદથી માથે ચડાવશે અને સ્વસ્થ નીરોગી રાષ્ટ્રીય જીવનની રચનામાં પોતાનો ફાળો આપશે એવી અપેક્ષા રાખવામાં આવતી હતી.

આઘાત ને દુઃખ

એટલે અમદાવાદમાં પરિસ્થિતિએ જે પલટો લીધો છે એથી અમને આઘાત લાગ્યો છે અને ઉંડું દુઃખ થયું છે. ગુજરાતીઓ એમની વ્યવહારદક્ષતા માટે જાણીતા છે. દેશભરમાં બધા લોકો સાથે એમને મીઠા સંબંધો છે. ઘણા રાજ્યોમાં જઇને તેઓ વસ્યા છે અને એમના ખંત અને ઉદારતાથી એ વિસ્તારોના લોકોને તેમ જ એમને પોતાને એમ બંનેને લાભ થયો છે. ગુજરાત એની સહિષ્ણુતા અને ઉદાત્તતા માટે પણ જાણીતું છે. આપણા પૂર્વજો પાસેથી આપણને આ મૂલ્યવાન વારસો મળ્યો છે અને આવતી પેઢીઓ દરમિયાન આપણાં બાળકોને આપણે એ વારસો વિશુદ્ધ સ્વરૂપે જ સોંપવો જોઇએ.

એટલે અમે સંપૂર્ણ નિષ્ઠાપૂર્વક ગુજરાતના અને ખાસ કરીને અમદાવાદના લોકોને પ્રસંગને અનુરૂપ બનીને અને આપણા મહાન નેતાઓએ આપણને સોંપેલ ઐતિહાસિક કામગીરીને યાદ રાખીને અમદાવાદ કે ગુજરાતને શોભા નથી આપતી એવી ઘટનાઓનો અંત લાવવાની અપીલ કરીએ છીએ.

અમદાવાદના લોકો સાબરમતીના સંતના ઉપદેશને નહિ વિસરે એવી અમે પ્રાર્થના કરીએ છીએ; એટલું જ નહિ, તેઓ શહેરમાં શાંતિ સ્થાપવાના કામમાં લાગી જશે કે જેથી કરીને રાષ્ટ્રીય પ્રશ્નોની શાંતિથી વિચારણા થઈ શકે અને એમાં રહેલી બધી મુંઝવણોના નિરાકરણની યોગ્ય વિચારણા એમના નેતાઓ અને સાથીઓ સાથે થઇ શકે.

અમદાવાદમાં પૂર્વવત્ શાંત સ્થિતિની તત્કાળ સ્થાપના થશે એવી અમે આશા રાખીએ છીએ. અમે એવી પણ આશા રાખીએ છીએ કે ગુજરાતનો ગૌરવવંત વારસો અસંદિગ્ધ શબ્દોમાં વ્યક્ત થશે કે જેથી કરીને ગુજરાતનું શુભ નામ આપણા માટે તેમ જ આવતી પેઢીઓ માટે પણ જળવાઇ રહે.

આતમાં સર્વજ્ઞતાનો ગમે તે અર્થ હોય, પરંતુ આજે તો એમ સમજવામાં આવે છે કે ત્રિકાળ અને ત્રિલોકના તમામ દ્રવ્યોની સઘળી અવસ્થાઓનું જ્ઞાન. કોઈ પણ ઉત્તમ પુરુષને લોકહિત અને જીવનશુદ્ધિ અથવા ચિત્તની એકાગ્રતાના વિષયમાં સંપૂર્ણ આવશ્યક જ્ઞાન હોય તે સંભવિત છે, પરંતુ વસ્તુઓની અવસ્થાઓનો જ્યાં અંત નથી ત્યાં તેનું સંપૂર્ણ જ્ઞાન કેમ સંભવી શકે? અગર અવસ્થાઓનું સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત થઇ જાય તો વસ્તુની અવસ્થાઓનો પણ અંત આવી જાય જે સંભવિત નથી. આવી સર્વજ્ઞતાની અટપટી વ્યાખ્યાને લીધે નરક સ્વર્ગ આદિ વિશ્વભૂગોળને લગતી કલ્પિત માન્યતાઓ ઊભી કરવામાં આવી છે તેમ જ ભૂતપ્રેત, મંત્રજંત્ર વગેરેની ખોટી માન્યતાઓને પણ જૈન ધર્મમાં પ્રવેશ મળ્યો છે.

મૂળમાં જાતિજ્ઞાતિનો અહંકાર હતો નહિ, પરંતુ આજે સામાજિક ક્ષેત્રમાં વર્ણવ્યવસ્થાની વિકૃતિઓ આવી ગઇ છે.

સાધુસંસ્થામાં બાહ્ય ત્યાગ પર એટલો બધો ભાર મૂકવામાં આવ્યો છે કે તેથી કર્મયોગનું ઊંચામાં ઊંચુ જીવનતત્ત્વ ગૌણ બની ગયું છે.

દિગંબર સમાજમાં તો સ્ત્રીની મુક્તિ અને વીતરાગને ભોજનનો પણ નિષેધ કરવામાં આવ્યો છે જે અસંગત લાગે છે.

શ્વેતાંબર સમાજનાં શાસ્ત્રોમાં એવાં સ્ત્રીપુરુષોના અનેક ઉદાહરણો મળી આવે છે કે જેઓએ ગૃહસ્થાશ્રમમાં રહીને પણ કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું છે, પણ અત્યારે શ્વેતાંબર સમાજની પણ એવી દશા છે કે સ્ત્રીને સંપૂર્ણ સ્વતંત્રતા નથી મળતી અને આહાર કરનારા ગૃહસ્થી અને સાધુ પણ કેવલી થઈ શકતા નથી.

એવી પણ એક માન્યતા જનસમાજમાં ઘુસી ગઇ છે કે આજના યુગમાં કોઇ વ્યકિત મુકિત મેળવી જ શકતી નથી. આત્માની સ્વતંત્રતામાં કાળ નામનું તત્ત્વ બાધા નાખે એમ માનવું અનુચિત છે.

જ્ઞાનવૃદ્ધ અને વયોવૃદ્ધ સાધ્વીને માટે આજનો તુરતમાં જ થયેલો સાધુ વંદનીય મનાય એ મહિલાઓ પ્રત્યેનો વિષમ ભાવ બતાવે છે.

જૈન ધર્મની કથાઓમાં પણ પૂરાણોની માફક અતિશયોકિતનો દોષ પ્રવેશી ગયો છે.

આવા સઘળા દોષોનું નિવારણ કરીને જૈન ધર્મ આજે પણ આત્મશુદ્ધિનો માર્ગ બતાવી શકે છે, કારણ કે એમાં અહિંસા, અપરિગ્રહ અને અનેકાંતનો જીવનસ્પર્શી આચાર વિચાર અને વ્યવહારનું નિદર્શન કરવામાં આવ્યું છે.

કોઇપણ ધર્મની કસોટી કરવા માટે મહર્ષિ વ્યાસનો આ શ્લોક ખૂબ જ પ્રસિદ્ધ છે.

श्रूयतां धर्मसर्वस्वं श्रुत्वा चैवावधार्यताम्।
आत्मनः प्रतिकूलानि परेषां न समाचरेत् ॥

ધર્મનું સર્વસ્વ સાંભળો અને ધારણ કરો; જે વસ્તુ આપણને પોતાને માટે પ્રતિકૂળ લાગે તે બીજાને માટે ન આચરો. ચોરને પણ પોતાનાં ઘરમાં ચોરી થતી હોય તો પ્રતિકૂળ લાગે છે, માટે તેણે ચોરી ન કરવી એ જ અનુકૂળ છે. જૈન ધર્મ ભારપૂર્વક કહે છે કે સર્વ પ્રાણીઓને પોતાનો જીવ વહાલો છે તેથી સર્વ જીવોનું રક્ષણ એજ સૌનો ધર્મ છે.

सव्वे जीवावि इच्छंति, जीविउं न मरिज्जिउं
तम्हा पाणिवहं घोरं, निग्गंथा वज्जयंति णं ।

કુટુંબરક્ષણ માટે વ્યકિતગત સ્વાર્થવાસનાનું જે બલિદાન કરે છે તે કુટુંબાત્મા કહેવાય છે; સમાજ માટે કુટુંબસુખ અને સ્વાર્થનું જે બલિદાન કરે છે તે સમાજાત્મા તરીકે ઓળખાય છે; રાષ્ટ્રના કલ્યાણ માટે પ્રાંતીય કે સામાજિક સ્વાર્થોનો ઉત્સર્ગ કરે છે તે રાષ્ટ્રીયાત્મા તરીકે પ્રસિધ્ધ થાય છે, અને મનુષ્ય સમાજના હિત માટે રાષ્ટ્રીય સ્વાર્થને પણ ગૌણ બનાવે છે તે માનવાત્મા એટલે કે મહાત્મા તરીકે પ્રસિધ્ધ થાય છે. પશુપંખીઓનું રક્ષણ કરવા માટે આપણા માનવી સુખનો પણ જે ત્યાગ કરે છે તે ધર્માત્મા શ્રાવક કહેવાય છે. અને જે સર્વ પ્રાણીઓનાં રક્ષણાર્થે સર્વ પ્રકારનાં સ્વાર્થોને તિલાંજલિ આપે છે તેઓ જૈન ધર્મનાં શ્રમણ એટલે કે સર્વાત્મા સાધુ કહેવાય છે. કારણકે તેઓ બધાના આત્માને સ્વાત્મા જેટલું જ સમત્વ આપે છે. અને જેઓ સુખદુઃખથી પર રહીને શુધ્ધાત્મસ્વરૂપમાં રમમાણ થાય છે તે પરમાત્મા અર્હંત કહેવાય છે. ઉન્નતિના આવા ક્રમથી પરમપદની પ્રાપ્તિ માટે જૈન ધર્મમાં પ્રાણીમાત્રને અવકાશ છે.

આ આદર્શની આપણે જેટલે અંશે ગૌરવપૂર્વક ઉદ્‌ઘોષણા કરીએ છીએ તેટલે અંશે અમલમાં મૂકતા નથી. આપણે આપણી જાતને ધર્માત્મા શ્રાવક અથવા સર્વાત્મા શ્રમણ કહેવડાવીએ છીએ પરંતુ ઘણે ભાગે કુટુંબરક્ષણ કરવા જેટલી પણ આપણામાં યોગ્યતા હોતી નથી.

પરંપરાગત સંસ્કારને વશ થઇને પશુપક્ષીઓના માંસભોજન પ્રત્યે તિરસ્કાર દર્શાવતા હોવા છતાં આપણા પોતાનાં જ કુટુંબના સભ્યો પ્રત્યે આપણા દિલમાં કશી સહાનુભૂતિ કે પ્રેમ હોતા નથી.

જીવનના ઉચ્ચ સિધ્ધાંતોને કાર્યમાં મૂકતી વખતે કઇ જાતનું અજ્ઞાન કે આત્મવંચના આપણે કરીએ છીએ તે નીચેની ઘટના પુરવાર કરે છે.:—

અહમદનગરના જાણીતા શહેરીની એક પુત્રીએ મુસ્લિમ ડ્રાઇવર સાથે લગ્ન કર્યાં. તેના વિરોધ માટે વિસાપુર નિર્વાસિત છાવણીના હિંદુભાઇઓ લાઠી, છરા વગેરે શસ્ત્રો લઇને ટ્રેનમાં ચઢી બેઠા. તે જ ગાડીમાં હું પણ હતો. અમારા ડબ્બામાં એક મુસ્લિમ દાકતરના નાના દીકરા પર તે લોકોએ પ્રહાર શરૂ કર્યો. મેં એ લોકોને અટકાવ્યા. ત્યારે તેમણે મને કહ્યું કે તમને શું ખબર છે કે અમારા ઉપર પાકીસ્તાનમાં કેટલો અત્યાચાર થયો છે? મેં તેનો ઉત્તર આપતાં કહ્યું કે એટલા માટે જ તમારે એને મારવાનું છોડી દેવું જોઇએ, કારણકે નિર્દોષ બાળકોને મારવાથી તેનાં માતાપિતાને કેટલી ભયંકર વેદના થાય છે તેનો અનુભવ તમને છે, મને નથી. અને એ રીતે જો તમે મુસ્લિમોને ક્રૂર કહો છો તો એવા પ્રકારની ક્રૂરતા તમે પોતે જ આચરીને હિંદુઓ પોતે ભલા છે તે કઇ રીતે પુરવાર કરશો? એમ કહેતા મેં મહાભારતની કથાનો દાખલો આપ્યો. દ્રૌપદીએ પોતાનાં પાંચ નિર્દોષ બાળકોનું દગલબાજીથી ખૂન કરનાર અશ્વત્થામા ઉપર પ્રહાર કરવાની ઇચ્છા રાખનાર પાંડવોને રોકી રાખતા કહ્યું હતું કે:—

मुच्यतां मुच्यतां एष — એમને છોડી દો, છોડી દો. કારણ કે
मा रोदि अस्य जननी, गौतमी पतिदेवता ।

પતિને દેવતુલ્ય માનનારી એની માતા ગૌતમી તેથી રડશે નહિ કારણકે માને કેટલું દુઃખ આપે છે તેનો અનુભવ મને છે, તમને નથી. પતિવ્રતા ગૌતમીના આંસુ પોતાના પતિદેવ અને આપણા ગુરુવર્ય દ્રોણાચાર્યના મૃત્યુથી સુકાયા નથી તો પછી એના પુત્રને મારવાથી એનું દુઃખ કેટલું બધું વધી જશે એનો તમને વિચાર આવતો નથી. આ વચનો સાંભળીને પાંડવોએ અશ્વત્થામાને છોડી દીધો.

આ કથા સાંભળી હિંદુઓએ દાકતરને અને તેના પુત્રને મુક્ત કર્યા.

કહેવાનું તાત્પર્ય એ છે કે કોઇપણ ધર્મનું મૂલ્યાંકન એવા આત્મૌપમ્યભાવથી સારી રીતે કરી શકાય છે. જેટલે અંશે જે ધર્મમાં આત્મૌપમ્ય વધે છે તેટલે અંશે તેની ઉચ્ચતા વ્યક્ત થાય છે.

જો આપણે સ્વધર્મનું શ્રેષ્ઠત્વ સિધ્ધ કરવું હશે તો પોતાના પવિત્ર આચરણનો વિકાસ કરતા રહેવું જોઇશે. ફળના સ્વાદને ચાખીને જ મનુષ્ય બીજની શ્રેષ્ઠતાનું અનુમાન કરે છે. તેવી જ રીતે આપણું ધર્મમય જીવન સમાજ માટે જેટલું ઉપયોગી થાય તે પરથી જ જૈન ધર્મનું મૂલ્યાંકન થશે. માટે જૈન ધર્મના અનુયાયીઓની ફરજ છે કે સમ્યગ્ દર્શનપૂર્વક જૈન ધર્મનું સારી રીતે જ્ઞાન સંપાદન કરીને તેને જીવનમાં ઉતારવું.

સૂરજચંદ્ર ડાંગી

દ્વિભાષી મુંબઈ અને સૌરાષ્ટ્ર ગુજરાતનાં તોફાનો

આજથી દશ મહીના પહેલાં—ગયા વર્ષે ઓકટોબર માસમાં—રાજ્ય પુનર્રચના પંચનો અહેવાલ બહાર પડયો. તે અહેવાલમાં મુંબઇ પ્રદેશને દ્વિભાષી તરીકે ચાલુ રાખવાની અને તેમાં મરાઠાવાડા, સૌરાષ્ટ્ર અને કચ્છને ઉમેરવાની અને વિદર્ભનું એક જુદું રાજ્ય ઉભું કરવાની ભલામણ કરવામાં આવી હતી. ગુજરાતે કે સૌરાષ્ટ્રે આ ભલામણ સામે કશો વિરોધ દાખવ્યો નહોતો, ઉલટું આ રીપોર્ટ બહાર પડયા પહેલાં પંચ સમક્ષ તેના પ્રતિનિધિઓએ ગુજરાત—કચ્છ—સૌરાષ્ટ્રના અનુસંધાનમાં મુંબઇના વિશિષ્ટ મહત્વને ધ્યાનમાં લઇને આ પ્રકારના દ્વિભાષી રાજ્યની સ્વતઃ માંગણી કરી હતી. બીજી બાજુએ મહારાષ્ટ્રીઓએ આ સામે પ્રચંડ વિરોધ ઉઠાવ્યો હતો અને મુંબઈ સમેત મહારાષ્ટ્ર પોતાને મળવું જ જોઇએ એવી જોરશોરથી માંગણી રજુ કરી હતી. આ પ્રશ્ન ઉપર ગયા જાન્યુઆરી માસ દરમિયાન સંયુક્ત મહારાષ્ટ્રવાદીઓએ ગુજરાતીઓ સામે ભયંકર તોફાનો કર્યાં હતાં, જાનમાલની પાર વિનાની ખુવારી કરી હતી, રાષ્ટ્રીય નેતાઓનાં અપમાન કર્યાં હતા, રસ્તે ચાલતા લોકોની ધોળી ટોપી અનેક ઠેકાણે ખુંચવી લીધી હતી—આ બધું છતાં એ દિવસો દરમિયાન અને ત્યાર પછી આજ સુધી ગુજરાતીઓએ સતત ગૌરવભર્યું વર્તન દાખવ્યું હતું. ન કોઇએ અઘટિત વર્તાવ કર્યો હતો કે ન કોઇ જવાબદાર વ્યકિતએ અઘટિત વાણી ઉચ્ચારી હતી. ગુજરાતે માગેલું આણુ કે ડાંગ ન મળ્યું, છતાં તે સામે પણ કોઈ પણ પ્રકારનું—આન્દોલન ઉભું કરવાનો વિચાર સરખો પણ કર્યો નહોતો. જ્યાં રાષ્ટ્રનું હિત ત્યાં અમારું હિત, કોંગ્રેસની કારોબારીનો જે હુકમ નીકળે તે અમને શિરોમાન્ય—આ આપણી નીતિ હતી, આ આપણી રીતિ હતી. આ કારણે ભારતમાં ગુજરાતની પ્રતિષ્ઠાનો આંક ખૂબ ઊંચે ચડયો હતો; અને મહારાષ્ટ્રનો આંક ખૂબ નીચે ઉતર્યો હતો. ગુજરાત ગાંધી અને સરદારનું હતું, તેની સભ્યતા સ્વાભાવિક રીતે ઊંચી જ હોય, તે પ્રાદેશિક સ્વાર્થને નહિ પણ રાષ્ટ્રીય પરમાર્થના ધોરણે જ સર્વ કાંઇ વિચારે અને વર્તે—એવી આપણી સર્વત્ર શાખ બંધાઈ હતી. એથી ઉલટો જ અભિપ્રાય મહારાષ્ટ્ર વિષે આખા દેશમાં ફેલાવાયો હતો. એ દિવસો દરમિયાન આપણે ભારતમાં ઉંચું માથું કરીને અને છાતી કાઢીને ચાલવા લાગ્યા હતા.

આ બધી આપણી શાખ, પ્રતિષ્ઠા, આબરૂ, આંટ, નામના—સર્વ કાંઈ છેલ્લા આઠવાડિયા દરમિયાન અમદાવાદ અને પછી અન્યત્ર ગુજરાત, સૌરાષ્ટ્રના અનેક સ્થળોએ બનેલી દુર્ઘટનાઓએ સાફ કરી નાંખ્યું છે. આપણું અભિમાન ઉતરી ગયું છે. જ્યારે આપણી કલ્પના તથા ધારણા મુજબ નથી બનતું અને કોઇ જુદો જ નિર્ણય લેવામાં આવે છે ત્યારે તે સામે વિરોધ દર્શાવવામાં આપણે પણ એ જ હદ સુધી નીચે જઈ શકીએ છીએ જે હદ સુધી મહારાષ્ટ્રીઓને તેમ જ દેશના અન્ય પ્રજા સમુદાયોને નીચે ગયેલા આપણે જોયા હતા—અનુભવ્યા હતા. ગાંધીજીના વારસાને આપણે કલંક લગાડયું છે. સરદાર પટેલની ભવ્યતાને આપણે ઝાંખપ લગાડી છે. આપણી શરમનો કોઈ પાર નથી રહ્યો.

અલબત્ત મુંબઇને વિદર્ભ સાથે દ્વિભાષી બનાવવાનો જે એકા—એક નિર્ણય લેવાયો અને જે અણધારી ઝડપે લોકસભાની વિશાળ બહુમતીનું તેના ઉપર સીલ મારવામાં આવ્યું તે એક એવી ઘટના હતી કે ગુજરાત કચ્છ અને સૌરાષ્ટ્રના એકભાષી રાજ્યની કલ્પનામાં નિર્ભરપણે સુતેલા અને છેલ્લા આઠ દશ મહીનાથી તે કલ્પનાના આધારે અનેક આશામીનારાઓ ઉભા કરી રહેલા ગુજરાતને અને ભાવી પાટનગરની ભવ્યતા અને શકયતાઓનાં અનેક સ્વપ્નો સેવી રહેલ અમદાવાદને તે ઘટનાનો સખ્ત આંચકો લાગ્યા વિના ન રહે. જો આવા દ્વિભાષી રાજ્યની સંભાવના થોડા સમય વહેલાં કલ્પી શકાઇ હોત અને તે માટે પ્રજાના કોંગ્રેસી આગેવાનોને લોકમત તૈયાર કરવાની પુરી તક મળી હોત તો સંભવ છે કે દ્વિભાષી મુંબઇ પ્રદેશ સામે આટલો ઉગ્ર વિરોધ થયો ન હોત.

આવો મહત્ત્વનો નિર્ણય કેવા અણધાર્યા અને ઝડપી સંયોગોમાં લેવામાં આવ્યો હતો તે વિષે લોકસભાના ગુજરાતી સભ્યોના નિવેદનમાં જરૂરી સ્પષ્ટતા કરવામાં આવેલ છે. લોકસભામાં બેઠેલા આપણા આગેવાનોને એવી કલ્પના પણ ન આવી કે પ્રસ્તુત નિર્ણય સામે પોતાના જ વિભાગમાં આવો સખ્ત વિરોધ ઉઠશે. ગુજરાત પ્રત્યેની રાષ્ટ્રનિષ્ઠામાં અને પોતા તરફના વિશ્વાસમાં તેમને પુરી શ્રધ્ધા હતી. તે નિર્ણય લેવાયા બાદ ગુજરાત સૌરાષ્ટ્રમાં જે કાંઇ બન્યું છે તેણે આ શ્રધ્ધાને ખોટી પાડી છે.

વિદર્ભ સાથેનું મુંબઈ દ્વિભાષી બને તેના પરિણામે ગુજરાતની લઘુમતી પહેલાં હતી તે કરતાં જરૂર વધારે વિષમ બની છે. આ ઉપરાંત આપણું સર્વ ગુજરાતીઓનું એક રાજ્ય, તેને આમ વિસ્તારીશું અને તેમ ખીલવીશું એવી ભાતભાતની કલ્પના, પાટનગર બનવાનું સ્વપ્ન સેવી રહેલ અમદાવાદની આશા અને મહત્ત્વાકાંક્ષા અને અનેક લોકોની તરેહ તરેહની ઉમેદો—આ બધું એ કે ત્રણ દિવસના ગાળામાં ભાંગીને ભુક્કો થઈ ગયું; આનો ગુજરાત કચ્છ કાઠિયાવાડનો જ માત્ર વિચાર કરનાર જનસમુદાયને સખ્ત આઘાત લાગે એ સ્વાભાવિક છે; તે સામે પ્રચંડ વિરોધ ઉભો થાય તે પણ સમજી શકાય તેવું છે. પણ ગાંધીજીએ આપણને આટલી બધી તાલીમ આપી, સરદાર પટેલે શિસ્તના આવા પાઠ ભણાવ્યા, એમ છતાં આપણા દિલનો વિરોધ દર્શાવવા માટે લોકોને ઉશ્કેરવા, પોલીસ ઉપર પથરો ફેંકવા, જાહેર મીલકતનો નાશ કરવો, પ્રતિકુળ વિચાર ધરાવતા લોકોને રંજાડવા, તેમના રહેવાના ઠેકાણા ઉપર હુમલા કરવા, લોકોની અવરજવરનો વ્યવહાર અશકય બનાવી મૂકવો, ફરજિયાત હડતાળ પડાવવી, જ્યાં ત્યાં આગો લગાડવાના પ્રયત્ન કરવા એટલું જ નહિ પણ ગઈ કાલ સુધી જેનું આપણે બહુમાન કર્યું અને જેને આધીન બનીને ચાલ્યા તેમની છબીઓનું બાળી નાંખવા સુધી અપમાન કરવું, તેમની નનામી કાઢવા સુધી હલકાઈ દાખવવી, અને જેમને ગઈ કાલ સુધી ઝીન્દાબાદ કહ્યા તેમને આજે મુર્દાબાદથી સંબોધવા—આવી કેવળ અણઘડ પ્રજામાં પણ સહેજે કલ્પી ન શકાય એવી જંગલી રીતભાત સિવાય આપણી પાસે શું કોઇ સભ્ય નીતિ કે પધ્ધતિ જ નથી ? રાજકીય ક્ષેત્રે અણગમતો નિર્ણય લેવાયો છે એમ લાગે તો જરૂર જાહેર સભાઓ ભરીને વિરોધ જાહેર કરો, શાન્ત સરઘસો કાઢો, છાપા દ્વારા ઉચિત ભાષામાં તમારી લાગણીઓ પ્રસિદ્ધ કરો, વ્યવસ્થિત રીતે તમારા આગેવાનો અને તે ઉપરના આગેવાનોને મળો અને તમારી વાત રજુ કરો, ચૂંટણી નજીક આવે છે તો તે પ્રશ્ન ઉપર ચૂંટણીઓ લડો—સામુદાયિક વિરોધ રજુ કરવાના આવા અનેક માર્ગો છે. આ ઉપરાંત ઉપવાસ આદિ વ્યકિતગત વિરોધ દર્શાવવાના પણ માર્ગો આપણને અજાણ્યા નથી. તત્કાળપૂરતો પ્રસ્તુત નિર્ણય જરૂર છેવટનો છે, એમ છતાં રાજકારણમાં કોઇ પણ નિર્ણય હંમેશાને માટે છેવટનો હોઈ શકતો જ નથી. જો તમારી વાત સાચી હશે અને સમગ્ર પ્રજાના કલ્યાણમાં હશે તો આજે નહિ તો સમયાન્તરે પણ એ વાત સ્વીકારાવી જ જોઇએ—એવી શ્રધ્ધાપૂર્વક તમારા વિરોધને વ્યવસ્થિત રૂપમાં બંધારણની મર્યાદામાં રહીને રજુ કરો અને આન્દોલન ચલાવો. આને બદલે આજે ચોતરફ જે ભાંગફોડ, માલ મીલકતની ખુવારી, કોંગ્રેસી નેતાઓ જાણે કે દેશના દુશ્મનો હોય તેવી રીતે તેમની હડધુતી, જાણે કે ખાદી અને ધોળી ટોપીએ બગાડયું ન હોય તેમ તે ઉપર એવકુરી ભર્યું આક્રમણ—આ બધું ચોતરફ ચાલી રહેલું જોઇને દિલ ઘેરી ગમગીની અનુભવે છે અને આપણે આપણી જાતને ગાંધીજીના સન્તાનો તરીકે ઓળખાવીએ એમ છતાં આપણા જ સાથીઓ, મિત્રો, ભાઇઓ સાથે આવી રીતે વર્તીએ અને આપણી જ મીલ્કતનો આ રીતે નાશ

કરીએ, અને અંદરનો ક્રોધ વ્યકત કરવા માટે સભ્યતાના સર્વ ખ્યાલોને આ રીતે આપણે તિલાંજલિ આપીએ—આ બધું નિહાળીને શરમ અને વેદનાથી મન આકુળવ્યાકુળ બની જાય છે.

અને આ તોફાન, ભાંગફોડ, અમર્યાદિત આન્દોલનનું પરિણામ શું આવે ? આનો કોઈ વિચાર કરે છે ખરૂં ? જો આન્દોલન ચાલુ રાખવા છતાં નવી રચના કાયમ રહે તો જે કચ્છ કાઠિયાવાડ અને ગુજરાતને કોંગ્રેસપરાયણ લેખવામાં આવતું હતું તે કોંગ્રેસવિમુખ બને, પરિણામે આગામી ચૂંટણીમાં કચ્છ, કાઠિયાવાડ ગુજરાત પૂરતું કોંગ્રેસનું બળ ખૂબ ઘટે, જ્યારે મહારાષ્ટ્રે પ્રસ્તુત નિર્ણય આવકારી લીધેલો હોવાથી, જ્યાં કોંગ્રેસ ભાંગી પડવાની વકી હતી ત્યાં, કોંગ્રેસ—સભ્યો ઘણી મોટી સંખ્યામાં ચુંટાય. પરિણામે કોંગ્રેસ પક્ષમાં કચ્છ કાઠિયાવાડ ગુજરાતનાં સભ્યોની સંખ્યા બહુ જ નાની બની જાય અને ધારાસભામાં આપણી વિષમ લઘુમતી વિષમતર બને.

અને ધારો કે પ્રસ્તુત વિરોધી આન્દોલન—જેનો મુખ્ય સુર કેટલીએક દિશાઓથી આજે એવો સંભળાય છે કે 'મુંબઈનું તમારે કરવું હોય તે કરો, જુદું રાખવું હોય તો જુદું રાખો અને મહારાષ્ટ્રને સોંપી દેવું હોય તો મહારાષ્ટ્રને સોંપી દો, પણ અમને અમારૂં એક-ભાષી મહાગુજરાત આપો, આ આન્દોલન સફળ નીવડે અને લેવાયલા નિર્ણયમાં ફેરફાર કરવાની સમયાન્તરે ભારત સરકારને ફરજ પડે તો નવા મુંબઈ રાજ્યમાંથી માત્ર ગુજરાત જ જુદું પડે અને મુંબઈ મહારાષ્ટ્રને સહજપણે સોંપાઈ જાય.

અને આવું આન્દોલન ચલાવનારા લોકોને મુંબઈમાં કચ્છી, કાઠિયાવાડીઓ અને ગુજરાતના કેટલા ઘટ્ટ હિતો રહેલા છે તેનું કાંઇ ભાન છે ખરૂં ? કચ્છની આખી આબાદીનો આધાર ઘણા મોટા ભાગે મુંબઇ ઉપર જ છે. કાઠિયાવાડ અડધાથી વધારે મુંબઈ સાથે સંકળાયેલું છે. અને ગુજરાતનું પણ મુંબઈમાં કાંઇ નાનું સરખું હિત રહેલું નથી. આ જ કારણે મુંબઇ ઉપર મહારાષ્ટ્રીઓ સાથે ગુજરાતી-ઓનું વર્ચસ્વ જળવાઈ રહે એ ગુજરાતીઓ માટે અત્યન્ત આવશ્યક હતું અને છે. જે લોકો મુંબઇને ફેંકી દઇને મહાગુજરાતની માંગણી કરી રહ્યાં છે તેઓ મહાગુજરાતના મર્મભાગમાં ખંજર મારી રહ્યા છે, જેનું તેમને ભાન નથી.

અને નવા દ્વિભાષી રાજ્યમાં મહાગુજરાતનું મતપ્રમાણ રૂઢ હશે એટલે રૂઢ બહુમતીવાળું મહારાષ્ટ્ર ગુજરાતને છુંદી નાંખશે—આવી વાતો કરનારા પણ રાજ્યધારણમાં જુદા જુદા વિભાગોનું હિત સાચવવાને લગતી જોગવાઇઓ વિષે ઘોર અજ્ઞાન ધરાવતા હોય છે. અલબત્ત જેની બહુમતી હોય તેને કોઇ અંશમાં કાંઈક લાભ મળે તે સ્વાભાવિક છે. પણ જે ગેરલાભ અને હાનિની ભયંકર કલ્પનાઓ કરવામાં આવે છે તેને લેશમાત્ર પણ અવકાશ નથી. વિલય પામતા મુંબઇ પ્રદેશમાં પણ આપણે લઘુમતીમાં જ હતા. એમ છતાં ધંધા-ઉદ્યોગ આબાદીમાં ગુજરાતીઓ આગળ વધતા જ રહ્યા છે અને તેના વિકાસને કોઈ પણ દિશાઓથી રૂંધવામાં આવ્યો નથી. જે ગુજરાતી ભારતના કોઈ પણ વિભાગમાં નાનું સરખું હાટડું માંડીને હજારો કમાઇ શકે છે અને કોઇ પણ નાના કે મોટા ઉદ્યોગમાં ઝંપલાવતાં બીતો કે અચકાતો નથી, એ ગુજરાતીને કોઇ પણ રચનામાં બીવાનું કે સ્વાર્થ-હાનિ થવાનો ભય રાખવાનું કારણ નથી. ગુજરાતને પ્રકૃતિથી સાહસ અને શ્રી વરેલી છે અને એમ છતાં સ્વાર્થને ગૌણ બનાવીને દેશની પ્રગતિમાં હંમેશા અત્યન્ત મહત્ત્વનો ફાળો આપવાની તેણે પરંપરા જમાવી છે. આ પ્રતીતિ અને શ્રધ્ધા ઉપર આપણા ગુજરાતી સભ્યો-એ દ્વિભાષી મુંબઇને કશી પણ શંકા કે સંકોચ વિના આવકાર્યું છે. આપણે જેમના કારણે આજે ઉંચું માથું રાખીને ચાલીએ છીએ તે આપણા ઢેબરભાઇએ અને મોરારજીભાઇએ પણ આ દરખાસ્ત ઉપર એ પ્રતીતિ અને શ્રધ્ધાના બળે પોતાની સંમતિની મહોર મારી છે. તેમણે કરેલા કાર્યનો ઇનકાર કરતાં પહેલાં આપણે હજાર વાર વિચાર કરીએ. તેમને અપ્રતિષ્ઠિત બનાવીને આપણી પ્રતિષ્ઠાને નાબુદ કરીશું એ વાસ્તવિકતાની આપણે રખે ઉપેક્ષા કરીએ. જે ગાંડપણે આપણા માનસને ઘેરી લીધું છે તેની મૂર્છામાંથી બુધ્ધિપૂર્વક પ્રયત્ન કરીને આપણે ઉંચા આવીએ, અને દેશની નવરચનામાં અનુપમ દાખલો બેસાડનાર દ્વિભાષી મુંબઇના ગૌરવનું આપણે સર્વ પ્રકારે અનુમોદન કરીએ !

પરમાનંદ

ચાલો આપણે ઉડીએ !

મુંબઇથી ભાવનગર અને ભાવનગરથી મુંબઈ—એમ વિમાન માર્ગે પ્રવાસ કરવાનું આજ સુધીમાં ઘણી વખત બન્યું છે. આ વ્યોમ-વિહારમાં પણ જેની છાપ મારા ચિત્ત ઉપર સુદૃઢપણે અંકિત થયેલી છે તેવા ત્રણ પ્રવાસોને (બે ભૂતકાળમાં સમાયલા અને એક તાજેતરનો) શબ્દાંકિત કરવાનો આ નમ્ર પ્રયાસ છે. જેમ કોઇ અણઘડ ચિતારો ચિત્રફલક ઉપર રંગો પાથરીને સામેનું દૃષ્ય ચીતરવાના પત્ર—પટ ઉપર ઉતારવા—આલેખવા—પ્રયત્ન કરે એવો આ મારો પ્રયત્ન છે. રસિક વાંચકો આ લેખમાં રહેલા અણઘડપણાની ઉપેક્ષા કરશે અને તે પાછળ રહેલા ઉડ્યન તેમજ સૃષ્ટિસૌન્દર્યલક્ષી તીવ્ર સંવેદનને આત્મસાત્ કરશે અને પ્રસ્તુત પ્રવાસો દરમિયાન જે ઉત્કટ આનંદની લાગણીઓએ મને નવાજ્યો છે તે જ ઉત્કટ આનંદની કલ્પના તેમના દિલમાં પણ આનંદપ્રકંપ પેદા કરશે એવી મારી આશા છે.

સૌથી પહેલો ઉડ્યન—અનુભવ

સૌથી પહેલો એરોપ્લેનનો પ્રવાસ મેં આજથી ૨૧ વર્ષ પહેલાં કર્યો. એ વખતે હિંદમાં એરોપ્લેનો ઉડવાં શરૂ થઇ ચુકયાં હતા, પણ મુંબઈ—ભાવનગર વચ્ચે રીતસરની 'સર્વીસ' શરૂ થઇ નહોતી. આ એ દિવસો હતા કે જ્યારે શરૂ કરવા ધારેલ સર્વીસની અજમાયશો ચાલતી હતી. જે દિવસે સવારે એરોપ્લેનની પહેલી મુસાફરી કરવાની મને તક મળી તે જ દિવસે સાંજે આમેય હું અમુક કામ માટે ભાવનગર જવાનો જ હતો. સવારે આઠેક વાગ્યે ભાવનગર સ્ટેર્ઇટ એજન્સીમાંથી ટેલીફ્રોન આવ્યો કે 'કલાકેકમાં જુહુ એરોડ્રોમ ઉપરથી બે પેસેન્જરનું એક એરોપ્લેન 'ટ્રાયલ સર્વીસ' માટે ભાવનગર જવા ઉપડે છે. તમારી તેમાં જવાની ઇચ્છા હોય તો ત્યાં જલ્દિ પહોંચો.' જે વિષે ચિત્તમાં કંઇ કંઈ કલ્પનાઓ ભરેલી હતી તેને લગતી તક આમ એકાએક સામે આવીને ઉભી રહેશે એમ સ્વપ્ને પણ કલ્પેલું નહિ. આ તકનો લાભ લેવાનો મેં તો તરત જ નિર્ણય કરી લીધો અને તૈયાર થઇને એરોડ્રોમ ઉપર વખતસર પહોંચી ગયો. આ એરોપ્લેન સાવ નાનું હતું. આગળ પાઇલટ અને પાછળ બે પેસેન્જર બેસે એટલી એમાં સગવડ હતી. માથે ઢંકાયેલું હતું, પણ બધી બાજુએ કાચની બારીઓ સરકાવીને ખોલી શકાય, તેમાંથી હાથ બહાર કાઢી શકાય અને એ રીતે પવનની ઝાપટનો ખ્યાલ પામી શકાય એવી તેમાં સગવડ હતી. કુતુહલભર્યા ચિત્તે એમાં હું બેઠો. બાજુએ કોણ હતું એ યાદ નથી. થોડી વારમાં ભૂતળનો ત્યાગ કરીને વિમાન આકાશમાં ઉડવા લાગ્યું અને દરિયાને કિનારે કિનારે ઉત્તરમાં આગળને આગળ ચાલવા લાગ્યું. નીચે મુંબઇનાં પરાંઓ એક પછી એક પસાર થવા લાગ્યાં. ઉપરથી મોટાં નાળાં જેવા દેખાતા દરિયાના બે પુલ વટાવીને એરોપ્લેન આગળ ચાલ્યું. પશ્ચિમ બાજુએ અરબ્બી સમુદ્ર ક્ષિતિજની સીમાને સ્પર્શી રહ્યો હતો; પૂર્વ બાજુએ પશ્ચિમ ઘાટના ગિરિશૃંગો નજરે પડતાં હતાં. થોડી વારમાં જમીન છોડીને દરિયા ઉપર વિમાન ઉડવા લાગ્યું. જમણી બાજુએ એક પછી એક નદીઓ દમણગંગા, તાપી, નર્મદા વગેરે દરિયામાં સમાઇ જતી નજરે પડવા લાગી. થોડી વારમાં વાયવ્ય દિશાએ જમીન જેવું કાંઇક નજરે પડયું. જોતજોતામાં સૌરાષ્ટ્રનો કીનારો સાફ સાફ દેખાવા લાગ્યો. દરિયા વચ્ચે લીલા ગાલીચા જેવો પીરમ બેટ ધ્યાન ખેંચવા લાગ્યો. ઘોઘા ઉપર થઇને ભાવનગરના ગધેડિયા બેતરમાં અમારૂં વિમાન નીચે ઉતર્યું. બાળક જેમ ભાત-ભાતનાં રમકડાંની ટોપલી જોઇને ખુશ ખુશ થઈ જાય તેમ આ અભૂતપૂર્વ રોમાંચસંભારે મારા દિલને ભરી દીધું અને તેની પ્રમત્તતાએ કંઈ દિવસો સુધી ચિત્તનો કબજો છોડ્યો નહિ.

એ રોમાંચભરપુર અઠ્ઠાવીશ કલાક

આપણું જીવન જ્યારે ચાલુ ઘરેડમાંથી પસાર થતું હોય છે, સવારથી સાંજ અને સાંજથી બીજી સવાર–એમ દિવસો નિત્યક્રમના ચોક્કસ ચોગઠામાંથી પસાર થતા હોય છે, ત્યારે જીવનની રેંટમાળ હેતુશૂન્ય–અનુભવશૂન્ય–ચાલ્યા કરતી માલુમ પડે છે અને મનમાં ખાલીપણું લાગ્યા કરે છે. બીજી બાજુએ ચાલુ જીવનમાં એવા પણ કદિ કદિ દિવસો આવે છે કે જ્યારે ક્ષણે ક્ષણે આપણે નવ–નવીન અનુભવમાંથી પસાર થઇ રહ્યા હોઇએ એમ લાગે છે અને એમ બને છે ત્યારે જે અનુભવ મેળવવા માટે સામાન્યતઃ આપણે દિવસોના દિવસો પસાર કરવા પડે તે અનુભવ–સંભાર ચોવીશ કે અડતાલીશ કલાકના ચોગઠામાં ખીચોખીચ ભરાઈ ચુકયો હોય એમ પણ આપણે અનુભવીએ છીએ. આ પ્રકારનો અનુભવ મને આજથી આઠ વર્ષ પહેલાં માત્ર ૨૮ કલાકના ગાળામાં થયો હતો. જામનગરમાં સૌરાષ્ટ્રનાં રાજ્યોના વિલીનીકરણનો અને નવનિર્માણ પામતા એકમનો સમારંભ હતો. તે પ્રસંગ ઉપર પહોંચી જવા માટે મારા મિત્ર શ્રી વાડીલાલ ચત્રભુજ ગાંધીના ત્રણ બેઠકના એરોપ્લેનમાં અમે આગળના દિવસની સાંજે પાંચ વાગ્યા લગભગ જુહુ એરોડ્રોમ ઉપરથી ભાવનગર તરફ ઉપડયા. શિયાળાની એ ઋતુ હતી. પશ્ચિમ ક્ષિતિજને સૂર્યનું લાલ બિંબ અડકી ઉભું હતું એવા સમયે સંધ્યા વખતે અમે ભાવનગર પહોંચ્યા. ત્યાં રાત રહ્યા. સવારે નવ વાગ્યા લગભગ અમે ભાવનગરથી જામનગર જવા ઉપડયા. સૌરાષ્ટ્રના દ્વિપકલ્પને આરપાર વીંધીને અમારે ભાવનગરથી જામનગર પહોંચવાનું હતું. વિમાનમાંથી સૌરાષ્ટ્રના ઘેરી રાજમાર્ગો, નદી નાળાંઓ, નાનાં મોટાં ગામડાંઓ અને શહેરો દૃષ્ટિગોચર બનીને પસાર થતાં હતાં. એવામાં નીચે વાદળાંઓની ધટ્ટ જમાવટ થઇ ગઈ. ઉપર સ્વચ્છ આકાશમાં સૂર્ય ઉષ્મા અને આતપ વરસાવી રહ્યો હતો. નીચે શ્વેત વાદળાંઓનો ગાલીચો સર્વત્ર પથરાઇ ચુકયો હતો. એ અદ્‌ભૂત દૃષ્ય માણતાં માણતાં અમે જામનગર પહોંચ્યા. પણ ત્યાં આગળ ઘેરો ઘાલીને બેઠેલું ધુમ્મસ નીચેનું કશું કળાવા દેતું નહોતું. એરોપ્લેને ચક્કાવા લેવા શરૂ કર્યા; ઘડિમાં જમીન ઉપર, ઘડિમાં દરિયા ઉપર એમ અડધી કલાકની પ્રદક્ષિણા બાદ ધૂમ્મસે અમને માર્ગ કરી આપ્યો અને અમારું વિમાન જામનગરના વિમાનઘર સમીપ ઉતરી શકયું.

બપોરના ભાગમાં સૌરાષ્ટ્રના ઇતિહાસમાં આજ સુધીમાં કદિ નહિ બનેલી અપૂર્વ રાજકીય ઘટનાના અમે સાક્ષી બન્યા. સૌરાષ્ટ્રના મુખ્ય મુખ્ય રાજવીઓએ પોતપોતાની રાજ્યસત્તા સૌરાષ્ટ્રના એકમને ચરણે ધરી દીધી. એ સમારંભ પુરો થયો નં થયો અને અમે એરોડ્રોમ ઉપર પહોંચ્યા અને અમારા વિમાનમાં આરૂઢ થઇને આકાશ માર્ગે મુંબઇ ભણી ઉડ્ડયન આરંભ્યું.

સમય સાંજનો હતો. પશ્ચિમ આકાશમાં પ્રવાસ કરી રહેલો સૂર્ય શીતોષ્ણ આતપ વડે પૃથ્વીને ઉજાળી રહ્યો હતો. ચોતરફ કાચની બારીઓ હોવાને કારણે ચારે દિશાના પ્રદેશો અમને દૃષ્ટિગોચર થતા હતા. વિશાળ આકાશના અનન્ત પટમાં અમારું ટપકાં જેવું વિમાન નવથી દશ હજાર ફીટની ઉંચાઇએ ૧૫૦ થી ૨૦૦ માઇલની ગતિએ ઉડી રહ્યું હતું. નીચેથી રાજકોટ પસાર થતું લાગ્યું. બહુ ઉંચાઇના કારણે અત્યન્ત વિશાળ પ્રદેશને અમારી દૃષ્ટિ આવરી શકતી હતી. નાના મોટા અનેક નદીપ્રવાહો સૂર્યપ્રકાશના કારણે ચીકોરી કાચની માફક ચમકતા દેખાતા હતા. થોડી વારમાં પશ્ચિમ દિશાએ દૂર દૂર વિશાળકાય ગીરનાર અમારી નજરે પડયો. સૂર્યબિંબ તે પાછળ સંતાયેલું હોવાના કારણે ભૂરા આકાશપટ ઉપર ઉઠી આવતા ગીરનારની શ્યામલ દેહરેખા અનેરી ભવ્યતા ધારણ કરી રહી હતી. જાણે કે આખા સૌરાષ્ટ્રને અમારી આંખોમાં સમાવી દેવા માંગતું હોય તેમ અમારું વિમાન સૌરાષ્ટ્રના સમગ્ર ભૂમિતળના એક છેડાથી બીજા છેડા તરફ ગતિ કરી રહ્યું હતું. સૂર્ય અસ્ત પામી ચુકયો હતો. સંધ્યાના આછા અજવાળામાં અમે આગળ વધી રહ્યા હતા. થોડી વારમાં અમારી ડાબી બાજુએ લગભગ નીચે શત્રુંજયનાં દર્શન થયાં. શત્રુંજય આમ તો અનેકવાર જવાનું બન્યું છે, પણ તેની ઉપર થઇને પસાર થવાનો આ પહેલો જ પ્રસંગ હતો. તળાજા–મહુવા–જાફરાબાદ બાજુએ થઇને અમારા વિમાને સમુદ્ર ઉપર ઉડ્ડયન કરવા માંડયું અને દક્ષિણ દિશાએ આગળ વધવા માંડયું. શુકલપક્ષની એ સાંજ હતી. ધીમે ધીમે સાંજના અજવાળાં સંકેલાયાં અને રાત્રીનાં તિમિર જગત ઉપર ઉતરવા લાગ્યાં. અષ્ટમીના ચંદ્રની શ્વેત પ્રભા જગત ઉપર વિસ્તારવા લાગી. દમણ બાજુ પશ્ચિમ કિનારા ઉપર અમારું વિમાન આવી પહોંચ્યું. ચાંદનીના આછા તેજમાં નીચેના પ્રદેશો ભુખરા લાગતા હતા. ઝાડપાન, ટેકરા ટેકરી, નદી નાળાં, નાનાં મોટાં વસતીસ્થાનો આછાં આછાં નજર ઉપર આવતા હતાં. થોડીવારમાં મુંબઇનાં પરાંઓ આવ્યા. એ પરાંઓના અને મુંબઇના દીવાઓ જાણે કે દીવાળીની દીપમાળ પ્રગટાવી હોય એવી અનુપમ શોભાને ધારણ કરતા લાગ્યા. રાત્રીના સાડા આઠ વાગ્યા લગભગ અનેક બત્તીઓ અને "ફ્લડ લાઇટો" થી સુપ્રકાશિત એવા સાન્તાક્રુઝના એરપોર્ટ ઉપર અમે સહીસલામત ઉતર્યા.

આમ રેલ્વે દ્વારા જે પ્રવાસ પૂરો કરતાં સહેજે અઠવાડિયું લાગે તે પ્રવાસ અમે ૨૮ કલાકના ગાળામાં હવાઈ વિમાન દ્વારા પૂરો કર્યો. મુંબઇથી ઉપડયું. ભાવનગર પહોચ્યું, ત્યાં રાત્રી પસાર કરવી, વળી ત્યાંથી જામનગર જવા ઉપડયું, જામનગરમાં એક અસાધારણ ઐતિહાસિક પ્રસંગમાં ભાગ લેવો, ત્યાંથી વળી મુંબઇ તરફ જવા માટે ઉપડયું, આ રીતે આખા સૌરાષ્ટ્રને અને અરબ્બી સમુદ્રને વીંધવો, સાન્તાક્રુઝના એરોડ્રોમની અને પ્રકાશોજ્જવલ ભૂમિતલ ઉપર આવી પહોચ્યું– આ બધું કેવળ ૨૮ કલાકના ગાળામાં બન્યું–આ વાસ્તવિક અનુભવ કલ્પનાને પણ હરાવે એવો લાગ્યો. ૫૦ વર્ષ પહેલાં કોઇને આવું સ્વપ્ન પણ સંભવતું નહોતું. એ અઠ્ઠાવીસ કલાકમાં જાણે કે એક યુગ સમાઇ ગયો ન હોય એવા આ અનુભવને આજે પણ યાદ કરતાં હું અવર્ણનીય રોમાંચ અનુભવું છું.

વર્ષાઋતુમાં નાનો સરખો વ્યોમવિહાર

અંગત કામ માટે મારે મુંબઇથી રેલ્વે માર્ગે અમદાવાદ થઇને ગયા જુલાઈ માસની ૨૭ મી તારીખે ભાવનગર જવાનું બન્યું. ત્યાંનું કામ પતાવીને તા. ૩૦ મી ના રોજ સાંજના આકાશમાર્ગે હું અન્ય સહકાર્યકર્તાઓ સાથે મુંબઈ પાછો આવ્યો. આ માટે ભાવનગર એરપોર્ટ ઉપર અમે સાંજના સાડાચાર વાગ્યા લગભગ આવી પહોંચેલા. તે દિવસે ભાવનગરમાં બપોરથી વરસાદનાં ઝાપટાં પડવા શરૂ થઈ ગયેલાં. એરપોર્ટ ઉપરથી આકાશનો વિરાટ ધુમ્મટ ચારે બાજુએ દૃષ્ટિપથને સ્પર્શતો હતો. પૂર્વ બાજુએ જામેલાં વાદળાંઓમાંથી વરસી રહેલી જલધારાઓ દૂરથી નજરે પડતી હતી. પશ્ચિમ બાજુએ શ્વેત વાદળોમાં સૂર્ય છુપાયેલો હતો. વાદળ અને ધુમ્મસને વીંધતું પશ્ચિમ દિશાએથી આવી રહેલું વિમાન એક મોટો ચક્કાવો લઇને જમીન ઉપર ઉતરવા લાગ્યું અને સવા પાંચ વાગ્યા લગભગ અમારી સામે આવીને ઉભું રહ્યું. તેમાં મને સહ્રદયે પશ્ચિમ બાજુની બેસવાની જગ્યા મળી ગઇ. સાડાપાંચ વાગ્યા લગભગ અમારા વિમાને ઉડ્ડયનનો આરંભ કર્યો. તેનો માર્ગ ઘોઘાપીરમબેડ ઉપર થઇ, અરબ્બી સમુદ્રમાં દક્ષિણ તરફ આગળ વધીને તાપી બાજુએ થઇને તીથ્થલ, વાપી, દમણ, વસઇ પસાર કરીને મુંબઇ પહોંચવાનો હતો. આકાશ સ્વચ્છ હોય તો તો આપણે કયાં છીએ અને કઈ તરફ જઈ રહ્યા છીએ તેની થોડી ઘણી ખબર પડતી રહે, પણ આ તો ચોમાસાની ધટ્ટ ઋતુ હતી; પ્રવાસના સમગ્ર પ્રદેશ ઉપર જ્યાં ત્યાં વાદળો પથરાયલાં હતાં; ધુમ્મસ પણ અવારનવાર અમારા વિમાનને ગાઢપણે ઘેરી લેતું હતું; ભૂતળ લગભગ અગોચર હતું. વિમાન અન્તરિક્ષમાં પૂરિ ગતિએ આગળ વધ્યે જતું હતું. પૃથ્વી સાથેના અમારા સંબંધનો જાણે કે વિચ્છેદ થયો હોય અને રૂના ધોંકણાં જેવાં વાદળો અને શ્વેતશ્યામ ધુમ્મસની બનેલી કોઈ જુદી જ દુનિયામાં અધ્ધર વિચરી રહ્યા હોઇએ એવો કોઇ અસામાન્ય અનુભવ અમે કરી રહ્યા હતા. કાચની નાની સરખી બારી-

માંથી એકાટશે આ બધી કુદરતની અપૂર્વ લીલા જોતાં નીરખતાં દિલમાં ઉત્કટ આનંદની ઊર્મિઓ ઉછળતી હતી. પશ્ચિમ આકાશમાં સૂર્ય નીચે ઉતરતો જતો હતો. વાદળનાં આવરણ હળવાં થતાં ધુમ્મસ-ધુસર સૂર્યબિંબ સ્પષ્ટ-અસ્પષ્ટ દેખાતું અને તેનાં કિરણો વડે અમારા વિમાનની પાંખો ક્વચિત્-ક્વચિત્ ચમકી ઉઠતી. કદિ કદિ દૃષ્ટિગોચર બનતા નીચેના તરંગલોલ જલરાશિમાં એ કિરણો પ્રતિબિંબિત થતાં હતાં. વાદળમાંથી અવારનવાર ડોકીયાં કરતા સૂર્યનો આછો પ્રકાશ અને મીઠો તડકો મન તેમ જ શરીરને અલ્હાદ આપતો હતો. નીચેનો સમુદ્રપટ પણ આ જ રીતે અવારનવાર ખૂલ્લો થઈ જતો અને નિર્મળ ચિત્તમાં વિલસતી સાત્વિક વૃત્તિઓ માફક છુટાછવાયાં અત્ર તત્ર વિચરતા રૂના પોલ જેવાં નાનાં નાનાં વાદળો આંખોનું અનુપમ રંજન કરતાં હતાં. વળી આગળ ચાલતાં ઉપરના ભાગનું આકાશ એકાએક લગભગ નિર્મળ બની ગયું અને નીચે વાદળોના ઢગની સુન્દર ધોછાત પથરાઈ ગઇ. એ વાદળોની મનોરમ શ્વેતતા અને ઉપરના આકાશની અનન્તતાસૂચક આછી નીલિમા બન્નેનો સુયોગ-સહયોગ નીરખતાં આંખો થાકતી નહોતી.

આમ કાંઈક સ્થિરતાને ધારણ કરેલા દૃષ્યને પલટાતાં વાર ન લાગી અને દક્ષિણ બાજુએથી વાદળોનું આક્રમણ એકાએક શરૂ થઇ ગયું. શ્વેતહરતી જેવા વિશાળ ભવ્ય વાદળો અમારા વિમાનની બાજુએ થઇને પસાર થવા લાગ્યાં, તેની પાછળ જળભર્યાં વાદળોનો હુમલો શરૂ થયો, પવન પણ જોરથી ફુંકાવા લાગ્યો, આકાશ ઘનઘોર બની ગયું, વરસાદ જોસભેર વરસવા લાગ્યો, જાણે કે આખું આભ અમારા ઉપર તૂટી પડતું ન હોય એવો અનુભવ થવા લાગ્યો. એરોપ્લેન આમથી તેમ ડોલવા અને આંચકા ખાવા લાગ્યું. અંદર બેઠેલા સૌ કોઇના દિલને નાના સરખા ભયની લાગણી સ્પર્શી ગઈ. બહાદુર યોધ્ધાની માફક એરોપ્લેન સામી છાતીએ આ વાદળ, વરસાદ અને વાયુની પ્રચંડ ઝડીઓનો સામનો કરી રહ્યું હતું અને મુંબઇ સમીપ જઇ રહ્યું હતું. થોડીવારે નીચે સમુદ્રપટને સ્પર્શતી જમીનની કોર દેખાતાં મુંબઇના સીમાન્ત પ્રદેશોની સમીપ આવ્યા હોઇએ એમ લાગ્યું. છ અને પચાસ મીનીટે મુંબઇના એરપોર્ટ ઉપર પહોંચીશું એમ પ્રવાસની અધવચ્ચમાં અમને જણાવવામાં આવેલું. એટલે હવે થોડી વારમાં નીચે ઉતરીશું એવી અમે કલ્પના કરવા માંડી. એવામાં ગાઢ ધુમ્મસે સમસ્ત આકાશ-પ્રદેશને ઘેરી લીધો. નીચે, ઉંચે, આસપાસ અંધકાર અને ધુમ્મસ સિવાય બીજું કશું દેખાય નહિ. છ પચાસથી આગળ ઘડિયાળનો કાંટો ચાલવા લાગ્યો, પણ એરોપ્લેન તો ચાલ્યા જ કરે. કયાં જાય છે, કઈ બાજુએ જાય છે તેની કાંઇ ખબર ન પડે. વચમાં વળી નીચેનો પ્રદેશ જરા ખુલી જાય તો ઘડિમાં જમીન દેખાય, ઘડિમાં દરિયો દેખાય. વળી પાછું ધુમ્મસ અમને ચારે બાજુએથી ઘેરી વળે. રખેને પાયલટ અમને પૂના તરફ તો નથી લઇ જતોને એમ મનમાં તર્ક આવ્યો. એમ પંદર મીનીટ સુધી વિમાન ચાલ્યા જ કર્યું, એટલામાં નીચેનો પ્રદેશ કાંઇક ખુલ્લો થયો અને શાન્તાક્રુઝ એરપોર્ટ નજરે પડ્યું. અમારું વિમાન આમથી તેમ ઘુમરી લેતું લેતું, જ્યારે સૂર્ય અસ્ત પામી ચુકયો હતો અને રાત્રીનો અંધારપીછોડો પૃથ્વીપટ ઉપર ઉતરી રહ્યો હતો, સંધ્યા વિદાય લઇ રહી હતી અને વર્ષાની ધારાઓ પૃથ્વીના પટને પલાળી રહી હતી ત્યારે અમારું વિમાન સપાટ જમીનને સ્પર્શ્યું અને સરકતું સરકતું એરોડ્રોમમંડપ સમીપ આવીને ઉભું રહ્યું. આમ અનેક રોમાંચોથી સભર બનેલો, જાણે કે કોઈ નાની પેટીમાં ઠાંસી ઠાંસીને ઝવેરાત ભર્યું ન હોય એવો, સઘન ઉર્મિઓથી ભરેલો, એરોપ્લેનમાં પસાર કરેલો આશરે બેઢ કલાક ચિત્તમાં એક ચિરસ્મરણીય અને જ્યારે યાદ કરું ત્યારે દિલમાં મધુરપ્રકંપ પેદા કરે તેવી છાપ મુકી ગયો.

ઉપસંહાર

માનવી માત્ર સ્થિતિસ્થિર રહેવાને બદલે ગતિશીલ બનવામાં હંમેશા વધારે આનંદ અનુભવતો આવ્યો છે. પગે ચાલો, ગાડામાં બેસો, ઘોડાગાડીમાં બેસો, રેલ્વે ટ્રેન કે મોટરમાં બેસો-આવી કોઈ પણ ગતિશીલતા હંમેશાં આનંદોત્તેજક બને છે અને જેમ ગતિ વધારે તેમ ગતિશીલતાની રોમાંચકતા વધે છે. એરોપ્લેનના આગમને આપણા અનુભવને વધારે ઉત્કટ બનાવ્યો છે. જ્યારે બીજાં બધાં વાહનો પૃથ્વી ઉપર અને પૃથ્વીને સ્પર્શીને ચાલે છે ત્યારે આ વાહન ગતિમાન થતાં પૃથ્વીથી વિમુક્ત બનીને, ચારે બાજુએથી જાણે કે નિરાધાર ન હોય એમ અનન્ત આકાશમાં અતિ શીઘ્ર ગતિએ વિહાર કરે છે. આવા વિમાનમાં બેસીને વ્યોમવિહાર કરવામાં કોઇ જુદા જ સૌન્દર્યનો અનુભવ થાય છે, કલ્પનાને પણ કોઈ નવી પાંખો ફુટે છે અને પહેલાં કદિ ન અનુભવી હોય એવી અવર્ણનીય રોમાંચકતા ચિત્તને પુલકિત કરે છે. એ રીતે ઉડતાં આપણને આપણી અલ્પતાનું અને વિશ્વના વિરાટપણાનું સહજ ભાન થાય છે અને દિશા અને કાળથી અનવચ્છિન્ન, ચૈતન્યસ્વરૂપ પરમજ્યોતિ સાથે આપણા ચિત્તનું કોઇ અનુસંધાન થતું લાગે છે. આ વિમાન જ્યારે પૃથ્વી ઉપર પાછું ઉતરે છે ત્યારે આપણે કોઈ સચેત સમાધિમાંથી જાગૃત થતા હોઇએ અને એની એ પૃથ્વી ઉપર પાછા પટકાતા હોઇએ-એવી કોઈ વિલક્ષણ લાગણી આપણા સમગ્ર ચિત્તને આવરી લે છે. આ પ્રકારના માનસિક સંવેદનના કારણે ભાવનગરથી મુંબઇ વચ્ચેનું પ્રત્યેક ઉડ્ડયન મને હંમેશાં નિત્યનૂતન લાગ્યું છે. **પરમાનંદ**

આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળા

તા. ૧ સપ્ટેમ્બરથી તા. ૯ સપ્ટેમ્બર સુધી

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ આયોજીત પર્યુષણ વ્યાખ્યાનમાળા સપ્ટેમ્બર માસની પહેલી તારીખ અને શનીવારે શરૂ થશે અને તે માસની નવમી તારીખ અને રવિવારે પુરી થશે. શરૂઆતની સાત દિવસની સભાઓ ફ્રેંચ બ્રીજ ઉપર આવેલા બ્લેવાટ્સ્કી લોજમાં હંમેશા સવારે ૮॥ વાગ્યે શરૂ થશે; પછીની તા. ૮ મી ની વ્યાખ્યાન, સભા લેમીંગ્ટન રોડ ઉપર આવેલા રોકસી થીએટરમાં અને તા. ૯ મી ની વ્યાખ્યાનસભા ભારતીય વિદ્યાભવનમાં એ જ સમયે ભરાશે. આ વખતના વ્યાખ્યાતાઓમાં પં. સુખલાલજી, માન્યવર મોરારજીભાઈ, કાકાસાહેબ કાલેલકર, શ્રી. નારાયણ દેસાઇ, શંકરરાવ દેવ, આપ્પાસાહેબ પટવર્ધન, શાન્તિલાલ શાહ, વૈકુંઠભાઈ લલ્લુભાઈ મહેતા, ઇન્દુમતીબહેન ચીમનલાલ, ચીમનલાલ ચકુભાઇ શાહ, અધ્યાપક હસુખભાઈ માલવણિયા વગેરે હશે. પહેલા દિવસે અધ્યાપક નલીન ભટ્ટ 'ધર્મોનું મીલન' અને સ્વામી અખંડાનંદ 'શ્રેય પ્રેય વિવેક' એ વિષય ઉપર વ્યાખ્યાન આપશે. આખો કાર્યક્રમ એ દિવસોનાં સામયિક પત્રોમાં પ્રગટ કરવામાં આવશે.

સંઘના સભ્યોને વિજ્ઞપ્તિ

આ સાથે ચોડેલી પટ્ટીમાં જણાવ્યા મુજબ ચાલુ વર્ષનું આપનું લવાજમ રૂ. ૫ હજુ સુધી અમને મળ્યું નથી તો પર્યુષણ દરમિયાન આપનું લવાજમ વ્યાખ્યાન સભાના સમયે ભરી જવાનું કૃપા કરીને ચુકશો નહિ.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

સ્વ. ધર્માનંદ કોસમ્બી રચિત નાટક

બોધિસત્ત્વ

કાકાસાહેબ કાલેલકર તથા સ્વ. ધર્માનંદ કોસમ્બીની પ્રસ્તાવનાઓ સાથે

પ્રકાશક :

મુંબઈ જૈન યુવક સંઘ, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩

કીંમત રૂા. ૧-૮-૦, પોસ્ટેજ ૦-૨-૦

મુંબઈ જૈન યુવક સંઘના સભ્યો તથા પ્રબુદ્ધ જીવનના ગ્રાહકો માટે કિંમત રૂા. ૧-૪-૦

સ્વરાજ આવ્યું છતાં—

(આ લેખ આજથી પાંચ મહીના પહેલાં લખાયલો હોવા છતાં આજે પણ એટલો જ પ્રસ્તુત છે એમ સમજીને અહિં 'ફ્રોડિયું'માંથી સાભાર ઉધ્ધૃત કરવામાં આવે છે. **તંત્રી**)

અલ્લાહબાદથી ૧૪ માઇલ દૂર સહંસો ગામની આસપાસનાં ૩૪ ગામોમાં ખાદી બોર્ડ તરફથી સઘન ક્ષેત્ર યોજના, માલપરા કેન્દ્ર જેવી, ચાલે છે. તે, ગયા સપ્તાહમાં, હું જોવા ગયો હતો.

શ્રી ઢેબરભાઇ અંબર ચરખાનું કામ જે ગામમાં સારુ ચાલતું હોય તે પ્રત્યક્ષ જોવા માગતા હતા. અલ્લાહબાદ ને બનારસની આજુ-બાજુનાં ગામો કેવાં સ્વાવલંબી થઇ શકયાં છે, આ ગામોમાં સ્વતંત્ર રીતે જનશક્તિ જે પેદા થઇ છે, અને તે મારફત ગામનાં સાર્વજનિક સેવાનાં કામ સર્વોદય અંત્યોદયની દૃષ્ટિએ થઇ રહ્યાં છે તે જોવાનું આ ક્ષેત્રોમાં મળશે એમ ધારી ઉત્તર પ્રદેશની યાત્રાએ શ્રી. ઝવેરભાઈ પટેલ સાથે હું નીકળ્યો હતો.

પણ કોણ જાણે કેમ જે સારું કામ થઇ રહ્યું હોય છે તે પર મારી નજર ઠરે છે તે કરતાં જે નથી થતું તેવું કામ મારી નજરમાં તરત આવી જાય છે, અને પછી સમદૃષ્ટિ કે શુભદૃષ્ટિને બદલે કાગ-દૃષ્ટિ મારા પર સવાર થઇ જાય છે.

સુહંસો ગામમાં સપ્તાહમાં બે વાર ગુજરી ભરાય છે. એ બજાર જોતો હતો, ત્યાં એક પાકા મકાન પર નાગરીલિપિમાં મોટા અક્ષરે કોતરાયેલ 'બેસિક પ્રાઇમરી વિદ્યાલય' શબ્દો જોયા. જીવનની શરૂઆત મેં ગૂજરાત વિદ્યાપીઠના પ્રાથમિક શાળાના નિરીક્ષક તરીકે ઇ. સ. ૧૯૨૧ માં કરેલી, ત્યારથી આ પ્રાથમિક શાળાના કામમાં મને સ્વાભાવિક રસ છે. ઇ. સ. ૧૯૨૧ માં શરૂઆતમાં સાબરમતી આશ્રમની પાસે આવેલ નાના ગામ નારાયણપરામાં એક ઘૂડી શાળા, કોલેજની પ્રોફેસરી છોડયા બાદ મેં ચલાવી હતી.

સેવાગ્રામમાં ગયા માસમાં ભરાયેલ ઉતર બુનિયાદી કોન્ફરન્સમાં હાજરી આપી હતી.

એટલે સહંસો ગામની બુનિયાદી શાળા જોવાનું મન હું રોકી ન શકયો.

મેં શું જોયું ?

એક મોટો ઓરડો ૧૦ ફૂટ પહોળો ને ૩૦ ફૂટ લાંબો હતો ને આગળ એવડી જ ખુલ્લી ઓસરી હતી. તેમાં મિલમજૂરોનાં કે કોલસાની ખાણમાં કામ કરનાર મજૂરોનાં છોકરાંને પણ શરમાવે તેવાં ૧૬૩ છોકરાં એકડિયાથી પાંચ ધોરણ સુધીનું ભણતાં હતાં. માસ્તર ૬ ધોરણ માટેના. શિક્ષકોના પગાર હડતાળ પછી વધારવાને કારણે ૬ શિક્ષકોમાંથી ચાર શિક્ષકો કરી નાખવામાં આવેલ છે.

આ શાળા બુનિયાદી કઈ રીતે કહેવામાં આવે છે તે તપાસતાં માલૂમ પડયું કે છોકરાંની પાસે તકલી કંતાવવામાં આવે છે. મેં તકલીઓ બાળકો પાસે દફ્તરમાંથી કઢાવી તો બોટી તકલીઓ જોવા મળી.

પૂ. ગાંધીજીના નિર્વાણદિને છોકરાંઓએ ૧૨ આંટી કાંતીને ગાંધીઆશ્રમને મોકલાવેલ છે તેમ કહેવામાં આવ્યું.

ગંગાજમનાને કાંઠે આવેલ આ ગામનાં છોકરાંઓ નિયમિત નહાવું શું તે પાંચ ધોરણ ભણ્યા બાદ સમજતાં નથી. અઠવાડિયે માંડ એક દિવસ નહાતાં હશે.

મારી સાથે સઘન ક્ષેત્ર યોજનાના સ્થાનિક કાર્યકર્તા હતા. તેમણે મને ધીમેથી કાનમાં કહ્યું, કે આ બાળકોમાંથી ૮૦ ટકા બાળકો પાસે બીજી ધોતી કે બીજું બાંડિયું બદલાવવા માટે નહીં હોય. જે ધોતી કે બાંડિયું પહેર્યું તે ફાટીને લીરા ન થઇ જાય ત્યાં સુધી બીજું બાંડિયું ખરીદવાની શકિત તેમનાં માબાપની હોતી નથી.

આ વિષે મહેતાજી પાસે ધીમે ધીમે સમજતો હતો ત્યાં મહેતાજી કહે, "કપડાંનું શું પૂછો છો ? રોજ ખાવાનું પણ આ બાળકોને મળતું નથી." રોજ બે ટાણાં ઊની રસોઈ પામનાર કેટલાં બાળકો છે તે છોકરાંને ઊભાં કરી જાણવા પ્રયત્ન કર્યો, તો ૧૬૩ બાળકોમાંથી ૧૮ થી ૨૦ બાળકો બપોરના ભૂંજેલા મમરા ને બાફેલા વટાણા ખાઇને મહિનાઓ સુધી રહે છે. તેની ખાતરી બાળકોએ દફ્તરમાં, ચોથરાંઓમાં આ સુદામાના તાંદુલ બતાવીને કરાવી આપી.

બાળકો સહંસોથી બેત્રણ માઇલ દૂર દૂરનાં ગામડાંઓમાંથી આવતાં હતાં. હરિજન બાળકોની તપાસ કરતાં જણાયું કે બાળકો રોકટોક સિવાય સવર્ણ બાળકો સાથે બેસી, લાકડાના પાટિયાં પર ચાકખડીથી કોપીબૂક લખી શકે છે. પણ લાયક હરિજન વિદ્યાર્થીને સરકાર તરફથી કશી શિષ્યવૃત્તિ મળતી નથી. અને જે અનિયમિત ને ઠોઠ હરિજન બાળક હોય છે, પણ જેનો બાપ પ્રમાણમાં કાંઇક માલ-દાર હોય છે તેના દીકરાને વરસે વગસગને કારણે ૧૮ થી ૨૫ રૂ. મળે છે ને યોગ્ય વિદ્યાર્થીને કશું ઉત્તેજન મળતું નથી. તેથી માસ્તરના મનમાં ને ગામમાં વધારે કચવાટ પેદા થાય છે.

સરકારની શિથિલ અને એકપક્ષીની વાત થવા લાગી એટલે બીજા મદદનીશ માસ્તરને જરાક હિંમત આવી. કહે; "ગયે વરસે અમારા માસ્તરોનો પગાર રૂા. ૩૦ થી વધારી ૪૦ નો કરવામાં આવ્યો, પણ સરકારની તિજોરીમાં પૈસા ખૂટવાથી ૬ શિક્ષકોમાંથી ચાર શિક્ષકો કર્યા. પણ ગામડાંઓમાં બેડૂતોને અક્ષરજ્ઞાનની ભૂખ વધુ લાગવા માંડી છે એટલે સંખ્યા દર વરસે વધતી જાય છે. ગોવાળ આટલાં બકરાંની પણ સંભાળ ન રાખી શકે. એ તો ઠીક, અમે જૂના જમાનાના માસ્તર છીએ એટલે તો જેમ તેમ રોડવીએ છીએ; અમને પગારવધારો ન આપે તો કાંઇ નહીં. પણ દર વરસે મે માસમાં અમને વગર કારણે કમી કરવામાં આવે છે અને દોઢ મહિના પછી શાળા ખૂલે એટલે ફરી નવા પગારથી રોકવામાં આવે છે."

ગામડાંના પટાવાળા ભંગીઓને બારે માસ પગાર મળે છે, પણ નથી પગાર મળતા આ કહેવાતી બુનિયાદી શાળાના મહેતાજીઓને—પંતૂજીઓને.

પહેલાં જે શિક્ષકો ટ્રેઇન્ડ-અધ્યાપન મંદિરમાં ભણીને તાલીમ નહોતા પામ્યા તેમને રજા આપવામાં આવતી. "હવે," મુસલમાન માસ્તર કહે, "સ્વરાજ મળ્યા પછી ટ્રેઇન્ડ શિક્ષકનો ૧૫ રૂા. નો વરસે વધારો મળ્યા પછી માસ્તરને રજા આપવામાં આવે છે ત્યારે અમારું માથું કપાઈ જાય છે, સ્વમાન પર કુહાડાનો ઘા પડે છે. પણ આ યે નીચી મૂંડી કરીને અમે સહન કરીએ છીએ."

સંખ્યા વધવા છતાં ૬ શિક્ષકમાંથી ૪ શિક્ષક કેમ થયા એ પૂછતાં જાણવા મળ્યું કે બે માસથી કન્યાશાળા જુદી કરવામાં આવી છે એટલે જે પ્રથમ ૧૭૩ બાળકો સાથે ૬ કન્યાઓ ભણતી તે કન્યાશાળા માટે અલગ મહેતાજી નીમવામાં આવેલ છે.

પછી કન્યાશાળા જોવાનું મને મન થયું. ગામની બજારમાં બે ચાર નાનકડી ગલીઓમાંથી પસાર થઈ કન્યાશાળાએ પહોંચ્યા. ઢોરની કોઢ જેવી જગામાં ૮ છોકરીઓ પાટી લઇને બેઠી હતી અને તે અંધારિયા ઓરડામાં એક તાલીમ પામેલ બહેન કક્કો ભણાવતી હતી. ૧૬ વરસથી માંડી ૬ વરસ સુધીની ૮ બહેનો કક્કો લખતી હતી.

આ શાળાઓ અલ્લાહબાદ ડિસ્ટ્રકટ બોર્ડ તરફથી ચાલે છે. ડિસ્ટ્રકટ બોર્ડના ચેરમન શ્રી મુન્નિ ઠાકુર અલ્લાહબાદ જિલ્લા કોંગ્રેસ કમિટિના પ્રમુખ છે. તેમની સાથે આ વાત કરી મેં આ વાતની ખાત્રી કરી. મારી તપાસ સાચી છે એ તેમણે કબૂલ કર્યું. પણ છેવટે એટલું આશ્વાસન આપ્યું કે આવતા વરસના બજેટમાં ૧૫૦ શિક્ષ-કોનો પગાર મંજૂર કરવામાં આવ્યો છે, એટલે આવતા વરસથી માસ્તરને ગરમીની રજામાં નહીં કાઢી મૂકવામાં આવે.

આ નઈ તાલીમ પંડિત જવાહરલાલજીની કોન્સ્ટીટ્યુઅન્સી-મત-વિભાગમાંના એક ગામડામાં અલ્લાહબાદ પાસે અપાય છે.

આ કન્યાશાળા પાસે પોસ્ટઓફિસનું પાટિયું વાંચ્યું. આ પોસ્ટ-ઓફિસ એટલે ૬ ફૂટ લાંબી ને ૪ ફૂટ પહોળી નાની ઓરડી. તેમાં બે ટેબલ ને એક ભાંગેલ ખુરશી પર ત્રિપુંડ તાણેલ ને ફાટેલ બેસ ઓઢેલ માસ્તર કામ કરતા હતા ને કહેતા હતા : "આ સઘન ક્ષેત્ર યોજનાવાળા ભાઇઓ ફરિયાદ કરવા લાગ્યા એટલે મારું કામ વધ્યું; પણ પગાર તો મહિને ૨૦ રૂપિયા જ મળે છે."

એ ઓરડીની બહાર બે બાઇઓ લાજ કાઢીને ઉઘાડી છાતી પર બાળકોને ધરાવતી બેઠી હતી. તેમના મનીઓર્ડર બહારગામથી આવેલ. "આ મનીઓર્ડર આવે ત્યારે ચાર આઠ આના વખતે વખતે મળે છે, એટલે ગુજારો ચાલે છે." માસ્તરે કહ્યું.

ગામમાં પૂછપરછ કરી જાણ્યું કે ભણેલા માણસો પાસેથી, વેપારી પાસેથી માસ્તર કાંઈ દક્ષિણા પામતા નથી. ગરીબ રાંડીરાંડ બાઇઓ ને ઘરડા કિસાનો પાસેથી પોસ્ટ માસ્તર બોળે દહાડે બક્ષિસ કઢાવે છે; ગરીબ પોસ્ટ માસ્તરની ફરિયાદ આગળ પહોંચાડવી કે કેમ તેના વિચાર વમળમાં પડી ગયો છું.

સાયંપ્રાર્થના બાદ મારું મનોમંથન સાથીઓ પાસે ઠાલવતો હતો ત્યારે સહસો ગ્રામપંચાયતના સરપંચ અને દૂધઉત્પાદન સંઘના કાર્યકર્તા હાજર હતા. સ્વરાજની ઉષ્મા ગામડાંઓમાં કેટલા પ્રમાણમાં આવી છે તે પૂછતો હતો ત્યારે ય આવું જ બીજું સાંભળવા મળ્યું.

"અલ્લાહબાદમાં શહેરીજનોને ચોખ્ખું દૂધ મળે ને ગામડાં-ઓમાં દૂધના નિયમિત ગ્રાહકો મળે તે માટે અલ્લાહબાદમાં એક મોટો દૂધઉત્પાદન સંઘ થોડા સમયથી ચાલે છે. તેમાં અમારાં ગામડાંઓના ગોવાળો "મૂંડી ભાગ" (શેર) લાઇને ભળ્યા છે.

"અમારાં ગામડાંમાંથી આ સંઘવાળા રૂપિયાનું ૪ શેર (૮૦ તોલાનો શેર) દૂધ લે છે ને અલ્લાહબાદમાં આ જ દૂધમાં પાણી શાસ્ત્રીય રીતે ભેળવી 'ટોન્ડ મિલ્ક' ને નામે વેચે છે. દૂધ ભરતી વખતે ૯ છટાંકનો શેર ગણવામાં આવે છે; વેચતી વખતે નિયમ પ્રમાણે ૮ છટાંકનો શેર થાય છે. આ કમાણીમાંથી મોટર ખરીદવામાં આવી છે. મોટર દૂધ ભરવા અમારા ગામમાં આવે છે. દૂધ ભરનારાને મોટો પગાર આપવામાં આવે છે.

"અમને હવે દૂધના ગ્રાહક બીજા મળે છે. ૪ શેરને બદલે ૩ શેરને ભાવે દૂધ લેનારા અલ્લાહબાદના શહેરીઓ તૈયાર થયા છે" પણ અમે સોસાયટીમાં એક વાર ભળ્યા એટલે નીકળાય જ નહીં. અમે દૂધ ન આપીએ તો અમારા માલની જપ્તી-હરરાજી થશે એવી બીક બતાવવામાં આવે છે.

"સહકારી મંડળીમાંથી મંત્રીઓ ને વ્યવસ્થાપકોને લાભ થયો હશે; વચલો માણસ જે લાભ લઈ જતો તે આ ભણેલા માણસો આખું કોળું કરી જાય છે. અમારું દળદર તો એવું ને એવું જ રહેવા પામ્યું છે.

"આ સિંદરી કારખાનાનું ખાતર એમોનિયમ સલફેટ વેચવા માટે મોટા ડોલો બનાવવામાં આવેલ છે. ત્રીજે વરસે અમે આ ખાતરનો ખેતીમાં ઉપયોગ ઠીક પ્રમાણમાં કર્યો હતો; પાક પણ સારો આવ્યો. પણ ગયે વરસે આ ખાતર વાપરતાં પાક અરધો યે નહોતો આવ્યો ને ચાલુ સાલ આ સિંદરી:ખાતરના કોથળા ગોદામમાં અડકાયલા જ રહ્યા છે."

ત્યાં શ્રોતાજનોમાંથી એક કાર્યકર્તા ટાપસી પૂરવા લાગ્યા કે, "અમારા પ્રદેશમાં તો તગાવીનાં નાણાં ચૂકવતી વખતે તહસીલદાર પરાણે સિંદરી ખાતરનો કોથળો કિસાનને પહોરાવે છે.

"આ ગરમ ખાતર માટે જે પ્રમાણમાં પાણી જોઇએ, લીલું ખાતર બાદમાં વાપરવું જોઇએ, તે મળતું નથી, એટલે સિંદરીની ગુણગાથા બેડૂતના હૃદયને પુલકિત કરી શકતી નથી."

સાબરમતી આશ્રમના સેવક મુકુન્દભાઈ ત્રિવેદીએ પણ આ ખાતર પર ઓવારણાં ન ઉતારવાં જોઇએ એવો શાસ્ત્રીય મત જાહેર રીતે પ્રગટ કર્યો.

પાણીની વાત નીકળતાં ગ્રામપંચાયતના સરપંચ કહે કે, "બેડૂતોને પાણી પૂરતા પ્રમાણમાં મળી રહે તે માટે અમારી આસ-પાસ પાતાળિયા કૂવાઓ કરવામાં આવ્યા છે. આ કૂવા ઊંડા કરવાના ને આજુબાજુ પાણીની નહેરો કરવાના મોટા ઓર્ડર જર્મન કંપનીને મળ્યા છે. એપ્રિલ માસ બેસી જાય ને ગ્રાન્ટ લેપ્સ-રદ થઈ જાય એ બીકથી અમારા બેતરમાં થયેલ ઘઉંનો વીસ આની પાક જરા પણ વિચાર કર્યા સિવાય આડેધડ કાપી નાંખે છે. અમારી જમીન જાય છે, પાક નેસ્તનાબૂદ થઇ જાય છે, એનો બદલો સરકાર પાસે માગવા જતાં સંભળાવવામાં આવે છે કે દેશની ઉન્નતિ માટે, પંચવર્ષીય યોજના સફળ બનાવવા માટે, સમાજહિત માટે વ્યક્તિએ સહન કરવા તૈયાર રહેવું જોઇએ. અમે આ રૂપેરી બોધવચનો સાંભળી ઘરાઇને પાછા આવીએ છીએ.

"આ પાતાળિયા કૂવા એંજિનથી ચલાવવા જતાં બહુ ખર્ચાળ થઈ પડે છે, તેથી પાણી મોઘું પડે છે. ૩૫ થી ૪૦ હજાર રૂપિયા ખર્ચીને તૈયાર થયેલ કૂવા, તથા કૂવાનાં એન્જિનો સાચવવા માટેનાં નવાં મકાનો જોઈ બહારના મુસાફરો રાજી થતા હશે. પણ અમારે મન તો આ પાતાળિયા કૂવાએ અમારાં મોઢામાં આવેલ રોટલો પાકને બેદાનબેદાન કરી કઢાવી લીધો છે. એક મહિનો, ઘઉંનો પાક બળામાં આવી જાય તેટલો વખત, આ કંટ્રાક્ટરોને કોઇ રીતે આપણી સ્વરાજ સરકાર પણ રોકી શકે નહીં ?"

પણ હું તો અંબર ચરખાનું પરિશ્રમાલય જોવા સહસો ગયેલ હોવાથી આ કામ જોઇએ તેવું કેમ ખીલ્યું નથી એ જાણવા માગતો હતો એટલે આ કથનીને ટૂંકાવી દીધી.

અંબર ચરખાનું કામ શીખવા માટે ૫૦૦ નૌજુવાનોએ અરજી કરી હતી. આ ઉમેદવારોમાં ૧૦૦ થી વધારે જુવાનો મેટ્રિક પાસ થયેલ હતા. આ ૧૦૦ માંથી ૨૦ ભાઇઓની વરણી અંબર ચરખા સમિતિએ કરી. પણ જે ૧૦ અંબર ચરખા જોઇએ તે અકબરપુરથી સમયસર આવી ન શકયા ને જે ૧૦ ચરખા છેવટે આવ્યા તેમાંથી ૭ અંબર ચરખા સ્પ્રિંગ-સ્ક્રૂ જોઇએ તેવાં ન મળવાથી સરખા ન ચાલ્યા ને એક મહિના પછી ન છૂટકે આ પરિશ્રમાલય બંધ કરવું પડયું ને ૨૦ રૂપિયા કોશન-મની તરીકે ઉમેદવાર પાસેથી અંબર ચરખા સમિતિએ લીધેલ તે રૂપિયા ભોજનખર્ચમાં વપરાઈ ગયા; ને બેકાર શિક્ષિત મૂંઝાતા, દિલનાં દુઃખ ને દર્દ લઈ પાછા ગયા.

સઘન ક્ષેત્ર યોજનાના સંચાલકોની મદદથી સુલતાનપુર ગામમાં પાંચેક હરિજનોનાં ઘરો શ્રમદાનથી નવાં બંધાયાં છે. ગામમાં તળાવ પણ ખોદાયું છે. કાચા રસ્તા બન્યા છે.

એપ્રિલ માસમાં આ ગામમાં અખિલ ભારતના સઘન ક્ષેત્ર યોજનાના બધા કાર્યકર્તાઓની કોન્ફરન્સનું ઉદ્ઘાટન કરવા શ્રી પંડિત જવાહરલાલ આવવાના છે.

અહીં બેડૂતોનો કાચો માલ સંઘરવા માટે વેરહાઉસ બંધાય છે. તેમને ઓછે વ્યાજે નાણાં ધીરવાની, ફસલની સારી કિંમત ઉપજવી આપવાની યોજના મૂર્તિમાન રૂપ પકડવા લાગી છે.

છતાં...આ ગામડાંઓ જોઈ મારામાં જે વિષાદની લાગણી થઇ આવી હતી તે શબ્દમાં ઉતારી હળવો થયો છું. **છગનલાલ જોષી**

વિષય સૂચિ

		પૃષ્ઠ
સર્વોદયની દૃષ્ટિએ સરકારી અને બીનસરકારી હિંસાનો ઇલાજ	અનુ. શાન્તિલાલ નન્દુ	૭૩
જૈન ધર્મનું મૂલ્યાંકન	સૂરજચંદ્ર ડાંગી	૭૪
લોકસભાના ગુજરાતી સભ્યોનો અનુરોધ		૭૬
દ્વિભાષી મુંબઈ અને સૌરાષ્ટ્ર ગુજરાતનાં તોફાનો	પરમાનંદ	૭૭
ચાલો આપણે ઉડીએ !	પરમાનંદ	૭૮
સ્વરાજ આવ્યું છતાં–	છગનલાલ જોષી	૮૧

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મસ્જીદ બંદર રોડ. મુંબઈ ૯. ટે. નં. ૩૪૬૨૯

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

પ્ર. જૈન વર્ષ ૧૪–પ્ર. જીવન વર્ષ ૪
અંક ૯

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, સપ્ટેમ્બર ૧, ૧૯૫૬, શનીવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : ત્રણ આના

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

વિનોબાની વાણી

(ભિન્ન ભિન્ન પ્રવચનોમાંથી સંકલિત)

સંસ્કૃતિ, પ્રકૃતિ, વિકૃતિ

તિરુપત્તિ એ એક અખિલ ભારતીય સંસ્કારકેન્દ્ર છે. આવા સ્થળે ભારતની સંસ્કૃતિનું દર્શન થાય છે. ભારતમાં આવાં સ્થળો થોડાં છે. કાશી, જગન્નાથપુરી, દ્વારિકા, આ સ્થળો આપણી સંસ્કૃતિનું દર્શન કરાવે છે.

સંસ્કૃતિમાં શું શું આવે છે એ એક અગત્યની સમજવા જેવી ચીજ છે. આપણા સમાજમાં પ્રાચીનકાળથી તે આજ સુધી કેટલાક સારા વિચારો અને કેટલાક ખોટા વિચારો ચાલતા આવ્યા છે. પ્રાચીનકાળથી જે વિચારો સતત ચાલ્યા આવે છે તે હમેશાં સંસ્કૃતિનું દર્શન કરાવે છે એમ માની લેવાની જરાય જરૂર નથી. મનુષ્યની એક પ્રકૃતિ હોય છે, એક સંસ્કૃતિ હોય છે, અને એક વિકૃતિ હોય છે. ભૂખ લાગતાં માનવી ખાય છે તે તેની પ્રકૃતિ છે, ભૂખ ન હોય છતાં ખાય છે તે તેની વિકૃતિ છે અને ભૂખ લાગવા છતાં આજે એકાદશી છે એટલે ભગવતસ્મરણને માટે ઉપવાસ કરે છે એ એની સંસ્કૃતિ છે. હું મહેનત કરીશ અને મહેનતનું અન્ન ખાઇશ તે પ્રકૃતિ છે. તું મહેનત કર્યા વગર બીજાની મહેનતનું ખાઇશ તો તે વિકૃતિ છે. આજે આ વૃત્તિ લોકોમાં ઘણા પ્રમાણમાં જોવા મળે છે. પણ તેને પ્રકૃતિ માની લેવાની કોઇ ભૂલ ન કરે, પછી ભલે પ્રાચીન કાળથી ચાલી આવતી કેમ ન હોય ! પણ તે વિકૃતિ છે. પોતાના શ્રમથી પેદા કરેલી ચીજ પણ બીજાને આપ્યા વિના જે ન ખાતો હોય તો તે માનવીની સંસ્કૃતિ છે. આ થોડા દાખલા મેં એટલા માટે અહીં આપ્યા કે જ્યાં ભારતીય સંસ્કૃતિ છે, જે કેન્દ્ર ભારતીય સંસ્કૃતિના નામથી, પ્રાચીન કાળથી આજ સુધી ચાલી રહ્યું છે, ત્યાં બધી જ ભારતીય સંસ્કૃતિ છે એમ માનવું ન જોઇએ. એટલા માટે આપણે પૃથક્કરણ કરવું જરૂરી છે કે ભારતીય સંસ્કૃતિ શું છે, ભારતની પ્રકૃતિ શું છે અને ભારતની વિકૃતિ શું છે ?

આ તિરુપત્તિ ભારતીય સંસ્કૃતિનાં દર્શન કરાવતા કેન્દ્રોમાંનું એક મહત્ત્વનું કેન્દ્ર છે. આપણે આપણી સંસ્કૃતિનું સારસર્વસ્વ જો કોઈ એક ચીજમાં રાખ્યું હોય તો તે ભગવાનની મૂર્તિ છે. ભારતના લોકોએ પોતાની બધી કલાશક્તિ, સાહિત્યશક્તિ, ચિંતનશક્તિ પરમેશ્વરનું ગૌરવ વધારવામાં જ ખર્ચી છે. હિંદુસ્તાનના લોકો બગીચો બનાવશે, ખૂબ કાળજીથી ફૂલછોડની માવજત કરશે, ફૂલોની ખુબ કદર કરશે, પરંતુ તોડીને માથામાં નાખવાની ઇચ્છા ન કરતાં પરમેશ્વરની પૂજામાં તેનો ઉપયોગ કરવાનું તે વધુ પસંદ કરશે. સુંદરમાં સુંદર ફૂલ તોડીને માથામાં નાખવા તે પ્રકૃતિ છે, ફૂલોને પગથી કચડવા તે વિકૃતિ છે અને ફૂલોને માથામાં ન નાખતા પરમેશ્વરની મૂર્તિને સજાવવામાં વાપરે છે તે માનવીની સંસ્કૃતિ છે. પોતાને માટે સુંદર મકાન બનાવીને રહેવું તે પ્રકૃતિ છે. આ મકાનને એ રીતે શણગારવું કે નજીકની ઝૂંપડીઓની પણ પરવા ન કરવી તે વિકૃતિ છે. મેં હમણાં સભાસ્થળ ઉપર આવતા અને આ શહેરમાં પ્રવેશ કરતા આ વિકૃત્તિનાં દર્શન કર્યા. રસ્તે આલિશાન મકાનો પણ જોયાં અને તેની તદ્દન નજીકમાં ભાંગીતૂટી ઝૂંપડીઓ પણ જોઈ. મને તો એને જોઇને એ મરઘીને પૂરવાની નાની ટોપલી ન હોય એવી લાગી ! ભાંગીતૂટી ઝૂંપડી અને તેમાં ખૂબ નીચા વળીને જવાનો નાનકડો દરવાજો. આટલું ભયંકર દારિદ્રય નજર સામે જોઇને પણ પોતાના મકાનને સજાવવું તે માનવીની પ્રકૃતિ નથી, એ માનવતા પણ નથી અને ભારતીયતા તો નથી જ નથી. વૈભવ વધારવો હોય તો મંદિરને સજાવવામાં વધારો અને મકાનને સાફ રાખો. આ સંસ્કૃતિ છે. તમે સહુ જોઈ શકશો કે આ તિરુપત્તિમાં કેવી સંસ્કૃતિ, પ્રકૃતિ અને વિકૃતિ છે.

રજોગુણની ગાડી અને સત્ત્વગુણના પાટા

રજોગુણ વિના કર્મપ્રેરણા નથી થતી એમ આપણે સાંભળ્યું. પણ સત્વગુણ શબ્દ મેં બીજા અર્થમાં વાપર્યો હતો. મેં નૈતિક અર્થમાં એનો ઉપયોગ કર્યો હતો. તાત્ત્વિક દૃષ્ટિએ તો સત્વ, રજસ્ અને તમસ્ ત્રણેય ગુણો છે, દોષ નથી. તમોગુણ ન હોય તો ઉંઘ જ ન આવે. ઉંઘરૂપી તમોગુણ આપણા માટે અત્યન્ત જરૂરી છે. આ ત્રણેય ગુણો સામ્યાવસ્થામાં હોવા જોઈએ. અમુક માત્રામાં તમોગુણ પણ જરૂરી હોય છે. તે વિના જ્ઞાન કે કર્મ કશું ન સંભવે. તે જ રીતે રજોગુણમાં પણ દોષ નથી. આ અર્થમાં રજોગુણ સામે મારો વિરોધ નથી. હું તો ખૂબ જોરદાર કામ ચાલે એમ ઇચ્છું છું. એન્જિનમાં ભરપુર શક્તિ હોય અને ટ્રેઇન ધસમસતી ચાલે એવી મારી ઇચ્છા છે. પણ સાથે સાથે એવી ઇચ્છા પણ છે કે સત્ત્વગુણના પાટા હોય. રજોગુણ ખૂબ જોરથી દોડે તોયે સત્વગુણના પાટા ઉપરથી એ ઉતરી ન જાય. આંદોલનની આગેવાની રજોગુણ કરશે ને પૂર વેગે ગાડી દોડાવશે, પણ પાટા આપણા નાંખેલા સત્વગુણના હશે. સત્વગુણથી દિશા બંધાશે. રજોગુણ પણ મંજુર છે. એના વિના તો ગાડી સ્ટેશન પર જ પડી રહે. અને કાલમર્યાદા પણ જરૂરી છે, કારણ કે આપણામાં રજોગુણની પણ જોઇએ તેટલી માત્રા નથી હોતી. આવાં આંદોલન જમાનાની માંગણીથી ઊપડે છે એ ન ભૂલીએ. સત્વગુણના પાટા હોય એ એન્જિનને બાધક નથી, સાધક છે, ભાગવતના શબ્દોમાં સત્વગુણની એવી સીધી અને સાફ સડક રચાય છે કે દોડાયે જ જાય, કયાંયે પડવા આખડવાનું જોખમ જ નહિ. આમ સત્વગુણના પાટા નાંખેલા હશે તો પછી લોકોને રોકવાની જરૂર નહિ પડે. નહિ તો કામ ખોટી દિશાએ ચઢી જાય ત્યારે એક મારીને રોકવાનો કપરો પ્રશ્ન આવી પડશે.

ક્રાન્તિમાં ગરીબોનો શું ફાળો હોઈ શકે ?

ગરીબોને માત્ર લેવાનું છે અને આપવાનું તો શ્રીમન્તોએ જ છે એ આપણા ચિત્રમાં કંઇ કાળથી જામેલી અને ખોટાં ભ્રમો પેદા કરતી એક માનસિક ગ્રંથિ છે. સમ્યક્ દૃષ્ટિ મેળવવા માટે આ ગ્રંથિ આપણે તોડવી જ જોઇએ. આપણે સમજી લેવું જોઇએ કે જેણે આપવાનું જ નથી એવું કમભાગી કોઈ જન્મ્યું જ નથી. ભૂમિ, સંપત્તિ, શ્રમ, પ્રેમ કંઇ ને કંઈ દરેક પાસે છે. માટે આપણે બધાની પાસે લેવાનું છે. એક આપનાર અને બીજો લેનાર એવા બે પક્ષ દેખાય છે. પણ એકંદરે બધાં આપનારાં છે. બે હાથે તાળી વાગે છે. એમાં કયો હાથ કયા હાથને તાળી આપે છે ? એય બન્નેને આપે છે. એકની પાસે એક

જાતની શક્તિ છે; બીજી પાસે બીજી જાતની છે. આપણું મગજ માત્ર આર્થિક લેવડ દેવડનો જ વિચાર કરવાને ટેવાઈ ગયાં છે એટલે આપણને ગરીબો માત્ર લેનારા લાગે છે અને તેથી એવો પ્રશ્ન ઉભો થાય છે કે ગરીબો આ ક્રાન્તિમાં શો ભાગ ભજવે ?

અનેકમાંનો એક

મહાકવિ વર્ડઝવર્થે પોતાનું સ્મારક કેવું કરવું એ વિષે કવિતા લખી છે. એમાં કહે છે: "આ મારૂં નાનકડું ગામ છે, જેમાં મારો જન્મ થયો છે. નજીક એક પહાડ છે જેના ઉપર હું ફરવા જતો. ત્યાં ઢગલાબંધ પથરા પડેલા છે. કારીગરો એમાંથી સારા સારા પથરા વીણી લઈ જાય છે. ઘણા પથરા ઉપડી ગયા, પણ એક કુબડો પત્થર હજુ પડયો છે જેની સામે કોઈ જોતું નથી. એ મારૂં સ્મારક ગણાય. એના પર લખજો", કોનું સ્મારક તે તો લખવું પડે ને ? તો કવિ કહે છે, એનાપર લખજો: '**અનેકમાંનો એક**'.

સજ્જન અને દુર્જન

સાંકડી કેડી પર બે દુર્જનો સામસામા થઇ જાય ત્યારે એક નાશ પામે છે ને બીજો ધવાય છે એમાં નવું કશું નથી. સાંકડી કેડી પર એક દુર્જન ને એક સજ્જન સામસામા થઇ જાય ત્યારે સજ્જન પડેલી કેડી પરથી દુર્જનને જવા દે છે અને પોતે નવી કેડી પાડી લે છે. એક ને બદલે બે કેડી થાય છે. બે સજ્જનો જ્યારે કેડી પર સામસામા થઇ જાય છે ત્યારે બન્ને વિવેકપૂર્વક કેડીને છોડી દે છે અને પોતપોતાની નવી કેડીઓ પાડી લે છે, ને ત્યારે ભવિષ્યના યાત્રિકો માટે ત્રણ કેડીઓ પડે છે.

ત્રણ મૃત્યુની કથા

ટોલ્સ્ટોયની એક વાર્તા છે. The Story of Three Deaths–ત્રણ મૃત્યુની વાર્તા. પહેલી તો એક અમીરની છોકરી મૃત્યુ–બીછાને હોય છે. ડોકટરોની દોડાદોડ ને પરિચારિકાઓની હારમાળા વચ્ચે એનું મૃત્યુ થાય છે. મૃત્યુ બાદ પણ સ્મશાનયાત્રાની એ જ ધમાલ અને એ જ શાન. આખરે સ્મારક માટે પણ એવી જ ભવ્ય તૈયારીઓ થાય છે. આ એક મૃત્યુ.

બીજું, ઠંડીના દિવસોમાં એક વીશીને આંગણે થરથરતો, ધ્રુજતો, ફાટેલાં કપડાંવાળો એક યાત્રાળુ આવી પહોંચે છે. રાત્રીનો સમય, શિયાળાની ઋતુ. વીશીનો માલીક વગર પૈસે અંદર નથી આવવા દેતો. બહુ વિનવે છે, કરગરે છે, પણ પત્થર પર પાણી. મુસાફર વીશીની આસપાસ કયાંક થાક અને ટાઢથી ઢળી પડે છે. પરોઢ થતાં પહેલાં એ રસ્તે જતો કોઈ માનવી એ યાત્રાળુનું ઠંડીમાં થીજી ગયેલું મડદું જુએ છે. "અરેરે બિચારો" કરી એની અન્તિમ વિધિ કરે છે અને એના સ્મારક અર્થે શું કરવું તે વિચારે છે. પાસે જ એક વૃક્ષ હતું. પરોઢનો સમય છે. સૂર્યનાં પહેલાં કિરણો સાથે વૃક્ષ પર કુહાડી પડે છે અને કરડડ...કરડડ...આવાજ આવે છે, ને ડાળીનું સ્મારક મૂકી એ માણસ વિદાય લે છે.

બાબાએ (વિનોબાએ) પૂછ્યું, "આમાં બે માનવીના મૃત્યુની વાત છે. છતાં નામ છે "ત્રણ મૃત્યુની કથા." તો ત્રીજું મૃત્યુ કયું ?"

બધાંના હૃદયને જવાબ કયારનો યે મળી ચૂકયો હતો. સંવેદનાની લાગણીએ સૌ શાન્ત રહ્યા. બાબા કહે; "અમીરની છોકરીનું મૃત્યુ સૌ કોઇએ જાણ્યું. ગરીબનું મૃત્યુ એકે જાણ્યું. પણ બિચારા નિશ્ચેતન કહેવાતા વૃક્ષના ક...ર...ડ...ડ ના ચિત્કારને સાંભળનાર જગતમાં કોઈ ન હતું. દુનિયાએ ન એનું દુઃખ જાણ્યું, ન એનું મૃત્યુ. એક જીવ હણાયો એનું જગતને ભાન પણ ન હતું. **વિનોબા**

મુંબઈના સૂચિત દ્વિભાષી રાજ્ય અંગે

કેટલીક અગત્યની માહીતી

(દીલ્હીની ધારા સભાએ રાજ્યપુનર્રચના ધારો પસાર કર્યો છે. તેના પરિણામે આગામી નવેંબર માસની પહેલી તારીખથી ૧૪ પ્રાદેશિક રાજ્યો અસ્તિત્વમાં આવશે. આન્ધ્ર પ્રદેશ, આસામ, બિહાર મુંબઈ, કેરલ, મધ્યપ્રદેશ, મદ્રાસ, માયસોર, ઓરીસ્સા, પંજાબ, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, પશ્ચિમ બંગાળા, જમુ–કાશ્મીર. પાંચ કેન્દ્ર–શાશિત પ્રદેશો હશે; (૧) દીલ્હી, (૨) હિમાચલ પ્રદેશ, (૩) મણિપુર, (૪) ત્રિપુરા, અને (૫) લેકેડીવ, મીનીકોય તથા મીનીદીવી ટાપુઓ. આંધ્ર પ્રદેશનું પાટનગર હૈદ્રાબાદ થશે; મધ્ય પ્રદેશનું પાટનગર ભોપાળ થશે. આ મુજબની નવરચનામાં મુંબઇ પ્રદેશમાં મહારાષ્ટ્ર, વિદર્ભ, મરાઠાવાડા, મુંબઇ શહેર, ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છનો સમાવેશ થશે. આ નવા મુંબઈ પ્રદેશના જુદા જુદા વિભાગોનું ક્ષેત્રફળ, વસ્તી, વિધાન સભાની તથા લોક સભાની વિભાગવાર બેઠકો વગેરેને લગતી માહીતી નવા દ્વિભાષી રાજ્યનો સમગ્રપણે વિચાર કરવામાં ઉપયોગી હોઇને તા. ૭–૮–૫૬ ના જન્મભૂમિમાંથી સાભાર ઉધ્ધૃત કરવામાં આવે છે. **તંત્રી**)

સૂચિત દ્વિભાષી રાજ્ય એટલે આજનું મુંબઈ રાજ્ય જેની વસતિ ૩ કરોડ ૬૦ લાખ છે, તેમાંથી કન્નડભાષી પ્રદેશો બાદ થાય અને સૌરાષ્ટ્ર (૪૧.૪ લાખ) કચ્છ (૫.૭ લાખ) તથા મરાઠાવાડા (૪૭.૭ લાખ) તથા વિદર્ભ (૭૬ લાખ) જોડાય એટલે કુલ વસતિ ૪ કરોડ ૭૮ લાખ જેટલી થાય છે. બીજી રીતે વિચારીએ તો પંચે સૂચવેલા ૪ કરોડ ૨ લાખની વસતિના દ્વિભાષી રાજ્યમાં વિદર્ભનો (૭૬ લાખ) સમાવેશ થાય છે ત્રીજી રીતે ગુજરાત (૧૬૧ લાખ) મહારાષ્ટ્ર (૨૮૬ લાખ) અને મુંબઈ (૨૮ લાખ) એમ ત્રણ એકમો નકકી થયેલાં તે એકત્ર બને છે.

નવા દ્વિભાષી રાજ્યનો વિસ્તાર ૧,૮૮,૨૪૦ ચોરસ માઇલનો થશે. વિસ્તારની દૃષ્ટિએ આખા દેશનું તે સૌથી મોટું રાજ્ય બનશે, એ પછીનું ૧,૭૧,૨૦૦ ચો૦ મા૦ નું મધ્ય પ્રદેશ હશે. વસતિની દૃષ્ટિએ તે બીજું હશે. ઉત્તર પ્રદેશની વસતિ ૬ કરોડ ૩૦ લાખથી વધુ છે. દ્વિભાષી મુંબઈની વસતિ ૪ કરોડ ૭૮ લાખ થશે. વિકાસખર્ચ અને અંદાજપત્રની દૃષ્ટિએ તો કોઇ રાજ્ય તેની બરાબરી કરી શકશે નહિ.

આ વસતિમાં કચ્છ, સૌરાષ્ટ્ર ને ગુજરાતી જિલ્લાઓની કુલ વસતિ ૧ કરોડ ૬૧ લાખ, મુંબઈની લગભગ ૨૮ લાખ અને વિદર્ભ–મરાઠાવાડા સહિતના મહારાષ્ટ્રની ૨ કરોડ ૮૬ લાખ જેટલી થશે, ટકાવારીની રીતે જોઇએ તો ગુજરાત પ્રદેશમાં ૩૪% મુંબઈ શહેરમાં ૬% અને મહારાષ્ટ્રમાં ૬૦% નું પ્રમાણ હશે. જાણવા જેવું એ છે કે ગુજરાતી પ્રદેશમાં ગુજરાતી જેમની માતૃભાષા નથી તેવા લોકો ૬% છે, મુંબઇ શહેરમાં મરાઠીભાષી ૪૪% ગુજરાતી ૨૦% અને બીજાઓ ૩૬% છે. મહારાષ્ટ્રમાં મરાઠીભાષીઓ ૮૬% છે અને હિંદી, ગુજરાતી ને બીજી ભાષાઓ બોલનારા ૧૪% જેટલા છે. દ્વિભાષી મુંબઇ રાજ્યમાં મરાઠી ભાષા બોલનારાઓની કુલ વસતિ ૨ કરોડ ૭૦ લાખ થશે, ગુજરાતી ભાષા બોલનારા ૧ કરોડ ૫૮ લાખ હશે. અને બીજી ભાષાઓ જેમાં હિંદી અને કન્નડ મુખ્ય હશે તે બોલનારાઓ ૫૦ લાખ હશે.

દ્વિભાષી રાજ્યની નવી વિધાનસભાની બેઠકો અંદાજે ૪૬૨ હશે. તેમાં મહારાષ્ટ્ર પ્રદેશની ૨૮૦,. ગુજરાત પ્રદેશની ૧૫૪ અને મુંબઈની ૨૮ હશે. વિધાન પરિષદનું પ્રમાણ એ ધોરણે જ રહેશે. આ સંખ્યામાં સામાન્ય ફેરફાર થવાનો સંભવ ગણાય. લોકસભામાં ગુજરાત માટે ૨૨, મુંબઈ શહેર માટે ૭ અને મહારાષ્ટ્ર માટે ૪૦ બેઠકો મુકરર થયેલી છે. રાજ્યસભામાં એ જ ધોરણ રહે એ સ્વભાવિક છે.

આ આંકડાઓ એમ દર્શાવે છે કે મહારાષ્ટ્રની બહુમતી નિશ્ચિત છે ને કાયમી છે. સત્તાધારી પક્ષની દૃષ્ટિએ વિચારીએ તો ચૂંટણીને અંતે કોંગ્રેસ જ સત્તા ઉપર હશે એમાં શંકા નથી. ચૂંટણીમાં ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ અને વિદર્ભમાં કોંગ્રેસને વધુ પ્રમાણમાં બેઠકો મળવાનો સંભવ છે. સરેરાશ ૮૦% જેટલી બેઠકો મળશે એમ ધારી શકાય. આ પ્રદેશોને કંઇક સહન કરવું પડે છે તેથી ૮૦% નો અંદાજ મુકયો છે, નહિ તો ૯૦% કે ૯૫% બેઠકો મળે. મહારાષ્ટ્રના પ્રદેશમાં હવે ૬૦% ની આશા રાખી શકાય. આ દૃષ્ટિએ પણ કોંગ્રેસ ધારાસભા પક્ષમાં મહારાષ્ટ્રી સભ્યોની જ બહુમતી હશે. આ બાબતમાં ન કોઇએ ભ્રમમાં રહેવું જોઇએ, ન બીજાને રાખવા જોઇએ.

પર્યુષણ વ્યાખ્યાનમાળા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી તા. ૧–૯–૫૬ શનીવારથી તા. ૯–૯–૫૬ રવિવાર સુધી એમ કુલ નવ દિવસની વ્યાખ્યાનમાળા યોજવામાં આવી છે. શરૂઆતના સાત દિવસની સભાઓ ફ્રેંચ ખ્રીજની બાજુએ આવેલ ગ્લેવાટ્રસ્કી લોજમાં, તા. ૮–૯–૫૬ શનીવાર તથા તા. ૯–૯–૫૬ રવિવારની સભાઓ ન્યુ ક્વીન્સ રોડ ઉપર આવેલ રોકસી થીએટરમાં ભરાશે. સભા હંમેશાં સવારે ૮–૩૦ વાગ્યે શરૂ થશે. આ નવ દિવસની સભાના પ્રમુખસ્થાને પંડિત સુખલાલજી બીરાજશે. આ વ્યાખ્યાનમાળાનો કાર્યક્રમ નીચે મુજબ નક્કી કરવામાં આવ્યો છે:—

દિવસ	વ્યાખ્યાતા	વ્યાખ્યાન વિષય
તા. ૧–૯–૫૬ શનીવાર	અધ્યાપક નલીન ભટ્ટ	ધર્મોનું મીલન
,,	સ્વામી અખંડાનંદ	શ્રેયપ્રેયવિવેક
,,	સંગીતકાર પિનાકિન શાહ	ભજન–કીર્તન
તા. ૨–૯–૫૬ રવિવાર	શ્રી વૈકુંઠભાઇ લલ્લુભાઇ મહેતા	વિકેન્દ્રિત સમાજરચના
,,	શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ	તિમિરમાં પ્રભા
,,	શ્રી નવનીતલાલ પરીખ	કૈલાસદર્શન
તા. ૩–૯–૫૬ સોમવાર	ડૉ. રમણલાલ પટેલ	મન વિષે આપણા જ્યાલો અને આધુનિક માનસશાસ્ત્ર
,,	અધ્યાપક સુરેશ હ. જોષી	સંસ્કૃતિ અને સન્તો
તા. ૪–૯–૫૬ મંગળવાર	અધ્યાપિકા હીરાબહેન પાઠક	સોક્રેટિસ
,,	શ્રી અપ્પાસાહેબ પટવર્ધન	શોષણમુક્તિનો બુનિયાદી સિદ્ધાંત
તા. ૫–૯–૫૬ બુધવાર	શ્રી શાન્તિલાલ હ. શાહ	પંચવર્ષીય યોજના
,,	શ્રી જુગતરામ દવે	નયી તાલીમ
તા. ૬–૯–૫૬ ગુરૂવાર	શ્રી દલસુખભાઈ માલવણિયા	જૈન ધર્મની આછી રૂપરેખા
,,	શ્રી ઈન્દુમતી ચીમનલાલ	સમાજ–ઉપેક્ષિત બાળકો
,,	શ્રી નવનીતલાલ પરીખ	ગંગોત્રી દર્શન
તા. ૭–૯–૫૬ શુક્રવાર	શ્રી ઉષા મહેતા	ડૉ. મીસીસ એની બીસેન્ટ
,,	શ્રી મોરારજી દેસાઈ	સાચી ધાર્મિકતા
તા. ૮–૯–૫૬ શનીવાર	પંડિત સુખલાલજી	અહિંસાનો વિકાસ અને આજની મર્યાદા
,,	શ્રી શંકરરાવ દેવ	પ્રગટ ચિન્તન
,,	સંગીતકાર ભાઇલાલભાઇ શાહ	ભજન–કીર્તન
તા. ૯–૯–૫૬ રવિવાર	શ્રી કેદારનાથજી	અહિંસા અને એકતા
,,	શ્રી નારાયણ દેસાઇ	ભૂદાનયજ્ઞ
,,	સંગીતકાર ભાઇલાલભાઇ શાહ	ભજન–કીર્તન

આ કાર્યક્રમમાં વ્યાખ્યાતા તેમજ વ્યાખ્યાનવિષય ઉભયમાં અણધાર્યા સંજોગોના કારણે ફેરફાર થવાનો સંભવ રહે છે. આ વ્યાખ્યાનમાળાનો લાભ લેવા જૈન જૈનેતર સર્વે ભાઇ બહેનોને નિમંત્રણ છે અને વ્યાખ્યાન–સભાઓ દરમિયાન પુરેપુરી શાન્તિ અને શિસ્ત જાળવીને અમને સર્વ પ્રકારે સહકાર આપવા વિનંતિ છે.

૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ,
મુંબઈ, ૩.

પરમાનંદ કુંવરજી કાપડિયા
શાન્તિલાલ દેવજી નંદુ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

પરિચય અને પ્રાર્થના

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ છેલ્લાં ૨૮ વર્ષથી વિશાળ જનસમાજની અને ખાસ કરીને જૈન સમાજની પોતાના મર્યાદિત ક્ષેત્રમાં એકસરખી સેવા કરતી સામાજિક સંસ્થા છે. છેલ્લાં ૧૮ વર્ષથી આ સંઘ તરફથી 'પ્રબુધ્ધ જીવન' નામનું એક પાક્ષિક પત્ર પ્રગટ કરવામાં આવે છે. આ પત્ર સમધારણપૂર્વકની વિચારણા અને સામાજિક, ધાર્મિક કે રાજકીય પ્રશ્નોની નિડર છતાં સંયમપૂર્ણ સમાલોચનાના કારણે આજના ગુજરાતી સામયિકોમાં અનોખું સ્થાન ધરાવે છે. આવી જ રીતે છેલ્લાં ૨૧ વર્ષથી સર્વધર્મ-સમભાવને મૂર્તિમન્ત કરતી અને આજના ઉદાર વિચારપ્રવાહોને રજુ કરતી પર્યુષણ વ્યાખ્યાનમાળાનું આ સંઘ સંચાલન કરે છે. સંઘ તરફથી શ્રી. મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય ચલાવવામાં આવે છે. જૈનોને જરૂરી વૈદ્યકીય રાહત પહોંચાડવામાં આવે છે. આ ઉપરાંત સંઘ તરફથી વિશિષ્ટ વ્યક્તિઓનાં વ્યાખ્યાનો, પરિચયપ્રસંગો, પર્યટણો વગેરે અવારનવાર ગોઠવવામાં આવે છે. અનિષ્ટ રૂઢિઓનો સામનો કરવો અને વિચારોની સંકીર્ણતામાંથી સમાજને ઊંચે લાવવો એ આ સંઘની સર્વ પ્રવૃત્તિઓનો મુખ્ય હેતુ છે.

આ સંઘમાં જૈન વિચારસરણિ પ્રત્યે આદર ધરાવતી કોઈ પણ જૈન તેમજ જૈનેતર વ્યક્તિ સભ્ય તરીકે જોડાઈ શકે છે.

પરમાનંદ કુંવરજી કાપડિયા
શાન્તિલાલ દેવજી નંદુ
મંત્રીઓ

સંઘનું વાર્ષિક લવાજમ રૂા. ૫ અને પર્યુષણથી ૧૪ મહિના સુધીનું લવાજમ રૂા. ૬ છે. પ્રબુધ્ધ જીવનનું વાર્ષિક લવાજમ રૂ. ૪ છે. સંઘની પ્રવૃત્તિઓમાં આપ રસ ધરાવતા હો તો આપને સંઘમાં સભ્ય તરીકે જોડાવા વિનંતિ છે. એમ નહિ તો પ્રબુધ્ધ જીવનના ગ્રાહક બનીને એ પ્રવૃત્તિને ટેકો આપવા અમારી ખાસ વિનંતિ છે.

અમારા સંઘના સંચાલનનો વાર્ષિક ખર્ચ આશરે રૂ. ૩૦૦૦ નો છે. પ્રબુધ્ધ જીવન જાહેર ખબર લીધા વિના ચોક્કસ ધોરણ અનુસાર ચલાવવા પાછળ આશરે રૂ. ૨૦૦૦ જોડવા પડે છે. અમારું વાચનાલય અને પુસ્તકાલય દર વર્ષે રૂ. ૩૦૦૦ ની અપેક્ષા રાખે છે, વૈદ્યકીય રાહતખાતામાં જેટલી આવક થાય તેટલા પ્રમાણમાં એ રાહતકાર્યને વિસ્તારી શકાય તેમ છે.

આ પર્યુષણના દિવસોમાં જૈનો શુભ કાર્યમાં યથાશક્તિ દ્રવ્ય વાપરવાની ઉત્સુકતા સેવતા હોય છે. તો જૈન સમાજને કેન્દ્રમાં રાખીને સાર્વજનિક કલ્યાણને સાધતી આ સંસ્થાને સ્વભાવગત ઉદારતા વડે આર્થિક ચિન્તાથી મુક્ત કરવા જૈન ભાઇ બહેનોને અમારી નમ્રભાવે પ્રાર્થના છે. આપ સદ્‌ભાવથી જે કાંઇ આપશો તેનું અમારે મન ઘણું મોટું મૂલ્ય છે.

મીમજી માણેક ભુજપુરીઆ–પ્રમુખ
લીલાવતીબહેન દેવીદાસ–ઉપપ્રમુખ

ગ્રંથાવલોકન

'આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિ સ્મારક ગ્રન્થ'

ઈ. ૧૯૩૬ માં શ્રીયુત મોહનલાલ દેસાઈ દ્વારા સંપાદિત કરાવી શ્રી જૈનાચાર્ય આત્માનંદ જન્મ શતાબ્દિ સ્મારક સમિતિ, મુંબઈ તરફથી જૈનાચાર્ય શ્રી આત્માનંદ જન્મ શતાબ્દી સ્મારક ગ્રન્થનું પ્રકાશન થયું હતું. ત્યાર પછી બરાબર ૨૦ વર્ષે ઈ. ૧૯૫૬ માં શ્રી મહાવીર જૈન વિદ્યાલય તરફથી ઉક્ત આચાર્યશ્રીના શિષ્યવર આચાર્ય વિજયવલ્લભસૂરિના સ્મારક ગ્રન્થનું પ્રકાશન થયું છે. આ બન્ને ગ્રન્થોનું દળ લગભગ સરખું છે. પણ એ બન્ને ગ્રન્થોની સરખામણી કરવાનું મને સહેજે મન થઇ આવ્યું.

બન્ને ગ્રન્થો સચિત્ર છે. પણ સ્વરાજ પહેલાના અને પછીના માનસનો જે એક મોટો ભેદ આપણી પ્રજામાં પડી ગયો છે તેનું આ બન્ને સ્મારક ગ્રન્થો આબેહુબ પ્રતિબિમ્બ પાડે છે. એ પણ એક આકસ્મિક ઘટના નથી. ૧૯૫૬ માં સ્ટેલિનના વ્યક્તિવાદનો વિરોધ થઇ રહ્યો છે અને એને સ્થાને સામૂહિક વાદ અથવા તો વ્યક્તિને બદલે સામ્યવાદના સિધ્ધાન્તો ઉપર ભાર આપવાનું આંદોલન રશિયામાં ચાલી રહ્યું છે. પ્રથમના સ્મારક ગ્રન્થમાં જે ચિત્રો આપવામાં આવ્યા છે તેમાં વ્યક્તિપૂજનને એટલું વધું મહત્ત્વ આપ્યું છે કે લેખકો, શેઠો અને સાધુઓનાં ચિત્રો આડે જૈન કલાને વ્યકત કરતા ચિત્રો ઢંકાઇ ગયા છે ત્યારે આચાર્ય વિજયવલ્લભસૂરિ સ્મારક ગ્રન્થમાં એથી ઉલટું છે. જેમનું સ્મારક એ ગ્રન્થ છે તેમનાં પણ ચિત્રો જે અનિવાર્ય હતાં તે જ અપાયાં છે. અને જૈન કલાના બધા ક્ષેત્રોને આવરી લેતાં ચિત્રોની ખાસ કરીને પસંદગી આમાં છાપવામાં આવ્યા છે. બીજી દૃષ્ટિએ આ ગ્રન્થની જે મહત્તા છે તે બાજુએ રાખીએ તો પણ જૈન કલાને સમજવા માગનાર માટે પણ આ ગ્રન્થ એક બહુમૂલ્ય સંપત્તિ સિધ્ધ થાય એવો છે. છેલ્લા વીશ વર્ષમાં જૈન કલાના અભ્યાસમાં જે પ્રગતિ થઇ છે તેનું પ્રતિબિમ્બ આ ગ્રન્થમાં સ્પષ્ટ છે એ કલા વિના ચાલતું નથી. પ્રથમના ગ્રન્થમાં જૈન કલા વિષેના માત્ર ચાર જ લેખો છે, જ્યારે પ્રસ્તુત સ્મારક ગ્રન્થમાં અનેક લેખો છે એટલું જે નહિ. પણ કલાના વિવિધ ક્ષેત્રોને સ્પર્શતા જૂના નવા લેખકોના લેખો એ ક્ષેત્રે જે કાર્ય થઇ રહ્યું છે એના ઉપર પ્રકાશ પાડે છે. એનું શ્રેય અધિકાંશે ડો. ઉમાકાંત શાહ અને મુનિરાજ શ્રી પુણ્યવિજયજીના ફાળે જાય છે. જૈન સ્થાપત્યકળાનાં મંદિર, શિખર, સ્તંભ, ગુફા આદિના વિવિધ નમૂનાઓ ઉપરાંત જૈન તીર્થંકરોની વિરલ અને કલાત્મક, ધાતુ અને પાષાણની મૂર્તિઓના નમૂના આપવામાં આવ્યા છે અને ઘણાનો પરિચય પણ આપવામાં આવ્યો છે. અત્યાર સુધીમાં જૈનોને પણ અજ્ઞાત એવી તીર્થંકર મલ્લીનાથની નારીરૂપની મૂર્તિનો પરિચય શ્રી ઉમાકાંત શાહે આમાં સર્વપ્રથમ આપ્યો છે. એ એમની તીક્ષ્ણ દૃષ્ટિનું પરિણામ છે. આ ઉપરાંત સાધુ, સાધ્વી, સ્વપ્નો, નાટારંભ, નર્તકીઓ આદિના શિલ્પોની ચિત્રાકૃતિઓ આપવામાં આવી છે. પ્રતોના ચિત્રો–રંગીન ચિત્રો એ તો આ ગ્રન્થની ખાસ વિશેષતા જેવાં જ છે. વળી લાખ, વસ્ત્ર અને કાષ્ટશિલ્પના નમૂના પણ સંગ્રહાયા છે. કેટલાંક જૈનેતર શિલ્પો પણ આપવામાં આવ્યા છે. આ દૃષ્ટિએ એમ કહી શકાય કે ભારતીય કલાના અભ્યાસીઓ માટે આ ગ્રન્થ અનિવાર્ય જેવો થઇ પડયો છે.

મુદ્રણકળામાં પણ વીસ વર્ષમાં જે પ્રગતિ થઈ છે, ખાસ કરી સુરુચિપૂર્ણ છપાઈની દૃષ્ટિએ–એ પણ આ બન્ને ગ્રન્થોની તુલના કરનારને સહેજે જણાઇ આવે છે. પ્રથમના ગ્રન્થમાં લેખોના હેડીંગના બ્લોકો પાછળ જે મહેનત લેવાઈ છે તેની સામે આ ગ્રન્થના સાદા ટાઇપોમાં જ મુકાયલા હેડીંગો શોભામાં વધારો જ કરે છે, ઘટાડો નથી કરતા.

લેખસામગ્રીની દૃષ્ટિએ વિચારીએ તો પ્રથમમાં સંપાદનનો ભાર એક જ વ્યકિત ઉપર હતો. જ્યારે આમાં વિભાગવાર અનેક સંપાદકો છે જેથી સંપાદનનો કાર્યભાર વહેંચાઇ ગયો છે અને એનું પરિણામ શુભ આવ્યું છે. શ્રી મોહનલાલ દેસાઇને જ ગ્રન્થને દળદાર બનાવવા માટે એકલા ગુજરાતી વિભાગમાં અગિયાર લેખો લખવા પડયા છે એ એ તપસ્વીનું સામર્થ્ય બતાવવા સાથે જ જૈન વિષયને લગતા ગુજરાતી લેખકોની સંખ્યા કેટલી ઓછી આજથી વીશ વર્ષ પહેલાં હતી તે સૂચવે છે. પણ અંગ્રેજી વિભાગ કલાની દૃષ્ટિએ પ્રસ્તુત અંકમાં સમૃદ્ધ છતાં ઇતર વિષયોમાં અંગ્રેજીમાં લખાયેલ લેખોની દૃષ્ટિએ અગાઉનો ગ્રન્થ ચડીયાતો છે. એ સમયના સમર્થ પ્રાચ્યવિદ્યા વિશારદોએ શ્રી મો. દ. દેસાઇને સહકાર આપ્યો હતો એ સ્વીકારવું જોઇએ, જ્યારે આમા એમ નથી બન્યું. જૈન વિદ્યાની અનેક ક્ષેત્રમાં ઘણી પ્રગતિ થઇ છે, પણ એનો લાભ પ્રસ્તુત ગ્રન્થને નથી મળ્યો તે સખેદ દર્શાવવું પડે છે. હિન્દી વિભાગ જોઇએ તો પ્રથમના ગ્રન્થમાં આચાર્ય શ્રી આત્માનંદજી વિષેના લેખોથી જ તે ભર્યો છે એમ કહી શકાય. આ ટીકા લગભગ એ આખા ગ્રન્થને પણ લાગુ પડે છે. બીજા લેખો જૂજ છે, જ્યારે પ્રસ્તુત અંકમાં હિન્દી વિભાગમાં ઘણા મહત્ત્વના લેખો છે અને જૈન ધર્મ અને દર્શન વિષેના ચિત્રને ઠીક ઠીક ઉઠાવ મળ્યો છે એમ કહી શકાય. કલા વિષેના લેખો બાદ કરીએ તો ગુજરાતી વિભાગ બન્ને ગ્રન્થમાં સમૃદ્ધ છે. કલા વિષયક ગુજરાતી લેખો એ આ ગ્રન્થની વિશેષતા છે જ એમ સ્વીકારવું જોઇએ.

એકંદર જોતા કહેવું જોઇએ કે આ ગ્રન્થ બહુમૂલ્ય થયો છે, અને કલાની દૃષ્ટિએ ઘણા વખત સુધી રેફરન્સ પુસ્તક તરીકે સ્થાન ટકાવી શકશે એમ કહેતા આનંદ થાય છે. આ માટે તેના સંપાદકો ધન્યવાદાર્હ છે જ. ઉપરાંત શ્રી પરમાનંદભાઇએ લખ્યું છે તેમ શ્રી કાંતિલાલ કોરાની સૂંદર સેવા પણ અનેક અભિનંદનો માગી લે છે.

દલસુખ માલવણિયા

'નિર્ગ્રન્થ ભગવાન મહાવીર'

તાજેતરમાં શ્રી જયભિખ્ખુનું 'નિર્ગ્રન્થ ભગવાન મહાવીર' ગૂર્જર ગ્રન્થરત્ન કાર્યાલય અમદાવાદ તરફથી પ્રકાશિત થયું છે. ભગવાન મહાવીરના ચરિત્રની માંગ ઘણા વખતથી ચાલી આવે છે. ભગવાન મહાવીરનું ચરિત્ર બે પ્રકારનું લખાવું જોઇએ. એક શાસ્ત્રીય એટલે કે તેમના જીવનની જે કાંઈ સામગ્રી મળે છે તે બધી સામગ્રીનો ઉપયોગ કરી તેની ચકાસણી કરીને લખાયું હોય એવું–અર્થાત્ સંશોધનમાં રસ લેનાર વિદ્વાનો સમક્ષ ઉપસ્થિત કરી શકાય તેવું અને બીજું લોકભોગ્ય અર્થાત્ ભ. મહાવીરની જીવનકથા સરલ રીતે લોકો સમજી શકે અને તેમના જીવનમાંથી પ્રેરણા લઇ પોતાના જીવનને ઉન્નત બનાવી શકે એવું. આવા બન્ને પ્રકારના જીવન લખવાના પ્રયત્નો થયા છે, પણ હજી એવું એક પણ જીવન નથી લખાયું જે વિદ્વાનોને કે લોકોને સંતોષી શકે.

ભગવાન બુદ્ધના જીવનની જે સામગ્રી મળે છે તેના આધારે ઓલ્ડનબર્ગ, આર્નોલ્ડ આદિ વિદ્વાનોએ અને કવિઓએ બુદ્ધના જીવન વિશેના વિદ્વદ્ભોગ્ય અને લોકભોગ્ય પુસ્તકો લખ્યાં છે. પણ ભગવાન મહાવીર વિષે હજી આ બાબતમાં નહિવત્ કાર્ય થયું છે. એવે સમયે શ્રી 'જયભિખ્ખુ' એ 'નિર્ગ્રન્થ ભગવાન મહાવીર' જેવું લોકભોગ્ય પુસ્તક લખીને ખરેખર એક માર્ગ ચિંધ્યો છે એમાં શક નથી.

પુસ્તકનું લેખન શાસ્ત્રીયદૃષ્ટિએ નહિં પણ ઉપન્યાસના ઢંગે થયું છે. પણ એનો અર્થ એ નથી કે તેમણે શાસ્ત્રમાં આવતી ભગવાન મહાવીરના જીવનની ઘટનાઓમાં વિપર્યાસ કર્યો છે. ઘટનાઓ એની એ જ છે, પણ તેનો ઉઠાવ એવો રોચક કરવામાં આવ્યો છે કે વાચકના મન ઉપર એની અસર થઇ જાય છે. ભગવાન મહાવીરના ઉપદેશો આચારાંગ–ઉત્તરાધ્યયન જેવા આગમોમાં સંગ્રહાયા છે. એ ઉપદેશોને મહાવીરના જીવનના પણ અંગભૂત લેખે લેખકે કુશળતાથી વણી લીધા છે. પરિણામે ભગવાન મહાવીરના મોઢેથી તેઓ જ્યારે કેવળી થાય ત્યાં સુધી તેમના ઉપદેશ માટે રોકાઈ રહેવાની જરૂર નથી. પણ એના એ જ ઉપદેશોએ તેમના પોતાના જીવનમાં–તેમના પોતાના જીવનને જ–

ઉન્નત કરવામાં કેવો ભાગ ભજવ્યો છે તેનો તાદૃશ ચિતાર આપણી સામે લેખકે ખડો કર્યો છે. લેખકની આ શૈલી આ પ્રકારના જીવન-ચરિત્ર માટે યથાયોગ્ય જ છે એમ કહ્યા વિના ચાલતું નથી.

ભગવાન મહાવીરનું જીવન પ્રશમરસથી ભરપૂર છે, પણ એ પ્રશમરસની જમાવટ કરવી સરલ નથી. લેખકે શૃંગારરસથી નીતરતી કૃતિ 'જયદેવ' લખી છે. પણ તેમની આ કૃતિ પ્રશમરસના નિર્ઝરરૂપે સિદ્ધ થઈ છે એમાં શક નથી. પ્રારંભમાં ભગવાન મહાવીરનું બાલ-જીવન કુમારસુલભ ભાષામાં લખાયું છે. અરે જેમ જેમ આગળ વધીએ છીએ તેમ મહાવીરના જીવનનો વિકાસ ક્રમે ક્રમે વધતો જાય છે અને એ જ ક્રમે ભાષા પણ પ્રૌઢ અને ગંભીર બનતી જાય છે.

પ્રકરણો અને શાસ્ત્રોમાંથી સુવાકયો આપવામાં આવ્યા છે. તેનો અનુવાદ પણ ચોટીલો થયો છે. ગ્રન્થની ભાષા સાદી છતા ગંભીર છે. જયભિખ્ખુનું ઉપમાકૌશલ કાલિદાસના ઉપમાકૌશલની યાદ આપી જાય છે. નાનાં નાનાં વાકયો પ્રસન્નગંભીર શૈલીનો નમૂનો બની રહે છે.

આ બધા ગુણો છતાં એક વાત કહેવાની જરૂર છે જ. સમગ્ર ગ્રન્થમાં 'જયભિખ્ખુ' છવાયાં નથી. તેમની મનન શકિત, તેમની ભાષા શકિત અને રજુઆત કરવાની કુશળતાએ બધાનો લાભ સરખી-રીતે આખી કૃતિને નથી મળ્યો. તેથી કેટલાક પ્રકરણોનો ઉઠાવ શિથિલ છે. અને કેટલાક ગોશાળક જેવા મહાપુરુષોના જીવનનો ઉઠાવ જેવો પ્રારંભમાં થયો છે તેનો અંત સુધી નિર્વાહ નથી થયો. જેઓ શ્રી જયભિખ્ખુના પરિચયમાં છે તેઓ જાણે છે કે તેમનો મુખ્ય વ્યવ-સાય લેખન છતાં તેમની બહુવિધ પ્રવૃત્તિ તેમને એ વ્યવસાયમાં પૂરા એકાગ્ર થવા દે તેવી સ્થિતિ નથી. ખરી વાત એ છે કે તેમને નિરાકુળ કરીને આવા ભગવાન મહાવીર ચરિત્ર જેવા કાર્યમાં જો એકાગ્ર કરવામાં આવે તો એક અપૂર્વ કૃતિ આપણને મળે એવી પૂરી શકતા છે જ. **દલસુખ માલવણિયા**

'દીઠાં મે નવાં માનવી'

(લેખક: શ્રી રવિશંકર મહાશંકર રાવળ, પ્રકાશક: ચેતન પ્રકાશન ગૃહ લિમિટેડ, ૧૩૩, જવાહર નગર, ગોરેગાંવ, (મુંબઇ) કિંમત રૂ. ૪–૪–૦).

ગુજરાતના પ્રમુખ ચિત્રકાર અને અનેક ચિત્રકારોના કળાગુરૂ તેમજ કુમારના પ્રસ્થાપક અને આદ્ય સંપાદક શ્રી રવિશંકર મહાશંકર રાવળને ગુજરાત સૌરાષ્ટ્રમાં કોણ નથી ઓળખતું? ૧૯૫૨ ની આખરમાં વિયેનામાં સામ્યવાદી રશીઆએ આયોજેલી એક શાન્તિ પરિષદ મળી હતી અને તે પરિષદમાં ૮૫ જુદી જુદી પ્રજાઓના ૨૦૦૦ જેટલા પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. આ પરિષદમાં ભારત તરફથી ૩૦ જેટલા પ્રતિનિધિઓ સામેલ થયા હતા. આ પ્રતિનિધિ-મંડળમાં શ્રી રવિશંકર રાવળ, સ્વ. રમણલાલ વસન્તલાલ દેસાઇ, શ્રી ઈશ્વરલાલ મ. પટેલ તથા શ્રી વીનુભાઈ શાહ–આ ચાર ગુજરાતી ગૃહસ્થો હતા. આ વિયેના પરિષદમાં ભાગ લેવા માટે શ્રી રવિશંકર રાવળ જેઓ અમારા મિત્રમંડળમાં 'રવિભાઇ'ના નામથી સુપરિચિત છે તેઓ ડો. મુલ્કરાજ આનંદ, શ્રીમતી માલતીબાઈ બેડેકર તથા શ્રી રમણલાલ દેસાઈ સાથે ડીસેંબરની નવમી તારીખે (૧૯૫૨) મુંબઇથી ઉપડયા. વિયેનાની શાન્તિ પરિષદ ડીસેંબર તા. ૧૨ થી ૨૦ સુધી ચાલી. ત્યાર બાદ સોવીયેટ સરકારના મહેમાન બનીને આખું પ્રતિનિધિમંડળ રશીઆના પ્રવાસે ઉપડયું અને તે પ્રવાસ પૂરો કરીને રવિભાઇ ૧૯૫૩ ના જાન્યુઆરી માસની ૨૬મી તારીખે પાછા મુંબઇ આવી પહોંચ્યા.

પ્રસ્તુત પુસ્તકમાં આ દોઢ માસના પ્રવાસ દરમિયાન વિયેના અને ત્યાર બાદ રશીઆમાં તેમણે જે કાંઈ જોયું તેનો વિગતવાર ખ્યાલ આપવામાં આવ્યો છે. આ કેવળ ઉડતો પ્રવાસ હતો. ૧૯૧૮ ની ક્રાન્તિ બાદ છેલ્લા ૩૪ વર્ષના ગાળામાં સ્ટેલીનની સરમુખત્યારી નીચે રશીઆની પ્રજાએ કયા કયા ક્ષેત્રમાં કેટલી સિદ્ધિઓ હસ્તગત કરી છે તેનું આછું ચિત્ર આ પુસ્તકમાં સરળ અને પ્રવાહાત્મક શૈલિમાં રજુ કરવામાં આવ્યું છે. મહત્વાકાંક્ષી ભારતની ઉગતી પ્રજા આ આલેખનમાંથી પ્રેરણા અનુભવે એવી અનેક બાબતો આ પુસ્તકમાંથી મળે તેમ છે. રશીઆની અપૂર્વ સાધનાથી લેખક ભારે મુગ્ધ થયેલ છે અને એ મુગ્ધતા વાંચકે પણ આ પુસ્તકદ્વારા લેખક સાથે પ્રવાસ કરતા અનુભવે છે. એ સાધનાની તુલનાત્મક આલોચના આ પુસ્તક-માંથી આપણને મળતી નથી. લેખક પુસ્તકના પ્રારંભમાં જ જણાવે છે કે "હું રાજપ્રકરણમાં કશું જાણતો નથી." તેથી આવી આલોચનાની લેખક પાસેથી અપેક્ષા રાખવાનો આપણને અધિકાર નથી. આ પુસ્તક લેખકે આલેખેલાં અનેક વિશિષ્ટ વ્યકિતઓના તેમ જ સ્થળોનાં રેખાં-કનો તથા છબીઓથી સવિશેષ આકર્ષક બન્યું છે. **પરમાનંદ**

સ્વરાજ્યનો પ્રાણ: લોકસંમતિ

(દ્વિભાષી મુંબઈ પ્રદેશ અને સૌરાષ્ટ્ર ગુજરાતનાં તોફાનો સંબંધમાં એક લેખ તા. ૧૫–૮–૫૬ ના પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ થયો હતો. એ જ નવરચના અને દુ:ખદ ઘટનાની ભિન્ન દૃષ્ટિકોણથી પ્રેરાયલી ચર્ચા 'સ્વરાજ્યનો પ્રાણ: લોકસંમતિ' એ મથાળા નીચે તા. ૧૫–૮–૫૬ ના ભૂમિપુત્રના તંત્રીલેખમાં રજુ કરવામાં આવી છે. એ ચર્ચા પ્રસ્તુત જટિલ સમસ્યાની વિશેષ વિચારણામાં મદદરૂપ નીવડશે એમ સમજીને નીચે ઉધ્ધૃત કરવામાં આવે છે. આ ચર્ચામાંનાં એક બે વિધાનો જરા વિશેષ વિચારણાની અપેક્ષા રાખે છે. પ્રસ્તુત લેખના આઠમા પારીગ્રાફમાં જણાવવામાં આવ્યું છે કે "રસ્તામાં થતાં તોફાનો એ લોકોની હિંસા છે, તો લોકસભામાં snap decision–ઓચિંતા અણચિન્તવ્યા અને ઉતાવળા નિર્ણય–લેવા એ લોકપ્રતિનિધિઓની સૂક્ષ્મ હિંસા છે." આવી રીતે લેવાયલો નિર્ણય વ્યાજબી હો, ગેરવ્યાજબી હો, લોકહિતમાં પરિણમો યા અહિતમાં પરિણમો, પણ આવા નિર્ણયને સૂક્ષ્મ હિંસા તરીકે વર્ણવવો એમાં અત્યુકિત થતી લાગે છે. રાજ્યવહીવટમાં અને આવી લોકસભામાં ઘણી વખત એકાએક નિર્ણય લેવા જેવી પરિ-સ્થિતિ ઉભી થાય છે. આવા પ્રસંગે પ્રજાના પ્રતિનિધિઓ અમુક નિર્ણય ઉપર આવવામાં પ્રજાજનો ઉપર હિંસા આચરે છે એમ કહેવું તે બીલકુલ વ્યાજબી નથી. આવી જ રીતે બારમા પારીગ્રાફમાં જણાવ-વામાં આવ્યું છે કે "ગુજરાત અને મહારાષ્ટ્ર બન્ને આટલું નક્કી કરે કે અમે સામા પર અમારી કોઇ ઇચ્છા નહીં લાદીએ તો બંનેના મનનું ધાર્યું થાય. તે વિના ત્રીજાના જ મનનું ધાર્યું માથે લદાય છે એ તો હવે બન્નેએ અનુભવે જોયું." પ્રસ્તુત પ્રશ્નની ચર્ચાના અનુસંધાનમાં આ વિધાન એમ સૂચવે છે કે દ્વિભાષી મુંબઈ પ્રદેશનો નિર્ણય ત્રીજા એટલે કે ગુજરાત તથા મહારાષ્ટ્રના નહિ એવા સંસદ્ સભ્યોએ આ બન્ને પ્રદેશના પ્રતિનિધિઓ ઉપર લાદ્યો છે. આ સૂચન હકીકતથી વિરુદ્ધ છે. લોકસભાના પ્રસ્તુત નિર્ણયના પક્ષમાં એન્. વી. ગાડગીલ સિવાય મહારાષ્ટ્રના અન્ય સર્વ સભ્યો અને કચ્છ, સૌરાષ્ટ્ર ગુજરાતના સર્વ સભ્યોએ પોતાનો મત પુરી રાજી ખુશીથી આપ્યો છે. સૌરાષ્ટ્ર કે ગુજરાતના અમુક જનસમુદાયને આ નિર્ણય સંમત ન હોય એ જુદી જ વાત છે. **પરમાનંદ**)

ગૂજરાત આજે ઘવાયું છે. વડા પ્રધાનથી માંડીની બેકાર મજૂર સુધીના સૌનું દિલ ડહોળાઇ ગયું છે. એક અણચિંતવ્યા ધરતીકંપે જાહેર જીવનની જમીન પર જબરી ફાટ પાડી છે. એક તરફ માનનીય મહાપુરુષો છે, બીજી તરફ વંદનીય જનતા જનાર્દન છે. સંયોગોએ બંનેને સામસામાં મૂકયાં છે. કર્તવ્યો કર્યે છૂટકો છે. કર્મચક્ર થંભતું નથી. પણ બંને દુ:ખી દુ:ખી છે. સૌને માટેની ઊંડી મહાનુભૂતિથી અમારું દિલ વલોવાઈ ગયું છે. અમારું ચિત્ત આર્દ્ર છે. જે મર્યા છે, જેમના મર્યા છે, જેમને હાથે મર્યા છે, જે જે આજે વ્યાકુળ છે, તે સઘળાંને પરમ કૃપાળુ પરમાત્મા શાંતિ આપો, સમતા આપો, ધૈર્ય અને સંયમ બક્ષો, એ જ અમારી પ્રાર્થના છે.

હુલ્લડો અને ગોળીબારના ધૂળ–ધૂમાડાના ગોટા બે–પાંચ–પંદર દિવસે વિખેરાઈ જશે. આપણને થશે કે આ બધું શું હતું? શા માટે હતું? ગાંધીના ગૂજરાતને માથે આ આપત્તિ ઇશ્વરે કાં ફેંકી? કયે પાપે? શો હશે એનો ઉદ્દેશ?

નિરુદ્દેશ ઈશ્વરનું કાંઈ નથી હોતું. દૃષ્ટિ જોઇએ. એની કૃપાથી ગૂજરાત દૃષ્ટિવાન છે, પ્રજ્ઞાવાન છે. ગૂજરાતની જનતા ગાંધીજી પાસેથી સત્ય, અહિંસા અને સ્વરાજ્યના આદર્શ શીખી છે. સરદાર પાસેથી શિસ્તબદ્ધ અહિંસક સંગઠ્ઠન અને આંદોલનની કળા પામી છે.

પણ આજે સ્વરાજ્ય છે. આપણાં જ પોતીકાં જન, આપણાં મોકલ્યાં, આપણું રાજ સંભાળે છે. શું કરવું ? શું ન કરવું ? પંડિતા પણ મુંઝાય છે. માટે મૂળ તપાસીએ.

સ્વરાજ્ય માટે આપણે લોકશાહી સ્થાપી છે. લોકોની સંમતિ એ લોકશાહીનો આત્મા છે. સાચું હોય કે ખોટું, લોકોની સંમતિ વિના ન થાય. શંકરાચાર્યના શબ્દોમાં **यद्यपि सत्यं लोकविरुद्धं न आचरणीयं न आचरणीयम्** । લોકશાહીમાં સામૂહિક સત્યાચરણ લોકમતથી વિરુદ્ધ ન હોવું જોઇએ. સત્ય પણ લોકોને સમજાવીને, ગળે ઉતારીને અમલમાં લાવી શકાય. પોતાપૂરતું સત્યાચરણ જેને જે કરવું હોય તે ભલે કરે. આખા સમુદાયનો સવાલ હોય ત્યારે, સમુદાય વતી, એની બોલતી કે મૂંગી સંમતિ મેળવ્યા વિના, કશો જ કાયમી નિર્ણય લેવાનો અધિકાર, ભલા બહાને પણ નથી. લોકસંમતિ મળી જશે એવી અપેક્ષા રાખી તત્કાલ નિર્ણય અમુક હાલતમાં લેવા પડે એ સમજી શકાય છે. પણ એ રીતે નિર્ણય લેનારે પોતાનું સ્થાન અથવા અભિમાન હોડમાં મૂકવું પડે તેય સમજી લેવું ઘટે. પોતે લીધેલો નિર્ણય લોકોને સમજાવ્યા છતાં મંજૂર ન થાય તેવા સંજોગોમાં લોકોને માથે એમણે જ સોંપેલી શસ્ત્રસત્તાને જોરે પોતાનો નિર્ણય ઠોકી બેસાડવાની મમત ન પકડવી ઘટે. એવા સંજોગોમાં સાચા લોકનિષ્ઠ મનુષ્યે પોતે ભોગ આપવો જોઇએ–સ્થાનનો અથવા અભિમાનનો.

સ્વરાજ્યનું આ પ્રાણતત્ત્વ છે. આ એવી લક્ષ્મણરેખા છે જેને કોઈ ઓળંગી ન શકે. કોઈ એને ઓળખ્યા પછી ઓળંગશે પણ નહીં. ઓળંગી જવાયાનાં પરિણામો આજે હવે ગુજરાતને ઘરઆંગણે છે. ઓળખી લેવાની ઘડી આજે જ છે. એને ઓળખી લેવામાં જ લોકશાહીના આદર્શ પ્રત્યેની વફાદારી અને ફરજનું પાલન સમાયેલું છે.

રસ્તામાં તોફાનો કરવાં, પત્થરો ફેંકવા, લૂંટવું, બાળવું, તોડવું, ફોડવું, એ બધી લોકોની હિંસા છે, બેરશિસ્ત છે, અસંયમ છે. લોકોની હિંસા અને અરાજકતા લોકશાહી માટે ઘાતક છે. હિંસાથી લોકોનો ઉદ્દેશ કદી સરતો નથી, ઊલટો દૂર સરકી જાય છે. કોઇનેય એ હિંસા નથી ગમતી. અમે પણ એને જરાયે પસંદ નથી કરતા. એ જોઇને અમારું અંતર કકળે છે. પણ આજે એની ફકત નકારાત્મક નિંદા ન કરીએ. એનું નિવારણ શોધવા મથીએ. નૃસિંહની પ્રભુતા પિછાની એને વિષ્ણુ સ્વરૂપ ધારણ કરવા પ્રાર્થીએ.

લોકોની આ હિંસા આઘાતનો પ્રત્યાઘાત છે. રસ્તામાં થતાં તોફાનો એ લોકોની હિંસા છે, તો લોકસભામાં snap decisions–ઔચિંત્યા અણચિંતવ્યા અને ઉતાવળા નિર્ણય–લેવા એ લોકપ્રતિનિધિઓની સૂક્ષ્મ હિંસા છે. લોકસભા ભલે સાર્વભૌમ હોય, જનતા એના સાર્વભૌમત્વની જનની છે, દાતા છે. રોજ–બ–રોજના વહીવટમાં લોકપ્રતિનિધિઓ પોતાની સૂઝ–સમજ મુજબ નિર્ણયો લે એમાં લોકો માથું નથી મારતા. પણ લોકોને જેમાં ઊંડો રસ છે, જેને વિશે એમની સ્પષ્ટ અપેક્ષાઓ છે, તેવા વિષય પર ઔચિંત્યા લોક-વિરુદ્ધ નિર્ણય લેવો અને એને ગણ્યા ગાંઠ્યા દિવસોમાં લોકોને માથે ઠોકી બેસાડવાનું ઠરાવવું, એ કૃત્ય ગમે તેટલું બંધારણીય કે કાયદેસરનું હોય તોયે તેમાં હિંસા છે. કેમકે ઉતાવળિયાપણમાં હિંસા છે, અસંમત વિચાર લાદવામાં હિંસા છે, બળજબરીથી અમલ કરવામાં હિંસા છે, અને વિપત્તિ પણ છે. જહાં सुमति तहां संपति नाना, जहां विमति तहां विपति निदाना ।

ભારત સંઘરાજ્ય છે, રાજ્યોનો સંઘ છે. એના કોઇપણ એક અંગ પર બાકીનાં અંગો રાષ્ટ્રીય નિર્ણયને નામે બેળે બેળે કાંઇ પણ લાદી દે તો એમાં હિંસા છે, જોખમ છે. બહુમતી સાધારણ રીતે ભલે ચાલતી હોય, બહુમતીથી બળાત્કાર ન કરી શકાય. ઓછામાં ઓછું એકમોના પ્રાણપ્રશ્નો વિશે એમની સંમતિ અનિવાર્ય હોવી જોઇએ. સર્વસંમતિ એ અહિંસાનો પાયો છે અને તેથી કાયદો, વ્યવસ્થા અને લોકશાહીનો પણ એ જ પાયો છે.

મુંબઈ અંગે મહારાષ્ટ્રને માથે 'હાઈ કમાન્ડ'નું હુકમનામું લદાતું હતું ત્યારે પણ તા. ૧–૧૨–૫૫ ના સંપાદકીયમાં અમે આ જ વાત કરી હતી અને પ્રેમપૂર્વક ભાઈભાઈ સાથે બેસીને પણ નીવેડો લાવે, 'કજિયાનું મોં કાળું કરે' એવું નમ્ર નિવેદન કર્યું હતું.

પણ આજે લોકો શું કરે ? હુલ્લડબાજીમાં વેડફાતી શકિતઓને સાચવી લે. સંયમ ધારણ કરે અને બંધારણીય રીતે પોતાની વાત બધા પક્ષો અને નેતાઓ સામે મૂકે, વળતી એમની વાત પોતાને સમજાવવાની માંગણી કરે અને સમજાય તેટલી સમજે. દરમ્યાન દ્વિભાષી રાજ્ય બને તોયે અકળાય નહીં. છેવટનો નિર્ણય લોકોના જ હાથમાં છે. આવતી ચૂંટણીમાં પ્રતિનિધિઓએ કાં તો પોતાની વાત લોકોને ગળે ઉતારી હશે, કાં લોકોનો આદેશ માથે ચડાવ્યો હશે. આકળા થવું બિનજરૂરી છે, નુકસાનકારક છે. શાંતિ, સ્વસ્થતા અને તટસ્થતાથી બધા પક્ષોને જનતા પોતાના અભિપ્રાયની નોટિસ આપે, એમનો અભિપ્રાય જુદો હોય તો તે સમજાવવાનું નિમંત્રણ આપે, તો જે કાંઇ નિર્ણય થશે તે એમને પ્રતિકૂળ નહીં હોય કે નહીં લાગે.

પોતાને માથે કશું લાદવામાં ન આવે એવી ઇચ્છા એ લોકસ્વાતંત્ર્યની એક પાંખ છે. બીજાને માથે પોતે કશું નહીં લાદે એ નિશ્ચય એ લોકસ્વાતંત્ર્યની બીજી પાંખ છે. ગૂજરાત અને મહારાષ્ટ્ર બંને આટલું નક્કી કરે કે અમે સામા પર અમારી કોઇ ઇચ્છા નહીં લાદીએ, તો બંનેના મનનું ધાર્યું થાય. તે વિના ત્રીજાના જ મનનું ધાર્યું માથે લદાય છે એ તો હવે બંનેએ અનુભવે જોયું. ગૂજરાત અને મહારાષ્ટ્રના નેતાઓ હજી પણ બંને તરફના લોકોને કબૂલ એવા ફેંસલા પર આવવાની દૃઢપ્રતિજ્ઞા કરીને સામાસામ બેસી એકબીજા સાથે પ્રેમપૂર્વક વાટાઘાટ કરી નિર્ણય પર આવે તો એમનો જ નિર્ણય કોઇને કોઇ પ્રકારે અમલી બની શકશે એમાં અમને શંકા નથી. કારણ કે રાષ્ટ્રના નેતાઓને મોટાં રાજ્યો ગમે છે, છતાં લોકોના દુઃખમાં રાજી થવાની નથી એમની વૃત્તિ કે નથી એમની સ્થિતિ. બંને પક્ષ જેમાં રાજી હોય તેવા નિર્ણયમાં જ બંનેનું હિત છે; રાષ્ટ્રનું પણ હિત છે. રાષ્ટ્રને કોઈ ત્રીજો નિર્ણય કરવો હોય તો તે પણ બંનેને સમજાવીને, બંને પાસે સ્વીકારાવવો જોઇએ. તે માટે પૂરતો સમય અને ધૈર્ય દાખવવું જોઇએ. સત્તા સંયમથી શોભે છે ને વધે છે. ઉતાવળા ઉપયોગથી એનું અસ્તિત્વ જ નષ્ટ થાય છે. પોતાના આદર્શ વિશે, સત્ય વિશે જેને ખાતરી હોય તે કદી ઉતાવળ ન કરે, એ આદર્શ બંધારણીય કે લશ્કરી સત્તાને જોરે બીજા પર લાદવા કે લદાવવાનો પ્રયત્ન ન કરે. બળનો પ્રયોગ જે સત્યને માટે થાય છે તે સત્યને તે નિષ્પ્રાણ કરે છે. સત્ય પોતે જ સાચી સત્તા છે. એ પોતાનો માર્ગ પોતાની મેળે કરે જ છે. સિદ્ધાંત અને સત્યના ઉપાસકે જેમ વ્યકિતગત જીવનમાં તેમ જ રાજકીય અને રાષ્ટ્રીય જીવનમાં ધૈર્યવાન, અહિંસક અને પ્રેમપૂર્ણ રહેવું જ પડશે. તે વિના લોકશાહીનો આત્મા તો નહીં જ ટકે, પણ એનું બંધારણીય માળખું પણ નહીં ટકે.

શિસ્ત અને વફાદારી એ ગૂજરાતના રાજકીય જીવનના મંત્ર જેવાં ગણાય છે. જાતનો ભોગ આપીને પણ પોતે સ્વીકારેલા મૂળભૂત સિદ્ધાંતોને વળગી રહેવું, એ છે શિસ્ત. જેણે આપણામાં વિશ્વાસ મૂકયો તેનો કોઇપણ સંયોગોમાં વિશ્વાસઘાત ન કરવો એ છે વફાદારી. રાજકીય જીવનમાં અહિંસા અને લોકશાહીના મૂળભૂત સિદ્ધાંતો ગૂજરાતે સ્વીકાર્યા છે. અને તેને વળગી રહેવું એ શિસ્ત છે. લોકોએ મબલખ વિશ્વાસ નેતાઓમાં મૂકયો છે. એનો ઘાત ન કરવો એ છે વફાદારી. લોકશાહીમાં લોકનેતાઓની શિસ્ત અને વફાદારી લોકો પ્રત્યેની છે. એથી જુદી કે ઊલટી વ્યાખ્યાઓ હવે નહીં ચલે.

સમૂહના અહંકારે આજે ભાષાના કલેવરમાં પ્રવેશ કરી ભાષાવાદનો ભેદાસુર પેદા કર્યો છે. પ્રેમ અને વિશ્વાસ એ જ અહંકાર અને ભેદાસુરના રામબાણ ઉપાય છે. જે કાંઇ નવી રચના થાય તે સાર્વત્રિક વિશ્વાસ વિના ન જ થાય, તો વાદ શમી જશે અને સત્ય પ્રકાશશે. પ્રજાના પારસ્પરિક વિશ્વાસ વિના થયેલી રચનામાં ખાટલે મોટી ખોટ એ હશે કે પાયો જ નહીં હોય. બળાત્કારે બનેલું દ્વિભાષી રાજ્ય ભાષાવાદી અવિશ્વાસ અને ઝઘડાનો ઉકેલ કરનારું નહીં નીવડે. બલકે ધારાસભાના બજેટે બજેટે અને બેઠકે બેઠકે ભાષાવાદની ઝેરી બેદિલી ફેલાવતું રહેશે. લોકશાહી આજે રાજકીય પક્ષ–વિપક્ષના સ્તર પર છે, તેનાથી પણ નીચે પડી જશે અને વ્યવહારમાં ભાષાવાદી પક્ષ–વિપક્ષના સ્તર પર ઊતરી પડશે. આજે જરૂર તો લોકશાહીના સ્તરને ઊંચે ચડાવવાની છે. એટલે લોકોમાં વિશ્વાસ અને પ્રેમ વધે તેવાં જ પગલાંમાં આજે રાષ્ટ્રહિતની દૃષ્ટિએ દૂરંદેશી ગણાશે.

ગૂજરાતમાં આજે રાજકીય સંગઠનોની દૃષ્ટિએ સ્ફોટક પરિસ્થિતિ પેદા થઈ છે. અમને વિશ્વાસ છે કે નેતૃત્વ વિશે આટલી મૂંઝવણભરી હાલત હોવા છતાં હિંમત અને દૂરંદેશીભર્યું રચનાત્મક નેતૃત્વ આજને તબકકે આગળ આવ્યા વિના નહીં જ રહે. આ વજ્રપાતથી ઓલવાયેલી દીવાદાંડીની ખોટ પુરવા આગિયા પણ ઉમેદવારી કરશે. પણ અમને વિશ્વાસ છે કે ગૂજરાતની ભૂમિ પર નાચિકેત અગ્નિના ઉપાસક જ દીવાદાંડીને પેટાવશે.

ઈશ્વર આપણને સૌને સન્મતિ આપે, પ્રેમ આપે લોકો અને લોકસભા વચ્ચેનો જીવતો અને વાસ્તવિક સંબંધ જોડાય તેવા અહિંસક સંગઠ્ઠનની સૂઝ આપે અને અહિંસક સ્વરાજ્યનો ગાંધીના દેશમાં ઉદય કરવાની શકિત આપે.

'ભૂમિપુત્ર'માંથી ઉધ્ધૃત.

પ્રકીર્ણ નોંધ

ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સમિતિને ધન્યવાદ

દ્વિભાષી મુંબઈ પ્રદેશ સામે સૌરાષ્ટ્રમાં અને વિશેષે કરીને ગુજરાતમાં આટલો બધો વાવંટોળ ઉઠવા છતાં તા. ૧૯-૮-૫૬ ના રોજ મળેલી ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સમિતિની સભાએ, ભારતની લોકસભાએ બહુ મોટી બહુમતીથી લીધેલા બૃહત દ્વિભાષી મુંબઇ પ્રદેશ રચવાના નિર્ણયને ૧૦ વિરુદ્ધ ૧૧૦ ની જંગી બહુમતીથી બહાલી આપી એ માટે એ સમિતિના સભ્યોને, તેમણે બતાવેલી જાહેર હીંમત માટે, ધન્યવાદ ઘટે છે. જે દશ સભ્યો વિરુદ્ધ હતા તેમાંના ઘણા ખરા અમદાવાદના હતા. જે નિર્ણયમાં પોતાનું અને સમગ્ર ભારતનું હિત અન્ય સભ્યો જોઇ શકયા તે નિર્ણયને તે પ્રકારે અમદાવાદના સભ્યો જોઈ ન શકયા એ જરા દુઃખદ છે. અમદાવાદ તળમાં આ વિષે કેવો ઉગ્ર અભિપ્રાય પ્રવર્તે છે તેનો આ ઉપરથી આપણને કાંઈક ખ્યાલ આવે છે.

શ્રી મોરારજીભાઇની તપશ્ચર્યા

શ્રી મોરારજીભાઇ ઑગસ્ટ માસની ૧૯ મી તારીખે સવારે ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સમિતિની બેઠકમાં ભાગ લેવા માટે અમદાવાદ જઈ પહોંચ્યા. એ બેઠકનું કામકાજ પુરું થવા બાદ અમદાવાદના લોકો તેમને શાન્તિથી સાંભળવા તૈયાર ન થાય ત્યાં સુધી અનિયમિત મુદ્દત માટે તેમણે ઉપવાસ જાહેર કર્યા. આ ઉપવાસ અંગે નિવેદન કરતાં તેમણે જણાવ્યું હતું કે:-

"બધા જ ગુજરાતીભાષી અને મરાઠીભાષી વિસ્તારોના બનેલા મુંબઇના મોટા દ્વિભાષી રાજ્યની રચના સામે વિરોધ કરનાર વ્યકિતઓ અથવા તો સમૂહોએ અમદાવાદ શહેરમાં હિંસા અને ધાકધમકીનું જે વાતાવરણ ઉભું કર્યું છે તે જોઇને મને અત્યંત દુઃખ અને વેદના થઈ છે.

"આજે હું અહિં ગુજરાત પ્રદેશ કૉન્ગ્રેસ સમિતિની બેઠકમાં હાજરી આપવા આવ્યો અને આ તકનો લાભ લઇ સાંજના અમદાવાદના શહેરીઓની સભા સમક્ષ બોલવાનો મારો ઇરાદો હતો. પણ મને માનવાને કારણ છે કે મોટાભાગના લોકોએ જેઓએ અન્યથા મારું ભાષણ સાંભળવાની ઇચ્છા કરી હતી, તેમને ધાકધમકી આપવામાં આવી હતી. અને સભામાં હાજર રહેતા અટકાવવામાં આવ્યા હતા.

"આ બધાનો અર્થ લોકશાહીના સિદ્ધાંતનો ઇનકાર કરવા બરોબર છે. કોઇ પણ લોકશાહી સરકાર આવી પરિસ્થિતિ સહેજે પણ ચાલુ રહે તે સાંખી શકે નહિ. પરિસ્થિતિને થાળે પાડવા માટે સરકારે બળનો ઉપયોગ કરવો જ રહ્યો. અને આના પરિણામે જાનની વધુ હાનિ પણ થાય. આ વિચારથી મને દુઃખ થયું છે. અને મને લાગે છે કે ગુજરાતની સંસ્કારીતા અને લોકશાહી પ્રાણાલિકાઓનું જતન કરવું હોય તો જ્યાં સુધી હું જાહેર સભા સમક્ષ બોલી ન શકું અને લોકો મને શાંતિપૂર્વક સાંભળી ન શકે ત્યાં સુધી મારે ઉપવાસ કરવા જોઇએ.

"સાધારણ રીતે આવા ઉપવાસમાં હું માનતો નથી. વળી આ ઉપવાસ કોઈ વ્યકિતઓની સામે પણ નથી, પણ મને લાગે છે કે જ્યાં સુધી અમદાવાદના શહેરીઓ તેમનો નિત્યનો જીવનવ્યવહાર કોઈ પણ પ્રકારના અંતરાય વિના ચલાવી ન શકે ત્યાં સુધી મારે તે આદરવા જોઇએ. મારી નજર સમક્ષ જ ગુજરાત તેની ઉજ્જ્વળ પ્રણાલિકાઓ સાથે નાશ પામે તે કરતાં બહેતર છે કે મારે પોતાએ મટી જવું જોઇએ, કે જેથી ગુજરાત જીવતું રહે અને સમસ્ત રાષ્ટ્રને બળ આપતું રહે."

આ નિવેદનમાં તેમના દિલની પાર વિનાની વ્યથા ભરી છે એ જોઈ શકાય તેમ છે. અમદાવાદ અને અન્યત્ર જે હિંસક વાતાવરણે ઘેરો ઘાલ્યો હતો તેનું સરકારી પ્રતિહિંસા વડે નિવારણ કરવાનું કામ અશકય બન્યું હતું. આ માટે અન્ય પ્રકારના કોઇ જલદ ઉપાયની જ જરૂર હતી. આ ઉપાય સહજાત્મે ઇશ્વરે મોરારજીભાઇને સુઝાડયો અને તેઓ અનિયત ઉપવાસ ઉપર આરૂઢ થયા. પોતાના નિવેદનમાં મોરારજીભાઇએ એ પ્રકારનું સૂચન કર્યું છે કે અમદાવાદ શહેરના મોટા ભાગના લોકો તેમને સાંભળવા ઇચ્છે છે, પણ તેમને બળાત્કારે રોકી રાખવામાં આવ્યા છે. આ તેમનું નિદાન અમદાવાદની એ દિવસોની વાસ્તવિક પરિસ્થિતિ વિચારતાં બરોબર નથી લાગતું. આઠમી તારીખથી શરૂ થયેલી ઘટનાઓએ ત્યાંના ઘણા મોટા ભાગના લોકોને કૉંગ્રેસ અને મોરારજીભાઇથી વિમુખ બનાવી દીધા હતા, જેઓ વર્ષો સુધી કૉંગ્રેસ-પરાયણ બનીને રહ્યા હતા તેમનાં દિલ પણ ખાસ કરીને આઠમી તારીખે થયેલા વિદ્યાર્થીઓ ઉપરના ગોળીબારથી અને એ પ્રસંગે સ્થાનિક કૉંગ્રેસ કાર્યકરોએ દાખવેલી callousness-ઉદાસીનતા-થી આપણી કલ્પનામાં ન આવે એ રીતે વિકૃતી બેઠાં હતાં. અને તેથી અમદાવાદનો ઘણો ખરો પ્રજાસમુદાય મોરારજીભાઇ વિષે એક પ્રકારની પરાંગમુખતા-sullenness-અનુભવતો હતો. અલબત્ત મોરારજીભાઇના ભાષણ માટે યોજાયલી જાહેર સભામાં આવવા ઇચ્છતા અનેક ભાઇબહેનો આ જાતના સામાજિક દબાણના કારણે ઘર બહાર નીકળવાની હીંમત કરી નહિ શકયા હોય, પણ સમગ્રપણે સામુદાયિક માનસ ઉપર જણાવ્યું તેવી દશામાંથી પસાર થતું હતું. આને લીધે જ તે દિવસે જાહેર કરવામાં આવેલો 'જનતા કરફયુ' આટલો બધો સફળ નીવડયો હતો. પૂનામાં પણ થોડા દિવસ પહેલાં પંડિત જવાહરલાલ નેહરૂ ગયેલા ત્યારે તેમની વિરુદ્ધ વાતાવરણ સારા પ્રમાણમાં જામેલું હતું. એમ છતાં ત્યાંના પ્રજામાનસમાં તેમના વિષે દ્વિધા હોવાના કારણે સંખ્યાબંધ માણસો તેમના વ્યાખ્યાનની જાહેર સભામાં સામાજિક દબાણ પ્રતિકુળ હોવા છતાં જઇ શકયા હતાં.

અને એક રીતે એ જાહેર સભા ભરવામાં ન આવી એ સારું જ થયું, કારણ કે સાત દિવસના ઉપવાસ પછી પણ તા. ૨૬-૮-૫૬ રવિવારના રોજ યોજાયલી જાહેર સભામાં જો પથ્થરો ઉછળ્યા અને ત્યાર બાદ ટીયરગેસ વાપરવો પડયો અને ગોળીબાર કરવો પડયો તો, જો ૧૯ મી તારીખે સભા ભરાઈ હોત તો પણ ભયંકર તોફાન થયા વિના ન રહેત.

પણ મોરારજીભાઇના ઉપવાસ માત્ર આ કે તે એવા કોઈ એક કારણથી નહિ, પણ છેલ્લા દશ દિવસો દરમિયાન ગુજરાતમાં જે અરાજકતા પ્રવર્તી રહી અને લોકોના હાથ ગાંધીટોપી ઉછાળવા સુધી પહોંચી ગયા હતા એ કારણે ઉત્તરોત્તર ઘનીભૂત થઈ રહેલ વ્યથા અને વેદનામાંથી ઉભા થયા હતા-એમ માનવું વધારે યોગ્ય છે. જે પ્રજાએ તેમને હજારોવાર નવાજ્યા છે અને ગાંધીજીના એક ઉત્તમ કોટિના વારસ તરીકે તેમનાં આદરમાન કર્યા છે તે પ્રજા ગાંધીજીની સર્વ નીતિ રીતીને ફેંકી દે અને તેમને સાંભળવાની પણ ના કહે-આ પોતાની સામે નીપજી રહેલી વસ્તુસ્થિતિ તેમના માટે અસહ્ય બની જાય એમાં કાંઈ નવાઈ જેવું નથી. આ સામે શું કરૂં એ અન્તરની ખોજમાંથી તેમને સુઝયું કે પોતાની જાતને હોડમાં મૂકયા સિવાય, અને લોકો જો ડેકાણે ન જ આવે તો પછી ખપી જવા સિવાય તેમના માટે બીજો કોઇ ઉપાય રહેતો નથી. આનું પરિણામ એ દિવસથી ઉપવાસ શરૂ કરવામાં આવ્યું. અને એ શુભ જ થયું. ગુજરાતમાં જે હિંસા અને બળજબરીની આંધી આવી હતી તે તે ઉપવાસના પ્રતાપે શમી ગઇ. અમદાવાદ પણ શાન્ત અને સ્તબ્ધ બની ગયું. પોતાને જ્યારે પ્રતીતિ થઇ કે હવે લોકો તેમને શાન્તિથી સાંભળશે ત્યારે, અને જ્યારે અમદાવાદના આગેવાન શહેરીઓએ શાન્તિના માર્ગે ચાલવાની અને તેમને શાન્તિથી સાંભળવાની ખાત્રી આપી ત્યારે, તેમણે લોકોને કહેવાયોગ્ય કહીને પારણું કરવાનો નિર્ણય જાહેર કર્યો અને તે મુજબ તા. ૨૬-૮-૫૬ રવિવાર સાંજના સમયે લાલ દરવાજા આગળના મેદાનમાં અમદાવાદની જનતા સમક્ષ તેઓ ઉપસ્થિત થયા, અને અડધા કલાકથી વધારે સમય સુધી તેમણે પોતાની વેદના લોકો સમક્ષ દર્દભર્યા શબ્દોમાં ઠાલવી. પણ કમનસીબે અમદાવાદને જે તોફાની તત્ત્વો ઘેરો ઘાલીને બેઠાં હતાં તેમને મોરારજીભાઇની તપશ્ચર્યાની કશી જ અસર ન થઈ અને સભામાં જ્યારે મોરારજી-

ભાઈનું વ્યાખ્યાન ચાલતું હતું તે દરમિયાન તેમણે પથ્થરબાજી ચાલુ રાખી. આ રીતે ગુજરાતની શરમનો કોઈ છેડો રહ્યો નહિ.

આમ પથ્થરબાજી ચાલુ રહેવા છતાં મોરારજીભાઇએ અણનમ યોદ્ધા માફક પોતાનું બોલવું ચાલુ રાખ્યું, અને સાત સાત દિવસના ઉપવાસ પછી પણ સૌ કોઈ તેમને સ્પષ્ટપણે સાંભળી અને સમજી શકે તેવી રીતે ગુજરાત અને અમદાવાદ આજે જે વિનાશના માર્ગે જઈ રહ્યું છે તે અંગે સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી. આમ સાધારણ માણસને મૂર્છિત બનાવી દે એવી ચકાસણીમાંથી તેઓ સફળતાપૂર્વક પાર ઉતર્યા છે. અનેક ત્રુટિઓ હોવા છતાં આજે સત્યનિષ્ઠા અને મક્કમતામાં મોરારજીભાઇની જોડી ગુજરાતમાં મળવી મુશ્કેલ છે. છેલ્લા દશ મહીના દરમિયાન તેમની પાર વિનાની કસોટી થઇ રહી છે. બધાં તોફાનો વચ્ચે તેઓ અડોલપણે ઉભા છે અને જીવનની છેલ્લી ક્ષણ સુધી તેઓ એજ રીતે ઉભા રહેવાના છે. આ માનવવીરને આપણાં અનેક વન્દન હો !

'મહાદ્વિભાષી મુંબઇ પ્રદેશ'

શ્રી. મુંબઇ જૈન યુવક સંઘના આશ્રય નીચે તા. ૨૩-૮-૫૬ ગુરૂવારના રોજ સી. પી. ટેંક પાસે આવેલા હીરાબાગ હોલમાં 'મહાદ્વિભાષી મુંબઇ પ્રદેશ' એ વિષય ઉપર લોકસભાના સભ્ય શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહનું જાહેર વ્યાખ્યાન ગોઠવવામાં આવ્યું હતું. મુંબઇ પ્રદેશના મજુર પ્રધાન શ્રી. શાન્તિલાલ હરજીવન શાહ પ્રમુખસ્થાને બીરાજ્યા હતા. વ્યાખ્યાનસભા શ્રોતાઓથી ચીકાર ભરાઈ ગઇ હતી. શ્રી ચીમનભાઈ લોકસભાના સભ્ય હોવા ઉપરાંત મુંબઇના મહારાષ્ટ્ર-ગુજરાતના પ્રશ્ન સાથે, પ્રદેશ પુનરરચના પંચ નીમાયું તે પહેલાંથી, સાંકળાયલા હતા. મુંબઇ શહેર સમિતિના તેઓ અગ્રગણ્ય સભ્ય હતા. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ તરફથી પુનરરચના પંચ તરફ મોકલવામાં આવેલ નિવેદન ઘડવામાં તેમ જ પંચ સમક્ષ જુબાની આપવામાં તેમણે મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. લોકસભામાં પુનરરચનાનો પ્રશ્ન બે વખત વિગતથી ચર્ચવામાં આવ્યો તે બન્ને બેઠકો દરમિયાન મુંબઈ મહારાષ્ટ્ર તથા ગુજરાત સંબંધે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનું દૃષ્ટિબિન્દુ રજુ કરતાં આખા પ્રશ્નને તેમણે બહુ વિસ્તારથી ચર્ચ્યો હતો અને ગુજરાતના દૃષ્ટિબિન્દુનો વિરોધ કરતા મહારાષ્ટ્રી સભ્યોને બધા મુદ્દાઓ ઉપર સચોટ જવાબ આપ્યો હતો. આજે દ્વિભાષી મુંબઇનો પ્રશ્ન ચોતરફ અત્યન્ત ચર્ચાસ્પદ બનેલો હોઇને એકભાષી મહાગુજરાતને બદલે દ્વિભાષી મુંબઈ પ્રદેશની યોજના લોકસભાએ બહુ મોટી બહુમતીથી-લગભગ સર્વાનુમતીથી-મંજુર કરી તેની પાછળ કઈ વિચારભૂમિકા હતી તે વિષે પુષ્કળ ગેરસમજુતી અને તર્કવિતર્કો પ્રવર્તતા હતા. આ સંબંધમાં લોકોને આધારભૂત માહીતી મળે તે હેતુથી આ વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. શ્રી ચીમનભાઇએ આ વિષય ઉપર લગભગ એક કલાક વ્યાખ્યાન આપ્યું તે દરમિયાન પ્રાદેશિક પુનરરચનાના પ્રશ્ન અંગે પ્રારંભથી તે આજ સુધીનો ઇતિહાસ તેમણે રજુ કર્યો હતો અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિએ પ્રારંભથી તે આજ સુધી દ્વિભાષી મુંબઈ રાજ્ય ચાલુ રાખવા તરફ જ પોતાનો ઝોક દાખવ્યો હતો અને વિકલ્પે જ એકભાષી ગુજરાતની માંગણી કરી હતી તે ક્રમબધ્ધ વિગતો આપીને સમજાવ્યું હતું. છેવટે લોકસભામાં એકભાષી ગુજરાત, મહારાષ્ટ્ર તથા કેન્દ્રશાસિત મુંબઈની યોજનાને પડતી મૂકીને વિદર્ભ સહિતના દ્વિભાષી મુંબઇ પ્રદેશનો સ્વીકાર કરવા અંગે કેવા અણધાર્યા સંયોગો ઉભા થયા, અને મહારાષ્ટ્રી તથા ગુજરાતી પ્રતિનિધિઓએ આ વિષે અલગ અલગ તેમ જ પંડિત જવાહરલાલ સાથે વિગતવાર ચર્ચા કરીને મહાદ્વિભાષી મુંબઇને કેવી રીતે સંમતિ આપી તેનું કડિબધ્ધ ચિત્ર તેમણે રજુ કર્યું હતું. ચર્ચા દરમિયાન મહાગુજરાતનો આગ્રહ ધરાવતા કેટલાક ભાઇઓએ પ્રશ્નો પૂછીને અને ઉગ્રતા દાખવીને સભાના વાતાવરણને જરા ગરમ બનાવ્યું હતું. શ્રી શાન્તિલાલ શાહે ટુંકમાં ઉપસંહાર કર્યો હતો અને પ્રમુખશ્રી તથા વકતાનો આભાર માનીને સભા વિસર્જન કરવામાં આવી હતી.

પરમાનંદ

વર્ષાને અંજલિ

(આ વર્ષે આપણે વર્ષાને તેના પૂર્ણ સ્વરૂપમાં એટલે કે ગંભીર તેમજ ઉન્મત્ત, ભદ્ર તેમજ રૂદ્ર સ્વરૂપમાં નિહાળી, અનુભવી. હજુ પણ વર્ષાઋતુ સમાપ્ત થઇ નથી. ગઇ કાલ સુધી સતત ધારાએ કલાકો સુધી પડેલા વરસાદના ભણકારા આપણા કાનમાં હજુ પણ વાગ્યા કરે છે. મેઘધનુષ્ય માફક જેની વર્ણલીલા અપાર છે, અનેક છે એવી વર્ષાને કાકાસાહેબે 'વર્ષા આગમની' એ મથાળા નીચે 'મંગળ પ્રભાત'ના જુલાઇ માસમાં પ્રગટ થયેલ લેખમાં ભારે અદ્‌ભુત અંજલિ આપી છે. તે વાંચતાં વર્ષાઋતુ આપણી આંખો સામે નવલ સ્વરૂપમાં રજુ થાય છે. આપણું દિલ આનંદ તેમજ કલ્પનાની લહરિઓ વડે ડોલાયમાન થાય છે. એ લેખનો અનુવાદ નીચે પ્રગટ કરવામાં આવે છે. **પરમાનંદ**)

કાલીદાસનો એક શ્લોક મને અત્યંત પ્રિય છે. ઉર્વશી અંતર્ધાન થવાને કારણે વિયોગ-વિહ્વળ રાજા પુરૂરવા વર્ષા ઋતુના પ્રારંભમાં આકાશ પ્રત્યે મીટ માંડે છે અને તેને ભ્રમ થાય છે કે જાણે કે એક રાક્ષસ ઉર્વશીનું અપહરણ કરે છે. કવિએ આ ભ્રમનું વર્ણન કર્યું નથી; પરંતુ આ ભ્રમ માત્ર ભ્રમ જ છે એ હકીકત સમજ્યા બાદ, એ ભ્રમની છાયામાં અસલ સ્થિતિ શું હતી તેનું વર્ણન કર્યું છે. પુરૂરવા કહે છે: "આકાશમાં જે ભીમકાય શ્યામવર્ણ આકાર દેખાય છે તે કોઇ ઉન્મત્ત રાક્ષસ નથી, પરંતુ વર્ષાના પાણીથી છલોછલ ભરેલ એક વાદળ જ છે. અને આ સામે જે દેખાય છે તે રાક્ષસનું ધનુષ્ય નથી, પરંતુ પ્રકૃતિનું ઇંદ્રધનુ જ છે. આ જે વાયુની ઝડી છે, તે બાણોની વર્ષા નથી, પરંતુ જલની ધારાઓ છે. અને મધ્યમાં જે પોતાના તેજથી ચમકતી દૃશ્યમાન છે તે મારી પ્રિયા ઉર્વશી નહિં કિંતુ કસોટીના પથ્થર પર સુવર્ણની રેખા જેવી વીજળી છે."

કલ્પનામાં ઉડ્ડયન કરવાની સાથે આકાશમાં ઉડ્ડયન કરવાનો તો કવિઓનો સ્વભાવ અને ખાસિયત છે જ. કિંતુ આકાશમાં સ્વચ્છન્દ-વિહાર કર્યા બાદ, પંખી જ્યારે નીચે પોતાના માળામાં આવીને આરામથી બેસે છે ત્યારે તેની એવી અનુભૂતિની મધુરતા કંઈ ઓર જ હોય છે. જગતમાંના અનેકાનેક પ્રદેશોમાં પર્યટન કરીને સ્વદેશ પાછા આવતાં મનને જે અનેક પ્રકારનો સંતોષ પ્રાપ્ત થાય છે, સ્થૈર્યનો જે લાભ મળે છે અને નિશ્ચિંતતા-છૂટકારા-નો જે આનંદ અનુભવાય છે તે તો એક ચિરપ્રવાસી જ દર્શાવી શકે. મને આ વાતનો ખરેખર સંતોષ છે કે કલ્પનાના ઉડ્ડયન પશ્ચાત્ જલધારાઓની માફક નીચે ઉતરવાનો સંતોષ વ્યકત કરવા માટે કાલીદાસે વર્ષા-ઋતુની જ પસંદગી કરી.

◆ ◆ ◆ ◆ ◆

જ્યારે યાત્રા માટે આધુનિક સાધનોની હસ્તિ ન હતી અને પ્રકૃતિને પરાસ્ત કરીને તેના પર વિજય પામવાનો આનંદ પણ મનુષ્ય મનાવતો ન હતો, ત્યારે લોકો શીતઋતુના અંત ભાગમાં યાત્રા-પર્યટને નીકળી પડતા હતા અને દેશ-દેશાન્તરની સંસ્કૃતિઓનું નિરીક્ષણ કરીને અને સર્વે પ્રકારના પુરૂષાર્થની સાધના કરીને વર્ષાઋતુના આગમન પહેલાં જ પોતાને ઘેર પાછા આવી જતા હતા.

તે યુગમાં, સંસ્કૃતિ-સમન્વયનું 'મીશન' (જીવન-કાર્ય) પોતાના હૃદય પર વહન કરતા માર્ગો અનેક ખંડોનું, એક-બીજા સાથે મિલન કરાવતા હતા. જીવન-પ્રવાહને પરાસ્ત કરતા પુલોની સંખ્યા ઘણી જ ઓછી હતી. જે હતા તે માત્ર સેતુ જ હતા. તે સેતુઓનું કામ હતું માત્ર જીવન-પ્રવાહને રોકી લેવાનું અને માનવો માટે માર્ગ સ્પષ્ટ કરી આપવાનું. પરંતુ જ્યારે જીવનને આ બંધન અસહ્ય લાગતું હતું ત્યારે સેતુઓને તોડી નાખવાનું અને પાણીના વહેણ માટે રસ્તો મુક્ત કરવાનું કામ પ્રવાહનું રહેતું હતું. આ હતો પ્રાચીન ક્રમ. નદી-નાળાંઓનું વધારાનું પાણી રસ્તાઓ અને સેતુઓને તોડી નાખે તે પહેલાં જ યાત્રિકો પોત-પોતાને ઘેર પાછા આવી જતા હતા તેનું આ જ કારણ હતું. માટે જ વર્ષાઋતુને વરસની "મહીમામયી ઋતુ" માનવામાં આવે છે.

અસલમાં 'વરસ' નામ પણ 'વર્ષા' ઉપરથી પડયું છે. 'અમે કંઈ નહિ તોયે પચાસ વર્ષા-ઋતુઓ જોઈ છે'-આ શબ્દોથી આપણા મુઝર્ગો પ્રાયઃ પોતાના અનુભવો કહેતાં વાતનો દોર હાથમાં લઈ લે છે.

◆ ◆ ◆ ◆ ◆

બચપણથી જ વર્ષા–ઋતુ પ્રત્યે મને અસાધારણ આકર્ષણ રહ્યું છે. ગરમીના દિવસોમાં ઠંડા–ઠંડા કરા વરસાવતી વર્ષા બધાને પ્રિય હોય છે–લાગે છે. છતાં વાદળોના ઢગલાઓથી લદાયેલી હવા જ્યારે ફરફરવા લાગે છે, વિજળીના ચમકારા થયા કરે છે અને જાણે કે હમણાં આકાશ તૂટીને નીચે પડશે એમ લાગવા માંડે છે, ત્યારની વર્ષાની ચઢાઈ મને બચપણથી જ અત્યંત પ્રિય છે. વર્ષાના આ આનંદથી હૃદય આકંઠ ભરાઈ જતું, એમ છતાં તેને વાણી દ્વારા વ્યક્ત ન કરી શકું અને વ્યક્ત કરું તો પણ તેની તરફ હમદર્દીથી કોઈ ધ્યાન નહિ આપે એ ખ્યાલથી હું મુંઝાતો હતો.

✦ ✦ ✦ ✦ ✦

આસપાસની ટેકરીઓ ઉપરથી, જાણે કે હનુમાન દોડી રહ્યા હોય તેમ, આકાશમાં દોડતાં વાદળ જ્યારે આકાશને આચ્છાદિત કરી લેતાં હતાં ત્યારે તે જોઇને જાણે કે મારું મન ભારથી દબાઈ જતું હતું. છતાં મન પરનો આ બોજો પણ સુખદ લાગતો હતો. જોત–જોતામાં વિશાળ આકાશ સંકુચિત થઈ જતું, દિશાઓ પણ જાણે કે દોડતી–દોડતી નજીક આવીને ઉભી રહેતી અને આસપાસની સૃષ્ટિ એક નાના શા માળાનું (ઘરનું) રૂપ ધારણ કરતી. પક્ષી પોતાના માળાનો આશ્રય લઇને જે ખુશીનો અનુભવ કરે છે તેવી ખુશી મને આ અનુભૂતિથી થતી હતી.

પરંતુ જ્યારે અમે કારવાર ગયા અને પહેલી જ વાર મેં સમુદ્રતટ ઉપરની વર્ષાનો અનુભવ કર્યો ત્યારના આનંદની તુલના તો નવી સૃષ્ટિમાં પહોંચવાથી જે આનંદ થાય તેની સાથે જ થઈ શકે.

✦ ✦ ✦ ✦ ✦

વરસાદની સરવાણીઓને જમીનને પીટતાં મેં બચપણથી જ જોઇ હતી. પરંતુ એ જ વર્ષાને જાણે કે જોરથી સમુદ્રને પીટતાં જોઇને અને સમુદ્ર પર તેના સોળ ઉઠેલા ભાળીને, આવડા મોટા સમુદ્ર માટે પણ મારું દીલ દયા અને સહાનુભૂતિથી ભરાઈ ગયું. વાદળ અને વર્ષાની ધારાઓ જ્યારે જમાવ કરીને આકાશની હસ્તિને મીટાવવા ઇચ્છતી હતી ત્યારે તે જોઇને મને તે અંગે વિશેષ કંઈ લાગણી થતી ન હતી, કારણ કે બચપણથી જ મને તેનો અનુભવ થયા કરતો હતો; પરંતુ વર્ષાની ધારાઓ અને તેમનાં સહાયક વાદળ જ્યારે સમુદ્રને કાપી રહ્યાં હતાં ત્યારે હું બેચેન થઈ જતો. આંસુ આવતાં નહોતાં, પરંતુ જે કંઈ અનુભવ કરતો તેને વ્યક્ત કરવા માટે 'કૂટ–કૂટ કર' આ શબ્દનો ઉપયોગ કરવાની ઇચ્છા થાય છે. વર્ષા ઇચ્છે તો પહાડો ઉપર હુમલો કરી શકે છે, ખેતરોનાં તળાવ અને રસ્તાનાં નાળાં બનાવી શકે છે (ખેતરોને તળાવના રૂપમાં અને રસ્તાઓને નાળાંના રૂપમાં ફેરવી શકે છે); પણ સમુદ્રને પોતાની ભવ્યતા સમેટવા માટે બાધ્ય કરવામાં મર્યાદાનું અતિક્રમણ થતું હોય એમ લાગતું હતું. અવજ્ઞાનું આ દૃશ્ય જોવામાં પણ જાણે કે હું કંઇક અનુચિત જોઈ રહ્યો છું એવું મને પ્રતીત થતું હતું.

✦ ✦ ✦ ✦ ✦

મારી આ વેદના ભૂગોળ–વિજ્ઞાને દૂર કરી. મને સમજણ પડી કે સૂર્યનારાયણ સમુદ્ર પાસેથી કર (ટેક્ષ) ઉઘરાવે છે અને આથી જ ગરમ હવામાં પાણીનું તો જ છૂપાઇને બેસે છે. આ જ ભેજ બાષ્પના રૂપમાં ઉપર જઇને ઠંડો થાય છે કે તેનું વાદળ બને છે અને અંતમાં આ વાદોળોમાંથી કૃતજ્ઞતાની ધારાઓ વહેવા માંડે છે અને સમુદ્રને ફરીથી મળે છે.

ગીતામાં કહેવામાં આવ્યું છે કે આ જીવન–ચક્ર પ્રવર્તિત છે અને તેથી જીવસૃષ્ટિ પણ કાયમ છે. આ જીવન–ચક્રને ગીતામાં 'યજ્ઞ' કહ્યો છે. જો આ યજ્ઞ–ચક્ર ન હોત તો ભગવાન માટે પણ સૃષ્ટિનો બોજ અસહ્ય થઈ જાત. યજ્ઞ–ચક્રનો ભાવાર્થ પણ એ જ છે કે પરસ્પરાવલંબન દ્વારા સધાતો અને સધાયેલો સ્વાશ્રય. પહાડો ઉપરથી નદીઓનું વહેવું; નદીઓ દ્વારા સમુદ્રનું વૃધ્ધિગત થવું; સમુદ્ર દ્વારા હવામાં આર્દ્રતાની ઉપસ્થિતિ થવી; સુકી હવા તૃપ્ત થતાં જ તેની પોતાની સમૃદ્ધિનું વાદળોના રૂપમાં પ્રવાહિત થવું અને પછી તેના નીજી જીવનના અવતારકૃત્યનો પ્રારંભ થવો–આ ભવ્ય રચનાનું જ્ઞાન થતાં જે સંતોષ થયો તે આ વિશાળ પૃથ્વીથી જરાપણ ઓછો નહિ હતો.

ત્યારથી પ્રત્યેક વર્ષા મારે માટે જીવન–ધર્મની પુનર્દીક્ષા બની રહી છે.

✦ ✦ ✦ ✦ ✦

વર્ષાઋતુ જે રીતે સૃષ્ટિનું રૂપ બદલાવી દે છે, તે રીતે મારા હૃદય પર પણ એક નવો ઢોળ ચઢાવે છે. વરસાદ પછી હું નવો માનવ બનું છું. બીજાઓના હૃદય પર વસંત ઋતુની જે અસર થાય છે, તે અસર મારા પર વર્ષાથી થાય છે. (આ લખતાં લખતાં એમ યાદ આવે છે કે સાબરમતી જેલમાં હતો ત્યારે વર્ષાના અંતમાં ફ્રોકિલાને ગાતાં સાંભળીને "વર્ષાન્તે વસન્ત" એ શીર્ષકથી એક લેખ (ગુજરાતીમાં) મેં લખ્યો હતો.)

✦ ✦ ✦ ✦ ✦

ગરમીની ઋતુ ભૂમાતાની તપસ્યા છે. જમીન ફાટે ત્યાં સુધી પૃથ્વી ગરમીની તપસ્યા કરે છે અને આકાશ પાસે જીવનદાનની પ્રાર્થના કરે છે. વૈદિક ઋષિઓએ આકાશને 'પિતા' અને પૃથ્વીને 'માતા' કહેલ છે. પૃથ્વીની તપશ્ચર્યા જોઇને આકાશ–પિતાનું દિલ પિગળે છે; અને તે (આકાશ) તેને (પૃથ્વીને) કૃતાર્થ કરે છે. પૃથ્વી બાલ–તૃણોથી રોમાંચિત બની ઉઠે છે અને લક્ષાવધિ જીવ–સૃષ્ટિ ચારે તરફ હરવા–ફરવા કૂદવા લાગે છે. પહેલેથી સૃષ્ટિના આ આવિર્ભાવની સાથે મારું હૃદય એકરૂપ થતું આવ્યું છે. ઉધઇને પાંખો ફૂટે છે અને બીજે દિવસે તો પ્રભાત ઉગ્યા પહેલાં સઘળી ઉધઇઓ મરણ પામે છે. જમીન પર વિખરાયેલી તેમની પાંખો જોઇને મને કુરૂક્ષેત્ર યાદ આવે છે. ઇન્દ્રગોપ જમીનમાં ઉત્પન્ન થતાં જ પોતાના લાલ રંગની દ્વિગુણિત શોભા દેખાડીને લુપ્ત થતાં જોતાં જ મને તેમની જીવન–શ્રદ્ધાનું કૌતુક થાય છે. ફૂલોની વિવિધતાઓને લજ્જાવતી પતંગિયાની પાંખોને જોઇને હું પ્રકૃતિ પાસેથી કલાની દીક્ષા લઉં છું. પ્રેમળ લતાઓ જમીનપર વિકાસ પામવા લાગી, ઝાડ પર ચઢવા લાગી (વળગવા લાગી) અને કુવામાં નીચે ઉતરવા લાગી કે મારું મન તેમના જેવું જ કોમળ અને હેતાળ બની જાય છે. એટલે જ વરસાદમાં, જે રીતે બાહ્ય સૃષ્ટિમાં જીવન–સમૃદ્ધિ દૃશ્યમાન થાય છે, તે રીતે મને પણ હૃદય–સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે; અને વર્ષા પૂર્ણ થતાં આકાશ સ્વચ્છ થાય ત્યાં સુધી મને એક પ્રકારની હૃદયસિદ્ધિનો લાભ પણ પ્રાપ્ત થાય છે. આ કારણને લીધે હું મારે માટે વર્ષાઋતુને સર્વ ઋતુઓમાં ઉત્તમ ઋતુ માનું છું. આ ચાર મહિનામાં આકાશમાંના દેવ ભલે સૂઈ જતા હોય, મારું હૃદય તો સજાગ થઇને સતર્ક જીવે છે, જાગે છે અને આ ચાર મહિનાઓની સાથે હું તન્મય થઈ જાઉં છું.

"मधुरेण समापयेत्" એ ન્યાયે વસન્ત ઋતુનું અંતમાં વર્ણન કરવા માટે કાલિદાસે 'ઋતુ સંહાર'નો પ્રારંભ ગ્રીષ્મ–ઋતુથી કર્યો. કદાચને હું જે 'ઋતુભ્યઃ'ની દીક્ષા લઉં અને મારી જીવન–નિષ્ઠા વ્યક્ત કરું, તો વર્ષા–ઋતુનો એક પ્રકારથી પ્રારંભ કરીને પછી અન્ય પ્રકારથી (ઢંગથી) અંત પણ વર્ષા–ઋતુમાં જ સમાપ્ત કરું.

'મંગલ પ્રભાત'માંથી

સાભાર ઉધ્ધૃત. અનુવાદક : **શ્રી. શાંતિલાલ નન્દુ**

નાગરિક જીવનમાં ગુંડાગીરી

સમાજમાં જ્યારે સ્ત્રીઓની સ્વતંત્રતા અને સ્ત્રીશિક્ષણનું આંદોલન શરૂ થયું ત્યારે બધા સંપ્રદાયોના રૂઢીચુસ્તોએ એવી ચેતવણી આપી હતી કે સ્ત્રીશિક્ષણ અને સ્ત્રીઓની સ્વતંત્રતાને લીધે સમાજમાંથી નીતિ અને પવિત્રતાનો વિનાશ થશે; નીતિ અને પવિત્રતા લુપ્ત થશે; અને તેનું કારણ તેમણે એમ દર્શાવેલું કે સ્ત્રીને પોતાનું સ્વતંત્ર વ્યક્તિત્વ નથી, તે પુરૂષના આધારે જ જીવી શકે છે અને

તેથી તેના ભરણ–પોષણ અને સંરક્ષણ કરવાનું કર્તવ્ય–ફરજ પુરૂષની છે. પરંતુ તેમની આ દલીલ ન તો ન્યાયસંગત હતી; ન તો વાસ્તવિક સમાજ–વિજ્ઞાનને અનુકૂળ હતી. તેથી સુધારકોએ સ્ત્રી પુરૂષની બરાબરીના અધિકાર પ્રાપ્ત કરે તે માટે બીડું ઝડપ્યું. આ સુધારકોને સ્ત્રી–સ્વાતંત્ર્યવાદી કહેવામાં આવતા હતા. પુરૂષને પરંપરાથી પ્રાપ્ત છે એવા અધિકારો સ્ત્રીને–સ્ત્રી એક સ્વતંત્ર વ્યક્તિ અને નાગરિક છે માટે–મળવા જોઇએ એવી તેમની માંગણી હતી. સુધારકોની ઝુંબેશથી અને સમાજને સદ્‌ભાગ્યે સ્ત્રીઓને તેમના ન્યાયોચિત અધિકાર પ્રાપ્ત થયા અને આ અધિકારપ્રાપ્તિ સમાજ–સ્વાસ્થ્ય અને સામાજિક ઉન્નતિની દૃષ્ટિએ આવશ્યક તેમજ ઉચિત હતી. પરંતુ તેથી સ્ત્રીઓના જીવનની સમસ્યા ઉકલી નહિ. સ્ત્રીઓને એવું જીવવાની ટેવ પડી ગઇ હતી કે જેમાં સુરક્ષિતતાની કીંમત સ્વતંત્રતાથી ચુકવવી પડતી હતી. સ્ત્રીને પોતાની સંભાળ લેવાય એ ગમતું હતું અને કોઇ પણ જાતની જવાબદારીથી બચી જવું એ તેનો જાણે એક મોટો ગુણ માનવામાં આવતો. પાઠશાળા, વિદ્યાલય, મહાવિદ્યાલય અને વિશ્વવિદ્યાલયોમાં બાલિકાઓ, છોકરાઓ સાથે અને તેમની બરોબરીનું શિક્ષણ મેળવવા લાગી. પરંતુ સ્ત્રીની સંભાળ રાખવાની જવાબદારી તત્વતઃ હવે જાણે કે પુરૂષને શિરે રહી નહિ. આથી બાલિકાઓ પ્રતિ છોકરાઓના વ્યવહાર–વર્તનમાં કૃપાશીલતા અને વિનયયુકત મર્યાદા ઓછી થતાં થતાં લુપ્ત થઈ ગઇ. આ તરફ બાલિકાઓના મનમાં સંરક્ષણ અને વૈભવની આકાંક્ષા ઓછી ન થઇ અને સુકુમારતા તથા આરામપ્રિયતા ઓછી થવાને બદલે વધતી–વધતી જ ગઇ. પરિણામે જૂની (આગલી) પેઢીની સ્ત્રીઓમાં જે શારીરિક શકિત અને માનસિક સાહસ હતાં તે આધુનિક શિક્ષિત સુકુમાર લલનાઓમાં લગભગ નહિવત્ થયા. યુવકો પણ નિઃસત્વ, વિલાસી અને પુરૂષાર્થના કાયર થતા રહ્યા. ઉભયની ભોગ–વિલાસી વૃત્તિએ સમાજમાં વિષયીપણાનું વિષમય વાતાવરણ ઉપસ્થિત કર્યું.

આજકાલ યુવકોની ઉચ્છૃંખલતા અને ઉદ્દંડતાનો યુવતીઓને સંતાપ થાય છે. તે એટલે સુધી કે થોડા દિવસો પહેલાં મધ્યપ્રદેશના રાયપુર શહેરમાં યુવતીઓએ એક સરઘસ કાઢીને ગુંડાગીરીથી પોતાના સંરક્ષણની માંગણી કરી હતી. આ ઘટનાથી જેમને મા, બહેન અને અથવા પુત્રી છે–અને મા વિનાના કોણ હોઈ શકે ?–એવા માતૃવત્સલ પુરૂષના હૃદય પર ગંભીર આઘાત થશે. આપણું અત્યારનું લગભગ બધું સાહિત્ય, સાંસ્કૃતિક કાર્યક્રમો તથા સામાજિક મેળાવડાઓ શારીરિક પ્રદર્શન અને વિષય–વૃત્તિને ઉત્તેજીત કરે છે. આ પરિસ્થિતિમાં આ સમસ્યાનો ગંભીરતાથી વિચાર કરવાનું શું આપણું કર્તવ્ય નથી ?

આખરે આ બાબતની બુનિયાદ કયાં છે ? કુટુંબમાં આપણે જે જે ભાવનાઓ અને સંસ્કારોનું બીજારોપણ તથા સંવર્ધન કરીએ છીએ, તે ભાવનાઓને અને સંસ્કારોને આજની આપણી શિક્ષણ–સંસ્થાઓમાં આજે કંઈ સ્થાન જ નથી. શિક્ષણ–સંસ્થાઓમાં શિક્ષક અને વિદ્યાર્થીનું હિત એક બીજાથી વિરૂધ્ધ છે એમ માની લેવામાં આવ્યું છે. કારખાનાઓમાં માલિક અને મજદુર વચ્ચે જે સંબંધ છે તેવો સંબંધ જાણે કે શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે છે એમ કલ્પી લેવામાં આવ્યું છે. શિક્ષક શીખવવાનો પ્રયત્ન કરે છે અને વિદ્યાર્થી શિક્ષણથી–શીખવાથી દૂર ભાગવાની કોશિષ કરે છે. વિદ્યા ઠાંસી ઠાંસીને ભરવામાં શિક્ષકનો સ્વાર્થ સમાયેલો છે અને કોઈને કોઇ પ્રકારે વિદ્યાને નવગજના નમસ્કાર કરવામાં વિદ્યાર્થીનો સ્વાર્થ સમાયેલો છે; અને એટલે જ વિદ્યાલયમાં ઉદાર માનવીય રૂપ વિકસિત કરવાની કોઈ તક રહેતી જ નથી.

વિદ્યાર્થીઓ ન કોઇને ભાઈ ગણે છે, માને છે, ન કોઇને બહેન ગણે છે, માને છે. બધા એક બીજાના હરીફો (પ્રતિસ્પર્ધી) છે અને અન્દરમાં જેમ એક બીજા વચ્ચે હરીફાઈ ચાલતી હોય છે તે રીતે આપણા આ વિદ્યાધામોમાં, વિદ્યાતીર્થોમાં હરીફાઈ ચાલે છે. સગાં ભાઇબહેન વિદ્યાલયમાં શિક્ષણ લેતા હોય તો પણ તેમાંનો ભાઈ (યુવક), પોતાની બહેન સિવાય બાકીની બધી યુવતીઓને બહેન નહિ, અરે માનવીય વ્યક્તિ નહિ, કિંતુ વિષયનું સાધન, પ્રતીક ગણે છે, માને છે. પરિણામે ઉભયના હિતોમાં એક સ્થાયી સંઘર્ષ સતત ઉપસ્થિત થાય છે.

ચિન્તનીય પરંપરા

આ ઉપરાંત આમાં બીજી પણ એક વિસ્મયજનક અને ખેદકારક વિશેષતા છે. યુવાન અને વૃધ્ધ શિક્ષક તક જોઇને પોતાની વિદ્યાર્થિની સાથે લગ્ન કરી લે છે. પ્રૌઢ શિક્ષિકાઓ પોતાના યુવાન વિદ્યાર્થીઓ સાથે લગ્ન કરી લે છે. વિદ્યાલયની બહાર ૬૦–૬૦, ૭૦–૭૦ દિવાળી જેમણે જોઈ છે એવા વયોવૃધ્ધ નેતા પોતાની મંત્રિણી (સેક્રેટરી) નું પાણિગ્રહણ કરી લે છે ! ફલતઃ સમાજમાં એક એવું કલુષિત વાતાવરણ સ્થિર થઈ ગયું છે કે ભલે પુરૂષ ગમે તે વયનો વૃધ્ધ-વયોવૃધ્ધ કેમ ન હોય, તક મળતાં જ તે લગ્નનો ઉમેદવાર થઈ શકે છે ! સાધારણ સામાન્ય માન્યતા એ છે કે પુરૂષ નિરંતર વરરાજા છે–લગ્ને લગ્ને કુંવારા લાલ છે ! આજ સુધી સાધારણ રીતે એમ માનવામાં આવતું કે પ્રૌઢ વય પછી સ્ત્રી લગ્નોત્સુક કે લગ્નની ઇચ્છાવાળી રહેતી નથી, અને એમ તો કોઈ નથી જ માનતું કે પોતાની પ્રૌઢ મા યા ઘરડી દાદીનાં લગ્ન થઈ શકે છે–શકય છે. છતાં પ્રૌઢ પિતા યા ઘરડા દાદાજીને તેમના પોતાનાં લગ્નના અધિકારથી કોણ વંચિત કરી શકે છે–રાખી શકે છે ? આથી જે પુરૂષ પોતાની કન્યાઓને શિક્ષણ માટે મહાવિદ્યાલય (કોલેજમાં) મોકલે છે અથવા તેમની પાસે નોકરી તથા અન્ય વ્યવસાય કરાવે છે, તે પુરૂષ પણ શિક્ષિત તથા નોકરી કરતી અથવા સામાજિક જીવનમાં ભાગ લેતી સ્ત્રીઓની કુલીનતા અને પવિત્રતા અંગે સંદેહ દાખવવામાં પોતાની પ્રતિષ્ઠા માને છે; અને આ રીતે વિષમય વાતાવરણમાં ઝેરનાં બુંદો ઉમેરતો જ જાય છે.

ગુંડાગીરીથી પણ વિશેષ

શું આપણે એ ભ્રમમાં છીએ કે સરકારી પોલીસ અને નાગરિક–સંરક્ષણ–દળ આ બિમારીને હટાવી શકશે ? આખરે તો પોલીસ–દળના તથા સંરક્ષણ દળના અધિકારીઓ તો જેઓ આજે શાળા મહાશાળામાં શિક્ષણ લે છે તેમાંથી જ આવવાના છે ને ? અને આ યુવક–યુવતીઓ પણ આપણાં જ સંતાન છે ને ? ગુંડાઓ (મુઠ્ઠીભર સંખ્યામાં) આંગળીને વેઢે ગણી શકાય તે સંખ્યામાં હોય ત્યાં સુધી તેઓ ગુંડાઓ કહેવાય છે, નાગરિકોમાં જ્યારે ગુંડાગીરી પ્રવેશ પામીને ફેલાઈ જાય છે ત્યારે ધંધાકીય અને નામચીન ગુંડાઓની માન–મર્યાદા આ નવા ગુંડાઓમાં નથી રહેતી. ખરી રીતે તો તેઓ ગુંડાઓ નથી, પણ વિક્ષિપ્ત માનવતાનાં ઔરસ સંતાન છે.

જૂના જમાનામાં જે લોકોને ગુંડાઓ તરીકે માનવામાં આવતા હતા–ગણવામાં આવતા હતા–તેમનો વ્યવહાર પરંપરાગત સંસ્કારોથી મર્યાદિત રહેતો હતો. કેટલીએક સ્ત્રીઓ તેમની રક્ષિત બહેનો યા ધર્મની બહેનો હતી; અને તેમને માટે તેઓ (કહેવાતા ગુંડાઓ.) પોતાનો પ્રાણ આપવાને પણ તૈયાર રહેતા. કૌટુંબિક વ્યવહારનું તત્ત્વ જે જે વ્યવહાર માટે લાગુ પડતું હતું ત્યાં ત્યાં સ્ત્રી પુરૂષનો પારસ્પરિક સંબંધ પણ કૌટુંબિક સંબંધથી મળતો જ કલ્પવામાં આવતો હતો. પ્રત્યેક કુટુંબમાં સ્ત્રી–પુરૂષ વચ્ચે એક વિશિષ્ટ બ્રહ્મચર્યનો સ્થાયી સંકલ્પ હોય છે. તેથી જ મા–દીકરો, બાપ–દીકરી અને ભાઈ–બહેન કોઈ પણ કાયદા કાનુનની મદદ વિના અને કૃત્રિમ નિયંત્રણો વિના, એક બીજા સાથે પવિત્રતાથી હળીમળીને રહી શકે છે. આ કૌટુંબિક બ્રહ્મચર્યની ભાવના હવે સામાજિક મૂલ્યમાં પરિણત થઈ જવી જોઇએ. સમાજમાં સ્ત્રી–પુરૂષોના નાગરિક સંબંધ અને શિક્ષણ–સંસ્થાઓમાં વિદ્યાર્થી–વિદ્યાર્થીનીઓના સંબંધ તથા શિક્ષક–વિદ્યાર્થીઓ અને યુવક–યુવતીઓના સંબંધ કૌટુંબિક સંબંધની બુનિયાદના આધારે નવા રૂપમાં પ્રસ્થાપિત થવા જોઇએ. શિક્ષણની યોજના, સાંસ્કૃતિક સંયોજન તથા ઔદ્યોગિક આયોજન, આ બધાનો આધાર સામાજિક બ્રહ્મચર્યના આ શાશ્વત કલ્યાણકારી સંસ્કાર પર છે એમ મનાવું જોઇએ.

'ભૂદાન યજ્ઞમાંથી સાભાર ઉધ્ધૃત તથા અનુવાદિત

મૂળ હીંદી : **દાદા ધર્માધિકારી**
અનુવાદક ; **શાન્તિલાલ નન્દુ**

અન્ય ધર્મો તરફ ખ્રિસ્તીઓનું વલણ કેવું હોવું જોઈએ ?

(આ લેખ મૂળ અંગ્રેજીમાં ૧૯૫૪ ના એપ્રીલ માસના 'ન્યુ આઉટલુક' નામના માસિકમાં પ્રગટ થયેલો. તેના લેખકનું નામ ફ્લોઈડ એચ રોસ. તે લેખ ટુંકાવીને 'હરિજન' માં પ્રગટ કરવામાં આવ્યો હતો અને તેનો અનુવાદ 'હરિજનબંધુ' ના તા. ૨૮–૮–૫૪ ના અંકમાં પ્રગટ કરવામાં આવ્યો હતો. મૂળ સાથે સરખાવતાં અનુવાદ બરોબર ન લાગ્યો. તેથી આખા અનુવાદનું જરૂરી સંસ્કરણ કરવામાં આવ્યું. તે રીતે તૈયાર કરવામાં આવેલો એ લેખ નીચે પ્રગટ કરવામાં આવે છે.

આ લેખ મૂળમાં ખ્રિસ્તીઓને ઉદ્દેશીને લખવામાં આવ્યો છે, પણ કોઈ પણ ધર્મના યા સંપ્રદાયના અનુયાયીને તેમાંનો ઘણો ખરો ભાગ લાગુ પડે છે. ચોક્કસ ધર્મના અનુયાયી તરીકે પોતાની જાતને ઓળખાવતા એવા આપણા સર્વના મનનું વલણ અન્ય ધર્મો પ્રત્યે કેવું હોવું જોઇએ તે પ્રશ્ન ઉપર ખાસ ધ્યાન લેવા જેવું અને અમલી બનાવવા જેવું વિશદ માર્ગદર્શન આ લેખમાંથી આપણને મળે છે. આ ઉદારતા અને આ આપ–લે આપણ સર્વમાં કેળવાય તો ધર્મો ધર્મોના સંઘર્ષને માટે કોઈ સ્થાન ન રહે, અને પરસ્પર પ્રેમ, સદ્‌ભાવ અને આત્મીયતા સદા સંવર્ધિત થતા રહે, અને જે ધર્મોનું ઝનુન માનવતાનો સતત ઘાત કરતું રહ્યું છે તે જ ધર્મોની સાચી સમજણમાંથી માનવતાલક્ષી વિશ્વધર્મ નિર્માણ થવાનું શકય બને. **પરમાનંદ**)

ખ્રિસ્તી સિવાયના અન્ય ધર્મોને **યોગ્ય રીતે** સમજવાનો બહુ જુજ ખ્રિસ્તીઓએ પ્રયત્ન કર્યો હશે. આ ઉત્તરોત્તર સંકોચાતી જતી પૃથ્વી પર જ્યાં વિવિધતા પ્રવર્તે છે (અને અમે ઇચ્છીએ છીએ કે એ સદાકાળ પ્રવર્તતી રહો.) ત્યાં આગળ પ્રત્યેક ખ્રિસ્તી–ધર્મસંઘ ખ્રિસ્તી સિવાયના અન્ય ધર્મો શું શિખવે છે તે સહાનુભૂતિપૂર્વક સમજવા માટે અભ્યાસમંડળો ચલાવે તો તે જરૂર ઇચ્છવાયોગ્ય લેખાશે. એવા અભ્યાસને માટે આપણું વળણ પ્રમાણિક જિજ્ઞાસુનું હોવું જોઇએ, ધર્મોપદેશકનું કે સમર્થકનું નહિ. ભગવદ્‌ગીતા, ધમ્મપદ અને તાઓ–તે–કીંગ જેવા પૂર્વદેશના પ્રમાણભૂત ધર્મગ્રંથો આપણે વાંચવા જોઇએ તથા બાઇબલની જેમ જ તે વિષે સંપૂર્ણ ચર્ચા કરવી જોઇએ.

જીવનના અર્થગાંભીર્ય તથા ભાવી નિર્માણ સાથે જેમને લેવા દેવા છે એવા માનવીને સ્પર્શતા પાયાના રહસ્યપૂર્ણ સવાલો વિષે હજારો વરસથી વિચારણા થતી આવી છે. આમ છતાં આપણામાંના ઘણા ખરા ચાલતા આવેલા ચીલામાં જ ગતિ કરતા રહ્યા છીએ. પાશ્ચાત્ય સૂત્રોની પુનરુક્તિએ જ્યાં આપણને ઉંધમાં નાંખ્યા હોય અથવા જીવન વિષેના ઉપરચોટિયા નિર્ણયો કરવાને પ્રેર્યા હોય ત્યાં પૂર્વના કોઈ કવિ કે ઋષિનાં વચનોના પરિણામે આપણામાંના કેટલાક ધર્માંધતાના ઘેનમાંથી જાગ્રત થયા હોય એમ બને. જેઓ સાવ સાંપ્રદાયિક માનસ ધરાવતા હોય એમણે પ્રાચીન કાળના સુપ્રસિદ્ધ બૌદ્ધ સમ્રાટ અશોકના શબ્દો પર વિચાર કરવો જોઇએ:–

"જે પોતાના સંપ્રદાયનું બહુમાન કરે છે અને બીજાઓના સંપ્રદાયોને પોતાના સંપ્રદાયની મહત્તા વધારવાના આશયથી ઉતારી પાડે છે તેઓ પોતાના આવા વર્તનથી, સાચું પૂછતાં, પોતાના સંપ્રદાયને જ ભારે નુકસાન કરે છે."

ખ્રિસ્તી ધર્મ મુક્તિ માટેનો 'એક માત્ર રસ્તો' છે એવું વલણ ધરાવનારાઓ શ્રદ્ધાનો અભાવ દર્શાવે છે. પૂછવા જેવો પ્રસ્તુત સવાલ આ છે. 'એવા લોકો આટલી બધી નિશ્ચિતતા **શા માટે** ખોળે છે ? નિશ્ચિતતા ખોળવી એટલે મરણને નોતરવું; અનિશ્ચિતતાનો સ્વીકાર કરવો એટલે જીવવું, વિકાસ સાધવો, અને સમર્થ થવું. આપણા સમાજમાં આજે માનસિક ચિન્તાના રોગના ભોગ બનેલા સંખ્યાબંધ લોકો જોવામાં આવે છે. એમની ચિન્તા જીવનની વાસ્તવિક પરિસ્થિતિ કરતાં કયાંયે વધારે પ્રમાણમાં હોય છે, અને દરેક પ્રકારની હોય છે. ટોળાવૃત્તિ અને રાષ્ટ્રવાદનો ઉદ્‌ભવ બીજું કશું નહિ પણ આ ગંભીર વ્યાધિનું જ એક લક્ષણ છે. 'હું કોણ છું ?' એવા જીવનના મૂળભૂત સવાલનો સામનો કરવામાંથી છટકવાનો આ રીતે ઘણા માણસો પ્રયત્ન કરતા હોય છે. તેઓ ભિન્ન ભિન્ન પ્રકારની પ્રક્રિયાઓ અને વિચારધારાઓ સાથે તાદાત્મ્ય સાધીને વાસ્તવિકતાના સામનામાંથી છટકવા માંગે છે અથવા તો છટકવામાં સફળતા મેળવે છે. એ પ્રક્રિયાઓ અને વિચારધારાઓ પૈકી કેટલીક ધાર્મિક, કેટલીક રાજકીય અને કેટલીક આર્થિક હોય છે. પક્ષ, વર્ગ કે સંપ્રદાય જેવા સમગ્ર વસ્તુના અંશો સાથે તેઓ પોતાનું તાદાત્મ્ય સાધે છે. સમગ્ર વસ્તુના એ અંશોને 'ખાસ પ્રસંદગી' (Special priority) અને અળગાપણાની લાગણી પર ફાલે ફુલે છે. જેઓ પોતાના ભૂતકાળના સુખપૂર્ણ સોનેરી અનુભવોને ભૂલી શકતા નથી અને વર્તમાન કાળમાં અણજીવ્યા જીવનની કલ્પના જેમના માનસનો કબજો કરી બેઠી હોય છે એ દ્વન્દ્વની મુખ્યત્વે કરીને આ વ્યક્તિઓ હોય છે.

વ્યાપક ઉથલપાથલ અને અસ્થિરતાના કાળમાં ધર્મો પોતાના ભૂતકાળ તરફ નજર કરે એ સ્વાભાવિક છે. એમ કરનારા લોકો એ રીતે મેળવેલી સમજ જાગતા જીવતા વર્તમાનમાં દાખલ કરવાની જરૂરિયાત સમજે તો એ સારી વસ્તુ છે. ભૂતકાળ આપણને તેની ગોદમાં રાખતો હોવાથી આપણે તેને અવશ્ય સમજવો જોઇએ. પરંતુ આપણે તેને ચોંટી રહ્યા અથવા તો તેમાં ગૌરવ માનવા લાગ્યા તો આપણા ભોગ બળ્યા. કહેવાતાં કોઈ પણ 'સત્યો' સીધેસીધાં વર્તમાનમાં દાખલ કરી ન શકાય. તે 'સત્યો'ની યથાર્થતા અથવા ઔચિત્ય પાયાના સમન્વયાત્મક વિકાસની દૃષ્ટિએ શંકાસ્પદ હોય છે. 'શાશ્વત વર્તમાન' પૂર્ણ જીવન પામવા માટેનો સીધો રસ્તો અને સાંકડો દરવાજો છે.

પોતાને સનાતની ખ્રિસ્તી કહેવડાવનારા લોકો આ તથ્યને ભૂલી જાય છે. તેઓ માનવ–ઇતિહાસના માત્ર એક ભાગનો ગંભીરતાપૂર્વક વિચાર કરવાનો આપણને આગ્રહ કરે છે. ઇતિહાસના એ વિભાગમાં ઇશુનું જીવન, તેમનું મૃત્યુ તથા તેમના ફરીથી થયેલા ઉદ્‌ભવનો સમાવેશ થાય છે. ખ્રિસ્તી ઇતિહાસની આરંભની સદીઓમાં તેને આવા પ્રકારનું મહત્ત્વ અપાય એ સમજી શકાય એમ હતું. તે સમયના ધર્માચાર્યો હિબ્રુ લોકોના ઇતિહાસ સિવાય બીજો ઇતિહાસ જાણતા નહોતા; તથા 'નવા કરાર' તરીકે ઓળખાવા લાગેલાં લખાણો સિવાયનાં બીજાં લખાણો જાણતા નહોતા. તેઓ જીવન વિષેના પોતાના નવા દૃષ્ટિબિન્દુની સમજ, જેનો તેમને નિકટ પરિચય હતો, તે પરિભાષામાં આપતા હતા.

પણ બાઇબલની પ્રાચીન કાળની સનાતની ખ્રિસ્તી સમજુતીની પરિભાષામાં જ ઇતિહાસની સમજુતી આપવાનું આજે પણ ચાલુ રાખવું એ કોઈ પણ રીતે વાજબી નથી. ખ્રિસ્તીઓ પોતાની શ્રધ્ધાનો ભલે એકરાર કરે કે **અમારા માટે** ઇશુ તારણહાર છે, પણ યહુદીઓ, હિંદુઓ તથા બૌધ્ધોને માટે પણ ઇશુ ઉધ્ધારક તથા તારણહાર છે એમ તેમણે ન જ કહેવું જોઇએ.

મને લાગે છે કે, પોતાના સાંસ્કૃતિક વારસા દ્વારા તેમને જે મળ્યું હોય તેની ઊંડી કદર કરનારા અને એમ છતાં પણ તેને વેદવાક્ય માનવાનો ઇન્કાર કરનારા અથવા તેનું સમર્થન કરવા જતાં અકળામણ કે બેચેની અનુભવનારા લોકો દરેક યુગમાં થયા છે. ' ઇશ્વર ' સમર્થન–અસમર્થનનો વિષય નથી, પણ ખોળવાનો વિષય છે. જ્ઞાનની વ્યાખ્યા કરવી એ અગત્યનું નથી; પણ તેને વિકસાવવું એ અગત્યનું છે.

આપણે એવા યુગમાં જીવીએ છીએ કે જેમાં 'યહૂદી' કે 'બિનયહૂદી,' 'હબસી' કે 'ગોરો', 'ખ્રીસ્તી' કે 'બૌદ્ધ' એવાં લેબલોથી પોતાને ઓળખાવવામાં અનૌત્સુક્ય–અકળામણ–અનુભવનારા લોકોની સંખ્યા ઉત્તરોત્તર વધતી જાય છે. આપણી માનવતા આપણને એકત્ર કરે છે, આપણી સંસ્કૃતિ કે આપણો વર્ણ નહિ. આપણામાંના ઘણાઓએ આપણામાં રહેલી સમગ્ર માનવતાનો સાક્ષાત્કાર નથી કર્યો અને તેને બદલે પોતાના વ્યકિતત્વના અમુક અંશ સાથે તેઓ વધારે પડતું

તાદાત્મ્ય અનુભવતા હોય છે—આ હકીકતના ગર્ભમાં આધુનિક દુનિયાની દુઃસ્થિતિનો અમુક અંશ રહેલો છે. પાસે હતું તે બધું ઉડાવી દઇને રખડી રઝળી પાછા ફરતા પશ્ચાત્તાપવ્યાકુળ માનવી માફક એક વખત આપણે નિર્મળ, નિર્મમ બનીએ. પછી આપણા મૂળ તરફના પ્રયાણનો પ્રારંભ સહેલાઈથી થઇ શકશે.

ધર્મપરસ્ત એવા આપણે અનેક ઘોષણાઓ અને વિધાનો કર્યાં છે અને તેની સમક્ષ આપણે પ્રણિપાત કર્યા છે. પરંતુ 'ઇતિ' નો માર્ગ કદી પણ **'નેતિ'** ના માર્ગ જેટલો ગહન અને રહસ્યપૂર્ણ હોતો નથી એ તથ્ય આપણા કેટલાક મહાન રહસ્યવાદી શિક્ષાગુરુઓએ આપણને શીખવેલું છે જે આપણે ભૂલવું જોઇતું નથી.

જીવન અને ઇતિહાસના અર્થની અંશતઃ સમજૂતીને આપણે જ્ઞાનસર્વસ્વ લેખતા અટકીશું તો જ આપણે નવું શીખવાને યોગ્ય રહી શકીશું. ઇતિહાસકાળના પ્રત્યેક ધર્મમાં એક બાજુએ વહેમ, જડતા અને અંધશ્રદ્ધા અને બીજી બાજુએ આશ્ચર્ય, જિજ્ઞાસા તથા ભક્તિભાવનું વિચિત્ર પ્રકારનું મિશ્રણ હોય છે. જ્યારે પણ પહેલી ત્રણ વૃત્તિઓ પ્રભુત્વ ભોગવતી હોય છે ત્યારે તે ધર્મ માણસને વધુ બંધનમાં નાંખવાના સાધનભૂત બને છે. જ્યારે બીજી ત્રણ વૃત્તિઓ આપણા ચિત્ત ઉપર પ્રાધાન્ય ભોગવતી હોય છે ત્યારે તે ધર્મ માણસને ભયમુકત કરીને જીવનની સાચી ધન્યતામાં પ્રવેશ કરાવવાના સાધનભૂત બને છે.

આપણે મૂસા, ઇશુ, ગૌતમ બુદ્ધ, લાઓત્સે અને કોનફ્યુત્સેનો જરૂર આદર કરીએ, પરંતુ ભૂતકાળનાં એ પુરાણાં દેવસ્થાનોની છાયા નીચે આપણે લાંબા વખત સુધી પડી રહેવું ન જોઇએ. આપણી ધર્મનિષ્ઠા આપણામાં એવી પ્રતીતિ પેદા કરે છે કે આ પુરુષોની ભાવના શાશ્વત છે—સદા કાળ મોજૂદ રહેવાની છે તો પછી જુદી જુદી સંસ્કૃતિઓમાં તે જુદા જુદા વાઘા સજે, તેથી આપણે નકામા શા માટે ચિન્તાવ્યાકુળ બનવું જોઇએ ? એક માણસ જેને 'શાશ્વત ઇશુ' કહે છે તેને બીજો માણસ 'શાશ્વત બુદ્ધ' કહેશે અને જે એટલી જ પ્રમાણીકતાથી પોતાની અંગત શ્રદ્ધાનો એકરાર કરે તેના કાજી બનનાર આપણે કોણ ?

જેમલો મુખ્યત્વે કરીને વસ્તીગણતરી કરનારાઓને માટે અથવા અન્યને પોતાથી ઉતરતા દેખાડવાની વૃત્તિ ધરાવતા લોકો માટે મહત્ત્વનાં હોય છે. બીજાઓને માટે તો અમુક નિશ્ચિત સવાલ હાથ ધરવામાં કામ લાગે તેટલો જ તેનો ઉપયોગ હોય છે. પોતાના માનવબંધુઓ સામે વાપરવા માટે તેમને શસ્ત્ર કે સાધન બનાવવું તે યોગ્ય નથી.

ખ્રિસ્તી સિવાયના અન્ય ધર્મો પ્રત્યેના કેટલાક ખ્રિસ્તીઓના અટલ અને અક્કડ વળણ ઉપરથી તેમનામાં પોતાની જાતને અન્યથી અલગ લેખાવવાની વૃત્તિ કેટલી ઊંડી હોય છે તેનું આપણને ભાન થાય છે. પોતાના સત્ય સ્વરૂપથી તે ખરી રીતે ચ્યુત થયેલો હોય છે. એમ છતાં પણ તે પોતાને નહિ પણ અન્ય લોકોને ઈશ્વરથી વિખુટા પડેલા, સત્ય માર્ગ વિષે ભુલા પડેલા, એક અને અનન્ય ધર્મપથથી વંચિત બનેલા છે એમ જાતે માને છે અને અન્યને મનાવે છે અને એ રીતે પોતાની સ્વરૂપચ્યુતિ સાથે આંખ આડે કાન કરવામાં સંતોષ માને છે. આવો માણસ જ્યારે પોતાની જાતને વધારે ઊંડાણથી સમજવા માંડે છે અને અન્ય જનોને આત્મૌપમ્યભાવથી જ્યારે જોતાં—ઓળખતાં શીખે છે અને એ રીતે પોતાની ચિન્તાઓમાંથી, અન્ય ઈશ્વરથી વિખુટા પડી ગયેલો હોવાની ભ્રાન્તિમાંથી, તેમ જ પોતાની જ કાલ્પનિક પ્રતિચ્છાયાઓમાંથી તે જ્યારે મુક્તિ અનુભવતો જાય છે ત્યારે જ તે સાંપ્રદાયિક તકલાદીપણામાંથી નક્કર સત્ય તરફ પ્રગતિ કરવા માંડે છે. ' ઓનેસ્ટ રીલિજિયન ' નામના પોતાના પુસ્તકમાં જોન ઓવાન કહે છે તેમ, રૂઢ થઇ ગયેલા વિચારો, રૂઢ સંસ્થાઓ અને રૂઢ ઇશ્વરવિદ્યાઓ—એ સઘળાં આધ્યાત્મિક બીમારીનાં લક્ષણો છે. સદ્ગીઓ પહેલાં લાઓત્સેએ કહ્યું હતું તેમ, જો કોઈ પોતાની બીમારીમાંથી સાજો થવા ઇચ્છતો હોય તો તેની ઇચ્છા બર લાવવાનો ખરો ઉપાય એ છે કે તેણે પોતાની બીમારી વિષે સભાન બનવું જોઇએ, તેથી કંટાળવું જોઇએ અને તેમાંથી મુક્ત બનવા માટે પ્રયત્નશીલ બનવું જોઇએ.

ખ્રિસ્તીઓએ પરસ્પર અન્ય ધર્મોના શિક્ષણ કે પ્રચારથી ડરવાની કશી જરૂર નથી. જેમ હિંદુઓ તથા બૌદ્ધો ખ્રિસ્તીઓના સંપર્કથી ઘણું ઘણું શીખ્યા છે તેમ ખ્રિસ્તીઓએ પણ અન્ય ધર્માઓના સંપર્કદ્વારા ઘણું ઘણું શીખવાનું રહે છે. 'એવું કોઇ સત્ય નથી જેમાં સઘળાં સત્યોનો સમાવેશ થતો નં હોય'—એટલે કે તે સત્યનો ઊંડો અનુભવ કરવામાં આવે તો. આપણા માટે સેમિટિક લોકોના ઇતિહાસને સમજવાની જરા પણ ઓછી જરૂર છે એમ છે જ નહિ. ઉલટું; આપણા વારસાને નવેસરથી સમજવા માટે અને તે રીતે વધારે શાણપણ મેળવવા માટે આપણે પૂર્વના લોકોના શાણપણને સારી રીતે સમજવાની અનિવાર્ય આવશ્યકતા છે. આપણે પૂર્વના દેશોને કે તેમના ધાર્મિક ખ્યાલોને ગગને ચડાવવા એમ અહિં સૂચવવાનો કોઇ આશય છે જ નહિ, પરંતુ સાથે સાથે આપણી પોતાની જાતને તથા આપણા પોતાના ધર્મને પણ ગગને ચડાવતાં **આપણે અટકવું જ જોઇએ.**

હું પોતે બીજા ધર્મના સંખ્યાબંધ અનુયાયીઓનો ધર્મપલટો કરાવીને તેમને એક અથવા બીજા ખ્રિસ્તી સંપ્રદાયમાં લાવવા ઇચ્છતો જ નથી. બીજી પ્રજાઓ તથા બીજી સંસ્કૃતિઓ પર ખ્રિસ્તી આદર્શોની અસર દેશકાળને અનુરૂપ બદલાતા જતા મહત્ત્વ સાથે એ પરંપરાઓના ચાલુ રહેવા છતાં થવાની જ છે. એ જ પરિણામ ખ્રિસ્તીઓની બાબતમાં પણ આવે એમ હું જરૂર ઇચ્છું છું. કોઈ પણ સંયોગોમાં આ પ્રક્રિયા હંમેશા ચાલુ રહેવી જોઇએ અને બેશક આ પરિણામ અહિંસક રીતે નીપજવું જોઇએ. આપણે પ્રત્યેક વ્યક્તિનો તેની પોતાની ગતિથી ચાલવાનો હક્ક માન્ય રાખવો ઘટે છે. શરત એટલી કે, એથી સમાજશરીરને હાનિ પહોંચવી ન જોઇએ. બાળક બાલ્યાવસ્થા વટાવીને સાચી પ્રૌઢ અવસ્થા પ્રાપ્ત કરે એટલા માટે તેને આપણે બાલક રહેવા દઇએ છીએ. તે જ પ્રમાણે આપણે જે લોકો જેવા હોય તેવા ખ્રિસ્તી, બૌદ્ધ, નાસ્તિક, આસ્તિક, મુસલમાન, શીખ તરીકે રહે એમ ઇચ્છવું જોઇએ અને પ્રત્યેક ઉત્તરોત્તર વધુને વધુ આધ્યાત્મિક પ્રૌઢતા પ્રાપ્ત કરે એવી આશા સેવવી જોઇએ.

"દુનિયા દિવ્ય પાત્ર છે;
એને ઘડી ન શકાય;
તેમ જ એ એવું ને એવું રહે—
એવો આગ્રહ ન રખાય.
જે એને ઘડે છે, એ તેને બગાડે છે;
જે તેવો આગ્રહ રાખે છે, તે તેને ખુએ છે."

તાઓ—તે—કિંગ, ૨૯

ફ્રેડેરિક એચ્. રૉસ.

વિષય સૂચિ		પૃષ્ઠ
વિનોબાની વાણી	વિનોબા	૮૩
મુંબઇના સૂચિત દ્વિભાષી રાજ્ય અંગે કેટલીક અગત્યની માહીતી		૮૪
પર્યુષણ વ્યાખ્યાનમાળા		૮૫
ગ્રંથાવલોકન	દલસુખ માલવણિયા	૮૬
સ્વરાજ્યનો પ્રાણઃ લોકસંમતિ		૮૭
પ્રકીર્ણ નોંધ:—ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિને ધન્યવાદ, પરમાનંદ શ્રી મોરારજીભાઇની તપશ્ચર્યા, મહાદ્વિભાષી મુંબઇ પ્રદેશ		૮૯
વર્ષાને અંજલી	કાકાસાહેબ કાલેલકર	૯૦
નાગરિક જીવનમાં ગુંડાગીરી	દાદાધર્માધીકારી	૯૨
અન્ય ધર્મો તરફ ખ્રિસ્તીઓનું વલણ કેવું હોવું જોઇએ	ફ્રેડેરિક એચ્. રૉસ	૯૩

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મસ્જીદ બંદર રોડ. મુંબઈ ૯. ટે. નં. ૩૪૬૨૯

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

પ્ર. જૈન વર્ષ ૧૪–પ્ર. જીવન વર્ષ ૪
અંક ૧૦

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, સપ્ટેમ્બર ૧૫, ૧૯૫૬, શનીવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : ત્રણ આના

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

શ્રી મોરારજીભાઈનું ઉદ્‌બોધક પ્રવચન

(મુંબઈ જૈન યુવક સંઘ આયોજિત વ્યાખ્યાનમાળાની તા. ૯–૯–૫૬ ના રોજ રોકસી થીએટરમાં યોજાયલી છેલ્લા દિવસની સભામાં છેલ્લું વ્યાખ્યાન મુંબઈ પ્રદેશના મુખ્ય સચિવ શ્રી મોરારજી દેસાઇનું હતું. 'કલ્યાણરાજ્યનો આદર્શ અને તેની મર્યાદા' એ તેમનો વ્યાખ્યાન–વિષય હતો. લગભગ પચાસ મીનીટ સુધી તેઓ એકધારું બોલ્યા હતા અને સભાજનોએ તેમને મુગ્ધ મને પૂરી શાન્તિથી સાંભળ્યા હતા. જાણે કે અન્તર્મુખ બનીને બોલતા હોય તેવી નીતરતી વિમળ તેમની વાણી હતી. જૈનોનું પર્યુષણ પર્વ અને તેમાં પણ સાંવત્સરિક પ્રતિક્રમણની ભાવના–ઉભયથી પ્રેરિત હોઇને તેમનાં પ્રવચનમાં કેવળ કોઈ રાજકારણી વિષયનું શુષ્ક અથવા સત્તાલક્ષી પ્રતિપાદન નહોતું, પણ વ્યક્તિગત તેમ જ સામાજિક જીવન કેવું હોવું જોઇએ તે સ્પર્શવતું તલસ્પર્શી માર્ગદર્શન હતું. તેમણે જે કહ્યું તેની અધ્યાપક રમણલાલ શાહે તૈયાર કરી આપેલી સંક્ષિપ્ત નોંધ નીચે મુજબ છે. **પરમાનંદ**)

આજે પર્યુષણ વ્યાખ્યાનમાળાનું છેલ્લું વ્યાખ્યાન છે. અને મારે તેમાં 'કલ્યાણ રાજ્યનો આદર્શ' એ વિષય પર બોલવાનું છે. મેં સંઘના સંચાલકોને કહ્યું કે હું ધર્મની સાચી ભાવના પર બોલીશ. પણ સંઘના સંચાલકોને એ વિશે લોભ ન લાગ્યો. એમણે મને કહ્યું કે તમે 'કલ્યાણ રાજ્યના આદર્શ' પર બોલો. એટલે મેં એ વિષય રાખ્યો. પણ મારા મનમાં આ બે વિષયો વચ્ચે કોઈ વિરોધ નથી. કારણ કે કલ્યાણ રાજ્ય ધર્મની સાચી ભાવના વિના શકય નથી. ધર્મની સાચી ભાવના અને કલ્યાણ રાજ્યની ભાવના બંને પરસ્પર એટલી બધી ઓત-પ્રોત છે કે ધર્મની ભાવના વિના કલ્યાણ રાજ્યની વાત સંભવી ન શકે. એટલે હું કલ્યાણ રાજ્યની સાથે ધર્મની પણ વાત કરીશ. આજે બોલનાર ગમે તે વિષય પર બોલી શકે છે. પણ તેનું વકતવ્ય વિષય સાથે બંધ બેસે છે કે નહિ તે જોવાનું છે. એટલે હું જે કહું તે વિશે તમે વિચાર કરો અને ઠીક લાગે તેનો અમલ કરતા થાઓ એ હેતુથી હું મારા વિચારો તમારી સમક્ષ રજુ કરું છું.

પર્યુષણના દિવસો તપશ્ચર્યાના દિવસો છે. પણ તપનો હેતુ ઘણી વખત લોકો સમજતા નથી. અને ઘણી વાર આપણે તપનો સાચો અર્થ સમજ્યા વિના તપથી ભાગીએ છીએ. તપ કરવું એટલે માણસે પોતાની જાત પર સખ્તાઇ કરવી એવો પણ એક ભ્રમ છે. પણ ફકત પોતાની જાત પર સખ્તાઇ કરવી એ તપ નહિ પણ કષ્ટ છે. તપ અને કષ્ટ બંને વચ્ચે ભેદ છે. એનો અર્થ એ નથી કે કષ્ટ ખોટું છે. કષ્ટ પણ ફળ આપે છે, જો એને સ્વીકારીને આપણે એનો બરાબર ઉપયોગ કરીએ તો.

દરેક ધર્મમાં આવા પ્રસંગો આવે છે કે જેમાં આખા વર્ષમાં શું કર્યું તેનો વિચાર કરવામાં આવે છે. એ વખતે માણસો પોતાના શરીરને સુધારવાનો રસ્તો શોધે છે. કેટલાક એ માટે ઉપવાસ કરે છે. માણસ જો સ્વેચ્છાથી ઉપવાસ કરે તો તે વડે તે પોતાના મન અને શરીર બંનેને સુધારી શકે છે.

જૈન ધર્મમાં આંતરશુદ્ધિ પર ખૂબ ભાર મૂકવામાં આવ્યો છે. પર્યુષણના દિવસોમાં જૈનો તપશ્ચર્યા કરે છે અને પર્યુષણને અંતે વર્ષ દરમ્યાન જેનાં મન દુભવ્યાં હોય તેની તેઓ માફી માગે એવો રિવાજ પાળવામાં આવે છે. એ રિવાજ ઘણો સારો છે. પણ માફી કેવા દિલથી માગવામાં આવે છે ? પર્યુષણને અંતે રિવાજ ખાતર માફી માગવી જોઇએ કે સાચા દિલથી ? સાચા દિલથી માફી માગી છે એમ કયારે કહેવાય ? એનો પુરાવો એ છે કે ફરીથી એવી ભૂલ ન થાય તે માટે માણસ સાવધાન રહે. ભૂલ નહિ જ થાય એમ તો કેમ કહી શકાય ? આપણે સૌ કંઇ એટલા સંપૂર્ણ નથી કે ફરીથી આપણી ભૂલ થાય જ નહિ. પણ ભૂલ ન થાય એ માટે આપણે પ્રયત્ન કરવો જોઇએ અને તે પ્રયત્ન પ્રમાણિક હોવો જોઇએ.

આપણે માટે બધા માણસો એકસરખો વિચાર નથી કરતા. કોઇક આપણા માટે સારું વિચારે છે, કોઇક ખોટું વિચારે છે. પણ મારે માટે ખોટું વિચારનાર મને નુકસાન કરતો નથી. ઊલટાનું મારે એવા માણસનો ઉપકાર માનવો જોઇએ, કારણ કે એ મને મારી ભૂલ કયાં રહી છે એ સમજાવે છે. આમ, પર્યુષણને અંતે પરસ્પરની માફી માગવામાં આવે છે એ ઘણી સારી વાત છે. પણ એ એક માત્ર જડ રિવાજ જ ન બની જવો જોઇએ. રિવાજ ખાતર નહિ, પણ સાચા દિલથી આપણે માફી માગવી જોઇએ.

આજે પર્યુષણ વ્યાખ્યાનમાળા પણ એક રિવાજ બની ગયો છે. એટલે માત્ર સાંભળવાના રસથી જ જો તમે આવતા હો તો વ્યાખ્યાનમાળા બંધ થઈ જવી જોઇએ. વકતાઓના વિચારોમાંથી તમારે કંઈક લેવું જોઇએ, ગ્રહણ કરવું જોઇએ, અને તમારી સદ્‌બુદ્ધિ પૂર્વક તમારે એનો અમલ કરવો જોઇએ. તેમ કરો તો જ આ વ્યાખ્યાનમાળાની સાર્થકતા, નહિ તો નહિ. પરંતુ એનો અર્થ એ નહિ કે વકતાએ કહેલું બધું જ તમારે સ્વીકારી લેવું જોઇએ અને તે પ્રમાણે ચાલવું જોઇએ. એમ કરવું એ તો મૂર્ખતા જ કહેવાય. હું મારા વિચારો તમારી આગળ રજૂ કરું છું, પણ મારા વિચારો પ્રમાણે જ બરાબર તમારે વિચારો કરવા ન જોઇએ. પરંતુ મારા વિચારો તપાસીને ખાતરીપૂર્વક તમને જે અપનાવવા જેવા લાગે તે જ અપનાવવા જોઇએ. કોઈ માણસ બીજાને સલાહ આપે અને તેણે તે પ્રમાણે વર્તવું જ જોઇએ એવું નથી. પણ એનો અર્થ એ નથી કે સલાહ આપનાર માણસનો દ્રોહ છે. આપણને ન ગમતું હોય તેની પાસે સલાહ લેવા આપણે જતા નથી. વળી, આપણે એ રીતે સલાહ ન માગવી જોઇએ કે જેમાં દ્રોહ સલાહ આપનારનો હોય. એ સલાહ પ્રમાણે અમલ કરવામાં જવાબદારી આપણી પોતાની છે. કારણ કે આપણે વિચારપૂર્વક, ખાતરીપૂર્વક એ સલાહનો અમલ કરવો જોઇએ.

કલ્યાણરાજ્યના વિચારો મારા પોતાના છે. એની સાથે તમે સહમત નહિ થાઓ તો મારા એ વિચારો તમે છોડી દો, પણ મારી સાથે ઝગડો તો નહિ જ કરો. તમે ચર્ચા કરી શકો છો.

કલ્યાણરાજ્યમાં માણસે એક બીજા પ્રત્યે ખૂબ સહનશીલ હોવું જોઇએ. એક બીજા પ્રત્યેની સાચી સમજણ, સાચી સહાનુભૂતિ નહિ હોય તો તેમાંથી આદર્શ સિદ્ધ નહિ કરી શકીએ. કલ્યાણ રાજ્યમાં માણસ એનો પાયો છે, સંપત્તિ નહિ. જે દિવસે સંપત્તિને એનો પાયો ગણીશું તે દિવસે માણસાઈ ચાલી જવાની છે. એનો અર્થ એ નથી

કે સંપત્તિ જરૂરી નથી. સંસારમાં ઘર, કુટુંબ, વ્યવહાર ચલાવવા માટે સંપત્તિ જરૂરી છે. પરંતુ સંપત્તિ સાથે હંમેશાં, માણસાઈ આવે છે એવું નથી. સંપત્તિ સાથે માણસ એશઆરામ તરફ ઘસડાય છે. અને એશઆરામને પોતાની જરૂરિયાત માનતો થઈ જાય છે. પણ તો પછી એશઆરામ કરવો જ નહિ? ખરી રીતે એશઆરામ કરનારે પોતે વિચાર કરવો જોઇએ કે એનાથી મન કલુષિત તો નથી થતું ને? એનાથી શરીર ખોટે રસ્તે તો નથી ચાલતું ને? એટલે કઈ વૃત્તિથી એશઆરામ કરીએ છીએ એના ઉપર એની જરૂરિયાતનો આધાર રહે છે. એટલે માણસ જ્યારે સંપત્તિનો આશ્રય લે ત્યારે એ કઈ રીતે પોતાને ફાયદો કરશે એ રીતે એણે વિચાર કરવો જોઇએ. પણ એ ન ભૂલવું જોઇએ કે એકલી સંપત્તિ ઉપર કલ્યાણરાજ્ય આપણે સ્થાપી શકવાના નથી.

માણસ પોતાનો વાંક કાઢતો નથી પણ બીજાનો વાંક કાઢે છે. પણ જે માણસ આદર્શના માર્ગ પર ચાલવાનો પ્રયત્ન કરે છે તે દુઃખી નહિ થાય. બીજા એને કમજોર નહિ બનાવી શકે. બીજા એને ખરાબ ચારિત્ર્યનો નહિ બનાવી શકે. જ્યાં સુધી માણસ પોતે સત્યને પંથે ચાલવાનો પ્રયત્ન કરશે ત્યાં સુધી બીજા એને નુકસાન નહિ કરી શકે. માણસ પોતે પોતાનાં કાર્યો માટે જવાબદાર છે. પોતાની ભૂલ માટે બીજાના પર દોષ નાખનાર સમાજને નુકસાન પહોંચાડે છે. બીજો કોઈ માણસ ખરાબ છે એમ કહી પોતાનો બચાવ ન કરી શકે. શું માણસને સમાજ સાથે સંબંધ નથી? શું માણસના કાર્યની સમાજ પર અસર થતી નથી?

માણસ તરીકે માણસનું કર્તવ્ય એ છે કે એણે બીજાના સુખ કરતાં દુઃખમાં ભાગ લેવો જોઇએ અને બીજાને મદદ કરતા રહેવું જોઇએ. સમાજમાં એકબીજાની મદદ વિના જીવી શકાતું નથી. દરેક માણસ બીજા પાસેથી એક યા બીજા પ્રકારની મદદ ઇચ્છે છે. સંન્યાસી પણ ભિક્ષા લે છે. એ પણ એક પ્રકારની મદદ છે. પણ જે કોઈ મદદ લે છે એણે જોવું જોઇએ કે મદદ માટે પોતે લાયક છે કે નહિ? જે માણસ મદદ લે છે એ બીજી અનેકગણી સેવા સમાજને આપે છે.

દરેક માણસે 'માણસ' થવાનો વિચાર કરતા થઈ જવું જોઇએ. 'માણસ' હોવાનો આપણે દાવો કરીએ છીએ સૃષ્ટિમાં ઉત્તમ હોવાનો આપણે દાવો કરીએ છીએ કારણ કે બીજા પ્રાણીઓ કરતાં આપણામાં બુદ્ધિ વધારે છે, સમજવાની શક્તિ વધારે છે અને માટે આપણે નફા નુકસાનનો વિચાર કરીએ છીએ, પોતાના સ્વાર્થનો વિચાર કરીએ છીએ.

પણ સાચો સ્વાર્થ એ જ પરમાર્થ છે. ખોટો સ્વાર્થ પરમાર્થ નથી. બધાના ફાયદામાં પોતાને ફાયદો છે એમ સમજીએ તો જ આપણે સાચા માણસ કહેવાઇએ. માણસ સેવા કે કર્તવ્ય કરે છે પણ એને ઉપકાર સમજે અને બદલાની કંઇક આશા રાખે તો સેવાને બદલે સોદો અને ધર્મ બની જાય છે.

સાચી માણસાઈ વિના કલ્યાણરાજ્યનો આદર્શ સિદ્ધ નહિ થાય. માણસાઇ વિનાનો માણસ માણસ નથી, પણ પશુ છે. આજે આપણે એમ કહી શકીએ કે માણસ હજુ દશ ટકા જ સાચી માણસાઇવાળો 'માણસ' છે અને નેવું ટકા પશુયોનિમાં છે. પશુ કરતાં આપણામાં બુદ્ધિ વધારે છે એમ આપણે કહીએ છીએ અને પશુ કરતાં આપણી જાતને ચડિયાતી માનીએ છીએ. પણ આપણે બુદ્ધિ વડે આપણા દુર્ગુણોનો બચાવ કરીએ છીએ. આપણે બુદ્ધિનો દુરુપયોગ કરીએ છીએ. સ્ત્રીઓ શરીર વેચે છે તો આપણે તેનો તિરસ્કાર કરીએ છીએ, પણ તો પછી જે માણસ પોતાની બુદ્ધિ વેચે છે તે તો શરીર વેચવા કરતાંય ખરાબ છે. કારણ કે માણસ શરીર વેચીને પોતાના શરીરને બગાડે છે. પણ બુદ્ધિ વેચીને તો તે બીજા અનેકની બુદ્ધિ બગાડે છે. માટે જો માણસ બુદ્ધિને વેચતો અટકે, પોતાની બુદ્ધિ સાચી છે કે ખોટી તેનો વિચાર કરે તો ઘણા પ્રશ્નો ઓછા થઈ જાય.

કલ્યાણરાજ્યમાં ધર્મની ભાવના ઓતપ્રોત છે. અને તે કોઈ પણ એક ધર્મની નહિ. પણ માણસાઇના ધર્મની ભાવના. જૈનો અહિંસા પાળે છે, પણ એનો અર્થ એ નથી કે બીજા અહિંસા પાળતા નથી. જો જૈનો એમ માને તો તે ઢોંગ છે. બધાએ અહિંસા માટે વિચાર કરવો જોઇએ અને આપણે પોતે કેટલી અહિંસા પાળીએ છીએ તેનો પણ વિચાર કરવો જોઇએ.

થોડા વખત પહેલાં હું દેલવાડા ગયો હતો. ત્યાં મને કેટલાક જૈનોએ કહ્યું કે "વીરમગામના ખેડૂતોને પાકને નુકસાન કરનારાં પશુઓની હિંસા કરવા માટે બંદૂકોનાં લાયસન્સ શા માટે આપ્યાં? રાજ્ય શા માટે હિંસાને ઉત્તેજન આપે છે?" અમુક રીતે વિચારીએ તો રાજ્યને માટે હિંસા અને અહિંસા બધું સરખું છે. કોઈ પણ રાજ્ય હિંસા વગર જીવી શકતું નથી. કારણ કે રાજ્ય જબરજસ્તી પર રચાયેલું છે, અને જબરજસ્તી હોય ત્યાં હિંસા આવ્યા વિના રહે જ નહિ. અલબત્ત, એનો અર્થ એ નથી કે રાજ્યે અહિંસાનો કદી વિચાર કરવો જ નહિ અને ફક્ત હિંસા જ કરવી. રાજ્યે ફક્ત અનિવાર્ય હિંસાનો જ વિચાર કરવો જોઇએ. રાજ્ય કાયદાઓ ઘડે છે, અને કાયદાનું પાલન બધા જ માણસો રાજીખુશીથી કરતા નથી. એટલે કાયદાના પાલન માટે અને પ્રજાના રક્ષણ તેમજ હિત માટે પણ રાજ્યને હિંસાનો આશ્રય લેવો પડે છે. વીરમગામના ખેડૂતોને પાકનું નુકશાન થતું હોય તો તે નુકસાન થતું અટકાવવાનો તેમને હક છે. જો તેઓ હિંસા ન આચરે એમ તમે ઇચ્છતા હો તો તેઓને વરસે દહાડે જેટલું નુકશાન થાય છે તેટલી ખોટ ભરપાઈ કરી દો. તો તેઓ હિંસાનો આશ્રય નહિ લે. પણ એ જવાબદારી લેવા કોઇ તૈયાર નથી.

અને શું જૈનો જે ધંધા વેપાર કરે છે તેમાં હિંસા નથી હોતી? ઘણા જૈનો મોતીનો વેપાર કરે છે. મોતીના વેપારમાં હિંસા નથી? મોતી કેવી રીતે મેળવવામાં આવે છે? કેટલાક જૈનો રેશમનો વેપાર કરે છે. રેશમના વેપારમાં શું હિંસા નથી? જૈનો લિવરનાં ઇંજેકશન નથી લેતા? એટલે આપણે માત્ર હવામાં વિચાર ન કરવો જોઇએ.

કલ્યાણરાજ્યનો આદર્શ સહાનુભૂતિ, સહૃદયતા અને સહિષ્ણુતા છે. મારું તેટલું સારું—એના પર કલ્યાણરાજ્ય ન સ્થપાય. રાજ્ય ચલાવનારે પક્ષપાતથી, કે ગુસ્સાથી રાજ્ય ચલાવવાનું ન હોય. રાજ્ય ચલાવનારે લોકો ગમે તેટલી ગાળો દે તો પણ તેમના પ્રત્યે સહાનુભૂતિ રાખવી જોઇએ. પણ લોકોએ એ યાદ રાખવું જોઇએ કે તેઓ પોતાના જ પ્રતિનિધિઓને રાજ્ય ચલાવવાનું સોંપે છે. તેઓ પોતાનાથી કોઈ જુદી વ્યક્તિને રાજ્ય ચલાવવાનું નથી સોંપતા. ચોર લોકો પ્રામાણિક માણસને પોતાના પ્રતિનિધિ તરીકે નહિ ચૂંટે. અને ચૂંટે તો એ તેમનો પ્રતિનિધિ નહિ હોય. અને કોઈ પણ પ્રામાણિક માણસ ચોર લોકોના પ્રતિનિધિ થવાનું પસંદ નહિ કરે.

લોકશાહીમાં લોકો પોતાના પ્રતિનિધિઓ પસંદ કરે છે. એટલે જેવા લોકો તેવા પ્રતિનિધિ. લોકો પોતે સુધરે તો પ્રતિનિધિઓ પોતે આપોઆપ જ સુધરે. માટે રાજ્યને સુધારવું એ આપણા પોતાના હાથમાં જ છે. લોકો અને રાજ્ય પરસ્પર એક બીજાને મદદ કરે તો જ ચાલે. રાજ્ય અમારાથી જુદું છે એવો ભાવ હશે ત્યાં સુધી કલ્યાણરાજ્ય નહિ થઈ શકે. માટે બંને વચ્ચેનો વિરોધ મટી જવો જોઇએ. બંને પોતપોતાના તરફ ન ખેંચે એ જોવું જોઇએ.

માણસાઇના પાયા પર જ કલ્યાણ રાજ્યનું મંડાણ થવું જોઇએ. અને એ માટે જ શિક્ષણ અપાવું જોઇએ. માણસાઈ કેળવવા માટે સાચું સાધન શિક્ષણ છે, એ માટે બાળકોમાં નાનપણથી જ સાચા સંસ્કાર દૃઢ થવા જોઇએ. શિક્ષકો શાળામાં શીખવે, પણ ઘરમાં જો જુદું વર્તન હોય તો સંસ્કાર દૃઢ થાય નહિ. માટે દરેક માણસે બીજા પાસે અપેક્ષા ન રાખતાં પોતે જ મહેનત કરવી જોઇએ. આપ મુવા વિના સ્વર્ગે નથી જવાતું. તેવી રીતે બીજાની મહેનતથી સાચી સિદ્ધિ મળી શકતી નથી. કલ્યાણરાજ્ય એ પ્રમાણે ન સ્થપાય.

સાચી વાત કબૂલ કરીને અમલ કરવો નહિ તેના જેવો બીજો ઢોંગ નથી. એવો ઢોંગ માણસને કમજોર બનાવે છે. આપણે સાધુને પૂજીએ

છીએ. પણ ઘરનો છોકરો જો સાધુ થવાનો વિચાર કરે તો આપણે કહીએ છીએ, "બેસ, બેસ, મૂર્ખો છે?" તો શું સાધુ થવું એ મૂર્ખતા છે? આપણે શું મૂર્ખને પૂજીએ છીએ? એટલે આપણે પૂરતો વિચાર કરવો જોઇએ અને આપણે જે સાચું માનતા હોઇએ તેનો અમલ કરવો જોઇએ.

કલ્યાણ રાજ્યમાં એકેએક માણસ સુખી હોવો જોઇએ. આજે ગરીબોની આવક વધતી નથી, અને ભાવ વધે છે. કાપડ પેદા કરનારા અને વેચનારા લોભ રાખે છે અને હાથે કરીને અછત પેદા કરે છે. ઘણાંને આજે રોટલો, કપડાં પણ પૂરતાં મળતાં નથી. તે મેળવવા તેઓ આખો દિવસ મહેનત મજૂરી કરે છે. તેમને બીજો કંઈ વિચાર કરવાની ફૂરસદ પણ નથી હોતી. કલ્યાણરાજ્યમાં દરેક માણસને પૂરતું ખાવાનું, પૂરતાં કપડાં અને રહેવાનું મળવું જોઇએ. તો જ માણસ સુખી થઈ શકે. કલ્યાણરાજ્ય એકલા કાયદાથી થવાનું નથી. આપણે એ માટે મહેનત કરવી જોઇએ અને લોકોને સુખી કરવા માટે વધુ અને વધુ સમૃદ્ધિ પેદા કરવી જોઇએ. આજે જગતમાં છે એટલી બધી સમૃદ્ધિ વહેંચી દઇએ તો પણ ગરીબી ટળવાની નથી. વધુ સમૃદ્ધિ પેદા કરવા માટે વધારે પુરુષાર્થ કરવાની જરૂર છે. પણ આજે આપણે ફક્ત આપણા નફાનો જ વિચાર કરીએ છીએ. એથી રાજ્ય કંટ્રોલ કરે છે. રાજ્યે એ કરવો જોઇએ. રાજ્ય આપણી પાસે નફાની બાબતમાં સંયમની અપેક્ષા રાખે છે. આપણે સંયમ નહિ કરીએ તો રાજ્ય આપણી પાસે કરાવશે. પણ આજે તો જાણે અછત થઈ એટલે મનમાં રોગ પેદા થઈ ગયો હોય એવી સ્થિતિ છે. આવું હોય ત્યાં રામરાજ્ય કયાંથી થાય? બધા રામ થાય તો જ રામરાજ્ય થાય. મારે રામ થવું અને તમારે બધાએ રાવણ રહેવું? તો પછી મારે તમારા પ્રતિનિધિ થવું હોય તો મારે પણ રાવણ થવું જોઇએ. પરંતુ પ્રજા પોતે રામ થાય તો પ્રતિનિધિ આપોઆપ જ રામ બને.

બધાંને ખાવાનું મળે તો હું ખાઈશ એવો વિચાર કરીએ છીએ? પકડાઈ ન જવાય ત્યાં સુધી મારે સાચા નથી થવું એવો વિચાર કરનાર કલ્યાણરાજ્યમાં કયાં સુધી ટકી શકે? સાચાને માટે બધું તજવાને તૈયાર નહિ રહીએ તો આદર્શ સાધી નહિ શકીએ. હું પોતે સાચો રહીશ અને મારા તરફથી કોઇને કષ્ટ નહિ પડવા દઉં એવો વિચાર કરીએ તો પણ ઘણું થશે. આપણે પોતાને ભલે સારા માનીએ, પણ આપણે એવો દાવો ન કરવો જોઇએ.

ધર્મની સંકુચિત ભાવના ન રાખની જોઇએ. માત્ર એક પંથ માનવાથી ધર્મ માન્યો એમ ન કહેવાય. જ્યાં સુધી ધર્મના હાર્દનો અમલ ન કરીએ ત્યાં સુધી ધર્મ નકામો છે. ધર્મનું હાર્દ બધા ધર્મોમાં એક સરખું છે. કોઇ ધર્મ એમ નથી કહેતો કે અસત્ય બોલવું, અનીતિનું આચરણ કરવું. ધર્મ કસોટી કાળમાં માણસને ધૃતિ આપે છે. જે ધર્મ માણસને આપત્તિમાં ઉગારનાર નથી તે ધર્મ સાચો ધર્મ નથી.

ધર્મની જેમ દેશની ભાવના પણ વિશાળ હોવી જોઇએ, પણ આજે દેશને બદલે પ્રાંત, જિલ્લો, ગામ, કુટુંબ, ઘર અને છેલ્લે એકલાનો વિચાર માણસ કરે છે. પોતાને સુખ ન મળે તો બાયડી છોકરાં પણ ચુલામાં જાય એમ કહે છે. આમ કરવાથી આપણે સુખી ન થઇ શકીએ. આપણી સંસ્કૃતિ ઊંચી છે એમ આપણે કહ્યા કરીશું. પણ વર્તનમાં આપણે એવા ને એવા જ રહીશું તો દહાડો નહિ વળે. સંસ્કૃતિને ઊંચે લાવવા માટે શિક્ષિત સમાજે આગળ આવવું જોઇશે.

આપણે બીજા શું કરે છે તેનો વિચાર કરીએ છીએ, પણ પોતે શું કરીએ છીએ તેનો વિચાર કરતા નથી. જેણે પોતાનો હિસાબ પૂછવો નથી, તે પારકાનો હિસાબ પૂછે છે. માણસ ઉપવાસ કરે છે તે પોતાને માટે કે બીજાને માટે? તો પછી વરઘોડો શા માટે કાઢે છે? બીજાને બતાવવા માટે? ધર્મને નામે એ ધતિંગ નથી? આપણે જીવનમાંથી ઢોંગને કાઢવો જોઇએ.

કલ્યાણરાજ્યમાં મદદ કરવાનો વિચાર હોવો જોઇએ, મદદ લેવાનો નહિ. એનો અર્થ એ નથી કે માણસે બીજાની મદદ ન લેવી જોઇએ. પણ જોવાનું એ છે કે હું બીજાની મદદ લઉં છું, પણ તેનાથી નીચે તો નથી પડતો ને?

માણસો એકબીજાની ઈર્ષ્યા કરે છે, તિરસ્કાર કરે છે. ગરીબો શ્રીમંતોનો તિરસ્કાર કરે છે. શ્રીમંતો ગરીબોનો તિરસ્કાર કરે છે. પણ તેઓ વિચારતા નથી કે આપણે માટે જે ઇષ્ટ છે તે બીજાને માટે ઇષ્ટ કેમ ન હોય? આ ભાવના પ્રમાણે આપણે વર્તવું જોઇએ. તેમ કરીએ તો કલ્યાણરાજ્ય વહેલું આવશે.

હિંદુસ્તાનમાં એવા માણસો આવ્યા છે જેમણે સાચો રસ્તો બતાવ્યો છે. એક જમાનામાં આપણે ઉપર ચડી નીચે પડયા છીએ. પણ હવે આપણે એવી રીતે ઉપર ચડીએ કે જેથી ફરી નીચે પડવાનો વખત ન આવે.

પ્રકીર્ણ નોંધ

ફુલ ચડાવ્યાં દ્વિભાષી મુંબઇને અને ધ્યાન ધર્યું મહાગુજરાતનું

જ્યારથી ભારતની પ્રાદેશિક પુનર્રચનાનો પ્રશ્ન આપણી સામે ઉપસ્થિત થયો ત્યારથી જુદે જુદે તબકકે મુંબઈ, કચ્છ, સૌરાષ્ટ્ર અને ગુજરાતના પ્રતિનિધિઓએ અને જવાબદાર કોંગ્રેસી આગેવાનોએ પ્રાદેશિક સીમા પંચ સમક્ષ કરવામાં આવેલાં નિવેદનોમાં તથા રજુ કરેલી જુબાનીઓમાં તેમ જ પ્રદેશ કોંગ્રેસ સમિતિની સભાના ઠરાવોમાં દ્વિભાષી મુંબઈ પ્રદેશનું સતત સમર્થન કરેલું હોવા છતાં એ જ પ્રકારનો ભારતની લોકસભાએ ગયા ઓગસ્ટ માસના પ્રારંભમાં જ્યારે નિર્ણય લીધો ત્યારે ગુજરાતના કેટલાંક સ્થળોએ અને ખાસ કરીને અમદાવાદમાં તે સામે આટલો પ્રચંડ વિરોધ કેમ થયો તે એક મોટો કોયડો છે. આ વિરોધને સમજવા માટે આ કોયડાનું વિશ્લેષણ જરૂરી છે.

અલબત્ત આપણે સતત દ્વિભાષી મુંબઈ પ્રદેશની, ઠરાવો અને નિવેદનોદ્વારા, માંગણી કરતા રહ્યા હતા. એમ છતાં પણ આપણા આગેવાનોનાં મનનું પૃથક્કરણ કરતાં એમ માલુમ પડે છે કે તેમના મનમાં રહેલી સામાન્ય ઇચ્છા મહાગુજરાત, મુંબઈ અને મહારાષ્ટ્ર એમ ત્રણ અલગ રાજ્યો ઉભાં થાય એ પ્રકારની હતી. બધાંની સામે મુખ્ય પ્રશ્ન મુંબઈનું શું એ હતો. મુંબઈ મહારાષ્ટ્રને સોંપાઈ ન જાય એ વિષે સૌ એકમત હતા. આ ટાળવા માટે મુંબઇનું અલગ રાજ્ય કરો એવી આપણે માંગણી કરીએ તો તે માંગણીને, પ્રથમ સીમાપંચ અને પછી ભારત સરકાર સ્વીકારશે કે કેમ એ વિષે આપણા મનમાં સંદેહ હતો. તેથી આપણી બહારની માંગણી હમેશા દ્વિભાષી મુંબઈ પ્રદેશની રહી હતી અને અંદરની ઇચ્છા હંમેશાં ત્રણ અલગ પ્રદેશોની રહી હતી, અથવા તો એમ પણ કહી શકાય કે જે વાત આપણે ઇતર વિકલ્પ તરીકે રજુ કરતા હતા તેને આપણું મન પહેલા વિકલ્પ તરીકે પસંદ કરતું હતું. અને પ્રાદેશિક પંચે તો દ્વિભાષી મુંબઇની જ ભલામણ કરી હતી. એમ છતાં પણ છેલ્લાં દશ મહીના દરમિયાન ઉત્તરોત્તર બનેલી અનેક ઘટનાઓ આખરે આપણને ઇષ્ટ એવા ત્રણ એકમની રચના તરફ જ ધસડી રહી હતી. આ આન્તરિક દ્વિધા અને પછીનો રાજકારણી પરિપાક–ઉભયનું આખરે એક જ પરિણામ આવ્યું કે ગુજરાતી પ્રજા સમક્ષ માત્ર મહાગુજરાતનું જ સ્વપ્ન વિકસતું ગયું અને આપણા આગેવાનો પણ એ જ કલ્પનાને પરિપુષ્ટ કરતા ગયા. આપણા આગેવાનોએ લોકો સમક્ષ કદી પણ ગંભીરતાપૂર્વક દ્વિભાષી મુંબઈ પ્રદેશની શકયતાની કલ્પના મૂકી જ નહોતી. દ્વિભાષી સામેની મહારાષ્ટ્રના કટ્ટર વિરોધથી આ માન્યતા વધારે ને વધારે પુષ્ટ બનતી રહી. એક બાજુએ આપણે જુદા જુદા સમયે મુંબઇ પ્રદેશની દ્વિભાષી રચનાને અંજલિ આપતા રહ્યા; આપણા ઠરાવો કે નિવેદનોનો પ્રારંભ પણ એ જ રીતે થતો રહ્યો; પણ બીજી બાજુએ વસ્તુતઃ મહાગુજરાતને જ મૂર્તિમન્ત

કરવા પાછળ આપણા સર્વનું મન કામ કરતું રહ્યું. મહેમદાવાદના ઠરાવનું હાર્દ પણ આ જ હતું. આ મહાગુજરાતની થનાર રચના પાછળ અનેક કલ્પનાના કીલ્લાઓ રચાતા ગયા અને અનેકની મહત્ત્વાકાંક્ષાઓ બળવત્તર થતી ચાલી. આમાં પણ અમદાવાદના લોકોએ અને ઉદ્યોગપતિઓએ ભાત ભાતની આશા અને કલ્પનાના મીનારાઓ ઉભા કરવા માંડયા અને સટ્ટાને વરેલું ગુજરાતી માનસ અમદાવાદ પાટનગર થવાનું હોવાના કારણે અનેક પ્રકારના આર્થિક લાભોની કામનાનો ભોગ થઇ પડયું. આવી વાસ્તવિક પરિસ્થિતિ વચ્ચે ભારતની લોકસભામાંના ગુજરાતી સભ્યોએ દ્વિભાષી મુંબઈ પ્રદેશનો કોઈ હળવા મનથી સ્વીકાર કર્યો છે અથવા તો આ તો આપણે માંગતા હતા એ જ મળી રહ્યું છે એવા કોઇ આનંદ અને સંતોષપૂર્વક સ્વીકાર કર્યો છે એમ કોઈ ન માને. એ વખતના વિશિષ્ટ સંયોગોએ તેમને દ્વિભાષી મુંબઈ સ્વીકારવાની ફરજ પાડી હતી એમ કહીએ તો તેમાં લેશમાત્ર અત્યુક્તિ નથી. આ સંયોગો કયા હતા? (૧) લોકસભાના ૨૩૦ થી વધારે સભ્યોની દ્વિભાષી મુંબઈ માટેની માંગણી. (૨) ગૃહપ્રધાન ગોવીંદ વલ્લભ પન્ત અને મહા અમાત્ય પંડિત નહેરુનું પણ આ ઉકેલને પુરૂં અનુમોદન. (૩) દ્વિભાષીને આ રીતે આગળ કરનાર સભ્યોના આ દબાણ નીચે ઉભી થયેલી આપણી કફોડી સ્થિતિ અને (૪) એ સૌથી વધારે બળવાન સંયોગ મહારાષ્ટ્રના ખોળામાં હાથવેંતમાં સરી જતું દેખાતું મુંબઈ. આ ચાર સંયોગોએ તેમને દ્વિભાષી મુંબઈ સ્વીકારવાની ફરજ પાડી. આ સામે ગુજરાતભરમાં અને ખાસ કરીને અમદાવાદમાં સારો એવો વિરોધ થશે એ તેમની નજર સામે નહોતું એમ નથી. જેમણે દ્વિભાષીની હા પાડી તેમાંના ઘણા ખરા મહાગુજરાતની રચનાને વિશેષ આવકારતા હતા એ પણ હકીકત છે. આમ છતાં પણ વિરોધ સમયાન્તરે શમી જશે, અતિ જટિલ બનેલી સમસ્યાનો આમ ઉકેલ આવતો હોય તો તેનો અવરોધ ન કરીએ, અખિલ ભારના પ્રતિનિધિઓના આવા સામુદાયિક આગ્રહને અવગણી કેમ શકાય, મુંબઈ ઉપર આખરે આપણું સહભાગી સ્વામિત્વ તો રહે જ છે અને તેની આવકનો લાભ જેમ મહારાષ્ટ્રને તેમ જ મહાગુજરાત મળતાં મહાગુજરાતની આર્થિક વિષમતા અમુક અંશે હળવી બની જાય છે—આવા કેટલાક ખ્યાલો અને ગણતરીને અધીન બનીને ગુજરાતી સંસદ સભ્યોએ દ્વિભાષી મુંબઇનો સ્વીકાર કર્યો. આવી જ રીતે દ્વિભાષી મુંબઇનો મહારાષ્ટ્ર સ્વીકાર કરશે કે કેમ એ સવાલ મહારાષ્ટ્રના સંસદ સભ્યો સમક્ષ પણ હતો જ. કારણ કે મુંબઇમાં તેમને કોઈની ભાગીદારી ખપતી જ નહોતી. એમ છતાં મુંબઈ કેન્દ્રશાસિત બને એ કરતાં જેમાં પોતાને બહુમતી મળે છે એવું દ્વિભાષી મુંબઈ વધારે પસંદ કરવાયોગ્ય છે, મુંબઈ મહારાષ્ટ્રને આપી દેવાની અનુકુળતા દાખવતું નહેરુનું મન, એક વખત મુંબઈ કેન્દ્રશાસિત બન્યા બાદ, કેવી રીતે કામ કરશે એ કોણ કહી શકે તેમ છે, આપણે હા કહીશું પણ ગુજરાતીઓ આ સ્વીકારવાના જ નથી—આવા કેટલાક ખ્યાલોને અધીન બનીને મહારાષ્ટ્રના પ્રતિનિધિઓએ પણ મહારાષ્ટ્રની પ્રજાના સંભવિત વિરોધનું જોખમ ખેડીને, દ્વિભાષી મુંબઇનો સ્વીકાર કર્યો.

આમ શાણા સંસદ સભ્યોએ, તેમનામાંના કેટલાકને દ્વિભાષી મુંબઈ કોઇ પણ સામાન્ય સંયોગોમાં સ્વીકાર્ય ન હોવા છતાં, લોકસભાના સભ્યોના આગ્રહભર્યા મન્તવ્યને સ્વીકારી લીધો. કેટલાકને મન આ બાબત કડવો ઘુંટડો ગળે ઉતારવા બરોબર હતું. એમ છતાં તેમની રાજકારણી સમજણે અને શાણપણે અથવા તો એ દિવસોમાં તેમની આસપાસ ઘટ્ટ બનેલા ચોક્કસ પ્રકારના વાતાવરણે આ કપરો સ્વીકાર શક્ય બનાવ્યો.

પણ મહાગુજરાતની કલ્પનાને કાંઈ સમયથી વરેલી ગુજરાતની પ્રજાને અને પાટનગર બનાવાનો મનોરથ સેવી રહેલ અમદાવાદની પ્રજાને માટે આ ઘુંટડો ગળે ઉતારવાનું અને આખા પ્રશ્નને તદ્દન બીજી રીતે વિચારવાનું એટલું સહજ કે શક્ય હતું જ નહિ. દ્વિભાષી મુંબઇના સ્વીકાર સામેના ગુજરાત બાજુના પ્રચંડ વિરોધના મૂળમાં આ વસ્તુસ્થિતિ રહી હતી. ધીમે ધીમે ગુજરાતની પ્રજાનું વળણ દ્વિભાષી મુંબઇ સામે એકભાષી મહાગુજરાતના ગુણદોષની શાન્ત સમીક્ષા તરફ વળતું જાય છે, ઢળતું જાય છે અને દ્વિભાષી મુંબઇ સામેનો વિરોધ અંશે અંશે ઘટતો જાય છે. આમ છતાં પણ આ વિરોધ અમુક અંશે ચાલુ રહેવાનો જ છે. કારણ કે આખરે ગુજરાતી પ્રજાના હિતાહિતના અનુસંધાનમાં મુંબઇને કોણ કેટલું મહત્ત્વ આપે છે તે ઉપર જ લોકસભાના નિર્ણયના સ્વીકાર અસ્વીકારનો આધાર રહેવાનો છે. જેઓ મુંબઈ ઉપરના સહભાગી સ્વામિત્વના મહત્ત્વને પ્રાધાન્ય આપશે તે દ્વિભાષી મુંબઇ પ્રદેશને જરૂર આવકારશે. જેઓ આ બાબતને ગૌણ ગણશે અને મુંબઈ મહારાષ્ટ્રને સોંપીને પણ મહાગુજરાત ઉભું કરવું જ જોઇએ એવો આગ્રહ ધરાવતા હશે તેમને કોઇ પણ દલીલ દ્વિભાષી મુંબઇને આવકારવા તરફ વાળી શકે તેમ છે જ નહિ. દ્વિભાષી મુંબઇનો વિરોધ કરનારા એક બાબત બરોબર સમજી લે કે એક વખત લોકસભાના નિર્ણય મુજબનો મુંબઈ પ્રદેશ નિર્માણ થયો, ત્યાર પછી પહેલાંનાં ત્રણ એકમની રચનાને પુનર્જીવિત કરવાનું એકકે સંયોગમાં શક્ય નથી, સિવાય કે મહારાષ્ટ્રીઓનો વર્તાવ નવી રચના બાદ ન્યાયી અને વ્યાજબી અને ગુજરાતીઓ સાથે અનુકુળ બનીને ચાલવાનો નહિ હોય, પણ એ અસાધારણ કટોકટીની કલ્પના બાદ કરતાં આજે જે રચના કરવામાં આવનાર છે તે કાયમ જ રહેવાની છે. બીજી બાજુએ ગુજરાતી પ્રજા મહાગુજરાતનું આન્દોલન અત્યન્ત ઉગ્ર બનાવે તો સંભવ છે કે રાજ્યસત્તાને કદાચ આ બાબતનો ફરીથી વિચાર કરવાની ફરજ પડે. પણ એ સંયોગમાં ફેરફાર થાય તો એટલો જ થાય કે મહાગુજરાતને મુંબઇ પ્રદેશમાંથી અલગ કરવામાં આવે, પણ મુંબઈ તો મહારાષ્ટ્રમાં જ સમાવિષ્ટ રહે. મહાગુજરાતનું આન્દોલન ચલાવનારાઓ આ પરિસ્થિતિનો સર્વાંગી વિચાર કરે, પોતાના બળાબળનું તોલન કરે, અને અમુક રીતે થાળે પડેલી વસ્તુસ્થિતિને ચુંથવાથી સરવાળે ગુજરાતને ફાયદો થશે કે કેમ એનો પણ પૂરો વિચાર કરે અને પછી આગળ વધે એટલી તેમને નમ્ર પ્રાર્થના!

અમદાવાદમાં બનેલી ઘટનાઓએ આ સ્વરૂપ ધારણ કર્યું ન હોત જો—

અમદાવાદ ખાતે ઓગસ્ટ માસ દરમિયાન જે અરાજકતાની આંધી આવી અને કરૂણ ઘટનાઓ બની તે કદાચ ન બની હોત અથવા તો પ્રમાણમાં ઘણી હળવી બની હોત જો—

(૧) દ્વિભાષી મુંબઈ પ્રદેશના નિર્ણયને અનુમોદન આપીને મુંબઇના મુખ્ય પ્રધાન શ્રી મોરારજી દેસાઈ છઠ્ઠી તારીખે મુંબઇ આવ્યા ત્યાર બાદ અમદાવાદમાં પરિસ્થિતિ વણસવા માંડી, દ્વિભાષી મુંબઈ સામેના વિરોધે ઉગ્ર સ્વરૂપ પકડવા માંડયું—એ જ અરસામાં મોરારજીભાઈ અમદાવાદ પહોંચી ગયા હોત અને લોકોને દ્વિભાષી મુંબઇનો પ્રશ્ન સમજાવવા અને હિંસક પ્રવૃત્તિથી ખાળવા પ્રયત્ન કર્યો હોત અને એમાં સફળતા મળતી નથી એ જોતાં જે પગલું એ જ માસની ૧૮મી તારીખે તેમણે ભર્યું એવી કોટિનું કોઇ પગલું ત્યાંના તોફાનના પ્રારંભકાળમાં તેમણે ભર્યું હોત. આ કેમ ન બન્યું તે વિષે તેમણે હજુ સુધી કોઇ જાહેર નિવેદન કર્યું નથી. અમદાવાદમાં ઓગસ્ટની ૨૬ મી તારીખે સાંજે તેમણે પારણું કર્યું તે પહેલાં ભરાયલી જાહેર સભામાં આ બાબતનો ઉલ્લેખ કરીને તેઓ બોલવા જતા હતા તે દરમિયાન લોકોની પથ્થરબાજી અને અશાન્તિએ વિક્ષેપ નાંખ્યો અને બોલવાનું એક બે મીનીટ તેમને બંધ કરવું પડયું. ત્યાર બાદ આગળ ચાલતાં તેઓ જે કાંઈ બોલ્યા તેમાં આ મુદ્દાનું અનુસંધાન તુટી ગયું.

(૨) કોંગ્રેસ હાઉસ આગળ ટીયર ગેસ સ્કવેડ વખતસર લાવવાનું અને તોફાને ચડેલા વિદ્યાર્થીઓના ટોળાને દૂર કરવા માટે ગોળીબારને બદલે ટીયર ગેસ, લાઠીચાર્જ વગેરે હળવાં સાધનોનો ઉપયોગ કરવાનું શક્ય બન્યું હોત.

(૩) પોલીસને ગોળીબાર કરતા અટકાવીને કૉંગ્રેસ હાઉસમાં બેઠેલા સ્થાનિક કૉંગ્રેસના આગેવાનો–જે કોઈ એ વખતે હાજર હતા તેઓ–જાન ગુમાવવાનું જોખમ ખેડીને પણ બહાર આવ્યા હોત, 'અમે ઉભા છીએ ત્યાં સુધી ગોળીબારથી એકપણ વિદ્યાર્થીને મરવા નહિ દઈએ' એવો નિરધાર તેમણે વિદ્યાર્થીઓ અને પોલીસ સમક્ષ જાહેર કર્યો હોત. સંભવ છે કે જેમના ચિત્તને અરાજકતાએ ઘેરી લીધું હતું તેમના હાથે આગેવાનોના જાનની કદાચ હાનિ થઈ હોત અથવા તો સારા પ્રમાણમાં તેઓ ઘાયલ થયા હોત, પણ એ વીરતા અને બહાદુરીનો એટલો મોટો પ્રભાવ પડત કે પોલીસના ગોળીબારથી ત્રણ કે ચાર વિદ્યાર્થીઓ મરાયા એ દુઃખદ અને કરૂણ ઘટનાએ આખા શહેરની પ્રજાને કૉંગ્રેસની વિરૂધ્ધ ઉશ્કેરી મૂકી અને તેમના દિલમાં ભભુકી ઉઠેલી રોષની જ્વાળાએ તેમની પાસે ન કરવાના અનેક અનર્થો કરાવ્યા–આને બદલે આ કૉંગ્રેસી આગેવાનોની શહીદીએ લોકોના મન ઉપર કોઈ જુદી જ અસર પાડી હોત અને હિંસાનું પુર સર્વાંશે નહિ તો મહદ્ અંશે ખાળી શકાયું હોત. આ કટોકટીના વખતે કૉંગ્રેસ હાઉસમાં બેઠેલા આગેવાનો પાસેથી આવી આશા રાખવી વધારે પડતી ગણાય એમ કોઇ જરૂર કહેશે. પણ વિશિષ્ટ સ્થળમાં બેઠેલા અને વિશિષ્ટ સ્થાનને વરેલા આગેવાનોનો ધર્મ પણ સામાન્ય નાગરિકની અપેક્ષાએ વિશિષ્ટ જ હોય. વળી સામે તોફાને ચડેલા અને ઉદ્દંડપણે વર્તતા અને એમ છતાં કુમળી વયના અને આવેશપરાયણ સ્વભાવના વિદ્યાર્થીઓ હતા. આમ આસપાસના સંયોગોની દૃષ્ટિએ તેમના માટે એક વિશિષ્ટ ધર્મ ઉપસ્થિત થયો હતો. આ ધર્મને અનુસરવાની તેમનામાં બુધ્ધિ અને વીરતા જાગૃત થઈ હોત તો કેવું સારૂં થાત ? ગાંધીજીએ આપણને વારસામાં આપેલી આચારપરંપરા આ છે–'જાતને હોમો અને સમાજને આંધીમાંથી બચાવો.'

(૪) આવી જ રીતે ૨૬ મી તારીખની જાહેર સભામાં માનનીય શ્રી. મોરારજીભાઈએ અમદાવાદના પ્રજાજનોને ઉદ્દેશી કહેવા યોગ્ય ઠીક ઠીક કહ્યું, બરોબર કહ્યું, પણ આગળના દિવસો દરમિયાન થયેલા ગોળીબારો અને અશ્રુવાયુના લીધે પ્રજાનાં દિલ ઉકળી રહ્યાં હતાં, કશી પણ નોટીસ અપાયા સિવાય બીનજરૂરી ગોળીબારો અવારનવાર કરવામાં આવ્યા છે, ટીયરગેસનો પોલાની અંદર પુરી છુટથી ઉપયોગ કરીને પોલીસે ભારે ત્રાસ ફેલાવ્યો છે, કેટલાએક એવા ગોળીબાર થયા છે કે જે વડે થયેલ એકલ ડોખલ નિર્દોષ માણુસોની જાનહાનિનું કોઇ પ્રયોજન જ સમજી શકાયું નથી– આવી સાચી, ખોટી અથવા તો વધારે પડતી કલ્પેલી બાબતો લોકોના દિલમાં ભરેલી હતી, એ દિવસો દરમિયાન દંડશક્તિના ઉપયોગનો અતિરેક થયો છે એવી માન્યતા પ્રજાના દિલમાં સજ્જડપણે ઘર ઘાલી બેઠી હતી. આવા માનસ સાથે અમદાવાદની પ્રજા મોરારજીભાઈ પાસેથી કાંઇક આશ્વાસનના, ઊંડી સહાનુભૂતિના, અને–શાસકને મન તો પોલીસ અને પ્રજા સરખી હોય તો લોકોની આ ફરિયાદો ધ્યાનથી સાંભળવામાં આવશે, દરેક ગોળીબારની પુરી તપાસ કરવામાં આવશે અને જ્યાં જ્યાં દંડશક્તિનો અતિરેક થયો માલુમ પડશે ત્યાં ત્યાં જરૂરી પગલાં ભરવામાં આવશે–આવી ધીરજના શબ્દો સાંભળવા આવી હતી. આવું આશ્વાસન, અને ધીરજ જો મોરારજીભાઈ ઉદ્વિગ્ન પ્રજાજનોને આપી શકયા હોત અને સૌમ્ય ઉદ્ગારો વડે પ્રજાજનોના દિલને ઠારી શકયા હોત અને આત્મીયતાનો અનુભવ કરાવી શકયા હોત તો પ્રજાદિલમાં એકઠો થયેલો આ ઉકળાટ અને પરિતાપ ઘણા અંશે તેઓ હળવો કરી શકયા હોત. તેમના તે દિવસના પ્રવચનમાં સત્તાશાહીનો રણકાર હતો, નિયામકની ચેતવણી હતી, પ્રજાને પોતાના ધર્મનું ભાન કરાવવાનો આગ્રહ હતો, પણ પ્રજાના મુખી તરીકેનો દિલદ્રાવ નહોતો, આળા હૃદયને શાન્તિ આપે એવી હુંફ નહોતી, કોમળતા નહોતી, કરૂણા નહોતી, સૌમ્યતા નહોતી. પરિણામે આજે અમદાવાદમાં બહારની શાન્તિ સ્થપાઈ ચુકી છે, પણ અંદરનો ઉકળાટ હજુ શમ્યો જ નથી. એવાં કેટલાય ભાઈ બહેનો છે કે જેમને દ્વિભાષી મુંબઇ કે મહાગુજરાત એમાંથી એકેકની પડી નથી, પણ જેમના દિલમાં રાજ્યની દંડશક્તિનો જે રીતે અને જે પ્રમાણમાં ઉપયોગ થયો તે વિષે ભારે વસવસો છે. આની સામે જે થયું છે તે બરોબર થયું છે, આ સંબંધમાં કોઈ પણ તપાસ થઈ શકે જ નહિ, કે કોઈને દંડી શકાય જ નહિ, આવી પરિસ્થિતિનું જ્યારે જ્યારે પુનરાવર્તન થશે ત્યારે ત્યારે આમ જ કડક હાથે કામ લેવામાં આવશે–આવા ઉદ્ગારો એક જવાબદાર સત્તાધીશની દૃષ્ટિએ વ્યાજબી હશે, પણ પ્રજાના એક અદના પ્રતિનિધિ તરીકે બંધબેસતા નથી. પ્રજા આ સાંભળી લેશે, મુંગી રહેશે, પણ તેમના મનની અકળામણ ઘટવાને બદલે વધતી જ રહેવાની, અને જેમ પ્રજાની ઉદ્દંડતા નિભાવી ન શકાય તેવી જ રીતે આ અકળામણની પણ ઉપેક્ષા થઇ ન જ શકે. કારણ કે પ્રજાની ઉદ્દંડતા માફક પ્રજાની અકળામણનો સરવાળો યા ગુણાકાર પણ આખરે અરાજકતામાં અને સત્તાપ્રકંપમાં જ પરિણામે છે.

'જે આમ થયું હોત' એમ જણાવીને જે બાબતો ઉપર કમસર રજુ કરવામાં આવી છે તે કેવળ કાલ્પનિક અને અસંભવિત જેવી છે જ નહિ. અને આ બધું જે સહજ શકય હતું તે ન થયું તેનું પરિણામ આજે આપણી આંખ સામે જોઇ રહ્યા છીએ. જે કાંઈ બન્યું છે તે નથી રાજ્યના લાભમાં કે નથી પ્રજાના લાભમાં. અમદાવાદમાં ઉપરની શાન્તિ નીચે પારવિનાની અસ્વ- સ્થતા ભરેલી છે. જેને પ્રજાનો સહકાર મેળવીને લોકશાસનના માર્ગે આગળ ચાલવું છે તેણે આ અસ્વસ્થતાનું પ્રશમન કર્યે જ છુટકો છે.

અમદાવાદના ગોળીબાર

અમદાવાદમાં ગયા ઓગસ્ટ માસ દરમ્યાન જે કાંઈ બન્યું તેની આલોચનાના અનુસંધાનમાં ત્યાં બનેલી ગોળીબારની ઘટનાઓ પણ અલગ વિચારણા માગી લે છે. ઓગસ્ટ માસની આઠમી તારીખે કૉંગ્રેસ હાઉસ પાસે જે સંયોગો વચ્ચે ગોળીબાર થયા અને ત્રણ ચાર વિદ્યાર્થીઓ મરાયા તે સંબંધમાં જુદા જુદા વૃત્તાન્તો સાંભળવા યા વાંચવા મળે છે અને તેમાંથી સાચું શું અને ખોટું શું એ તારવવું મુશ્કેલ લાગે છે. એ આઠમી તારીખની દુર્ઘટનાએ આખા અમદાવાદમાં રોષનો દાવાનળ પ્રગટાવ્યો હતો અને દ્વિભાષી મુંબઈ સામેના પ્રજાના ઉકળાટમાંથી એક નાનો સરખો ઉલ્કાપાત પેદા થયો હતો એમાં કોઈ શક નથી. એ દુર્ઘટના સંબંધમાં શ્રી. મોરારજીભાઇને ૨૬ મી તારીખના ઉપવાસાન્ત જાહેર વ્યાખ્યાનમાં વિસ્તારથી ઉલ્લેખ કરવો પડયો હતો એ એટલું સુચવવા માટે પૂરતું છે કે એ દિવસના ગોળીબાર માટે સરકારપક્ષે પણ ખુલાસો કરવાની જરૂર છે એમ તેમને પણ લાગ્યું હતું. તેમણે એ ગોળીબાર અંગે પોતાના પ્રવચનમાં જે કાંઈ જણાવેલું તે નીચે મુજબ હતું:—

"અમદાવાદના કૉંગ્રેસ ભવન સામે પોલીસે જે ગોળીબાર કર્યો અને જે સૌથી પ્રથમ ગોળીબાર હતો તે વ્યાજબી હતો. તે દિવસે દેખાવ કરનારાઓ કૉંગ્રેસ ભવન પાસે એકત્ર થયા અને તેમાં પ્રવેશ કર્યો. દેખાવ કરનારાઓ એવું ઇચ્છતા હતા કે કૉંગ્રેસ ભવનમાંના કૉંગ્રેસી કાર્યકરો બહાર આવીને દેખાવ કરનારાઓની ઇચ્છા મુજબ વર્તન કરે. આનો કૉંગ્રેસ–કાર્યકરોએ ઇનકાર કર્યો ત્યારે કૉંગ્રેસ ભવન ઉપર પથ્થર મારો શરૂ થયો. બધા જ લોકોએ પથ્થર ન ફેંકયા હોય એ શકય છે. જીલ્લા કલેકટર અને પોલીસ સુપ્રીન્ટેન્ડન્ટ કૉંગ્રેસ ભવનમાં હતા. એક પોલીસ અધિકારી સહિત કેટલાક પોલીસોને પથ્થરોથી ઇજા થઇ અને કેટલાક પોલીસોએ આત્મરક્ષણ માટે ટોળાપર ગોળીબાર કર્યો. આમાં બીચારા કેટલાક વિદ્યાર્થીઓ મૃત્યુ પામ્યા તેઓ નિર્દોષ હોય એ શકય છે. પરંતુ આવા સંયોગોમાં કોઈ ઉપાય નથી. મારી એમના પ્રત્યે ઊંડી સહાનુભૂતિ છે અને તે વિષેની લોકોની લાગણીઓને હું સમજી શકું છું. આમ છતાં લોકોનો ગુસ્સો તો વિદ્યાર્થીઓને ઉશ્કેરનારાઓ પ્રત્યે હોવો જોઇએ, સરકાર સામે નહિ."

આઠમી તારીખના ગોળીબાર વિષે બીજેથી મળેલાં અથવા પ્રગટ થયેલાં નિવેદનો આપણે બાજુએ રાખીએ અને મોરારજીભાઈ એ વિષે જે કાંઈ જણાવે છે એને જ હકીકતરૂપે સ્વીકારી લઇએ તો પણ એ

દિવસે કરવામાં આવેલ ગોળીબાર વ્યાજબી હતો કે કેમ એ વિષે મન શંકા અનુભવે છે. મોરારજીભાઇના જણાવવા મુજબ એ ગોળીબાર પોલીસે 'આત્મરક્ષણાર્થે' કર્યો હતો. સાધારણ માણસની સામે જ્યારે આત્મરક્ષણનો સવાલ આવીને ઉભો રહે ત્યારે તે જે કાંઈ કરે તે ગેરવ્યાજબી લેખાવું ન જોઇએ એવો સાધારણ લોકઅભિપ્રાય છે એ આપણે જાણીએ છીએ. એવી જ રીતે કોઈ એકલ દોકલ એક બે પોલીસને તોફાની માણસોનું ટોળું ઘેરી વળે ત્યારે પોતાના બચાવમાં પાસે પીસ્તોલ કે જે કાંઈ સાધન હોય તેનો ઉપયોગ તે કરે તે સામે પણ કોઇ વાંધો નહિ ઉઠાવે. જેટલો બચાવનો હક્ક કોઈ એક બાનગી નાગરિકને છે તેટલો જ બચાવનો હક્ક કોઇ એક પોલીસને હોવો જ જોઇએ એ પણ આપણે કબુલ કરીએ. પણ જ્યારે કોઇ એક ટોળાને વિખેરવા માટે અથવા તો જાન માલની હાનિ કરતું અટકાવવા માટે સશસ્ત્ર પોલીસનું દળ ઉપસ્થિત થાય છે ત્યારે ટોળાની ગમે તેટલી કનડગત હોય તો પણ ઉપરી અધિકારીના હુકમ સિવાય એ દળમાંનો કોઇ પણ પોલીસ પોતાના બચાવના બહાના નીચે ગોળીબાર કરી ન જ શકે એવી આપણી લગભગ સર્વસ્વીકૃત માન્યતા છે. અને આવા સંયોગમાં બચાવના બહાના નીચે પોલીસ દળ લોકોના ટોળા ઉપર બંદુક ચલાવી શકે એમ સ્વીકારવામાં આવે તો પોલીસ દળમાંથી બે ત્રણ પોલીસને નાના સરખા બે ચાર પથ્થર વાગ્યા એટલું નિમિત્ત પણ ટોળા ઉપર ગોળી ચલાવવા માટે કદિ વ્યાજબી લેખાશે અને આમ બને તો આખરે ગોળીબાર કરવાની સત્તા નિરંકુશ બની જશે અને એમ થતાં કદિ કદિ ભારે અનર્થો થઇ બેસશે.

આઠમી તારીખનો ગોળીબાર શ્રી મોરારજીભાઇ જે રીતે વર્ણવે છે તે ઉપરથી બે મુદ્દા ફલિત થાય છે :—(૧) એ ગોળીબાર ત્યાં હાજર રહેલ ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ અથવા તો ડીસ્ટ્રીકટ સુપ્રીટેન્ડન્ટ ઓફ પોલીસના હુકમથી કરવામાં આવ્યો નહોતો. (૨) એ ગોળીબાર કરતી વખતે સામે ઉભેલાં ટોળાને કોઇ પણ પ્રકારની ચેતવણી આપવામાં આવી નહોતી. આ બે હકીકત સામાન્ય દૃષ્ટિએ ગોળીબારને ગેરવ્યાજબી ઠરાવવા માટે પૂરતી છે એમ હું ધારું છું. એ વખતે વિદ્યાર્થીઓ તરફથી જે પથ્થરબાજી ચાલતી હોવાનું કહેવામાં આવે છે તે, મોરારજીભાઇના વર્ણનમાં જણાવવામાં આવે છે તેટલી, ગંભીર હતી કે કેમ તે વિષે મતભેદ પ્રવર્તે છે. પણ આપણે તે પૂરતી ગંભીર હતી એમ સ્વીકારીએ તો પણ ઉપરના બે મુદ્દા તો ઉભા જ રહે છે.

આ તો એક ટોળા ઉપર કરવામાં આવેલા ગોળીબારની આપણે ચર્ચા કરી. પછીના દિવસો દરમિયાન કરફ્યુ ભંગના નિમિત્તે કરવામાં આવેલા કેટલાએક ગોળીબારો કે જેના પરિણામે એક યા બીજી એકલ દોકલ વ્યક્તિઓનાં છુટાં છવાયાં મરણો થયાં હતાં તેની પણ એવી વિગતો મળે છે કે જે કોઇને પણ વિચાર કરતો કરી મૂકે, અને પોલીસને મળેલી સત્તાનો આવા કેટલાએક કીસ્સાઓમાં ખરેખર અતિરેક થયો છે એવી છાપ કોઈના પણ મન ઉપર ઉઠ્યા વિના ન રહે. આ કીસ્સાઓ મારી દૃષ્ટિએ પૂરા પ્રમાણભૂત હોવા છતાં અહિં એટલા માટે હું રજુ કરતો નથી કે આખરે મને મળેલી વિગતો એકપક્ષી કહેવાય. પોલીસ પક્ષે પણ કોઈ એવા વિશિષ્ટ સંયોગો હોવા સંભવ છે કે જેનો મને વિગતો પૂરી પાડનારને પૂરો ખ્યાલ ન હોય. આમ છતાં પણ એ કીસ્સાઓ ઉપરથી એટલું તો જરૂર લાગે છે કે ઉન્મત્ત લોકોના ટોળાને દબાવવા માટે તેમ જ વ્યક્તિગત કરફ્યુભંગ અટકાવવા માટે પોલીસે કેવા પગલાં ભરવા જોઇએ—જેથી ઇજા અથવા તો પ્રાણહાનિ ઓછી થાય અને ધાર્યો અર્થ સરે—આ વિષે પોલીસની પાસે સ્પષ્ટ દર્શન નથી અને તેથી પોલીસના હાથમાં પરિસ્થિતિનો દોર આવતાં ઘણી વખત તેઓ બેફામ રીતે વર્તે છે. આનું પરિણામ ઘણી વખત નિર્દોષ વ્યક્તિઓની બીનજરૂરી જાનહાનિમાં આવે છે અને તેથી લોકોનો ઉશ્કેરાટ વધતો જાય છે અને વધારે ને વધારે હિંસક પ્રવૃત્તિઓ તરફ લોકો ઘસડાયે જાય છે. લોકો પાસે પણ આ વિષે સ્પષ્ટ દર્શન નથી અને તેથી અમુક સંયોગોમાં ખરેખર અનિવાર્ય બનતા ગોળીબારને પણ લોકો પોલીસના એટલે કે રાજ્યસત્તાના જુલમ તરીકે લેખે છે અને પરિણામે રાજ્યસત્તા પ્રત્યેની વફાદારીનાં મૂળ એકાએક હલી ઉઠે છે.

તંગ પરિસ્થિતિમાં ગોળીબાર એ એક એવો સહજસુલભ ઉપાય છે કે જેની આગળ બીજી દૃષ્ટિ નથી તેવા સત્તાધીશ અથવા તો તે વખતે જેના હાથમાં સત્તાનો દોર સોંપવામાં આવ્યો હોય તેવો ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ કે પોલીસ ઉપરીનું ધ્યાન તંગ પરિસ્થિતિને કાબુમાં લાવવા માટે બીજા સૌમ્ય ઉપાયો અજમાવવાને બદલે એકદમ ગોળીબાર કરવા તરફ દોડે છે. આ સહજ પ્રલોભન અને અવિચારી વૃત્તિમાંથી પણ અનર્થપૂર્ણ અને બીન જરૂરી ગોળીબારો જન્મ પામે છે.

ગોળીબાર કરવા માટે અનિવાર્ય પરિસ્થિતિની જરૂર કલ્પના થઈ શકે છે, એમ છતાં પણ દંડશક્તિના ઉપયોગના પરિણામે એક પણ માનવીનું મૃત્યુ થાય એ બાબત સહૃદય સત્તાધીશ માટે રોજબરોજની એક સામાન્ય ઘટના બની ન જ શકે. ભાવનગરમાં કેટલાંએક વર્ષો પહેલાં સ્વ. ધેલાભાઇ મુનસીફ (મુંબઇના જાણીતા સર્જન ડો. મુનસીફના પિતા) નામના એક રાજ્યાધિકારી હતા. પ્રમાણીકતા અને ન્યાયપ્રિયતામાં તેમની જોડનો માણસ મળવો મુશ્કેલ. એટલા જ તેઓ સહૃદય હતા. તેઓ ભાવનગરની હાઇકોર્ટના ઉચ્ચતમ અધિકારી હતા. એટલે તેમની પાસે ખુનીઓને ફાંસીનો હુકમ ફરમાવવાના પ્રસંગો પણ અવારનવાર આવતા. આમ જ્યારે પણ તેમના નસીબે આવું કઠોર કાર્ય કરવાનું આવતું ત્યારે, તેઓ જે કલમથી ચુકાદો લખતા તે કલમની ટાંક ભાંગી નાંખતા અને તે આખો દિવસ તેઓ ઉપવાસ કરતા. ગોળીબારનો હુકમ આપતી વખતે કે તે પ્રકારની છુટ આપતી વખતે જે કોઈ વ્યકિત સત્તાસ્થાન ઉપર હોય તેના હૃદયમાં આ વ્યથા અને વેદના હોવી જોઇએ. આમ ગોળીબાર કરાવવાની પોતાને ફરજ પડે છે એ પરિસ્થિતિને તેણે પોતાનું એક મોટું કમનસીબ લેખવું જોઇએ. આવી કરૂણા અને વ્યથાપૂર્વક, પોતે અમુક જવાબદારી ઉપર બેઠેલ છે ત્યાં અન્ય બીજો કોઈ ઉપાય નથી એમ સમજીને—અસહાયતા અનુભવીને, તે જો દંડશક્તિનો પૂરા વિવેકપૂર્વક ઉપયોગ કરશે તો તેનો લોકો કદિ પણ વિરોધ નહિ કરે અને વિરોધ કરશે તો પણ તેમની સાન જલ્દિથી ઠેકાણે આવશે. આજે જ્યારે અવારનવાર ગોળીબારની ઘટનાઓ દેશમાં એક યા બીજા સ્થળે બનતી સાંભળીએ છીએ ત્યારે મન ઉકળી ઉઠે છે અને અંદરથી પ્રશ્ન થાય છે કે રાજ્યની દંડશક્તિનો આજે અમર્યાદ ઉપયોગ તો નથી થઈ રહ્યો ને?

આજની પરિસ્થિતિમાં જ્યારે જ્યારે ગોળીબાર થાય છે ત્યારે ત્યારે લોકો પોકાર કરી ઉઠે છે કે કશી પણ ચેતવણી આપ્યા સિવાય ગોળીબાર કરવામાં આવે છે, અથવા તો લોકોના ટોળાને દબાવવા યા ટાળવા માટે કુનેહથી કામ લેવાને બદલે એકાએક ગોળીબારનો જ આશ્રમ લેવામાં આવે છે અને નિર્દોષ માણસોની હત્યા થાય છે. આ પોકાર પાછળ લોકલાગણી સારા પ્રમાણમાં કામ કરી રહી હોય છે એ સ્વીકારીએ તો પણ એ પોકાર પાછળ ઘણીવાર કાંઇક સત્ય પણ રહેલું હોય છે એ બાબતની સત્તાધીશોએ ઉપેક્ષા કરવી ઘટતી નથી.

હવે પછી ગોળીબાર સંબંધમાં સરકારે લોકોને આટલી સ્પષ્ટ બાંહેધરી આપવાની જરૂર છે કે :—

(૧) ગોળીબાર કરવાની સ્થિતિએ પહોંચવા પહેલાં શકય હશે ત્યાં સુધી લોકોના ટોળાને વિખેરવા માટે સમજાવટ, લાઠીચાર્જ, અશ્રુવાયુ, અને શકય હોય ત્યાં બંબાની સુંઢદ્વારા પાણીનો મારો—આવાં સાધનો કે જેથી લોકોના ધસારાને અટકાવી શકાય પણ કોઈની પ્રાણહાનિ ન થાય એવાં સાધનોનો પૂરો ઉપયોગ કરવામાં આવશે.

(૨) ગોળીબાર કરતાં પહેલાં લોકોને પૂરી જાણ થાય એ પ્રકારની સમયસરની ચેતવણી આપવામાં આવશે.

(૩) પ્રત્યેક ગોળીબારના વ્યાજબી ગેરવ્યાજબીપણા વિષે લોકોને પ્રતીતિ પડે એવી તપાસ સરકાર તરફથી હાથ ધરવામાં

આવશે અને જ્યારે જ્યારે સત્તાનિયુક્ત અધિકારીની કે પોલીસની કસુર થયેલી માલુમ પડશે ત્યારે ત્યારે તેની સામે સરકાર તરફથી જરૂરી પગલાં ભરવામાં આવશે.

છેવટે રાજ્યસત્તા આખરે તેનામાં રહેલી દંડશક્તિ ઉપર જ નિર્ભર છે એ તથ્ય આપણે તેના પૂર્ણ સ્વરૂપમાં સ્વીકારીએ તો પણ આપણામાંથી જે કોઈ સત્તાસ્થાન ઉપર હોય અને ભવિષ્યમાં જે કોઈ સત્તાસ્થાન ઉપર આવે તે દરેક અને ખાસ કરીને કોંગ્રેસી આગેવાનો ૧૯૪૭ ની સાલમાં ગાંધીજી બીહારમાં ફરતા હતા તે દરમિયાન તેમણે ઉચ્ચારેલી પૈગંબરવાણી પોતાના દિલમાં કોતરી રાખે. તેમના શબ્દો નીચે મુજબ હતા :–

"આપણી રાજસત્તા બ્રિટીશોની માફક બંદુકને જોરે ટકી નહ શકે. અનેક ત્યાગ અને તપવડે કોંગ્રેસે પ્રજાનો વિશ્વાસ સંપાદન કર્યો છે, પણ જો આજની ઘડિએ કોંગ્રેસવાળાઓ પ્રજાને દગો દેશે તો, અને સેવા કરવાને બદલે માલિક બની જશે તથા ધણીપણું આદરશે તો, હું કદાચ જીવું કે ન જીવું પણ, આટલાં વર્ષોના અનુભવના આધારે આ આગાહી કરવાની હિમ્મત કરું છું કે દેશમાં બળવો ફાટશે, ધોળી ટોપીવાળાને પ્રજા વીણી વીણીને મારશે અને કોઈ ત્રીજી સત્તા તેનો લાભ લેશે."

ગાંધીજીના આ શબ્દો દિલમાં કોરી રાખનાર સત્તાધીશના હાથે દંડશક્તિનો કદિ પણ દુરૂપયોગ નહિ થાય. **પરમાનંદ**

મુંબઈ જૈન યુવક સંઘ આયોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘદ્વારા આયોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળાનો કાર્યક્રમ થોડાક ફેરફાર સાથે પ્રારંભથી અન્ત સુધી સફળતાપૂર્વક પાર પડયો હતો. કાર્યક્રમમાં ચાલુ માસની સાતમી તારીખના રોજ શ્રી મોરારજી દેસાઇના બદલે શ્રી રતિલાલ દીપચંદ દેસાઇએ 'સમાજનો વિકાસ અને વિનાશ' એ વિષય ઉપર વ્યાખ્યાન આપ્યું હતું અને નવમી તારીખના રોજ શ્રી કેદારનાથજીનું વ્યાખ્યાન તેમની નાદુરસ્ત તબિયતના કારણે રદ કરવું પડયું હતું અને તેમના સ્થાને શ્રી મોરારજી દેસાઇએ 'કલ્યાણરાજ્યનો આદર્શ અને તેની મર્યાદા' એ વિષય ઉપર વ્યાખ્યાન આપ્યું. બીજી તથા છઠ્ઠી તારીખે શ્રી નવનીતલાલ પરીખ કૈલાસ તથા ગંગોત્રીનાં રંગીન ચિત્રપટો દેખાડવાના હતા, પણ બ્રેવાટૂસ્કી લોજમાં ચિત્રપટો દેખાડવા માટે જરૂરી એવી કાળા પડદાની વ્યવસ્થા થઈ ન શકી અને તેથી તે કાર્યક્રમ રદ કરવો પડયો હતો. બાકીનો બધો કાર્યક્રમ સાંગોપાંગ જળવાઈ રહ્યો હતો અને સમયસર નિયત વ્યાખ્યાતાઓએ ઉપસ્થિત થઇને નિયત વિષયો ઉપર પોતપોતાનાં વ્યાખ્યાનો આપીને આખા કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

પંડિત સુખલાલજીએ અમદાવાદથી આવી નવ દિવસ સુધી મુંબઈમાં રોકાઇને આ વખતની વ્યાખ્યાનમાળાના પ્રમુખસ્થાનને શોભાવ્યું હતું. આ ઉપરાંત અધ્યાપક સુરેશ હ. જોષી વડોદરાથી, અપ્પાસાહેબ પટવર્ધન ગોપુરી (રત્નાગિરિ) થી, શ્રી જુગતરામ દવે વેડછીથી, અધ્યાપક દલસુખભાઈ માલવણિયા કાશીથી, શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ અમદાવાદથી, અને શ્રી શંકરરાવ દેવ પૂનાથી વ્યાખ્યાન આપવા માટે પધાર્યા હતા. શ્રી નારાયણ દેસાઈ મુંબઈ આસપાસ ભૂદાન અંગે પદયાત્રા કરતા હતા. તેઓ પણ નવમી તારીખે સભાસ્થાન ઉપર વખતસર આવી પહોંચ્યા હતા. શ્રી ચીમનલાલ નગીનદાસ વિદ્યાવિહારમાં સંગીત–શીક્ષક તરીકે કામ કરતા શ્રી ભાઇલાલભાઇને અમદાવાદથી ખાસ નિમંત્રવામાં આવ્યા હતા અને તેમણે છેલ્લા બે દિવસ સુન્દર ભજનો સંભળાવીને સભાજનોના મનનું ખૂબ રંજન કર્યું હતું. એવી જ રીતે શ્રી પિનાકીન શાહે પહેલા દિવસે બે વ્યાખ્યાનો પૂરાં થયાં બાદ ભજનો સભળાવીને સૌને આનંદ આપ્યો હતો. બહેન કિશોરી પરીખે સુન્દર ભજનો વડે છેલ્લા દિવસની વિશિષ્ટ સભાનો મંગળ પ્રારંભ કર્યો હતો.

અન્ય વ્યાખ્યાતાઓમાં સ્વામી અખંડાનંદ આમ તો હરદ્વાર–ઋષિકેશ બાજુએ રહે છે, પણ આ વર્ષે તેમનું ચાતુર્માસ મુંબઇમાં હોઇને તેમની પવિત્ર વાણીનો આ વ્યાખ્યાનમાળાને લાભ મળ્યો હતો. અન્ય વ્યાખ્યાતાઓ શ્રી મોરારજી દેસાઈ, શ્રી શાન્તિલાલ શાહ, શ્રી ઇન્દુમતી ચીમનલાલ, શ્રી ઉષા મહેતા, શ્રી હીરાબહેન પાઠક, ડૉ. રમણલાલ પટેલ, શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ, શ્રી વૈકુંઠલાલ લલ્લુભાઈ મહેતા, તથા અધ્યાપક નલીન ભટ્ટ સ્થાનિક હતા. આ વખતની વ્યાખ્યાનમાળા વૈવિધ્યની દૃષ્ટિએ ખૂબ આકર્ષક બની હતી. એમાં પણ છેલ્લા દિવસની સભા જેમાં શ્રી નારાયણ દેસાઇ અને શ્રી મોરારજી દેસાઇએ મહત્ત્વપૂર્ણ વ્યાખ્યાનો આપ્યા હતાં તે તો સૌથી વધારે ચિત્તાકર્ષક નીવડી હતી. એ તથા આગળના દિવસની સભા રોકસી થીએટરમાં ભરવામાં આવી હતી અને રોકસી થીએટર શ્રોતાઓથી ચોતરફ ચીકાર ભરાઈ ગયું હતું, અને ખુરશી ન મળી તેઓ નીચે સંકડાઈને બેસી ગયા હતા અથવા તો પ્રવેશદ્વારો આગળ ભીડ કરીને ઉભા હતા. આ સભાઓ ભરવા માટે રોકસી થીએટરનો અમને વિના મૂલ્ય ઉપયોગ કરવા દીધો તે માટે એ થીએટરના માલીક મેસર્સ કપુરચંદ એન્ડ બ્રધર્સનો અમે જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે.

આ વ્યાખ્યાનમાળાને સફળ બનાવવામાં અનેક વ્યકિતઓએ ફાળો આપ્યો છે. વ્યવસ્થા જાળવવામાં શ્રી. ઝાલાવાડ સ્થાનકવાસી જૈન સ્વયંસેવક મંડળ તથા શ્રી. સ્થાનકવાસી જૈન યુવક મંડળે અમને ખૂબ મદદ કરી છે. વ્યાખ્યાતાઓએ પૂરી તૈયારી પૂર્વક પોતાનાં વ્યાખ્યાનો રજુ કર્યાં હતાં અને શ્રોતાઓને પોતપોતાના વિષય પૂરતું સુન્દર માર્ગદર્શન કરાવ્યું હતું. પ્રારંભથી તે અન્ત સુધી સભાસ્થાન ભાઇઓ અને બહેનોની પૂરી હાજરીથી ભરચક રહ્યું હતું. કોઇ વ્યાખ્યાનમા કોઇને રસ પડે ન પડે, એમ છતાં દરેક સભામાં શિસ્ત, શાન્તિ અને વ્યવસ્થા પૂરેપૂરાં જળવાઈ રહ્યાં હતાં. છેલ્લા દિવસની રોકસી થીએટરની બે સભાઓમાં બહેળી સંખ્યામાં ઉપસ્થિત થયેલાં ભાઈ બહેનોનો પૂરો સહકાર ન હોત તો શાન્તિ અને વ્યવસ્થા જાળવવાનું કામ અશકય જ હતું. આવા સુન્દર સહકાર માટે અમે વ્યાખ્યાતાઓનો, સંગીતકારોનો, શ્રોતાઓનો અને ઉપયોગી બનેલાં સ્વયંસેવક મંડળોનો અન્તઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.

અમે એટલા જ ઋણી છીએ અમારા નાના મોટા દાતાઓના કે જેમણે અમારી માંગણી જેટલું તો નહિ, એમ છતાં પણ આગળનાં વર્ષોની અપેક્ષાએ ઠીક પ્રમાણમાં દ્રવ્ય આપીને અમારી સંસ્થાને–તે મારફત ચાલતી ભિન્ન ભિન્ન પ્રવૃત્તિઓને–ટકાવી રાખવામાં અમૂલ્ય મદદ કરી છે. આ વર્ષે રૂ. ૪૦૦૦ લગભગનું ભંડોળ એકઠું થયું છે, જ્યારે પર્યુષણ વ્યાખ્યાનમાળા નિમિત્તે રૂ. ૮૦૦ લગભગનું ખર્ચ થયું છે.

આમ દર વર્ષે મુંબઈ જૈન યુવક સંઘ મારફત યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળાએ એક અસામાન્ય જ્ઞાનપર્વનું રૂપ ધારણ કર્યું છે. તેનો લાભ જૈન તેમ જ જૈનેતર ભાઈબહેનો ઉત્તરોત્તર વધતા જતા પ્રમાણમાં લઇ રહ્યા છે. આ વખતે વ્યાખ્યાનમાળામાં કોણ કોણ વકતાઓ આવવાના છે તેની મહીના દિવસ પહેલાંથી પુછાવટ શરૂ થાય છે. સર્વધર્મસમન્વયની, સર્વવિચારસમન્વયની ભાવનાને આ પ્રવૃત્તિ એક પ્રકારનું નક્કર રૂપ આપી રહી છે. સંપ્રદાયવાદના પાંજરામાંથી મુકત કરીને વિશાળ ચિન્તનના પ્રદેશમાં શ્રોતાઓને વિહરતા કરવા એ આ વ્યાખ્યાનમાળાનો પ્રમુખ ઉદ્દેશ છે. અનેક ચિન્તકો, વિચારકો, સમાજસેવકો અને સાધુસન્તોનું આ પર્યુષણ વ્યાખ્યાનમાળા મીલનસ્થાન બની રહેલ છે. આ શુભ ઉદ્દેશ અને ઉદાત્ત આશયથી પ્રેરાયલી પર્યુષણ વ્યાખ્યાનમાળાને અમે ઉત્તરોત્તર વધારે ને વધારે સમૃધ્ધ કરી શકીએ એવું બળ, સન્મતિ અને સમાજનો સાથ અમને અને અમારા સંઘને મળતો રહે એવી અમારી પ્રાર્થના છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

ફેલાતી જતી પર્યુષણ વ્યાખ્યાનમાળાની પ્રવૃત્તિ

પર્યુષણ વ્યાખ્યાનમાળાઓ યોજવાની શરૂઆત આજથી લગભગ ૨૫ વર્ષ પહેલાં અમદાવાદમાં કરવામાં આવી અને ત્યાર બાદ એક બે વર્ષ પછી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી મુંબઇ ખાતે આ પ્રવૃત્તિ શરૂ કરવામાં આવી. ત્યાર બાદ કલકત્તામાં પણ આ પ્રવૃત્તિ શરૂ કરવામાં આવેલી, પણ સાત આઠ વર્ષ બાદ મુખ્ય કાર્યકરોના સ્થળાન્તર યા સ્થાનાન્તરના કારણે તે પ્રવૃત્તિ ત્યાં બંધ થઇ ગઇ. અમદાવાદ અને મુંબઇના જૈન યુવક સંઘે આ પરંપરાને આજ સુધી અતૂટ ચાલુ રાખી છે.

અમદાવાદમાં આ વર્ષે યોજાયેલી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં શ્વે. મૂ. સંપ્રદાયના મુનિશ્રી પુણ્યવિજયજી અને શ્વે. સ્થા. સંપ્રદાયના મુનિશ્રી નાનચંદ્રજી પહેલી જ વાર પધાર્યા હતા. મુનિ નાનચંદ્રજી આવાં સંમેલનોમાં ચાલુ જાય છે અને વ્યાખ્યાનો આપે છે. મુનિશ્રી પુણ્યવિજયજી શ્વે. મૂ. સંપ્રદાયના એક વિદ્વાન અને સુપ્રતિષ્ઠિત મુનિવર છે. તેમણે આ પ્રકારની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં પહેલી જ વાર ભાગ લીધો હતો. આ માટે તેમને ધન્યવાદ ઘટે છે અને ભવિષ્યમાં અન્ય મુનિવરો તેમને અનુસરશે એવી આશા રાખવામાં આવે છે.

પૂનામાં યોજાયેલી વ્યાખ્યાનમાળામાં આ વખતે ઘણા ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો. માટુંગા-શીવ ખાતે કેટલાએક મિત્રો મુંબઈ જૈન યુવક સંઘના અનુસંધાનમાં અને એ જ ધોરણ ઉપર છેલ્લાં ચારેક વર્ષથી વ્યાખ્યાનમાળા ચલાવે છે અને તેનો પણ આસ-પાસ વસતી જનતા બહોળી સંખ્યામાં લાભ લે છે. આ વખતે એમાંના કેટલાએક તથા અન્ય મિત્રોએ પ્રીન્સેસ સ્ટ્રીટમાં આવેલ કેશવ બાગમાં પહેલીવાર એક વ્યાખ્યાનમાળા યોજી હતી. બીજી વ્યાખ્યાન સભાઓ જ્યારે સવારના ભાગમાં યોજાય છે ત્યારે આ વ્યાખ્યાયમાળાની સભાઓ પર્યુષણના દિવસો દરમિયાન ૮-૪૫ થી ૧૦ સુધી રાત્રીના યોજવામાં આવી હતી. આમાં પણ રસ લેનાર ભાઇબહેનોની સંખ્યા નાની નહોતી. પણ જ્યાં અનેક કુટુંબો વસતા હોય એવા ઘીચ વસ્તીવાળા મકાનમાં યોજાતી સભામાં શાન્તિ તેમજ વ્યવસ્થા જાળવવામાં ઘણી મુશ્કેલી પડે છે. આવી સભાઓ માટે જ્યાં વાહન વ્યવહારનો અવરજવર અને અવાજ ઓછો હોય એવા કોઈ જાહેર સ્થળને પસંદ કરવું જોઇએ.

આ ઉપરાંત માટુંગા અને ઘાટકોપરમાં સ્થાનકવાસી સંઘના ઉપાશ્રયમાં પણ સાધુ-ધર્મ અંગીકાર કર્યો ન હોય એવી વિશિષ્ટ વ્યક્તિઓનાં વ્યાખ્યાનો આ વખતે યોજવામાં આવ્યાં હતાં. એક સ્થળે તો સંપ્રદાયના સાધુની હાજરીમાં આવાં વ્યાખ્યાનો અપાયાં હતાં. આમ પર્યુષણ વ્યાખ્યાનમાળાની પ્રવૃત્તિ વ્યાપક સ્વરૂપે ફેલાતી ચાલી છે એ જોઇને આનંદ થાય છે; આમ છતાં પણ આ સંબંધમાં એક બે ચેતવણીઓ આપવી જરૂરી લાગે છે. એક તો આવી વ્યાખ્યાનમાળા જ્યાં ત્યાં અને જેમ તેમ યોજવી ન જોઇએ. તેની પાછળ પાકી પૂર્વ-તૈયારી જોઇએ અને વ્યાખ્યાતાઓની પસંદગીનું ધોરણ ઘણું ઉંચું રખાવું જોઇએ. આઠ દિવસ માટે આઠ સારા વ્યાખ્યાતાઓ ન મળે તો જેટલા મળે તેટલાથી સંતોષ માનવો જોઇએ, પણ જેને બોલા-વવામાં આવે તે વ્યક્તિ ઉચ્ચ કોટિની હોય એ બાબતની ખૂબ કાળજી રાખવી ઘટે છે. એમ નહિ બને તો આખરે આવી વ્યાખ્યાનમાળાઓ ઉદ્બોધક અને નવું જીવનદર્શન આપવાને બદલે કેવળ લોકરંજની તમાસાઓ બની જશે. પર્યુષણ વ્યાખ્યાનમાળાના સર્વ યોજકો આટલી બાબત પૂરેપૂરી ધ્યાનમાં રાખે એટલી તેમને પ્રાર્થના છે. **પરમાનંદ**

વિષય સૂચિ

		પૃષ્ઠ
શ્રી મોરારજીભાઇનું ઉદ્બોધક પ્રવચન.	મોરારજી દેસાઈ	૯૫
પ્રકીર્ણ નોંધ:-ફુલ ચડાવ્યાં દ્વિભાષી મુંબઇને અને ધ્યાન ધર્યું મહાગુરાતનું, અમદાવાદમાં બનેલી ઘટનાઓએ આ સ્વરૂપ ધારણ કર્યું ન હોત જો,- અમદાવાદના ગોળીબાર.	પરમાનંદ	૯૭
પર્યુષણ વ્યાખ્યાનમાળા વિષે બે નોંધ અને વ્યાખ્યાનમાળાની યાદીઓ.		૧૦૧
રાષ્ટ્રીયતાનું ભયસ્થાન.		૧૦૩
વિકૃત રજુઆતનો અજોડ નમુનો	સ્વામી સત્યભક્ત	૧૦૪
'ગાંધી દંગાબાજ'?	પરમાનંદ	૧૦૫
દુનિયામાં વધતી જતી જનસંખ્યા		૧૦૬

અમદાવાદ પર્યુષણ વ્યાખ્યાનમાળા

શ્રી અમદાવાદ જૈન યુવક સંઘના ઉપક્રમે યોજાયેલી પર્યુષણ વ્યાખ્યાનમાળાનો કાર્યક્રમ નીચે મુજબ હતો:—

તારીખ	વ્યાખ્યાતા	વ્યાખ્યાન વિષય
૧	શ્રી સોમચંદ અમથાલાલ શાહ	સુખ અને વિચાર
,,	શ્રી ઉમાશંકર જોશી	વિચારશૂન્યતા
૨	આચાર્યશ્રી એસ. વી. દેસાઈ	વિવેક અને સાધના
,,	શ્રી સુમંતરાય સી. ભટ્ટ	નીતિ અને ન્યાય
૩	શ્રી કાંતિલાલ લાલભાઈ ઠક્કર	રામાયણના બે પ્રસંગો
,,	મુનિશ્રી પુણ્યવિજયજી	પર્યુષણ
૪	શ્રી કેશવરામ કા. શાસ્ત્રી	ભક્તિ
,,	આચાર્યશ્રી એસ. આર. ભટ્ટ	સહિષ્ણુતા
૫	શ્રી ઋષભદાસજી રાંકા	સંપ્રદાયવાદની નિઃસારિતા
,,	કવિવર્ય મહારાજશ્રી નાનચંદ્રજી	જીવનનું રહસ્ય
૬	પ્રધ્યાપક ફ્રિરોજ કાવસજી દાવર	સ્યાદ્વાદ
,,	શ્રી ઋષભદાસજી રાંકા	સત્ય ઔર અનેકાન્ત
૭	શ્રી સુરજચંદ્રજી ડાંગી	જૈન દર્શનની વિશિષ્ટતા
,,	ખાનસાહેબ દોસ્તમહમદ	ભજનો
૮	શ્રી સુરજચંદ્રજી ડાંગી	શાસ્ત્ર ઔર શસ્ત્ર
,,	શ્રી ધૂમકેતુ	ક્ષમાપના

પૂના પર્યુષણ વ્યાખ્યાનમાળા

શ્રી જૈન મિત્ર મંડળ (પૂના શહેર) ના ઉપક્રમે યોજાયેલી પર્યુષણ વ્યાખ્યાનમાળાનો કાર્યક્રમ નીચે મુજબ હતો :—

તારીખ	વ્યાખ્યાતા	વ્યાખ્યાન વિષય
૨	શ્રી યશોભદ્રવિજયજી મહારાજ	પર્યુષણ સંદેશ
૩	શ્રી સુરજચંદ્રજી ડાંગી	વીતરાગદર્શન
૪	સૌ. પારસરાણી મહેતા	વિચારદર્શન
૫	શ્રી દલસુખ માલવણિયા	જૈન ધર્મ
૬	ડૉ. વિનોદ	જૈન તત્ત્વજ્ઞાન અને વિશ્વશાંતિ
૭	પ્રાધ્યાપક શ્રી ભોપટકર	અનેકાન્ત.

મુંબઈ "સી વોર્ડ" પર્યુષણ વ્યાખ્યાનમાળા

મુંબઇના સી વોર્ડના કેટલાએક ઉત્સાહી કાર્યકરો તરફથી આ વખતે પહેલી જ વાર યોજાયલી વ્યાખ્યાનમાળા (સ્થળ: પ્રીન્સેસ સ્ટ્રીટમાં આવેલ કેશવબાગ) નો કાર્યક્રમ નીચે મુજબ હતો :—

તારીખ	વ્યાખ્યાતા	વ્યાખ્યાન વિષય
૧	શ્રી કરસનદાસ માણેક	માનવ્યની સાધના
૨	શ્રી ઉષાબહેન મહેતા	ગાંધીજી અને અહિંસા
૩	શ્રી સુરેશ હ. જોશી	ધર્મ અને અર્વાચીન મૂલ્યો
૪	શ્રી નલીન ભટ્ટ	ગીતાનો સંદેશ
૫	શ્રી પુરૂષોતમ કાનજી (કાકુભાઇ)	પ્રભુશરની શરણાગતિ
૬	શ્રી દલસુખ માલવણિયા	જૈન ધર્મ
૭	શ્રી અપ્પાસાહેબ પટવર્ધન	વર્ગનિરાકરણ
૮	શ્રી સુશીલાબહેન કુસુમગર	જૈન ધર્મની દૃષ્ટિએ માનવધર્મ

માટુંગા-શીવ પર્યુષણ વ્યાખ્યાનમાળા

માટુંગા-શીવ ખાતે યોજાયલી પર્યુષણ વ્યાખ્યાનમાળાનો કાર્યક્રમ નીચે પ્રમાણે હતો.

તારીખ	વ્યાખ્યાતા	વ્યાખ્યાન વિષય
૧	શ્રી રામભાઈ બક્ષી	વિકાસશીલ આત્મભાવના
૨	,, નલીન ભટ્ટ	આજનો ધર્મ
૩	,, કરસનદાસ માણેક	માનવ્યની સાધના
૪	,, સુરેશ હ. જોશી	જીવનનો આનંદ
૫	,, અપ્પાસાહેબ પટવર્ધન	વર્ગ-નિરાકરણ
૬	સ્વામી સંબુધ્ધાનંદજી	દૈનિક જીવનમાં ધર્મનું સ્થાન
૭	,, દલસુખ માલવણિયા	જૈન ધર્મ
૮	,, ઉષાબહેન મહેતા	યશોધરા

રાષ્ટ્રીયતાનું ભયસ્થાન

ભારતીય વિદ્યાભવનનાં વિદ્યાલયે પ્રગટ કરેલા, અને વિરોધની ગંધ માત્ર આવતાં સ્વેચ્છાએ તરત જ વેચાણમાંથી ખેંચી લીધેલા એક પુસ્તક સામે ભારતના કેટલાક મુસ્લિમોનો ઉગ્ર રોષ અને વિરોધ ઉછળી પડયો છે. આ પુસ્તક અમે જોયું છે; અને તેના પરિણામે આ વિરોધ અમને જેટલો આશ્ચર્યજનક તેટલો જ દુઃખદ માલુમ પડયો છે.

"રીલીજીઅસ લીડર્સ"—'ધાર્મિક નેતાઓ'—નામનું આ પુસ્તક મૂળ એક યુરોપીઅન દંપતીએ લખેલું છે. તેમાં મોઝીઝથી માંડીને મહાત્મા ગાંધી સુધીના વીશ ઐતિહાસિક ધર્મપ્રવર્તકોનાં ચરિત્ર અને ઉપદેશોનો ઉડતો પરિચય આપી એવો સાર તારવવામાં આવ્યો છે કે જગતના બધા જ ધર્મો ભલે જુદી જુદી રીતે અને જુદી જુદી પરીસ્થિતિમાં ઉદ્‌ભવ્યા હોય, પણ તે બધાનો આખરી ઉપદેશ તો એક સરખો જ છે:—આ જગત પર કોઇ એક કલ્યાણમયી પરમ સત્તાનું આધિપત્ય છે અને માનવે પ્રાણી માત્ર પ્રત્યે કરૂણા અને પ્રેમ રાખવાં.

આમ પુસ્તકના મૂળભૂત હેતુ પરત્વે કોઇને મતભેદ હોવાનું કારણ નથી રહેતું. સર્વધર્મસમન્વયની એક દૃષ્ટિ છે. મતભેદ જે વીશેક ધાર્મિક નેતાઓનાં ચરિત્રોનું નિરૂપણ પુસ્તકમાં કરવામાં આવ્યું છે તે વિશે હોઈ શકે. લેખકો પશ્ચિમી છે; એટલે તે તે ધર્મ કે સંપ્રદાયના અનુયાયીઓ પોતાના ધર્મપ્રવર્તક વિશે જે ખ્યાલો કે માન્યતાઓ ધરાવતા હોય તે તે લેખકોની ન હોય. તેમની દૃષ્ટિ જુદી હોય એ સ્વાભાવિક છે. એટલે થોડી પરમતસહિષ્ણુતા હોય તો પુસ્તકમાં ખાસ વાંધો ઉઠાવવા જેવું કોઇને લાગે તેમ નથી.

પરંતુ ઘણાં વર્ષોના અનુભવે આપણે જાણી શકયા છીએ કે મુસ્લિમોની લાગણી તેમની ધાર્મિક બાબતો સંબંધે ઘણી આળી હોય છે. તેમના ધર્મ અને ધાર્મિક મહાપુરૂષોને તેમની નજરે ન જોતાં હોય એવા કોઈ લેખકના લખાણ કે ઉચ્ચારણ તેઓ બરદાસ્ત કરી શકતા નથી, અને ધાર્મિક નેતાઓ અને તેમના ઉપદેશોનાં નિરૂપણ પરત્વે ખુદ મુસ્લિમોના પ્રીરકાઓ વચ્ચે પણ અવારનવાર થતી અથડામણોમાં ભડકી ઉઠે એવા ઉગ્ર મતભેદો પ્રવર્તતા હોય છે.

આ સ્થિતિમાં પુસ્તકના પ્રકાશકોએ પયગમ્બર મહમદને લગતું પ્રકરણ કાઢી નાખીને પુસ્તક પ્રગટ કર્યું હોત તો સારૂં થાત; પરંતુ એ પહેલું બુધ્ધિલક્ષણ ન સુજ્યું તો, પુસ્તકને વેચાણમાંથી પાછું ખેંચી લેવાનાં બીજા બુદ્ધિલક્ષણ અંગે તો તેમણે જરાય પ્રમાદ દાખવ્યો નથી. કોયનાયે હુકમ, દબાણ કે સલાહ—સુચનાની વાટ જોયા વિના તેમણે આ શાણપણનું પગલું લીધું છે.

અને પગલાંની શકય તેટલી જાહેરાત કરવામાં આવી છે, છતાં એકથી વધુ સ્થળોએ આ પુસ્તક સામે આ પુસ્તકના કરતાં અનેકગણો વાંધાભર્યો ગણી શકાય એવો પ્રચાર પુસ્તક સામે અને પુસ્તકના કેવળ માનાર્હ ગણી શકાય એવા સંપાદક—પ્રકાશક શ્રી. મુનશી સામે વહેતો મુકવામાં આવ્યો છે; અને ઉગ્ર પ્રદર્શનો યોજવામાં આવી રહ્યાં છે. ખેદની બીના એ છે કે આ પ્રકાશન સામે કાયદાની કે અન્ય પ્રકારની દાદ માગવાનું કોઇએ મુનાસીબ માન્યું જણાતું નથી. શ્રી. મુનશીને સીધી અપીલ કરીને તેમણે દાદ ન આપી હોત અને પછી આંદોલન જગાવાયું હોત તો જુદી વાત હતી. પરંતુ આ તો તેમણે સ્વેચ્છાએ જ જરૂરી પગલું લીધા છતાં તેમની શુભેચ્છાની કદર કરવાને બદલે તેમને ભાંડવાનો પ્રચાર આરંભી દેવાયો છે. આ વસ્તુ ખુબ જ વાંધાભરી અને સત્તાવાળાઓએ લક્ષમાં લેવા જેવી છે.

પરંતુ ઉપજાવવામાં આવેલાં જનુની આંદોલનોની આથીયે વધુ વાંધાભરી અને ખનરનાક બાજુ તો બીજી જ છે. મુરાદાબાદ, આગ્રા, અલિગઢ, ભોપાલ વગેરે જે જે જગ્યાએ આ આંદોલન જગાવવામાં આવ્યું છે ત્યાં થતાં ભાષણો અને બનેલા બનાવોના અખબારી અહેવાલો પરથી તો એવો જ ખ્યાલ ઉપજી રહે છે કે જાણે કેમ શ્રી. મુનશી અને ભવને આ પુસ્તક તમામ બીનમુસ્લિમોના પ્રતિનિધ અને ભારત સરકારનાય પ્રતિનિધિ તરીકે જ બહાર પાડયું હોય.

મુરાદાબાદની સભામાં રાષ્ટ્રીય ઝંડાનું અપમાન કરવાની દરખાસ્ત થઇ; અને તેનો વિરોધ કરનાર એક યુવાનને મરણતોલ માર પડયો. આગ્રાના સરઘસે ભારતની ધરતી પર 'પાકીસ્તાન ઝીન્દાબાદ' ના નારા લગાવ્યા; અને તેની સામે વાંધો ઉઠાવનાર નિર્વાસિતો પર પત્થરનો મારો ચલાવાયો. પોલીસ સવેળા હાજર ન થઈ હોત તો ગંભીર બખેડો જાગી જાય એવી સ્થિતિ ત્યાં પેદા થઈ હતી. ભોપાલમાં રેલવે સ્ટેશન પર શ્રી. મુનશીને કાળા વાવટા બતાવવામાં આવ્યા; અને જો, તેમને સંપૂર્ણ અધિકાર હતો તેમ ભોપાળમાંનો તેમનો કાર્યક્રમ પાર ઉતારવાનો શ્રી. મુનશી અને તેમના આમંત્રકોએ આગ્રહ રાખ્યો હોત તો શું થાત તે કહી શકાય નહીં.

આ પ્રકારનું સર્વથા અસહિષ્ણુ, ઉદ્દંડ અને રાષ્ટ્રદ્રોહી માનસ આ એક જ નિમિત્તે વ્યકત થયું છે એવું કશું જ નથી. આ પહેલાં પણ રાષ્ટ્રના શુભ અવસરોએ તેમજ ગમે તેવું મામુલી બહાનું મળતાં પાકીસ્તાનના ઝંડા ફરકાવવાના અને પાકીસ્તાન ઝીન્દાબાદના નારા લગાવવાના અનેક પ્રસંગો બન્યા છે. પાકીસ્તાનની સ્થાપનાની જે પૂર્વભૂમિકા હતી તે જોતાં શરૂઆતના થોડા વખત દરમ્યાન આવું માનસ અને એવો વર્તાવ નજરે ચડે એ સમજી શકાય તેમ હતું. પરંતુ આઝાદી પછીના દશ વર્ષે એ જ ભૂમિકા કાયમ રહે એ વસ્તુ ચલાવી ન શકાય તેવી લેખાવી જોઇએ. ભારત સરકારે આ પાકીસ્તાનપરસ્તોને ત્યાં વિદાય થવાની સગવડ કરી આપવી જોઇએ; અને નહિ તો રવાના કરવાની તજવીજ હાથ ધરવી જોઈએ. રાષ્ટ્ર પ્રત્યે બેવફા માનવીઓનું રાષ્ટ્રમાં સ્થાન ન હોઈ શકે. પ્રસંગ પુરતું કાયદા ને વ્યવસ્થાની રાહે કામ લેવાય તે પૂરતું નથી. આણીબાણીને પ્રસંગે ઉપદ્રવનું રૂપ ધારણ કરી બેસે એવા રાષ્ટ્રશરીરના રોગને નિર્મૂળ કરવો જોઇએ. રાષ્ટ્રદ્રોહી માણસો સાથે અસરકારક રીતે કામ લેવાની સત્તા સંસદે સરકારને સુપ્રત કરવી જોઇએ; અને સરકારે તેનો કડક અમલ કરવો જોઇએ.

'જનશકિત'માંથી સાભાર ઉધ્ધૃત.

પં. સુખલાલજી સન્માન નિધિમાં

આપનો ફાળો મોકલી આપો!

પં. સુખલાલજી ઉત્કૃષ્ટ કોટિના વિદ્વાન છે, ભારતીય દર્શનોના એક વિરલ જાણકાર છે, મૌલિક ચિન્તક અને નિડર વિચારક છે. તેમની વિદ્યોપાસનાની કદર કરવાના હેતુથી પં. સુખલાલજી સન્માન સમિતિ તરફથી સન્માન નિધિ એકઠો થઈ રહ્યો છે. આજ સુધીમાં તેમાં રૂ. ૩૫૦૦૦ ઉપરની રકમ એકઠી થઈ છે. આગામી વર્ષના પ્રારંભમાં તેમના માટે મુંબઈ ખાતે એક સન્માન સમારંભ યોજવાનો છે. મુંબઈ પ્રદેશના મુખ્ય સચિવ માનનીય શ્રી મોરારજી દેસાઈ આ અખિલ ભારતીય ધોરણે યોજાયલી પં. સુખલાલજી સન્માન સમિતિના પ્રમુખ છે. મુંબઈમાં સન્માનનિધિ ઉઘરાવવાનું કાર્ય જોસભેર ચાલી રહ્યું છે. પં. સુખલાલજીના મુંબઈ શહેરમાં જૈન તેમજ જૈનેતર અનેક પ્રશંસકો છે. પં. સુખલાલજી પ્રત્યેના આદરના પ્રતીક રૂપે દરેક પ્રશંસકને પોતાથી બને તેટલી રકમ આ નિધિમાં નીચે જણાવેલ સ્થળે મોકલી આપવા પ્રાર્થના છે:—

મુંબઈ જૈન યુવક સંઘ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ-૩.

ચેક મોકલનારને **'Bombay Jain Yuvak Sangh'** એ નામ ઉપર ચેક મોકલવા વિનંતિ છે.

આપના

ચીમનલાલ ચકુભાઈ શાહ
પરમાનંદ કુંવરજી કાપડિયા
મોહનલાલ મહેતા (સોપાન)
મંત્રીઓ, પં. સુખલાલજી સન્માન સમિતિ, મુંબઈ શાખા.

વિકૃત રજુઆતનો અજોડ નમુનો

(તા. ૧૫-૭-૫૬ ના પ્રબુધ્ધ જીવનમાં 'આધુનિક યુગના પૈગંબર' એ મથાળા નીચેની એક નોંધમાં સ્વામી સત્યભક્તજીનો માર્મિક પરિભાષામાં થોડોક પરિચય આપવામાં આવ્યો હતો. તેમને 'પ્રબુધ્ધ જીવન'ના વાંચકો તેમના અસલી સ્વરૂપમાં જરા નિકટ આવીને જાણે એ હેતુથી તેમના તરફથી પ્રગટ થતા માસિક પત્ર 'સંગમ'ના જુલાઈ માસના અંકમાં 'સર્વોદય સંમેલન' એ મથાળા નીચે પ્રગટ થયેલ હિંદી લેખનો અનુવાદ નીચે આપવામાં આવે છે અને તે લેખની આલોચના 'ગાંધીજી દગાબાજ' ? એ મથાળા નીચેના લેખમાં કરવતમાં આવી છે. **તંત્રી**)

આ વર્ષના સર્વોદય સંમેલનમાંથી પાછી ફરેલી બે સંભ્રાન્ત અને વિશ્વસનીય વ્યક્તિઓ મને મળી. એમણે ત્યાંનો રીપોર્ટ નીચેના શબ્દોમાં આપ્યો:-

"(૧) સંમેલનમાં આશરે ચાર હજાર માણસો આવ્યા હતા. પ્રબંધમાં લગભગ પાંચ લાખ રૂપિયા ખર્ચ થયો. આ ઉપરાંત સરકારી ખર્ચ જુદો છે. આવવા જવાવાળાનો રેલ્વે ખર્ચ પણ અલગ ગણવાનો છે. આટલો ખર્ચ થવા છતાં પણ એવો કોઈ ઠરાવ કરવામાં ન આવ્યો કે જેથી સર્વોદય કાર્યક્રમને પ્રગતિ મળે અથવા ગતિરોધ દૂર થાય. ખર્ચની પરવા નહિ કરવા અંગે વિનોબાજીએ એટલું જરૂર કહ્યું કે ગાંધીનિધિનો પૈસો શ્રધ્ધનો પૈસો છે જે જલ્દિ ખલ્લાસ કરવો જોઇએ."

"(૨) સર્વોદયના મૂલપ્રણેતા ગાંધીજી છે. પૈસા પણ તેમના નામના છે, વિનોબાજી તેમના શિષ્ય છે, બાકીના બધા લોકો પણ તેમના પૂજારી છે. એમ છતાં પણ ગાંધીજીના નામને પાછળ રાખવાની કોશિશ કરવામાં આવે છે. સંમેલન-મંડપમાં સૌથી મોટામાં મોટું ચિત્ર વિનોબાજીનું ટાંગવામાં આવ્યું હતું. ગાંધીજીના ચિત્રને ગૌણ સ્થાન આપવામાં આવ્યું હતું. ગાંધી-સાહિત્યને કોઈ પૂછતું નહોતું. વિનોબા સાહિત્ય જ મુખ્યપણે પ્રદર્શિત કરવામાં આવ્યું હતું અને ત્યાં વેચવામાં આવતું હતું. વિનોબાજીએ પોતાના પ્રવચનમાં ત્યાં સુધી કહી નાંખ્યું હતું કે "ગાંધીજીની વાતોનું કોઈ ઠેકાણું નહોતું. તેઓ આજે એક વાત કહેતા હતા, આવતી કાલે બીજી વાત કહેતા હતા. તેઓ દગાબાજ હતા. તેમનો કોઈ નિશ્ચિત સિધ્ધાન્ત નહોતો." આ દગાબાજ શબ્દ લોકોને ખૂબ ખુંચ્યો, પણ કોઈ તે સામે બોલી ન શકયું. આથી ભારે આશ્ચર્ય થયું. ગાંધીજીનું 'રઘુપતિ રાઘવ રાજારામ' એ પ્રસિધ્ધ ગીત ગાવામાં આવતું નથી, પરંતુ વિનોબાજીએ નારાયણ નામનું એક નવું ગીત બનાવી લીધું છે. એ જ ગાવામાં આવે છે"

"(૩) આપની બાજુએ આપ વર્ષોથી કહી રહ્યા છો કે પહેલાં વીરભોગ્યા વસુંધરા હતી, આજે ધૂર્તભોગ્યા વસુંધરા છે, પણ આગળ ઉપર સાધુસેવ્યા વસુંધરા બનાવવી છે. આપની આ વાત, સંભવિત છે કે, વિનોબાજીને પણ પસંદ આવી ગઈ છે. તેઓ પણ આપની વાત આપના જ શબ્દોમાં કહેવા લાગ્યા છે કે પહેલાં 'વીરભોગ્યા વસુંધરા' હતી, આજે ધૂર્તભોગ્યા વસુંધરા છે."

આ વિષયમાં મેં જે ખુલાસો કર્યો તે નીચે મુજબ છે:-

(૧) સર્વોદય અથવા ભૂદાનનો માર્ગ એવો નથી કે જે વ્યવહારિક હોઈ શકે. આમ હોવાથી કોઈ પણ પ્રસ્તાવથી ગતિરોધ દૂર થઈ શકે એમ હતું જ નહિ. ગાંધીફંડના લાખો રૂપિયા ભેટમાં આપી આપીને પ્રચારકોની એક સેના ઉભી કરવામાં આવી છે. અને તેથી તોફાની પ્રચાર કરવાનું ચાલી રહ્યું છે. શ્રી વિનોબા ગાંધીફંડના પૈસા જલ્દિ ઉડાડી દે એ ઠીક જ છે, કારણ કે તેમને એ પૈસા ન તો કમાવા પડ્યા છે, નથી તે માટે એમને કોઇ તપસ્યા કરવી પડી. આમ હોવાથી નિર્દયતાપૂર્વક ખર્ચ કરવામાં તેમના મનમાં કોઇ ખટકો પેદા થાય તેમ નથી. તેનો ફાવે તેમ ખર્ચ કરીને જ શ્રી વિનોબાની પ્રતિષ્ટા ઉભી કરવામાં આવી છે તેમ જ ટકાવી રાખવામાં આવી છે. તો પછી એક અમીરજાદાની રીતે એ પૈસો શા માટે જ ઉડાડવો? મુંબઇની ગવર્નર તેમનો ખર્ચ જોઇને ગભરાઇ ગયા હતા. તેઓ ગભરાયા, પણ ખાવાવાળાની સેના એટલી મોટી છે કે તેમના અવાજ સામે આ ગવર્નરના આવાજનો પતો લાગે એમ હતું જ નહિ.

(૨) ગાંધીજીના અનિશ્ચિત અને સિધ્ધાન્તહીન વિચારોના વિષયમાં જે વિનોબાએ કહ્યું એ ઠીક જ કહ્યું છે. આનો અનુભવ અનેકને છે. વળી વિનોબા તો તેમના નિકટતમ શિષ્ય છે. આથી એ સિધ્ધ થાય છે કે ગાંધીજી એક પૈગમ્બર અથવા મહર્ષિ નહોતા, એક રાજનૈતિક નેતા હતા. રાજનૈતિક નેતાઓને રાજનીતિની જરૂરિયાત અનુસાર બોલવું પડે છે, સિધ્ધાન્ત અનુસાર નહિ. પણ એ વાત જરૂર આશ્ચર્યજનક તેમ જ ખેદજનક છે કે તેમના પટ્ટશિષ્ય અને ઉત્તરાધિકારી તેમને 'દગાબાજ' કહે. દગાબાજ કહ્યા વિના ગાંધીજીની કમજોરી દર્શાવી શકાતી હતી. પણ વિનોબામાં હજુ સુધી ઉંડો ઉંડો જાતિમોહ ભર્યો પડયો છે. મહારાષ્ટ્રમાં એ મોહ અને પક્ષપાત અનેકમાં છે. વિનોબા કોંકણસ્થ બ્રાહ્મણ છે. એ લોકોમાં અધિકાંશમાં એવો મદમોહ ભરેલો રહે છે-આ પ્રકારની ખ્યાતિ મહારાષ્ટ્રના ઘર ઘરમાં છે. જોવામાં આવ્યું છે કે એ લોકોના પત્રો, ગાંધીજીની તો નિન્દા કરશે, પણ જાતિભાઈના નાતે શ્રી વિનોબાના ગુણ ગાશે. ગાંધીજીના અવસાન બાદ જ્યારે સેવાગ્રામવાસીઓના અનુરોધથી વિનોબાએ સેવાગ્રામમાં રહેવાનું કબુલ કર્યું તો તેમણે એ શર્ત મૂકી હતી કે 'હું ગાંધીજીની ઝુંપડીમાં રહીશ,' જ્યારે લોકો ગાંધીજીની ઝુંપડી, તેમનું આસન વગેરેને ઐતિહાસિક સ્મારકના આકારમાં રાખવા ઇચ્છતા હતા. મહામાનવોના વિષયમાં આટલો વિવેક અને આટલી શ્રધ્ધા સામ્યવાદીઓ પણ રાખે છે જેઓ ધર્મસંસ્થાને અપ્રીણુની ઉપમા આપે છે. આ ધર્મપૂજારી વિનોબા આટલો પણ વિવેક દાખવી ન શકયા તેનું કારણ કેવળ જાતિમોહ સિવાય બીજું કાંઇ છે જ નહિ. પહેલાં પણ અનેક વાર તેમણે એવા ઉદ્ગારો કાઢયા છે કે જે દ્વારા તેમનામાં રહેલા ઘોર જાતિમોહનો પરિચય મળ્યો છે. આની ચર્ચા હું યથાસમય કરી ચુકયો છું. આ દેશનું દુર્ભાગ્ય છે અને એ વાતની નિશાની છે કે જે જાતિવાદને દૂર કરવા માટે ગાંધીજીએ જીવનભર પ્રયાસ કર્યો અને તેમાં ખપી ગયા તે જાતિભેદ તેઓ પોતાના પટ્ટશિષ્યોમાંથી કાઢી ન શકયા અથવા તેમની અંદર છુપાયલા વિષબીજને દેખી ન શકયા.

ગાંધીજીનું નામ દબાવીને તે ઉપર જે રીતે વિનોબાનું નામ ચમકાવવામાં આવે છે તે ઉપરથી પત્તો લાગે છે કે ગાંધીજી સંસ્કૃતિના નિર્માતા નહોતા, રાજનીતિના નિર્માતા હતા. રાજનીતિનો રીવાજ છે કે પુરાણી વ્યક્તિનું નામ દબાવીને પોતાનું નામ ચમકાવવું. જૈનોમાં એક ચિત્રણ છે કે કોઇ પુરાણા ચક્રવર્તીનું નામ ભુંસીને નવો ચક્રવર્તી તે ઉપર પોતાનું નામ લખે છે. રાજાઓના ઇતિહાસમાં તો એ ચાલુ જોવામાં આવે છે. ગઈ કાલે સ્ટાલીનનું નામ ભુંસી નાખવાની બાબતમાં આમ જ બન્યું છે. રાજનીતિની પરંપરા મોટા ભાગે આવી જ હોય છે. પરંતુ સંસ્કૃતિની વાત અન્યથા હોય છે. મહાવીર, બુધ્ધ, મહમદ વગેરેના શિષ્યોએ અથવા તો ઉત્તરાધિકારીઓએ તે તે મહામાનવનું નામ ભુંસીને પોતાનું નામ ચમકાવ્યું નહોતું. સોક્રેટીસ, પ્લેટો, તથા એરીસ્ટોટલની બાબતમાં પણ આમ જ બન્યું હતું.

ખેર, ગાંધીજીને દગાબાજ કહ્યા છતાં કોઈ બોલી ન શકયું તેનું કારણ ભીષ્મપિતામહ જણાવી ચુકયા હતા કે "ધનના સર્વ કોઈ દાસ છે." શ્રી વિનોબા ગાંધીફંડના જે લાખો રૂપિયા વહેંચી રહ્યા છે તે એટલા માટે નહિ કે તેમની વિરૂધ્ધ કોઇ બોલે. જ્યારે લોકો શ્રી વિનોબાને જીવનદાન કરી ચુકયા છે તો તેમાં 'મુખ્યદાન' નો સમાવેશ થઇ જાય છે. તો પછી મોને કયો અધિકાર છે કે તે શ્રી વિનોબાની કોઇ પણ અનુચિત વાતનો વિરોધ કરે?

(૩) શ્રી વિનોબાને ધૂર્તભોગ્યા વસુંધરા વગેરે મારી ઉકિત પસંદ આવી તો એ ઠીક થયું. ગાંધીજીને પણ-'સબી ભાષાએં તેરે નામ' ગીતની-'નિત્ય નિરંજન નિરાકાર, તૂં પ્રભુ ઇશ્વર અલ્લાહ' વગેરે પંકિતઓ ખૂબ પસંદ હતી. પં. સુન્દરલાલજી પાસેથી એ ગીત તેઓ વારંવાર સાંભળતા હતા. પરંતુ તેમણે એ ગીતને જેવું હતું તેવું ફેલાવ્યું નહિ, પણ 'ઇશ્વર અલ્લા તેરે નામ' એમ તોડી જોડીને ફેલાવ્યું. શ્રી વિનોબાએ મારી ઉકિત જેમની તેમ સ્વીકારી એ વધારે સારું થયું.

સત્યભક્ત
સત્યાશ્રમ, વર્ધા.
તા. ૪-૬-૫૬

'ગાંધીજી દગાબાજ'?

આ અંકમાં 'વિકૃત રજુઆતનો અજોડ નમુનો' એ મથાળા નીચે અન્યત્ર પ્રગટ કરવામાં આવેલ લેખમાં બે સંભ્રાન્ત અને વિશ્વસનીય વ્યક્તિઓના રીપોર્ટનો આધાર લઇને સ્વામી સત્યભક્તજીએ વિનોબાજીને આપણી કલ્પનામાં પણ ન હોય એવી વિપરીત રીતે આલેખવા પ્રયત્ન કર્યો છે. આ લેખદ્વારા આપણને સ્વામી સત્યભક્તના મત્સરગ્રસ્ત ચિત્તનો સીધો પરિચય મળે છે. હિંદના નવનિર્માણમાં અગત્યનો ભાગ ભજવતું એ સર્વોદય સંમેલન અને ગાંધીજીના સર્વશ્રેષ્ઠ વારસદાર એ સન્ત વિનોબાજી – ઉભયને વિકૃત દૃષ્ટિકોણથી જોનાર એ બન્ને વિષે કેવી ઘૃણાજનક રજુઆત કરે તેનો પ્રસ્તુત લેખ એક અજોડ નમુનો છે. વિનોબાજીને ભારતની જનતા સારી રીતે જાણે છે, ઓળખે છે. તેમની જીવનનિષ્ઠા અને ગાંધીભક્તિ સર્વથા નિરપવાદ છે. તેમના બચાવમાં કોઇએ કશું પણ કહેવાની જરૂર નથી. એ લેખમાં રહેલા અને લોકોમાં ભ્રમણા પેદા કરે એવા થોડાક હકીકત-દોષો વિષે જરૂરી સ્પષ્ટતા કરવી એટલો જ માત્ર આ નોંધનો આશય છે.

જે બે 'સંભ્રાન્ત અને વિશ્વસનીય' વ્યક્તિઓના રીપોર્ટ ઉપર સ્વામી સત્યભક્તજીએ પોતાની ટીકા આધારિત કરી છે તે રીપોર્ટની વિગતો જોતાં એ બન્ને વ્યક્તિઓ જરૂર સંભ્રાન્ત તો છે જ, પણ તેમને વિશ્વસનીય કહી શકાય તેમ છે જ નહિ. દા. ત. આ બન્ને વ્યક્તિઓના જણાવવા મુજબ સંમેલનમાં આશરે ચાર હજાર માણસો આવ્યા હતા અને તેના પ્રબંધમાં પાંચ લાખ રૂપીઆ ખર્ચ થયો હતો. સંમેલનમાં ઉપસ્થિત જનસમુદાય વિષે તા. ૧૫-૬-૫૬ ના ભૂમિપુત્રમાં જણાવવામાં આવ્યું છે કે "આ વર્ષે આઠ હજાર કરતાં વધારે સેવકો સંમેલનમાં હાજર રહ્યા હતા. દર્શક તરીકે આવનારા અને પ્રાર્થનાની વિશાળ સભાઓમાં ભાગ લેનારા હજારોનાં ટોળાં જુદાં." આ હકીકતનું ત્યાં જઇ આવેલા અનેક મિત્રોદ્વારા મને સમર્થન મળ્યું છે. સંમેલનના ખર્ચનો આંકડો કે અડસટ્ટો મારી પાસે નથી, પણ હું જગન્નાથપુરીના સર્વોદય સંમેલનમાં જાતે ગયો હતો અને આ વખતનું કાંજીવરમનું સર્વોદય સંમેલન એ જ ધોરણ ઉપર યોજાયું હતું. આ સંમેલનો સંબંધમાં હું એટલું તો નિઃશંકપણે કહી શકું તેમ છું કે આજે અખિલ હિંદના ધોરણે હિંદમાં યોજાતા અન્ય સંમેલનોની અપેક્ષાએ આ સર્વોદય સંમેલનનો પ્રબંધ વધારેમાં વધારે સાદી રીતે અને ઓછા ખર્ચે કરવામાં આવે છે. ભોજન પણ એટલું જ સાદું આપવામાં આવે છે. આ બાબત ધ્યાનમાં લેતાં પ્રસ્તુત 'વિશ્વસનીય' વ્યક્તિઓએ સંમેલનમાં આવેલા માણસોની સંખ્યા ૪૦૦૦ ની અને ખર્ચ પાંચ લાખ રૂપીઆનો બતાવીને આ સર્વોદયવાદીઓ ભારે ઉડાઉ છે અને સંમેલનો પાછળ અનર્ગળ પૈસો ખરચે છે એવી છાપ ઉભી કરવાનો પ્રયત્ન કર્યો છે એમ કહ્યા સિવાય રહી શકાતું નથી.

આ જ 'વિશ્વસનીય' વ્યક્તિઓએ બીજી એક બાબત પાછાફેર રજુ કરીને લોકોના દિલમાં અનુચિત વિભ્રમ પેદા કરવાનો પ્રયત્ન કર્યો છે. તેઓ વિનોબાજીએ પોતાના પ્રવચનમાં એમ કહ્યાનું જણાવે છે કે "ગાંધીજીની વાતોનું કોઈ ઠેકાણું નહોતું. તેઓ આજે એક વાત કહેતા હતા, આવતી કાલે બીજી વાત કહેતા હતા. તેઓ દગાબાજ હતા. તેમનો કોઈ નિશ્ચિત સિધ્ધાન્ત નહોતો." આ જ વ્યક્તિઓ આગળ ચાલતાં જણાવે છે કે "દગાબાજ શબ્દ લોકોને ખૂબ ખુંચ્યો, પણ કોઈ તે સામે બોલી ન શક્યું." આ બાબત તેના પૂર્વાપર સંબંધમાંથી તોડીને જે રીતે રજુ કરવામાં આવી છે તે ભારે દુઃખદ છે. આ 'દગાબાજ' શબ્દ કાંજીવરમના સર્વોદય સંમેલન દરમિયાન વિનોબાજીના અન્તિમ પ્રવચનમાં વાપરવામાં આવ્યો હતો. ગાંધીજીના નામે ચાલતા અમુક વિચાર અંગે વિનોબાજીએ જણાવ્યું હતું કે "મને લાગે છે કે આ ગાંધી-વિચાર નથી. પરંતુ હું આ રીતે વારંવાર બોલતો નથી, એટલે કે ગાંધીજીને નામે બોલતો નથી. કેમકે ગાંધીજીને નામે બોલવાનું શરૂ કરીએ તો એમનાં જે વચન અને પોથીઓ છે તે બધાં આપણે ઉથલાવવાં પડશે અને એમાંથી વાદ-વિવાદ શરૂ થઈ જશે. અને તો, ભગવાન બુદ્ધના શિષ્યોના જેવા હાલ થયા, તે કરતાં પણ બદતર એવા આપણા હાલ થશે. એક શિષ્યે કહ્યું કે ભગવાન બુધ્ધે આમ કહ્યું, બીજાએ કહ્યું કે ના, તેમ કહ્યું. ચાર જ દિશાઓ હતી એટલે એમના ચાર જ પક્ષ થયા અને એમની વચ્ચે અંદરો અંદર લડાઇ થવા લાગી. હું માનું છું કે આપણે જો ગાંધીજીને નામે એવો વાદવિવાદ કરીશું તો આપણા તો ચાર નહીં, ચાલીસ પક્ષ પડશે!

"એવું પણ કહેવામાં આવે છે કે કાશ્મીરમાં ફોજ મોકલવામાં આવી તે ગાંધીજીના આશીર્વાદથી મોકલવામાં આવી હતી. હું કહું છું કે ગાંધીજીનું જ નામ શું કામ લો છો? ગાંધીજીએ જેને માથે ચડાવી હતી એ ગીતાનું જ નામ લો ને! ગીતા આજે પણ હાજર છે. આધાર ટાંકો એટલે બસ પત્યું! લોકો કહે છે ને કે ગીતામાં યુદ્ધ કરવા માટેના બચાવની પૂરેપૂરી દલીલ મોજૂદ છે? આપણે ગમે તે કહીએ, આ વાદ હજી સુધી મટયો નથી. તો હું કબૂલ કરું છું કે એ આધાર પણ તમારી પાસે છે જ. તો પછી એનો આધાર કેમ નથી લેતા? ત્યારે એ કહે છે કે, "એ આધાર અમે એટલા માટે નથી લેતા કે ગીતા તો આઉટ-ઓફ-ડેટ, જૂના જમાનાની થઇ ગઇ છે." તો હું એમ કહેવા માગું છું કે ગાંધીજીએ જે સંમતિ આપી હતી તે પણ આઉટ-ઓફ-ડેટ થઈ ગઈ છે. એને પણ આઠ વરસ થઈ ગયાં!

"ગાંધીજીએ ૧૯૧૮ માં રંગરેટોની ભરતીને માટે કેટકેટલી કોશિશો કરી એ બધું મેં સગી આંખે જોયું છે. ફરીફરીને છેવટે તો તેઓ બીમાર પડી ગયા હતા. પરંતુ ગુજરાતમાંથી રંગરૂટ ન જ મળ્યા, ત્યારે પછી એમણે જૈન ધર્મનો અને વલ્લભ સંપ્રદાયનો વાંક કાઢવા માંડયો. કહેવા લાગ્યા કે આ લોકોએ બિલકુલ નિર્વીર્ય અહિંસા શીખવી છે. આ ૧૯૧૮ ની વાત છે.

"૧૯૩૯ ની બીજી લડાઈ વખતે એમણે કેવી રુખ અપનાવી હતી? "આપણે સરકારની સાથે સહકાર ન કરી શકીએ. યુદ્ધમાં આપણે સક્રિય સાથ ન આપવો જોઇએ." એમના અનુયાયીઓએ ન માન્યું એટલે અનુયાયી અને ગુરુમહારાજ અલગ પડયા. અનુયાયી તો અમુક શરતે સરકારને સહકાર આપવા તૈયાર થઈ ગયા હતા. જ્યારે સામેથી સરકારે એ શરતો નાકબૂલ કરી ત્યારે પાછા ગુરુમહારાજ અને શિષ્યો એક થઇ ગયા. આ તો આપણે સગી આંખોએ જોયું છે.

"આવી દશામાં ગાંધીજીનું નામ લઈને શું કરીશું? વિનોદની ભાષામાં તો એમ જ કહેવું પડશે કે એ માણસ બિલકુલ 'દગાબાજ' હતો! કદી એકેય શબ્દને વળગી નહોતો રહેતો. કોઇને પણ એવો ભરોસો નહોતો કે આજે ગાંધીજીએ આવું વલણ લીધું છે એટલે કાલે કેવું લેશે! કારણ કે તેઓ વિકાસશીલ મનુષ્ય હતા. એમનું મન હમેશાં સત્યની શોધના ખ્યાલમાં જ રહેતું, પોતાની વાતનું નાહું કઈ રીતે ઝાલી રાખવું એમાં પરોવાઈ રહેતું નહોતું. એમને સત્યનું નિત્ય નવું દર્શન થતું હતું તેથી તેઓ પહેલા કહેલી વાતને પકડી રાખવાનો આગ્રહ નહોતા રાખતા. એમના ગ્રંથો કઇ રીતે વાંચવા તે વિશે એમણે તો લખી જ રાખ્યું છે કે મારા જૂનાં અને નવાં બધાં વચનો એક જ અનુભૂતિમાંથી નીકળ્યાં છે અને એમાં ખરું જોતાં તો સુસંગતિ છે જ. પરંતુ જો કોઇને વિસંગતિ નજરે ચડે તો એણે પહેલાનું વાકય ખોટું માનવું અને પછી કહેલું ખરું માનવું. આ રીતે જે મનુષ્ય પ્રતિક્ષણ જાગ્રત હતો અને જેનામાં પરિસ્થિતિને સમજીને વધુને વધુ ઊંચે ચડયે જવાની શક્તિ હતી, એવા નિત્ય વિકાસશીલ સાધકના શબ્દોનો આધાર આપણે શોધીએ છીએ!" (તા. ૧૫-૬-૫૬ ના ભૂમિપુત્રમાંથી)

આ 'દગાબાજ' શબ્દ કોઈ પણ જાતની ગેરસમજુતી પેદા ન કરે એ હેતુથી ભૂમિપુત્રના એ જ અંકમાં નીચે મુજબ ખુલાસો પણ કરવામાં આવ્યો છે:—

"સર્વોદય સમ્મેલનના પોતાના છેલ્લા ભાષણમાં વિનોબાએ ગાંધીજી અંગે 'દગાબાજ' શબ્દ વાપર્યો. સમજનારાઓ તો એ શબ્દમાં

રહેલો પ્રેમ સમજ્યા. પણ કેટલાક લોકોને એ વિનોદ સમજાયો નહીં અથવા રુચ્યો નહીં. એક અંગત વાતચીતમાં વિનોબાએ કહ્યું: "એમને એનાથી ખોટું લાગ્યું. પણ એમને ખબર નથી કે એ હું મારા શબ્દો નહોતો વાપરતો. એકનાથનું એક પદ છે-મરાઠીમાં. એમાં એમણે સંતોને દગાબાજ કહ્યા છે. કહે છે કે સંતો તમે કેવા દગાબાજ છો? આજે ભગવાનનું એક રીતે વર્ણન કરો છો, કાલે બીજી રીતે. હું મારા ભાષણમાં એકનાથના એ પદનો લગભગ શબ્દશઃ તરજુમો કરીને બોલતો હતો." એમાં બાપુની નિત્યવિકાસશીલતા બતાવવાનો પ્રયત્ન હતો."

આમ જે 'દગાબાજ' શબ્દ કેવળ વિનોદમાં વપરાયેલો હતો તેને ગંભીર અર્થમાં વપરાયેલો આ 'વિશ્વસનીય' વ્યક્તિઓ રજુ કરે છે અને આ બાબતની કશી પણ તપાસ કર્યા સિવાય સ્વામી સત્યભક્તજી એ સમાચારને એમના એમ સ્વીકારી લે છે અને જણાવે છે કે "ગાંધીજીના અનિશ્ચિત અને સિધ્ધાન્તહીન વિચારોના વિષયમાં જે વિનોબાએ કહ્યું એ ઠીક જ કહ્યું છે" અને આગળ ચાલતાં સૂચવે છે કે વિનોબા મહારાષ્ટ્રી હોઇને ગુજરાતી એવા ગાંધીજીને આમ ઉતારી પાડે. એ સ્વાભાવિક છે અને ત્યાર બાદ વિનોબાજીમાં ઘોર જાતિમોહ હોવાનો તેઓ સીધો આરોપ કરે છે.

આ જ ચર્ચાના અનુસંધાનમાં આજસુધી કહિ નહિ સાંભળેલી કે કલ્પનામાં આવેલી એક નવી જ વાત સ્વામી સત્યભક્તજીએ જણાવી છે અને તે એ કે ગાંધીજીના અવસાન બાદ સેવાગ્રામવાસીઓએ વિનોબાજીએ સેવાગ્રામમાં આવીને રહેવાનો આગ્રહ કરેલો તે વખતે વિનોબાજીએ એવી શર્ત મૂકેલી કે જો તેમનો એવો આગ્રહ હોય તો પોતે અન્યત્ર નહિ પણ ગાંધીજીની ઝુંપડીમાં જ રહેશે. આ વાતને કેટલા અંશે સાચી માનવી એ એક સવાલ છે. સંભવ છે કે વિનોબાજીનું આને મળતું કોઇ કથન એવા જ કોઇ સંદર્ભ સાથે જોડાયલું હશે-જેવી રીતે 'દગાબાજ' શબ્દનો ઉપયોગ અમુક સંદર્ભમાં કરવામાં આવ્યો હતો તે મુજબ-કે જેને સમગ્ર રીતે વિચારતાં કોઇ જુદો જ ભાવ ઉઠે.

ઉપર જણાવેલ 'દગાબાજ' પ્રકરણના અનુસંધાનમાં જણાવવાનું જ્યારે કોઇ પણ જવાબદાર અને પ્રમાણીક પત્રકાર આગળ આવો-સહેજે માની ન શકાય એવો-રીપોર્ટ આવે ત્યારે, રીપોર્ટ કરનાર વ્યકિત ગમે તેટલી વિશ્વસનીય હોય એમ છતાં પણ આવા રીપોર્ટના તથ્યાતથ્ય વિષે તે બીજા સાધનો મારફત જરૂર પૂરી તપાસ કરે અને એ રીતે તે રીપોર્ટને પૂરું સમર્થન મળ્યા બાદ જ તેને પ્રસિધ્ધ કરે અને તે વિષે પોતાને યોગ્ય લાગે તેવી ટીકા કરે. આ ધર્મ છે એક જવાબદાર પ્રમાણીક પત્રકારનો અને વિશેષે કરીને સત્યલક્ષી હોવાનો દાવો કરનાર કોઇ પણ વિશિષ્ઠ વ્યકિતનો. કમનસીબે સ્વામી સત્યભક્ત આવી કશી જ ઉપાધિમાં નહિ પડતાં, પોતાને ગમતા સમાચારને ઝડપી લે છે અને તેના આધાર ઉપર વિનોબાજી સામે અક્ષમ્ય કટાક્ષો અને આક્ષેપોની ઝડી વરસાવે છે.

"ગાંધીજીને દગાબાજ કહ્યા છતાં કોઇ બોલી ન શકયું કારણ કે ભીષ્મપિતામહ જણાવી ચુકયા છે કે ધનના સર્વ કોઈ દાસ છે," "વિનોબામાં હજુ સુધી ઊંડો જાતિમોહ ભર્યો પડયો છે," "વિનોબા ગાંધી ફંડના પૈસા ઉડાડી દે એ ઠીક જ છે," "વિનોબા અમીર-જાદાની માફક પૈસો ઉડાડે છે," "ગાંધી ફંડના લાખો રૂપિયા ભેટમાં આપીને પ્રચારકોની એક સેના ઉભી કરવામાં આવી છે," "ગાંધીજીનું નામ દઇને તે ઉપર વિનોબાનું નામ ચમકાવવામાં આવે છે,"-આવાં કેટલાંયે બેફામ વિધાનો, વિપરીત વાતો અને કટાક્ષમય સૂચનો પ્રસ્તુત લેખમાં ભર્યા પડયાં છે. આ બધું સત્યથી એટલું બધું વેગળું છે કે તેની કોઇ ચર્ચા કે ખુલાસો કરવાની જરૂર છે જ નહિ.

કાળની એ બલિહારી છે કે આવું લખાણ એવી વ્યકિતને હાથે થયું છે કે જે પોતાને સત્યભક્ત તરીકે, સત્યેશ્વર તરીકે, આધુનિક યુગના પૈગંબર તરીકે ઓળખાવે છે, જે 'સત્ય સમાજ' નામ ધરાવતા એક પ્રકારના સંપ્રદાયના પ્રવર્તક છે, જેમણે વર્ધામાં સત્યાશ્રમ નામનો એક આશ્રમ સ્થાપ્યો છે, જેના પોતાના પ્રમુખ અનુયાયીઓને સત્યપ્રેમી, સત્યાલંકાર, સત્યસ્નેહી, સત્યદાસ, સત્યાનંદ-આવાં આવાં ઉપનામોથી ઓળખાવે છે અને એવી રીતે સત્યનો ઇજારો જાણે કે પોતાનો અને પોતાના અનુયાયીઓનો જ હોય એવો આડંબર સત્યના નામ ઉપર જે વ્યકિત ચલાવી રહેલ છે.

સ્વામી સત્યભકત કોઇ સામાન્ય કોટિની વ્યકિત હોત તો તેમના લખાણની આટલી લાંબી નોંધ લેવાનો હું વિચાર સરખો પણ ન કરત. પણ તેઓ એક વિશિષ્ઠ કોટિની વ્યકિત છે, વિદ્વાન છે, ચતુર છે, બહુશ્રુત લેખક છે, પ્રખર વકતા છે, ધર્મશાસ્ત્રોના પણ તેઓ સારા જાણકાર છે, અનેક વ્યકિતઓ તેમનાથી પ્રભાવિત છે. આવી વ્યકિતનાં આવાં મત્સરપ્રેરિત લખાણો એક યા બીજી રીતે અનેક ગેરસમજુતીઓ ઉભી કરવામાં અને ભાવી જનતાને ભરમાવવામાં પરિણમે છે. આવા પૈગમ્બરો અને સત્યભકતોને લોકો યથાસ્વરૂપે જાણે, પીછાણે, અને તેમનાથી સાવધ રહે એવા કેવળ શુભ હેતુથી આ આખી નોંધ પ્રેરાયલી છે. **પરમાનંદ**

દુનિયામાં વધતી જતી જનસંખ્યા : કેટલાક સૂચક આંકડાઓ

સંયુકત રાષ્ટ્રસંઘ તરફથી 'યુનાઇટેડ નેશન્સ ડેમોગ્રાફિક યિર બૂક' એ નામનું એક પુસ્તક તાજેતરમાં બહાર પડેલ છે અને તેમાં દુનિયાની વધતી જતી વસ્તી સંબંધે કેટલાક ધ્યાન ખેંચે તેવી વિગતો આપવામાં આવી છે. તેમાં જણાવવામાં આવ્યું છે કે દુનિયાની જનસંખ્યા આગળ ઉપર વધી હતી તે કરતાં ૧૯૫૦ થી ૧૯૫૪ સુધીમાં ઘણા વધારે વેગથી વધતી રહી છે. ૧૯૫૪ ની મધ્યમાં દુનિયાની વસ્તી ૨૬૫૨ કરોડ ના આંક સુધી પહોંચી હતી.

આ વસ્તી **ખંડવાર** નીચે મુજબ વહેંચાયલી હતી:—

૧૪૫-૧ કરોડ બીનસોવિયટ એશીઆમાં, ૪૦.૪ કરોડ યુરોપમાં, ૩૫.૭ કરોડ અમેરિકામાં, ૨૧,૪ કરોડ સોવિયટ યુનિયનમાં, ૨૧ કરોડ આફ્રિકામાં અને ૧.૪૪ કરોડ ઓસીઆનિયામાં.

રાષ્ટ્રવાર નીચે મુજબ વસ્તી-સંખ્યા હતી:

૫૮.૨	કરોડ ચીન	૮.૮	કરોડ જાપાન
૩૭.૭	,, હિંદ	૮.૧	,, ઇન્ડોનેશીઆ
૨૧.૪	,, સોવિયટ યુનિયન	૮.૦	,, પાકીસ્તાન
૧૬.૨	,, યુનાઇટેડ સ્ટેઇટ્સ		

વસ્તીવધારાનું પ્રમાણ નીચે મુજબ માલુમ પડયું હતું:—

એશીઆની વસ્તી ૨.૧ કરોડ.

લેટીન અમેરિકાની વસ્તી ૪૦ લાખ અને ઉત્તર અમેરિકા, સોવીયટ યુનિયન, યુરોપ અને આફ્રિકાની-દરેકની વસ્તી ૩૦ લાખ દર વર્ષે વધતી રહી છે.

અત્યન્ત ઝડપથી વસ્તી વધે છે એવા દેશો ત્રણ છે: વેનીઝુલા (દર વર્ષે ૩ ટકા) સીલોન અને મેકસીકો અને સૌથી ઓછા વધારા વાળા દેશો આયર્લેન્ડ (૦.૦૪ ટકા) સ્પેન, પાકીસ્તાન અને પોલાન્ડ છે.

શહેરોમાં વસતી જનસંખ્યાનું સૌથી મોટું પ્રમાણ બ્રીટન અને આઇસલેન્ડનું છે-૭૦ ટકા; દુનિયામાં સૌથી વધારે વસ્તીવાળા શહેરો નીચે મુજબ છે; ન્યુયોર્ક (૧,૨૩,૦૦,૦૦૦) લંડન (૮૩,૦૦,૦૦૦) અને ટોકીયો (૫૩,૦૦,૦૦૦).

સ્ત્રીઓ: અમેરિકા અને યુરોપના શહેરોમાં સ્ત્રીઓની વસ્તી પુરૂષ કરતાં વધારે છે, જ્યારે એશીઆ અને આરબ દેશોમાં એથી ઉલટું છે. જેના આંકડાઓ મેળવી શકાયા છે તે દરેક દેશમાં પુરૂષો કરતાં સ્ત્રીઓ વધારે લાંબું આયુષ્ય ધરાવે છે. ઇંગ્લાંડ અને વેઇલ્સમાં પુરૂષોનું સરેરાશ આયુષ્ય ૬૭.૩ વર્ષનું છે અને સ્ત્રીઓનું ૭૨.૪૪ વર્ષોનું છે. યુનાઇટેડ સ્ટેટસમાં એથી થોડું ઓછું છે, જ્યારે હિંદમાં પુરૂષોની સરેરાશ આવરધ ૩૧.૬૬ વર્ષની અને સ્ત્રીઓની ૩૨.૪૫ વર્ષની છે.

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૩.
મુદ્રણસ્થાન: કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મસ્જીદ બંદર રોડ, મુંબઈ ૯. ટે. નં. ૩૪૬૨૯

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

પ્ર. જૈન વર્ષ ૧૪–પ્ર. જીવન વર્ષ ૪
અંક ૧૧

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ઑક્ટોબર ૧, ૧૯૫૬, સોમવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : ત્રણ આના

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

વિનોબાની વાણી

અહિંસાના વિકાસના ચાર ટપ્પા

આમ એક બાજુ દૈવતં સંપત્તિ અને બીજી બાજુ આસુરી સંપત્તિ એવાં બે લશ્કરો ઊભાં છે. તેમાંની આસુરી સંપત્તિને ટાળવી, અળગી કરવી અને દૈવી સંપત્તિને પોતાની કરી તેને વળગવું. સત્ય, અહિંસા વગેરે દૈવી ગુણોનો વિકાસ અનાદિ કાળથી થયા કરે છે. વચગાળામાં જે વખત ગયો તેમાં પણ ઘણો વિકાસ થયો છે. તોયે હજી વિકાસને ખૂબ અવકાશ છે. વિકાસની મર્યાદા આવી ગઈ છે, તે પૂરો થયો છે એવું નથી. જ્યાં સુધી આપણને સામાજિક શરીર છે ત્યાં સુધી વિકાસને પાર વગરનો અવકાશ છે. વૈયક્તિક એટલે કે વ્યક્તિનો, વ્યક્તિગત વિકાસ થયો હશે પણ સામાજિક, રાષ્ટ્રીય અને જાગતિક એટલે કે જગતનો વિકાસ થવો બાકી છે. વ્યક્તિએ પોતાના વિકાસનું ખાતર પૂરી પછી સમાજ, રાષ્ટ્ર વગેરેમાં સમાતી લાગ્યો વ્યક્તિના વિકાસની શરૂઆત કરવાની છે. દાખલા તરીકે માણસ અહિંસાનો વિકાસ અનાદિ કાળથી કરતો આવ્યો છે. છતાં આજે પણ તે વિકાસ ચાલુ છે.

અહિંસાનો વિકાસ કેમ થતો ગયો તે જોવા જેવું છે. તે પરથી પારમાર્થિક જીવનનો વિકાસ ઉત્તરોત્તર કેમ થતો જાય છે અને તેને હજી પૂરેપૂરો અવકાશ કઈ રીતે છે એ વાત સમજાશે. હિંસકોના અને હિંસાખોર જાનવરોના હુમલાઓ સામે બચાવ કેવી રીતે કરવો એ બાબતનો અહિંસક માણસે વિચાર કરવા માંડ્યો. પહેલાં સમાજના રક્ષણને સારુ ક્ષાત્રયવર્ગ રાખ્યો. પણ પછી તે જ સમાજનું ભક્ષણ કરવા લાગ્યો. વાડે ચીભડાં ગળવા માંડ્યાં. ત્યારે હવે આ ઉન્મત્ત ક્ષત્રિયોથી સમાજનો બચાવ કેમ કરવો તેનો અહિંસક બ્રાહ્મણો વિચાર કરવા લાગ્યા. પરશુરામે જાતે અહિંસક હોવા છતાં હિંસાનો આધાર લીધો અને તે ક્ષત્રિયોનો નિઃપાત કરવા લાગ્યો. ક્ષત્રિયો પાસે હિંસા છોડાવવાને તે જાતે હિંસક બન્યો. આ પ્રયોગ અહિંસાનો હતો. પણ તે સફળ ન થયો. એકવીશ એકવીશ વખત ક્ષત્રિયોનો સંહાર કરવા છતાં તે બાકી રહી ગયા, બચી ગયા. કારણ એ કે આ અખતરો મૂળમાં જ ભૂલભરેલો હતો. જે ક્ષત્રિયોનો સમૂળગો નાશ કરવાને ખાતર મેં તેમનામાં ઉમેરો કર્યો તે ક્ષાત્રયવર્ગનો નાશ થાય કેવી રીતે ? હું જાતે જ હિંસક ક્ષત્રિય બન્યો. એ બીજ કાયમ રહ્યું, તેવું ને તેવું રહ્યું. બી રહેવા દઈને ઝાડો તોડી પાડનારને ફરી ફરી ઝાડ પેદા થયેલાં દેખાયા વગર કેમ રહે ? દેખાય જ. પરશુરામ સારો માણસ હતો. પણ પ્રયોગ બહુ તરેહવાર નીવડ્યો. પોતે ક્ષત્રિય બનીને પૃથ્વીને નક્ષત્રી કરવાને તાકતો હતો. ખરું જોતાં પોતાની જાતથી જ તેણે અખતરાની શરૂઆત કરવી જોઈતી હતી. પોતાનું માથું તેણે પહેલું ઉડાવવું જોઈતું હતું. પરશુરામના કરતાં હું ડાહ્યો છું એટલે તેની ભૂલ બતાવું છું એમ ન માનશો. હું બાળક છું, પણ તેના ખભા પર ઊભો છું. તેથી કુદરતી રીતે મને વધારે દેખાય છે. પરશુરામના પ્રયોગનો આધાર, તેનો પાયો જ મૂળમાં ભૂલભરેલો હતો. હિંસામય થઈને હિંસા કાઢવાનું, હિંસાને દૂર કરવાનું બને નહીં. ઊલટું તેથી હિંસકોની સંખ્યામાં માત્ર વધારો થાય છે. પણ તે વખતે એ બીના ધ્યાનમાં ન આવી. તે જમાનાના ભલા સારા માણસોએ, મોટા મોટા અહિંસામય માણસોએ જે વિચાર સુઝયો તે પ્રમાણે પ્રયોગો કર્યા. પરશુરામ તે જમાનાનો મોટો અહિંસાવાદી હતો. હિંસાના ઉદ્દેશથી તેણે હિંસા કરી નહોતી. અહિંસાની સ્થાપનાને માટે એ હિંસા હતી.

એ અખતરો એળે ગયો. પછી રામનો જમાનો આવ્યો. તે વખતે ફરીથી બ્રાહ્મણોએ વિચાર કરવો શરૂ કર્યો. તેમણે હિંસા છોડી દીધી હતી. પોતે હિંસા ન જ કરવી એવું તેમણે નક્કી કર્યું હતું. પણ રાક્ષસોના હુમલા પાછા કેમ વાળવા ? તેમણે જોયું કે ક્ષત્રિયો તો હિંસા કરવાવાળા જ છે. તેમની પાસે બારોબાર રાક્ષસોનો સંહાર કરાવવો. કાંટાથી કાંટો કાઢવો. આપણે જાતે એમાંથી તદ્દન અળગા, આઘા રહેવું. વિશ્વામિત્રે યજ્ઞના બચાવને સારૂ રામલક્ષ્મણને લઈ જઈ તેમને હાથે રાક્ષસોનો સંહાર કરાવ્યો. "જે અહિંસા સ્વસંરક્ષિત નથી એટલે કે જે પોતાનો બચાવ કરવાવાળી નથી, જે અહિંસાને પોતાના પગ નથી, એવી લૂલીપાંગળી અહિંસા ઊભી કેવી રીતે રહે ?" આવો વિચાર આજે આપણે કરીએ છીએ. પણ વસિષ્ટ–વિશ્વામિત્ર સરખાને ક્ષત્રિયોના જોર પર પોતાનો બચાવ કરવામાં નાનમ લાગી નહોતી. પરંતુ રામ જેવો ક્ષત્રિય ન મળ્યો હોત તો ? તો વિશ્વામિત્ર કહેત કે, "હું મરી જઈશ, પણ હિંસા નહીં કરું." હિંસક બનીને હિંસા દૂર કરવાનો પ્રયોગ થઈ ચૂક્યો હતો. હવે પોતાની અહિંસા તો ન જ છોડવી, ન જ છોડાય એટલું નક્કી થઈ ગયું હતું. ક્ષત્રિય ન મળ્યો તો અહિંસક મરી જશે પણ હિંસા નહીં કરે એવી હવેની ભૂમિકા હતી. વિશ્વામિત્રની સાથે જતાં જતાં રામે પૂછ્યું, "આ બધા ઢગલા શાના ?" વિશ્વામિત્રે જવાબ આપ્યો, "એ બ્રાહ્મણોનાં હાડકાંનો ઢગલા છે. અહિંસક બ્રાહ્મણોએ પોતાના પર હલ્લો કરનારા હિંસક રાક્ષસોનો પ્રતિકાર, સામનો ન કર્યો. તે મરી ગયા. તેમનાં હાડકાંનાં એ ઢગલાં છે." બ્રાહ્મણોની આ અહિંસાનો ત્યાગ હતો અને બીજા પાસે બચાવ કરાવવાની અપેક્ષા પણ હતી. આવા દુબળાપણાથી, આવી લાચારીથી અહિંસાની પૂર્ણતા ન થાય.

સંતોએ આગળ ઉપર ત્રીજો અખતરો કર્યો. સંતોએ નક્કી કર્યું કે, "બીજાની મદદ માગવી જ નહીં. મારી અહિંસા જ મારો બચાવ કરશે. એવો જે બચાવ થશે તે જ સાચો બચાવ છે." સંતોનો આ પ્રયોગ વ્યક્તિનિષ્ઠ હતો. આ વ્યક્તિગત પ્રયોગને તેઓ પૂર્ણત્વ સુધી લઈ ગયા. પણ એ પ્રયોગમાં વ્યક્તિગતપણું રહી ગયું. સમાજ પર હિંસકોનો હુમલો થયો હોત અને સમાજે સંતોને આવીને પૂછ્યું હોત કે 'અમારે શું કરવું ?' તો એ સવાલનો ચોક્કસ જવાબ આપવાનું કદાચ સંતોથી ન બન્યું હોત. વ્યક્તિગત જીવનમાં પરિપૂર્ણ અહિંસા ઉતારનારા સંતોએ સમાજને સલાહ આપતાં કહ્યું હોત કે, "અમે દૂબળા છીએ, લાચાર છીએ." સંતોની હું ભૂલ કાઢવા બેઠો છું એ મારું બાળસાહસ છે. પણ હું તેમના ખભા પર ઊભો છું તેથી જે દેખાય છે તે કહું છું. તેઓ મને ક્ષમા કરશે. અને કેમ

નહીં કરે ? તેમની ક્ષમા મોટી છે. અહિંસાના સાધન વડે સામુદાયિક અખતરાઓ કરવાનું સંતોને સૂઝ્યું નહીં હોય એવું નથી. પણ સંજોગો, પરિસ્થિતિ તેમને એટલી અનુકૂળ ન લાગી. તેમણે જાત પૂરતા છૂટા છૂટા પ્રયોગો કર્યા. પણ આમ છૂટા છૂટા થયેલા પ્રયોગોમાંથી જ શાસ્ત્ર રચાય છે. સંમિલિત એટલે કે એકઠા થયેલા અનુભવમાંથી શાસ્ત્ર બને છે.

સંતોના પ્રયોગ પછીનો ચોથો પ્રયોગ આજે આપણે કરીએ છીએ. આખાયે સમાજે અહિંસાત્મક સાધનો વડે હિંસાનો પ્રતિકાર કરવાનો આજનો પ્રયોગ આપણે ચલાવીએ છીએ. આ રીતે ચાર અખતરાઓ આપણે જોયા–દરેક પ્રયોગમાં અપૂર્ણતા હતી અને છે. વિકાસક્રમમાં આ વાત અપરિહાર્ય છે. પણ તે તે જમાનામાં તે તે પ્રયોગો પૂર્ણ હતા એમ જ કહેવું જોઇએ. હજી બીજા દસ હજાર વર્ષ જશે. પછી આજના આપણા અહિંસક યુદ્ધમાં પણ ઘણી હિંસા શોધનારને જડશે. શુધ્ધ અહિંસાના પ્રયોગો હજીએ બીજા થતા જશે. જ્ઞાન, કર્મ અને ભકિત એ ત્રણેનો જ નહીં, બધા સદ્‌ગુણોનો વિકાસ થઈ રહેલો છે. એક જ વસ્તુ પૂર્ણ છે અને તે પરમાત્મા. ભગવદ્‌ગીતામાં બતાવેલો પુરુષોત્તમયોગ પૂર્ણ છે. પણ વ્યકિત અને સમુદાય એ બંનેના જીવનમાં તેનો પૂર્ણ વિકાસ હજી થવો બાકી છે. વચનોનો પણ વિકાસ થાય છે. ઋષિઓને મંત્રના દ્રષ્ટા માનવામાં આવ્યા છે. તે તેના કર્તા નથી, તેનો અમલ કરનારા નથી. કેમ કે તેમને મંત્રનો અર્થ દેખાયો. પણ તે જ એનો અર્થ છે એવું નથી. ઋષિઓને એક દર્શન થયું. હવે પછી આપણને તેનો વિકસિત, વધારે બીલકલો અર્થ દેખાય એમ બને. તેમના કરતાં આપણને વધારે દેખાય છે એ કંઈ આપણી વિશેષતા નથી. તેમને જ આધારે આપણે આગળ જઇએ છીએ. હું અહીં એકલી અહિંસાના વિકાસ પર બોલું છું કેમકે બધા સદ્‌ગુણોનો સરાસરી સાર કાઢશો તો અહિંસા એ જ નીકળશે. અને તે યુધ્ધમાં આજે આપણે ઝુકાવ્યું છેયે ખરું. તેથી આ તત્ત્વનો કેમ વિકાસ થતો જાય છે તે આપણે જોયું.

અહિંસાનો એક મહાન પ્રયોગ : માંસાહાર પરિત્યાગ

હિંસકોનો હુમલો થાય ત્યારે અહિંસકોએ બચાવ કેમ કરવો એ અહિંસાનું એક પાસું આપણે જોયું. માણસ–માણસ વચ્ચેના ઝગડામાં અહિંસાનો વિકાસ કેવી રીતે થતો ગયો એ આપણે જોયું. પરંતુ માણસોનો અને જાનવરોનો ઝઘડો પણ છે. માણસે હજી પોતાના અંદરઅંદરના ઝઘડા સમાવ્યા નથી અને પોતાના પેટમાં જાનવરોને ઠાંસીને તે જીવે છે. માણસને હજી પોતાના ઝઘડા સમાવતાં આવડતું નથી અને પોતાનાથી યે દૂબળાં જે જાનવરો છે તેમને ખાધા વગર જીવતાંયે આવડતું નથી. હજારો વર્ષથી તે જીવતો આવ્યો છે પણ કેમ જીવવું જોઇએ તેનો વિચાર તેણે હજી કર્યો નથી. માણસને માણસની માફક જીવતાં આવડતું નથી. પણ આ વાતનેયે વિકાસ થયા કરે છે. એક જમાનામાં માણસનો બધો નિર્વાહ જાનવરો પર જ ચાલતો હતો. પણ સારા સારા ડાહ્યા માણસોને એ વાત ખપી નહીં. માંસ ખાવું જ પડે તો યજ્ઞમાં હલાલ કરેલાં પશુનું જ ખાવું એવું તેમણે બંધન મૂકયું. આ બંધનનો હેતુ હિંસાને રોકવાનો હતો, તેના પર અંકુશ મૂકવાનો હતો. કેટલાક લોકોએ તો માંસનો પૂરેપૂરો ત્યાગ કર્યો. પણ જેમનાથી પૂરેપૂરો ત્યાગ થઈ શકે એમ નહોતું તેમને યજ્ઞમાં પરમેશ્વરને અર્પણ કરી, કંઈક તપસ્યા કરી માંસ ખાવું એવી પરવાનગી અથવા છૂટ મળી. યજ્ઞમાં જ માંસ ખાજો એમ કહેવાથી હિંસા પર અંકુશ આવશે એમ લાગતું હતું. પણ પછી તો યજ્ઞ પણ સામાન્ય, રોજની વાત બની ગઇ. જેને ફાવે તે યજ્ઞ કરવા નીકળી પડે, યજ્ઞ કરે અને માંસ ખાય એવું ચાલવા માંડયું. એટલે ભગવાન બુધ્ધ આગળ આવ્યા. તેમણે કહ્યું, "માંસ ખાવું હોય તો ભલે ખાઓ, પણ કંઈ નહીં તો ઇશ્વરને નામે ન ખાશો." એ બંને વચનોનો હેતુ એક જ હતો કે હિંસા પર અંકુશ આવે, ગાડું ગમે ત્યાંથી આખરે સંયમને રસ્તે ચડે. યજ્ઞત્યાગ કરો અગર ન કરો, બન્નેમાંથી આપણે માંસ ખાવાનું છોડવાનું જ શીખ્યા છીએ. આમ **આસ્તે આસ્તે આપણે માંસ ખાવાનું છોડતા ગયા.**

જગતના ઇતિહાસમાં એકલા ભારતવર્ષમાં આ મોટો પ્રયોગ થયો. કરોડો લોકોએ માંસ ખાવાનું છોડયું. અને આજે આપણે માંસ ખાતા નથી એમાં આપણે ઝાઝું ફુલાવાનું નથી. પૂર્વજોના પુણ્યને પરિણામે આપણું વળણ એવું બંધાયું છે. પણ પહેલાંના ઋષિઓ માંસ ખાતા હતા એમ આપણે કહીએ કે વાંચીએ છીએ ત્યારે આપણને નવાઇ થાય છે ખરી. ઋષિ અને માંસ ? છટછટ, કંઈ ભળતી જ વાત છે ! પણ માંસાશન કરતાં કરતાં સંયમથી તેમણે તેનો ત્યાગ કર્યો એનું શ્રેય તેમને આપવું જોઇએ. એ મહેતન આપણે કરવી પડતી નથી. તેમનું પુણ્ય આયતું આપણને મળ્યું છે. ભવભૂતિ કવિના ઉત્તરરામચરિત નાટકમાં એક પ્રસંગ આવે છે. વાલ્મીકિના આશ્રમમાં વસિષ્ટ ઋષિ આવ્યા ત્યારે તેમના સ્વાગતને માટે તેમની મહેમાનગીરી કરવાને માટે નાની વાછરડી હલાલ કરવામાં આવી. ત્યારે એક નાનો છોકરો બીજા મોટા છોકરાને પૂછે છે, "આજે આપણા આશ્રમમાં પેલો દાઢીવાળો વાઘ આવ્યો છે. તે આપણી વાછરડી ખાઈ ગયો ખરું ને ?" તે મોટો છોકરો જવાબ આપે છે, "અરે, એ વસિષ્ઠઋષિ છે. આવું ન બોલાય." પહેલાં એ લોકો માંસ ખાતા અને આજે આપણે ખાતા નથી એટલે તેમના કરતાં આપણે મોટા થઈ ગયા એમ ફુલાશો મા. તેમના અનુભવનો ફાયદો આપણને આયતો મળ્યો. તેમના અનુભવનો હવે આપણ આગળ વિકાસ કરવો જોઇએ. દૂધ છેક છોડી દેવાના પ્રયોગો પણ કરવા જોઇએ. માણસ બીજાં જાનવરોનું દૂધ પીએ એ વાત પણ ઉતરતા દરજ્જાની છે. દસ હજાર વરસ બાદ આવનારા લોકો આપણે વિષે કહેશે, "શું એ લોકોને દૂધ ન પીવાનું પણ વ્રત લેવું પડતું હતું ? અરે બાપ રે ! એ લોકો દૂધ કેવી રીતે પીતા હશે ? એવા કેવા જંગલી !" સારાંશ કે, નિર્ભયતાથી અને નમ્રતાથી આપણે પ્રયોગ કરતા કરતા કાયમ આગળ વધવું જોઇએ. સત્યની ક્ષિતિજ આપણે વિશાળ કરતા જવી જોઇએ. વિકાસને માટે હજી ઘણો અવકાશ છે. કોઇ પણ ગુણનો પૂરેપૂરો વિકાસ હજી થયો નથી.

'ગીતા પ્રવચનો' માંથી. **વિનોબા ભાવે**

ભૂદાનના આંકડાઓ

ભૂદાન–આંદોલનના પરિણામે જુન આખર સુધીમાં મળેલાં દાનોના સત્તાવાર આંકડાઓ નીચે મુજબ પ્રગટ થયા છે:–

આસામ–૫૦૦૦ એકર; આંધ્ર–૬૨૬૩૪; બંગાલ–૧૧૯૮૪; **બીહાર-૨૧,૪૭,૮૪૨;** મુંબઈ–૬૭૪; દીલ્હી–૩૯૬; ગુજરાત–૪૪૯૦૭; હિમાચળ પ્રદેશ–૧૫૬૮; હૈદ્રાબાદ ૧,૭૬,૨૯૬; કર્ણાટક–૩,૬૦૪; કેરલ ૨૮,૮૭૯; મહાકોશલ–૮૩,૫૪૧; મધ્ય ભારત–૫૫,૪૯૪; મહારાષ્ટ્ર–૩૦,૮૪૬; માળસોર–૯,૧૩૫; નાગપુર–વિદર્ભ-૭૬,૮૩૨; ઓરીસ્સા–૨,૮૫,૦૨૯; પંજાબ–પેપ્સુ ૧૫,૮૦૨; રાજસ્થાન–૩,૮૩.૭૭૯; સૌરાષ્ટ્ર–૩૧,૧૫૧; તામીલનાડ–૫૩,૯૭૭; ઉત્તર પ્રદેશ–૫,૮૫,૨૪૬; અને વિંધ્ય પ્રદેશ–૮,૮૨૮. **કુલ કુળો ૪૧,૦૩,૭૪૪** એકર.

આ ભૂમિદાનમાં બીહારનો સૌથી પહેલો નંબર છે–૨૧,૪૭,૮૪૨ અને ઉત્તર પ્રદેશનો બીજો નંબર છે–૫,૮૫,૨૪૬. હૈદ્રાબાદ જ્યાંથી ભૂદાન પ્રવૃત્તિ શરૂ કરવામાં આવી હતી ત્યાંથી ૧,૭૬,૨૯૬ એકર દાનમાં મળેલ છે અને આજે જ્યાં વિનોબાજી પ્રવાસ કરી રહેલ છે ત્યાં આજ સુધીમાં ૫૩,૯૭૭ એકર જમીન મળી છે. આ રીતે કુલ એકઠી થયેલ ૪૧,૦૩, ૭૪૪ એકર જમીનમાંથી ૫,૦૧,૨૨૩ એકર જમીન ૧,૫૨,૫૩૭ કુટુંબોને વહેંચવામાં આવી છે. દાતાઓની સંખ્યા ૫,૪૬,૧૯૧ છે.

ગ્રામદાન સંબંધમાં ઓરીસ્સા મોખરે છે. કુલ મળેલાં ૧૧૧૦ ગામડામાંથી ૧૦૪૫ ગામડાંઓ ઓરીસ્સામાંથી દાનમાં મળ્યાં છે. બીજાં ગ્રામદાનની વિગત આ મુજબ છે:– આસામ–૧૨; આંધ્ર–૨૦; બંગાળ–૩; ગુજરાત–૨; હૈદ્રાબાદ–૪; કર્ણાટક–૧; મધ્યભારત–૧; રાજસ્થાન–૭; તામીલનાડ–૪ અને ઉત્તરપ્રદેશ–૯.

આ ઉપરાંત ૪૨૭૯૬ દાતાઓ તરફથી વાર્ષિક રૂ. ૮,૧૯,૫૪૫-૬-૮ નાં સંપત્તિદાનનાં વચનો મળ્યાં છે.

જૂના શિક્ષણમાં વિદ્યાર્થીઓ સાદા અને સંયમી થાય એ જવાબદારી સંસ્થા કે શિક્ષકની ગણાતી નથી. તેઓનું ખાનપાન, આહારવિહાર એ બધું ગૃહસ્થાશ્રમનું હોય છે, તે પણ શાણા સંયમી ગૃહસ્થનું નહિ. હવે ૧૦–૧૫ વર્ષ સુધી આવા વાતાવરણમાં ઉછરતી પ્રજા રહે અને આવી આદતો તેને પડે તો તેનું પરિણામ આપણે આજે જોઇએ છીએ તે ન આવે તો બીજું શું આવે?

નઈ તાલીમ વિદ્યાર્થીના જીવનને તેની વિદ્યાનું એક અનિવાર્ય અંગ માનીને પોતાની યોજના બનાવે છે. એક પ્રકારના આશ્રમ-જીવન કે બ્રહ્મચર્યજીવનમાં વિદ્યાર્થીઓને રહેવાનું મળે તેનાં ઉપર તે ખૂબ જ ભાર મૂકે છે. વળી જે કંઈ વિદ્યા ભણાવવામાં આવે છે તેનો હેતુ પોતાની કારકીર્દી અને કમાણી વધારવાનો નઈ તાલીમમાં હોતો નથી. પ્રથમ પાઠથી જ સમાજસેવા અને દેશનું નવનિર્માણ એ જ મુખ્ય હેતુ રાખવામાં આવે છે. ખરી રીતે તે તે વિદ્યા માત્ર વિદ્યાલયમાં બેસાડીને આપવાની રીત નઈ તાલીમને માન્ય નથી, વિદ્યા શીખતા જાઓ, તેનો સમાજસેવામાં ઉપયોગ કરતા જાઓ, તેમ કરતાં કરતાં વધારે જિજ્ઞાસાઓ ઉગાડતા જાઓ અને વિદ્યાને વધારે ને વધારે ઊંડાણમાં ઉતારતા જાઓ. આ નઈ તાલીમની પદ્ધતિ છે.

દેખીતું છે કે શિક્ષક માત્ર વ્યાખ્યાતા જ રહીને આ પદ્ધતિએ શીખવી ન જ શકે. નઈ તાલીમ શિક્ષકને દરેક કામમાં અને દરેક પ્રવૃત્તિમાં વિદ્યાર્થીની સાથે અને તેની આગળ ને આગળ રહેવાનું કહેતાં કદી થાકતી જ નથી. જ્યાં પણ આજે નઈ તાલીમનું કામ સાચા અર્થમાં ચાલે છે ત્યાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોને જૂદા તારવવા મુશ્કેલ પડશે.

ત્રીજો અસંતોષ જૂના શિક્ષણ માટે લોકોનો એ સંભળાય છે કે વિદ્યાર્થીઓમાં સર્જનશક્તિ આવતી નથી, મૌલિક વિચારશક્તિ ખિલતી નથી, સંશયાત્માપણું વધારેપડતું આવી જાય છે, તર્કવાદી-પણું વધી પડે છે.

પ્રથમથી યોજના બનાવતાં આ વસ્તુનો વિચાર ન કરવો અને પછી શિક્ષણ પૂરું થતાં ફરિયાદ કરવી એ વ્યર્થ છે. નઈ તાલીમ મૂળમાંથી જ એવી કાર્યપદ્ધતિ સ્વીકારે છે કે જેનાથી સામાન્ય શક્તિ વાળા વિદ્યાર્થીઓ પણ સર્જનશક્તિ અને મૌલિકતા ખિલવી શકે. શિક્ષણકાળ દરમ્યાન વિદ્યાર્થીઓને અનેક ઉદ્યોગો અને સેવાકાર્યો કરવાનાં આવી પડે છે, કે જેમાં આવી શક્તિઓને વિકસવા માટે અવકાશ મળતો જ રહે છે. પરિણામ બતાવી શકીએ એટલું નઈ તાલીમનું કામ હજુ થયું નથી, છતાં અધૂરાં કામોમાં પણ આ તત્ત્વો પ્રત્યક્ષ જોઈ શકાય તેમ છે.

જૂના શિક્ષણ વિષે આપને અહીં બીજો એક અસંતોષ છે કે નહિ તે હું કહી શકતો નથી, પણ અમારા જેવાઓને તો તે વાતનો બહુ મોટો અસંતોષ છે. જૂના શિક્ષણમાંથી આજ કાલ રાષ્ટ્રભક્તિ અને સ્વદેશીનો પ્રેમ, વિદ્યાર્થીઓને ચડતો જોવામાં આવતો નથી. તો પછી ખાદી અને ગ્રામઉદ્યોગનો પ્રેમ અને ગ્રામજીવન માટેનો પ્રેમ તો કયાંથી જ ખિલે? નઈ તાલીમ આ ગુણો ખિલવે નહિ તો તે નઈ તાલીમ જ નથી. તેથી તે મૂળમાંથી જ આગ્રહ રાખે છે કે શિક્ષણનું કામ તો ગ્રામ પ્રદેશમાં જ થવું જોઇએ, શિક્ષણનો આધાર સ્વાવલમ્બી જીવન ઉપર જ માંડવો જોઇએ. જીવનમાં સ્વાવલંબનનો આગ્રહ બંધાય તો સ્વદેશીનો અને રાષ્ટ્રપ્રેમનો આગ્રહ આવ્યા વિના ન જ રહે.

આ રીતે જૂના શિક્ષણ માટે સામાન્ય જનતાને અને માતા-પિતાને જે જે અસંતોષનાં કારણો છે તેનું નિવારણ નઈ તાલીમ કરવા માગે છે. નઈ તાલીમનું જે થોડું પ્રયોગાત્મક કામ ચાલ્યું છે તે જોશો તો આ કથનની સત્યતા આપ જરૂર કબૂલ કરશો. હું આગ્રહપૂર્વક આપ સૌને વિનંતિ કરું છું કે આપ પ્રત્યક્ષ જોઇને ખાત્રી કરો અને તમને ખાત્રી થાય તો નઈ તાલીમને પૂરો ટેકો આપો અને અંતરના આશીર્વાદ આપો.

પરંતુ મારે દુઃખ સાથે કબૂલ કરવું જોઇએ કે જનતાનો ટેકો અને આશીર્વાદ તેને બહુ ઓછાં મળે છે. ટેકો માત્ર મોઢાના શબ્દથી આપી શકાય નહિ, પોતાનાં બાળકો માટે નઈ તાલીમની યોજના કરવાનું શરૂ કરી દેવાથી જ આપી શકાય. આશીર્વાદ પણ મોઢાના ન હોય, પોતાના બાળકોને શ્રદ્ધાથી નઈ તાલીમ આપી અપાવીને જ સાચા આશીર્વાદ આપી શકાય.

પરંતુ જ્યારે તે પ્રસંગ આવી પડે છે, જ્યારે આપણાં પોતાનાં બાળકોને જ નઈ તાલીમ આપવાનો પ્રસંગ આવે છે ત્યારે આપણી શ્રદ્ધા કસોટીએ ચડે છે, આપણો જૂની તાલીમ માટેનો અસંતોષ હોઠમાંથી જ નીકળતો હતો કે અંતરના ઊંડાણમાંથી એની કસોટી થઇ જાય છે.

નઈ તાલીમ આપણાં બાળકોને સાદા, સંયમી, સ્વાવલમ્બી જીવન માટે ઘડે છે એ તરફ હૃદય સંમતિ આપે છે, પણ આપણું વહેવાર મન એકદમ પાછું હઠી જાય છે. છોકરાંઓ ભણીગણીને મોટા પગાર કમાનારા નહિ થાય, ન્યાત જાતમાં આગળ પડતા નહિ થાય, ધન સાધન સંપન્ન મુંબઇગરા નહિ થાય, પરંતુ તેઓ મહેનતુ ગ્રામવાસીનું જીવન પસંદ કરતા થશે, મુંબઇના ધંધાઓ અને સુખ સગવડો અને સમાજ છોડીને ગામવાસીઓનું જીવન પસંદ કરશે, તેમની વચ્ચે જઇને બેસશે. તેમના ધંધાઓ કરશે, એ વિચાર શું આપણે સહન કરી શકીએ છીએ? એ નજર સામેના ભવિષ્યથી આપણે ભડકીએ છીએ, અને તેથી જ નઈ તાલીમને આપણો ટેકો અંતરમાંથી મળતો જણાતો નથી.

ભલે આપના આશીર્વાદ આજે મળે કે ખૂબ ખૂબ અનુભવોની તાવણી થયા પછી મળે, પણ એ વાત શંકા વગરની છે કે નઈ તાલીમનો અવતાર આજનું શહેરોનું કૃત્રિમ જીવન બદલી દેશમાં ગ્રામ-જીવનને ફરીથી સ્થાપવા માગે છે. આજે ગામડાં અત્યંત કંગાલ થયાં હોવાથી ભાંગતાં જાય છે અને શહેરો ઊભરાતાં જાય છે. નઈ તાલીમ ગામોને ફરીથી રહેવા લાયક બનાવવા માગે છે. શહેરની ગંદકી, સંકડાશ અને ધાંધલથી ત્રાસેલા લોકોનો પ્રવાહ ગામડાં તરફ વળવાની એની મહત્ત્વાકાંક્ષા છે.

જમીનો, મીલકતો, અને વેપાર ધંધાઓ આજે ચાલે છે તે રીતે ચાલે તો તે સ્થિતિ કદિ આવવાની આશા નથી. ગામડાં રહેવા લાયક કદિ બની શકે નહિ. તે બધામાં આમૂલાગ્ર પરિવર્તન કરવાનું નઈ તાલીમનું ધ્યેય છે. ઊગતી પ્રજાનાં મનમાં અને ચારિત્ર્યમાં તે આ આદર્શ ભરવા માગે છે.

નઇ તાલીમને ખિલવા દેશો તો આજની સમાજરચનામાં તે જરૂર ક્રાન્તિ લાવશે. નવી કેળવણી લીધેલા બાળકો અને બાળાઓ આ જર્જરિત રચનાને સહન કરી શકશે નહિ. એક તરફ શ્રીમંત અને મધ્યમ વર્ગો અને બીજી તરફ દારિદ્રય અને શોષણથી ખદબદતાં કરોડો–એ સ્થિતિ માટે નઈ તાલીમ સુગ પેદા કરશે. આ બધું સુધારીને પુરાણકાળના વર્ણો ફરીથી સ્થાપન થવાના છે એવા સ્વપ્નાં પણ છોડવાં પડશે. ઉચ્ચ નીચના ભેદો ઉપર રચાએલી અને કરોડોને કાયમ માટે શૂદ્રત્વમાં ડૂબાડી રાખનારી વર્ણવ્યવસ્થાને પણ નઈ તાલીમ સહન કરશે નહિ. દરેક વ્યકિતમાં ચારે વર્ણોનો વિકાસ થાય એ નઈ તાલીમની સામેનું ચિત્ર છે. દરેક મનુષ્ય શ્રમ અને ઉદ્યોગમાં આનંદ માણી શકે, દરેક મનુષ્ય શૂર અને વીર હોય, દરેક મનુષ્ય બુદ્ધિમાન અને શ્રદ્ધાવાન હોય, દરેક મનુષ્ય બીજાના ઉપર ઓછામાં ઓછો ભાર રૂપ થઈ બીજાને વધારેમાં વધારે ઉપયોગી થવામાં ગૌરવ સમજતો હોય–આવા મનુષ્યોનો સમાજ નઈ તાલીમને અસ્તિત્વમાં લાવવો છે.

આજનું જે કંઈ અભદ્ર અને કદંગુ છે તે તો જશે જ. પણ આજની ભદ્ર સમાજના ઘણા દેખાવનાં વિવેકો અને ખાનદાનીઓ, સગવડો અને પોચાં પોચાં સુખોને પણ નઈ તાલીમ રજા આપશે. અને તેને સ્થાને શરીરશ્રમ, સ્વાવલમ્બન, સ્વદેશી, સહકાર ઉપર રચાયેલું સ્વચ્છ, જ્ઞાનમય, આનંદમય ગ્રામજીવન સ્થાપન કરશે.

જૂનું છોડીને આ નવું જીવન ઘડવા માટે નઇ તાલીમને સૌના આશીર્વાદ મળવાની જરૂર છે.

અહિંસાના ભકતોના આશીર્વાદ તો ખાસ મળવા જોઇએ. કારણ કે નઈ તાલીમ એ અહિંસાના પાયા ઉપર સમાજવ્યવસ્થા રચવાનો અપૂર્વ પ્રયોગ છે.

જુગતરામ દવે

નઈ તાલીમ

(ગત પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન તા. ૫-૯-૫૬ ના રોજ ગુજરાતના સુપ્રસિદ્ધ રચનાત્મક કાર્યકર શ્રી જુગતરામ દવેએ આપેલા વ્યાખ્યાનની સંક્ષિપ્ત નોંધ.)

આપની પાસે આજે મારે નઇ તાલીમ વિષે બોલવું છે. આપ સૌ શિક્ષકો નહિ હો, એટલે હું આ નવી શિક્ષણપદ્ધતિની ખૂબીઓ અને ટેકનિકલ બાબતોમાં ન ઊતરું. તમે માતા પિતાઓ તરીકે પોતાનાં બાળકોની ઉત્તમ કેળવણી થાય એમ ઇચ્છનારાંઓ છો, અને નાગરિકો તરીકે રાષ્ટ્રનો ઉત્તમ વિકાસ થાય, આપણું રાષ્ટ્ર જગતના વિકાસમાં પોતાનો ફાળો ઉત્તમ પ્રકારે આપી શકે એમ ઇચ્છનારાંઓ છો. આ લક્ષમાં રાખીને હું આજે નઇ તાલીમની સામાજિક બાજુઓ વિષે જ વિવેચન કરીશ.

તમારામાંના મોટા ભાગના જૈનો છો અને પર્યુષણના પવિત્ર દિવસોમાં જ્ઞાનચર્ચાઓ કરવા ભેગા મળેલા છો. આપણાં બાળકોના જીવનમાં તેમજ આપણા સમાજમાં અહિંસાનો વિકાસ થાય એ તમારી ઝંખના હોય એ સ્વાભાવિક છે, કારણ કે જૈન ધર્મમાં જે અનેક ખૂબીઓ રહેલી છે તેમાંની મોટામાં મોટી એ છે કે તેણે અહિંસાના વિચાર તેમજ વર્તનનો અત્યંત ઝીણવટમાં ઊતરીને, વૈજ્ઞાનિક ચોકસાઇ સાથે વિકાસ કર્યો છે.

જૂની કેળવણી વિષે સૌને ઘણો જ અસંતોષ છે. આપને પણ હોય એ દેખીતું છે. હાલના શિક્ષણથી આપણાં બાળકોનાં ચારિત્ર્ય ઉત્તમ રીતે ઘડાતા નથી એ મોટામાં મોટી ફરિયાદ છે. નઇ તાલીમ વધારેમાં વધારે ભાર કોઇ બાબત ઉપર મૂકતી હોય તો ચારિત્ર્ય ઘડવા ઉપર મૂકે છે.

નઇ તાલીમ તેના આ ઉદ્દેશમાં સફળ થશે કે નહિ તેનો આધાર ઘણા ઘણા સંયોગો ઉપર રહે છે. મોટામાં મોટો આધાર આપ માતા પિતાઓ અને નાગરિકો તેને કેટલો સહકાર અને આશીર્વાદ આપશો તેના ઉપર રહે છે. કોઈ પણ શિક્ષણનો આધાર—જૂના શિક્ષણનો પણ —નાગરિકોના—માતા પિતાના સહકાર ઉપર છે. શાળા કોલેજોમાં શિક્ષણ મળે છે તે પ્રમાણમાં ઘણું ઓછું છે. મોટા ભાગનું શિક્ષણ તો ઘરમાં અને સમાજમાં મળે છે, મળવું જોઇએ. ગણિતની ભાષામાં કહેવું હોય તો શાળામાં એક ભાગનું મળતું હશે તો ઘર અને સમાજમાં ત્રણ ભાગ મળતા હશે.

જૂના શિક્ષણવાળાઓ પણ બૂમો પાડે છે કે શાળાઓમાં તેઓ જે કંઈ ભણાવે છે અને લેસનો આપે છે તે પાકા કરવાનું પૂરતું ઉ-તેજન આજ કાલ માબાપ છોકરાઓને આપતાં નથી. માબાપો શિક્ષકો સામે બૂમો પાડે છે, તેઓ છોકરાંઓ ઉપર લક્ષ રાખતા નથી. છોકરાઓ રખડૂ થાય છે, ન કરવાનાં વ્યસનો કરતા થાય છે, ન કરવાની ચળવળોમાં જોડાય છે.

પણ બન્નેની આ બૂમો ઉપર ઉપરની છે. શું બગડી રહ્યું છે તે અંદર ઉતરીને જોવાની જરૂર છે. એમ અંદર ઊતરીને જોનારાઓને જે જડયું છે તે નઇ તાલીમ છે.

આપણે ઊંડા ઉતરતા નથી તેથી એવી આશા રાખવામાં આવે છે કે આપણે તો જેવા છીએ તેવા જ રહેવાનું છે, માત્ર શિક્ષણ સુધારવાથી બધું સુધરી જશે. આપણાં ઘરો અને કુટુંબો જે રીતે ચાલી રહ્યાં છે તેમજ ચાલતાં રહેવાં જોઇએ, આપણા વેપારધંધા જેવા ચાલે છે તેવા જ ચાલતા રહેવા જોઇએ. આપણી સામાજિક અને રાજદ્વારી સંસ્થાઓ ચાલે છે તેવી જ ચાલવી જોઇએ પરંતુ આપણી શાળાઓ અને મહાશાળાઓ સુધરી જવી જોઇએ, આપણા અધ્યાપકો અને પ્રાધ્યાપકો સુધરી જવા જોઇએ.

આપણે અપેક્ષા રાખીએ છીએ કે આપણાં ધ્યેયો અને આપણા જીવનસિદ્ધાન્તો છે તેવા ચાલુ રહેવા જોઇએ, પણ શિક્ષણમાં છોકરા છોકરીઓને વધારે સારા ઉપદેશો મળવા જોઇએ.

હવે આપણાં બાળકોના શિક્ષણ સંબંધમાં આપણને કઈ કઈ બાબતોનો અસંતોષ છે તેનો વિચાર કરીએ.

હાલનું શિક્ષણ ઘણું જ અર્થાળ છે, સામાન્ય માબાપો તેમના ભણતરનો બોજો ઉપાડી શકતાં નથી. તમે મુંબઈવાળાઓ બહુ તણાઈ તણાઇને કદાચ ઉપાડી શકતાં હશો. પણ મુંબઇમાં પણ હજારો માબાપ એવાં છે કે જેઓ પોતાનાં બાળકોને પ્રાથમિક ભણતર માંડ પૂરું કરાવી શકે છે. ગામડામાં તો મારી રોજની માહીતીની વાત છે કે મોટા ભાગનાં માબાપો પ્રાથમિક શિક્ષણ પણ બાળકોને અપાવી શકતાં નથી. બાળકો ૭-૮ વર્ષનાં થાય ત્યારથી તેમને કંઇકને કંઇકે ધંધે લગાડવાં પડે છે. પારકી મજુરીએ ન મોકલતાં હોય તેઓ પણ પોતાનાં બાળકોને ઢોર ચારવા મોકલે છે અથવા નાનાં ભાંડુને સાચવવાનું કામ સોંપે છે. તે કામોમાંથી માબાપ મુક્ત થાય ત્યારે જ તેઓ કંઇ પણ ઉત્પાદક મહેનત મજૂરી કરવા જઈ શકે છે.

આપણા આગેવાનો અને આપણી સરકારો ફરજિયાત શિક્ષણ દેશમાં દાખલ કરવાનો પ્રયત્ન ઉત્સાહની સાથે કરે છે, ગામડાંના લોકો તેમના આગ્રહનો જવાબ તેટલા જ ઉત્સાહથી આપી શકતા નથી. કાયદો કરનારાઓ એથી અકળાય છે. પણ અકળાવાથી શું વળે? જે લોકો દેશની વસ્તુસ્થિતિ સમજે છે તેઓ તેને પહોંચી વળે એવા કંઇક મૌલિક રસ્તા—વિચારે છે. ગાંધીજીએ રસ્તો સૂચવ્યો કે વધારે નહિ તો છોકરાંઓ ભણતા ભણતાં પોતાનાં કપડાં બનાવી લે એ રીતે બાદીવિદ્યા તેમને શીખવો, એકાદ ટંકનો એમનો નાસ્તો નીકળે એ રીતે ખેતીવાડી એમને શીખવો, જેથી માબાપના લાચાર સંસારમાં શાળા મદદ રૂપ થાય, જેથી એમને શાળાના કામમાં રસ પેદા થાય, બાળકોને ત્યાં મોકલવાનો ઉત્સાહ થાય. પણ આપણે તો જ્યાં બાદીનું કામ કરીએ છીએ ત્યાં પણ એવી રીતે કરીએ છીએ કે બાળકોના શરીર ઉપર બાદી આવે જ નહિ.

રાજાજી જેવા સૂચવે છે કે બે ત્રણ કલાક ભણાવીને સંતોષ માનો, બાકીનો વખત બાળકોને માબાપના ધંધાઓમાં મદદ કરવા દો, એ પણ શિક્ષણ જ છે ને.

વિનોબાજી, એક બે કલાકની કેળવણી મળી જાય અને બાળકો બીજો બધો વખત ઉદ્યોગ કરતાં રહે એટલે સુધી જવા તૈયાર છે.

આ તો બુનિયાદી કક્ષાનાં નાનાં બાળકોની વાત થઈ. તેનાથી આગળ માટે આપણી જૂની દુનિયા એવું માનવાને ટેવાઇ ગઇ છે કે ૧૦૦ ટકા બાળકોમાંથી માધ્યમિક શિક્ષણ ૧૦-૧૫ ટકા મેળવી શકે તો સંતોષ રાખવો, અને ઉચ્ચ શિક્ષણ તો તેમાંથી બે બે પાંચ ટકા મેળવે તો બહુ થઈ ગયું. પણ નઇ તાલીમ તેવું માનતી નથી. તે તો એકે એક બાળક અને એકે એક બાળા માધ્યમિક શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણ પણ પૂરું પામે—પૂર્ણ વિકસિત મનુષ્ય બને એવી અભિલાષા રાખે છે, અને તેની કાર્યપદ્ધતિ એવી છે કે જે કોઇ બાળક કે બાળાને શિક્ષણ લેવાની ઇચ્છા થાય તે પોતાના બાહુબળથી તે પ્રાપ્ત કરી શકે છે. શિક્ષણ ખર્ચાળ હોવાની ફરિયાદનો નઇ તાલીમમાં સવાલ જ ઊભો થતો નથી.

માતાપિતા અને સમાજનો જૂના શિક્ષણ માટે બીજો મોટો અસંતોષ એ છે કે બાળકો તેમાં પસાર થવાથી બોજારોપ કરનારા થાય છે, અને મહેનતથી દૂર નાસે છે.

હવે ખરી રીતે તો તેઓ એવા ન થાય તો જ નવાઇ પામવી જોઇએ. કારણ એ શિક્ષણની આખી યોજના જ એ માટેની છે. કારકુનો, અમલદારો, વેપારીઓ કે અધ્યાપકો થવા માટેની જ તૈયારી મન વચન અને કાયાથી ત્યાં કરાવવામાં આવે છે. ખેતી, ઘડનેરી, વૈદક જેવા વિષયોનું શિક્ષણ, જેમાં જાતમહેનત અને ખડતલપણું જરૂરનું છે, તે પણ આપણા દેશમાં તે ઉદ્દેશ રાખીને આપવામાં આવતું નથી. નજર સામે ધ્યેય તો એક જ રહે છે કે છેવટે તે તે વિષયોની અમલદારી જ કરવાની છે.

સળગતો પ્રશ્ન

(આજે જ્યારે દ્વિભાષી મુંબઇ પ્રદેશ વિરુદ્ધ મહાગુજરાતનો પ્રશ્ન આપણ સર્વ ગુજરાતીઓના દિલમાં તરેહ તરેહના આઘાત પ્રત્યાઘાત પેદા કરી રહેલ છે ત્યારે આપણા ગુજરાતના એક જાણીતા લેખક ચિન્તક અને સામાજિક કાર્યકર શ્રી નવલભાઇ શાહે સંવાદના આકારમાં લખેલી અને મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર તરફથી પ્રગટ થયેલ એક નાની પુસ્તિકાનો ઉપયોગી ભાગ, પ્રબુધ્ધ જીવનના વાંચકોને પ્રસ્તુત પ્રશ્ન અંગે એક વિશદ વિચારસરણી પૂરી પાડશે એ આશાએ, પ્રબુધ્ધ જીવનમાં પ્રગટ કરવાનું યોગ્ય વિચાર્યું છે. તેનો પહેલો હફ્તો નીચે મુજબ છે. પ્રશ્નકાર અને લેખકનો ક્રમ વાંચનારના ધ્યાનમાં રહે એ માટે પ્રશ્નકાર માટે † ચિહ્ન અને લેખક માટે * ચિહ્ન મૂકવામાં આવેલ છે. **તંત્રી**)

† "તમે અમારી લાગણી નહિ સમજી શકો. અમારી આંખ સામેથી અમદાવાદમાં બનેલાં એ દૃશ્યો હજુય ખસતાં નથી. એ સત્તર–અઢાર વર્ષના એ કૂમળા વિદ્યાર્થીઓની લાશો...કોઇની ખોપરી ગઇ, કોઇનાં આંતરડાંના લોચા...એ વિચાર અત્યારે પણ મને..." એક યુવાન વિદ્યાર્થીએ વાત કરી. એ યુવાનની વાતોમાં ઘેરી છાયા, દુઃખ અને અપાર લાગણી હતી.

* "તમારું દુઃખ હું સમજી શકું છું. ગમે તે માણસના દિલમાં દુઃખ ઉપજાવે એવી આ ઘટના છે જે કાંઇ બન્યું છે તેથી મારું હૃદય પણ ઊંડી અનુકંપા અનુભવે છે."

† "તમે નહિ સમજી શકો. હું એનો પ્રત્યક્ષ સાક્ષી છું." યુવાને કહ્યું.

* "તમારી વાત સાચી હશે. પ્રત્યક્ષ જોયું હોય તેની દિલ પર જે છાપ પડે ને જે લાગણી તે અનુભવે તેટલી કલ્પનાથી ન અનુભવાય. પણ હવે શું ?"

† "મારું મન એ થયેલા ગોળીબાર સિવાય બીજું કશું જ વિચારી શકતું નથી." કરુણ ભાવ ચહેરા પર લાવી તે બોલ્યો.

* "જુઓ, જે થઈ ગયું છે તે હવે મિથ્યા થવાનું નથી. હું તો અત્યારે એ સમજવા માગું છું કે આપણી ફરજ શી ?"

† "અમારા યુવાનોનાં અંતરને ઠોકરે મારી વિદર્ભ દ્વિભાષી રાજ્યને ગુજરાતની પ્રજાને માથે મારવામાં આવ્યું છે. તમોને અમારી અત્યારની માનસિક પરિસ્થિતિનો ખ્યાલ નહિ આવે. આજે મોરારજીભાઈ ઉપવાસ ઉપર છે તેનું અમોને પણ દુઃખ છે. ખાવાનું ય ભાવતું નથી. પણ તેઓ તો બાપુજી પાસે રહેલા છે, તેમને ઉપવાસની ટેવ હશે એટલે પાંચ સાત દિવસ ખેંચી શકે. જેમને એક ટંક પણ છોડવાની ટેવ નથી, એવા પણ સેંકડો યુવાનો ત્રણ ઉપવાસ કરશે. ત્રીજે દિવસે સાદડી પર પડી ભૂખથી તે પગ ઘસડતા હશે. તે વખતે પ્રદર્શનના એક પશુની જેમ શહેરના લોકો એમને જોવા આવશે. એ કરુણ ચિત્રની કલ્પના આવતાં જ મારું ચિત્ત થીજી જાય છે. મોરારજીભાઇ ભૂખ્યા રહે તે અમોને જરાય ગમતું નથી. અમારો લોકનેતા ભૂખ્યો હોય ત્યારે અમોને ખાવાનું શી રીતે ભાવે ? પણ એ ભૂખ્યા રહીને અમારા વિચારોને, અમારી ભાવનાઓને કચડી રહ્યા છે. તેનું અમોને અનેકગણું દુઃખ છે."

* થોડી વાર હું મૂગો રહ્યો. લાગણી અને લાગણીજન્ય આવેગે તેમના આખાયે ચિત્તનો કબજો લીધો હતો. એટલે સહેજ શાંત રહી પૂછ્યું : "તમોને લાગે છેને કે કોઈ પણ પ્રશ્નનો વિચાર આપણે સ્વસ્થ ચિત્તે જ કરી શકીએ ?"

† "હા." જાણે ઊંડા શોકમાં ડૂબી ગયા હોય તેવી રેખાઓ ચહેરા ઉપર અંકાઈ ગઇ.

* "જો તમે શાંત ચિત્તે વિચારો તો હું તમોને સમજવા માગું છું. તમે આ આંદોલનમાં સક્રિય રસ લો છો એટલે મને આખી વસ્તુસ્થિતિનો તમારા પાસેથી વધુ ખ્યાલ આવી શકશે."

† "જરૂર."

* "હું એમ સમજ્યો છું કે તમારો મુખ્ય પ્રશ્ન મહાગુજરાત અને વિદર્ભ સહિતની દ્વિભાષી રાજ્યરચનાનો છે."

† "હા. પણ એટલું જ નથી, ગુજરાતની લોકલાગણીને ઠોકરે મારી જે રીતે આ નિર્ણય લાદવામાં આવ્યો છે તે સામે અમારો વિરોધ છે."

* "બરાબર, આજે જે આંદોલન ચાલે છે તે આંદોલનમાં બે મુખ્ય પ્રશ્નો છે : એક લેવાયેલો નિર્ણય અને બીજું તેની પદ્ધતિ."

† "એટલું જ નથી." વચમાં જ ઉશ્કેરાઈને તેઓ બોલી ઊઠ્યા, "આ સત્તર યુવાનોના લોહીના રેલા...."

* "ઠીક, તમારી આંખ સામે આ ત્રણ મુદ્દા છે, ખરું ને ?"

† "હા."

* "પણ એ બધાના મૂળમાં દ્વિભાષી રાજ્યરચના અને મહાગુજરાતની રાજ્યરચના જ મુખ્ય ગણાય, નહિ ? બાકીના તો તેની પદ્ધતિ ને તેની જાહેરાતમાંથી ઊભા થયેલા જ ગણાય, નહિ ?"

† "અત્યારે જો મને કોઇ પૂછે તો મારી આંખ સામે સૌથી પહેલો મુદ્દો અન્યાયી ગોળીબારનો જ છે."

* "તમારી અત્યારની માનસિક ભૂમિકા અને ચિત્તની સ્થિતિ જોતાં એ જ લાગે; પણ શું તમોને એમ લાગે છે કે માત્ર લાગણીના બળ (Sentiment) ઉપર જ આખું આંદોલન ચાલી શકે ? આંદોલન પાછળ મુખ્ય સૈદ્ધાંતિક મુદ્દો તો દ્વિભાષી રાજ્યરચનાનો જ ગણાય, નહિ ?"

† "શું તમોને એમ નથી લાગતું કે લોકશાહી રાજ્યમાં આવો ગોળીબાર ન થવો જોઇએ ?"

* "લોકશાહી રાજ્યવ્યવસ્થામાં ગોળીબાર ન જ થાય એ આદર્શ સ્થિતિ ગણાય. એવી સ્થિતિ મને ગમે છે. ગોળીબારથી એક પણ માણસ વીંધાઇ જાય એનો આઘાત કોને ન લાગે ? પણ હું તમોને એક પ્રશ્ન પૂછું કે, આવા ગોળીબારો અટકાવવા માટે લોકોની પણ જવાબદારી ખરી કે નહિ ?"

† "લોકોની લાગણી આવા પ્રસંગે એકાએક ઉશ્કેરાઈ જાય એ શું સહજ નથી ?"

* "ઉશ્કેરાય, તે હું માનું છું, તેઓ શાંત વિરોધ પણ કરે, પોતાનો અભિપ્રાય પણ વ્યકત કરે. પણ ધારો કે ઉશ્કેરાટમાં ટોળું કોઇના જાનને ઈજા પહોંચાડે કે કોઇની માલમિલકતને બાળવા ધસે, ત્યારે સરકારની ફરજ શું ? શું સિપાઇ હાથ જોડીને બેસી રહે ?"

† "ના, પ્રજાના જાનમાલનું રક્ષણ કરવું એ એની ફરજ છે."

* "ધારો કે સમજાવવા છતાં ન માને અને સિપાઇ ઉપર જ કારમો હુમલો કરે તો ?"

† "તે વખતે એ કડક પગલાં લઇ શકે."

* "એટલે ?"

† "લાઠીમાર, ટીયરગેસ વગેરે ચલાવે."

* "ધારો કે તેથી પણ ટોળું ન તાબે થાય તો ?"

† "હવામાં ગોળીબાર કરી શકે."

* "અને છતાં ન અટકે તો ?"

† "એવો ન છૂટકે ગોળીબાર કરવો પડે એ એની ફરજ છે. પણ આ પ્રશ્નમાં એવું કશું બન્યું નથી."

* "એ તો વિગતની વાત થઈ. જો તમે મને પૂછો તો ભારતવર્ષે જે અહિંસાનો આદર્શ જગતને આપ્યો છે તે અપેક્ષાએ એનો સિપાઇ ખપી જાય."

† "એવું અત્યારની પરિસ્થિતિમાં આપણાથી કેમ કહી શકાય ?" યુવાને કહ્યું.

* "તમારી વાત બિલકુલ વાજબી છે. પણ હું તો કહું છું કે ભારતવર્ષમાં પ્રજા ઉપર ગોળીબાર કરવો પડે એ દુઃખદ પરિસ્થિતિ છે અને જો સરકાર પાસે આપણે ગોળીબારની મર્યાદા સ્વીકારાવવી હોય તો આપણે અહિંસાને માટે જીવન આપનારા શાંતિ સૈનિકો ઊભા કરવા જોઇએ. જ્યાં જ્યાં આવાં તોફાનો થાય ત્યાં તોફાની

ટોળા અને સિપાઇની વચ્ચે તેઓ આવીને ઊભા રહે અને એમ કરતાં બલિદાન આપવું પડે તો આપી દે.

"મને લાગે છે કે આવું એક સમજપૂર્વકનું બલિદાન પારાવાર હિંસાને અટકાવી શકે. આ લખવું સહેલું છે, વિચારવું પણ સહેલું છે પણ વિચારપૂર્વક મરવું ખરેખર વિરલ પુરુષો માટે જ શક્ય છે."

† "જો એવું થાય તો તો સિપાઇના હાથ પણ પાછા પડે અને ટોળું પણ મર્યાદા સ્વીકારી લે." યુવાને કહ્યું.

* "વાસ્તવમાં હિંસાનો આશ્રય બંને પક્ષે છે."

† "તમે એવું શી રીતે કહી શકો?"

* "જેના હાથમાં પથ્થર છે તેના દિલમાં પણ દ્વેષ છે અને સિપાઇના હાથમાં તો બંદૂક આપણે આપી જ છે. સાધનોની હિંસક બળની અપેક્ષાએ ભેદ લાગે. માણસ પોતાના વિચાર પર કાબૂ ગુમાવી દઇ આવેશમાં આવી જઇ વર્તન કરે તે પણ શું હિંસા નથી? એને રોકવાનો માર્ગ હિંસક પ્રતિકાર નથી; પણ શાંત બલિદાન જ છે?"

† "શું તમારી કલ્પના એવા સૈનિકોની છે કે જે આવી પરિસ્થિતિમાં દોડી આવે?"

* "જરૂર, એવા લોકોનું સંગઠન સાધી શકાય. એવું માનનારા એની પણ પદ્ધતિ વિચારે, સતત એનું જ ચિંતન કરે અને પ્રસંગ પડયે દોડી જાય. પણ આવું બનતું હોય ત્યારે બધા જઇ ન શકે એટલે સમાજમાં એવા વિચારની વ્યક્તિઓ વધે અને તે અંતરસ્ફુરણાથી અથવા એવી શ્રદ્ધાને વરેલો શાંતિસેનાનો સભ્ય હોમાઇ જાય એ જ સાચું બલિદાન છે. અહિંસક જીવન માટે સાચી શહીદી ગણાય."

† "સત્યને માટે શું એવાં જ બલિદાનો, આ સત્તરે યુવાનોએ બાપુના આ પવિત્ર નગરમાં નથી આપ્યા?" યુવાને વચમાં જ કહ્યું.

* "જરૂર, જે સત્તરે ભાઇઓનું મૃત્યુ થયું છે તેનું મનેય દુઃખ છે. એમાંથી કેટલાકના દિલની અંદર મહાગુજરાતને માટે પ્રાણ આપવાની તમન્ના પણ હશે, પણ મૃત્યુની ક્ષણે એ મરનારના અંતરના ભાવો કેવા હતા? અને ઉદાત્ત સિદ્ધાંતની ખાતર મૃત્યુનો સ્વીકાર હતો કે નહીં? તેના ઉપર શહીદીનો આધાર છે. ઇતિહાસમાં સોક્રેટિસનું મૃત્યુ ને ઈશુના વધસ્થંભ પર ચઢવાનાં ભવ્ય બલિદાનો નોંધાયાં છે. તેઓ સત્યને ખાતર શાંતિથી, કોઈ પણ જાતના આવેગ વગર, દેહ નશ્વર છે, સત્ય જ અમર છે, અને જે સત્ય મને સમજાયું છે તેનો આચાર કરતાં જો મારે દેહ ત્યાગવો પડે તો તે પણ સાપ જેમ કાંચળી ઉતારે તેમ દેહને જતો કરી સત્યને સાચવીશ એ ભાવનાથી મૃત્યુને ભેટયા. આ શહીદીની સાચી ભૂમિકા છે. ટોળાના ગોળીબારમાં ગમે તે માણસ મરી જાય એ બનવાજોગ છે. ટોળું ક્યાંય ભાગી જાય ને એવું પણ બને કે ધરની બારીમાં બેઠેલો માણસ ગોળીથી વીંધાઈ જાય. પણ હું માનું છું કે એ ચર્ચા અત્યારે જરૂરી નથી."

† "શું તમોને એમ નથી લાગતું કે આવા બેફામ ગોળીબારની તપાસ ન થવી જોઇએ?"

* "તમે મને મારો વિચાર પૂછો તો હું કહું કે કોઇ પણ ગોળીબારની તો શું કોઇ પણ હિંસક કૃત્યની દરેક બાજુથી જાહેર તપાસ થાય એ અહિંસા તરફ જવાની દૃષ્ટિએ જરૂરી છે. એનાથી બે ફાયદા થાય: એક તો સરકાર અને પોલીસના હાથમાં જે સત્તા મૂકી છે તેનો યત્કિંચિત દુરુપયોગ ન થાય. અને બીજું લોકોના દિલને પણ લાગે કે જે કાંઇ બન્યું છે તેનો ન્યાય અમોને મળ્યો છે. પ્રજાહૃદયને આવી ખાતરી કરાવી આપવી એ ન્યાયના જેટલી અગત્યની વસ્તુ છે."

† "તો અમારી એ માંગ છે. સરકાર શા માટે સ્વીકારતી નથી?"

* "જુઓ, મેં તમોને વિચાર તો કહ્યા, પણ તે એકપક્ષી છે. હું એવું પણ માનું છું કે ગોળીબારની તપાસ માગવાનો જેમ પ્રજાને અધિકાર છે તેમ એ માગતાં પહેલાં જે કાંઇ લૂંટફાટ, બાળવા-બગાડવાનાં કૃત્યો થયાં તેની પણ પ્રજાએ તપાસ યા એકરાર પ્રથમ કરવો જોઇએ, એટલું જ નહીં એની જવાબદારી પણ પ્રજાએ લેવી જોઇએ. જો કે આ વાત કોઇને ગળે નહીં ઊતરે, કારણ કે આપણને હંમેશાં સરકારે શું કરવું જોઇએ તે જ વિચાર આવે છે. જો પ્રજાના પાંચ માણસો પણ આવીને જાહેર કરે કે અમે આવેશમાં આવી જઈ આ ખાદીભંડાર લૂંટયો, આ દુકાન બાળી, આ પોલીસને મેં આટલા પથ્થર માર્યા, તો આવા એકરારમાંથી મોટી નૈતિક શક્તિ ઊભી થશે, જે ગમે તેવી સરકારને પણ પ્રાયશ્ચિત્તના આંસુમાં ડુબાવી દેશે, તો પછી લોકશાહી સરકારનું તો પૂછવું જ શું?"

"મારા આ વિચારથી તમે અકળાઈ બોલી ઊઠશો કે ટોળાએ લાગણીના આવેગમાં આ કરી નાખ્યું. એટલે એ ચર્ચવા માગતો નથી. પણ તમે વિચારજો. બીજું, હું કાંઇ રાજસત્તા પર નથી. એટલે મારા વિચારો કરતાં જે સત્તા પર છે તેમના વિચારો જુદા હોઈ શકે. તેમની પ્રામાણિક માન્યતા આ પણ હોઇ શકે:"

"જુઓ, અમારે રાજ્ય ચલાવવું છે, કાયદો-વ્યવસ્થા જાળવવાં હોય તો સિપાઇને પણ અમુક નિશ્ચિંતતા હોવી જોઇએ. જો સિપાઇને એમ જ થઈ જાય કે હું જે કાંઇ કરીશ તેની તપાસ થશે ને છેવટે દોષનો ટોપલો મારે જ માથે આવશે, તો એ બીકે કટોકટીની પરિસ્થિતિમાં પણ જે કરજરૂપે કરવા જેવું હોય તે ન કરે ને પોલીસનો નૈતિક જુસ્સો (moral) તૂટી જાય."

† "હા, એ ભય તો ખરો જ. પણ આવા પ્રસંગોમાં શું? અહીં તો એવી કોઈ કટોકટી ઊભી થઈ જ ન હતી!"

* "એ તો વિગતની વાત છે. પણ મને જે લાગે છે તે જરા બધારે સ્પષ્ટ કરું: સિપાઇને માથે હંમેશાં તપાસનો ડર હોય તેથી જેમ સિપાઇનો 'મોરલ' તૂટી જાય તે જ ભય સેવાય છે. તે જ રીતે ગોળીબારો મનસ્વી થાય તો પ્રજાનો moral પણ તૂટી જવાનો ભય ઊભો થાય."

† "એ જ અમારું કહેવું છે."

* "પણ તે સ્થિતિ પેદા ન થાય ત્યાં લગી પણ જે લોકશાહીમાં વિચારયુક્ત લોકઘડતર ન હોય, ત્યાં ટોળાંશાહીનું બળ વધે છે. ટોળાંશાહીને અવળે માર્ગે દોરવાઈ જવાનો હંમેશાં ભય છે. આવી સ્થિતિમાં પોલીસનું 'મોરલ' ન તૂટે તે જોવાની જરૂર વિશેષ ઊભી થાય છે; પણ આનો અર્થ એ નથી કે પોલીસ ગમે તેમ વર્તે. પોલીસની દંડશક્તિ ઉપર પણ અંકુશ તો હોવો જોઇએ અને તે માટે આપણે લોકોને ટોળાંશાહીના કબજામાંથી પ્રથમ મુક્ત કરવા જોઇએ. પણ તે સ્થિતિ પેદા ન થાય ત્યાં લગી શું?"

"મને લાગે છે કે જેઓ આ પ્રશ્નમાં સંડોવાયેલા ન હોય, જેમને માટે પ્રજા અને રાજસત્તા ઉપર બેઠેલા લોકોને પૂરતો આદર હોય તેઓ પોતાના અંતરનો ન્યાય પ્રજા અને રાજ્ય બન્ને આગળ વ્યક્ત કરે અને તે એ બધા જ પ્રસંગોમાં વધારે ઉચિત ગણાય. પ્રજામાં જ્યાં સુધી પોતાની ભૂલનો એકરાર કરવાની શક્તિ પેદા ન થાય ત્યાં સુધી એ પ્રશ્ન એવી વ્યક્તિઓના અંતરની લાગણી ઉપર છોડવો એમાં જ શ્રેય લાગે છે ને એ જ સાચો ઉકેલ છે."

† "તમારી આ બધી વાત સાચી, પણ અમદાવાદના હૃદયને જે ગોળીઓ લાગી છે તેનો જખમ જલદી રુઝાય એમ નથી."

* "તમારી લાગણી સાથે હું સંમત થઉં છું. પણ શું તમોને એમ નથી લાગતું કે દુઃખને અનેકવાર યાદ કરવાથી દુઃખ વધે છે અને આપણે સાચી વિચારની ભૂમિકા ઉપર ન આવતાં માત્ર લાગણીથી જ આખાયે પ્રશ્નને વધારે ગૂંચવી નાખીએ છીએ. શું તમોને એવું પણ નથી લાગતું કે કોઇ વાર કેટલાંક અસંતોષી તત્ત્વો અને રાજકીય હિત ધરાવતાં બળો પણ આવી લાગણીનો ઉપયોગ કરી પ્રજાના દિલમાં અસંતોષની લાગણી વધારી પોતાને માટે રાજકીય મહત્ત્વાકાંક્ષાઓ સિદ્ધ કરવા સાનુકૂળ વાતાવરણ સર્જી લેવા મથતા હોય છે. અને એથી પણ વિશેષ ચિંતાનો વિષય તો આ બધાને પરિણામે પ્રજા મૂળ પ્રશ્ન ઉપર વિચાર જ કરવાનું ભૂલી માત્ર આવા લાગણીના આવેગનો જ ભોગ બની જીવે છે તે છે."

† "એવું બને."

અપૂર્ણ **નવલભાઈ શાહ**

ભાવનગરનરેશના ગાદીત્યાગની પૂર્વભૂમિકા

(ભારતને આઝાદી પ્રાપ્ત થયા બાદ અનેક દેશી રાજાઓએ રાજ્યગાદી છોડી અને ભારતમાં કલકત્તાથી કચ્છ અને કાશ્મીરથી કન્યાકુમારી સુધી એક અને અવિભાજ્ય રાષ્ટ્રની સ્થાપના થઇ. પણ આ બધા રાજવીઓમાં સૌથી પહેલ કરનાર અને કેવળ સ્વેચ્છાપ્રેરિત બનીને પ્રજાને ચરણે પોતાનું રાજ્ય ધરનાર ભાવનગર નરેશ શ્રી કૃષ્ણકુમારસિંહજીનો ગાદીત્યાગ અજોડ અને અનુપમ છે. એ ગાદીત્યાગની પૂર્વભૂમિકા ગાંધીજી સમક્ષ કઈ રીતે રચાણી તેનો એક નાનો સરખો રોચક અહેવાલ શ્રી મનુબહેન ગાંધીએ 'નોઆખલી યજ્ઞમાં' એ મથાળા નીચે ભાવનગર સમાચારમાં પ્રગટ થતી લેખમાળામાં આપેલ છે. (તા. ૧-૯-૫૬ નો અંક) જે તેમાંથી અહિં સાભાર ઉધ્ધૃત કરવામાં આવે છે. **તંત્રી**)

એમના ગયા પછી બાપુજીએ આરામ કર્યો. વચ્ચે બળવંતભાઇ મારી પાસે આવી ગયા. આજે ભાવનગરના મહારાજા સાહેબ બાપુજીને મળવા આવવાના છે. મને કહી ગયા કે "બાપુજીને કહેજો કે તેઓ બાપુજીને પટ્ટણીસાહેબ વગર એકલા જ મળે તો વધુ અનુકુળતા રહેશે. અમારા રાજા તો ખૂબ જ ભલા છે. પણ પટ્ટણીસાહેબ કામ પાટે નથી ચઢવા દેતા.

બાપુજીને આ વાત કહી. બાપુજીએ કહ્યું "એમ મોઢાની વાત ન માનું. ભાવનગરના વતનીઓ મને લખે તો કહું. એટલે બળવંત-કાકાએ એક ચિઠ્ઠીમાં ઉપરની વાત લખીને મને આપી.

બાપુજીએ તે ચિઠ્ઠી મારી પાસે રાખવા કહ્યું. અને સાથોસાથ મહારાજા આવે ત્યારે તેમને મોટર પર લેવા જવાની પણ સૂચના આપી. અને તે વેળા આ ચિઠ્ઠી પોતે માગશે.

❖ ❖ ❖ ❖ ❖

પ્રાર્થના પછી બાપુજી ફર્યા, ફરતી વેળા મને ફરી યાદ આપ્યું કે "મહારાજા સાહેબ આવવાના છે તેને બરાબર યોગ્ય રીતે આવકાર આપજો." મને નવાઈ લાગે છે કે બાપુજી ખાસ કોઇને આવકાર આપવાનું અને તે પણ ફરી ફરી હું બેદરકાર ન રહું તેની યાદ કેમ આપ્યા કરતા હશે ? પછી રાતે પૂછીશ, હમણાં તો ફરીને આવ્યાં છીએ. બાપુજી પ્રવચન તપાસે છે. અને પાંચ દસ મિનિટમાં હમણાં ભાવનગરના મહારાજા આવવાના છે એટલે આટલું અધુરું લખી તેમને માટે બહાર જ ઉભી રહું છું.

બાપુજીએ પ્રવચન જોયા પછી તુરત જ મહારાજા સાહેબનો સમય (રાતે ૧૧ વાગે) હોતાં એઓ આવ્યાં. પટ્ટણીસાહેબ સાથે હતા. હું અંદર લઇ ગઈ. બાપુજી પાસે હાજર હતું અને બાપુજી ગરમ પાણી પી રહ્યા હોવાથી ગરમ પાણીનો ગ્લાસ હાથમાં હતો. ઠંડીને લીધે આવતા જતાં ઓરડો બંધ રાખતા હતા. મહારાજા સાહેબ અને પટ્ટણીસાહેબ અંદર દાખલ થયા. મહારાજા સાહેબ માટે મેં ખુરશી રાખી હતી. બંને જણાંનો મારા પ્રત્યે તો દીકરી કરતાં એ વિશેષ પ્રેમ, વાત્સલ્ય અને વિશ્વાસ છે એટલે પટ્ટણીસાહેબ તેમજ મહારાજા સાહેબ પોતાના અંગત કાગળો કે બાપુજી પાસે પહોંચાડ-વાની વાતો પણ કહી જાય છે. તેઓ બાપુજીને પ્રણામ કરવા નીચે નમ્યા, તે દરમિયાન બાપુજીએ પેલો ગ્લાસ મારી તરફ ધરીને તે ઝાલવા કહી પોતે ઊભા થવા મારી સામે હાથ ધર્યો. મેં ધાર્યું બાપુ-જીને બાથરૂમમાં જવું હશે તેથી ઉભા થયા છે. મેં તો બાપુજીને ઉભા કર્યા, અને પાસે જ પડેલી ચાંખડી લેવા ગઇ. બાપુજી મહારાજા સાહેબને હાથ જોડી ફરી બેસી ગયા. અને ગરમ પાણીનો ગ્લાસ હાથમાં લીધો તેમજ મહારાજા સાહેબને પણ ગરમ પાણી અને મધ જો લે તો પૂછ્યું. (ઓફર કરી.) તેમણે આભાર માની હમણાં ઇચ્છા નથી તેમ કહ્યું.

આટલો વિધિ પત્યા બાદ તુરત મને કહે "પેલી ભાવનગરના વતનીની એક ચિઠ્ઠી તને આપેલી છે તે લાવ જોઉં." મને મનમાં તો એવું હસવું આવી રહ્યું હતું કે બાપુજીની કળા બાપુજી પાસે જ રહી. મેં તે ચિઠ્ઠી મહારાજા સાહેબના હાથમાં મૂકી. તેમણે પટ્ટણી-સાહેબને આપી. પટ્ટણીસાહેબે ચશ્મા નહોતા પહેર્યાં. તે પહેરવા ખીસ્સામાં હાથ નાંખ્યો. બાપુજી કહે બહારના ઓરડામાં વાંચો. દરમિ-યાન બાપુજી અને મહારાજા સાહેબ સાથેની આ પહેલી જ મુલાકાત ચાલી. દસ પંદર મિનિટમાં તો મહારાજા સાહેબ બહાર નીકળ્યા. તેમને વિદાય કરી બાપુજી પાસે ગઇ.

બાપુજી કહે "મારે કહેવું જોઇએ કે હિન્દના સમગ્ર દેશી રજવાડામાં હું કહું છું કે રાજાએ પ્રજાના સેવક બની હવે ટ્રસ્ટી તરીકે રહેવું જોઇશે, તે સિદ્ધાંતને અપનાવવાનું સંપૂર્ણ માન કૃષ્ણકુમાર ખાટી જશે. અને આ ચિઠ્ઠીમાં લખ્યા પ્રમાણે કે પટ્ટણી નથી કરવા દેતા તે પણ બોદું છે. પટ્ટણી કંઈ મુરખ નથી કે જમાનો ન ઓળખે. પણ એ રીતે કોઈ પર આક્ષેપ કરવો એ ઠીક નથી. અને જુના આક્ષેપો તેમજ પૂર્વગ્રહ રાખીશું તો આપણું કોઇ કાર્ય પાટે ચડવાનું નથી. મહારાજા તો મહારાજા જ છે. સાવ નિર્દોષ બાળક જેવો સ્વભાવ, ઉત્તમ વૃત્તિ અને મેં સમજાવ્યું કે મહારાણી અને તમારા ભાઇઓને પૂછો તો પણ ના કહી. પોતાની ઇચ્છામાં મહારાણીની ઇચ્છા આવી જ જાય છે. તેની પ્રેરણાથી જ પોતે બધું કહે છે એમ કહ્યું. અને સાલીયાણું પણ બાપુજી જે નક્કી કરે તે જ લેવા જણાવ્યું. આમ બાપુજી જેમ ઇચ્છે અને જેમ કહેશે તેમજ કરવાનું નક્કી કરી ગયા. બાપુજી કહે "અદ્‌ભૂત માણસ છે. તું જોજે કે હવે એ ખૂબ ચઢશે. જો કે બીજા દેશી રાજ્યોના રાજાઓ કદાચ આમની નીતિને વખોડી કાઢશે. તે પણ એને સૂચવ્યું. પરંતુ તે પોતાના નિશ્ચયમાં મક્કમ છે. આવા થોડાક રાજાઓ પણ જો મને મળે તો હું તો અત્યારનો રાજ્ય વહીવટ તેઓના હાથમાં મૂકતાં જરાએ ખંચકાઉં નહીં. કારણ કે તેઓનું રાજ્ય લઈ લઇએ તો એકાર બનશે. એમને એકાર બનાવવામાં બહુ નુકશાન છે. વળી રાજ્ય ચલાવવાનો તેઓને જેટલો બહોળો અનુભવ અને જ્ઞાન છે તેટલું અત્યારનાઓને નથી. અને સાથોસાથ તેઓનો અમુક ખરચો પણ માથે નહીં પડે. આ લોકો આ રીતે ખૂબ કામના છે."

તેલ ઘસતાં ઘસતાં આ વાત ચાલતી હતી ત્યારે મેં પૂછેલું કે "આપ ઉભા કેમ થયા હતા ?"

બાપુજી ! "તું જાણે છેને કે હું ભાવનગરની શામળદાસ કોલેજમાં ભણેલો છું. મારો તો રાજાને ? માટે એને માન આપવું જ જોઇએ."

આ વળી નવું !!! શું બાપુજીની નમ્રતા ? મોટા મોટા હાકેમો બાપુજી પાસે આવી ગયા હશે. પણ આ રીતે ઉભા થતા ખાસ મેં નથી જોયા. અને ૩૫-૪૦ વર્ષના બાપુજીના પુત્ર સમાન આ ભાવ-નગરના મહારાજા કૃષ્ણકુમારસિંહજીના માનમાં બાપુજી ઉભા થયા. જો કે કૃષ્ણકુમારસિંહજીને મન તો બાપુજી પ્રત્યે ખૂબ જ પૂજ્યભાવ છે જ. પણ આ જાતનું અદ્‌ભૂત માન તેઓ બાપુજી પાસેથી ખાટી ગયા ખરા. કદી કલ્પી જ ન શકાય એવો વ્યવહાર પૂ. બાપુજી બતાવે છે ત્યારે મહાત્માની પરાકાષ્ઠાએ બાપુજી પહોંચ્યા છે તેનાં અદ્‌ભૂત દર્શન થાય છે. છેલ્લા સાત વર્ષથી સતત બાપુ પાસે હું રહું છું. અનેક પાઠો બાપુજી પાસેથી મળ્યા છે. પણ તે બધા પાઠો કંઇક સ્વાભાવિક જ લાગતા. પણ નમ્રતા અને વિવેકનો આજનો આ પ્રસંગ તો કદીય નહી ભૂલાય. કાલે મહારાજા સાહેબને કહીશ. મને લાગે છે કે મને મોટર લેવા જવાનું પણ આ જ કારણસર કહ્યું હશે.

વિષય સૂચિ

		પૃષ્ટ
વિનોબાની વાણી	વિનોબા ભાવે	૧૦૭
નઈ તાલીમ	જુગતરામ દવે	૧૦૯
સળગતો પ્રશ્ન	નવલભાઈ શાહ	૧૧૧
ભાવનગરનરેશના ગાદીત્યાગની પૂર્વભૂમિકા	મનુબહેન ગાંધી	૧૧૩
ગરવો ગઢ ગિરનાર	તનસુખ ભટ્ટ	૧૧૪
ગરીબી અને અમીરીને ખતમ કરીને ગરીબો અને અમીરોનો સર્વોદય સાધીએ	નારાયણ દેસાઈ	૧૧૬

મહાગુજરાતની શ્રી મહાગુજરાતની સરસ્વતીનું બહુમાન કરે!

"પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજીએ જીવનની ચોથી પચ્ચીશીમાં પ્રવેશ કર્યો છે તે શુભ પ્રસંગે એક સન્માન સમારંભ યોજવાનો છે તે વાત સૌ જાણે છે. પંડિતજી મહાગુજરાતના એક જ્યોતિર્ધર છે. તેમની સર્વતોમુખી પ્રતિભા વિષે, સાંકડી સાંપ્રદાયિકતાથી પર એવી તેમની વ્યાપક જીવનદૃષ્ટિ વિશે અને તેમના ઉચ્ચ કક્ષાના નીતિશુદ્ધ અંગત જીવન વિષે બે મત છે જ નહીં. નિઃસ્વાર્થ જ્ઞાનવિતરણ દ્વારા તેમણે કરેલી સેવા માટે મહાગુજરાત તેમનું ઋણી રહેવાનું. આવે પ્રસંગે મહાગુજરાતની શ્રી મહાગુજરાતની સરસ્વતીનું બહુમાન કરે તેમાં તેની શોભા છે. પૂજ્ય પંડિતજીના સન્માનફાળામાં સૌ યથા-શક્તિ આપે તેવી સન્માનસમિતિની વિનંતિમાં અમે અમારો સૂર પુરાવીએ છીએ."

આ પ્રમાણે જાન્યુઆરી માસના 'કોડિયું' ની તંત્રીનોંધમાં મહાગુજરાતના સુવિખ્યાત કેળવણીકાર શ્રી નાનાભાઈ ભટ્ટ જે સન્માન-યોજનાનો ઉલ્લેખ કરે છે તે સન્માનયોજનાનું સામાન્ય સ્વરૂપ નીચે મુજબ છે :–

(૧) અખિલ ભારતીય ધોરણે સન્માનનિધિ એકઠો કરવો.

(૨) આ સન્માનનિધિમાંથી પં. સુખલાલજીના હિંદી તેમ જ ગુજ-રાતી લેખોનો સંગ્રહ પ્રગટ કરવો.

(૩) સન્માનનિધિમાં રૂ. ૨૫ અથવા તેથી વધારે રકમ ભરે તે દાતાને આ લેખસંગ્રહની એક નકલ ભેટ આપવી.

(૪) આગામી વર્ષ દરમિયાન અનુકૂળ સમયે મુંબઈમાં એક સન્માન સમારંભ યોજીને પં. સુખલાલજીનું જાહેર સન્માન કરવું.

(૫) સન્માનનિધિમાંથી વધેલી રકમ મુંબઈ ખાતે સન્માન સમારંભ થાય તે પ્રસંગે પંડિતજીને અર્પણ કરવી.

આ યોજનાને લક્ષ્યમાં રાખીને પંડિત સુખલાલજી પ્રત્યેના આદરના એક પ્રતીક રૂપે પોતાથી બને તેટલી રકમ નીચે જણાવેલ સ્થળે મોકલી આપવા પંડિતજીના દરેક પ્રશંસકને પ્રાર્થના છે.

મુંબઈ જૈન યુવક સંઘ: ૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૩.

ચેક મોકલનારને **Bombay Jain 'Yuvak Sangh'** એ નામ ઉપર ચેક લખવા વિનંતિ છે.

આપના

ચીમનલાલ ચકુભાઈ શાહ
પરમાનંદ કુંવરજી કાપડિયા
મોહનલાલ મહેતા (સોપાન)

મંત્રીઓ, પં. સુખલાલજી સન્માન સમિતિ, મુંબઈ શાખા.

ગરવો ગઢ ગિરનાર

ઘોળિયું ઘજ્યું જ્યાં ફરફરે, ગરવા ગિરિવરની ટૂંક;
વાયું રે ઢોળે વનના વીંઝણા, જાવું છે ત્યાં અચૂક:
એવા રે મારગ અમે સંચર્યા.

ઊંચે રે મઢીથી, ઊંચે મોલથી, ઊંચા ત્રોવરથી અપાર;
ઊંચે રે ઊભી હુંગર–દેરડી, વાદળગઢની મોઝાર:
એવા રે મારગ અમે સંચર્યા.

ડાબે રે ઊંડી વનની ખીણ છે, જમણે હુંગરની ભીંત;
કેડી રે વંકાણી વેલી સખી, કપરાં કરવા ચિત્ત:
એવા રે મારગ અમે સંચર્યા.

પળમાં પડે ને પળમાં ઊપડે, વાદળ–પડદા વિશાળ;
પળમાં લોપાતી રે દેરડી, મળતી લેશ ન ભાળ:
એવા રે મારગ અમે સંચર્યા.

ખમા રે વાયુ, ખમા વાદળાં, ખમા હુંગરના સ્વામ;
તમ્મારે દરશને ઝંખના, પૂરણ કરજો કામ:
એવા રે મારગ અમે સંચર્યા.

'કાવ્યલહરી' તનસુખ ભટ્ટ

વડોદરા પર્યુષણ વ્યાખ્યાનમાળા

વડોદરા ખાતે મુનિશ્રી મણિચંદ્રજીની પ્રેરણાથી શ્રી જ્ઞાન પ્રચારક મંડળ તરફથી તા. ૧–૯–૫૬ થી તા. ૮–૯–૫૬ સુધી નીચે મુજબની પર્યુષણ વ્યાખ્યાનમાળા યોજવામાં આવી હતી:—

તારીખ	વ્યાખ્યાતા	વ્યાખ્યાન વિષય
૧	શ્રી છોટાભાઈ ઝ. સુતરીયા	જીવ, પુદ્ગળ અને કર્મ
૨	શ્રી ઉમાકાન્ત પ્રેમાનંદ શાહ	જૈન મૂર્તિશાસ્ત્ર અને પુરાતત્ત્વ
૩	પ્રો. કેશવલાલ એચ. કામદાર	જૈનોના અનુત્તરોપપાતિક સૂત્ર વિષે કેટલાક વિચારો
૪	શ્રી અમૃતલાલ કે. શાહ	પ્રભુ મહાવીરનો ત્યાગ
૫	પ્રો. ભાઇલાલભાઇ પ્ર. કોઠારી	આધુનિક જીવન અને ધર્મદૃષ્ટિ
૬	શ્રી જયંતકુમાર પી. ઠાકર	કલિકાળસર્વજ્ઞ યુગપ્રધાન શ્રી હેમચન્દ્રાચાર્યની સાહિત્યોપાસના
૭	શ્રી રમણલાલ ના. મહેતા	ધર્મ અને પુરાતત્વ
૮	પ્રો. સુરેશભાઈ હ. જોષી	મૂલ્યબોધની સાધના

સંઘના સભ્યોને

જે સભ્યોએ સંઘનું વાર્ષિક લવાજમ હજુ સુધી ભરેલ ન હોય તે સભ્યોને પોતપોતાનું લવાજમ વસુલ આપવા વિનંતિ છે. આ સંબંધમાં તેમને અવારનવાર યાદ આપવામાં આવ્યું છે અને આ રીતે તેમને ફરીથી યાદ આપવામાં આવે છે. લવાજમ વખતસર નહિ ભરવાના પ્રમાદનો ત્યાગ કરવા તેમને અમારી આગ્રહભરી વિનંતિ છે. **વ્યવસ્થાપક, મુંબઇ જૈન યુવક સંઘ**

પ્રબુદ્ધ જીવન માટે લવાજમ—રાહત યોજના

પ્રબુદ્ધ જીવનનો વિશેષ પ્રચાર થાય એ હેતુથી પ્રબુદ્ધ જીવનના એક પ્રશંસક મિત્રે ઇચ્છા દર્શાવી છે કે તેમણે સૂચવેલી **લવાજમ રાહત યોજના** નીચે જે કોઈ વ્યક્તિ પ્રબુદ્ધ જીવનનો ગ્રાહક થવા ઇચ્છશે તે વ્યક્તિ પહેલાં વર્ષ માટે રૂા. ૨ સંઘના કાર્યાલયમાં ભરીને અથવા મનીઓર્ડરથી મોકલીને ગ્રાહક થઈ શકશે. આ લવા-જમ રાહતનો લાભ ૧૦૦ ગ્રાહકો સુધી આપવામાં આવશે. તો જે વ્યક્તિની આ રીતે પ્રબુદ્ધ જીવનના ગ્રાહક થવાની ઇચ્છા હોય તેણે તે મુજબ સત્વર જણાવીને સંઘના કાર્યાલયમાં રૂા. ૨ ભરી જવા અથવા મનીઓર્ડરથી મોકલી આપવા.

૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૩. **વ્યવસ્થાપક, પ્રબુદ્ધ જીવન**

સત્યં શિવં સુન્દરમ્


શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાનો લેખસંગ્રહ
કાકાસાહેબ કાલેલકર અને પંડિત સુખલાલજીના પ્રવેશકો સાથે
કિંમત રૂા. ૩, પોસ્ટેજ ૦।=
મુંબઇ જૈન યુવક સંઘના સભ્યો તથા પ્રબુદ્ધ જીવનના ગ્રાહકો માટે
કીંમત રૂા. ૨, પોસ્ટેજ ૦।=

સ્વ. ધર્માનંદ કોસમ્બી રચિત નાટક


બોધિસત્ત્વ

કાકાસાહેબ કાલેલકર તથા સ્વ. ધર્માનંદ કોસમ્બીની પ્રસ્તાવનાઓ સાથે
મળવાનું ઠેકાણું :
મુંબઈ જૈન યુવક સંઘ, ૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩
મેસર્સ એન. એમ. ત્રિપાઠી લિ. પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ. ૨.
કીંમત રૂા. ૧–૮–૦, પોસ્ટેજ ૦–૨–૦
મુંબઈ જૈન યુવક સંઘના સભ્યો તથા પ્રબુદ્ધ જીવનના
ગ્રાહકો માટે કિંમત રૂા. ૧–૦–૦

પર્યુષણ વ્યાખ્યાનમાળાના છેલ્લા દિવસની સભાનાં દૃશ્યો







ગરીબી અને અમીરીને ખતમ કરીને ગરીબો અને અમીરોનો સર્વોદય સાધીએ!

તા. ૯-૯-૫૬ રવિવારના રોજ-પર્યુષણ વ્યાખ્યાનમાળાના છેલ્લા દિવસે સવારના ભાગમાં મુંબઈ ખાતે રોકસી થીએટરમાં એકત્ર થયેલી વિશાળ જનમેદની સમક્ષ ભૂદાન ઉપર બોલતાં શ્રી નારાયણ દેસાઇએ ભારતની અત્યંત મહાન અને ઉજ્જવળ સંસ્કૃતિનો ઉલ્લેખ કરીને જણાવ્યું હતું કે આપણા દેશમાં જેટલું વૈવિધ્ય મળી આવે છે તેટલું અન્ય કોઇ પણ દેશમાં નહિ મળે. અત્યંત પ્રાચીન કાળથી સતત વહેતી રહેલી આપણી સંસ્કૃતિમાં વિવિધતા અને ઊંડાણ રહેલાં હોવાનું તેમણે જણાવ્યું હતું.

બે વિશિષ્ટતાઓ

તેમણે જણાવ્યું હતું કે આપણી બે ઉચ્ચ સંસ્કૃતિની બે વિશિષ્ટતાઓ છે. એક તો એ કે આપણા દેશે બીજા પર આક્રમણ નથી કર્યું અને બીજું એ કે ભારતમાં આવીને વસેલા અન્ય લોકોનો ભારતે સત્કાર કર્યો છે અને તેઓને પોતાનામાં સમાવી લઇને પોતાના બનાવ્યા છે. આમ ભારતની બે વિશિષ્ટતાઓ-અનાક્રમણુતા અને સમન્વય-ની સમજુતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે આ બે બાબતોનો વિચાર કરે તે જ ભારતીય છે અને તેથી ઊલટું આચરે તે ભારતીય નથી. અનાક્રમણુનો અમલ આપણી વિદેશનીતિમાં થઈ રહ્યો છે અને સમન્વય દેશના પ્રશ્નોમાં દૃષ્ટિગોચર થાય છે.

હિંસા પોષાય તેમ નથી

દુનિયામાં આજે એટમ બોમ્બ, હાઇડ્રોજન બોમ્બ, કોબાલ્ટ બોમ્બ વગેરેના પ્રયોગો થઇ રહ્યા છે ત્યારે ગાંધીજીએ તો આ પૂર્વે કહ્યું છે અને વિનોબાજીએ પણ તે જ કહ્યું છે કે આપણે અહિંસાને આરે ઉભા છીએ. આપણને હિંસા પોસાય શકે તેમ નથી. કેમકે હિંસામાં વિશ્વનો સર્વનાશ જ રહેલો છે.

આજે વાતાવરણ અહિંસાની નજીક જઈ રહેલ છે. આખું જગત અહિંસા તરફ વળી રહ્યું છે. અને અહિંસાની વધુ ને વધુ નજીક જઈ રહેલ છે. અહીં તેમણે ગાંધીજીનો ઉલ્લેખ કરીને જણાવ્યું હતું કે ગયા વિશ્વયુદ્ધ વખતે તેઓએ હિટલરને એવી મતલબનો પત્ર લખેલો હોવાનો મને ખ્યાલ છે કે "વિશ્વયુદ્ધ ન કરશો. દુનિયાને લડાઇમાં ન દોરી જશો." એ વખતે લોકો કદાચ એમ પણ કહેતા હશે કે ગાંધીજીને આ શું સૂઝયું. આજે એ જ ગાંધીજીના શિષ્ય શ્રી. નહેરુ કહે છે કે યુદ્ધમાં ન પડશો. ગાંધીજીને એ વખતે ભેજું ખસી ગયેલ કહેનાર કોઈ આજે જવાહરને એમ નથી કહેતું. ઊલટાનાં શ્રી નહેરુને દુનિયા શાંતિનો દૂત કહે છે. તે જ સિદ્ધ કરે છે કે આપણે અહિંસા તરફ જઈ રહ્યા છીએ અને જવા ઇચ્છીએ છીએ. હિંસાનાં કારણોના નિરાકરણની ચાવી ભૂદાનયજ્ઞમાં હોવાનું તેમણે જણાવ્યું હતું.

ભૂદાનનો અર્થ

ભૂદાનનો અર્થ સમજાવતાં શ્રી નારાયણ દેસાઇએ કહ્યું હતું કે ભૂદાનયજ્ઞમાં કેવળ ભૂમિ વગરનાને ભૂમિ અપાવવાનો જ હેતુ નથી, પણ ભૂદાનયજ્ઞમાં દેશના મૂળભૂત કોયડાઓના ઉકેલ માટેનો અહિંસક પ્રયોગ પડેલા છે. ગાંધીજી પણ કહેતા અને તેમના જ શબ્દોમાં વિનોબા કહે છે કે દેશના કોયડા અહિંસક રીતે ઉકેલવા જોઇએ. તે તાકાત અહિંસક હોવી જોઇએ અને તેમાંથી ભૂદાનયજ્ઞનો જન્મ થયો છે અને વિનોબાજીએ અહિંસાનો સાક્ષાત્કાર કરેલ છે.

વર્ગભેદ નાબૂદી

અહિંસા માટે આપણે અભેદ તરફ જવું જોઇશે એમ જણાવીને શ્રી નારાયણ દેસાઇએ આર્થિક ક્ષેત્રે રહેલા ગરીબી અને અમીરીના ભેદો મિટાવવાની હાકલ કરી હતી. અને વર્ગનાબૂદી કરીને વર્ગના માણસોને બચાવી લેવા કહ્યું હતું. તેમણે કહ્યું હતું કે પાપનો નાશ કરવા પાપીનો નાશ કરો એ સૂત્ર બરોબર નથી, પણ પાપનો નાશ કરો અને પાપીને બચાવો એ યોગ્ય છે. જુલમીને બચાવો અને જુલમને ખતમ કરો, તેમજ ગરીબી ખતમ કરીને ગરીબોને બચાવો એમ ગાંધીજી અને વિનોબાજીએ કહ્યું છે. એ જ રીતે અમીરીને ખતમ કરીને અમીરોને આપણે બચાવવા છે.

ગરીબી, અમીરી અને જનતંત્ર ત્રણે ય સાથે ન રહી શકે. આપણે જનતંત્રને જ ટકાવવું છે અને ગરીબો આપણા દેશની 'મારતર કી' છે. આપણને સરમુખ્યારશાહી માન્ય નથી. અત્રે તેમણે કેટલાંક દૃષ્ટાંતો ટાંકીને ગરીબી અને અમીરી ખતમ કરવાના માર્ગો સૂચવ્યા હતા. અને કહ્યું હતું કે આપણે ગરીબોના સહકાર અને અમીરોની સંમતિથી ગરીબી અને અમીરી ખતમ કરવાં છે.

અંતમાં તેમણે ગરીબો પાસે ભૂદાન શા માટે લેવાય છે તે વિષે બોલતા આંતરિક અભેદ અને અભયનું મહત્ત્વ સમજાવ્યું હતું. તેમણે કહ્યું કે હું જ્યાં જાઉં છું ત્યાં મને ભારતીય નાગરિક મળતો નથી. મહાગુજરાતી મળે છે, મહારાષ્ટ્રીય મળે છે, પણ ભારતીય મળતો નથી. હું ભારતીય જનની શોધમાં છું. આપણે આ ભેદનું નિરાકરણ કરીને રાષ્ટ્રીય પુરુષ અને રાષ્ટ્રીય વ્યક્તિત્વ સર્જવાનાં છે. અને એ માટે ભૂદાનયજ્ઞનો પ્રયોગ છે. તેમાં સૌએ સહકાર આપવાની તેમણે વિનંતિ કરી હતી. ('જન્મભૂમિ'માંથી સાભાર ઉધ્ધૃત)

પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન સંઘની પ્રવૃત્તિને મળેલું આર્થિક સીંચન

૭૮૭	ઝોળીમાં આવ્યા	
૨૫૧	શ્રી	લખમસી ઘેલાભાઈ
૨૫૦	,,	મેઘજી પેથરાજ શાહ
૨૦૦	,,	એ. જે. શાહ
૨૦૦	,,	ચીમનલાલ પી. શાહ
૨૦૦	એક	સદ્‌ગૃહસ્થ
૨૦૦	શ્રી	રસિકલાલ મોહનલાલ ઝવેરી
૧૦૦	,,	દીપચંદ લક્ષ્મીચંદ સંઘવી
૧૦૦	,,	હીરાબહેન દીપચંદ સંઘવી
૧૦૧	,,	ત્રીભોવનદાસ લક્ષ્મીચંદ
૧૦૦	,,	રમણલાલ લાલભાઈ શેઠ
૧૦૧	,,	લીલાધર પાસુ શાહ
૧૦૧	,,	તારાચંદ શામજી
૧૦૦	,,	હેમચંદભાઈ મેઘજી શાહ
૧૦૦	,,	ચંદુલાલ મોહનલાલ ઝવેરી
૧૦૦	,,	તારાબહેન ચંદુલાલ ઝવેરી
૧૦૧	,,	ધીરજલાલ મોરારજી અજમેરા
૧૦૧	,,	શાદીલાલજી જૈન
૧૦૧	,,	ખીમજી માડણ ભુજપુરિયા
૫૧	શ્રી	બોમ્બે બેલ્ટીંગ કું.
૫૧	,,	મોંઘીબહેન હીરાલાલ શાહ
૫૦	,,	ટી. જી. શાહ
૨૬	,,	લીલાધર પી. શાહ
૨૫	,,	અંબાલાલ બેલ. પરીખ
૨૫	,,	નાનચંદભાઈ શામજી
૨૫	,,	જયંતીલાલ નાનચંદ ડેલીવાળા
૨૫	શ્રીમતી	બેસ. પી. મહેતા
૨૫	,,	જસુમતીબહેન મતુભાઈ કાપડિયા
૨૫	શ્રી	ચીમનલાલ જેઠાલાલ શાહ
૨૫	,,	મણિબહેન શાહ
૨૫	,,	મેનાબહેન નરોત્તમદાસ શેઠ
૨૫	,,	કમળાબહેન કેવળચંદ શેઠ
૨૫	ડો.	ચીમનલાલ શ્રોફ
૨૫	શ્રી	ખીમજી હેમરાજ છેડા
૨૫	,,	પ્રવીણચંદ્ર હેમચંદ કાપડિયા
૨૫	,,	મોહનલાલ નગીનદાસ જરીવાળા
૨૧	મેસર્સ	બેમ. કાંતિલાલની કું.
૨૦	શ્રી	મફતલાલ ભીખાચંદ શાહ
૧૫	,,	કમળાબહેન
૧૫	,,	શિવબહેન નાગરદાસ ગાંધી
૧૫	,,	લીલાવતીબહેન ચુનીલાલ કામદાર
૧૫	એક	સદ્‌ગૃહસ્થ
૧૧	શ્રી	બંબાલાલ ચતુરભાઈ શાહ
૧૧	,,	શાન્તિલાલ દેવજી નંદુ
૧૧	,,	પી. બેચ. કામદાર
૧૧	,,	જયંતીલાલ માધવલાલ શાહ
૧૧	,,	મંગળદાસ ગોપાળદાસ પારેખ
૧૧	,,	યશવંતીબહેન ગજેન્દ્રકુમાર
૧૧	,,	પ્રભાવતીબહેન મહેતા
૧૧	,,	રમણલાલ પટણી
૧૦	,,	નાથીબાઈ હંસરાજ
૧૦	,,	જયંતીલાલ ફતેહચંદ શાહ
૫	,,	ચુનીલાલ લક્ષ્મીચંદ ડગલી
૫	,,	કાંતિલાલ નથ્થુભાઈ પારેખ
૪૦૧૬		

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મરજીદ બંદર રોડ, મુંબઈ ૯. ટે. નં. ૩૪૬૨૯

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

પ્ર. જૈન વર્ષ ૧૪–પ્ર. જીવન વર્ષ ૪
અંક ૧૨

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ઑક્ટોબર ૧૫, ૧૯૫૬, સોમવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : ત્રણ આના

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

સળગતો પ્રશ્ન

(ગતાંકથી ચાલુ)

* "અત્યારની આપણી સૌની માનસિક ભૂમિકા શું આવી નથી ?"

† "પણ, અત્યારની પરિસ્થિતિમાં એ જ સહજ છે." યુવાને કહ્યું.

* "તેય મને માન્ય છે. પણ શું તમોને એમ નથી લાગતું કે આપણે સ્વતંત્ર થઈ પ્રજાને મૂળભૂત પાયાના વિચાર પર એકાગ્ર કરીને આજ આપણે પ્રશ્નના સાચા ઉકેલની દિશામાં ઝડપી પ્રગતિ કરી શકીશું ?"

† "હું તમોને જ સીધો પ્રશ્ન પુછું : તમોને મહાગુજરાત ગમે કે નહીં ?" યુવાન બોલ્યો.

* "આનો જવાબ તો તદ્દન સીધો છે. ગુજરાતમાં જન્મેલા કયા માણસને મહાગુજરાત ન ગમે ? અરે, જો મને મારા જિલ્લા યા તાલુકાનું રાજ્ય આપો તે વધારે ગમે, કારણ કે રાજ્ય કરતાં જિલ્લો ને જિલ્લા કરતાં તાલુકા સાથે મારી આત્મીયતા વધારે હોય."

† "તો પછી અમારી મહાગુજરાતની માગ ખોટી છે એવુ શા ઉપરથી કહો છો ?"

* "હું કયાં કહું છું કે તમારી માગ ખોટી છે. જેમ તમને ગમે તેમ મને પણ ગમે. પણ ધારો કે આપણને એક ઘરમાં ઉતારો આપ્યો છે. દરેકને એક પથારી ને રબ્બડ મળી રહે એ સૌને ગમે. પણ ધારો કે પથારી એક એક ઓછી હોય તો બે જણે સાથે સૂઈ રહેવું એજ શું ઉકેલ નથી?"

† "પણ, અહીં એવો પ્રશ્ન જ કયાં છે ? આપણી માગણી તો માત્ર મહાગુજરાતની જ છે."

* "માત્ર મહાગુજરાતની ?"

† યુવક જરા ખચકાયો : "હા."

* "અને મુંબઈ ?"

† "એ તો મધ્યસ્થ નીચે જાય."

* "શા માટે ? જુઓ ત્યારે, જો માત્ર મહાગુજરાતની જ માગણી હોત તો તો પ્રશ્ન જ ન હતો. પણ તમારી એક બીજી પણ માગણી છે. મુંબઇના વિકાસમાં ગુજરાતીઓનો હિસ્સો નાનોસૂનો નથી. એમનાં હિતની રક્ષા માટે મુંબઇ મહારાષ્ટ્રમાં ન જાય એવી ઇચ્છા આપણી ખરી કે નહિ ?"

† "એમાં શું ખોટું છે ?"

* "ખરું કે ખોટું વિવાદનો પ્રશ્ન છે, પણ મારે તો તમોને એટલું જ કહેવાનું છે કે પ્રશ્ન માત્ર મહાગુજરાતનો નથી. એટલી વાત જો સ્વીકારો તો આપણે આગળ ચાલીએ."

† "તમારી વાત મને કબૂલ છે. પણ શું તમે એમ કહી શકશો કે ભાષાવાર પ્રાંતરચનાની વાત કોંગ્રેસે કેટલાંય વરસોથી નથી કરી ? અને એ જ ધોરણે ભાષાવાર પ્રાંતરચના માટે જ શું સીમા પંચ નહોતું નિમાયું ?"

* "તમારી એક વાત સાથે સહમત થઉં છું. ભાષાવાર પ્રાંત–રચના થાય એ ઇચ્છનીય છે; કારણ કે પોતાની જ માતૃભાષામાં બધો જ કારોબાર અને વહેવાર ચાલે એથી પ્રજા ને સરકારની સરળતા વધે, આત્મીયતા પણ લાગે. ભાષાનો વિકાસ પણ થાય. પ્રધાન અને નાનામાં નાનો નાગરિક પણ સરળતાથી વાત કરી શકે. આ ફાયદા છે જ. એટલે જ શક્ય હોય ત્યાં ભાષાને ધોરણે પ્રાંતરચના થાય એ જ ઇચ્છનીય ગણાય. પણ તમારી એક સમજ થોડી અધૂરી છે. રાજ્યપુનર્રચના પંચનો હેતુ માત્ર ભાષાવાર પ્રાંતરચનાની સીમાઓ નક્કી કરવાનો જ નહોતો, પણ તેની સામે એક વ્યાપક ખ્યાલ હતો : માત્ર ભાષા જ નહિ પણ આર્થિક, વહીવટી વગેરે અનુકૂળતાઓનો વિચાર તેને કરવાનો હતો. પરંતુ લોકોના હૃદયમાં ભાષાકીય અસ્મિતા અને અભિલાષાઓ જાગી ચૂકી હતી. એટલે આમજનતાએ રાજ્યપુનર્રચના પંચને ભાષાવાર પ્રાંતરચના પંચ જ માની લીધું. એમાંથી આવી ગેરસમજ પેદા કરનારી હવા ઊભી થઈ છે."

† "તમે આ તદ્દન જુદી જ વાત કરો છો."

* "ના, આ બિલકુલ નવી ય નથી ને જુદી ય નથી. અને તો મુંબઇના દ્વિભાષી રાજ્યની સૂચના એ જ એનો પુરાવો છે. જો માત્ર ભાષાને ધોરણે જ પ્રાંતરચના કરવાની હોત તો તો તે એટલું જ કહી શકત કે ગુજરાતની હદ અહીં સુધી ને મહારાષ્ટ્રની હદ અહીં સુધી. પણ તેણે તો દ્વિભાષી રાજ્યની સૂચના કરી."

† "તો શું તમોને એમ નથી લાગતું કે આપણી માગને ઠોકરે મારી છે ?"

* "ના. હું તમોને ફરીથી એક વાતની યાદ અપાવવા માગું છું કે, ગુજરાત પ્રદેશ સમિતિએ કદીય મહાગુજરાતની માગણી કરી જ નહોતી. પંચ સમક્ષ એણે આપેલા મેમોરેન્ડમમાં દ્વિભાષી રાજ્યની જ માગણી મૂકેલી છે. અને આજે આમદાવાદના જે મિલમાલિકો મહાગુજરાતની વાત કરે છે, તેમને જ પૂછો કે તમે સીમા પંચ પાસે કઈ માંગ મૂકી હતી ?"

† "તો શું તમે એમ કહેવા માગો છો કે મહાગુજરાત આપણે ઇચ્છતા ન હતા ?"

* "મારું એવું કયાં કહેવું છે. હું તો પંચ સમક્ષ આપણી માગની જ વાત કરું છું."

† "પણ, એ તો વિદર્ભ સિવાયનાની ને ?"

* "હા. એનો ઇતિહાસ જરા સમજી લેવા જેવો છે. આ પ્રશ્ન તો લગભગ દશ મહિનાથી ચર્ચાય છે. અનેક વાટાઘાટો થઇ. અનેક ચર્ચાઓ થઈ. અનેક નવી નવી યોજનાઓ આવી. અને ઘણું ઘણું બન્યું. પંચે જે અહેવાલ બહાર પાડયો તેમાં વિદર્ભ સિવાય દ્વિભાષી રાજ્યની સૂચના હતી. આ વાત મહારાષ્ટ્રના લોકોને ન ગમે તે સ્વાભાવિક છે. કારણ કે એક જ ભાષા બોલતી પ્રજા બે રાજ્યોમાં વહેંચાઇ જતી હતી. વિદર્ભમાં પણ મરાઠી ભાષા બોલાય છે, છતાં એના સ્વતંત્ર રાજ્યની સૂચના હતી. એટલે મહારાષ્ટ્રીઓએ આંદોલન શરૂ કર્યું સંયુક્ત મહા-રાષ્ટ્રનું અને તે પણ મુંબઈ સાથે. અહીં એક વસ્તુ સમજી લેવાની છે અને તે આ બંને પ્રદેશો અને સમગ્ર ભારતની દૃષ્ટિએ મુંબઈની અગત્યતા.

"ભૌગોલિક દૃષ્ટિએ મુંબઈ મહારાષ્ટ્રમાં છે એની કોઈથી ના ન પડાય. પણ મુંબઈ મહારાષ્ટ્રમાં હોવા છતાં એની સાથે આખાયે રાષ્ટ્રનાં હિતો સંકળાયેલાં છે. મુંબઈને અલગ રાખીને મહારાષ્ટ્રનો જો સ્વતંત્ર પ્રાંત કરવામાં આવે તો આર્થિક રીતે ટકી ન શકે. એનો વિકાસ ન થઈ શકે. તે જ રીતે ગુજરાત પ્રદેશ તરીકે ભલે સમૃદ્ધ હોય છતાં વહીવટી દૃષ્ટિએ એ રાજ્યને ૩ થી ૪ કરોડની ખોટ ભોગવવી પડે. તેમાં સૌરાષ્ટ્ર ને કચ્છ ઉમેરાય તો દર વરસે લગભગ છ કરોડની ખોટ આવે. એટલે જો મુંબઈને મહારાષ્ટ્રમાં મૂકે તો ગુજરાત નબળું પડે. અને ન મૂકે તો મહારાષ્ટ્રી ભાઈઓના મનનું કશું સમાધાન થાય નહીં; કારણ કે ભૌગોલિક રીતે મુંબઈ મહારાષ્ટ્રમાં છે જ. સાથે સાથે ત્યાંની લગલગ ૪૨ ટકા પ્રજા મરાઠી ભાષા બોલે છે. વળી મહારાષ્ટ્ર આર્થિક રીતે પછાત તો છે જ."

* "પણ, મુંબઈની આટલી અગત્યતા શા માટે ?"

† "હું તમોને એજ કહેવાનું વિચારતો હતો. મુંબઈ એટલે ભારતવર્ષનું મોટામાં મોટું બંદર. લગભગ અડધા ઉપરનો વેપાર તેના હાથમાં. બધી જ મોટી પેઢીઓની મુખ્ય ઓફિસો અહીં. એટલે સારામાં સારો આવકવેરો અહીંથી મળે. કેટલીક વાર તો એવું બને કે કારખાનાં બિહાર, બંગાળ કે દેશના ગમે તે ભાગમાં હોય, પણ તેની મુખ્ય ઑફિસ મુંબઈમાં હોય એટલે એનો બધો આવકવેરો મુંબઈમાં ભરાય. એટલે મુંબઈના વહીવટમાં જે રકમ જોઈએ તેમાં સત્તરથી અઢાર કરોડની પુરાંત રહે. અને આ બચેલાં નાણાં મુંબઈ જે પ્રદેશમાં જાય તેને મળે. હવે તમે સમજી શકયા હશો કે રાજ્ય જો આર્થિક રીતે સદ્ધર ન હોય તો તે રાજ્યને હંમેશને માટે મધ્યસ્થ પર આધાર રાખવો પડે અને તેની જવાબદારી મધ્યસ્થ ક્યાં સુધી ઉપાડે? એટલે રાજ્યરચના, માત્ર ભાષાને ધોરણે જ નહિ પણ આર્થિક રીતે સદ્ધર થાય એ જોવાનું કામ પંચનું હતું. આ સિવાય પણ બીજા કારણો છે."

† "પણ, મહારાષ્ટ્રીઅનોની જે માગણી હતી તેમાં તો ખુદ વિદર્ભના લોકોનો પણ વિરોધ હતો."

* "હા, પણ એની બધી જ વિગત હું જાણતો નથી. એમાં તો રાજકીય નર્યસ્વ પણ કારણ હોય. સાથે સાથે વિદર્ભ એ વધારે સમૃદ્ધ રાજ્ય છે. એટલે કે એના બજેટમાં સવા કરોડની પુરાંત રહે છે. આવા રાજ્યને, સ્વાભાવિક છે કે, ખાધવાળા વિભાગ સાથે જોડવાની વૃત્તિ ન થાય. અને તેમાં પંચે સ્વતંત્ર રાજ્યની ભલામણ કરી એટલે ભાવતું તું ને વૈદે કહ્યું એવું થયું."

† "પંચે વિદર્ભ રહિતના દ્વિભાષી રાજ્યની ભલામણ કેમ કરી હશે?"

* "એ તો હું શી રીતે કહી શકું? પણ એવું પણ બને કે એક બાજુ ઘણી મોટી બહુમતિ થઈ જાય. વળી રાજ્ય પણ મોટું થાય. આવું કાંઈ વિચાર્યું હશે. પણ તેમના વિચારો તો તે જ જાણે!"

† "તો પણ ગુજરાત પ્રદેશ સમિતિના મહેમદાવાદના ઐતિહાસિક ઠરાવનું શું?"

* "એ ઠરાવથી શું આજની ભૂમિકા—" હું વાકય પૂરું કરું ત્યાં જ યુવાને કહ્યું:

† "એમાં તો આપણે મહાગુજરાતની માગણી કરી હતી. તે દિવસે છાપામાં મોરારજીભાઈ ઉપર ફૂલ વરસાવ્યાં હતાં..."

* "ભાઈ, રાજકારણ તો એવું જ છે. એક દિવસ ફૂલના હાર પણ પહેરાવે ને બીજે દિવસે પથ્થર પણ આપે. પણ હું તમોને એક વાત પૂછું? તમે મહેમદાવાદનો ઠરાવ વાંચ્યો છે?"

† "ના...છાપામાં..."

* "જુઓ, માફ કરજો. લોકશાહીમાં છાપાં જો તટસ્થ રીતે સમાચાર છાપે તો મોટી સેવા કરે એ જ તેઓનો ધર્મ છે. પણ જો કોઈ એક પક્ષનાં થઈ જાય, કોઈ રંગે રંગાઈ જાય, તો એનાથી જનતાનું અહિત પણ થાય. અત્યારે હું તો કહી શકું કે છાપાંના તંત્રીઓએ જે સ્થિરતા, જે સમત્વબુદ્ધિથી લોકોનાં વ્યાપકહિતને લક્ષ્યમાં રાખી જે કામ કરવું જોઈએ તે કરી રહ્યા નથી. પણ એ તો વળી બીજી જ વાત થઈ. હું તમોને એ કહેવા માગું છું કે તમે મહેમદાવાદનો ઠરાવ શાંત ચિત્તે, વાંચી જશો. એમાં મહાગુજરાતની માગણી કરી જ ન હતી."

† "તો પછી મોરારજીભાઈ બોલ્યા હતા કે જો મને કોઈ એવકૂફ બનાવવા માગતા હોય તો હું એવો મૂર્ખ બનવા તૈયાર નથી."

* "એ તમે સરસ વાત કરી. મોરારજીભાઈએ એ વિચાર જે સંદર્ભમાં કર્યો હતો તે પણ સમજી લઈએ. મુંબઈ સાથે સંયુક્ત મહારાષ્ટ્રની માગણી દિવસે દિવસે જોરદાર થતી હતી. એટલે અનેક યોજનાઓમાં તેમણે એક યોજના એ પણ મૂકી કે વિદર્ભ સહિતનું દ્વિભાષી રાજ્ય રચો અને તેમાંથી ગુજરાતને પાંચ વર્ષ પછી છૂટાં થવું હોય તો થઈ શકે. આ સૂચનાની પાછળ શ્રી મોરારજીભાઈને એ યોજના મૂકનારાઓની દાનતની શુદ્ધતા ન લાગી હોય. બાકી તેઓ તો પહેલેથી દ્વિભાષી રાજ્યના હિમાયતી હતા; પણ તેમને લાગ્યું કે અત્યારે વિદર્ભ સહિતના દ્વિભાષી રાજ્યનું સૂચન થઈ રહ્યું છે તેની પાછળ ભાવના એ છે કે, એક વાર મુંબઈ સાથેના મહાદ્વિભાષી રાજ્યની રચના કરો, પણ આપણી જંગી બહુમતિ તો હશે જ એટલે કંટાળીને ગુજરાત છૂટા પડવાની માગણી કરશે. એટલે આપોઆપ આપણને મુંબઈ સાથેનું સંયુક્ત મહારાષ્ટ્ર મળી જશે. આ દાનતના સંદર્ભમાં રહી તેઓ ઉપર મુજબ બોલ્યા હશે."

† "તો પછી ગુજરાતના દિલમાં આવી અભિલાષા કયાંથી જન્મી?"

* "એનાં પણ કારણો છે. એક વાત સ્પષ્ટ હતી કે આ મહારાષ્ટ્રને માટે નાજુક કોયડો હતો. મહારાષ્ટ્રનાં રાજ્ય બે થાય એ મહારાષ્ટ્રને જરાય ગમે તેમ હતું જ નહીં. અને એક વાર બે રાજ્ય થાય તો પછી એક કરવાનું કામ અશકય થઈ પડે. જ્યારે મુંબઈ મળે તો એમનો આગ્રહ વધારે દૃઢ કરી શકાય. એટલે એમાંથી સહજ નિકાલ એ જ લાવી શકાય કે મુંબઈ, મહારાષ્ટ્ર ને ગુજરાતનાં ત્રણ રાજ્ય થાય. અને કારોબારીએ પણ આ જ નિર્ણય કર્યો. એટલે ગુજરાતના દિલને આનંદનો પાર ન રહ્યો. મહાગુજરાતેય મળ્યું. મુંબઈ મધ્યસ્થ નીચે ગયું. એટલે એમાં આપણું સ્વત્વ રહ્યું."

† "તો પછી આ નવા નિર્ણયથી દેશની આવી મહાન સંસ્થાની કારોબારીએ લીધેલા નિર્ણયનું આમાં ઉલ્લંઘન નથી?"

* "ના. એમાં એક બારી રાખી હતી. જો બંને પક્ષો સમજીને બંનેને માન્ય એવા નિર્ણય પર આવે તો એ ફેરવી શકાય. એટલે એ દૃષ્ટિએ આ ફેરફાર કારોબારીના નિર્ણયની વિરુદ્ધ નથી."

† "તો તો એમ જ થયું ને કે હવેલી લેતાં ગુજરાત ખોઈ—ના જેમ મુંબઈ લેતાં મહાગુજરાત ખોયું?"

* "ના, એમ શી રીતે? હું તો માનું છું કે કશું જ ખોવાયું નથી. મુંબઈ પણ મળ્યું ને મહારાષ્ટ્ર અને વધારામાં વિદર્ભ પણ મળ્યું એમ શા માટે ન માનીએ?"

† "એવું તો તમે જ માની શકો. મને તો એમ લાગે છે કે ગુજરાતની લાગણીઓને આજે ઠોકરે મરાઈ રહી છે."

* "એ મુદ્દો તો આપણો બાકી જ છે. હજુ તો આપણે બીજા જ મુદ્દાની ચર્ચા કરીએ છીએ. અને તે પણ એક જ વાત: મહાગુજરાત મળે એવી આશાઓ આપણા સૌના દિલમાં જન્મી ચૂકી હતી. આખરી નિર્ણય તો લોકસભામાં લેવાવાનો જ હતો. અનેક જણે આશાના કિલ્લાઓ પણ બાંધ્યા હશે. પણ એ બધી જ આશાઓને માત્ર પરિસ્થિતિમાંથી આપણા મનમાં મૂર્ત સ્વરૂપ મળ્યું હશે."

"આ પ્રશ્નના આરંભથી અંત સુધી સળંગ માગણી—પ્રદેશ પ્રદેશ સમિતિ, વેપારી મંડળ, કે સૌરાષ્ટ્રની એક જ હતી અને તે દ્વિભાષી રાજ્યની."

† "હા, પણ આજે જે સ્વીકારીએ છીએ અને જે આપણી માગણી હતી તેમાં ફેર છે. અને તે આપણી માગણી વિદર્ભ સિવાયના દ્વિભાષી રાજ્યની હતી." યુવાને ચોકસાઈથી કહ્યું.

* "આ વાત ખરી. પણ આપણી માગણી મહાગુજરાતની નહોતી, પણ દ્વિભાષી રાજ્યની, એટલું સ્વીકારો તો આગળ ચાલીએ.

† "હા, એમાં મને વાંધો નથી."

* "જો એ તમોને કબૂલ હોય તો એમ આપણે તો નહીં કહી શકીએ ને કે આ વાત નવી છે, અમારી માગણી તો આરંભથી જ મહાગુજરાતની છે ?"

† "હું તમોને જ પૂછું, કે જે ભયને કારણે વિદર્ભ સિવાયનું દ્વિભાષી રાજ્ય યા તો ત્રણ રાજ્યનો નિર્ણય મહેમદાવાદમાં લેવાયો હતો તે ભય શું આજે આપણી સામે નથી ? શું તમોને એમ નથી લાગતું કે તેમની મોટી બહુમતી નીચે ગુજરાતની ઊર્મિઓ કચડાઈ જશે?"

* "જો તમે મને પૂછો તો એવો ડર મને અંગત રીતે નથી. પ્રજાને લાગે એ સમજી શકાય છે. પણ છેલ્લાં દશ વર્ષથી મહારાષ્ટ્ર, ગુજરાત અને કર્ણાટક એ ત્રણ પ્રદેશોનો વહીવટ સાથે ચાલતો આવ્યો છે. એ ત્રણ પ્રદેશની ત્રણ ભાષાઓ હતી, એને કારણે થોડી વહીવટી મુશ્કેલીઓ રહેતી. ગુજરાતી સભ્યોની સંખ્યા ધારાસભામાં ૩૨ ટકા જ હતી. છતાં તમે જ વિચારો : પ્રધાનોની સંખ્યા, તેમને અપાયેલાં અગત્યનાં ખાતાં, એ બધું જોતાં શું તમોને એમ લાગે છે ખરું કે ગુજરાતીઓની લઘુમતી હોવા છતાં તેમને અન્યાય થયો છે ? કારણ કે પક્ષીય લોકશાહીમાં આખું યે કામ પક્ષને ધોરણે થાય છે, નહિ કે પ્રાંતીય કે ભાષાને ધોરણે. અને તેમાં જે વધુ કાર્યકુશળ હોય તે જ વહીવટ સંભાળે. તેનો વિચાર ઘણા લોકો માન્ય કરે. એટલે એક ભાષાના લોકો લઘુમતિમાં છે તેથી કચડાઈ જ જશે એવું માનવાને કારણ નથી. તમે મધ્યસ્થનો જ દાખલો લો. મહાગુજરાતની વસતિ પોણાબે કરોડની ગણાય. એ અપેક્ષાએ મધ્યસ્થના પ્રધાનોમાંથી આપણે કેટલા પ્રધાનોની અપેક્ષા રાખી શકીએ ? અને છતાં કેટલા પ્રધાનો છે ? આ વસ્તુમાં આપણે શ્રદ્ધા જ રાખવી રહી. નહિ તો મધ્યસ્થમાં શું થાય? સંયુક્ત પ્રાંતનું છ થી સાત કરોડનું પ્રતિનિધિત્વ છે. તે જંગી બહુમતી ધરાવે ને પરિણામે આંધ્ર જેવાં નાનાં રાજ્યોને કચડાઈ જ જવું પડે. પણ આપણે એક વિચારને વધારે સ્પષ્ટતાથી સમજી લેવાની આજે જરૂર ઊભી થઇ છે અને તે વિચાર છે રાજ્યોની પુનર્રચના વહીવટી દૃષ્ટિએ થઇ છે તે. એ વહીવટી એકમો છે, નહિ કે અલગ રાષ્ટ્રો. જો વહીવટી વ્યવસ્થામાં આપણાં અંતરમાં પડેલી સંકુચિત પ્રાંતીયતા ભળશે તો અંદર અંદરના વિગ્રહોનાં બીજ રોપાશે. બિહાર બંગાળની સામે, ગુજરાત મહારાષ્ટ્રની સામે. અને અત્યારે હું તમોને ફરીથી ચેતવી દેવા માગું છું કે આજે આપણા અંતરમાં જે કાંઇ લાગણીઓ અનુભવી રહ્યા છીએ તે રાષ્ટ્રીય એકતા માટે જોખમકારક છે. અને જો આ આગળ ચાલ્યું તો આપણે 'ભારતીય છું' એ વિચાર પર ગર્વ લેવાનું મૂકી હું બંગાળી, બિહારી, ગુજરાતી, મહારાષ્ટ્રી કે પંજાબી છું એના ઉપર ગર્વ લેવા લાગી જઇશું.

"ફરીથી તમોને કહું છું : ભારતવર્ષની લોકશાહી સામે બે જોખમો છે : એક એની જ્ઞાતિય વૃત્તિ અથવા કોમવાદ અને બીજી છે સંકુચિત પ્રાંતીયતા. એ બેમાંથી મુક્ત થયા વગર આપણે કદી સ્વસ્થ લોકશાહીને વિકસાવી નહિ શકીએ."

† "તમારી આ વાત તદ્દન સાચી વાત છે. આજે ઘણાખરા લોકો વ્યક્તિ જોઇને નહિ પણ તેની જ્ઞાતિ જોઇને મત આપે છે. તો મને થાય છે કે લોકશાહીમાં જો આ ડર હોય તો આ રાજ્ય પુનર્રચના પંચે લગભગ ભાષાને ધોરણે રાજ્યરચના કરી શા માટે ?" યુવાને પૂછ્યું.

* "તમારે સમજી લેવું જોઇએ કે ભારતવર્ષની સમગ્ર એકતાની દિશામાં આ એક પગલું છે. આ જ કાંઈ છેવટની વ્યવસ્થા નથી. જેમ જેમ લોકવિચાર ઘડાતો જશે, આપણા અનુભવો પણ પકવ થતા જશે તેમ તેમ આપણે આપણી રાજ્યરચના વિષેની માન્યતાઓ બદલવી પડશે. એની સાથે જો પ્રજાકીય કે ભાષાકીય અહંકાર ને મમત્વ જોડાયાં તો આપણે અખંડ ભારતની એકતા નહિ સાધી શકીએ. અંગ્રેજોએ જે રાજ્યરચના કરેલી તેમાં કોઇ વિચાર ન હતો. જેમ પ્રદેશો મળતા ગયા તેમ ટુકડા જોડાતા ગયા. એટલે એની પાછળ કોઇ ચોક્કસ પ્રજાજીવનની અભિલાષાઓ કે આદર્શો મૂર્ત કરવાનો વિચાર ન હતો. સ્વરાજ્ય આવ્યું ને દેશી રાજ્યોના સીમાડા ભૂંસ્યા. અ, બ ને ક એ ત્રણ પ્રકારનાં રાજ્યો કર્યાં. શો અનુભવ થયો ? નાનાં રાજ્યોમાં જ્યાં સારી ભાવનાવાળા ભાઇઓના હાથમાં રાજ્યસત્તા આવી ત્યાં વિકાસ સારો થયો, પણ બીજે શું ? આર્થિક તેમજ વહીવટી રીતે એ ચાલી ન શકે એમ લાગ્યું. તેમાંથી ૧૫ કે ૧૬ રાજ્યની રચના પર આવ્યા છે."

† "તમારી આગળની રાજ્યની કલ્પના શી છે ?"

* "આ મારી કલ્પના નથી. પણ જે કલ્પના મને ગમે છે તે આ છે. ભારતવર્ષનું એક જ રાષ્ટ્ર હોય અને તેના હાથ નીચે ૩૭૦ કે તેથી ય વધુ જિલ્લા હોય અને તે વહીવટી એકમો તરીકે કામ કરતાં હોય."

† "શું તમોને એમ નથી લાગતું કે આવું મોટું રાજ્ય થાય તો તો વહીવટ ચાલી જ ન શકે ?"

* "હા, તમે રાજ્યવહીવટની આજની કલ્પનામાં વિચરો છો તેથી આવું લાગે છે. જિલ્લાઓની જિલ્લા પંચાયતોને મોટા ભાગની સત્તાઓ આપી સત્તાનું વિકેંદ્રિકરણ કર્યું હોય તો આજના અનેક વહીવટી પ્રશ્નો સરળ થઈ જાય. પછી ભાષાવાર પ્રાંતરચનાનોય પ્રશ્ન ન રહે કે ન રહે સીમાનો ઝઘડો. એટલું જ નહિ, પ્રજા લોકશાહીમાં વધારે રસ લેતી થાય, કારણ કે જિલ્લા પંચાયત સૌની સાથે સંપર્ક સાધી શકે. વળી આજની તોતિંગ ચૂંટણીપદ્ધતિનું પણ નિરાકરણ થાય, જિલ્લામાં સીધી ચૂંટણી થાય ને તેથી ઉપર આડકતરી ચૂંટણી થાય એટલે મોટા ખર્ચ, મોટી ધમાલમાંથી પણ મુક્ત થઈ શકાય."

† "તો આજે જ આવું કેમ ગોઠવતાં નથી ?"

* "આ પાંચ-પચીસ ગામોના પ્રશ્નોમાં જ્યાં ખેંચાખેંચી થતી હોય ત્યાં આવો ઊંચો વિચાર પ્રજા એકદમ શી રીતે ઝીલી શકે ? પણ જે ઉપરનાં બંને અનિષ્ટોમાંથી પ્રજાને છોડાવી લોકશાહીને સાચા અર્થમાં ભારતમાં વિકસાવવી હોય તો હું કોઈ ભાષાનો નથી કોઈ પ્રદેશનો નથી, હું ભારતવર્ષનો છું. અને હું કોઈ જ્ઞાતિ, કોમ કે સંપ્રદાયનો નથી, હું માનવ છું. એ બે મંત્રોને રાષ્ટ્રમંત્ર તરીકે વર્ષો સુધી રટી આપણે બધી સંકુચિતતા અને તેમાંથી જન્મેલા અહંકારોથી મુક્ત થઈ 'ભારતીય જન' તરીકે જીવવાની ટેવ પાડવી પડશે."

"પણ આ તો એક આદર્શની વાત થઇ. એને આંખ સામે રાખી આપણે યુવાનોએ આપણી નવી પેઢીને પ્રેરણા આપવી જોઇશે. તો એમ કહેવું જોઇએ કે અમે ભારતીય જન જ શા માટે ? વિશ્વ-માનવ તરીકે જીવવાના વિચારને અમારો આરાધ્ય મંત્ર માનીએ છીએ. આવી સંકુચિતતાનાં બંધનો અમારે શા માટે ? અમારા અંતરની અભિલાષા છે નવી પેઢીના મૂળમાં આ મંત્ર શોભે. અને ભારતવર્ષનું એકેએક બાળક, એકેએક યુવાન, અને એકેએક જણ જ્યારે આવા વિચારથી પ્રેરાઈને જીવશે ત્યારે ભારતભૂમિના અંગેઅંગમાં નવા પ્રાણનો સંચાર થઇ ગયો હશે. ભાવનાના પ્રવાહમાં આપણે કેટલે દૂર પહોંચી ગયા, નહિ?"

† "ના. પણ આ વિચાર તો મને ખૂબ જ ગમ્યો. એ રીતે પ્રશ્નનો ઉકેલ થાય તો ?"

* "અહંકારો ને માન્યતાનાં બંધનો ધીમે ધીમે ઢીલા કરી પ્રજાને એક કદમ આગળ લઈ જવાની હોય છે. આપણાં દ્વિભાષી રાજ્યની રચના એ દિશામાં જ એક પગલું નથી ?

"પંડિત નહેરુ આખાયે જગતને સહઅસ્તિત્વની વાત કરે અને આપણે બે ભાષા બોલનાર શું સાથે એક જ વહીવટ હેઠળ વિકાસ ન સાધી શકીએ ? પણ હવે મૂળ ચર્ચા પર આવીએ. મહેમદાવાદમાં ઠરાવ વખતે જે માગણી હતી તેમાં ગુજરાતને છૂટા થવું હોય તો થઈ શકે તેમ હતું. જ્યારે લોકસભાએ જે ખરડો પસાર કર્યો છે તેમાં ત્રણે પર સાથે રહેવાનું બંધન છે. જો છૂટા પડવાની પરિસ્થિતિ ઊભી થાય તો ત્રણ રાજ્યની અસલ ભૂમિકા જ આવે. એટલે સાથે રહેવાનો પ્રયત્ન આમાંથી સહજ જન્મે છે. એટલે પ્રદેશ સમિતિને જે ડર હતો તે ડર રાખવાનું કોઈ પણ કારણ હવે રહેતું નથી એ વસ્તુ ભુલાવી ન જોઇએ."

† "આટલી સ્પષ્ટતા પછી મારે કાંઈ જ કહેવાનું રહેતું નથી. આવી પરિસ્થિતિમાં તો વિદર્ભસહિતના દ્વિભાષી રાજ્યના સ્વીકારમાં કશી જ મુશ્કેલી નથી."

સમાપ્ત.

નવલભાઈ શાહ

પ્રકીર્ણ નોંધ

એક કમનસીબ ગેરસમજુતીનું નિવારણ

દ્વિભાષી મુંબઇ પ્રદેશની યોજનાનો સ્વીકાર કરીને મુંબઇ પ્રદેશના મુખ્ય સચિવ શ્રી મોરારજીભાઈ દીલ્હીથી ઓગસ્ટ માસની સાતમી તારીખે મુંબઈ પાછા ફર્યા કે તરત જ એરોડ્રોમ ઉપર છાપાવાળાઓની મુલાકાત વખતે દ્વિભાષી મુંબઇ પ્રદેશની નવરચનાનો સ્વીકાર કરવાનો આગ્રહ કરતાં તેમણે એમ જણાવ્યાની માન્યતા ચોતરફ ફેલાઇ રહેલી કે ' Those who will oppose will suffer '–"જેઓ વિરોધ કરશે તેમને ખમવું પડશે." ખાસ કરીને અમદાવાદના છાપાઓ એ દિવસો દરમિયાન આ વાકયનો શ્રી મોરારજીભાઇ સામે વારંવાર ઉપયોગ કરીને એમ સૂચવી રહ્યા હતા કે દ્વિભાષી મુંબઇનો એક વાર નિર્ણય લેવાયા બાદ કોઇએ પણ તેનો વિરોધ કરવો નહિ એમ મોરારજીભાઇ ધરાવે છે અને જેઓ તેનો વિરોધ કરવાની ધૃષ્ટતા કરશે તેમને હેરાન થવું પડશે એમ તેઓ ધમકી આપે છે. એ દિવસોના છાપાઓમાં શું આવેલું તે વિષે મને પણ ચોકકસ ખ્યાલ નહિ હોવાના કારણે મોરારજીભાઇએ ઉપર મુજબ કહ્યાનું મેં પણ માની લીધેલું.

સમયાન્તરે ગયા સપ્ટેમ્બર માસ દરમિયાન શ્રી મોરારજીભાઇને મળવાનો યોગ પ્રાપ્ત થતાં તેમને મેં પૂછેલું કે "ઓગસ્ટ માસની ૨૬મી તારીખની અમદાવાદની જાહેર સભામાં આપે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે 'ભારતની લોકસભાએ દ્વિભાષી મુંબઇનો નિર્ણય કર્યો છે. એમ છતાં જેને એ ન ગમતું હોય અને મહાગુજરાતનો જેને આગ્રહ હોય તે મહાગુજરાતના પક્ષમાં પોતાના વિચારો વિના સંકોચે રજુ કરી શકે છે તેમ જ તેનો પ્રચાર કરી શકે છે. આ લોકશાહીના જમાનામાં કોઇના ઉપર આવો અંકુશ મુકી શકાય જ નહિ. આપણા દેશને લગતા કોઇ પણ પ્રશ્ન ઉપર દરેક વ્યકિતને પોતાના અભિપ્રાયો મુકત મને પ્રગટ કરવાની છૂટ હોવી જ જોઇએ. જો આ બરોબર હોય તો એ જ માસની છઠ્ઠી તારીખે દીલ્હીથી મુંબઇ આવી પહોંચતાં 'Those who will oppose will suffer'–"જેઓ વિરોધ કરશે તેમને ખમવું પડશે–એમ આપે કેમ જણાવ્યું ?"

તેમણે મને જવાબ આપ્યો કે "હું એ શબ્દો બોલ્યો જ નથી. એ પ્રસંગે મેં એમ જણાવ્યું હતું કે 'Those who misbehave will suffer'–'જેઓ અયોગ્ય રીતે વર્તાવ કરશે તેમને ખમવું પડશે'– અને તે પણ એ અનુસંધાનમાં મેં જણાવ્યું હતું કે જ્યારે કેબીનેટ સમક્ષ મેં દ્વિભાષી મુંબઇનો સ્વીકાર કર્યો ત્યારે મેં ત્યાં ખાસ નોંધ કરાવી છે–જેને ભારત સરકારે જરૂરી પ્રસિદ્ધિ આપી નથી અને તે નોંધ એ મતલબની છે–કે આ દ્વિભાષી રચનાનો અમલ થયા બાદ મહારાષ્ટ્ર જો યોગ્ય રીતે વર્તે નહિ તો મહાગુજરાત, મહારાષ્ટ્ર અને કેન્દ્રશાસિત મુંબઈ એ મુજબની ત્રણ એકમોની મૂળ રચના જ આવીને ઉભી રહે અને જો ગુજરાતની પ્રજા અયોગ્ય રીતે વર્તે તો મહાગુજરાતનું જુદું રાજ્ય થાય અને મુંબઇનો મહારાષ્ટ્રમાં સમાવેશ થાય. આના અનુસંધાનમાં ઉપરના વાકયથી હું એમ સૂચવવા ઇચ્છતો હતો કે આ ત્રણ એકમોમાંથી જે કોઈ ખોટી રીતે વર્તશે તેને સહન કરવું પડશે."

તેમનો આ જવાબ મળ્યા બાદ, પછી એ દિવસોના એટલે કે તા. ૭–૮–૫૬ ના અંગ્રેજી છાપાઓ મેળવવા મેં પ્રયત્ન કર્યો અને તે દ્વારા શ્રી મોરારજીભાઈના ઉપરોકત કથનની મને પ્રતીતિ થઈ, અને પક્ષપ્રસ્ત છાપાવાળાઓ આની એક વિશિષ્ટ વ્યકિતના અમુક વિધાનને વિકૃત રૂપ આપીને કેવી ગેરસમજુતી ફેલાવી શકે છે અને લોકલાગણીને એ રીતે બહેકાવી શકે છે તે વિષે મેં ભારે આશ્ચર્ય અને દુઃખ અનુભવ્યું.

ઉપર મુજબના સવાલજવાબને પ્રસિદ્ધિ મળે તે ખાસ ઇચ્છવા–યોગ્ય છે એમ લાગવાથી આ નોંધ શ્રી મોરારજીભાઈ પાસે મંજુર કરાવીને અહિં પ્રગટ કરવામાં આવે છે.

કોંગ્રેસી નેતાઓના પ્રવચનોમાં સંયમ અને સુરૂચિની થઈ રહેલી ઉપેક્ષા

તાજેતરમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મુખ્ય મંત્રી શ્રી ઠાકોરભાઈ દેસાઇએ અમદાવાદ ખાતે કોંગ્રેસી કાર્યકરો અને કોંગ્રેસ પ્રત્યે સહાનુભૂતિ દર્શાવનારાઓની તા. ૨૩–૯–૫૬ ના રોજ મળેલી સભામાં બોલતાં જણાવ્યું હતું કે "ગુજરાતભરમાં મહાગુજરાત માગનારાઓએ કોંગ્રેસ સાથે વેર બાંધ્યું છે. તેઓ કોંગ્રેસને દુશ્મન માની ને તેને ખતમ કરવા તૈયાર થયા છે. આ લોકોને મહાગુજરાત નથી જોઇતું. એમને તો કોંગ્રેસને ખતમ કરવી છે, પરંતુ કોંગ્રેસને ખતમ કરી શકતા નથી એનો બધો રોષ છે.

"અમદાવાદમાં ઓગસ્ટની આઠમી તારીખે થયેલા ગોળીબાર વિષે અનેક પ્રશ્નો અમારા માથા ઉપર મારવામાં આવે છે. એ ગોળીબાર કેમ કરવામાં આવ્યો ? કેવી રીતે કરવામાં આવ્યો ? પગ વીંધાય એમ કેમ ન કરવામાં આવ્યો ? નાનામોટાનો ખ્યાલ કેમ ન રાખ્યો ? તેના જવાબમાં હું જણાવું છું કે ગોળીબાર ઉપર કાંઈ સરનામાં લખેલાં હોતાં નથી કે તે અમુકને જ વાગે, અને અમુકને ન વાગે, શરીરના અમુક ભાગને જ વાગે અને અમુક ભાગને ન વાગે. ગોળીબારથી અમારાં દિલ ઘવાયા છે એમ જેઓ કહે છે તેમનામાં દિલ જ નથી, બીજું કાંઇક છે. રક્ષણ માટે ગોળીબાર ન થાય તો અંધેર વ્યાપી જાય. ગોળીબારથી મરી ગયા, મરી ગયા એમ કહેવામાં આવે છે. કટોકટીના વખતે આવી મૂર્ખાઈ ભરી વાતો કરશો તો મરી જશો. જીવી નહિ શકો !

"આ તો કોંગ્રેસનું રાજ્ય ચાલે છે. કાંઈ ગરબા ગવાતા નથી. બહુચરાજીમાંથી આવ્યા હોય તેમ તાળીઓ પાડવાથી કે ઝુમો મારવાથી મહાગુજરાત નહિ મળે. પથ્થરમારાની તપાસ કરાવો, હું ગોળીબારની તપાસ કરાવું. તે સિવાય તપાસ નહિ થાય. મહાગુજરાત માંગનારાઓને મગનભાઈએ એવી ગોળી મારી છે કે એમની છાતી જ બેસી જાય. શ્રી મગનભાઇ દેસાઇ પૂછે છે કે મુંબઇ માટે તમે શું કહો છો ? કોંગ્રેસને કોઈ બહારનું ખતમ નહિ કરી શકે. માત્ર તેના અંદરના દુશ્મનોથી ખતમ થશે."

આ જ સભામાં શ્રી મગનભાઈ દેસાઈ (હરિજન પત્રોના માજી તંત્રી) એ બોલતાં જણાવ્યું હતું કે "આ મહાગુજરાતના નેતાઓ (!) મહારાષ્ટ્રને ચાળે ચઢયા છે. તેમનો એકમત હશે તો પણ તેમને મહાગુજરાત મળવાનું નથી. કારણ કે પાર્લામેન્ટની પાસે સાર્વભૌમ સત્તા છે. ગુજરાત કે મહારાષ્ટ્ર પાસે એ સત્તા નથી. ગોળીબારની વાતો કરનારા આજે વાતોના ગોળીબાર કરી રહ્યા છે. લાગણીવેડાથી, સભાઓ ભરવાથી કે બીજાઓની સભાઓ તોડવાથી કે કોંગ્રેસીનાં પજવણાં કરવાથી કંઇ અર્થ સરવાનો નથી. તમે શું સુધારો કરવા માંગો છો એ કહોને ? ગુજરાતને ચળવળ ચલાવવાનો કે બળવો પોકારવાનો હક્ક છે, પરંતુ 'જનતા કરફયુ' એ તો જુલમ જ હતો. હાથે કરીને શા માટે નાહક દુઃખ ઉભું કરો છો ?"

તેમણે એ જ વ્યાખ્યાનમાં આગળ ચાલતાં જણાવ્યું હતું કે "ગુજરાતીમાં કહેવત છે કે નબળો ધણી બૈરી ઉપર શુરો. એ પ્રમાણે તમે ગુજરાતની કોંગ્રેસને શા સારૂ લઈ પડયા છો ? ગુજરાત નથી જોઇતું એવું કોંગ્રેસે કયારે કહ્યું છે ? કોંગ્રેસીઓને ખાસડાં અને જુતાથી મારો છો શા માટે ? જે જવાહરને તમે લાડીલા કહીને સંબોધો છો તે જવાહરની સરકારે આ વિશાળ દ્વિભાષી મુંબઈ રાજ્યનો નિર્ણય કરેલો છે. કોણ કોને શા માટે દંડી રહ્યું છે ?

"મહાગુજરાતને દોરનારા ઇન્દુલાલ અને બીજા વિદ્યાર્થીનેતાઓ શાની વાતો કરી રહ્યા છે ? કોઇ મરી નથી ગયું છતાં વિજ્ઞાન ભણતી કોલેજિયન બહેનો શાના છાજીયા લેતી હતી ? એક ગુજરાતણ રાંડે એ બીજી ગુજરાતણને ગમે ખરૂં ? શું ગુજરાતણોને આ શોભે એવી વસ્તુ છે ? આ પ્રકારે જો કદાચ મહાગુજરાત થઈ ગયું તો મને ડર છે કે આ લોકો બીજાં રાજ્યો પણ લઈ લેશે. તો પછી તોપો લશ્કર આકાશોમાંથી નકામાં થઈ જશે (હસાહસ).

"કૉંગ્રેસ લોકોને ઊંઠાં ભણાવનારી સંસ્થા નથી, માટે જ એ ધોદ્દા ખાસ છે. અમને પણ ઊંઠાં સામે દોઢાં અને સવાયાં આવડે છે. લડત ચાલવનારાઓને મારી નમ્ર વિનંતિ છે કે આ હવે ગુજરાતનો સવાલ રહ્યો નથી પણ આખા હિંદનો સવાલ બન્યો છે.

"અમારા પિતાએ (ગાંધીજીએ) અમને જે કહ્યું છે તેની અમારે ચિન્તા છે. તમે શું કામ અમારી ચિન્તા કરો છો ? તમે તમારા પિતાની ચિન્તા કરોને ? વળી નવરાત્રીમાં ગરબા પણ મહાગુજરાતના ગાવાનું કહેવામાં આવ્યું છે. આ રાજ્ય ચાલે છે. કંઇ ગરબા ગવાતા નથી. રાજ્ય ઇશ્વરનો અંશ કહેવાય છે. ઈશ્વર પાપીને જો સજા કરી શકે તો રાજ્ય કેમ ન કરી શકે ?"

આ ઉતારાઓ અમદાવાદના દૈનિક છાપાઓમાંથી લેવામાં આવ્યા છે. અન્યત્ર થયેલાં ભાષણોમાંથી પણ આવા ઉતારાઓ તારવી શકાય તેમ છે. જો ઉપરના ઉતારા બરોબર હોય તો તે વિષે બે શબ્દો કહેવાનું પ્રાપ્ત થાય છે.

આજે મહાગુજરાતના પક્ષકારો ઝનુની ભાષણો કરીને અમદાવાદનું આકાશ ગજવી રહ્યા છે. લોકલાગણી ઉશ્કેરવા ઉપર જે પ્રચાર-કાર્યનો આધાર છે ત્યાં અત્યુક્તિ થાય, અને પ્રમાણ, વિવેક, અને સભ્યતાને પણ તિલાંજલિ આપવામાં આવે એ સહજ સમજી શકાય તેમ છે. આજના સંયોગોમાં લોકોને મહાગુજરાતની વાત પકડાવવી પ્રમાણમાં ઘણી સહેલી છે,—કારણ કે કેટલાયે મહિનાથી—બલ્કે વર્ષોથી —લોકોના મનમાં આ વાત રમી રહેલી છે. આની સામે દ્વિભાષી મુંબઈની વાત લોકો પાસે સ્વીકારાવવી એ એટલી સહેલી નથી. તે માટે દાખલા, દલીલો, ગણતરીપૂર્વકનું અદ્યતન જટિલ સંયોગોનું શાન્ત, સ્વસ્થ અને વિશદ નિરૂપણ અપેક્ષિત છે.

બીજું કૉંગ્રેસનું આજનું પ્રચારકાર્ય દ્વિભાષી મુંબઈ પ્રદેશને બુદ્ધિપૂર્વક સ્વીકારતા ભાઇબહેનોને અનુલક્ષીને ચલાવવાની કોઈ જરૂર જ નથી, પણ જેઓ મહાગુજરાત તરફ ઢળેલા છે તેમને દ્વિભાષી મુંબઈના સ્વીકાર તરફ કેમ વાળવા એ જ માત્ર આજની એક મુશ્કેલ સમસ્યા છે. શ્રી મગનભાઈ દેસાઈ પોતાના ભાષણમાં એક સ્થળે સૂચવે છે કે જો મહાગુજરાતવાદીઓને ઊંઠા આવડતા હોય તો અમને દોઢાં સવાયાં આવડે છે—આ બરોબર બતાવી આપવાનો જો કૉંગ્રેસના પ્રચારકાર્યનો હેતુ હોય તો ઉપરની શૈલિનાં ભાષણો બરોબર છે. પણ કૉંગ્રેસ એક જવાબદાર સંસ્થા છે. તેના હાથમાં આજે રાજ્યતંત્ર છે. તેણે કૉંગ્રેસી-બીનકૉંગ્રેસી બધા લોકોને સંભાળવા છે અને તે જે કરે છે તેનું ઔચિત્ય સૌ કોઇ સમજે અને સ્વીકારે એ જોવાનો તેનો અનિવાર્ય ધર્મ છે.

આ બધુંયે બરોબર હોય તો ઉપરની ઢબનાં ભાષણો આજે અસ્થાને છે, કૉંગ્રેસને તેથી લાભ થવાને બદલે નુકસાન થાય, અને લોકો કૉંગ્રેસ તરફ વળવાને બદલે વિમુખ બને એવો તેમાં પૂરો સંભવ રહેલો છે. આજે લોકોને આપણે સ્પષ્ટ અને સભ્ત ભાષામાં અને જોરદાર રીતે કહેવું જોઇએ. ખાસ કરીને જ્યારે બીજી બાજુએ મહાગુજરાતનો બેલગામ પ્રચાર ચાલી રહ્યો છે ત્યારે—એમ કૉંગ્રેસી પ્રચારકો કદાચ માનતા હોય તો પણ સ્પષ્ટ અને સભ્ત ભાષા એક વસ્તુ છે; સુરુચિભંગ, તોછડાઈ, કર્કશતા એ બીજી જ વસ્તુ છે. આ બેનો ભેદ આપણે ન કરીએ તો એક ગાળની સામે અગિયાર ગાળ દેવાની નીતિ ઉપર આપણે ઘસડાઈ જઇએ. આ ભયસ્થાન તરફ આજના કૉંગ્રેસી પ્રચારકોનું ખાસ ધ્યાન ખેંચવું અત્યન્ત જરૂરી લાગે છે.

દ્રાવીડ કાઝગામ આન્દોલન અને વિનોબાજી

દક્ષિણ પ્રદેશમાં કેટલાએક સમયથી રામાયણ અને તેના નાયક રામ સામે 'દ્રાવીડ કાઝગામ' નામની એક હીલચાલ ઉભી થઈ છે. આ હીલચાલની માનસિક ભૂમિકા એ પ્રકારની છે કે 'આજે ભારતના રાજકારણમાં ઉત્તર પ્રદેશના લોકોનું અસાધારણ પ્રભુત્વ છે અને તેઓ દક્ષિણ પ્રદેશના લોકો ઉપર પોતાનું અધિપત્ય જમાવી રહ્યા છે અને **હિંદી ભાષાના પ્રચારને આ ધ્યેય સિદ્ધ કરવાનું તેમણે એક સાધન** બનાવ્યું છે, ઉત્તર પ્રદેશની આજે સૌથી વધારે વસ્તી છે અને દીલ્હી વધારે નજીક હોઇને તે વિભાગના આગેવાનોનું બીજા વિભાગના આગેવાનો કરતાં પ્રમાણમાં વધારે વર્ચસ્ હોય એ સ્વાભાવિક છે. પણ આનું પરિણામ રાજ્યવહીવટના કોઈ પણ અંગમાં એકની અન્ય ઉપર શિરજોરી કરવામાં આવે છે એમ માનવાને કશું કારણ નથી. હિંદી ભાષાને પણ રાષ્ટ્રીય એકતાના સાધન તરીકે નહિ જોતાં ઉપર જણાવ્યું તે રીતે દક્ષિણના લોકો જુએ એ આપણી એક મોટી કમનસીબી છે. ભારતીય રાજકારણમાં ઉત્તર દક્ષિણ વચ્ચે કશો પણ વાસ્તવિક ભેદ ન હોવા છતાં, ઉત્તર સંબંધે દક્ષિણ પ્રદેશોમાં ઉપર જણાવ્યો તેવો પૂર્વગ્રહ અમુક વર્ગોમાં જામેલો છે. આ જ પૂર્વગ્રહને વધારે દૃઢીભૂત કરવાના હેતુથી એ બાજુએ રામ અને રામાયણ સામે, આપણી સહજ કલ્પનામાં પણ ન આવે એવું, એક વિરોધી આન્દોલન ચાલી રહ્યું છે, જે 'દ્રાવીડ કાઝગામ' ના નામથી ઓળખાય છે. આ આન્દોલન એવું મન્તવ્ય ફેલાવી રહેલ છે કે રામચંદ્રજીની આખી કથા આજે ઉત્તરનું દક્ષિણ ઉપર જે આધિપત્ય કલ્પવામાં આવે છે તેનું જ એક પ્રતીક છે. રામચંદ્રજી અયોધ્યાથી એટલે ઉત્તરથી નીચે આવ્યા અને દક્ષિણના છેડે વસાહત કરી રહેલ રાવણને હરાવ્યો—આ ઉત્તરની દક્ષિણ ઉપરની જીત છે. આ કથાદ્વારા ઉત્તર ભારતની પ્રજ્ઞાનું દક્ષિણ ભારતની પ્રજ્ઞા કરતાં ચડિયાતા હોવાનું ધમંડ પોષાતું રહ્યું છે અને દક્ષિણ ભારતની પ્રજ્ઞામાં એક પ્રકારની લાઘવગ્રંથી તેણે પેદા કરી છે. આ ધમંડ અને લાઘવગ્રંથીને પુષ્ટ કરવાના હેતુથી રામને બને તેટલા ઉજળા ચીતરવામાં આવ્યા છે, અને રાવણને બને તેટલો કાળો આલેખવામાં આવ્યો છે; એકને દેવ તરીકે પ્રતિષ્ઠિત કરવામાં આવેલ છે, અન્યને દાનવ તરીકે અપમાનિત કરવામાં આવ્યો છે. તેમના મત મુજબ લંકામાં એક સુવ્યવસ્થિત રાજ્યરચના હતી. અને ત્યાં એક વિશિષ્ટ પ્રકારની સંસ્કૃતિની જમાવટ હતી. રાવણ આ સંસ્કૃતિનો અધિષ્ઠાતા પુરુષ હતો, અને દ્રાવીડી સભ્યતાના પ્રતીક સમાન હતો. દક્ષિણની દૃષ્ટિએ વિચારવામાં આવે તો રાવણ દક્ષિણનો અધિદેવતા હતો અને રામ તેનો વિરોધી શત્રુ હતો. આ બાબત માત્ર રામવિરોધી મન્તવ્યો અને વળણો વ્યક્ત કરવા પૂરતી મર્યાદિત રહી નથી, પણ રામાયણ ગ્રંથની જાહેર રીતે નિર્ભર્ત્સના કરવી, રામની છબીને બાળવી અને રામની મૂર્તિનું જાહેર અપમાન કરવું—આવું વિચિત્ર, વિકૃત અને હીન માનસ દાખવતું સ્વરૂપ આ હીલચાલે આજે ધારણ કર્યું છે. આજે આપણા લોકોનું માનસ કઈ હદ સુધી વિવેક અને સમધારણ ગુમાવી શકે છે અને લોકમાનસમાં રહેલા કોઈ એક આળા ખુણાને સ્પર્શીને દ્વેષ મત્સર અને વીખવાદની જવાળાઓ કેટલી સહેલાઇથી પ્રગટાવી શકાય છે તેનો આ હીલચાલ એક નમુનો છે.

આ આન્દોલન જે વિભાગમાં જોસભેર ચાલી રહેલ છે તે વિભાગમાં પ્રવાસ કરતાં મદ્રાસની દક્ષિણે આવેલ મોરાપુર નામના ગામમાં ગયા ઓગસ્ટ માસની ત્રીજી તારીખે વિનોબાજી એવી મતલબનું બોલ્યા હોવાના દૈનિક પત્રોમાં સમાચાર આવ્યા હતા કે "ભગવાન રામના ચરિત્રમાં જે કાંઈ ક્ષતિઓ માલુમ પડે તે ક્ષતિઓ દૂર કરવા માટે રામાયણમાં જરૂરી ફેરફારો થઈ શકે છે. એક નીતિશાસ્ત્રના ગ્રંથ તરીકે રામાયણનું ભક્તિપૂર્વક પઠનપાઠન કરવામાં આવે છે, અને તે ઇતિહાસનો કોઈ ભાગ નહિ હોવાથી તેમાં કોઈ પણ સુધારા કરવામાં આવે કે અમુક ભાગો રદ કરવામાં આવે તો તેમાં બહુ વાંધા જેવું નથી. આમ કરવાથી એ ગ્રંથ વધારે વાંચનયોગ્ય બનશે. મારી સમજણ પ્રમાણે રામાયણ સામે મુખ્યત્વે કરીને બે વાંધાઓ રજુ કરવામાં આવે છે. એક તો એ કે ઉત્તરે દક્ષિણને કેવી રીતે સર કર્યું—જીત્યું—તેનો રામાયણ એક ઐતિહાસિક અહેવાલ છે. અને બીજો વાંધો એ જણાવવામાં આવે છે કે ભગવાન રામચંદ્રનું જીવન જે રીતે વર્ણવવામાં આવે છે તે રીતનું આદર્શ નહોતું, પણ તેમાં સંખ્યાબંધ ક્ષતિઓ હતી. પહેલા વાંધાના જવાબમાં જણાવું છું કે રામાયણ કોઈ ઐતિહાસિક ગ્રંથ છે જ નહિ. જેમાથાળો માનવી

પણ આ જગતમાં શોધ્યો મળે તેમ નથી તો દશ માથાળા માનવી તો સંભવે જ કયાંથી? જેમાં દશ માથાવાળા રાજા રાવણની અને પર્વતકાય કુંભકર્ણની કાલ્પનિક વાતો ભરી છે તેવી રામાયણને હકીકત રૂપે બનેલી બીનાઓની નોંધ કરતા ઇતિહાસ તરીકે સ્વીકારી કે વિચારી કેમ શકાય?"

આ જ બાબતને વિશેષ ચર્ચતાં વિનોબાજીએ જણાવેલું કે "આખા હિંદુસ્તાનમાં રામાયણનું નીતિ અને સદાચારના ભંડાર રૂપે બહુમાન કરવામાં આવે છે અને કેવળ ભકિતભાવથી પ્રેરાઇને તેનું પઠન પાઠન કરવામાં આવે છે અને તે પાછળ બીજે કોઈ હેતુ હોતો નથી. હું તમને ખાત્રી આપું છું કે રામાયણ ઉત્તરના દક્ષિણ ઉપરના હુમલાનો ઐતિહાસિક અહેવાલ રજુ કરે છે એવા ખ્યાલથી કોઈ પણ ઉત્તરવાસી હિંદી રામાયણનું અધ્યયન કરતો નથી."

પાછળના ભાગમાં રામાયણ સંબંધે વિનોબાજીએ જે કાંઇ જણાવ્યું છે તે બરોબર છે, પણ આગળના ભાગમાં રામાયણ ઐતિહાસિક ગ્રંથ નથી એમ જણાવીને રામાયણમાં આપણે ગમે તેવા ફેરફાર કરી શકીએ છીએ એ મુજબનું તેમણે કરેલું વિવેચન કાંઇક આશ્ચર્ય પેદા કરે છે.

રામાયણને કોઈ આધારભૂત ઐતિહાસિક ગ્રંથ તરીકે લેખતું જ નથી, સંભવ છે કે રામાયણમાં જે કથા આવે છે તેને મળતી કોઈ નાની સરખી રાજકીય ઘટના બની હોય અને તે માળખા ઉપર વાલ્મીકીએ રામાયણ નામના મહાકાવ્યની રચના કરી હોય. આ કાવ્યની રચનાના ઐતિહાસિક કાળ વિષે ચોક્કસપણે કાંઇ કહી શકાતું નથી. પણ ૨૫૦૦ થી ૩૦૦૦ વર્ષ જેટલી પુરાણી રચના હોવાની માન્યતા સામાન્યતઃ પ્રચલિત છે. વચ્ચેના ગાળામાં એ મહાકાવ્યના દેહમાં કોઈ નાના મોટા ફેરફારો થયા હોય યા ન પણ થયા હોય, પણ આજે આપણી આગળ એક સુશ્લિષ્ટ આકારમાં અને આરંભથી અન્ત સુધી સુસંવાદી સ્વરૂપમાં વાલ્મીકી રામાયણ મોજુદ છે. તુલસી રામાયણ જેની લોક–પ્રિયતા સાથે જોડમાં ઉભો રહી શકે એવો ઉત્તર ભારતમાં અન્ય કોઈ ગ્રંથ જાણવામાં નથી તે પણ વાલ્મીકી રામાયણ ઉપર આધારિત છે. આજે દ્રાવીડ કાઝગામ આન્દોલનના પુરસ્કર્તાઓને જે પ્રકારનું રામાયણ છે તે નથી ગમતું એ ખાતર, તેમાં આપણે ઇચ્છીએ એવા ફેરફાર કરી શકીએ છીએ એમ કહેવું, તે રામાયણના ઐતિહાસિક મહત્વ (રામાયણ ઇતિહાસ નથી, પણ તેનું ઐતિહાસિક મહત્વ અસાધારણ છે.) ની ઓટલું જ નહિ પણ, તેના સાંસ્કૃતિક, સાહિત્યવિષયક અખિલ ભારતીય ગૌરવની ભારે અવગણના કરવા બરોબર છે. જગતના મહા-કાવ્યોમાં રામાયણ અગ્રસ્થાને છે. તેનું સાહિત્યિક મહત્વ ઉપરાંત રામની કથા ભારતીય પ્રજાના માનસમાં વાણા તાણા માફક ગુંથાયલી છે. રામ કલ્પિત હો કે ઐતિહાસિક હો, પણ તે ભારતીય જનતાનો એક આદર્શ આરાધ્ય મહામાનવ છે. અને તેથી રામાયણ તેમાં જ રામના વ્યકિતત્વનું ધાર્મિક મહત્ત્વ નાનું સુનું નથી.

જ્યારે રામાયણ રચાયું ત્યારે રામ અકસ્માતે ઉત્તરપ્રદેશવાસી કલ્પાયા હતા અને રાવણ એવી જ રીતે અકસ્માતે દક્ષિણપ્રદેશવાસી કલ્પાયો હતો. પણ તે પાછળ ઉત્તરનો ઉત્કર્ષ કે દક્ષિણનો અપકર્ષ બતાવવાનો સ્વપ્ને પણ કોઈ હેતુ હતો જ નહિ, હોઈ શકે પણ નહિ, કારણ કે એ વખતે ઉત્તર દક્ષિણનો કોઈ પ્રશ્ન જ નહોતો. આવી જ રીતે પ્રજાસમુદાય મહાભારત સામે વાંધો ઉઠાવશે, તો તે વિરોધ શમાવવા માટે મહાભારત પણ કોઈ ઐતિહાસિક ગ્રંથ નથી એમ કહીને, તેમાં આપણને ફાવે તેવા ફેરફારો કરી શકીએ છીએ એમ આપણે કહી શકીશું ખરા?

અને દ્રાવીડ કાઝગામવાળા રામાયણમાં કોઈ મામુલી ફેરફારથી રાજી થાય તેમ નથી એ પણ ભુલવું ઘટતું નથી. તેમને રામચરિત્રની કોઈ ત્રુટિઓ દૂર કરવી નથી, પણ રામની ગુણવિશેષતા નાબુદ કરવી છે અને પોતાનું ચાલે તો રામના સ્થાને રાવણની પ્રતિષ્ઠા કરવી છે અને રામનાં મંદિરો તોડી રાવણનાં મંદિરો ઉભાં કરવાં છે. આવા સૂચિત ફેરફારો માત્ર ઉપરછલ્લા નથી, પણ રામાયણના હાર્દને નિર્મૂળ કરનારા છે.

અને આ ઘેલી હીલચાલ રામની છબીઓ બાળીને, રામાયણ ગ્રંથને સળગાવીને તેમ જ રામની મૂર્તિનું જાહેર અપમાન કરીને આખા ભારત માટે કેવા કલેશનાં બીજે વાવી રહેલ છે તે પણ કલ્પનાપૂર્વક વિચારવું ઘટે છે. આવાં અપકૃત્યો ચાલુ રહે તો ભારતભરમાં લોક-લાગણી બહોળા પ્રમાણમાં ઉશ્કેરાયા વિના ન રહે અને ઉત્તર દક્ષિણ વચ્ચે જ માત્ર નહિ, પણ દક્ષિણની અંદરોઅંદર પણ બહુ મોટાં સંઘર્ષો અને અથડામણો પેદા થવાની સંભાવના ઉભી થાય; કારણ કે દક્ષિણમાં પણ રામનો મહિમા કાંઈ ઓછો નથી. શ્વેતબિન્દુ રામેશ્વર એ તો ભગવાન રામચંદ્રજીથી અધિષ્ઠિત એવું દક્ષિણનું મોટામાં મોટું તીર્થધામ છે.

આ રીતે 'દ્રાવીડ કાઝનામ' આન્દોલન માત્ર બેવકુફીભરેલું અને અજ્ઞાનપ્રેરિત આન્દોલન છે એમ નથી, પણ તે પાછળ લોકોના દિલમાં ઝેર પેદા કરનારું અને વિસ્તારનારું એક દુષ્ટ માનસ કામ કરી રહેલ છે અને તેમાંથી અનેક અનિષ્ટ અનર્થો નિર્માણ થવાનો સંભવ છે. આવું માનસ ધરાવતા સમુદાય સાથે તેમને પંપાળવાની રીતે હળવી ભાષામાં વાતો કરવાને બદલે વિનોબાજીએ આ આખા દેશને ખતરનાક નીવડે એવા વિચિત્ર આન્દોલન વિષે સ્પષ્ટ અને સખ્ત ભાષામાં કહેવા યોગ્ય કહેવું જોઇતું હતું અને આવી દેશની સુલેહશાન્તિ માટે ભયસ્થાન જેવી હીલચાલને તાબડતોબ બંધ કરવા અનુરોધ કરવો જોઇતો હતો. તેમનો આ વિશિષ્ટ અધિકાર હતો. અને આજે વિનોબાજી તેમને કે આપણને કડવું પણ હિતકારી એવું સત્ય નહિ સંભળાવે તો બીજું કોણ સંભળાવશે? **પરમાનંદ**

'બોધિસત્ત્વ'નું રૂપક રેડીઓ ઉપરથી સાંભળશો.

આગામી નવેંબર માસની ૧૩ મી તારીખે રાત્રે ૯-૧૫ વાગ્યે ઓલ ઇન્ડીઆ રેડીઓ–મુંબઈ સ્ટેશન ઉપરથી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી પ્રગટ કરવામાં આવેલ 'બોધિસત્ત્વ' નાટકનું રૂપક રજુ કરવામાં આવશે.

સંઘના સભ્યોને પ્રાર્થના

મુંબઈ જૈન યુવક સંઘના જે સભ્યોનું ચાલુ વર્ષનું લવાજમ હજુ સુધી વસુલ થયું નથી તેમને આ અંક સાથે ચોડેલી કાપલી-દ્વારા ખબર આપવામાં આવે છે, અને તેમનું લવાજમ રૂા. ૫) સંઘના કાર્યાલયમાં જેમ બને તેમ જલ્દિથી પહોંચાડવા પ્રાર્થના કરવામાં આવે છે. તેમનું લવાજમ વર્ષ દરમિયાન મળી જશે એ શ્રદ્ધાએ પ્રબુધ્ધ જીવન તેમની ઉપર મોકલવામાં આવે છે અને સંઘની ઇતર પ્રવૃત્તિઓ ચલાવવામાં આવે છે. જેમને હવે પછી સભ્ય તરીકે ચાલુ ન રહેવું હોય તેમને તે મુજબ લખી મોકલવા વિનંતિ છે, પણ ચાલુ વર્ષનું લવાજમ તો તેમણે મોકલી આપવું જ જોઇએ–એ બાબત તરફ તેમનું ખાસ ધ્યાન ખેંચવામાં આવે છે. આ બાબતમાં સંઘના સભ્યો અમને ચિન્તામુકત કરશે એવી અમે આશા સેવીએ છીએ.

૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ,
મુંબઇ ૩. **મંત્રીઓ, મુંબઈ જન યુવક સંઘ**

વિષય સૂચિ

		પૃષ્ઠ
સળગતો પ્રશ્ન	નવલભાઈ શાહ	૧૧૭
પ્રકીર્ણ નોંધ : એક કમનસીબ ગેરસમજુતીનું નિવારણ, કોંગ્રેસી નેતાઓના પ્રવચનોમાં સંયમ અને સુરુચિની થઈ રહેલી ઉપેક્ષા, દ્રાવીડ કાઝગામ આન્દોલન અને વિનોબાજી	પરમાનંદ	૧૨૦
આપણો વિદ્યાર્થી કયા માર્ગે?	પરમાનંદ	૧૨૩
પ્રગટ ચિન્તન	શંકરરાવ દેવ	૧૨૫
ભારતીય કળામાં જૈન સંપૂર્તિ	રવિશંકર રાવળ	૧૨૬
કેટલાંક મુકતકો	વિવિત્સુ	૧૨૮

આપણો વિદ્યાર્થી કયા માર્ગે ?

ગયા ત્રણ માસ દરમિયાન અમદાવાદનો વિદ્યાર્થીગણ આપણી નજર સામે બે વખત ઉપસ્થિત થયો છે. એક ઑગસ્ટ માસના પ્રારંભમાં ભારતની લોકસભાએ દ્વિભાષી મુંબઈ પ્રદેશનો નિર્ણય લીધો અને એ સામે અમદાવાદની વિદ્યાર્થી જનતા ઉછળી પડી એ પ્રસંગ અને બીજો પ્રસંગ હિંદના મહાઅમાત્ય પંડિત જવાહરલાલ નહેરુ ઑક્ટોબરની ત્રીજી તારીખે સવારે વિદ્યાર્થીઓ સમક્ષ પ્રવચન કરવા ઉપસ્થિત થયા અને વિદ્યાર્થીઓએ અનિચ્છનીય દેખાવો કર્યા તે. આ બન્ને ઘટનાઓનો આપણે ક્રમસર વિચાર કરીએ.

ઑગસ્ટની આઠમી તારીખ અને અમદાવાદના વિદ્યાર્થીઓ

ઑગસ્ટની સાતમી તારીખે અમદાવાદની કૉલેજોના વિદ્યાર્થીઓમાં દ્વિભાષી નિર્ણય સામે ઉગ્ર લાગણીઓના ઉછાળાની શરૂઆત થઈ. વાતાવરણ ગરમ અને ઉશ્કેરાટભર્યું બનવા લાગ્યું અને પરિસ્થિતિમાં અશાન્ત તત્વોની જમાવટ થતી માલુમ પડી. ગુજરાત પ્રદેશ સમિતિના મુખ્ય મંત્રી શ્રી ઠાકોરભાઈ દેસાઈએ તે જ રાત્રે વિદ્યાર્થીઓના આગેવાનોને એકઠા કર્યા અને અશાન્તિ ફેલાવવાના માર્ગે નહિ જવા તેમને બે કલાક સુધી સમજાવવાને ખૂબ પ્રયત્ન કર્યો, પણ તેમાં તેઓ નિષ્ફળ નીવડ્યા, 'મહાગુજરાત' 'મહાગુજરાત'ની ધુમોથી અને પોકારથી જાહેર રસ્તાઓ, શેરી અને ગલીઓ ગાજવા લાગી. બીજે દિવસે સવારે વિદ્યાર્થીઓ ટોળાના આકારમાં નીકળી પડ્યા અને 'મહાગુજરાત લેકર રહેંગે' ના પોકારો કરતા દુકાનો અને ઓફીસો ફરજિયાત બંધ કરાવવા લાગ્યા, રસ્તામાં જે મળે તેની ધોળી ટોપી ઉતરાવવા લાગ્યા અને ન ઉતારે તો ઝુંટવવા લાગ્યા, અને ફરતાં ફરતાં પહેલાં મજુર મહાજનના કાર્યાલયે પહોંચ્યા, અને શ્રી વસાવડાને મહાગુજરાતની ઝુંબેશમાં જોડાવા અને મજુરોને તેમાં સામેલ કરવા જોરશોરથી કહેવા લાગ્યા. શ્રી વસાવડા તે સામે અણનમ ઉભા રહ્યા. ત્યાં થોડુંક નુકસાન કરીને એ વિદ્યાર્થીઓનું ટોળું કોંગ્રેસ હાઉસ સામે આવીને ઉભું રહ્યું અને અંદર બેઠેલા કોંગ્રેસી આગેવાનોને પડકારવા લાગ્યું. તેમણે બે ત્રણ વાર બહાર આવીને વિદ્યાર્થીઓને સમજાવવા પ્રયત્ન કર્યો, પણ વિદ્યાર્થીઓ સમજવા માટે આવ્યા જ નહોતા, તેઓ તો મહાગુજરાતનો સ્વીકાર કરાવવા અને ધોળી ટોપી ઉતરાવવા આવ્યા હતા. તેમના પોકારો આમ મહાગુજરાત ઝીન્દાબાદથી અટકતા નહોતા, પણ "કોંગ્રેસ મુર્દાબાદ," 'મોરારજી હાય હાય' એ હદ સુધી પણ પહોંચી જતા હતા. ધોળી ટોપી ઉતારો, કોંગ્રેસ હાઉસ બંધ કરો, મહાગુજરાત હાંસલ કરો—આ તેમની માંગણી હતી. સાથે સાથે પથ્થરબાજી પણ તેમણે શરૂ કરી હતી. કોંગ્રેસ હાઉસ સામે વિદ્યાર્થીઓનાં ટોળાં ઉભરાયે જતાં હતાં. વધતે વધતે લગભગ ૩૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ એકઠા થઈ ગયા હતા. આમ પરિસ્થિતિ એટલી વિકટ બની રહી હતી કે કોઈ કડક પગલા સિવાય આ પ્રમત્ત ટોળાને શાન્ત પાડવું, પાછું હઠાવવું કે વિખેરવું અશકય બન્યું હતું. આ માટે ગોળીબાર કરવામાં આવ્યો તેના બદલે સખ્ત લાઠીમાર કરવામાં આવ્યો હોત, મોટા પ્રમાણમાં અશ્રુવાયુ વહેતો કરવામાં આવ્યો હોત, અથવા તો અન્ય કોઇ સખ્ત ઉપાયો હાથ ધરવામાં આવ્યા હોત, તો પોલીસે કાંઈ અઘટિત કાર્ય કર્યું છે, એમ કોઈ ન કહેત—આ હદે તત્કાલીન પરિસ્થિતિ પહોંચી હતી. આ વખતે શું થયું અને શું થવું જોઇતું હતું એ એક જુદો જ પ્રશ્ન છે પણ એ વિષે બેમત હોઇ ન જ શકે કે અમદાવાદમાં એ દિવસે પ્રગટેલી અને ફેલાયલી અરાજકતાની ચીણગારી વિદ્યાર્થીઓએ સળગાવી હતી અને એ અરાજકતા તેમણે શરૂ કરેલી મહાગુજરાતની ઝુંબેશમાંથી જ પેદા થઇ હતી.

આઝાદી મળ્યા બાદ કદાચ આ પહેલો જ પ્રસંગ હતો કે ગુજરાત—અથવા તો અમદાવાદ—ના વિદ્યાર્થીઓ કોઇ રાજકારણી આન્દોલનના અગ્રણી બન્યા હોય. ઈશ્વરારો કે એવો કોઇ કારણસર વિદ્યાર્થીઓએ આગળના વખતમાં ઝુંબેશ ઉપાડી હશે, પણ આજ સુધી આપણી બાજુના વિદ્યાર્થીઓ આ પ્રકારના રાજકારણી આન્દોલનથી લગભગ અલગ રહ્યા હતા. આ તકે વિદ્યાર્થીઓ કોઇ પણ પ્રકારની રાજકારણી ચળવળમાં ભાગ લે તે ઇષ્ટ છે કે નહિ તે પ્રશ્ન આપણ સર્વેએ ગંભીરતાપૂર્વક વિચારવો ઘટે છે.

વિદ્યાર્થી જીવન એ ઉછરતી પેઢીનો ઘડતરકાળ છે. એ ઘડતરકાળનો પૂરો ઉપયોગ વિદ્યોપાર્જનમાં થવો જોઇએ. વિદ્યાર્થીનું સમગ્ર લક્ષ્ય વિદ્યાલક્ષી હોવું જોઇએ એમ સૌ કોઇ સ્વીકારે છે. આ કારણે તેને કમાવાની ઉપાધિથી તેમ જ સામાજિક જવાબદારીઓથી પણ બને ત્યાં સુધી મુકત રાખવામાં આવે છે. તે પરિપક્વ માનવી બને, જીવન વિષે સાચી દૃષ્ટિ પામે, દ્રવ્યોપાર્જક કોઇને કોઇ વ્યવસાયમાં પારંગત થાય અને આસપાસની સમગ્ર પરિસ્થિતિ વિષે દૃષ્ટિસંપન્નતા કેળવે—આ હેતુપૂર્વક તેને સર્વ પ્રકારની શૈક્ષણિક સગવડો આપવામાં આવે છે અને આ હેતુથી વિદ્યાર્થી સ્કૂલમાં અને પછી કોલેજમાં જાય છે. આ જો બરોબર હોય તો તેણે સર્વ પ્રકારના રાજકીય તેમ જ સામાજિક સંક્ષોભથી મુકત રહીને જ્ઞાનોપાસના કરવી જોઇએ અને સમાજના આગેવાનોએ તેમ જ રાજકારણી આગેવાનોએ પણ વિદ્યાર્થીજનતાને કોઇ પણ પ્રકારની સામાજિક યા રાજકીય ઝુંબેશ કે હીલચાલમાં સંકોવવા ન જોઇએ. આ રીતે વિચારીએ તો અમદાવાદના વિદ્યાર્થીઓએ મહાગુજરાતની ઝુંબેશ ઉપાડી અને મહાગુજરાતપક્ષી આગેવાનોએ તે ઝુંબેશ ચલાવવામાં તેમનો જે ઉપયોગ કર્યો તે બન્ને ભારે અઘટિત થયું છે. સામાજિક કરતાં પણ રાજકીય ઝુંબેશ વિદ્યાર્થીઓ માટે ભારે ખતરનાક નીવડવા સંભવ છે. કારણ કે રાજકીય ઝુંબેશ અત્યન્ત ઉગ્ર આવેશ ઉપર રચાય છે. તેના નશામાંથી છૂટવું કોઇ પણ વ્યકિત માટે—ખાસ કરીને વિદ્યાર્થી માટે—અતિ મુશ્કેલ બને છે. સત્તાનિષ્ઠ રાજકીય પક્ષ સાથે આથડામણમાં આવવાનો તેમાં પૂરો સંભવ રહે છે. અને ગમે તેવી વ્યવસ્થિત હીલચાલ હોય અને ગમે તેવા તેના નેતા હોય તો પણ જ્યાં ઢગલાબંધ વિદ્યાર્થીઓ જોડાય છે ત્યાં અરાજકતા પેદા થવાનો પૂરો સંભવ રહે છે—કારણ કે વિદ્યાર્થી માનસ મોટા ભાગે લાગણીપરાયણ હોય છે, તેના માથે કોઈ જવાબદારી હોતી નથી, આવેશવશ બનીને આંખો બંધ કરીને તે ઝંપલાવે છે અને એક વખત ઝંપલાવ્યા બાદ કોઈ વિવેક, વિનય કે મર્યાદાના ખ્યાલો તેમને રોકી કે અટકાવી શકતા નથી. અમદાવાદમાં જે કાંઈ બન્યું અને આપણે જોયું તે આ બાબતનો સબળ પુરાવો છે. આ ઝુંબેશનું પરિણામ જ એવું આવે છે કે તેનું મન ડોળાઈ જાય છે, અભ્યાસની એકાગ્રતા ગુમાવે છે, અને ભણવામાં જલ્દિ ન સંધાય એવો વિક્ષેપ પડે છે.

વિદ્યાર્થીઓએ કોઇ પણ રાજકીય હીલચાલમાં પડવું ન જોઇએ એના સમર્થનમાં એક બીજો પણ વિચાર રહેલો છે અને તે એ કે જેમ બીજા વિષયોમાં તેમ જ રાજકીય બાબતોમાં પણ, કોઈ પણ પક્ષને પોતાની બુદ્ધિ અધીન કર્યા સિવાય તે જરૂરી કેળવણી પામે, સાચી અને ઊંડી સમજણ પ્રાપ્ત કરે એ જરૂરી છે અને તે એટલા માટે કે જ્યારે તે પુખ્ત ઉમ્મરનો થાય ત્યારે તે પરિપક્વ વિચારણાપૂર્વક રાજકીય વિષયોમાં ભાગ લઇ શકે અને પોતાને યોગ્ય લાગે તેવા પક્ષમાં તે સમજણપૂર્વક જોડાઇ શકે. અપરિપકવ ઉમ્મરે, ઉપરછલ્લી સમજણે, ભાવાવેશના આવેગમાં એક યા બીજી બાજુએ વિદ્યાર્થી ઢળી પડે એ નથી તેના લાભમાં, નથી દેશના લાભમાં.

આમ રાજકીય વિષયમાં વિદ્યાર્થી તટસ્થ રહે અને રાજકીય હીલચાલોથી વિદ્યાર્થી બીલકુલ અલગ રહે એ જોવાની ફરજ માત્ર માબાપોની નથી, શૈક્ષણિક સંસ્થાઓના સૂત્રધારોની જ નથી, પણ રાજકીય પક્ષોના આગેવાનોની પણ એટલી જ ફરજ છે. દેશના ભિન્ન ભિન્ન રાજકીય પક્ષોએ એક સર્વસામાન્ય અને સર્વમાન્ય નીતિ

તરીકે સ્વીકારવુ જોઇએ કે અમે અમારા કોઇ પણ પ્રચારકાર્યમાં કે પક્ષની પ્રવૃત્તિમાં વિદ્યાર્થીઓને કદિ પણ ખેંચીશું નહિ, એટલું જ નહિ પણ, જે કોઇ વિદ્યાર્થી ભૂલથી ખેંચાઇને આવશે તેમને પાછા વાળીશું. આમ નહિ બને અને એ મુજબ પ્રમાણીકપણે વર્તવામાં નહિ આવે ત્યાં સુધી વિદ્યાર્થી રાજકીય દાવાનળોમાં હોમાતો જ રહેવાનો અને રાજકારણી આગેવાનો પોતાના પક્ષના હેતુઓ સિદ્ધ કરવા માટે વિદ્યાર્થીરૂપી બળતણનો સતત ઉપયોગ કરતા રહેવાના.

આમ જ્યારે જ્ઞાનોપાસના સિવાય અન્ય કોઇ પ્રવૃત્તિથી અલગ રહેવાનું કહેવામાં આવે છે ત્યારે તેમાં બે યા ત્રણ અપવાદ સૂચવવા આવશ્યક લાગે છે. પહેલો અપવાદ એ છે કે જ્યારે પણ કોઈ મોટા પાયાની સામાજિક આફત આવી પડે–જેવી કે ધરતીકંપ, અગ્નિ–સંકટ જળસંકટ, દુષ્કાળ, કોઇ ચેપી રોગનો ભયંકર ફેલાવો, ત્યારે વિદ્યાર્થીઓએ થોડો સમય અભ્યાસને બાજુએ મૂકીને તત્કાલીન સેવાકાર્યમાં લાગી જવું જોઇએ. કારણ કે આવા કાર્યને કોઈ પક્ષાપક્ષી સાથે સંબંધ હોતો નથી, તેમાં રાજકારણી સંઘર્ષની કોઈ શકયતા સંભવતી નથી, અરાજકતાનું કોઈ જોખમ હોતું નથી. આવા વખતે વિદ્યાર્થીઓ અન્ય વ્યવસાયી માનવીઓ કરતાં ઘણી વધારે અને વખતસરની સેવા આપી શકે છે. આવી સેવા તેમના ઘડતર અને કેળવણીમાં અનેક રીતે પૂરક બને છે.

બીજો અપવાદ એ છે કે દેશની આઝાદી જ્યારે જોખમાય, કોઇ અન્ય દેશનું આપણા દેશ ઉપર આક્રમણ થાય, ત્યારે દેશના બીજા લોકો માફક વિદ્યાર્થીઓએ પણ સ્કૂલો અને કોલેજો છોડી દેશને બચાવવાના–રક્ષણકાર્યમાં બને તેટલા મદદરૂપ થવા દોડી જવું ઘટે છે. જેવી રીતે દેશને પરદેશી પ્રજાની ગુલામીમાંથી મુકત કરવાનો પ્રશ્ન હતો–જે બાબતમાં સૌ કોઈ એકમત હતા અને સૌ કોઇનો સાથ હતો–જેમાં રાજકીય પક્ષાપક્ષીના કે અંદર અંદરના કોઈ સંઘર્ષની સંભાવના નહોતી, જેનો ઉકેલ લાવવા માટે દેશની સમગ્ર શકિતને કેન્દ્રિત કરવાની, સ્ત્રી પુરૂષ, નાનાં મોટાં, જુવાન ઘરડાં–સૌ કોઇને સામેલ કરવાની અસાધારણ આવશ્યકતા હતી–આવે વખતે દેશનેતાઓએ વિદ્યાર્થીઓને પણ હાકલ કરી અને તેમણે આઝાદી જંગમાં ઝંપલાવ્યું, તેવી જ રીતે જ્યારે પણ દેશ સામે ભવિષ્યમાં આવી કોઇ કટોકટી ઉભી થાય ત્યારે વિદ્યાર્થીઓને આપણે હાકલ કરવાની રહી અને તેમણે ભવિષ્યનો બધો વિચાર બાજુએ મૂકીને સંરક્ષણ કાર્યમાં ઝંપલાવવું રહ્યું.

આ જ હેતુથી આજે નેશનલ કેડેટ કોર અને એવી બીજી લશ્કરી કેળવણી આપતી પ્રવૃત્તિઓમાં જોડાવાની વિદ્યાર્થીઓને છૂટ આપવામાં આવે છે. એટલું જ નહિ પણ, તેને ફરજિયાત બનાવવાનું વળણ જોર પકડતું જાય છે. આ પણ ખરી રીતે તેમના ચાલુ શિક્ષણની બહારની જ પ્રવૃત્તિ છે અને એમ છતાં એક વિશિષ્ટ અપવાદ તરીકે તેને સૌ કોઈ સ્વીકાર સંમતિ આપે છે. આ બે અથવા ત્રણ અપવાદો સિવાય બીજી કોઇ પણ પ્રવૃત્તિ કે હીલચાલમાં વિદ્યાર્થી ન પડે અને પોતાના અભ્યાસકાર્યમાં સંલગ્ન એ અત્યન્ત જરૂરી અને ઇષ્ટ છે.

આમ વિદ્યાર્થીઓએ શું કરવું જોઇએ અને શું ન કરવું જોઇએ તેની આપણે ઠીક ઠીક ચર્ચા કરી. પણ સૌથી મોટી ધુંચવણ–ભર્યો પ્રશ્ન તો આ બાબતમાં વિદ્યાર્થીઓનું નિયમન શી રીતે કરવું એ છે. સાધારણ રીતે સમાજમાં એક જુવાળની માફક રાજકારણી આંદોલનો આવી ચઢે છે અને એવા વખતે વિદ્યાર્થીઓ ઝાલ્યા ઝલાતા નથી, અટકાવ્યા અટકતા નથી, અને વિદ્યાર્થીઓ એમ કહે કે 'અમુક ચળવળમાં ભાગ લેવાનો જેમ બીજાને હક્ક છે તેમ અમને પણ એટલો જ હક્ક છે' તો તેના ગળે એ વખતે સહેલાઇથી ઉતારી શકાય એવો કોઇ આપણી પાસે જવાબ હોતો નથી, આજના વાતાવરણમાં કોઈ પણ દિશાએ દોડવા માંગતા વિદ્યાર્થીઓને કેવળ દંડ અને દમનથી અટકાવી નહિ શકાય આમ છતાં એવા કેટલાક ઉપાયો છે કે જે વિદ્યાર્થીઓને નિયમમાં રાખવામાં ઉપયોગી થઈ શકે. આ ઉપાયો નીચે મુજબ સૂચવી શકાય :–

(૧) માબાપ પોતાનાં બાળકો અભ્યાસથી ઇતર પ્રવૃત્તિઓમાં ખેંચાઈ ન જાય તે માટે પૂરતી તકેદારી રાખે.

(૨) શિક્ષકો અને અધ્યાપકો પણ આ પ્રકારની પૂરતી તકેદારી રાખે અને અભ્યાસની ઉપેક્ષા કરીને બીજી વસ્તુ પાછળ દોડવામાં વિદ્યાર્થીને સીધું તેમ જ આડકતરું કેવું નુકસાન થાય છે તે વિષે તેમને સભાન બનાવતા રહે, અને આ માટે વિદ્યાર્થીઓના સતત સંપર્કમાં તેઓ રહે અને તેમનામાં સાચી જ્ઞાનનિષ્ઠા અથવા તો વિદ્યા પ્રત્યે ઊંડી અભિરૂચિ કેળવતા રહે.

(૩) સ્કુલબોર્ડો અને યુનીવર્સીટીઓ આ બાબતમાં સખ્ત દંડનિયમો કરે. આ દંડનિયમો આવી ચળવળ પાછળ દોડતા વિદ્યાર્થીઓ માટે એક સ્વાભાવિક અટકાયતની ગરજ સારશે.

આમ બને તો વિદ્યાર્થીઓ આજે જે અનર્થના માર્ગે દોડી રહ્યા છે અને પોતાનું તેમ જ દેશનું ભારે અહિત કરી રહ્યા છે તેથી તેમને ઘણા અંશે બચાવી શકાય અને અમદાવાદમાં વિદ્યાર્થીઓના હાથે જે બન્યું તેની પુનરાવૃત્તિ થવાનું જોખમ હળવું બને.

અમદાવાદમાં નહેરૂનું પ્રવચન અને વિદ્યાર્થીઓ

હવે આપણે પંડિત જવાહરલાલજીના વિદ્યાર્થીઓ સમક્ષ યોજાયેલા–પ્રવચન પ્રસંગે આરંભથી અન્ત સુધી મહાગુજરાતના નામે વિદ્યાર્થીઓએ મચાવેલી ધાંધલનો વિચાર કરીએ. પંડિતજીને ખબર હતી કે મહાગુજરાતના પ્રશ્ન ઉપર અમદાવાદના વિદ્યાર્થીઓ ખૂબ ક્ષુબ્ધ બન્યા છે. તેથી તેમને વિચાર આવ્યો કે જેમ પિતા પુત્રપરિવારને બે શબ્દ કહેવા ધારે છે તે મુજબ હું મારાં બાળકો સમા વિદ્યાર્થીઓને બે વાત કહું. પંડિતજીનું આજે આપણા દેશમાં અનન્ય સ્થાન છે એ સૌ કોઇ જાણે છે. જે ક્રાન્તિ શબ્દ વિદ્યાર્થીઓ ગોખ્યા કરે છે તે ક્રાન્તિના તો તેઓ મુખ્ય સૂત્રધાર છે એ પણ કોઇને અજાણ્યું નથી. પ્રતિપક્ષી પણ જેના પ્રતિ ઊંડા આદરથી જુએ છે એવી પંડિતજીની પ્રતિષ્ઠા છે એ પણ સર્વત્ર સુવિદિત છે. આવા પંડિતજી વિદ્યાર્થીઓના આંગણે પધાર્યા પ્રેમ અને મહોબ્બતની વાતો કરવા અને મહાગુજરાત માટે જે નવી રચના નક્કી થઈ છે તેની કાંઇક સમજુતી આપવા. પંડિતજી દ્વિભાષી મુંબઇના સમર્થનમાં જે કાંઈ કહેશે તે પોતાને માન્ય નથી હોવાનું એમ માની લેવામાં આવે તો પણ તેઓ જે કાંઇ કહે તે શાન્તિથી સાંભળવું એ સાદી અને સીધી સભ્યતાની વાત હતી. આટલી સભ્યતા પણ આ વિદ્યાર્થીઓ દાખવી ન શકયા. પંડિતજીની શરૂઆતમાં ખૂબ વિનવણી કરી અને પછી કાંઇક ઉગ્રતાભર્યો ઠપકો આપ્યો–આક્રોષભર્યા શબ્દો કહ્યા–એમ છતાં વિદ્યાર્થીઓ એકના બે ન થયા અને 'મહાગુજરાત લેકર રહેંગે' ના સતત પોકારાવડે ન તેમણે પંડિતજીએ સાંભળ્યા કે ન અન્યને સાંભળવા દીધા. આમ લગભગ દોઢ કલાક ચાલ્યું અને પંડિતજી ખિન્ન થઇને ઉદાસ બનીને પાછા ગયા. આ મોટાભાગે એ જ વિદ્યાર્થીઓ હતા કે જેમણે ઓગસ્ટની આઠમી તારીખે અમદાવાદમાં અરાજકતાની આંધી જન્માવી હતી. તેમના દિલમાં મહાગુજરાતના નામે એક પ્રકારનો મદિરા ભર્યો હતો. અને તેથી આ પ્રસંગે તેઓ બધી ભાન સાન અને વિવેક ગુમાવી બેઠા હતા. આવા ઉદ્દંડ વર્તનવડે તેમણે ગુજરાતની વિદ્યાર્થી આલમને કલંકિત કરી છે; ગુજરાતની પ્રતિષ્ટાને દૂષિત કરી છે. આજ સુધી ગુજરાતનો વિદ્યાર્થી ઉજળા મોઢે ફરી શકતો હતો. આ દુર્ઘટના બાદ તે ઉજળા મોઢા ઉપર શરમની શ્યામલતા છવાઇ ગઈ છે. સામાન્ય સભ્યતાને નેવે મૂકીને દોડતો આપણો વિદ્યાર્થી આજે કયાં જઇ રહ્યો છે તે આપણ સર્વ માટે એક સળગતો પ્રશ્ન બન્યો છે. આનો આપણે ઉકેલ નહિ લાવીએ, વિદ્યાર્થીઓને સમધારણ ઉપર સ્થિર નહિ કરીએ, અને આવા જંગલીપણાને જો છુટો દોર મળતો રહેશે તો આપણે કોઈ ખતરનાક ભાવી તરફ ધસડાઇ રહ્યા છીએ–જેમાંથી આપણને કોઇ બચાવી શકશે નહિ–આમ આપણે માનવું રહ્યું. આ બાબતમાં આપણે વખતસર ચેતીએ અને આપણા વિદ્યાર્થીઓને પણ કેવળ દમદાટી કે ધાકધમકીથી નહિ, પણ તેનામાં રહેલી સદ્‌અસદ્‌ વિવેકબુધ્ધિ જાગૃત કરીને વેળાસર ચેતાવીએ.

પરમાનંદ

પ્રગટ ચિન્તન

શ્રી. શંકરરાવ દેવે આપેલા વ્યાખ્યાનનો શ્રી શાન્તિલાલ નંદુએ

(ગત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં તા. ૮-૯-૫૬ ના રોજ કરેલો અનુવાદ.)

પુષ્કળ દિવસોથી મને તમારાં દર્શનની ભૂખ હતી. આજે તે ભૂખનું શમન થયું છે તેથી મને આનંદ થયો છે. આજે તમારૂં અને મારૂં પ્રત્યક્ષ મિલન થયું છે. આ સુયોગપ્રાપ્તિના શ્રેયના અધિકારી શ્રી. પરમાનંદભાઈ છે. તેમની અને મારી મૈત્રી અતિ લાંબા સમયની છે. સ્વાતંત્ર્ય સંગ્રામના દિવસોમાં અમે બંન્ને જેલમાં એક સાથે રહ્યા છીએ. શ્રી. પરમાનંદભાઈ સાથેની મૈત્રીના કારણે ઘણા સમયથી હું મુંબઈ જૈન યુવક સંઘ અને તેની પ્રવૃત્તિઓની માહિતી ધરાવું છું.

આપણા જીવનની પ્રેરકશક્તિ ધર્મ છે અને આપણું જીવન ધર્મથી પ્રભાવિત થયું છે. તથાપિ ધર્મ વિશે બોલવાનો મારો અધિકાર નથી એમ સમજીને જૈન યુવક સંઘ યોજીત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં મારે પ્રવચન કરવું એવી શ્રી પરમાનંદભાઈએ મને અનેક વેળા વિનંતિ કરી હતી છતાં મેં તેમનું તે આમંત્રણ સ્વીકાર્યું નહોતું. પરંતુ આ વર્ષે એ આમંત્રણ જો હું સ્વીકારીશ નહિ તો મારા શિરે કર્તવ્યપાલન ન કરવાનો દોષ લાગશે એમ મને લાગ્યું અને તેથી આજે હું તમારી સમક્ષ ઉપસ્થિત થયો છું. તમારાં દર્શનની અને સંપર્કની મારી ભૂખ આ રીતે આજે સંતોષાઈ છે. પાછલા કેટલાક મહિના દરમ્યાન મુંબઈમાં જે દુઃખદ અને કરૂણ ઘટનાઓ ઉપસ્થિત થઈ તેના પ્રાયશ્ચિતરૂપે મેં તમારા આમંત્રણનો સ્વીકાર કર્યો છે તે સત્ય તમારાથી છૂપાવી રાખવાની મારી ઈચ્છા નથી.

આજનો મારો વિષય છે 'પ્રગટ ચિન્તન'. કોઈ ખાસ વિષય પર બોલવાની આજે મારી મનઃસ્થિતિ નથી અને મને લાગે છે કે તેની તમો બંધુભગિનીઓને જરૂર નથી. હૃદયમાં જે વિવિધ વિચારોનું મંથન ચાલી રહ્યું છે તે પૈકી એક બે વિચાર વિનાસંકોચે તમારી સમક્ષ રજૂ કરવાની મારી ઈચ્છા છે. જે પ્રશ્ન અથવા સમસ્યા આજે મારી સમક્ષ ઉપસ્થિત છે તે જ સમસ્યા તમારી સમક્ષ પણ ઉપસ્થિત છે. તેથી તમે અને હું બન્ને મળીને તે સંબંધી પ્રગટ ચિંતન કરીએ એવો મારો સાંપ્રત હેતુ છે.

એમ કહેવાય છે કે ભારતીય મન ધાર્મિક અને ઈશ્વરભીરૂ અથવા ઈશ્વર માટે પાગલ થઈ ગયેલું છે. આવી આપણી પ્રકૃત્તિ હોવા છતાં આજે આપણે શું ખરેખર જગતને તેના સંકટમાં સહાય કરીએ છીએ ? કરી શકીએ કે ? દુનિયાને શાંતિ અને સુખ જોઇએ છે. સુખનાં સાધનો વિપુલ પ્રમાણમાં હોવા છતાં પણ જગત આજે દુઃખી છે. આપણી બુદ્ધિ કહે છે કે આ સાધનોનો સમષ્ટિના હિતની દૃષ્ટિએ ઉપયોગ કરવામાં આવે તો લોકોને સુખ અને શાંતિની પ્રાપ્તિ થાય, પરંતુ આપણે જોઇએ છીએ કે વિચાર અને વ્યવહાર એ બન્ને વચ્ચેના અંતરનું છેદન કરવા માટે ધર્મને જેટલો યશ પ્રાપ્ત થવો જોઇએ તેટલો પ્રાપ્ત થયો નથી. જગતમાં સર્વત્ર ધર્મપ્રચાર, ધર્મ-પ્રવચનો વગેરે મોટા પ્રમાણમાં થતાં હોવા છતાં માનવ સમક્ષ ઉભેલી સમસ્યાનો ઉકેલ, ધર્મની સહાયથી, માનવ કરી શકયો નથી. આપણે જોઇએ છીએ કે તેમાં તે નિષ્ફળ ગયો છે.

ધર્મનું જે અનુસરણ અને આચરણ આપણે કરીએ છીએ તે પૂર્ણ ધર્મનું છે કે ? ધર્મનાં બે અંગો છે; એક વ્યકિતગત અને બીજું સામાજિક. પુરૂષ ચૈતન્યમય આત્મા હોય કે પંચભૂતાત્મક શરીર હોય, મૃત્યુ પછી પુરૂષનું શું થાય છે તેની વિચિકિત્સા 'યેયં પ્રેતે વિચિકિત્સા મનુષ્યેઽસ્તીત્યેકે નાયમસ્તીતિચૈકે' એટલે જ પરલોકવાદ. ઈશ્વરનું અસ્તિત્વ અને ઈશ્વર હોય તો તે સગુણ છે કે નિર્ગુણ, સાકાર છે કે નિરાકાર, પરમેશ્વરનો આ પુરૂષ અને સૃષ્ટિ સાથેનો સંબંધ, પરમેશ્વર પ્રાપ્તિ અને તેની વિશિષ્ટ સાધના-ધર્મના આ અંગને હું વ્યકિતગત અંગ કહું છું. ધર્મનું આ જે અંગ છે તેનો વ્યકિતદ્વારા સમાજનિરપેક્ષ વિચાર થઇ શકે છે તેમજ અનુષ્ઠાન પણ થઈ શકે છે. અર્થાત્ સમાજના એક ઘટક તરીકે વ્યકિત હોવાને લીધે આ ધર્મના વિચાર અને અનુષ્ઠાન પદ્ધતિનું સમાજને મહત્વ નથી એવું કાંઈ નથી પરંતુ તેનું ખરૂં મહત્વ વ્યકિત માટે જ છે એમ કોઇને પણ અલ્પ વિચારથી માન્ય રહેશે.

સત્ય બોલવું, સર્વભૂતમાત્ર વિશે પ્રેમ દાખવવો, સંયમી જીવન જીવવું, ચોરી અને સંગ્રહ કરવાં નહિ-આમ કહેતું ધર્મનું જે અંગ છે તેને હું ધર્મનું સામાજિક અંગ કહું છું. સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય અસ્તેય અને અપરિગ્રહ-આ પાંચ મહાન વ્રતો-એ માનવનો સામાજિક ધર્મ છે. કારણ કે સમૂહ (સમાજ) સાથે પુરૂષનો વ્યવહાર કેવો હોવો જોઇએ તે આ ધર્મ કહે છે અને તેનું નિયમન કરે છે. માનવના વ્યકિતગત ધર્મ બદલ ભિન્ન ભિન્ન ધર્મોના ભિન્ન ભિન્ન વિચાર અને આચાર છે. આ ભેદને કારણે ભિન્ન ભિન્ન ધર્મોમાં આક્રમકતા અને સંઘર્ષ જેવાં દુઃખ છે અને તે માટે મોટાં મોટાં ધર્મયુદ્ધો (?) થયાં છે. તેનાથી વિરૂદ્ધ હું જેને સામાજિક ધર્મ કહું છું તે બાબત અંગે સર્વ ધર્મોમાં એકવાકયતા છે. હિંદુ ધર્મ સત્ય બોલવું એમ કહે છે અને ખ્રિસ્તી ધર્મ અસત્ય બોલવું એમ કહે છે એવું નથી. જૈન ધર્મ સર્વ જીવો પર પ્રેમ કરવો એમ કહે છે અને ઇસ્લામ ધર્મ જીવોની હિંસા કરવી એમ કહે છે એવું કશું કદી પણ થયું નથી. પરંતુ માનવનું એ દુર્ભાગ્ય છે કે જે બાબતો અંગે સર્વ ધર્મોમાં ઐકયમત છે અને જેનું સમાજ માટે સાચું મહત્વ છે તે સામાજિક ધર્મ પ્રત્યે માનવે દુર્લક્ષ દાખવ્યું છે અને જે બાબતોમાં મતભેદ છે અને જેનું સામાજિક જીવનની દૃષ્ટિએ રજ સરખું પણ મહત્વ નથી તે વ્યકિતગત ધર્મ ઉપર તેણે કિલ્લા બાંધ્યા છે. તમે મંદિરમાં, હવેલીમાં, મસ્જીદમાં અગર રવિવારે દેવળમાં ઉપાસના અર્થે જાઓ નહિ તો તમે અધાર્મિક-નાસ્તિક છો એમ લોકો કહેવા લાગે છે. હું સત્ય વદું છું કે નહિ, મારા પડોશી પ્રત્યે પ્રેમ દાખવું છું કે નહિ તેના કરતાં મેં શિખા રાખી છે કે નહિ યા શરીર પર યજ્ઞોપવિત ધારણ કરી છે કે નહિ-તેની લોકો અધિક ચિંતા સેવે છે. કારણ કે ધર્મનાં આ બાહ્ય લક્ષણોને તેઓ ધર્મનાં ખરાં લક્ષણો છે એમ માને છે. અમુક રીતિ પદ્ધતિથી અગર વિશિષ્ટ બાહ્ય ચિન્હોથી ઉપાસના કરવી સર્વ માટે શકય છે જ, પરંતુ સત્ય બોલવું અગર સર્વ પ્રત્યે પ્રેમયુકત વ્યવહાર કરવો-એ સર્વ માટે સંભવિત (સંભવનીય) નથી; તે તો અમુક થોડી વ્યકિતઓ માટે જ શકય છે-એવી તેમની પ્રામાણિક માન્યતા છે; અને તેથી જે ખરેખરો વ્યકિતગત ધર્મ છે તેને સામાજિક ધર્મ કરવાના અને જે સામાજિક ધર્મ છે તેને વ્યકિતગત ધર્મ કરવાના હંમેશાં પ્રયત્નો થયા છે. આમ સ્થિતિ હોવાથી અસત્ય બોલવું અથવા સંગ્રહ કરવો-તેને અધર્મ ન કહેતાં-માનતાં, લોકો આપદ્ધર્મ કહે છે-માને છે અને પોતાની આત્મવંચના કરી લે છે; કારણ કે આપણે અધર્મથી વર્તીએ છીએ, અધર્મનું આચરણ કરીએ છીએ એવું કહેવું કોઇને પણ રૂચતું નથી અને સારૂં પણ લાગતું નથી; પરંતુ આનું પરિણામ એ આવ્યું છે કે જે આપદ્-ધર્મ એટલે અધર્મ છે તે જ માનવનો ધર્મ બન્યો છે અને જે સાચો ધર્મ છે તે આપદ્ધર્મ બન્યો છે. માનવનો સઘળો વ્યવહાર અધર્મથી ચાલી રહ્યો છે અને આમ હોવા છતાં પણ તેને ધર્મની માન્યતા મળે છે.

જગતમાં આજે જે સર્વ ધર્મો છે તે પૈકી પ્રત્યેક ધર્મની આવી સ્થિતિ હોવાને કારણે કોઇ પણ એક ધર્મ આજે માનવજાતિ-સમક્ષ ઉપસ્થિત રહેલી આજની ખરી સમસ્યાનો ઉકેલ સફળતાથી કરી શકયો નથી. તેથી જ આજે સાચા ધર્મનો માનવના જીવન ઉપર પ્રભાવ પડતો નથી. માનવને લાગે છે કે આજના આ સંકટસમયમાં તેને ધર્મનો કાંઇપણ ઉપયોગ નથી (તેને ધર્મ કાંઇપણ ઉપયોગી નથી)

અને તેથી તે ગીતાપાઠ કરવાને બદલે "Times" નું વાંચન કરવાનું અધિક ઉપયોગી માને છે. ભગવાન બુદ્ધ યા ભગવાન મહાવીર શું કહે છે તેના કરતાં નાસર કે આયસનહૉવર શું કહે છે અને શું કરે છે તેની તેને અધિક ચિંતા હોય છે. આપણા જીવનમાં ધર્માવતારો કરતાં રાજકારણી મુત્સદ્દીઓને માનનું અને મહત્વનું સ્થાન પ્રાપ્ત થયું છે.

સર્વત્ર એકસરખો ધર્મનો પ્રચાર અને અનુસરણ થતું હોવા છતાં એટમ બોમ્બ અને હાઇડ્રોજન બોમ્બ સરખી સંહારક શક્તિ જેની અંતિમ નિર્ણાયક શક્તિ છે એવી હુકૂમશાહીના હાથમાં માનવીનું ભવિતવ્ય શા માટે જવું જોઇએ ? આનો ઉત્તર મળ્યા સિવાય મનને ખરી શાંતિ પ્રાપ્ત થશે નહિ. આનો ઉકેલ ધર્મ કરી શકશે કે ? ધર્મ વિના જગત એક ક્ષણભર માટે પણ ટકી શકશે નહિ—આ પણ તેટલું જ સત્ય છે; પરંતુ આ ધર્મ એટલે મંદિરમાં યા મસ્જિદની ચાર દિવાલોની વચ્ચે જે ધર્મ આચરવામાં આવે છે તે નહિ. જે ધર્મથી સમાજની ધારણા થાય છે—જેને હું સામાજિક ધર્મ કહું છું—તે જ ધર્મ અને તે ધર્મ સાચેસાચ બજારમાં આચરવાનો હોય છે, મંદિરમાં નહિ. મંદિરમાં જે આચરવામાં આવે છે તે ભલે હજારોની સંખ્યામાં આચરવામાં આવે તો પણ તે વૈયક્તિક ધર્મ જ છે, અને બજારમાં જે આચરવામાં આવે તે ભલે એક જણ આચરે તો પણ તે સામાજિક ધર્મ છે. આપણે એ ધ્યાનમાં રાખવું જોઇએ કે સત્ય, અહિંસા, અચૌર્ય આદિ—તે જ સમાજમાંની વ્યક્તિઓના પરસ્પર વ્યવહારમાં આચરવાનો ધર્મ છે. દુનિયામાં અદ્યાપિપર્યંત થઈ ગયેલી મહાન વિભૂતિઓમાંથી મહાત્મા ગાંધીજીનું ખાસ મહત્ત્વ આ કારણે છે કે તેમણે આ સામાજિક ધર્મ પ્રત્યે બધાનું ધ્યાન આકર્ષ્યું અને આ સામાજિક ધર્મ એ સામાન્ય માણસનો પણ નિત્ય ધર્મ થવો જોઇએ એવું આગ્રહપૂર્વક પ્રતિપાદન કર્યું અને તે પ્રતિપાદનના પુષ્ટ્યર્થે સત્ય અને અહિંસાના પ્રયોગમાં પોતાનું સારું આયુષ્ય વ્યતીત કર્યું.

આનો અર્થ એમ નથી કે ગાંધીજીએ વ્યક્તિગત ધર્મ પ્રત્યે દુર્લક્ષ કર્યું. પરંતુ તેમણે સત્ય, અહિંસાદિ સામાજિક ધર્મ પ્રત્યે મુખ્ય ધ્યાન અને જોર આપ્યું. જે ધર્મ થોડી વ્યક્તિઓનો ધર્મ માનવામાં આવે છે તેને તેમણે અખિલ સમાજનો ધર્મ બનાવ્યો. એક પ્રકારે તેમણે સત્ય અને અહિંસાનું સામાજિકરણ અથવા વિશ્વીકરણ કર્યું એમ કહેવામાં હરકત નથી. તેથી જ માનવના આર્થિક, રાજકીય વગેરે જીવન સત્ય અને અહિંસા ઉપર આધારિત રહેવા જોઇએ—હોવાં જોઇએ એવું તેમણે પ્રતિપાદન કર્યું અને તે માટે મહાન્ પ્રયોગો કર્યા. આપણામાંના પ્રત્યેકે પોતાના મનને પૂછવું જોઇએ કે સત્ય, અહિંસાદિ તત્ત્વો ઉપર આધારિત આર્થિક, સામાજિક, રાજકીય અને શૈક્ષણિક જીવનનું સ્વરૂપ કેવું હશે-રહેશે; અને એટલે ગાંધીજીના પગલે પગલે આપણે પણ આપણું જીવન સત્યની એક પ્રયોગશાળા બનાવવી જોઇએ. જ્યાં સુધી આપણે તેમ નહિ કરીએ ત્યાં સુધી માનવને શાંતિ અને સુરક્ષિતતા સાંપડશે નહિ. વિનોબાજી આજે આર્થિક ક્ષેત્રે ભૂદાનના રૂપમાં આ જ પ્રયોગ કરી રહ્યા છે. પોતાને ધાર્મિક સમજનારા અને કર્મકાંડનું આચરણ કરનારા લોકો આ દિશામાં ગંભીર વિચાર કરતા નથી. માટે આજે સમાજમાં ભિન્ન-ભિન્ન પ્રકારે આર્થિક અને અન્ય શોષણ ચાલી રહ્યું છે; અને શોષણ એટલે હિંસા. આપણી વર્તમાન જીવનપદ્ધતિ અને રહેણીકરણી શોષણ ઉપર એટલે કે હિંસા ઉપર આધારિત છે. આપણા જીવનમાંની આ હિંસા કાયમ રાખીને જાગતિક હિંસા અટકાવવાનો આપણે પ્રયત્ન કરીએ તો તેમાં આપણને યશ-પ્રાપ્તિ થાય તે શું શક્ય છે ? નવ-સમાજનું નિર્માણ એટલે અહિંસા ઉપર આધારિત નવી સંસ્કૃતિનું અને સભ્યતાનું નિર્માણ—એ આપણા ધ્યાનમાં ક્યારે આવશે ? જ્યારે તે આપણા ધ્યાનમાં આવશે ત્યારે જ ગાંધીજીના જીવનનું સાચું રહસ્ય આપણને સમજાશે.

શંકરરાવ દેવ

ભારતીય કળામાં જૈન સંપૂર્તિ

(શ્રી વિજયવલ્લભસૂરિ સ્મારક ગ્રંથમાં પ્રગટ થયેલો ઊંડો અભ્યાસ અને બહોળા અવલોકનપૂર્વક લખાયલો ગુજરાતના કળાગુરુ શ્રી રવિશંકર મહાશંકર રાવળનો લેખ નીચે સાભાર ઉદ્ધૃત કરવામાં આવે છે, **તંત્રી**)

આધુનિક જૈન સમાજને જેનો પૂરેપૂરો ખ્યાલ પણ નહિ હોય, અથવા જેનું મૂલ્યાંકન કે સમાદર કરવા જેટલી તુલનાશક્તિ બહુ જ થોડા જનોને છે, એવી કલાસમૃદ્ધિ ધરાવવાનો યશ આજના સંશોધકો અને કલાપ્રવીણોએ જૈન સંપ્રદાયને આપ્યો છે.

ગુજરાતમાં ૧૧ મી અને ૧૨ મી સદીના રાજ્યકર્તાઓના શાસન-કાળમાં જૈન સંપ્રદાયે જે જાહોજલાલી અને લોકપ્રિયતા ભોગવી તેવી બીજા પ્રાંતોમાં એક કાળે અસ્તિત્વમાં હશે એમ અનેક પ્રાચીન જૈન સ્થાનોના સંશોધન પરથી પ્રત્યક્ષ થયું છે, પરંતુ આજે ઘણાની ગણ-નામાં કે અનુભવમાં તેનો ઉલ્લેખ થતો નથી. જેટલાં જૈન પ્રાચીન સ્થળોની ભાળ લાગી છે ત્યાં એક વખત અતિ ઉત્કૃષ્ટ કલા—પ્રકારથી ભરેલાં શિલ્પ અને સ્થાપત્યો હતાં તેની વિશાળ પ્રમાણમાં પ્રતીતિ મળે છે.

સાધારણ રીતે જૈન કલાસમૃદ્ધિનું સરવૈયું લેતાં શત્રુંજ્ય, ગિરનાર, આબુ, રાણકપુર કે કુંભારિયાનાં દેવસ્થાનો અને જૈન કલ્પસૂત્રો કે કાલક કથાનાં ચિત્રો અને વિજ્ઞપ્તિપત્રોમાં આજની સમાલોચનામાં પર્યાપ્ત થાય છે. પરંતુ ઇતિહાસ અને પુરાતત્ત્વની પરંપરામાં જૈનકલાનો નિર્માણયુગ બૌદ્ધધર્મની સાથે જ આરંભાયો છે એ નિર્વિવાદ ઠર્યું છે.

હિંદુસ્તાનમાં પ્રાચીનમાં પ્રાચીન કલાવશેષો ગુફામંદિરો કે ગુફાનિવાસોમાં મળી આવે છે. પાષાણ કે ઈંટચૂનાના ભવનોની કલા સિદ્ધ બની તે પૂર્વેની સંસ્કૃતિમાં નગરોનાં નિવાસો અને મહાલયો લાકડાકામથી બનતાં, પરંતુ યોગીઓ અને ધર્મસંસ્થાપકો વનોમાં અને ગુફાઓમાં જઇ પોતાની સાધના કરતા; આથી લોકોએ ત્યાં દેવોનો વાસ માની તે સ્થાનોમાં તેમની સમાધિઓ અને અવશેષોનાં મહાન સ્મારકો રચ્યાં; આવાં આ સ્મારકોમાં તે તે યુગના ધનિકો, રાજાઓ અને જનતાએ ઉદાર મનથી દાન આપી શ્રેષ્ઠ શિલ્પપંડિતો પાસે તે કાર્ય કરાવ્યાના પુષ્કળ ઉલ્લેખો મળે છે. આથી ઘણીવાર એક જ યુગના જુદા જુદા સંપ્રદાયોનાં ધાર્મિક સ્થાનકોનું રૂપનિર્માણ સરખું લાગે એ સંભવિત છે અને તેથી સંશોધનના પ્રારંભકાળે ઘણા વિદ્વાનોને તે સ્થાનો વિષે નિર્ણય કરતાં સંભ્રમ થયેલો હતો. બુદ્ધનાં ઘણાં સ્થાનકો હોવાથી બધાં પ્રાચીન સ્થળોની પદ્માસન કે યોગમુદ્રા-વાળી પ્રતિમાઓને બૌદ્ધ ઠરાવી હતી. મથુરાનાં અને બીજાં સ્થળોના કેટલાક સ્તુપોને પણ બૌદ્ધ ઠરાવ્યા હતા.

ભારતના પ્રાચીન ધર્મસંપ્રદાયોમાં બુદ્ધ અને જૈન સંઘો સમ-કાલીન અસ્તિત્વ ધરાવતા હતા અને તાત્ત્વિક રીતે વ્યવહારપ્રણાલિમાં ઘણી સમાનતા ધરાવતા હતા. બૌદ્ધ સાધુઓની જેમ જૈન સાધુઓ માટે પણ ગિરિનિવાસો અને ભિક્ષુગૃહો નિર્માણ થતાં હતાં; ફરક એટલો જ હતો કે જૈનોને ચૈત્યમંદિરો જેવા મંડપોની જરૂર નહોતી. બન્ને સંપ્રદાયે ભારતમાં સર્વવ્યાપક એવી ભવનનિર્માણની રૂઢિ ગ્રહણ કરી હતી.

તે રીતે ઈ. પૂ. બીજા સૈકા જેટલા પ્રાચીન સમયથી જૈન ગિરિનિવાસો ઓરિસ્સા, દક્ષિણ ભારત અને ગુજરાતમાં ગિરનાર અને બીજાં કોઇ કોઇ સ્થળે થયા હતા. તેમાંનાં બદામી, પાટના (ખાનદેશ), ઇલિર વગેરે સ્થળોનાં ગુફામંદિરો ભારતની કલાના શ્રેષ્ઠ પંક્તિના નમૂના છે. એ પ્રત્યેકનું સ્વરૂપ આજનાં જૈન મંદિરો સાથે મળતું નહિ હોવાથી ઘણો કાળ તેને બૌદ્ધ સંપ્રદાયનાં ગણી લેવામાં આવ્યાં હતાં.

ઓરિસ્સામાં આવેલી ઉદયગિરિ અને ખંડગિરિની ગુફાઓ ભારતની પ્રાચીનતમ સ્થાપત્યરચનાઓ ગણાય છે. એનાં સ્વરૂપનું વૈચિત્ર્ય, શિલ્પપ્રતિમાઓની લાક્ષણિકતા અને બંધારણની વિશેષતા, અતિ પ્રાચીનતા વગેરે કારણોને લઇને ભારતના વિદ્વાનોએ તેની પર ઘણું શાસ્ત્રીય સંશોધન કર્યું છે. આ ગુફાઓની પ્રાચીનતા સિદ્ધ કરવાનો યશ ગુજરાતના સુપ્રસિદ્ધ વિદ્વાન પંડિત ભગવાનલાલ ઇન્દ્રજીને મળ્યો

છે. હાથીગુફાના પ્રવેશદ્વાર ઉપર ભાંગીતૂટી પ્રાચીન લિપિનો લેખ છે તેનું સ્વરૂપ ગિરનારના અશોકના શિલાલેખોને મળતું હોઈ, સૌએ તેને બૌદ્ધ ગુફા ધારી લીધી હતી પણ તેનો ઉકેલ થતાં તેમાં પ્રારંભ જૈન સૂત્રથી કરેલો છે તે પરથી છેવટનો નિર્ણય થઈ ગયો. સાતમાં સૈકામાં ચીની પ્રવાસી હ્યુ ઍન સંગે ઉલ્લેખ કરેલો છે કે તે કાળે કલિંગ દેશમાં જૈન સંપ્રદાયનું મોટું મથક હતું અને ઉપરોક્ત લેખ તે વાતની સાબિતી આપે છે.

કલિંગના રાજા ખારવેલે જૈન સાધુઓ માટે અનેક ગિરિનિવાસો કરાવ્યા હતા. તેણે આંધ્રના સાતકર્ણી રાજાને સહાય કરી હતી. ઈ. પૂ. ૧૫૫ વર્ષે મૌર્ય સંવત ૧૬૫ માં તેના રાજ્યકાલને ૨૩ વર્ષ થયાં હતાં.

હાથીગુફાનો પથ્થર ઘસાતો જાય છે, શિલ્પ ભૂંસાતું જાય છે પણ તેના પર આવો મહત્ત્વનો લેખ હોવાથી તે જરૂર પ્રધાનસ્થાન ધરાવતી હશે. એની રૂપવિધાનની શૈલી અને શિલ્પાકૃતિઓ અચૂકપણે સાંચીના તોરણદ્વારો અને ભારતના વિહારોને મળતી છે એટલે ઈ. પૂ. બીજા સૈકાનું કામ તે ઠરે છે. ત્યાં બૌદ્ધ સંપ્રદાયના કોઈ અવશેષો નથી. ગજલક્ષ્મી, નાગ કે વૃક્ષપૂજા, સ્વસ્તિક વગેરે ચિન્હો એ કાળે સર્વવ્યાપક હતાં. કેટલીક જૂની ગુફાઓમાં જૈન તીર્થંકરો અને પાર્શ્વ-દેવોની ઉત્કીર્ણ પ્રતિમાઓ છે. ઉદયગિરિમાં રાણીગુફા, હાથીગુફા, વ્યાઘ્રગુફા વગેરે જુદાં જુદાં નામોવાળી ૧૯ ગુફાઓ છે. ખંડગિરિમાં પણ વૈવિધ્યવાળી ૨૪ જેટલી ગુફાઓ છે. ગુફાઓમાં સ્તંભોવાળી પરસાળ કે ઓસરી અને સાથે અનેક ખંડો છે.

વ્યાઘ્રગુફાનો ઉલ્લેખ કરવો જરૂરનો છે. એક વિશાળ ખડકને કોરીને વાઘના ફાડેલા મોં નો ઘાટ ઉપરનાં છજાને આપેલો છે. નીચે એક દ્વાર બનાવી અંદર સવાછ ફૂટ ઊંડી, સાત અને નવ ફૂટ પહોળાઊંડી ઓરડી કોતરી કાઢેલી છે. આ એક તરંગી પ્રકાર છે, પણ તેથી નક્કી થાય છે કે એ કાળે ધાર્યો ઘાટ વિરાટ રૂપમાં ઉતરવાની કલા સિદ્ધ થઈ હતી. ખંડગિરિની તત્ત્વગુફાના સ્તંભ (પર્સીપોલીસ) ઈરાની ઘાટના છે. અટારીનો કઠેડો ભારતના જેવો છે. ત્યાં હાથી, મોર, હરણ અને પશુપંખીઓ પણ કોતરેલાં છે.

પશ્ચિમ ભારતમાં બીજાપુરની દક્ષિણે બદામીની ગુફાઓ જોતાં સમજાય છે કે એ કાળે બ્રાહ્મણ, બૌદ્ધ, જૈન દાર્શનિકોનું સહજીવન કેટલું શક્ય બન્યું હતું. બ્રાહ્મણ ગુફાઓનો સમય એક લેખમાં શક વર્ષ ૫૦૦ એટલે ઈ. સ. ૫૭૯ આપેલ છે. બદામીની ચાર ગુફાઓમાં એક જૈન ગુફા છે પણ ચારે એકબીજાને એટલી મળતી છે કે એક જ સમયમાં તે કોતરાઈ હશે એમ કહી શકાય; છતાં જૈન ગુફા સૌથી પાછળ થઈ લાગે. એ ગુફા ૧૬ ફૂટ ઊંડી અને ૩૧ ફૂટ પહોળી છે. પરસાળને બેઉ પડખે આકૃતિઓ કરેલી છે. અંદરની પ્રતિમાઓ ગુફાના જ ખડકમાંથી કોતરાવેલી છે. ઇલુરની ઇંદ્રસભાના પાષાણમંદિર સાથે સરખાવતાં તેનાથી એક સૈકો પાછળ લાગે. બદામીની ભીંતો પર અજંતા શૈલીનાં ચિત્રો છે. બદામીની નજીકમાં ઐહોલ ગામે બદામીથી મોટી જૈન ગુફા બ્રાહ્મણ ગુફાની પાસે છે. તેની પરસાળને ચાર સ્તંભો છે. પરસાળ ૩૨ ફૂટ લાંબી, ૭ ફૂટ જેટલી પહોળી અને સુઘડ એવી છત છે. આ છતનો મંડપ ૧૭ ફૂટ ૮ ઇંચ પહોળો અને ૧૫ ફૂટ ઊંડો છે. તેની આસપાસ નાનાં દેવધરો કોતરેલાં છે અને સામે મુખ્ય ગોલક ૮ ઓરસ ચોરસ છે. તેમાં શ્રી મહાવીરની પદ્માસન પ્રતિમા છે. તેની આગળ બે કોતરણી-ભર્યા સ્તંભો છે. બૌદ્ધ કે બ્રાહ્મણ ગુફાઓની જેમ પ્રવેશ આગળ બન્ને બાજુ દ્વારપાળો કોતરેલા છે. બદામી તાલુકામાં બીજાં પણ જૈન મંદિરો છે.

ઇલુર અજંટાથી ૩૦ માઇલ છેટે ઔરંગાબાદની પાસે આવેલું છે. ઇલુરનાં શિલ્પમાં પાષાણમંદિર અને ગુફામંદિરનાં જેવી માત્ર અંતરંગ કોતરણી નથી, પણ તેનો બહિરંગનો ઉઠાવ ખરેખરાં દેવ-મંદિરોની જેમ ઘડી કાઢી આકાર પ્રત્યક્ષ કરવામાં આવ્યો છે એટલે તે પહાડમાંથી અખંડ કોતરી કાઢેલાં શિલ્પો જ છે. જગતની વિશાળકાય કલાકૃતિઓમાં તેની ગણના થાય છે. ગ્રીક શિલ્પો તેની પાસે વામણાં બની જાય છે. પહાડને ઉપરથી ભોંતલ સુધી કોતરી મંદિરનો સંપૂર્ણ ઘાટ, સ્તંભો અને છેવટ અંદરના મંડપો અને ગોલકોમાં અદ્‌ભુત પ્રભાવવાળી પ્રતિમાઓ સ્વચ્છ, સપ્રમાણ, સુઘડ, તક્ષણકાર્યથી પરિપૂર્ણ બનાવેલી છે. લગભગ ચાર માઇલના ઘેરાવામાં ખડક કાપીને કરેલાં ૩૪ જેટલાં ખડકમંદિરોમાં ૫ થી ૮ માં સૈકા સુધીની શિલ્પકળાનો પ્રસ્તાર છે; આમાં મોટા ભાગની બ્રાહ્મણ અને બાકીની બૌદ્ધ જૈન ગુફાઓ છે. અહીં ફરી આપણને કલાની સૃષ્ટિમાં સર્વ ધર્મોનું સાંમજસ્ય જોવા મળે છે.

ઈશેરી અતિ કૌતુક વસ્યું જોતાં હીયડું અતિ ઉલસ્યું
વિશ્વકર્મા કીધું મંડાણ ત્રિભુવન ભાવતણું સહિનાણ.
(શ્રી શીલવિજયજી)

ઇલુર-ઇલોરા (ઐલાગિરિ) ની પ્રસિદ્ધિ કેવી હતી તે ઉપરની પ્રશસ્તિથી સમજાય છે. ઇલુરની જૈન ગુફાઓ સૌથી પાછળ થયેલી લાગે છે. ગુફામંદિરોની પિછાન ૧૦ માંથી નવની માત્ર બાહ્ય સ્વરૂપથી થઈ શકે. આ દર્શનભાગ અંદર પ્રકાશ જાય એવા હેતુથી કોતરેલો હોય છે. બાંધકામથી કરેલા મકાન કરતાં તેના છેદ મોટા રાખવા અને તે સાથે ખડકના ભાર પ્રમાણે ટેકા, થાંભલાં પણ ભારેખમ રહેવા દેવા જોઇએ. આથી અંદરની રચનાને તેને અનુસરી આકાર લેવો પડે.

ઇલુરનાં જૈન ખડકમંદિરો ઇ. સ. ૮૫૦ પહેલાંનાં નથી. તેનું દર્શન સ્વરૂપ અને પ્રતિમાઓ ધ્યાનથી જોઇએ તો દક્ષિણ (દ્રાવિડ) પદ્ધતિએ કામ થયેલું લાગે છે. બ્રાહ્મણ ગુફા કૈલાસ પણ એ જ શૈલીની છે. બન્ને વચ્ચે એટલું સામ્ય છે કે તેના રચનાકાલ વચ્ચે બહુ અંતર નહિ હોય.

ઇન્દ્રસભા અને કૈલાસનાથ બન્ને મંદિરો બે માળનાં છે અને અંદર નાના ખંડો છે. જૈન મંદિરમાં ગોમતેશ્વર અને પાર્શ્વનાથની પ્રતિમાઓ છે તે પરથી તે દિગંબર જૈન સંપ્રદાયનાં છે એમ નિર્ણય કરી શકાય. બદામીમાં એક લેખ છે, તે કન્નડ ભાષામાં છે, તેથી માની શકાય કે શિલ્પીઓ દક્ષિણના હતા અને તેઓ દ્રવિડી ઘાટ લઈ આવ્યા. ત્યાં એક કુદરતી માપનો હાથી છે. સામી બાજુ ૩૧ ફૂટ ઊંચનો એક જ શિલ્પનો સ્તંભ હતો તે સો વર્ષ પહેલાં પડી ગયો હતો. આ ગુફાઓના ઉપરના ભાગમાં પાર્શ્વનાથની વિરાટ પ્રતિમા કોતરેલી છે. આ પ્રતિમા પર કોતરેલ અક્ષરો પરથી લાગે છે કે તે ઇ. સ. ૧૨૩૫ ની આસપાસ થઈ હશે.

આ બધાં શિલ્પો ચાલુક્ય અને રાષ્ટ્રકૂટ રાજ્યોની સીમા ઉપર હોવાથી બન્ને રાજરોની શૈલીઓનો તેમાં શંભુમેળો થયો જણાય છે. અહીં ઉત્તર ભારતમાં વિકસી રહેલાં દેવમંદિરોની વિશાળતા અને શિખરરચનાઓને અવકાશ નથી છતાં કલ્પના અને રૂપનિર્માણની શક્તિ અજબની ભભક ત્યાં પ્રસરાવી રહી છે.

પહેલા ચાલુક્ય સમયનો છેલ્લો રાજા કીર્તિવર્મા બીજો ઇ. સ. ૭૪૬ માં રાજ્યપદે આવ્યો, પણ ઈ. સ. ૭૫૭ માં માલ્યખેડના રાષ્ટ્રકૂટ દંતિદુર્ગે તેનું રાજ્ય પડાવી લીધું તે પછી, જૈનોએ, ઇલુરમાં દ્રવિડી શૈલીનાં મંદિરો કરાવ્યાં. કૈલાસ અને બીજાં મંદિરો, રાષ્ટ્રકૂટો પોતે દ્રવિડો હતા એટલે, સ્વાભાવિક રીતે બ્રાહ્મણ શૈલીનાં થયાં. એમની આણ નર્મદાના કાંઠા સુધી પહોંચી હતી. આ બધું જોતાં બૌદ્ધો કરતાં જૈન સંપ્રદાયને બ્રાહ્મણો સાથે ઠીક ફાવ્યું જણાય છે.

ગુફાશિલ્પમાં અગત્યનું ગણીએ એવું એક પાષાણમંદિર, પ્રાચીનતા અને કલાપૂર્ણતાભર્યું ઉલ્લેખવા જેવું, દક્ષિણમાં તીનીવેલી પ્રાંતમાં શ્રી વીલીપુત્તુરથી ૨૭ માઇલ દૂર, કન્યાકુમારીથી ૭૫ માઇલ ઉત્તરે 'કાલુગુમલાઈ' નામના સ્થળે મહાબલીપુરમ જેવું જ ખડકમાં કોતરેલું મંદિર છે. એ પૂર્ણ થવા પામ્યું જ નથી. એનો દાનવીર મૃત્યુ પામતાં કામ બંધ પડયું ન હોત તો એનો કેટલો વિસ્તાર થઇ શકત તે કહેવાતું નથી. તે ટેકરીની બીજી તરફ તીર્થંકરોની પ્રતિમાઓ છે ને ત્યાં જૈનોની વસતિ છે. આ મંદિર કોઇએ પાછળથી પૂર્ણ કરાવ્યું નહિ એટલે તેના મૂળ દાતાની કીર્તિ અમર રહી છે.

દક્ષિણનાં જૈન ગુફામંદિરોની કલામાં સિતન્નવાસલ (સિદ્ધણવાસ) અથવા સિદ્ધનો વાસ તે સ્થાપત્ય શોભા ઉપરાંત ચિત્રકલાની પ્રાચીન પરિપાટીના એક અનન્ય સ્થાન તરીકે જાણીતું થયેલું છે. પુદુકોટાથી

નવ માઇલને અંતરે આ ગુફામંડપ આવેલ છે. ત્યાં ઇ. પૂ. ત્રીજી સદીનો બ્રાહ્મી લેખ છે તેમાં સૂચન છે કે જૈન મુનિઓના નિવાસ માટે તેનું નિર્માણ થયું હતું. ત્યાં સાત સમાધિશિલાઓ છે. ગુફાનો અંતરંગ વિસ્તાર ૧૦૦ ફૂટ લાંબો અને ૫૦ ફૂટ પહોળો છે. તેનો રચનાપ્રકાર ઇ. સ. બીજી સદીથી આરંભી ૧૦ મી સદી સુધી પહોંચ્યો છે. સાધુઓને અરણ્યવાસ વધુ પસંદ હતો એટલે વખતોવખત ત્યાં ભિન્ન ભિન્ન પ્રકારનું કોતરકામ અને રૂપરચના થયાં કર્યાં છે. ૧૦ મી સદીમાં પલ્લવરાજા મહેન્દ્રવર્મા કલાનો મહાન આશ્રયદાતા હતો. તેણે ત્યાં ચિત્રો કરાવ્યાં છે તેમાં સુશોભિત કમળસરોવરો તેમ જ અપ્સરાઓ અને કેટલાક જૈન પ્રસંગો છે. ચિત્રોમાં અજંતાના પાછલા સમયની સંપૂર્ણ અસર છે. ભીંતો પર ચિત્રો કરવાની પ્રથાનું સંરક્ષણ આજ સુધી જૈન સંપ્રદાયે નભાવ્યું છે; માત્ર તેની રુચિરક્ષા અને પરીક્ષણમાં ભ્રષ્ટતા આવેલી જણાય છે. ઇલુરનાં મંદિરોનાં ચિત્રોનો સંબંધ ગુજરાતની ૧૦ મી-૧૧ મી સદીની ચિત્રકલા સાથે સ્પષ્ટ થયો છે. તેનું સ્વરૂપ કલ્પસૂત્રોનાં ગ્રંથસ્થ ચિત્રોમાં ઊતરી આવ્યું છે.

દક્ષિણ ભારતમાં જૈન-પ્રભાવિત શિલ્પકલા બદામી, ઐહોલ કે ઇલુર યા સિતન્નવાસલથી સમાપ્ત થતી નથી. જૈનોએ ઉત્તર ભારતમાંથી પહેલા સૈકામાં દક્ષિણ ભારતમાં પ્રવેશ કર્યો ત્યારથી ઘણી ચડતીપડતી થઈ છતાં ૧૦ મા સૈકા સુધી ઇલુરનાં નિર્માણો કર્યાં. તે ઉપરાંત ઉત્તર ભારતમાં મળે નહિ એવું વિરાટ પ્રતિમાનિર્માણ જૈન કલ્પનાએ દક્ષિણ ભારતને આપ્યું છે. એવી ત્રણ પ્રતિમાઓ શ્રમણબેલગુલ, કારકલ અને પન્નુરમાં છે.

શ્રમણ બેલગુલની પ્રતિમા સુપ્રસિદ્ધ છે. કેવળી જ્ઞાન પ્રાપ્ત થયું છે એવા ગોમતેશ્વરની પ્રતિમા મૈસુર રાજ્યમાં ઇન્દ્રગિરિની ૪૦૦ ફૂટ ઊંચી ખડક ટેકરી પર છે. તપસ્વીની નિઃસંગતા દર્શાવતી ૫૮ ફૂટની એ નગ્ન પ્રતિમા જરા પણ ક્ષોભરહિત બાલોચિત સરલતાભરી મુદ્રા દર્શાવવામાં શિલ્પકારને અપ્રતિમ સફળતા મળી છે. કાર્યસિદ્ધિનો બીજો ચમત્કાર તો ખડકના મથાળેથી ૫૮ ફૂટ સુધીનું વધારાનું ખડકદળ કાપી કાઢ્યું છે તે છે. આવું પ્રચંડ પૂતળું જમીન પરથી એટલી ઊંચાઇએ લઈ જવાનું અશક્ય કાર્ય કલ્પનાનો અવરોધ કરે, પરંતુ ઉપરથી જ પ્રતિમાઓ કોરી કાઢવાની યોજના ભારતીય શિલ્પીની અપૂર્વ મૌલિકતા છે. આવું મૂર્તિનિર્માણ મિસર વિના અન્ય સ્થળે નથી થયું.

બીજી પ્રતિમા કનડદેશમાં કારકલમાં છે. તેની ઊંચાઈ ૪૧ ફૂટ ૫ ઇંચ છે. વજનમાં લગભગ ૮૦ ટન છે. એ પ્રતિમા તૈયાર કર્યા પછી તેના સ્થાને મુકાઈ છે. આ પ્રતિમા ઈ. સ. ૧૪૩૨ ના વખતની છે. ત્રીજી પન્નુર કે વેનુર ખાતે છે. તેની ઊંચાઈ ૩૫ ફૂટ છે. તે ઈ. સ. ૧૬૦૪ માં બનેલી છે. આ ત્રણે પ્રતિમાઓ દિગંબર જૈન સંપ્રદાયની છે. ત્રણે ઊભેલી કાયોત્સર્ગ સ્વરૂપની નગ્ન છે. પગ આગળથી વનવેલીઓ શરીર પર ચડી ગયેલી છે. ઉત્તર ભારતમાં ગોમતેશ્વરની પ્રતિમા જોવામાં આવતી નથી, પરંતુ દક્ષિણ ભારતની શિલ્પકલાએ આ પાત્ર માટે કલાની ચરમ શક્તિઓ કામે લગાડી છે.

આ ઉપરાંત દક્ષિણ ભારતનાં મંદિરોની કલામાં ઘાબાની ઉપર ચઉતર માળોની રચના પણ એક વિશિષ્ટ પ્રકારની છે. કેટલાંકનાં છપ્પરો નેપાળનાં મંદિરોને મળતાં છે, પણ બીજી નવાઈ એ છે કે ઉત્તર ભારતમાં અશોકના વખતમાં સ્મારક-સ્તંભો ઊભા કરવાની પ્રથાનો પછીથી લોપ થયો હતો તે પ્રથા દક્ષિણનાં જૈન મંદિરોમાં બહુ સુંદર પ્રકારે પાંગરી છે. મંદિરથી અલગ મંદિરના ચોકમાં સ્વતંત્ર ઊભેલા સ્તંભની શોભા અને રચનાનો પ્રકાર આપણે ઇલુરના કૈલાસમંદિરમાં જોયો છે. આમ સ્વતંત્ર સ્તંભ ખડો કરવાની રીતો પ્રાચીન કાળમાં નાઇલ પ્રદેશમાં હતી. નાઇલ પ્રદેશના સ્તંભો એક જ શિલામાંથી ઘડી કાઢેલ ચોરસ ઘાટનો અને ટોચ પરથી પિરામિડ જેવી અણીવાળા હતા, પરંતુ દક્ષિણના સ્તંભો તો શિલ્પનાં અલંકાર-કાવ્યો જેવા ગોળ તેમ જ પાસાદાર અનેક કંદોરાવાળા એક એકથી જુદા રમ્ય વ્યક્તિત્વવાળા છે.

દક્ષિણ ભારતને ઉત્તર ભારત સાથે સાંકળવામાં મહાકોસલની જૈન કલા-પરિપાટીનું મહત્ત્વ છે. રામગિરિની ટેકરી, જ્યાં મેઘદૂતનો યક્ષ વસ્યો હતો, ત્યાંના ગુફાગૃહોમાં જૈન પ્રસંગો મળી આવ્યા છે. ગુફાચિત્રોથી આરંભ થયેલો જૈનકલાનો વિહાર આઠમી સદી પૂરી થતાં અંધકારમાં લુપ્ત થયો. કલચૂરી રાજવંશના નરેશો મતસહિષ્ણુ હતા. તેઓ શૈવ હોવા છતાં જૈનોને સંપૂર્ણ રક્ષણ અને આશ્રય આપતા. કલચૂરી શંકરગણ જૈનધર્માનુસારી હતો. મહાકોસલની રાજ્ય-ધાની ત્રિપુરિ (તેવર) હતી. એ રાજકુળને દક્ષિણના રાષ્ટ્રકૂટો સાથે સગાસંબંધ હતો. આ રાષ્ટ્રકૂટોની સભામાં જૈન વિદ્વાનો રહેતા. મહાકવિ પુષ્પદંત તેમનો રાજકવિ હતો. જૈન ધર્માનુસાર અમોઘવર્ષે જૈન મુનિપદનો અંગિકાર કર્યો હતો.

મહાકોસલના જૈન કલાવૈભવને પ્રસિદ્ધિ આપવાનું શ્રેય મુનિશ્રી કાન્તિવિજયજીને આપી શકાય. એ કાર્યથી એમનો માત્ર જૈન સમાજ ઉપર જ નહિ, પણ સમગ્ર ભારતવર્ષના સંસ્કારી સમાજ ઉપર ઉપકાર થયો છે. ગુપ્ત સમયની અનેક જૈન પ્રતિમાઓ, દેવીઓ, પ્રતિહારીઓ અને સ્થાપત્ય અવશેષોની વિસ્તારવંતી તપસીલ અને વિગતપૂર્ણ વર્ણન તેમણે 'खण्डहरोंका वैभव' નામના પુસ્તકમાં આપેલું છે. તે સાથે જે ચિત્રમુદ્રાઓ આપી છે તે છાપકલાની દૃષ્ટિએ સંપૂર્ણ નથી પરંતુ અસલ વસ્તુમાં કેટલું સૌન્દર્યનિરૂપણ અને પ્રભાવ હશે તેનો ખ્યાલ આપે છે. આ પ્રત્યેક અવશેષના સુંદર સ્વચ્છ ફોટોગ્રાફો નવેસરથી તૈયાર કરાવી મોટી પ્લેટો યા ચિત્રસંપુટો રૂપે પ્રજા આગળ મુકાય તો જૈન સંસ્કૃતિનો પ્રકાશ અનેક જનોને આહ્લાદક બનશે.

બુદ્ધ અને મહાવીરનો જીવનકાલ એક જ સમયમાં વીત્યો હતો અને ભારતમાં બન્ને સંપ્રદાયોનો સરખો વિકાસ થયો હતો. બન્નેમાં ત્યાગ અને તપની ભાવનાનું પ્રાધાન્ય હતું છતાં બૌદ્ધ ધર્મ આરંભમાં ઘણાં વિશાળ રાજ્યોનો આશ્રય પામ્યો. પૂર્વ ભારતમાં પાટલીપુત્રનો તે રાજ્યધર્મ થયો ત્યારથી તેનું વિશ્વમાં બહુમાન થયું અને તેનાં સ્મારક-સ્થાનો અનેક મળી આવ્યાં છે, પરંતુ તે સાથે જૈન ધર્મના સંસ્થાપક શ્રી મહાવીર અને તેમના અનુયાયીઓએ પશ્ચિમ ભારતમાં જે પ્રસાર કર્યો તે ઘણો મૌન પણ વ્યાપક હતો. બૌદ્ધ ધર્મ આરંભમાં રાજ્યાશ્રય પામ્યો અને આમ જનતાને ભાવી ગયો. આથી તેના સ્મારકોને વિશાળ પ્રસ્તાર મળ્યો.

જૈન સંપ્રદાય ખેતી અને યુદ્ધના ક્ષેત્રોથી અલિપ્ત રહેવાનો આગ્રહ સેવતો હતો એટલે વેપાર અને વ્યવહારના ક્ષેત્રમાં સંકળાયેલી પ્રજાનો આદર પામ્યો. આથી ભારતમાં જ્યાં જ્યાં વેપાર અને વહીવટનાં મોટાં મથકો હતાં ત્યાં તેના આશ્રયદાતાઓએ સ્તુપો, ભિક્ષુગૃહો અને મંદિરોનું નિર્માણ કર્યું છે. દક્ષિણ ભારતમાં પણ આપણે જોયું કે જ્યાં સુરક્ષા અને સહિષ્ણુતા જોયાં ત્યાં જૈન પ્રજાએ વસવાટ કરેલ છે અને ધર્મસ્મારકો પાછળ પુષ્કળ દાનો આપ્યાં છે. જૈન સંપ્રદાયનું આ લક્ષણ ઉત્તર ભારતના પ્રાચીન કાળના ઇતિહાસમાં સુસ્પષ્ટ થાય છે.

અપૂર્ણ

રવિશંકર મ. રાવળ

કેટલાંક મુકતકો

પ્રાર્થના

પ્રબોધો બુદ્ધોના ન ઉરદલને સ્પર્શ કરતા
વિચારો ઘૂંટેલા, નિજ વમળમધ્યે જ ઘૂમતા;
કદા ઓરો આવી વરતુલ સીમા છિન્ન કરશે?
જળો રૂંધાએલાં તુજ શુચિ મહાસિન્ધુ બળશે?

કવિ કુલગુરુને

હૃદયરસ ઝબોળ્યા શબ્દે રચી કવિતા ગયો.
અવર કવિને કયાંયે તારો નહીં પથ સાંપડ્યો;
તુજ ચરણની મુદ્રા યત્ને વિલુપ્ત કરી ગયો,
કવિતપથનાં નાવીન્યોનો ઉરે તુજ ઑરતો.

થોડું'ક

થોડું'ક કાર્ય પણ જો દરરોજ થાય.
વર્ષાન્તમાં સઘન પુંજરૂપે જણાય;
તેવી રીતે પ્રભુભણી ડગ ચાર અંતે,
લાવી મૂકે સમીપે અતિશય વિભુની,
મોક્ષદાતા બનીને.

સોક્રેટિસને

ઉદ્દેશથી ભભકતું નિરખ્યું ચિરાયુ.
નિઃસ્પૃહતા-પ્રતીક ભવ્ય, અજોડ ભાળ્યું;
એ શીલ, ન્યાય, વિભુનેહ, યકીન ગાઢાં,
નિર્ભીક! મૃત્યુતણી બીક ત્યજાવનારાં.

ઉદ્બોધન

દુશ્મનોના દુર્ગુણોને ઢુંઢવા
ગીધ જેવી દૃષ્ટિ વેધક આપણી;
તે સળગ સદૈવ વાપરતા રહી,
નિજ કચાશોને નહીં પંપાળવી.

આત્મપરીક્ષણ

મારા જ જો અવગુણો બળગા કરાય.
સંક્લેશ ઘર્ષણ ઘણુંય સુનષ્ટ થાય;
કિન્તુ પ્રયત્નરત રહે વિપરીત માર્ગે,
ગુંચે કર્યું સભર જીવનકોકડું મ્હેં.

વિવિત્સુ

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મસ્જીદ બંદર રોડ, મુંબઈ ૯. ટે. નં. ૩૪૬૨૯

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

પ્ર. જૈન વર્ષ ૧૪–પ્ર. જીવન વર્ષ ૪
અંક ૧૩

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, નવેંબર ૧, ૧૯૫૬, ગુરૂવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : ત્રણ આના

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

પાછળ નજર

શ્રી બાળાસાહેબ ખેરનો ભૂતકાળ ઉપર દૃષ્ટિપાત

(ઑલ ઇન્ડીઆ રેડીઓના મુંબઈ સ્ટેશન પરથી 'As I Look Back'–પાછળ નજર–એ શિર્ષક નીચે યોજેલી પ્રવચનમાળામાં તા. ૯–૯–૫૬ ના રોજ મુંબઇના માજી વડા પ્રધાન શ્રી બાળાસાહેબ ખેરે અંગ્રેજીમાં એક રોચક વાર્તાલાપ આપ્યો હતો. તેનો શ્રી શાન્તિલાલ નંદુએ કરી આપેલો સુન્દર અને સરળ અનુવાદ નીચે પ્રગટ કરવામાં આવે છે. **તંત્રી**)

વ્યાખ્યાતાના જીવનની ઘટનાઓ અને અનુભવો–જેનાવડે તેનું જીવન પ્રત્યેના દૃષ્ટિબિંદુનું ઘડતર થયું છે–નો પરિચય આપવાના હેતુથી વ્યાખ્યાનોની આ હારમાળા યોજવામાં આવી છે. હું માનું છું કે જીવન પ્રત્યેનું મારું દૃષ્ટિબિંદુ આનંદયુકત અને વિનમ્ર છે. અને તે મારા સદ્‌ભાગ્યને આભારી છે. આ સદ્‌ભાગ્યે જેમણે મને મદદ કરી છે અને જેમની છાયા મારા પર પડી છે–એવી અનેક મહાન અને ઉચ્ચકોટિની વ્યકિતઓ સાથે મારો ગાઢ પરિચય અને સંપર્ક કરાવ્યો.

મારો જન્મ રત્નાગિરિમાં થયો હતો. મારા વડીલો મધ્યમવર્ગ–લગભગ નિર્ધન દશાને પામેલા મધ્યમવર્ગના હતા. મારા દાદાએ દર મહિને રૂા. ૪ ના પગારથી ટપાલના ખેપિયા તરીકેની નોકરી કરી હતી અને મારા પિતાશ્રીએ શાળાનું શિક્ષણ પ્રાપ્ત કરવા માટે કોલ્હાપુર સુધી ૮૦ માઇલની પદયાત્રા કરી હતી, ઇતર લોકોની મદદ વિના મને ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરાવી શકાય એટલું મારા પિતાશ્રીએ દ્રવ્યોપાર્જન કર્યું હતું અને તેમણે મારું જે નામ રાખ્યું હતું તે નામ તેમને ખુબ ગમતું એમ હું નક્કી માનું છું. મારા જન્મ સમયના ગ્રહોની પરિસ્થિતિ પ્રમાણે મારું નામ ગણેશ અથવા ગણપતિ હોવું જોઇએ, પરંતુ મને હંમેશાં 'બાળ' તરીકે સંબોધવામાં આવેલ છે; કારણ કે મારી જન્મ-કુંડળીમાં વિકલ્પ તરીકે બીજું નામ એજ સૂચવવામાં આવ્યું હતું. શાળાના રજીસ્ટરમાં પણ મારું નામ 'બાલ' તરીકે નોંધવામાં આવ્યું. આ નામે મને ઘણીવાર મોટી મુંઝવણમાં મૂકયો છે. ઇ. સ. ૧૮૯૯ માં હું જે કસ્બામાં રહેતો હતો ત્યાં પ્લેગ ફાટી નીકળ્યો હતો. તે સમયે ગોપાળકૃષ્ણ ગોખલે–જેઓ તે સમયે પ્રાધ્યાપક હતા–તે કસ્બાની મુલાકાતે આવ્યા હતા. તેમણે મારા પિતાશ્રી સમક્ષ મને તેમના (ગોખલેના) પૂનાના મકાનમાં તેમની સાથે રહેવા મોકલવાની અને ત્યાંની ન્યુ ઇંગ્લીશ સ્કૂલમાં શિક્ષણ લેવાની માંગણી કરી. હું તેમની સાથે સળંગ એક વર્ષ રહ્યો અને તે સમયનાં ઘણાં સુખદ સંસ્મરણો હું ધરાવું છું.

ગણિતના વિષયમાં હું ઘણો જ નબળો હતો. ગોખલેનું ગણિત વિશેનું પુસ્તક તે સમયે પ્રમાણિત પુસ્તક હતું. મારા એક કરતાં વધારે શિક્ષકો મને કહેતાઃ "જો, બાળગંગાધર, ગણિતના પંડીત એવી એક ખ્યાતનામ પ્રતિભાશાળી વ્યકિતનું જે નામ છે તે જ તારું નામ છે. તું શ્રી. ગોખલે સાથે રહે છે, છતાંયે તું ગણિતમાં ઘણો જ ઠોઠ છે. તારી જાત માટે તારે શરમાવું જોઇએ." તિલક અને ગોખલે શું હતા અગર તેમણે શું શું કર્યું તેને માટે હું શા માટે ઠપકાપાત્ર થાઉં તે બાબત ત્યારે હું સમજી શકતો નહિ; પરંતુ તે અંગે હું મારા શિક્ષકને કાંઇ પણ કહી શકતો નહિ કારણ કે જ્યારે જ્યારે મારા એ શિક્ષક મને આ સુંદર ભાષણ સંભળાવતા ત્યારે મારી કાનમુઠી જોરથી પકડી રાખતા.

કોલેજમાં શિક્ષણ મેળવવા માટે જાન્યુઆરી ૧૯૦૩ માં હું મુંબઈ આવ્યો અને ત્યારથી મુંબઈ મારું ઘર બની રહ્યું છે, આર્ટસ (કળા) અને કાયદાની ઉપાધિઓ પ્રાપ્ત કર્યા પછી મેં સોલીસીટર થવા માટે ચાર વરસ ગાળ્યાં. દરમ્યાનમાં મારા પિતાશ્રી, માતુશ્રી, પત્ની અને એક બાળક મુંબઈ રહેવા આવી ગયાં હતાં. હવે જીવનનો જંગ ખરેખર શરૂ થયો. ૨૫ વર્ષની મારી વયે મેં હાઇકોર્ટના વકીલની સનદ્ મેળવી હતી. એક પ્રામાણિક વકીલ માટે તે સમયે મુંબઇમાં જીવનનિર્વાહ ખુબ મુશ્કેલ હતો. મેં નાની સરખી રકમ ઉછીની લીધી અને કાલબાદેવી રોડમાં વકીલ તરીકેની એક નાનકડીશી કચેરી (ઓફીસ) સ્થાપી. કજીયા દલાલોની મદદ વગર વકીલ તરીકે જીવનનિર્વાહ કરવાનું અશકય હતું. કજીયાદલાલની સહાયથી વકીલને સ્મોલકોઝીઝ કોર્ટ અગર પોલીસ કોર્ટના દાવાનું કામ મળી શકતું અને વકીલને જો દસ રૂપિયા ફી મળતી તો તેમાંથી રૂપિયા ચાર કજીયાદલાલના ગજવામાં જતાં. બાકીના રૂપિયા છ માંથી કચેરીના ભાડાની, પોષાકની, શારીરીક પોષણની, કુટુંબના સભ્યોના નિર્વાહની જોગવાઈ કરવી પડતી અને એ રીતે સ્વમાનવડે જીવવું ભારે મુશ્કેલ લાગતું. આમ છતાંયે કરૂણતા તો એ હતી કે એટલીયે આવક થશે કે કેમ તે પણ નિશ્ચિત ન હતું. કમનશીબે, તે દિવસોમાં, કજીયા-દલાલો માત્ર અભણ હતા એટલું જ નહિ, તેઓ અપ્રામાણિક અને હૃદયહીન પણ હતા. જીવનનિર્વાહની અત્યંત મુશ્કેલી જણાવા લાગી અને મને થયું કે જો મને દરરોજના બે ત્રણ કલાક માટેનું કોઈ પ્રામાણિક કામ મળી જાય અને એ રીતે સ્થાયી આવક થાય તો જ હું જિંદગીની ઓછામાં ઓછી જરૂરિયાતોને પહોંચીવળી શકું. હું કદાચ શિક્ષક તરીકે અગર ટ્યુટર તરીકે અર્ધા દિવસનું કામ મેળવી શકયો હોત પરંતુ ટ્યુશનો કરીને માત્ર થોડીશી આવક મેળવવી એ મારા જેવા એલ્. એલ્. બી થયેલા પણ સોલીસીટરની પરીક્ષામાં નિષ્ફળ ગયેલા–માટે બીનઓભાદાર ગણાય એમ મને લાગ્યું. વધારામાં, વકીલ તરીકેની મારી નિષ્ફળતાની જાહેરાત પણ તેમાંથી નિષ્પન્ન થાત.

કટોકટી

પરંતુ એક દિવસ કટોકટીનો આવ્યો. પ્રશ્ન એ હતો કે ગજવામાં માત્ર ત્રણ રૂપિયા હતા અને મહિનાના બાકીના દિવસો તેમાંથી કેમ પસાર કરવા. તે સમયે મારી પાસે માત્ર તેટલીજ સંપત્તિ હતી. હું ઘણો જ હતાશ થઈ ગયો હતો. ઓચિંતો મગજમાં એક તરંગ આવ્યો. મેં મારી સંપત્તિમાંથી, "નોકરી જોઇએ છે" એ મથાળા-વાળી જાહેરાતોમાં જાહેરાત આપવા માટે રૂપિયા બે રોકવાનો નિર્ણય કર્યો. મેં આ પ્રમાણે જાહેરાત આપી: "હોશિયાર જુવાન એલ્. એલ્. બી; વિશાળ પ્રવાસનો અનુભવી, દિવસના અમુક કલાકના કામકાજ–નોકરી માટે તૈયાર છે. લખો બોક્સ નં. ૮૦૨." જવાબ માટે મેં

આતુરતાપૂર્વક રાહ જોઈ. આખરે પાંચ દિવસ પછી એક જવાબ મળ્યો. એક નવી વીમા કંપની શરૂ થઇ હતી અને તેના વ્યવસ્થાપકે મને મળવા બોલાવ્યો હતો. તેણે કહ્યું કે તેની કંપની માટે વીમાઓની દરખાસ્તો મેળવવા માટેનું પાર્ટ–ટાઇમ (થોડા કલાકનું) કામ હું કરી શકું અને તે દ્વારા કમીશન મેળવી શકું. પરંતુ મુશ્કેલી ત્યાં જ હતી. વકીલ તરીકે દાવાઓ મેળવવા કરતાં વીમાની દરખાસ્તો મેળવવી એ વધારે વિકટ કાર્ય હતું. કંપનીનો વ્યવસ્થાપક મને પગારથી રાખી લેવામાં સંમત ન થઈ શકયો અને અમે છૂટા પડ્યા. થોડા દિવસો બાદ, "એફ. સી. ઓ. ખીમન" નામની સહીવાળો બીજો એક પોસ્ટ કાર્ડ મળ્યો જેમાં મારે તેમને હાઇકોર્ટમાંની તેમની ચેમ્બરમાં મળવું એમ જણાવવામાં આવ્યું હતું. તેઓ વડી અદાલતના એક ન્યાયમૂર્તિ હતા. જ્યારે હું તેમને મળવા ગયો ત્યારે તેમણે મને પૂછ્યું કે 'તમે અંગ્રેજી વાંચી જાણો છો?' આ પ્રશ્નથી મને ખૂબ આશ્ચર્ય અને ક્રોધ ઉત્પન્ન થયાં. મેં સામો જવાબ આપ્યો કે "હું એલ્. એલ્. બી છું હોશિયાર છું અને મારી પાસે મારા અંગ્રેજીના પ્રાધ્યાપક ડૉ. સ્કોટ પાસેથી મેળવેલ પ્રમાણપત્ર મોજુદ છે." ન્યાયમૂર્તિને સંતોષ થયો; તેમણે મને ભાયખલા કલબના તેમના રહેઠાણે બીજે દિવસે આવવાનું કહ્યું. "મારી આંખોની દૃષ્ટિ ક્ષીણ થતી જાય છે અને તેથી તમને હું મારા વાચક, સાથી અને મિત્ર તરીકે રાખવા માગું છું." એમ તેમણે કહ્યું, મહિને રૂા. ૧૦૦ નો પગાર નક્કી કરવામાં આવ્યો. મારે માટે તો કુદરતે મોકલેલી એ મદદ હતી. તે મહાન અને ભલા ન્યાયમૂર્તિ સાથે લાંબા અને મહત્ત્વપૂર્ણ એવાં છ વર્ષો પર્યંત મારો સંબંધ રહ્યો, તે છ વર્ષોમાં અને ત્યાર પછી અમુક વરસો—જ્યારે સ્વાતંત્ર્ય સંગ્રામની ચળવળમાં હું કારાગારમાં રહ્યો હતો–દરમ્યાન મેં જેટલું વાંચન કર્યું છે તેટલું વાંચન મારી જીંદગીના બાકીના વરસો દરમ્યાન હું નથી કરી શકયો. ઇ. સ. ૧૯૧૮ માં મેં સોલીસીટર તરીકે પ્રેકટીસ શરૂ કરી અને જીવનનિર્વાહ પૂરતી તથા સુખસગવડ પૂરતી આમદાની પ્રાપ્ત કરવા લાગ્યો.

સ્વરાજ પક્ષ

હવે મારા જાહેર જીવન અંગે જણાવવાનું કે તે સમયે ઈ. સ. ૧૯૨૩ માં મોતીલાલ નહેરૂ અને ચિત્તરંજન દાસે સ્વરાજ પક્ષની સ્થાપના કરી હતી અને પુરૂષોત્તમદાસ ત્રિકમદાસ સાથે હું તેની મુંબઈ શાખાનો મંત્રી ચૂંટાયો હતો. શ્રી નટરાજન પ્રમુખ હતા અને જયકર, વિઠ્ઠલભાઇ પટેલ અને જમનાદાસ મહેતા સભ્યો હતા. થોડા જ સમયમાં નટરાજનને રાજીનામું આપવું પડયું હતું અને વિઠ્ઠલભાઇ પટેલ પ્રમુખ ચૂંટાયા હતા. ૧૯૩૦ અને ૧૯૩૨ ની સત્યાગ્રહની ચળવળમાં મેં ભાગ લીધો હતો અને તે દરમ્યાન સ્વ. કીશોરલાલ મશરૂવાળા અને બીજી આગેવાન વ્યકિતઓ સાથે મારો સંબંધ બંધાયો હતો. ત્યાર પછી ૧૯૩૭ ની ચૂંટણીઓ આવી અને મુંબઇ ધારાસભાગૃહના એક સભ્ય તરીકે મારી ચૂંટણી કરવામાં આવી. ત્યારે મુંબઈના મુખ્ય પ્રધાન તરીકે "એક બે સ્કેન્ડલ" કેસવાળા વીર નરીમાનની વરણીની હવા હતી. મેં પણ નરીમાનને કોંગ્રેસ પક્ષના નેતા તરીકેની વરણી માટે અને એ રીતે મુખ્યપ્રધાનપદની વરણી માટે મારો મત આપવાનું વચન આપ્યું હતું. પણ તેમ થવાનું ન હતું. કોંગ્રેસ હાઇકમાન્ડ અને મુંબઇના નેતાઓએ કોઇક જુદું જ. નક્કી કર્યું. પક્ષની સભામાં પક્ષના નેતા તરીકે મારું નામ સૂચવવામાં આવ્યું અને તેને સર્વાનુમતે મંજુરી આપવામાં આવી. બધાને નવાઈ લાગી, પણ બધાની વચ્ચે વધારેમાં વધારે આશ્ચર્ય થયું હોય અને મુંઝવણ–અકળામણનો ભોગ કોઈ બન્યું હોય તો તે હું હતો. આ બધાની ટોચે સભ્યોમાંના એકે તેની બાજુમાં બેઠેલા સભ્યને પૂછ્યું: "આ બેર કોણ છે?" પ્રશ્ન પૂછનાર હતા શ્રી. ઓ. બી. લઠ્ઠે. અને આ રીતે હું મુંબઇનો મુખ્યપ્રધાન થયો. શ્રી લઠ્ઠેની નાણાપ્રધાન તરીકે નીમણુંક કરવામાં આવી. મારી અને લઠ્ઠે વચ્ચે સારી મિત્રતાની ગાંઠ બંધાઇ અને તેમને મારાથી શકય તે સલાહ અને ટેકો હું આપતો મને એ કહેતાં ખરેખર આનંદ થાય છે કે સલાહ અને ટેકો છતાં, લઠ્ઠેએ મુંબઈ રાજ્યનું નાણાંતંત્ર કુશળતાથી સંભાળ્યું.

શ્રી કનૈયાલાલ મુનશી અને હું એકબીજાના ઘનિષ્ટ પરિચયમાં ઈ. સ. ૧૯૧૦ થી હતા. મેં તેમને ગૃહ અને કાયદા ખાતાના પ્રધાન થવાની દરખાસ્ત કરી અને તે તેમણે સ્વીકારી. તેમણે મને આશ્વાસન આપ્યું અને ધીરજ આપી અને તે એમ કહીને કે ઈંગ્લેંડમાં પણ સામાન્ય રીતે પ્રધાનમંડળમાંનો શકિતશાળીમાં શકિતશાળી અગર હોશિયારમાં હોશિયાર સભ્ય વડોપ્રધાન હોય છે યા થાય છે એવું કશું જ નથી. તેના એક દાખલા તરીકે તેમણે બાલ્ડવીનના પ્રધાન–મંડળનો નિર્દેશ કર્યો.

સોલીસીટર તરીકે હું મહમદઅલી ઝીણાને કોર્ટ કચેરીઓમાં વારંવાર મળતો. ત્યારે તેઓ એક ચુસ્ત રાષ્ટ્રભકત હતા અને તે સમયની ઘણી વ્યકિતઓ કરતાં, પોતે, સત્તાસ્થાને બેઠેલા માનવો સાથેના તેમના વ્યવહાર–વર્તનમાં, વધારે સ્વમાન જાળવતા અને દાખવતા. આથી તેમના માટે મારા મનમાં ખુબ આદર રહેતો. મુખ્ય પ્રધાન તરીકેની મારી નિયુકિત બાદ તરત જ તેમણે મને મળવા માટે કહેવરાવ્યું અને સૂચવ્યું કે (૧) મુંબઈમાં કોંગ્રેસ અને મુસ્લિમ લીગના સંયુકત પ્રધાનમંડળની રચના કરવી જોઇએ અને (૨) મારા પ્રધાનમંડળમાં મારે તેમની (ઝીણાની) પસંદગીના એક મુસ્લિમ લીગી સભ્યને પ્રધાન તરીકે લેવો. મેં જવાબમાં કહ્યું કે આ બાબતનો નિર્ણય એકલા ગાંધીજી જ કરી શકે. તેમને મેં ખાત્રી આપી કે તેમનો સંદેશો હું ગાંધીજીને પહોંચાડીશ. ગાંધીજીને મેં સંદેશો પહોંચાડયો અને તેમના–ગાંધીજી અને ઝીણાના–પત્રવ્યવહાર (જે પ્રસિદ્ધ થઈ ગયો છે) માંથી તે અંગે શું થયું તે જાણવા જેઓ આતુર હોય તેમણે જાણી લેવું.

હળવી પળો

હું બે વખત મુખ્ય પ્રધાન તરીકે નિયુકત થયો પરંતુ મુખ્ય પ્રધાનપદનો બીજો હળવીપળો વગરનો તો નહોતો જ! પહેલી વખતે હું મુખ્ય પ્રધાનપદે નિયુકત થયો કે થોડા સમયમાં હું મુસાફરીએ ગયો અને અજાણ્યા ખુણે આવેલા એક ગામડે પહોંચ્યો. મારી સાથે મારો ચોપદાર મહમદ હતો, મહમદે રૂઆબપૂર્વક તેનો ગણવેશ—ચકચકિત રાતા અને પીળા રંગનો લાંબો ગણવેશ અને સુંદર પાઘડી પહેર્યાં હતાં. મારા પહેરવેશમાં હાથ–કંતાઇની ખાદીનો કોટ, ટોપી અને ધોતિયું હતાં. મહમદ મારાથી થોડાં પગલાં આગળ ચાલી રહ્યો હતો. ગામલોકોએ પહેલાં તેને જોયો એટલે તેમણે તેને સ્વાભાવિક રીતે મુખ્ય પ્રધાન માન્યો અને મુખ્ય પ્રધાન પોતે નહિ પણ હું છું એમ તે કહે તે પહેલાં તો તેમણે મહમદના ગળાની આસપાસ, મારા માટે આણેલી મોટી ફૂલહારમાળા પહેરાવી દીધી! મારો ચોપદાર ઘણો જ પરેશાન થઇ ગયો. પરંતુ મારી કઠણ ફરજોમાં મને મદદરૂપ થવા માટે મેં તેનો આભાર માન્યો.

ભારતના સ્વાતંત્ર્યની ઉષા સાથે મુખ્ય પ્રધાન તરીકે મારી બીજી વખત નિયુકિત થઈ. ઈ. સ. ૧૯૪૭ ના ઓગષ્ટની ૧૪–૧૫ ની મધ્યરાત્રિએ થયેલ ભારતના સ્વાતંત્ર્યના આગમન સાથે મુંબઈ પણ બાકીના હિંદુસ્તાન સાથે આનંદોલ્લાસથી મસ્ત બની રહ્યું. મોટા ભાગના ગોરા લોકોએ પોતાનાં ગાંસડાં પોટલાં ઊંચકીને ભારતમાંથી વિદાય લીધી અને ઇંગ્લંડ ગયા. થોડા અહીં રહ્યા; જેમાંથી લોર્ડ માઉન્ટબેટન ભારતના પહેલા ગવર્નર–જનરલ તરીકે અને સર જોન કોલ્વીલ મુંબઇના ગવર્નર તરીકે તાત્પુરતા રહ્યા. ઇંગ્લેંડવાસીઓ પોતાના પરાજયમાં સુંદર ખેલદિલી બતાવે છે. કોલવીલ ચોક્કસ બાસિયતો ધરાવતા અંગ્રેજ ઉમરાવ હતા. તે પછી આઝાદ ભારતમાં મુંબઈના પ્રથમ ભારતીય ગવર્નર તરીકે સર મહારાજસિંહ આવ્યા. જાતે બધું જોવા જાણવા માટે તેઓ મોટર–બસમાં અને આગગાડીના ત્રીજા વર્ગના ડબ્બાઓમાં અજ્ઞાત રીતે મુસાફરી કરવામાં બાળક–સુલભ આનંદ માણતા હતા અને જનતાનો તેમણે ખુબ આદર પ્રાપ્ત કર્યો હતો.

હું કોલેજમાં ભણતો ત્યારે ત્યાંનો એક ચોપદાર અમને વિદ્યાર્થી-ઓને કહ્યા કરતો કે કોલેજમાં તેની સાથે સાત પ્રિન્સીપાલોએ કામ કર્યું છે. હું પણ તેટલી જ સચ્ચાઇથી કહી શકું છું કે મુંબઈ સચિવાલયમાં મારી સાથે સાત ગવર્નરો–જેમાંના એકે માત્ર એક જ અઠવાડિયું કાર્ય કર્યું–એ કામ કર્યું છે. ઇ. સ. ૧૯૩૯ માં વિશ્વયુદ્ધ

શરૂ થયા બાદ અમે ઓચિંતા છૂટા પડ્યા અને ત્યારબાદ થોડા દિવસોમાં હું કારાગારની કોટડીમાં પૂરાઈ ગયો—તે સિવાય સામાન્ય રીતે અમારી વચ્ચે મીઠો સંબંધ જળવાઇ રહ્યો હતો.

મારા પ્રથમ પ્રધાનમંડળમાં મજુર ખાતા માટે—જે ખાતા વિષે હું શૂન્ય કરતાં પણ ઓછું જાણતો હતો—શ્રી ગુલઝારીલાલ નંદાને મેળવવા માટે મારે ગાંધીજીની સહાય લેવી પડી હતી. તેવી જ રીતે મારા બીજા પ્રધાનમંડળમાં નાણાં ખાતું શ્રી વૈકુંઠલાલ મહેતા સંભાળે એવી મારી ઇચ્છા હતી અને તે કબુલ કરાવવા માટે મારે ગાંધીજીને વિનંતિ કરવી પડી હતી.

બંધારણ સભા ચાલતી હતી તે દરમિયાન ખાસ કરીને સ્વ. શ્રી. એચ. સી. મુકરજી અને શ્રી. અલ્લાદી કૃષ્ણસ્વામી ઐય્યર, રેવરન્ડ જેરોમ ડીસોઝા અને બીજા વિખ્યાત મહાનુભાવો સાથે મારે મૈત્રી બંધાણી હતી. જે બંધારણને વિરોધપક્ષના સભ્ય તરીકે પાછળથી જેમણે કિંમતવગરનું, નક્કામું વગેરે કહીને વખોડ્યું એવા ડૉ. આંબેડકરે તે બંધારણ ઘડવામાં ખૂબ જહેમત ઉઠાવી હતી.

વાત પરથી વાતમાં એટલું જણાવવાનું અસ્થાને નહિ ગણાય કે ૨૬ મી જાન્યુઆરી ૧૯૫૦ ની પહેલાં સૌરાષ્ટ્ર મુંબઈમાં ભળી જાય એવી જ્યારે સરદારશ્રી વલ્લભભાઈ પટેલની મનોકામના હતી ત્યારે મેં તેમને સૂચવ્યું હતું કે બધા પ્રશ્નોનો સર્વોત્તમ ઉકેલ એ છે કે મુંબઈને વિશાળ દ્વિભાષી રાજ્ય બનાવવું. આવી જ રચના આજે સ્વીકારવામાં આવી છે તેથી મને આનંદ થાય છે.

ભારતના હાઈ કમીશનર તરીકે ઈંગ્લેંડમાં—જ્યાં ઘણા વિખ્યાત મહાનુભાવો, મહાપુરૂષો તેમ જ સજ્જનોને મળવાની મને તક મળી હતી— લગભગ બે વરસ રહ્યા બાદ હું મુંબઈ પાછો આવ્યો. ગયે વરસે ઓસ્ટ્રીસીયલ કોંગ્વેજ કમીશનના અધ્યક્ષપદે મારી નિમણુંક થઇ. સંપૂર્ણ વિનમ્રતા સાથે આ પદનો મેં સ્વીકાર કર્યો. કમીશનમાં નિયુક્ત થયેલા મારા ૨૦ સહકાર્યકરોમાં, વિખ્યાત કવિઓ, ઉપ—કુલપતિઓ, સંસદના સભ્યો, પંડિતો અને પત્રકારોનો સમાવેશ થયો હતો. કોઈ પણ ક્ષેત્રે મહત્તા વગરનો એવો હું તેમનો અધ્યક્ષ હતો. કમીશનનું કામ બહુ જ રસવાળું બન્યું હતું જેમાં રાષ્ટ્રના અનેક ખૂણાઓની મુસાફરીનો સમાવેશ થતો હતો. દક્ષિણના આપણાં કેટલાક બંધુઓનો હિંદી રાષ્ટ્રભાષા થાય તે સામે વિરોધ છે. જ્યારે આ બાબત અંગે જુબાની નોંધવા મેં મદ્રાસની મુલાકાત લીધી ત્યારે વિરોધીઓએ ૬ ઇંચ ઓરસ ચોરસ કાળા વાવટાઓ વડે મારું સ્વાગત કર્યું. મે લાંબો કાળો કોટ પહેર્યો હતો તે તેમને બતાવ્યો અને કહ્યું કે હું મારી જાત વિરૂદ્ધ જે દેખાવ કરી રહ્યો છું તેનાથી વધારે દેખાવ મારી સામે કાળા કાપડથી તમો નહિ કરી શકો. દેખાવ કરનારાઓ પરિસ્થિતિની મજાક સમજી ગયા અને તેમણે મને મુક્ત હાસ્યની નવાજેશ કરી. હિન્દીના કેટલાક પ્રચારકો સામે કેટલાક વર્તુળોમાં જે આશંકા પેદા થઇ છે તેનો ઈન્કાર થઈ શકે તેમ નથી.

આગે નજર

અઢાર વરસ પહેલાં મેં રેડિયો પર જ્યારે મારાં સંસ્મરણો અંગે પ્રવચન કર્યું હતું ત્યારે અરેબિયન નાઈટ્સમાંની એક વાર્તાનો મેં નિર્દેશ કર્યો હતો. તે વાર્તામાં એમ આવે છે કે બહમન અને પરવીઝ બંન્નેએ પાછળ દૃષ્ટિ કરી, એટલે તેઓ પાષાણમાં પરિવર્તિત થઇ ગયા; માત્ર પરી ઝાદીએ પાછળ જોયા વગર આગળને આગળ ચાલ્યે જ રાખ્યું અને એ રીતે તેને સોનેરી પાણી, ગીત ગાતું વૃક્ષ અને વાતો કરતુ પંખી—એ ત્રણેની પ્રાપ્તિ થઇ. શેઠની પત્નીએ પાછળ જોયું એટલે તેનું મીઠાના થાંભલામાં પરિવર્તન થઇ ગયું તેનો પણ મેં નિર્દેશ કર્યો હતો. વાર્તાનો સાર એ હતો કે જો ભૂતકાળને આપણા પર સવાર થઈ જવા દઇએ તો ખેલ ખતમ. સારામાં સારૂં તો એ છે કે આપણે ભૂતકાળમાં દૃષ્ટિ કરવી નહિ, આગળ જોવું નહિ, પાછળ જોવું નહિ અને એ રીતે જે નથી તેને માટે દુઃખી થવું નહિ પરંતુ સમગ્ર રીતે અને સંપૂર્ણપણે વર્તમાનમાં જ જીવવું અને એ રીતે ઈશ્વરી સર્જનના સૌંદર્ય, એકરૂપતા અને સંવાદિતાનો આનંદ માણવો. મેં મારી પોતાની આપેલી સલાહ અવગણીને ભૂતકાળમાં દૃષ્ટિપાત કર્યો છે તેના બચાવમાં મારે માત્ર એટલું જ કહેવાનું છે કે રાજકારણમાં હું ઘણાં વર્ષો થયાં ભાગ લઈ રહ્યો છું અને તેથી બીજાઓને સલાહ આપવી પણ પોતે ત સલાહને અનુસરવું નહિ એવી ટેવ હજી હું ટાળી શક્યો નથી.

મૂળ અંગ્રેજી : **બાળાસાહેબ ખેર**

અનુવાદક : **શાંતિલાલ નંદુ**

પ્રાદેશિક નવરચના દ્વારા રાષ્ટ્રીય ભાવનાને સુદૃઢ બનાવો !

(તા. ૧૪—૧૦—૫૬ ના ભારત જ્યોતિમાં પ્રગટ થયેલા એક અંગ્રેજી લેખનો અનુવાદ.)

ભારતના ઈતિહાસમાંથી તારવી શકાય એવા અનેક બોધપાઠોમાંથી એક બોધપાઠ આપણું ખાસ ધ્યાન ખેંચે છે અને તે એ છે કે લાંબા લાંબા ગાળે અને ઘણી વખત તો આન્તર વિગ્રહ અને વહીવટી અરાજકતામાં સદીઓ પસાર થયા બાદ દેશમાં સ્થપાયેલ રાજકીય એકતા કાં તો કોઈ શકિતશાળી સમ્રાટના પ્રભુત્વના કારણે અથવા તો સુદૃઢ કેન્દ્રસ્થ વહીવટના પરિણામે નિર્માણ થયેલ છે. જ્યારે જ્યારે કેન્દ્રસ્થ વહીવટ નબળો પડયો છે ત્યારે ત્યારે રાજકીય એકતાનું બંધારણ ઢીલું પડયું છે અને જ્યારે કેન્દ્રસ્થ સત્તા શિથિલ થઇ છે ત્યારે રાજકીય એકતા પણ નાબુદ થઇ છે. સમ્રાટ અશોકે જે ઝડપથી પોતાનું વિશાળ સામ્રાજ્ય ઉભું કર્યું હતું લગભગ તેટલી જ ઝડપથી જે તેનો સ્થાપક અને કેન્દ્રવર્તી મહામાનવ હતો તેના મૃત્યુ બાદ એ સામ્રાજ્ય છિન્નભિન્ન થયું હતું. ત્યાર પછીના ગુપ્તકાળમાં અને પછીની મુસ્લીમ સલ્તનતની બાબતમાં પણ એ જ પ્રમાણે બનતું આવ્યું છે.

આપણને માલુમ પડે છે કે દરેક સમયે અમુક સમય સુધી આ દેશમાં અરાજકતા ચાલી છે અને પછી એકાએક કોઇ શકિતશાળી રાજ્યકર્તા પેદા થયો છે, જેણે તેનો સામનો કરનારા સર્વ વિરોધી બળોને તાબે કર્યા છે અને જેને આપણે હિંદના નામથી ઓળખીએ છીએ તે સમગ્ર પ્રદેશ ઉપર ધીમે ધીમે પોતાની સત્તા જમાવી છે અથવા તો કોઇ એક પરદેશી સત્તા દેશ ઉપર ચઢી આવી છે અને દેશમાં અંદર અંદર લડતા વર્ગો ઉપર તે તુટી પડી છે અને તેમની હકુમતના પ્રદેશો ઉપર પોતાની હકુમત તેણે જમાવી છે. પણ અશોક અથવા ચંદ્રગુપ્ત, શિવાજી અથવા તો વિજયનગરના રાજવીઓ જેવા સ્થાનિક શાસકો અથવા તો મોગલ કે અફઘાન જેવા પરદેશી વિજેતાઓ એવું સ્થાયી અને સ્થિર સામ્રાજ્ય ઉભું કરી શકયા નથી કે જે તેના સ્થાપકોની હયાતી બાદ લાંબો વખત ટકી શકયું હોય. આજે આપણને એ બાબત એકદમ સ્પષ્ટ થઇ ચૂકી છે કે આટલી મોટી સંખ્યા ધરાવતી અને વિવિધ પ્રકારના રીતરીવાજો અને ભાષાઓના કારણે રંગબેરંગી લાગતી એવી આ ભારતની પ્રજા ભૌગોલિક સીમાઓને ઓળંગી જતી અને પ્રાદેશિક વફાદારીઓની ઉપેક્ષા કરતી એવી રાષ્ટ્રીય એકતાની ઊંડી ભાવના સિવાય એક સુદૃઢ અને સ્થાયી રાજકારણી ઘટકમાં સંગઠિત થઇ ન શકે.

આજે આપણા દેશમાં એક એવું રાજ્યબંધારણ ઉભું કરવામાં આવેલ છે કે જેમાં વહીવટી હેતુઓસર દેશનું જુદા જુદા પ્રદેશોમાં જે કે વિભાજન કરવામાં આવ્યું છે એમ છતાં પણ જેમાં શકિતશાળી કેન્દ્રસ્થ સત્તાયુકત સ્વતંત્ર હિંદી સંઘની પુરી જોગવાઈ કરવામાં આવી છે—આ પ્રકારની રાજ્યરચના ઉભી કરવા પાછળ ઈતિહાસમાંથી આપણને મળતા ઉપર મુજબના વાસ્તવિક બોધપાઠનો સચોટ સ્વીકાર રહેલો છે. આપણે જોયું છે કે જ્યારે આઝાદી આવી ત્યારે હિંદુસ્તાન વહીવટી હેતુસર ઉભા કરવામાં આવેલા કેટલાક પ્રાન્તો અને શાહીવાદી નીતિની શરમજનક સંતતિરૂપ અનેક દેશી રાજ્યોમાં વહેંચાયલું હતું —આ કેવળ એક અકસ્માત હતો. ગુલામીની સદીઓની સંચિત અસરોમાંથી મુકત થવા માંગતી સ્વતંત્ર પ્રજા માટે દેશની આ પ્રકારની વિષમ રચનામાં પાયાનો ફેરફાર કરવો અત્યન્ત જરૂરી હતો. હિંદના જુદા જુદા ભાગોમાં સ્થિરતાને પામેલી ભિન્ન ભિન્ન અને ઘણી વખત પરસ્પરવિરોધી એવી વહીવટી, આર્થિક અને સામાજિક તત્કાલીન રચનાઓનો, આઝાદીના ઉદયની ઘડિએ, રાષ્ટ્રીય મહત્ત્વાકાંક્ષાઓ સાથે કોઇ મેળ બેસે તેમ હતું જ નહિ અને રાષ્ટ્રીય પ્રગતિ માટે આવી ચિત્રવિચિત્ર રચના ભારે વિઘ્નરૂપ બને તેમ હતું. આ કારણને લીધે આઝાદી મળ્યા બાદ તરતમાં જ, રાજકીય ક્રાન્તિનાં મીઠાં ફળો આપ્યા

દેશને એક ખુણેથી બીજા ખુણા સુધી સૌ કોઇને પ્રાપ્ત થાય એ હેતુથી, દેશી રાજ્યોનું વિલીનીકરણ કરવા માટે આપણે ઉદ્યુકત થયા હતા અને બહુ જલ્દિથી તે સિદ્ધ કર્યું હતું.

આ નવેંબર માસની પહેલી તારીખથી શરૂ થતી અને દેશનું ૧૪ પ્રદેશોમાં વિભાજન કરતી દેશની પુનર્રચનાએ આઝાદી પછીના નવ વર્ષના અનુભવમાંથી ઉભી થયેલી અને હવે પછીનાં વર્ષોની જરૂરિયાતોને લક્ષ્યમાં રાખીને કરવામાં આવેલી નવી યોજના છે. હિંદની આશાઓ અને મહત્ત્વાકાંક્ષાઓ આખા દેશના ઝડપી તેમજ સમતોલ વિકાસને અનુલક્ષીને હાથ ધરવામાં આવતી પંચવર્ષીય યોજનાઓદ્વારા આજે મૂર્તિમન્ત બની રહી છે. નવભારતનું શકિતશાળી ઘડતર અને ચણતર એ જ આજની સૌથી મોટી ચિન્તાનો વિષય છે, અને તેથી સરકારની દરેક કામગીરી અને પ્રજાની દરેક પ્રવૃત્તિ આ યોજનાઓને સફળ બનાવવા તરફ અને વિકાસની ગતિને બને તેટલો વેગ આપવા તરફ કેન્દ્રિત થવી ઘટે છે. આ સંદર્ભમાં પ્રાદેશિક પુનર્રચનાનો વિચાર કરવાની ખાસ જરૂર છે. હિંદના ૧૪ નવાં પ્રદેશોનું ઘડતર દેશના હિતો સમગ્રપણે સારામાં સારી રીતે કેમ સંવર્ધિત થાય એ લક્ષ્યમાં રાખીને થવું જોઇએ અને આખા દેશની સહીસલામતી અને વિકાસને લગતી જરૂરિયાતોને પહોંચીવળવામાં આ વહીવટી રચનાનો આપણે જેટલા પ્રમાણમાં ઉપયોગ કરીશું તેટલા પ્રમાણમાં આજની નવરચનાનું પગલું ડહાપણભર્યું કે અન્યથા પુરવાર થવાનું છે.

નવેંબર માસની પહેલી તારીખ બાદ હિંદનો જે નવો નકશો ઉભો થશે (આ નકશો આ અંકમાં અન્યત્ર આપવામાં આવ્યો છે.) તે સામે દૃષ્ટિપાત કરવા માત્રથી કોઇ પણ સામાન્ય માનવીને હિંદની વિકાસ યોજનાઓ પાછળ રહેલા રાષ્ટ્રીય ચિત્રની સહજમાં પ્રતીતિ થશે. દરેક પ્રદેશની સ્થાનિક સંપત્તિનો બને તેટલો વિકાસ કરવો અને કોઈ પણ એક પ્રદેશ દક્ષિણમાં છે કે ઉત્તરમાં તેનો કશો પણ ખ્યાલ રાખ્યા વગર દરેક પ્રદેશની નીપજ અને ઉત્પાદન સમગ્ર પ્રજાને સુલભ કરવાં–એ આ આખી યોજના અને પ્રાદેશિક પુનર્રચનાનો હેતુ છે. વ્યકિતગત પ્રદેશો પરસ્પરાવલંબી બનીને રહે અને એક સ્વરાજ્ય ભોગવતી પ્રજાના સહકારી અને પૂરક ઘટકો તરીકે વિકાસ પામે એ આ સર્વની પાછળ રહેલો પ્રધાન ઉદ્દેશ છે. આ જ કારણથી આખા દેશને જરૂરી એવી વસ્તુઓ અને વ્યવસાયોની બાબતમાં મધ્યસ્થ તંત્ર ધીમે ધીમે વધારે ને વધારે સત્તાઓ હસ્તગત કરતું જાય છે. અને રાજ્યશાસિત વ્યાપાર, અગત્યના વ્યવસાયોનું રાષ્ટ્રીયકરણ વગેરે જે આપણે જોઈ રહ્યા છીએ તે બધું આયોજિત અને સમપ્રમાણ વિકાસ સાધવાની કલ્પના અને ઇચ્છાનું પરિણામ છે.

જ્યારે પ્રાદેશિક પુનર્રચનાની આ બાજુનો આપણે વિચાર કરીએ છીએ ત્યારે એ સ્પષ્ટ થાય છે કે આ સ્વતંત્ર હિંદમાં વિભાગલક્ષી ઐકાન્તિક વિચારણા કે પ્રાદેશિક અભિમાનને માટે જરા પણ અવકાશ છે જ નહિ. હિંદમાં રહેતો અમુક આદમી આંધ્રનો છે કે પંજાબનો છે, બંગાળી છે કે મલયાલી છે એમ વિચારવું આજે અપ્રસ્તુત છે, કારણ કે આજે આ દેશમાં જે કોઈ વસે છે તે ભલેને આંધ્રમાં, પંજાબમાં, બંગાળમાં કે કેરલમાં વસતો હોય, પણ તે વિશાળ હિંદમાં વસતો હિંદી જ છે. પ્રાદેશિક પુનર્રચના પંચે પોતાના રીપોર્ટમાં લોકોના મનમાં મૂળ ઘાલી રહેલ આ પ્રાદેશિક અહંતાનો ખ્યાલ, કે જેથી ગમે ત્યાં અન્યત્ર વસતો એક બંગાળી મૂળ આંધ્રવાસી કે મલયાલી એમ માને છે કે તેની પોતાની 'માતૃભૂમિ' તો બંગાળામાં આંધ્રમાં કે કેરલમાં છે અને પોતે હાલ જ્યાં વસે છે તે, પ્રત્યેની વફાદારી કરતાં તે પોતે જ્યાંનો મૂળ વતની છે તે પ્રત્યેની વફાદારીનું વિશેષ મહત્વ છે અને એ રીતે પોતાની મૂળ માતૃભૂમિનો તેની ઉપર તે ગમે ત્યાં વસતો હોય એમ છતાં કોઈ એક વિશિષ્ટ અધિકાર છે— આ પ્રકારના એટલે કે પ્રાદેશિક અહંકાર ઉપર વધારે પડતો ભાર મૂકતા–ખ્યાલમાં રહેલા જોખમ તરફ ખાસ ધ્યાન ખેંચ્યું છે. કેન્દ્રસ્થ વહીવટી નોકરીઓ માટે કરવામાં આવેલી દરખાસ્તનો આશય અને અન્ય સરકારી નોકરીઓની બાબતમાં જન્મસ્થળને લક્ષ્યમાં રાખીને કરવામાં આવતા ભેદભાવને રદ કરવાનો હેતુ પણ ઉપર જણાવેલ ખતરનાક પ્રાન્તીયવાદને નાબુદ કરવાનો છે.

આજના વખતમાં પારવિનાનું નુકસાન ખમીને આપણે શિખ્યા છીએ કે ભાષાકીય એકતાના વિચાર ઉપર આધારિત કરવામાં આવેલ આ પ્રાન્તીયવાદ સાધારણ હિંદીને એકદમ આકર્ષી શકે છે, કારણકે હિંદી રાષ્ટ્રીયતાના ખ્યાલે, એક વિધાયક વિચાર તરીકે હજુ પૂરી જમાવટ કરી નથી. પ્રાદેશિક પુનર્રચના પંચે ભાર દઇને જણાવ્યું છે કે લોકમાનસમાં ઘર કરી રહેલા સાંપ્રદાયિક અને કોમી અભિનિવેશો અને પ્રાદેશિક વફાદારીઓ સામે ટક્કર ઝીલી શકે અને તેને હઠાવીને પોતાનું સ્થાન જમાવી શકે એ માટે આ રાષ્ટ્રીયતાની ભાવનાની જડ તેના દિલમાં વધારે ઉંડી નંખાવાની–તેના દિલ ઉપર તેનો વધારે પાકો રંગ લાગવાની ખૂબ જરૂર છે. આજે અમલમાં આવતી પ્રાદેશિક નવરચના ભાષાકીય ખ્યાલો કરતાં વહીવટી જરૂરિયાતોનો વધારે ખ્યાલ રાખીને કરવામાં આવેલ છે અને તે સર્વ પ્રકારે ઉચિત થયું છે. આપણે આશા રાખીએ અને શ્રદ્ધા સેવીએ કે આનું પરિણામ પ્રાદેશિકવાદનાં જે તત્વો હજુ જીવતાં છે તેનો પૂરો સામનો કરવામાં અને આખરે નાબુદ કરવામાં આવશે અને બીજી પંચવર્ષીય યોજનાદ્વારા વ્યકત થનારા પ્રજાકીય પુરૂષાર્થમાંથી રાષ્ટ્રીયતાને સુદૃઢ બનાવતું વિધાયક બળ પૂરતા પ્રમાણમાં પેદા થશે.

અનુવાદક : પરમાનંદ

મંછાડોશી વિદાય થયાં, પણ મનમાં ખટકો મૂકતા ગયાં !

સાધારણ રીતે પ્રબુદ્ધ જીવનના વાંચકો સાથેનો મારો સંબંધ દેશ અને સમાજમાં બનતા બનાવો વિષે ચર્ચા કરવા પૂરતો મર્યાદિત રહ્યો છે. મારા અંગત જીવનમાં મેં તેમને ભાગ્યે જ ડોકીયું કરવા દીધું છે. આજે એવી બાબત રજુ કરવા માંગું છું કે જેને મારા અંગત જીવન સાથે સીધો સંબંધ છે.

મુંબઇમાં કોંગ્રેસની ચળવળ સાથે જેમનો સંબંધ રહ્યો છે અને કોંગ્રેસ આયોજિત સભા સંમેલનોમાં જેઓ વર્ષોથી ભાગ લેતા રહ્યા છે તેમનામાં ભાગ્યે જ એવું કોઇક હશે કે જે ખાદી વેચવાનું વર્ષોથી કામ કરતા અને તે દ્વારા થતી કમાણીમાંથી પોતાનો જીવન-નિર્વાહ કરતા મંછાડોશીને ન ઓળખતા હોય. કોંગ્રેસની કોઇ પણ સભા કે સરઘસમાં તેઓ આગળ જ હોય. ગાંધીજી આગળ પણ દેખાય અને જવાહર પાછળ પણ દોડતા તે નજરે પડે. તેમના ધણી સાથે તેમને મેળ નહોતો અને વર્ષોથી તેઓ મુંબઇમાં એકલા રહેતાં. પાછળનાં વર્ષોમાં તેમના ધણી ગુજરી ગયેલા. તેમને ચોપાટી ઉપર એડનવાળા બીલ્ડીંગમાં ગાંધી સેવા સેનાના કાર્યાલયમાં એક ખુણે રહેવાની સગવડ કરી આપવામાં આવેલી. કેટલાંક વર્ષો પહેલાં તેઓ એક વાર ખાદી વેચવા મારે ત્યાં આવેલાં અને અમે ખાદી ખરીદેલી. પછી તો ઘાણીનું તેલ અને ગૃહઉદ્યોગની બીજી વસ્તુઓ વેચવાનું કામ પણ તેઓ કરતાં. આમ અવારનવાર તેઓ આવા કોઈ કામે અમારા ઘેર આવતાં અને અમારી જરૂરિયાત મુજબ અમે તેમને કદિ કદિ ખટાવતાં. એક દિવસ સવારના અમે ચા પીતા હતા એવામાં તેઓ આવી ચઢયાં અને તેમને ચા નાસ્તો આપીને અમે તેમનું આતિથ્ય કર્યું. આમ તેઓ અવારનવાર સવારના આવતા રહ્યાં અને અમારા ચા નાસ્તાના ભાગીદાર બનતાં રહ્યાં. પછી તો એક ક્રમ જ ગોઠવાઇ ગયો અને અઠવાડીઆમાં તેઓ એક વાર ચોક્કસ અને મન થાય તો કદિ બે વાર અમારા સવારના ચાપાણીનાં વખતે આવે અને તેમને અમારે ચા ખાખરા ધરવાં જ પડે. આથી મારૂં મન કંટાળવા માંડ્યું અને પછી તો મને તે લપ જેવાં લાગવા માંડ્યાં. આ બુઢ્ઢી બોખી કદરૂપી ડોશી–અમે બોલાવીએ ન બોલાવીએ પણ–અમારા માથે લાગુ જ

પડી છે એમ મન કહેવા લાગ્યું. એક દિવસ આ કંટાળાને વશ થઇને મંછા ડોશીને મેં કહી નાંખ્યું કે "આ રીતે તમે આવ્યા કરો છો એ બરોબર નથી—હવે તમને બોલાવીએ ત્યારે આવજો." આ મારાં અપમાનજનક ઉદ્‌ગારો સાંભળીને તેઓ આવતાં બંધ થયાં. મારી પત્નીએ આ વાત જાણી અને મને ખૂબ ઠપકો આપ્યો કે 'આપણે ખાવા રહેવામાં આટલો બધો ખર્ચ કરીએ છીએ અને એક ડોશી કે જેનું આજે કોઇ સગું કે વહાલું નથી તે અઠવાડીએ એક વાર આવે છે તેના ચા ખાખરા તમને ભારે પડી જાય છે?" મેં જવાબ આપ્યો કે "તે આપણા માથા ઉપર પડયાની માફક આવે છે તે મને બીલકુલ ગમતું નથી. આપણા ઘરમાં આપણા બોલાવ્યા સિવાય આમ કોઈ આવ્યા જ કરે એ મને ન જ ગમે." પણ આ મારી દૃષ્ટિ મારી પત્નીને સ્વીકાર્ય નહોતી. આગળ જતાં મંછા ડોશી મારી પત્નીને એક વાર ચોપાટી આગળ મળ્યા અને તેમને તેણે પૂછ્યું કે ડોશીમા "ચા પીવા કેમ નથી આવતા?" ડોશીમાએ જવાબ આપ્યો કે "તે દિવસે ભાઇએ એમ કહ્યું પછી મારૂં મન ન વળ્યું." મારી પત્નીએ તેમને જણાવ્યું કે "એ ભલે એમ કહેતા, તમે આવતા રહેજો." ત્યારથી તે આજ સુધી તેઓ ઉપર જણાવ્યા મુજબ અમારે ત્યાં સવારના ભાગમાં આવતા રહ્યાં અને મારી ઉપેક્ષા, ઉદાસીનતા, અણગમો બધું છતાં ડોશીને મારી પત્ની પૂરો નાસ્તો આપતી રહી અને આ રીતે ડોશીની આંતરડી ઠરતી જોઇને સંતોષ અનુભવતી રહી. ડોશી પણ કહે કે "વિજયા બહેન, તમારા જેવા ખાખરા મને કોઈ ખવરાવતું નથી. ચાર પાંચ દિવસ થાય છે અને મને થાય છે કે ચાલ જાઉં અને નાસ્તો કરી આવું. તમારા ખાખરા મને બહુ ભાવે છે." આમ પૂર્વક્રમ મુજબ તેમનું આવવાનું ચાલુ રહ્યું અને મારી પત્ની તેમને નાસ્તો પીરસતી રહી. આગળ જણાવેલી ઘટના બાદ મેં તેમનું કદિ અપમાન કર્યું નહોતું, પણ તે મને બીલકુલ ગમતાં નહિ. તેમની જરાજીર્ણ શરીરયષ્ટિની કદરૂપતા મારા દિલમાં જુગુપ્સા ઉપજાવતી. તે આવે ત્યારે 'આવો,' 'કેમ છો?' અને જાય ત્યારે 'જાઓ છો?' એમ કદિ કદિ ઔપચારિક રીતે હું બોલતો પણ 'આ લપ મારા બોલાવ્યા સિવાય શું કામ આવ્યા કરે છે?' એમ મન કહ્યા કરતું. શાન્ત પળોમાં મને જરૂર એવા વિચારો આવતા કે આવી મારી મનોદશા પાછળ કદરૂપાપણા પ્રત્યે મારા ચિત્તમાં ઘર કરી રહેલો અણગમો કામ કરી રહેલ છે, એટલું જ નહિ પણ, આ ડોશી પ્રત્યે આવું લાગણીશૂન્ય વર્તન દાખવું છું એ મારા મનનું સાંકડાપણું છે, અભિમાન છે, તુચ્છતા છે. પણ એ વિચારણા ચાલુ વર્તન વ્યવહારમાં ટકતી નહિ અને મારૂં ઘર એ મારૂં ઘર છે અને એ ઘરમાં મને ન ગમતું માણસ આવવું ન જોઇએ એવા ઘમંડથી અને ઘરડા કદરૂપા માણસો પ્રત્યેના અણગમાથી મારા મનને હું મુક્ત કરી શકતો નહિ. આમ શાન્ત પળોની વિચારણા અને મારા રોજ બરોજના વર્તન વ્યવહારમાં એક પ્રકારની દ્વિધા—અસંગતિ ચાલ્યા કરતી.

× × ×

ગઈ પર્યુષણ વ્યાખ્યાનમાળાના આઠમા દિવસે રોકસી થીએટરમાં સભા હતી. એ દિવસ સંવત્સરનો હતો. એ સભાની વ્યવસ્થાની જવાબદારી મારા માથે હોવાથી હું વહેલો પહોંચવા ઘેરથી નીકળ્યો. રસ્તામાં ડોશીને મારા ઘર તરફ આવતાં દીઠાં. 'આજે પણ આ લપ કયાંથી?' એમ મોઢામાંથી ઉદ્‌ગાર નીકળી ગયો અને તેમની સામે વિશેષ નજર કર્યા સિવાય જ્યાં જવું હતું ત્યાં હું પહોંચી ગયો. મારી પત્નીને પણ સરખી જગ્યા મેળવવા માટે રોકસી થીએટરમાં વહેલાં પહોંચવાનું હતું, કારણ કે તે દિવસે શ્રોતાઓની ખૂબ જ ભીડ રહે છે. તેણે અમારા ઘરની ગેલેરીમાંથી ડોશીને આવતાં જોયાં. ડોશી આવશે તો તેમને ચા ખાખરો ખવરાવવામાં પંદર વીશ મીનીટ રોકાવું પડશે અને સભામાં પહોંચતાં મોડું થશે એમ વિચારીને, મારો નોકર નીચે જતો હતો તેની સાથે કહેવરાવ્યું કે "કોઇ ઉપર નથી, બધાં બહાર ગયાં છે." ડોશી નિરાશ થઇને પાછા ફર્યાં.

આ આઠમી સપ્ટેંબરે બન્યું. દશમી સપ્ટેંબરે રાત્રે સાંભળ્યું કે ઓપેરા હાઉસ પાસે ક્રોંગ્રેસવાળાં ડોશી મોટર નીચે કચરાઇને મરી ગયાં. તપાસ કરતાં એ મંછા ડોશી જ છે એમ માલુમ પડયું. આ જાણીને મારી પત્નીને સખ્ત આઘાત લાગ્યો. 'કોઈ દિવસ નહિ અને સંવત્સરિના જ દિવસે મેં નોકર મારફત જૂઠું કહેવરાવીને ડોશીને ભૂખ્યાં પાછાં વાળ્યાં. આ મેં શું કર્યું?' આવા માનસિક આઘાતથી તે વિહ્વળ બની ગઇ. હું પણ આ જાણીને ખિન્ન થયો અને કાંઇક અનુતાપ અનુભવવા લાગ્યો. મનમાં વિચાર આવવા લાગ્યા કે આપણું સાંકડું અનુદાર મન આપણા વર્તનને ઘણી વખત લાગણીશૂન્ય બનાવી દે છે. આપણા ગૃહસ્થજીવનનું દ્વાર બહુ જ ઓછા માણસો માટે ખુલ્લું હોય છે. જેના માટે એ દ્વાર ખુલે છે તે પણ જોત-જોતામાં બંધ થઈ જાય છે. આપણી સૌન્દર્યપ્રધાન દૃષ્ટિની બીજી બાજુ છે અસુન્દર—કદરૂપ—પ્રત્યે જુગુપ્સાની. આ જુગુપ્સા દુનિયાના દુઃખી, દર્દી, જર્જરિત, વ્યાધિગ્રસ્ત પ્રત્યે આપણને ઘણી વખત વિવેક-હીન—શૂન્યમનસ્ક—કઠોર બનાવે છે. આપણી બાહ્ય સભ્યતા પાછળ આવાં વિકૃત વળણોના પરિણામે ઊંડા દિલની કુણપ, નમ્રતા, કરૂણા કે અનુકંપા હોતી જ નથી. આવા વિચારો મંછાડોશીના અવસાન બાદ કંઈ દિવસો સુધી મનમાં ઘોળાતા—ખટકતા રહ્યા.

× × ×

હું જે વર્ગનો છું તેને લોકો મધ્યમ વર્ગ તરીકે ઓળખે છે. આ વર્ગના કુટુંબોને રહેવાને ઠીકઠીક ઘર હોય છે, પહેરવાને પૂરાં વસ્ત્રો હોય છે અને ખાવા પીવામાં ભગવાનની પૂરી મહેર હોય છે. આ વર્ગમાં કેટલાંક કુટુંબો એવાં છે કે જ્યાં પુરૂષો મારી પ્રકૃતિના હોય છે અને સ્ત્રીઓ મારી પત્નીની પ્રકૃતિની હોય છે. અન્ય કેટલાંક કુટુંબો એવાં છે કે જ્યાં સ્ત્રીઓ મારી પ્રકૃતિની અને પુરૂષો મારી પત્નીની પ્રકૃતિના હોય છે. આ ઉભય સ્ત્રીપુરૂષોને પોતાની ચાલુ, રહેણી કરણી વિષે કાંઇક વિચારવાનું મળે એ હેતુથી આ અંગત એકરાર જેવી નોંધ અહિં પ્રગટ કરવું ઉચિત ધાર્યું છે. **પરમાનંદ**

પ્રકીર્ણ નોંધ

નૂતન વર્ષના મંગળ પ્રભાતે

વિક્રમ સંવત્ ૨૦૧૨ વિદાય થાય છે અને વિક્રમ સંવત્ ૨૦૧૩ નો પ્રારંભ થાય છે. આવા સંધિકાળ ઉપર આ અંક પ્રગટ થાય છે. આ કારણે ગયા બાર મહીનાઓની ઘટનાઓ ઉપર દૃષ્ટિ સહજપણે દોડે છે અને આગામી બાર મહીના દરમિયાન સંભવિત ઘટનાઓ તરફ કલ્પના ગતિમાન થાય છે.

પ્રાદેશિક પુનર્રચના પંચની ભલામણોએ આખા દેશમાં અને ખાસ કરીને મુંબઈ, મહારાષ્ટ્ર અને ગુજરાતમાં પેદા કરેલા તુમુલ સંઘર્ષોએ ગત વર્ષ દરમિયાન આપણું ખૂબ ધ્યાન રોકયું હતું અને મુંબઇના પ્રશ્ને આપણે ત્યાં મોટી અથડામણ પેદા કરી હતી. આ જ પ્રશ્ને મુંબઇ ખાતે મહારાષ્ટ્રીઓ અને ગુજરાતીઓ વચ્ચે અત્યન્ત દુઃખજનક વૈમનસ્ય નિર્માણ કર્યું હતું. ગત વર્ષના પશ્ચાદ્ અર્ધ દરમિયાન મહા દ્વિભાષી મુંબઇનો નિર્ણય ભારતની લોકસભાએ એકાએક લીધો અને તેના પરિણામે ગુજરાતમાં અને ખાસ કરીને અમદાવાદમાં કલ્પનામાં ન આવે તેવો ક્રોંગ્રેસવિરોધી લોકસંક્ષોભ ઉભો થયો અને નવા આકારમાં મહાગુજરાતની ચળવળ ઉપસ્થિત થઈ. મહારાષ્ટ્રે મહાદ્વિભાષી મુંબઇ લગભગ સ્વીકારી લીધું છે અને તેથી અલગ મુંબઇના કારણે મહારાષ્ટ્રમાં ક્રોંગ્રેસની ઈમારત ડગમગી ગઇ હતી તે પાછી સ્થિર પાયા ઉપર પ્રતિષ્ઠિત થઇ છે. બીજી બાજુએ જે ગુજરાત ક્રોંગ્રેસના અભેદ્ય કીલ્લા સમાન લેખાતી હતી તે ગુજરાતની ક્રોંગ્રેસમાં નાનું સરખું ભંગાણ પડયું છે અને અનેક વિચારપક્ષોના શંભુમેળા જેવો મહા-ગુજરાત પક્ષ ઉભો થયો છે. આ પક્ષનું પ્રભુત્વ હજુ અમદાવાદ, મેસાણા, નડિયાદ અને આણંદ પૂરતું મર્યાદિત છે અને તે પણ ધીમે ધીમે ક્ષીણ થઇ જશે એવી આશા સેવાય છે. આમ છતાં પણ

આગામી મહીનાઓ દરમિયાન લોકમાનસ કઇ બાજુએ ઢળશે અને આગળ વધશે તે વિષે કાંઇ નિશ્ચિતતાપૂર્વક કહી શકાય નહિ. નવા દ્વિભાષી મુંબઇની રચના કેવો આકાર લે છે તેના ઉપર મહાગુજરાત-વાદના વિસર્જન કે વિસ્તારનો આધાર રહે છે.

આવી સમવિષમ ઘટનાઓપૂર્વક અને અત્યન્ત જટિલ એવી પ્રાદેશિક પુનર્રચનાની સમસ્યાના ઉકેલ સાથે અને તે મુજબ કરવામાં આવેલા નવા પ્રદેશોની સ્થાપના સાથે આપણે નવા વર્ષમાં પ્રવેશ કરીએ છીએ. આ નવી પ્રાદેશિક રચનાને અને ખાસ કરીને દ્વિભાષી મુંબઇને થાળે પાડવું–દૂર દૂરના પ્રદેશોને એક વિશાળ દ્વિભાષી ઘટકમાં આયોજિત કરવા સુયોજિત કરવું કે જેથી દ્વિભાષી મુંબઇ પરિપક્વ સ્થાયીપણાને પ્રાપ્ત કરે–આ આપણી તત્કાળ ચિન્તાનો વિષય છે.

આ વર્ષ દરમિયાન બીજી પંચવર્ષીય યોજનાનો પ્રારંભ થાય છે. તેના લક્ષ્યાંકો નાના સુનાં નથી. તેને પાર પાડવા જતાં અનેક અણધારી આર્થિક સમસ્યાઓ ઉભી થવાનો સંભવ છે. સૌથી વધારે ચિન્તાનો વિષય તો પ્રાથમિક જરૂરિયાતોની વસ્તુઓના ભાવોને કાબુમાં રાખવાને લગતો છે. આખી યોજનાના અમલમાં અનેક જોખમો અને ભયસ્થાનો રહેલાં છે. અને તેની સફળતા માટે સરકાર પક્ષે જેટલી જરૂર છે દુરંદેશીપૂર્વકની આયોજક શક્તિની તેમ જ પ્રતિક્ષણ સાવધાનીની તેટલી જ જરૂર છે પ્રજાપક્ષે પુરૂષાર્થપ્રેરિત સહકારની અને ભાવીને નજરમાં રાખીને તત્કાળ અનેક પ્રકારની અગવડો અને આર્થીક સંકડામણો ભોગવી લેવાની તૈયારીની. બન્ને પક્ષે જરૂર છે પૂરી શ્રદ્ધા અને સાહસની.

આથી પણ વધારે મહત્વ છે આગામી વર્ષમાં થનાર દેશવ્યાપી ચૂંટણીનું. લોકશાહી એટલે પુખ્ત વય મતાધિકારના ધોરણે થતી ચૂંટણી અને તે દ્વારા ચૂંટાયલા લોક પ્રતિનિધિઓ મારફત ઉભું કરવામાં આવતું નવું રાજ્યશાસન. આવી વ્યાપક ચૂંટણી બે રીતે થઇ શકે છે–સીધી રીતે અને આડકતરી રીતે. પ્રત્યેકના ચોક્કસ લાભ અને ચોક્કસ ગેર-લાભ છે. આપણે ત્યાં સીધી રીતની ચૂંટણીની પ્રથા સ્વીકારવામાં આવી છે. લોકશાહી માટે આવી ચૂંટણી અનિવાર્ય છે, એમ છતાં પણ તેમાં રહેલા અનર્થોનો જ્યારે વિચાર આવે છે ત્યારે ભારે ફમકમાં પેદા થાય છે. કારણ કે આ ચૂંટણી એક એવો પ્રસંગ છે કે જ્યારે દેશમાં સ્થપાયલા અને એ જ દિવસોમાં નવા ઉભા થતા રાજકીય પક્ષો પોતપોતાના પ્રતિનિધિઓ રજુ કરે છે, આ બધા પક્ષો વચ્ચે સત્તા ઉપર આવવાની સાઠમારી શરૂ થાય છે, પોતાના પક્ષની બડાઈ અને અન્ય પક્ષોની નિન્દા–આ વ્યવસાય ઉપર દેશના સર્વ આગેવાનોની શક્તિ કેન્દ્રિત થાય છે. આ બડાઈ અને આ નિન્દા ઘણી વખત સભ્યતા અને સંસ્કારી-તાને તિલાંજલિ આપવાની હદ સુધી પહોંચી જાય છે અને પ્રચારસભા-ઓમાં હોળીના ફાગ જેવો ખેલ ખેલાય છે. ચૂંટણી પ્રચાર એટલે પ્રચારકના મોઢે કોઈ ચોકકું જ નહિ. અત્યુક્તિ એ વખતમાં સહજ ઉક્તિનો પ્રકાર બની જાય છે અને અસત્યો વડે ઈડરીયો ગઢ જીતવાની તાલાવેલી સૌ કોઇના દિલમાં ઉભી થાય છે. દેશની સુલેહ શાન્તિ પણ અવારનવાર જોખમાય છે અને ભિન્નભિન્ન દળો કદિ કદિ મારામારી ઉપર આવી જાય છે. વધારે મતો મેળવી શકે એવા પ્રતિનિધિઓની શોધ શરૂ થાય છે અને તેથી ગુણવત્તા કરતાં પ્રતિનિધિની લાગવગ ઉપર વધારે ભાર મુકાય છે અને તેથી સાધુ પુરૂષ કરતા સામાજિક ગુંડાને પ્રતિનિધિ તરીકે પસંદગી મળે એવો સંભવ ઉભો થાય છે. આવી જ રીતે પોતાના પ્રતિનિધિઓ માટે વધારેમાં વધારે મતો હાંસલ કરવા માટે લોકમાનસમા રહેલી કોમી, સંપ્રદાયિક, ભાષાકીય, પ્રાન્તીય લાગણીઓને બેસુમાર ઉશ્કેરવામાં આવે છે અને આવી દુનિયામાં હું કયાં ભરાઈ પડયો એમ એક તટસ્થ માણસને લાગે એવું દ્વેષ, મત્સર, કલેશ અને કટુતાનું વાતાવરણ દેશ આખામાં ફેલાઈ જાય છે. આવી એક વૈતરણી આખા દેશે આગામી વર્ષમાં ઓળંગવાની છે. ચૂંટણીનું આ સ્વરૂપ બદલાય અને કાં તો જેને indirect election–આડકતરી ચૂંટણી–કહેવામાં આવે છે તે પ્રથાનો સ્વીકાર થાય અથવા તો આજની ચાલુ ચૂંટણી પણ સર્વસ્વીકૃત એવા ઉદાત્ત ધોરણે લડાય, પોતાના પક્ષની વિચારશ્રેણી અંગે અને પક્ષે નીમેલા પ્રતિનિધિઓ અંગે સંયમ-પૂર્ણ ભાષામાં સૌ કોઇ બોલે અને વર્તે અને કેવળ નિન્દાની બદબોથી સૌ કોઈ દૂર રહે–એવી સભ્યતાનો દરેક પક્ષ સ્વીકાર કરે અને અન્તરથી અમલ કરે એ અત્યન્ત જરૂરી લાગે છે. પણ એ વાત આજે તો બનવાની છે જ નહિ.

આમ આપણે નવા વર્ષમાં ભારે હૈયે અને અસાધારણ જવાબ-દારીઓના ભાનપૂર્વક પ્રવેશ કરીએ છીએ. જે કટોકટી જેવી પરિ-સ્થિતિઓ આપણી સામે ડોકીયાં કરી રહી છે તેને આપણે હીંમત અને કુનેહપૂર્વક પહોંચી વળીએ અને દેશ આજે છે તેથી વર્ષાન્તે વધારે સધ્ધર સ્થિતિને પ્રાપ્ત કરે, નવા પ્રદેશોના કુશળ ઘડતર દ્વારા આખો દેશ વધારે સંગઠિત થાય અને પૂરા પ્રાણવાન અને આદર્શ-પરાયણ પ્રતિનિધિઓથી યુકત એવી નવી ધારાસભાઓનું નિર્માણ થાય એવી આપણા અન્તરની ઊંડી પ્રાર્થના હો ! તદનુરૂપ આપણ સર્વના વિચાર, વાણી અને વર્તન હો !

સાથે સાથે આગામી વર્ષ સૌ કોઈ માટે સુખદાયી હો, આબાદી લાવનારૂં હો, પ્રેયશ્રેયનું પોષક હો, અને દુનિયાની સુલેહ શાન્તિનું સંવર્ધક હો એવી આપણ સર્વની શુભેચ્છા છે !

પક્ષનેતાની ચૂંટણી અને દ્વિભાષી મુંબઇનું ચિન્તાજનક ભાવી

ગયા ઓકટોબર માસની ૧૬ મી તારીખે મહાદ્વિભાષી મુંબઇ પ્રદેશના કોંગ્રેસ પક્ષના નેતાની ચૂંટણી થઈ ગઇ અને ૧૧૧ વિરૂદ્ધ ૩૩૩ મતે શ્રી ભાઉસાહેબ હીરેને પરાજય આપીને શ્રી યશવન્તરાવ બી. ચવ્વાણ ચૂંટાયા. આ માટે નવા વિશાળ પ્રદેશના સમગ્ર કોંગ્રેસી સભ્યોની એકઠી થયેલી સભામાં ત્રણ નામો રજુ કરવામાં આવ્યાં હતાં: ૧ શ્રી મોરારજી દેસાઇનું, ૨ શ્રી ભાઉસાહેબ હીરેનું, ૩ શ્રી યશવન્તરાવ ચવ્વાણનું. ચૂંટણીથી આગળના દિવસો દરમિયાન આ માટે ખૂબ વાટાઘાટો ચાલી હતી. નવી રચના મુજબ ભારતમાં ૧૪ પ્રાદેશિક રાજ્યો ઉભા કરવામાં આવ્યા છે. તેમાં માત્ર એક જ દ્વિભાષી રાજ્ય હતું. અને તે મુજબનું તેનું ક્ષેત્રફળ સૌથી મોટું હતું. ૧૮૮૨૪૦ ચોરસ માઇલ. વસ્તીમાં તે બીજા નંબરે હતું. ૪૭૮ લાખ. (ઉત્તર પ્રદેશની વસ્તી ૬૩૨ લાખની છે.) આ નવી રચનાથી નાગપુરથી કચ્છ સુધીના પ્રદેશો જોડાઈ રહ્યા હતા. આવા વિશાળ અને વૈવિધ્યથી ભરેલા પ્રદેશનું નિર્માણ અને નવરચના કરવાની જવાબદારી કોને સોંપાય છે એ અસાધારણ મહત્ત્વનો પ્રશ્ન હતો અને એ દૃષ્ટિએ ૧૬ મી તારીખે થનાર પક્ષનેતાની ચૂંટણી ઉપર સૌ કોઇ ભારે ચિન્તાપૂર્વક મીટ માંડીને બેઠાં હતાં.

એ દિવસો દરમિયાન જે વાટાઘાટો અને મંત્રણાઓના સમાચારો દૈનિક છાપાઓમાં પ્રગટ થઈ રહ્યા હતા એ જોતાં છેવટે માન્યવર મોરારજીભાઇના માથા ઉપર જ આ મુગટ મૂકાશે એવી આશા સર્વત્ર સેવાઈ રહી હતી અને એમ બને તે અનેક દૃષ્ટિથી ઇચ્છવાયોગ્ય હતું. આ વખતે એવો પક્ષનેતા ચૂંટાવાની જરૂર હતી કે જેનું ગુજ-રાતી અને મહારાષ્ટ્રી ઉભય પ્રજાસમુદાય ઉપર ખૂબ વજન પડતું હોય, જેને રાજ્યવહીવટનો બહોળો અનુભવ હોય, જેના વિષે કેન્દ્ર સરકારમાં અત્યન્ત આદર અને બહુમાન હોય. આ રીતે વિચારતાં પ્રજાસમુદાયના વિશાળ વર્ગની શ્રી મોરારજીભાઇ ઉપર આંખ ઠરતી હતી. આવા એક કટોકટીના પ્રસંગે તેમની સમકક્ષાનો બીજો કોઈ આગેવાન દેખાતો નહોતો.

અને જે રીતે ચૂંટણી વખતે મતપ્રદાન થયું તે જોતાં જો પોતે બીનહરીફ ચૂંટાય તો જ આ સ્થાન સ્વીકારે–આવો સૈધ્ધાન્તિક આગ્રહ મોરારજીભાઇએ ન રાખ્યો હોત તો શ્રી મોરારજીભાઇ જ ઘણી મોટી બહુમતીથી પક્ષનેતા તરીકે ચૂંટાયા હોત એમાં કાંઇ શક નથી. કારણ કે શ્રી ચવ્વાણે જો મોરારજીભાઈ ઉભા રહે તો પોતાનું નામ હરીફાઇમાંથી ખેંચી લેવાનું કયારનું જાહેર કર્યું હતું અને આમેય તે શ્રી ચવ્વાણને શ્રી મોરારજીભાઇનું પીઠબળ હોવાના કારણે જ આટલા બધા મત મળ્યા હતા અને જો મોરારજીભાઈ હરીફાઇમાંથી પાછા

ખસી ગયા ન હોત તો તેમને તે બધા મતો તો મળત જ પણ એ ઉપરાંત પણ થોડા વધારે મતો મળ્યા હોત.

અને શ્રી હીરેની બે મુરાદ હતી. બને તો પોતે પક્ષનેતા તરીકે ચુંટાવું અને એમ બનવું શકય ન હોય તો મોરારજીભાઈ ન ચુંટાય એ જોવું. ખાસ કરીને ચૂંટણીના દિવસે તો તેમને સ્પષ્ટ દેખાઇ ચુકયું હોવું જ જોઈએ કે પોતાને કોઇ પણ સંયોગમાં બહુમતી મળનાર નથી. આવા સ્પષ્ટ ભાનના પરિણામે તેમણે જો પોતાની ઉમેદવારી પાછી ખેંચી લીધી હોત તો ચવ્વાણ તો મોરારજીભાઇના પક્ષમાં પોતાની ઉમેદવારી પાછી ખેંચી લેવાના હતા એમ હીરે જાણતા જ હતા અને એ રીતે મોરારજીભાઈ માટે જરૂર તેઓ માર્ગ મોકળો કરી શકયા હોત. અનેકની સમજાવટ અને આગ્રહ છતાં શ્રી હીરે આ બાબતમાં એકતા બે ન થયા અને મોરારજીભાઇને તેમણે જાહેર કરેલા સિદ્ધાન્ત મુજબ પોતાનું નામ પાછું ખેંચવાની ફરજ પાડી. આમ ન કરવા કોંગ્રેસની આગેવાન વ્યકિતઓએ મોરારજીભાઇને ઘણી આજીજી કરી, પણ એક વખત અમુક બાબતમાં ગાંઠ વાળ્યા બાદ શ્રી મોરારજીભાઇને ત્યાંથી ખસેડવા એ લગભગ અશકય જેવું બની જાય છે.

આ ચૂંટણી પ્રસંગે મોરારજીભાઈએ જે વળણ અખત્યાર કર્યું તે દિલક્ષી હતું. એક તો તેમનો આગ્રહ હતો કે પક્ષનેતાની ચૂંટણી બહુમતથી નહિ પણ સર્વાનુમતથી થવી જોઇએ. સર્વાનુમતથી ચૂંટાયલો પક્ષનેતા જેટલું મુકતમને કામ કરી શકે છે અને તેનો જેટલો અન્ય સભ્યો ઉપર પ્રભાવ પડે છે તે પ્રભુત્વ બહુમતીથી ચુંટાયલા પક્ષનેતાને મળતું નથી અને તેથી મોરારજીભાઇનો આ પ્રકારનો આગ્રહ વ્યાજબી હતો, પ્રશંસનીય હતો.

મોરારજીભાઇના વળણની બીજી અગત્યની બાજુ એ હતી કે પક્ષનેતાની ચૂંટણી સર્વાનુમતે થવાનું શકય ન હોય તો પણ આ કે આવા અન્ય પ્રસંગે કોઇની હરીફાઇમાં ઉભા રહીને, બહુમતીથી ચૂંટાઇને, કોઈ પણ જવાબદારીવાળું સ્થાન સ્વીકારવું નહિ, આ બાબતને તેમણે પોતાના એક સિધ્ધાન્ત તરીકે જાહેર કરી હતી. કોઈ પણ સ્વમાની માણસના દિલમાં આવો આગ્રહ હોય તે સ્વાભાવિક છે. બહુમતીને ઓશિયાળા થઇને કોઈ પણ અધિકાર ઉપર આવવાનું તે ન પસંદ કરે એ પણ સમજી શકાય એવું છે.

પણ આવા એક અભિપ્રાય કે આગ્રહની બાબતને તેમણે એક અફર સિધ્ધાન્તનું રૂપ આપ્યું. આજે જ્યારે તેમની પ્રસ્તુત સ્થાન ઉપર નિયુકત થવાની અસાધારણ જરૂર હતી ત્યારે એક સિધ્ધાન્તને આગળ ધરીને ત્યાંથી તેઓ પાછા ખસી ગયા અને શ્રી હીરેની મુરાદ બર લાવવામાં સરળતા કરી આપી એ બરોબર નથી થયું, અને એ રીતે મોરારજીભાઇનો સિધ્ધાન્તવાદ આ વખતે આપણા માટે ખતરનાક નીવડયો છે એવી લાગણી આજે અનેક લોકો દુઃખ સાથે અનુભવી રહ્યા છે.

આપણા મનમાં અનેક આગ્રહો હોય છે પણ વાસ્તવિક પરિસ્થિતિનો સામનો કરવામાં આપણા આગ્રહો સાથે અવારનવાર બાંધછોડ કરવી પડે છે—આપણા ચાલુ જીવનનું આ સર્વસામાન્ય દર્શન છે. આ બાંધછોડ કયારે કરવી, કેટલી કરવી એ વિવેકનો પ્રશ્ન છે પણ આપણા આગ્રહોમાં કદિ બાંધછોડ થઈ ન જ શકે એમ કહેવું એ એક પ્રકારની જડતા છે. આવા આગ્રહોમાંથી કોઈ આગ્રહ સિધ્ધાન્તનું રૂપ પણ પકડે છે અને એ રૂપ આપ્યા પછી તેમાં બાંધછોડ માટે પ્રમાણમાં બહુ થોડો અવકાશ રહે છે. આમ છતાં પણ જીવનમાં અને ખાસ કરીને રાજકારણી પ્રસંગોમાં કદિ કદિ એવી અસાધારણ કટોકટી ઉભી થાય છે કે જ્યારે અમુક સિધ્ધાન્તના અનુપાલનમાં પણ અપવાદ કરવાનું અનિવાર્ય અને ધર્મ્ય થઇ પડે છે. મુંબઈ પ્રદેશના કોંગ્રેસ પક્ષના નેતાની આ વખતની ચૂંટણી એક આવો પ્રસંગ હતો. બાર મહીનાના તુમુલ ધર્ષણ બાદ આંખના પલકારામાં ઉભા થયેલ અમાપ વિસ્તારવાળા દ્વિભાષી રાજ્યને થાળે પાડવું એ કાંઈ નાનીસુની જવાબદારીનો વિષય નહોતો. નવી રીતરસમો ઉભી કરવાની હતી, નવા પાયા નાખવાના હતા; અનેક જટિલ સમસ્યાઓનો ઉકેલ લાવવાનો હતો, પરસ્પર વિરોધી હિતોનો સમન્વય સાધવાનો હતો. આ કામ આજના સંયોગોમાં મોરારજીભાઇનું—અને બન્ને પ્રજાસમુદાયે તેમની પારવિનાની બેદરકારી કરી છે અને જીવતા અનેકવાર તેમને સ્વર્ગે પડોંચાડયા છે એમ છતાં પણ—માત્ર મોરારજીભાઇનું જ હતું. ચવ્વાણ આવ્યા તો ભલે આવ્યા અને આટલી મોટી બહુમતીથી આવ્યા એ પણ સારૂં થયું. આમ છતાં પણ ચવ્વાણ મોરારજીભાઈ પાસે એક બચ્ચું ગણાય. આગળના શાસનમાં તેઓ ડેપ્યુટી મીનીસ્ટર હતા; આ શાસનમાં સંયોગોએ તેમને મીનીસ્ટર બનાવ્યા. આમ છતાં પણ તેમની તાકાતમાં, સંયોજક શકિતમાં, વહીવટી દક્ષતામાં લોકોનો વિશ્વાસ પડે એવી કોઈ અસાધારણ પ્રતિભાનું હજુ સુધી તેમણે દર્શન કરાવ્યું નથી. અને તેથી તેમને આપણે અન્તરથી આવકારીએ—કારણ કે હવે તો મોરારજીભાઇનું જવું અને તેમના સ્થાને ચવ્વાણનું આવવું એ એક નિશ્ચળ પરિસ્થિતિ બની ચુકી છે—આમ છતાં પણ દ્વિભાષી રાજ્યનો આ રીતે થતો પ્રારંભ આશાપ્રેરક બનવાને બદલે ભારે ચિન્તાપ્રેરક બન્યો છે. ભાવીના ગર્ભમાં શું હશે તેની કાંઈ સુઝ પડતી નથી.

ડૉ. આંબેડકરનો બૌધ્ધધર્મ અંગીકાર

ડૉ. ભીમરાવ આંબેડકરે તા. ૧૪-૧૦-૫૬ રવિવારના રોજ નાગપુરખાતે બર્માના ૮૩ વર્ષની ઉમ્મરના વયોવૃધ્ધ બૌધ્ધ ભિક્ષુ મહાસ્થવિર ચંદ્રમણિ પાસે પોતાના ૭૫૦૦૦ અનુયાયીઓ સાથે બુધ્ધ ધર્મનો અંગીકાર કર્યો છે, ઓકટોબર માસની આ એક વિશિષ્ટ ઘટના છે. આ રીતે બુધ્ધ ધર્મનો અંગીકાર કરતાં તેમણે નીચે મુજબની પ્રતિજ્ઞા જાહેર કરી હતી:—

"અસમાનતા અને અત્યાચાર જે ધર્મનાં મુખ્ય અંગો છે તે પુરાણા ધર્મનો ત્યાગ કરતાં હું પુનર્જીવન પ્રાપ્ત થયાનો આનંદ અનુભવું છું. હું કોઇ અવતારવાદમાં માનતો નથી અને બુધ્ધ વિષ્ણુના અવતાર હતા એમ કહેવું તે અસત્ય છે અને ગેરસમજુતી પેદા કરનારૂં છે, કોઈ પણ હિંદુ દેવ કે દેવીની હવે પછી હું ઉપાસના કરીશ નહિ. હું શ્રાદ્ધ ક્રિયા કરીશ નહિ. હું જ્ઞાતિસંસ્થા અને વર્ણ વ્યવસ્થાને નાબુદ કરવા સદા પ્રયત્નશીલ રહીશ અને માનવી માનવી વચ્ચે સમાનતાની ભાવના સ્થાપવાનો હું પ્રચાર કરીશ. ભગવાન બુધ્ધના અષ્ટાંગ માર્ગનું હું ચુસ્તપણે અનુસરણ કરીશ. બુધ્ધધર્મ એ જ સાચો ધર્મ છે અને સમ્યક્ જ્ઞાન, સમ્યક્ ચારિત્ર્ય અને માનવમાત્ર વિષે કરૂણાના સિધ્ધાન્તો વડે પ્રેરિત-સંચાલિત એવું જીવન હું અખત્યાર કરીશ."

બીજે દિવસે નાગપુરમાં એક જાહેર વ્યાખ્યાન દરમિયાન ડૉ. આંબેડકરે જણાવ્યું હતું કે "આ ધર્મપરિવર્તન કરવાનો મને કાંઈ એકાએક વિચાર આવ્યો નથી. હિંદુ ધર્મનો ત્યાગ કરવાનો મેં ૧૯૩૫ ની સાલમાં નિર્ણય કર્યો હતો. એ વખતે મેં પ્રતિજ્ઞા લીધી હતી કે 'જો કે હું હિંદુ જન્મ્યો છું, પણ હિંદુ તરીકે મરવાનો નથી.' કોઈ ઉતાવળીયું પગલું ભરવામાં હું માનતો નથી. આ પ્રકારના પરિપક્વ નિશ્ચય ઉપર આવતાં મને ૨૦ વર્ષ લાગ્યાં છે."

તેમણે આગળ ચાલતાં જણાવ્યું હતું કે "મને અંધ અનુયાયીઓનો ખપ નથી. બુધ્ધ ધર્મનો—અંગીકાર કરનાર દરેક વ્યકિતએ એ ધર્મના રહસ્યને બરોબર સમજવું જ જોઇએ. ધર્મના નામે જેમણે પાર વિનાની યાતનાઓ ભોગવી છે તે અસ્પૃશ્યો માટે બુધ્ધ ધર્મ એ જ એક આશાસ્થાન છે. વર્ણવ્યવસ્થા અને એ સમાનતા ઉપર આધારિત એવા હિંદુ ધર્મમાં તેમનું નસીબ સુધારવાની કોઈ તક નથી. માણસને જીવવા માટે માત્ર અન્નની જ જરૂર નથી શરીર ઉપરાંત તેનામાં એક મન છે, જેને વિચાર માટેના ખોરાકની પણ હંમેશા જરૂર રહે છે. હિંદુ ધર્મે પછાત ગણાતા—પતિત લેખાતા—વર્ગોમાં જીવનના ઉલ્લાસ જેવું કશું રહેવા દીધું નથી. અને તેથી મને મારો ધર્મ છોડવાની અને બુધ્ધ ધર્મ અંગીકાર કરવાની જરૂર લાગી છે. આ ધર્મ જ્ઞાતિ-સંસ્થાથી મુકત છે અને સમાનતા અને ન્યાય ઉપર આધારિત છે. બૌધ્ધ સંઘ એક મહાસાગર જેવો છે, જેમાં અનેક

નદીઓ વિલીન થાય છે અને પોતાનું વ્યકિતત્વ અને અલગપણું વિસર્જિત કરે છે. બૌધ્ધ ધર્મ દેશ અને કાળની અસરોથી મુકત રહી શકયો છે અને તેથી તે આજ સુધી ટકી રહ્યો છે અને તેથી જ દુનિયાના કોઈ પણ દેશમાં તેના પ્રચારને પૂરો અવકાશ રહ્યો છે."

હિંદની આધુનિક અનેક વિભૂતિઓમાં ડૉ. આંબેડકર એક વિચિત્ર વિભૂતિ છે. તેઓ ભારે શકિતશાળી છે અને આખું જીવન પોતાના અસ્પૃશ્ય લેખાતા સમુદાયને ભોગવવા પડતા અન્યાય અને અત્યાચારો સામે ઝુઝવામાં તેમણે ગાળ્યું છે, પણ તેમનો દૃષ્ટિકોણ હંમેશા વિચિત્ર અને વક્ર રહ્યો છે. આજના યુગમાં અસ્પૃશ્યોના ઉદ્ધારક તરીકે ગાંધીજીનું સ્થાન અને કાર્ય અજોડ અને અનન્ય લેખાયેલ છે. આમ છતાં આ આંબેડકરે ગાંધીજીને કદિ પણ અસ્પૃશ્યોના મિત્ર અને ઉદ્ધારક તરીકે સ્વીકાર્યા નથી. ઉલટું તેમને અસ્પૃશ્યોના શત્રુ તરીકે તેમણે વર્ણવ્યા અને આલેખ્યા છે. આ બાબતમાં હિંદની અન્ય આગેવાન વ્યકિત કાયદે આઝમ ઝીણા અને આંબેડકરમાં ભારે સામ્ય હતું.

આવી જ રીતે હિંદુ ધર્મને તેમણે હંમેશા વક્ર દૃષ્ટિકોણથી જ નિહાળ્યો છે. અલબત્ત હિંદુધર્મ અસ્પૃશ્યતા અને જાતપાતના ભેદથી દૂષિત છે, એમ છતાં પણ એ ત્રુટિઓથી મુકત થઇ શકે એવું હિંદુ ધર્મનું ઉદાત્ત તત્ત્વજ્ઞાન છે. હિંદુ ધર્મ વિષે તેમણે અનુભવેલી નિરાશા કેટલી પાયા વિનાની છે એ તો છેલ્લાં દશ વર્ષમાં આપણે અસ્પૃશ્યતા નાબુદીમાં કેટલી મોટી સફળતા મેળવી છે તે ઉપરથી કોઇને પણ ખ્યાલ આવી શકે તેમ છે.

બીજું જેને ડૉ. આંબેડકર હિંદુ ધર્મ તરીકે ઓળખે છે યા ઓળખાવે છે તે તો વૈદિક અથવા તો બ્રાહ્મણધર્મ છે, બીજી બે મહત્વની શાખાઓ જૈન ધર્મ તથા બૌદ્ધ ધર્મ છે. આ ઉપરાંત હિંદુ ધર્મની બીજી પણ કેટલીક શાખા પ્રશાખાઓ છે જે અસ્પૃશ્યતાને અને નાતજાતના ભેદોને બીલકુલ સ્વીકારતી નથી. પ્રસ્તુત ધર્મપરિવર્તન દ્વારા તેમણે હિંદુ ધર્મનો નહિ પણ વૈદિક ધર્મનો ત્યાગ કર્યો છે.

આ બધું છતાં પણ તેમણે કરેલા બૌદ્ધ ધર્મના સ્વીકારને આપણે જરૂર આવકારીએ. અત્યાર સુધી તેઓ વસ્તુતઃ ધર્મવિમુખ હતા; હિંદુ ધર્મનો દ્વેષ અને તિરસ્કાર એ જ તેમની સર્વ પ્રવૃત્તિઓનો પ્રેરક હેતુ હતો. એક વાર તેઓ મુસલમાન ધર્મ સ્વીકારવાની તૈયારીમાં હતા. આમ તેઓ ધર્મની બાબતમાં આમથી તેમ અથડાતા હતા, પછડાતા હતા. આજે તેમણે એક ચોકકસ ધર્મનો અને વસ્તુતઃ હિંદુ ધર્મ રૂપ વટવૃક્ષની એક વડવાઇનો સ્વીકાર કર્યો છે. અને એ ધર્મને ચુસ્તપણે અનુસરવાની પ્રતિજ્ઞા લીધી છે. આનું પરિણામ તેમના માનસિક પરિવર્તનમાં અને જીવનના ઉર્ધ્વીકરણમાં આવે તો એથી આપણને જરૂર જરૂર આનંદ થાય.

પણ આ પરિવર્તન અને આ ઉર્ધ્વીકરણ જ્યાં સુધી તેમના દિલમાંથી હિંદુધર્મ પ્રત્યેની શત્રુવટનો કાંટો ઉખડે નહિ અને હિંદુઓ પ્રત્યેના તિરસ્કારની માત્રા નાબુદ થાય નહિ ત્યાં સુધી શકય નથી. તેમની બાબતમાં આવી સમસ્થિતિ દુઃસાધ્ય છે, કારણ કે તેમની પ્રકૃતિનું પ્રેરક બળ હંમેશા દ્વેષ અને મત્સર રહ્યું છે. માત્ર બુદ્ધ ધર્મનો અંચળો પહેર્યે અથવા ત્રિરત્નશરણનો જાપ કરવાથી સાચા બુદ્ધધર્મી થવાતું નથી. આપણી આ આશંકા ખોટી પડે અને પોતે પોતાને દ્વિજ થયેલા જાહેર કરે છે તે મુજબ ડૉ. આંબેડકરમાં આપણે સાચા દ્વિજત્વનો આવિષ્કાર થયેલો નિહાળવા ભાગ્યશાળી થઇએ એમ આપણે અન્તરથી ઇચ્છીએ તેમ જ પ્રાર્થીએ !

ઉપરની આલોચનાને, એ જ વિષય ઉપર તા. ૧૬-૧૦-૫૬ ના ટાઇમ્સ ઓફ ઇન્ડીઆમાં પ્રગટ થયેલી તંત્રીનોંધમાં સવિશેષ સમર્થન મળે છે. તે નોંધમાં જણાવવામાં આવ્યું છે કે:-

"ડૉ. બી. આર. આંબેડકર અને તેમના અનુયાયીઓને નવા ધર્મના સ્વીકારથી નવું બળ અને આશ્વાસન મળતું હોય તો તે સામે કોઇને પણ વાંધો હોઇ ન શકે. આ તેમની અંગત પસંદગીનો વિષય છે અને જે વિચારશ્રેણીથી તેઓ તે તરફ ખેંચાયા હોય તેને શંકાની નજરથી જોવાનો કોઇને હક્ક નથી. પણ એ એક કરૂણાજનક કમનસીબી છે કે નવો ધર્મ સ્વીકાર કરવાનો આ મંગળ અવસર પણ તેમના દિલમાં ભરેલી કટુતાને હળવી કરવામાં અસમર્થ નીવડયો છે અને આવા ધર્મપરિવર્તનના ગંભીર પ્રસંગનો હિંદુ ધર્મ ઉપર અણઘટતો પ્રહાર કરવા માટે ઉપયોગ કરતાં તેઓ અચકાયા નથી.

"બુધ્ધધર્મમાં નાતજાતનો ભેદભાવ નથી અને હિંદુ ધર્મે અસ્પૃશ્યતાનું કલંક તદ્દન નાબુદ કરવાની દિશાએ હજુ ઘણું કરવાનું રહે છે એ તદ્દન સાચું છે, તો પણ હિંદુ ધર્મને ન્યાય આપવાની ખાતર પણ ડૉ. આંબેડકરે એટલું કબુલ કરવું જોઇતું હતું કે આ સુધારો કરવાની અને જ્ઞાતિવ્યવસ્થાનાં વિકૃત તત્ત્વોને નાબુદ કરવાની પ્રેરણા અને હીલચાલ છેલ્લાં કેટલાંક વર્ષો દરમિયાન હિંદુઓમાંથી જ સ્વતઃ ઉભી થઈ છે. વસ્તુતઃ અસ્પૃશ્યતા આજે ગેરકાયદેસર બની ચુકી છે અને જે ભાવનાથી એ અસ્પૃશ્યતા પ્રતિબંધક કાયદો કરવામાં આવ્યો છે તે જ ભાવના અને ધગશપૂર્વક તેનો સર્વત્ર અમલ કરાવવો– એટલું જ કાર્ય હવે અવશેષ રહ્યું છે.

"બૌધ્ધધર્મ પોતે પણ હિંદુ સમાજમાંથી જ ઉભી થયેલી એક સુધારક હીલચાલ હતી. આમ છતાં બૌધ્ધ ધર્મ અને હિંદુ ધર્મ એકમેકના વિરોધી હોય એમ સામાસામા મૂકીને ડૉ. આંબેડકર એમાંથી એક પણ ધર્મના હિતને મદદરૂપ બન્યા નથી. ડૉ. એમ. બી. નિયોગી જેમણે પણ એ જ સમારંભ દરમિયાન બૌધ્ધ ધર્મનો અંગીકાર કર્યો હતો તેમણે તરત જ ધ્યાન ખેંચ્યું હતું તે મુજબ હિંદુ ધર્મના તિરસ્કારને મૂળ બૌધ્ધ ક્રિયાકાંડમાં કોઈ સ્થાન છે જ નહિ."

"ડૉ. આંબેડકરના ધ્યાનમાં એ પણ હોવું જ જોઇએ કે નાતજાતના ભેદોને હિંદુ સમાજમાં ધાર્મિક પૂર્વગ્રહના કારણે બળ અને સ્વીકૃતિ મળેલ હશે, એમ છતાં પણ આ પ્રથા ટકી રહી છે તેનું ખરું કારણ શીડયુલ્ડ કાસ્ટ્સ–પછાત વર્ગો–ના આર્થિક તેમ જ સામાજિક પછાતપણામાં રહેલું છે. હરિજનોને વ્યવહારૂ જીવનમાં આગળ આવવાની પુરી તક મળે એવા સામાજિક અને આર્થિક પગલાંઓ જ આખરે તેમની સ્થિતિ સુધારી શકશે અને અસ્પૃશ્યતાને નાબુદ કરી શકશે અને નહિ કે આ પ્રકારનાં સામુદાયિક ધર્મપરિવર્તનો."

ડૉ. આંબેડકર જૈન ધર્મ તરફ કેમ ન આકર્ષાયા ?

આજે જ્યારે ડૉ. આંબેડકરે અને તેમના ૭૫૦૦૦ અનુયાયીઓએ બૌદ્ધ ધર્મનો સામુદાયિક અંગીકાર કર્યાના સમાચાર છાપામાં વાંચીએ છીએ ત્યારે સહજપણે એક પ્રશ્ન થાય છે કે જેમાં અસ્પૃશ્યતાનો ઇનકાર હોય, વર્ણવ્યવસ્થાનો અસ્વીકાર હોય, અવતારવાદ વિષે અમાન્યતા હોય, દેવદેવીઓની પૂજા વિષે અનાદર હોય એવા ધર્મની ડૉ. આંબેડકરને અપેક્ષા હતી, તે બધી અપેક્ષાઓ હિંદુસ્તાનમાં સુપ્રચલિત જૈન ધર્મ પૂરી પાડે તેમ હતું. એમ છતાં ડૉ. આંબેડકર બુદ્ધ ધર્મ તરફ શા માટે આકર્ષાયા અને જૈન ધર્મ, જેના અનુયાયીઓ તેને એક મહાન વિશ્વધર્મ તરીકે બિરદાવે છે તે સામે તેમણે નજર સરખી પણ કેમ ન કરી ? સાથે એ પ્રશ્ન પણ થાય છે કે એવા કોઈ જૈન આચાર્ય કેમ નીકળી ન આવ્યા કે જેમણે ડૉ. આંબેડકરને હાર્દિક નિમંત્રણ આપ્યું હોય અને જણાવ્યું હોય કે "મહાનુભાવ, તમે જે શોધો છો, જે માંગો છો તે અમારા જૈન ધર્મમાં છે; તમારી બધી ધાર્મિક અપેક્ષાઓ અમારો જૈન ધર્મ પૂરી પાડે છે અને તમારી આધ્યાત્મિક તૃષા પણ અમારો જૈન ધર્મ છીપાવે તેમ છે. આવો અને ભગવાન મહાવીર પ્રરૂપિત જૈન ધર્મનો અંગીકાર કરો. અમે તમને બધી રીતે અપનાવીશું અને અમારો ધર્મ અને સમાજ તમારી બધી ભુખ ભાંગશે ?"

આનું કારણ એ છે કે તાત્વિક રીતે ઉપર જણાવેલ બધી અપેક્ષાઓ જૈન ધર્મ પુરી પાડે તેમ છે, એમ છતાં પણ આજના જૈન ધર્મનું અને સમાજનું વાસ્તવિક સ્વરૂપ તેથી લગભગ તદ્દન વિપરીત પ્રકારનું બની બેઠું છે. 'અસ્પૃશ્યતા અમને અમાન્ય છે, નાત જાતમાં અમે માનતા નથી, ઉંચ નીચનો ભેદ અમે સ્વીકારતા નથી,

દેવદેવીઓની અમે પૂજા કરતા નથી–આમ છાતી કાઢીને કહેવાની સ્થિતિમાં નથી આજનો જૈન ધર્મ કે નથી આજનો જૈન સમાજ. આવી નિસ્તેજ છે આજના જૈન ધર્મની વાસ્તવિક પરિસ્થિતિ. અને એ જ પ્રમાણે અભાવ છે કોઈ પણ ધર્મભુલેલાને ભેલાવે, અપનાવે, જૈન ધર્મ તરફ વાળે એવા પ્રતિભાસંપન્ન તેજસ્વી, સમયજ્ઞ ધુરંધર ધર્માચાર્યની. ઘર આંગણાના જૈન ધર્મનું શરણ છોડીને પરદેશમાં પ્રતિષ્ઠિત થયેલા બુદ્ધ ધમનું ડૉ. આંબેડકરને શરણ શોધવું પડે એ આજના જૈન ધર્મના ગુરૂઓને અને જૈન સમાજના સૂત્રધારોને શરમાવે તેવી–ઊંડો વિચાર કરતા કરી મૂકે એવી–દુઃસ્થિતિ છે, એમાં કોઇ શક નથી.

વર્ષા અને વર્ષની વિદાય વેળાએ

જે અનુભવ મનમાં ઘોળાયા કરતો હોય અને પ્રબુદ્ધ જીવનના વાંચકોને અનુલક્ષીને શબ્દમૂર્ત થવા મથતો હોય તે જ અનુભવનું લગભગ યથાર્થ આલેખન એકાએક કોઈ અન્યના લખાણમાં જોવા મળે ત્યારે તે વિષે સ્વતઃ લખવાની વૃત્તિ શમી જાય છે અથવા તો આળસ આવે છે અને અન્યનું એ લખાણ ઉદ્ધૃત કરવાની લાલચ થઈ આવે છે. આવી જ કોઈ આળસ અને લાલચથી પ્રેરાઇને તા. ૨૧–૧૦–૫૬ ના 'જન્મભૂમિ–પ્રવાસી'માં પ્રગટ થયેલ અગ્રલેખ અહિં ઉદ્ધૃત કરતાં હું આનંદ અનુભવું છું. આ વખતની ભવ્ય તથા ભીષણ તેમ જ નિયત કાળમર્યાદાને વટાવી ગયેલી વર્ષાનો હજુ ગઈ કાલે જ અસ્ત થયો છે, શરદ્ઋતુ આવી ન આવી કોઇએ જાણી નહિ અને દીવાળી આવીને ઉભી રહી છે અને વિક્રમ સંવત ૨૦૧૨ નું વર્ષ વર્ષા સાથે વિદાય માંગી રહેલ છે. આ શુભ વિદાય નીચેના લેખમાં સુન્દર રીતે વ્યક્ત કરવામાં આવી છે.

આપણી સાંભરણુમાં સૌથી વધુ ફાંટાબાજ વર્ષાઋતુનો અંત આવ્યો છે ત્યારે મધવા માટે વિદાયના બે શબ્દો કહીએ તે યોગ્ય છે. મહાસાગર ઉપરથી વાયુની પાંખે બેસીને ભરત ખણ્ડ ઉપર મેઘરાજાએ કરેલી ચડાઈમાં તેની સેનાએ સર્જન કરતાં વિનાશ વધુ કર્યો છે. તેણે કરોડો રૂપિયાની કિંમતના પાકનો નાશ કર્યો છે, લાખો વીઘાં જમીન ધોઈ નાંખી છે, હજારો ચોરસ માઇલ જમીન પર વિનાશક પૂરનાં પાણી ફરી વળ્યાં છે. હજારો મકાનો તૂટી પડ્યાં છે, દિલ્હી અને કલકત્તા જેવાં શહેરોની અંદર પૂરનાં પાણી ઘૂસી ગયાં છે અને અજ્ઞાત સંખ્યામાં માણસો અને પશુઓ તણાઈ ગયાં છે. વાયવ્યની વર્ષાઋતુનો સત્તાવાર અંત આવ્યો છે. છતાં ચડાઈ કરીને. વિજય મેળવીને પાછી ફરેલી સેનાની પાછળ રહેલી છૂટીછવાઈ ટુકડીઓ લૂંટફાટ કર્યા કરે તેમ હજી કોઈ કોઈ ઠેકાણે ગાજવીજ સાથે ઇંદ્રના સૈનિકો હુમલા કરે છે.

સુએઝ, રાજ્યપુનર્રચના, પાકિસ્તાન, ડલેસ, ઇડન, ક્રુશ્ચેવ વગેરે વિષયો અને વ્યક્તિઓએ આપણને એવા તંગ કરી મૂક્યા છે કે, આપણા પગ નીચે કેટલું પાણી આવ્યું એ પણ આપણે ભૂલી જઇએ છીએ! પ્રકૃતિએ આ વર્ષે કેવી વિચિત્રતા ધારણ કરી અને કેવા રૌદ્રસ્વરૂપે તાંડવ કર્યું એ યાદ કરીએ તો તેની ફાંટાબાજી પ્રત્યે આપણે આશ્ચર્યચકિત થઈ જઇએ.

ચોમાસુ કન્યાકુમારીથી શરૂ થઈ હિમાલય તરફ ફેલાવું જોઇએ તેને બદલે આ વર્ષે હિમાલયમાં તેની શરૂઆત થઇ, મલબારથી મુંબઈ ને ગુજરાતમાં જવું જોઇએ તેને બદલે ગુજરાત અને મુંબઇમાં તેણે પહેલો દેખાવ દીધો અને તે પણ મુંબઇમાં જૂનની અધવચ્ચને બદલે મે માસની અધવચ્ચમાં! જૂન બેઠો ત્યારે સાંતાક્રુઝમાં ૪·૩૦ ઇંચ પાણી તો પડી જ ચૂક્યું હતું.

નાળિયેરી પૂર્ણિમા સાધારણ રીતે વર્ષાઋતુનો અંત સૂચવે છે. જ્યારે દેશી વહાણો સમુદ્રપૂજન કરી, તેને નાળિયેર ચડાવીને હંકારી નીકળે છે. પરંતુ આ વર્ષે તેણે વિજયા દસમીની મીઠાઈ ખાઇને જ વિજય પ્રસ્થાન કર્યું. વર્ષાઋતુનો હવે સત્તાવાર અંત આવ્યો હોવા છતાં તેની છૂટીછવાઇ ટુકડીઓ હજી દિવાળીના ફટાકડા ફોડીને–ગાજવીજ કરીને જશે! આ વર્ષે મુંબઇમાં કોલાબા ખાતે ૧૦૦ ઇંચ વરસાદ પડ્યો જે સરેરાશ કરતાં ૩૦ ઇંચ વધુ છે અને સાન્તાક્રુઝ ખાતે ૧૧૬ ઇંચ વરસાદ પડ્યો, જે ૪૭ ઇંચ વધુ છે.

મહાગુજરાતના આંકડા પણ મેઘરાજાની ફાંટાબાજી પર પ્રકાશ ફેંકે છે. આબુમાં ૯૪ ઇંચ (૩૪ ઇંચ વધુ), અમદાવાદમાં ૪૭ ઇંચ (૧૯ ઇંચ વધુ), વડોદરામાં ૪૯ ઇંચ (૧૪ ઇંચ વધુ), રાજકોટમાં ૪૯ ઇંચ (૨૬ ઇંચ વધુ) અને ભૂજમાં ૧૯ ઇંચ (૭ ઇંચ વધુ), અને છેલ્લે જતાં જતાં પણ ઓકટોબરમાં ભાવનગરમાં પોણા આઠ ઇંચ વરસાદ પડે એ આ વર્ષની વર્ષાઋતુની વધુ વિચિત્રતા છે. અન્યત્ર ભારતમાં વરસાદની ઊણપ ભાગ્યે જ કયાંય છે. સર્વત્ર અતિવૃષ્ટિ જ છે.

ઉત્તર ભારત અને આસામમાં પૂરના સમાચાર ચોમાસામાં ચમકે છે તેને બદલે આ વર્ષે ઉનાળામાં કોશી અને બ્રહ્મપુત્રાનાં પ્રલયપૂર સમાચારોનાં મથાળાં કબજે કરી રહ્યાં હતા, ચોમાસામાં ગોમતી, ગંડકી અને બીજી હજાર નાનીમોટી નદીઓ મસ્ત બનીને ધૂધવતી રહી હતી, અને છેલ્લે જાણે ગંગા–યમુના રહી ગઇ હોય તેમ તેઓ શરદ ઋતુમાં કલકત્તા અને દિલ્હીને ગળી જવાની ચેષ્ટા કરવા લાગી ! ભારતના પાટનગર પર યમુનાએ કરેલી ચડાઈ અર્વાચીન ઇતિહાસમાં અજોડ છે. જે ભયજનક સપાટીને તે ઓળંગી ગઇ એ સપાટીને તો તેણે નિર્ભય સપાટી ગણાવી દીધી !

વર્ષાઋતુએ દરેક મોરચા ઉપર પોતાની વિચિત્રતા બતાવી છે. કાશ્મીરમાં ડિસેમ્બરમાં હિમવર્ષા થાય તેને બદલે સપ્ટેમ્બરમાં બરફ પડ્યો ! ઓકટોબર મહિના સુધી તો બદરીનાથની યાત્રાની ઋતુ છે. તેને બદલે ઓકટોબરમાં હિમવર્ષામાં શ્રી. જયપ્રકાશ નારાયણ સહિત અનેક યાત્રીઓ ફસાઈ પડ્યા, અને જે હિમપ્રપાત ડિસેમ્બરથી માર્ચની વચ્ચે પડે છે તે ઓકટોબરમાં પડ્યા અને કેટલાય ભોટિયા લોકો માર્યા ગયા ! શરદના વાયુ પર સવાર થઇને યૂરોપ અને ઉત્તર એશિયાથી આવતાં શિયાળુ પંખીડાં આ વખતે આપણા દેશમાં આવ્યાં ત્યારે મેઘરાજ હજી અહીં તાણ્ડવ નૃત્ય કરતો હતો !

આપણે અનેક કોયડા ઉકેલવાના છે તેમાં આ વર્ષે એક વધુ મુશ્કેલ કોયડાનો ઉમેરો થયો છે. પરંતુ પંડિત નહેરુએ કહ્યું છે તેમ કોયડા જીવંત માણસો માટે જ છે, મરેલા માણસ માટે નથી. આપણે જીવતી, ઝઝૂમતી અનેક મુશ્કેલીઓને જીતી લેવા તેમની સાથે બાથ ભીડતી બહાદુર પ્રજા છીએ. એટલે આપણે આવા કોઇ કોયડાથી, કોઈ આફતથી ડરતા નથી. અતિવૃષ્ટિ અને પૂર નિર્ભેળ શાપ નથી. તેમાં આશીર્વાદ પણ છુપાયેલા હોય છે. ખરું કહીએ તો સિંધુથી માંડીને ગંગા, યમુના અને બ્રહ્મપુત્રાના નદપ્રદેશોની સમૃદ્ધિ વિનાશક પૂર ઉપર જ નિર્ભર છે. પ્રલયપૂર જેવાં લાગતાં પાણી હજારો ચોરસ માઇલના વિસ્તારોમાં ફરી વળે છે અને પુનર્જીવન આપે એવા ફળદ્રુપ કાંપ લાવીને પાથરી દે છે.


એમ જણાય છે કે છેલ્લાં પાંચ સાત વર્ષથી વધુ ને વધુ પૂર આવતાં રહ્યાં છે. ભારતમાં નાની મોટી બધી તોફાની નદીઓ નથાઇ જાય એ આપણું સ્વપ્ન છે. એ સિદ્ધ થતાં દાયકાઓ લાગશે. જ્યારે એ સ્વપ્ન સિદ્ધ થશે ત્યારે નદીઓ વિનાશ નહિ કરી શકે, નવસર્જન જ કરી શકશે. જ્યારે "આંસુની સરિતા" તરીકે ઓળખાતી કોશી જેવી મહાવિનાશક અને તોફાની નદીઓને વિનમ્ર બનાવી માનવીની સેવામાં નાથી લેવામાં આવશે ત્યારે શોકનાં આંસુ હર્ષમાં ફેરવાઇ જશે.

પરંતુ એ દિવસ દૂર છે. એને નજીક લાવવા અને સિદ્ધ કરવા આપણે કમર કસીને કામ કરવાનું છે. ચોમાસાં આવે છે અને જાય છે, પૂર ફેલાય છે અને ઓસરે છે, મેઘરાજાની સવારી આવે છે ને જાય છે. આપણે પ્રકૃતિના સૌંદર્યથી આનંદ અનુભવીએ છીએ તેમ તેના રૌદ્ર સૌંદર્યથી પણ આશ્ચર્યમુગ્ધ બનીને આપણી પંચવર્ષીય યોજનાઓની મજલ કાપતા જઇશું. વિદાય લેતા મેઘરાજાને આપણો વિદાયસંદેશો એ જ છે કે મુસીબતો જીવંત માણસો માટે છે, અને અમે જીવંત, ધ્યેયલક્ષી અને મહત્ત્વકાંક્ષી પ્રજા છીએ. આપણે આફતનો સામનો પણ કરી શકીએ છીએ અને ઉત્સવનો આનંદ પણ માણી શકીએ છીએ. આવી ખેલદિલી અને ખુશદિલીથી આપણે વર્ષાના અને વર્ષના અંતનો ઉત્સવ ઊજવીએ છીએ. **પરમાનંદ**

(૧૩૮ પાનાથી ચાલુ)

પ્રદેશ	ક્ષેત્રફળ (ચોરસ માઇલમાં)	લોક સંખ્યા (લાખની સંખ્યામાં)
આન્ધ્ર પ્રદેશ	૧૧૦,૨૫૦	૩૨૨
આસામ	૮૪,૯૨૪	૯૦
બિહાર	૬૭,૮૩૦	૩૮૫,૩
મુંબઇ	૧૮૮,૨૪૦	૪૭૮
જમ્મુ અને કાશ્મીર	૮૨,૭૮૦	૪૪
કેરલ	૧૪,૯૮૦	૧૩૬
મધ્ય પ્રદેશ	૧૭૧,૨૦૦	૨૬૧
મદ્રાસ	૫૦,૧૭૦	૩૦૦
માઇસોર	૭૨,૭૩૦	૧૯૦
ઓરીસ્સા	૬૦,૧૪૦	૧૪૬
પંજાબ	૪૬,૬૧૬	૧૬૦
રાજસ્થાન	૧૩૨,૩૦૭	૧૬૦
ઉત્તર પ્રદેશ	૧૧૩,૪૧૦	૬૩૨
પૂર્વ બંગાળા	૩૩,૨૭૬	૨૬૧,૬

ભારતની આ નવરચનાનો નકશો પાછળ આપ્યો છે અને તેની અંદર કયા પ્રદેશમાં શેના ઉત્પાદનની વિશેષ શકયતા હશે એ દર્શાવવામાં આવેલ છે.



નવા પ્રદેશોનાં ક્ષેત્રફળ અને લોકસંખ્યા

આ પહેલી નવેમ્બરથી ભારતને ૧૪ પ્રદેશોમાં વહેંચવામાં આવશે. આ નવા પ્રદેશો, આ મુજબ હશે:–

આંધ્ર પ્રદેશ, આસામ, બિહાર, મુંબઇ, જમ્મુ અને કાશ્મીર, કેરલ, મધ્ય પ્રદેશ, મદ્રાસ, માયસોર, ઓરિસ્સા, પંજાબ, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, અને પશ્ચિમ બંગાળા.

આ ઉપરાંત ૭ કેન્દ્રશાસિત પ્રદેશો બનશે. આન્દામાન અને નીકોબાર ટાપુઓ, દીલ્હી, હિમાચળ પ્રદેશ, લેકદીવ અને આમીનદીવ ટાપુઓ, મણિપુર અને ત્રિપુરા.

આ નવા પ્રદેશોનું ક્ષેત્રફળ અને લોકસંખ્યા નીચે મુજબ હશે.

(અનુસંધાન પા.૧૩૭)

ભારતીય કળામાં જૈન સંપૂર્તિ (ગતાંકથી ચાલુ)

ભારતનાં શિલ્પનો પ્રતિહાસ ઈ. પૂ. ૩૦૦૦ વર્ષે સિંધના મોહનજોદરોનાં પ્રાચીન અવશેષોથી પ્રાપ્ત થાય છે. એ કાલે પ્રાણીઓનાં માટીમાં ઉપસાવેલાં ચિત્રો અને ચૂનો તેમ જ ધાતુની માનવઆકૃતિઓ જોતાં લાગે કે માનવસમાજમાં કલાનાં આકર્ષક અને સાંકેતિક સ્વરૂપોનો પ્રચાર થઈ ચૂકયો હતો. એ સમયની મુદ્રાઓમાં ય ધ્યાનસ્થ યોગીઓની આકૃતિઓ પણ મળી છે, પરંતુ સમ્રાટ અશોક મૌર્યના સમયની જે શિલ્પકૃતિઓ મળી છે તેની સાથે હજારો વર્ષનો ખાલી ગાળો સાંધનારા નમૂના મળ્યા નથી. અશોકના સમયમાં પૂર્વ ભારતમાં યક્ષો અને યક્ષીઓની સહેજ માનવમાપથી મોટી અને કદાવર પાષાણમૂર્તિઓ મળી છે પણ તેનાં મંદિર વિષે કોઈ ખ્યાલ બાંધી શકાતો નથી.

ભૂમિના મહાન પુરુષો કે નેતાઓના સ્મારકરૂપે તેમના ભસ્માવશેષો ઉપર ગોળાકાર મોટા સ્તુપો અથવા ટોપ (ઉંધા ટોપલા ઘાટના) રચાતા અને તે પર વૃક્ષ કે છત્રની છાયા થતી. આ સિવાય તેથી પણ પ્રાચીન હશે. કોઈ મૃત દેહને ધરતીમાં દફનાવી ઉપર માટીનો ટીંબો કરી ઉપર વૃક્ષ કે વૃક્ષની ડાળી તેની છાયા માટે મુકાતી. તે પછી ભિન્ન દેશોમાં બાળવા કે દફન કરવાના ભેદ થયા, એટલે કબરો અને સ્તુપોનાં રૂપો જુદાં થયાં. સ્તુપની આકૃતિમાં અવશેષો મુકાય છે તે ભાગને ચૈત્ય કહે છે. ચૈત્ય શબ્દ ચિતા પરથી ઊપજ્યો છે; એટલે પ્રાચીનકાળથી ચૈત્યનો રિવાજ ચાલતો અને તે પ્રમાણે બુદ્ધના અવશેષો નિર્વાણ પછી ચૈત્યરૂપ પામ્યા અને બૌદ્ધ સ્થાનોમાં જ્યાં ચૈત્ય હોય તે ચૈત્યમંદિર અને પૂજની પ્રતિમા અને ભિક્ષુગૃહ હોય તેને વિહાર એવાં નામો મળ્યાં.

આવાં ચત્યો, સ્તુપો અને ભિક્ષુગૃહો બૌદ્ધ, જૈન તેમ જ વેદ સંપ્રદાયોમાં હતાં પણ બુદ્ધના સ્તુપોનો વિસ્તાર થયાથી પહેલાં બધા જ સ્તુપો તેને નામે ચડાવી દેતા. પાછળના સંશોધન અને ઉત્કીર્ણ લેખોથી સિદ્ધ થયું છે કે પ્રાચીન સ્તુપો તેમ જ બુદ્ધગૃહો નિર્માણ કરવામાં જૈન સંપ્રદાયનો હિસ્સો ઘણો મોટો અને વ્યાપક હતો.

તક્ષશિલામાં, મથુરામાં, અવધમાં, મહાકોસલમાં એવાં જૈન સ્થાનો મળી આવ્યાં છે જેની શિલ્પમુદ્રાઓ, ઉત્કીર્ણ લેખો, પ્રતિમાઓ, અલંકારો તત્કાલ પ્રજાની સંસ્કૃત અને શિલ્પવિદ્યાના અતિ ઉચ્ચ પ્રકારના નમૂનારૂપ છે. આમાંના ઘણાખરા ખંડિત અથવા વિશીર્ણ સ્થિતિમાં અપેક્ષિત પડયા છે છતાં મૌર્યકાળથી ઇ. સ. ૧૦૮૦ સુધીની એકસરખી અંકોડા પૂરતી અનેકવિધ શિલ્પસામગ્રી એકત્રિત થઈ છે પણ બૌદ્ધ કે બ્રાહ્મણ સ્મારકો જેટલી પ્રસિદ્ધિ પામી નથી.

પ્રાચીન તક્ષશિલામાં જે સ્તુપ મળી આવ્યો તેના શિલ્પમાં બાકટ્રીયન, ઈરાની, મેસોપોટેમિયન અસરોવાળી આકૃતિઓ છે. પરંતુ મથુરાની કંકાલી ટેકરીમાંથી જે અપાર શિલ્પખંડો મળ્યા છે તેમાંથી જૈન સંપ્રદાયની એ નગરીમાં કેવી જાહોજલાલી હશે તે સમજાય છે.

ઘણા માને છે કે ગુફામંદિરો પરથી મંદિરોનું નિર્માણ થયું છે, પરંતુ મંદિરોનાં ગર્ભગૃહની રચના જોતાં તેનો સંબંધ યજ્ઞવેદી સાથે હોય એમ લાગે છે. આવી વેદિકાઓ રચવાની પ્રથા વૈદિક સંપ્રદાય બહારના પણ સ્વીકારતા હતા. જ્યારથી સ્તુપની પૂજા બંધ થઇ ગઇ અને પ્રતિમાપૂજન શરૂ થયું ત્યારથી જૈનોએ પણ મંદિરોની રચના પર ધ્યાન આપ્યું હતું. પણ તે કાળે તે બહુ મોટા પ્રમાણમાં બંધાયાં નહિ હોય. મંદિરનાં વાસ્તુશાસ્ત્રમાં વર્ણવેલા શાંતિક, પૌષ્ટિક, નાપદ એવાં નામો છે; નાગર કે દ્રવિડ એવા ભેદો છે પણ સાંપ્રદાયિક નામ નથી.

મથુરાનગરી જે સમયે સમૃદ્ધિપૂર્ણ હતી તે વખતે ત્યાં અનેક જૈન ધનાઢયો વસતા. તેમના દાનથી થયેલાં મંદિરોની જે શિલ્પસામગ્રી કંકાલી ટેકરીમાંથી મળી આવી છે તેમાં જૈન પ્રતીકોથી ભરપૂર તક્ષણપ્રચુરતા અને પ્રતિમાઓ મથુરાના મ્યુઝીયમમાં છે તે તે કાલની કલાની ચરમ સીમા રજૂ કરે છે. મથુરાના શક રાજાઓ હવિષ્ક અને સંવત્સરવાળી

અનેક જીનમૂર્તિઓ, સ્તુપની વંદીઓના કોતરેલા પથ્થરો, સાંચી અને ભારુતના સાથમાં મૂકી શકાય એવાં છે. એક લેખ વિ. સં. ૭૮ ના લેખવાળો છે તે દેવનિર્મિત એટલે તેના નિર્માણના સમયની કોઇને ખબર નથી એવો છે.

મથુરાનો જૈન સમાજ વેપારથી ધનાઢય હતો; એટલે તેમનાં શિલ્પો ઉપર નોંધ મૂકવાની ઘણી ચીવટ બતાવી છે.

અવધકોસલ અને ઉત્તર ભારતના સ્તુપો ઇ. પૂ. ૫૦ વર્ષ પહેલાંના ઠરે છે. જૈન શિલ્પાવશેષો ઉત્તર ભારતમાં બ્રાહ્મીલિપિનો વિકાસ, વ્યાકરણ, પ્રાકૃત ભાષાઓનો ઉદય તેમ જ રાજકીય અને સામાજિક પરિસ્થિતિ અને ઇતિહાસ અને જૈન ધર્મના પૂજનકાંડ પર પ્રકાશ પાડે છે. એ શિલ્પોનું મૂલ્યાંકન કરવા પ્રત્યક્ષ પરિચય થાય અથવા ઉત્તમ ફોટોગ્રાફો જોવા મળે એવું થવું જોઈએ. અલંકારો તેમજ વેલોની સુસ્પષ્ટ કોતરણી ભારતીય કલામાં ગ્રીક ઇરાની આસીરિયન તેમ જ મેસોપોટેમિયાની અસરો કેટલી ઊતરી હતી તેનાં દૃષ્ટાંતો તેમાં મળે છે. ખાસ કરી પાંખોવાળા સિંહો, દરિયાઈ પ્રાણીઓ તેમ જ વેલબુટ્ટીમાં ગ્રીક પ્રકારો ભારતના સંસ્કારવ્યવહારનાં ઉદાહરણો છે, છતાં વસ્તુ સંપૂર્ણ ભારતીય છે. બ્રાહ્મણ, બૌદ્ધ, જૈન સર્વ કોઈ તત્કાલીન દેશવ્યાપી કલાસ્વરૂપોનો પોતાના સંપ્રદાય માટે વિના સંકોચ ઉપયોગ કરતા. બધાનાં પ્રતીકો-રૂઢ પદ્ધતિઓ-એક જ શિલ્પભંડારમાંથી મળી રહેતાં. વૃક્ષ, કઠેડા ચક્રો, શણગારો બધે સરખાં હતાં. જૈન ધર્મના ઈ. પૂ. ના પુરાતન અને આજ સુધીના શિલ્પની પાકી સાક્ષી આપતા ભૂતકાળના મહત્ત્વના અંકોડા ત્યાં મળી રહે છે. જૈન સંપ્રદાયમાં પ્રાચીન વિભાગો "ગણ, કુલ, શાખા" વગેરે પ્રચલિત હતા એ શિલ્પ પરના લેખોથી નક્કી થયું છે. જૈન સાધ્વીઓ સમાજમાં ઊંચો મોભો ધરાવતી હતી એ પણ જાણવા મળે છે. મથુરાનાં શિલ્પોમાં ઈ. પૂ. બસોથી વિ. સં. ૧૦૮૬ સુધીની શિલ્પસૃષ્ટિ જોવા મળે છે.

ઉત્તર ભારતમાં ગુપ્ત સમયમાં જે ગિરિમંદિરો હતાં તેનું અસ્તિત્વ અદ્યાપિ જળવાયું છે, પરંતુ સ્વતંત્ર બાંધણીનાં દેવમંદિરોનાં સ્વરૂપો વિરલ છે. જે છે તે બહુ જ નાના કદનાં છે. ચૂનો કે કોઈ બંધ વગર પથ્થરની શિલાઓ ખડકીને ઉપાડવામાં આવતાં આ મંદિરોમાંનાં ઘણાં દક્ષિણના મહાબલીપુરમ્ કે ઐહોલના પરિવાર હોય એવું લાગે. મળી આવતી શિલાઓની લંબાઇ પર તેના વિસ્તારનો આધાર રહેતો. ઉત્તર ભારતમાં ગ્વાલિયરનું તૈલપ મંદિર, સૌરાષ્ટ્રમાં ગોપ, કદવાર, કલસાર વગેરે સ્થળ એનાં સાક્ષીરૂપ છે.

તાજેતરમાં ગુજરાતમાંથી મળેલાં ગુપ્ત સમયનાં શિલ્પો ઉપર વડોદરાના પુરાતત્ત્વવિદ્ શ્રી ઉમાકાન્ત શાહે નવીન જ પ્રકાશ પાડયો છે. તેમણે અંકોટામાંથી શ્રીઋષભદેવજીની ૩૨.૫ ઇંચની સુંદર ધાતુપ્રતિમા પ્રાપ્ત કરી મ્યુઝીયમને આપી છે. જૈનશિલ્પના કલશ જેવી આ પ્રતિમાથી ગુજરાત સમૃદ્ધ બન્યું છે.

કાલાનુક્રમે આઠમા સૈકામાં ગર્ભમંદિર ઉપરના શિખરોમાં વિકાસ અને ઉઠાવદાર સ્વરૂપો થયાં ને તેમાંથી ઓરિસ્સાનાં રથાકારનાં શિખરોનો પ્રારંભ થયો. દેવતાની પ્રતિમાના જેવાં એ મંદિરો ગગનગામી સ્વરૂપે વધવા લાગ્યાં. દક્ષિણમાં એ રીતે ગોપુરોથી મંદિરનો વૈભવ વધ્યો. ઉત્તર ભારતમાં ઓરિસ્સાથી પ્રચાર પામેલી શૈલી આર્યાવર્ત અથવા મધ્ય દેશની શૈલી તરીકે પ્રચાર પામી, જેના અવશેષો ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છમાં ઘણે ઠેકાણે મળે છે.

ભુવનેશ્વર અને પુરીનાં મંદિરો જેવાં શિખરોના ઘાટનો પ્રારંભિક પ્રકાર સૌરાષ્ટ્રનું રાણકમંદિર અને ધૂમલીમાં એક દેવમંદિરમાં જણાય છે. કચ્છમાં કેરા, કોટાય વગેરે મંદિરો નવમા સૈકાના નમૂના છે. પણ પછીથી ગુજરાત, રાજસ્થાન અને બુંદેલખંડના શિલ્પીઓએ રંગમંડપ અને તેની જાળીઓને વિમાન સ્વરૂપ આપી જે નાવીન્ય અને ભવ્યતા ઊપજાવી છે તેની આગળ ઓરિસ્સાનાં મંદિરો પહાડ જેવાં તોતિંગ લાગે છે.

રાજસ્થાન અને ગુજરાતમાં દસમી સદીમાં રાજપૂત રાજ્યો થયાં. તેઓનાં દેવમંદિરો, રાજ્યમહેલો, જલાશયો, કિલ્લાઓ બાંધવાની એક અપૂર્વ હરીફાઇ લાગી હોય એમ દેખાય છે. મૂળરાજ સોલંકીએ ગુજરાતમાં રુદ્ર મહાલયનું બારમાળનું મંદિર શરૂ કર્યું તે વખતે સ્થાપત્યમાં ગુફામંદિરમાં બારેખમ સ્તંભો અને કોતરકામની પ્રણાલિ જીવતી હશે. ચૌલુક્યો કદાચ દક્ષિણના સ્થપતિઓ કે રૂપનિયોજના લાવ્યા હશે એવું એ સમયના દાઢી, ચોટલાવાળા સૈનિકો અને રાજવીઓની મૂર્તિઓ પરથી ધારી શકાય. પરંતુ મંદિરને ઊંચું લેવું, ગગનચુંબી શિખર કરવું એ વિચાર તો ઉત્તર ભારતનો જ હતો. નવાં રાજ્યોની સ્થાપના સાથે શાંતિભર્યા ધંધા કરનારી જૈન પ્રજાએ નગરોની જાહોજલાલીમાં સારો ભાગ ભજવ્યો હશે અને ઉપયોગી સમાજ તરીકે પણ આદર પામ્યા હશે. સૂર્ય, શૈવ કે વિષ્ણુના ઉપાસક રાજાઓથી તેમને કદી ઉપદ્રવ થયો જાણવામાં નથી. તેઓ વસ્તુસંચય કરવાનાં અને દ્રવ્યસંચય કરવામાં પ્રવીણ હોઈ અનેકવાર રાજ્યકર્તાઓને આપત્તિ વખતે સહાયકારક બન્યા હતા એ પણ વનરાજ ચાવડાના સમયથી સુવિદિત છે. ગુજરાતનાં નવાં પાટનગરો—શહેરો વસ્યાં ત્યારે તેમાં આગળ પડીને બાંધકામો કરનાર જૈન સમાજો હતા. તેમની વ્યાપારકુશળતા અને અર્થવ્યવસ્થાના અનુભવે તેમાંનાં કેટલાક ક્રમે ક્રમે ગુજરાતના રાજપુરુષો, મુત્સદ્દીઓ અને ધનાઢય વેપારીઓ થયા. અન્ય સંપ્રદાયોની ધાર્મિક સંસ્થાઓ અને મંદિરો રાજ્યાશ્રયથી સર્જાયેલાં અને નભેલાં તે રાજ્યાશ્રય જતાં ખંડિત થયાં તથા ઉપેક્ષા પામ્યાં. તેમના નિર્વાહ કે મરામત માટે ખર્ચ કરનાર કોઈ રહ્યું નહિ, જ્યારે જૈનધર્મના શ્રીમંતો અને દાનવીરોએ દેવકાર્યમાં પોતાની સંપત્તિ આપી ચિરકાળનો યશ પ્રાપ્ત કર્યો છે.

૧૧ મી સદીના પરદેશી હુમલાથી ઉત્તર ભારત પાદાક્રાન્ત થઇ ગયો હતો, રાજ્યકુળો જડમૂળથી ઉખડી ગયાં હતાં અને પ્રજાના મોટા સમુદાયો દક્ષિણ તરફ ભાગી છૂટયા હતા. તે વખતે ધર્મદ્વેષથી પણ પરદેશી સૈન્યોએ દેવમંદિરો, પ્રતિમાઓ અને ગ્રંથોનો સર્વનાશ કરવાનો નિર્ધાર કર્યો હતો.

આવા વિકટ સમયમાં કલા કારીગરી પર નભતા સમાજનો તો શો આશરો ? પણ ગઝનીનાં ધાડાં પાછાં વળ્યાં કે તુરત જ આબુ, શત્રુંજય અને ગિરનાર ઉપર શિલ્પીઓનાં ટાંકણાંનાં તાલ પડવા લાગ્યા અને જૈનધર્મના દેવમંદિરો પહેલાંની જેમ આરતીપૂજનથી ગાજી રહ્યાં.

જૈન સંપ્રદાયનું એક વિશેષ સુન્ન કાર્ય એ છે કે ખંડિત થયેલ મંદિર કે પ્રતિમાની પુનઃ પ્રતિષ્ઠા કરી તેને ઉપયોગમાં લઈ શકાય છે. આથી પૂર્વજોએ કરેલાં કીર્તિકાર્યો સચવાઈ રહે છે અને પ્રજાના કલાસંસ્કારને પૂર્તિ આપે છે. આ રીતે શત્રુંજય, આબુ, ગિરનાર, રાણકપુર વગેરે જૈન પ્રજાના નહિ પણ સકલ ભારતવર્ષના કીર્તિધ્વજસમાં મોભારૂપ છે.

આબુનું સૌથી જૂનું મંદિર સં. ૧૦૮૮ માં ભોળા ભીમદેવના મહામંત્રી વિમળશાહે બંધાવ્યું હતું અને બીજાં મંદિરો ઈ. સ. ૧૨૩૦ ના અરસામાં વાઘેલાના મંત્રીઓ વસ્તુપાળ તથા તેજપાળે બંધાવ્યાં. આ મંદિરોનું બાંધકામ ધોળા આરસથી કરેલું છે. આસપાસ વીસ કે ત્રીસ માઈલ પર આરસની કોઈ ખાણ નથી. એટલે ઘણે દૂરથી આટલો પથ્થર પર્વત ઉપર ચડાવવાનું કામ કરવામાં અપાર ખર્ચ અને શ્રમ લાગ્યાં હશે. પણ જૈન કોમ ધર્મનાં કાર્યમાં ખર્ચ કે સમયનો હિસાબ રાખે નહિ એવી પ્રથા એ વખતે હશે. અને તેથી જ શિલ્પ કલાધરોએ તેના નિર્માણમાં જે નૈપુણ્ય તથા નવીન પ્રકારોની અજબ સૃષ્ટિ અદ્‌ભુત ધીરજ અને ઝીણવટથી આકારબદ્ધ કરી છે તે જગતના સર્વ પ્રવાસીઓને અને કલાકારોને વિસ્મયમુગ્ધ કરી દે છે.

આ મંદિરોની કલામાં ગુજરાતના શિલ્પીઓએ આઠમી સદીના ખજુરાહોના મંદિરો કરતાં જે વિશેષતા કરી છે તે તેના રંગમંડપની રચના છે. તે પહેલાંના રંગમંડપોની છત ચારેપાસની દીવાલો પર ટકાવવામાં આવતી અને તેની ઉપર નાનું મેરુ ઘાટનું શિખર થતું. મંડપને કદી કદી અંદરથી બે બાજુ જાળિયાં અથવા વિમાનઘાટના ગવાક્ષો કે ઝરખા મૂકવામાં આવતાં. પરંતુ ગુજરાતના શિલ્પીઓએ

આઠ થાંભલા પર ગોળાકારે લાંબી શિલાઓ ગોઠવી ઉપરથી અઠાંસ મારી ધીરે ધીરે નાનાં થતાં ગોળ વર્તુલોનો ઉપર મળી જતો ઘુમ્મટ રચ્યો. તેમાં ય જગતને અપાર આશ્ચર્ય કરાવતું નકશીદાર આરસનું ઝુમ્મર જેને મધુચ્છત્ર કહે છે તે ગુજરાતના શિલ્પીઓનું નાવીન્ય છે. મંદિરની રચનામાં દ્વારમંડપ, શૃંગારચોકી, નવચોકી, ગૂઢમંડપ, ગર્ભગૃહ, તોરણ શિખર, મંગળ ચૈત્ય વગેરે વિભાગોવાળો શિલ્પવિસ્તાર છે.

રંગમંડપના સ્તંભો પર વિવિધ વાદ્યો સહિત ઊભી રાખેલી અપ્સરાઓ, વિદ્યાધરીઓ, નર્તિકાઓ, સ્તંભો પર સંભોસરણ તથા ભીંતો અને છતો પર કોરેલાં ઋષભદેવના જીવનપ્રસંગો, નાગપ્રબંધ, અનેક શરીર છતાં એક મસ્તકવાળું માનવપ્રબંધ એ બધું શિલ્પકલાનો વ્યાપક સમાદર બતાવે છે.

જૈન સંપ્રદાયમાં જાણે એ કાળે એવી માન્યતા હશે કે મંદિરમાં કોઇ ઠેકાણે સપાટ પ્રદેશ ભીંત કે છતમાં ખાલી રખાય નહિ. એનાં દૃષ્ટાંત તરીકે દેરાણી–જેઠાણીનો ગોખ બતાવવામાં આવે છે. કિંવદન્તી પ્રમાણે કારીગરોને આગળ કામ કરી શકે માટે વધુ વધુ કોતરી ધૂળ લાવે તેની ભારોભાર રૂપું કે નાણું મળતું, એનું રહસ્ય એટલું જ કે કલા-કારીગીરી માટે દેવમંદિરમાં દ્રવ્યનો સંકોચ લેશભાર નહોતો થતો. સામાન્ય જનને તો એ દેવસૃષ્ટિમાં ગયાનો આનંદ થાય અને સંસ્કારીને કલાની સમાધિ લાગે એવાં એ કાર્યો નિઃશંક બન્યાં છે.

આબુની પ્રશસ્તિ તેના શિલ્પવૈભવ માટે થાય છે તો મારવાડના રાણકપુરના મંદિરમાં ૪૨૦ સ્તંભોની રચના, સુમેળ અને મંદિરનો સ્થાપત્ય પ્રભાવ ભારતનાં ગણનાપાત્ર સ્થાનોમાં પદ અપાવે છે. મંદિરને ઉન્નત સ્વરૂપ આપવાની યોજના, બે માળથી ભવ્યતા વધારવા મેઘનાદ મંડપ નામનો પ્રકાર ભારતીય સ્થાપત્ય રચનામાં સ્થપતિની બુદ્ધિનો યશોધ્વજ છે. અનેક સ્તંભો દ્વારા આગળના શિલ્પીઓએ રંગમંડપમાં ચારે દિશાઓનાં હવાપ્રકાશ ખેંચ્યાં તે જ પ્રમાણે મેઘનાદ મંડપે ઉપરના માળના સ્તંભોમાંથી હવાપ્રકાશ સાથે મંડપની ઊંચાઈ વધારી આપી.

પવિત્ર, સ્વચ્છ અને જનસંપર્કથી અલગ શાંત વાતાવરણ મેળવવા માટે ગિરિનિવાસનું માહાત્મ્ય ભારતમાં પુરાણપરિચિત છે. પણ તેનો શ્રેષ્ઠપણે ઉપયોગ કરવામાં જૈન સંપ્રદાયે શત્રુંજયનાં શિખર ઉપર મંદિરોની જ નગરી કરીને અવધિ કરી બતાવી છે.

સૌરાષ્ટ્રમાં પાલીતાણા આગળ ભાગ્યે જ ૧૦૦૦ ફૂટ ઊંચી ટેકરી ઉપર માનવીની સાધનાએ જે અજબ દૃશ્ય રચ્યું છે તેનો જોટો અન્ય નથી. પુણ્યપ્રાપ્તિ માટે મંદિર બંધાવવા જેવું કોઈ કાર્ય નથી એવી દૃઢ આસ્થા જૈનોમાં હોવાથી લગભગ ૧૦ માંનાં ૯ મંદિરો કોઈ એક જ ગૃહસ્થના દાનથી બન્યાં છે. સ્વાભાવિક રીતે દાનકર્તા પોતાનું નામ અમર રહે માટે મંદિરના શોભા–શણગાર–નકશી પાછળ થાય એટલું ખર્ચ કરે છે. આ મંદિરોનો ખરેખરો રચનાકાળ નિશ્ચિત નથી. કોઈ તો જરૂર ૧૧માં સૈકાનું હશે પરંતુ ૧૪મા–૧૫ મા સૈકામાં વિદેશી હુમલાઓથી ખંડિત થયેલાં તેનો જીર્ણોદ્ધાર કરતાં પહેલાંના જેવી શુદ્ધિ રહી નથી. ઘણે ઠેકાણે મરામતને કારણે પ્લાસ્ટરના લેપડા નીચે ઘણું અદૃશ્ય થયું છે. પણ આ મંદિરમાં ૧૪ થી ૧૮ માં સૈકા સુધીના અનેક પ્રકારના સ્થાપત્ય નિર્માણના નમૂના મળી આવે છે.

પાછળના કાળમાં પ્રતિમાઓ અને ચિત્રોનું રૂપકામ તથા નકશીના ઉઠાવ નબળાં જણાય છે. પણ તેમાં પરંપરા વિશુદ્ધ રહી છે, એટલે પુનરુદ્ધારના અભ્યાસી માટે ત્યાં ઘણું સાધન છે. જો કોઈ સંશોધક મંડળ તેના નકશા, નોંધ અને પુરાણકથા સંપૂર્ણ રીતે ચિત્રો સાથે તૈયાર કરી શકે તો સ્થાપત્યનું એક અનેરું પુસ્તક થાય.

ગિરનાર અને તારંગાનાં મંદિરોની ભૂતળરચના વિચક્ષણ છતાં બુદ્ધિયુક્ત રચનાઓ છે. ઉપરના સમુદ્ધાર કાર્યમાં અજ્ઞાન શિલ્પીઓએ તેમના પૂર્વજોની કીર્તિ પર અસ્તર માર્યાં છે. બનાસકાંઠામાં અને કચ્છમાં જે જિનમંદિરો છે તેનું અસલ સ્વરૂપ તો ક્યાંય રહ્યું, પણ જીર્ણોદ્ધારને નામે આરસ અને ટાઇલ્સની વખારો અથવા કાચના ઠેરા બની ગયા છે. મુંદ્રા આગળનું ભદ્રેશ્વરનું પ્રાચીન પ્રસિદ્ધ મંદિર જગડુશાહે બંધાવેલું તેની સર્વ ભીંતો ચૂનાના અસ્તરથી સન્યાસીના મુંડાની જેમ વીતરાગ બની ગઇ છે, અને દ્વારની કમાનો પર રમકડાં જેવી મડમો અને અંગ્રેજી પૂતળાંના બેહૂદા ઢગલા છે, આ આરોપની સામે ધન્યાસ્પદ અપવાદ રૂપે રાણકપુર અને આબુનું જીર્ણોદ્ધાર કામ ગણી શકાય. એનું ઉદાહરણ સર્વત્ર સ્વીકાર પામે તો જ આગલાં પાપોનું પ્રાયશ્ચિત્ત થાય.

મંદિરોના દાનવીરો અને શિલ્પીઓ જ્યાં સુધી સંસ્કાર અને વિદ્યાના ઉપાસકો હતા ત્યાં સુધી જૈન સંપ્રદાયે કરાવેલાં મંદિરો, પ્રતિમા અને અલંકારો અને અન્ય પદાર્થો જેવા કે દીપસ્તંભો, ધાતુ-પ્રતિમાઓ, દીવીઓ વગેરેમાં એક રમ્ય ઝલક સચવાતી રહી હતી પણ ૧૯ મી સદી પછી બ્રિટિશ વર્ચસ્વ વધતાં એ સંસ્કારો લુપ્ત થયા અને આજે ઉપર કહ્યા તેવા હાલ ઘણે ઠેકાણે થયા છે.

મરામત અને રંગકામ પાછળ તમામ મંદિરોનો ખર્ચ કુલ વર્ષે એંશી–પંચાશી લાખ રૂપિયા થવા જાય છે એમ એક સંભાવિત વ્યક્તિએ કહ્યું હતું. તેમ હોય તો જૈન કોમ આ કાર્ય માટે પૂર્ણ અભ્યાસી શાસ્ત્રજ્ઞ કુશળ કલાકાર ને નિરીક્ષકો નીમીને ફરી પૂજ્ય સ્થાનોની પ્રતિષ્ઠાનું રક્ષણ કરી શકે છે.

રંગ અને ચિત્રની હકીકત પર આવતાં મંદિરોમાં થતું ચિત્રકામ અને રંગકામ આજકાલના સુસંસ્કારી જનની રુચિને સંતોષે એવું થતું નથી. કારણ કે તેમાં કોઈ પ્રકારે જૈન કલાની પ્રાચીન શિષ્ટતા કે પરિ-પાટીનો સંભાસ કે અસર નથી. આધુનિક બજારુ રમકડાં જેવા રંગરાગ અને ભેંકારાં સંગીતમાંથી કોમની પ્રજાને કયા સંસ્કાર અને સદ્‌ગુણોની પ્રાપ્તિ થશે એ માનસશાસ્ત્રનો પ્રશ્ન બને છે. પણ ગુજરાતને ગૌરવ લેવા જેવી હકીકત એ છે કે ભારતવર્ષમાં અજંતા પછી ૧૧ મી સદીથી અપભ્રંશ થયેલી કલાનું એક મોટું આશ્રયસ્થાન ગુજરાત અને મારવાડ હતું. મોટે ભાગે ૧૩ મીથી ૧૬મી સદીના કલ્પસૂત્રો અને કાલક કથાનાં હસ્તગ્રંથોમાં જ એ કલાનાં અવશેષો રક્ષાયેલાં મળ્યાં હતાં, અને તેથી જ વિદ્વાનો ભારતીય કલાના ઇતિહાસની ખૂટતી કડીઓ મેળવી શકયા છે. સને ૧૯૧૦ માં આરંભાયેલ સંશોધન પ્રવૃત્તિમાંથી આજે એ ફલિત થયું છે કે એ કલા રાજસ્થાન, નેપાળ, બંગાળ અને દક્ષિણ સુધી વિસ્તરી હતી પણ મોટું સરોવર સુકાઈ જતાં છેવટનું જળ જેમ એક મોટા ખાડામાં સચવાઈ રહે તેમ ગુજ-રાતના ધનાઢય જૈન સમાજે એ કલાને ગ્રંથભંડારોમાં સાચવી રાખી હતી અને ધર્મ સબંધથી પ્લુત એ પ્રકારની પરંપરા અને રૂઢિનું રક્ષણ કર્યું હતું. અને હવે તે નવા યુગના કલાકારોના તેમ જ વિદ્વાનોના અભ્યાસમાં એક અગત્યનું પ્રકરણ બની ચૂકી છે.

એના પ્રચાર અને પરિશીલન માટે સુંદર પ્રકાશનો કરવાનો યશ અમદાવાદના એક તરુણ ગૃહસ્થ શ્રી સારાભાઈ નવાબને આપીશું.

ગ્રંથસ્થ કલાના નમૂના ઉપરાંત એમણે આઠમી સદીની જિન ધાતુ પ્રતિમાઓનું સંશોધન અને સંગ્રહ કરી દક્ષિણ ભારતની ધાતુ પ્રતિમાઓની બરોબરી કરે એવો એક કલાપ્રદેશ પ્રકાશમાં આણ્યો છે.

કાષ્ઠ શિલ્પના ઉત્તમોત્તમ નમૂના પાટણનાં ગૃહમંદિરો કે ઘરદહેરાસરો છે. આ અપૂર્વ ભારતીય શિલ્પીકૃતિઓની નિકાસ કે વેપાર પર અટ-કાયત મુકાવી જોઇએ મંદિરોના નાના નમૂનાઓ ઉપરાંત કાષ્ઠ શિલ્પી-ઓએ જૂના મંદિરોની છતોમાં કાષ્ઠ પૂતળીઓ, નકશીઓ પ્રસંગો અને નકશીદાર સ્તંભો કોતર્યા છે. એ આરસના તક્ષણની પૂરી સ્પર્ધા કરે છે.

પાટણ અને અમદાવાદમાંથી અનેક કલાશિલ્પની અપ્રાપ્ય વસ્તુઓ પરદેશના સંગ્રહાલયોમાં પહોંચી ગઇ છે. એ માટે હવે સૌ જૈન કલા-પ્રેમીઓને ખેદ થવો જોઇએ અને હવે પછીથી એવી વસ્તુઓ મેળવવા ઉદાર દાનકુંડમાંથી તેની ખરીદી કરી સંગ્રહ રચવો જોઇએ, જેથી પ્રજા જૈનકલા માટે સુયોગ્ય રીતે ગૌરવ લઈ શકે. ઉપરાંત કુશળ અને કલાવિદ્ વિદ્વાનો પાસે એ વસ્તુઓની પરીક્ષા, કદર અને નોંધ કરાવી ઉત્તમ ચિત્રો સાથે તેના ગ્રંથો પ્રજા સમક્ષ મૂકવાથી જૈનકલાની સંપૂર્તિમાં યશકલગી ઉમેરાશે.

સમાપ્ત **રવિશંકર મ. રાવળ**

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મરજીદ બંદર રોડ, મુંબઈ ૯. ટે. નં. ૩૪૬૨૯

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

પ્ર. જૈનવર્ષ ૧૪–પ્ર. જીવનવર્ષ ૪
અંક ૧૪

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, નવેંબર ૧૫, ૧૯૫૬, ગુરૂવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : ત્રણ આના

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

ગંગોત્તરી

(મારા મિત્રો શ્રી રસિકલાલ ઝવેરી અને શ્રી હર્ષદલાલ શોધન ગયા મે માસમાં હિમાલયમાં આવેલા ગંગોત્તરી તીર્થની યાત્રાએ ગયેલા. તે યાત્રાનું શ્રી હર્ષદભાઇએ પ્રબુધ્ધ જીવનમાં પ્રગટ કરવા માટે એક સવિસ્તર વર્ણન લખી મોકલ્યું છે. આ વર્ણનના અનુસંધાનમાં કાકાસાહેબ કાલેલકર પૂર્વ ભૂમિકા જેવું કાંઇક લખી આપે એમ હું ઇચ્છતો હતો અને તે મુજબ તેમને લખવા હું વિચાર કરતો હતો એવામાં સપ્ટેંબર માસના મંગળ પ્રભાતમાં 'ગંગોત્તરી' એ શિર્ષક નીચે પ્રગટ થયેલો તેમનો લેખ મારા વાંચવામાં આવ્યો. અને જોઇતી પૂર્વ ભૂમિકા મળી ગઈ એથી મને આનંદ થયો. એ મૂળ હિંદી લેખનો શ્રી શાન્તિલાલ નંદુએ કરેલો અનુવાદ નીચે પ્રગટ કરવામાં આવે છે. હવે પછીના અંકોમાં ચાર હરકતોથી શ્રી હર્ષદલાઇનો ગંગોત્તરી ઉપરનો લેખ અનુક્રમે પ્રગટ કરવામાં આવશે. પરમાનંદ)

પૂર્વ ભૂમિકા

આમ તો પ્રત્યેક દેશના લોકો પહાડમાં રખડવાનું, શિખરોનાં દર્શન કરવાનું અને શિખરો ઉપર પહોંચીને ત્યાંથી આજુબાજુનો દૂર–સુદૂરનો ભૂમિવિસ્તાર જોવાનું પસંદ કરે જ છે અને આવા પર્વતાનંદ પ્રાપ્તિ માટે દરેક પ્રકારનાં કષ્ટ સહન કરે છે તેમ જ જીવનું જોખમ પણ ઉઠાવે છે.

અન્ય દેશોમાં કદાચ લોકો નદીનો ઉદ્‌ગમ શોધવાને માટે ઓછું જતા હશે; પરંતુ નદીના પૃષ્ઠ ભાગપર નૌકાવિહાર કરવાની ઇચ્છા તો બધાને થતી હોય છે. લાખો વરસોથી સ્થિર રૂપમાં રહેલા પહાડ અને લાખો વરસોથી અખંડ વહેતી નદીઓ માનવ માટે હમેશાં આકર્ષણના વિષયો રહ્યા છે.

પરંતુ ભારતવાસીઓનું હિમાલય પ્રત્યેનું આકર્ષણ અને તેમની નદી–ભક્તિ બીજા લોકોથી ન્યારી જ છે. ગંગાનદી ભારતીય સંસ્કૃતિની માતા છે અને હિમાલયનાં શિખરો અને ગુફાઓ તો ભારતની આત્મ–સાધનાનું પિયર છે.

ભારતની શ્રદ્ધા કહે છેઃ "શાલિગ્રામ એ કોઈ પત્થર નથી; જનોઇ એ કોઈ સૂતરનો દોરો નથી, હિમાલય પર્વત એ કાંઇ પત્થરોનો ઢગરાશિ યા ભંડાર નથી અને ગંગાનદી એ કોઈ પાણીનો સ્રોત નથી. હિમાલય તો અધ્યાત્મનું ઘર છે અને ગંગાનદી ભારતની પુણ્ય તપસ્યાની પરંપરા છે."

ભારતને હિમાલયથી કાંઇ ઓછો પાર્થિવ લાભ થયો નથી. ઉત્તર તરફના શીતવાયુનું આક્રમણ અને ઉત્તરની આક્રમણખોર પ્રજાઓનો હલ્લો–આ બંન્નેથી ભારતને બચાવવાનું કાર્ય હિમાલયે કર્યું છે, વાર્ષિક વર્ષાધારાથી ભારતની ખેતીને જેવી રીતે લાભ થાય છે તેવી જ રીતે હિમાલયનો બરફ પિગળવાથી ઉત્તરની નદીઓમાં ગ્રીષ્મ ઋતુમાં જે ભરતી આવે છે તેનાથી પ્રત્યેક વર્ષે પણ લાભ થાય છે. હિમાલયનાં વૃક્ષ, વનસ્પતિઓ ભારતની અક્ષય, ઉદ્‌ભિજ સંપત્તિ છે. હિમાલયની ખનિજ સંપત્તિનો તો અદ્યાપિ પર્યંત પૂરો તાગ પણ મળ્યો નથી. હિમાલયની નાની મોટી નદીઓ અને તે નદીઓના નાના મોટા પ્રપાતો દ્વારા જે વિજળી પેદા (ઉત્પન્ન) થશે તેનાથી તો ભારતની સમૃદ્ધિ સો ગણી વધી જશે. (વૃદ્ધિ પામશે). હિમાલયની ખીણોમાં આજે જેટલાં અમૃતફળ પાકે છે તેનાથી અનેક ગણાં ફળ આપવાની શક્તિ હિમાલયમાં છે. હિમાલયનાં કસ્તૂરી–મૃગ અને ચમરી–મૃગ આપણે ભૂલી નહિ શકીએ. પરંતુ હિમાલયની અસલ સંપત્તિ તો ત્યાંનાં ઘેટાં–બકરાંઓનું ઉન જ છે. સાચે જ; ભારતવાસીઓ માટે, હિમાલય પ્રત્યેક પ્રકારની સમૃદ્ધિનો અક્ષય ભંડાર છે–જે ભંડારનો પત્તો અદ્યાપિ પર્યંત ધનપતિ કુબેરને પણ મળ્યો નથી.

માનવ–જાતિ માટે એ ગૌરવની વાત છે કે હિમાલયની ઊંચાઈ, તેના દુર્ગમ પહાડો અને બરફનાં ચઢાણો, આ તરફનાં અને પેલી ગમનાં માનવોને હિમાલયનું ઉલ્લંઘન કરવામાં (હિમાલય પર ચઢવામાં) અટકાવી શકયાં નહિ. પ્રાચીન સમયથી માત્ર સાધુ અને વૈરાગી જ નહિ, પરંતુ વ્યાપારી અને કારીગરો પણ આ બાજુથી પેલી બાજુ અને પેલી તરફથી આ તરફ આવાગમન કરતા રહ્યા છે અને જ્યાં ઉદ્યમી વાણિજ્ય–વીરો અને સાર્થવાહ પહોંચે ત્યાં કોઇને કોઈ દિવસ રાજાઓનાં લશ્કરો પહોંચવાનાંજ. હિમાલયમાં જ્યાં આપણાં તીર્થસ્થાનો છે તે સર્વે વ્યાપારના માર્ગો છે અને લશ્કરી દૃષ્ટિથી પણ મહત્વનાં સ્થાનો છે. ચાહે ગંગોત્તરી હો, ચાહે બદ્રીનારાયણ, ચાહે અમરનાથ હો, ચાહે ખોજરનાથ,–આ સ્થાનોનું લશ્કરી મહત્વ છે જ.

પ્રાચીન સમયના રાજાઓ ત્યાં મોટાં–મોટાં લશ્કરો કેવી રીતે રાખી શકે ? આ દુર્ગમ પ્રદેશોમાં વ્યાપારની રાજકીય આમદાની એટલી તો કોઈ દિવસ નહોતી જ કે જેના આધારે ત્યાં મોટાં લશ્કરો રાખી શકાય અને નિભાવી શકાય. છતાં આ સ્થાનોની રક્ષા કરવાનું દેશને માટે અપરિહાર્ય હતું.

જે વાતો રાજાઓ માટે દુઃસાધ્ય હતી, તે વાતોને ધર્મ ભાવનાએ સિદ્ધ કરી બતાવી. લોક–હિતચિંતક સત્પુરુષોએ ધર્મની ઉપાસના કરતાં કરતાં અહીં આવીને રહેવાનું પસંદ કર્યું. તેમની લોકોત્તર સંકલ્પ–શક્તિ, અતિમાનુષી તિતિક્ષા અને દીર્ઘકાળની તપસ્યા જોઇને ધર્મપરાયણ સમાજ તેમનાં દર્શનાર્થે અને તેમનાં યોગક્ષેમ ચલાવવા માટે આ દુર્ગમ સ્થાનોની યાત્રા કરવા લાગ્યો. માહાત્મ્ય લખાતાં ગયાં, પુણ્ય પર્વના દિવસો મુકરર થઇ ગયા અને દાન આપનારાઓએ યાત્રા પથમાં અત્યાવશ્યક સગવડો ઉપસ્થિત કરી દીધી. વ્યાપારી નિર્ભય થયા. લોકોને સૌંદર્યોપાસના સાથે તપશ્ચર્યાની દીક્ષા મળવા લાગી અને રામેશ્વરથી હિમાલય સુધી ફેલાયેલા ધર્મનિષ્ઠ લોકોની સંસ્કૃતિનો પ્રચાર થવા લાગ્યો.

"स्थावराणां हिमालयः"—આ શબ્દોમાં જેની વિભૂતિનું ગૌરવ કરવામાં આવે છે એવા હિમાલયમાં 'संतमां अस्मि जाह्नवी' વાણી ભાગીરથીનો જ્યાં ઉદ્‌ગમ છે તે એક નિતાંત રમણીય અને પરમ–પવિત્ર સ્થાન છે, જેને લોકો ગંગોત્તરી કહે છે. તેનું સ્મરણ કરીને મારી જાતને પાવન કરવાનું અને વાંચકોને આકર્ષવાનું આજે વિચાર્યું છે.

આપણા ધાર્મિકોએ હિમાલયના પાંચ ખંડ માન્યા છે–કાશ્મીર, જાલન્ધર, ઉત્તરાખંડ, કૂર્માચલ અને નેપાલ. આ પાંચ ખંડોમાંથી વચ્ચેનો ઉત્તરાખંડ સૌથી વધારે પવિત્ર માનવામાં આવે છે. ગંગોત્તરી જમ્નોત્તરી, કેદાર અને બદરી–આ પરમપુણ્ય ધામોને કારણે ઉત્તરાખંડ સાધુઓનું ભક્તિ–ભાજન બન્યું છે. આ ચારે ધામોની પોત–પોતાની વિશિષ્ટતા છે. બદરી જે વિશાળ પુરાણ પ્રસિદ્ધ અને લોકપ્રિય છે તો જમ્નોત્તરી, તિતીક્ષા અને તપસ્યાની આકરામાં આકરી કસોટી કરીને મનુષ્યને ધન્યતા અર્પણ કરે છે. કેદારનાથ વૈરાગ્યનું ધામ છે તો ગંગોત્તરી પરમ–પાવન પ્રદેશ છે. અહીં સાત્વિકતાની પરમ સીમા પામી શકાય છે. 'गंगा गंगेतियो ब्रूयात् योजनानाम् शतैरपि. मुच्यते सर्व पापेभ्यः' —સેંકડો માઇલોના અંતર પર રહેતો ભક્ત અગર ગંગાનું નામ માત્ર લે તો તેનાં સઘળાં પાપ નષ્ટ થઈ જાય છે. ગંગાજીનાં દર્શન થતાં જ ભક્ત કહે છેઃ–'गांगं वारि मनोहारि पापहारि पुनातु माम्'. ભક્તને વિશ્વાસ–શ્રદ્ધા છેઃ "दर्शनात् स्पर्शनात् पानात् तथा गंगेति कीर्तनात्! स्मरणात् एव गंगायाः, सद्यः पापात् प्रमुच्यते". અને જરાગ્રસ્ત

શ્રદ્ધાળુ વ્યક્તિ એમ કહીને ત્રિવિધ શાંતિની પ્રાપ્તિ કરે છે કે: 'औषधं जाह्नवीतोयं वैद्यो नारायणो हरिः'।

પુરાણોનો નવો અર્થ બેસાડતાં જણાય છે કે જ્યારે મહાસમુદ્રમાંથી ભારતની ભૂમિ ઉપર આવી ત્યારે આજના બંગાળના દક્ષિણમાં જે સુંદરવન છે તેને વસાવવાના સાગર-રાજાઓએ પ્રયત્ન કર્યા, પરંતુ પાણીના અભાવે તેમને સફળતા પ્રાપ્ત ન થઈ. તેમના સંકલ્પની રાખ થઈ ગઈ.

આથી તેમના વંશજોએ હિમાલયમાં જઈને પેઢી-દર-પેઢી ત્યાંના પહાડોની મોજણી કરીને એક મોટા પ્રવાહને તેઓ લઈ આવ્યા અને તેને દક્ષિણ-પશ્ચિમના માર્ગમાંથી ખેંચીને ઉત્તર પ્રદેશ પ્રાંત, બિહાર અને બંગાળામાંથી થઈને સુંદરવનપર્યંત લઇ ગયા. અંશુમાન, દિલીપ અને ભગીરથ ઇત્યાદિ રાજાઓએ આ કઠિન કાર્ય કર્યું અને ઉત્તર પ્રદેશ, બિહાર અને બંગાળાને દક્ષિણના સમતળ પ્રદેશ સુધી ફળદ્રુપ બનાવી દીધા. ગંગાનદી પ્રાકૃતિક પ્રવાહ નથી. આર્યોના પુરુષાર્થને કારણે જ તે ભારતવર્ષમાં વહન કરે છે. તેથી જ તેને ભાગિરથી અને જાહ્નવી કહેવામાં આવે છે.

ભાગિરથીનો જ્યાં ઉગમ થાય છે તેને ગૌમુખ કહે છે. બહુ જ ઓછા યાત્રિકો ત્યાં સુધી જાય છે. ત્યાંથી બદ્રીનારાયણ નજદીકમાં છે. હિંમતવાન તપસ્વી ગૌમુખથી સીધા બદ્રીનાથ ચાલ્યા જાય છે. સામાન્ય લોકોને સગવડભર્યા માર્ગે જતાં કેટલાયે દિવસો લાગી જાય છે.

ભક્તોએ ગંગાના સાચા મૂળ ઉગમની નીચે આઠ-દશ માઇલ પર એક સુંદર જગ્યા પસંદ કરીને ત્યાં ગંગાજીનું મંદિર સ્થાપ્યું અને તેને નામ આપ્યું ગંગોત્તરી. ભક્તોને ગંગાજીનું અમિશ્ર પાણી જ પસંદ હોય છે. ગૌમુખથી ગંગોત્તરીપર્યંત ગંગાજીનો એક જ પ્રવાહ છે. ગંગોત્તરીની નીચે અન્ય અન્ય પ્રવાહો વહીને તેને મળે છે.

જે લોકો હિમાલય-યાત્રા નથી કરી શકતા તેઓ હરિદ્વારથી ગંગાજીનું જળ ભરી લે છે. જેમને એટલી પણ શ્રદ્ધા નથી તેઓ અલાહાબાદ-પ્રયાગની પાસે જમનાજીના સંગમની પહેલાંનું ગંગાજીનું જળ લઈ શકે છે. પ્રયાગના સંગમ પશ્ચાતપણ ગંગાજીનું જળ પવિત્ર જ હોય છે; કિંતુ તે જળને કોઈ કોટામાં ભરીને લઈ નથી જતું. મૃત્યુ પહેલાં જે ગંગાજળનાં બુંદો ગળા સુધી પહોંચવાની ભક્તોના દિલમાં ઝંખના રહે છે તે તો પ્રયાગના સંગમના પહેલાની ગંગા છે.

જ્યારે યાત્રાની કઠણાઈઓ હતી ત્યારે યાત્રાનું પુણ્ય પણ ઘણું હતું. મારા જમાનામાં હિમાલયની પગપાળા યાત્રા હરિદ્વાર-ભીમગોડાથી શરૂ થતી હતી. આજે તો મોટર-બસ જેવા આધુનિક તૈલવાહનો ધરાસુપર્યંત જાય છે અને મોટર-જીપ તો ઉત્તર કાશીપર્યંત જાય છે. ત્યાંથી ગંગોત્તરીનો પગપાળો રસ્તો પંદર માઇલનો છે. તીર્થ-તપસ્વી કહેશેઃ "ગંગાના અઢીહજાર યા સેંકડો માઇલમાં વિસ્તરેલા પ્રવાહમાં હવે સત્યયુગ તો આ છપ્પન માઇલોમાં જ રહ્યો છે. તેમની ભાષામાં બાકીનું તો "બધું બબ્બર થઈ ગયું છે, બબ્બર!" નદીનો સુંદર પ્રવાહ, પત્થરોપરથી ટકરાતા પાણીનો કલરવ, આસપાસના ઊંચા ઊંચા અને પ્રચંડ દેવદાર વૃક્ષોનાં શંકુઓ અને પર્વતના શિખર ઉપરની સનાતન બરફની ધવલિમા-આજ છે ગંગોત્તરીની સર્વ શોભા, અને આવા ઉન્નત વાતાવરણમાં દેહદમન કરતા સાધુઓનું આત્મ-ચિંતન તો જાણે આ સર્વે આકર્ષણોનો નિચોડ છે.

જે રીતે દક્ષિણમાં નીલગિરિની વચ્ચે ઉટાકામંડમાં (ઉદધિમંડલમાં) યૂકેલિપ્ટસ (તમાલ) વૃક્ષોની સુગંધથી આખુયે વાયુમંડળ અખંડ ભરાઈ રહેતું હોય છે તે રીતે ગંગોત્તરીમાં આધ્યાત્મિક વાયુમંડળ આત્મચિંતનથી છલોછલ ભરાયેલું રહેતું જોવામાં આવે છે. જે લોકો કહે છે કે આત્મા જેવી કોઈ ચીજ જ નથી તેઓ ગંગોત્તરી જઈને ત્યાં રહે; અને કોઈ પણ તર્ક વગર તેમને અનુભવ થશે કે આ દુનિયામાં, આ વિશ્વમાં, આ અનંત કોટિ બ્રહ્માંડમાં અગર જો કોઈ સનાતન તત્વ હોય તો તે અંતરતર આત્મા જ છે. ગંગોત્તરીની ભવ્યતા તે અનુભવનું કેવળ બાહ્યરૂપ છે. તેનું આંતરિક સાચું રૂપ તો "हृदि संस्फुरद् आत्मतत्व" જ છે. કેવળ મનુષ્યના હૃદયમાં જ નહિ, આખલ વિશ્વના હૃદયમાં તે આત્મતત્વનો પ્રણવનાદ ગુંજી રહેતો હોય છે!

મૂળ હિંદી: **કાકાસાહેબ કાલેલકર**
અનુવાદક: **શાંતિલાલ નંદુ**

શોષણમુક્તિના મૂળભૂત ઈલાજો

(ગત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં અપાયેલા વ્યાખ્યાનની શ્રી. અપ્પાસાહેબ પટવર્ધને તૈયાર કરી આપેલી સંક્ષિપ્ત નોંધ)

માનવ સમાજમાં જે શોષિત છે તે તો શોષણમુક્તિ ચાહે જ છે, પણ જે પાપભીરુ છે તેને પણ ચિંતા હોય છે કે પોતે કોઇનું શોષણ ન કરે. સમાજમાં શોષણ થાય છે તેનાં કારણોનું નિરાકરણ એ જ શોષણમુક્તિનો સાચો ઈલાજ છે. માટે શોષણ કેમ ઉદ્ભવે છે તે જ આપણે તપાસીએ.

શોષણનું સર્વપ્રથમ સાધન છે-જમીનની માલિકી. ભૂમિ પણ હવા ને પાણીની જેમ ઈશ્વરે સરજી છે. પહેલા માણસ શિકાર, કંદમૂળો તથા વનફળો પર ગુજરાન કરતો. આગળ જતાં તે ગોપાલવૃત્તિથી-ઘેટાં, ઢોર વિગેરે ચરાનીને-રહેવા લાગ્યો. ઘેટાં ને ઢોર એને બધી રીતે આધીન હતા. એ એમનો મનગમતો ઉપયોગ કરી શકતો હતો. તે વખતે "ગોત્રો" એટલે કે કુટુમ્બ-નિર્માણ થયાં, પણ સ્થાયી મકાનો કે ગામડાં નહોતા વસ્યાં. આખરે માણસે ખેતીની શોધ કરી ત્યારે તે એક જગ્યાએ રહેવા લાગ્યો, અને તેને જમીન કબજે કરવાનું સૂઝયું. આમાં પહેલ કરનારાઓએ આસપાસની સારો પાક થાય તેવી વિશાળ ભૂમિ પર કબજો મેળવ્યો. પાછળથી જેઓ ખેતી તરફ વળ્યા તેમને ગણોતિયા કે મજૂર થવું પડ્યું. કેકલાકે પહેલાના કબજેદારોને નજરાણું આપીને જમીન "ખરીદી," તો કેટલાકે તેમને પૈસા ધીરીને અને વ્યાજ ચઢાવીને કરજના બદલામાં જમીન જપ્ત કરીને મેળવી. પણ જમીનની માલિકીના મૂળમાં તો જબરદસ્તી જ હતી. બળવાન હતો તેણે વિશાળ ભૂમિ પર કબજો મેળવ્યો અને પછી તેના "પ્લોટ્સ" પાડીને બીજાને ગણોતે આપ્યા. તે ગણોત ઉઘરાવીને વગરશ્રમે સુખચેનથી રહેવા લાગ્યો. રાજ્યસત્તા પણ જમીનમાલિકોના હાથમાં જ રહેતી. એટલે જબરદસ્તીથી મેળવાયેલી જમીન પરનો કબજો કાયદેસર ઠરાવવામાં આવ્યો. તે પ્રમાણે કાનૂન ઘડાયા.

જમીન ભલે ઈશ્વરની ગણીએ, પણ ખેતર ખેડૂતનું કે બગીચો માળીનો એ તો આપણે માન્ય કરવું જ જોઇએ. જેમ માટી ઈશ્વરની, પણ માટલું કુંભારનું. કુંભાર માટલું ઘડવાની મજૂરી લે એમાં કાંઈ ખોટું નથી તેમ જે ખેડૂતે કે માળીએ કુદરતી ખરબચડી વેરાન જમીનમાંથી ખેતર કે બગીચો પરસેવો પાડીને બનાવ્યો તે પોતાના ખેતર કે બગીચાની "કિંમત" બીજા પાસેથી લે તો તેમાં કશું ખોટું નથી. પણ તે કિંમત માત્ર તેના સુધારાની જ હોય, મૂળભૂત જમીનની નહીં. માટલાની કિંમત થાય પણ માટીની નહીં. પણ હમણાં મુંબઈ જેવા શહેરોમાં તો ચોરસ ફૂટ જમીનના પણ ચાલીસ ચાલીસ રૂપિયા લેવાય છે. આ મહેનતનું મહેનતાણું નથી, પણ માત્ર મૉનોપોલીની-ઈજારાની-જ કિંમત છે.

તેથી સંત વિનોબાનું ભૂદાનયજ્ઞ-આંદોલન જમીન-માલિકીનું નિરાકરણ કરવા ઇચ્છે છે. તે જમીનની ન્યાયપૂર્વક હેરફેણી કરવા ઇચ્છે છે. તે હેરફેણીમાં મળેલી જમીનનો વહિવટ, તે હેરફેણી અમલમાં રહે ત્યાં સુધી, દરેક જણ કરી શકે છે. પણ તે જમીનનો આખુદ માલિક કોઈ નહીં રહે.

માલિકી કે સ્વામિત્વ એ અનર્થકારી વસ્તુ છે. જમીનના પાકમાં બે હિસ્સાઓ હોય છેઃ એક સૃષ્ટિની પાયાની સંપત્તિ અથવા દેણ અને બીજો માનવી શ્રમ. જે શ્રમ કરે તેને જ તે સૃષ્ટિની દેણ પણ મળે એ ન્યાય્ય છે, પણ જમીનમાલિકીને લીધે તે દેણ માલિકને વગરશ્રમે મળે છે અને ગણોતિયાના શ્રમનો હિસ્સો પણ ઓછામાં ઓછો અંકાય છે.

શોષણનું બીજું જબરદસ્ત સાધન છે, વ્યાજ. વ્યાજ એટલે તો વગર કમાએલું ધન. હરામનું ધન કોઈ પણ હોય તો તે વ્યાજ છે.

જે જેટલું કમાય અને તેમાંથી તે જેટલું બચાવે તેની ઉપર તેને અબાધિત અધિકાર ભલે રહે. હું દસ મણ જુવાર પકાવું, અને

તે બધી ખાઈ જવા કરતાં તેમાંથી બે મણ બચાવી રાખું તો તે મારા ઉપયોગ માટે સુરક્ષિત રહે એમાં કશું ખોટું નથી. અને ખોટું હોય તો તે અતિસૂક્ષ્મ ખોટું છે. એના ઉંડાણમાં ઉતરવાની અત્યારે જરૂર નથી. પણ અત્યારે તો તમે જે બે મણ જુવાર બચાવી તેમાંથી એક મણ જુવાર તમે મને ખીચારણ માટે આપી. તેથી હું જે જુવાર આવતી સાલ જાતમહેનતે પકાવીશ તેમાંથી મારે તમને એક નહિ પણ દોઢ મણ જુવાર આપવી પડે એમાં અન્યાય છે. હું તમારૂં ઉછીનું પાછું આપવા બંધાયેલો છું, પણ મણનું દોઢ મણ કેમ અપાય? ખરેખર તો મણનું પોણો મણ જ પાછું અપાય, કારણ કે તમે તે પોતાની કોઠીમાં સંધરી રાખત તો ઉંદર કે જીવડાં તેમાંથી કંઇક ખાઈ જતે કે એ સડી જાત. તમારી પાસેથી મેં જુનું અનાજ ઉછીનું લીધું અને વર્ષ પછી તાજું અનાજ પાછું આપ્યું તો મણનું પોણો મણ કે કાંઈક તો ઓછું આપું એ જ વ્યાજબી લેખાય. પણ હું ભૂખે પીડાતો હતો અને તમે ધનાઢય હતા, હું દૂબળો હતો અને તમે બળવાન હતા, તેથી તમે મારી અડચણનો ફાયદો લો ને મારે તેને વશ થવું પડે એ ખુલ્લો અન્યાય છે. મૂડી પર વ્યાજ એ ન્યાય નથી. મૂડીમાં વર્ષે વર્ષે કંઇક ઓછું થતું જાય એમાં જ ખરો ન્યાય રહેલો છે.

શાહુકારી, લોભને લીધે નહીં પણ પરોપકારની વૃત્તિને પરિણામે જ ચાલવી જોઇએ. સુપાત્રને જ રકમ ધીરાય. જે આપત્તિથી ઘેરાયેલો છે તેને રકમ ધીરાય. અથવા તો જે કાંઈ નવનિર્માણ કરવા માગે છે તેને રકમ મળે. પણ જેને દારૂ પીવા, જુગાર રમવા કે ઉડાવવા માટે જ રકમ જોઇએ છે તેને વ્યાજના લોભથી જે શાહુકાર રકમ ધીરે છે તે તેના પર ઉપકાર નહીં પણ અપકાર જ કરે છે. તેને ના પાડવામાં જ તેનું હિત છે.

શોષણનું ત્રીજું મોટું સાધન છે નાણાં ને નોટો. નોટો એટલે તો ખોટું ધન જ કહેવાય. શાહુકારની શાખ સારા સમાજમાં જામી ગયેલી હોવાથી તેને રોકડા પૈસા પણ ધીરવા પડતા નથી. તે જરૂરિયાતવાળાને સો રૂપિયા રોકડા આપવાને બદલે સો રૂપિયાનું ભલા-પણપત્ર આપે છે કે "આ ચિઠ્ઠી લાવનારને કોઈ પણ તેને જોઇતો સો રૂપિયાનો માલ આપશો. તેની કિંમત ગમે ત્યારે મારી પાસેથી લઇ શકશો." એવી પ્રોમિસરી નોટ લખી દેનાર શાહુકાર રકમ લેનાર પાસેથી સો રૂપિયા અને વધારામાં વ્યાજ પણ ઉઘરાવે છે. આ રીતે શાખ ધરાવતા શાહુકારનું ઋણ પણ ધન બને છે, અને તે પણ નશ્વર ધન નહીં પણ વગર મહેનતે આપોઆપ "દિન દુગુના ઔર રાત ચૌગુના" એવી રીતે વધતું ધન! નોટોની ઉત્પત્તિ આમ શાખને લીધે, રૂઆબને લીધે થઇ. પાછળથી સરકારે નોટો છાપવાનું પોતાના હાથમાં લીધું. છતાં હજીએ બેંકોના ચેકો કે વ્યાપારીઓની હુંડીઓ 'કેશ' (રોકડનાણાં) તરીકે કામ આવે જ છે.

નાણાં તો સરકાર જ બનાવે છે. તે પણ નોટો જ છે. આઠ આનાની ચાંદી પર છાપ મારવાથી તેની કિંમત સોળ આના બને છે. સરકાર નાણાં કે નોટો છાપે તો તે શોષણ ન કહેવાય, તે છૂપી કર-ઉઘરાણી જ છે, કે જે પ્રજાના હિતાર્થે હોય છે. એ વ્યાજબી જ ગણાય. પણ નાણાંના વ્યવહારથી બીજા અનેક અનર્થો નીપજે છે. નાણાંનું મૂલ્ય ક્ષણે ક્ષણે જ નહીં પણ ડગલે ને પગલે પણ બદલાતું હોય છે. તેનો ફાયદો બુધ્ધિવાન કે સાધનસંપન્ન લોકો ઉઠાવે છે. ગરીબ ને અજ્ઞાત માણસોને એ લૂંટી લે છે. તે ઉપરાંત નાણાંને લીધે માણસોની સંગ્રહક્ષમતા અને લોભ બેહદ વધી જાય છે. નાણાં એટલે મૂળ સંપત્તિ તો નહીં જ, પણ ક્રયશક્તિ, દૂધ નહીં પણ દૂધની કુપન. મૂળ દૂધ નશ્વર છે, જ્યારે આ નકલી દૂધ ચિરસ્થાયી અને મનને ફાવે તે મુજબ વધારી શકાય એવું છે.

મૂળ સંપત્તિ જેમ નશ્વર છે તેમ નાણાં કે નોટોની નકલી સંપત્તિ પણ નશ્વર જ હોવી જોઇએ. અને તે આ રીતે સહેજે નશ્વર બનાવી શકાય છે. ૧૯૫૬ નાં નાણાં ૫૭ માં ફરી નવા કરાવવા પડે. અને તે નવા કરાવતાં સોના સત્તાણું બને. બીજે વર્ષે ફરી ૯૭ ના ૯૪ ટકા બને. આમ ક્રમશઃ નોટોમાં રહેલી મૂલ્યવત્તા નાબુદ કરી શકાય. હવે આ રીતે તમે નાણાં વર્ષે વર્ષે ઘટાવરાવો તો લોકો સોનું જ સંધરી રાખશે, અને તમારા વાર્ષિક ત્રણ ટકાના ઘટાડામાંથી છટકી જશે. સોનાનું મૂળભૂત મૂલ્ય ઓછું છે. તે દવા કે અલંકારોના કામમાં આવે છે. પણ તેનું મહત્ત્વ તો સંગ્રહના સાધન તરિકે જ છે. સોનાની શોધ થઈ ત્યારથી લોકો ખેતી છોડી દઇને ઉંડી ખાણ ખોદવા લાગ્યા. તેથી દુનિયાને બેહદ નુકશાન થયું છે. હવે કાગળની નોટોથી અને તાંબા-નિકલના પરચુરણથી ચલણનું કામ સરી શકે છે. તેથી હવે નાણાં માટે સોનાચાંદીની ગરજ નથી. તેથી હવેથી કોઈ સોનું ખોદવાનો વ્યર્થ શ્રમ ન કરે, અને અત્યારના સોનાચાંદીના જથ્થા સરકારને હસ્તક થાય એવી વ્યવસ્થા થવી જોઇએ.

મેં પહેલાં જણાવ્યું કે જમીનની માલિકી ન રહે પણ માળીને બગીચાની એટલે કે જમીનમાં કરેલા સુધારાઓની કિંમત મળવી જોઇએ. જેમ આ કિંમત મળે તેમ ગણોત પણ મળી શકે છે, પણ તે અમુક મુદ્દત સુધી અને ઉતરતા ક્રમમાં મળવી જોઇએ. જમીન-સુધારની કિંમત રૂા. ૧૦૦૦) હોય તો પહેલા પાંચ વર્ષો સુધી રૂા. ૬૦) પછી પાંચ વર્ષો સુધી રૂા. ૫૦) પછી પાંચ પાંચ વર્ષો સુધી રૂા. ૪૦) અને રૂા. ૩૦) એમ કરીને કુલ વીસ વર્ષોમાં રૂા. ૫૦૦) મળ્યા બાદ ગણોત બંધ થાય.

જે ન્યાય ગણોતને તે જ ન્યાય ભાડાને લાગુ પડે છે. હું એક ટેક્ષી રૂા. ૫૦૦૦) માં ખરીદું અને કોઇ ડ્રાઇવરને ભાડે આપું, તો તે ડ્રાઇવર મને પાંચ વર્ષમાં રૂા. ૪૫૦૦) જેટલું ભાડું આપે પછી તે જુની ટેક્ષીનો માલિક તે ડ્રાઇવર જ થઈ જાય.

'શેર' પર 'ડિવિડંડ' ભલે મળે પણ તે મૂડી 'શેર-હોલ્ડર' ને પાછી વાળવાનો હપ્તો ગણાય. એથી અમુક મુદ્દત પછી 'ડિવિડંડ' ખૂટે અને કંપનીના કામદારો જ એ કંપનીના માલિક બને.

આનો અર્થ કે હું આજે રૂા. ૧૦૦૦) બચાવું તો તે હું સૃષ્ટિક્રમને અનુસરીને ઉતરતા પ્રમાણમાં ભોગવી શકીશ. પણ અહિં તો અનંત કાળ સુધી તેનું વ્યાજ લેવા છતાં મૂડી અભંગ જ રહે છે. એ તો ભૂતકાળનો ભવિષ્ય પર જુલમ જ કહેવાય.

ભૂતકાળનો ભવિષ્ય પર આવો જુલમ રહેવો ન જોઇએ એટલું જ નહિ પણ ભવિષ્યનો સર્વ અધિકાર વર્તમાન કાળ પર સ્થાપિત થવો જોઇએ. પિતાનું સાચું શ્રાધ્ધ બાળકોના ઉછેરમાં ગણાવું જોઇએ. વર્ષે વર્ષે જનસંખ્યા વધે છે. આપણું જીવનધોરણ પણ વધવું જોઇએ. આ વર્ષે સો મણ ધઉં પાકયા તો આવતે વર્ષે ૧૦૩ મણ પાકે એવી યોજના હોવી જોઇએ. અને તે રીતે ૧૦૩ મણ ધઉં ઉપજાવનાર ખેડૂત જમીન-માલિકની વેઠ ન કરે કે તેને ગણોત પણ ન આપે; પણ વધારાના પાકમાંથી થોડું નવું ખેતર ખેડે, સુધરેલા બાદ બનાવે કે સુધરેલા ઓજારો ખરીદે. આથી ભૂતકાળને નહીં પણ ભવિષ્યકાળને લક્ષ્યમાં રાખીને ગણોત અપાય. આમ જ મુંબઇનો ઘરભાડુત પણ નવાં મકાનો બાંધવા માટે ફાળો આપે.

એવા ઉપાયોથી કમાણી તથા બચતનો ઉચિત ઉપભોગ થઈ શકશે. બચતમાંથી માત્ર બીજાનું શોષણ થાય તે ન ચાલે.

અપ્પા પટવર્ધન

પ્રબુધ્ધ જીવન માટે લવાજમ—રાહત યોજના

પ્રબુધ્ધ જીવનનો વિશેષ પ્રચાર થાય એ હેતુથી પ્રબુધ્ધ જીવનના એક પ્રશંસક મિત્રે ઇચ્છા દર્શાવી છે કે તેમણે સૂચવેલી **લવાજમ રાહત યોજના** નીચે જે કોઈ વ્યકિત પ્રબુધ્ધ જીવનનો ગ્રાહક થવા ઇચ્છશે તે વ્યકિત પહેલાં વર્ષ માટે રૂા. ૨ સંઘના કાર્યાલયમાં ભરીને અથવા મનીઓર્ડરથી મોકલીને ગ્રાહક થઈ શકશે. આ લવા-જમ રાહતનો લાભ ૧૦૦ ગ્રાહકો સુધી આપવામાં આવશે. તો જે વ્યકિતની આ રીતે પ્રબુધ્ધ જીવનના ગ્રાહક થવાની ઇચ્છા હોય તેણે તે મુજબ સત્વર જણાવીને સંઘના કાર્યાલયમાં રૂા. ૨ ભરી જવા અથવા મનીઓર્ડરથી મોકલી આપવા.

૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૩. **વ્યવસ્થાપક, પ્રબુધ્ધ જીવન**

અવસ્થાનુગતા ચેષ્ટા

(થોડા સમય પહેલાં મુંબઇ પ્રદેશના માજી ગવર્નર અને ગુજરાત યુનીવર્સીટીના ચેન્સેલર ડૉ. હરેકૃષ્ણ મહેતાએ ગુજરાત યુનીવર્સીટીના થોડા સમય પહેલાં યોજાયલા પદવીદાન સમારંભ પ્રસંગે ભારતના અને ખાસ કરીને અમદાવાદના વિદ્યાર્થીઓને ઉદ્દેશીને અને ગયા ઓગસ્ટ માસ દરમિયાન મહાગુજરાત આન્દોલનમાં તેમણે જે ભાગ ભજવેલો તેને અનુલક્ષીને પ્રવચન કરેલું તે આજ વિદ્યાર્થીઓના પ્રશ્ન ઉપર સુન્દર પ્રકાશ પાડે તેવું અને ઉચિત માર્ગદર્શન કરાવે તેવું છે. તેનો 'પગ- દંડી'ના દીપોત્સવી અંકમાં પ્રગટ થયેલો અનુવાદ અહિં સાભાર ઉધ્ધૃત કરવામાં આવે છે. તંત્રી)

રાજ્ય પુનર્રચનાના પ્રશ્ન ઉપર યુવાનમાનસ જે રીતે ખળભળી ઉઠયું છે, એ હું કબૂલ કરું છું કે, અણધાર્યું હતું. યુવાનમાનસ પીછેહઠ કરશે એમ મેં ધાર્યું ન હતું. ઘણે સ્થળે વિદ્યાર્થીઓએ રાજ્ય પુનર્રચના અંગેના નિર્ણયોનો સામનો કરવામાં અગત્યનો ભાગ ભજવ્યો અને ટૂંક સમય બાદ એ વિરોધ શમી ગયો, ત્યારે અહિં અમદાવાદના વિદ્યાર્થીઓએ તેઓ જેને દેશનું હિત ગણે છે તેની સિધ્ધિ માટે ચળવળ ચાલુ રાખવાનો દૃઢ નિશ્ચય કર્યો હોય એમ લાગે છે, જોકે તેઓના મોટેરાઓ એથી ઉલટો અભિપ્રાય ધરાવે છે. એ તો સર્વ-વિદિત વાત છે કે, આ ચળવળમાં મોખરે રહેલા વિદ્યાર્થીઓના પાછળ એવા ઘણા ટેકેદારો છે કે જેઓ આ ચળવળને વાજબી ગણી, તેનાં પરિણામો ભોગવવા માટે પોતાનાં બાળકોને મોખરે કરવામાં કશુંયે ખોટું હોય એમ માનતા નથી.

આ સંજોગોમાં, તમોને સંબોધન કરવાનું મને કહેવામાં આવ્યું છે એથી તો, આજે સામાન્ય પ્રકારનું પદવીદાન પ્રવચન કરતાં મને ક્ષોભ લાગે છે. સરકારે કે લોકસભાએ જે કંઇ રાજકીય નિર્ણય કર્યા હોય તેની ચર્ચા કરવાનું આ સ્થળ નથી. એથી તો રાષ્ટ્રીય હિતની દૃષ્ટિએ જે તાજેતરમાં બહાર દેખાયું છે તે યુવાનોના માનસ અને વલણ પૂરતું જ હું મારું ભાષણ મર્યાદિત રાખવા માગું છું.

વારંવાર એવી ફરિયાદ થાય છે કે, ભાવી પ્રજા પર માઠી અસર કરે તે રીતે યુવાનોમાં શિસ્તભંગની ભાવના વધતી જાય છે. આ સ્થળેથી, છેલ્લા પદવીદાન સમારંભ પ્રસંગે મહાન કેળવણીકાર ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણને આ વિષય પર કેળવણીકારની દૃષ્ટિ નાખી હતી. આજના આ સળગતા પ્રશ્ન પર ઘણા નેતાઓ અને કેળવણી-કારોએ પોતાના વિચારો વ્યકત કર્યા છે.

વિદ્યાર્થીઓ અસ્વસ્થ છે એ વિષે શંકા નથી. તેને પરિણામે તેઓએ કેળવણી સંસ્થાઓના નિયમો અને ધારાધોરણોથી પર જઇને, તેઓના અભ્યાસમાં ખલેલ પહોંચે એટલું જ નહિ પણ શિક્ષણ-સંસ્થાઓને કઢંગી સ્થિતિમાં મૂકી દે તેવું વર્તન કરવા તરફ દોરાય છે. શૈક્ષણિક સંસ્થાનાં ધારાધોરણો તોડવાં એ મોટો શિસ્તભંગ છે. સંસ્થાના પ્રિન્સિપાલ અને પ્રોફેસરો જ્યાં જ્યાં આ રીતે શિસ્તનો ભંગ થતો હોય ત્યાં ત્યાં તેની સામે પ્રથમ ફરિયાદ કરનારા હોવા જોઇએ. નવા-ઇની વાત તો એ છે કે રાજ્યના નેતાઓ અને બીજાઓ જેના હાથમાં વહીવટ છે, તેઓ શિસ્તભંગ સામે જેટલી ફરિયાદ કરે છે તેટલી શૈક્ષણિક સંસ્થાના સૂત્રધારો કરતા નથી. મારા અભિપ્રાય મુજબ વિદ્યાર્થીઓની વર્તણૂકને લાગેવળગે છે ત્યાં સુધી તે પ્રત્યેની શિક્ષકોની બેદરકારીનું અથવા મૂક સંમતિનું આ પરિણામ છે. જો તે બેદરકારી જ હોય તો તે નિઃશંક શોચનીય છે. જો શિક્ષકો મૂક સંમતિ આપતા હોય તો તે તપાસ માગી લે છે. શાળા અને કોલેજના મોટા ભાગના શિક્ષકો પોતે જ યુવાનો છે એથી મોટે ભાગે તો વિદ્યાર્થીઓ અને શિક્ષકોની વિચારસરણીમાં સામ્ય છે. એટલે વિદ્યાર્થીઓની પ્રવૃતિ પ્રત્યે શિક્ષકો આંખ આડા કાન કરે છે. એટલે એથી વિદ્યાર્થીઓમાં આટલું બધું અશિસ્ત શા માટે છે તે તપાસવા માટે આપણે યુવાનમાનસનું સમગ્ર દૃષ્ટિએ પૃથ્થકરણ કરવાની જરૂર છે.

દેશની આઝાદી સાથે મોટી આશાઓ અને આકાંક્ષાઓ જન્મી. પરદેશી અમલમાં તે માટે અવકાશ ન હતો. ખરું જોતાં રાષ્ટ્રનેતાઓએ ઘણાં વર્ષો સુધી, પરદેશી ધૂંસરી નીચે "કરુણાત્મક સંતોષમાં" પડી રહેલી પ્રજાની ભાવના અને આકાંક્ષાઓને જાગ્રત કરવા માટે વ્યવસ્થિત પ્રયાસ કર્યા. મહાત્મા ગાંધીના અપૂર્વ નેતૃત્વ નીચે પ્રજાનું આ માનસ હચમચી ઉઠયું અને તેણે મોટી આકાંક્ષાઓને જન્મ આપ્યો કે જેની સિધ્ધિ માટે કોઇ પણ ભોગ અશકય ગણાતો ન હતો. સ્વાતંત્ર્ય પ્રાપ્ત થયું અને તેની સાથે લડત દરમિયાન જન્મેલી આશાઓને વેગ મળ્યો.

આજના યુવકોના માનસ પર માત્ર દેશની સ્વતંત્રતાની જ અસર થતી નથી. સમગ્ર દુનિયામાં જે ફેરફાર થયા છે તેની પણ અસર છે. વિજ્ઞાન વિકસતાં, દુનિયાના દેશો, પહેલાં કરતાં એકબીજાની વધુ નજીક આવ્યા છે. અન્ય દેશોના જીવનધોરણમાં જે દેખીતો સુધારો થયો છે તેના પડઘા હિંદના યુવાનોના માનસ પર પડયા છે. આના પરિણામે, યુવાનમાનસ આશાના મહાન શિખર પરથી દેશમાં જે પ્રાપ્ત થઈ નથી તે સિધ્ધના મિનાર પર કૂદકા મારી રહ્યું છે. વિકાસ પામેલા દેશોએ લાંબા કાળથી સેવેલી આશાની સિધ્ધિ માટે ઘણી યાતના ભોગવી હતી. કોઇ એક પેઢી કાંઈ આશા સેવે તે કદાચ તેના જીવનકાળ દર-મિયાન સિધ્ધ ન પણ થાય. કોઈ કાળે કોઇ દેશમાં એવું નથી બન્યું કે એક જ પેઢીએ પોતે સેવેલી આશા તેના જ જીવનકાળ દરમિયાન સિદ્ધ થતી જોઇ હોય. પરંતુ હિંદમાં સંજોગોના સંકલનને લઇને કોઈ જાતના વચગાળાના સમયની આશા વિના જ સિદ્ધિની આકાંક્ષા રાખ-વામાં આવે છે. એથી તો અસ્વસ્થતા પેદા થાય છે. યુવાનમાનસ એથી ઘણું વિહ્વળ બને છે. એ વિહ્વળતાને લીધે જેના હાથમાં આજે લગામ છે તે મોટેરાઓ પ્રત્યે આક્ષેપો કરવામાં આવે છે. યુવાનોના કહેવા મુજબ જેઓના હાથમાં વહીવટ છે તેઓ પોતાનું કામ બરોબર કરતા નથી. યુવાનમાનસ, આ મારા પૃથક્કરણ મુજબ, આજે કામ કરી રહ્યું છે.

જેના હાથમાં વહીવટ છે તેઓ જાહેર જીવનમાં આજકાલ ઉભા થયા નથી. તેઓએ યાતના ભોગવી છે; ભોગ આપ્યો છે; એથી તો આજની સ્થિતિ પ્રાપ્ત કરવા માટે લાયક બન્યા છે. ખરી રીતે પોતાની યુવાવસ્થામાં તેઓ આજના યુવકો જેવા જ અધીરા હતા. મહાત્મા ગાંધીજીએ ૧૯૨૧ માં બંગાળના ક્રાંતિકારીઓ વિષે જે ખ્યાલ આપ્યો હતો તે મુજબ દીવાલ સામે પોતાનાં માથાં અફળાવવા તેઓ આગળ વધતા હતાં. એ દિવસોમાં જેઓ લાંબુ શિસ્તમય જીવન ગાળવા તથા ભોગ આપવા અને યાતના ભોગવવા તૈયાર ન હતા તેઓ અધીરા બન્યા અને ક્રાંતિકારી બન્યા. મહાત્મા ગાંધીજીના નેતૃત્વ નીચે આ અધીરા યુવકોને પોતાની જવલંત આશાઓ ને ધીરજ અને ખંતથી આગળ ધપાવવાની તાલીમ મળી. અધીરાઈ એન્જિન વગરના રથ જેવી છે કે જેમાં જરાએ તાકાત નથી. પણ જો વાજબી હેતુ માટે હોય અને મર્યાદિત અને શિસ્તબદ્ધ હોય તો તે એક તાકાત બની રહે છે.

આ અધીરાઇ—અસ્વસ્થતાને યોગ્ય માર્ગે દોરવામાં ન આવે તો તેથી નિરાશા જન્મે. આમ જો આજનો યુવાન હતાશ થાય તો તે દેશને માટે હાનિકારક નીવડે. એથી તમે જો મારી સલાહ ઇચ્છતા હો તો તમારી અધીરાઇને નિશ્ચયાત્મક શિસ્તબદ્ધ જીવન તરફ વાળજો કે જેથી અવસર સાંપડે ત્યારે તમે દેશના આજના નેતાઓ કરતાં વધુ સારી કામગીરી કરી શકો. દેશ ઇચ્છે છે કે આજનો યુવાન વધુ કાર્યકુશળ અને ઉત્તમ નેતા બને કે જેથી તે આગળ અને આગળ વધતો રહે. વહીવટી કાર્યમાં પોતાના પુરોગામીઓ કરતાં જે દિવસે યુવક આગળ વધશે તે દિવસ સુખદ હશે. પરંતુ ભાવિ કાર્ય માટે તૈયાર થવાને બદલે માત્ર પોતાની ઇચ્છા મુજબ પોતાના નેતાઓને ફરજ પાડવાનો જો તેઓ વિચાર કરતા હશે તો તે ઘણી જ દુઃખદ પરિસ્થિતિ લેખાશે. નેતાઓ કાં તો યુવકો તરફના પ્રેમને લઇને અથવા પોતાની નબળાઇને લઇને નમતું આપશે તો તે દેશના ભાવિનો

નાશ નોતરશે. હાલમાં જેના હાથમાં વહીવટ છે તેમની સાથે યુવાનો સંમત ભલે ન થાય, પરંતુ તેમના મોટેરાંઓ પોતાના નિર્ણય વિરુદ્ધ ચાલે એમ વિદ્યાર્થીઓ ન ઇચ્છી શકે. યુવકોને ગંભીર રીતે જેની સામે મતભેદ હોય તેવાના હાથમાંથી નેતૃત્વ ઝૂંટવી લે તેમાં કશું ખોટું નથી. પરંતુ નેતાગીરીને તેમણે લીધેલા રાહની વિરુદ્ધ વર્તવાની ફરજ પાડવી એ સદંતર ખોટું છે.

આ પૃથક્કરણથી, વિદ્યાર્થીઓનું વર્તન તાજેતરમાં જે રીતે પ્રગટ થયું છે તે રાષ્ટ્રના તંદુરસ્ત ઘડતર માટે સાનુકૂળ નથી એમ માનવા હું પ્રેરાઉં છું. યુવકોને અને તેમના સહાયકોને આ પ્રશ્ન ઉપર વિચારણા કરવા હું વિનંતિ કરું છું અને જ્યાં કાંઈ પણ ભૂલ હોય ત્યાં સુધારી લેવાની વિનંતિ કરું છું.

રાજ્ય–પુનર્રચનાના પ્રશ્ન અંગે યુવાનોમાં જે અજંપો વ્યાપેલો છે તેનું મૂળ કારણ જોતાં યુવકોની ચળવળ માટે આ કારણ વાજબી છે કે કેમ તેની તપાસ કરીએ. યુવાનમાનસ પ્રગતિશીલ વસ્તુની પ્રાપ્તિ માટે અજંપો અનુભવે છે તે તેજસ્વી ભાવિની નિશાની છે. પણ જ્યારે પીછેકદમ કરાવનારી વસ્તુ માટે યુવકો અજંપો અનુભવે છે, ત્યારે તો હું ભય અનુભવું છું કે તે અશુભ ચિહ્ન છે. હું તમને શું પ્રગતિશીલ છે અને શું પીછેકદમ કરાવનાર છે તેના પર વિચાર કરવા વિનંતિ કરું છું. જ્ઞાત, જાત, ભાષા અને ધર્મના નામે ઊભી થતી બધી રૂકાવટોથી પર એવા ભારતને રાષ્ટ્રની દૃષ્ટિએ નિહાળતા બધા જ વિચારો અને આદર્શો પ્રગતિશીલ છે. બીજી બાજુએ સૈકાઓ સુધી હિંદને વહેંચાયેલું રાખનારા અને ભૂતકાળમાં તેનું પતન કરાવનારી પરિસ્થિતિને પોષનાર વિચારો અને આદર્શ પીછેકદમ કરાવનારા છે.

આવા પીછેકદમ કરાવનારા વિચારો અને આદર્શો પર યુવાન માનસ આજે અજંપો અનુભવે છે તે દુઃખની વાત છે. યુવકો વિઘાતક પ્રવૃત્તિઓને બદલે એકતા સ્થાપવાના મુદ્દા પર ચળવળ ચલાવે તો તે સુખદ ચિહ્ન છે. આ અસ્વસ્થતા પ્રગતિશીલ વિચારો અને આદર્શો માટે કહેવાય. કમનસીબે આજે ઊલટું થઇ રહ્યું છે અને સમયસર આ ન સુધરે તો તે ખરાબ ભાવિની આગાહી આપે છે. આવા અજંપાથી અમદાવાદ અને બીજી જગ્યાના વિદ્યાર્થીઓને ઘણું સહન કરવું પડે છે. હાલ જે હું સુખદ સ્થિતિમાં છું ત્યાંથી મને તમને બદનામ કરવાનો હક્ક નથી, બલ્કે મને તમારા પ્રત્યે સહાનુભૂતિ છે. જો કે તમને અવળે માર્ગે ચડાવવામાં આવ્યા છે એવું મને લાગે છે, છતાં તમારા માટે મારી પ્રસંશા જ છે. જેમણે આ ચળવળમાં જિંદગી ગુમાવી છે તેમને હું મારી અંજલિ અર્પણ કરું છું અને તેમના વાલીઓ અને માબાપ પ્રત્યે મારી સહૃદયી હમદર્દી છે. કઢંગી પરિસ્થિતિ કે જેમાં કેટલાક યુવાનોએ કીંમતી જિંદગી ગુમાવી છે તેનાથી કોઈ સુખી નથી. મને તેનું ઘણું દુઃખ છે. જો કોઇ પ્રગતિશીલ આદર્શોની પ્રાપ્તિ માટે આ ભોગ અને દુઃખો સહન કરવામાં આવ્યાં હોત તો કેવું સારું હોત? હું જાણું છું કે તમારામાંના મોટા ભાગના હાલના માનસને લીધે પ્રશ્નની આ બાજુ પર તમે શાંત ચિત્તે વિચાર નહિ કરી શકો. તમને તમારી લાગણી ઘવાઈ હોય એમ લાગે છે. બુદ્ધિથી લાગણીનું નિયમન કરવું જોઇએ, નહિં તો જિંદગી સુકાની વગરના વહાણ જેવી બની જશે. તમે મારી સાથે સહમત નહિ થાઓ, પરંતુ હું તમને શાંતિપૂર્વક આ પ્રશ્નની વિચારણા કરવા વિનંતિ કરું છું.

તમારી પોતાની અંગત દૃષ્ટિએ તમારી પોતાની વર્તણૂકના બીજા પ્રશ્નનો વિચાર કરવા હું એકવાર ફરીથી તમને જણાવીશ. મને ખાતરી છે કે તમે જિંદગીભર વિદ્યાર્થી રહેવાના નથી એ તમો સમજો છો. શૈક્ષણિક સંસ્થાઓમાં તમારી કારકિર્દી પૂરી કર્યા બાદ વાસ્તવિક જીવનમાં તમારે આવવાનું છે. હું તમને એ સમજવાનો અનુરોધ કરું છું કે તમારામાંનો દરેક જણ કંઇક ને કંઇક કામ માટે નિયત થયેલ જ છે. તમે બધા ગાડીના પ્રવાસીઓ જેવા છો. જીવનગાડી ચાલતાં જ્યાં તમારું સ્થળ આવશે ત્યાં દરેક જણ ઊતરી પડવાના છો. હું તમને પૂછું છું કે થોડા સમય માટે ગાડીના પ્રવાસીઓની જેમ સાથે છો તેનો ઉપયોગ દીર્ઘકાળના મહત્વવાળા રાષ્ટ્રીય પ્રશ્નોની છણાવટમાં કરવો એ વ્યાજબી અને ડહાપણભર્યો માર્ગ છે. ચાલો, આપણે માની લઇએ કે તમારામાંના કેટલાક ભવિષ્યના રાજકારણમાં જોડાશે, પરંતુ મોટા ભાગના તો રાજકારણમાં જશે નહિ અને જઈ શકે પણ નહિ. તમારામાંના મોટા ભાગના તમારી રૂચિને અને પ્રસંગોને અનુકૂળ ધંધામાં જોડાશે. તો પછી તમે તમારી શૈક્ષણિક સંસ્થાઓમાં ગાળવાનો સમય આવી ચળવળમાં ગાળો તો તમે સફળ કારકિર્દી કેવી રીતે પ્રાપ્ત કરી શકશો?

જેમ ચાલુ ગાડીમાં બેઠેલા બધા ઉતારૂઓ રેલ્વેની નીતિ અંગે ફેરફાર કરી શકે નહિ તેમ વિદ્યાર્થીઓએ દેખાવોથી રાષ્ટ્રની નીતિમાં ફેરફાર કરવાની શક્યતાનો વિચાર ન કરવો જોઇએ. ઉલટું આથી તેમને પોતાને અને રાષ્ટ્રના પ્રશ્નને તેઓ નુકશાન પહોંચાડશે. જે લોકો જીવનમાં સ્થિર થયા છે તેઓ બહાદૂરીપૂર્વક સરકારની નીતિનો વિરોધ કરી ચળવળ કરી તેમાં તેમને ખોટું લાગે તો સુધારો કરાવી શકે છે.

યુવાનોને અનુરૂપ એવા ઉત્સાહથી પ્રેરાઇને વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય નીતિ વિરુદ્ધ કે તરફેણમાં મતો પ્રદર્શિત કરે, પરંતુ જીવનમાં સ્થિર થયેલા માણસો પાછળ રહી વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય નીતિની તરફેણ કે વિરુદ્ધમાં નિશ્ચયી ચળવળ ચલાવવા પ્રોત્સાહન આપે એ ભારે નુકશાનકારક છે. આ વસ્તુઓ ગંભીર વિચારણા એકલા વિદ્યાર્થીઓની નહિ પણ તેમના વાલીઓ અને બીજાઓની પણ માગી લે છે કે જેમને પ્રજાની કાળજી છે. હું વિનંતીપૂર્વક સિક્ષકોને કહીશ કે પરિસ્થિતિનો તેઓ ખૂબ કાળજીપૂર્વક અભ્યાસ કરે અને આજે યુવાનોની વર્તણૂક હિંદમાં જે રીતે પ્રગટ થઈ રહી છે તે જુએ. હું આ બધું કહેવાની હિંમત કરું છું, કારણ આજના યુવાનો અમારા કરતાં વધુ સફળતા પ્રાપ્ત કરે અને હાલના નેતાઓ કરતાં વધુ લાયક નેતાઓ થાય એમ હું અન્તરથી ઇચ્છું છું. દુન્યવી સફળતા પ્રાપ્ત કરવા માટે એક પ્રાચીન રૂઢિએ આપેલી સલાહ રજુ કરી હું મારું પ્રવચન પુરું કરીશ.

अवस्थानुगता चेष्टा, समयानुगता क्रिया ।
तस्मादवस्थां समयं, वीक्ष्य कर्म समाचरेत् ॥

ભાવાર્થ:–ચેષ્ટા માત્ર અવસ્થા અનુસાર થાય છે; ક્રિયા માત્ર સમય અનુસાર થાય છે. માટે વિવેકી પુરુષ અવસ્થા અને સમયને બરોબર જોઈ તપાસીને કર્મ કરે–પ્રવૃત્તિ કરે.

તમારા પ્રયત્નો પ્રસંગોને અનુકૂળ હોવા જોઇએ અને તમારાં કાર્યો સમયને સાનુકૂળ હોવાં જોઇએ. સમય અને પ્રસંગોને જોઈ વર્તો. આ સલાહ મુજબ વર્તો અને તમે જીવનમાં સફળ નીવડશો. તમે બધા ભાવિ જીવનમાં સફળતા પ્રાપ્ત કરો અને ભારતના ગૌરવશીલ નાગરિક બનો એવી મારી પ્રાર્થના છે.

મૂળ અંગ્રેજી : ડો. **હરેકૃષ્ણ મહેતાબ**

આગળના નિવેદન અંગે શ્રી મોરારજીભાઇએ કરેલી વિશેષ સ્પષ્ટતા

તા. ૧૫–૧૦–૫૬ ના પ્રબુધ્ધ જીવનમાં 'એક કમનસીબ ગેરસમજુતીનું નિવારણ' એ મથાળા નીચે અમુક સવાલના જવાબમાં શ્રી મોરારજીભાઇએ એક અગત્યનું નિવેદન કર્યું હતું. ત્યાર બાદ મુંબઈ પ્રદેશના પક્ષનેતાની ચૂંટણી બાદ અને મુંબઇના મુખ્ય સચિવપદેથી નિવૃત્ત થવા પહેલાં જન્મભૂમિના તંત્રી શ્રી સોપાને શ્રી મોરારજીભાઈ સાથેની એક મુલાકાત દરમિયાન પ્રશ્ન કરેલો કે "મુંબઇનું રાજ્ય જો સફળ નહિ થાય તો તેમાં અમુક પ્રકારે પરિવર્તન થવાનું સૂચન આપના નામે પ્રગટ થયું છે તે સંબંધમાં આપ વિશેષ સ્પષ્ટતા કરો ખરા?" તેનો ઉત્તર આપતાં શ્રી મોરારજીભાઇએ જણાવ્યું હતું, કે "એવી સ્પષ્ટતા જરૂરી છે. મુંબઇનું નવું રાજ્ય જો મહારાષ્ટ્ર બાજુના દ્વેષથી નિષ્ફળ જાય તો મુંબઈ, ગુજરાત અને મહારાષ્ટ્રની ત્રણ એકમની યોજના અમલી બનાવવી અને ગુજરાતના વાંકે નિષ્ફળ જાય તો મુંબઈ શહેરને મહારાષ્ટ્રમાં સામેલ કરવું એવું સૂચન મેં દીલ્હી કર્યું હતું અને તેની નોંધ પણ લેવાઇ છે. પરંતુ આ કાંઈ સરત નથી કે કરાર નથી. જે નેતાઓ સમક્ષ આ વિચારો મેં જાહેર કર્યા તેમણે કોઈ કબુલાત આપી છે એવો અર્થ એમાંથી ન નીકળવો જોઇએ. મારા મત પ્રમાણે નવા રાજ્યમાં સૌને સાથે જોડી રાખવા માટે આવો ખ્યાલ ઉપયોગી છે ને મારા મન ઉપર એવી છાપ છે કે બીજા દેશનેતાઓને પણ આ સૂચન ગમ્યું છે. આથી વિશેષ અર્થ આ નોંધનો ન થવો જોઇએ. નવા રચાનારા દરેક ઘટકને એમ લાગવું જોઇએ કે તે યોગ્ય રીતે નહિ વર્તે તો તેને જ તેથી નુકસાન થશે. બીજી બાજુ યોગ્ય રીતે વર્તનારને કશો ડર ન રહેવો જોઇએ."

સામુદાયિક વિરોધમાં વધતું જતું જંગલીપણું

જ્યારે પણ સમાજમાં કે રાજ્યવહીવટમાં કોઇ અનિષ્ટ ઘટના બની રહી છે એમ લાગે ત્યારે તે સામે વિરોધ કરવાનો અને બનતી ત્વરાએ તે અટકાવવા માટે પ્રયત્ન કરવાનો દરેક વ્યક્તિને હક્ક છે અને આ હક્ક જેમ એક વ્યકિતને છે તેમ કોઈ પણ સામુદાયિક દળને પણ છે. જ્યારે કોઇ પણ બાબત અંગે રાજ્યસત્તાને ઉદ્દેશીને કરવામાં આવતી વિનવણીઓ, જાહેર સભા બોલાવીને કરવામાં આવતા ઠરાવો અને છાપાઓ દ્વારા પ્રગટ કરવામાં આવતાં લખાણો નિષ્ફળ જાય છે એમ માલુમ પડે ત્યારે એથી પણ વધારે અસરકારક ઉપાયો હાથ ધરવાનો પ્રજાને હક્ક છે અને આમ ન કરવામાં આવે તો તે અનિષ્ટ ઘટનાનાં માઠાં પરિણામો સમાજ અને દેશને સહન કરવા પડે અને અન્યાયની પરંપરા અબાધિતપણે ચાલ્યા કરે. આવા સંયોગોમાં સામુદાયિક વિરોધ દાખવવાના ઉપાયો બે પ્રકારના હોય છે: એક સૌમ્ય અને અહિંસક; બીજા અસભ્ય અને હિંસક. સામુદાયિક વિરોધ દર્શાવવાના સૌમ્ય અને અહિંસક ઉપાયો કયા હોઈ શકે તેની આપણને ગાંધીજીએ પોતાની હયાતી દરમિયાન પ્રયોગોપૂર્વક પૂરી તાલીમ આપી છે. આ ઉપાયો શાન્ત સરઘસ, સૌમ્ય હડતાળ, અસહકાર, સત્યાગ્રહ, સામુદાયિક ઉપવાસ આદિ નામોથી જાણીતા છે. આ કે અન્ય પ્રકારના ઉપાયોનો હેતુ રાજ્ય કરતી સંસ્થા ઉપર એક એવું દબાણ ઉભું કરવાનો હોય છે કે જે દબાણને તેણે વશ થવું જ પડે અને રજુ કરવામાં આવતી માંગણીને ઘણા ખરા અંશે કબુલવી જ પડે.

વિરોધ દર્શાવવાની સૌમ્ય અને અહિંસક પધ્ધતિ વિષે ગાંધીજી મારફત આપણને પુરી તાલીમ મળવા છતાં અને સત્યાગ્રહ અને અસહકાર ઘર ઘરના શબ્દો બની બેઠેલા હોવા છતાં આજે આમ જનતા અથવા તો તેમાંના અમુક એક વર્ગને ન ગમે તેવી કોઇ રાજકીય ઘટના બને છે ત્યારે તે કેવી રીતે વર્તે છે ? પ્રાદેશિક પુનર્રચના અંગે છેલ્લા બાર મહીનામાં આપણે દેશના જુદા જુદા ભાગોમાં અને આપણી નજીક મહારાષ્ટ્રમાં, મુંબઈમાં અને ગુજરાતમાં જે બનતું જોયું તે એમ બતાવે છે કે સામુદાયિક વિરોધ દાખવવાની ગાંધીજીએ સૂચવેલી અને શિખવેલી ટેક્નીક–પદ્ધતિ–આપણે સાવ વિસરી ગયા છીએ, એટલું જ નહિ પણ તેમના આગમન પહેલાં આપણે જેવા હતા તે કરતાં પણ ઘણા વધારે અસહિષ્ણુ, અસભ્ય અને હિંસક બન્યા છીએ. જ્યારે કોઇ અણુગમતો કાયદો આવ્યો, ભાષાનો કે પ્રદેશરચનાનો પ્રશ્ન આવ્યો, ત્યારે પ્રજામાનસ એકાએક ઉછળી પડે છે અને આજે રાજ્ય સત્તા કોંગ્રેસપક્ષના હાથમાં છે તેથી તેની સામે, જવાહર સામે, ગાંધીજી સામે લોકો કેવળ જંગલી દેખાવો કરે છે, 'કંપક ઝીન્દાબાદ' અને 'કંપક મુર્દાબાદ'ના ચોતરફ પોકારો શરૂ થાય છે, ખાદીની ધોળી ટોપીઓ ઉતરાવવાનું કે ઝુંટવી લેવાનું શરૂ થાય છે, કોંગ્રેસીઓના ઘરબાર ઉપર હુમલા કરવામાં આવે છે, પથ્થરમારો અને ધાકધમકી વડે હડતાળ પડાવવામાં આવે છે, સરકારી માલ મીલ્કતને પાર વિનાનું નુકસાન પહોંચાડવામાં આવે છે, ટ્રામ અને બસોનો વ્યવહાર રોકી દેવામાં આવે છે એટલું જ નહિ પણ તે બાળી નાખવાની હદ સુધી પણ જ્યાં ત્યાં લોકો પહોંચી જાય છે, રેલ્વેટ્રેનો રોકવામાં આવે છે, પ્રતિપક્ષી વર્ગની દુકાનો અને ઘરબાર લૂંટવામાં આવે છે અને વિરોધી લોકોને અનેક રીતે રંજાડવામાં આવે છે. આથી આગળ વધીને આપણે મુંબઈ અને અમદાવાદમાં જોયું તેમ દેશના લાડીલા નેતાઓ જેની હજુ ગઈ કાલે એક અધિદેવતા માફક પૂજા કરવામાં આવી હોય છે તેની આજે 'હાય કૃલાણા' 'હાય કૃલાણા' એમ શેરીઓ અને ગલીઓ ગજાવતાં ઠાઠડીઓ કાઢવામાં આવે છે અને ભદ્ર સમાજની સ્ત્રીઓ ચોક અને ચૌટા વચ્ચે છાજીયા લેતી નજરે પડે છે. આ બધું શું બની રહ્યું છે એ સમજાતું નથી. પ્રજામાનસ કઇ અધોગતિ તરફ ધસી રહ્યું છે તે કલ્પનામાં આવતું નથી. સરકારનું કે કોઇ સંસ્થાનું ગમે તેવું કરપીણ કૃત્ય હોય તો પણ તે સામે વિરોધ દાખવવાની આ રીત છે ?

આપણને કોઇ ગમે તેટલી ઇજા કરે, નુકસાન કરે, અને આપણે ગમે તેટલા ક્રોધાવિષ્ટ થઈએ તો પણ જો આપણો ઉછેર બરોબર હોય તો આપણા મોઢામાંથી કદિ પણ અપશબ્દ નીકળતો નથી. આ જેમ વ્યકિતગત સભ્યતાનો પ્રકાર છે તેમ સામુદાયિક સભ્યતાનું પણ અમુક ધોરણ હોવું જોઇએ અને ગમે તેવા સંયોગમાં અમુક ધોરણ નીચે અમુક સમાજ કદિ નહિ જાય એવી તેની પ્રતિષ્ઠા હોવી જોઇએ. ગાંધીજીએ સામુદાયિક વિરોધ દાખવવા માટે સૌમ્ય અને અહિંસક ધોરણ આપણી સામે પ્રસ્થાપિત કર્યું અને પ્રજાને ઉંચા નૈતિક સ્તર પર લઈ જવાનો પ્રયત્ન કર્યો. પણ એ તપ અને પ્રયત્ન આજે સાવ નિષ્ફળ બની રહ્યા હોય અને દ્વિગુણીત જંગલીપણા તરફ આપણે ગતિ કરી રહ્યા હોઇએ એવું આપણે ચોતરફ પ્રદર્શન કરી રહ્યા છીએ. આમાંથી શું આપણે પાછા નહિ ફરીએ ?

આજે વિરોધ દાખવવાની અનેક રીતોમાં એક રીત ધોળી ટોપી ઉતરાવવાની યા તો ઝુંટવી લેવાની પ્રચલિત થઇ છે. આ બાબત નાની છે એમ છતાં એ પાછળ અસભ્યતાની પરાકાષ્ટા છે, એ આપણા લોકો કેમ સમજતા નહિ હોય ? જેમ કોઈ બ્રાહ્મણની જનોઇ ખેંચી લેવામાં આવે, કોઈ હિંદુની ચોટલી કાપી લેવામાં આવે,–જે વાત તો સાવ નાની અને નજીવી છે એમ છતાં–જે કોઈ આવા આક્રમણનો ભોગ બને છે તે આથી કેટલી યાતના અને અપમાન અનુભવે છે ? જે કોઈ ચોક્કસ ભાવનાથી ધોળી ટોપી પહેરે છે તેની સાથેનું આવું વર્તન એટલું જ જંગલી લેખાવું જોઇએ. ધોળી ટોપી ઉપર આક્રમણ કરીને ગાંધીજીનું, અહિંસાનું, કોંગ્રેસનું–એ ત્રણેનું આપણે અક્ષમ્ય અપમાન કરીએ છીએ–આ સીધી સાદી વાત ઝનુને ચઢેલા આપણા વિદ્યાર્થીઓ અને અન્ય લોકો કેમ સમજતા નથી ?

ઉપર જણાવ્યું તેમ કોઇ પણ રાજકારણી અનિષ્ટ કે અન્યાય સામે વિરોધ અને પૂરતો વિરોધ દાખવવાનો આપણ સર્વને સોએ સો ટકા અધિકાર છે એ સ્વીકારીને પણ અત્યન્ત ભારપૂર્વક કહેવાનું પ્રાપ્ત થાય છે કે આપણા જાહેર જીવનમાં જે અસહિષ્ણુતા વધતી ચાલી છે, સંસ્કારિતા તો બાજુએ રહી પણ સભ્યતાને કોરે મુકીને યથેચ્છ વર્તવાની વૃત્તિ ફેલાતી જાય છે અને ઉગ્ર વિરોધ કરવો એટલે બને તેટલા જંગલી બનવું આવી સમજણ ચોતરફ કેળવાતી જાય છે તે આપણા સામુદાયિક જીવન માટે મોટામાં મોટું ભયસ્થાન છે. આ બાબતની ઉત્કટતા આપણે બરોબર સમજી લઇએ અને પ્રજાને આવી રીતભાત અને પદ્ધતિથી પાછી વાળવા માટે આપણી સર્વ શકિત ખરચીએ.

આપણો પરાપૂર્વનો ઇતિહાસ અને સંસ્કારવારસો જોતાં આપણને અભિમાન હોવું જોઇએ અથવા તો આપણો એ મનોરથ હોવો જોઇએ કે જેવી રીતે બીજી પ્રજાઓએ આઝાદી હિંસાથી હાંસલ કરી તો આપણે અહિંસાથી આઝાદી હાંસલ કરી છે એવો આપણે દાવો કરી શકીએ છીએ તેવી જ રીતે આપણે ત્યાં લોકશાહી આવી છે તેને આપણે આપણી સંસ્કૃતિને અનુરૂપ રંગ આપીશું અને આપણે ત્યાં સામુદાયિક વિરોધની પણ રીતરસમ ગાંધીચીંધ્યા માર્ગે અનોખી જ હોવાની. તેમાં નહિ હોય કોઈ ઉપર આક્રમણ કે નહિ હોય કોઇ પ્રત્યે અસભ્યતાભર્યો વર્તાવ. એ હશે સદા સૌમ્ય અને અહિંસક. એ પોતા ઉપર દુઃખ નોતરીને અન્ય ઉપર થતા અન્યાયોને મીટાવશે, એ સાચા અર્થમાં સત્યાગ્રહ રજુ કરીને પ્રજા સમસ્તનું ઉર્ધ્વીકરણ કરશે. એ રીતનો વિરોધ ગમે તેટલો વ્યાપક અને વિસ્તૃત હશે તો પણ તે ચાલતો હશે તે દરમિયાન સૌ કોઇના જાનમાલ અને સ્વત્વ સુરક્ષિત હશે. સામુદાયિક વિરોધની આવી ઉદાત્ત પ્રથાની દેશભરમાં સ્થાપના પ્રતિષ્ઠા કરીને આપણે ગાંધીજીના વારસાને શોભાવીએ, ભારતની ઉજ્જવળ છતાં કાળજર્જરિત સભ્યતાને નવી ચેતના' નવું રૂપ, નવાં મૂલ્યો વડે ઉજ્જવળતર બનાવીએ.

પરમાનંદ

હું હિન્દીમાં લખવા તરફ કેવી રીતે વળ્યો?

(જે પ્રદેશોની માતૃભાષા હિંદી હોય એ પ્રદેશો સિવાયના બીજા પ્રદેશોમાં જન્મેલા જે કોઈ વિદ્વાને રાષ્ટ્રભાષા હિન્દીની નોંધપાત્ર સેવા બજાવી હોય એમની એ સેવાનું સન્માન કરવાના હેતુથી વર્ધાની રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિએ 'મહાત્મા ગાંધી પુરસ્કાર' એ નામે રૂા. ૧૫૦૧ નો પુરસ્કાર આપવાની યોજના કરી છે, અને એ રીતે છેલ્લા પાંચ વર્ષથી આવા કોઈ પણ અહિન્દીભાષી પ્રદેશના વિદ્વાનને આ પુરસ્કાર આપીને તેનું બહુમાન કરવામાં આવે છે. ચોથા વર્ષનો પુરસ્કાર આચાર્ય વિનોબાજીને આપવામાં આવ્યો હતો. પાંચમા એટલે કે ચાલુ વર્ષનો પુરસ્કાર પંડિત સુખલાલજીને અર્પણ કરવાનો તેને લગતી સમિતિએ નિર્ણય કર્યો હતો. તદનુસાર ચાલુ વર્ષનો પુરસ્કાર પં. સુખલાલજીને સમર્પિત કરવાનો સમારંભ તા. ૧૮-૧૦-૫૬ ના રોજ જયપુર ખાતે ભરાયલા અખિલ ભારતીય રાષ્ટ્રભાષા પ્રચાર સંમેલન પ્રસંગે, તે અધિવેશનના પ્રમુખ શેઠ શ્રી ગોવિન્દદાસના હાથે, અધિવેશન દરમિયાન જ, યોજવામાં આવ્યો હતો. આ સમારંભના પ્રારંભમાં સંસ્થાના મંત્રીશ્રીએ મહાત્મા ગાંધી પુરસ્કારની યોજનાની વિગતો રજુ કરી હતી, અને અધ્યાપક શ્રી દલસુખભાઈ માલવણિયાએ પંડિતજીનો પરિચય કરાવ્યો હતો. ત્યાર બાદ દીપક પ્રગટાવીને, પંડિતજીના કપાળમાં ચાંદલો કરીને, હાથમાં શ્રીફળ આપીને શંખનાદ સાથે તેમને રૂા. ૧૫૦૧ ની થેલી અર્પણ કરવામાં આવી હતી અને પુરસ્કાર-અર્પણના પ્રસંગને યાદગાર બનાવતું એક તામ્રપત્ર પંડિતજીને અર્પણ કરવામાં આવ્યું હતું. પંડિત સુખલાલજીએ રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિનો આ માટે આભાર માનતાં એક પ્રસંગોચિત બહુમૂલ્ય પ્રવચન કર્યું હતું. આ પ્રવચન મૂળ હિન્દીમાં હતું. તેનો શ્રી રતિલાલ દીપચંદ દેસાઇએ કરી આપેલો અનુવાદ નીચે પ્રગટ કરતાં આનંદ થાય છે. **તંત્રી.**)

અહીં મારું મુખ્ય વક્તવ્ય તો એ મુદ્દાને લઈને હોવું જોઈએ કે હું એક ગુજરાતી, ગુજરાતીમાં પણ ઝાલાવાડી એમાંય પાછો પરાધીન; એમ છતાં હિન્દી ભાષામાં લખવા તરફ કેમ, ક્યારે અને શા કારણે વળ્યો? ટૂંકમાં એમ કહી શકાય કે હિન્દીમાં લખવાની પ્રેરણાનું બીજ શું હતું?

મારા સહચર અને સહાધ્યાયી પં. વ્રજલાલજી શુકલ, જેઓ ઉત્તર-પ્રદેશના રહેવાસી કાન્યકુબ્જ બ્રાહ્મણ હતા તેઓ, મારા મિત્ર પણ હતા. અમે બન્નેએ બંગભંગની ચળવળથી—ખાસ કરીને લોકમાન્યને સજા થયા પછીની પરિસ્થિતિથી—સાથે જ કામ કરવાનું નક્કી કર્યું હતું. કાઠિયાવાડના સુપ્રસિદ્ધ જૈન તીર્થ પાલીતાણામાં એક જૈન મુનિ હતા, જેમનું નામ હતું સન્મિત્ર કપૂરવિજયજી, તેઓ અમો બન્નેના શ્રદ્ધાસ્થાન પણ હતા. એક વખત એ મુનિજીએ વ્રજલાલજીને કહ્યું કે તમે તો દેખી શકો છો અને સ્વતંત્ર પણ છો, તેથી સારા સારા જૈન ગ્રંથોનો અનુવાદ કરો કે એમનો સાર લખો; અને સુખલાલજી, જોઈ નહીં શકવાને કારણે, લખી શકે એમ તો છે નહીં, એટલે તેઓ એમને પ્રિય એવું ભણાવવાનું કામ જ કરતા રહે. એ મુનિજીની સલાહની જાણ મને પાછળથી થઈ. એ જ વખતે મને વિચાર આવ્યો કે શું સાચેસાચ હું, મારા સારી રીતે અભ્યાસી અને સુપરિચિત વિષયો ઉપર પણ, લખવાનું કામ ન કરી શકું? મારા અન્તર્મુખે મને જવાબ આપ્યો કે તું જરૂર કરી શકે છે, અને તારે કરવું પણ જોઇએ. આ જવાબ સંકલ્પમાં પરિણમ્યો; પણ પછી સવાલ થયો કે એને ક્યારે અને કેવી રીતે અમલમાં મૂકવો? મારો દૃઢ સંકલ્પ બીજા કોઈ તો જાણતા ન હતા. પણ એ મને ચુપ બેસી રહેવા દે એમ પણ ન હતું. એક વેળા અચાનક એક ભણેલા-ગણેલા ગુજરાતી મિત્ર આવી ચઢ્યા. મને કહ્યું કે આ પચીસ પ્રાકૃત ગાથાઓનો અનુવાદ જોઇએ. હું બેસી ગયો અને લગભગ સવા કલાકમાં લખી નાખ્યું. બીજો પ્રસંગ ઘણે ભાગે વડોદરામાં આવ્યો. યાદ નથી કે એ અનુવાદ મેં ગુજરાતીમાં લખાવ્યો કે હિન્દીમાં, પણ ત્યારથી સંકલ્પનું એ બીજ ઊગવા લાગ્યું અને મનમાં પાકો વિશ્વાસ પેદા થયો કે ભણાવવા ઉપરાંત હું લખવાનું કામ પણ કરી શકીશ.

મારા કેટલાક મિત્રો અને સહાયકો આગરાના રહેવાસી હતા. તેથી હું સને ૧૯૧૬ ની અંતમાં આગરા ચાલ્યો ગયો. ત્યાં તો હિન્દી ભાષામાં જ લખવું પડતું હતું, પણ જ્યારે મેં જોયું કે, કાશીમાં દસ વર્ષ વિતાવ્યા પછી પણ, હું હિન્દીને શુદ્ધરૂપે જાણતો નથી, અને લખવું તો છે એ જ ભાષામાં, ત્યારે હું તરત કાશી ચાલ્યો ગયો. એ સમય હતો ચંપારણ્યમાં ગાંધીજીના સત્યાગ્રહ કરવાનો. ગંગાકિનારાનું એકાન્ત સ્થાન તો સાધનાની ગુફા જેવું હતું, પણ મારા કામમાં કેટલીયે મુશ્કેલીઓ હતી: ન તો હું શુદ્ધ વાંચવાવાળો હતો, ન તો મને હિન્દી સાહિત્યનો વિશાળ પરિચય હતો, અને ન તો મારા માટે જરૂરી બીજાં સાધનો સુલભ હતાં. તો પણ છેવટે સંકલ્પનું બળ તો હતું જ. જે અને જેવાં સાધનો મળ્યાં એથી જ હિન્દી ભાષાનું નવેસરથી અધ્યયન શરૂ કર્યું. અધ્યયન કરતી વખતે મને ઘણી ગ્લાનિનો અનુભવ થયો. ગ્લાનિ એટલા માટે કે હું દસ વર્ષ લગી સંસ્કૃત અને એની જેમ અનેક વિષયોને હિન્દી ભાષામાં જ ભણતો રહ્યો; તોપણ મારી હિન્દી ભાષા, પોતપોતાના વિષયમાં અસાધારણ પણ હિન્દીની દૃષ્ટિએ દરિદ્ર અને જૂની ઢબની હિન્દી બોલવાવાળા મારા અનેક પૂજ્ય અધ્યાપકોથી જરાય આગળ વધી શકી ન હતી! પણ આ ગ્લાનિએ વિશેષ બળ પ્રેર્યું.

પછી તો મેં કામતાપ્રસાદ ગુરુ, રામજીલાલ વગેરેનાં હિન્દીનાં કેટલાંય વ્યાકરણ જોયાં. હિન્દી સાહિત્યના વિખ્યાત લેખકોનાં ગ્રંથો, લેખો, પત્ર-પત્રિકાઓ વગેરે હું ભાષાની દૃષ્ટિએ જોવા લાગ્યો. આચાર્ય મહાવીરપ્રસાદ દ્વિવેદીના રઘુવંશ, માઘ વગેરેના અનુવાદો, અંગ્રેજીના સ્વાધીનતા, શિક્ષા વગેરેના અનુવાદો તો સાંભળ્યા જ; ઉપરાંત એ વખતનાં 'સરસ્વતી,' 'મર્યાદા,' 'અભ્યુદય' વગેરે અનેક સામયિકોને પણ હું અનેક દૃષ્ટિથી સાંભળવા લાગ્યો, પણ એમાં મુખ્ય દૃષ્ટિ તો ભાષાની જ હતી.

દરરોજ કેવળ સારા સાહિત્યને સાંભળી લેવાથી લખવાને યોગ્ય જરૂરી સંસ્કાર પડી નથી શકતો—એ પ્રતીતિ તો હતી જ. તેની સાથે સાથે હિન્દીમાં લખાવવાનો પ્રયોગ પણ કરતો રહ્યો. મને યાદ છે કે સૌથી પહેલાં મેં 'જ્ઞાનસાર' ને પસંદ કર્યો, જે સુપ્રસિદ્ધ તાર્કિક અને દાર્શનિક બહુશ્રુત વિદ્વાન ઉપાધ્યાય શ્રી યશોવિજયજીની પદ્યબદ્ધ મનોરમ કૃતિ છે. હું એ કૃતિનાં અષ્ટકોનો ભાવાનુવાદ કરતો, અને પછી વિવેચન પણ. પરંતુ હું વિશેષ એકાગ્રતા અને પરિશ્રમપૂર્વક અનુવાદ વગેરે લખાવીને જ્યારે મારા મિત્ર વ્રજલાલજીને બતાવતો, ત્યારે તેઓ ઘણીવાર મને એમાં કંઈ ને કંઈ ત્રુટિ બતાવતા. તેઓ એકદમ સ્પષ્ટ હિન્દીભાષા બોલનારા હતા, અને લખતા પણ સારું. એમણે બતાવેલી ત્રુટિઓ મોટે ભાગે ભાષા, શૈલી વગેરે સંબંધી રહેતી. એમણે બતાવેલી ત્રુટિઓને સાંભળીને હું કયારેય હતોત્સાહ થયો હોઉં, એવું સાંભરતું નથી. ફરી પ્રયત્ન, ફરી લખવું, ફરી એકાગ્રતા—આ ક્રમે બચ્છરાજ ઘાટ-ઉપરની ગુફા જેવી એ કોટડીમાં કડકડતી ટાઢ અને બળબળતી ગરમીમાં લગભગ આઠ મહિના વીત્યા. છેવટે થોડોક સંતોષ થયો. પછી તો મૂળ ધારેલા કામમાં જ પડ્યો. એ કામ હતું કર્મ વિષયક જૈન ગ્રંથોનો હિન્દીમાં અનુવાદ કરવો તથા વિવેચન કરવું. એ વર્ષે અષાડ મહિનામાં હું પૂના ગયો. નક્કી કરેલું કામ તો સાથે હતું જ, પણ પૂનાની રાજકીય, સામાજિક અને વિદ્યાવિષયક હિલચાલોએ પણ મને મારા લેખનકાર્યમાં ઉત્સાહિત કર્યો. તિલકનું ગીતા-રહસ્ય, કેલકરના નિબંધો, રાજવાડેનું ગીતાવિવેચન વગેરેને જોઇને મનમાં થયું કે હું જે કર્મગ્રંથોનાં અનુવાદ-વિવેચન કરું છું એમની પ્રસ્તાવનાઓ મારે તુલનાત્મક તેમજ ઐતિહાસિક દૃષ્ટિએ લખવી જોઇએ. પછી મને લાગ્યું કે, હવે તો આગરા જ યોગ્ય સ્થાન છે. ત્યાં પહોંચીને યોગ્ય સાથીઓની તજવીજ કરવામાં પડ્યો, અને છેવટે થોડી સફળતા પણ મળી. મનગમતી પ્રસ્તાવનાઓ માટે બની શકે એટલી વિશાળ દૃષ્ટિએ, જરૂરી એવું દાર્શનિક સંસ્કૃત-પ્રાકૃત-પાલિ વગેરે સાહિત્ય તો સાંભળતો જ હતો, પણ સાથે જ ધૂન હતી હિન્દી ભાષાના વિશેષ પરિશીલનની.

આ ધૂનનો ઇતિહાસ ચાર વર્ષ જેટલો લાંબો છે, પણ અહીં તો મારે એટલું જ કહેવું છે કે એ દિવસોમાં નાના-મોટાં, સંસ્કૃત-પ્રાકૃતભાષાના, હિન્દી અનુવાદ-વિવેચન મુક્ત સાત ગ્રંથો તૈયાર થયા, અને એમની પ્રસ્તાવનાઓ પણ, પૂર્ણ અંશે નહીં તો અલ્પાંશે પણ, સંતોષજનક લખાણી; અને ઘણોખરો ભાગ છપાઈ પણ ગયો. જે ગ્રંથો પૂરા તૈયાર થયા એ તો છપાયા, પણ કેટલોક ભાગ એવો પણ લખાયો કે જે, મારા માનવા પ્રમાણે, વિષય અને નિરૂપણની દૃષ્ટિએ ગંભીર હતો પણ પૂરો થયો ન હતો. એ અધૂરાં લખાણોને ત્યાં જ રહેવા દઈને હું સને ૧૯૨૧ના ઉનાળામાં અમદાવાદ ચાલ્યો ગયો.

ગુજરાત વિદ્યાપીઠમાં, બીજાં કામો સાથે લખતો તો હતો, પણ ત્યાં મુખ્ય કામ સંપાદન અને અધ્યાપનનું હતું. વચ્ચે વચ્ચે લખતો જરૂર, પણ ગુજરાતીમાં વધારે અને હિન્દીમાં તો ફક્ત પ્રસંગ પડયે જ. જોકે ગુજરાતમાં ગુજરાતીમાં જ કામ કરતો રહ્યો, છતાં મુખ તો હિન્દીભાષાના સંસ્કારો તરફ જ હતું. તેથી જ મેં તત્ત્વાર્થ વગેરેને હિન્દીમાં જ લખવાનું ચાલુ રાખ્યું.

ગુજરાતમાં, એમાંય વળી ગુજરાત વિદ્યાપીઠમાં અને ગાંધીજીના સાંનિધ્યમાં રહેવું એ, પ્રાચીન ભાષામા કહીએ તો, પુણ્યથી મળી શકે એવો પ્રસંગ હતો. ત્યાં જુદા જુદા વિષયોના પારંગત વિદ્વાનોનું જે જૂથ જામ્યું હતું એથી મારા લેખન-કાર્યમાં મને ઘણી પ્રેરણા મળી. એક સંસ્કાર તો એ દૃઢ થયો કે જે કંઈ લખવું તે ચાલુ બોલચાલની ભાષામાં લખવું-ભલે પછી એ ગુજરાતી હોય કે હિન્દી. સંસ્કૃત જેવી શાસ્ત્રીય ભાષામાં લખવું હોય તો પણ સાથોસાથ એનો ભાવ ચાલુ ભાષામાં મૂકવો જોઈએ. આનું ફળ પણ સારું જ અનુભવાયું.

અમદાવાદ અને ગુજરાતમાં બાર વર્ષ વીત્યાં. પછી ૧૯૩૩ થી કાશીમાં રહેવાનો પ્રસંગ આવ્યો. શરૂઆતનાં બે વર્ષ તો ખાસ કંઈ લખાવવામાં ન ગયાં, પણ ૧૯૩૫ થી નવો યુગ શરૂ થયો. પં. શ્રી દલસુખ માલવણીયા, જેઓ અત્યારે હિન્દી યુનિવર્સિટીની ઓરિયેન્ટલ કૉલેજમાં જૈન દર્શનના ખાસ અધ્યાપક છે તેઓ, ૧૯૩૫ માં કાશી આવ્યા. ફરી પાછી હિન્દીના લેખન-યજ્ઞની ભૂમિકા તૈયાર થવા લાગી. પ્રમાણમીમાંસા, જ્ઞાનબિન્દુ, જૈન તર્કભાષા, તત્ત્વોપપ્લવસિંહ, હેતુબિન્દુ જેવા સંસ્કૃત ગ્રંથોના સંપાદનનું કામ તો સામે હતું જ, પણ વિચાર આવ્યો કે, એની સાથે જુદા જુદા દાર્શનિક મુદ્દાઓ ઉપર તુલનાત્મક અને ઐતિહાસિક દૃષ્ટીએ ટિપ્પણો લખવા; પ્રસ્તાવનાં વગેરે પણ એ જ વિશાળ દૃષ્ટિથી લખવી, અને એ બધું હિન્દીમાં જ લખવું.

જોકે મારા કેટલાય મિત્રો અને ગુરુઓ, જેઓ મુખ્યત્વે સંસ્કૃતના ભક્ત હતા તેઓ, મને સલાહ આપતા હતા કે સંસ્કૃતમાં જ લખો; એથી વિદ્વાનોની પરિષદમાં પ્રતિષ્ઠા વધશે. જો હું ઇચ્છત તો જરૂર સંસ્કૃતમાં-અને કદાચ સુંદર સરળ સંસ્કૃતમાં-લખત, પણ હિન્દી ભાષામાં લખવાના મારા સંસ્કારે મને બિલકુલ સ્થિર રાખ્યો. ત્યારથી વિચારું છું તો લાગે છે કે, હિન્દીમાં લખ્યું તે સારું થયું. જો સંસ્કૃતમાં લખત તોપણ છેવટે એનાથી ભણવાવાળા તો પોતપોતાની ભાષામાં જ સાર ગ્રહણ કરત. આ સ્થિતિમાં હિન્દી ભાષામાં લખેલા વિષયને વાંચવાવાળા બહુ સહેલાઈથી સમજી શકે છે. મને થયું કે કેટલાક બંગાળી અને કેટલાક દક્ષિણવાસી એવા હોઈ શકે કે જેઓ હિન્દીને બરાબર નથી જાણતા કે સમજતા, પણ જ્યારે હિન્દી ભાષા રાષ્ટ્રીય, વ્યાપક અને સરળ છે ત્યારે એ ભાઇઓ પણ, જો પુસ્તક ગ્રહણ કરવા યોગ્ય લાગ્યું તો, જરૂર વાંચવાનો વિચાર કરશે અને, જિજ્ઞાસા થશે તો, આ નિમિત્તે હિન્દી સમજવાનો પ્રયત્ન પણ કરશે, અને રાષ્ટ્રભાષાના પ્રચારની ગતિને પણ વેગ આપશે. અસ્તુ.

કાશીમાં હતો ત્યારે કયારેક મિત્રોએ સલાહ આપી હતી કે હું મારા ગ્રંથો મંગલાપ્રસાદ પારિતોષિકને માટે સમિતિને મોકલી આપું; પણ હું કયારેય મનથી પણ આ પ્રલોભનમાં ન પડયો-એમ વિચારીને કે મેં જે લખ્યું છે તે જો તે વિષયના સુનિષ્ણાતોને યોગ્ય અને ઉપયોગી લાગશે તો એ બાબત પારિતોષિક કરતાં પણ વધારે મૂલ્યવાન છે; તો પછી પારિતોષિકની આશામાં મનને વિચલિત શા માટે કરવું ? બીજું પણ જે કંઈ પ્રાક્કથન વગેરે લખવું પડતું તે, કાશીમાં તો, પ્રાયઃ હિન્દીમાં જ લખતો હતો. પણ ૧૯૪૪ ના જાનેવારી માસમાં મુંબઈ અને ત્યાર પછી ૧૯૪૭ માં અમદાવાદ આવ્યો ત્યારથી આજ લગીમાં હિન્દી ભાષામાં લખવાના વિચારનો સંસ્કાર ઢીલો થયો નથી. જોકે ગુજરાતમાં વિશેષ રીતે ગુજરાતીમાં જ પ્રવૃત્તિ ચાલે છે તો પણ, રાષ્ટ્રીય ભાષાના સગપણે, અને પહેલા દૃઢ સંસ્કારને કારણે, જ્યારે હિન્દીમાં લખું છું ત્યારે વિશેષ સંતોષ થાય છે. તેથી જ, ગુજરાતમાં રહેવા છતાં, જુદા જુદા વિષયો ઉપર થોડું ઘણું કંઇક ને કંઇક તો હિન્દીમાં લખતો જ રહું છું. જો આ કહેવાની પાછળ મારો કોઈ ખાસ આશય ન હોત તો હું આ રુચિકર કે અરુચિકર રામકહાણીને લખવામાં ન તો મારો વખત વિતાવત કે ન તો એ સંભળાવવામાં સભાનો સમય લેત; મારો મુખ્ય અને મૌલિક મત એ છે કે માનવી જ્યારે કોઈ સંકલ્પ કરી લે છે, અને જો એ સંકલ્પ દૃઢ અને વિચારપૂત હોય છે તો એ દ્વારા એ છેવટે જરૂર સફળ થાય છે. બીજી વાત જે મને સૂઝે છે તે એ કે અધ્યયન-મનન-લેખન વગેરે વ્યવસાયનું મુખ્ય પ્રેરક બળ કેવળ અન્તર્વિકાસ અને આત્મસંતોષ જ હોવું જોઇએ; કીર્તિ, અર્થલાભ, બીજાઓને સુધારવા વગેરે બાબતોનું સ્થાન તો વિદ્યાઉપાસનામાં ગૌણ છે. એની મુખ્યત્વે અન્યને માટે જ હોય છે; ઘાસ-ચારો વગેરે તો અન્નની સાથે આનુષંગિક છે.

પ્રાન્તીય ભાષા અને રાષ્ટ્રભાષાનો સંબંધ

હું, ગુજરાતી ભાષી હોવાને કારણે, ગુજરાતી ભાષાના સાહિત્યના ઉત્કર્ષનો પક્ષપાતી હતો અને છું. પણ તેથી રાષ્ટ્રભાષા પ્રત્યેના મારા દૃષ્ટિબિંદુમાં કયારેય કશો ફેર પડયો નહોતો; આજે પણ કશો ફેર નથી. ઊલટું મેં જોયું છે કે આ પ્રાન્તીય ભાષાઓ એકબીજાની સગી બહેનો છે; કોઈ એક ભાષા બીજીના ઉત્કર્ષ વગર પોત-પોતાનો પૂરો અને સર્વાંગીણ ઉત્કર્ષ સાધી જ ન શકે. પ્રાન્તીય ભાષા-ભગિની-ઓમાં પણ, કેટલાંય કારણોસર, રાષ્ટ્રભાષાનું વિશિષ્ટ સ્થાન છે. આ સ્થાનની પ્રતિષ્ઠા જળવી રાખવા માટે અને એમાં વધારો કરવાને માટે હિન્દીના સુલેખકો અને વિચારકો ઉપર ગંભીર જવાબદારી પણ છે.

એક બાજુ સંકુચિત અને ભીરુ મનોવૃત્તિ ધરાવતા પ્રાન્તીય ભાષાના પક્ષપાતીઓને કારણે કંઈક ગેરસમજ ઊભી થાય છે તો બીજી બાજુ હિન્દીના કેટલાક આવેશયુક્ત અને ધમંડી સમર્થકોને કારણે પણ કેટલીક ગેરસમજો ફેલાવા પામે છે. પરિણામે એવું વાતાવરણ પણ તૈયાર થઈ જાય છે કે જાણે પ્રાન્તીય ભાષાઓ અને રાષ્ટ્રભાષામાં આપસમાં હરીફાઈ હોય. આની અસર સરકારી તંત્રમાં પણ દેખાય છે. પણ હું નિશ્ચિતપણે માનું છું કે પ્રાન્તીય ભાષાઓ અને રાષ્ટ્રભાષાની વચ્ચે કોઈ વિરોધ નથી અને ન હોવો જોઇએ. પ્રાન્તીયભાષાનાં પ્રવૃત્તિ અને કાર્યક્ષેત્ર મુખ્યત્વે પ્રાન્તીય સર્વાંગીણ શિક્ષણ, પ્રાન્તીય સામાજિક, આર્થિક અને રાજકીય વ્યવહાર સુધી મર્યાદિત છે; જ્યારે રાષ્ટ્રભાષાનું પ્રવૃત્તિક્ષેત્ર આંતરપ્રાંતીય બધા વ્યવહારો સુધી પ્રસરેલું છે. તેથી રાષ્ટ્રીયતાને સગપણે, દરેક શિક્ષિત કહેવાતી પ્રાન્તીય વ્યક્તિએ રાષ્ટ્રભાષાને જાણવી એ જરૂરી છે અને લાભકારક પણ છે. એ જ રીતે જેમની માતૃભાષા હિન્દી છે તેઓ પણ શિક્ષિત અને સંસ્કારી કોટિમાં ત્યારે જ ગણાય કે જ્યારે તેઓ પ્રાન્તીય ભાષાઓથી વધારેમાં વધારે પરિચિત થાય. શિક્ષણ આપવું કે લેવું, વિચાર કરવો અને તેને વ્યક્ત કરવો વગેરે બધાં કામ માતૃ-ભાષામાં વધારે સહેલાઈથી થાય છે, અને તે કારણે જ એમાં મૌલિકતાનો પણ સંભવ છે. જ્યારે કોઈ પ્રાન્તીય ભાષા બોલનાર પોતાની સહજ માતૃભાષામાં મૌલિક અને વિશિષ્ટરૂપે લખશે ત્યારે એનો લાભ રાષ્ટ્રભાષાને જરૂર મળવાનો અનેક પ્રાન્તીય ભાષાઓના આવા લેખકોનાં સર્જન પોતપોતાના પ્રાન્ત ઉપરાંત આખા રાષ્ટ્રને માટે ભેટ રૂપ બની જાય છે. કવિવર ટાગોરે બંગાળીમાં લખ્યું. પણ એ તો આખા રાષ્ટ્રને માટે અર્પણ સાબિત થયું. ગાંધીજી ગુજરાતીમાં લખતા હતા તોપણ એ બીજી ભાષાઓ ઉપરાંત રાષ્ટ્રભાષામાં પણ ઊતરતું હતું. સાચું બળ તો પ્રતિભાજન્ય મૌલિક વિચાર અને લખાણમાં રહેલું છે—ભલે પછી એ કોઈ પણ ભાષામાં વ્યક્ત કેમ ન થયાં હોય—એને અપનાવ્યા વિના બુદ્ધિજીવી માનવીને સંતોષ થતો જ નથી. તેથી જ, મારા મત પ્રમાણે, પ્રાન્તીય ભાષા બોલનારા-ઓએ હિન્દીભાષાના પ્રચારને આક્રમણ માનવાની કે શંકાની દૃષ્ટિએ જોવાની કશી જરૂર નથી. તેઓ પોતપોતાની ભાષામાં પોતાની શક્તિ વિશેષરૂપે દર્શાવશે તો એમનું સર્જન, છેવટે, રાષ્ટ્રભાષાની એક ભેટ જ સાબિત થશે. એ જ રીતે રાષ્ટ્રભાષાના અતિ ઉત્સાહી પણ લાંબું નહીં જોઈ શકનારા લેખકો અને વકતાઓને પણ મારે નમ્રપણે કહેવાનું છે કે તેઓ પોતાના લખાણ કે ભાષામાં એવી કોઈ વાત ન કહે કે જેથી બીજા પ્રાંતોમાં હિન્દીના આક્રમણની લાગણી પેદા થાય. ઉત્સાહી અને સમજદાર પ્રચારકોનું વિનમ્ર કાર્ય તો એ હોવું જોઇએ કે તેઓ રાષ્ટ્રીય ભાષાના સાહિત્યની ગુણવત્તા વધારવા તરફ જ ધ્યાન આપે, અને પોતે યથાશકિત પ્રાન્તીય ભાષાઓનું અધ્યયન પણ કરે, એમાંનો સારભૂત ભાગ હિન્દીમાં ઉતારે અને પ્રાન્તીય ભાષાઓના સુલેખકોની સાથે હળીમળી જાય, જેથી સૌને એમના પ્રત્યે આદરને પાત્ર અતિથિની લાગણી પેદા થાય.

રાષ્ટ્રભાષાની પ્રતિષ્ઠા વધારવા માટેનાં કેટલાંક સૂચન

રાજકીય સત્તાને કારણે, પહેલવહેલાં, ભલે અંગ્રેજી ભાષાનું વર્ચસ્વ શરૂ થયું, પણ આજે એના પ્રત્યે જે અતિઆકર્ષણ અને આદર-મમતાની લાગણી છે તે તો એની અનેક પ્રકારની ગુણવત્તાને કારણે જ. આજે ભારત ઉપર અંગ્રેજી ભાષાનો ભાર લાદવાવાળી કોઇ પારકી સત્તા નથી, તો પણ, જ્યારે એની વિશિષ્ટ પ્રકારની શક્તિને કારણે, આપણે સ્વેચ્છાએ એના ભક્ત બની જઇએ છીએ ત્યારે આપણું એ કર્તવ્ય બની જાય છે કે રાષ્ટ્રભાષાના પક્ષપાતી અને પ્રચારક એવા આપણે રાષ્ટ્રભાષામાં એવી ગુણમુકત મોહિની લાવવાનો પ્રયત્ન કરીએ કે જેથી સર્વ સ્થળે એનો સહજ આદર થવા લાગે. હિન્દી ભાષાના પ્રચારને માટે અત્યારે જેટલાં સાધન-સગવડો છે એટલાં પહેલાં કયારેય ન હતાં. હવે તો જરૂર ફકત એ જ વાતની છે કે હિન્દી ભાષાના સાહિત્યના પ્રત્યેક અંગને પૂર્ણ રૂપે વિકસિત કરવાની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવે.

જર્મન, ફ્રેંચ, અંગ્રેજ વગેરે અનેક પાશ્ચાત્ય વિદ્વાનોએ ભારતીય ભાષાઓ, દર્શનો, શાસ્ત્રો, પરંપરાઓ અને શિલ્પ-સ્થાપત્ય વગેરે સંબંધમાં, છેલ્લાં સો-સવાસો વર્ષમાં, એટલું બધું અને શોધપૂર્ણ લખ્યું છે કે એના મહત્ત્વપૂર્ણ ભાગને જાણ્યા વગર આપણે આપણા ઉચ્ચતમ સાહિત્યની ભૂમિકા જ તૈયાર ન કરી શકીએ. આ દૃષ્ટિએ કહેવું હોય તો કહી શકાય કે રાષ્ટ્રભાષાનાં સાહિત્યવિષયક બધાં અંગ-પ્રત્યંગોના અદ્યતન વિકાસને સાધવાને માટે એક એવી અકાદમીની જરૂર છે કે જેમાં એ વિષયના પારદર્શી વિદ્વાનો અને લેખકો સમયે સમયે મળતા રહે અને બીજી અધિકારી વ્યકિતઓને પોતપોતાના વિષયમાં માર્ગદર્શન કરે, જેથી નવી પેઢી વધારે શકિતશાળી પેદા થાય.

વેદ, બ્રાહ્મણ, આરણ્યક, ઉપનિષદ, પિટર, આગમ, અવેસ્તા વગેરેથી લઇને આધુનિક ભારતીય વિવિધ વિષયોને લગતી કૃતિઓ ઉપર પાશ્ચાત્ય ભાષાઓમાં એટલું બધું-અને કયારેક કયારેક તો એટલું ઝીટપણભર્યું અને મૌલિક-લખાયું છે કે એનો પૂરો ઉપયોગ કર્યા વગર આપણે હિન્દી સાહિત્યની રાષ્ટ્રીય કે આન્તરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા વધારી જ ન શકીએ.

હું અહીંયાં કંઈ સમાલોચના કરવા કે ઉપદેશ દેવા માટે ઉપસ્થિત નથી થયો; પણ, મારું કામ કરતાં કરતાં, મને જે અનુભવ થયો, જે વિચાર આવ્યો તે જો નમ્રપણે સૂચિત ન કરું તો હું સાહિત્યનો-ખાસ કરીને હિન્દી સાહિત્યનો-ઉપાસક જ કેવી રીતે કહેવાઉં ?

જ્યારે હું, અંગ્રેજીના સાવ ઓછા પરિચય દ્વારા પણ, મેકસ-મૂલર, થીબો, ગાર્બે, જેકોબી. વિન્ટર્નિત્સ, શેરબીત્સ્કી વગેરેની તપસ્યાને થોડે અંશે પણ સમજી શકયો અને એ જ વિષયના સાવ નવા લેખકોની સાધનાની સરખામણી એ મનીષીઓની સાધનાની સાથે કરી તો મને લાગ્યું કે જો મારી ઉંમર અને શકિત હોત, અથવા તો પહેલેથી જ એ દિશામાં કંઈ, પ્રયત્ન કરવાનું મને સૂઝત, તો હું મારા વિષયમાં જરૂર કંઈક વધારે મૌલિકતા લાવી શકત. પણ આથી હું જરાય નિરાશ નથી. હું કેવળ વ્યકિતમાં જ કામની પૂર્ણાહુતિ માનવાવાળો નથી; વ્યકિત તો સમષ્ટિનું એક અંગ છે; એણે વિચારેલા અને કરેલા કામના મૂળમાં જો શુભ સંકલ્પ રહેલ હશે તો એ સમષ્ટિ અને નવી પેઢી દ્વારા સફળ થયા વિના નહીં જ રહે ! ભારતનું ભાવી ખૂબ આશાભર્યું છે. જે ભારત ગાંધીજી, વિનોબાજી અને નેહરુને પેદા કરીને સત્ય, અહિંસાની સાચી પ્રતિષ્ઠા કરી શકે છે તે જરૂર પોતાની નિર્બળતાઓને વાળીચોળીને ફેંકી દેશે. મને આશા છે કે, મારા આ કથનને આપ અતિવાદ (વધારે પડતું) નહીં સમજો.

હું વર્ધાની રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિનો આભારી છું, કે જેણે એક એવી વ્યકિતની ખૂણામાં પડેલી કૃતિઓને શોધીકાઢી કે જેણે પોતાની કૃતિઓને પુરસ્કાર મળવાની આશા કદી સ્વપ્નમાં પણ સેવી નહોતી. 'મહાત્મા ગાંધી પુરસ્કાર' ની યોજના એટલા માટે પ્રશંસનીય છે કે તેથી અહિન્દીભાષી આશાસ્પદ લેખકોને ઉત્તેજન મળે છે. મારા જેવી વ્યકિત તો, કદાચ બાહ્ય ઉત્તેજન વગર પણ, અંદરની પ્રેરણાને કારણે, કંઇ જે કંઇ લખ્યા વગર શાંત ન રહી શકે; પણ નવી પેઢીનો સવાલ જુદો છે. એ પેઢી ઉપર તો આ પુરસ્કારની અસર જરૂર થવાની જ.

પંડિત સુખલાલજી

પ્રકીર્ણ નોંધ

કોરી ઉપર કટક

કોરીઆ અને ઈન્ડો-ચાઇનાના યુદ્ધવિરામ બાદ દુનિયા સુલેહ શાન્તિના માર્ગે સ્થિર પગલે આગળ વધી રહી હતી. માર્શલ સ્ટેલીનના અવસાન બાદ રશીઆની રાજનીતિમાં ફરક પડવા લાગ્યો હતો. રશીઆ અને દુનિયાના અન્ય દેશો વચ્ચે ઉભી કરવામાં આવેલ લોખંડી દીવાલમાં બાકોરા પડવા માંડ્યા હતા. રશીઆના રાજ્યકર્તાઓ દુનિયાના અન્ય રાજ્યકર્તાઓના વધારે ને વધારે સંસર્ગમાં આવી રહ્યા હતા. સ્ટેલીનનાં પ્રવચનો અને નિવેદનોમાં જે કડકાઈ અને વક્રતા જોવામાં આવી હતી તેના સ્થાને તેમની જગ્યાએ આવેલ રાજ્યકર્તાઓની રીતભાત અન્ય દેશો સાથે સુમેળ સાધવાની વૃત્તિથી પ્રેરાયલી અને વિશ્વશાન્તિના વિચારને પ્રેરક અને પોષક લાગતી હતી. અમેરિકાના વિદેશ મંત્રીની નીતિ વિશ્વશાન્તિને જોઇએ તેટલી પોષક નહોતી, એમ છતાં પણ તેના પ્રમુખ આઇઝનહોવરનું વળણ સામાન્યતઃ શાન્તિના વાતાવરણને અનુકુળ હતું. અણુશસ્ત્રોની ભીષણ ભયાનકતાનું દુનિયાની પ્રજાઓને વધારે ને વધારે ભાન થતું જતું હતું અને હવે પછીનુ કોઈ પણ વિશ્વયુદ્ધ દુનિયાના સર્વતોમુખી વિનાશમાં જ આવે એ વિષે લગભગ સર્વત્ર એકમત જ પ્રવર્તતો હતો. આમ હોવાથી દુનિયાની શાન્તિ ડોળાય એવું કોઈ પણ પગલું સમજુ અને આગળ વધેલા દેશોમાંથી કોઈ પણ દેશ અખત્યાર નહિ કરે એવી શ્રદ્ધામાં આપણી રાત્રીઓ અસ્ખલિત નિદ્રામાં પસાર થતી હતી. આ દરમિયાન છેલ્લા પખવાડિયામાં બનેલી સહજમાં કલ્પી ન શકાય એવી દુર્ઘટનાએ આખી દુનિયાને બેચેન બનાવી મૂકી છે અને આપણું આખું ભાવી અત્યન્ત ચિન્તાજનક બની બેઠું છે.

ગયા ઓગસ્ટ મહીનાની આખરમાં ઈજીપ્તે સુએઝની નહેરનો કબજો લીધો અને તેને લગતી કંપનીનું રાષ્ટ્રીયકરણ કર્યું ત્યારથી દુનિયાના વાતાવરણમાં અશાન્તિના તત્ત્વે પ્રવેશ કર્યો હતો. આમ છતાં સુએઝને લગતા ઝગડાના નિવારણ માટે જે માર્ગો યોજાઈ રહ્યા હતા અને જે વાટાઘાટો ચાલતી હતી તે જોતાં ઉભય પક્ષને માન્ય એવું નિરાકરણ થોડા સમયમાં આવી જશે એવી આશા આપણે સેવતા હતા. પોતાના સાર્વભૌમત્વને પ્રતિકુળ ન હોય એવી કોઇ પણ યોજના ઇજીપ્તની સરકાર સ્વીકારવાને તૈયાર હતી. આજ સુધી જેના હાથમાં વહીવટ હતો તે અંગ્રેજ અને ફ્રાન્સની સરકાર સુએઝ ઉપર આન્તરરાષ્ટ્રીય નિયંત્રણ મૂકવાનો આગ્રહ કરી રહી હતી. આ બેની વચ્ચે કોઈ મધ્યમ માર્ગ શોધાશે અને આ ધર્ષણનો થોડા સમયમાં અન્ત આવશે એમ સૌ કોઇને લાગતું હતું. પણ કમનસીબે પ્રસ્તુત પ્રશ્નનો કોઈ શાન્તિભર્યો ઉકેલ ઇગ્લંડ અને ફ્રાન્સને ખપતો નહોતો. આ ઉપરાંત ઈજીપ્ત પોતાના પ્રાદેશિક સાર્વભૌમત્વનો પ્રશ્ન જ ઉઠાવી ન શકે એવી અસાધારણ પરિસ્થિતિ આ બન્ને રાજ્યસત્તાઓ એકાએક ઉભી કરવા માંગતી હતી. આવા આશયથી પ્રેરાઇને ઈજીપ્તની પૂર્વ દિશાએ આવેલ ઈઝરાઇલ કે જ્યાં યહુદી લોકોની સત્તા સ્થિર થયેલી છે તેની સરકાર સુએઝની પૂર્વ બાજુએ આવેલ ઈજીપ્તનો જ મુલક જે 'સીનાઇના રણ' તરીકે ઓળખાય છે તે ઉપર ચઢાઈ કરે અને સર કરે અને બીજી બાજુએ કોઈ પણ બહાના નીચે બ્રીટન અને ફ્રાન્સ ઈજીપ્ત ઉપર ચઢાઈ કરીને સુએઝનો કબજો લે એવું એક કાવતું આ ત્રણ સત્તાના આગેવાનો તરફથી યોજવામાં આવ્યું અને એ મુજબ ઇઝરાઇલે સીનાઇના રણ ઉપર અણધાર્યો હલ્લો કર્યો અને ઇજીપ્ત એ બાજુનો પ્રદેશ બચાવવામાં રોકાય એ દરમિયાન બ્રીટને અને ફ્રાન્સે ઈજીપ્ત અને ખાસ કરીને સુએઝના પ્રદેશની બાજુએ એકાએક હવાઈ હુમલો કર્યો. આ રીતે દુનિયામાં સુલેહ અને શાન્તિના રક્ષકસ્તંભ સમા બ્રીટન અને ફ્રાન્સે ઈજીપ્ત ઉપર જેનો કોઈ પણ રીતે બચાવ થઇ ન શકે એવું કેવળ પાશવી આક્રમણ કર્યું. ઈજીપ્તના હવાઈ દળનો સંપૂર્ણ નાશ કર્યો અને સુએઝનો કબજો લીધો અને બીજી બાજુએ ઇઝરાઇલે

રીનાઇના રણનો પણ કબજો લઇ લીધો અને સુએઝની પૂર્વ બાજુ સમીપ તેનું સૈન્ય આવી પહોંચ્યું. દુનિયાના લગભગ સર્વ દેશોએ આ અમાનુષી પગલાંનો સખ્ત વિરોધ કર્યો; સંયુકત રાજ્યોની સલામતી સમિતિએ લશ્કરી પ્રવૃત્તિ એકદમ સ્થગિત કરવાનો આદેશ આપ્યો. પણ મૂળ યોજનાના મુજબ સુએઝ ઉપરનો કબજો સ્થાપિત થતા સુધી કોઇને પણ સાંભળવાની બ્રીટને, ફ્રાન્સે દરકાર ન કરી. આ દરમિયાન રશીઆએ જો યુધ્ધ તહકુબી તરંતમાં ફરમાવવામાં ન આવે તો મીસરની મદદે પોતાની યુધ્ધશકિત વાપરવાની ધમકી આપી. અને ત્રીજું વિશ્વ યુધ્ધ શરૂ થવાની કટોકટી દુનિયા સામે આવીને ઉભી રહી. સુએઝ પૂરતો મર્યાદિત હેતુ સિધ્ધ થઇ ચુકેલો હોવાથી બ્રીટને અને ફ્રાન્સે પોતાનાં શસ્ત્રો મ્યાન કર્યા. અને સંયુકત રાષ્ટ્રોની સલામતી સમિતિના ઠરાવ મુજબ આન્તરરાષ્ટ્રીય પોલીસ દળ ઉભું થાય તેને સુએઝનો કબજો હવાલે કરવાનું કબુલ્યું. આ રીતે આજે દુનિયામાં એકાએક ઉભી થયેલી યુધ્ધ પરિસ્થિતિ તત્કાળ સ્થગિત થવા પામી છે, પણ બ્રીટન અને ફ્રાન્સે જે નફટાઇભર્યું આચરણ કર્યું અને વડચેટાની જાણીતી કહેવતનું જીવતું અને જાગતું ઉદાહરણ દુનિયાને પૂરું પાડયું તેના આઘાત પ્રત્યાઘાતો કેવા થશે તેની આજે કોઇ કલ્પના થઇ શકતી નથી. જો ઇંગ્લેંડ અને ફ્રાન્સ જેવા શાણા ગણાતા રાષ્ટ્રો આમ ભાન ભુલે અને એકાએક જંગલી બની શકે અને પોતાના એક નાનકડા સ્વાર્થ ખાતર દુનિયાને યુધ્ધના દાવાનળ તરફ હડસેલી શકે અને આમ બળજોરીથી એક નાના સરખા દેશની છાતી ઉપર આજના જમાનામાં આ રીતે ચડી બેસી શકે તો કયો દેશ કયારે કેમ નહિ વર્તે તે વિષે આજે કશું પણ નિશ્ચયપૂર્વક કહેવાની સ્થિતિ નથી રહી. ત્રીજા વિશ્વ યુધ્ધની શકયતા ઘટવાને બદલે ઉલટી વધી છે, અને હજુ પણ આ પ્રકારનાં આક્રમણોને અશકય બનાવવામાં નહિ આવે તો સર્વતોમુખી વિનાશને નોતરવા સિવાય આપણા માટે કોઇ બીજો વિકલ્પ રહેતો નથી એવી નિરાશા અને ગમગીની આજે આપણી સામે બની ચુકેલી રાક્ષસી દુર્ઘટના જોતાં આપણું દિલ અનુભવે છે.

સામાજિક ક્રાંતિના સૂત્રધાર શ્રી વસંતલાલ મુરારકાને અંજલિ

મારવાડી સમાજના એક જાણીતા ક્રાન્તિલક્ષી સામાજિક કાર્યકર્તા શ્રી વસન્તલાલ મોરારકાનું ગયા ઓકટોબર માસની દશ તારીખે કલકત્તામાંતે અવસાન થયું. જીવનકાળમાં લગભગ ૪૦ વર્ષ સુધી શ્રી મુરારકાએ પોતાના રૂઢિચુસ્ત સમાજ વચ્ચે રહીને એકસરખું રાજકીય તેમજ સામાજિક ક્રાન્તિનું કાર્ય કર્યું હતું અને તે ખાતર તેમણે અનેક વિપત્તિઓનો સામનો કર્યો હતો અને પારવિનાની હાડમારીઓ તથા અપમાન તિરસ્કાર સહન કર્યાં હતાં. એમની સેવાપ્રવૃત્તિથી રાજસ્થાન તેમ જ કલકત્તાનો મારવાડી સમાજ અત્યન્ત પ્રભાવિત હતો.

છેલ્લા છ મહીનાથી તેઓ કેન્સરના અસાધ્ય દર્દથી પીડાતા હતા. અને દિન પ્રતિદિન તેમની શરીરસ્થિતિ વધારે ને વધારે ગંભીર થતી જતી હતી. ગયા ઓકટોબર માસની ૧૦ તારીખે સાંજના સમયે અનેક મિત્રો અને પ્રશંસકો તરફથી રાજસ્થાનના અગ્રણી નેતા શ્રી જયનારાયણ વ્યાસના પ્રમુખસ્થાને શ્રી મુરારકાનો એક અભિનન્દન સમારંભ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગ તેમની અત્યન્ત નાજુક અને નાદુરસ્ત તબિયતના કારણે તેમના પોતાના જ નિવાસસ્થાન ઉપર ગોઠવવામાં આવ્યો હતો અને આ સમારંભમાં પલંગ ઉપર સૂતાં સૂતાં શ્રી મુરારકાએ ભાગ લીધો હતો. પ્રસ્તુત પ્રસંગે તેમને એક સુન્દર અભિનન્દનપત્ર સમર્પિત કરવામાં આવ્યું હતું. તે માટે ઉપસ્થિત ભાઇ બહેનોનો આભાર માનતાં શ્રી મુરારકાએ જણાવ્યું હતું કે "આજ મારૂં અભિનન્દન કરવાના હેતુથી આ આયોજન કરવામાં આવ્યું છે અને મારા સંબંધમાં કાંઇ કાંઇ કહેવામાં આવ્યું છે. આ માટે હું કોનો અને શી રીતે આભાર માનું? આ આયોજન એ સાથીઓ મારફત કરવામાં આવ્યું છે કે જેમની સાથે ખભેખભા મેળવીનેં છેલ્લાં ૪૦ વર્ષ દરમિયાન હું સ્વાધીનતાની લડાઈ લડ્યો છું અને સામાજિક ક્રાન્તિના મેં બી વાવ્યા છે. એ સાથીઓની લગની અને ઉત્સાહને લીધે જ આ કાર્ય થઈ શકયું છે. આમ હોવાથી આ અભિનન્દન જેટલું મારૂં છે તેટલું જ એ સર્વનું છે, અને મારૂં કે તેમનું પણ શું? આ અભિનન્દન તો એ વિચારો અને કાર્યોનું છે કે જેને લીધે સમાજમાં પરિવર્તન પેદા થયું છે.

"મારે તો આપને એ જ કહેવાનું છે કે જો કે આપણે રાજકીય સ્વતંત્રતા પ્રાપ્ત કરી છે, એમ છતાં પણ આર્થિક તેમ જ સામાજિક સ્વતંત્રતા પ્રાપ્ત કરવાની હજુ બાકી છે. તે આજે પણ એક મોટું ક્રાન્તિકારી કાર્ય છે. સામાજિક સ્વતંત્રતા પ્રાપ્ત કર્યા સિવાય આપણે કદિ પણ આર્થિક સ્વતંત્રતા પ્રાપ્ત કરી નહિ શકીએ અને સામાજિક ક્રાન્તિનો મોટો આધાર પુરાણી પરંપરાઓને નાબુદ કરવા ઉપર રહેલો છે. એ સડેલી પરંપરાઓને લીધે પ્લેગના જન્તુઓ ઉત્પન્ન થઈ ચુકયા છે, આપણે તેનો સામનો કરવાનો છે. જ્યારે કોઈ પણ વસ્તુમાં એવા રોગના જન્તુઓ ઉત્પન્ન થાય છે ત્યારે તે વસ્તુ ગમે તેટલી સારી હોય તો પણ તેનો ત્યાગ કરવો ઘટે છે. કોઈ મકાનમાં સંગેમરમરનો ઓરડો હોય પણ જો તે પુરાણો થઈ જાય અને નવી રહેણીકરણીને લાયક ન રહે તો તે ઓરડો તોડી નાંખવો જ પડે છે. આ રીતે જે પરંપરા પુરાણી હોય, સડી ગયેલી હોય, તે ગમે તેટલી સારી હોય, ગમે તેટલી કીંમતી હોય તો પણ નિર્ભયતાપૂર્વક તેને નાબુદ કરવી ઘટે છે. જો આપણે પુરાણી પરંપરાઓને બચાવવામાં ફસાઈ પડીશું તો નવા સમાજનું નિર્માણ કરી નહિ શકીએ.

"આજે નવા સમાજનું નિર્માણ થઇ રહ્યું છે. તેમાં જાતપાત, સાંપ્રદાયિકતા વગેરે રાક્ષસો નહિ હોય, ઊંચ નીચનો ભાવ નહિ હોય. એક આદમી મોટી મોટી મહેલાતોમાં બેઠો બેઠો માલમિષ્ટાન્ન ઉડાવે અને બીજો ભૂખે મરે એ પણ નહિ જ બની શકે. હું આપને અનુરોધ કરૂં છું કે આપણે સર્વ એકઠા થઈને પ્રાચીન પરંપરાના જન્તુઓનો નાશ કરીને નવા સમાજનું નિર્માણ કરીએ. ત્યારે જ દેશમાં નવું જીવન આવશે, અને રાષ્ટ્રીય નવનિર્માણની યોજનાઓ સફળ બનશે. હવે તો સમાજવાદનો જમાનો શરૂ થઇ ચુકયો છે. દેશ જોસભેર બદલાઇ રહ્યો છે. તેમાં જેઓ પુરાણી રૂઢિને પકડીને બેસી રહેશે તેમને છોડીને દેશ આગળ ચાલ્યો જવાનો છે. આજે આપણ સર્વનું એકજ કાર્ય છે કે યુગના અવાજને આપણે ઓળખીએ અને જેવી રીતે આપણે એક દિવસ રાજનૈતિક સ્વતંત્રતા પ્રાપ્ત કરવામાં જોડાઇ ગયા હતા એ રીતે આજે સામાજિક તેમ જ આર્થિક સ્વતંત્રતા પ્રાપ્ત કરવામાં લાગી જઇએ. સામાજિક ક્રાન્તિ ઝિન્દાબાદ!"

તેમના જીવનનો આ છેલ્લો સંદેશો હતો. આ સમારંભ પછી ૪૦ કલાકમાં તેમણે વિનશ્વર દેહનો ત્યાગ કર્યો અને જેમણે ઉપરના સન્માન સમારંભમાં ભાગ લીધો હતો તેમનામાંના ઘણાખરાના ભાગે તેમની સ્મશાનયાત્રામાં સામેલ થવાનું આવ્યું. આજે નિર્માણ થઈ રહેલી બહુમુખી ક્રાન્તિના આવા એક યશસ્વી પુરસ્કર્તાને ઊંડા દિલના આદરની અંજલિ સમર્પિત હો!

યંત્રધર્મીતા વિરૂધ્ધ સાચી ધાર્મિકતા

એક મિત્રે નીચેની આખ્યાયિકા મોકલી છે:—

"એક વિષ્ણુભકત હંમેશા ખરે બપોરે કાવડભરીને ગંગાજળ દ્વારકાધીશને માટે લઈ જતો હતો. દ્વારકાધીશ પ્રત્યે તેના દિલમાં ઉંડી ભકિત હતી. એક વાર બપોરના વખતે આમ કાવડ ઉપાડીને જતાં આ વિષ્ણુભકતે એક ગધેડાને રસ્તામાં પાણીની તરસથી તરફડતો જોયો. એને પાણી પાવું જોઇએ એમ આ ભકતનાં દિલમાં થયું, પણ દ્વારકાધીશ માટેનું ગંગાજળ ગધેડાને કાંઈ પવાય? આમ વિચાર કરીને તે આગળ ચાલ્યો પણ દિલમાં ઉભો થયેલો ખટકો તેને આગળ પગલાં ભરવા ન દે. અન્તે પાછો ફર્યો અને પેલા ગધેડાને પાણી પાયું અને પરિણામે તે મરતો બચ્યો. પછી આગળ ચાલ્યો અને એક ઠેકાણે વિસામો લેવા જરા આડે પડખે થયો અને તેની આંખ વીંચાઇ ગઈ. ઊંઘમાં તેને સ્વપ્નું આવ્યું અને શાક્ષાત્ દ્વારકાધીશનાં તેને દર્શન થયાં. દ્વારકાધીશે તેને જણાવ્યું કે આજે તો તેં ખરેખર મારી તૃષા છીપાવી છે."

આમ ચાલુ ધર્મોપાસના કરતાં અને સંસારવ્યવહારનું અનુપાલન કરતાં, આપણા જીવનની રચના જ એવી છે કે, આપણા માટે અવારનવાર એક યા અન્ય પ્રકારનો અસાધારણ ધર્મ ઉભો થાય છે. ચાલુ વ્યવસાયના અનુબંધથી મુકત બનીને જે આવા કોઇ અસાધારણ ધર્મને અનુસરે છે તે સાચો ધાર્મિક છે, ચાલુ વ્યવસાયમાં અંધ બનીને જે કોઇ આ અસાધારણ ધર્મની ઉપેક્ષા કરે છે તે યંત્રધર્મી છે, સાચો ધાર્મિક નથી. પરમાનંદ

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મસ્જીદ બંદર રોડ, મુંબઈ ૯. ટે. નં. ૩૪૬૨૯

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

પ્ર. જૈન વર્ષ ૧૪–પ્ર. જીવન વર્ષ ૪
અંક ૧૫

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ડીસેંબર ૧, ૧૯૫૬, શનીવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : ત્રણ આના

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

શ્રમણ અને બ્રાહ્મણ

(મુંબઇની ગત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં અપાયલા વ્યાખ્યાનનો નોંધ.)

જૈન ધર્મ વિષે જૈનોની સામે બોલવું હોય ત્યારે સામાન્ય વાતો જેનું સૌને સાધારણ રીતે જ્ઞાન હોય જ છે તે વિષે બોલવું એનો કાંઇ વિશેષ અર્થ નથી. પજુસણ એ ખાસ કરીને પ્રતિક્રમણનું પર્વ છે. એટલે એ દૃષ્ટિ સામે રાખીને આપણે આ પર્વના દિવસોમાં જૈન ધર્મ વિષે વિચાર કરીએ તો તે અસ્થાને નહિ ગણાય. પ્રતિક્રમણ એટલે વૈયક્તિક જીવનનું અવલોકન છે, પણ અહિં, આપણે જૈન ધર્મના જીવનનું પણ અવલોકન કરીએ તો તે ઉચિત જ લેખાશે. જેમ એક વ્યક્તિના દીર્ઘકાલીન જીવનમાં અનેકવાર ચડાવ–ઉતાર આવે છે, ઉન્નતિ અને અવનતિ આવે છે તેમ એક ધાર્મિક સમાજના જીવનમાં અને ધર્મના જીવનમાં પણ એ સુદીર્ઘકાલીન હોઇ ઉતાર–ચડાવ, ઉન્નતિ–અવનતિ આવે એ સ્વાભાવિક જ છે. સામાન્ય રીતે આપણે આપણા વૈયક્તિક જીવનનું જ પ્રતિક્રમણ કરીએ છીએ પણ જ્યારે અહિં આપણે સામુહિક રીતે એકત્ર થયા છીએ ત્યારે જૈન ધર્મ અને સમાજનું પ્રતિક્રમણ કરીએ તો તે સર્વથા ઉચિત જ છે.

જૈન ધર્મના બે રુપ છે. એક આન્તરિક, નૈશ્ચયિક કે વાસ્તવિક અને બીજું વ્યાવહારિક, બાહ્ય કે અવાસ્તવિક. જૈન ધર્મ વિષે વિચાર કરવો હોય ત્યારે આ બન્ને રુપો વિષે વિચાર કરવો પ્રાપ્ત થાય છે. વળી ભારતીય ધર્મોની વિશેષતા છે કે પ્રત્યેક ધર્મનું એક પોતીકું દર્શન પણ હોય છે. ધર્મ એ આચરણની વસ્તુ છે, પણ એ આચરણના મૂળમાં જે કેટલીક નિષ્ઠાઓ છે એને આપણે દર્શન કહીશું. એટલે જૈન ધર્મના વિચાર સાથે દર્શનવિચાર પણ ઓતપ્રોત રહેવાનો જ.

જૈન ધર્મ એ જિનોનો ધર્મ છે, એટલે કે વિજેતાઓનો ધર્મ છે. પ્રાચીન કાળમાં ઇન્દ્ર જેવા દેવોને વિજેતા માનીને તેમની ઉપાસના કરવામાં આવતી. પણ આ જિનવિજેતાઓ અને વિજેતાઇન્દ્રમાં ઘણો ભેદ છે. ઇન્દ્ર પોતાના સમયમાં જે કોઇ વિરોધીઓ હતા તે સર્વનો નાશ કર્યો અને મહાન વિજેતાપદને તે પામ્યો, અને આર્યોનો સરદાર અને ઉપાસ્ય બન્યો. આ તેનો બાહ્ય વિજય હતો–ભૂત વિજય હતો. વિજયને પ્રતાપે તેણે જે પ્રાપ્ત કર્યું તે ભૌતિક સંપત્તિ હતી. એમાં જ એ મસ્ત હતો અને તેમાં તેનું ગૌરવ હતું. આ કાંઇ નવી વાત ન હતી. તે જ રીતે મનુષ્ય અનાદિ કાળથી શક્તિપૂજક હતો. પણ જ્યારે એક પ્રજા ઉપર બીજી પ્રજાએ વિજય મેળવ્યો ત્યારે એ મહાન વિજયના વિજેતા ઇન્દ્રે એક વિશિષ્ટ પ્રકારે મહત્ત્વ પ્રાપ્ત કર્યું, અને એને લીધે ભારત વર્ષમાં જે સંસ્કૃતિનો વિકાસ થયો તેને આપણે યજ્ઞસંસ્કૃતિ તરીકે ઓળખીએ છીએ. એ સંસ્કૃતિના વિકાસમાં મૂળે તો ક્ષાત્રતેજ અથવા શારીરિક બળ હતું. પણ બુદ્ધિબળે એના ઉપર વિજય મેળવ્યો ત્યારે તે ક્ષત્રિય સંસ્કૃતિના નામે નહિં પણ બ્રાહ્મણસંસ્કૃતિના નામે પ્રસિદ્ધ થઈ. આર્યો જ્યારે આ પ્રકારનો વિજય કરતા કરતા ભારતવર્ષમાં આગળ વધી રહ્યા હતા ત્યારે પણ ભારતવર્ષમાં નગરસંસ્કૃતિનો વિકાસ ઠીક ઠીક થઇ ગયો હતો. ધુમકકૂડ આર્યોમાં જે ઉત્સાહ અને વીર્યની શારીરિક સંપત્તિ હોય તેના કરતા સ્થિર થયેલ નાગરિકોમાં શારીરિક બળ ઓછું અને બુદ્ધિબળ વધારે હોય એ સહેજે સમજી શકાય તેવી વાત છે.

શારીરિક બળ સામે બુદ્ધિબળ ટકી શકયું નહિ અને ઇન્દ્રે અનેક પુરો–નગરોનો નાશ કરી મહાન વિજય મેળવ્યો અને પુરંદરની પદવી પ્રાપ્ત કરી. આમ એ નગરસંસ્કૃતિનો લગભગ નાશ થયો. અનેક મુનિઓ–યતિઓનો નાશ કરવામાં આવ્યો એવા ઉલ્લેખો મળે છે. મોહન જો ડેરો અને હરપ્પામાં અનેક મૂર્તિઓ એવી મળી છે જેને આપણે ધ્યાનમુદ્રામાં સ્થિત માની શકીએ છીએ. એટલા ઉપરથી એક અનુમાન તારવી શકીએ કે ભારતીય નગરસંસ્કૃતિના ધાર્મિક નેતાઓ યોગનો અભ્યાસ કરતા હશે. ઇન્દ્રે જે મુનિઓ કે યતિઓને માર્યા તે આ જ લોકો હશે એવું અનુમાન પણ તારવી શકાય. લેખિત કોઈ પણ પુરાવાનો અભાવ હોઈ એમના ધર્મનું શું નામ હશે તે કહેવું કઠણ છે. પણ બુદ્ધ અને મહાવીરના સમયમાં બે વિચારધારાઓ સ્પષ્ટ પૃથક્ હતી, જેનો નિર્દેશ બૌદ્ધ અને જૈન ગ્રન્થોમાં મળે છે. અને તે છે–બ્રાહ્મણ અને શ્રમણ. યજ્ઞ સંસ્કૃતિનાં જે યજ્ઞવિધિ–વિધાનોથી ભરપુર ગ્રન્થો ઉપલબ્ધ છે તે 'બ્રાહ્મણ' નામથી ઓળખાય છે. એટલે યજ્ઞ સંસ્કૃતિનો સંબંધ 'બ્રાહ્મણ' નામે ઓળખાતી વિચારધારા સાથે છે એ સ્પષ્ટ છે. ત્યારે અર્થાત જ સિદ્ધ થાય કે બ્રાહ્મણથી જે પૃથક્ વિચારધારા હતી તેનો સંબંધ 'શ્રમણ' સાથે હોવો જોઇએ. એટલે કે, કલ્પી શકાય કે બુદ્ધ અને મહાવીરના પહેલા પ્રાચીનકાળમાં ધર્મોના બે સ્પષ્ટ ભેદો હતા–બ્રાહ્મણ અને શ્રમણ.

ભૂતવિજેતા અથવા બાહ્ય–જગત–વિજેતાની સંસ્કૃતિ તે બ્રાહ્મણ સંસ્કૃતિ એ આગળ કહેવાઈ ગયું છે. એટલે તેથી વિરુધ્ધ આત્મ-વિજેતાની જે સંસ્કૃતિ તે શ્રમણ સંસ્કૃતિ એમ સહેજે ફલિત થાય છે. ભૂતવિજેતા જેમ ઇન્દ્રાદિદેવો પ્રસિદ્ધ છે અને તેઓ બ્રાહ્મણ પરંપરામાં ઉપાસ્યપદને પામ્યા છે તેમ આ શ્રમણ સંસ્કૃતિમાંના જે આત્મવિજેતાઓ થયા તે 'જિન' નામે ઓળખાતા. મોહનજોદેરો આદિમાં પ્રાપ્ત ધ્યાનમુદ્રાસ્થિત શિલ્પો એમના આત્મવિજયના પ્રયત્નનું સૂચન કરે છે એમ સહેજે કલ્પી શકાય છે.

ઇન્દ્રમાં ક્ષાત્રતેજ હતું, પણ બ્રહ્મતેજ સામે તે પરાસ્ત થયું અને મૂળાધાર ક્ષાત્રતેજ છતાં એ સંસ્કૃતિ બ્રાહ્મણ સંસ્કૃતિ નામે પ્રસિદ્ધ થઇ, જ્યારે શ્રમણોમાં એ ક્ષાત્રતેજનું જ રૂપાંતર આભ્યંતર–આત્મ-તેજમાં થયું. શારીરિક તેજ કે બળ એ ખરું બળ નથી, પણ આભ્યંતર તે જ–આત્મિક બળ જ ખરું બળ છે એમ માનીને ક્ષાત્રતેજને જ નવો અર્થ આપવામાં આવ્યો. અને એ રીતે શ્રમણસંસ્કૃતિનો વિકાસ ક્ષત્રિયોએ કર્યો. જ્યાં સુધી ઇતિહાસની નજર પહોંચે છે ત્યાં સુધી વિચાર કરતાં જણાય છે કે ક્ષત્રિયોએ જ–નવા અર્થમાં ક્ષત્રિયોએ જ–શ્રમણસંસ્કૃતિને વિકસાવી છે.

ઉપનિષદોમાં આપણે જોઇએ છીએ કે બ્રહ્મવિદ્યા જે પ્રથમ યજ્ઞવિદ્યા હતી તે આત્મવિદ્યાને નામે પ્રસિદ્ધ થઈ અને તેના પુરસ્કર્તાઓ બ્રાહ્મણ વર્ણના લોકો નહિ પણ ક્ષત્રિય વર્ણના લોકો હતા. યજ્ઞવિદ્યામાં કુશળ ઋષિઓ પણ એ આત્મવિદ્યાને પ્રાપ્ત કરવા ક્ષત્રિયો પાસે જતા. આ સૂચવે છે કે શ્રમણપરંપરાનો વિજય બ્રાહ્મણો ઉપર શારીરિક બળે નહિ પણ આત્માને બળે થયો. તે એટલે સુધી કે

ઉપનિષદ અને ત્યાર પછીના કાળમાં તે યજ્ઞને બદલે આત્મા જ બ્રાહ્મણસંસ્કૃતિમાં પ્રધાન થઈ ગયો. આ કાળ શ્રમણ–બ્રાહ્મણ સંસ્કૃતિના સમન્વયનો હતો, આર્ય–અનાર્ય સંસ્કૃતિના સમન્વયનો હતો. અને એ કાળ તે ભગવાન મહાવીર અને બુદ્ધનો સમય છે.

શ્રમણ અને બ્રાહ્મણના સમન્વયના ફળરૂપે શ્રમણોએ બ્રાહ્મણો પાસેથી નવું સ્વીકાર કર્યું અને બ્રાહ્મણોએ શ્રમણો પાસેથી નવું સ્વીકાર કર્યું. બ્રહ્મનો અર્થ જે પહેલા યજ્ઞ અને તેના મંત્રો કે સ્તોત્રો થતો હતો તેને બદલે બ્રહ્મ એટલે આત્મા એમ થવા લાગ્યો. શ્રમણો પોતાના શ્રેષ્ઠ પુરુષોને આર્યોના નામથી ઓળખવા લાગ્યા. અને પોતાના ધર્મને આર્ય ધર્મનું નામ આપ્યું. યજ્ઞ એ શ્રમણોએ પણ સ્વીકાર્યો અને તેનો આધ્યાત્મિક અર્થ કર્યો. તેઓ પોતાના સંઘના શ્રમણોને બ્રાહ્મણના નામથી પણ સંબોધવામાં ગૌરવનો અનુભવ કરવા લાગ્યા. પોતાના આચાર ધર્મનું નામ બ્રહ્મચર્ય રાખ્યું, બ્રહ્મવિહાર રાખ્યું. બ્રાહ્મણોમાં બ્રહ્મચર્યનો અર્થ વેદપઠનની ચર્યા એમ હતો તેને બદલે શ્રમણોએ એ જ બ્રહ્મચર્યને પોતાના આધ્યાત્મિક સાધનાના આચારરૂપે ઓળખાવ્યું. બ્રાહ્મણોમાં જ્યાં સંન્યાસ કે મોક્ષનું નામ પણ ન હતું, ત્યાં એ વસ્તુ શ્રમણો પાસેથી લઈને તેમણે આત્મસાત્ કરી દીધી. ભૌતિક બળમાં શ્રેષ્ઠ અને મનુષ્યના પૂજ્ય ઇન્દ્રાદિ દેવોને શ્રમણોએ જિનોના–મનુષ્યના પૂજક સેવકનું સ્થાન આપ્યું અને બ્રાહ્મણોએ એ જ ઇન્દ્રાદિની પૂજાને બદલે આત્મપૂજા શરૂ કરી, અને શારીરિક સંપત્તિ કરતા આત્મિક સંપત્તિને મહત્ત્વ આપ્યું. અથવા તો કહો કે ઇન્દ્રને આત્મામાં ફેરવી નાખ્યો. ટૂંકામાં બ્રાહ્મણધર્મનું રૂપાન્તર બ્રહ્મધર્મ અર્થાત આત્મધર્મમાં થયું. આ સમન્વયને કારણે શ્રમણ અને બ્રાહ્મણ બન્ને સમૃદ્ધ થયા. પણ તેમની ભેદક રેખા વેદશાસ્ત્રમાં મર્યાદિત થઇ. અર્થાત જેઓ પોતાની માન્યતાના મૂળમાં વેદને પ્રમાણભૂત માને છે તેઓ બ્રાહ્મણપરંપરામાં ગણાયા અને જેઓ વેદશાસ્ત્ર નહિ પણ સમયે સમયે થનાર જિનોને પ્રમાણભૂત માને છે તેઓ શ્રમણો ગણાયા.

જેમ બ્રાહ્મણ પરંપરામાં અનેક મતાન્તરો છે તેમ શ્રમણ પરંપરામાં પણ અનેક મતાન્તરો છે. એક જ વેદશાસ્ત્રના અર્થમાં મતભેદ થવાથી જેમ બ્રાહ્મણ પરંપરામાં અનેક સંપ્રદાયો થયા, તેમ અનેક જિનોના કે તીર્થંકરોના ઉપદેશમાં પાર્થક્યને કારણે શ્રમણોમાં પણ અનેક સંપ્રદાયો થયા.–જેવા કે આજીવક, નિર્ગ્રન્થ, બૌદ્ધ આદિ. એ બધા સંપ્રદાયો જિનના ઉપાસક હોવાથી જૈન કહી શકાય. બૌદ્ધ સંપ્રદાય તો છઠ્ઠી શતાબ્દી સુધી જૈનને નામે ઓળખાતો એ ઇતિહાસસિદ્ધ હકીકત છે. આજીવકોને પણ દિગંબર જૈન તરીકે કે ક્ષપણક તરીકે ઇતિહાસમાં ઓળખાવવામાં આવ્યા જ છે એ હકીકત છે. પણ આજે રૂઢિ એવી છે કે ભગવાન મહાવીરના અનુયાયીઓને જ જૈન નામથી ઓળખવામાં આવે છે. શ્રમણોનો બીજો સંપ્રદાય જે ભ. બુદ્ધનો અનુયાયી વર્ગ છે તે બૌદ્ધ કહેવાય છે અને આજે આજીવકોનું અને ભ. બુદ્ધ અને મહાવીરકાલીન બીજા શ્રમણસંપ્રદાયોનું તો નામ–નિશાન પણ નથી. આ પ્રમાણે એમ કહી શકાય કે જૈન નામ એ એક વિશાળ અર્થમાં છતાં તેનો આજે સંકુચિત અર્થ છે. વિશાળ અર્થમાં જિનના ઉપાસકો તે જૈન. છતાં સંકુચિત અર્થમાં આજે ભગવાન મહાવીરની પરંપરાને અનુસાર તે જૈન છે. જેમ ભ. મહાવીર જિન, સુગત, શ્રમણ, તથાગત, અર્હત, તીર્થંકર, બુદ્ધ એવાં નામોથી ઓળખાય છે તેમ ભ. બુદ્ધ પણ જિન, સુગત, શ્રમણ, તથાગત, અર્હત, તીર્થંકર, બુદ્ધ એવાં નામોથી ઓળખાય છે. આ વસ્તુ મૂળે તેઓ બન્ને એક જ શ્રમણપરંપરાના છે એ સૂચવવા માટે પૂરતી છે. પણ એક પરંપરાએ અર્હત કે જિન શબ્દ ઉપર વધારે ભાર આપ્યો, તેથી તે પરંપરા અત્યારે આર્હત પરંપરા કે જૈનપરંપરાને નામે પ્રસિદ્ધ થઇ છે, જ્યારે બીજી પરંપરાએ બુદ્ધ નામ ઉપર વધારે ભાર આપ્યો તેથી તે પરંપરા આગળ જઇ બૌદ્ધ પરંપરાને નામે ઓળખાઇ.

અપૂર્ણ

દલસુખ માલવણિયા

સામ્યવાદીઓને સંબોધન

(તા. ૧૯ તથા તા. ૨૦ મી નવેંબરના 'ટાઇમ્સ ઓફ ઇન્ડીઆ' 'Revelations in Moscow' 'મોસ્કોમાં નવા પ્રકાશનું દર્શન' એ મથાળા નીચે જાણીતા સમાજવાદી આગેવાન શ્રી જયપ્રકાશ નારાયણનો એક લેખ બે હકીકતોમાં પ્રગટ થયો છે. આ લેખ ભારતના સામ્યવાદીઓને સંબોધીને લખવામાં આવ્યો છે. અને રશીઆના અંધ અનુકરણ અને બંધારણીય પકડમાંથી છુટા થવાનો અને અહિંસા તેમની રાજ્યનીતિમાં અહિંસા અને સત્યને અપનાવવાનો તેમને એ લેખમાં અનુરોધ કરવામાં આવ્યો છે. માર્શલ સ્ટેલીનને અપ્રતિષ્ઠિત કર્યા બાદ આજે સામ્યવાદી દેશોમાં વિચારોની જે અરાજકતા પ્રવર્તે છે તેનું પ્રસ્તુત લેખમાં સુન્દર નિરૂપણ કરવામાં આવ્યું છે. શ્રી શાન્તિલાલ નંદુએ કરી આપેલ એ લેખનો અનુવાદ પ્રગટ કરતાં આનંદ થાય છે. **તંત્રી.**)

મારા સામ્યવાદી મિત્રોને સંબોધીને હું થોડું કહેવાની હિંમત કરું છું. મેં 'મિત્ર' શબ્દનો ઉપયોગ જાણી જોઇને કર્યો છે, કારણ કે હિંદના સામ્યવાદી પક્ષમાં–ખાસ કરીને પક્ષની નેતાગીરીની આગલી હરોળમાં–ઘણી એવી વ્યક્તિઓ છે કે જેઓ કોંગ્રેસ સમાજવાદી પક્ષમાં મારી સાથે નિકટના સહકાર્યકર્તાઓ હતા.

જાગતિક વર્તમાનપત્રોના અહેવાલો ઉપરથી એમ માલુમ પડે છે કે રશિયાના સામ્યવાદી પક્ષની ૨૦ મી કોંગ્રેસે જગતના પ્રત્યેક સામ્યવાદી વર્તુળમાં વિચાર અને વર્તનની એક ક્રાંતિકારી પ્રક્રિયા શરૂ કરી છે. હું માનું છું કે ભારતનો સામ્યવાદી પક્ષ તેમાં અપવાદ નથી. તેથી આ પ્રક્રિયાને મદદરૂપ થવા માટે હું આ મૈત્રીભર્યા શબ્દો લખી રહ્યો છું.

સાચા હેતુઓ

હું માનું છું કે પ્રત્યેક સામ્યવાદી ક્રુશ્ચેવના વ્યાખ્યાનનું અને તે પછી જે ઘટનાઓ ઉપસ્થિત થઇ છે તેનું ઊંડું રહસ્ય અને મહત્ત્વ સમજે છે. ક્રુશ્ચેવે કરાવેલા મોસ્કોની પરિસ્થિતિના પ્રકાશદર્શન પાછળના સાચા હેતુઓ અંગે ઘણા અર્થો ઘટાવવામાં આવ્યા છે; પરંતુ હેતુઓની એટલી બધી અગત્ય નથી, કારણ કે હેતુઓ ગમે તે હોય, પણ એ હકીકતમાં તો શંકા નથી જ કે તે હેતુઓ રાજકીય હતા. વધારે મહત્ત્વની અને અગત્યની બાબત તો એ છે કે સમગ્ર જગત માટે એક આદર્શ તરીકે અનુસરણીય ગણવામાં આવતા એવા એક એક રાષ્ટ્રમાં ત્યાંના નેતાઓએ–જે નેતાઓએ ત્યાંની પ્રજા ઉપર પોતાની જાતને લગભગ એક સદી સુધી ઠોકી બેસાડી હતી તેમણે–જે ચોંકાવનારા ગુનાઓ આચર્યા તેનો સત્તાવાર એકરાર કરવામાં આવ્યો છે. પ્રત્યેક રાષ્ટ્રના કોકો સામ્યવાદીઓને જરૂર પૂછશે કે "શું આ એ જ ભયંકર વસ્તુ હતી જે તમે અમને ચાલુ પૂરી પાડતા હતા?"

તો પછી સામ્યવાદીઓએ પોતાના માટે જેનો જવાબ આપવો જ જોઇએ એવો પ્રથમ પ્રશ્ન આ છે: જે હકીકતોનું ક્રુશ્ચેવે પ્રકાશ–દર્શન કરાવ્યું છે તે હકીકતો અંગે તેમને અત્યાર સુધી અંધારામાં રાખવામાં આવ્યા હતા તે શક્ય કેમ બન્યું? શું જગતના બીન–સામ્યવાદી લોકો આ હકીકતો અંગે લગભગ છેલ્લાં ત્રીસ વરસો દરમિયાન ચર્ચા–નિર્દેશ નહોતા કરી રહ્યા? ખરેખર, તો ક્રુશ્ચેવે કરેલું મોસ્કોની પરિસ્થિતિનું પ્રકાશ–દર્શન એ કોઈ નવું પ્રકાશ–દર્શન હતું જ નહિ. સામ્યવાદીઓ–ઓછામાં ઓછું તેમના નેતાઓ–આ હકીકતો બીલકુલ જાણતા નહોતા એ અશક્ય છે. તો પછી તેઓ અત્યાર સુધી શા માટે મૌન રહ્યા? આ પ્રશ્નનો અદ્યાપિ પર્યંત કોઇ પણ સંતોષકારક જવાબ કે ખુલાસો કરવામાં આવ્યો નથી.

બીજો પ્રશ્ન આ છે: ક્રુશ્ચેવે સામ્યવાદીઓને જ્યાં સુધી દોર્યા છે ત્યાં જ શું તેઓ અટકશે? સત્યની ખોજમાં શું તેઓ આગેકૂચ નહિ કરે? શું ક્રુશ્ચેવે સંપૂર્ણ પ્રકાશ–દર્શન કરાવ્યું છે? સામ્યવાદના નામે જે બધા ગુનાઓનું આચરણ થયું છે તે બધા ગુનાઓને તેણે પ્રગટ કર્યા છે અને વખોડી નાંખ્યા છે. તેણે પોતે કરેલા ગુનાઓ કબુલ કર્યા છે ખરા? જો કબૂલાતનું ખૂત.. એ એક

ગુનો હતો તો ઝીનોવીવ, કામેનેવ, રાદેક, બુખારીન ઇત્યાદિ બીજાઓનાં ખૂનનું શું ? સ્ટાલીને રાજકીય વિરોધીઓ અને હરીફોનો નાશ કરવા માટે તેમનેં "પ્રજાના દુશ્મનો" તરીકે જાહેર કરેલા અને બદનામ કરેલા તે બદનામી અસભ્ય અને કુડકપટથી ભરેલી હતી એમ કહેવામાં આવે છે તો શું તેવી જ બદનામી જ્યારે એરીઆ અને તેની "ટોળી" ની કરવામાં આવી ત્યારે તે બદનામી પ્રામાણિક અને "સમાજવાદી કાયદેસરતા" સાથે સુસંગત હતી ? શું સામ્યવાદીઓ તેમના માટે મોસ્કોમાં બનાવેલા ચશ્મા ફરીથી પહેરશે અને તેની પેલી પાર કાંઈપણ જોવાનો ઇનકાર કરશે ? શું ફરીથી અસત્યોની એક નવી હારમાળા જગતની સામ્યવાદી હીલચાલનું સંચાલન કરશે ? આને બદલે, માર્ક્સે શિખવેલી તટસ્થતાની અને માનવ-મનના ક્રાંતિકારી સ્વાતંત્ર્યની સામ્યવાદીઓ ઘોષણા નહિ કરે ? પ્રસ્થાપના નહિ કરે ?

હજી એક વધુ અગત્યનો પ્રશ્ન આ રહ્યોઃ ક્રુશ્ચેવે જેની યાદી આપી છે એવા ગુનાઓનું ત્રીસથી વધુ વરસોપર્યંતનું આચરણ રશિયાના-સામ્યવાદી પક્ષે અને રશિયાની જનતાએ પોતાના નામે કેમ થવા દીધું ? તેના જવાબમાં વ્યક્તિપૂજાવાદ-Cult of the Individual-આગળ ધરવામાં આવે તે માનવની બુદ્ધિ-પ્રતિભાનું અપમાન અને અવમાનના કરવા બરોબર અને માર્કસવાદની ક્રૂર મશ્કરી કરવા બરોબર લેખાય. એમાં તો શંકા જ નથી કે સ્ટાલીન દુનિયામાં ઉત્પન્ન થયેલી અનેક વિભૂતિઓમાંની એક વિભૂતિ હતી. પરંતુ તેણે રશિયામાં માર્કસવાદ અને સામ્યવાદના નામે એક ચોક્કસ પ્રકારની સામાજિક, આર્થિક અને રાજકીય રચના ઉભી કરી હતી અને તે જે કાંઇ કરી શકયો તે પણ આ પ્રકારની રચનાને જ આભારી હતું. આમાં કોઈ શંકાને કારણ નથી. હવે સ્ટાલીનને આ રચનાથી છુટો પાડવો અને એક વિષે કાંઈ પણ વિચાર ન કરવો અને અન્યને એટલે કે સ્ટાલીનને વખોડી નાંખવો એ માર્કસે શિખવેલા ઐતિહાસિક ઘટનાના વૈજ્ઞાનિક વિશ્લેષણને અનુરૂપ તો નથી જ. સ્ટાલીન અને વ્યક્તિપૂજાવાદને વખોડી કાઢવા માત્રથી તેણે સ્થાપેલી સમાજ રચના ન તો સુધરી શકશે અથવા તો બદલી શકશે. અને જ્યાં સુધી એ રચનાને સામ્યવાદી આદર્શની સિદ્ધિરૂપ આવકારવામાં આવશે, માનવામાં આવશે ત્યાં સુધી સામ્યવાદ સ્વતઃ તિરસ્કૃત બની રહેવાનો છે,

જીવનનાં મૂલ્યો

તેથી ક્રુશ્ચેવના પ્રકાશદર્શનનો પ્રસંગ સામ્યવાદી શ્રધ્ધાની ગંભીર ફેરતપાસની અતિ આવશ્યક અપેક્ષા રાખે છે. સામ્યવાદીઓને શું જોઇએ છે ? તેઓ શાને માટે લડે છે ? વિચારસરણીઓ માટે કે માનવો માટે ? અમુક એક સમાજરચના માટે કે જીવનનાં ચોક્કસ મૂલ્યો માટે ? શું સાધનો નિર્ણાયાત્મક છે કે સાધ્યો ? શું સત્તા-પ્રાપ્તિ એજ એક માત્ર અંતિમ ધ્યેય છે? શું રાષ્ટ્રીયકરણ યા સામુહીકરણ એ અન્ય કોઈ સાધ્યનું સાધન છે કે તે પોતેજ સાધ્ય છે ? શું માનવ-માનવપ્રાણી-પોતે જ સાધ્ય છે, કોઇ સર્વશ્રેષ્ટ રહસ્યનું મૂર્તિમન્ત સ્વરૂપ છે કે માત્ર અમુક સામાજિક ઇજનેરી કામનું એક હથિયાર માત્ર છે ?

એમ દેખાઈ આવે છે કે સામ્યવાદીઓ સાચી પરિસ્થિતિ જોઇ શકયા નથી તેમણે જાણે કે અંતિમ ધ્યેય અને અંતિમ મૂલ્યોની દૃષ્ટિ ખોઈ નાખી છે. ક્રુશ્ચેવના વ્યાખ્યાને સર્જેલો આઘાત જે સામ્યવાદીઓએ પોતેજ સર્જેલી નજરબંધીમાંથી તેમને મુકત કરશે અને વિસરાયેલાં અને વિસરાતાં મૂલ્યો પ્રત્યે તેમની આંખો ઉઘાડવાની અને ઉઘાડી રાખવાની તેમને ફરજ પાડશે તો તેણે સામ્યવાદ માટે અજાણતાં અને એમ છતાં પણ એક જીવંત સેવા કરી ગણાશે.

સામ્યવાદે પોતાની નજર સમક્ષ રાખ્યાં હતાં તે મૂલ્યો કયાં હતાં ? માનવી-સ્વાતંત્ર્ય, માનવીનો દરજ્જો, માનવ બંધુત્વ, સમાનતા, શાંતિ-શું આ બધાં મૂલ્યો તેણે સ્વીકાર્યાં નહોતાં ? શું સ્વાતંત્ર્યની એક એવી ભવ્ય કલ્પના કરવામાં આવી નહોતી કે જેની ઉત્તરોત્તર સાધનાના પરિણામે એક દિવસ એવો આવે કે જ્યારે રાજ્ય-સંસ્થાનો સ્વતઃ લોપ થાય, દરેક માનવી પોતાનું આંચ્છિક નિયમન કરે અને માનવીઓ ઉપરના સત્તા-નિયંત્રણના સ્થાને વસ્તુઓ ઉપરનું સત્તા-નિયંત્રણ સ્થાપિત થાય ? સમાનતાની ભાવનાનું અન્તિમ નિદાન એ મહા વાકયમાં શું મૂર્તિમન્ત કરવામાં ન હોતું આવ્યું કે 'દરેક પોતાની શકિત મુજબ કામ આપે, ઉત્પાદન કરે અને તેમાંથી દરેકને પોતાની જરૂરિયાતો મુજબ પૂરતું મળી રહે ?' 'From each according to his capacities, to each according to his needs.' બંધુત્વની ભાવનાએ સમગ્ર માનવનાતને શું આવરી લીધી નહોતી ? 'ક્રાન્તિકારી હિંસા', નીચેના થરની સરમુખત્યારશાહી, લોકશાસિત કેન્દ્રીકરણ, રાષ્ટ્રીયકરણ, સમુહીકરણ-આ બધું એ ભવ્ય ધ્યેયો સિધ્ધ કરવાનાં શું સાધનો નહોતાં ?

તે મૂળ સાધ્યોનું શું થયું ? તે સાધ્યો આજે જરાપણ નજરમાં છે ખરાં ? ચાળીસ વર્ષોની ક્રાંતિ પછી પણ, માનવ સ્વાતંત્ર્ય અને માનવ-મોભો ધૂળમાં કચડાયેલાં અને રગદોળાયેલાં પડ્યાં છે. રાજ્યસંસ્થા લુપ્ત થવી તો દૂર રહી, પણ તે એક સર્વ-શકિતશાળી રાક્ષસ બની ગઇ છે. સમાનતા એ એક દૂરનું-અતિ ઘણું દૂરનું-સ્વપ્નું બની ગયેલ છે. આંતરરાષ્ટ્રીય ભ્રાતૃભાવનું એક નવા પ્રકારના સંસ્થાનવાદમાં પતન થઇ ગયું છે, જે સંસ્થાનવાદની સામે અત્યારે પોલાંડની જનતા, હંગેરીની જનતા-થોડા સમય પહેલાં યુગોસ્લાવીયાની જનતાએ કર્યું હતું તેમ-આટલી બહાદુરીથી લડી રહી છે. યુદ્ધ માટે તૈયાર રહેવામાં જ શાન્તિની રક્ષા કલ્પવામાં આવી છે.

અત્યાચાર

ભારતમાંના મારા સામ્યવાદી મિત્રો આ બધા અંગે શું વિચારી રહ્યા હશે તેનું મને આશ્ચર્ય થાય છે. પાછળનાં વર્ષોમાં મારા જેવા કેટલાક-જેમણે સત્ય તરફ તેમનાં નેત્રો ઉઘાડવાના પ્રયત્નો કર્યા છે તેમને-સામ્યવાદીઓએ ભાંડ્યા છે, તિરસ્કાર્યા છે. પરંતુ હવે જ્યારે સામ્યવાદીઓએ જાતે જ પોતાનો મુખવો ફાડી તોડી નાખ્યો છે ત્યારે તેઓ પોતાનાં નેત્રોનો ઉપયોગ નહિ કરે ? સામ્યવાદના વિરોધમાં યા રશિયાવાદના વિરોધમાં મને રસ નથી. ભારતીય સમાજવાદીઓ સ્ટાલિનવાદ અને સોવિયેટ પ્રજા-વાદના કડક ટીકાકારો અને વિવેચકો રહ્યા છે, પરંતુ તેમણે સામ્યવાદના સિધ્ધાન્તનો કદિપણ વિરોધ કર્યો નથી. જ્યાં જ્યાં સામ્યવાદનું જુલ્મી અને આપખુદ રાજ્યમાં અધઃપતન થયું ન હોય અને તેના મૂળભૂત મૂલ્યો જાળવવાની થોડી સરખી પણ દરકાર કરવામાં આવી હોય એમ અમને લાગ્યું છે ત્યાં ત્યાં અમે ઝડપથી અમારી મૈત્રીનો હાથ લંબાવ્યો છે. આમ, જ્યારે પ્રાગથી માંડીને પેકીંગ સુધીના સામ્યવાદીઓ માર્શલ ટીટોને "સરમુખત્યારી કુતરો" (fascist dog) અને યુગોસ્લાવિયાને પશ્ચિમના સામ્રાજ્યવાદના સહગામી તરીકે ધૂત્કારતા હતા ત્યારે આ રાષ્ટ્રમાં માર્શલ ટીટોને અને સામ્યવાદી યુગોસ્લાવીયાને અભિનંદન આપવામાં અમે સૌ પ્રથમ હતા. જો કે છેલ્લાં કેટલાક મહિનાઓમાં મુંઝવણ ઉભી કરે તેવી ઘટનાઓ ત્યાં પણ બની છે, છતાં પણ યુગોસ્લાવિયામાં અમને હજી એવો ને એવોજ રસ રહ્યો છે એમ હું ઉમેરું તો અસ્થાને નહિ હોય.

મારા મુદ્દા પર પાછા વળતાં પ્રશ્ન એજ રહે છે કે તેમના ભૂતકાળને ઇન્કારવાની, અસત્ય માર્ગોથી દૂર થઈ જવાની, અનિષ્ટ તત્વોનો ત્યાગ કરવાની, સત્તા પ્રાપ્તિ માટેની લાલસાને દાબી દેવાની-આજે સામ્યવાદીઓમાં જરૂરી અને પૂરતી હિંમત અને ક્રાંતિકારી ભાવના છે ખરી કે જેથી તેઓ અસલ સામ્યવાદની ભવ્ય ભાવનાને (કલ્પનાને) ફરીથી જાગૃત બનાવી શકે અને તેને એક જીવંત વાસ્તવિકતા અર્પી શકે ?

મૂળ અંગ્રેજી : **શ્રી જયપ્રકાશ નારાયણ**

અપૂર્ણ અનુવાદક : **શાન્તિલાલ નંદુ**

નેત્ર રક્ષા

(તા. ૨૪-૧૧-૫૬ શનીવારના રોજ શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી અમદાવાદના જાણીતા નેત્રવિશારદ ડૉ. ગોવિન્દભાઇ પટેલનું નેત્રરક્ષા ઉપર એક જાહેર વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું. કુદરતી ઉપચાર દ્વારા આંખોને લગતી નાની મોટી ઉપાધિઓ દૂર કરવી એ છેલ્લાં આઠ નવ વર્ષથી તેમના જીવનનો મુખ્ય વ્યવસાય છે. તે પહેલાં ૧૯૨૬ થી ૧૯૩૫-૩૬ સુધી તેમણે પૉંડીચેરી ખાતે આવેલ શ્રી અરવિન્દ આશ્રમમાં રહીને અધ્યાત્મસાધના કરેલી. આંખોના દર્દોના ઉપચાર કરવામાં તેઓ કેવળ નૈસર્ગિક ઉપચારપધ્ધતિને જ વળગીને ચાલતા નથી, પણ જરૂર પડયે આયુર્વેદ તથા એલોપથીનાં ઔષધો તથા ઇન્જેકશનોનો પણ ઉપયોગ કરે છે. આમ છતાં તેઓ પ્રાધાન્ય તો નૈસર્ગિક ઉપચારપધ્ધતિને જ આપે છે. તેમનું ઉપર જણાવેલ નેત્રરક્ષા ઉપરનું વ્યાખ્યાન લગભગ દોઢ કલાક ચાલ્યું હતું અને તે દરમિયાન તેમણે આંખોની 'નળવણી' સંબંધમાં ઘણાં ઉપયોગી અને વ્યવહારૂ સૂચનો કર્યાં હતાં અને સાંભળનારાઓ માટે તેમનું વ્યાખ્યાન ભારે રસપ્રદ નીવડયું હતું. આંખોની નળવણી સંબંધમાં તેમણે પાંચ મુદ્દાઓ રજુ કર્યા હતાઃ (૧) આરોગ્ય, જેના પેટા મુદ્દાઓ વ્યાયામ, ખોરાક અને આરામ છે. (૨) આંખની સ્વચ્છતા, (૩) આંખોને ગતિમાં રાખીને વાપરતા રહેવાની જરૂર, (૪) આંખોને વારંવાર આરામ આપવાની જરૂર, (૫) આંખો વાપરવાની સાચી રીતો જાણવાની અને આલુ જીવનમાં અપનાવવાની જરૂર. તેમનું એ વ્યાખ્યાન બે હપ્તાથી પ્રબુધ્ધ જીવનમાં પ્રગટ કરવા ધાર્યું છે, જેનો પહેલો હપ્તો નીચે આપવામાં આવે છે. ત'ંત્રી.)

જીવનમાં આરોગ્ય રક્ષા અને નેત્રરક્ષાની અગત્ય.

પૃથ્વીપરના જીવનની શરૂઆત શરીર ધારણ કરવાથી થાય છે. પ્રભુની નિરાકાર જ્યોતિ માનવજીવનદ્વારા પ્રભુત્વને પ્રગટ કરવા માનવ આકાર ધારણ કરે છે. એટલા જ માટે માનવશરીરદ્વારા જીવાતા માનવજીવનનું લક્ષ્ય પ્રભુની ઓળખ, પ્રભુની પ્રાપ્તિ અને અંતે માનવ આકારમાં માનવજીનદ્વારા પ્રભુત્વનું પ્રાગટય નક્કી કરવામાં આવ્યું છે. આ છે માનવશરીર ધારણ કરવાનો હેતુ; અને જીવનમાં પ્રભુનું પ્રાગટય એ છે માનવજીવનનું અંતિમ લક્ષ્ય.

આ લક્ષ્યને જે શરીરદ્વારા સિદ્ધ કરવાનું છે, તે શરીરની સાચવણી અને સંભાળ વિષે અને આરોગ્યના નિયમોના પાલનદ્વારા જ સાચું આરોગ્ય પ્રાપ્ત થઈ શકે તે વિષે બાળકોને કેળવણીદ્વારા કે બીજી કોઈ રીતે કંઈ જ શીખવવામાં આવતું નથી. પરિણામે, જનતા વધુ ને વધુ પરાધીન મનોદશા તરફ વળતી જાય છે. દવાઓ પર તે એટલો બધો આધાર રાખતી થતી જાય છે કે દવાઓએ જીવનમાં વ્યસન અને બદીનું સ્થાન લેવા માંડયું છે. દવાઓની અતિશયતા દ્વારા પણ આપણે આપણા આરોગ્યનો પ્રશ્ન ઉકેલવામાં નિષ્ફળ ગયા છીએ. આપણાં શરીરો વધુને વધુ માયકાંગલાં, રોગના ખજાનારૂપ અને દવા પર જીવનારાં બન્યાં છે. નવી શોધાયેલી દવાઓએ અને વિજ્ઞાનની આગેકુચે એક પણ રોગ પર વિજય પતાકા ફરકાવી નથી; તેમજ રોગની સંખ્યામાંથી એક પણ રોગ નાબુદ થઈ શકયો નથી. ઉલટું-(૧) રોગની સંખ્યા અનેકગણી વધારી આપી છે. (૨) બીજી બાજુએ જેમ વિજ્ઞાન માનવને રોગમુક્ત કરવામાં નિષ્ફળ નીવડયું છે, તેવીજ રીતે અથવા તેથી પણ વધુ ખરાબ રીતે દવાઓથી અભયદાન આપીને, માનવને આરોગ્યના નિયમોના પાલનમાંથી રોકી દીધો છે. આરોગ્યના નિયમોના પાલનમાં રસ લેતા માનવને દવાઓનું વ્યસન લગાડીને, નિયમોના પાલનથી વિમુખ કર્યો છે. વિજ્ઞાનના બળાત્કારનું પરિણામ તો જૂઓ ! જીવન યંત્રવત્ બની ગયું છે; માનવી આરોગ્યની કિંમત ગુમાવી બેઠો છે; આરોગ્યના નિયમોના પાલનને ભુલી ગયો છે. અતિશય દવાનો ઉપયોગ કરવા છતાં આરોગ્યનો પ્રશ્ન ઉકેલવાને બદલે પહેલાં કરતાં વધું ગંભીર બન્યો છે.

આરોગ્ય સાચવવાના પ્રયત્નોનો વિરોધ કરતું આજનું માનસ

પહેલાના સમયમાં દરેક માણસ પોતાના શરીર પ્રત્યેની ફરજ સમજતો; કારણ એ જમાનામાં માનવ શરીરને ઈશ્વરપ્રાપ્તિ માટેનું સાધન ગણવામાં આવતું. દરેક માણસ આ લક્ષ્યનો ખ્યાલ રાખી, આરોગ્ય સાચવવાના નિયમોના પાલનને અતિ પવિત્ર ફરજ સમજી તેનું પાલન કરતો. આ જાતની શરીરરક્ષા અને આરોગ્યરક્ષાની ભાવનાને દરેક માણસ જીવનમાં વણતો હોવાથી, તે સમયનો સમાજ વધુ નિરોગી, સંતોષી અને સુખી હતો. આ સક્રિયતાને કારણે રોગની સંખ્યા પણ આજ કરતાં અનેકગણી ઓછી હતી.

આ જાતની આરોગ્યરક્ષા માટેની ધગશ અને જાગૃતિ દરેક માણસમાં હતી. એટલે માંદા પડવું એ શરમજનક અને પોતાની જ ભૂલોનું પરિણામ ગણવામાં આવતું. દવા ખાવી એ તો એથીય વધુ શરમજનક ગણાતું. કારણ તેઓ જાણતા હતા કે, રોગનું કારણ જાતે શોધી તેને તદ્દન સાદા ઉપાયોથી જાતે દૂર કરવું એજ એક સાચો ઉપાય છે. આ શરમમાં દવાનો વિરોધ કરવાનો હેતુ નહોતો, પરંતુ આરોગ્યના નિયમોનો ભંગ એ શરમની વાત ગણાતી. એટલે દરેક માણસ જાગૃતિપૂર્વક આરોગ્યના નિયમોનું પાલન કરવા પ્રયત્ન કરતો. જો તેમ કરવામાં કોઈ વખત ભૂલ થતી અને આરોગ્ય ખોરવાતું તો બીમારીનું કારણ જાતે જ શોધતો, થયેલી ભૂલ સમજતો અને સુધારતો અને કુદરતી રીતો વડે—મળશુદ્ધિ, ઉપવાસ અને આરામ જેવા સાદાસીધા ઉપાયોથી, ગુમાવેલું આરોગ્ય પાછું મેળવતો. **આરોગ્યની પુનઃ સ્થાપના કર્યા પછી, આરોગ્યના નિયમોના પાલન માટે વધુ જાગૃત રહેતો, ભૂલ ન થાય તે માટે વધુ કાળજી રાખતો. શુધ્ધ વિચારો અને નિરોગી શરીરની કિંમત સૌ કોઈ સમજતું અને આ સાચી સમજનો સૌ કોઈ અમલ કરતું. એ જમાનામાં આ રીતે આરોગ્યરક્ષા માટે સૌ કોઈ જાગૃત હતું અને જાગૃતિપૂર્વક જીવન જીવતું. આ જાગૃત જીવનમાં જે રસ અને આનંદ હતો તે આજના જીવનમાં જોવામાં આવતો નથી. કારણ, જીવન આજે જાગૃત મટીને અજાગૃત અને યંત્રવત્ બની ગયું છે.**

હવે જમાનો બદલાયો છે. જાગૃતિના જમાનાને સ્થાને અજાગૃતિ અને યંત્રવતૂતાનો જમાનો આવ્યો છે. જીવન ધ્યેય વગરનું, યંત્રવત્, પરાધીન અને અજાગૃત બતી ગયું છે. માણસ આજે શરીર પ્રત્યેની ફરજોમાં ખાવા સિવાયની કોઈ ફરજ ભાગ્યે જ સમજે છે! અરે ખાવામાં પણ, આજનો માનવ શરીરને (પોષણ આપવા) માટે કયાં ખાય છે!—એકતો સ્વાદને ખાતર, ગમે ત્યારે, (ભૂખ લાગ્યા સિવાય) મળે તેટલું ખાય છે! આજના માનવનું પહેલું સુખ નીરોગી શરીરમાં સમાતું નથી. આજે તો માંદા પડવું અને મરવું એ વધુ ને વધુ સામાન્ય અને સ્વાભાવિક બનતું જાય છે! વધુમાં વધુ દવાઓ અને ઈન્જેકશનોનો ઉપયોગ કરવો તે આજના જીવનમાં વૈભવશાળી જીવનની એક મોટાઈ ગણાય છે! માંદા થવાના કારણને જાતે શોધવા કોઈ તૈયાર નથી તો પછી માંદગીનો ઉપાય જાતે શોધવાની કે કરવાની અથવા આરોગ્યના નિયમોના પાલનની તો વાત જ કયાંથી હોય? પહેલાંના જમાનામાં આરોગ્યના નિયમોના પાલન પર વધુ ઝોક હતો. આજે દવાઓના ઉપયોગ પર અને વધુ ને વધુ પરાધીન થવા પર વધુ ઝોક છે. પહેલાં લોકો જીવવા માટે જાગ્રતિપૂર્વક વધુ પ્રયત્ન કરતા, જ્યારે આજે લોકો મરવા માટે વધુ પ્રયત્નો કરે છે! આજનું જીવન એટલે, સાજા હોય ત્યારે માંદા થવાનો પ્રયત્ન અને માંદા થયા પછી દવાની મદદથી સાજા થવું; અને સાજા થયા એટલે પછી માંદા થવાના પ્રયત્નો શરૂ કરવા તે.

આજના પરાધીન માનસવાળા જીવનમાં, સેંકડો વરસોથી પારકાને હાથે આરોગ્ય અને નેત્રરક્ષા કરાવીને આપણે શું મેળવ્યું તેનું તટસ્થ રીતે કોઈએ સરવૈયું કાઢયું છે? જો આરોગ્યની રક્ષા, આરોગ્યના નિયમોનો ભંગ કરવાનું ચાલુ રાખીને, માત્ર દવાઓથી જ થતી હોત તો આજે આરોગ્યનો પ્રશ્ન ઉકલી ગયો હોત, આપણાં શરીર વધુ નિરોગી, સુદૃઢ અને સુરેખ બન્યા હોત. સત્ય હકીકત તો એ છે કે, આરોગ્યરક્ષા કરવાનું તો આપણે ભૂલી જ ગયા છીએ. આરોગ્યરક્ષા અને નેત્રરક્ષાનો પ્રશ્ન વધુ ગંભીર બન્યો છે; આપણાં શરીરોએ આરોગ્યનું દેવાળું કાઢીને રોગોની મોટી શીલક જમા કરી છે!!! કરોડો રૂપિયાને ખર્ચે દવાઓ બનાવવાનાં કારખાનાં બંધાયે જાય છે;

પરંતુ લોકોને "રોગ ન થાય" તેવું માનસ કેળવવા-રોગમુક્ત રહેતાં શીખવવા-આરોગ્યના નિયમોનું પાલન કરવાના સંસ્કાર અને તાલીમ આપવા માટે જનતા પાસે કે સરકાર પાસે સમય ને પૈસામાંથી કંઇજ નથી !

બીજી બાજુએ, જે દેશોનું આપણે અનુકરણ કરીએ છીએ, ત્યાંના જીવનની ઝીણવટભરી તપાસ કરતાં જણાય છે કે ત્યાં જનતા જાગૃત છે, યા પરાધીન પરિસ્થિતિમાંથી છૂટવા પ્રયત્ન કરી રહી છે. તેણે દવાઓ સામે ક્રાંતિ શરૂ કરી છે-બળવો પોકાર્યો છે. મોટા ભાગના લોકો "રોગ ન થવા દેવામાં" માને છે; અને રોગમુક્ત રહેવું તેને એક પવિત્ર ફરજ સમજે છે. રોગમુક્ત રહેવા આરોગ્યના નિયમોનું પાલન કરવા હરઘડિએ પ્રયત્નશીલ રહે છે. આ જાગૃતિ તેમના જીવનમાંથી કુટેવોને દૂર કરી, સાચી આરોગ્યદાયી ટેવોની સ્થાપના કરે છે. Prevention is Better than cure અને Precanution is Better than Prevention-એ સુવાકયો તેમનાં જીવનમાં સાકાર થાય છે અને જીવન એ તપશ્ચર્યાની સુગંધથી મહેકી ઉઠે છે. 'પહેલું સુખ તે જાતે નર્યા.' 'શરીરમાદ્યં ખલુ ધર્મસાધનમ્.'

ઉધતી માનવજાતિ આ આરોગ્યરક્ષાના આદર્શની ઉષા પ્રત્યે પોતાની આંખ ખોલશે ?

શિક્ષણમાં આરોગ્ય અને નેત્રરક્ષાની કેળવણીની અગત્ય

યંત્રયુગના આ જમાનામાં પરાધીન અને યંત્રવત્ બની ગયેલું માનવજીવન વિચારશૂન્ય અને જડ બની રહ્યું છે. સવારથી સાંજ સુધી માનવ જે કંઇ કરે છે તેમાંની મોટા ભાગની ક્રિયાઓ તેના પોતાના જીવનને મદદરૂપ થવાને બદલે, વિકાસવિરોધી અને જીવનનો નાશ કરે તેવી હોય છે. જાગૃત માનવને આજનું જીવન ઉધાડા આપઘાતના પ્રયોગ જેવું લાગે છે; એક સમસ્યારૂપ બની ગયેલું લાગે છે. તેને લાગે છે કે, ગમે તે કારણે આપણું જીવન એક એવી ખોટી દિશામાં દોડી ગયું છે કે જ્યાંથી હવે પાછા ફર્યા સિવાય છૂટકો જ નથી. પાછા ફરીને, જાગૃતિની જ્યોત જગાવીને સ્વાવલંબનદ્વારા નયા જીવનનું ઘડતર કર્યા સિવાય છૂટકો જ નથી. આરોગ્યના નિયમોના પાલનદ્વારા જ આરોગ્યના પ્રશ્નનો સાચો ઉકેલ લાવી શકાય; અને તે માટે જગ્યા ત્યાંથી સવાર ગણીને દરેકે શરૂઆત કરી દેવી જોઇએ.

આરોગ્ય રક્ષાની ભૂલાઈ ગયેલી જાગૃતિને ફરીથી સમાજમાં સ્થાપવાનું કાર્ય કેળવણીની સંસ્થાઓદ્વારા અસરકારક રીતે થઈ શકે. આરોગ્ય અને નેત્રરક્ષાના સંસ્કાર વ્યવસ્થિત રીતે બાલમંદિરથી શરૂ કરી, માધ્યમિકશાળાઓ અને મહાશાળાઓમાં ચાલુ રાખી, તેની વારંવાર કસોટીઓ કરવામાં આવે તો, વિદ્યાર્થી કેળવણી પૂરી કરી વ્યવહારૂ જીવનમાં પ્રવેશે ત્યારે તેનામાં આ સંસ્કાર ટેવ રૂપે સ્થપાઈ ગયા હશે, જેનો અમલ તે પોતે તો કરશે જ અને તેથી આગળ વધી, શરીર અને તેનાં અંગોને શ્રમરહિત રીતે વાપરતાં અને આરોગ્યના નિયમોનું પાલન કરતાં તે પોતાનાં બાળકોને નાનપણથી જ શીખવશે. આ રીતે, કેળવણીદ્વારા આ સંસ્કાર આપવાનું શરૂ કર્યા પછી થોડાક જ વરસમાં આરોગ્ય અને નેત્રરક્ષાની સાચી સમજવાળું વાતાવરણ આપણે પેદા કરી શકીશું. **નિષ્ણાત મારફત વ્યવસ્થિત અને પદ્ધતિસર કામ લઇને, શાળાના બાળકોને પોતાનું આરોગ્ય જાતે સાચવતાં કરીશું. આ રીતે રોગી અને નબળી આંખવાળા વિદ્યાર્થીઓની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો કરી શકીશું. રાષ્ટ્રમાં આ યોજનાનો અમલ કરીને આરોગ્ય સાચવનારની સંખ્યામાં વધારો થશે અને રોગીઓની સંખ્યામાં ઘટાડો થશે. આ રીતે સમાજમાં નિરોગી માણસોની સંખ્યાનો આંક ઘણો ઉંચો લાવી શકાશે અને સૌથી વધુ જરૂરી લાભ તો એ થશે કે, રોગી થઇને તેનો ઉપાય શોધવાની વૃત્તિને બદલે રોગ થવા ન દેવાની વૃત્તિ અને વાતાવરણ કેળવાશે.**

આરોગ્ય રક્ષાનો કેળવણીની સંસ્થાઓ મારફત પ્રચાર કરવા એક નક્કર યોજના અને તે વિષેની સાચી સમજ અને રસ પેદા કરવાં જોઇએઃ—માનવજીવનની જરૂરીયાતોમાં સૌથી પહેલી જરૂર—'પહેલું સુખ તે જાતે નર્યા'—નિરોગી શરીરની છે. શરીરને નિરોગી રાખવા માટે (૧) વ્યાયામ, (૨) ખોરાક અને (૩) આરામનો વ્યવસ્થિત અને સમજપૂર્વક ઉપયોગ થવો જરૂરી છે. વ્યાયામ કેવો કેટલો અને ક્યારે કરવો; ખોરાકની વાનગીઓની આરોગ્યની દૃષ્ટિએ પુનઃરચના કરવી; ખોરાક ખાવાનો અધિકારી કોણ ? ખોરાક કેવી રીતે ખાવો ? ખોરાકમાંથી શરીરને જરૂરી પોષણ મળે અને પોષણ મળતાં બાકી રહેલો કચરો નિયમિત રીતે બહાર ફેંકાઈ જાય તેની કાળજી માટેની ઝીણી ઝીણી વિગતો વિદ્યાર્થીઓને શીખવવી જોઇએ. શરીરને લાગતા થાક અને બસારાનાં સાચાં કારણોમાં, આરોગ્યના અજ્ઞાન અને ઉલ્લંઘન ઉપરાંત શરીરના દરેક અંગને સાચી રીતે વાપરવાના અજ્ઞાનને સ્વીકારી; શરીરના દરેક અંગને શ્રમરહિત (સાચી રીતે) વાપરવાનું જ્ઞાન અને તાલીમ, કેળવણીની સંસ્થાઓદ્વારા જ અપાવી જોઇએ.

શરીરને સાચવવાના આરોગ્યના નિયમોનું જ્ઞાન અને રોગ ન થવા દેવા માટેના જરૂરી સંસ્કારો અને તાલીમ પણ કેળવણીની સંસ્થાઓ મારફતે જ અપાવાં જોઇએ. જો આ ત્રણ મુદ્દાઓની કેળવણી—સંસ્કાર અને તાલીમ—કેળવણીની સંસ્થાઓ આજે શરૂ કરે તો દસ વરસે જે બાળકો એ કેળવણી અને તાલીમ લઇને જીવનમાં પ્રવેશે, તેમને દવા, દાકતર અને દવાખાનાની જરૂર ભાગ્યે જ પડે. તેમના જીવનમાં સાચવણી, સંભાળ અને રોગ ન થવા દેવાની વૃત્તિ, અને શરીરનાં અંગોને શ્રમ ન લાગે તે રીતે વાપરવાની રીતો ટેવો રૂપે જીવનમાં સ્વાભાવિક બની ગઈ હશે. તેઓ શરીરને નિરોગી રાખવાની અને આરામ આપવાની અગત્ય સમજી તેનો સભાગ રીતે અમલ કરતાં થઇ ગયાં હશે. 'પહેલું સુખ તે જાતે નર્યા' એ સોનેરી વાકય માત્ર ભીંત પર લટકાવી રાખવાનું સુવાકય મટી, જીવનમાં વણાયેલી એક સુખદાયી નકકર હકીકત બની ગઈ હશે.

અપૂર્ણ

ડૉ. ગોવિન્દભાઈ પટેલ
૭૧૮, ગોમતીપુર, અમદાવાદ, ૧૦.

બોધિસત્ત્વનું રેડિયો-રૂપાંતર

સ્વામી ધર્માનંદ કોસંબીનું મરાઠી નાટક બોધિસત્વ, જેનો ગુજરાતી અનુવાદ શ્રી પરમાનંદ કાપડિયા અને શ્રી કાન્તિલાલ બરોડિયાએ કર્યો છે અને જે પુસ્તકાકારે શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી પ્રગટ થયું છે, તેનું રેડિયો-રૂપાંતર કરવામાં આવ્યું હતું અને મંગળવાર, તા. ૧૩ મી નવેંબર ૧૯૫૬ ના રોજ રાતના ૯-૧૫ વાગ્યે મુંબઈ રેડીયો-સ્ટેશન ઉપરથી રજુ કરવામાં આવ્યું હતું. પુસ્તકના અનુવાદકોએ જ રેડિયો રૂપાંતર કર્યું હતું. (૧) ગૌતમને શિકાર કરતાં સાધના તરફ વધુ આકર્ષણ છે તે બતાવતો પ્રસંગ, (૨) રોહિણી નદીના પાણી માટે શાકય અને કોલિયો વચ્ચેના મતભેદ ને તેને પરિણામે ગૌતમે સંસારત્યાગ કર્યો તે પ્રસંગ, (૩) શુદ્ધોદન, ગૌતમી અને યશોધરાની અનુમતિ માંગતો પ્રસંગ અને (૪) છેલ્લે બોધિ-જ્ઞાન પ્રાપ્ત થયા પહેલાનો બોધિસત્વની આકરી કસોટીનો પ્રસંગ—આ ચાર મુખ્ય પ્રસંગોને નાટકના તાણાવાણામાં વણી લેવામાં આવ્યા હતા.

નાટકમાં નીચે જણાવેલા કલાકારોએ ભાગ લીધો હતો.

બોધિસત્ત્વ.....પ્રા. મધુકર રાંદેરીઆ
યશોધરા.....શ્રી ભારતી શેઠ
શુદ્ધોદન.....શ્રી દુષ્યંત માંકડ
ગૌતમી.....શ્રી કલ્લોલિની હઝરત
શાકયસેનાપતિ....શ્રી બરકત વીરાણી
મહાનામ.....શ્રી કાન્તિ બરોડિયા
શાકયપુરોહિત....શ્રી રમેશ દેસાઈ
માર.....શ્રી સુમંત વ્યાસ

પ્રવકતા તરીકે પ્રા. ભાનુશંકર વ્યાસ-બાદરાયણ-હતા.

નાટકમાં કલાકારોએ પોતપોતાના ભાગને સારો ન્યાય આપ્યો હતો. બોધિસત્ત્વ તરીકે શ્રી મધુકર રાંદેરીઆ, શાકયસેનાપતિ તરીકે શ્રી બરકત વીરાણી અને માર તરીકે શ્રી સુમંત વ્યાસનું કામ પ્રશંસનીય હતું.

પ્રસંગોને અનુરૂપ પાર્શ્વસંગીત ગોઠવવામાં આવ્યું હતું અને તેણે પણ નાટકની સફળતામાં પોતાનો ફાળો આપ્યો હતો. શ્રી મુંબઈ જૈન યુવક સંઘે કરેલા પ્રકાશનનું નાનું શુ અવતરણ રેડિયો રૂપાંતર તરીકે રેડિયો પર રજુ કરવા માટે આકાશવાણી મુંબઈ કેન્દ્રના ઉપરી-અધિકારીઓનો સંઘ આભાર માને છે.

ગાંધીજી અને ગોળીબાર

અમદાવાદ ખાતે ઓગસ્ટની આઠમી તારીખે કૉંગ્રેસ હાઉસ આગળ સરકારી પોલીસ તરફથી વિદ્યાર્થીઓના ઉશ્કેરાયલા અને પથ્થર-બાજી કરતા ટોળા ઉપર ગોળીબાર કરવામાં આવેલો અને તેના પરિણામે ચાર કે પાંચ વિદ્યાર્થીઓ એ જ વખતે ત્યાં મૃત્યુ પામેલા. આ દુઃખદ ઘટનાના આઘાત પ્રત્યાઘાતોથી ગુજરાતી પ્રજા હજુ મુક્ત થઈ નથી. આ પરિસ્થિતિનો લાભ લઈને મહાગુજરાતની ઝુંબેશ ચલાવતા આગેવાનો પોતાનાં પ્રચાર પ્રવચનોનું આ ગોળીબારના ઉલ્લેખથી જ મોટા ભાગે મંગળાચરણ કરતા સંભળાય છે અને ગોળીબારથી સખ્ત આઘાત પામેલા પ્રજાજનોની લાગણીઓને ઉશ્કેરીને તેમને મહાગુજરાત-વાદ તરફ વાળવા પ્રયત્ન કરે છે. બીજી બાજુએ કૉંગ્રેસી આગેવાનો કદિ કદિ ગોળીબારનો બચાવ કરતાં કરતાં જાણે કે કૉંગ્રેસી સરકારનું આ કોઈ પરાક્રમ હોય એમ કશા પણ સંકોચ સિવાય અથવા તો જાણે કે કોઈ પરાયા માણસો ગોળીથી વીંધાયા હોય એવા લાગણી-શૂન્ય ભાવે એ દુર્ઘટનાનો ઉલ્લેખ કરતા સંભળાય છે અને એ રીતે પ્રમાણ અને વિવેક ગુમાવતા માલુમ પડે છે. મહાગુજરાતવાદી પોતાના સમર્થનમાં ગાંધીજીની અહિંસાને આગળ ધરે છે; કૉંગ્રેસી આગેવાનો ગોળીબારના સમર્થનમાં ગાંધીજીએ આજથી ૧૮-૨૦ વર્ષ પહેલાં વ્યક્ત કરેલા અભિપ્રાયો રજુ કરે છે. આ ચર્ચાના અનુસંધાનમાં હરિજન પત્રોના તંત્રી શ્રી મગનભાઈ દેસાઈએ તા. ૧૬-૧૧-૫૬ ના 'જનસત્તા' માં પ્રગટ થયેલા તેમના એક ચર્ચાપત્રમાં ડેલાંગ (ઓરિસ્સા) મુકામે ગાંધી સેવા સંઘના ૧૯૩૮ ના માર્ચની ૨૫ થી ૩૦ મી તારીખ સુધી મળેલા ચોથા અધિવેશન દરમિયાન ગાંધીજીએ આપેલા વ્યાખ્યાનમાંથી નીચેનો ભાગ ઉદ્ધૃત કરેલ છે. આ ભાગ મૂળ હિંદીમાં છે જેનો અનુવાદ નીચે મુજબ છે:—

"હવે જમનાલાલજીનો જે પ્રશ્ન છે કે 'જો અમે ગાંધી સેવા સંઘના સભ્યો પ્રધાનપદનો સ્વીકાર કરીએ તો શું અમે ગોળીબારનો હુકમ આપી નથી શકતા?' આજે અલ્હાબાદમાં ગોવિંદ વલ્લભ પંત પંતપ્રધાન છે. તેઓ જો કે આપણા સભ્ય નથી, એમ છતાં પણ એ કારણે તેમનામાં અહિંસા શું ઓછા પ્રમાણમાં છે? હું તો તેમને સારી રીતે જાણું છું. પણ તેઓ બીચારા બીજું શું કરી શકે તેમ હતું? હું આપને એ પણ કહેવા ઇચ્છું છું કે જો હું એમની જગ્યાએ હોત તો હું પણ એમ જ કરત. જો હું પ્રધાનપદ સ્વીકારું તો સુલેહ અને શાન્તિ માટે હું જવાબદાર બનું છું. એ ખરું છે કે પ્રધાનપદ સ્વીકારવા પહેલાં હું આ બાબતનો જરૂર વિચાર કરી શકું છું. આમ છતાં પણ ગાંધી સેવા સંઘના કોઇ પણ સભ્યને હું એમ કહી શકતો નથી કે માત્ર આ કારણને લીધે જ તે પ્રધાન ન બને. હું જાણું છું કે આમાં મારી ધન્ય કાંઇક નીચી નમે છે. પણ મારી અહિંસા વ્યવહારક્ષેત્રેથી કાંઇ થોડી જ ભાગી શકે છે? હું તો વ્યાવહારિક સમસ્યાઓનો ઉકેલ કરતો કરતો અહિંસાથી કામ લેવા ઇચ્છું છું. હું પ્રધાન હોઉં અને જો હિંદુ મુસલમાન પોતપોતામાં લડવા લાગે અને મને એમ લાગે કે લશ્કરને બોલાવીને માત્ર પાંચ સાત આદમીઓને મારીને આ મારામારી અટકાવી શકું તેમ છે તો મારે વ્યવસ્થા ખાતર આ કરવું જ પડે. ઓછામાં ઓછી હિંસા કરીને આ હત્યાને રોકવાનો હુકમ મારે આપવો જ પડે."

આ એ જ ગાંધીજી છે કે જેમણે ૧૯૪૭ માં બિહારમાં ફરતાં ફરતાં એમ પણ જણાવેલું કે "આપણી રાજસત્તા બ્રિટીશોની માફક બંદુકને જોરે ટકી નહિ શકે" અને એમ કહીને સત્તાના જોરે નહિ પણ ત્યાગ અને તપ વડે, અને માલીક અને ધણી બનીને નહિ પણ સેવક બનીને, પ્રજાનો વિશ્વાસ સંપાદન કરવાનો કૉંગ્રેસીઓને તેમણે અનુરોધ કર્યો હતો. જેઓ વિવેકપૂર્વક વાંચશે અને વિચાર કરશે તેમને નીચેના અને ઉપરના લખાણમાં જરા પણ અસંગતિ જેવું નહિ લાગે.

ગાંધીજી આદર્શવાદી હતા અને સાથે સાથે વાસ્તવિક પરિસ્થિતિનું સમ્યક્ આકલન કરીને ઉચિત વ્યવહાર માર્ગનું હંમેશા નિરૂપણ કરતા. આ જ કારણે જેણે પ્રજાજીવનની સુલેહ શાન્તિની જવાબદારી લીધી છે તેવી વ્યક્તિ માટે અનેકને બચાવવાની કોઇ કટોકટી વખતે અલ્પની પ્રાણહાનિનું જોખમ ખેડવાનું તેમણે આવશ્યક અને ધર્મ્ય લેખ્યું હતું. જેઓ કોઇ પણ સંજોગમાં ગોળીબાર જેવા આત્યન્તિક ઉપાયને ક્ષમ્ય લેખવાને તૈયાર નથી તેમને ગાંધીજીના ઉપરના ઉદ્ગારોમાંથી કાંઇક નવું દિશાસૂચન જરૂર મળે તેમ છે.

એક મિત્ર આ જ વિષયને અનુલક્ષીને પૂછે છે કે "રક્ષણ માટે ગોળીબાર વ્યાજબી છે એમ જો ગાંધીજી કહેતા હોય તો તેમની અહિંસાનું મહત્ત્વ ક્યાં રહ્યું?" આનો જવાબમાં જણાવવાનું કે અહિં 'રક્ષણ માટે' એટલે પોતાના રક્ષણ માટે એમ સમજવાનું નથી, પણ જે પ્રજાજનોના રક્ષણની જવાબદારી રાજ્ય વહીવટ દ્વારા મળેલા અથવા સોંપાયલા અધિકારની રૂએ અમુક સત્તાધિકારીને પ્રાપ્ત થઇ છે તે પ્રજાના રક્ષણ માટે એમ સમજવાનું છે. અને બીજું 'અહિંસા' શબ્દનો અર્થ વ્યક્તિગત તેમજ સામાજિક જીવનમાં સંપૂર્ણ અહિંસા એમ નહિં પણ ઓછામાં ઓછી અહિંસા એમ જ સમજવાનો છે; કારણ કે માનવ-દેહધારી માટે સંપૂર્ણ અહિંસા શક્ય જ નથી.

આ સુક્ષ્મ વિવેક જેઓ સમજતા નથી તેઓ અહિંસાવિચાર અને માનવી જીવનની અને વિશેષે કરીને સામુદાયિક જીવનની વાસ્ત-વિકતા વચ્ચે મેળ સાધી શકતા નથી અને પોતાને અણગમતું એવું કાંઇ પણ દંડકાર્ય સત્તાધીશોને હાથે થાય છે ત્યારે તે દંડકાર્ય સ્થાનિક સંયોગોમાં આવશ્યક કે અનિવાર્ય હતું કે કેમ તેના ઊંડાણમાં ઉતર્યા સિવાય ગાંધીજીની અહિંસાને આગળ ધરીને તે કાર્યને વખોડી નાખવા તત્પર થાય છે અને સામો પક્ષ જ્યારે આવા જ કોઈ સંયોગોને ધ્યાનમાં લઇને ગાંધીજીએ અમુક વ્યવહારૂ સલાહ આપી હોય જે દેખાવમાં અહિંસાવિરોધી હોય—આવી કોઇ સલાહ ટાંકે છે ત્યારે આ બાજુના માણસોનું મન ગુંચવાડામાં પડે છે અને ગાંધીજીના વિચારમાં તેમને અસંગતિ હોવાની શંકા આવે છે.

આમ ચર્ચા કરવા જતાં આપણે અહિંસાની કાંઇક તાત્ત્વિક આલોચનામાં ઉતરી પડ્યા. કહેવાનું તાત્પર્ય એ છે કે ગાંધીજીની અહિંસા કેવળ વ્યક્તિલક્ષી નહોતી; ઉલટું વિશેષતઃ સમાજલક્ષી હતી, અને તેથી ઉપરના તેમના વ્યાખ્યાનમાં તેઓ જણાવે છે તેમ ઓછામાં ઓછી હિંસાવડે માનવી જીવનનું—સમગ્ર સમાજ વ્યવહારનું—નિર્માણ—અને નિયમન કરવું અને અણધાર્યા સામાજિક ઉત્પાતને પહોંચી-વળવું—આ ધોરણ ઉપર જ તેમની સર્વ વિચારણા આધારિત હતી.

આ સંબંધમાં અલબત્ત એ પણ એટલું જ સ્પષ્ટ હોવું જરૂરી છે કે ગાંધીજીના ઉપરના કથન માત્રથી આજની સરકાર તરફથી કોઇ પણ સ્થળે કરવામાં આવેલ ગોળીબાર વ્યાજબી હતો એમ લેશ-માત્ર સિદ્ધ થતું નથી. આવું સિધ્ધ કરવાનો કોઈ કોઈ કૉંગ્રેસી આગેવાન કે રાજકીય વહીવટકર્તા તરફથી પ્રયત્ન થતો જોવામાં આવે છે ત્યારે દુઃખ થાય છે. ગોળીબારનું અવલંબન બીજા કોઈ ઉપાયો કારગત નીવડવાની શક્યતાના અભાવમાં જ વ્યાજબી બની શકે છે. કોઇપણ ગોળીબારનું વ્યાજબીપણું કે ગેરવ્યાજબીપણું તેના ચોક્કસ સ્થળ સંયોગના સાચા આકલન ઉપર જ આધાર રાખે છે. આ રીતે વિચારતાં અમદાવાદના પ્રસ્તુત ગોળીબારનું સમર્થન કરનાર કૉંગ્રેસી આગેવાનોએ તે ગોળીબારના સ્થળ સંયોગની ઝીણવટભરી સમીક્ષા કરવી ઘટે છે અને એ રીતે તેનું અનિવાર્યપણું એટલે કે વ્યાજબી-પણું લોકોના દિલ ઉપર ઠસાવવું ઘટે છે. આમ કરવાને બદલે ગાંધીજીનો હવાલો આપવામાં આવે તો તે ઉચિત નથી.

બીજી બાજુએ મહાગુજરાતવાદીઓએ પણ દ્વિભાષી મુંબઈ વિરુદ્ધ મહાગુજરાતના લાભાલાભ વિગતથી સમજાવવાની વધારે ચિન્તા અને મહેનત લેવી જોઇએ અને હાલતાં ચાલતાં ગોળીબારને આગળ ધરીને લોકલાગણી ઉશ્કેરવાના વ્યવસાયનો સદન્તર ત્યાગ કરવો જોઇએ. કારણ કે પ્રસ્તુત ગોળીબારને મહાગુજરાતની ઇષ્ટતા કે અનિષ્ટતા, ગુણદોષ યા લાભહાનિ સાથે કોઈ સીધો સંબંધ છે જ નહિ.

અને બન્ને પક્ષે પોતાના વિચાર કે વાદના સમર્થનમાં ગાંધી-જીનાં લખાણો કે ઉદ્ગારોનો સધિયારો શોધવાની અથવા તો ગાંધીજીનું નામ જ્યાં ત્યાં આગળ ધરવાની અવિવેકભરી વૃત્તિથી મુક્ત થવું જોઇએ. કારણ કે ગાંધીજીએ તે તે સમયના વિશિષ્ટ સંયોગોને અનુ-લક્ષીને જે કાંઈ કહ્યું કે લખ્યું હોય અથવા તો અમુક રીતે તેઓ વર્ત્યા હોય તે આજના પરિવર્તિત સંયોગોમાં લાગુ ન પણ પડતું હોય. પ્રત્યેક પરિસ્થિતિનું સ્વતંત્ર આકલન કરવું અને આગળ પાછળનો સમગ્ર વિચાર કરીને પોતાનું કર્તવ્ય નક્કી કરવું અને આસપાસ બનતી ઘટનાઓની પણ એ રીતે તુલના કરવી—એ જ આપણ સર્વ માટે સાચો વ્યવહારૂ માર્ગ છે. **પરમાનંદ**

દશાંશ પદ્ધતિ પર રચાયેલું નવું ચલણ

આપણી ભારત સરકાર તેનાં નિર્ણય અનુસાર ૧૯૫૭ ના એપ્રીલ માસની પહેલી તારીખે નયા પૈસાનું ચલણ અમલમાં લાવવાની છે, જેને દશાંશ પદ્ધતિ કહેવામાં આવશે. આ દશાંશ પદ્ધતિ એટલે શું ? તે શા માટે અમલમાં આવે છે તે જાણવું ઘણું આવશ્યક છે. આપણી બહેનો જો આ નવી પદ્ધતિથી (જાણીતી) વાકેફ હશે તો જરૂર તેઓને ભવિષ્યમાં મુશ્કેલી નહિ ઉભી થાય, કારણ કે સ્ત્રીઓએ ઘરની ગૃહિણી તરીકે, ઘર ચલાવવા માટેના બધા જ ખર્ચા કરવાના રહે છે. આ ખર્ચા કરતી વખતે તેઓને લેવડદેવડની ગણત્રી કરવી પડે છે. જેથી તે છેતરાય નહિ અને સરવાળે ઘરના અંદાજપત્રકમાં પણ આ ભૂલને લીધે ખાધ બતાવાય નહિ. સામાન્ય રીતે પણ સ્ત્રીઓ ગણત્રીમાં કાચી હોય છે. વળી મોટા ભાગની સ્ત્રીઓ નિરક્ષર છે, તો આ નવી દશાંશ પદ્ધતિ જે અમલમાં મૂકાવાની છે, તેના વિષે વિશેષ જ્ઞાન મેળવવું એ સ્ત્રીઓ માટે ખાસ આવશ્યક છે. જો આ પદ્ધતિ વિષે સમજણ નહિ પડે તો, નવી પદ્ધતિની શરૂઆતનાં અમલમાં જે ગુંચવણનો ભય છે તેની એને સૌથી વધારે અસર કરશે.

આ નવા ચલણ પ્રમાણે હાલમાં જે એક રૂપિયાના ચોસઠ પૈસા છે તે મૂલ્યમાં જ ફેરફાર થવાનો છે. એક રૂપિયાના ચોસઠ પૈસાને બદલે હવે સો પૈસા થશે. એપ્રિલની પહેલી તારીખથી જે પૈસા ચાલુ થશે તેને "નયા પૈસા" એવું નામ આપવામાં આવશે. આ દશાંશ પદ્ધતિનું ચલણ નીચે પ્રમાણે છે. એક રૂપીયાના ૧૦૦. નયા પૈસાનો સિક્કો, પચાસ નયા પૈસાનો સિક્કો, ૨૫ નયા પૈસા, ૧૦ નયા પૈસા, ૫ નયા પૈસા, ૨ નયા પૈસા અને ૧ નયા પૈસા– એમ જુદા જુદા સિક્કાઓ અસ્તિત્વમાં આવશે. આ પદ્ધતિ સરળ ને આવકારવા લાયક છે, અને ખાસ કરીને અશિક્ષિત વર્ગ માટે વધુ સરળતા ભરેલી છે.

આ નવી ચલણ પદ્ધતિ ભારતના તમામ નાગરિકોને સ્પર્શે છે. અને તે પદ્ધતિથી માહિતગાર થવા નાણાંખાતા તરફથી સમજુતી અપાય છે. આ નવી પદ્ધતિ જેવી અમલમાં આવશે કે પ્રજામાં ખળભળાટ થવાનો જ. કારણ કે જુનું ચલણ, એટલે કે આઠ આની, ચાર આની વગેરે, અને નવું ચલણ સાથે ચાલશે. એટલે લોકોને ગણત્રી કરવામાં ગોટાળો થશે. એમ થવાથી એવો સંભવ છે કે આપણી પાસે જુના તેમજ નવા સિક્કાઓ ભેગા થશે. દુકાને વસ્તુ ખરીદ કરીએ તો જુના અને નવા બન્ને સિક્કાઓ વડે વસ્તુનું મૂલ્ય ચુકવવાનું રહેશે. માટે જુનાં અને નવાનું અંદર અંદરનું મૂલ્ય જાણવું પડે. આથી સરકારે આ પરિવર્તનમૂલ્યની ગણત્રીના પત્રકો બહાર પાડ્યા છે જે નીચે પ્રમાણે છે.

એક રૂપિયાના—૧૦૦ નયા પૈસા. ત્રણ પાઇ — ૨ નયા પૈસા.
આઠ આનાના— ૫૦ નયા પૈસા. બે પાઇ — ૧ નયા પૈસા.
ચાર આનાના— ૨૫ નયા પૈસા. એક પાઇ — ૧ નયા પૈસા.

આ ઉપરની ગણત્રી પ્રમાણે 'પાવલી' સુધીનો હિસાબ સરળ છે. પણ પાવલીના ૨૫, નયા પૈસાના હિસાબે બે આનીના ૧૨॥ નયા પૈસા થવા જોઇએ. પણ અડધા પૈસાના સિક્કા જેવું કંઇ જ ન હોવાથી નયા તેર પૈસા આપવા પડે. તેથી અડધા પૈસાની માલ લેનારને ખોટ ખાવાની રહે છે. અને તે હિસાબે વેપારીને ફાયદો થઈ શકે. જેમકે ખરીદનાર ગ્રાહક વેપારી પાસે અગર દુકાનદાર પાસે કંઈ માલ લેવા જાય ત્યારે વેપારી ૧૨॥ નયા પૈસાની કિંમતની વસ્તુના તે ગ્રાહક પાસેથી ૧૩ પૈસા લઈ શકે, કારણ કે અડધા પૈસાના સિક્કા જેવું કંઇ જ નથી. એટલે ગ્રાહકને ગરજ હોય તો ૧૩ નયા પૈસા આપી વસ્તુ ખરીદે. આમ જનતા અને ગરીબ પ્રજાને અડધા પૈસાની તુંકસાની સહન કરવાની રહે છે. આ ઉપરાંત ગણત્રી પત્રકમાં જોતાં સમજાશે કે એક અને બે પાઇનું મૂલ્ય પણ સરખું જ છે. એટલે કે એક ને બે પાઇના એક નયા પૈસા થાય છે, જ્યારે ત્રણ પાઇના બે નયા પૈસા થાય છે. આમ પાઇનું અસમાન મૂલ્ય હોવાથી ઘણી મુશ્કેલીઓ ઉભી થશે. ખાસ કરીને વેપારીઓ અશિક્ષિત વર્ગને છેતરવા પ્રેરાશે. તેઓ ત્રણ ત્રણ પાઇના બે બે નયા પૈસા લઇને, એજ પ્રમાણે બાર પાઇના આઠ નયા પૈસા લઇ શકશે, પણ જ્યારે ગણત્રીપત્રક પ્રમાણે તો બાર પાઈ એટલે કે એક આનાના છ જ પૈસા થાય છે. આમ ઘરાકને એક આને બે નયા પૈસાની ખોટ આવી શકે. આમ વેપારી ધારે તો (જુના) સોળ આને એટલે કે એક રૂપીયે ૩૨ વધારાના નયા પૈસા મેળવી શકે. આથી વેપારી અને ઘરાક વચ્ચે ઝગડા થવાનો સંભવ છે.

એટલા માટે જ રાજાજીનું એવું સૂચન હતું કે તળીયાનું (નાના) સિક્કાનું મૂલ્ય સ્થિર હોત તો આવી મુશ્કેલી ઉભી ન થાત. એટલે કે એક આનો, બે આના, બે પૈસા વગેરે એમને એમ જ ચલણમાં ચલાવવા જોઇતા હતા. બીજી મુશ્કેલી એ છે કે નયા પચાસ પૈસાનો સિક્કો અને નયા પચ્ચીસ પૈસાનો સિક્કો આ બન્ને કદમાં સરખાં છે અને આકારમાં જરાક જ ફેર છે. એટલે તેને કારણે અજ્ઞાન અને નિરક્ષર પ્રજાને, વેપારી ઇચ્છે તો, ફસાવીને સારો લાભ મેળવી શકે. એમ સિક્કાનાં કદ સરખાં હોવાથી કોઇવાર ભુલમાં ૨૫ નયા પૈસા ને બદલે ૫૦ નયા પૈસા આપી દેવાય. તેથી આ વસ્તુનું વારંવાર પુનરાવર્તન કરવાથી જ તેની સમજ મગજમાં ઉતરશે. આ ઉપરાંત નવી ચલણ પધ્ધતિના ગણત્રીપત્રકો કંઈ ઘરે ઘરે નહિ હોય પણ તે ખાસ કરીને વેપારીઓ પાસે જ હશે. તેથી લેવડદેવડમાં વેપારીઓ તરફથી ઠગાવાનો ભય હરહંમેશ રહેશે. આ મુશ્કેલી ખાસ કરીને ત્રણ વર્ષ સુધી રહેશે. એટલે કે બન્ને–જુનું ચલણ અને નવું–ચલણ સાથે ચાલશે ત્યાં સુધી આ ગુંચવણોનું કોકડું ગુંચવાયા કરશે. પણ ત્રણ વરસને બદલે જો એક વર્ષમાં જુનું ચલણ ખેંચી લેવામાં આવે તો આ મુશ્કેલીઓ વહેલી તકે દૂર થઇ શકે. તે છતાં આ બધી મુશ્કેલીઓમાંથી ઉગરવાની રીત એ છે કે જુના ચલણમાં ફકત ચાર આના સુધીનું જ ચલણ ચાલુ રહે અને બેંક તરફથી પ્રજાને સગવડ આપવી કે બેંકમાં જઇ તેઓ બે આની કે એક આનો કે જુના ૧૬ પૈસાના ૨૫ નયા પૈસા મેળવી શકે. આથી જે બે આનામાં અડધા પૈસાની કે આનામાં ૦ા પૈસાની ખોટ જાય તે ન જાય. તે છતાં પાઇના મૂલ્યમાં તો ગુંચવણ ઉભી રહેશે જ.

આમ આ નવી દશાંશ પધ્ધતિમાં આવી આવી ઘણી મુશ્કેલીઓ અને ગુંચવણો હોવા છતાં, લાંબે ગાળે તે જનતા માટે આશીર્વાદ રૂપ બનશે. કારણ કે આ પધ્ધતિ હિસાબ અને ગણતરી કરવામાં ઘણી સરળ અને સુગમ છે. કોઇપણ ક્ષેત્રમાં નવો ફેરફાર અથવા તો ક્રાંતિ થાય, ત્યારે કોઇકને કંઇક સહન કરવાનું આવે જ છે. એટલે થોડો વખત આ અગવડ દરેક જણને ભોગવાની રહેશે જ. જેમ સાસરામાં આવતી નવી વહુને પિયરનો જુનો સ્નેહ તજી સાસરાનાં નવા માણસો સાથે સ્નેહ બાંધતા અને સુમેળ સાધતાં થોડો વખત તેને સહન કરવાનું રહે છે, પણ જ્યારે તે નવા સાસરાનાં સગાંઓ સાથે હળીમળી જાય છે ત્યારે તે જ માણસો તેનાં જીવનમાં આશીર્વાદ રૂપ બની જાય છે અને જ્યાં તે આજ્ઞાધારિણી હતી ત્યાં ગૃહની રાણી બની જાય છે તેમ.

'વિકાસ'માંથી સાભાર ઉધ્ધૃત. **ભાનુમતી દલાલ.**

વિષય સૂચિ

		પૃષ્ઠ
શ્રમણ અને બ્રાહ્મણ	દલસુખ માલવણિયા	૧૫૧
સામ્યવાદીઓને સંબોધન	જયપ્રકાશ નારાયણ	૧૫૨
નેત્ર રક્ષા	ડૉ. ગોવિન્દભાઇ પટેલ	૧૫૪
બોધિસત્ત્વનું રેડિયો રૂપાંતર		૧૫૫
ગાંધીજી અને ગોળીબાર	પરમાનંદ	૧૫૬
દશાંશ પદ્ધતિ પર રચાયેલું નવું ચલણ	ભાનુમતી દલાલ	૧૫૭
ગંગોત્તરી	હર્ષદલાલ શોધન	૧૫૮

ગંગોત્તરી

सदासम्यगारूढ शीताद्रिशृंङ्गे, प्रवाहो परिभ्रान्त भूयो विहङ्ग । निजस्पर्श हृष्यत्सरस्वान्निषङ्गे, नमस्तेऽस्तु गङ्गे प्रपूतान्तरङ्गे ॥

ભાવાર્થ : હિમાલયના શિખર ઉપર સદા સુંદર રીતે આરુઢ થયેલાં,–જેના પ્રવાહ ઉપર–અનેક વાદળો ભ્રમણ કરતાં હોય છે, પોતાના સ્પર્શથી જે સાગરના બોળાને પુલકિત કરે છે, એવાં પવિત્ર અંતરંગવાળા–એટલે કે શીતળતા, સુંદરતા, આહ્લાદકતા અને પવિત્રતાના ગુણો ધરાવતા–હે ગંગાજી ! તમને વંદન હો !

ઋષિકેશથી આગળ ચાલ્યા.

ગંગોત્તરીના પ્રવાસ પાછળનો અમારો હેતુ મુખ્યત્વે કરીને ત્યાંના અલૌકિક સૃષ્ટિસૌંદર્ય સાથેનાં આધ્યાત્મિક વાતાવરણનો લાભ લેવાનો હતો. ભાવનાશાળી પ્રવાસી આવા સ્થળે જઈને હૃદયાનુભવથી થતા વિકાસદ્વારા વધુ આનંદ, ઉત્સાહ પ્રેરણા અને પોષણ મેળવી શકે છે. હિમાલય જવાની વૃત્તિ હિંદી માત્રને સ્વાભાવિક હોય છે. હિમાલય એટલે આર્યોનું આદ્યસ્થાન, તપસ્વીઓની તપોભૂમિ અને ભૂલોકનું સ્વર્ગ ! મહારાજા ભગીરથથી માંડીને મહર્ષિ વેદવ્યાસ, શ્રીમત્ શંકરાચાર્ય, સ્વામી રામતીર્થ, સ્વામી વિવેકાનંદ વગેરેનું પ્રેરણાસ્થાન ! મહાકવિ કાલિદાસનો દેવતાત્મા નગાધિરાજ અને ભગવતી વસુંધરાનો વિરાટ માનદંડ ! રાજા ભર્તૃહરિ જેવાથી તીવ્ર વૈરાગ્યની દશામાં પણ હિમાલય પ્રત્યેનાં અનુરાગથી બોલી જવાયું કે :



શ્રી હર્ષદલાલ શોધન

શ્રી રસિકલાલ ઝવેરી

गंगातीरे हिमगिरिशिला बद्धपद्मासनस्य
ब्रह्मध्यानाभ्यसनविधिना योगनिद्रांगतस्य

ગીતામાં કહ્યું છે કે: स्रोतसामस्मि जान्हवी, स्थावराणां हिमालयः । હિમાલય અને ગંગા એ બન્ને દિવ્ય વિભૂતિઓ એક જગાએ સાથે હોવાથી સોનામાં સુગંધ જેવું ગણાય. અને તેથીજ ગંગોત્તરી એ હિમાલયનો એક શ્રેષ્ઠતમ ભાગ ગણાય છે. હિમાલયનાં બીજા સ્થળો કરતાં ગંગોત્તરી વધુ સરળ, વધુ નૈસર્ગિક સૌંદર્યવાળું, વધુ શાંત, એકાંત અને અદ્વિતીય આધ્યાત્મિક વાતાવરણવાળું છે. તેનું નામ સાંભળતાં જ અંતરમાં કાંઇક અલૌકિક ભાવ જાગે છે. ગંગાનું નામ બધી નદીઓમાં પ્રથમ લેવાય ! અને તેની મહત્તા ગીતા તથા ગાયત્રી જેટલી ગણાય ! હજારો વર્ષથી જ્યાં માનવી પોતાના સનાતન શત્રુઓ સામે યુદ્ધ ચલાવે છે. મનુષ્યજાતિના હિતને ખાતર સર્વસ્વનો ત્યાગ કરીને ભારતવર્ષની સનાતન શ્રદ્ધા, ભાવના, આસ્તિકતા અને નિર્ભયતા ત્યાં આદર્શ તપસ્વી મહાત્માઓના રૂપમાં નજરે પડે છે.

સંકલ્પ તો થયો, પરંતુ તેની સિદ્ધિને માટે સંકલ્પબળ જરૂરી છે. કોઈપણ શુભસંકલ્પની સિદ્ધિને માટે તેને પ્રતિ અને ઉત્સાહનું પોષણ મળવું જોઇએ, નહિં તો જેમ સામાન્યપણે બને છે તેમ વિરોધી બળો સંકલ્પની સિદ્ધિ અટકાવવા માટે સજ્જ હોય, પરિસ્થિતિઓ, માહોલનાં ઇત્યાદિ ઉભાં કરે છે. પરંતુ પ્રેરણા અને હિંમતથી તેનો સામનો કરીને, મુશ્કેલીઓ વટાવીને, સંકલ્પને દૃઢ નિશ્ચયપૂર્વક વળગી રહેવાથી સહાયક બળોનું પોષણ મળી રહે છે અને તે સિદ્ધ થાય છે. વિક્ષેપાત્મક વિરોધીબળોનો સામનો કરીને સિદ્ધ થતા સંકલ્પનો આનંદ પણ અવર્ણનીય હોય છે ! સહાયક બળોમાં (૧) ત્યાં જઈ આવેલી ઉત્સાહી અને આધ્યાત્મિક વૃત્તિવાળી વ્યક્તિઓને મળીને બને તેટલી માહિતિ એકઠી કરવી, (૨) ત્યાં જવાથી થતા લાભને ખાસ લક્ષમાં રાખવો, (૩) ત્યાં જઈ આવેલી એવી જ વ્યક્તિઓનાં લખાણો તથા પુસ્તકો વાંચવા, (૪) આ ઉપરાંત સ્વામી જ્ઞાનાનંદજી*નાં ગંગોત્તરીવાસ દરમિયાન લખાએલા પત્રોએ ખાસ અગત્યનો ભાગ ભજવ્યો અને મનને ખૂબજ ઉત્સાહિત કર્યું. આવી રીતની માનસિક તૈયારી ખૂબ સહાયક નિવડે છે અને વિરોધીબળો સામે સંકલ્પબળને ટકાવી રાખે છે.

તૈયારી : (૧) સૌથી પહેલાં બે માસ અગાઉથી પ્રવાસના કાર્યક્રમની તારીખો નક્કી કરીને માર્ગમાં આવતાં વનવિશ્રામભવનોમાં ઉતરવાની, પરવાનગી માટે ઉત્તરકાશીના ડીવીઝનલ ફૉરેસ્ટ ઑફીસરને લખવું જરૂરી છે. કારણ કે પત્રવ્યવહારમાં સમય બહુ જાય છે અને ત્યાં રહેવાની સગવડ ખાસ અગત્યની છે. વનવિશ્રામભવનો ધરાસુ, નાકુરી, ઉત્તરકાશી, મનેરી, ભટવાડી, ગંગનાણી અને હરસીલમાં આવેલાં છે, તથા ગંગોત્તરીમાં હાલ તૈયાર થાય છે. તે ગામથી અલગ અને સુંદર જગાએ આવેલાં છે. પાસે પાણીનો ઝરો હોય છે અને ફરનીચર, રસોડું વગેરે દરેક જાતની સગવડવાળાં હોય છે, અને ત્યાંના વરંડામાં બેઠાં બેઠાં સામે હિમાલયનું તેમજ ગંગાજીનું મનોરમ્ય દૃશ્ય સતત નજરે પડે છે. ત્યાં ઉતરવાથી ચટ્ટીઓની માખો, ધુણી અને અશાંતિથી દૂર રહેવાય છે. ત્યાં વાસણ તથા બળતણનાં લાકડાં પણ મળે છે અને ત્યાંના ચોકીદારની થોડી ઘણી મદદ પણ લઈ શકાય છે.

(૨) એક માસ અગાઉ કપડાં સીવડાવવાનાં હોય તે સીવડાવી લેવાં. ખાસ કરીને મેલખાઉ સુતરાઉ કપડાંની એક જોડ રાખવી, કારણ કે ત્યાં રોજ ધોવાનું બની શકતું નથી અને ધોયેલાં કપડાં જલદી સૂકાતાં નથી.

*આ લેખમાળામાં સ્વામી જ્ઞાનાનંદજી વિષે અનેકવાર ઉલ્લેખ આવે છે. તેઓ D. Sc., Ph. D., F. inst. P: આ પ્રકારની યુરોપની વિદ્યાપીઠોની ઉપાધિઓ ધરાવે છે. તેઓ મૂળ આંધ્રના છે. જીવનનો અગાઉનો ભાગ આધ્યાત્મિક સાધના માટે હિમાલયમાં કાશ્મીરથી કૈલાસ સુધીનાં અનેક સ્થળોએ તેમણે ગાળેલો. તેમાં પણ ગંગોત્તરીમાં ઘણો વધારે સમય રોકાઈને તેમણે આધ્યાત્મિક સાધના પૂરી કરેલી. ત્યાર પછીનું જીવન અણુવિજ્ઞાનના સંશોધનમાં ગાળીને તે વિષયમાં તૈયાર થતા ભારતના વૈજ્ઞાનિકોને તેઓ હાલ માર્ગદર્શન આપી રહ્યા છે. આ લેખમાળાના લેખક તેમના નિકટ પરિચયમાં આવ્યા છે અને તેમની દ્વારા તેમણે આધ્યાત્મિક જીવન માટેની પ્રેરણા મેળવી છે. **તંત્રી.**

(૩) ૧૫ મી મેથી ૩૦ મી જુન સુધી ત્યાંની ઋતુ વધુ અકુળ હોય છે. અહીંના શિયાળા માટે જોઇએ તે કરતાં વધારે ગરમ કપડાંની જરૂર પડતી નથી. એક આખું સ્વેટર, બંડી તથા કાનટોપી પુરતાં છે. ઓઢવા માટે રગ તથા શાલ પુરતાં છે.

(૪) અનાજમાં ઘઉં, ચોખા તથા મગની દાળ ત્યાં મળે છે. ઘી મળે છે. તેલ સરસીયું મળે છે. ગોળ તથા ખાંડ મળે છે. મશાલા મળતા નથી. શાકમાં બટાટા તથા ડુંગળી મળે છે. લીલાં શાક અહીંથી સૂકવીને લઈ જવાં સારાં. ફળ ત્યાં મળતાં નથી. માટે સૂકા મેવા કાજુ, દ્રાક્ષ, અંજીર, ખજુર, ખારેક વીગેરે લઇ જવાં સારાં. લીંબુ કાચા લઈ જવાથી ત્યાં ધીમે ધીમે પાકતાં કામ લાગે છે. દૂધ વહેલું મોડું મળતું હોવાથી થોડા દૂધના ડબ્બા સાથે રાખવા સારા. ચ્હા તથા ચ્હાનો મશાલો ખાસ સાથે રાખવાં જોઇએ.

(૫) વાસણ એલ્યુમીનમનાં અગર પીત્તળનાં પાતળાં કલાઈવાળાં ખાસ જરૂર પુરતાં રાખવાં. હાથે રસોઈ કરનાર માટે નાનો કુકર વધુ ઉપયોગી થાય, પરંતુ ત્યાં કોલસા મળતાં નહિ હોવાથી નાનો સ્ટવ વધારે મદદરૂપ નીવડે.

(૬) પીવાનું પાણી ત્યાં ઉકાળીને જ પીવું સારૂં. કોઈ વખત ઉકાળી ન શકાય તે માટે પોટેશીયમ પરમેંગેનેટનાં ક્રીસ્ટલ થોડાં સાથે રાખવાં સારાં. નદીના પાણીને બદલે ઝરાનું પાણી વધારે સારૂં. રસ્તામાં પાણી માટે ખભે લટકાવવાની જસતની બોટલ ખાસ જરૂરી છે.

(૭) તડકા તથા વરસાદ માટે ગૉગલ્સ, હેટ, છત્રી અને રેઈન કોટ જોઇએ. ખભા સુધી ઉંચાઈની લોખંડની અણીવાળી લાકડી ખાસ જરૂરી છે. પગે બાંધવાની પટ્ટી ફાયદાકારક છે.

(૮) કૉલેરાના રક્ષણ માટેના ઈન્જેકશનનું સર્ટીફીકેટ ત્યાં બતાવવું પડે છે. માટે ખાસ સાથે રાખવું. ૧૫ દિવસ અગાઉ તે ઈન્જેકશન લેવાય તો સારૂં. કારણ કે તે શરીરમાં ઘણીવાર થોડો ઉત્પાત (reaction) પેદા કરે છે.

(૯) બધાં કરતાં ખાસ અગત્ય, માફક આવતાં જુનાં બુટની છે, કારણ કે ત્યાંના પથરીઆ રસ્તામાં નવાં બુટ ગમે તેટલાં સારાં હોવા છતાં ડંખ્યા વિના રહેતાં નથી. નવાં બુટ અગાઉ વાપરીને તેથી ટેવાઈ જવું વધારે સારૂં. બાટાના હંટીંગ બુટ વધારે અનુકુળ ગણાય. નહિ તો કુશનવાળા ટેનીસ બુટ અગર રબરસોલના પઠાણી ચંપલ ચાલી શકે. બે જોડી બુટ અને એક જોડ ચંપલ સાથે રાખવા જરૂરી છે.

(૧૦) સામાન જેમ બને તેમ ઓછો રાખવો. ત્યાં ખાસ ખરચ તથા અગવડ સામાનની જ છે. બધી ચેતવણી છતાં અમે લઈ ગયેલા સામાનમાંથી અડધા ઉપરાંતનો સામાન, એ બાજુ પ્રવાસ શરૂ કરતાંની સાથે પૂરો ખ્યાલ આવવાથી, રસ્તામાં મૂકી દેવો પડયો હતો. અને એમ છતાં પણ બાકી રાખેલો સામાન અમને વધારે પડતો લાગતો હતો. સામાન માટે જો ઋષિકેશથી જ કુલીનું નક્કી કરવામાં ન આવે તો પછી આગળ જતાં કુલી–ખચ્ચર વગેરે મેળવવામાં ઘણી જ હાડમારી ભોગવવી પડે છે. આ સંબંધી પંડા વીગેરે ત્યાંના માણસો સાચી સલાહ આપતા નથી. કારણ કે આપણને ભોગવવી પડતી અગવડોનો તેમને ખ્યાલ હોતો નથી. માટે આ બાબતમાં બીજા કોઇની સલાહ ન માનતાં ઋષિકેશથી જ કુલીનું નક્કી કર્યા સિવાય આગળ જવું નહિ. અમને આ બાબતમાં બહુ જ કડવો અનુભવ થયો હતો.

(૧૧) દવાઓ તથા વૈદ્યકીય સારવાર ત્યાં મળી શકતાં નથી. માટે પોતાની શારીરિક પ્રકૃતિ અનુસાર જરૂરી દવાઓ સાથે રાખવી. ત્રિફળા ચૂર્ણ ખાસ ઉપયોગી છે, કારણ કે ત્યાંની હવાથી કેટલાંકને કોઇક વખત કફ, પિત્ત કે વાયુ થઈ જાય છે. બામ, જામ્બક, મકર્યુરીક્રોમ, પકવવાના તથા રૂઝ લાવવાના મલમની પટ્ટીઓ, મરડાની દવા, ઈસિપગુલ, ઓરેન્જ લેમનની ગોળીઓ, એસ્પીરીન, પીપરીમૂળ, લીંડી પીપર, કોલ્ડ ક્રીમ, ઓલઝીંક માટેની દવા વગેરે સાથે રાખવી જરૂરી છે. નબળાં શરીરવાળાં પગપાળા જવાને બદલે ડંડીમાં જઇ શકે છે, પરંતુ પેટનાં, હૃદયનાં, દમનાં કે નર્વ્સનાં દરદવાળાં માટે એ બાજુનો પ્રવાસ ઘણું ખરૂં પ્રતિકુળ નીવડે છે.

દીલ્હી તરફ જતાં ટ્રેઈનમાં અમારી સાથે એક ડૉ. દેસાઇ કરીને હતા. તેઓ રજા ઉપરથી બહારગામ પોતાની નોકરીએ પાછા જતાં હતાં. તેમની સાથે વાતો થતાં તેમને અગાઉ શિકારનો ઘણો શોખ હતો અને માંસાહારી હતા, પણ અમુક સમય પહેલાં એક મહાત્મા સાથેનાં અણધાર્યા મિલનથી તેમનામાં કેવી રીતે પરિવર્તન થયું અને ધાર્મિક વૃત્તિવાળાં થયાં તે રસભરી કથા અમને સાંભળવા મળી. તેમની દીકરીને કેટલાક સમયથી સાસરે ઘણું દુઃખ હતું. તેનો કોઇ ઉપાય જડતો ન હોવાથી ડૉકટરની મુંઝવણનો પાર ન હતો. તેવામાં એક વખત તેઓ નડિયાદ થઇને આગળ જવા નીકળેલા. તેવામાં અચાનક એક મહાત્માનો ભેટો થઈ ગયો. ડૉકટર ઘણાજ ઉદાસ અને ચિંતાતુર દેખાવાથી મહાત્માએ તેનું કારણ પૂછ્યું. ડૉકટરે કહ્યું કે મનમાં એટલી ઉપાધિ અને અશાંતિ છે કે કોઈની સાથે વાત કરવાનું મન થતું નથી. અને પછી તેમની દીકરીના દુઃખની સઘળી હકીકત કહી સંભળાવી. મહાત્માએ બધું સાંભળીને કહ્યું કે 'ફીકર ન કરશો, ઈશ્વર પરમ કૃપાળુ છે, અને સૌ સારૂં થશે.' તે દિવસથી તેમની દીકરીનું દુઃખ ગયું અને આજસુધી તે ઘણું સુખી જીવન ગાળે છે. આ બનાવથી તેમની ધર્મ ઉપરની શ્રદ્ધા જાગૃત થઈ અને નિયમિત પૂજાપાઠ કરવાનું તેમણે શરૂ કર્યું અને શિકાર તથા માંસાહારનો ત્યાગ કર્યો.

ટ્રેઈનમાં બીજા એક સાથી લોકસભાના સભ્ય હતા. તબીયત નાજુક હતી. ડાઈનીંગકારમાંથી ચ્હા મંગાવતાં ત્યારે પોતાને પડેલી આદતવાળી ખાસ ચ્હા આપીને તેમાંથીજ બનાવીને મંગાવતા હતા. આપણી અત્યારની સરકારની વહીવટી ખાત્રીઓ અને અમુક લાગતી વળગતી વ્યકિઓનું અને સંસ્થાઓનું–પોતાના સ્વાર્થની ખાતર સુધારો ન થવા દેવાનું– વર્ચસ્વ વગેરેના અનુભવો તેમની પાસેથી જાણવા મળ્યા અને તે હિસાબે હજુ આપણું વહીવટી તંત્ર સુધરતાં ઘણો વખત લાગશે એવી છાપ અમારા મન ઉપર પડી.

ટ્રેઈનમાં બપોરના જમીને આરામ લીધો. આઈસ કન્ટેઈનરમાં હાપુસની કેરીઓ ઠંડી કરીને ખાધી. આખો દિવસ સાથીઓ સાથેની વાતોમાં અને અમારા આગળના પ્રવાસની કલ્પનાઓમાં વ્યતીત થયો.

સાંજના દીલ્હી સ્ટેશને લાંબો સમય મળતો હોવાથી અમે એક મિત્રને ત્યાં સ્નાન તથા ભોજન કરવા ગયા. સ્નાન કરવાથી થાક ઉતરી ગયો અને તાજગી આવી. દીલ્હી સ્ટેશને પાછા પહોંચ્યા ત્યારે જાણ્યું કે મજુરે અમારો સામાન ફેરવતાં નીચે પાડયો હતો, પરંતુ સદ્‌ભાગ્યે કશું નુકસાન થયું ન હતું. અમારા બેનું રીઝર્વેશન જુદા જુદા ડબ્બામાં હતું તે માસ્તરને કહીને સાથે એક ડબ્બામાં કરાવ્યું.

દીલ્હીથી નિરાંતે સૂતા અને સવારે સવા પાંચ વાગ્યે હરદ્વારના સ્ટેશને જાગ્યા. ત્યાં ગંગોત્તરીના પંડા શ્રીદ્યાપ્રસાદ અને સનાતનધર્મ સભાના મુખ્ય કાર્યકર્તા શ્રી ચિરંજીવલાલ ચ્હાપાણી લઇને સ્ટેશને મળવા આવ્યા હતા. તેમની સાથેની આ પ્રથમ મુલાકાત હતી. તા. ૨૩ મીએ—બે દિવસ પછી–ઋષિકેશ–શાંતિકુટિરમાં મળવાનું તેમની સાથે નક્કી કર્યું અને અમે દહેરાદુન ગયા.

દહેરાદુન જતાં ટ્રેઈનમાંથી દેખાતું દૃશ્ય સરસ છે. દહેરાદુન પહોંચ્યા ત્યારે અમારા યજમાન બહારગામ હોવાથી તેમના મિત્ર અને માણસ લેવા આવેલા. તેમણે અમને ઓળખી કાઢયા અને રાજપુર રોડ ઉપર આવેલા અમારા યજમાનના બંગલે તેઓ લઇ ગયા. ત્યાં રહેવાની સગવડ ઘણી સારી હતી. સ્નાન કરીને જમીને આરામ કર્યો. બપોર પછી ગુચ્છુપાની જોવા ગયા. ગુચ્છુપાની એ પહાડને વહેરીને વહેતું ઝરણું છે અને કુદરતની એક કરામત છે. જેમ કરવત લાકડાને વહેરીને નીચે ઉતરે છે તેમ અહીં એક પાણીના ઝરણાએ પત્થરની

ટેકરીને સીધી વહેરી કાઢી છે. તે જોઇને આપણને આશ્ચર્ય થાય છે કે પત્થર કરતાં પાણી વધુ બળવાન છે. પાણીને ટેકરી વહેરીને ૨૦–૨૫ ફુટની બે દિવાલો બનાવતાં સેંકડો વર્ષ લાગ્યાં હશે એવું અનુમાન થાય છે. એ કોતરની સાંકડી જગામાં થઇને આગળ જતાં જોખમ અને ભયનો અનુભવ થાય છે. એક તો અજવાળું ઓછું હોય તેમજ પાણીમાં ખુલ્લા પગે ચાલવાનું અને કેટલેક કેકાણે ઉપર બે દિવાલોની ઉપર છૂટા પત્થરો લટકીને રહ્યા હોય. કેટલાક આ કોતરમાં થઇને છેક આરપાર જાય છે અને કુદરતની આ અદ્‌ભૂત કૃતિનો પૂરો પરિચય પામે છે. અમે તો થોડેથી જ મનમાં સંતોષ માન્યો.

પાછા આવી સાંજના બજારમાં ફર્યા. બજાર સારૂં છે, પણ ગંદકી ઘણી છે. ખાવાપીવાની ચીજોમાં પણ ચોકખાઈ ન મળે. ત્યાંના બજારમાં સાંજના ૪ થી ૭ સાઇકિલ ઉપર સ્વારી કરીને જવાની મનાઈ છે. કારણ કે તેથી રસ્તા ઉપર જતા આવતાં લોકોને ઘણી અગવડ ભોગવવી પડતી હતી. બીજી કોઈ જગાએ આવો નિયમ સાંભળ્યો નથી.

સાંજના ઘેર જઈ જમ્યા. અમારા યજમાન બહારગામથી પાછા આવી ગયા હતા. તેમની સાથે વાતો કરી. ૨૦ વર્ષ અગાઉ એક જ વખત પહેલવહેલી તેમની મુલાકાત થયેલી. છતાં તેમણે ઓળખાણ યાદ રાખીને અમારી ઘણી સારી મહેમાનગીરી કરી. રાતના બહાર ઓશરીમાં નિરાંતે સૂતા.

બીજે દિવસે સવારના સહસ્ત્રધારા જોવા ગયા. મસુરીના પહાડોમાં ઘણીવાર લેન્ડસ્લીપ થતી હોવાથી–ટેકરીઓ ધસી પડતી હોવાથી–કેટલીક જગાએ લીલોતરી વગરનો ઉજ્જડ ભાગ દેખાય છે. કેટલીક જગાએ સ્લેટના પત્થરની પતરીઓ વાળા પહાડ હોય છે. મોટરમાંથી ઉતરીને થોડું પગે ચાલવું પડયું. ત્યાં એક નાનો પાણીનો ધોધ છે. તેમાં નહાવાની મજા આવે છે. જગા શાંત અને એકાંત છે. પાસે એક ગરમ પાણીનો ઝરો છે, જેમાં નહાવાથી ચામડીના દર્દો મટે છે અને તેનું પાણી પીવાથી ઘણી ભૂખ લાગે છે. ત્યાંથી થોડે આગળ ભીના અને લીલવાળા પત્થરો ઉપર અમે ચઢ્યા અને પછી એક ગુફા આવી તેમાં અમે દાખલ થયા. અહીં બારે માસ કાયમ વરસાદની માફક પાણીની ધારાઓ ટપકયા કરે છે. આને સહસ્ત્રધારા કહે છે. કોઈ કોઈ ગુફાઓમાં એકાદ જગાએ પાણી ટપકતું આપણા જોવામાં આવ્યું હોય છે, પરંતુ ભરઉનાળામાં આવી રીતે વરસાદની ધારા વર્ષાવતી ગુફા બીજે કયાંય હોવાનું સાંભળ્યું નથી. અહિં અનુભવાતી કુદરતની કરામત ખરે અદ્‌ભુત લાગે છે.

દહેરાદુનથી સાંજના મોટરમાં મસુરી ગયા. મસુરી જવા માટેનો રસ્તો આરફાલ્ટનો ઘણો સરસ છેલ્લી ઢબનો બનાવેલો છે. અમે ચાર વાગ્યે મસુરી પહોંચ્યા. ત્યારે રસ્તામાં અવરજવર ઘણી ઓછી હોવાથી જાણે ત્યાં વસ્તી ન હોય તેવું લાગ્યું, પરંતુ પછી રાતના રસ્તાઓ લોકોથી ઉભરાયેલા દેખાયા. અંગ્રેજો તેમજ દેશી રાજાઓ હવે ત્યાં ન હોવાથી અગાઉની રોણક રહી નથી. અમદાવાદથી પ્રવાસે નીકળેલા શારદા મંદિરનાં બાળકો તથા શિક્ષકો અચાનક ત્યાં રસ્તામાં મળી ગયાં અને પરસ્પર બન્નેને નવાઈ લાગી. અમે રીક્ષા કરીને મસુરી જોવા નીકળ્યા. મસુરીમાં રસ્તા ઘણા જ સ્વચ્છ રાખવામાં આવે છે. કોઇ પણ જગાએ કચરો કે ગંદકી જોવામાં આવતાં નથી. ત્યાંનાં કેટલાંક સુંદર દશ્યો જોયાં. તેમાં એક શાર્લવીલ પોઇન્ટ ઘણું ગમ્યું. કોયલના ટહુકા સાંભળવાનો ત્યાં કોઇ જુદો જ આનંદ આવે છે. તે પોઇન્ટ પાસેની શાર્લવીલ હોટલ સારી ગણાય છે. બાજુએ એક દરબારનો બંગલો અને તેની અંદર એક નાનકડું સુંદર શિવમંદિર છે. એક કલાક ફરીને રાતના પાછા દહેરાદુન આવ્યા. પાછા વળતાં મસુરીનું રાતનું દશ્ય ગાંધર્વનગરી જેવું મનોરમ લાગ્યું.

બીજે દિવસે સવારના ટેકસીમાં દહેરાદુનથી ઋષિકેશ ગયા અને ત્યાં શાંતિકુટિર નામની એક સુંદર જગામાં ઉતર્યા. ત્યાં વેદવ્યાસજી નામના એક સ્વામી હતા, જેઓ હરદ્વારમાં દરરોજ સાંજના ગીતા ઉપર પ્રવચન આપતા હતા. ત્યાં બીજા એક મૂક સેવક 'ચેલાજી' કરીને રહે છે, જેમનું વ્યકિતત્વ કાંઇક જુદું જ માલુમ પડયું. તેમણે કેટલાંક વર્ષ પહેલાં સંન્યાસ લીધેલો, અને ત્યાર બાદ સમયાન્તરે કોઈ મહંતની તેમને ગાદી મળતી હતી તે ન લેતાં, ભગવાં વસ્ત્ર તથા જટાનો ત્યાગ કરીને, કોન્ગ્રેસમાં જોડાયા અને જેલમાં ગયા. ત્યાં વસતા આજુબાજુના લોકોમાં એક સાદા, નમ્ર, નિરભિમાની અને નિઃસ્વાર્થી સેવક તરીકે તેઓ ઘણા જાણીતા છે. આખો દિવસ બહાર ફરતાં ફરતાં બધાંનું કાંઇને કાંઈ કામ કરતાં જ હોય છે. તેમનું જમવાનું પણ ઠેકાણું મળે નહિ. તેમને દિવસના મળવું હોય તો મહામુસ્કેલીથી તેમને ખોળી શકાય. રાતના વહેલા મોડા શાંતિકુટિર સૂવા આવે, અને સવારના પાછા સ્નાન કરી ચ્હા પીને વહેલા બહાર નીકળી જાય છે. કોઇ પણ કામ માટે તેમની આનાકાની નહિ. દેખાવમાં છાપ પાડે તેવા ન હોવા છતાં તેઓ મોટા મોટા માણસોની લાગવગ ધરાવે છે. કોઈ પાસેથી કાંઈ પૈસા લેતા નથી અને ઘણીજ સાદાઈથી પોતાનું જીવન ગાળે છે.

ઋષિકેશના બજારમાં એક ભગવાનદાસ નામના મુલતાની ગૃહસ્થ છે. તેઓ પણ ચેલાજીના જેલના સાથી અને મિત્ર છે અને તેમની માફક સાદું અને સેવાભાવી જીવન ગાળે છે. તેઓ પણ અમને ઘણા ઉપયોગી નીવડ્યા.

ઋષિકેશમાં સ્વામી આત્માનંદજી કરીને એક ગુજરાતી સાધુ ઘણા વર્ષોથી રહે છે. તેઓ મળ્યા. તેઓ સરળ સ્વભાવના છે અને ભજન બહુ સારાં ગાય છે.

ઋષિકેશમાં અમારા પ્રવાસ અંગેનો કેટલોક જરૂરી સામાન લીધો. પાસે જોખમ રાખવું સારૂં નહિ એટલે વધારાના નાણાંની બાવા કાળી કમળીવાળાને ત્યાંથી ઉત્તરકાશી અને ગંગોત્તરીની હુંડીઓ લીધી. એ એક જુની અને જાણીતી મોટી સેવાભાવી સંસ્થા છે, જેની ઘણી જગાએ ધર્મશાળાઓ આવેલી છે અને જેના તરફથી અન્નક્ષેત્રો પણ ચાલે છે. ત્યાં જુદા જુદા પ્રાંતનાં અસંખ્ય યાત્રીઓ રોજ જતાં અને આવતાં જોવા મળે છે. સંસ્થાને લાખોનાં દાન મળ્યે જાય છે અને તે પ્રમાણે ખર્ચ પણ થયે જાય છે. તેમનાં અન્નક્ષેત્રોમાં ભિક્ષા લેવા આવતા એ બાજુના અનેક સાધુઓનાં સહેલાઇથી દર્શન થાય છે.

ઋષિકેશમાં અમને લાગ્યું કે અમારો લાવેલો સામાન ઘણો વધારે છે. એટલે કેટલોક સામાન જુદો કાઢી ત્યાં મૂકતા ગયા. એક દિવસ ગોસ્વામી ગણેશદત્તજીને મળવા માટે હરદ્વાર ગયા. રસ્તામાં સપ્તર્ષિ આશ્રમ જોયો. તે દિવસે ચંદ્રગ્રહણ હોવાથી હરદ્વારમાં લોકોની ભારે ભીડ જામેલી હતી. ત્યાંના ગીતા મંદિરમાં તે દિવસે બુદ્ધજયંતી અંગેનાં પ્રવચનો સાંભળ્યાં. તેમાં ભગવાન બુદ્ધના જીવનની એક ઘટના પહેલીવાર અમારા સાંભળવામાં આવી. રાજકુમાર સિદ્ધાર્થ જ્યારે ફકત ૧૯ વર્ષની ઉમ્મરના હતા ત્યારે એક વખત રસ્તામાં રાજા બિંબિસારને ત્યાં યજ્ઞમાં બળિદાન માટે બકરાંના ટોળાંને લઇ જવામાં આવતાં જોઈ તેમનું હૃદય કરૂણાથી એટલું દ્રવી ઉઠયું કે પોતે યજ્ઞમાં જઈ કોઇ પણ ઉપાયે બકરાંનો વધ થતો અટકાવવાનો આશ્રય કર્યો. ત્યાં જઈ તેમણે કહ્યું "બકરાંનો વધ કરવાનું બંધ રાખો અને નહિ તો તેમનો વધ કરતાં અગાઉ મારો વધ કરો." આ પ્રમાણે સાચા હૃદયની લાગણીથી અને મક્કમતાપૂર્વક કહેવાથી તેઓ બકરાંનો વધ થતો અટકાવી શકયા હતા.

અપૂર્ણ

હર્ષદલાલ શોધન

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મસ્જીદ બંદર રોડ. મુંબઈ ૯. ટે. નં. ૩૪૬૨૯

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

પ્ર. જૈનવર્ષ ૧૪–પ્ર. જીવનવર્ષ ૪
અંક ૧૬

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ડીસેંબર ૧૫, ૧૯૫૬, શનીવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : ત્રણ આના

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

શ્રમણ અને બ્રાહ્મણ

(ગતાંકથી ચાલુ)

બ્રાહ્મણ અને શ્રમણોના સમન્વય અને પાર્થક્યની ચર્ચા આપણે કરી જ છે. તેના અનુસંધાનમાં એ જણાવવું જરૂરી છે કે શ્રમણોની આત્મવિદ્યા બ્રાહ્મણોએ સ્વીકાર્યા છતાં શ્રમણ અને બ્રાહ્મણ વચ્ચે જે એક મોટો ભેદ ઉપનિષદ કાળ અને ત્યાર પછી પણ જે જોવા મળે છે તેના વિષે થોડો વિચાર કરવો અનિવાર્ય છે. બ્રાહ્મણોની રુચિ આત્મવિદ્યા તરફ વધી અને બ્રહ્મજ્ઞ ઋષિઓનું બ્રાહ્મણોમાં બહુમાન થવા લાગ્યું, પણ એ બ્રહ્મજ્ઞ ગણાતા ઋષિઓની ચર્યા અને લગભગ તે જ કાળે 'થનાર તીર્થંકરોની કે થોડા ઉત્તરકાળે થનાર મહાવીર અને બુદ્ધની ચર્યા તરફ આપણે જોઇએ તો એક મોટો ભેદ સામે તરી આવે છે, અને તે જ્ઞાન અને ક્રિયાનો–ચારિત્ર્યનો છે. બ્રહ્મર્ષિઓ બ્રહ્મજ્ઞાનમાં—તત્ત્વજ્ઞાનમાં પાવરધા છે, પણ ચારિત્ર્યની બાજુ તેમની નબળી છે. યાજ્ઞવલ્કય જેવા મહાન તત્ત્વજ્ઞ બ્રહ્મર્ષિના જીવનની ઘટનાઓ જુઓ અને બુદ્ધ–મહાવીર કે તેમના પૂર્વના શ્રમણોની ચર્યા જુઓ તો વીતરાગભાવનું પ્રાધાન્ય શ્રમણોમાં મળશે, બ્રહ્મર્ષિમાં નહી. બ્રહ્મજ્ઞ તરીકે પ્રસિદ્ધ છતાં યાજ્ઞવલ્કયને ભરી સભામાંથી ઊભા થઈને ગાયો હાંકી જઈ પોતાનું બ્રહ્મજ્ઞાન સર્વશ્રેષ્ઠ છે એમ અભિમાન કરતાં કે એ ગાયોને પરિગ્રહ–સ્વીકાર કરતાં તેમનું બ્રહ્મજ્ઞાન તેમને આડે આવતું નથી, જ્યારે શ્રમણ ધર્મનો સહેજે પરિચય થતાં બુદ્ધ અને મહાવીર ઘર–બાર અને સમગ્ર પરિગ્રહ છોડી અનગાર બને છે. બ્રહ્મર્ષિ યાજ્ઞવલ્કયને બ્રહ્મર્ષિ છતાં બે પત્નીઓ હતી, અને પોતાની સંપત્તિના વિભાગનો પ્રશ્ન તેમની સામે હતો. આ પ્રકારના પરિગ્રહ-ધારીને શ્રમણોમાં કદી પણ આત્મજ્ઞની કે બ્રહ્મજ્ઞની ઉપાધિ મળી શકે નહિ. આ મોટો ભેદ શ્રમણ અને બ્રાહ્મણમાં હતો અને આજે પણ છે.

સંન્યાસને એક આશ્રમ તરીકે સ્વીકાર્યા છતાં બ્રાહ્મણ પરંપરામાં મહત્ત્વ તો ગૃહસ્થાશ્રમનું સર્વાધિક રહ્યું છે, જ્યારે શ્રમણોની સંસ્થા એકાશ્રમ સંસ્થા છે. તેમા સંન્યાસને જે મહત્ત્વ અપાયું છે તે બીજા કોઈ પણ આશ્રમને નથી અપાયું. ગૃહસ્થાશ્રમ એ સંન્યાસની પૂર્વ તૈયારી તરીકે પણ અનિવાર્ય નથી મનાયો. એ તે ત્યાજ્ય જ છે. આ ભેદ-માંથી જ શ્રાદ્ધાદિની કલ્પના અને સંતાનોત્પત્તિની અનિવાર્યતા બ્રાહ્મણ ધર્મમાં મનાઈ, જ્યારે શ્રમણોમાં એવી કશી જ કલ્પનાને સ્થાન નથી.

બ્રાહ્મણોમાં યજ્ઞસંસ્થાના પ્રાધાન્ય સાથે જ પુરોહિત સંસ્થાનો ઉદ્ભવ થયો અને પરિણામે બ્રાહ્મણ વર્ણ શ્રેષ્ઠ અને બીજા હીન એવી ભાવના પ્રચારમાં આવી. એટલે સમાજમાં જાતિગત ઉચ્ચનીચતા થઇ અને તેણે ધર્મક્ષેત્રમાં પોતાનો પગ જમાવ્યો. મનુષ્ય સમાજના ભાગલા પડયા. આથી ઉલટું શ્રમણોમાં આવી કોઇ પુરોહિત સંસ્થાના ઉદ્ભવને અવકાશ જ હતો નહિ. આમ છતાં પણ બ્રાહ્મણ શ્રમણના મિલનનું એવું પરિણામ એ આવ્યું કે શ્રમણોમાં જાતિગત ઉચ્ચ--નીચતા જેનો તેમના સિદ્ધાન્ત સાથે કોઇ મેળ નથી તેનો શ્રમણોએ બહુજન સમાજમાં સ્વીકાર કર્યો. જો કે શ્રમણ સંઘમાં એવા કોઈ ભેદને પ્રાચીન કાળમાં સ્થાન ન હતું, પણ આજે આપણે જોઇએ છીએ કે એ શ્રમણ સંઘ પણ જાતિવાદના ભૂતથી ગ્રસ્ત થયેલ છે. આથી ઉલટું બ્રાહ્મણ પરંપરામાં મધ્ય કાળમાં એવા સંપ્રદાયો અને સંપ્રદાયો અને સંતો થયા છે જે એમાં જાતિગત ઉચ્ચ–નીચ ભાવને કોઇ મહત્ત્વ અપાયું નથી. આ શ્રમણ ભાવનાનો વિજય ગણી શકાય.

શ્રમણ અને બ્રાહ્મણને એક મોટો ભેદ નિવૃત્તિ અને પ્રવૃત્તિને કારણે છે. શ્રમણોનો સમગ્ર આચાર નિવૃત્તિપ્રધાન હતો અને બ્રાહ્મણોનો સમગ્ર આચાર પ્રવૃત્તિપ્રધાન હતો. બ્રાહ્મણોની યજ્ઞસંસ્થા અને સમગ્ર કર્મકાંડો અને તેના ફળાફળની ચર્ચા કરીએ તો સ્પષ્ટ થશે કે એ દ્વારા સ્વર્ગસુખની પ્રાપ્તિ કરવાનો એ પ્રયત્ન હતો. તેમાં નિવૃત્તિને નહિ, પણ પ્રવૃત્તિને સ્થાન હતું. એથી ઉલટું શ્રમણોને મન પ્રવૃત્તિ એ સર્વથા ત્યાજ્ય છે. તેમને મન ક્રિયાકાંડો પણ ત્યાજ્ય જ છે. 'કરવા' કરતાં 'ન કરવું' એ જ એમને મન મહત્ત્વની વસ્તુ છે. કર્મકાંડોના રહસ્યનો વિચાર કરીએ તો તેમાં કેવલ વ્યક્તિપ્રધાન એ કર્મકાંડો નથી પણ સામુહિક છે. એટલે બ્રાહ્મણ ધર્મ વ્યક્તિનો ધર્મ નહીં પણ સમાજનો ધર્મ સિદ્ધ થાય છે. એટલી ઉલટું શ્રમણ ધર્મ એ નિવૃત્તિ-પ્રધાન હોઇ તે કેવલ વ્યક્તિનો ધર્મ છે. એકલી વ્યક્તિ પણ કોઈની પણ સહાયતા વિના એ ધર્મનું આચારણ કરી શકે અને કરવું જોઇએ એ અપેક્ષાથી એમાં સમગ્ર આચારની ગોઠવણ છે. આવી એકાન્તિક નિવૃત્તિમાં પરસ્પરોપકારની ભાવનાને નહિવત્ અવકાશ છે, મહાકરુણા કે કરુણાને અવકાશ નથી રહેતો, જ્યારે બ્રાહ્મણ ધર્મ પ્રવૃત્તિપ્રધાન ધર્મ હોઈ અને ફળાફળની સમગ્ર જવાબદારી કોઇ ઉપાસ્ય ઉપર હોઈ તેમાં મહાકરુણા કે કરુણાને અવકાશ રહે છે. આથી પરસ્પરોપકારને પણ સમાજમાં અવકાશ મળે છે. જ્યારે આ બન્ને પરંપરાનો સમન્વય થયો ત્યારે બ્રાહ્મણોએ સંન્યાસ આશ્રમરૂપે શ્રમણોની નિવૃત્તિને પ્રશ્રય આપ્યો અને શ્રમણોએ બ્રાહ્મણો પાસેથી કરુણા અને મહાકરુણા લીધી અને બીજા જીવો કરતા એ તીર્થંકર જિનોની જ મહાકરુણાને કારણે જ વિશેષતા સ્વીકારી. આ પ્રમાણે બ્રાહ્મણો અને શ્રમણોના જીવનમાં જે એકાન્તિકતા હતી તેને બદલે સમન્વય થયો અને પરિણામે તે બન્ને પરંપરાઓ બહુ જ નજીક આવી. આથી બ્રાહ્મણોએ અને શ્રમણોએ બન્નેના ઉપાસ્યોને તત્ત્વતઃ એક સ્વીકારવા સુધીની દલીલો દેવા માંડી. બ્રાહ્મણોના અનેક કર્મકાંડોનું રૂપાન્તર શ્રમણોએ કરી નાખ્યું અને પોતાને અનુકૂળ બનાવી તે સ્વીકારી લીધા અને એ જ પ્રમાણે બ્રાહ્મણોએ પણ શ્રમણોના આચારોને સ્વીકારી લીધા. આ રીતે બન્ને પરંપરાનો જે તત્ત્વતઃ ભેદ હતો એ ગૌણ બની ગયો અને બન્ને એક જેવા થઇ ગયા, જેને આપણે આજે હિન્દુ સંસ્કૃતિના નામે ઓળખીએ છીએ.

આમ છતાં બન્નેનાં આંતર પ્રવાહો કદી એક થયા નથી એ ભૂલવું ન જોઇએ. બહુજન સમાજમાં નાગો, નિર્જજ્જ, નંગટા, મેતર (મહત્તર ભંગી આદિ શબ્દો બહુમાનસૂચક નથી રહ્યા), શ્રમણોની દૃષ્ટિએ નગ્ન રહેવું એ બહુ મોટી વાત છે. લજ્જાને જીતવી એ બહુ મોટું કાર્ય છે. છતાં નાગો, નંગટો, નિર્લજ્જ એ નિન્દા–સૂચક શબ્દો બની ગયા છે. તે જ પ્રમાણે ભામટો એ બ્રાહ્મણનું જ રૂપાન્તર છતાં નિન્દા–સૂચક શબ્દ બની ગયો છે. બન્ને પરંપરાના વૈરમૂલક વ્યવહારમાંથી આવા શબ્દોની સૃષ્ટિ થએલી છે. અને અશોક જેવાની 'દેવાનાં પ્રિય' એ બહુજનસંમત ઉપાધિનો બ્રાહ્મણોએ મૂર્ખ–પશુ અર્થ કર્યો જ છે અને એ જ અર્થમાં એ શબ્દને પ્રચલિત પણ કર્યો છે.

વૈદિક નિષ્ઠા બધા જીવોનો સંબંધ 'એક' સાથે માનતી હોઈ સમાજજીવન ઉપર વધારે ભાર આપે છે અને તેથી સામાજિક નીતિનું ઘડતર તેમાં છે. જે વ્યક્તિ સમાજના એકમ તરીકે પોતાને સ્વીકારે તેનું જીવન સમાજને પ્રતિકૂળ સંભવે જ નહિ. અને તે જ કારણે તેમાં સમાજશાસ્ત્રની રચના છે. અને એક સામાજિક પ્રાણીનો જીવન–વ્યવહાર અને જ્ઞાતિનીતિ જેવી હોવી જરૂરી છે તેથી વિપરીત જેમને મતે સમાજને બદલે વ્યક્તિનિષ્ઠા હોય તેની રીતિનીતિ તદ્દન જ અલગ હોય તે સ્વાભાવિક છે. તેથી શ્રમણોમાં સમાજવ્યવસ્થા માટે સ્મૃતિઓ નથી. પણ કેવળ વ્યક્તિનિષ્ઠા માનવામાં આવે તો જીવનવ્યવહાર જ સંભવિત નથી. એટલે શ્રમણોના પણ સંઘો બન્યા અને તેવા સંઘને વ્યવસ્થિત કરવા આચાર અને વિનયના નિયમો બન્યા.

એટલે કે ઉક્ત પ્રકારે પરસ્પર સમન્વય થયો છે, છતાં બન્નેની જે ભેદક રેખા વેદમાન્યતા અને અમાન્યતા એ કાયમ હોઈ સર્વાંશે એકતા તેઓમાં કદી આંવી નથી અને આવવા સંભવ પણ નથી. કારણ બન્નેની મૂળ નિષ્ઠામાં જ ભેદ છે. એનું નિવારણ ન થાય ત્યાં સુધી સંપૂર્ણ એકતાનો સંભવ નથી.

ત્યારે હવે એ વિચારવું પ્રાપ્ત થાય છે કે એ મૂળ નિષ્ઠા બન્નેની કેમ જૂદી રહે છે? તેમાં એકયને જે અવકાશ નથી મળતો તેનું કારણ શું છે?

સમગ્ર વિશ્વના મૂળમાં કોઈ એક જ પરમ તત્ત્વ છે, તેમાંથી જ આ વિશ્વપ્રપંચની સૃષ્ટિ છે—આ વૈદિકનિષ્ઠા છે. એ તત્ત્વને બ્રહ્મ, પરમાત્મા, ઈશ્વર આદિ નાના નામે ઓળખાવવામાં આવે છે. આ મૂળ નિષ્ઠાને કાયમ રાખીને જ બધી ભિન્ન ભિન્ન વૈદિક પરંપરાઓ પ્રચલિત થઈ છે અને તે બધી પરંપરાઓમાં નાના નામે એ પરમ-તત્ત્વની ઉપાસનાને સ્થાન મળ્યું છે: જો કે એ એક તત્ત્વમાંથી કે એ એક તત્ત્વને આધારે કે નિમિત્તે સમગ્ર વિશ્વસૃષ્ટિની ઉત્પત્તિનું સ્પષ્ટીકરણ કરવા જ્યાં અનેક મતમતાંતરો નાના વૈદિકદર્શનો રૂપે વિકસ્યાં છે, પણ એ બધામાં 'એક' ઉપરની નિષ્ઠા કાયમ છે.

તેથી ઉલટું શ્રમણ પરંપરામાં એવું કોઈ એક તત્ત્વ સ્વીકારાયું નથી, જે સમગ્ર વિશ્વ પ્રપંચ માટે જવાબદાર હોય. પણ એ સંસાર-લીલા અનાદિ કાળથી ચાલી આવી છે. અને તેને માટે જવાબદાર નાના જીવો સ્વયં જ છે, બીજું કોઈ નહિ. એટલે અનાદિ કાળથી એક નહી, પણ અનેક મૂળ તત્ત્વો છે. એટલે ખરી રીતે એમાં કોઇની ઉપાસનાને સ્થાન નથી.

વૈદિક પરંપરામાં પરમ ઉપાસ્યની કરુણા હોય તે પરમથી છૂટા પડેલા જીવોને પરમ પોતાની અંદર સમાવી લે—એટલે જીવો પરમ-ભાવ પ્રાપ્ત કરવા પરમની ઉપાસના કરે એ સ્વાભાવિક ક્રમ છે. પણ શ્રમણોમાં એવું કોઈ પરમ તત્ત્વ ન હોઈ તેની સાથે મળવાનો કે તેમાં સમાઈ જવાનો પ્રશ્ન જ ઉપસ્થિત નથી થતો. એટલે શ્રમણોમાં એવા મૌલિક પરમની ઉપાસનાને સ્થાન નથી. પણ અનાદિ કાળથી સંસારનું ચક્ર જે ચાલે છે એ ચક્રની ગતિને રોકવામાં પુરુષાર્થની કૃતાર્થતા છે. એવો પુરુષાર્થ જેણે કર્યો હોય તે આદર્શ વ્યક્તિ બને છે અને તેવો પુરુષાર્થ કોઈ કરે તો તે તેનું અનુકરણ માત્ર કરે છે એમ માનવું જોઇએ.

પણ શ્રમણોમાં પણ બ્રાહ્મણોની દેખાદેખીએ ઉપાસના તત્ત્વ દાખલ થયું જ છે. પણ મૂળ નિષ્ઠામાં ભેદ હોઈ ઉપાસના છતાં તે એકપક્ષી ઉપાસના છે. ઉપાસ્ય ઉપાસક અર્થે કશું જ કરવા સમર્થ નથી. માત્ર તે ઉપાસ્ય ધ્રુવ તારો છે જેને નજર સમક્ષ રાખી ઉપાસક પોતાનો માર્ગ નક્કી કરે છે. એટલે ખરા અર્થમાં આને ઉપાસના કહેવાય જ નહિ. છતાં પણ બ્રાહ્મણ પરંપરાની જેમ શ્રમણ પરંપરામાં મંદિર અને મૂર્તિના આડંબરને પૂર્ણ સ્થાન મળ્યું જ છે તે શ્રમણોના તાત્ત્વિક ધર્મમાં નહિ, પણ બાહ્ય ધર્મમાં સમાવિષ્ટ છે એમ માનવું જોઇએ. આનો ખુલાસો આ પ્રમાણે પણ કરી શકાય કે ઉપાસના પરમ તત્ત્વની હોય કે પોતાની, પણ તેનો માર્ગ બાહ્ય આચારમાં તો એક જેવો જ હોઈ શકે. ભેદ જે છે તે એ છે કે એક પરમ તત્ત્વને પ્રાપ્ત કરવા મથે છે જ્યારે બીજો પોતાને. એકને મતે વસ્તુતઃ પરમ એ ઉપાસકથી પૃથક્ નથી. જ્યારે બીજાને મતે પણ પોતે પણ પોતાથી ભિન્ન નથી. એકને મતે ઉપાસ્ય આદર્શભૂત પરમ તત્ત્વ મૂળે એક જ છે અને અંતમાં પણ એક જ છે, પણ બીજાને મતે મૂળમાં અને અંતમાં પોતાથી ભિન્ન ન છતાં બીજાથી તો ભિન્ન જ છે. આ ભેદને કારણે બ્રાહ્મણ અને શ્રમણની નિષ્ઠામાં જે ભેદ છે તેનો સંપૂર્ણ સમન્વય શક્ય નથી. જેટલી હદે શક્ય હતો તે તો બન્ને સમાજે કરી જ લીધો છે. **(સમાપ્ત.)** **દલસુખ માલવણિયા**

ગંગોત્તરી

ઉત્તરકાશીથી આગળ ચાલ્યા

(ગતાંકથી ચાલુ)

અમારા પ્રવાસના અગાઉથી નક્કી થયેલા કાર્યક્રમ પ્રમાણે મે માસની તા. ૨૭ મીએ સવારે વહેલા પરવારી, સામાન બસમાં મૂકાવી, બસસ્ટેન્ડ પર ગયા અને ૭ વાગે ધરાસુ જવા માટે ઉપડ્યા.

ઋષિકેશથી આગળ હિમાલયમાં જવાનો આ પહેલો જ અવસર હોવાથી રસ્તાનાં દૃશ્યો જોવા મન ભારે ઉત્સુકતા અનુભવતું હતું. પહેલું સ્ટેશન નરેન્દ્રનગર, આવે છે. ત્યાં સુધીનો રસ્તો ઘણો સરસ અને વનરાજીવાળો હતો. નરેન્દ્રનગરમાં અરધો કલાક રોકાયા પછી બસનો ગેરફટિ ખુલ્યો એટલે બસમાં આગળ ચાલ્યા. રસ્તામાં નાગની, ચમ્બા, ટેહરી વગેરે નાનામોટાં ગામો આવે છે. હિમાલયના એક પછી એક આવતા ઉંચા અને ભવ્ય પહાડોનું દૃશ્ય ખરેખર ઘણું જ રમણીય લાગે છે. રસ્તામાં ત્યાંના પહાડી ગઢવાલી લોકો પહાડો ઉપર નાનાં નાનાં અગાશી જેવાં ક્યારા બનાવે છે અને વરસાદના પાણીથી તેમજ ઝરણાં તથા નદીઓના પાણીની નહેરો વડે સરસ ખેતી કરતાં હોય છે. ખેતીનું કામ મોટે ભાગે સ્ત્રીઓ જ કરતી હોય છે. કેટલીક જગાએ ધણી જ સીધી અને ઉંડી ખીણો બાજુમાં આવતી હોવાથી, નીચે જોતાં ભય લાગે છે અને ચક્કર આવે છે. રસ્તામાં અનેક ઝરણાં અને નાની મોટી નદીઓ આવે છે. હિમાલયના પહાડો વનરાજીવાળા હોવાથી ઉજ્જડ નથી લાગતા. સામેના પહાડો ઉપરથી જતી આગળ પાછળની મોટરો જોવામાં ખૂબ લહેર આવે છે.

ઋષિકેશથી ઉપડ્યા ત્યારથી ગંગાજીનાં દર્શન બંધ થયાં હતાં. રસ્તામાં પહાડો તથા ખીણોના અને દૂરનાં મેદાનોનાં સુંદર દૃશ્યો જોવાં મળતાં હતાં, પણ ગંગાજીની ગેરહાજરી મનમાં ખુંચ્યા જ કરતી હતી. હિમાલયની સાથે ગંગાજી હોય ત્યારે દૃશ્યની મનોહરતા ખેવડાય છે. રસ્તામાં ટેહરીથી જ્યારે પાછાં ગંગાજીનાં દર્શન ચાલુ થયાં અને અમારી આંખો તથા મન ઉંડી તૃપ્તિ અનુભવવા લાગ્યાં. ઋષિકેશ કરતાં અહીં ગંગાનો પ્રવાહ નાનો છે, છતાં શાંત, નિર્મળ, સૌમ્ય અને પહાડોની ખીણોમાં વળાંક લઇને સંતાકુકડી રમતો પ્રવાહ મનને ખૂબ આનંદ આપે છે. ૮૫ માઈલ બસમાં મુસાફરી કરીને બપોરે ૪॥ વાગે ધરાસુ પહોંચ્યા. અહીં બસસરવીસનો અંત આવે છે. જેમ લોકોમાં જુદી જુદી કક્ષા હોય છે, તેમ વાહન વ્યવહારનાં સાધનો બદલાતાં સ્થળ સ્થળનું વાતાવરણ પણ બદલાતું લાગે છે.

ધરાસુ પહોંચ્યા ત્યારે ઉત્તરકાશી જવા માટે અમારા માટે ખાસ આવેલી જીપગાડી તૈયાર હતી. આગલા દિવસે સખત વરસાદ પડવાથી ઉત્તરકાશી સુધીના ૧૮ માઇલિના રસ્તામાં કેટલીક જગાએ ભંગાણ થયેલું હતું. છતાં જીપડ્રાઇવરે તે જ સાંજના ઉત્તરકાશી પહોંચાડી દેવાની તૈયારી બતાવી. એટલે અમને પણ હિંમત આવી અને ધરાસુના ડાકબંગલામાં રહીને સામાન છોડવો અને પાછો પેક કરવો તેના કરતાં ઉત્તરકાશી જ પહોંચી જવાનું અમે પસંદ કર્યું. અમે સાંજના સવા પાંચ વાગે ધરાસુથી જીપમાં રવાના થયા. રસ્તામાં પેટલાદવાળા શેઠ રમણલાલ દાતાર દંડીમાં બેસીને ઉત્તરકાશીથી ધરાસુ તરફ પાછા ફરતા સામે મળ્યા. તેઓ ઉત્તરકાશીમાં ૨૦–૨૨ દિવસ રહીને બદ્રીનાથ જવા માટે પાછા હરદ્વાર જતા હતા. તેમની સાથે આ પહેલી જ મુલાકાત હતી. તેઓ ગંગોત્તરી બે ત્રણ વખત જઈ આવ્યા છે અને ત્યાં ત્રણ મહિના લાગટ રહેલા છે. અગાઉ પત્રવ્યવહાર-દ્વારા તેમની પાસેથી અમે ગંગોત્તરીના પ્રવાસ માટેની માહિતિ અને સૂચનાઓ મેળવી હતી અને ગંગોત્તરીમાં યોગકેનિતન આશ્રમમાં બંધા-વેલી તેમની કુટીઆમાં જ અમે ઉતરવાના હતા. તેઓ એક મોટા દાતા તરીકે જાણીતા છે. લગભગ આખો દિવસ ધર્મધ્યાન, પૂજાપાઠ તથા સત્સંગમાં ગાળે છે. ૭૫ વર્ષની ઉમ્મરે પણ ઘણી યાત્રા કરે છે. જીવન તદ્દન સાદું અને સરળ ગાળે છે. નિરભિમાની અને નમ્ર છે. અમારી ડાક બંગલાઓમાં ઉતરવાની વ્યવસ્થા સંબંધી તેમણે કહ્યું કે

"એ તો વાપરેલું વાપરવાનું છે." અમે ગંગોત્તરીથી આગળ ગૌમુખ જવાનો અમારો વિચાર તેમને જણાવ્યો તેના જવાબમાં તેમને કહ્યું કે "ત્યાં જવું એટલે જોડા ફાડવાનું છે." એટલે કે ૧૪ માઇલના વિકટ રસ્તામાં ત્રણ દિવસની હાડમારી ભોગવીને જવાનું છે અને બદલામાં ત્યાં ખાસ એવું કાંઇ જોવાનું નથી. અમે જીપમાં જતા હતા તેને વિષે પણ તેમણે કહ્યું કે આગળ જશો ત્યારે ખબર પડશે કે તમે ઉત્તરકાશી કેમ પહોંચી શકશો, કારણ કે રસ્તામાં થયેલુ ભંગાણ તેઓ જોઇને આવ્યા હતા.

જીપમાં આગળ જતાં બે જગાએ જ્યાં ભંગાણ થયેલું હતું ત્યાં અમારે ઉતરી જવું પડ્યું. એક જગાએ મજુરો રસ્તો રીપેર કરતા હતા, ત્યાં ખાડા ટેકરામાંથી ડ્રાઇવરે જીપ પસાર કરી અને અમે પાછા બેસી ગયા. બીજી જગાએ રસ્તામાં મોટું ઝાડ પડેલું હતું તેના ઉપર પત્થરના ઢગલા થોડા કરેલા હતા અને બીજા પત્થરો મૂકીને ડ્રાઇવરે એક બે વખત પ્રયત્ન કરીને જીપ તેના ઉપર માંડમાંડ ચઢાવીને આગળ પસાર કરી દીધી. પછી રસ્તામાં બીજી ખાસ અડચણ પડી નહિ. જો કે અંધારૂ થતાં એકાંત અને અસહાયતાનો અનુભવ થતો હતો. કેટલીક જગાએ ભયની લાગણી પણ અનુભવી અને એમ પણ થયું કે આવી ઉતાવળ કરીને જોખમ ખેડવાની કોઇ ખાસ જરૂર નહોતી. રસ્તામાં નાકુરી ગામ પાસે એન-સી-સી-નો કેમ્પ પડેલો હતો. ત્યાં વિદ્યાર્થીઓનાં ટોળાંઓ પોતપોતાના કામે વળગેલાં હતાં. નીચે ખીણમાં ગંગાજી વહેતાં હોય અને ઉપર પહાડોના પત્થરો લટકતા હોય! નિરવ શાંતિ અને નિર્જન એકાંત! ભગવતી ભાગીરથીના પુનિત પ્રવાહનો દિવ્ય નાદ! તથા ગાઢ વનશ્રી વડે શોભી રહેલા ભવ્ય પહાડોનું ઘડિએ ઘડિએ બદલાતું મનોહર દૃશ્ય! આવી રીતે આખા પ્રવાસમાં ક્રમે ક્રમે અને કદિ કદિ એક સાથે અદ્‌ભુત, ભયાનક અને શાંત રસનો અનુભવ થયા જ કરતો હતો. છેક ગંગોત્તરી સુધી ગંગાજીના કિનારે કિનારે રસ્તો જતો હોવાથી કદી કંટાળો આવ્યો નહોતો.

આવી રીતે આખા દિવસની ૧૦૩ માઇલની મોટરની મુસાફરી કરીને, સંધ્યાબંધ અવનવાં દૃશ્યો જોયાં બાદ અમે સાંજના સવા સાત વાગે અમે ઉત્તરકાશી પહોંચ્યા. ત્યાંના વનવિશ્રામભવનમાંથી સામે જ મહાદેવની જટા જેવો ભવ્ય ઉંચો પહાડ દેખાતો હતો, અને નજીકમાં જ ગંગાજીના પ્રવાહનું સૌમ્ય ગર્જન બાળશયનગીત—હાલરડાં જેવું લાગતું હતું. તે રાતની અમારી ઉંઘ યોગનિદ્રા જેવી હતી.

ઉત્તરકાશી સ્થળ ઘણું રમણીય છે. ચારે બાજુ ભવ્ય ઉંચા પહાડો તથા ચીડના જંગલો આવેલાં છે. વાતાવરણ શાંત, એકાંત અને પ્રેરણાદાયી છે. ઉંચાઈ ૩૮૦૦ ફુટ છે. હવાપાણી સમશિતોષ્ણ હોવાથી બારેમાસ રહી શકાય છે. તારટપાલની સગવડવાળું આ બાજુનું છેલ્લું સ્થળ છે. કાશીમાં જેમ ગંગાજી ઉત્તર તરફ વળાંક લઇને પાછા દક્ષિણમાં વહે છે, તેમ અહીં પણ થતું હોવાથી આ સ્થળને ઉત્તરકાશીનું નામ આપવામાં આવ્યું છે. બનારસ—વારાણસીની—માફક અહીં પણ વરણા અને અસિ નદીઓનો સંગમ થાય છે. વિશ્વનાથ મહાદેવ વગેરેનાં મંદિરો તથા મણિકર્ણિકા વગેરે ઘાટો પણ અહીં આવેલા છે. પરંતુ પંડિતો અને શાસ્ત્રીઓને બદલે અહીં તપસ્વી મહાત્માઓ વસે છે અને વસતી ઓછી હોવાથી પ્રમાણમાં ઘણું ચોકખું, નૈસર્ગિક સૌંદર્યવાળું અને આધ્યાત્મિક વાતાવરણવાળું લાગે છે. ગંગોત્તરી તરફ શીયાળામાં બરફ ઘણો પડતો હોવાથી અને રસ્તા બંધ થઈ જતા હોવાથી ત્યાંના ઘણા સાધુ મહાત્માઓ તથા મોટા ભાગની વસ્તી એ ઋતુમાં આ તરફ આવીને રહે છે. અહીં નાનું બજાર પણ છે અને અનાજ તથા શાક વગેરે અહીં સુધી બધું મળી શકે છે. અહીંથી આગળ પગપાળા જ જવાનું હોય છે. અહીં ટપાલ આવતાં એક અઠવાડીયું થાય છે અને પછી અહીંથી ગંગોત્તરી પગવાળા ટપાલ પહોંચતા બીજું એક અઠવાડીયું લાગે છે. ગંગાજીનું પાણી ઉનાળામાં બરફ ઓગળીને આવતું હોવાથી ઘણું જ ઠંડુ હોય છે. પીવાનું પાણી, બીરલાની ધર્મશાળામાં એક કુવો છે, ત્યાંથી બધા લઈ જાય છે. કારણ કે તે ઉકાળ્યા વિના પી શકાય છે. આ બાજુ ફક્ત આ એક જ કુવો છે અને તે પણ અસલનો ઘણો જુનો છે.

ત્યાં અમને ગંગોત્તરીના પંડા ભૂમાનંદજી જેઓ વૃદ્ધાવસ્થાને લીધે હવે ઉત્તરકાશીમાં રહે છે, અને જેમણે પૂ. સ્વામી જ્ઞાનાનંદજીના ગંગોત્તરી નિવાસ દરમિયાન ઘણી જ સારી સેવા કરી હતી તે મળ્યા. સ્વામી જ્ઞાનાનંદજીના ગંગોત્તરીવાસ વખતના અનુભવોનું વર્ણન કરતાં તેઓ ભાવથી ગદ્‌ગદિત થઇ જતા હતા અને તેમની આંખમાં આંસુ આવી જતાં હતાં. તેમના જેવા આટલી નાની ઉમ્મરમાં અને આટલા ટુંક વખતમાં છેલ્લી અવધૂત દશા પ્રાપ્ત કરતા બીજા કોઈ મહાત્મા તેમણે જોયા કે સાંભળ્યા નથી એમ તેઓ કહેતા હતા. અમારી સાથે ગંગોત્તરી આવીને સ્વામી જ્ઞાનાનંદજી ક્યાં કયાં રહ્યા હતા અને તેમને શું શું અનુભવો થયા હતા તે બધું વિગતવાર બતાવવા તેઓ તૈયાર થઈ ગયા હતા, પરંતુ તે બધું જોવાની અમારી ઘણી ઇચ્છા હોવા છતાં, તેમની વૃદ્ધાવસ્થાનો વિચાર કરીને અમે આગ્રહ કરીને તેમને રોકયા અને અમારો તે લાભ જતો કર્યો. અહીંના તથા ગંગોત્તરીના મહાત્માઓના કહેવા પ્રમાણે ગંગોત્તરીના પંડાઓમાં ભૂમાનંદજી એક સીધા, સારા અને સાત્વિક વૃત્તિવાળા પંડા છે. નાનપણથી જ તેમને મહાત્માઓની સેવા કરવાની લગતી હતી, અને બીજા પંડાઓની માફક પૈસાવૃત્તિ નહિ હોવાથી, હાલ તેમની સ્થિતિ ઘણી ગરીબ છે, છતાં મહાત્માઓની સેવારૂપી કમાણીને લીધે તેમની માનસિક સ્થિતિ ઘણી સંતોષી અને પ્રસન્ન છે.

ગંગોત્તરીમાં જેમના યોગનિકેતન આશ્રમમાં અમે ઉતરવાના હતા, અને જેમનો અહીં પણ ગંગાકિનારે યોગનિકેતન આશ્રમ છે, તે બ્રહ્મચારી વ્યાસદેવજીને અમે મળ્યા. તેઓ ઋષિકેશ સ્વર્ગાશ્રમમાં નવેમ્બરથી માર્ચ સુધી ચાર માસ યોગાભ્યાસનો વર્ગ ચલાવે છે, અને આસન, પ્રાણાયામ અને ધ્યાનનો અભ્યાસ કરાવે છે. રાજયોગ એ તેમનો મુખ્ય વિષય છે. કોઈ સિધ્ધ મહાત્મા પાસેથી તેમને યોગવિદ્યા પ્રાપ્ત થઈ છે એમ કહે છે. વાતચીત દરમિયાન તેમણે કહ્યું કે આપણા સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એમ ત્રણ વિભાગ છે. સામાન્યતઃ લોકો સ્થુળ શરીરના વ્યવહારમાં જ—ખાવા, પીવા, શૌચ, આરામ ઇત્યાદિમાં જ—મોટા ભાગનો સમય વ્યતીત કરતા હોય છે. તેમાંથી નીકળીને સૂક્ષ્મ અને કારણ શરીરના સ્વાસ્થ્યનો પણ વિચાર કરવો જોઇએ. તો જ આગળ પ્રગતિ કરી શકાય.

સ્વામી તપોવનજી આ બાજુના સારા મહાત્માઓમાંના એક ગણાય છે. તેઓ ઘણાં વર્ષોથી ગંગોત્તરી અને ગૌમુખ બાજુ રહે છે. તંદુરસ્તી સારી ન હોવાથી હાલ તેઓ ઉત્તરકાશીમાં રહે છે. સંસ્કૃતના વિદ્વાન છે. તેમનું વ્યક્તિત્વ પ્રભાવશાળી છે. સ્વભાવે હસમુખા અને ચર્ચામાં સમન્વયશીલ છે. સંસ્કૃતમાં તેમણે કેટલાંક પુસ્તકો લખ્યાં છે. તેમને મળવા અમે અનેક વાર ગયા હતા અને તેમની સાથેની ચર્ચામાંથી સારૂ સમાધાન અને પ્રેરણા મેળવતા હતા. એક વખત તેમણે કહ્યું કે આધ્યાત્મિક વિકાસ સાધવાની ઇચ્છાવાળાએ કોઈ દિવસ critic—ટીકાકાર—થવું નહિ અને ટીકાકારની નજરે જોવું નહિ. નહિ તો તે કદી કાંઈ પ્રાપ્ત કરી શકશે નહિ. અત્યારના કળીયુગના જમાનામાં આગળના જમાના જેવી પૂર્ણતા કદી જોવામાં નહિ આવે. કેટલીક પ્રકૃતિગત ખાસીયતો કદી બદલી શકાતી નથી. માટે હમેશાં દરેકમાં જે કાંઈ સારૂં લાગે તે ગ્રહણ કરવાની દૃષ્ટિ રાખવી જોઇએ અને તો જ આગળ વધી શકાશે.

ત્યાંના બીજા સારા મહાત્માઓમાંના એક સ્વામી વિષ્ણુદત્તજી છે. તેઓ અવધૂત મૌની છે—કોઇક વખત કોઈની સાથે બોલે છે ત્યારે સંસ્કૃતમાં બોલે છે. પહેલા ગંગોત્તરી રહેતા હતા, હવે ઉત્તર કાશીમાં સામા કિનારે રહે છે. વૃદ્ધ હોવા છતાં દરરોજ સવારના ત્રણ કલાક અને સાંજના ત્રણ કલાક ઠીંચણ સુધી ગંગાજીના હિમશીતલ પાણીમાં ઉભા રહીને ગાયત્રીમંત્રનું પુરશ્ચરણ કરે છે.

અવધૂત ઓંકારાશ્રમજી ઉત્તરકાશીમાં ખાસ પ્રખ્યાત છે. તેઓ વેદાંતી છે અને મસ્ત છે. તેમનું સ્વાસ્થ્ય ઘણું સારું છે.

બીજા મહાત્માઓમાં સ્વામી બ્રહ્મસ્વરૂપાનંદજી છે. તેઓ સામાજિક કાર્ય પણ કરે છે. સ્વામી બ્રહ્મપ્રકાશજી અને કૈલાસ–આશ્રમવાળા સ્વામી વિષ્ણુદેવાનંદજી સારા વેદાંતી ગણાય છે. સ્વામી બ્રહ્મપ્રકાશજી ઘણી જ ઝડપથી ચાલનાર તરીકે જાણીતા છે. ગોસ્વામી ગણેશદત્તજીની શાંતિકુટિર બે માઈલ દૂર તેખલામાં ઉંચે પહાડ ઉપર એકાંત અને શાંત જગાએ આવેલી છે. તેઓ ત્યાં નવેમ્બરથી ૨–૩ માસ આવીને રહે છે. પાસે સ્વામી અખંડાનંદજીની કુટીઆ આવેલી છે.

ગોસ્વામી ગણેશદત્તજીના મંત્રી શ્રી યોગેન્દ્રપાલ કામને અગે ઉત્તરકાશી આવેલા હતા અને અમને રોજ મળતા હતા. સ્વભાવે સારા અને સેવાભાવી હતા. તેઓ અમને ઘણા મદદરૂપ થઇ પડયા હતા. એક વખત વાતચીત દરમીયાન તેમને થયેલા એક વિચિત્ર અનુભવની તેમણે વાત કહી. અગાઉ તેઓ રેડીઓ ગાયક હતા. એ દિવસો દરમિયાન દક્ષિણ હૈદ્રાબાદમાં રાતના સીનેમા જોઈને બીજા ચાર મિત્રો સાથે સાઇકલ ઉપર આવતા હતા ત્યારે અમુક જગાએ તેમની સાઈકિલ જે વચમાં હતી તેની આગળ અમુક અંતરે એક સફેદ વસ્તુ–કુતરા અગર બીલ્લી જેવા આકારની–આગળ દોડતી દેખાઈ, અને એક ફરલાંગ સુધી આ પ્રમાણે થયા પછી અદૃશ્ય થઈ ગઈ. પાંચ જણામાંથી ફકત તેઓ એકલા જ આ જોઇ શકયા. બીજાઓને પૂછતાં તેઓ જોઈ શકતા નહોતા અને તેમણે જ્યારે વાત કરી ત્યારે બધાને જરા નવાઈ લાગી. ત્યારબાદ ચાર દિવસમાં બીજા મિત્રો દરેક વારાફરતી રોજ એકેક જણ માંદા પડયા. પાંચમે દિવસે તેમને રેડીઓ સ્ટેશનેથી રીહર્સલ માટે આવી જવાનો ટેલીફિન આવ્યો, અને તેઓ બસમાં ત્યાં જવા નીકળ્યા. બસમાં જગ્યા ન હોવાથી તેઓ ડ્રાઇવરની જમણી બાજુએ સંકડાઇને બેઠા. પછી જે જગાએ તે દિવસે પેલી સફેદ વસ્તુ દેખાતી શરૂ થઇ હતી તે જગા આવી, ત્યારે ડ્રાઇવરે સ્ટીઅરીંગ ઉપરનો કાબુ ગુમાવ્યો, અને એક ફરલાંગ પછી જ્યાં એ વસ્તુ અદૃશ્ય થઈ હતી ત્યાં તેઓ નીચે પછડાયા અને પગનું તથા હાથનું ફ્રેકચર થયું, તે માટે લાંબા વખત સુધી હોસ્પીટલમાં તેમને રહેવું પડેલું. તેના ધાની નિશાનીઓ તેમણે બતાવી. પછી જ્યારે ત્યાંના રહીશ બીજા લોકોને આ વાતની ખબર પડી ત્યારે તેમણે કહ્યું કે અત્યાર સુધીમાં અનેક વ્યકિતઓને એ જગાએ આવું દેખાયું છે અને તે બધી વ્યકિતઓ એક યા બીજી રીતે મૃત્યુ પામેલ છે. તેઓ એકલા જ ફકત એ જોયા છતાં બચી શકયા છે. તેઓ હજુ પણ ભૂતપ્રેતમાં માનતા નથી તેમ આનો ખુલાસો પણ તેમનાથી થઈ શકતો નથી.

અગાઉ ઋષિકેશમાં ઓછો કરેલો સામાન પણ અમને વધારે પડતો લાગ્યો. એટલે પાછો બીજે કેટલોક સામાન અમે ઉત્તરકાશીમાં મૂકયો. છતાં બંગાળી છ માણ એટલે ત્રણ ખચ્ચર ઉપાડી શકે તેટલો સામાન સાથે લઈ જવાનો રહ્યો. દર બે ખચ્ચર સાથે એક માણસ રહેતો હોવાથી ત્રણ ખચ્ચર મળી શકયાં નહિ. તેથી અમે ચાર ખચ્ચરનું નક્કી કર્યું અને એક દુકાનદારને એક ખચ્ચર જેટલો સામાન મોકલવાનો હતો તે સાથે લઈ જવાનું નક્કી કર્યું. આ પણ ૧૮ માઇલ દૂર ભટવાડી સુધી. પરંતુ બીજે દિવસે વરસાદ વધુ પડતો હોવાથી અમે ત્યાંથી નીકળી શકયા નહિ. એટલે એમાંથી એક ખચ્ચરવાળો અમને જણાવ્યા સિવાય જતો રહ્યો. કારણ કે દિવસ ખાલી પડવાને લીધે ખચ્ચરના ચારાનો અને તેના પોતાના ખાવાનો ખર્ચ માથે પડતો હોવાથી જ્યાં ખચ્ચર મફત ચરી શકે તેવા સ્થળે એ લોકો જતા રહે છે. પછી મહામુસ્કેલીએ અમે બીજા ખચ્ચરવાળાનું નક્કી કર્યું અને પછીના દિવસે સવારે વાદળાં તો ઘેરાએલાં હતાં, પરંતુ વરસાદ પડતો ન હોવાથી અમે હિંમત કરીને ઉત્તરકાશીથી આગળના ૫૭ માઇલના અમારા પગપાળા પ્રવાસની શરૂઆત કરી.

અપૂર્ણ **હર્ષદલાલ શોધન**

સામ્યવાદીઓને સંબોધન

(ગતાંકથી ચાલુ)

જેમ અન્યત્ર તેમ ભારતમાં પણ સામ્યવાદીઓએ મોસ્કોની કઠપુતળીઓ માફક વર્તીને પોતાની જાતને હાસ્યસ્પદ બનાવી મૂકેલ છે. પરંતુ 'સમાનતા', 'સ્વાતંત્ર્ય', 'રાષ્ટ્રીય સાર્વભૌમત્વ' આદી સામ્યવાદી રૂઢ સૂત્રો જેનો વાસ્તવિકતા સાથે કોઇ મેળ નહોતો તેમાં આજે નવા પ્રાણ, નવી ચેતના પ્રગટી રહેલ છે અને સામ્યવાદી લેખાતા દેશોની પ્રજાને ઉત્તેજિત કરી રહેલ છે. જે માનવઆત્મા હંમેશાને માટે ગુલામીમાં જકડાયેલો રહી શકતો નથી અને જેના વિશિષ્ટ તત્ત્વમાં માનવ મુકિતની અંતિમ આશા અને ખાત્રી છુપાયલી છે તેમાં અખૂટ પ્રાણ અને શકિત હોવાનું આ એક અત્યન્ત વિશ્વસનિય ચિહ્ન છે.

પ્રશ્ન એ છે કે ભારતીય સામ્યવાદીઓમાં, તેઓ મોસ્કોથી સ્વતંત્ર છે એવું જાહેર કરવાની અને સમાજવાદ તરફ લઈ જતો પોતાનો સ્વતંત્ર માર્ગ પસંદ કરવાની હિંમત અને ભાવના છે ખરી? મારા સામ્યવાદી મિત્રો કદાચ જવાબ આપશે કે તેઓ હકીકતમાં હંમેશાં સ્વતંત્ર જ રહ્યા છે. જો તેઓ તેમ કહેશે તો તેમનું તે કથન ખરેખર દયાજનક હશે, કારણ કે તેઓ જાણે છે કે એમ કહેવું તે કેવળ જૂઠાણું છે અને આવા જૂઠાણાને કોઇ માનવાનું નથી. બરાબર એ પ્રમાણે જ સ્ટાલિનના કાંધીયાઓ પોલાંડ અને હંગેરીમાં હંમેશાં કહેતા રહ્યા હતા. આમ છતાં પણ શું તે દેશોના "સ્વતંત્ર" સામ્યવાદીઓએ અને જનતાએ તેમનો પ્રતિવાદ કર્યો નહોતો? હવે સમય આવી ગયો છે કે જ્યારે સામ્યવાદીઓએ એ સ્પષ્ટ સમજી લેવું જોઇએ કે અસત્યની કોઈ કિંમત રહી નથી અને એવા અસત્યથી કોઈપણ ફાયદો થવાનો નથી.

સત્યની ખોજ

માનવ એ એક વિચિત્ર પ્રાણી છે. તે હંમેશાં તર્કવિતર્ક કરતો સત્યની ખોજમાં હોય છે. પોતાની ચાલુ શોધખોળની પ્રવૃત્તિના પરિણામે તેણે ધર્મ, વિજ્ઞાન, ફીલ્સુફી, કળા ઇત્યાદી શોધ્યાં છે. માનવ–મનમાં અસત્યો ઠાંસીને ભરવાનો જો સામ્યવાદીઓ અગર બીજા કોઈ પણ પ્રયત્ન કરશે તો તેઓ કદાચ થોડા સમય પૂરતા ફળીભૂત થશે, પરંતુ આખરે સત્યની ખોજ કરતો માનવ—સ્વભાવ પોતાનો પરચો બતાવશે અને જે કાંઈ સત્ય હશે તે પ્રગટ થયા વિના નહિ રહે. માટે જ જો સામ્યવાદીઓ કોઈપણ જાતના સંકોચ વગર સ્પષ્ટતાથી કબુલ કરે કે આંતરરાષ્ટ્રીયતાવાદના ખોટા અને ભ્રામક ખ્યાલોથી દોરવાઈ જઇને તેઓ અત્યાર સુધી મોસ્કોના તાબેદાર રહ્યા હતા અને ચોખ્ખા શબ્દોમાં જાહેર કરે કે હવેથી તેઓ સ્વતંત્ર રીતે કાર્ય કરશે તો તેવી કબુલાત અને જાહેરાત તેમના સારા માટે જ હશે.

મને એ સ્પષ્ટ કરવા દો કે તેમને માટે તટસ્થ જ માત્ર પૂરતું નહિ થાય. ભારતીય સામ્યવાદી પક્ષે પોતાના સ્વાતંત્ર્ય અને વફાદારી વિષે આચરણદ્વારા ભારતીય જનતાને પૂરી ખાત્રી કરાવવી પડશે. આને માટે સમય લાગશે. જનતાને ખાત્રી કરાવવા માટે સામ્યવાદીઓએ એક આ વસ્તુ કરવી રહી કે રશિયામાં જે કાંઇ બની ગયું છે, થઈ ગયું છે; બની રહ્યું છે, થઈ રહ્યું છે તેમાંથી ભારતના સામ્યવાદીઓ કયાં કયાં અને કેવી કેવી રીતે જૂદા પડે છે તે વિષે તેઓ જનતા સમક્ષ સ્પષ્ટતાપૂર્વક ખુલાસો કરે. અત્યાર સુધી તેઓએ રશિયાને એક સર્વાંગસુંપૂર્ણ અને કોઈ પણ પ્રકારના દોષથી મુકત એવા આદર્શ તરીકે અપનાવ્યું છે. તે આદર્શ તો હવે છિન્ન ભિન્ન થઈ ગયો છે. ત્યાં કાંઈ બન્યું જ નથી અગર એક વખત સ્ટાલીનરૂપી રાક્ષસને પદભ્રષ્ટ કર્યા પછી બધું બરાબર અને યોગ્ય થઇ ગયું છે એવો જો તેઓ ઢોંગ કરશે અથવા દેખાવ ચાલુ રાખશે, તો કોઇ પણ શાણી વ્યકિતને તેમના પ્રત્યે જરાપણ માન કે સદ્ભાવ રહેશે નહિ. આવી રીતે થોડા

લોકોને ઉંચાં ભણાવીને થોડા સમય માટે કદાચ સામ્યવાદ થોડીશી પ્રગતિ કરી શકશે, પરંતુ તેથી કદિપણ સ્વતંત્ર અને સમાન માનવ-ઘટકોનાં વર્ગવિહીન સમાજના ધ્યેયના કિનારે પહોંચી શકશે નહિ.

આના અનુસંધાનમાં આજકાલ બની રહેલી ઘટનાઓએ સામ્યવાદીઓ સમક્ષ એક જલ્દી જવાબની અપેક્ષા ધરાવતો પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે. હંગેરીની જનતાની સ્વાતંત્ર્યની અને આત્મનિર્ણયની ચળવળનો ભૂકો કરી નાખવા માટે રશિયાએ તાજેતરમાં હંગેરીની જનતા સામે પાશવી હુમલો કર્યો છે. હિંદનો સામ્યવાદી પક્ષ સ્વાતંત્ર્યની પડખે ઉભે રહેશે કે ગુલામીની પડખે? હંગેરીની પડખે ઉભો રહેશે કે રશિયાની? આ સમસ્યાના ઉત્તર પર સામ્યવાદનું ભાવિ આધારિત છે.

સામ્યવાદીઓ જો આત્મપૃથક્કરણ અને પોતાના વિચારોનું સંશોધન કરશે તો તે તેમને મેં રજૂ કરેલા અથવા તો તાજેતરની ઘટનાઓએ ઉપસ્થિત કરેલા મૂળભૂત પ્રશ્નો તરફ જરૂર લઈ જશે. આ સઘળા પ્રશ્નોમાંથી વધારેમાં વધારે મૂળભૂત પ્રશ્ન આ છે. હજુ પણ શું અસત્ય અને હિંસા ઉપર સામ્યવાદીઓ પોતાની રીતસુરી અને વર્તન-વ્યવહાર આધારિત રાખવા માગે છે? શું તેઓ સરમુખત્યારશાહીને લોકશાહી તરીકે, રાજ્યસત્તાના મૂડીવાદને સમાજવાદ તરીકે, સંસ્થાનવાદને વિપ્લવ તરીકે કહેવાનું-ગણાવવાનું ચાલુ રાખશે? શું તેઓ વાસ્તવિકતાની ખાતર આભાસનો ઈન્કાર નહિ કરે? શું તેઓ સત્યની ખોજ નહિ કરે? અને આ સૌથી વધુમાં વધુ અગત્યનું તો, શું તેઓ પ્રતિજ્ઞાપૂર્વક હિંસાનો ઈનકાર કર્યા સિવાય આ બધું કરી શકશે? હિંસાએ ક્રાંતિનો જાણે કે ઠેકો રસ્તો બતાવ્યો હોય એમ લાગે છે. પરંતુ આટલા મોટા પ્રમાણમાં હિંસા થવા છતાં, રશિયામાં શું હજી પણ ક્રાંતિનું આગમન થયું છે ખરું? આનો જવાબ 'ના' સિવાય બીજો કોઈ હોઈ શકે નહિ-સિવાય કે ક્રાંતિ વિશે આપણે માત્ર એક નકારાત્મક વિચારણા ધરાવતા હોઇએ અથવા તો સિવાય કે છિન્નભિન્ન બનેલા આદર્શ પ્રત્યે આપણે ફરીથી આંખો બંધ કરીને ચાલવા માંગતા હોઈએ અથવા તો અંધકારને અજવાળું કહેવામાં મશગુલ રહેવા ઈચ્છતા હોઇએ, અગર માત્ર આર્થિક વિકાસ-સમૃધ્ધિ-એટલે સામ્યવાદ અથવા સમાજવાદ એવું સમીકરણ આપણે સ્વીકારતા હોઇએ. આર્થિક વિકાસ-અરે ઝડપી આર્થિક વિકાસ-મૂડીવાદ અને ફાસીવાદથી પણ થતો અને થયેલો આપણા જાણવામાં આવ્યો છે. સમાજવાદ અથવા સામ્યવાદ જીવનની એક વિશિષ્ટ પધ્ધતિનો દ્યોતક છે અને નહિ કે માત્ર ઉત્પાદનના આંકડાઓની ઇંદ્રજાળનો યા લશ્કરી સામર્થ્યનો સૂચક છે. આનો અર્થ એવો નથી કે સમાજવાદ અગર સામ્યવાદમાં આર્થિક વિકાસને અવકાશ નથી. તેને જરૂર અવકાશ છે, પરંતુ તે તેનાં મૂળભૂત મૂલ્યોનાં ભોગે તો નહિ જ.

એક રફતાર

અસલમાં તો માત્ર 'દુશ્મન' સામે એટલે કે એ વખતની ઝારશાહી સામે અસત્ય અને હિંસાનો ઉપયોગ કલ્પાયો હતો, પરંતુ તે તો જાણે કે એક ટેવ જ (રફતાર) બની ગઈ અને જેની જડ ન ઉખડે એવી ટેવ. અસત્ય અને હિંસાના પ્રયોગો જનતાની સામે, પક્ષની સામે અને એક બીજાની સામે અનેકવાર થયા છે અને થઈ રહ્યા છે. એ ખરું છે કે સામ્યવાદીઓ સિવાય બીજા ઘણાઓએ-જેવા કે ઈડનના નેતૃત્વ હેઠળના ગ્રેટ બ્રિટનના મુર્ઝવા લોકશાહીવાદીઓએ અને મોલેટના નેતૃત્વ હેઠળના ફ્રાંસના સમાજવાદી લોકશાહીવાદીઓએ પણ એ શિખવાનું છે કે અસત્ય અને હિંસા એ બન્ને અનિષ્ટ છે અને અનિષ્ટ પ્રતિ જ દોરી જાય છે. પરંતુ શું સામ્યવાદીઓ એવો દાવો નથી કરતા કે અસત્ય અને હિંસાદ્વારા તેઓ ઘણાં વધારે સારાં પરિણામો નિર્માણ કરી શકે તેમ છે? મારી નમ્ર માન્યતા છે કે વધારે અને વધારે અસત્ય અને હિંસાનું આચરણ કરવાથી તેઓ કદિ પણ સારું પરિણામ નિપજાવી શકે જ નહિ.

સામ્યવાદીઓને સત્ય અને હિંસાનો હું ઉપદેશ આપું છું તેથી હું હસવા-પાત્ર લેખાઉંશ એનું મને પૂરું ભાન છે. પરંતુ માનવીની વિચારશક્તિમાં-બુધ્ધિમાં-મને શ્રધ્ધા છે અને સામ્યવાદીઓ પણ વિચારશક્તિ ધરાવતા માનવો છે એમ હું જરૂર માનું છું. અણુશક્તિનાં શસ્ત્રોના આ યુગમાં સામાન્યમાં સામાન્ય માનવબુધ્ધિ એટલું તો સમજે છે અને સ્વીકારે છે કે વિશ્વવ્યાપી યુધ્ધ જેવી મોટા પાયા પરની હિંસા કોઈ પણ કિંમતે અને હિસાબે અટકાવવી જ જોઈએ. મોટા પાયાની હિંસામાં આજે કોઈ માનતું નથી. માનવબુધ્ધિને એ સમજવામાં ઘણું કઠિન તો નહિ લાગે કે જો હિંસાનું અસ્તિત્વ થોડા પ્રમાણમાં પણ રહ્યું તો મોટા પાયા પરની હિંસા કાયમને માટે અટકાવી શકાય જ નહિ. નાની હિંસામાંથી જ મોટી હિંસા જન્મ પામે છે. મને ફરીથી કહેવા દો કે માત્ર સામ્યવાદીઓ જ નહિ. પરંતુ બીજા ઘણાઓને આ પાઠ શિખવાની જરૂર છે, પરંતુ જો સામ્યવાદીઓ પોતાના શાંતિ અને ભ્રાતૃભાવના વ્યવસાય પ્રત્યે સાચી નિષ્ઠા ધરાવતા હોય તો તેમણે બીજાઓ શિખી લે તે પહેલાં આ પાઠ પોતે શિખી લેવો જરૂરી છે.

આદર્શ વ્યવસ્થા

વર્તમાન સઘળાં સામ્યવાદી શાસનો હિંસામાંથી-સ્થૂળ હિંસામાંથી જન્મ પામ્યા છે; અને તેમની સ્થાપનાથી અદ્યાપિપર્યંત સાચો લોકમત જાણવાની કે તે જાણીને તેને અનુકુળ બનીને ચાલવાની તેમણે કદિ પરવા કરી નથી. હા, ચૂંટણીઓ જરૂર યોજાઈ છે, પણ તે હિટલરની ચૂંટણીઓની જેમ વિરોધ પક્ષો અને નાગરિક સ્વાતંત્ર્યની ગેરહાજરીમાં. સામ્યવાદીઓએ હિટલરની ચૂંટણીઓને વખોડી કાઢી હતી, પરંતુ તેમની પોતાની એકપક્ષી રાજ્યસત્તાને 'લોકશાહી'ની તેમણે ઉભી કરેલી એક ભાતના નામે તેમણે ન્યાયી ઠરાવી હતી. પશ્ચિમમાં સ્થાપિત થયેલી વિવિધ પક્ષોની રાજ્યપધ્ધતિ એ લોકશાહી માટે એક આદર્શ વ્યવસ્થા તો નથી જ, પરંતુ એકપક્ષી રાજ્યસત્તાની પધ્ધતિ તો તેનાથી પણ વધારે બુરી છે. ભારતની જનતા એ જાણવા માગે છે કે જ્યારે પણ તેમને સત્તા પ્રાપ્ત થાય ત્યારે સામ્યવાદીઓ લોકશાહીના ચૂકાદાને અનુસરવા અને તે મુજબ ચાલવા માગે છે કે બળજબરીથી-હિંસાથી-રાજ્ય કરવાનો ઈરાદો રાખે છે?

માત્ર શારીરિક-સ્થૂળ-હિંસાના ત્યાગથી આ પ્રશ્નનો ઉકેલ આવે તેમ નથી. રાજ્યની "કાયદેસર"ની હિંસા પણ એક એવી જ વસ્તુ છે. હું એક દાખલો આપું. રશિયાની ખેતીવાડીના અભ્યાસી વિદ્યાર્થીઓએ વારંવાર જાહેર કર્યું છે કે જો રશિયાના ખેડુતોને કોઈપણ જાતના પ્રતિકુળ પરિણામના ભયવિના અને મુક્ત રીતે કહેવાની વર્તમાની તક સાંપડે તો તેમાંના મોટા ભાગના સામુહિક. ખેતી (collectives) છોડી દે. આ કદાચ ઘોર અસત્ય હોય અગર ચાલુ પરિભાષામાં વર્ણવીએ તો આવું કથન 'ફાસિસ્ટ બદનામી' કહેવાતું હોય. પરંતુ અહિં મુદ્દો એ છે; અયોજનના નામે, જેમની ઇચ્છા ન હોય એવા ખેડુતોને સામુહિક-ખેતીમાં જબરદસ્તીથી ધકેલવાળાં સામ્યવાદ ન્યાયી ઠરે છે કે કેમ? આખરે કોની મુખ્યતા છે? પક્ષની કે જનતાની? સિધ્ધાન્તની કે માનવ સમાજની? એ ખરું છે કે, પોતાના માટે શું સારું છે એ ન સમજવા પૂરતા માનવો મૂર્ખ હોઇ શકે છે, પરંતુ લોકો ઉપર પોતાના અભિપ્રાયો લાદવાનો કોઇને હક્ક છે ખરો? લઘુમતિ ઉપર બહુમતિના શાસનની વ્યવસ્થા એ એક આદર્શ લોકશાહી વ્યવસ્થા છે એવી ચાલુ માન્યતા વિષે પણ અંગત રીતે તો હું શંકાશીલ છું. બહુ બહુ તો તેને મર્યાદિત લોકશાહી કરી શકાય. પરંતુ તેથી કેવળ વિપરીત પ્રકારની વ્યવસ્થા (બહુમતિ ઉપર લઘુમતિનું શાસન) એ તો કેવળ અત્યાચાર જ છે એમ વિના શંકાએ કહી શકાય. હિંદના સામ્યવાદીઓ આવા અત્યાચારને વખોડી કાઢવા તૈયાર છે ખરા?

મારા લાંબા લખાણને વધારે લાંબુ કરવા ઇચ્છતો નથી. મારા સામ્યવાદી મિત્રોને હું ફરીથી યાદ દેવડાવવા માગું છું કે માનવી અને તેનું નૈતિક તથા ભૌતિક કલ્યાણ અને વિકાસ એ જ સર્વ કોઈ સામાજિક પ્રયત્નોનું ધ્યેય છે, લક્ષ્ય છે.

જે કોઇ પણ કાર્ય કે પગલું માનવને પાર્શ્વ-ભૂમિમાં ધકેલી દે છે અને સંઘવ્યવસ્થા, પક્ષ, સમાજ, રાજ્યસત્તા, રાષ્ટ્ર, આયોજન, ઉત્પાદન, વિજ્ઞાન અને એવી કોઈ બાબત, વિચાર કે તત્ત્વને પ્રાધાન્ય આપે છે તેને છાપરે ચડીને બીરદાવે છે તે પ્રગતિ યા ક્રાંતિ નથી પરંતુ પ્રત્યાઘાત છે, પીછેહઠ છે અને તેથી તેનો સદન્તર ત્યાગ કરવો ઘટે છે. આ વિચારમાં મારા મિત્રો મારી સાથે સહમત થશે કે કેમ તે વિષે મને શક છે.

હું આશા રાખું છું કે મારા મિત્રો આનો માત્ર રાજકારણલક્ષી જવાબ આપીને સંતોષ નહિ માને. તેવા જવાબનો સણસણતો પ્રત્યુત્તર લખવા માટે હું સામ્યવાદી વિચાર અને વાણીથી પૂરો જાણકાર છું. પરંતુ તેમ કરવામાં શાહી અને શક્તિનો નિરર્થક વ્યય થશે. આથી જ, હું મારા મિત્રોને વિનંતિ કરું છું કે તેઓ મારા ઉપર જીત મેળવવાની ચિંતા ન કરે, હું આ કે તે બાબતમાં ખોટો છું એમ સાબિત કરવાની ઉપાધિમાં ન પડે, પરંતુ ઉપર જે કંઈ કહ્યું છે તેનો ગંભીરતાપૂર્વક વિચાર કરે. કદાચ કોઈ કોઈ જગાએ મેં કર્કશ કહ્યું હશે, પરંતુ હું પ્રત્યેકને ખાત્રી આપું છું કે ઊંડા મિત્રભાવની લાગણીઓએ જ મને આ લખવા પ્રેરિત કર્યો છે.

મૂળ અંગ્રેજી: **શ્રી. જયપ્રકાશ નારાયણ**
અનુવાદ: **શ્રી શાન્તિલાલ નંદુ**

પ્રકીર્ણ નોંધ

સામ્યવાદી પક્ષના સામાન્ય મંત્રીનો શ્રી જયપ્રકાશ નારાયણને જવાબ

પ્રબુદ્ધ જીવનના આગળના તથા આ અંકમાં બે હકતાથી 'સામ્યવાદીઓને સંબોધન' એ મથાળાથી પ્રજાસમાજવાદી પક્ષના આગેવાન નેતા શ્રી જયપ્રકાશનો એક લેખ પ્રગટ કરવામાં આવેલ છે. તેના ઉત્તરરૂપે ભારતના સામ્યવાદી પક્ષના સામાન્ય મંત્રી શ્રી અજય ઘોષ તા. ૨૩-૧૧-૫૬ ના એક જાહેર નિવેદનદ્વારા જણાવે છે કે "અમે કબુલ કરીએ છીએ કે ભારતના સામ્યવાદીઓ સોવિયટ સંઘમાં ભૂતકાળમાં ચાલી રહેલી અને બની રહેલી બધી બાબતોને આદર્શ અને અનુકરણીય ગણવામાં અમે ખોટા હતા. એ પણ કબુલ છે કે સમાજવાદીઓએ અને બીન-સામ્યવાદી લોકશાસનવાદીઓએ સોવિયટ સંઘની અવારનવાર કરેલી આલોચના અને ટીકાઓ ઉપર અમારે વધારે ધ્યાન આપવું જોઇતું હતું. સોવિયટ સંઘમાં જે કાંઈ બને તેનો બચાવ કરવાની અને રશીઆની નીતિની કોઈ પણ બાજુની ટીકા કરનારાઓને વખોડી કાઢવાની વૃત્તિ અમારામાં અને બીજા સામ્યવાદી પક્ષોમાં ઘર કરી ગઈ હતી એ પણ અમે કબુલ કરીએ છીએ. સામ્યવાદી-સમાજવાદી એકતાને અને સમાજવાદના લક્ષ્યને આથી જે ગંભીર હાનિ પહોંચી છે એ વિષે અમે ઊંડેથી સભાન બન્યા છીએ અને એ વળણનો ત્યાગ કરવાનો અમે નિશ્ચય કર્યો છે. આમ છતાં પણ દુનિયાભરના સામ્યવાદી સંઘો મોસ્કોને સદા હકાર ભણતા પૂતળા જેવા હતા એવો શ્રી જયપ્રકાશ નારાયણ જે આક્ષેપ કરે છે તેનો અમે ઇનકાર કરીએ છીએ. જો એમ હોય તો ફ્રાન્સ અને ઇટાલીમાંના સામ્યવાદી દળો બીજા કોઈ પણ રાજદ્વારી પક્ષો કરતાં વધારે મોટી સંખ્યામાં છે એ હકીકતનો તેઓ શી રીતે ખુલાસો કરશે ? આપણા દેશના રાજકારણમાં પણ સામ્યવાદી પક્ષ એક મહત્વનું અને ઉપેક્ષા થઈ ન શકે એવું સ્થાન ધરાવતો થયો છે એ વાસ્તવિક પરિસ્થિતિનો પણ તેઓ શી રીતે ખુલાસો કરશે ?"

શ્રી અજય ઘોષ પોતાના નિવેદનમાં આગળ ચાલતાં કબુલ કરે છે કે "ભારતીય સામ્યવાદીઓની આન્તરરાષ્ટ્રીયવાદને લગતી દૃષ્ટિમાં કેટલાક દોષો હતા-ખાસ કરીને સોવિયટ સંઘના સામ્યવાદી પક્ષ અને અન્ય દેશોના સામ્યવાદી પક્ષો સાથેના સંબંધો વિષે આ દોષ રહ્યો હતો. આમ છતાં પણ જે આન્તરરાષ્ટ્રીયવાદની અમે હિમાયત કરતા રહ્યા છીએ તેણે જગતને એક નવી દૃષ્ટિ આપી છે, આ હકીકતનો શ્રી જયપ્રકાશ નારાયણ ઇનકાર કરી નહિ શકે.

"ભૂતકાળમાં સામ્યવાદી પક્ષની જે એક ગંભીર નિષ્ફળતા રહી છે એ માર્કસ અને લેનીનના સિધ્ધાન્ત મુજબ ન વર્તવાને લગતી છે. આ સિધ્ધાન્ત છે: 'દરેક દેશમાં એવી હીલચાલ વડે સમાજવાદની સાધના કરવી કે જે હીલચાલ સર્વ દેશોને સમાન એવા સિધ્ધાન્તો ઉપર આધારિત કરવામાં આવી હોય અને એમ છતાં સાથે સાથે જેમાં દરેક દેશની ચોક્કસ પ્રણાલિકા અને પરંપરાનો અને તેની સંસ્કૃતિના વિશિષ્ટ અંગોનો પણ પૂરતો ખ્યાલ રાખવામાં આવ્યો હોય અને તેના પરિણામે દેશ દેશની સમાજવાદી રચના ભિન્ન ભિન્ન પ્રકારની હોય અને સમાજવાદની સાધનાનો માર્ગ પણ દેશે દેશે પૃથક પૃથક હોય.'

"અમારાં અનેક નિવેદનોમાં અમે આ બાબત ઉપર જરૂર ભાર મૂકતા રહ્યા છીએ કે હિંસા અને આન્તરવિગ્રહનું અવલંબન લીધા સિવાય આપણા દેશમાં સમાજવાદી રચનાનો અમલ થવાની શકયતામાં અમે માનીએ છીએ અને આ શકયતાને સિધ્ધ કરવા માટે અમે અમારાથી બનતું કરી રહ્યા છીએ."

બધું પલટે છે, તો શું ભારતના સામ્યવાદીઓ પણ ન પલટાય ?

આ નિવેદનમાં ભારતના સામ્યવાદી પક્ષના મંત્રી શ્રી અજય ઘોષે, શ્રી જયપ્રકાશ નારાયણે પોતાના લેખમાં સૂચવેલી કેટલીક પક્ષ-ત્રુટિઓનો, સ્વીકાર કર્યો છે અને એમ છતાં રશિયા સાથેના એ પક્ષના આજ સુધીના ચાલુ જોડાણનો તેમાં કશો પણ સ્વીકાર કરવામાં આવ્યો નથી અને પક્ષના હેતુઓ સાધવા માટે હિંસા અને આન્તરવિગ્રહનું કદિ પણ અવલંબન લેવામાં નહિ આવે એવી સ્પષ્ટ અને સચોટ જાહેરાત પણ આ નિવેદનમાં આપણને જોવામાં મળતી નથી. આને લગતો જે કાંઈ ઉલ્લેખ એ નિવેદનમાં છે તે વિશેષતઃ નકારાત્મક અને આડકતરો છે. આમ છતાં પણ આ નિવેદન એટલું તો જરૂર સૂચવે છે કે સ્ટાલીનના અવસાન બાદ રશિયામાં પલટાતી જતી પરિસ્થિતિ અને બદલાતાં જતાં રાજકીય વળણો, તેમજ રશિયા આસપાસના સામ્યવાદી દેશોમાં રશિયાવિરોધી ચાલી રહેલી હીલચાલો અને સ્વાતંત્ર્યપ્રવૃત્તિઓની ભારતના સામ્યવાદીઓના મન ઉપર ભારે અસર પડી છે અને અમુક અંશે આન્તરસંશોધન તરફ તેઓ વળ્યા છે જે જરૂર આવકારદાયક છે.

જૈન શાસ્ત્રોમાં જીવના બે પ્રકાર પ્રરૂપવામાં આવ્યા છે: 'ભવી' અને 'અભવી'. સમયાન્તરે પણ જે જીવમાં મોક્ષપ્રાપ્તિની શકયતા હોય એ 'ભવી જીવ' કહેવાય અને જેનામાં કોઇ પણ કાળે એવી શકયતા ન હોય એ 'અભવી જીવ' કહેવાય. ભવી જીવોની અપેક્ષાએ આવા અભવી જીવોની સંખ્યા અતિ અલ્પ હોય છે એમ કહેવામાં આવ્યું છે. આ રીતે સામ્યવાદીઓ વિષે આપણામાંના ઘણા ખરાના દિલમાં એક એવી પ્રતીતિ છે કે તેમની પાસેથી સર્વસ્વીકૃત નૈતિક મૂલ્યોની આશા રાખવી અને રાષ્ટ્રલક્ષી દૃષ્ટિકોણથી રાષ્ટ્રના પ્રશ્નો તેઓ જોતા થાય એવી અપેક્ષા રાખવી એ આકાશકુસુમવત્ છે. તેમનાં માપતોલ અને કાર્યપદ્ધતિ હંમેશાને માટે જુદી જ રહેવાની અને તેથી કોઈ પણ બાબતમાં કે પ્રવૃત્તિમાં આપણે તેમની સાથે વિશ્વાસ રાખીને ચાલી ન જ શકીએ—એવું વળણ આજ સુધીના તેમની સાથેના અનુભવ ઉપરથી આપણામાં કેળવાતું રહ્યું છે. આ રીતે તેમને આપણે ઉપર વર્ણવેલ 'અભવી જીવ'ની કોટિમાં મૂકીને ચાલીએ છીએ.

પણ કોઈ પણ માનવી વિષે આવી કલ્પના બાંધીને ચાલવું એ વ્યાજબી નથી. માનવીપ્રકૃતિમાં કોઇ પણ પ્રકારના પરિવર્તનની કોઇ પણ કાળે શકયતા રહેલી જ છે. સંયોગો બદલાય, વિચાર વાતાવરણ બદલાય, કલ્પનાથી પ્રતિકુળ અનુભવ થાય અને માનવીમન એકાએક બદલાવા લાગે છે અને અમુક એક વિચારના ઝોકમાંથી મુકત બનીને બીજા જ વિચારના ઝોક તરફ ઢળવા માંડે છે. આ આપણો હરહંમેશનો અનુભવ છે. ભારતના સામ્યવાદીઓ સંબંધમાં આજે એવી તક ઉભી થવાનું દેખાતાં શ્રી જયપ્રકાશ નારાયણે તેમને સંબોધીને 'Revelations in moscow' 'મોસ્કોમાં નવા પ્રકાશનું દર્શન'-એ

ગયાળાનો લેખ લખ્યો છે. સામ્યવાદીઓ વિષે તિરસ્કારપૂર્વક વિચારવું અને તેઓમાં કદિ ફેરફાર થાય જ નહિ અને તેઓ કદિ વિશ્વસનીય બની ન જ શકે એવો એકાન્તવાદ સ્વીકારીને ચાલવું એ માનવીના ચિત્તની પરિવર્તનશીલતાનો ઇનકાર કરવા બરોબર છે. રાષ્ટ્રની દૃષ્ટિએ તેમનામાં બે પ્રકારના પરિવર્તનની અપેક્ષા છે: એક તો તેઓ બહિર્મુખ મટીને અન્તર્મુખ બને એટલે કે રશિયાલક્ષી મટીને સંપૂર્ણપણે ભારતલક્ષી બને, અને બીજું તેમની કાર્યપદ્ધતિમાં હિંસા અને અસત્યને જે પ્રાધાન્ય આપવામાં આવે છે એટલે કે કોઇ પણ નાનું કે મોટું રાષ્ટ્રલક્ષી સાધ્ય સિધ્ધ કરવા માટે હિંસા અને અસત્યનો ફાવે તેટલો ઉપયોગ થઈ શકે, બંધારણની મર્યાદામાં રહીને લડતાં ધાર્યા સમયમાં સફળતા ન મળે તો ભાંગફોડ નીતિનું ફાવે ત્યારે અવલંબન લઇ શકાય—આ માનસમાં આમૂળ પરિવર્તન થાય. આમાંથી પહેલા પ્રકારનું પરિવર્તન શરૂ થઇ ચુકયું છે. રશિયાની દોરવણી વિષેની તેમની શ્રદ્ધા ડગમગવા લાગી છે. પોલાન્ડ રશિયાના અંકુશ અને સ્વામિત્વથી મુકત બન્યું છે અને બન્નેના સંબંધો સમાનતાના ધોરણ ઉપર સ્થપાયા છે. હંગરી આથી પણ આગળ જવા માંગતું હતું. તે માત્ર રશિયાની નહિ પણ સામ્યવાદની ધુંસરીથી મુકત થવા ઇચ્છતું હતું. તત્કાળ રશિઆની લશ્કરી તાકાતથી તે દબાઈ ગયું છે, પણ તે સામે ત્યાંની પ્રજાના માનસનો બળવો તો ચાલુ જ છે. ગઈ કાલ સુધી સ્ટાલીન સામ્યવાદના પ્રતીક સમો હતો. આજે સ્ટાલીનની પ્રતિમા જ્યાં ત્યાં ધુળ ભેગી થઈ રહી છે. આ બધાંની સામુહિક અસરથી ભારતના સામ્યવાદીઓ મુકત રહી શકે જ નહિ. તેમનું આન્તર મન હલી ઉઠયું છે એ હકીકત ઉપર આપેલ શ્રી અજય ઘોષના નિવેદનમાંથી સાફસાફ તરી આવે છે. આમ ધીમે ધીમે જો તેઓ પોતાના દૃષ્ટિકોણમાં નીતાન્ત ભારતલક્ષી બને તો સાથે સાથે બીજા પ્રકારનું પરિવર્તન પણ સહજ શકય બને છે. આ પરિવર્તન નીપજાવવા માટે જેમ તેમણે પોતાની આજ સુધીની વિચારસરણીમાં કેટલાક મૌલિક ફેરફારો કરવા ઘટે છે તેમ આપણે પણ તેમના વિષેની અશ્રધ્ધાની, તિરસ્કારની, 'અભરીપણા' ની દૃષ્ટિથી મુકત બનવું જરૂરી છે. આખરે તેઓ આપણામાંના જ છે. દેશનો ઉધ્ધાર અને ઉત્કર્ષ એ સૌ કોઇનું સમાન લક્ષ્ય છે. આજે આપણને જે સત્ય સ્પષ્ટરૂપે દેખાય છે તે સત્ય જો સત્ય જ હશે તો તેમને પણ તે આવતી કાલે જરૂર સ્પષ્ટપણે દેખાશે. જે મૂલ્યોના સ્વીકાર સિવાય સમાજ ઉંચે ન જ આવે, આગળ ન જ વધે એવી આપણી પ્રતીતિ છે તે મૂલ્યોને તેઓ પણ આવતી કાલે જરૂર સ્વીકારશે. આવી સહૃભાવના અને કુણાપણાની વૃત્તિથી તેમની તરફ આપણે જોતાં થવું જોઇએ. જે માનસિક પરિવર્તન તેમના માટે તેમ જ આપણ સર્વ માટે જરૂરી તેમ જ ઇષ્ટ છે તે પરિવર્તન તેમનામાં પેદા કરવા માટે આજે ઉભા થયેલા આન્તરરાષ્ટ્રીય સંયોગો ભારે અનુકુળ છે. આપણે તેનો પૂરતો લાભ ઉઠાવીએ અને ભૂલા પડેલા, ગેરરસ્તે દોરવાયલા, આપણ ભાઈબાંધુને રાજમાર્ગ ઉપર ખેંચી લાવીએ અને પરાયા—બનેલા સ્વજનોને સમજાવટ, વાટાઘાટ અને પ્રેમથી પોતાના બનાવીએ. આ પ્રયત્નમાં સફળતા મળવી ન મળવી આપણા હાથની વાત નથી, પણ પ્રયત્ન તો ઇષ્ટ અને આદરણીય છે જ.

વર્ણસંકર વિરોધપક્ષ કોઇને લાભદાયી નહિ નીવડે.

આમ ભારતના સામ્યવાદીઓના માનસિક પલટાનું સ્વપ્ન સેવવું, આશા રાખવી, અને તે દિશાનો પ્રયત્ન કરવો તે એક બાબત છે, પણ આજે બહુજનસમાજને માન્ય બનેલી કોંગ્રેસની સામે કોઈ બળવાન વિરોધપક્ષ નથી અને બળવાન વિરોધપક્ષ સિવાય ભારતમાં લોકશાહીનો જે વિકાસ થવો જોઇએ, અને જે રીતે તે ફાલવી ફુલવી જોઇએ તે શકય બનતું નથી અને પરિણામે દેશમાં એક પક્ષની સરમુખત્યારશાહી જામતી જાય છે જે એક મોટામાં મોટું અનિષ્ટ છે—એમ સમજીને, આગામી ચૂંટણીને લક્ષ્યમાં રાખીને, પ્રજા સમાજવાદી પક્ષે સામ્યવાદી પક્ષ સાથે સમજુતીઓ કરવી અને જ્યાં પોતાનો ઉમેદવાર ફાવે તેમ ન હોય ત્યાં કોંગ્રેસ સામે સામ્યવાદી ઉમેદવારને ટેકો આપવો—આ તદ્દન બીજી બાબત છે. અલબત્ત આપણા દેશમાં લોકશાહીને પૂર્ણ અંશમાં મૂર્તિમન્ત કરવા માટે બળવાન વિરોધપક્ષ આવશ્યક છે એ વિષે બે મત નથી, પણ આ વિરોધપક્ષ સ્વાભાવિક રીતે ઉભો થવો જોઇએ, અને તો જ એવો પક્ષ પોતાનું કાર્ય સફળતાપૂર્વક પાર પાડી શકે. આ કોંગ્રેસેતર પક્ષોના આદર્શો અને કાર્યપદ્ધતિમાં મોટું અન્તર છે, અને તેમાંના એક પક્ષની ભારતનિષ્ઠા વિષે હજુ સૌ કોઇને શંકા છે. આવા બે કે વધારે પક્ષોના જોડાણમાંથી જે વિરોધપક્ષ ઉભો થાય તે કેવળ થીગડીયા વિરોધપક્ષ હશે અને તેવા વિરોધપક્ષનો દેશ ઉપર કે કોંગ્રેસ ઉપર કશો પણ પ્રભાવ પડી શકવાનો નથી. આ ઉપરાંત જે પક્ષની વિચારસરણી અને નિષ્ઠા વિષે આપણા દિલમાં પાયામાંથી જ સંદેહ હોય તે પક્ષના કોઈ પણ પ્રતિનિધિને ચૂંટાવા દેવામાં આપણે શા માટે મદદરૂપ થવું? તે પોતાના જોરે ચૂંટાય તો ભલે ચૂંટાય. આ રીતે વિચારતાં આગામી ચૂંટણી પુરતું સામ્યવાદી પક્ષ સાથે તેમજ કોંગ્રેસેતર અન્ય પક્ષો સાથે જોડાણ કરીને શકય હોય ત્યાં કોંગ્રેસ સામે એક સંગીન વિરોધપક્ષ ઉભો કરવાનો શ્રી. જયપ્રકાશ નારાયણે વહેતો મૂકેલો વિચાર દેશને લાભપ્રદ નીવડવાને બદલે નુકસાનકારક નીવડવા સંભવ છે. આજની રાજકારણી પરિસ્થિતિમાં કાં તો પ્રજાસમાજવાદી પક્ષ પ્રજાજનો ઉપર પોતાનું પ્રભુત્વ જમાવીને બને તેટલી બેઠકો કબજે કરે. એ શકય ન હોય ત્યાં જેની સાથે વિચારભાવના અને આદર્શનો વધારે મેળ છે એવી કોંગ્રેસને ટેકો આપે અને એ રીતે કોંગ્રેસ બળવત્તર બને તો દેશ એમ જ ઇચ્છે છે એમ સમજીને એ વસ્તુસ્થિતિને સ્વીકારી લે, પણ આજના સંયોગોમાં સામ્યવાદી કે કોમવાદી કોઇ પણ રાજકારણી પક્ષ સાથે જોડાણ કરીને થીગડીયા વિરોધપક્ષ ઉભો કરવાની ઉપાધિમાં ન પડે એમ આપણે ઇચ્છીએ. કારણ કે આવો વિરોધપક્ષ આમ તો ચાર ડગલાં પણ સાથે ચાલી શકે તેમ છે જ નહિ, અને એમ છતાં આવા જોડાણથી સામ્યવાદી કે કોમવાદી પક્ષોના પ્રભુત્વમાં વૃદ્ધિ જ થવાની છે, જે દેશ માટે ખતરનાક નીવડવા પૂરો સંભવ છે. બીજું આવા વર્ણસંકર જોડાણમાંથી ઉભા થતાં વિરોધપક્ષ અને કોંગ્રેસનું એકપક્ષી તંત્રનિર્માણ એ બે વચ્ચે જ પસંદગી કરવાની હોય તો કોંગ્રેસનું એકપક્ષી તંત્રનિર્માણ લાભાલાભની દૃષ્ટિએ વધારે આવકારદાયક લાગે છે.

સ્વ. ડૉ. ભીમરાવ આંબેડકર

ચાલુ માસના છઠ્ઠા તારીખે ડૉ. ભીમરાવ રામજી આંબેડકરનું દીલ્હી ખાતે ૬૩ વર્ષની ઉમ્મરે એકાએક અવસાન થયું. આમ તો તેમની તબિયત નરમ ચાલ્યા કરતી હતી, એમ છતાં તેઓ બીછાનાવશ નહોતા. પોતાનું ચાલુ કામ કર્યે જતા હતા; અને રાજસભામાં નિયમિત હાજરી આપતા હતા. પાંચમી તારીખે રાત્રે તેઓ બીછાનામાં સુતા તે સૂતા. રાત્રીના ગાળામાં કયારે અને શી રીતે તેમનું પ્રાણપંખેરૂં ઉડી ગયું તેની કોઇને ખબર ન પડી.

ડૉ. આંબેડકર અસાધારણ બુધ્ધિકૌશલ્ય અને કાર્યશકિત ધરાવતી ભારતની એક વિશિષ્ટ વ્યકિત હતી. તેઓ કેવળ સ્વાશ્રયવડે આગળ વધ્યા હતા. જન્મથી હરિજન હોઇને તેમને અસ્પૃશ્યતાના કારણે આગળ વધવામાં પારવિનાની મુસ્કેલીઓ અને હાડમારીઓ વેઠવી પડી હતી અને જીવનના પ્રારંભ કાળમાં તેમને અનેક અપમાનો સહન કરવા પડ્યાં હતાં. આ બાબતના ડંખે તેમના દિલમાં ઊંડી જડ ઘાલી હતી અને તેથી જીવનની શરૂઆતથી જ આખા હિંદુ સમાજ વિષે તેઓ ભારે નફરત ધરાવતા થયા હતા. અસ્પૃશ્યતાના અનિષ્ટને નાબુદ કરવાની તેમણે ઝુંબેશ ઉપાડી હતી અને હિંદુ ધર્મ અને હિંદુ સમાજ વિષે લખતાં કે બોલતાં તેમનો રોષ વિવેક અને મર્યાદાની સીમા જાળવી શકતો નહોતો. આ નફરતે તેમના ચિત્તને એટલું બધું આવરી લીધું હતું કે અસ્પૃશ્યતા—નાબુદી એ જેમના જીવનનું એક મુખ્ય કાર્ય બની રહ્યું હતું એવા ગાંધીજીને અસ્પૃશ્યોના સાચા મિત્ર તરીકે તેમણે કદી સ્વીકાર્યા નહોતા. એક રીતે વિચારીએ તો ડૉ. આંબેડકર કાયદે આઝમ ઝીણાની એક નાની સરખી આવૃત્તિ સમા હતા. જેમ મુસલમાનોની દુનિયા એ જ ઝીણાની દુનિયા બની ગઈ હતી અને મુસલમાનોના

હક્કો એ જ કેવળ ઝીણાની ચિન્તાનો વિષય થઈ પડ્યો હતો, તેવી રીતે હરિજનો સંબંધમાં ડૉ. આંબેડકરના દિલમાં ઊંડો એકાન્ત અભિનિવેશ હતો. ડૉ. આંબેડકર માફક ઝીણા પણ ગાંધીજીને મુસલમાનોના મિત્ર તરીકે કદિ સ્વીકારી શક્યા નહોતા. જો કાયદેઆઝમ ઝીણાએ અને ડૉ. આંબેડકરે ગાંધીજીને હિંદુ-મુસલમાન ઐક્ય સાધવામાં અને અસ્પૃશ્યતા નાબુદ કરવામાં પૂરો સાથ આપ્યો હોત તો આજના હિંદુસ્તાનનો ઇતિહાસ જુદા પ્રકારનો હોત અને હિંદુસ્તાનનું ચિત્ર પણ કોઈ જુદું જ આલેખાયું હોત.

દેશને આઝાદી મળી. ડૉ. આંબેડકર સાથેનાં ભૂતકાળનાં ઘર્ષણો વિસારીને સત્તારૂઢ બનેલી કૉંગ્રેસ સરકારે પછાત વર્ગોના પ્રતિનિધિ સમાન લેખીને ડૉ. આંબેડકરને પોતાની નવી કેબીનેટમાં લીધા અને કાયદાના મંત્રી બનાવ્યા. એ પદ ઉપર રહીને તેમણે ભારતનું નવું રાજ્યબંધારણ ઘડ્યું અને ભારે ખામોશી અને કુશલતાપૂર્વક બંધારણ સભામાં અસાધારણ પરિશ્રમ લઈને પસાર કરાવ્યું. આ તેમની સેવા ભારતના ઇતિહાસમાં ચિરસ્મરણીય રહેશે. ત્યાર બાદ ભારતવાસી સમગ્ર હિંદુ સમાજને એક સરખું લાગુ પડે તેવું હિંદુ કોડ બીલ તેમણે તૈયાર કર્યું અને લોકસભામાં રજુ કર્યું. આ સામે સ્થિતિચુસ્ત હિંદુ સમાજનો ઉગ્ર વિરોધ થયો અને ધારાસભાના કૉંગ્રેસી સભ્યો વચ્ચે પણ તીવ્ર મતભેદ વ્યક્ત થવા માંડ્યો. પરિણામે એ બીલ એક વખતે મુલતવી રાખવું પડ્યું. ત્યાર પછી આજ સુધીના ગાળામાં એ જ હિંદુ કોડ બીલના ભારે વિવાદાસ્પદ મુદ્દાઓ લોકસભાએ સ્વીકાર્યા છે અને કાનુનીરૂપને પામ્યા છે. આ પણ ડૉ. આંબેડકરના જીવનની એક મહાન સિદ્ધિ જ લેખાય.

૧૯૫૧ માં કૉંગ્રેસ કેબીનેટના સાથીઓ સાથે તેમને ઉગ્ર મતભેદ ઉભો થયો અને રાજીનામું આપીને મંત્રીપદથી તેઓ છુટા થયા. ત્યાર બાદ જીવનના અન્ત સુધી તેઓ કૉંગ્રેસના તેમ જ હિંદુસમાજના કટ્ટર વિરોધી જ રહ્યા.

અસ્પૃશ્યતા નાબુદીની દિશાએ કૉંગ્રેસ સરકારે આજ સુધીના ગાળામાં જરૂરી કાયદાકાનુન કરીને શક્ય હતું તેટલું કર્યું છે. એમ છતાં હિંદુસમાજના વાસ્તવિક જીવનમાંથી અસ્પૃશ્યતા હજુ સંપૂર્ણાંશે નાબુદ થઈ નથી. આ કારણે હિંદુ ધર્મ અને હિંદુ સમાજ વિષેની તેમના દિલમાં ઘર કરી રહેલી કટુતાની માત્રા કદી ઘટી જ નહોતી. આ હિંદુ ધર્મનો ત્યાગ કરીને તેઓ એક વખત ખ્રીસ્તી અથવા તો મુસલમાન ધર્મ સ્વીકારવાનો વિચાર કરતા હતા. આખરે તેઓ બૌધ્ધ ધર્મ પ્રત્યે આકર્ષાયા અને આજથી બે કે ત્રણ મહીના પહેલાં તેમણે પોતાના વિશાળ અનુયાયીદળ સાથે બૌધ્ધ ધર્મનો અંગીકાર કર્યો. આ તેમના ધર્મ પરિવર્તનનું મૂલ્ય કેટલું આંકવું એ એક પ્રશ્ન છે, કારણ કે ચિત્તના કોઈ સ્વતંત્ર ઉર્ધ્વીકરણે તેમને આ ધર્મપરિવર્તન કરવાને પ્રેર્યા નહોતા, પણ હિંદુ ધર્મ પ્રત્યેના ઊંડા તિરસ્કારે આ ધર્માન્તર તરફ તેમને ધકેલ્યા હતા. બીજું આ બૌધ્ધ ધર્મ જે શરણભાવનાની અપેક્ષા રાખે છે– બુધ્ધં શરણું ગચ્છામી, ધમ્મં શરણું ગચ્છામિ, સંઘં શરણું ગચ્છામિ- આ શરણ ભાવના તેમની સદા અસમ, ચંચળ અને બુધ્ધિપ્રધાન પ્રકૃતિમાં કેટલી જામત એ પણ એક સવાલ હતો. અલબત આ બધી ચર્ચા આજે એક પ્રકારનો તર્કવિલાસ છે, કારણ કે તેમનું ધર્મપરિવર્તન સ્થાયી અને સ્થિર રૂપ પામે તે પહેલાં તો કમનસીબે આ ફાની દુનિયામાંથી તેમણે હંમેશના માટે વિદાય લીધી છે.

આ રીતે ભારતના ગગનાંગણુમાંથી પ્રખર જ્યોતિ ધરાવતા એક ઉત્પાત ગ્રહનો અથવા તો પોતાની કોમ પ્રત્યેના અન્યાય, જુલમ, ધુત્કાર સામે સતત ઝુઝનાર અને એ જ કારણે ભારતના રાજકારણમાં અવનવી સમસ્યાઓ ઉભી કરનાર, વિશ્વવન્દનીય માનવીદિવાકર સમા ગાંધીજીને સતત પડકારનાર ધૂમકેતુનો અસ્ત થયો છે અને પાછળ અનેક મીઠાં તેમજ માઠાં સ્મરણો મૂકી ગયો છે. આજે જ્યારે તેઓ આપણી વચ્ચે નથી ત્યારે તેમની સ્વભાવગત ત્રુટિઓને-વિષમતાને– કિલષ્ટતાને–આપણે ભુલી જઇએ, તેમની નીડરતા, પ્રમાણીકતા, બહુશ્રુતતા અને શક્તિમત્તાની પૂરી કદર કરીએ અને અસ્પૃશ્યતાને પાયામાંથી નાબુદ કરીને તેમના અશાન્ત આત્માને શાશ્વત શાન્તિની ભેટ ધરીએ!!!

પરમાનંદ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ આયોજિત
નવા સચિવોનું સન્માન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી તા. ૧૨ મી ડીસેંબર બુધવારના રોજ સાંજના સાત વાગ્યે ચોપાટી ઉપર આવેલા પ્રાણસુખલાલ મફતલાલ સ્વીમીંગ બાથના ચોગાનમાં મુંબઇના પ્રધાનમંડળમાં સૌરાષ્ટ્રના નવા નિમાયલા પ્રધાનો–સૌરાષ્ટ્રના શ્રી. રસિકલાલ પરીખ તથા શ્રી. રતુભાઈ અદાણી, અને નાયબ પ્રધાન કચ્છના શ્રી. પ્રેમજી ભવાનજી ઠક્કર અને પ્રથમ સ્ત્રી સચિવ શ્રી. ઇન્દુમતી બહેન ચીમનલાલના સન્માનમાં એક ભોજન સમારંભ યોજવામાં આવ્યો હતો. આ સમારંભમાં લગભગ ૨૦૦ ભાઈ બહેનોએ ભાગ લીધો હતો. મુંબઈના આગેવાન નાગરિકો–મુંબઇના મેયર શ્રી. સાલેભાઈ અબ્દુલ કાદર, શિક્ષણસચિવ શ્રી. શાન્તિલાલ હ. શાહ, નવા નાયબ પ્રધાન ડૉ. ભારકર પટેલ, સર મણિલાલ નાણાવટી, શ્રી. ચીમનલાલ ચકુભાઈ શાહ, શ્રી. તારાબહેન માણેકલાલ પ્રેમચંદ, શ્રી. મોતીચંદ જી. શાહ, શ્રી. પ્રવીણચંદ્ર ગાંધી, શ્રી. પોપટલાલ ગોવિંદલાલ શાહ, શ્રી. મેઘજી પેથરાજ શાહ, શ્રી. ભાનુશંકર યાજ્ઞિક, શ્રી. પ્રસન્નમુખ બદામી, શ્રી. રતિલાલ ભાઇચંદ મહેતા, શ્રી. વીરજી નરસી સાલિયા, શ્રી. નવનીતલાલ સી. ઝવેરી, શ્રી. લીલાધર પાસુ શાહ વગેરે આ ભોજનસમારંભમાં હાજર રહ્યા હતા.

ભોજનવિધિ પુરી થતાં મુંબઈ જૈન યુવક સંઘના પ્રમુખ શ્રી ખીમજી માડણ ભુજપુરીઆએ જણાવ્યું કે "વિશાળ મુંબઈ પ્રદેશની નવી રચના થઈ અને તેમાં સૌરાષ્ટ્ર અને કચ્છને જોડવામાં આવ્યા અને પરિણામે નવા પ્રધાનમંડળમાં શ્રી રસિકભાઈ પરીખ, શ્રી રતુભાઈ અદાણી તથા શ્રી પ્રેમજીભાઇને લેવામાં આવ્યા. આ ત્રણે આપણા મિત્રોનું તેમ જ નવા પ્રધાનમંડળમાં પ્રથમ સ્ત્રીસચિવ તરીકે નિમાયલા શ્રી ઇન્દુમતી બહેનનું જાહેર સન્માન કરવાની અને એ રીતે આ નવી ઘટના અને રચનાને આવકારવાની અમારા સંઘની કાર્યવાહીને ઇચ્છા થઈ અને તેમાંથી આ ભોજનસમારંભનો ઉદ્‌ભવ થયો છે." આમ જણાવીને તેમણે પ્રત્યેકનો વિગતવાર પરિચય આપ્યો, તેમને ભાવભર્યો આવકાર આપ્યો, અને સાથે સાથે સંઘના નિમંત્રણને માન આપીને હાજર રહેલા મુંબઈના લોકપ્રિય મેયરનો તથા નવા નિમાયલા નાયબપ્રધાન ડૉ. ભારકર પટેલનો ખાસ આભાર માન્યો.

ત્યાર બાદ નવા શિક્ષણમંત્રી **શ્રી શાન્તિલાલ શાહે** વિનોદાત્મક શૈલિમાં પોતાનું વક્તવ્ય રજુ કરીને વાતાવરણને હળવું, રમુજી કર્યું અને ઉપસ્થિત મંડળીને સારી પેઠે હસાવી. "જો ચાર વ્યક્તિઓનું તેઓ પ્રધાન નિમાયા તે કારણે સન્માન કરવામાં આવે છે તો હું પણ પ્રધાન નિમાયો છું તો મારું સન્માન કેમ નહિ? મને કહેવામાં આવે છે કે હું પહેલાં પ્રધાન નિમાયો ત્યારે મારું સંઘ તરફથી સન્માન કરવામાં આવ્યું હતું, તો પણ આ વખતે કેમ નહિ? કહેવત છે ને કે "અમે લગ્ને લગ્ને કુંવારાં"? મને વળી એમ જણાવવામાં આવે છે કે હું તો સંઘનો સભ્ય છું એટલે મહેમાનને બદલે યજમાનની સ્થિતિમાં છું. તો પછી મને નિમંત્રણ શા માટે મોકલવામાં આવ્યું? અને એમ છતાં ભોજનસમારંભનું લવાજમ ભાઈ પરમાનંદે મારી પાસેથી શા માટે સ્વીકાર્યું? રસિકભાઈ કહે છે કે તમે તો બન્ને ઠેકાણે છો– જૂનમાં અને માંડવે. આ કાંઈક બરોબર લાગે છે. પણ એટલામાં વળી પ્રશ્ન થાય છે કે ઇન્દુમતી બહેન મુંબઈના પહેલા સ્ત્રીસચિવ છે એટલા ખાતર તમે એમને ખાસ બોલાવ્યા છે. તો આપણા બંધારણે સ્ત્રીપુરૂષને સમાન ગણ્યા છે અને તમે એ બે વચ્ચે આમ ભેદ કરો છો. આ ભારે અન્યાયભર્યું લાગે છે. આ રીતે મારી જેવાને સન્માન મેળવવાની તકથી વંચિત રાખવામાં આવે તે બરોબર નથી. આ બાબતનો હું અહિં મારા તરફથી વાંધો નોંધાવું છું.

"એક બીજી વાત. આ ભોજનસમારંભમાં જોડાવા ઇચ્છતા સભ્યો પાસેથી રૂ. ૪ લેવામાં આવ્યા છે. આટલી ઓછી રકમ કેમ?

સંઘના માથે ઘણી પ્રવૃત્તિઓની જવાબદારી છે અને દર વર્ષે ખરચને પહોંચી વળવાની મુંઝાવણ રહે છે. આવે વખતે રૂ. ૫, ૭ કે ૧૦ રાખ્યા હોય તો આ બધી મુંઝવણ ટળી જાય છે. સંઘને આ મારી ભલામણ છે. એનો અમલ કરતાં સંઘને જો લાભ થાય તો તેમાંથી વધારે નહિ તો એક ટકો મારું કમીશન રાખશો, કારણ કે આ સૂચન મારું મૌલિક છે." આમ બધાને ખૂબ હસાવીને પછી તેમણે ઈન્દુમતી બહેને આજ સુધી કરેલા કાર્યની પીછાણ કરાવી અને મુંબઇ જૈન યુવક સંઘનો પણ પરિચય કરાવ્યો.

ત્યાર બાદ સંઘના મંત્રી **શ્રી. પરમાનંદભાઈએ** આવકારના સમર્થનમાં બોલતાં જણાવ્યું કે "આ ચારે પ્રધાનોને આપણામાંના ઘણાખરા ઓછા વધતા અંશે જાણીએ છીએ. તે દરેકના જીવનની કોંગ્રેસદ્વારા રાષ્ટ્રની સેવાથી જ શરૂઆત થઈ છે. દરેક પોતાનો અભ્યાસ પૂરો થતાં અન્ય કોઇ દ્રવ્યોપાર્જક વ્યવસાયમાં ન પડતાં રાષ્ટ્રસેવાના કાર્યમાં પડેલ છે અને પોતપોતાના ક્ષેત્રમાં વર્ષો જુના રાષ્ટ્રસેવકો તરીકે ખ્યાતિ પામેલા છે અને જેમ જેમ તેમની યોગ્યતા વધતી ગઈ અને અવકાશ મળતો ગયો તેમ તેમ ઉચ્ચતર અધિકાર ઉપર તેઓ આરૂઢ થતા ગયા છે.

"પ્રસ્તુત પ્રધાનમંડળમાં શ્રી. રતુભાઈ અદાણીની નિમણુંક આપણું ખાસ ધ્યાન ખેંચે છે. ઈતર ત્રણના ઘડતરમાં જેને આપણે યુનિવર્સીટી એજ્યુકેશન કહીએ છીએ તેનો ચોક્કસ ફાળો છે. રતુભાઇનો અભ્યાસ પાંચ અંગ્રેજીથી વધારે નથી. સૌરાષ્ટ્રમાંથી એ વ્યક્તિઓની પસંદગી કરવામાં આવી. તેમાંના એક રસિકભાઇ તો સૌરાષ્ટ્રના મુખ્ય પ્રધાન હતા જ. તેથી તેમને નવા પ્રધાનમંડળમાં લેવામાં આવે તેમાં કોઇને આશ્ચર્ય થાય તેવું હતું જ નહિ. તેમને ન લે તો બીજા કોને લે? તેમની પછી બીજી પસંદગી સૌરાષ્ટ્રના સાત આઠ પ્રધાનોમાંથી માત્ર શ્રી. રતુભાઈની કરવામાં આવી, જેના ભણતર અને ઘડતરમાં ઉચ્ચ શિક્ષણના નામે આજે જેને ઓળખીએ છીએ તેવું કશું જ નહોતું. આમ છતાં પણ તેમને પસંદ કરવામાં આવ્યા, કારણ કે તેમની રચનાત્મક ક્ષેત્રમાં વર્ષોજુની એકધારી સેવા, અસાધારણ કાર્યકુશળતા, અને ભણતરવિનાનું પણ અસામાન્ય ઉચ્ચ કોટિનું અનુભવજન્ય ઘડતર–આ વિશેષતાઓએ સૌરાષ્ટ્રમાં તેમ જ અન્યત્ર તેમના વિષે ઘણી ઊંડી છાપ પાડી હતી. તેમનો આવો ઉત્કર્ષ જોતાં આજે સૌરાષ્ટ્રનાં રજવાડાઓ વિલીન થયા છે તેમાનું એક રજવાડું ભાવનગર–ત્યાં વર્ષો-સુધી જેમણે એક કુશળ દીવાન તરીકે કામ કર્યું હતું અને એ વખતમાં સૌરાષ્ટ્રના મુત્સદ્દીઓમાં જેમનું અગ્રસ્થાન હતું તેવા સ્વર્ગસ્થ સર પદ્મણીનું સ્મરણ થાય છે. તેમને મળેલા શિક્ષણ અને રતુભાઇના શિક્ષણમાં કશો ફરક નહોતો.

"મુંબઈ જૈન યુવક સંઘનાં દ્વાર જૈન જૈનેતર સૌ કોઇના માટે ખુલ્લાં છે. એમ છતાં મુંબઈ જૈન યુવક સંઘ જૈન સમાજ સાથે ગાઢપણે સંકળાયલો છે. જૈન સમાજની દૃષ્ટિએ વિચાર કરતાં નવા પ્રધાનમંડળ સંબંધમાં આનંદ અને આશ્ચર્ય પમાડતી બાબત એ છે કે નવા પ્રધાન મંડળમાં ચાર પ્રધાનો જૈન છે: ૧ શ્રી. ઇન્દુમતી બહેન, ૨ શ્રી રસિકલાલ પરીખ, ૩ શ્રી શાન્તિલાલ શાહ અને ૪ શ્રી રતુભાઈ અદાણી. રતુભાઈ જૈન છે એની તો ઘણાને ખબર પણ નહિ હોય. આ હકીકતનો ઉલ્લેખ કોઈ કોમી અભિમાનથી હું નથી કરતો. આમ ચાર પ્રધાનો જૈન હોવાથી જૈન સમાજને કોઈ વિશેષ લાભ મળી જવાનો છે એવી કોઈ અપેક્ષા નથી, એવી સંભાવના પણ નથી. તેઓ આ સ્થાન ઉપર આવ્યા છે તે જૈન હોવાના કારણે નહિ પણ વિશાળ સમાજની કશા પણ ભેદભાવ વિનાની સેવાના પરિણામે આવ્યા છે એ આપણે સૌ જાણીએ છીએ અને માનીએ છીએ. આમ છતાં જૈન સમાજ પૂરતું એટલું જરૂર કહી શકાય કે આવી બીનકોમી અને શુદ્ધ રાષ્ટ્રલક્ષી દૃષ્ટિ ધરાવતી ચાર વ્યક્તિઓ જૈન સમાજમાંથી નીકળી આવી છે એ જૈન સમાજને ગૌરવ આપે એવી એક વિશિષ્ટ ઘટના છે. આ જ રીતે એ ભારે આનંદ અને સંતોષજનક છે કે જૈન સમાજમાંથી નીકળી આવેલા–વિશાળ જનસેવાના અથવા તો રચનાત્મક કાર્યના ક્ષેત્રોની આરાધના કરતા અનેક શક્તિશાળી સેવકો જ્યાં ત્યાં નજરે પડે છે. કોઈ પણ નાની કે મોટી કોમ વિચાર અને ભાવનાના પ્રદેશમાં આગળ છે કે પાછળ છે એનો આંક વિશાળ સમાજની સેવા કરતા કેવા અને કેટલા સેવકો તે કોમમાંથી નીકળી આવ્યા છે તે ઉપરથી જ કાઢી શકાય. આ રીતે જૈન સમાજનો આંક ઊંચો છે એમ હું માનું છું અને ઊંચો રહેશે એવી આશા રાખું છું. જે વિશાળ જીવન તરફ જૈન સમાજને દોરી જવા મુંબઈ જૈન યુવક સંઘ સતત મથી રહ્યો છે એ જ વિશાળ જીવનની દૃષ્ટિ અમને અમારા આ ચાર મિત્રપ્રધાનોમાં સાકાર બનેલી દેખાય છે. અમે એ કારણે તેમનું અને અન્તરથી અભિનન્દન કરીએ છીએ."

ત્યાર પછી મુંબઇના મેયર **શ્રી. સાલેભાઇ અબ્દુલ કાદરે** શ્રી. શાન્તિલાલ શાહના વિનોદનો સુર પકડીને હસતાં હસતાં કહ્યું કે "આજના પ્રસંગે એક સાથે ચાર પ્રધાનોનું સન્માન કરી એક ભોજન-સમારંભ રાખ્યો એ બરાબર નથી. ખરી રીતે તો ચાર પ્રધાનના ચાર જુદા જુદા સન્માનસમારંભો રાખવામાં આવ્યા હોત તો આપણને ચાર ભોજનનું આમંત્રણ મળત. અને ફક્ત ચાર પ્રધાનોનું જ સન્માન શા માટે? પ્રધાનમંડળમાં તો પંદર પ્રધાનો છે. એ બધાંને વારાફરતી બોલાવવા જોઈએ. તે ઉપરાંત આઠ નાયબ પ્રધાનો છે. ઉપરાંત સ્પીકર અને ચેરમન છે. એ બધાંને બોલાવવાથી આપણને વિશેષ લાભ થાય. અને પછી ફક્ત પ્રધાનમંડળને જ શા માટે? એ ઉપરાંત બીજાને પણ બોલાવવા જોઇએ. મારી આગળ એમ કહેવામાં આવ્યું કે ભોજ-નમાંથી આપણે એક બીજાની નિકટમાં આવી શકીએ છીએ. હા, એ વાત સાચી છે. પણ તો પછી મને આજે કેમ બોલાવવામાં આવ્યો? હું તો નવ મહિનાથી મેયર છું. ભલે, પણ ભવિષ્યમાં યુવક સંઘ મારી આ ભલામણ પર વિચાર કરશે એવી આશા રાખું છું... આટલી જરા ગમ્મત કરી, પણ હવે થોડી ગંભીર વાત કહું. જૈન યુવક સંઘના સીધા પરિચયમાં હું આ વખતે પહેલીવાર આવું છું. આ સંસ્થા કોમી ભેદભાવ વિના જે પોતાનું કામ કરે છે એ જાણીને હું ખૂબ આનંદ અનુભવું છું. યુવક સંઘના સંચાલકોએ આ પ્રસંગે મને ખાસ આમંત્રણ આપ્યું એ માટે હું તેમનો આભાર માનું છું."

ત્યાર બાદ **શ્રી રસિકલાલાએ** જણાવ્યું હતું કે "જૈન યુવક સંઘ સાથેનો મારો સંબંધ ઘણાં વર્ષોથી છે. હું પહેલાં સંઘનો સભ્ય હતો. ત્યાર પછી હું સૌરાષ્ટ્રમાં ગયો એટલે સભ્ય મટી ગયો હતો. પણ તે છતાં સંઘ સાથેનો મારો સંપર્ક તો હંમેશા ચાલુ જ રહ્યો છે. આ સંઘ જૈન સમાજની એક બળવાખોર સંસ્થા છે અને અનિષ્ટ ધાર્મિક તેમજ સામાજિક રૂઢિઓ સામે ચાલુ જેહાદ ચલાવતો રહ્યો છે. આ સંઘ અનેક સંસ્કારપ્રચૂર સર્વસામાન્ય પ્રવૃત્તિઓ ચલાવે છે, અને રાજકીય બાબતોમાં પણ હંમેશા ખૂબ રસ લેતો રહ્યો છે. આ સંસ્થાનું મુખપત્ર 'પ્રબુદ્ધ જીવન' વિશાળ સમાજને ચિન્તનપ્રેરક વિચારસામગ્રી પુરી પાડે છે. આ સંઘ કોમી અને સંપ્રદાયવાદનો કટ્ટર વિરોધી છે. આ સંઘે આ રીતે અહિં એકત્ર થયેલા ભાઈ બહેનોને મળવાની તક ઊભી કરી તે માટે તેનો હું ઉપકાર માનું છું.

"આજથી બાર પૌદ માહીના પહેલાં આપણે આ જ સ્થળે આ જ સંઘના આમંત્રણ નીચે એકઠા થયા હતા. તે વખતનું મુંબઈનું વાતાવરણ ભારે ઉગ્ર હતું. ગુજરાતી મહારાષ્ટ્રીઓ વચ્ચેના સંઘર્ષના એ દિવસો હતા. મુંબઈનો પ્રશ્ન આપણ સર્વને અકળાવી રહ્યો હતો. આજે એ પ્રશ્ન અંગે લગભગ સર્વ પક્ષોને માન્ય એવું સમાધાન થઈ ચુકયું છે અને વિશાળ મુંબઈ પ્રદેશનું નિર્માણ થયું છે. આ પ્રદેશના વહીવટને સફળ બનાવવો અને તે દ્વારા પંચવર્ષીય યોજનામાં કલ્પાયલા સર્વતોમુખી ઉત્કર્ષને સિધ્ધ કરવો એ આપણું લક્ષ્ય હોવું જોઇએ. આ માટે આપણે બધાએ સાથે મળીને કરવાનું છે. પ્રદેશ નાનો હોય કે મોટો હોય એ બહુ મહત્વનું નથી. મહત્ત્વ છે પ્રજાના સહકારનું અને સામુદાયિક નિશ્ચયનું. મુંબઇ પ્રદેશ કેમ પૂરો સંગઠિત

બને, સુદૃઢ બને, અને પ્રગતિનાં નવાં નવાં સીમાચિહ્નો સર કરે એ તરફ ચિત્તને અને પુરુષાર્થને કેન્દ્રિત કરવા મારો આપને અનુરોધ છે."

ત્યાર બાદ આસપાસ બેઠેલા મિત્રોનો બહુ આગ્રહ થવાથી બોલવાને ઉભા થયેલાં **શ્રી ઈન્દુમતી બહેને** મુંબઈ જૈન યુવક સંઘ સાથેના પોતાના વર્ષો જુના સંબંધનો અને આજથી વીશ વર્ષ પહેલાં અમદાવાદ ખાતે આપણા પરમાનંદભાઇના પ્રમુખપણા નીચે ભરાયેલી જૈન યુવક પરિષદનો ઉલ્લેખ કરીને જણાવ્યું કે "એ પરિષદમાં મેં પણ ભાગ લીધો હતો અને એ વખતની સમાજને ચોંકાવનારા લાગેલા પરમાનંદભાઈના વિચારોમાંના ઘણાખરા આજે સમાજને પચી ગયા છે અને સમાજ આગળ વધતો રહ્યો છે અને સાથે સાથે મુંબઈ જૈન યુવક સંઘ પણ સદા પ્રગતિશીલ રહ્યો છે. આ સંઘે અમારા માટે ઉભી કરેલી આવી સુન્દર તક માટે સંઘનો હું આભાર માનું છું."

તેમની પહેલાં શ્રી રતુભાઈ અદાણીને પ્રસંગોચિત કાંઇક કહેવા વિનંતિ કરવામાં આવેલી પણ તેમણે ના કહી હતી. પણ હવે ઈન્દુમતી બહેન બોલ્યા એટલે ક્રમમાં તેમણે પણ કાંઇક બોલવું જ જોઇએ એમ મિત્રોએ અને ખાસ કરીને શ્રી શાન્તિલાલ શાહે આગ્રહ કર્યો અને ના ના કહેતાં તેમને ઉભા થવું જ પડ્યું. આવી ફરજ પડવા બદલ રમુજ કરતાં **શ્રી રતુભાઈ અદાણીએ** જણાવ્યું કે:—

"ખરી રીતે તો આજે અમારા બધાની બોલવાની પરીક્ષા થઈ રહી હોય અને એ કસોટી શ્રી શાંતિભાઈ કરી રહ્યા હોય એમ લાગે છે. આ પરથી મને સૌરાષ્ટ્રનો મારો એક પ્રસંગ યાદ આવે છે.. અમે તે વખતે ઘણા નાના હતા. સૌરાષ્ટ્રમાં ગાંધીજીની લડતનો સંદેશો ગામે ગામ અમે પહોંચાડતા હતા. તે વખતે અમને તો એમ હતું કે આ લડતમાં લાઠી ખાવાનો વખત આવશે. એટલે અમે તો એ માટે અખાડામાં કસરત કરી તૈયાર થયેલા હતા, પણ તેને બદલે લડતના પ્રચાર માટે ગામે ગામ ભાષણ કરવાનું અમારે માથે આવશે એની ખબર નહોતી. પછી તો અમે ભાષણ કરવામાં પણ તૈયાર થઇ ગયા.

"તે દિવસોમાં નાની નાની ટુકડીઓ ગામે ગામ જઇ ભાષણ કરતી. જે ગામમાં જે ટુકડી જાય તેને જમાડવાનું ગામ માથે રહેતું. એક દિવસ એક ગામમાં એક ટુકડી ગઇ. એ ટુકડી ભાષણ કરીને જમી કરીને વિદાય થઈ કે તરત અમારી ટુકડી પહોંચી. ગામને પાદરે અમે પહોંચ્યા ત્યાં ગામના એક મોવડીએ અમને જોયા. એ તરત અમારા આવવાનો હેતુ સમજી ગયા. એણે અમને ઉભા રાખ્યા અને પૂછ્યું, "કાં, શું આવ્યા છો?"

"લડત માટે" અમે કહ્યું.

"ભાષણ—બાષણ આવડે છે?" એણે પૂછ્યું.

"હા, કેમ નહિ?"

"કરો જોઇએ."

"અત્યારે તે કંઈ હોય? પહેલાં ગામમાં જઇએ, નાહીએ, ધોઇએ. અને સાંજે બધાંને ભેગા કરીને ભાષણ કરશું."

"ના પણ, તોય બોલો જોઈએ. કેવું કે બોલો છો એ ખબર તો પડે."

ખૂબ આગ્રહ કરવાથી અમે બે ચાર વાકયો બોલ્યા. પછી એણે કહ્યું; "તમારું ભાષણ તો મોળું, ભાઈસાબ. તમારી આગળ હમણાં ટુકડી આવી એનું ભાષણ તો કેટલું સરસ અને કેટલું કડક! તમારું ભાષણ એવું કડક નથી, એટલે આ ગામના લોકોને સાંભળવામાં જરાય મજા નહિ આવે. તમે બીજું કોઇક ગામડું ગોતો."

"આમ એ દિવસની જેમ આજે પણ અમારું ભાષણ કેવું છે એની પરીક્ષા કરવા તો અમને ઊભા કરવામાં નથી આવ્યા ને? અમારા બધા વંતી શ્રી રસિકભાઇને બોલવાનું અમે કહ્યું હતું. હાથીના પગલામાં બધું આવી જાય એમ અમે સૌરાષ્ટ્રમાં હતા ત્યારે માનતા હતા. સૌરાષ્ટ્રથી મુંબઈ આવ્યા તો પણ રસિકભાઈના પગલામાં મારું પગલું સમાઈ જાય છે એમ હું માનું છું. આમ છતાં મને બોલવાનું કહેવામાં આવ્યું છે તો આ સન્માન માટે મુંબઈ જૈન યુવક સંઘનો હું આભાર માનું છું અને પ્રાર્થના કરું છું કે ઈશ્વર અમને આવી કસોટીમાંથી ઉગારી લે અને ભવિષ્યમાં શાંતિભાઈ અમારી આવી કસોટી ન કરે."

ત્યાર પછી **શ્રી પ્રેમજીભાઇએ** જણાવ્યું કે "આજના પ્રસંગનો રંગ જ કંઇક જુદો છે. બધાએ આનંદથી અને હળવાશથી પોતાની વાત કરી છે. આજનો આ પ્રસંગ મને તો બહુ ખૂબીવાળો લાગ્યો છે, જેમ કે 'જૈન' શબ્દ કોમી સંકુચિતતા વિનાના વિશાળ અર્થમાં વપરાતો મેં આજે અહીં સાંભળ્યો. એ માટે જૈન યુવક સંઘને ધન્યવાદ ઘટે છે. વળી બીજી ખૂબી એ દેખાઇ કે યુવક સંઘના સંચાલકો પોતાને 'યુવક' કહેવરાવે છે, છતાં દેખાય છે આધેડ ઉમ્મરના. વળી ગંભીર લેખાતા પ્રધાનો અને મેયર સાહેબ જાહેર જીવનનું ઠાવકાપણું બાજુએ રાખીને આપણને હસાવવાની જાણે કે હરીફાઈ કરતા હોય એવા વિનોદપૂર્ણ વાર્તાલાપો અહિં આપણને સાંભળાવી રહ્યા છે. આ રીતે કોઈ પરાયા અણઓળખીતા નહિ પણ ઘરના સ્વજનો વચ્ચે બેઠો હોઉં એવા આ ભોજનસમારંભને, માણીને હું ઊંડી પ્રસન્નતા અનુભવું છું અને જે સંસ્થાએ આપ ભાઈ બહેનો સાથે અમને આમ એકરૂપ થઈ જવાની તક આપી તેના સંચાલકોનો—ભાઈ ભુજપુરીઆ તથા પરમાનંદભાઇનો—હું આભાર માનું છું."

અન્તમાં સંઘના ઉપપ્રમુખ શ્રી. લીલાવતીબહેન દેવીદાસે પ્રધાનોનો, મેયર સાહેબનો તથા ઉપસ્થિત ભાઈ બહેનોનો આભાર માન્યો, નિમંત્રિત પ્રધાનોનું પુલહારથી સન્માન કરવામાં આવ્યું, સૌ કોઇ હસતા મોઢે આનંદપૂર્વક વિખરાયા.

પંડિત સુખલાલજી સન્માનનિધિમાં આપનો ફાળો સત્વર મોકલો!

આ સન્માનયોજનાનું સામાન્ય સ્વરૂપ નીચે મુજબ છે:—

(૧) અખિલ ભારતીય ધોરણે સન્માનનિધિ એકઠો કરવો.

(૨) આ સન્માનનિધિમાંથી પં. સુખલાલજીના હિંદી તેમ જ ગુજરાતી લેખોનો સંગ્રહ પ્રગટ કરવો.

(૩) સન્માનનિધિમાં રૂા. ૨૫ અથવા તેથી વધારે રકમ ભરે તે દાતાને આ લેખસંગ્રહની એક નકલ ભેટ આપવી.

(૪) ચાલુ વર્ષ દરમિયાન અનુકુળ સમયે મુંબઈમાં એક સન્માન સમારંભ યોજીને પં. સુખલાલજીનું જાહેર સન્માન કરવું.

(૫) સન્માનનિધિમાંથી વધેલી રકમ મુંબઈ ખાતે સન્માન સમારંભ થાય તે પ્રસંગે પંડિતજીને અર્પણ કરવી.

આ યોજનાને લક્ષ્યમાં રાખીને પંડિત સુખલાલજી પ્રત્યેના આદરના એક પ્રતીક રૂપે પોતાથી બને તેટલી રકમ નીચે જણાવેલ સ્થળે મોકલી આપવા પંડિતજીના દરેક પ્રશંસકને પ્રાર્થના છે.

મુંબઈ જૈન યુવક સંઘ: ૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૩.

ચેક મોકલનારને **'Bombay Jain Yuvak Sangh'** એ નામ ઉપર ચેક લખવા વિનંતિ છે.

ચીમનલાલ ચકુભાઇ શાહ, પરમાનંદ કુંવરજી કાપડિયા
મોહનલાલ મહેતા (સોપાન)
મંત્રીઓ, પં. સુખલાલજી સન્માન સમિતિ, મુંબઈ શાખા.

વિષય સૂચિ

		પૃષ્ઠ
શ્રમણ અને બ્રાહ્મણ	દલસુખ માલવણિયા	૧૬૧
ગંગોત્તરી	હર્ષદલાલ શોધન	૧૬૨
સામ્યવાદીઓને સંબોધન	જયપ્રકાશ નારાયણ	૧૬૪
પ્રકીર્ણ નોંધ: સામ્યવાદી પક્ષના સામાન્ય મંત્રીનો શ્રી જયપ્રકાશ નારાયણને જવાબ, બધું પલટે છે, તો શું ભારતના સામ્યવાદીઓ નહિ પલટે?, વર્ણસંકર વિરોધી પક્ષ કોઇને લાભદાયી નહિ નીવડે; સ્વ. ડૉ. ભીમરાવ આંબેડકર.	પરમાનંદ	૧૬૬
નવ સચિવોનું સન્માન		૧૬૯
નેત્ર રક્ષા	ડૉ. ગોવિન્દભાઇ પટેલ	૧૭૧

નેત્ર રક્ષા

(ગતાંકથી ચાલુ)

આંખ શરીરમાં સૌથી વધુ ઉપયોગી અને સૌથી વધુ કામ કરનારૂં અંગ છે. બેદરકારી અને સંભાળ સિવાય, વધુ કામ કરનારને વધુ ઘસારો લાગે એ સ્વાભાવિક છે. પરંતુ વધુ ઘસારો આપીને, તેને આરામ આપવા કે તેને પુરતું પોષણ આપવામાં આપણે અવિનય કરીએ તો તો એક સાચા સેવકનો દ્રોહ થયો ગણાય અને નક્કી થાય કે આપણે આંખની જરૂર નથી–આપણે આંખ સિવાય ચલાવી શકીશું. જો આપણે આંખ પાસેથી કામ લઇ બદલામાં તેનો દ્રોહ કરીએ તો તો (આંખ જોવાનું બંધ કરી દે તો) આપણો જ દ્રોહ થવાનો છે.

પૃથ્વી પર જીવન ધારણ કરવા માટે શરીર ધારણ કરતાં દુનિયાની પહેલી ઓળખ આંખ જ કરાવે છે; અને વિકસતા શરીર અને બુદ્ધિની સાથે જીવનના વિકાસમાં સૌથી મોટો ફાળો આંખ જ આપે છે. જીવનની શરૂઆતથી તે છેક જીવનના અંત સુધી એક જ જીવનસાથી આપણી સતત સેવા કર્યા કરે છે, અને તે છે આંખ. માનવના અગત્યના જીવનસાથી તરીકે રોજના સોળ સોળ કલાક કામ કરી; પોતાના કામ ઉપરાંત બીજાં અંગોના કામ પર ઝીણવટભરી દેખરેખ પણ આંખ જ રાખે છે. આ રીતે તે દિવસના સોળ, મહીનાના પાંચસો અને વરસના છ હજાર કલાક કામ કરે છે. સાચવણી અને આરામના અભાવે, મોટી ઉંમરે જ્યારે શરીર અને આંખ ઘસાઈ જાય છે અને કામ આપી શકતી નથી ત્યારે જ આપણને તેના પ્રત્યે દાખવેલી બેદરકારીનો ખ્યાલ આવે છે. જ્યારે આ ખ્યાલ આવે છે અને પરિસ્થિતિને પહોંચી વળવા આપણે સંભાળ રાખવાની શરૂઆત કરવા ઇચ્છીએ છીએ ત્યારે ઘસાયેલા શરીરથી કંઈજ બની શકતું નથી. આટલા જ માટે બાળપણથી કેળવણીની સંસ્થાઓદ્વારા આરોગ્ય અને નેત્રરક્ષાની કેળવણીના સંસ્કાર અને તાલીમ બાળકોને મળવાં જોઇએ.

બસો વરસની ગુલામી પછી, રાજકીય સ્વાતંત્ર્ય ભલે આપણને મળ્યું હોય; પરંતુ ગુલામ માનસ અને ગુલામ વિચારસરણી હજી ગયાં નથી–હજી જીવનમાં જાગૃતિ આવી નથી–તે તો હજી વધુને વધુ યંત્રવત્, પરાધીન અને અજાગૃત બનતું જાય છે!! હજી માનવ, સવારે ઉઠીને છેક રાત્રે સૂતા લગી, જીવવા માટેના પ્રયત્નો કરતાં, મરવા માટે વધુ પ્રયત્નો કરે છે!!! રાજકીય સ્વાતંત્ર્ય મળ્યા પછી, સરકારે શારીરિક શિક્ષણને ફરજીયાત બનાવ્યું છે; પરંતુ તેનું કોઇ સારૂં પરિણામ જોવા મળતું નથી. હજી બાળકો કે તેમના વાલીઓ શારીરિક શિક્ષણમાં રસ લેતા થયા નથી. શાળાઓ હજી વ્યાયામને બાળકોના આરોગ્ય માટે કે શરીરના બંધારણમાં સુધારો કરવા માટે કામે લગાડી શકી નથી. શારીરિક શિક્ષણનું નક્કર પરિણામ લાવવા માટે બાળકો અને તેમના વાલીઓનું માનસ સૌથી પ્રથમ કેળવવું જોઇએ. જીવનમાં શારીરિક કેળવણીની અગત્ય સમજાવે તેવા કાર્યક્રમો વરસમાં અનેક વખત ગોઠવી, વાલીઓના માનસમાં આ વિષેની અગત્ય બરાબર સિદ્ધ કરવી જોઈએ.

પાયાની કેળવણીના એક અગત્યના પગથીયા તરીકે આરોગ્યરક્ષાના અને નેત્રરક્ષાના સંસ્કારોને પદ્ધતિસર આપવાનું કાર્ય કેળવણીની સંસ્થાઓએ ઉપાડી લેવું જોઇએ. આરોગ્ય રક્ષાની ગયેલી જાગૃતિને પાછી લાવવાનું કાર્ય કેળવણીની સંસ્થાઓદ્વારા જ વધુ અસરકારક રીતે થઈ શકે. જો આરોગ્ય રક્ષાના સંસ્કાર અને તાલીમ બાલમંદિરથી શરૂ કરી મહાશાળાની કેળવણી સુધી વ્યવસ્થિત રીતે આપવામાં આવે તો બાળકોમાં આ સંસ્કાર કાયમી ટેવ રૂપે સ્થપાઈ જશે, જેનો અમલ તે પોતે તો કરશે જ, પરંતુ તેથી આગળ વધી તેઓ આ ઉમદા વારસો પોતાના બાળકોને આપશે. આ રીતે આરોગ્ય અને નેત્રરક્ષાની સાચી સમજવાળું વાતાવરણ તૈયાર થશે અને તેમાંથી એક લાંબા કાળથી જેની રાહ જોવાઈ રહી છે તેવા નિરોગી સમાજનું સર્જન થશે.

નેત્ર રક્ષા માટે દરેક શરીરધારીએ શું કરવું ?

આપણે આગળ જોઈ ગયા કે, બસો વરસની ગુલામી બાદ રાજકીય સ્વાતંત્ર્ય પ્રાપ્ત થયું. પરંતુ રાજકીય બાબત સિવાય, જીવનની બીજી અનેક બાબતમાં હજી ગુલામી પૂરેપૂરી ભરેલી છે. હજી જીવન અજાગૃત, પરતંત્ર, અને યંત્રવત્ છે. જો જીવનમાં જાગૃતિ ન આવે અને જાગૃત જીવન જીવતાં આપણે ન શીખીએ તો માત્ર રાજકીય સ્વાતંત્ર્યની કંઈ કિંમત નથી. કારણ રાજકીય સ્વાતંત્ર્ય જો પ્રજાના જીવનમાં જાગૃતિ ન લાવી શકે તો, પ્રજાને જાગૃત જીવન જીવતાં ન શીખવે તો જીવનનો વિકાસ રૂંધાઈ જાય અને રાજકીય સ્વાતંત્ર્ય જોખમાઈ જાય.

રાજકીય સ્વાતંત્ર્યની પ્રાપ્તિ પછી સૌથી વધુ અગત્યની જરૂરિયાત પ્રજાના આરોગ્યને સમૃદ્ધ કરી, શરીરસમૃદ્ધિ વધારવાની છે. આ માટે, આરોગ્યના નિયમોના પાલન માટેના સંસ્કારો બાળકોને અને જાહેર જનતાને અનેક રીતે આપવા માટે પ્રયત્નો શરૂ થવા જરૂરી છે. રોગ જન્માવી, તેને પાળી પોષી મોટો કર્યા પછી તેનો ઉપચાર શોધવાનું પ્રજાને શીખવવાને બદલે જો આરોગ્યના નિયમોનું જ્ઞાન અને તાલીમ આપવામાં આવે તો રોગ થતો જ અટકી જાય; આટલાં બધાં દવાખાનાં, દવાઓ અને દાક્તારોની જરૂર ન રહે; અને પ્રજામાં રોગ સામે સંરક્ષણ કરતાં શીખવાની વૃત્તિ આપણે જન્માવી શકીશું. આ ઉપરાંત, આમ કરીને સમાજમાં રહેલો માંદા થવાનો રસ ઓછો કરી, નીરોગી રહેતાં શીખવાનો રસ ઉભો કરી શકાશે. લાંબા પ્રયત્ને રોગીઓ કરતાં, આરોગ્ય સાચવવા પ્રયત્ન કરનાર અને આરોગ્યના નિયમોના પાલન કરનારની સંખ્યામાં નોંધપાત્ર સુધારો થઈ શકશે.

શરીરમાં સૌથી વધુ કામ કરનાર અને સૌથી વધુ અગત્યનું અંગ આંખ છે. આંખને દિવસના સોળ કલાક, મહીનામાં પાંચસો કલાક અને વરસમાં છ હજાર કલાક કામ કરવું પડે છે. છતાં આપણે આ અગત્યના અંગને સાચવવા કંઈજ કરતા નથી. પરિણામે, ત્રીસ ચાલીસ વરસના બેદરકારીભર્યા ઉપયોગથી આંખ જ્યારે ઘસાઈ જઈ કામ કરી શકતી નથી ત્યારે જ આપણને આપણી બેદરકારીનો કંઈક ખ્યાલ આવે છે. આ ખ્યાલ વૃદ્ધાવસ્થાની શરૂઆતમાં આવે છે એટલે આપણે આંખની સંભાળ રાખવાનું શરૂ કરવા માગતા હોવા છતાં ખાસ કંઈ કરી શકતા નથી. પરંતુ જો શરીરના દરેક અંગને અને ખાસ કરીને આંખને સાચવવાની કેળવણી બાળપણથી જ આપવામાં આવે તો જીવનભર શરીરની અને આંખની તેજસ્વીતા સચવાઈ રહે અને એ પરીસ્થિતિમાં જીવનમાં અનેકગણો વિકાસ સાધી શકાએ.

આંખને સાચવવા માટે દરેક શરીરધારીએ પાંચ વસ્તુઓ કરવી જોઇએ:—(૧) શરીર સાચવતાં શીખો (૨) આંખને સ્વચ્છ રાખો (૩) આંખને ગતિમાં રાખી વાપરતાં શીખો (૪) આંખને વારંવાર આરામ આપવાની ટેવ પાડો (૫) આંખને વાપરવાની સાચી રીતો શીખી જીવનમાં તેનો અમલ કરો.

નેત્રરક્ષા માટે શું કરવું ?

(૧) શરીર સાચવતાં શીખો:—શરીરના આરોગ્ય માટે મુખ્ય ત્રણ વસ્તુઓની જરૂર છે. (૧) વ્યાયામ (૨) ખોરાક (૩) આરામ. આ ત્રણ વસ્તુઓનો વ્યવસ્થિત અને પદ્ધતિસર ઉપયોગ કરવાથી આરોગ્ય સાચવવાનું કામ સરળ બની જાય છે.

પરસેવો વાળે કે થાક લગાડે તેનું નામ સાચો વ્યાયામ નથી. સાચો વ્યાયામ તો એ કે જે શરીરના દરેક અંગને થાક લગાડવાને બદલે સ્ફૂર્તિ આપે. સ્ફૂર્તિ આપનાર વ્યાયામ જ શરીરના આરોગ્યને માટે અને વિકાસ માટે ઉપયોગી થઈ શકે. આ સિવાય બીજી જાતનો થાક લગાડનાર કે પરસેવો વાળવા માટે જ કરેલો વ્યાયામ શરીરને વિકસાવવાને બદલે નુકસાન આપનાર થઈ પડે છે. આ ઉપરાંત સ્ફૂર્તિ આપનાર વ્યાયામની પસંદગી દરેક પોતાના શરીરને અનુકૂળ હોય

તેવી જ કરવી જોઇએ. આ રીતે પસંદ કરેલો વ્યાયામ જીવનભર દરરોજ નિયમિત રીતે અને પદ્ધતિસર આપણે કરવો જોઇએ.

ખોરાક ખાવાનો અધિકાર કોનો? તે પણ આપણને શીખવવામાં આવતું નથી. એટલે આપણે વગર વિચાર્યે, યંત્રવત્ રીતે સવારે દસ વાગે અને સાંજે છ વાગે ભૂખ ન હોય તો પણ ખાઇએ છીએ; અને એ રીતે શરીરને મૂશ્કેલીમાં મૂકી રોગ ઉભો કરીએ છીએ. શાસ્ત્રો કહે છે—**ભૂખ લાગે તેને જ ખાવાનો અધિકાર છે.** ભૂખ લાગ્યા સિવાય ખાવું એ ગુન્હો છે, અને તેની સજા માંદગી છે. એટલે આપણે જાગૃત થઇએ અને ભૂખ લાગે ત્યારે જ ખાતાં શીખીએ.

કયારે ખાવું એ વિષેનો નિયમ સમજ્યા પછી, કેવો ખોરાક ખાવો તે પણ આપણે વિચારવું જોઇએ. આજે આપણે જે કંઈ ખાઇએ છીએ તે શરીરને પોષણ આપવાની દૃષ્ટિએ ખાતા નથી, પરંતુ સ્વાદને ખાતર ખાઇએ છીએ. એટલે આજનો ખોરાક અને તેની અનેકવિધ બનાવટો શરીરને પોષણ આપવાની દૃષ્ટિએ નહિ પરંતુ માત્ર સ્વાદની દૃષ્ટિએ જ બને છે. સ્વાદ માટે બનાવેલી આ વાનગીઓ ગમે ત્યારે—ભૂખ ન હોય ત્યારે પણ—ખાઇને આપણે રોગનાં બીજ વાવીએ છીએ અને શરીરને આઘાત પહોંચાડીએ છીએ. એટલે ટુંકામાં, આજના અજાગૃત જીવનમાં આપણે જે કંઈ કરીએ છીએ કે ખાઇએ છીએ તે બધું જીવવામાં મદદ મેળવવા માટે નહિ પણ મરવા માટે જ કરતા હોઇએ એમ સાબિત થાય છે. આ દુઃખદાયક પરીસ્થિતિમાં ફેરફાર કરવા આપણે ખોરાકની બનાવટોમાં મોટી ક્રાંતિ કરવી પડશે; અને ખોરાકને શરીરના પોષણની દૃષ્ટિએ જીવનતત્ત્વોથી ભરપુર બનાવવો પડશે.

આ રીતે તૈયાર થયેલો ખોરાક જમવા બેસતા પહેલાં આપણે હાથ, પગ અને મ્હોં સાફ કરી લેવાનો નિયમ કરીએ. ખોરાક લેવાની શરૂઆત કરતા પહેલાં, આપણે આ ખોરાક સ્વાદને માટે નહિ પરંતુ શરીરના પોષણ માટે લઇએ છીએ એવી ભાવના સાથે ખોરાકને બરાબર ચાવીને આપણે લેવો જોઇએ. ખોરાક ખાવા માત્રથી જ ખોરાક વિષેની આપણી ફરજ પૂરી થતી નથી. લીધેલો ખોરાક બરાબર પચ્યો કે નહિ; એમાંથી જોઇતું પોષણ શરીરને મળ્યું કે કેમ; તેમજ પોષણ મળ્યા બાદ બાકી રહેલો કચરો સમયસર શરીરની બહાર ફેંકાઈ ગયો કે કેમ તે જોવાની ફરજ આપણી છે. જો એમ ન થાય, કબજીયાત રહે તો અનેક રોગો ઉત્પન્ન થાય અને શરીર રોગનું ઘર બની જાય.

આરામની અગત્ય પણ આપણે બરાબર સમજતા નથી. નિદ્રાથી જ શરીરને જરૂરી આરામ મળતો હશે એવી સામાન્ય સમજ પ્રવર્તે છે. પરંતુ જે રીતે નિદ્રા લેવામાં આવે છે, એ રીતે ઘણા ઓછા માણસોને નિદ્રાથી આરામ મળે છે. આ શ્રમયુક્ત નિદ્રાને પણ આરામદાયી બનાવી શકાય. આ માટે સૂવા જતાં પહેલાં હાથ, પગ અને માથું ઠંડા પાણીથી ધોઈ નાંખો, અને ધોયા પછી પથારીમાં બેસી, મનને શાંત કરી નિદ્રાવશ થવું જોઇએ. આ રીતે મનને શાંત થતાં શીખવીને અને હાથ, પગ, માથાને પાણીથી ઠંડા કરીને આપણે આરામદાયી નિદ્રાની પ્રાપ્તિ કરી શકીશું. આ ઉપરાંત દિવસમાં પણ દર બે કલાકના કામ પછી એક મીનીટ આંખોને બંધ કરી, મનને શાંત કરી આપણે શરીરનો થાક ઉતારી આરામ મેળવી શકીએ.

આ રીતે સામાન્ય આરોગ્યને વ્યાયામ, ખોરાક અને આરામના વ્યવસ્થિત ઉપયોગથી સમૃદ્ધ બનાવી નેત્ર રક્ષાનો મજબુત પાયો આપણે નાંખી શકીએ. આરોગ્યને સમૃદ્ધ બનાવીને જ આંખને તેજસ્વી બનાવી શકાય. કારણ આંખ શરીરનોજ એક ભાગ છે. એટલે શરીર સારૂં ન હોય તો આંખને કદી તેજસ્વી ન બનાવી શકાય.

(૨) આંખને સ્વચ્છ રાખતાં શીખો:—કોઈ પણ અંગના આરોગ્ય માટે, તે અંગની સ્વચ્છતા સૌથી પહેલી જરૂરી છે. આંખના આરોગ્ય માટે, આપણે તેને સ્વચ્છ રાખતાં સૌથી પહેલાં શીખવું જોઇએ. આંખને સ્વચ્છ રાખવા માટે, આંખ ધોવાની પ્યાલી કેમીસ્ટને ત્યાંથી ખરીદી, તેમાં ચોકખું ઠંડુ પાણી ભરી, નીચું જોઇ આંખને પ્યાલીમાં ડુબાડો. એક મીનીટ બંધ આંખે પાણીની ઠંડક લ્યો; એક મીનીટ બાદ, આંખને પાણીની અંદર ધીરે ધીરે પલકારો; વળી પાછી તેને ફરીથી એક મીનીટ માટે પાણીમાં બંધ કરો. આ રીતે માત્ર ત્રણ મીનીટના આ પ્રયોગથી, આંખ ઠંડી, હલકી અને સ્ફૂર્તિવાળી બની જશે.

(૩) આંખને ગતિમાં રાખી વાપરતાં શીખો:—આજે આપણે આંખને તાકીને— સ્થીર રાખીને—વાપરવા ટેવાઇ ગયા છીએ; અને જ્યારે આપણને તાકવાનું બંધ કરી પલકારીને જોવાનું કહેવામાં આવે છે, ત્યારે આપણને નવાઈ લાગે છે! વિજ્ઞાન કહે છે—Movement is Life—જ્યાં જ્યાં ગતિ છે, ત્યાં ત્યાં જ જીવન હોય છે; જ્યારે ગતિ રોકાઈ જાય છે, ત્યારે એ ભાગમાંથી જીવનનો નાશ થાય છે.

તાકવું એટલે ગતિનો અભાવ—સ્થિરતા. ગતિની ગેરહાજરીથી લોહીની ગતિ ધીમી પડે છે; લોહીની ગતિ ધીમી પડવાથી આંખના ડોળાનાં અણુઓને પૂરતો ખોરાક મળતો નથી. આથી આ અણુઓ ધીરે ધીરે અશક્ત થતાં જાય છે. આ અશક્તિ જ આંખની નબળાઇના રોગ તરીકે ઓળખાય છે, જ્યારે પલકારવું એટલે સ્વાભાવિક ગતિશીલતા. ગતિની હાજરીથી અણુઓને પૂરતો ખોરાક મળે છે અને અણુઓ વધુને વધુ રોગી થતાં જાય છે. એટલે આંખની શક્તિ સચવાય છે. આ ઉપરાંત તાકવાથી આંખમાં પ્રકાશનો મારો સતત્ ચાલુ રહે છે અને પલકારવાથી તે મારો તુટક બની જાય છે, અને એ રીતે આંખનો બચાવ થાય છે. પલકારવાથી આંખનું ઉપરનું પડ વારંવાર સાફ થાય છે; તેમજ ઓછામાં ઓછી શક્તિના ખર્ચે વધુમાં વધુ કામ થઈ શકે છે.

(૪) આંખને વારંવાર આરામ આપવાની ટેવ પાડો:—વરસમાં છ હજાર કલાક કામ કરતી આંખને નિદ્રા ઉપરાંત દિવસે પણ આરામની જરૂર છે. એટલે દરેક બે કલાકના કામ પછી બે મીનીટ આંખને બંધ કરી, મનને શાંત કરી આરામ આપતાં શીખો. આ રીતે આઠ કલાકના દિવસના કામ દરમિયાન ચાર વખત આંખને આરામ આપવાની ટેવ આપણે પાડવી જોઇએ.

(૫) આંખને વાપરવાની સાચી રીતોનું જ્ઞાન મેળવી, જીવનમાં તેનો અમલ કરો:—

(૧) **વાંચવા લખવાની સાચી રીત:**—વાંચતી લખતી વખતે પુસ્તકને છાતીથી કાટખૂણે રાખી બરાબર સીધું પકડો. નજરને અક્ષરો પર ન ગોઠવતાં, લીટીની નીચેની સફેદ જગ્યા પર ગોઠવી, પલકારીને વાંચવાની ટેવ પાડો.

લખતી વખતે નજરને ગમે તેમ ન રાખતાં, પેનની અણી પર રાખી, પલકારા સાથે લખતાં શીખો.

(૨) **કાંતવાની સાચી રીત:**—કાંતતી વખતે નજરને ત્રાક પર સ્થિર ન રાખતાં, તારની સાથે ખસવા દો. તારને વીંટતી વખતે પાછી તેને ત્રાક પર લાવો. આ રીતે આંખને એક જ પરીસ્થિતિમાં ન રાખતાં ગતિમાં રાખી વાપરો.

(૩) **સીનેમા જોવાની સાચી રીત:**—ખૂરશી પર આરામથી બેસો; આંખને પડદાના લેવલ પ્રમાણે ગોઠવવા વધુ ઊંચાવાને બદલે ચ્હેરાને જરા ઉંચકી લ્યો. એમ કરવાથી, આંખ વધુ ઊંચવાને બદલે પોપચાંથી વધુ ઢંકાયેલી રહેશે. એટલે સફેદ પડદા પરથી પાછો પડેલો પ્રકાશ આંખની અંદર ન જતાં, પોપચાં પર અથડાશે. આ રીતે આંખને અર્ધખૂલ્લી રાખીને પલકારા સાથે સીનેમા જોવાથી આંખનો બચાવ થશે.

સમાપ્ત

ડૉ. ગોવિન્દભાઈ પટેલ
૭૧૮, ગોમતીપુર, અમદાવાદ ૧૦.

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૩.
મુદ્રણસ્થાન: કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મરજીદ બંદર રોડ, મુંબઈ ૯. ટે. નં. ૩૪૬૨૯